શ્રીસ્વામિનારાયણ ભગવાનના જીવન આધારિત
સંપ્રદાયનો સૌથી મોટો હિન્દી મહાગ્રંથ

શ્રીહરિચરિત્રામૃતસાગર

(ગુજરાતી અનુવાદ)

લેખક : સદ્.શ્રીસિદ્ધાનંદસ્વામી


ભાગ ૨

પૂર : ૪,૫



શ્રીસ્વામિનારાયણ મંદિર, કાલુપુર-અમદાવાદ

INDEX





ભાગ - ૨

(પૂર - ૪ થી ૫)

INDEX

મહામુક્ત સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામીકૃત

શ્રીહરિચરિત્રામૃતસાગર

અનુવાદક : પ.પૂ.શાસ્ત્રી શ્રીજ્ઞાનપ્રકાશદાસજીસ્વામી
વેદાન્તાચાર્ય એમ.એ. (ગાંધીનગર-ગુજરાત)

પ્રેરક એવં સંશોધક } પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળધામ)

પ્રકાશક : શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળધામ તથા
શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા

પ્રકાશન તિથિ : સં.૨૦૬૯ ચૈત્ર સુદ-૯, શ્રીહરિ જયંતી; એપ્રિલ-૨૦૧૩

આવૃત્તિ : પ્રથમ

પ્રત : ૨૫૦૦

પડતર કિંમત : ₹ ૨૦૦/-

ISBN : 978-93-83456-25-3

: પ્રાપ્તિસ્થાન :

- **કુંડળ** : શ્રીસ્વામિનારાયણ મંદિર મો.૯૬૦૧૨ ૯૦૦૦૧
- **વડોદરા** : શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ મો.૯૬૦૧૨ ૯૦૦૦૫
  Website : www.swaminarayanbhagwan.com
  Email : karelibaug@gmail.com
- **વડતાલ** : શ્રીજી સાહિત્ય મહિમા કેન્દ્ર, 'કાનજીભુવન' દુકાન નં.૧૮
  શ્રીસ્વા.મંદિર સામે, મેઈન બજાર. મો. ૯૬૦૧૨ ૯૨૪૦૦
- **મુંબઈ** : શ્રીસ્વામિનારાયણ મંદિર દહીંસર(ઈસ્ટ), ભરૂચા રોડ,
  ભાટલાદેવી મંદિરની સામે. મો.૯૮૩૩૩ ૨૮૫૨૩
- **સુરત** : શ્રીસ્વામિનારાયણ મંદિર, 'મૂર્તિબાગ' સમસ્ત પાટીદાર
  સમાજની વાડીની સામે, વેડ રોડ. મો.૯૬૦૧૨ ૯૧૨૫૨

સપ્રેમ ભેટ

સુજ્ઞ સ્નેહી શ્રી ....

ગામ : .... **તા. :** .... **જી. :** ....

સર્વાવતારી શ્રીહરિના જીવનકવન પર આલેખાયેલ આ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથના **બીજા ભાગ**ના વાંચન-શ્રવણથી આપની આધ્યાત્મિક તથા લૌકિક સર્વાંગી ઉન્નતિ થશે. એવા શુભ આશયથી આપને સપ્રેમ ભેટ.

આપનો સ્નેહી

....

તારીખ ....



આ પ્રસાદીભૂત મૂર્તિ શ્રીહરિની ઉપસ્થિતિમાં
સદ્.શ્રીઆધારાનંદસ્વામીએ બનાવી છે.



ભક્તરાજ શ્રીદાદાખાચરને કથા સંભળાવતા સદ્.શ્રીમુક્તાનંદસ્વામી




શ્રીહરિચરિત્રામૃતસાગરાદિક ગ્રંથના રચયિતા
મુક્તરાજ સદ્.શ્રીઆધારાનંદસ્વામી



‘શ્રીહરિચરિત્રામૃતસાગર’
ગ્રંથના
અનુવાદક
પ.પૂ.સદ્‌ગુરુ શાસ્ત્રી
શ્રીજ્ઞાનપ્રકાશદાસજીસ્વામી
(ગાંધીનગર)

‘શ્રીહરિચરિત્રામૃતસાગર’
ગ્રંથપ્રકાશનકાર્યના
પ્રેરક એવં સંશોધક
પ.પૂ.સદ્‌ગુરુ
શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી
(કુંડળધામ)



પ્રસ્તાવના

જેમ વસ્ત્રાભૂષણો માનવને શોભાવે છે, મૂર્તિઓ મંદિરને શોભાવે છે તેમ આ **'શ્રીહરિચરિત્રામૃતસાગર'** ગ્રંથનું વાંચન-શ્રવણ હજારો માનવીના હૈયાને શોભાવે છે. સુતાર કુળમાં જન્મેલા અને ખોબલા જેવા **ખોલડિયાદ** ગામમાં મોટા થયેલા એક ગુજરાતી ભાષી સંતે રાષ્ટ્રીયભાષા (હિન્દી)માં આવો મોટો વિશાળકાય ગ્રંથ રચી એક આશ્ચર્યકારી કાર્ય કરી બતાવ્યું છે. જેમ પાંગળો પર્વત ચઢે અને મૂંગો વેદ બોલે, તેની જેમ જ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથ વાંચતા શ્રીહરિના અજોડ સામર્થ્યનો પ્રબળ પુરાવો સદ્.શ્રીઆધારાનંદસ્વામીના જીવનમાં જોવા મળે છે.

આ ગ્રંથનાં પ્રત્યેક પૂરમાં ગંગા નદીની જેમ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, પરાભક્તિ અને સર્વોપરી ઉપાસનાનાં પૂર વહે છે. તથા દરેક તરંગોમાં મહિમા, દિવ્યભાવ, સ્નેહ, સમર્પણ, ગુણગ્રાહી દૃષ્ટિ અને સત્સંગની સર્વોપરીતા છલકાય છે. વળી, આ ગ્રંથની વિલક્ષણતા એ છે કે તે અતિશય તટસ્થભાવે લખાયેલો છે. આ ગ્રંથમાં રહેલા ઉપદેશો તમામ માનવસમાજના અંતરનું પરિવર્તન કરે એવા અસરકારક છે. વળી, અતિશય પોઝીટીવપણે લખાણ કરેલું છે. સ્વામિનારાયણ ભગવાનની રોજનીશી હોય તેમ નાનામાં નાની લીલાનું પણ વર્ણન છે.

વળી, માતપિતાની ફરજ શું છે ? પુત્રોની ફરજ શું છે ? ગુરુની ફરજ શું છે ? શિષ્યોની ફરજ શું છે ? સંત-અસંતનાં લક્ષણ કેવાં હોય? કેવો વ્યક્તિ સમાજનો આદર્શ-પાત્ર બને ? વગેરે નાનામાં નાની બાબતોનું પણ આબેહૂબ વર્ણન કરેલ છે. તેમજ તે સમયની સાંપ્રદાયિક, રાજકીય, ભૌગોલિક તથા માનવજીવનની રીતી-ભાતી આદિક ભારતીય સંસ્કૃતિની પરિસ્થિતિઓનું અને તેના પરિવર્તનનું આબેહૂબ વર્ણન કરેલ છે.

માનવજીવન માટે આલોક-પરલોકમાં સુખી થવાના અજોડ ઉપાયોનું સચોટ વર્ણન કરેલ છે. ટૂંકમાં કહીએ તો હર કાળમાં સર્વજીવહિતાવહ મહાગ્રંથ એટલે **'શ્રીહરિચરિત્રામૃતસાગર'.**

આ બીજા ભાગમાં ચોથા અને પાંચમા પૂરનો સમાવેશ કરેલો છે. જેમ સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી છે તેમ જ તેમની વિશાળ જીવનગાથાને વર્ણવતો અને વારંવાર મૂર્તિવર્ણન તથા લીલાચરિત્રના માધ્યમે ભગવત્સ્વરૂપમાં અવગાહન કરાવતો આ ગ્રંથ પણ સર્વોપરી છે. મોક્ષોપયોગી, જીવન ઉપયોગી તથા સમાજોપયોગી આ ગ્રંથનું વિશેષ પઠન-પાઠન તથા કથાના માધ્યમે શ્રવણ-મનન કરી જીવનને ધન્ય બનાવીએ; એ જ અભ્યર્થના સહ...

સ્વામી જ્ઞાનજીવનદાસના
અતિ ભાવથી જય સ્વામિનારાયણ



ગ્રંથસાર

પરાત્પર પૂર્ણ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી શ્રીસિદ્ધાનંદ મુનિ (શ્રીઆધારાનંદસ્વામી) વિરચિત શ્રીહરિચરિત્રામૃતસાગર (હિન્દી કાવ્ય) ગ્રંથના કડીબદ્ધ ગુજરાતી ભાષાંતરનો આ દ્વિતીય ગ્રંથ (ભાગ) તૈયાર થયો છે, શ્રીહરિનાં લીલાચરિત્રોથી અને આપણા સત્સંગના વૈવિધ્ય પૂર્ણ અનેક વિષયોથી ભરપૂર, અરે ! ખાણ જેવા ગણાતા આ ગ્રંથ અંગે કાંઈ વિશેષ અભિપ્રાય કહેવો, તે તો કહેનારાની જ અપૂર્ણતા ગણાય છતાં આંતરિક ભાવનાથી પ્રેરાઈને સામાન્યરૂપમાં થોડું કહી રહ્યો છું.

શ્રીહરિએ પરંપરા પ્રાપ્ત સત્સંગ (સંપ્રદાય)નું પરિવર્ધન અને પરિમાર્જન કર્યું છે. તેમજ પરિશુદ્ધિ કરી છે અને સત્સંગનો સર્વોચ્ચ પ્રચાર-પ્રસાર અને પ્રકાશ કરીને તેને ચરમસીમાએ પહોંચાડ્યો છે. તે બાબતનું યથાર્થરૂપમાં વર્ણન કરનારા આ ગ્રંથના ‘બીજા’ ભાગમાં ચોથા પૂરના તરંગ-૧૧૦ અને પાંચમાં પૂરના તરંગ-૭૫ છે, તેનો ગુજરાતી અનુવાદ સત્સંગને સમર્પિત કરી રહ્યો છું.

તેમાં **ચોથા પૂર**માં શ્રીહરિ ગઢપુરથી લાખણકા ગામ ગયા છે અને ત્યાંથી ભક્તોના ઘણાં ગામોમાં વિચરણ કરતાં કરતાં શ્રીનગર (અમદાવાદ) પહોંચ્યા છે અને ત્યાંથી પાછા ગઢપુર પધાર્યા છે. જેમ કે - ઝીંઝાવદર, કારિયાણી, કુંડળ સારંગપુર, બોટાદ, લોયા અને નાગડકા વગેરે કાઠી દરબારોનાં ગામોમાં વિચરીને સત્સંગનો પ્રચાર કર્યો છે અને ભક્તોને સ્વસ્વરૂપનું દિવ્ય સુખ આપ્યું છે. અને તે પછી ઝાલાવાડમાં પધાર્યા છે. તે ભેંસજાળ, ચૂડા, બલદાણા, લીંબડી, મેમકા, તાવી, દેવળિયા અને મખિયાવ (મછીઆવ) વગેરે રાજપૂત રાજાઓ(ગરાસિયા)નાં ગામોમાં વિચરીને સત્સંગ કરાવ્યો અને ત્યાંથી પછી વીંછિયા-સરખેજ થઈને શ્રીનગર પધાર્યા. અને ત્યાંથી ગઢપુર આવ્યા.

પાંચમાં પૂરમાં શ્રીહરિ ગઢપુરમાં વિરાજમાન હતા અને ભુજથી સુંદરજીભાઈનો પત્ર આવ્યો. એટલે શ્રીહરિ ગઢપુરથી કચ્છ-ભૂજ જવા નીકળ્યા.

ગઢપુરથી ખંભાળા, કોટડા, સરધાર, રાજકોટ, વડાગામ, મોડા, અલૈયા, શેખપાટ, ભાદરા, જોડિયા, જામનગર, દેવળિયા અને ખંભાળિયા થઈને દ્વારકા પહોંચ્યા. બેટ દ્વારકાથી સમુદ્ર માર્ગે માંડવી પધાર્યા. ત્યાંથી કોટડી, રવાપુર, કાળાતળાવ ગયા. ત્યાંથી નારાયણ સરની યાત્રા કરીને તેરા અને માનકૂવા થઈને ભૂજ પધાર્યા. ત્યાં ચાર મહિના વિચરીને ચરોતરમાં નડિયાદ, ઉમરેઠ, ડાકોર થઈને પહેલીવાર વડતાલ પધાર્યા. વડતાલની આસપાસનાં ગામોમાં વિચરીને બોચાસણ, ઊંટવાડા અને બુધેજ પધાર્યા. ત્યાંથી પીપળી થઈને કારિયાણી પધાર્યા. ત્યાં ઘણી લીલાઓ કરીને ગઢપુર પધાર્યા.

શ્રીહરિ સત્સંગમાં દિવ્ય વિચરણ કરીને સૌને દર્શન આપે છે, સન્માન અને પૂજા સ્વીકારે છે. થાળ જમે છે, પ્રસાદ જમાડે છે અને હરિભક્તોને ખૂબ જ રાજી કરે છે, કૃતાર્થ કરે છે. સમયને અનુસારે સભા થાય ત્યારે સંતો પાસે કીર્તનગાન કરાવે છે. તેમજ પોતે પણ જીવના ઉદ્ધાર માટે શાસ્ત્રીય વિષયોની વાતો કરે છે. તેમાં મનુષ્યજન્મની દુર્લભતા, સદાચારમય ધર્મનું પાલન, સાચી સમજણ, વિષયોમાંથી વૈરાગ્ય અને એકાંતિકી ભક્તિનો ઉપદેશ કરે છે. સાથોસાથ દંભી ભેખધારીઓ, વિષયી રાજાઓ અને સ્વાર્થી વિપ્રોએ પ્રવર્તાવેલાં દારૂ, માંસ, વ્યભિચાર અને વટાળથી ભરપૂર અધર્મનું ખંડન કરીને સમાજને કલ્યાણકારી દિશા સૂચવે છે. તેમાં પણ કોઈ ભાગ્યશાળી પવિત્રાત્મા હોય તો તેના ઉપર અસાધારણ કરુણા કરીને શ્રીહરિ તેને સમાધિ કરાવે છે. વળી શ્રીહરિની વસ્ત્રાલંકારોથી ભવ્ય દેખાતી દિવ્યમૂર્તિનાં અદ્‌ભુત દર્શન કરીને કોઈ ભાગ્યશાળી મુમુક્ષુ શરણે આવે તો તેને શ્રીહરિ વ્રતમાન-નિયમ આપીને પોતાનો આશ્રિત-સત્સંગી કરે છે.

વ્રતમાન-નિયમ આપીને સત્સંગી કરવાનો પ્રસંગ આવ્યો એટલે તે અંગે થોડો વિચાર કરીએ. આપણા સત્સંગમાં શરણાગત મુમુક્ષુને વ્રતમાન-નિયમ ધરાવવાની એક પ્રસિદ્ધ પ્રથા છે. તેમાં અહીં મેં જે ‘વ્રતમાન’ આવો શબ્દ કહ્યો છે તેની જગ્યાએ ‘વર્તમાન’ આવો શબ્દ પણ વપરાય છે અને કદાચ લખાય પણ છે. ગુજરાતી ભાષાના શબ્દકોશોમાં ‘ભગવદ્‌ગોમંડળ’ અને તેને અનુસરતા કેટલાક બીજા કોશોમાં પણ ‘વર્તમાન’ શબ્દનો અર્થ જણાવતાં

એક અર્થ 'સ્વામિનારાયણ સંપ્રદાયના નવા દીક્ષિતને લેવાના નિયમ' આવો પણ કર્યો છે. હકીકતમાં વર્તમાન શબ્દનો અર્થ ચાલુ, આધુનિક, વર્તમાન કાળ-સમય આવો જ થાય છે. કોશોમાં લખાયેલો જે વર્તમાન શબ્દનો અર્થ છે તે પ્રસ્તુત ક્રિયાની સાથે સંગત નથી. માટે 'વર્તમાન' આવા શબ્દને સ્થાને ઉપર જણાવેલો 'વ્રતમાન' શબ્દ જ યથાર્થ છે અને સુસંગત છે.

શ્રીહરિ સ્વયં મુમુક્ષુને શરણે લે, તેને સંકલ્પ કરાવે, તે જ સમયે દારૂ, માંસ, ચોરી અને વ્યભિચાર (અવેરી), એ દોષોને સદંતર તજી દેવાની પ્રતિજ્ઞા કરાવે છે. તે પ્રતિજ્ઞાને 'વર્તમાન' શબ્દની સાથે કાંઈ જ લાગતું વળગતું નથી. સદ્.શ્રીનિષ્કુળાનંદસ્વામી જાહેરમાં કહે છે કે **'દારૂ-માટી-ચોરી-અવેરી, એ ચારેનો ત્યાગ કરી, ભજી લોને સહજાનંદ હરિ'** એટલે ભાષાના અવયવાર્થની દૃષ્ટિએ અને સિદ્ધાંતની દૃષ્ટિએ 'વર્તમાન' શબ્દની વપરાશ યોગ્ય નથી. પણ તેની જગ્યાએ 'વ્રતમાન' શબ્દ જ દરેક રીતે યોગ્ય અને બુદ્ધિસંગત છે. અનુભવી વિદ્વાનોને મતે 'વ્રતમાન' શબ્દનો અર્થ 'વ્રત' એટલે ભક્તિ અથવા કલ્યાકારી સાધનાનું ધાર્મિક કૃત્ય, ગુરુ આગળ મુમુક્ષુએ કરેલી પ્રતિજ્ઞાનું પાલન કરવા તત્પર રહેવું તે. તે વ્રતો પણ અનેક હોઈ શકે છે. જેમ કે, એકાદશી ઇત્યાદિ. વ્રતનો અર્થ સંકલ્પ, પ્રતિજ્ઞા, દૃઢ નિશ્ચય પણ કહી શકાય છે. વ્રતનો અર્થ જીવનચર્યા, આચરણ અને નિયમ વગેરે પણ કહી શકાય છે.

મુમુક્ષુને શરણે લેતી વેળાએ પ્રથમ તે ચાર- અહિંસાવ્રત, અમદ્યવ્રત, અચૌર્યવ્રત અને નિષ્કામવ્રતને જ પ્રતિજ્ઞાબદ્ધ કરાવતા હતા. તે વ્રતોના પ્રત્યે મન, વાણી અને ક્રિયાથી આદર આપવો, તેમનું સમ્માન કરવું, અર્થાત્ તેમાં સુદૃઢ રીતે રહેવું તેને 'વ્રતમાન' કહેવાય છે. આવો અર્થ કરવો તે જ શ્રીજી સંમત સિદ્ધાંતને અનુકૂળ છે. આ ગ્રંથમાં તે 'વ્રતમાન' શબ્દને બદલે 'નિયમ' શબ્દનો પ્રયોગ પણ પુષ્કળ પ્રમાણમાં થયો છે. તે નિયમ પણ ઉપર જણાવ્યા તે ચાર જ છે. કાઠી દરબારોમાં સત્સંગ કરાવતી વખતે તે ચારને મનમાં ધારીને તેમને સત્સંગી કર્યા હોય છે. અને તે ચારનો વિસ્તાર અગિયાર સંખ્યામાં થયો દેખાય છે.

રહી એકાદશ નિયમમેં કરો શ્રીહરિપદ પ્રીત;
પ્રેમાનંદ કહે ધામમેં જાઓ નિઃશંક જગજીત.

એટલે આ ગ્રંથમાં વ્રતમાન શબ્દને બદલે નિયમ શબ્દ વધારે વપરાયો છે. સદ્‌ગુરુ સિદ્ધાનંદસ્વામીએ શ્રીહરિની સવારીનું વર્ણન, ગઢપુર, વડતાલ, સારંગપુર વગેરે સ્થાનોનું વર્ણન નદી કે સરોવરો, મંદિર કે મહેલો અને ભવનોનું વર્ણન જે કર્યું છે તેમાં તેઓ પોતાના ઈષ્ટદેવ શ્રીહરિનો મહિમા **'જેના રોમ સુછિદ્રમાં અણુસમ બ્રહ્માંડ કોટિ ફરે'** એ વાક્યમાં જણાવ્યા પ્રમાણે 'નેતિ નેતિ'ની રીતે કહેવા ચાહે છે. એટલે આપણા જેવા સામાન્ય લોકોને તે અતિરેક ભર્યું લાગે છે.

વળી આ ગ્રંથમાં સ્વામી દરેક રાતની સભાની સમાપ્તિમાં લખે છે કે 'શ્રીહરિ પલંગ ઉપર પોઢી ગયા અને સંતો ધ્યાનમાં બેસી ગયા. અરુણોદય થયો ત્યારે સંતોએ નારાયણ ધૂન કરી ત્યારે શ્રીહરિ ઊઠ્યા વગેરે... રામાયણમાં લક્ષ્મણને અને મહાભારતમાં અર્જુનને જિતનિદ્ર અને ગુડાકેશ કહ્યા છે. સ્વામીએ તો બધા જ સંતોને માત્ર જિતનિદ્ર જ નહિ, પણ તૈલધારાવદવિચ્છિન્ન સ્મૃતિસંતાનરૂપ ધ્યાનસ્થ કહ્યા છે. વાસ્તવમાં તત્કાલીન ત્યાગી અને ગૃહસ્થ નરનારીઓ સમસ્ત બ્રહ્મધામના મુક્તો હતા, મરીચ્યાદિ ઋષિઓ હતા અને અનેક જન્મથી પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રીહરિને પામવા સાધના કરનારા પુણ્યાત્માઓ હતા. (જુઓ. ઉન્મત્ત ગંગા માહાત્મ્ય) એટલે તેમના વિષે સ્વામીએ જે કાંઈ કહ્યું છે તે બધું સુસંગત જ છે. તેમજ બધું સંભવે છે, તેમ આપણે સંપૂર્ણ શ્રદ્ધાથી અને નિઃશંકભાવથી સ્વીકારવું જોઈએ.

આ ગ્રંથનું ભાષાંતર અને સંપાદન કાર્ય તો ઈષ્ટદેવ શ્રીહરિ અને પૂજ્યપાદ ગુરુજનોના આશીર્વાદથી થાય છે. તેના વિના મારા જેવા સાધારણ સાધુથી શું થઈ શકે ? આ ગ્રંથનું શ્રીહરિના સર્વે સુજ્ઞ આશ્રિતજનો પ્રેમથી રસપાન કરીને પોતાના જીવનને ધન્ય બનાવે.

અનુવાદક
શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસના
અતિ ભાવથી સહુને જય સ્વામિનારાયણ

INDEX

અનુક્રમણિકા


પૂર-૪

૧	૨	૩	૪	૫	૬	૭	૮
૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬
૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪
૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧	૩૨
૩૩	૩૪	૩૫	૩૬	૩૭	૩૮	૩૯	૪૦
૪૧	૪૨	૪૩	૪૪	૪૫	૪૬	૪૭	૪૮
૪૯	૫૦	૫૧	૫૨	૫૩	૫૪	૫૫	૫૬
૫૭	૫૮	૫૯	૬૦	૬૧	૬૨	૬૩	૬૪
૬૫	૬૬	૬૭	૬૮	૬૯	૭૦	૭૧	૭૨
૭૩	૭૪	૭૫	૭૬	૭૭	૭૮	૭૯	૮૦
૮૧	૮૨	૮૩	૮૪	૮૫	૮૬	૮૭	૮૮
૮૯	૯૦	૯૧	૯૨	૯૩	૯૪	૯૫	૯૬
૯૭	૯૮	૯૯	૧૦૦	૧૦૧	૧૦૨	૧૦૩	૧૦૪
૧૦૫	૧૦૬	૧૦૭	૧૦૮	૧૦૯	૧૧૦		

પૂર-૫

૧	૨	૩	૪	૫	૬	૭	૮
૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬
૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪
૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧	૩૨

INDEX



आज्ञा
उपासना
कर्तव्या भक्तिः
कृष्णस्य सर्वदा
श्रीस्वामिनारायण मंदिर
कुंडलधाम



મહામુક્ત સદ્ગુરુ શ્રીઆધારાનંદસ્વામીકૃત
શ્રીહરિચરિત્રામૃતસાગર

INDEX

અનુક્રમણિકા

પૂર-૪

પૂર-૫



INDEX

શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્

મહામુક્ત સ્વામી શ્રીસિદ્ધાનંદમુનિકૃત

શ્રીહરિચરિત્રામૃતસાગર પૂર - ૪

હિંદીનું ગુજરાતી ભાષાંતર

પૂર ચોથું : તરંગ - ૧

શ્રીહરિ ગઢપુરમાં એભલ ખાચરના દરબારગઢમાં પધાર્યા

✵ મંગલાચરણ :

दोहा : श्रीहरि हि धर्मकुमार पद, वंदहुँ वारमवार;
चतुर्थ पुर हि अब कहत हुँ, यथामति हि अनुसार...०१
अवध्य पुरि हि देश महीं, छपिया पुर हि जेहि;
श्रीहरि तिहाँ प्रगट भये, भक्तिधर्म घर तेहि...०२

ધર્મકુંવર શ્રીહરિનાં ચરણકમળોને હું વારંવાર વંદન કરું છું. પછી મારી બુદ્ધિ પ્રમાણે ચોથા પૂરની રચના આગળ કરું છું. ૧. અયોધ્યાપુરી પ્રદેશમાં જે છપૈયા નામે ગામ છે, ત્યાં ભક્તિમાતા અને ધર્મપિતાને ઘેર શ્રીહરિ પ્રકટ થયા. ૨.

ધર્મદેવ સર્વશ્રેષ્ઠ સરવરિયા(સરયૂપારીણ) બ્રાહ્મણોમાં ઈટ્ટાર પાંડે અટકના હતા. શ્રીહરિ જન્મથી અગિયાર વરસના થયા ત્યાં સુધી (છપિયા)

અયોધ્યાપુરીમાં રહ્યા. ૩ આઠ વરસ વનમાં ફર્યા. અપાર તીર્થોની યાત્રા કરી. પછી લોજપુર (લોએજ)માં આવ્યા. ત્યાં (સમજણ અને શુભ સ્વભાવ વગેરે) ઉદાર ગુણોથી સંપન્ન મુક્તાનંદસ્વામીને મળ્યા. ૪. તે પછી ઉદ્ધવના અવતાર સદ્‌ગુરુ રામાનંદસ્વામી પીપલાણા ગામમાં મળ્યા. તેમણે શ્રીહરિને પ્રથમ દીક્ષા આપી અને તે પછી ધર્મધુરા પણ આપી. ૫.

પછી ઉદ્ધવ - રામાનંદસ્વામી અંતર્ધાન થયા. તેમને દુર્વાસાના શાપથી છોડાવ્યા. પછી શ્રીહરિએ અન્ય અવતારોને પોતાના સ્વરૂપમાં લીન કર્યા હોય આવાં દર્શન કરાવ્યાં. ૬. જેમ સૂર્યોદય થાય ત્યારે તેના તેજમાં ચંદ્રમા અને બીજા તારાઓ, બધા લીન થઈ જાય છે તેમ શ્રીહરિએ પોતાનો એવો પ્રતાપ દેખાડ્યો કે તેમાં બીજા બધાના પ્રતાપ વિલીન (અદૃશ્ય) થઈ ગયા. ૭. ઘુવડ જેવા અજ્ઞાની લોકો, સહજાનંદરૂપી સૂર્યોદય થયો છતાં, તેને દેખતા નથી. પોતાના ડહાપણને લીધે તેઓ દૂર રહે છે. સહજાનંદસૂર્ય નજર આગળ હોવા છતાં તેમને દેખતા નથી. ૮.

શ્રીહરિ સોરઠ દેશમાં ત્રણ વરસ સુધી વિચર્યા. આગળના ગ્રંથમાં લખ્યા પ્રમાણે લોકોને યોગકળાઓ જણાવી. ઘણું જ સામર્થ્ય દેખાડ્યું. પછી **ગઢપુર** પધાર્યા. આ વાતને મુક્તાનંદસ્વામીએ જે રીતે દેખી હતી તે વાતને હવે હું કહું છું. ૯-૧૦. ગઢપુર ગામના રાજમાર્ગની બજારોમાં બંને બાજુએ જે દુકાનો હતી તેના દરવાજાઓમાં મોતીનાં તોરણ બાંધ્યાં હતાં અને તે વિચિત્ર રંગોથી રંગેલાં હતાં. ૧૧. કેળાની લૂમોવાળી કેળો લાવીને તેના સ્તંભ રોપાવ્યા હતા. સોનેરી દાંડીવાળી, વિચિત્ર રંગની ધજાઓ અને પતાકાઓ ફરકાવી હતી. ૧૨. વિવિધ પ્રકારનાં ફૂલઝાડ લાવીને ત્યાં રોપાવ્યા હતા. તેમજ અપાર દીવાઓ પ્રકટાવ્યા હતા, તેથી માનો સૂર્યોદય થયો હોય ને શું ! એવું અજવાળું થયું હતું. ૧૩. જમીન ઉપર ઊભેલા લોકોનો તેમજ મકાનોના ગોખમાં અને અટારીઓ ઉપર ચઢેલા લોકોનો કોઈ પાર ન હતો.

શ્રીહરિને વધાવવા માટે બધી સ્ત્રીઓ સોનાનાં ફૂલ લઈને ઊભી હતી. ૧૪. તે વેળાએ હરેક દરવાજે સોનાના કળશ સ્થાપીને તેના ઉપર શ્રીફળ મૂક્યાં હતાં. સાથે સાથે લીલી ધરો અને પાંચ પલ્લવ (કૂંપળ) આદિ મંગળમય

પદાર્થોથી કળશને સુંદર શોભાવ્યા હતા. ૧૫. તે સિવાય નાળિયેરી અને સોપારીનાં ઝાડ રોપાવ્યાં હતાં. તેના ઉપર જાત જાતનાં પક્ષીઓ છવાઈ ગયાં હતાં. રોપેલા બારમાસી આંબાઓ ઉપર રહેલી કેરીઓ શોભી રહી હતી. ૧૬. શ્રીહરિ પધારે છે, એવું સાંભળીને કેસરનું પાણી બજારોમાં છંટાવ્યું હતું. અને મોતીથી ચોક પુરાવ્યા હતા. ગઢપુરવાસી લોકોએ પોતાનાં શરીર ઉપર વિવિધ પ્રકારના શણગાર ધારણ કર્યા હતા. ૧૭.

શ્રીહરિએ પોતાના આખા શરીરે ચિત્રવિચિત્ર રંગના જરિયાની વસ્ત્ર ધાર્યા હતા. છાતી ઉપર મોતીના હાર શોભતા હતા. જેને દેખીને કરોડો કામની છબી પણ લજ્જાઈ જતી હતી. ૧૮. મસ્તકે શિરપેચમાં કલગી છવાયેલી હતી. તેમજ મોતીના તોરા પણ હતા. કાનમાં નંગજડિત કુંડળ હતા. તેના ઉપર મોતીના ગુચ્છ ધાર્યા હતા. ૧૯. કપાળમાં વચ્ચે કુંકુમનો ચાંદલો કર્યો હતો. મુખ ઉપર મરક મરક હાસ્ય દીપતું હતું. પૂર્ણચંદ્રના સમાન મુખની જ્યોતિ ઝગમગ ઝગમગ ઝળકી રહી હતી. ૨૦. દીવાની જ્યોતના સમાન અણિયાળી નાસિકા શોભતી હતી. તેનાથી દેવોના અને મનુષ્યોના ચિત્ત આકર્ષાતા હતા. ચંચળ નેત્ર પણ અણિયાળા હતા.

પ્યારા શ્રીહરિ અમૃતમયી દૃષ્ટિથી સહુને દેખતા હતા. ૨૧. વાંકી ભ્રકુટિ કમાનના સમાન સુંદર હતી. તેના જેવી અન્ય કોઈની શોભા હતી નહિ. મસ્તકના વાંકડિયા વાળ ભમરાની જેમ ચોતરફ છવાઈ ગયા હતા. માનો તે અનંત અને અદ્‌ભુત શોભાને લાવ્યા હતા. ૨૨. ઉજ્જવળ દાંતોની પંક્તિનું તેજ ઝગમગી રહ્યું હતું. પાકા ઘિલોડાના સમાન લાલ હોઠ સોહામણા લાગતા હતા. ચિબુકની શોભા પણ સુંદર હતી. ૨૩. શંખના જેવો કંઠ ઘણો જ શોભતો હતો. તેના ઉપર પડતી કરચલીઓ કબૂતરના કંઠના જેવી રમણીય હતી. ૨૪. ઢીંચણ સુધી લાંબા બંને હાથ હાથીની સૂંઢના જેવા ઓપતા હતા. તે બાજુબંધ, કડાં, પહોંચી અને વેઢોથી ભરપૂર હતા. ૨૫. કંઠમાં કૌસ્તુભ મણિ, છાતીમાં શ્રીવત્સનું ચિહ્ન અને ડાબે ભાગે ભૃગુલાંછનનું ચિહ્ન એ બધા ભવ્ય રીતે દીપી રહ્યા હતા. ૨૬.

ધર્મકુમાર શ્રીહરિ રાજમાર્ગ ઉપર ધીરેધીરે ચાલ્યા આવતા હતા. ગઢપુરના નગરજનો તો અત્યંત વિસ્મિત થઈને ભીંતે આલેખેલા ચિત્રો જેવા થઈ ગયા હતા. ૨૭. તે સમયે ગઢપુરની બધી સન્નારીઓ પોતાનાં ઘરનું બધું કામકાજ છોડી દઈને તુરંત દર્શન કરવા દોડી આવી. કોઈ ગાયોને દોહતી હતી તો કોઈ ભોજન કરતી હતી, તે ભૂલી જઈને આવી. ૨૮. કોઈ સ્ત્રી પીરસતી હતી. તે પીરસવાનું ભૂલી ગઈ. કોઈ સ્ત્રીએ શ્રીહરિની મૂર્તિનાં દર્શન કરવાના હરખથી મનમાં ફુલાઈ જઈને આભૂષણો પણ અદલી બદલીને પહેરી લીધા અને કોઈ સ્ત્રી તો ધાવતા બાળકોને પણ ભૂલી ગઈ. ૨૯. દર્શન કરવાની ઉતાવળમાં કોઈ સ્ત્રીએ કપડાંને પણ ઉલટપુલટ પહેરી લીધા. હરિદર્શનની પ્યારી કોઈ સ્ત્રીએ એક જ આંખમાં આંજણ આંજ્યું. કોઈ તો ઊભરાતા દૂધને તજી દઈને દર્શન માટે દોડી. કોઈ સ્ત્રી ધાવવા છોડેલા વાછરુંને પણ વાળ્યા વિના જ દર્શન કરવા દોડી. ૩૦. આમ શ્રીહરિનાં દર્શન માટે સ્ત્રીઓ ભાન ભૂલી ગઈ. તેમની બુદ્ધિ શ્રીહરિની મૂર્તિમાં લોભાઈ ગઈ. કોઈપણ નારી દર્શન કરતી વખતે એક મટકું પણ મારતી નહિ. આમ શ્રીહરિની મૂર્તિને પોતાનાં હૃદયમાં ઉતારી લેવા માંડી. ૩૧.

સ્ત્રીઓ ધર્મના લાલનાં દર્શન કરીને સોનાના ફૂલોના થાળ ભરી ભરીને તેમને વધાવતી હતી. નગરના ચારે દરવાજાઓમાં અને રાજમાર્ગમાં શ્રીહરિ ફર્યા. ૩૨. બંદૂકના અનંત ભડાકા થતા હતા. તેમજ અપાર દારૂખાનું ફૂટતું-ઊડતું હતું. ગુલાલ ઉડાડવાની તો ધૂમ મચી ગઈ હતી. બધું આકાશ અને ભૂમિ ગુલાલથી છવાઈ ગઈ હતી. ૩૩. ઉલ્લાસથી ત્રાંસા અને ઢોલ વાગતા હતા. તેનાથી બધું આકાશ ગાજતું હતું. અનંત દેવો વિમાનમાં બેસીને આકાશમાં ચઢી આવ્યા. તેઓ કેસર-ચંદનની વૃષ્ટિ કરવા લાગ્યા. ૩૪. બધા નાગરિકો શ્રીફળ અર્પણ કરીને શ્રીહરિને પગે લાગતા. ફૂલહાર પહેરાવીને પરમ લાવો લેતા. ૩૫. અભયરાજાના દરબારગઢના વિશાળ દરવાજાની શોભા તો કહી શકાતી નથી. જ્યારે શ્રીહરિ તેની નજીક આવ્યા ત્યારે દરબાર એભલ ખાચરે શ્રીહરિને વિનંતી કરી. ૩૬. અને બોલ્યા, મહારાજ ! આપ પહેલા અહીં અમારા દરબારગઢમાં પધારો અમે આપના

ચરણમાં પડીએ છીએ - પગે લાગીએ છીએ. ૩૭. ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું, દરબાર તમે માંચા ખાચરને પૂછો. જો તેઓ કહેશે તો અમે આજ એક દિવસ જ રહીશું. બીજે દિવસે નહિ રહીએ. ૩૮. ત્યારે તેમણે મનમાં બહુ હેત લાવીને માંચા ખાચરને પૂછ્યું. તે સમયે માંચા ખાચરે એભલ ખાચરને કહ્યું, અત્યારે જ શ્રીહરિની પધરામણી કરો. ૩૯. ભગવાન શ્રીહરિ જે વચન કહે તેને અનુસરવું. તેમાં પાછો પગ રાખવો નહિ અને પોતાની શક્તિ પ્રમાણે શ્રીહરિની પૂજા કરવી. ૪૦. આવો સમય ફરીને ક્યારેય નહિ આવે. યોગ્ય સમય નીકળી ગયા પછી તો પસ્તાવો થશે. આવા શબ્દ સાંભળીને એભલ ખાચરનું મન નિર્મળ થયું અને તેમના દિલમાં ભગવાન વસ્યા. ૪૧. એભલ ખાચરે કહ્યું, **'શ્રીહરિ જેમ કહેશે તેમ હું કરીશ. તેમાં હું ક્યારેય ભૂલ નહિ કરું. કદાચ મારું માથું ભલે જાય છતાં હું લીધેલી ટેકને નહિ છોડું.'** ૪૨.

ત્યારે માંચા ખાચરે શ્રીહરિને હાથ જોડીને કહ્યું, 'પ્રભુ, મારી વિનંતી સાંભળો. આપ એભલ ખાચરના દરબારમાં પધારો. આપ ફરીને અહીં ક્યારે પધારશો ?' ૪૩. પછી શ્રીહરિ દરબારગઢમાં પધાર્યા. એભલ ખાચરના મહેલ અદ્‌ભુત હતા. તેના સાતમાળની ભૂમિની શોભા કાંઈ વર્ણવી શકાતી નથી. ૪૪. સોનાની ઉપર ચિત્ર વિચિત્ર મીનાકારી કરી હતી. વળી અગર ચંદનનો તેમાં લેપ કર્યો હતો. તેમાં ધૂપ અને દીવા અપાર કર્યા હતા. સુંદર બિલોરી કાચના ઝાડ તેમાં બાંધ્યા હતા. ૪૫. દરેક દરવાજે મોતીના તોરણો જે બાંધ્યા હતાં તેનો કોઈ પાર ન હતો. રંગબેરંગી વિવિધ પ્રકારના જરિયાની ઉલેચ ઉપર બાંધ્યા હતા. ૪૬. તે મહેલના રમણીય સુવર્ણ સ્તંભ ઊંચે આકાશ સુધી લાગેલા હતા. તે ચારે બાજુ એટલા સોહામણા હતા કે તેને જોઈને દેવો પણ મનમાં ખુશ થઈ ગયા હતા. ૪૭. તે મહેલોની ઉપર મૂકેલા ચિત્ર વિચિત્ર પ્રકારના સુવર્ણ કળશ તો દેવોના ભવન કરતા પણ અધિક સોહામણા લાગતા હતા. ૪૮. મણિ જડેલા સુવર્ણમય સુંદર હિંડોળા તો તે મહેલોમાં ઠેકઠેકાણે બાંધેલા હતા. શ્રીહરિ જઈને તેના ઉપર બેઠા હતા. સમગ્ર સંતો શ્રીહરિની ચારેબાજુ બેઠા. બધા દરબારો અને દરબાર એભલ ખાચર પણ તે સ્થાને શ્રીહરિની પાસે જ બેઠા હતા. ૪૯-૫૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શ્રીહરિ ગઢપુરમાં એભલ ખાચરના દરબારગઢમાં પધાર્યા' એ નામે પહેલો તરંગ સમાપ્ત ॥૧॥



પૂર ચોથું : તરંગ - ૨

શ્રીહરિ દરબાર એભલ ખાચરના દરબારગઢમાંથી રાજમાર્ગ ઉપર આવ્યા

કરુણારસથી ભરેલા શ્રીહરિ એભલ ખાચરને પોતાનું અભયપદ (અક્ષરધામ) આપવા માટે ખૂબ જ હેતથી કહેવા લાગ્યા. ૧. પ્રહ્લાદજી અને પ્રિયવ્રત રાજા ભગવાનને ભજીને ભગવાનના ધામમાં ગયા છે, તેને સમગ્ર જગત જાણે છે પણ વર્તમાન સમયમાં તેના જેવા કોઈ ભક્ત દેખાતા નથી. ૨.

✵ આશરાની મહત્તા :

सोरठा : यह लोक से जो सूख, जो होय मन में चाह अधिक;
मीट जाय सब दूख, सुखरूप हरि शरन भयेउ...०३
श्रीहरि शरन हि बीन, जन्म मर्न जम दुःख रहत;
जप तप दान हि दीन, तोह दुःख तेहि टरत नहिं...०४

આ જગતના સુખથી પણ વધારે સુખ મેળવવાની મનમાં જો ઈચ્છા હોય અને બધી જાતના દુઃખોને ટાળવાની પણ ઈચ્છા હોય તો મનુષ્યે સુખરૂપ ભગવાનનું શરણું લેવું જોઈએ. ભગવાનને શરણે ગયા સિવાય તો જન્મનું, મરણનું અને યમયાતનાનું દુઃખ રહે જ છે, તે ટળતું નથી. જપ કરવાથી, તપ કરવાથી કે દાન દેવાથી તે જન્મ-મરણનું અને જમનું દુઃખ ટળતું નથી. ૩-૪.

જો તમે ભગવાનને શરણે આવશો. અર્થાત્ વ્રતમાન ધારીને સત્સંગી થાશો તો તમારા સમાન બીજો કોઈ મોટો ભાગ્યશાળી નહિ હોય. ભગવાનનું ભજન કરીને ભગવાનના ધામમાં જાશો. આવો સમય ફરી વાર નહિ આવે. ૫. મનની વૃત્તિ પાછી વાળીને જુઓ. આ જગતમાં અંતે તમારું કાંઈ રહેવાનું નથી. **આ સંસારનું જે સુખ કહેવાય છે તેમાં કોઈ એકપણ સુખ દુઃખ અને ભય વિનાનું નથી.** ૬. પુરુષ તથા પ્રકૃતિથી લઈને પાતાળ સુધી

જુઓ. સહુને અંતે કાળ ખાઈ જાય છે. કાળના ભયથી મોટો ભય બીજો કોઈ નથી. જે કાળ અનંત બ્રહ્માંડોનાં માથાને પણ ફોડી નાખે છે. જમના દૂતો બધા લોકોને ખાઈ જાય છે. તે જમદૂતોને પણ કાળ પળવારમાં ગળી જાય છે. **જે મનુષ્યો ભગવાનને શરણે જાય છે અર્થાત્ વ્રતમાન ધારીને સત્સંગી થાય છે. તેનું જમદૂત કે કાળ પણ ક્યારેય નામ લેતા નથી. ૭-૮. જમદૂત અને કાળ હરિભક્તને દેખીને થરથર ધ્રૂજવા લાગે છે. કાળ તો ભગવાનના ભક્તને મદદરૂપ થાય છે અને ભક્તના ભોગ-વૈભવને અખંડ રહેવા દે છે, વિઘ્ન કરતો નથી. ૯.** જો તમારે વધારે સુખી થવું હોય તો તમે સત્સંગના વ્રતમાન-નિયમને ધારણ કરો. હરિભક્ત થાઓ. શ્રીહરિના આવા દયાભર્યા વચન સાંભળીને દરબાર એભલ ખાચર મનમાં ખૂબ જ રાજી થયા. ૧૦.

(૧) હિંસા ન કરવી, (૨) પરસ્ત્રીના સંગનો ત્યાગ, (૩) માંસ ન ખાવું, (૪) દારૂ ન પીવો, (૫) વિધવાનો સ્પર્શ ન કરવો, (૬)આત્મઘાત ન કરવો, (૭) ચોરી ન કરવી, (૮) કોઈને માથે કલંક ન નાંખવું, (૯) કોઈ દેવની નિંદા ન કરવી, (૧૦) બીન ખપતું ખાવું નહીં, (૧૧) વિમુખના મુખથી કથા ન સાંભળવી આ અગિયાર નિયમ ધારણ કરીને - વ્રતમાન ધારીને સ્વયં ભગવાનને શરણે થયા, તેમનો બધો પરિવાર પણ અગિયાર નિયમોને ધારીને ભગવાનને શરણે થયો. સહુ સત્સંગી થયા. ૧૧.

❋ બાળકોનું કલ્યાણ કર્યું :

એભલ ખાચરના પુત્રનું નામ ઉનડ ખાચર હતું, જેને શાસ્ત્રોમાં 'ઉત્તમ રાજા' તથા સત્સંગમાં 'દાદા ખાચર' આવે નામે સહુ જાણે છે. તેમને વ્રતમાન ધરાવીને ભયમાત્રથી છોડાવી લીધા. દરબાર એભલ ખાચરને જીવુબા (મોટીબા, જયાદેવી) લાડુબા (લલિતાદેવી), પાંચુબાઈ અને નાનબાઈ એ નામની ચાર પુત્રીઓ હતી. ૧૨. તે રાજાએ પોતાની ચારેય પુત્રીને વ્રતમાન ધરાવીને ભગવાનને શરણે લીધી. તેમાં જીવુબા અને લાડુબા એ બે મોટી બહેનોએ સાંખ્યયોગ પાળીને ત્યાગીજીવન રાખ્યું હતું. ૧૩. તેમજ એક રાજબાઈ (વાંકિયાના સોણબા અને મોકા ખાચરની દીકરી) નામે સત્સંગી બહેને પણ સાંખ્યયોગ પાળીને ત્યાગીજીવન વિતાવ્યું હતું. તે

ત્રણ ત્યાગી બહેનોના જીવનને દેખીને તો બીજી અનંત સત્સંગી બહેનોએ ત્યાગીજીવન સ્વીકાર્યું હતું. ૧૪. દરબાર એભલ ખાચર હાથમાં વસ્ત્રો અને ઘરેણાંને લઈને શ્રીહરિની પૂજા કરવા માટે તુરંત આવ્યા. ૧૫. તેમણે ઘણા જ પ્રેમથી શ્રીહરિના લલાટમાં કેસરી ચંદન ચરચ્યું અને તેની વચ્ચે કુંકુમનો ચાંદલો કર્યો. જરિયાની શાલ ઓઢાડી. ૧૬. શ્રીહરિને પ્રેમથી છાતી ઉપર મોતીના હાર પહેરાવ્યા. તે રીતે જ મોતીના બાજુબંધ અને તોરા પણ ધરાવ્યા. પ્રેમરસ રહે તે રીતે મેવા અને મીઠાઈ પણ અર્પણ કર્યા. ૧૭. કેસરયુક્ત ચંદન ચરણો ઉપર લગાવ્યું. તેનો સુગંધ ચારેબાજુ પ્રસરી ગયો. પછી પ્રસન્ન મન થઈને કપૂરથી આરતી ઉતારી. ૧૮. બંને હાથ જોડીને શ્રીહરિના ચરણોમાં પડ્યા. પછી વિનંતી કરવા લાગ્યા.

એભલ ખાચરને જ્યારે શ્રીહરિનો પ્રતાપ દેખાયો ત્યારે તેમને પોતાના રાજપાટ વગેરે બધા વૈભવો તુચ્છ જણાયા. ૧૯. જ્યારે તેમને શ્રીહરિનો પ્રતાપ સમજવામાં આવ્યો. ત્યારે તેઓ બોલ્યા, હે હરે ! મારા ઘરબાર અને પરિવાર જે કાંઈ છે તે બધું હું આપને સમર્પણ કરું છું. ૨૦. હું હવે આપનું ધ્યાન-ભજન જ કરીશ. રાજ્ય વહીવટની બધી ઉપાધિને છોડી દઉં છું. મને તેમાં બિલકુલ રુચિ નથી. હવે હું આપને એક પળવાર પણ ભૂલીશ નહિ. ૨૧. આપે મને રાજ્યનું સુખ બહુવાર આપ્યું છે. તે ભોગવે તેનો પાર આવતો નથી. હવે મને તે રાજ્યના સુખની ઈચ્છા નથી. આપ મુક્તાનંદ સ્વામીને અમને સત્સંગનો ઉપદેશ કરવા અહીંયા રહેવાની આજ્ઞા કરો. ૨૨. હું તેમના મુખની અમૃતમય વાણીને રાતદિન સાંભળીશ. મારો એક માત્ર પુત્ર ઉત્તમ નામે છે તેને હું આપને સમર્પણ કરું છું. ૨૩.

હવે મને રાજ્ય કે પરિવારમાં કશી જ ભાવના-વાસના નથી. આપ મને મળ્યા છો તેથી બધું ખારું થઈ ગયું છે. આપના સ્વરૂપમાં હું જ્યારે પ્રીત કરું છું ત્યારે મને તે બધું વિઘ્નરૂપ ભાસે છે. ૨૪. કલ્પતરુ અને ચિંતામણિના સમાન પરમનિધિ આપ મને મળ્યા છો, એટલે હું આપની પાસે બળજબરીથી માગું છું કે હવે આપના સ્વરૂપમાં જ મારું મન રહે, પણ બીજે ક્યાંય ન રહે. ૨૫. આપના સિવાયની વસ્તુમાત્ર મારે માટે તો ડાંગરના ફોતરા જેવી તુચ્છ છે, આવું સમજીને તેમાંથી હેત તોડી નાખ્યું છે.

દરબાર એભલ ખાચરની આવી વાણી સાંભળીને મહાન સુખદાયક શ્રીહરિ પ્રસન્ન થયા. ૨૬. અને બોલ્યા કે આ કોઈ પૂર્વના ઘણા જ બળવાન યોગી છે. આવા જે પૂર્વના યોગીઓ-યોગભ્રષ્ટ આત્માઓ હોય તેમને માટે જ ભગવાન આ ભૂમિ ઉપર પ્રકટ થાય છે. ૨૭. આવું કહીને શ્રીહરિએ તેનો હાથ ઝાલીને કોલ આપ્યો કે હું તમારા ઉપર રાજી થયો છું. હવે હું તમને ક્યારેય છોડીશ નહિ. ૨૮. શ્રીહરિના આવા વચનને સાંભળીને બીજા બધા દરબારોના દિલમાં 'ઘા' લાગ્યો. 'અરે ! આવું કોઈથી ન થાય.' એમ કહી સહુ પોતાની સમજણ પ્રમાણે બોલવા લાગ્યા. ૨૯. સહુ દરબારોએ કહ્યું, અભયનૃપના જેવું ન થઈ શકે. અભયરાજ તો એક અભયરાજ છે. આ કોઈ પૂર્વના મોટા યોગી છે. ૩૦.

તે પછી એભલ ખાચરે ચંદનથી સંતોની પૂજા કરી અને બધા સંતોને ફૂલના હાર પહેરાવ્યા. ૩૧. તેમણે સંતોને વારંવાર હાથ જોડીને પ્રાર્થના કરીને કહ્યું કે 'મારું મન શ્રીહરિના ધ્યાનમાં અને સ્મરણમાં એકતાર રહે.' ૩૨. શ્રીહરિની સાથે જેટલા પાર્ષદો હતા તે બધાની પણ ચંદન અને પુષ્પો આદિ વડે પ્રેમથી પૂજા કરી અને બીજા સૌ દરબારોની પણ તે જ રીતે પૂજા કરી. ૩૩. તે સિવાય ચારેય વર્ણના જે અન્ય હરિભક્તો હતા તેમની પણ યથાવિધિ પૂજા કરી. પછી તેમણે બે હાથ જોડીને શ્રીહરિને કહ્યું, હે પ્રભુ, કાયમને માટે મારી મતિ (સમજણ) એકસરખી જ રહે એવી કૃપા કરો. ૩૪. દેશકાળને કારણે મતિ જેવી હોય એવી ને એવી ક્યારેક રહેતી નથી. જેની પૂજા કરી હોય તેની જ પછીથી તેના તે જ લોકો નિંદા કરવા લાગે છે. ૩૫.

चोपाई :

एसो मति में पाप हि आवे, भक्त जिव असुर होई जावे;
सो पाप हम देखे विचारी, मान मोटाई महा भारी...३६

જ્યારે તે આવી અણસમજણથી નિંદા કરે છે ત્યારે તેને તે નિંદા કર્યાનું પાપ લાગે છે. કદાચ નિંદા કરનારો જીવ ભક્ત હોય તોપણ તે પાપને કારણે અસુરભાવને પામી જાય છે. તે પાપનું કારણ પણ મેં વિચારી જોયું ત્યારે જણાયું કે તેનું મૂળકારણ તો માન-મોટાઈ જ છે. ૩૬.

❋ નિર્માની થઈ દાસના દાસ થઈને રહેવું :

ચોપાઈ :

ईर्ष्या क्रोध असूया नाना, एसे पाप अनंत रहे छाना;
तेहि कर द्रोह होय दिन राती, एसी मान मोटाई रहाती...३७
सो मेरे में आवे न कबहु, एसो वर दियो हरि अबहु;
तुम्हारे दास के दास जो होई, तिनके दास रहे मति मोई...३८

ક્રોધ, ઈર્ષ્યા અને અનેક પ્રકારની અસૂયા તે નિંદાના મૂળમાં છાની રીતે રહ્યા હોય છે અને તેને લીધે જ રાત-દિવસ તે તેવો દ્રોહ કર્યા કરે છે. હકીકતમાં એ બધાનું મૂળ માન-મોટાઈમાં રહ્યું છે. માન-મોટાઈ આવી છે. ૩૭. હે હરે ! ‘તે માન-મોટાઈ મારામાં ક્યારેય આવે નહિ’ આવું મને અત્યારે ‘વરદાન’ આપો. મારી મતિ-સમજણમાં હું આપના દાસનો જે દાસ હોય, તેનો પણ દાસ થઈને રહું એવું જ્ઞાન આપો. ૩૮. વળી, મને એવા માન-મોટાઈ આપો કે હું સદા દાસનો પણ દાસ થઈને રહું. સંતો-ભક્તોની નિંદા કરનારા જેવો બીજો કોઈ પાપી નથી. ૩૯. જય અને વિજયનું વર્તન જોઈને હું આપની આગળ પ્રેમથી કહી રહ્યો છું.

રાધિકાજી અને શ્રીદામા જેવા કોઈ ભક્ત કહી શકાય નહિ. ૪૦. છતાં તેમણે એકબીજાનો દ્રોહ કર્યો. તેનાથી તેમને પેટ ભરીને અત્યંત દુઃખ વેઠવું પડ્યું હતું. **અરે ! ભક્ત સિવાયના અન્ય કોઈ હોય તોપણ અજાણતાએ તેનો દ્રોહ કરવો જોઈએ નહિ.** ૪૧. મારાથી હરકોઈ માણસનો આદર થાય અને ક્રૂર બનીને કોઈ પ્રત્યે ક્રૂર દૃષ્ટિથી ન જોવું. હે શ્રીહરિ, હું આપની પાસે આટલું વરદાન માગું છું, તો આપ મારા ઉપર પ્રસન્ન થઈને તે વરદાન મને આપો. ૪૨. સદાકાળ મારો વંશ આપના દાસનો પણ દાસ થઈને રહે. મારો જે કોઈપણ વંશજ હોય તે આપના સ્વરૂપમાં ભક્તિ વિનાનો ન રહે. ૪૩. મારા વંશજને ચોરી, વ્યભિચાર, મદ્ય(શરાબ) અને માંસ ભક્ષણમાં ક્યારેય મતિ-રુચિ થાય નહિ. આ વરદાન હું બે હાથ જોડીને માગું છું, તો આપ તેને પ્રસન્નતાથી આપો. ૪૪.

❋ એભલબાપુને આપેલો કલ્યાણનો કોલ :

દરબાર એભલ ખાચરની વિશુદ્ધ મતિ-સમજણને જોઈને શ્રીહરિએ તેમને કહ્યું, જે શુદ્ધતાથી ધર્મ પાળે તેને તમારે પોતાનો વંશ માનવો ૪૫. **જે મનુષ્ય સદાચારરૂપ ધર્મને દઢતાથી રાખે અને પ્રકટ ભગવાનને દઢ નિષ્ઠાથી ભજે તેને ભગવાન, સંતો અને હરિભક્તો સહાયતા કરે છે. ૪૬.** દરબાર ! તમારા વંશમાં કોઈ અભક્ત નહિ થાય અને તમારા સમગ્ર વંશનો હું ઉદ્ધાર કરીશ, તે બાબતનો કોલ હું અત્યારે તમને આપું છું. ૪૭. તમારા વંશના આશ્રિત જે મનુષ્ય હોય, તમારા ગામના નિવાસી જે હોય, તમારી સાથે જે ભક્તિભાવ રાખતા હોય, તે સહુનો હું ઉદ્ધાર કરીશ. તે બાબતનો હું કોલ આપું છું. આવું કહીને તેમને શ્રીહરિએ કોલ આપ્યો. તે સમયે દરબાર શ્રી એભલ ખાચર તેનાથી ઘણું રાજી થયા. ૪૮-૪૯. દરબારે શ્રીહરિનો હાથ પકડ્યો. પ્રેમથી પોતાના બધા ઘરમાં ફેરવ્યા. પોતાની બધી રાજસમૃદ્ધિ બતાવી. ત્યારે તે જોઈને શ્રીહરિ પ્રસન્ન થયા. ૫૦. તે વેળાએ દરબારે શ્રીહરિના ચરણ ધોઈ ચરણોદક પીધું અને શિર ઉપર ચઢાવ્યું અને તેમના બધા કુટુંબીઓ ઉપર છાંટીને કહ્યું, 'તમારા ધન્યભાગ્ય છે.' ૫૧.

શ્રીહરિએ દરબાર એભલ ખાચરને કહ્યું, હવે અમે અહીંથી ચાલીએ છીએ. તમારે દિલથી રાજી રહેવું. ત્યારે તેઓ શ્રીહરિના ચરણોમાં પડ્યા અને બોલ્યા કે હવે આપ અહીં પધારીને પોતાનો ઉતારો (નિવાસસ્થાન) કરો. ૫૨. 'હું અહીં નિવાસ કરીને રહીશ.' આવો એક બીજો કોલ આપો એટલે હું આપને અહીંથી ચાલવાની રજા આપું. બહુ મોટા જોગીનો વિશ્વાસ આવે નહિ, જો કોલ આપ્યો હોય તો તેમને આવવાની આશા રાખી શકાય. ૫૩. ત્યારે શ્રીહરિએ તેમને 'આવીને રહેવાનો' બીજો કોલ આપ્યો. ત્યારે મહાન ચતુર તે દરબાર ખુશી થયા. બધી સવારી ચાલવા તૈયાર થઈ અને ચોપદારે છડી પોકારી. ૫૪. તે ટાણે વાજિંત્ર વાગવા લાગ્યાં. લોકો જયજયકાર બોલવા લાગ્યા. તે વેળાએ શ્રીહરિ આવીને હાથી ઉપર વિરાજમાન થયા. ૫૫. મુક્તાનંદસ્વામી પ્રેમથી મનમાં ખુશ થઈને શ્રીહરિને ચામર કરવા માટે આવીને તેમની પાછળ બેઠા. ૫૬. શ્રીહરિ ચાલતા થયા. બધા દરબારો

પણ સાથે ઊભી બજારે ચાલતા થયા. તે સમયે લોકોની ઘણી જ ભીડ થઈ. રાજમાર્ગ ઉપર શ્રીહરિ ધીરે ધીરે આગળ ચાલ્યા. ત્યારે નગરની બધી સ્ત્રીઓ મોતીના થાળ ભરી ભરીને શ્રીહરિને વધાવવા લાગી. ૫૭-૫૮.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શ્રીહરિ અભયરાજના દરબારગઢમાંથી રાજમાર્ગ ઉપર આવ્યા' એ નામે બીજો તરંગ સમાપ્ત ॥૨॥



પૂર ચોથું : તરંગ - ૩

શ્રીહરિ જીવા ખાચરના દરબારમાં પધાર્યા અને સવારે ઉન્મત્તગંગામાં સ્નાન કર્યું

શ્રીહરિ જ્યારે ગઢપુરના માણેકચોકમાં પધાર્યા ત્યારે અપાર લોકોની ઘણી જ ભીડ થઈ. ૧. દરબાર જીવા ખાચર અપાર ગુલાલ ઉડાડવા લાગ્યા. બંદૂકો ફૂટવાના અનેક અવાજ થવા લાગ્યા. તે અવાજ સતત એકતાર ચાલું જ રહેતા હતા. ૨. રાજમાર્ગ ઉપર જે ભક્તજનો હતા કે બહારથી આવ્યા હતા તે બધા અત્યંત ભક્તિભાવથી શ્રીહરિને બંને હાથ જોડીને પગે લાગતા હતા. ૩. શ્રીહરિની અલૌકિક રીત જોઈને સહુ લોકો વારંવાર વખાણ કરતા. બધાના મનમાં ઘણો જ પ્રેમ હતો. સ્થાનિક લોકોએ બજારને શણગારીને અધિક શોભાવી હતી. ૪. રાજમાર્ગમાં હરિભક્તોને દર્શન આપતા શ્રીહરિ જીવા ખાચરના દરબારગઢમાં આવ્યા. ત્યાં દરવાજો ખૂબ જ ઘણો શણગાર્યો હતો. તે સમયે શ્રીહરિ દરવાજાને જોઈ રહ્યા હતા. ૫. શ્રીહરિ તુરંત હાથીએથી ઊતર્યા. દયાળુ, દરબારગઢમાં પધાર્યા. ત્યાં રાજમહેલને વિવિધ પ્રકારે અને ચિત્ર-વિચિત્ર રીતે ખૂબ જ શણગાર્યો હતો. ૬.

બહુ પ્રકારના મોતીના તોરણ હરેક દરવાજે બાંધ્યા હતા. સુંદર રીતે સજાવેલા સોનેરી થાંભલાઓ બધા એકસરખા પંક્તિ બદ્ધ દેખાતા હતા. ૭. રાજમહેલને ઉપરા ઉપર સાત માળ હતા. તેને ધર્મના લાલ શ્રીહરિ જોઈ જ રહ્યા. તેમાં ગોખ અને ઝરૂખા એટલા બધા અનંત હતા કે તેને ગણતા ગણતા

પણ કોઈ પાર લઈ શકતા નહિ. ૮. તેમાં સુંદર પ્રકારના સોનેરી પલંગ હતા. તેની શોભા ઘણી દેખાતી. તેના ઉપર મખમલના ગાદીતકિયા બિછાવેલા હતા. ત્યાં આવીને સુખદાયક શ્રીહરિ વિરાજમાન થયા. ૯. શ્રીહરિની ચારે તરફ સંતોની અને દરબારોની સભા થઈ. ત્યાં વિચિત્ર પ્રકારના રંગવાળા બિલોરી કાચના અપાર ઝુંમર લટકાવેલા હતા. ૧૦. તે ભવનના પ્રત્યેક ખંડમાં મોતીના ઉલેચ બાંધેલા હતા. જીવા ખાચરની ઘણી જ નિપુણતાને દેખીને ભવભયહારી શ્રીહરિ ઘણું પ્રસન્ન થયા. ૧૧.

મુકુંદાનંદવર્ણી અને જયાનંદવર્ણી તે બંને સેવામાં તત્પર હતા. તેમણે અનેક પ્રકારના ભોજનો તૈયાર કરીને થાળ કર્યો છે એમ જાણીને ધર્મના લાલ શ્રીહરિ જમવા ઊઠ્યા. ૧૨. અને સાથે જ બધા દરબારોને પણ ઉઠાડ્યા. તેમને શ્રીહરિની સમીપે અલગ જમવા બેસાડ્યા. નૌતમ સ્નેહ વધારવાને માટે શ્રીહરિએ જમીને થાળની પ્રસાદી તે સહુને આપી. ૧૩. જીવા ખાચર અને મૂળુ ખાચર બંને ભાઈ હતા. તેમની મા અલગ અલગ હતા. તે બંનેના જે પુત્ર હતા તેમને શ્રીહરિએ તે વેળાએ જમાડ્યા. ૧૪. જીવા ખાચરના પિતાનું નામ પૂજા ખાચર હતું. તે બધા પૂર્વ જન્મમાં દેવતાઓ હતા અને આ વખતે અહીં જન્મ્યા હતા. તે સમજીને જ શ્રીહરિ ત્યાં પધાર્યા હતા અને બધા દરબારોની અનેક રીતે માન-મર્યાદા સાચવતા. ૧૫.

કાઠી જાતિના કેટલાક દરબારો તો પૂર્વે મોટા મોટા દેવ હતા. તે બાબતને તો શ્રીહરિ એક જ જાણતા. તેમના વિના બીજા કોઈને તેની ખબર ન હતી. ૧૬. તેઓ પૂર્વે જેવા સમર્થ દેવ હતા તેને જાણીને તે પ્રમાણે જ તેમને પોતાની સાથે રાખતા અને ઘણું માન-સન્માન આપતા. ૧૭. શ્રીહરિ જ્યાં જ્યાં જઈને થાળ જમતા ત્યાં ત્યાં તે દરબારો જેટલા હતા તે બધાને તે સમયે ખૂબ જ ભાવથી જમાડતા હતા. ૧૮. શ્રીહરિ ત્યાં દૂધપાક, પૂરી, વડાં, ભજીયાં, રીંગણનું શાક, ભાત અને ફૂલવડી નાખેલી કઢી આટલું જમ્યા. ૧૯. જમીને ચળુ કર્યું, જળપાન કર્યું અને મુખવાસ લઈને થાળની પ્રસાદી સંતોને આપી. ૨૦. શ્રીહરિ આવીને પલંગ ઉપર વિરાજ્યા. ગવૈયા સંતોને બોલાવ્યા. બીજા બધા સંતો પણ આવીને બેઠા. પછી ત્યાં સંકીર્તન ભક્તિના

રાગ-રંગોની ધૂમ મચી ગઈ. ૨૧. જ્યારે મધરાત થવા આવી ત્યારે શ્રીહરિ ત્યાંથી ઊઠ્યા અને પોઢી ગયા. બધા સંતો ધ્યાન લગાવીને બેસી રહ્યા. તે સમયે કોઈ પરસ્પર બોલતા પણ નહિ. ૨૨.

જ્યારે સવાર થવા આવ્યું ત્યારે સૌ સંતો જાગ્યા. 'નારાયણ ધૂન' મચાવી અને પછી ઘેલા નદીમાં સ્નાન કરવા માટે ગયા. ૨૩. ગંગાનો કિનારો ઘણો અનુપમ હતો. મણિ જેવા પથ્થરોથી તેનો સુખકારી ઘાટ બાંધેલો હતો. વિવિધ પ્રકારની અને વિચિત્ર ભાતની તેની એવી અદ્‌ભુત શોભા હતી કે જે કહી શકાતી નથી. ૨૪. તેના બંને કિનારા અદ્‌ભુત રીતે બાંધેલા હતા. ગંગાએ અનુપમ રૂપ ધાર્યું હતું. ઉત્તર કિનારે તો એક નાનો પર્વત ઝૂકી રહ્યો હતો. તેના ઉપર અનેક જાતના વૃક્ષ છવાયેલા હતા. ૨૫. અનેક જાતના પંખીઓ ત્યાં અનુપમ મધુર કલરવ કરી રહ્યા હતા. પર્વત ઉપર પણ ઊંચે આકાશને આંબતો કોટ હતો. તેમાં કરેલ બુરજની શોભા પણ પ્રસરેલી હતી. ૨૬.

કોટને ઉત્તર અને દક્ષિણ બંને તરફ દરવાજા હતા. દરવાજાની કમાનો સુશોભિત અને સોનેરી હતી. બાકીનો કોટ ચાંદીના જેવો ચમકતો હતો. ૨૭. કોટના કાંગરા સુંદર સોનેરી હતા અને દરવાજા ઉપર સોનાના કળશ શોભતા હતા. સોનેરી કપડાંના નિશાન ઊંચે આકાશમાં ફરકતા હતા તેને દેખીને દેવાંગનાઓ વિસ્મિત થતી હતી. ૨૮. ઉન્મત્તગંગાને કાંઠે વિવિધ ભાતના અપાર વૃક્ષો હતા તે ઘણા સુંદર લાગતા હતા. વૃક્ષો ઉપર કૂંપળ, ફૂલ અને ફળો એવા રૂપમાં આવેલા હતા કે જેની અજોડ શોભા દેખાતી હતી. ૨૯. તે વૃક્ષોની શીતળ છાયા એવી સોહામણી હતી કે તેમાં સૂર્યનું બિંબ દેખાતું જ ન હતું. વિવિધ જાત-ભાતના પક્ષીઓ તે વૃક્ષો ઉપર સુમધુર શબ્દ કરી રહ્યા હતા. ૩૦. અદ્‌ભુત ગુંજારવને કરનારા ભમરાઓ શ્રીહરિ પધારે છે એમ જાણીને ઘણા ખુશ થઈ ગયા.

નવીનરૂપ ધરી રહેલી ઉન્મત્તગંગા એટલી હરખથી વહેતી હતી કે તે વર્ણવી શકાતી નથી. ૩૧. જાતજાતના કમળોને લીધે ઉન્મત્તગંગા હુલસી-ખુશ થઈ રહી હતી. શ્રીહરિ ગંગાએ પધાર્યા. દાતણ કર્યું. ૩૨. પાણીમાં એક સારો ધરો દેખીને તેમાં સ્નાન કર્યું. સંતો અને હરિભક્તોએ સહિત સહુને

ગંગાએ સન્માન્યા. ૩૩. અક્ષરાધિપતિ પુરુષોત્તમે તે ગંગામાં આવીને સ્નાન કર્યું. તેથી ગંગાને ઘણું માન આપ્યું અને તેનાથી ગંગા સહુના શિર ઉપર સર્વોપરિ શ્રેષ્ઠ ઠરી. તેથી જ આ ગંગા ઉન્મત્ત (ઘેલી) થઈ ગઈ અને બધી જ ગંગાઓને (નદીઓને) હસવા લાગી કે શ્રીહરિએ મારા જળમાં સ્નાન કર્યું છે તેથી હવે હું તમારા સહુથી અધિક શ્રેષ્ઠ થઈ છું. ૩૪-૩૫.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શ્રીહરિ જીવા ખાચરના દરબારગઢમાં પધાર્યા અને ત્યાંથી સવારે ઉન્મત્તગંગામાં સ્નાન કર્યું' એ નામે ત્રીજો તરંગ સમાપ્ત ॥૩॥



પૂર ચોથું : તરંગ - ૪

ઘેલા નદી તથા ગઢપુરનો મહિમા અને જીવા ખાચરે કરેલી વિનંતી

સમગ્ર દરબારો શ્રીહરિની સાથે ઉન્મત્તગંગામાં નાહ્યા. તેથી શ્રીહરિએ તેમને નિર્ભય કર્યા. તે દરબારોને પોતાના શરણાગત-આશ્રિત જાણીને તેમના દરબારગઢને પણ સારરૂપ સર્વોત્તમ કર્યા. ૧. શ્રીહરિએ તે કાઠી દરબારોના દરબારગઢમાં જઈને પોતાના પાવન ચરણો ધર્યા. તેઓ સહુ શ્રીહરિના આશ્રિત થયા, વ્રતમાન ધારીને સત્સંગી થયા. એટલે મૂર્તિમાન લક્ષ્મીજી તેમના ઘરમાં આવીને વસ્યા. ૨. કાઠી ભક્તોના દરબારમાં લક્ષ્મીનો વાસ થયો છે એમ જાણીને અષ્ટ સિદ્ધિઓએ અને નવ નિધિઓએ પણ બધું સુખ અને સંપત્તિને લઈને તેમને ત્યાં પોતાનું નિવાસ સ્થાન કર્યું. ૩. દેવતાઓની બધી સંપત્તિ પણ તે સમયે કાઠી ભક્તોના દરબારમાં આવીને વસી. એક લક્ષ્મીજીના આવવાથી તે ગઢપુર શહેર સર્વ સમૃદ્ધિ અને સુખથી ભરપૂર થઈ ગયું. ૪.

✵ ઉન્મત્તગંગાનો મહિમા :

चोपाई :

गंगा के जलजंतु हि जेता, देव सम करि दीने तेता;
गंगा पर पक्षि जो जावे, जो इनको जल जन हि पावे...०५

स्नान करे जन कोउ आई, सो सब देवन की गत पाई;
या तट आई कोउ श्राद्ध करावे, कोउके आईके फूल नखावे...०६

ઉન્મત્તગંગામાં જેટલા જળજંતુઓ હતા તે બધાને પણ શ્રીહરિના પ્રતાપથી ગંગાએ દેવોના સમાન કરી દીધા. કોઈપણ પંખી આ ઉન્મત્ત ગંગા નદીના ઉપરથી ઊડીને જાય, કોઈપણ મનુષ્ય આ ગંગાના જળને અંત સમયે પણ પીવે અથવા તો કોઈપણ મનુષ્ય આ ગંગામાં સ્નાન કરે, તો તે બધા દેવગતિને, દિવ્યગતિને પામે છે. આ ગંગાને કિનારે કોઈ શ્રાદ્ધ કરાવે, અહીંયા આવીને કોઈ અસ્થિ વિસર્જન કરે. (ફૂલ પધરાવે). ૫-૬.

चोपाई :

सो सब सद्य गतिकु लहावे, भूत प्रेत जमपुर छुट जावे;
यह गंगा को बुंद जल जोऊ, अंत समे जेहि मुख परे सोऊ...०७

तिनसे जमदूत दूर होवे, तेहि सन्मुख कबु न जोवे;
एसो हरि तेहि दियो प्रतापा, तिनको कोउसे न होय उथापा...०८

તો તે બધા તત્કાળ જ સદ્‌ગતિને પામે છે. તેને ભૂત-પ્રેત યોનિ પ્રાપ્ત થવાની હોય કે જમપુરીમાં જવાનું હોય તો તે બધું તેને કાયમને માટે છૂટી જાય છે. કોઈ મનુષ્યના અંતકાળે આ ઉન્મત્તગંગાના જળનું એક બુંદ પણ જો તેના મુખમાં પડ્યું હોય તો તેનાથી જમદૂતો તો દૂર રહે છે, ક્યારેય તેની સામે પણ દેખતા નથી. શ્રીહરિએ પોતાના સંયોગથી ઉન્મત્તગંગાને આવો પ્રતાપ આપ્યો છે. તેને કોઈ ઉત્થાપી-લોપી શકે તેમ નથી. ૭-૮.

આ ગંગાના તીર્થજળને કોઈ મનુષ્ય બીજા જળના જેવું માને (પાદતીર્થેઽમ્બુબુદ્ધિ ર્યસ્ય વા નારકી સઃ - શૂદ્ર કમલાકર) તો તેને જમદૂત જોર કરીને પકડી લે છે. જે મનુષ્ય પોતાના મુખથી આ ગંગાજળની નિંદા કરે છે તેની છાતીને જમદૂતો તોડી નાખે છે. ૯.

બધા જ જમદૂતો ધર્મના દાસ છે. ધર્મે તેમને ઘણું જ કહી રાખ્યું છે કે મારા કોઈપણ દૂતોએ ભગવાનના આજ્ઞાવચનને એક રતીભાર પણ ઉલ્લંઘવું નહિ. ૧૦. ધર્મે કહ્યું છે કે જે મારા દૂત કહેવાતા હોય, તેઓ જો ભગવાનની આજ્ઞાવચનનું ઉલ્લંઘન કરે તો હું બીજા જમદૂતો દ્વારા તે આજ્ઞાનું ઉલ્લંઘન

કરનારા જમદૂતની છાતીને છરીથી ચિરાવી નાખું છું. ૧૧. ગંગાજળમાં સ્નાન કરતી વેળાએ કોઈ ભક્ત 'સ્વામિનારાયણ..સ્વામિનારાયણ..' આવું નામ ઉચ્ચારે છે તો તે શબ્દ જમદૂતોના કાનમાં ત્રિશૂળના જેવો લાગે છે. ૧૨. કોઈ મનુષ્ય ઉન્મત્તગંગામાં સ્નાન કરીને બ્રાહ્મણોને જમાડે અથવા દાન આપે, તો તેને તેનું કરોડગણું વધારે ફળ મળે છે. ૧૩.

તેથી જ ભગવાન શ્રીહરિ પ્રથમ ગંગામાં નાહ્યા પછી બ્રાહ્મણોને ગાય, અશ્વ આદિનું દાન કર્યું. ૧૪. શ્રીહરિ ગંગામાં જ્યાં પ્રથમ નાહ્યા તે "નારાયણ હ્રદ" 'નારાયણ ધરો' કહેવાયો. ચાહે તેવો કોઈ પાપી હોય, અધમ હોય પણ તે જો તે 'નારાયણહ્રદ'માં નહાય તો તે શુદ્ધ થઈ જાય છે. ૧૫. શ્રીહરિએ સ્વમુખે ઉન્મત્તગંગાનું માહાત્મ્ય બહુ જ કહ્યું છે. તે મેં કાનથી સાંભળ્યું છે અને આ ગ્રંથમાં લખ્યું છે. ૧૬. શ્રીહરિએ ઘણા વરસ સુધી સંતો અને હરિભક્તોની સાથે ઉન્મત્તગંગામાં સ્નાન કર્યું છે અને રંગભીનાએ ધોયેલા ચંદનના ખોર-લેપથી ગંગાને સુવાસિત કરી છે. ૧૭. શ્રીહરિએ 'નારાયણ હ્રદ'માં કેટલાએ વરસ સુધી ઘણી રીતે જળક્રીડા કરી - કરાવી છે અને સંતોની પાસે તાળીઓના તાન સાથે કીર્તન બોલાવ્યા છે. મહાન અલૌકિક રસ-રીતથી સ્નાન કરતા હોય અને એક પહોર જેટલો સમય વીતી જાય ત્યારે જળમાંથી બહાર નીકળતા હતા. ૧૮-૧૯.

શ્રીહરિ કેટલાએ વરસ સુધી ખળખળિયામાં નાહ્યા છે, જઈને નારાયણ ઘાટ પણ નાહ્યા છે. જે ખીજડિયો ઘાટ કહેવાય, જે પહેલા ગણપતિનો 'હ્રદ' ધરો કહેવાતો હતો. ત્યાં શ્રીહરિ ઘણું જ નાહ્યા છે. ૨૦. ગઢાળીના દરવાજા સામે ગઢાળીના ઘાટે ક્યારેક નાહ્યા છે. આમ સ્નાન કર્યા પછી શ્રીહરિએ કોરા વસ્ત્ર પહેર્યાં. પર્વત ઉપરના કોટના દરવાજેથી અંદર દાખલ થયા. ૨૧. તે ઊંચે સ્થળેથી ગઢપુર શહેરની જેવી રચના હતી તે બધી દેખી. નગરનો કોટ અને મોટા ભારે જે બુરજ હતા તે ચાંદીના જેવી ઉજ્જવળ શોભાને ધારી રહ્યા હતા. ૨૨. કોટમાં સોનેરી કાંગરા કર્યા હતા તેપણ ઘણી જ શોભાને ધારી રહ્યા હતા. તેમાં સુંદર મોટા દરવાજાઓ તો એવા અત્યંત શોભતા હતા કે તેને દેખીને માનવોના અને દેવોના મન લોભાઈ જતા હતા. ૨૩.

નગરમાં લગભગ બધા જ ઘર માળબંધ હતા. હરેક ઘરમાં વિવિધ પ્રકારની શોભા રહેલી હતી. પ્રત્યેક ઘરની આગળ છાયા માટેના ઝાડ હતાં. તેનાથી નગર ઘણું રળિયામણું લાગતું હતું. ૨૪.

ગઢપુર શહેરની બધી જ જગ્યાઓ અનુપમ હતી. જાતજાતના વૃક્ષોને લીધે જેમ કોઈ મોટો બાગ સુશોભિત લાગતો હોય તેમ વિવિધ પ્રકારના વૃક્ષોથી ગઢપુર શોભતું હતું. ૨૫. ગઢપુરનગર બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચારે વર્ણના માનવોને લીધે શોભતું હતું. ૨૬. નગરમાં વેપારી મહાજનમંડળ ઘણું મોટું રહેતું હતું. તેઓ મહાન ધર્મને પાળનારા હતા, તેમજ જીવદયાનું પ્રતિપાલન કરનારા ધર્મને વિશેષ માનતા હતા. ૨૭. તેઓ શીલવ્રત-ચારિત્ર્યથી સંપન્ન, પરમ પુનિત આવા સંતોની રીત દેખીને મનમાં ઘણા ખુશી થયા. કારણ કે તેમને શીલ-શિયળમાં ભાવના વધારે હતી. ૨૮.

કોટ-કિલ્લાની ચારેબાજુ બાગ-બગીચા ઘણા હતા. તેમાં રહેલા વિવિધ પ્રકારના વૃક્ષો મનને મોહી લેતા હતા. તેમાં નાળિયેરીના ઝાડ તો ઊંચે આભને આંબેલા હતા. ૨૯. તે વૃક્ષોના ઉપર જાતજાતના પંખીઓ નિરંતર કલરવ કરતા હતા. કેળ અને આંબાના ઝાડનો તો કોઈ પાર જ ન હતો. તેના નવા નવા પલ્લવો અપાર શોભતા હતા. ૩૦. જેટલા સારી જાતના રસાલ વૃક્ષ કહેવાય છે તે બધા તે બાગ-બગીચાઓમાં હતા. ફૂલ-ઝાડની જેટલી જાતિઓ પ્રસિદ્ધ છે તે બધાં ફૂલ-ઝાડ તેમાં સોહામણા લાગતા હતા. ૩૧. તે બાગોમાં વૃંદા (તુલસી) ના વૃક્ષ અનુપમ હતા. તેમાં સર્વોત્તમ સુગંધ ભરપૂર ભરેલી હતી. સમગ્ર દેવો તેની શોભાને જોવાના લોભથી તે બગીચાઓમાં રોકાઈ જતા હતા. ૩૨.

દેવો પક્ષીનું કે ભમરાનું રૂપ લઈને આવતા. પછી તેઓ શ્રીહરિના ચરણકમળને છોડીને જઈ શકતા નહિ. તેથી તેઓ દુર્ગપુર - ગઢપુરની અનંત શોભાને જોયા પછી એક ઘડીભર પણ તેનાથી દૂર રહી શકતા નહિ. ૩૩. જ્યારથી શ્રીહરિ આ ગઢપુરમાં આવીને રહ્યા છે ત્યારથી ગઢપુરની શોભા અનંત રહી છે. પોતાના અક્ષરધામની જેટલી શોભા છે તે બધી ગઢપુરમાં આવીને રહી છે. ૩૪. જેટલા સમાધિવાળા ભક્તો છે તે આ બધું દેખે છે.

દયાળુ શ્રીહરિ તત્કાળ કોટ ઉપરથી ઊતર્યા અને જીવા ખાચરના દરબારગઢમાં ગયા. ૩૫. દરબારમાં ઓરડાઓનો પડથારો ઘણો જ ઊંચો છે. તેમાં પણ ઉગમણા બારના જે ઓરડાઓ છે તે ઘણા અદ્‌ભુત રીતે શોભી રહ્યા છે. ૩૬. તે પ્રમાણે ઉત્તરાદાબારના અને દક્ષિણાદાબારના ઓરડાની ઓસરીમાં વિચિત્ર થાંભલાઓની અપાર લાંબી પંક્તિ ઘણી શોભતી હતી અને તે ઓસરી ઉપર જવા માટેના પગથિયાં પણ ઘણા સારા કરેલા હતા. ૩૭. ઓસરીમાં મોતીના ઉલેચ બાંધ્યા હતા અને દરેક બારણાની બારસાખે મોતીના તોરણ બાંધ્યા હતા અને ત્યાં એક વિચિત્ર ભાતનું અદ્‌ભુત સોનેરી સિંહાસન ગોઠવ્યું હતું. ૩૮. અનંત ભુવનના અધિપતિ રાજાધિરાજ શ્રીહરિ ત્યાં આવીને તે સિંહાસન ઉપર વિરાજમાન થયા. તે સમયની શોભા અકથનીય હતી. સમગ્ર મોટા સંતો પણ ત્યાં આવીને બેઠા. ૩૯.

દેશોદેશના અપરમપાર હરિભક્તો પણ તે સમયે આવ્યા હતા. તેઓ પ્રેમભાવમાં તરબોળ થઈને શ્રીહરિની પૂજા કરવા લાગ્યા. ૪૦. બધા વસ્ત્ર સોનેરી હતા અને બધા ઘરેણાં પણ સોનાના જ હતા. સહુએ આવીને શ્રીહરિને તે વસ્ત્ર તથા અલંકાર પહેરાવ્યા. ૪૧. અનંત પ્રકારના મેવાઓ અને મીઠાઈઓના થાળ ભરી ભરીને લાવ્યા હતા. તે શ્રીહરિની આગળ મૂક્યા અને કેસરયુક્ત ચંદનની અર્ચા કરી. ૪૨. અનેક પ્રકારના ફૂલહાર પહેરાવ્યા. જેમ વરસાદની ઝડીઓ પડે તેમ અનેક ફૂલહાર આવતા કે જેનો પાર જ ન આવતો. ૪૩. શ્રીહરિની આગળ બહુ પ્રકારના મેવા અને મીઠાઈઓ જે આવતી હતી તેને શ્રીહરિ અંતરના પ્રેમભર્યા ઉલ્લાસથી હસતા હસતા દરબારોને આપતા. ૪૪. ફૂલહાર આવતા હતા તેને શ્રીહરિ સંતોને અને હરિભક્તોને પ્રસાદીના રૂપમાં આપતા. શ્રીહરિ દરબારોની સાથે હાસ્ય-વિનોદ ઘણો જ કરતા. શ્રીહરિ સિવાય આવું સુખ પોતાના ભક્તોને બીજો કોણ આપે ? ૪૫.

બુદ્ધિમાન દરબાર જીવા ખાચરે શ્રીહરિનું આવું અપાર હેત જોયું ત્યારે તેમણે શ્રીહરિનો આશ્રય કરવા માટે - વ્રતમાન ધારીને સત્સંગી થવા માટે - પોતાના બધા પરિવારને સાથે લીધો. ૪૬. શ્રીહરિની આગળ આવ્યા અને હાથ જોડીને બોલ્યા, હે પ્રભુ, મારી એક વિનંતી સાંભળો. આપ અમને

જે નિયમ આપો છો તેને અમે બધા દરબારો પાળીએ છીએ. ૪૭. પણ જે અમારા ગુરુ કહેવાતા હોય છે તે બ્રાહ્મણો અને ભેખધારી સાધુઓએ અમને દારૂ કે માંસને ખાવાપીવામાં ક્યારેય દોષ દેખાડ્યો નથી. તેમણે તો અમને તે ક્ષત્રિયોના ધર્મના રૂપમાં છૂટ આપી છે. ૪૮. અમને તેઓ રામાયણ અને મહાભારત સંભળાવીને કહે છે કે પશુને મારવા અને દારૂ પીવો તે તો ક્ષત્રિયોનો મુખ્ય ધર્મ છે.

ભગવાન રામચંદ્રજી રાજા હતા તોપણ તેમણે પશુહિંસા કરી હતી, રાવણ બ્રાહ્મણ રાજા હતો, તે વેદોને ભણેલો અને કર્મકાંડમાં નિષ્ણાત વિદ્વાન હતો, તોપણ તેણે દારૂ અને માંસને ખાધાપીધાં છે. ૪૯-૫૦. પ્રથમ સત્યયુગમાં હિરણ્યાક્ષ આદિ મોટા રાજાઓ થયા હતા તેમણે પણ હિંસાને ધર્મ માન્યો હતો. ૫૧. તે સાધુ-બ્રાહ્મણો કહે છે કે હિંસા કરવી તે રાજધર્મ છે અને તેનાથી તો રાજ્યની વૃદ્ધિ થાય છે. રાજાને માટે તો હિંસા એ જ ધર્મ છે અને હિંસા વિનાનો કહેવાતો ધર્મ તો રાજાને માટે અધર્મ છે. ૫૨. 'હિંસા એ અમારો ધર્મ છે.' આવું માનીને અમે આટલા દિવસ સુધી તો, તે કરતા રહ્યા છીએ. અમારા હિતની 'ખાણ' હોય તેવા આપ અમને હવે મળ્યા છો, તો પ્રભુ, આપ જેમ કહો તેમ અમે કરશું. ૫૩.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'ઉન્મત્તગંગા તથા ગઢપુરનો મહિમા અને જીવા ખાચરે કરેલી વિનંતીનું વર્ણન કર્યું' એ નામે ચોથો તરંગ સમાપ્ત ॥૪॥



પૂર ચોથું : તરંગ - ૫

અધર્મનું ખંડન, ધર્મનું વિધાન, જીવા ખાચરે સત્સંગ સ્વીકાર્યો અને શ્રીહરિની પૂજા કરી

શ્રીહરિએ કહ્યું, દરબાર, તમે સાંભળો. અમે જીવોનું કલ્યાણ કરવા માટે અવતાર ધરીને આવ્યા છીએ. ૧. હે દરબાર ! તમે સાંભળો. સાધુ બ્રાહ્મણોએ કલ્યાણકારી ધર્મમાર્ગને અધોગતિનો માર્ગ કર્યો અને અધોગતિના

માર્ગને કલ્યાણકારી માર્ગ કર્યો. તે ઊલટા કરેલા માર્ગને વ્યવસ્થિત કરવા માટે જ અમે પ્રકટ થયા છીએ. ૨.

વિપ્રો (કુલગુરુ-કૃપા, રાજ્યગુરુ-ધૌમ્ય રાજપૂરોહિત, શિક્ષાગુરુ-દ્રોણ, ધર્મગુરુ ગાદીપતિ- બે થી અઢી હજાર મોજીસ યહુદીધર્મ તેમાંથી ક્રિશ્ચન, ઇસ્લામ) અને ભેખધારીઓ બંને લોકોને સંસારસાગર તરવા માટેનું મોટું જહાજ કહેવાય, જો તે બંને જ ખુવાર-પાયમાલ થઈ જાય તો લોકો સંસાર સાગરને કઈ રીતે તરી શકે ? ૩. અધર્મ-પાપ કરનારા વિપ્રોને અને ભેખધારીઓને દેખીને ખુદ ધર્મ જ ધ્રૂજવા લાગ્યો અને આ ભૂમિને છોડીને બદ્રિકાશ્રમમાં જતો રહ્યો. ૪. તે સમયે બધે અધર્મનું જ રાજ્ય થયું. જો અધર્મ જ રાજા થયો હોય તો બધી પ્રજા પણ તેવું અધર્મનું જ કામ કરેને ! જ્યારે લોકો જ અધર્મમાં તત્પર થયા ત્યારે એકબીજાને પરસ્પર મારવા લાગ્યા. ૫.

અન્યોન્ય લૂંટફાટ થવા લાગી. કોઈને ક્યાંય શાંતિ ન રહી. એકબીજાના ઘર સળગાવવા માંડ્યા. તો બીજી બાજુ પરસ્પર સ્ત્રીઓનું અપહરણ થવા લાગ્યું. ૬. એકબીજાના માથા કાપવા લાગ્યા. જેની વસ્તુ લીધી હોય તે પાછી આપતા નહિ. રાજા પ્રજાને બાંધીને મારવા લાગ્યા. કોઈ તેની પાસે જઈને અટકાવી શકતું નહિ. ૭. જે કોઈ રોકવા જાય તો તેના પણ તેવા જ હાલ થતા. જે ધર્મ પ્રમાણે ચાલે તેને ભાલો મારવા લાગ્યા. બધા જ મનુષ્યો પોતપોતાના ઘરમાં રહ્યા હોય તોપણ દુઃખ પામતા હતા. કોની પાસે જઈને તે પોતાના દુઃખની વાત કહે ! ૮. લોકો જ્યારે અધર્મને છોડે ત્યારે તે મહાન સુખી થાય. પણ તે સમયમાં તો કોઈ તે સુખના માર્ગને જાણતા જ નહિ. તેથી જ બધા લોકો મન ચાહ્યા અધર્મ પરાયણ થઈ ગયા. ૯. ઝેર ખાય તેને સુખ કઈ રીતે મળે ? બધા જ લોકો એકસરખા અધર્મી થઈ ગયા. જેના હૃદયમાં અધર્મ રહેવા લાગ્યો હોય તેના તરફથી સુખની આશા રાખવી નહિ. ૧૦.

જો રાવણે અધર્મનું આચરણ કર્યું તો તેનો વંશે સહિત નાશ થયો. હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ ત્રિલોકીના રાજા થયા હતા. ૧૧. તે બંનેએ જો અત્યંત અધર્મ કર્યો તો તેઓનો આના આ લોકમાં જ વિનાશ થયો હતો. કોઈ મનુષ્ય ચોરી કરતા રંગેહાથ પકડાઈ જાય તો તેને કેવું પુષ્કળ કષ્ટ સહન

કરવું પડે છે ? સુજ્ઞ મનુષ્યે તે વિચારીને તુરંત જ તે અધર્મનું બારણું છોડી દેવું જોઈએ. ૧૨-૧૩. કુબુદ્ધિ મનુષ્ય અધર્મ કરે છે અને અધર્મનું ફળ દુઃખ તેને વેઠવું પડે છે. જો મહાન સુખ મેળવવું હોય તો આવી બાબતને ચોક્કસ સમજી રાખવી જોઈએ. ૧૪.

❋ ધર્મેસહિત ભક્તિની મહત્તા :

सोरठा : धर्मिको अन्न खात, अधर्मि के न खात कबु;
हमारि एसी वात, अधर्म टालन हम प्रगटे...१५
कोन मात कोन तात, कोन बंधु पुत्र हि कोन;
कोईकु न हम चात, धर्मकु हम कुटुंब कियेउ...१६

અમે ધર્મ પાળનારાનું અન્ન જમીએ છીએ પણ અધર્મીનું અન્ન અમે જમતા નથી. અમારી આવી સ્પષ્ટ વાત છે. કારણ કે અમે અધર્મનો નાશ કરવા પ્રકટ થયા છીએ. ૧૫. જે ધર્મ ન પાળતા હોય તે માતા, પિતા, બંધુ કે પુત્ર અમારે માટે કોણ છે ? તે કોઈ અમારા નથી. ધર્મરહિત હોય તો તે સગાઓને પણ અમે ચાહતા નથી. અમે ધર્મને જ અમારું કુટુંબ કર્યું છે. ૧૬.

चोपाई :

धर्म हमारे मात हे ताता, धर्म हमारे पुत्र हि भ्राता;
धर्म रखे तिनकु हम चहाता, तिनके त्याग न करे शिर जाता...१७

વાસ્તવમાં ધર્મ જ અમારે માટે માતા, પિતા, પુત્ર અને ભાઈ વગેરે છે. જે ધર્મને રાખે છે, પાળે છે તેને જ અમે ચાહીએ છીએ. અમારું શિર જાય તોપણ અમે ક્યારેય ધર્મવાળાનો ત્યાગ કરીએ નહિ. ૧૭. જેમાં જેટલો વધારે ધર્મ હોય તેમાં અમને તેટલો વધારે પ્રેમ થાય છે. જે ધર્મને રાખે તે જ મોટો રાજા છે અને જે ધર્મમાં અધૂરો છે તે નાનો રાજા છે. ૧૮. સંસારનો માર્ગ જુદો છે અને મોક્ષનો માર્ગ જુદો છે અમે મોક્ષને માર્ગે નીતિ રાખીને ચાલ્યા છીએ. મોક્ષને માર્ગે જે નીતિ રાખીને ચાલે છે તેની સાથે અમે પ્રીતિ કરીએ છીએ. ૧૯. જેના હૃદયમાં અમને રાખવાનો ભાવ હોય તેણે ધર્મને અને ભક્તિને વિશેષ રાખવા જોઈએ. જેમાં જેટલો વધારે ધર્મ હોય તેની સાથે અમને તેટલું વધારે હેત થાય છે. ૨૦.

જ્યાં ધર્મનું અને ભક્તિનું સન્માન થતું હોય છે ત્યાં અમે નિર્માની થઈને રહીએ છીએ. ધર્મ અને ભક્તિ વિનાના કદાચ સોનાના મહેલ હોય તોપણ અમે તેની સામે ક્યારેય દેખતા નથી. ૨૧. દરબાર ! આવો અમારો સ્વભાવ છે તે તમને અમે કહી બતાવ્યો. આમ કહીને શ્રીહરિવરે દરબાર જીવા ખાચરને વ્રતમાન ધરાવીને નિયમ આપ્યાં. ૨૨. તે સિવાય બીજો બધો જે દરબારનો પરિવાર હતો તેમને પણ શ્રીહરિએ વ્રતમાન ધરાવીને નિયમ આપ્યાં. અને પછી જે તેમના આશ્રિત નોકર-ચાકર વગેરે હતા તે બધા પણ નિયમ ધારીને સત્સંગી થયા. ૨૩. ગઢપુર શહેરના જે શુદ્ધ મુમુક્ષુઓ હતા તે સહુ નિયમ ધારીને સત્સંગી થયા. તેમજ બીજા દરબારો પણ નિયમ ધારીને શ્રીહરિના એકાંતિક ભક્ત થયા. ૨૪.

તે સમયે મુકુંદાનંદ વર્ણીએ થાળ તૈયાર કર્યો અને ચોંપ રાખીને શ્રીહરિને બોલાવવા માટે ત્યાં આવ્યા. ૨૫. પછી શ્રીહરિએ એક પીતાંબર પહેર્યું અને બીજું માથે ઓઢ્યું. સોનેરી ચાખડીઓ પહેરીને વર્ણીની સાથે ધીરે ધીરે ચાલ્યા. ૨૬. એક સારો સોનેરી બાજોઠ ઢાળ્યો હતો, શ્રીહરિ જઈને તેના ઉપર બેઠા. થાળ જમાડવા માટે ભાતભાતના ભોજન તૈયાર કર્યાં હતાં. ૨૭. વસ્તુઓનો ગણે પાર આવે તેમ ન હતો. બધા પકવાન પુષ્કળ ઘી અને સાકરથી યુક્ત હતા. ઘણું જ ઘી નાખીને શાકો પણ કર્યાં હતાં. ૨૮. દૂધપાક, મોતીચૂર, બરફી, પેંડા, જલેબી, કંસાર, પૂરી વગેરે કર્યા હતા. પૂરણપોળીને તો તાજા ઘીમાં ઝબોળી દીધી હતી. ૨૯. મેસૂબ, રસદાર માલપૂડા, ગુંદરપાક અને રૂપાળા ઘેબર, સાટા, સેવદળ, દળના લાડુ, સુત્તરફેણી. ૩૦. ગુંદવડા, ભજીયા, સક્કરપારા, વડા, ગુલકંદ, ગુલાબપાક, ટોપરાપાક, દ્રાક્ષ, ૩૧. બાસુંદી, શ્રીખંડ, હરિસો, બિરંજ અને સુંદર ગાંઠિયા વગેરે અપાર ભોજન બનાવ્યા હતા. તેને ધર્મના લાલ શ્રીહરિ જમ્યા. ૩૨. જમી રહ્યા પછી ચળુ કરીને જળપાન કર્યું. પ્રસાદીનો બધો જ થાળ દરબાર જીવા ખાચરને આપ્યો. ત્યારબાદ શ્રીહરિએ મુખવાસ લીધો. તેનો સુંદર સુગંધ આવતો હતો. ૩૩.

શ્રીહરિની સાથે આવેલા સંતોને અને દરબારોને ઓરડાની વિશાળ મોટી ઓસરીમાં જમવા માટે તત્કાળ બેસાડ્યા. ૩૪. જ્યારે સંતો જમવા બેઠા ત્યારે શ્રીહરિ સહુને પીરસવા પધાર્યા. તે સંતો અને દરબારો જમીને તૃપ્ત થયા ત્યાં સુધી શ્રીહરિ સહુને પીરસતા રહ્યા. ૩૫. સંતો જ્યારે જમી રહ્યા ત્યારે પ્યારા શ્રીહરિએ હાથ ધોયા. પછી સુખદાયી શ્યામસુંદર શ્રીહરિ હસતા હસતા જ્યાં સિંહાસન હતું ત્યાં પધાર્યા. ૩૬. સંતો બધા આવીને શ્રીહરિની આગળના ભાગમાં બેસી ગયા. તે સમયે મહાન સુંદર સભા થઈ. જેનું વર્ણન કરી શકાતું નથી. ૩૭.

તે સમયે દરબાર પૂજાનો બધો સામાન લઈને આવ્યા. કેસર મિશ્રિત ચંદન અને ફૂલહાર ઘણા જ લાવ્યા. ૩૮. બધા જરિયાની વસ્ત્ર વગેરે શ્રીહરિને પહેરાવ્યા અને અનંત બ્રહ્માંડોના અધિપતિ પુરુષોત્તમનારાયણ પોતાને ઘેર પધાર્યા છે એટલે દરબારે પોતાનું બધું કર્તવ્ય સુધારી લીધું. ૩૯. વિવિધ પ્રકારના સર્વોત્તમ સોનાના બધા ઘરેણાં અને મોતીના હાર છાતી ઉપર પહેરાવ્યા. તેની શોભા વર્ણવી શકાતી નથી. ૪૦. પહેલા દૂધથી અને પછી પંચામૃતથી ચરણ ધોયા. પછી કેસર-ચંદન અર્ચીને વિધિપૂર્વક ચરણોની પૂજા કરી. ૪૧. પછી હાથ લૂછીને સારું કેસરવાળું ચંદન લીધું. તે શ્રીહરિના લલાટમાં પ્રેમથી ચર્ચ્યું અને તેના મધ્યમાં કુંકુમનો મોટો ચાંદલો કર્યો. ૪૨. ચરણતળ ઉપર જે ચંદન ચર્ચ્યું હતું તે આનંદકારી ચરણોને છાતી ઉપર ચાંપ્યા. દરબાર જીવા ખાચરના ભાઈ અને પુત્રો વગેરેએ પણ ઘણા જ ભાવથી શ્રીહરિની પૂજા કરી. ૪૩.

જીવા ખાચરને બે દીકરીઓ હતી. તે જગત્પ્રસિદ્ધ હરિભક્ત બહેનોમાં શિરોમણિ હતી. ૪૪. ભગવાનની ઉપાસના-ભક્તિ કરવામાં તેમને ઘણા વિઘ્ન આવ્યા છતાં ભગવાનને રાજી કરવા માટે તે બધાં સહન કર્યા, એવી શૂરવીર હરિભક્ત હતી. ૪૫. તેમાં એકનું નામ અમરબા અને બીજીનું નામ અમૂલાબા હતું. તે બંને નિષ્કામભક્ત હતી. તેમણે પણ શ્રીહરિની પૂજા કરી. ૪૬. જે રાધા અને રમા, દિવ્ય તનુધારીને અક્ષરધામમાં રહ્યા છે, તેમણે જ્યારે એ પૂજા દેખી ત્યારે તેઓ ખૂબ જ પ્રસન્ન થયા. ૪૭.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'અધર્મનું ખંડન, ધર્મનું વિધાન, જીવા ખાચર સત્સંગી થયા અને પૂજા કરી' એ નામે પાંચમો તરંગ સમાપ્ત ॥૫॥



પૂર ચોથું : તરંગ - ૬

જીવા ખાચરે શ્રીહરિની સ્તુતિ કરી અને શ્રીહરિએ તેમને કોલ આપ્યો

દરબાર જીવા ખાચરે શ્રીહરિની પૂજા કરી ત્યારે અપાર મંગળમય વાજિંત્ર વાગ્યા. પછી તેમણે સંતોની પૂજા કરી અને ફૂલહાર પહેરાવ્યા. ૧. 'જયજયકાર' ઉચ્ચારની સાથે શ્રીહરિની આરતી કરી. તે વેળાએ આકાશમાં બધા દેવતાઓના વિમાન છવાઈ ગયા. ૨. દરબાર જીવા ખાચર બુદ્ધિમાન અને વિચક્ષણ હતા. શ્રીહરિને પ્રસન્ન કરવા માટે તેમણે બે હાથ જોડી મસ્તક નમાવીને સ્તુતિ કરી. ૩.

હે હરિ ! હું આપના દાસનો પણ દાસ છું. છતાં મનુષ્યના દેહમાં છું. કાયમ સાથે રહેવાનું થાય એટલે મારાથી આપના કોઈ ભક્તનો દ્રોહ ન થાય, આવી દયા રાખજો. ૪. ભક્તોના દ્રોહનું મૂળ તો ચાંડાળ લોભ છે. અમે કાયમને માટે લોભમાં જ પડ્યા હોઈએ છીએ. અમે લોભને જ પોતાનું જીવન માન્યું છે. કરોડો રીતે વિચાર કરીએ છતાં લોભ છૂટતો નથી. ૫. જેમ માછલાનું જીવન જળ કહેવાય છે તેમ અમારું જીવન લોભ છે. એક કોડી જેવી તુચ્છ વસ્તુમાં પણ અપાર લોભ રહેતો હોય છે. તે લોભને માર્ગે એવા રાજા ચાલેલા હોય છે. ૬. આપનો મુખ્ય ધર્મ ત્યાગ હોય છે અને અમારો મુખ્ય ધર્મ લોભ હોય છે. જો તે છોડવાનો થાય તો તેમાં મોતના જેવું દુઃખ થાય. ૭. આપનો મુખ્ય ધર્મ ત્યાગ છે. તે ત્યાગરૂપ ધર્મને છોડીને આપ આપનો વિનાશ કરનારા નથી. ત્યાગી થઈને જે લોભ કરે છે, તેને કારણે તે ત્યાગી સાથે કોઈને હેત રહેતું નથી. ૮. આપની રીત એવી નથી. આપ તો લોભનો ત્યાગ કરીને પોતાના ઐશ્વર્ય(શક્તિ)થી માનવરૂપ ધરી રહ્યા છો. આપ અનંત બ્રહ્માંડોના જીવોના જીવનદાતા છો. ૯.

✵ શ્રીહરિની થોડી સેવા કરે છતાં મહાસુખ પામે છે :

चोपाई :

कोन राव कोन रंक कहावे, नजर तुमारी सब जिवावे;
ब्रह्मा से लई कीट पर जंता, इनके पेट हि तुम भरंता...१०
तुम आगे सब कीट समाना, भव ब्रह्मा इन्द्र राव कहाना;
ब्रह्मांडाधिश कहावत जेते, नजर तुमारी जीवत तेते...११
तुमारे रती न कोई की आशा, सबसे तुम फिरत निराशा;
रतीभर सेवा कर हि तुंहारी, मेरु सम सुख देवन वारी...१२

કોણ રાજા ને કોણ રાંક ? આપની અમૃતમયી દૃષ્ટિ જ સહુને જિવાડે છે. બ્રહ્માથી લઈને કીટ પર્યંત સહુનું ભરણ-પોષણ કરનારા આપ છો. ૧૦. ભવ, બ્રહ્મા, ઈંદ્ર અને જે સમ્રાટ રાજા કહેવાતા હોય તે બધા આપની આગળ તો કીટના જેવા છે. જે જે બ્રહ્માંડના અધિપતિઓ છે તે પણ આપની અમૃતમયી દૃષ્ટિથી જ જીવે છે. ૧૧. આપને કોઈની પાસે રતીભાર પણ આશા હોતી નથી. આપ સહુની આગળ નિરાકાંક્ષ થઈને (આશા રાખ્યા વગર) વિચરો છો. કદાચ કોઈ આપની રતીભાર પણ જો સેવા કરે તો આપ તેને મેરુના જેટલું વિશાળ સુખ દેનારા છો. ૧૨.

આપ જેના હૃદયમાં નિવાસ કરીને રહો છો તે સહુથી શ્રેષ્ઠ ભક્ત બને છે અને લોભના મહા પાશથી તે છૂટી જાય છે. ૧૩. જે હૃદયમાં લોભ આવીને વસે છે તે હૃદયમાં દયા આવીને રહેતી નથી. જેટલા પાપ કહેવાય છે તે બધા તેમાં આવીને રહે છે. ૧૪. લોભી માણસ એક તલભાર પણ અન્ન કે દ્રવ્યનો ખર્ચ કરતો નથી. કદાચ કોઈ અતિથિ તેના ઘરને બારણે આવે તો પોતે મોઢું સંતાડી દે છે. ૧૫. જેને ઘેર અતિથિ આવ્યો હોય, તે અતિથિ શું તેની સાથે લડી શકવાનો છે ? અહીં ભલે મોઢું સંતાડી દે પણ તે લોભી તો જમદૂતોને હાથે જ પકડાવાનો છે. જમદૂત તે લોભી જીવના શરીરનું જ માંસ કાપીને તેને જ ખવડાવે છે. ૧૬. અતિશય લોભ, તે પાપનું મૂળ છે. અતિ લોભીનું દ્રવ્ય સમૂળું નાશ પામે છે. કાં તો મરીને તે સર્પ થાય છે. કાં ભૂત-પ્રેત થઈને રખડે છે. ૧૭.

જગતમાં આવું બધું દેખાય છે છતાં લોભની બલા છૂટતી નથી. લોભ જીવનો સાચો હિતેચ્છુ થઈને તેમાં ઊંડો ખોડાઈ ગયો છે. ૧૮.

જ્યાં આપને - ભગવાનને રાખવા જોઈએ ત્યાં (હૃદયમાં) લોભ આવીને બળાત્કારે પેસી ગયો છે. હવે અમે આપના દાસ થયા છીએ તો અમારા તે લોભરૂપ શત્રુનો આપ વિનાશ કરો. ૧૯. લોભ ખરેખર અધર્મ રૂપ છે, છતાં તે ધર્મનું રૂપ લઈને અનુપમ રીતે આવીને હૃદયમાં બેસી ગયો છે. તેમાં એવો પ્રભાવ રહ્યો છે કે તે અન્યાયને પણ ન્યાય કરી દેખાડે છે. ૨૦. જેને આપણે પોતાના હિતેચ્છુ માનીએ છીએ તેનો કોઈ પણ ત્યાગ કરી શકતા નથી. મોટા ઈશ્વર કહેવાતા હોય તોપણ તેને લોભે ફજેત કર્યા છે. ૨૧. અમે જીવ તો પામર કહેવાઈએ અમે શા લેખામાં ? આપ અમને મળ્યા છો તે જ અમારી વિશેષતા છે અને તેનાથી જ અમને ભારે બળ મળ્યું છે. જો આપ ન મળ્યા હોત તો અમે ક્યારેય લોભથી છૂટી શકત નહિ. ૨૨.

આપ તો ઈશ્વર છો. આપની આગળ અમે તો બાળકના જેવા છીએ. આપ દયાળુ છો તે બાળકના દોષોને ગણતા નથી. બાળકની બુદ્ધિ તો બાળકના જેવી જ હોયને ? અને મોટાની બુદ્ધિ મોટાને સમાન હોય. ૨૩. અમે તો જીવ છીએ અને આપ તો પરમેશ્વર છો. જીવના દોષોને દિલમાં ધારશો નહિ. જો આપ અમારા દોષોને ગણવા માંડશો તો તેનો પાર જ નહિ આવે. ૨૪. આકાશના જેવી કોઈ વસ્તુ નથી. જે અદ્ભુત રીતે સહુમાં વ્યાપીને રહ્યો છે છતાં તે સહુથી વિલક્ષણ છે અને મહાન શુદ્ધ સ્વરૂપ છે. (તેમ આપ સહુમાં વ્યાપીને રહ્યા છો. છતાં સહુથી વિલક્ષણ છો અને અતિ શુદ્ધ છો. તેવો આપનો ગુણ જીવ સમજી શકતો નથી.) ૨૫. આપનો પ્રભાવ જીવમાં આવતો નથી, પણ જીવના પ્રભાવને આપ દાબી દો છો. આપનો આવો મહાન પ્રતાપ છે. માટે જ આપ સર્વના આધાર છો. ૨૬. આપના પ્રતાપથી જડ પદાર્થ પણ સચેતન થાય છે. તે આપ અત્યારે મનુષ્યરૂપે પ્રકટ્યા છો અને માનવના ગુણોને જ આપે અધિકતાથી સ્વીકાર્યા છે. ૨૭.

આપનાં મનુષ્યચરિત્ર દેખીને અમને તેમાં ક્યારેય મોહ થાય નહિ. તેમજ અવગુણ આવે નહિ તેવી અમારા ઉપર કૃપા રાખજો. આપની રીત જ અલૌકિક છે કે તેમાં ભવ, બ્રહ્મા અને શેષ પણ ભૂલા પડી જાય છે. ૨૮. આપના સેવક પાર્ષદોમાં ગરુડજી મુખ્ય કહેવાય. તેઓ બુદ્ધિમાં અને બળમાં સહુથી અધિક ગણાય. વળી તેણે આપની સેવા પણ બહુ જ કરી છે. ૨૯. જેઓ બીજાના મોહ-અજ્ઞાનને ટાળે એવા હોવા છતાં તેમનો પોતાનો મોહ ટાળવા છતાં પણ ટળ્યો નહિ. તેમ જ દેવી પાર્વતી મહાન સતી કહેવાય. તેમના જેવી બીજી કોઈ સતી કહેવાય નહિ. ૩૦.

તેઓ આપના અપાર મહિમાને સમજતા હતા. વળી તેઓ બધી જ રીતે ઘણા સમજણા-જાણકાર પણ હતા. તેમણે આપના મનુષ્યચરિત્રને દેખીને સીતાનું રૂપ લીધું. ૩૧. ઈંદ્ર એક મોટા દેવરાજ છે, તે વાત પ્રસિદ્ધ છે. પરમાત્માએ કૃષ્ણાવતાર ધાર્યો છે, એમ તેઓ જાણતા પણ હતા. પણ તેણે જ્યારે ભગવાનનું મનુષ્યચરિત્ર દેખ્યું ત્યારે તેને ઘણો જ મોહ થયો હતો. ૩૨. તે સહુની જેમ અમને ક્યારેય મોહ ન થાય એવી દયા રાખજો. અમે આપને શરણે આવ્યા છીએ. હવે અમને જો ભૂલા પાડશો તો પછી અમારું ક્યારેય ઠેકાણું પડશે નહિ. ૩૩.

અમે તો અનાદિકાળના ભૂલેલા છીએ. અમને આજ આપ અજોડ ઠેકાણું મળ્યા છો. અમે ભવસાગરમાં ડૂબી રહ્યા હતા. ત્યારે આપે આવીને અમારી બાંય પકડી છે. ૩૪. કદાચ અજ્ઞાનતાને લીધે અમે જો આપને છોડી દઈએ પણ આપ અમને ક્યારેય છોડી દેશો નહિ. આપ વિચક્ષણ છો એટલે અમારું હિત જાણો છો. અમે તો બાળક જેવા છીએ. અમને અમારા હિતની પણ ખબર નથી. અમે અમારા હિતમાં (લાભમાં) પણ કુહિત (નુકસાન) માની બેસીએ છીએ. ૩૫. આપની આગળ અમે તો બાળક છીએ. અમે વારંવાર એ જ માગીએ છીએ કે અમારા અપરાધને માફ કરીને અમારા ઉપર દયા રાખજો. ભલે પુત્ર કુપુત્ર થાય, પણ માતા તે કુપુત્રનું પણ હિત ચિંતન છોડતી નથી. ૩૬. આપની માયા અપાર છે. તેનો પાર કોઈ પામી

શક્યું નથી. એટલે અમે હજારો વાર વિનય-પ્રાર્થના કરીને કહીએ છીએ કે તે માયા અમને લોપે-હેરાન કરે નહિ. ૩૭.

જે જીવ જેવો અધિકારી હોય તેને આપ તેવો જાણો જ છો, પણ અજ્ઞાની જીવ આપના અમાપ ગુણોને જાણી શકતો નથી. ૩૮. જે આપ અમાપ છો, તે આપનું માપ થઈ શકે જ નહિ, પણ જો કોઈ આપનું માપ કરવા ચાહે, તો તે કુબુદ્ધિ-બુદ્ધિહીન કહેવાય. આપ- પોતાના સમાન તો આપ-પોતે એક જ છો, એટલા માટે જ વેદો 'નેતિ નેતિ' આવા શબ્દ આપને માટે કહે છે. ૩૯. આપના જે જે ચરિત્ર છે તે તો ભક્તોનો ઉદ્ધાર કરવા માટે છે, પણ તે જ ચરિત્ર અભક્તોને તો અવળા જ પડે છે. કારણ કે ખીર જેવું ભોજન પણ કૂતરાને તો વિપરીત જ પડે છે. ૪૦. ભગવાન અને ભગવાનના ભક્તોનો જેટલો સ્વભાવ છે તે સર્વે તો દુર્જનોને મોહ પમાડવા માટે છે. દુનિયામાં જેટલા દુર્જન કહેવાય છે તે બધા ભગવાનનો અને ભક્તોનો અવગુણ જ લે છે. ૪૧. આ એક અનાદિકાળની રીતિ છે કે દુર્જનોને ક્યારેય ભગવાનમાં પ્રીતિ થાતી નથી. દુર્જન લોકો તો ચોરી, વ્યભિચાર, દારૂ અને માંસને જ ભોગવે છે અને એ પાપોની સાથે જ સતત લાગ્યા રહે છે. ૪૨.

દુર્જન તો લોંડિયો, લબાડ, વ્યસની અને હરામી હોય છે. તેને તો ભાંડ અને ભવાઈમાં આરામ મળતો હોય છે. તે ક્યારેય કાનથી ભગવાનની વાતોને સાંભળતો નથી. કદાચ સાંભળે તોપણ તેને તે ભગવાનની વાત ઝેરના જેવી લાગે છે. ૪૩. દુર્જન જો સંતોની વાતોને સાંભળે તો તે વાતો તેને છાતી ઉપર દીધેલા બળબળતા ડામ જેવી વસમી (અસહ્ય) લાગે છે. પાપી દુર્જનોનો એ એક સ્વભાવ છે કે તેઓ મનમાં સંતોનો ગુણ માનીને લાભ લઈ શકતા નથી. ૪૪.

❋ સત્સંગ-કુસંગ :

સંતોને દેખીને જેની છાતીમાં બળતું હોય અને પાપીને દેખીને જેના મનમાં આનંદ થતો હોય તે તો જમપુરીના અધિકારી છે તેને ત્યાંના દુઃખ ભોગવતા પાર આવવાનો નથી. ૪૫.

चोपाई :

मार जम की खात अनंता, सहस्र जुग आत न अंता;
कुसंग करन को फल हे एहा, संत की वात मानत न तेहा...४६

कुसंग हेत सो नृक को द्वारा, दुःख समुद्र सो परत गमारा;
संत को संग करत हे जोई, अक्षरधाम में बेठो हे सोई...४७

સંતોની વાતોને માને નહિ અને કુસંગને જ જે કરતો રહે છે તે જમના હાથનો અપાર માર ખાય છે અને હજારો યુગો વીતી જાય તોપણ તે દુઃખનો છેડો તેને આવતો નથી. ૪૬. કુસંગીમાં હેત કરવું તે તો નરકનું દ્વાર છે. કુસંગી સાથે હેત રાખનારો ગમાર તો દુઃખના સમુદ્રમાં પડે છે. અને જે સંતોનો સમાગમ કરે છે તે તો અક્ષરધામના મધ્યમાં જ બેઠો છે. ૪૭.

અમે નજરે દેખીને નિર્ણય કરી લીધો છે કે જે અક્ષરધામમાં જાય છે તેને તો સુખનો કોઈ પાર જ નથી. હે હરિ ! અમને આપના જ્યારે દર્શન થયાં ત્યારથી સત્સંગ સિવાયનું બીજું બધું જ ખારું થઈ ગયું છે. ૪૮. સત્સંગ વગરની અન્ય ચીજ વસ્તુમાં અમને ક્યારેય ભાવ થતો નથી. આપના ચરણરૂપી કમળમાં અમારો આત્મા ભમરાની જેમ અખંડ આનંદ માણી રહ્યો છે. ૪૯. આપનો અને આપના ભક્તોનો દ્રોહ મારાથી ક્યારેય થાય નહિ. હું વારંવાર આ એક જ વર માગું છું તો આપ મને તે વર કૃપા કરીને આપો. ૫૦.

વળી અમારો કોઈ પણ વંશજ સત્સંગને છોડીને બીજે ક્યાંય પણ રુચિ-પ્રીતિ ન કરે, હે હરિ, હું આટલો વર માગું છું. તે સમયે દરબાર જીવા ખાચરના ઉપર શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયા અને તેમને કોલ આપ્યો અને કહ્યું કે દરબાર ! તમે તો અજોડ ભક્ત છો. તમે જે માગ્યું તે બધું હું તમને અત્યારે આપું છું. ૫૧-૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'જીવા ખાચરે શ્રીહરિની સ્તુતિ કરી અને શ્રીહરિએ તેમને કોલ આપ્યો' એ નામે છઠ્ઠો તરંગ સમાપ્ત ॥૬॥



પૂર ચોથું : તરંગ - ૭

શ્રીહરિ એભલ ખાચરના દરબારમાં પધાર્યા અને આનંદસ્વામીને ચરોતરમાં મોકલ્યા

શ્રીહરિએ તત્પર થઈને ગઢપુરથી ચાલવાની તૈયારી કરી. પરંતુ તે સમયે અતિશય હેત થયેલું હોવાથી દરબાર જીવા ખાચરે તેમને જવાની રજા ન આપી. ૧. દરબાર મુખથી બોલ્યા, હું મારા મુખથી એમ નહિ કહું કે 'આપ જાઓ.' કારણ કે અમને આવો લહાવો (આનંદ) ફરી વાર નહિ મળે. ૨. ચિંતામણિ હાથમાં આવ્યો છે તેને હવે હાથમાંથી દૂર કેમ જાવા દઉ ? જો બલાત્કારે (પરાણે) જતો રહે, તો તેનો કોઈ ઉપાય નથી. ૩. હે હરિ ! આપની સાથે જે હેત થયું છે તેને છોડવું તે તો જીવને (જીવનને) છોડ્યા જેવું છે. કોઈ મહાન નિધિને મેળવ્યા પછી તેને દૂર કેમ કરવો ? ૪.

ત્યારે શ્રીહરિ બોલ્યા, દરબાર, તમે મારી વાત સાંભળો. અમે હરિભક્તોને માટે જ પ્રકટ થયા છીએ એટલે હરિભક્તોમાં ફરતા રહેશું. ૫. તમારી જેમ જ બધા હરિભક્તોને અમારા ઉપર અપાર હેત હોય છે. અમે કોઈ એક જ ભક્તને માટે શરીર ધાર્યું નથી. હવે તો સદ્‌ગુરુ રામાનંદ સ્વામીએ પણ દેહત્યાગ કરી દીધો છે. ૬. સહુ હરિભક્તોને તેમના ઉપર ઘણું હેત હતું. તેને લીધે અત્યારે તેઓ શોકાતુર રહે છે. તે સહુને, હું જાવ તો શાંતિ થાય, અને એટલા માટે જ અત્યારે મારે સત્સંગીઓને મળવા ફરવાનું છે. ૭. બધા હરિભક્તોને શાંતિ આપ્યા પછી અમે ફરીવાર અહીંયાં આવશું. અમે અગિયાર વરસ સુધી ઘરમાં રહ્યા. માતા પિતાને આનંદ કરાવ્યો. ૮.

જ્યારે તેમણે શરીર તજી દીધું ત્યારે અમે પણ તે ઘરને તજી દીધું. અમે આઠ વરસ સુધી જ્યારે વનમાં ફરતા રહ્યા ત્યારે વનના ફળ-ફૂલ વગેરે ખાઈને જીવન નિર્વાહ કર્યો. ૯. હવે અમારે બાર વરસ સુધી સત્સંગમાં ફરતા રહેવાનું છે. ક્યાંય સ્થિર રહેવું નથી. હરિભક્તોના જે મનોરથ હોય તે બધાને મારે પૂરા કરવા છે. ૧૦. અત્યારે તો શરીરમાં એટલી શક્તિ છે, પછી તો જેટલી શક્તિ હશે તેટલું કામ કરશું. સત્સંગમાં વારંવાર ફરવું છે

અને અનંત જીવોનો મોક્ષ કરવો છે. ૧૧. નવા હરિભક્તોનો ભાવ દેખીને મનમાં ઘણો જ ઉત્સાહ રહે છે. એમાં મન ઉદાસ થતું નથી. એક જ જગ્યાએ રહીએ તો બીજાને હેત ઓછું થઈ જાય છે. ૧૨.

આટલું બોલીને શ્રીહરિ ચાલ્યા. ઘોડેસવાર થયા. અનુપમ વાજિંત્ર વાગવા લાગ્યાં. નગરના અપાર લોકો ભેળા થઈ ગયા. ૧૩. રાજમાર્ગ ઉપર અપરમપાર લોકો ઊભા હતા. તેમને શ્રીહરિનાં દર્શન કરવા હતા. 'જય જય' 'જય જય' નાદને પોકારતા હતા. ૧૪. શ્રીહરિએ પોતાના અંગો ઉપર બધા જરિયાની વસ્ત્ર આદિ ધારણ કર્યા હતા. "મહારાજાધિરાજને ઘણી ખમ્મા" આવા શબ્દોને ચોપદાર આગળ બોલતો હતો. ૧૫. મસ્તક ઉપર અજોડ છત્ર હતું. બંને બાજુ ચામર ઢળતાં હતાં. શ્રીહરિનું સ્વરૂપ મહાન અને અલૌકિક જણાતું હતું. દેખનારાને કોઈને ધીરજ રહેતી નહિ. ૧૬. હરિભક્તો બધા ધોળ રાગના મંગળમય પદ બોલતા હતા અને દર્શન કરતાં કરતાં આગળ ચાલતા હતા. ઘરનું બધું કામકાજ મૂકી દઈને પુરની બધી સ્ત્રીઓ ત્યાં દોડી આવી. ૧૭.

શ્રીહરિ જ્યારે માણેકચોકમાં આવ્યા ત્યારે દરબાર એભલ ખાચર તેમને ત્યાં મળ્યા અને તેઓ બોલ્યા કે મહારાજ, અમે અમારું સર્વસ્વ આપને સમર્પણ કરી દીધું છે. ૧૮. હવે આપ આવીને તે બધું સંભાળો, હાથમાં લો. મારો પુત્ર ઉત્તમ મેં આપને આપ્યો છે. તેને આપના સિવાય કોઈ આધાર નથી. આપના સિવાય તો તેમનું મરણ જ થવાનું છે. ૧૯. હવે હું એનો નથી અને એ મારા નથી. તો આપ જ તેનો નિવેડો (નિર્ણય) કરો. હવે આપના વિના અમને શાંતિ નહિ થાય. આપની મૂર્તિમાં જ મન પરોવીને રહ્યા છીએ. ૨૦.

ત્યારે દરબાર જીવા ખાચર બોલ્યા, હે મહારાજ ! આપ તો શરણાગતને માટે સુખની ખાણ છો. આપનું નામ જ ભક્તવત્સલ છે. હે પ્યારા ! આપ તો અશરણશરણ છો. ૨૧. આપ તો ભક્તાધીન છો, તેવું આપનું બિરુદ છે. તેનો પણ આપે હવે વિચાર કરવો જોઈએ. આપ દીનબંધુ છો, દીન દયાળુ છો અને ભક્તોના ઉપર કૃપા કરનારા છો. ૨૨. આવી દરબાર જીવા ખાચરની વિનંતી સાંભળીને શ્રીહરિ ધીમું ધીમું હસવા લાગ્યા. ત્યારે બીજા દરબારો બોલ્યા, જીવા ખાચર દ્વારા માનો ભગવાન જ બોલે છે. ૨૩.

ભગવાન અંતર્યામી છે. તેમની ઈચ્છા જ સાચી જાણવી ત્યારે માંચા ખાચરે અને અલૈયા ખાચરે કહ્યું, સારું તો હવે એમ જ કરો. ૨૪. ત્યારે શ્રીહરિએ કહ્યું, તો હવે બીજા ગામોમાં જવાનું બે દિવસ મોડું થશે. તમે બધા જ કહો છો એટલે હવે અમારે શું કરવું ? ૨૫. સત્સંગમાં તમારી પાસે મારે હજી ઘણું કામ કરાવવું છે. એટલે તમારું સહુનું કહ્યું માનું છું. જો તેમ ન હોત તો હું તમારી વાતને માનત નહિ. ૨૬.

આટલું કહીને શ્રીહરિ એભલ ખાચરના દરબારમાં જવા સર્વે સંતોના મંડળની સાથે ચાલ્યા. મંગળ વાજિંત્ર વાગતાં હતાં. ૨૭. ગઢપુર ગામના બધા લોકોને ઘણો જ આનંદ થયો. ત્યારે બધાના મનનો શોક ટળી ગયો અને ઘેરઘેર સાકર વહેંચી ને સહુને આપી. ૨૮. શ્રીહરિ પોતાના દરબારમાં પધાર્યા એટલે એભલ ખાચરને ખૂબ આનંદ થયો. પોતાના જેટલા ઘર હતાં તે બધા શ્રીહરિને અર્પણ કરી દીધાં. ૨૯. દરબારે કહ્યું આ બધા જ ઘર આપના છે જયાં મન ચાહે ત્યાં ઉતારો કરો. અમે તો આપ જયાં કહેશો ત્યાં રહેશું અને આપના ચરણકમળની સેવા કરશું. ૩૦.

શ્રીહરિએ એભલ ખાચરના દરબારમાં પોતાની બધી સવારીને ઉતારી. પોતે એક ભવનમાં ઉતારો કર્યો કે જયાં સહુને દર્શન થઈ શકે. ૩૧. સાથે આવેલા બીજા દરબારોને ભવનમાં ઉતારો કરાવ્યો. સંતોને માટે તો યોગ્ય જગ્યા જોઈને જેટલા તેમાં રહી શકે તેટલાને પોતાની પાસે રાખ્યા. ૩૨. સ્વરૂપાનંદસ્વામીનું મંડળ મોટું હોવાથી દરબારગઢમાં સમાયું નહિ, તેથી તેમને જીવા ખાચરના દરબારમાં ઉતારો અપાવવા કહ્યું. ૩૩. ત્યારે જીવા ખાચરે પોતાના દરબારગઢની બહાર સુંદર જગ્યા જોઈને ત્યાં સંતોને ઉતારો આપ્યો. તે જોઈને બધા સંતો રાજી થયા. ૩૪.

સંધ્યા સમય થયો ત્યારે બધા સંતો શ્રીહરિની પાસે આવ્યા અને સભાના રૂપમાં સહુ બેઠા. ત્યારે શ્રીહરિએ હેત કરીને સહુને કહ્યું, તમે બધા સંતો ધ્યાન-ભજન કરનારા છો. ૩૫. જે મનુષ્ય તમારી સહુની સેવા કરે તેને તો માનો અલભ્ય લાભ મળ્યો ગણાય પરંતુ આટલા બધા સંતોની સેવા એક ગૃહસ્થ કરી શકે નહિ. ૩૬. તમે સહુ સંતો બુદ્ધિશાળી છો. એટલે સહુએ

વિચાર કરવો જોઈએ. ગૃહસ્થને શ્રદ્ધા રહે તેમ આપણે કરવું જોઈએ. ૩૭. જ્યારે ઉત્સવ-સમૈયો હોય ત્યારે ગૃહસ્થ હરિભક્તો અપાર હોય છે, તેમાં ઝાઝા સંતો હોય તોપણ કોઈને કષ્ટ પડતું નથી. એ એક અલગ વિચાર છે. ૩૮. તો આવતીકાલે સવારે સંતોએ ગામમાં ગૃહસ્થોને ઘેર જઈને ઝોળી -ભીક્ષા માંગવી, તેમાં જેટલો લોટ આવે તે પ્રમાણે સંતોએ મારી સાથે રહેવું. ૩૯. દિનપ્રતિદિન ભાવના વધતી રહે તેમ બધો વ્યવહાર કરવો જોઈએ. વિચાર કરીને વર્તન કરીએ તો ગૃહસ્થોને ક્યારેય અભાવ આવે નહિ. ૪૦.

આનંદાનંદસ્વામીના મંડળમાં સો સંતો છે. તેમણે મુમુક્ષુઓને સત્સંગ કરાવવા માટે ફરવા જવું. તેમણે પોતાના સંતમંડળમાં શ્રીરાધાકૃષ્ણની મૂર્તિ રાખવી. ૪૧. તેમણે ઝાંઝ, મૃદંગ, રણશિંગી, શંખ અને તુરાઈ આવાં વાજિંત્ર રાખવા. અત્યંત ઉત્સાહ રાખીને ભગવાનના ઉત્સવ કરવા. ૪૨. તેમણે શુભ ચરોતર દેશમાં જાવું. ત્યાં મોટા મોટા ગામોમાં રહેવું. લોકો આગળ મોક્ષની વાત કરવી. અને નિર્ભયતાથી ફરતા રહેવું. ૪૩.

✵ ત્યાગીનો ધર્મ, ક્ષમા વિષે :

चोपाई :

प्रगट प्रभु की करना वाता, कोईसे न रेहेना दबाता;
तुमारो धर्म त्यागि को जेता, तिनमें फेर न रखना एता...४४
विवेकी जन कहावे जेते, सोई तुमकु मानेंगे एते;
अधर्मि जन हि जेते होई, तुमकु देखी बल हि सोई...४५
धर्म अधर्मकु वैर सदाई, जिहाँ सुँ यह ब्रह्मांड रचाई;
क्षेमा रूप खडग हे भारी, देखि अधर्म जाव हि हारी...४६

પ્રકટ ભગવાનની વાતો કહેવી. કોઈથી દબાવું-ડરવું નહિ. તમારો પોતાનો જે ત્યાગીનો ધર્મ છે તેમાં કોઈ ફેર પડવો જોઈએ નહિ. ૪૪. જેટલા વિવેકી મનુષ્યો હશે તે બધા તમને માન આપશે. પણ જે અધર્મી લોકો હશે તે તો તમને દેખીને બળી મરશે. ૪૫. જ્યારથી આ બ્રહ્માંડની રચના થઈ છે ત્યારથી ધર્મને અને અધર્મને સદાનું વૈર રહ્યું છે. ક્ષમા એક મોટું ખડગ છે તેને જોઈને જ અધર્મ હારી જશે. ૪૬.

જેટલા સંતો કહેવાઓ છો તેમણે સૌએ તે ક્ષમાના ખડગને સજ્જ કરી રાખવું અને તે ક્ષમામાં જ તમારો વિજય છે. તમે સહુ મારી આટલી વાતને યાદ રાખજો. ૪૭. તમે સહુ સંતો ઘણા વિવેકી છો. ક્યારેય લડવા ઝઘડવાની વાત કરવી નહિ. વાત કરવી તેપણ રીત-ભાતથી કરવી. એવી વાત ન કરવી કે જેનાથી બીજાની છાતી ચિરાઈ જાય. ૪૮. **શાંત રહેવું તે સંતોનો ગુણ છે. તે શાંતપણું તો પાણીના કરતાં પણ સંતોમાં વધારે છે.** કારણ કે પાણી તો આગથી પણ તપી જાય છે પણ સંતો આગથી તપતા નથી. ૪૯. ચંદ્રનો સ્નેહી ચકોર અંગારાને ખાય છે છતાં તેનું મોઢું લેશમાત્ર પણ બળતું નથી. તેવા જ સંતોના પણ ગુણ કહ્યા છે, તેથી તેમને કોઈપણ જાતનો ક્લેશ થાતો નથી. ૫૦. **નિર્માનીપણું તે સંતોનો અનુપમ અને પહેલો ગુણ છે તે ખરેખર મહાન આભૂષણરૂપ છે.** નિર્માનીપણું શુકદેવજીએ અને જડભરતે રાખ્યું હતું. જે અંતર્યામી છે, તેને જ પરમેશ્વર કહેવાય છે. તે પરમેશ્વર જ સહુનું રક્ષણ કરે છે. ગર્ભવાસમાં પણ તેમણે જ રક્ષા કરી હતી. ૫૧-૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શ્રીહરિ એભલ ખાચરના દરબારમાં પધાર્યા અને આનંદસ્વામીને ચરોતરમાં મોકલ્યા' એ નામે સાતમો તરંગ સમાપ્ત ॥૭॥

પૂર ચોથું : તરંગ - ૮

શ્રીહરિએ આનંદસ્વામીને મોટા કર્યા, નિર્માનીપણું અને દૃઢ આશ્રય વગેરેનો ઉપદેશ સંતોને કર્યો

શ્રીહરિએ કહ્યું, મુક્તાનંદસ્વામી સિવાયના જેટલા સંતો છો તે બધા પોતાનું એક એક મંડળ રચીને દેશમાં વિચરતા-ફરતા રહો. ૧. તમે સહુ સંતો સમર્થ છો, નિર્માની છો અને ગુણવાન છો. પરસ્પર એકબીજાના ધર્મ સંબંધી પ્રમાણરૂપ વચન માનવા. ૨. અન્યોન્ય મર્યાદા રાખવી. ક્યારેય તુચ્છ વચન બોલવું નહિ. તમે બધા શુકદેવજીને તુલ્ય છો અને મહાન પરમહંસ થયા છો. ૩. (એકાદશ સ્કંધમાં કહેલા) પરમહંસ તથા શુકદેવજી અને ઋષભદેવના પુત્ર જડભરત મહાન પવિત્ર હતા. તેઓની રીત ક્યારેય છોડવી નહિ. ૪.

✻ શ્રીહરિએ સંતોને નિર્માનીપણે રહેવાનો ઉપદેશ આપ્યો :

ચોપાઈ :

जिय में करिये जो अभ्यासा, तिनके जेसे होत निवासा;
बिन अभ्यास न होवत काउ, गमे तेसे सो संग रहाउ...०५
अभ्यास खप बिन संत न होवे, संत भए बिन जन्म बिगोवे;
संत सम नहिं कोउ मोटाई, चौद लोक जो देव रहाई...०६
ओर मोटाई यह लोक माहिं, परलोक सो रहत नाहिं;
कथा वारता करना गाना, सो सबको हे एहि ताना...०७

મનમાં જેવો અભ્યાસ કરવામાં આવે તેવો તે થાય છે. ગમે તેવા સારાના સંગાથમાં રહે પણ જો અભ્યાસ કરવામાં ન આવે તો તે સંગથી કાંઈ લાભ થતો નથી. ૫. અભ્યાસ અને ખપ વિના સંત થવાતું નથી. સંત થયા વિના આ મનુષ્ય જન્મ વ્યર્થ જાય છે. સંત જેવી બીજી કોઈ મોટપ નથી. ચૌદ લોકમાં જે દેવો રહ્યા છે તેના કરતા પણ સંતની મોટપ વધારે છે. ૬. બીજી બધી મોટપ તો આ લોક પૂરતી જ છે. પરલોકમાં તે મોટપ કામ લાગતી નથી. કથા, વાર્તા અને કીર્તન કરવાં. સહુએ તેનું જ એક તાન રાખવું. ૭.

संत समागम सत्संग जोउ, करने को यह फल हे सोउ;
संत गुन आए सब गुन आए, गुन कोउ पिछे जो न रहाए...०८
शुभ गुन संत के अनंता, निरमान गुन मुख्य रहंता;
ज्युं आंक को वार न पारा, एकरे एक में आये सारा...०९
एकरे बिन सब शुन्य कहावे, निरमान बिन एसे रहावे;
प्रगट हरिको निश्चे हि जोउ, तेहि बिन फलीभूत न कोउ...१०

સંતોનો સમાગમ કરવો કે સત્સંગ કરવો, તેનું એ જ ફળ છે કે સંતના ગુણ આવે. અને જો એવી સાધુતા આવી તો બધા જ ગુણ આવી ગયા. કોઈ સદ્‌ગુણ બાકી ન રહ્યા. ૮. સંતોના શુભ ગુણ અનંત છે. પણ તેમાં નિર્માનીપણું એ મુખ્ય ગુણ છે. જેમ આંકનો તો પાર નથી પણ એકડે એક એવા ઘડિયામાં તેનો સાર આવી જાય છે તેમ નિર્માનીપણામાં બધા ગુણ

આવી જાય છે. ૯. જેમ એકડા વિનાનું મીંડું નિરર્થક છે તેમ નિર્માનીપણા સિવાયના બીજા ગુણ નિરર્થક ગણાય છે. તેમ જ પ્રકટ શ્રીહરિના સ્વરૂપ નિશ્ચય સિવાયના ગુણો પણ નિરર્થક છે, તેનું કાંઈ ફળ મળતું નથી. ૧૦.

આંખો અને કાન એ બંનેય વિનાનું જીવન જેમ નિરર્થક છે તેમ પ્રકટ હરિના નિશ્ચય વિનાના બીજા ગુણ પણ નિરર્થક છે. તેમ જ માહાત્મ્ય વિનાનો નિશ્ચય પણ મૂળ વિનાના ઝાડ જેવો અસ્થિર છે. ૧૧. શરીર વિનાનો આત્મા કે આત્મા વિનાનું શરીર જેમ નિષ્પ્રયોજન છે તેમ માહાત્મ્ય વિનાનો નિશ્ચય પણ તેવો જ જાણવો. માટે ભગવાનના ભક્તે પોતાના મનમાં ભગવાનનું અને ભક્તોનું માહાત્મ્ય ખૂબ જ સમજવું જોઈએ. ૧૨. કોઈ ભગવાનનું માહાત્મ્ય ઘણું કહે અને તે માહાત્મ્યની ઓથ લઈને વાતવાતમાં ભગવાનના ભક્તનું અતિશય અપમાન કરે અને નિંદા કરે, તેને તો સત્સંગમાં ઘણો કુસંગ જાણવો. તે કુસંગ તો તેની બોલી ઉપરથી જ ઓળખાઈ જાય છે માટે તેને ઓળખીને તેનાથી દૂર રહેવું. ૧૩-૧૪.

મોટા મોટા ઝાડ હોય તેને ઉપર કૂણાં કૂંપળ નીકળે, પાન મોટા થાય અને ફેલાય અને તેની છાયાનો ગુણ શીતળતા કહેવાય છે પણ ઠંડુ હિમ તે સર્વેને બાળી દે છે. અને વળી તેમ જ નાગરવેલના પાનને, કેળને, શેરડીના વાઢને અને નાનાં ફૂલ ઝાડોને મૂળમાંથી બાળી દે છે. માટે મોટાના માહાત્મ્યની ઓથે ભગવાનના ભક્તોનું અપમાન કરવું નહિ. ૧૬. આપણો સત્સંગ એક મોટું વન છે. તેમાં અનેક પ્રકારના જીવ આવ્યા છે. અને આવેલા તે સર્વે નરનારી આ વખતે ખૂબ પ્રફૂલિત થઈને રહ્યા છે. ૧૭. સત્સંગને માટે પોતાના પ્રાણોની કુરબાની કરે એવા વર્તનવાળા અને નિષ્ઠાના અંગવાળા આપણા સત્સંગમાં સર્વે છે. પરસ્પર એકબીજાના ગુણોને કહેનારા સંતોને અન્યોન્ય ઘણું હેત પણ છે. ૧૮.

चोपाई :

गुनकु ग्रहत अवगुन देत त्यागा, तब अधर्मकु मिलत न मागा;
गुनकु तजि जब अवगुन ग्रहही, तब अधर्म अति जोरकु करही...१९

જ્યાં લગી ગુણ ગ્રહણ થાય અને અવગુણોને તજી દેવાય ત્યાં લગી ક્યારેય અધર્મને પેસવાનો અવકાશ મળતો નથી. જ્યારે ગુણોને તજી દઈને અવગુણ લેવામાં આવશે ત્યારે અધર્મ અતિ જોર કરશે. ૧૯.

અધર્મ વધશે ત્યારે બધા ગુણ દોષરૂપ દેખાશે અને અનુપમ શુભ બુદ્ધિ રહેશે નહિ. અમે જ્યાં સુધી રહેશું ત્યાં સુધી સત્સંગમાં અધર્મ આવી શકશે નહિ. ૨૦. **ધર્મસર્ગનું સ્થાન નિર્માનીપણું છે અને અધર્મસર્ગનું સ્થાન માનીપણું છે.** માનમાં એવી તો અનંત કળાઓ રહી છે કે તેને બુદ્ધિમાન હોય તે ઓળખી શકે છે. ૨૧. બુદ્ધિહીનની તો વાત જ શું કહેવી ! માન કોઈથી ઓળખી શકાતું નથી. માનની કળાઓને તો અમે એક ઓળખી શકીએ છીએ. બીજા તો ભલે પોતાને બુદ્ધિમાન ગણતા હોય પણ માનને તે ઓળખી શકતા નથી. ૨૨.

બીજા સર્વેને તો જગતના શાહુકાર જેવા બુદ્ધિશાળી જાણવા. ચોરને તેની લેશ પણ બીક હોતી નથી. તે જે ધારે તે હરખાઈને કરે છે. તેમ માનરૂપી ચોર આગળ પોતાને બુદ્ધિશાળી માનનારા બધાય છેતરાય છે. ૨૩. ચોર જે સમયે જેવી જરૂર હોય તે સમયે ત્યાં તેવો થઈ જાય છે, તેવો દેખાવ કરે છે. તેથી તે કેમ કળ્યામાં આવે ? વાસ્તવમાં ચોરને ઓળખી શકાય નહિ. અને જે સીધો સાદો શુદ્ધ માણસ હોય તે આવા ચોરને જલદી ઓળખી શકતો નથી. ૨૪. (તે નથી ઓળખાતો તેના કારણો આપે છે.) ચોરને તો માન આપો કે અપમાન કરો તે મોઢામાંથી એક વેણ પણ નબળું બોલે નહિ. અને જો ખરાબ બોલે તો ખબર પડી જાય. આ રીતે માનની રીતને ઓળખવી અટપટી છે. ૨૫. હંસ અને બગલો દેખાવમાં તો એક સરખા જણાય છે. પણ ચારો કરે ત્યારે ખબર પડે છે. હંસ મોતી ખાય છે અને બગલો માછલીને ખાય છે. ૨૬.

सोरठा : संत की रितकु जोय, निशदिन सीखना संत संग;
सिखे बिन संत न होय, मुंड मुडाये संत न होत...२७
हरिजन की सब रित, संत रु हरिजन संग हि;
सीखना करि यह प्रित, तब हरिजन हि होत तेहि...२८

સંતોની રીતને જોઈને, સંતોના સંગે રહીને તે ગુણોને રાત-દિવસ શીખવા. સંતોની રીતને શીખ્યા સિવાય ખાલી મુંડો કરાવવાથી સંત થવાતું નથી. ૨૭. હરિભક્તોની રીતને પણ હરિભક્તોનો અને સંતોનો સમાગમ કરી પ્રેમથી શીખવી જોઈએ. અને તેને શીખ્યા પછી જ તે સારા હરિભક્ત થાય છે. ૨૮.

બ્રહ્મચારીની રીત પણ બ્રહ્મચારી પાસેથી શીખવી. શીખ્યા વિના ક્યારેય આવડે નહિ. તે જ્યારે શીખી જાય ત્યારે જ બુદ્ધિમાન કહેવાય છે. ૨૯. જેનો જે ધર્મ હોય તે તેણે શીખી રાખવો. ધર્મમાં ફેર પડવા દેવો નહિ. જો ભૂલથી કોઈ ધર્મમાં ફેર પડે તો તેણે તેનું પ્રાયશ્ચિત કરવું. ૩૦. જે પ્રાયશ્ચિત કરે તે જ સાચો હરિભક્ત કહેવાય પણ જે પ્રાયશ્ચિત ન કરે તેને કાચો ભક્ત જાણવો. માટીનું પાકું ઠામ હોય તો જ તેમાં પાણી રહે છે, કાચા ઠામમાંથી તો પાણી ગળી જાય છે. અર્થાત્ જે પ્રાયશ્ચિત નથી કરતો તે કાચો સત્સંગી સત્સંગમાંથી પડી જાય છે. ૩૧. માટીના કાચા ઠામનો વિશ્વાસ ન કરાય. ભલે તે સાજુ સમું હોય, છતાં તે વગર ફૂટે ફૂટેલું જ ગણાય. તે કાંઈ કામમાં ઉપયોગી થાતું નથી. તે માટી સાથે માટી જ છે તેમ સમજાય છે. ૩૨.

જ્યારે ઘડાને અગ્નિમાં પકાવવામાં આવે છે ત્યારે તે ઘડો પાકો થાય છે અને તે તૂટતો-ફૂટતો નથી. તેમાં પાણી ભરવામાં આવે છતાં તે બહાર નીકળી જાતું નથી. ૩૩. ત્યારે તે ઘડો પાકો કહેવાય છે. તે રીતે સંતોને પણ નિયમ પાળવા ઉપરથી જાણી લેવા. સોનાને પણ શુદ્ધ કરવા માટે અગ્નિમાં તપાવવું પડે છે. ૩૪. જેમ જેમ સોનાને તપાવવામાં આવે છે તેમ તેમ તે શુદ્ધ થતું જાય છે. સોનાની શુદ્ધિ માટે અગ્નિમાં તપાવવા સિવાય અન્ય કોઈ ઉપાય નથી. તે રીતે જ સત્સંગમાં નિયમ પાળીને જ સંતો અને હરિભક્તોની શુદ્ધિ થાય છે. ૩૫. જ્યારે સત્સંગના નિયમોને યથાર્થ રીતે પાળવા માંડે છે ત્યારે જ તેનો વિશ્વાસ કરી શકાય છે. જો તેને સત્સંગનો ખપ ન હોય કે ઓછો હોય તો તેપણ કળ્યામાં આવી જાય છે. જો ખપ હોય જ નહિ તો તે કઠણ નિયમોને પાળી શકે જ નહિ, અને સત્સંગ છોડીને ચાલતો થાય છે. ૩૬.

અમે આનંદાનંદસ્વામીને આજ્ઞા કરીએ છીએ કે તેઓ જે આજ્ઞા કરે તે

પ્રમાણે સહુ સંતોએ વરતવું. ૩૭. સંતોનું મંડળ બાંધીને જે દેશમાં ફરવાનું કહે તે દેશમાં ફરવું, આવી આજ્ઞા અમે કરી છે. ૩૮. અમારી આજ્ઞા પાળવાનું મનમાં નક્કી કરો. પછી એક એક જણ ઊઠો અને અમારા ચરણનો સ્પર્શ કરીને તેને દૃઢ કરો. મને રાજી કરવા સહુએ ઘણા જ હેતથી ઊઠવાનું છે. ૩૯. મોટા મોટા બધા સંતો મનમાં પ્રસન્ન થઈને આનંદ ઉલ્લાસથી ઊઠ્યા અને શ્રીહરિના ચરણોનો સ્પર્શ કરીને સત્સંગના નિયમોની દૃઢતા કરી. ૪૦. જ્યારે સંતો શ્રીહરિને પગે લાગ્યા ત્યારે શ્રીહરિ ઉત્સાહથી એકદમ ઊભા થયા. સંતોના ઉપર રાજી થઈને પ્રત્યેકને પ્રેમથી ભેટ્યા ૪૧.

❋ સંતોએ કરેલી શ્રીહરિની પ્રાર્થના :

પછી સહુ ચતુર સંતોએ મળીને શ્રીહરિને બંને હાથ જોડીને વિનંતી કરી. પછી તેઓ બોલ્યા, આપની આ મૂર્તિનું ધ્યાન-ચિંતન અમારા હૃદયમાં હંમેશા થયા કરે. ૪૨. આ મૂર્તિ સિવાયની જે કોઈ વ્યક્તિ કે વસ્તુ હોય તેમાં અમારાં મનને ક્યારેય હેત થાય નહિ. દિન પ્રતિદિન આ મૂર્તિમાં અમને સ્નેહભાવ અધિક અધિક વધતો જ રહે. ૪૩. ખાતાં, પીતાં, સૂતાં, ઊઠતાં, બોલતાં કે દેખતાં, બધી જ ક્રિયાઓમાં અમને આ મૂર્તિનું અખંડ ધ્યાન-સ્મરણ થતું રહે. ૪૪. હૃદયમાં મૂર્તિની સ્મૃતિ રહે અને વિસ્મૃતિરૂપ માયા અમારાથી દૂર રહે કારણ કે તે માયા અંતઃકરણમાં આવીને ચોંટી જાય છે. ૪૫.

અંતઃકરણમાં આપની મૂર્તિ વસી જાય તો બીજી બધી બલાઓ અમારાથી દૂર રહે. કાંઈ લેવા-દેવાનું નથી. કોઈ કામ-પ્રયોજન પણ નથી, છતાં મૂર્તિ સિવાયનું બીજું ચિંતન જ ઝાઝું થયા કરે છે. ૪૬. બહાર જેટલું આ બ્રહ્માંડ દેખાય છે તેટલું જ બધું અંદર પણ ભર્યું છે. એટલે મનમાં બીજી બધી વસ્તુઓનો અભાવ આવે અને એક મૂર્તિમાં જ ચિત્ત પરોવાઈને રહે. ૪૭. મહારાજ ! જેટલા આપના આશ્રિત ભક્તો છે તેટલા જ અમને મનુષ્ય મનાય છે. બાકીના જગતનાં લોકો તો અમને પશુના જેવા જ ભાસે છે. ૪૮. ભગવાનના ભક્તોમાં જ અમારે રુચિ-હેત થાય પણ જગતમાં ક્યાંય હેત-રુચિ થાય નહિ. ભગવાનના ભક્તો જ અમારા સાચા મિત્ર રહે અને દેહમાં અમને શત્રુભાવ થાય. ૪૯.

ત્યારે આનંદની છોળ્યું ઉછાળતા (રંગરેલ) શ્રીહરિ પ્રસન્ન થઈને બોલ્યા, સંતોએ પ્રતિબંધક દાવપેચના ખેલવાળી બ્રહ્મવિદ્યાઓ શીખવી જોઈએ. ૫૦. મોક્ષના માર્ગ બે છે. તેમાં એક ભગવાનના આશ્રયરૂપ મોક્ષમાર્ગ છે અને બીજો બુદ્ધિપ્રકાશ, બુદ્ધિ ગાંભીર્ય-ચાતુર્ય, તે મોક્ષમાર્ગ છે. તે માર્ગમાં મન લગાવવું જોઈએ. તે સિવાય તો મહાન દુઃખ રહ્યું છે. ૫૧. દેશ-કાળ વિપરીત થઈ જાય, બીમારી આવે, મન સ્વસ્થ ન રહે, છતાં ભગવાનના આશ્રયમાં ડગમગાટ ન થાય તે એક આશ્રય કહેવાય. ૫૨. ગોપીઓ, ગોવાળો, પાંડવો અને અઢાર પદ્મ વાનરો એ બધા એક દઢ આશ્રયથી સંસારના પારને પામી ગયા. તેમના જેવા બીજા પણ ઘણા ભવપાર થઈ ગયા. ૫૩. જમીન ઉપરના રાજમાર્ગ ઉપર દોડી શકાય, તેવો આશ્રય માર્ગ છે. ઊંચે બાંધેલા વરત (દોરડા) ઉપર ચાલતા નટના માર્ગ જેવો બુદ્ધિપ્રકાશ-ચાતુર્યનો માર્ગ છે. ૫૪. આશ્રય અને બુદ્ધિપ્રકાશ બંનેને છોડીને ચાલવું તે તો ઉભાંગરનો માર્ગ છે. તેમાં ચાલનારાને તો અત્યંત દુઃખ આવે છે. આત્યંતિક સુખ તો એક અલગ જ વાત છે. ૫૫. સત્સંગરૂપી દઢ જહાજમાં બેસીને ભગવાનનો દઢ આશ્રય રાખે તો મનુષ્ય આ સંસારસાગરને તરી જાય છે. ૫૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શ્રીહરિએ આનંદસ્વામીને મોટા કરીને નિર્માનીપણું અને દઢ આશ્રય વગેરેનો સંતોને ઉપદેશ કર્યો' એ નામે આઠમો તરંગ સમાપ્ત ॥૮॥



પૂર ચોથું : તરંગ - ૯

એભલ ખાચરને સમાધિમાં અક્ષરધામ આદિનાં દર્શન કરાવ્યા

શ્રીહરિ ઉપર મુજબની વાતો કરતા હતા અને સંધ્યા સમય થવા આવ્યો. એટલે સંતોએ વાજિંત્ર લઈને ગોડી રાગના કીર્તન ગાયા. ૧. પછી સહુએ મળીને આરતી કરી. મશાલો પ્રકટાવી. શ્રીહરિએ જરિયાની વસ્ત્ર પહેર્યા, તેની મહાન શોભા ચારેબાજુ છવાઈ ગઈ. ૨. તે સમયે શ્રીહરિએ

પ્રથમ બોલીને નારાયણ ધૂન કરાવી. બધા સંતો તે ધૂનને પછીથી બોલતા રહ્યા. તેનાથી બધો આકાશ ગાજી રહ્યો હતો. ૩. દરબાર એભલ ખાચરે તે જોયું. મનમાં ખૂબ જ ખુશખુશાલ થઈ ગયા. આજના દિવસને 'ધન્ય છે' 'ધન્ય છે' આવું બોલીને પોતાના જન્મને પણ સાર્થક માન્યો. ૪. શ્રીહરિ જ્યારે ધૂન બોલાવી રહ્યા ત્યારે સંતોએ શ્રીહરિની સ્તુતિ કરી. સહુ સંતો બંને હાથ જોડીને આગળના ભાગમાં ઊભા રહ્યા. ભેળા મળીને સૌ વેદ-સ્તુતિ બોલવા લાગ્યા. ૫.

રંગભીના શ્રીહરિ મુખ આડો રૂમાલ રાખીને મરક મરક હસી રહ્યા હતા. બરાબર તે સમયે દરબાર એભલ ખાચરને અનંત - અપાર આશ્ચર્ય દેખાયું. ૬. તેમને એવો અનુભવ થયો કે માનો પોતે શ્રીહરિના અક્ષરધામમાં આવીને બેઠા છે. ત્યાં તેમણે પોતાને રહેવા માટેનો અનંત શોભા સંપન્ન મહેલ જોયો. ૭. ચોતરફ મણિજડિત સ્તંભ શોભી રહ્યા છે તેના ઉપર બેસીને પંખીઓ કલરવ કરી રહ્યા છે તે કેટલા માળનો મહેલ છે તે દેખવાથી ખ્યાલ આવતો નહિ. મહેલના દ્વાર આગળ અપાર હાથી ઊભા હતા. ૮.

ત્યાં વિમાનો અને રથોનો તો કોઈ પાર જ આવતો નહિ. તે બધા સોનાના જ બનેલા હતા. ત્યાં પોતાની સેવા કરનારા સેવકોનો પણ કોઈ પાર ન હતો. તે બધું જોઈને તેમને મહા આશ્ચર્ય થતું હતું. ૯. રત્નજડિત હિંડોળા ઉપર બેસીને ઝૂલતા હોય, તેમ પોતે પોતાને જોયા. પોતે પોતાના શરીરને પણ ઘણું આશ્ચર્યકારી અને પુષ્કળ તેજોમય દેખ્યું. ૧૦. પોતાના પુત્ર દાદા ખાચરનો મહેલ પણ જુદો જ દેખ્યો. તે અત્યંત તેજને લીધે ઝગમગ ઝગમગ ઝળહળી રહ્યો હતો. પોતાના બંને પૌત્રના મહેલ પણ તેવા જ દેખાયા. ૧૧. એક એકથી અધિક અનંત સુખ સંપન્ન મહેલોને બુદ્ધિમાન દરબારે દેખ્યા. ત્યાંથી નજીકમાં જ દરબાર જીવા ખાચરના મહેલ પણ દેખ્યા. જે દેખાતા હોવા છતાં તેની શોભા કલ્પ્યામાં આવતી ન હતી. ૧૨.

તે વખતે તેમણે એક એકથી વધારે સંપન્ન હોય તેવા બંનેના દરબારગઢને જોયા. આખું ગઢપુર શહેર પણ તે સમયે તેમને દેખાયું. ૧૩. તે અત્યંત તેજોમય અનુપમ અને વિલક્ષણ જ જણાતું હતું. તેની શોભાનો

ક્યાંય અંત દેખાતો ન હતો. જ્યાં દેખે ત્યાં એકલી સુંદરતા જ અનુભવાતી હતી. ૧૪. જેટલા ગામધણી દરબારો સત્સંગી હતા. તે બધાના મહેલ પણ જોયા. શ્રીહરિના સ્વરૂપમાં મન અર્પણ કરીને બધા ત્યાં શ્રીહરિની પાસે જ બેઠા હતા. ૧૫. શ્રીહરિના તે અક્ષરધામમાં સહુ હરિભક્તો પણ શ્રીહરિની સમીપે જ બેઠા હતા. બધા જ તેજોમય - પ્રકાશરૂપ હતા તેની શોભા અપાર હતી. ૧૬. શ્રીહરિની પાસે જ તેજોમય સ્વરૂપવાળા ધર્મદેવ અને ભક્તિદેવીને જોયા. તેમનો પોતાનો જે પરિવાર હતો તે બધો શ્રીહરિની સેવામાં રહ્યો હતો. ૧૭. તે સહુના અલગ અલગ મહેલ દેખ્યા. કલ્પનામાં પણ ન આવે તેવી તેમની શોભા હતી. ગૃહસ્થ અને ત્યાગી, જે બાઈ-ભાઈ હરિભક્તો હતા. તે બધા દિવ્યસ્વરૂપે હતા. ૧૮. બાઈઓ તો લક્ષ્મીના જેવા સ્વરૂપ વાળા હતાં. જ્યાં સહુની કામવાસના તો નષ્ટ થઈ ચૂકી હતી. ભગવાનની સેવા વિના બીજો ઘાટ સંકલ્પ પણ કોઈને થતો નહિ. શ્રીહરિને રાજી કરવા માટેની જ બધી ચેષ્ટાઓ ક્રિયાઓ કરતા હતા. ૧૯.

જીવુબા, લાડુબા, પાંચુબાઈ, નાનબાઈ, રાજબાઈ, અમૂલાબા, અમરબા, મીણબાઈ, અમૃતબાઈ. ૨૦. અમરબાઈ, અદીબા, ઝમકુબાઈ, બંને રામબાઈ, ફૂલીબા, રતિબા, ગંગામા, લાડકીબાઈ એ બધી ભક્ત બહેનો અત્યંત નિષ્કામ ભાવનાવાળા હતા. ૨૧. સહુના મહેલ અલગ અલગ હતા. તે સહુ આનંદથી શ્રીહરિની સેવા કરતા હતા. અને તે ઉપર જણાવેલી હરેક બહેનની સેવામાં બીજી અનંત દાસીઓ રોકાયેલી હતી. ૨૨. વળી બીજી ગૃહસ્થ બહેનો જે હતી તેઓ જીવુબા વગેરેની સેવા કરતી હતી. દરબારોની પત્નીઓ જે હતી તે બધી ધર્મવંશી મહિલાઓની સેવા કરતી. ૨૩. દરેક રાજપત્નીઓની સેવામાં અનંત દાસીઓ હતી. પ્રત્યેક મહેલને ફરતા અનંત અપાર કલ્પવૃક્ષો હતા. ૨૪. અલગ અલગ જાતિના પંખીઓ બોલતા હતા તે માનો શ્રીહરિના ગુણોનું જ કીર્તન કરતા હતા. મહેલોને ફરતી એક એક હાર કેળોની અને ફૂલઝાડોની પણ કરેલી હતી. ૨૫. ઘણા પ્રકારના જળાશયો હતા. તેના પગથિયામાં મણિ જડેલા હતા. તેની બનાવટ જોઈને તેના વખાણ મુખે થઈ શકે તેમ નથી. ૨૬.

દરબાર એભલ ખાચરે તે સમયે ઉન્મત્ત ગંગાને અપૂર્વ રૂપે ક્યારેય કલ્પના પણ કરી ન હોય તેવી દેખી. તેના ઘાટ વિવિધ પ્રકારના મણિથી મઢેલા-બાંધ્યા હોય તેવા જોયા. ૨૭. હંસની અનેક જાતિઓ ત્યાં આનંદ માણી રહી હતી. ત્યાં અપાર કમળોમાં અનંત મોતીઓ ભર્યા હતા. ૨૮. ગંગાને બંને કિનારે સારા સોનાના પર્વત જોયા. ત્યાં કલ્પવૃક્ષોની અદ્‌ભુત શોભા હતી. તેને જોઈને ચિત્ત લોભાઈ જાતું હતું. ૨૯. જેટલી જાતના દેવવૃક્ષ કહેવાતા હોય તે બધા ત્યાં શોભા વધારી રહ્યા હતા. તે વૃક્ષો ઉપર ફળ અને ફૂલ અખૂટ પ્રમાણમાં રહ્યા હતા અને તેમાંથી તેજના કિરણો છૂટી રહ્યા હતા. ૩૦.

ગંગાને કિનારે કલ્પવૃક્ષોના અનંત વૃંદના વૃંદ (વન) હતા. ગંગાનું ઊજળું નીર તેજથી વ્યાપ્ત અને સુખકારી સ્વાદુ હતું. ૩૧. અનંત-અપાર તેજોમય મુક્તો ત્યાં આવીને શ્રીહરિની સાથે ગંગામાં નહાતા હતા. તેની અનંત શોભાનું વર્ણન થઈ શકતું નથી. ૩૨. જ્યારે શ્રીહરિ ગંગાએ સ્નાન કરવા પધારે ત્યારે બધા હરિભક્તો પણ ત્યાં સ્નાન કરવા સાથે આવતા. બધા જ ભક્તો કિશોર ઉંમરના શોભા સંપન્ન હતા અને શ્રીહરિની મૂર્તિમાં જ લોભાયેલા હતા. ૩૩. તે સહુમાં લોભ, કામ, કે ક્રોધ આદિ દોષોના ભાવ હતા જ નહિ. ધામમાં અહીંયાની કોઈપણ વસ્તુનુ સ્મરણ થતું નહિ. એકમાત્ર શ્રીહરિની મૂર્તિ જ દૃષ્ટિ આગળ સ્ફુરાયમાન થતી હતી. ૩૪.

દરબાર એભલ ખાચર અક્ષરધામથી ગોલોકમાં આવ્યા. ત્યાં પણ તેવી શોભા જોઈ. પછી ત્યાંથી તેઓ વૈકુંઠ ધામમાં આવ્યા. તો તે સ્થાનમાં પણ તેના જેવી શોભા જોઈ. ૩૫. ત્યારે દરબારે શ્રીહરિને પૂછ્યું, આ ત્રણ ધામમાં મેં કોઈ ન્યૂનતા કે અધિકતા દેખી નહિ. તેનું રહસ્ય શું છે ? ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું, આ ત્રણે ધામ સનાતન છે. ૩૬. ભક્તો ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એમ ત્રણ પ્રકારના છે. એટલે તે ભક્તોની રુચિને અનુસારે જ એક જ ધામના ત્રણરૂપ થયા છે. તેથી તે ત્રણેને સનાતન સમજવા. ૩૭. ત્રણે ધામ અક્ષર અવિનાશી છે. તેના અવિનાશીપણામાં કાંઈ ફેરફાર નથી. ભક્તોની રુચિમાં ફેરફાર છે, એમ વારંવાર વેદો કહે છે. ૩૮.

सोरठा : अक्षर मध्य हरिधाम, तिनकु अक्षर उत्तम कहत;
मध्य गौलोक नाम, उत्तम चहुकोर शोभि रहे...३९
वैकुंठ कनिष्ठ हि जोय, गौलोक चहु दिश सोह ही;
अक्षर में सब सोय, जेसे भक्त सो रहत तिहाँ...४०

તે ત્રણેય અવિનાશી ધામ છે પણ તેમાં શ્રીહરિનું અક્ષરધામ શ્રેષ્ઠ છે. તેની મધ્યે ગોલોકધામ છે. તે મધ્યમ છે અને ઉત્તમ એવું જે અક્ષરધામ તે તેની ફરતું ચોતરફ શોભી રહ્યું છે. ૩૯. અને વૈકુંઠ કનિષ્ઠ છે તેની ફરતું ચારેતરફ ગોલોકધામ શોભી રહ્યું છે. તે બધા ધામ અક્ષરધામમાં રહ્યા છે. અને જે જેવો ભક્ત હોય તે તેવા ધામમાં રહે છે. ૪૦.

દરબાર એભલ ખાચર દેહમાં પાછા આવ્યા. સમાધિમાં જે જોયું હતું ત્યાંથી પાછા આવ્યા અને ચોતરફ નજર કરીને મહાન વિસ્મય પામ્યા. વારંવાર મુખથી બોલવા લાગ્યા કે શ્રીહરિના મહિમાનો કોઈ પાર નથી, કોઈ પાર નથી. ૪૧. તેઓ અત્યંત હરખાઈ જઈને પોતાના પરિવારની પાસે વાતો કરવા લાગ્યા. દરબારે જે આશ્ચર્યકારી વાતો જોયેલી કે કરેલી તે મુખથી કહી શકાતી નથી. ૪૨. હવે મને જે કાંઈ સાંભરી આવે છે તે થોડી વાત અહીંયાં હું કહું છું. દરબારે શ્રીહરિના ઘણા મોટા ભારે તેજોમય ધામ દેખ્યા હતા તે અત્યંત સુખકારી હતા. ૪૩. તેમાં એક તેજોમય મહેલ છે. જેના એક એક સ્તંભમાં કરોડો મણિ જડ્યા છે. તે સ્તંભ ઘણા જ ઊંચા છે. તેના દરવાજા પણ સારા મણિમય જ છે. ૪૪. દરવાજામાં અમૂલ્ય મોતીના તોરણો લટકતા બાંધ્યા છે. તેના દરેક દરવાજાને જોઈને ભૂલા પડી જવાતું હતું. તે મહેલના અનંત માળ શોભી રહ્યા છે. તેની અલૌકિક કાંતિ ચોતરફ છાઈ ગઈ છે. ૪૫.

અપાર તેજોમય પ્રકાશપૂર્ણ તે ધામમાં દિવસ અને રાત એવો સમયનો વિભાગ નથી. ત્યાં નિંદ્રાનો પ્રવેશ જ નથી. કેવળ આનંદ આનંદ અને આનંદ જ છે. ૪૬. ત્યાં નીચેની ભૂમિ બધી સ્ફટિક મણિમય હોવાથી શોભે છે. હરિ સ્વરૂપના દર્શનના લોભી અનંત મુક્તો ત્યાં બેઠા છે. તે મહેલની વચ્ચેના ભાગમાં એક તેજોમય રાશિ છે. અતિ તેજને લીધે તે પ્રકાશી રહ્યો છે. ૪૭.

તેના મધ્યમાં એક સિંહાસન છે તેની શોભાનું વર્ણન તો કરી શકાતું નથી. તેમાં ચિત્ર વિચિત્રતાનો કોઈ પાર નથી. બધું જ અપાર તેજોમય છે. ૪૮. વિવિધ પ્રકારના ચિત્ર વિચિત્ર અપાર પંખીઓ ત્યાં છે. તે અત્યંત સુમધુર શબ્દોને ઉચ્ચારે છે. ૪૯. તે મહાન સિંહાસન ઉપર આ શ્રીહરિ વિરાજી રહ્યા છે. ત્યાં એકલું મહાન શીતળ અને શાંત તેજ તેજ અને તેજ જ છે. તેનો કોઈ પાર નથી. ૫૦. શ્રીહરિના મસ્તક ઉપર જડાઉનો મુકુટ છે. કાનોમાં મકરાકારના કુંડળ છે. મુકુટમાં કલગી ભરાવી છે અને મોતીના તોરા લટકી રહ્યા છે. સમગ્ર વસ્ત્ર જરિયાની પહેર્યા છે અને છાતી ઉપર મોતીના હાર પહેર્યા છે. મુખકમળમાં અધરોષ્ઠ ઉપર ધારેલી બંસીનો મધુર મધુર સ્વર નીકળી રહ્યો છે. ૫૧-૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ કળશમાં "અભયરાજાને સમાધિમાં અક્ષરધામ આદિનાં દર્શન કરાવ્યા' એ નામે નવમો તરંગ સમાપ્ત ॥૯॥



પૂર ચોથું : તરંગ - ૧૦

એભલ ખાચરને ગઢપુરગામ, ગંગા નદી, સંતો અને હરિભક્ત-ભાઈઓ બહેનોને અક્ષરધામ અને મુક્તોની સાથે એક હોય તેવા બતાવ્યા

દરબાર એભલ ખાચરે સહુ સજ્જનોના પ્રત્યે સમાધિની સ્થિતિમાં સ્વયં જે જે જોયું હતું, તે બધું કહ્યું. ૧. તેઓ બોલ્યા કે દરબાર માંચા ખાચર વગેરે બધા દરબારો મહાન તેજોમય સ્વરૂપ ધારણ કરીને શ્રીહરિની આસપાસ બેઠા છે. ૨. તેજોમય શરીર ધારી રહેલા અપાર મુક્તોની સભા અતિશય સોહામણી લાગે છે. તે સભા શ્રીહરિની સમીપે જ બેઠેલી છે. ૩. જીવુબા આદિક જે ત્યાગી બહેનો, તે સહુ તેજોમય શરીર ધારીને શ્રીહરિની સમીપે જ બેઠા છે. ૪. બધી બહેનોના સ્વરૂપ મહાલક્ષ્મીના જેવા ધારેલા દેખાય છે અને તેમનું તેજ રમા અને રાધા કરતાં પણ વધારે છે. સહુ શ્રીહરિના ગુણોનું ગાન કરે છે અને તેમણે પોતાના તન, મન અને પ્રાણ પણ ભગવાનને અર્પણ કરી

દીધા છે. ૫. અહીંયાંના જે અનંત હરિભક્તો છે તે સહુના અનંત મહેલોને મેં જોયા છે. આખા ગઢપુર શહેરે સહિત જે કાંઈ છે તેને મેં અક્ષરધામમાં દિવ્યરૂપે દેખ્યું છે. ૬.

બંને દરબારગઢને મેં દેખ્યા છે હાથી અને ઘોડાઓનો તો કોઈ પાર જ ન હતો. જેટલા આ દરબારો છે તેટલા જ તેમના અપાર તેજોમય દરબારગઢોને મેં જોયા છે. ૭. બધા મહેલોને ચારેબાજુ તેજોમય અનંત કલ્પવૃક્ષ શોભે છે. વિવિધ પ્રકારના પંખીઓ પણ અત્યંત તેજોમય ત્યાં શોભી રહ્યા છે. ૮. જે તે નક્ષત્ર અને ઋતુને અનુકૂળ બધી જ જાતિનાં ફૂલ ફૂલીને શોભાના ધામ બન્યા હોય છે તેમજ અમૃતરસ ભર્યા અમાપ ફળો પણ તે કલ્પવૃક્ષો ઉપર ઝૂલતા દેખાય છે. ૯. સહુના દેહનો સુગંધ અપાર હોય છે. સારા સુગંધી ફૂલહાર પહેર્યા હોય છે. એક એક મુક્ત પુરુષનો સુગંધ બાર યોજન (૧૪૪. કિ.મિ.ઉપરાંત) વિસ્તારમાં ફેલાયેલો રહે છે. ૧૦.

चोपाई :

हरिमूर्ति की सुगंध जोई, सब धाम में व्यापि हे सोई;
तेहि सुगंध कर सुगंध सबहि, सुगंध लेत आत आनंद तबहि...११
हमकु अब भयो महा आनंदा, देखत प्रभु श्रीसहजानंदा;
महा उदे होय भाग्य हि जाकु, यह प्रगट हरि मिलत ताकु...१२

ધામમાં વિરાજમાન શ્રીહરિની મૂર્તિનો સુગંધ આખા ધામમાં વ્યાપી રહ્યો છે. તે સુગંધને લીધે જ બીજો બધો સુગંધ હતો. તે સુગંધને લેતા ત્યારે ત્યાં આનંદ આવતો હતો. ૧૧. પ્રભુ સહજાનંદસ્વામીનાં દર્શન થવાથી અત્યારે અમને આનંદ થયો છે. જેના એક સામટાં મહાન ભાગ્ય ઉદય થાય તેને જ આ પ્રકટ શ્રીહરિનો મેળાપ થાય. ૧૨. નજરે દેખાય છતાં અભાગિયા લોકો નહિ માને. જે શ્રીહરિને માને નહિ, ઓળખે નહિ, તે જ પાપીઓનો શિરોમણિ ગણાય; તેના જેવો પાપી કે અભાગિયો બીજો કોઈ નથી. ૧૩. જેમ જેમ શ્રીહરિના પ્રતાપને દેખે છે તેમ તેમ તે અધિક દ્રોહ કરવા લાગે છે અને તેથી તે પ્રતિદિન વધારે પાપી થતો જાય છે અને અંતે તેને જમદૂત લોઢાનો રસ તેના મુખમાં પાય છે. ૧૪. શ્રીહરિનો અને હરિભક્તોનો જે

દ્રોહ કરે છે તેની તો ઘણી બૂરી હાલત થાય છે. જમદૂતો લોઢાને તપાવીને તેનો રસ કરે છે અને પછી તે પાપીના મોઢામાં રસને પાય છે. ૧૫. જે લોકો અત્યારે સત્સંગી થયા છે તેના અપાર ભાગ્ય ગણાય, તે જ ઘણા ચતુર અને બુદ્ધિમાન ગણાય અને તે જ બધા સંસારને જીતી ગયા કહેવાય. ૧૬. જીવા ખાચર આદિ બધા દરબારો એભલ ખાચરના મુખની વાત સાંભળીને આનંદમાં ગરકાવ થઈ ગયા.

મુકુંદાનંદ વર્ણી ભાત ભાતની રસોઈ બનાવવા લાગી ગયા હતા. ૧૭. જ્યારે બધી રસોઈ તૈયાર થઈ ગઈ ત્યારે શ્રીહરિને બોલાવવા ત્યાં આવ્યા. શ્રીહરિએ સંતોને કહ્યું, હું હમણાં જ જમીને તુરંત પાછો આવું છું. ૧૮. તમે વાજિંત્ર વગાડીને કીર્તન ગાઓ, જેનાથી ઘણો જ સુંદર ભક્તિનો રંગ છવાઈ જાય. પછી શ્રીહરિએ દરબારોને એક એકના હાથ પકડીને ઉઠાડ્યા અને તેમને જમાડવા સાથે લીધા. ૧૯. શ્રીહરિએ ભારે માંહેલું એક પીતાંબર પહેર્યું અને સુખદ એક શાલ ઓઢી. સોનેરી એક બાજોઠ ઉપર પ્રસન્ન મુખ થકા આવીને બેઠા. ૨૦. મખમલની એક ગાદલી પણ શ્રીહરિને માટે બાજોઠ ઉપર મૂકી દીધી હતી. વિવિધ પ્રકારના ભોજન જે બનાવ્યા હતા. તે એક સોનાના થાળમાં ભરીને લાવ્યા. ૨૧. વીસ પચીશ જેટલાં સોનાનાં કટોરાઓમાં અલગ અલગ શાકભાજી વગેરે ભરીને ચારેબાજુ પીરસ્યાં હતાં.

સહુ પહેલા શ્રીહરિ પ્રેમથી કંસાર જમ્યા અને પછી સરસ રીતે બીજું બધું જમ્યા. ૨૨. શીરો, બિરંજ, દૂધપાક, મોતીચૂર, જલેબી,માલપૂડા, પૂડલા, પૂરી, ઘારી અને પૂરણપોળી, ભજિયાં, વડાં, અને હળવા ફાફડાં વગેરેને ગિરિધારી શ્રીહરિ થોડું થોડું જમ્યા. રીંગણ વગેરેનું શાક પણ પોતાની રુચિ પ્રમાણે જમ્યા. ૨૩-૨૪. શાક વગેરેમાં સુંદર કોથમરી નાખી હતી. દહીં, ફૂલવડી અને કમોદ જાતિનો ભાત વગેરે બધું શ્રીહરિ જમ્યા. તે પછી કૃપાળુ શ્રીહરિએ ચળું કરીને જળપાન કર્યું. ૨૫. લવિંગ, સોપારી, એલાયચી અને તજનો મુખવાસ લીધો. મુખમાંથી સુગંધ છૂટતો હતો, તે સુંદર કેસરના સુગંધના જેવો હતો. ૨૬. શ્રીહરિએ બધા દરબારોને ત્યાં પોતાની પાસે જ બેસાડીને હેતથી જમાડ્યા. તે દરબારોને પોતાના અનન્યદાસ-ભક્ત જાણીને

શ્રીહરિ દિન પ્રતિદિન ઘણું જ હેત રાખતા હતા. ૨૭. જ્યારે બધા દરબારો જમી રહ્યા ત્યારે શ્રીહરિ ફરીને સભામાં પધાર્યા. એકદમ પ્રસન્ન થઈને સિંહાસન ઉપર વિરાજમાન થયા. ૨૮. જ્યારે સિંહાસને વિરાજ્યા ત્યારે મસ્તક ઉપર જરકસી પાઘ બાંધી હતી. પાઘમાં પહેલા પાલવનું ગડી પાડેલું છોગું ખોસ્યું હતું. તેની શોભા અદ્ભુત થઈ હતી. ૨૯. મુકુટના જેવી તેની જે શોભા થઈ તે વર્ણવી શકાતી નથી. તેમાં શોભાયમાન મોતીના તોરા લટકતા મૂક્યા હતા તેને પ્રેમીભક્તો પોતાના મનમાં ઠેરાવી દેતા હતા. ૩૦.

ગાન કરનારા સંતોનું હૃદય ભરાઈ આવતું હતું અને ગદ્ગદ કંઠ થઈ જતા હતા. મુક્તાનંદસ્વામીને શ્રીહરિ ઉપર અપાર પ્રેમ હતો. તેને સ્વયં વારંવાર દેખતા હતા. ૩૧. મુક્તાનંદસ્વામીને ગાન કરતાં કરતાં પોતાના શરીરની 'સૂધ' લેશ પણ રહેતી નહિ. અને તેઓ શ્રીહરિની મૂર્તિમાં પ્રવેશ કરી જતા હતા. શ્રીહરિ તે ગાનને સાંભળીને જ્યારે રાજી થઈ જતાં ત્યારે પોતાની પાસે જે કાંઈ વસ્તુ હોય, જેવી કે વસ્ત્ર, ફૂલહાર, તોરા કે બાજુબંધ, તરત તે સંતોને આપી દેતા. મેવા કે મીઠાઈ, જે કાંઈ આવતું હતું તે તરત સ્વયં અપાવી દેતા. ૩૨-૩૩.

જે કાંઈપણ વસ્તુ આવે તે તરત જ પ્રસન્ન મનથી કોઈને આપી દેતા. શ્રીહરિની પ્રકૃતિ જ એવી હતી કે ખાવાની પણ કોઈ ચીજ આવી હોય તો તે રખાવી મૂકતા નહિ. ૩૪. જે કાંઈપણ વસ્તુમાત્ર આવે તે પોતે પોતાને માટે તો રખાવતા જ નહિ. કપડાં, ઘરેણાં, વાહન અને ધન કેટલુંએ આવે. ૩૫. તે પછી કામ લાગશે એવું ધારીને બીજા પાસે પણ રખાવતા નહિ અને ફરીવાર આ વસ્તુ આવશે એવી આશા પણ રાખતા નહિ. પરંતુ તે વસ્તુને તરત આપી દેતા હતા. અને તે વસ્તુને ફરીવાર ક્યારેય સંભારતા પણ નહિ. ૩૬. માનો કોઈ વસ્તુ એકથી લઈને કરોડ સુધીની કિંમતી કેમ ન હોય ? છતાં શ્રીહરિની રીત જ એવી હતી કે તે બધું આપી જ દેતા હતા. તેઓ કોઈ વસ્તુમાં બંધાયા ન હતા અને સ્વયં સદા શુદ્ધ અને નિષ્પાપ રહેતા. ૩૭. સ્વયં પોતાને માટે કોઈ ચીજવસ્તુનો ક્યારેય ઘાટ સંકલ્પ પણ કરતા

નહિ. પણ સંતો-ભક્તો માટે તો મનમાં ઉચાટ કરતા. ૩૮. શ્રીહરિ મહારાજ એવા હતા કે સંતોને અને હરિભક્તોને માટે જે કાંઈ કામ કરવાનું હોય તેમાં એકદમ ઉતાવળ કરતા. ૩૯.

સંતો કીર્તન ગાતા રહ્યા. જ્યારે અધરાત થઈ ત્યારે શ્રીહરિએ કહ્યું. હવે કીર્તનગાન બંધ રાખો અને સહુ ધ્યાન કરો. શ્રીહરિ પલંગ ઉપર પોઢી ગયા. મનમાં મહાન ઉત્સાહભર્યા સર્વ સંતો ધ્યાન કરવા બેસી ગયા. ૪૧. ધ્યાન કરતાં કરતાં જ્યારે પ્રભાત થયું ત્યારે સહુ 'નારાયણ ધૂન' કરવા લાગ્યા. પછી શ્રીહરિની મૂર્તિ મનમાં ધારીને 'નખશિખ' ચિંતન કરવા લાગ્યા. ૪૨. તે પછી જ્યારે સંતોએ પ્રભાતી પદ ગાયા ત્યારે શ્રીહરિ તે સાંભળીને ત્યાં આવ્યા. સુંદર ગાદી બિછાવી દીધી. તેથી સંતોની સભા વચ્ચે આવીને બેઠા. ૪૩. પાછળ મોટો સારો તકિયો મૂક્યો. મહારાજ સારા શણગાર ધારી બરાબર બની ઠનીને સંતોને દર્શન દેવા માટે જ પધાર્યા હતા. ૪૪. તે સમયની શોભાનો તો કોઈ પાર જ ન હતો. સારા વસ્ત્ર અને અલંકાર ધાર્યા હતા. તેમાં ઉત્તમ પ્રકારનું અત્તર વસ્ત્રોમાં છાંટ્યું હતું તેની સુગંધ ચારેબાજુ મઘમઘી રહી હતી. ૪૫. તેમાં ભક્તના ચિત્તને ચોરે તેવા કપૂરના હાર, બાજુ અને તોરા ધારણ કર્યા હતા.

આનંદાનંદસ્વામીએ તે સહુ સંતોના મંડળ બાંધ્યા હતા. ૪૬. તે સહુ સંતોને રહેવાને માટે દરબાર જીવા ખાચરે જે જગ્યા આપી હતી અને સંતો રહેતા હતા ત્યાં તેમને દર્શન આપવા માટે શ્રીહરિ એકવાર સવારે અને એકવાર સાંજે ત્યાં પધારતા હતા. ૪૭. અત્યંત પ્રેમરસથી તરબોળ શ્રીહરિ જ્યારે સંતોને દર્શન દેવા પધારતા ત્યારે વાજિંત્ર વગડાવીને સંતો પાસે ઉત્સાહથી કીર્તન ગવડાવતા. ૪૮. ત્યાં ક્યારેક ભાગવતની તો ક્યારેક ગીતાની કથા કરાવતા. ક્યારેક શ્રીહરિ કલ્યાણકારી જ્ઞાનવાર્તા કરતા ત્યારે સંતો એકાગ્ર મન રાખીને સાંભળતા. ૪૯. તે દિવસ સંતો ચાલવા તૈયાર થયા હતા. પણ એભલ ખાચરે આવીને તેમને રોક્યા અને પોતાના દરબારગઢમાં ઘણી જ સારી રસોઈ તૈયાર કરાવી. ૫૦. શ્રીહરિ ઉન્મત્તગંગામાં સ્નાન કરવા જવા નીકળ્યા. સમગ્ર સંતોને સાથે લીધા. કોઈપણ બાકી ન રહ્યા.

શ્રીહરિ નારાયણ ધરે ગયા અને ત્યાં ધરાના જળમાં સ્નાન કર્યું. બધા સંતો પણ હરખભેર શ્રીહરિની સાથે સ્નેહથી 'નારાયણ ધરા'માં નાહ્યા. ૫૧-૫૨. શ્રીહરિ રોજ આવીને ગંગામાં છ ઘડી (૨.૨૪ કલાક) સુધી સ્નાન કરતા. નિત્ય નવી જળક્રીડા કરતા. તેની શોભા કહી શકાતી નથી. ૫૩.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'અક્ષરધામની સાથે ગઢપુરની એકતા બતાવીને, ઉન્મત્તગંગામાં સ્નાન કરવા પધાર્યા' એ નામે દસમો તરંગ સમાપ્ત ॥૧૦॥



પૂર ચોથું : તરંગ - ૧૧

શ્રીહરિએ જીવા ખાચર આગળ સત્સંગના દુર્લભપણાની વાત કરી

શ્રીહરિ ઉન્મત્તગંગા (ઘેલા નદી)માં નાહ્યા. પછી અત્યંત અનુપમ અને અમૂલ્ય વસ્ત્ર પહેર્યા અને અલૌકિક સ્વરૂપ ધારણ કર્યું. ૧. તે સમયે એક શણગારેલો અશ્વ લાવ્યા. શ્રીહરિ તેના ઉપર સવાર થયા. આગળ અપાર વાજિંત્રો વાગવા લાગ્યા. ૨. અપાર સંતો અને હરિભક્તો કીર્તન ગાતા હતા. શ્રીહરિ મનમાં ઘણા પ્રસન્ન હતા અને જીવા ખાચરના દરબારગઢમાં પધાર્યા. ૩. ઊંચા પડથારાના ઓરડાઓની વિશાળ લાંબી ઓશરી હતી. તેમાં એકસરખા થાંભલા શોભાદાર હતા. તે ઓશરીમાં એક સોનેરી પલંગ બિછાવ્યો હતો. ૪.

* શ્રીહરિની સર્વોપરિતા :

સહુને હેતથી દર્શન આપવા હતા એટલા માટે તે પલંગ ઉપર આવીને શ્રીહરિ બેઠા. દરબારો સાથે ઘણી એવી વાતો કરી કે જેનાથી તત્કાળ સંસાર સાગરને પાર જઈ શકાય. ૫.

ચોપાઈ :

निज धाम की रचना जेती, नृपकु हरि सुनावत हे तेती;
अक्षर धाम कहावत जोउ, तिनसे आप हि आये सोउ...०६

जिन कारन लिने अवतारा, सो सब कहत करि विस्तारा;
अक्षरधाम के मुक्त हि जेता, सो आये हे कहत हे एता...०७

પોતાના ધામની જે રચના છે તેની વાતો પણ દરબારો આગળ કરી. જેને અક્ષરધામ કહેવાય છે. જ્યાંથી સ્વયં પધાર્યા છે તે વાત પણ કહી. ૬. જેટલા માટે પોતે અવતાર લીધો છે તે બધું પણ વિસ્તારથી કહી સંભળાવ્યું. અક્ષરધામના મુક્તો પણ જેટલા સત્સંગમાં અવતર્યા છે એની વાત પણ કહી. ૭.

તે અક્ષરધામમાંથી કેટલાક જે હરિભક્તો આવ્યા છે. રાધા અને રમા આદિક કેટલીક શક્તિઓ જે સત્સંગમાં અવતરી છે તેની વાત પણ કહી. ૮. ગોલોક અને વૈકુંઠધામના નિવાસી ભક્તો જે અવતર્યા છે તેમજ રાધા અને લક્ષ્મી આદિની દાસીઓ જે સત્સંગમાં સ્ત્રીઓના રૂપમાં અવતરી છે તેની વાતો પણ કહી. ૯. શ્વેતદ્વીપના કેટલાક નિરન્ન મુક્તો અને બદરિકાશ્રમના કેટલાક ઋષિઓ આ વખતે સત્સંગમાં જન્મધારીને રહ્યા છે. ૧૦. અને અઠ્યાસી હજાર જે ઋષિઓ તે પણ અવતાર ધરીને આવ્યા છે. એવો આ વખતે ભારે અવતાર થયો છે અને તે તમારી પાસે મૂર્તિ ધારીને આવ્યા છે. ૧૧. તે બધા ધામના મુક્તો તથા ઋષિ-મુનિઓની સાથોસાથ કેટલાક અસુરો, દૈત્યો અને રાક્ષસો અત્યારે ચારે વર્ણના મનુષ્યોમાં જન્મ્યા છે. ૧૨.

❋ સત્સંગ દર્પણ તુલ્ય છે :

ત્યારે દરબારોએ શ્રીહરિને કહ્યું, તે કઈ રીતે ઓળખાય ? કેમ જે, મનુષ્યજાતિ તરીકે તો સહુ સરખા જ હોય, માટે અમે તેને કેમ જાણી શકીએ કે આ મુક્તાત્મા છે કે આ અસુર છે ? ૧૩. ત્યારે શ્રીહરિએ કહ્યું, દરબાર, સાંભળો. સત્સંગ કરવામાં આવે તો બધું ઓળખાઈ જાય છે. સત્સંગ કર્યા સિવાય કાંઈ ખબર પડતી નથી. ૧૪. સત્સંગની બધી વાત જ્યારે જીવમાં ઊતરે ત્યારે બધું ઓળખાય છે. સત્સંગ દૃઢ થયા સિવાય કાંઈ જણાતું નથી. ૧૫. હરેકને બે આંખો હોય છે, તેથી લખેલું વાંચી શકાય છે અને બીજા કામમાં પણ આંખ ઉપયોગી બને છે. તે રીતે જ જ્ઞાનને માટે સત્સંગ નેત્ર સમાન છે, તેનાથી બધું દેખી શકાય છે. ૧૬.

કરોડ પ્રયત્ન કરવામાં આવે છતાં કોઈ પોતાની જ આંખોથી પોતાના ચહેરાને જોઈ શકતો નથી. પણ જો સામે દર્પણ રાખવામાં આવે તો તરત જ ચહેરો જોઈ શકાય છે. ૧૭. તે રીતે જ માનવના જીવનમાં સત્સંગ દર્પણના જેવો છે સત્સંગથી બધું જ જાણી જોઈ શકાય છે પણ સત્સંગ વિના તો એ કોઈ વાત સમજી શકાતી નથી, મનાતી નથી. ૧૮. વગર સમજે જો બોલવામાં આવે તો તરત જ શત્રુબુદ્ધિ પેદા થાય છે. ઝેર અને અમૃત બંને મુખમાં રહ્યા છે. જેવું વાવવામાં આવે તેનું ફળ તેવું તરત મળે જ છે. ૧૯. સંતો અમૃતના બીજને વાવે છે. તેનાથી તેને પરિણામે ક્યારેય ઈજા થતી નથી. જે અસુરની જાતિ છે તે ઝેરના બીજ વાવે છે, પરિણામે સ્વયં મરે છે અને બીજાના પણ પ્રાણ હરે છે. ૨૦. આસુરી જીવ અને માખીની સમાન રીત હોય છે પોતે મરે અને બીજાને પણ હેરાન કરે. તેના જ્યારે ગુણ અવગુણ ઓળખાય છે ત્યારે નિઃસંદેહ આપણને ખ્યાલ આવે છે. ૨૧.

❋ અસુરના લક્ષણો :

તેનું પ્રથમ લક્ષણ તો એ છે કે મૂર્તિમાન દૈત્ય હોય તે ભગવાનના અવતારોનું અને તેમની મૂર્તિઓનું આકારોનું યુક્તિએ કરીને ખંડન કરે, ભગવાનના ભક્તોને દેખીને જે બળી મરે તેને અસુર જાણવા. ગમે તે રીતે ભગવાનનો અને ભગવાનના ભક્તોનો દ્રોહ કરે, ભગવાનના ભક્તોને જે ઝેરી નજરથી દેખે તેને અસુર જાણવા. ૨૨-૨૩. જે ભગવાનના ભક્તોમાં અનેક દોષ આરોપે તેને અસુર જાણવા ભક્તોને દેખીને જે રાત-દિવસ બળતા રહે, ભક્તોને દેખીને જે ક્યારેય હાથ જોડીને પગે લાગે નહિ પણ તેમનાથી મોઢું મરડી લે તેને અસુર જાણવા. ૨૪. કસાઈના જેવા જે પાપી જીવ હોય તેના વખાણ કરે, તે પાપીને ભક્તોના કરતાં પણ શ્રેષ્ઠ કહે, બુદ્ધિ માન કહે, જે જીવ ભગવાનથી વિમુખ હોય, તેના ખૂબ જ વખાણ કરે અને તેને મહાન ભક્ત કહે, આ ઉપર કહ્યા એવા જે હોય તેને મૂર્તિમાન દૈત્ય જાણવા. ૨૫-૨૬. જે ભાંડ, ભવાઈ અને તાયફા જેવા ફેલમાં આનંદ માણે અને ભગવાનના ભક્તોની સાથે કમેળ રાખે તેને દૈત્યનું બીજ જાણવું. ૨૭.

દૈત્યની કોઈ જાત-ભાત હોતી નથી. જેનો સત્સંગ દૃઢ હોય તે દૈત્યને તેના ગુણ-અવગુણ-લક્ષણથી ઓળખી લે છે. ૨૮. પાપી, અધર્મી, દૈત્ય, અસુર, માણસાઈ વિનાનો રાક્ષસ, નિર્દયી કસાઈ અને અન્યાયી એ બધાને અલગ અલગ કહી શકાય છે. ૨૯. જેમ કે વરુ, સિંહ, વાઘ, કૂતરો અને શિયાળ વગેરે પાંચ નખવાળા પ્રાણીઓ દેખાવમાં અલગ અલગ છે છતાં સ્વભાવથી બધા જ ઘાતક છે. તે રીતે જ સર્પ કે નાગની અનંત જાતિઓ અને વીંછી વગેરે એ બધા ઝેરીલા જે છે તે સર્વે વિનાશક છે. ૩૦. બધાના નામ ભિન્ન ભિન્ન છે પરંતુ બીજાને દુઃખ દેવામાં તો તે બધા એકસરખા જ છે. વૃક્ષોમાં પણ કેટલાક દેવજાતિના છે ત્યારે બીજા કેટલાક અસુરજાતિના પણ છે. ૩૧.તે રીતે જ ઘાસ, વેલો વગેરે પ્રાણી, પશુ-પક્ષીઓ, બધામાં પોત- પોતાની જાતિ જુદી જુદી દેખાય છે, પણ તે બધા પરસ્પર અથવા શક્તિ પ્રમાણે એકબીજાના શત્રુ થઈને કોઈને કોઈનો વિનાશ કરે જ છે. ૩૨.

અરે ! પથ્થર સુધીમાં પણ ઝેર હોય છે, બીજાની તો વાત જ શું કહેવી ? ધાતુમાત્ર પથ્થરમાં રહે છે પણ સહુના ગુણ જુદા જુદા છે. (એમ જ અસુર વગેરે ગમે ત્યાં રહેતા હોય કે ગમે તે નાત-જાતના હોય પરંતુ તે સહુને દુઃખદાયક છે.) ૩૩. સત્ત્વ, રાજસ અને તામસ એ ત્રણ માયાના ગુણ છે. મનુષ્યદેહ ધરીને જીવ જે ગુણપ્રધાન કર્મ કરે છે તે સાત્ત્વિક, રાજસ અને તામસ કર્મ કહેવાય છે અને તેને લીધે જ જીવ પણ સાત્ત્વિક, રાજસ અને તામસ ભાવવાળો કહેવાય છે. ૩૪.

ઘોર કર્મોથી છૂટવાને માટેનું એકમાત્ર સાધન તો મનુષ્યનો દેહ જ છે અને તેપણ જો ભરતખંડમાં મળ્યો હોય તો તે જીવને તરત જ છૂટવાનો શ્રેષ્ઠ ઉપાય છે. ૩૫. તેમાંય જો ભરતખંડમાં મનુષ્યદેહ ધરીને પણ જો કંઈ નિકાલ (મોક્ષનો ઉપાય) ન કરે તો તે જીવ ઘણો જ બેહાલ થઈ જાય છે. પછી જમપુરીમાં અપાર માર ખાય છે. પણ આ સંસારનો છેડો આવતો નથી. ૩૬.

ફરીવાર લખચોરાશીનું દુઃખ પ્રાપ્ત થાય છે. તે દુઃખ તો કહ્યું જ જાતું નથી. જે ચારખાણ કહેવાય છે. તેના નામ હું કહું છું. ૩૭. ઉદ્‌ભિજ, અંડજ, જરાયુજ અને સ્વેદજ એ ચાર ખાણ છે તે પ્રત્યેકમાં એકવીસ એકવીસ લાખ

વાર જન્મ લેવો પડે છે. ૩૮. તે લખચોરાશી કહેવાય છે તેમાં અનંત દુઃખ રહ્યું છે. કહેવાથી તેનો પાર આવે તેમ નથી. એ બધા દુઃખ ટાળવાનો એક જ ઉપાય મનુષ્યદેહ છે. ૩૯.

મનુષ્ય દેહમાં પાંચ જ્ઞાનેન્દ્રિયો ઘણી બળવાન છે. તે જીવને મોક્ષમાર્ગમાં પ્રથમ મહાન શત્રુ બનીને રહે છે. તે જ્ઞાનેન્દ્રિયો જીવની હિતેચ્છુ બનીને ચારે ખાણોમાં ભટકાવે છે. ૪૦. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પંચવિષયનો આહાર જીવે બહુવાર કર્યો છે. છતાં તે સુખને જીવ મહાન દુર્લભ માની બેસે છે. 'માનો તેણે પંચવિષયને ક્યારેય દેખ્યા જ ન હોય, તેમ ભોગવવા લાગે છે, છતાં તે તેનાથી અપૂર્ણ-અતૃપ્ત જ રહે છે. ૪૧. તે માયિક પંચવિષયના સુખને માટે તો પરસ્પર દાસ થઈને રહે છે. તેને માટે તો પુત્ર અને પિતામાં પણ વૈર થાય છે અને તેને લીધે એકબીજાના પ્રાણ ખોવાય છે. ૪૨. પ્રાણ જાય છે. લેશમાત્ર પણ સુખ આવતું નથી. તે પછી પણ એવું ને એવું જ આગળ દુઃખ તો રહે જ છે, છતાં જીવ ભગવાનને ભજતો નથી. ખરેખર ભગવાનને ભજ્યા વિના જીવ દુઃખને તરી શકતો નથી. ૪૩.

ઉપર કહ્યા તે દુઃખનો જ્યારે વિચાર કરવામાં આવે ત્યારે તેનો અંત આવી શકે છે. કોઈ સ્વર્ગનો ઇંદ્ર થાય કે મર્ત્યલોકનો ચક્રવર્તી રાજા થાય, ભલે ને આવા અનંત જન્મોને ખોવે ! છતાં પણ તે દુઃખનો અંત આવતો નથી, એમ સંતો વારંવાર કહે છે. અનંત જીવોનો મોક્ષ કરવા માટે ભગવાન પુરુષોત્તમ આજ પ્રકટ્યા છે. ૪૪-૪૫. અને તેટલા માટે જ અનંત મુક્તો પણ આવ્યા છે. હરિભક્તોનો તો કોઈ પાર જ નથી. કળિયુગમાં ભગવાન આવ્યા સિવાય જીવનું અજ્ઞાન ટળે નહિ અને યથાર્થ જ્ઞાન થાય નહિ. ૪૬. જ્ઞાન સિવાય મોક્ષ થતો નથી, ભલેને જીવ આવા અનંત જન્મોને ખોઈ નાખે ! રાતનું અંધારું અપાર છે, સૂર્યોદય થયા સિવાય તે અંધારું ટળે નહિ, તેમ માયાનું અજ્ઞાનરૂપ અનંત અંધારું પુરુષોત્તમરૂપી સૂર્ય સિવાય નષ્ટ થાય નહિ. ૪૭. બીજા કરોડો ઉપાય કરવામાં આવે છતાં રાતનું અંધારું ક્યારેય ટળે નહિ, તે રીતે જ અજ્ઞાનરૂપ અંધારું અનંત છે પ્રકટ હરિ સિવાય તેનો વિનાશ થાય નહિ. ૪૮.

જ્યારે અનંત અસુરો પ્રકટ થાય છે અને વર્ણ ધર્મનો વિનાશ કરે છે. ત્યારે ભગવાન અવતાર ધારે છે અને અસુરોનો સંહાર કરે છે. ૪૯. દરબાર ! તમે ધન્ય ભાગ્યશાળી છો. અત્યારે તમને સત્સંગ થયો છે. સદ્ભાગ્ય વિના આવો સત્સંગનો યોગ મળે જ નહિ. ૫૦. ભવ, બ્રહ્માદિક પણ સત્સંગને ઘણો દુર્લભ માનીને વારંવાર દિન રાત આવા સત્સંગની માગણી કરતા રહે છે. ૫૧. બીજું બધું સુલભ છે. પણ સત્સંગ મળવો ઘણો દુર્લભ છે. શાસ્ત્રોનું રહસ્ય પણ એ જ છે. તે સત્સંગ આજ તમને મળ્યો છે. આટલી વાત કરીને શ્રીહરિ ત્યાંથી ઊઠ્યા. દરબારના મનમાં હરખ માતો ન હતો. તે સમયે જ શ્રીહરિ ઘોડેસવાર થયા. ૫૨-૫૩.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શ્રીહરિએ દરબાર જીવા ખાચર આગળ સત્સંગનું દુર્લભપણું વગેરે મહિમા કહ્યો' એ નામે અગિયારમો તરંગ સમાપ્ત ॥૧૧॥



પૂર ચોથું : તરંગ - ૧૨

લાડુદાન ગઢવીને સમાધિ થઈ અને તેઓ બદરિકાશ્રમમાં ગયા

શ્રીહરિની આગળ વિવિધ પ્રકારનાં વાજિંત્ર વાગતાં હતાં. હરિભક્તો કીર્તન ગાતા હતા. રાજમાર્ગ ઉપર શ્રીહરિ ચાલ્યા ત્યારે દેવો પુષ્પોની વૃષ્ટિ કરતા હતા. ૧. ગઢપુરવાસી લોકો મનભાવતાં દર્શન કરતા હતા. શ્રીહરિનો અલૌકિક પ્રતાપ જોઈને મનમાં ઉત્સાહ ઘણો વધતો હતો. ૨. જ્યારે શ્રીહરિ બજારમાં આવ્યા ત્યારે લોકોની ઘણી ભીડ થઈ. બજારને સાફ કરીને કેસરનું પાણી બધે છાંટ્યું હતું. ૩. ગઢપુરની બધી મહિલાઓ અત્યંત પ્રેમમગ્ન થઈ ગઈ હતી. તેઓ સોનેરી ફૂલોના થાળ ભરી ભરીને શ્રીહરિને વધાવતી હતી. ૪.

રંગલહેરી શ્રીહરિ બધા જરિયાની વસ્ત્ર પહેરીને અશ્વ ઉપર બેઠા હતા. બધા સોનેરી સાજથી શણગારેલો અશ્વ ઘણો શોભતો હતો. તેને દેખીને નરનારી સહુના મન લોભાતા હતા. ૫. શ્રીહરિના અશ્વનો પણ એવો પ્રતાપ હતો કે દેખનારાના મનમાં જેવી ભાવના હોય, તેવો તે દેખાતો હતો. તેમાં

અનુપમ એવો ચમત્કાર હતો કે તે ચાહે તેવું રૂપ ધારી શકતો હતો. ૬. તે રીતે જ શ્રીહરિની મૂર્તિ પણ અનંત ચમત્કારોથી ભરેલી હતી. જેને જેવી ભાવના હોય તેવારૂપે શ્રીહરિ તેને દર્શન આપતા હતા. અને તેથી સહુ લોકોને આનંદ થતો હતો. ૭. તે રીતે જ જે માણસો પોતાના અંતરમાં જ્યારે જેવું ચિંતવતા હતા ત્યારે તેને તેવું જ સર્વે મુક્ત સંતોનું પણ દર્શન થતું હતું. એવી જ રીતે સર્વે હરિભક્તો પણ એમ જણાતા હતા. તે સહુ દૈવી લોકોને નજરે સ્પષ્ટ દેખાતું હતું. ૮.

તેવી રીતે શ્રીહરિને રહેવાનું સ્થાન પણ મહાન અલૌકિક જણાતું હતું. આવો શ્રીહરિમાં અનંત પ્રતાપ છે. તે પાપી જીવ હોય તેને દેખાતો નહિ. ૯. આસુરી જીવ ક્યારેય શ્રીહરિનો આ પ્રતાપ દેખતા નથી. અને કદાચ આસુરી જીવને શ્રીહરિનો પ્રતાપ દેખાય તોપણ તે બધા ભેળા મળીને દ્રોહ જ કરવા લાગે. જેમ ઘી સહુને માટે અમૃત જેવું છે પણ તે ઘી કીટને માટે તો ઝેર જેવું છે. કેમ જે, ઘીથી કીટ મરી જાય છે. ૧૦. સાકર સહુને માટે સુખરૂપ છે પણ ગધેડાને માટે તે ઝેરરૂપ બને છે. ખીર સહુ લોકોને આનંદ આપે છે પણ જો કૂતરું ખાય તો તે તેને પચે નહિ. ઊલટી થઈ જાય છે. ૧૧. તેવી રીતે જ જે આસુરી લોકો હોય છે તે શ્રીહરિના પ્રતાપને દેખે તો પણ તેને દિલથી માને નહિ. જ્યારે જ્યારે શ્રીહરિ અવતાર ધારે છે ત્યારે ત્યારે આસુરી જીવ પણ અપાર હોય છે. ૧૨.

વાસ્તવમાં તો બધા જીવ શુદ્ધ જ છે. તેના સ્વભાવમાં અસુરપણું રહે છે. સ્વભાવ કર્મથી બંધાય છે અને કર્મનો જમાવ તો જેવો સંગ કરે તેવો થાય છે. ૧૩. એકલું ગંગાજળ મહાન શુદ્ધ હોવા છતાં જો તેમાં દારૂનું ટીપું પડે તો અશુદ્ધ થઈ જાય છે. તે દારૂનું ટીપું પણ જો સાક્ષાત્ ગંગામાં પડે તો તે તરત જ શુદ્ધ થઈ જાય છે. ૧૪. તેમ દૈવી જીવને જો આસુરીનો સંગ થાય તો તે અસુર થઈ જાય છે. અને આસુરી જીવને પણ મહાન સમર્થ દૈવી મહાપુરુષનો જોગ થાય તો તે દૈવી થઈ જાય છે. ૧૫. પ્રહ્લાદ અને બલિ ઘણા મોટા અસુર કહેવાય છતાં તેમને જો નારદનો અને વામન ભગવાનનો જોગ થયો તો તેઓ બંને શ્રેષ્ઠ ભક્ત થયા. ૧૬.

નાહી આવીને આટલી જીવા ખાચરના દરબારગઢમાં વાત કરીને પછી પરમ ઉદાર શ્રીહરિ એભલ ખાચરના દરબારગઢમાં પધાર્યા. ત્યાં એક ઘણો મોટો રાજમંડપ હતો. તે સાત માળ જેટલો ઊંચો, સુખકારી અને સોહામણો હતો. ૧૭. તેમાં અનંત સોનેરી સ્તંભ હતા. તે ઘણા જ વિચિત્ર અને શોભાયુક્ત હતા. તે મંડપગૃહને વિચિત્ર પ્રકારના જરુખાઓ અને અનેક જાળીઓ પણ હતી. પ્રત્યેક ગોખની શોભા અલગ પ્રકારની હતી. ૧૮. વિશ્વકર્મા શ્રીહરિની પાસે જ રહેતા. જે સમયે જેવી જરૂર પડે તેવું તરત જ પળવારમાં બનાવી દેતા. કોટ-કિલ્લો, ભવન, દ્વાર, અપરંપાર બાગ બગીચાઓને પણ બનાવી આપતા હતા. ૧૯. શ્રીહરિ જે ઈચ્છા કરે તેને તેવા રૂપમાં વિશ્વકર્મા વારંવાર બનાવી આપતા હતા. તેને દેખીને લોકોના મનમાં ઘણું જ આશ્ચર્ય થતું અને તેવા જ ભાવથી બધું શ્રીહરિની સાથે જોતાં હતા. ૨૦.

તે મંડપના ભવનની મધ્યે એક ભારે મોટું સિંહાસન હતું. સુખકારી શ્યામસુંદર શ્રીહરિ તે સિંહાસન ઉપર વિરાજ્યા. જીવા ખાચર શ્રીહરિની સાથે આવ્યા હતા. તેમણે સિંહાસન અને ભવન વગેરે જોયું, તેથી તેમને ઘણો જ આનંદ ઉત્સાહ વધી ગયો. ૨૧. માંચા ખાચર આદિ બધા જે દરબારો હતા તે બધા શ્રીહરિની પાસે જ બેઠા હતા તેમજ મુક્તાનંદસ્વામી આદિ બધા સંતો પણ આવીને શ્રીહરિની સમીપે બેઠા હતા. ૨૨. દરબારો શ્રીહરિની સાથે હાસ્ય વિનોદ કરતા. સહુ રમૂજમાં બોલતા. હાસ્યવિનોદ કરવામાં દરબારોના જેવું બીજું કોઈ ન થઈ શકે. જ્યાં શ્રીહરિ હોય ત્યાં હાસ્ય વિનોદ થયા જ કરતા. ૨૩. શ્રીહરિની મરજીને ઓળખવામાં તે દરબારો બધા ઘણા જ ચતુર હતા. દેશકાળ આદિને દેખીને જ તેઓ રમૂજ કરતા. ૨૪. દરબારોની રમૂજને સાંભળીને શ્રીહરિ ઘણું રાજી થાતા અને તેમની સામે જોઈને વારંવાર હસતા હતા. ૨૫.

❋ લાડુદાનને શ્રીહરિનું મિલન અને સમાધિ :

આવી રમૂજ ચાલતી હતી ત્યારે ભુજનગરથી શંભુદાન ગઢવીના પુત્ર લાડુદાન ગઢવી ત્યાં આવ્યા. ૨૬. મોટા મોટા રાજાઓએ પણ તેમનું સન્માન કરેલું. કેટલાક રાજાઓએ તો તેમને મોજ(પુરસ્કાર) પણ આપેલ. તેઓ રામાનંદસ્વામીના સમયથી સત્સંગી થયા હતા. ૨૭.

(લાડુદાન ગઢવીનો જન્મ કેવી રીતે થયો ? અને કેમ ગૃહત્યાગ કર્યો ? તે થોડું જાણીએ. એકવાર રામાનંદસ્વામી ખાણ ગામમાં આવ્યા. ત્યાં એકાદશીના જાગરણ નિમિત્તે રાત્રે શંભુદાન તથા લાલુબાને સ્વામી ભગવદ્‌મહિમા કહેતા હતા. તે સમયે લાલુબાને ઊંઘ આવી. તેથી સ્વામીએ કથા કરવાની બંધ કરી. ત્યારે લાલુબાના ઉદરમાં રહેલ બાળક બોલ્યો, “સ્વામીશ્રી, આ પ્રગટ પ્રભુના મહિમાની વાતો કરો, હું સાંભળું છું.” તે મધુર સ્વર સાંભળી સહુ આશ્ચર્યચકિત થઈ ગયા. પછી રામાનંદસ્વામીએ કહ્યું, “હે મુક્તાત્મા ! પ્રગટ શ્રીહરિનો મહિમા તો આપ જ યથાર્થ વર્ણવશો, હું તો દિશમાત્ર કહું છું.” પછી સ્વામીએ શંભુદાનજીને કહ્યું, “તમારે આંગણે એક મહામુક્તનો જન્મ થશે. તે મહાવિદ્વાન, અતિ ચતુર અને શીઘ્ર કવિ થશે. વળી, તે ઘરમાં નહીં રહે. અક્ષરાધિપતિ પૂર્ણપુરુષોત્તમનારાયણ પ્રગટ થશે, તેમને જઈને તે મળશે અને તેમની સાથે રહી અનેક મોટા મોટા કાર્યો કરશે અને મોટી પ્રખ્યાતિ મેળવશે.” આવી ભવિષ્યવાણી ભાખી, સ્વામી ત્યાંથી ચાલી નીકળ્યા. ત્યાર બાદ તા.૮/૨/૧૭૭૨, શનિવાર સં.૧૮૨૮ મહા સુદ-૫ વસંતપંચમીએ સવારમાં એક પુત્રનો જન્મ થયો. તે જ આપણા બ્રહ્માનંદસ્વામી હતા.

દેવો લાડુદાનના દર્શને : એક દિવસ લાલુબા એક વરસના પુત્ર લાડુદાનને લઈ પોતાના પિયરના ભાપડી ગામ (જી.જોધપુર, તા.કડાણા) ગયા. લાડુદાનના મામાનું નામ અમરદાન હતું. મામાના ઘર પાછળ વાડો હતો. વાડામાં એક કેરડાનું વૃક્ષ હતું. તે વૃક્ષની ડાળે કપડાની ખોઈ બાંધી લાલુબાએ લાડુદાનને સુવાડ્યા. પછી તે ઘરના કામમાં લાગી ગયા. કામ કરતા એકાદ કલાક પછી લાલુબાની દૃષ્ટિ બારણામાંથી કેરડા તરફ પડી. ત્યારે એક આશ્ચર્ય જોયું. કેરડાના વૃક્ષ નીચે એક મણિજડીત સુંદર પારણું હતું. તેની ફરતા સર્વત્ર તેજ તેજના અંબાર ઝળહળતા હતા. બાળ લાડુદાન તે પારણાની ડાંડીએ લટકાવેલ દિવ્ય ઘૂઘરાથી રમતા હતા. આજુબાજુ નાના મોટા અગણિત દેવો આવી લાડુદાનનું પૂજન, વંદન કરતા હતા. ઘણાક દેવો આકાશમાં રહેલા વિમાનમાંથી પુષ્પવૃષ્ટિ કરતા અને અનેક દેવ દેવીઓ જય જયકાર કરી દુંદુભી તથા નગારાના મધૂર નાદ કરતા.

પોતાના બાળકના દર્શને દેવોને આવેલા જોઈ માતાને આશ્ચર્ય થયું. હર્ષઘેલા થઈ જ્યાં પારણાની નજીક ગયા ત્યાં તમામ દેવ-દેવીઓ અદશ્ય થઈ ગયા. માત્ર એક મોટો દિવ્ય સુગંધીમાન પુષ્પનો હાર તથા બાળકના કપાળે કંકુનો ચાંદલો અને આ ઝાડની આસપાસ પુષ્પો, અબીલ, ગુલાલ, કંકુ વગેરે વેરાયેલા હતા. તે ગામના બાઈ-ભાઈઓએ જોયું તેથી સહુને અતિ આનંદ થયો. આ કેરડાનું વૃક્ષ હતું ત્યાં કવિ માવદાનજી દર્શને ગયા ત્યારે વિપ્ર ભગવાનદાસ ત્યાં રહેતા હતા. તેને પુત્ર ન હોવાથી તેણે એક વર્ષ આ વૃક્ષની આગળ ઘીનો દીવો કરી પૂજન કર્યું. તેથી બ્રહ્માનંદસ્વામીના પ્રતાપે તેને એક દિવ્ય પુત્રની પ્રાપ્તિ થઈ.

પછી તો તે નિત્ય તે વૃક્ષનું પૂજન કરીને જ જમતા. લાડુદાન એક વર્ષના હતા ને જે વૃક્ષની ડાળે ઝૂલ્યા તેનો આવો મહિમા હોય તો ખૂદ સ્વામીનો મહિમા કેટલો હશે ? અને સ્વામિનારાયણ ભગવાનની તો વાત જ શી કહેવી ? લાડુદાન ૧૮ વર્ષ ઘેર રહ્યા. ત્યાં સુધીમાં આવા તો અનંત પરચાઓ થયા. ૧૮ વર્ષની ઉંમરે પિતા સાથે શિરોહી રાજાના દરબારમાં ગયા. રાજાનું કવિત કરી સહુને પ્રભાવિત કર્યા. તેથી શિરોહીના રાજાએ શંભુદાનજીને કહ્યું, ‘મારા ખર્ચે તમારા પુત્રને ભુજ ભણવા મોકલો.’ કોની સાથે મોકલવા ? આવો પ્રશ્ન ઉઠ્યો; ત્યારે શ્રીહરિએ વિપ્ર વેશે આવી લાડુદાનને ભુજ પહોંચાડ્યા. અને ત્યાં મહારાજા લખપતજીએ સ્થાપેલ પિંગળ પાઠશાળામાં વિદ્યાભ્યાસ શરૂ કર્યો. ટૂંક સમયમાં (૧) લઘુસંગ્રહ (૨) રસરાજ (૩) સુંદર શુંગાર (૪) ચમત્કાર ચંદ્રિકા (૫) કુવલિયાનંદ કૃષ્ણકારિકા (૬) ભાષાભૂષણ (૭) જગતવિનોદ (૮) સભાપ્રકાશ (૯) લખપત પીંગળ (૧૦) હમીર પીંગળ (૧૧) નાગ પીંગળ તેમજ (૧૨) ષટાવધાની (૧૩) અષ્ટાવધાની (૧૪) શતાવધાની (૧૫) અવતાર ચરિત્ર (૧૬) રામાયણ (૧૭) પાંડવયશેન્દુચંદ્રિકા (૧૮) પ્રવિણસાગર જેવા વ્રજભાષા, પીંગળભાષા, સંસ્કૃતભાષા, મારવાડીભાષા અને ગુજરાતી ભાષાના ગ્રંથોમાં ટૂંકકાળમાં પારંગત થયા. આ ગ્રંથોના અભ્યાસને કારણે ભુજના મહારાજાએ તેમને (૧) રાજકવિ રત્ન (૨) પીંગળ વિદ્યાચાર્ય

(૩) સહસ્રશતાવધાનિ (૪) મહામહોપાધ્યાય (૫) મહાશીઘ્રકવિશ્વર વગેરે ઉપાધીઓ સાથે સુવર્ણચંદ્રક સાથે લાખપશાવી કરાવી. અર્થાત્ આ નિમિત્તે એકલાખ પચ્ચીસ હજારની ભેટ આપી.

ત્યાર બાદ લાડુદાનજી ત્યાંથી ધમડકા આવી ચોવિસ કળાઓ અને ચાણક્યનીતિ, વિદૂરનીતિ, શુક્રનીતિ વગેરેમાં પારંગત થયા. આમ ૧૦ વર્ષ ભુજ અને ૨ વર્ષ ધમડકા; ૧૨ વર્ષના અભ્યાસ બાદ શિરોહી રાજા પાસેથી પુરસ્કાર પામી માતપિતાના મનોરથ પૂરવા પાછા ખાણ ગામ ગયા. થોડો સમય ત્યાં રહ્યા ત્યારે શ્રીહરિએ તેમના અંતરને ખેંચ્યું એટલે તેમને કાઠીયાવાડમાં પોતાનો પ્રભાવ જમાવવાની ઈચ્છા થઈ.

પછી તેમના મામા અમરદાન સાથે તેઓ ત્યાંથી ચાલ્યા.જામનગર, જુનાગઢ, ધ્રાંગધ્રા, મોરબી, માળિયા વગેરે જગ્યાએ વિજય મેળવી ભાવનગર પહોંચ્યા. જ્યારે તેઓ ભાવનગરથી ગઢપુર આવ્યા ત્યારે તેમની પાસે ૯૦ હજાર દિવાનશાહી, ૨૨ હજાર જામશાહી, ૧૧ હજાર નગદ રોકડા, ૧૦ હજાર સોનામહોર જેટલા રૂપિયા અને અનેક પ્રકારના કિંમતી ઘરેણાંઓ તથા વેઢ-વીટી વગેરે હતું. એવા લાડુદાનજી ૩૨ વર્ષની ઉંમરે સં.૧૮૬૧માં ભાવનગરથી પ્રથમવાર ગઢપુરમાં ચાર સંકલ્પ સાથે શ્રીહરિનાં દર્શને આવ્યા. ભગવાને તેમના સર્વે સંકલ્પો સિદ્ધ કર્યા.)

(મૂળગ્રંથ શરું) તેમણે શ્રીહરિનાં દર્શન કર્યાં કે તરત જ તેઓ પોતાના શરીરનું ભાન ભૂલી ગયા. તેમને સમાધિ થઈ ગઈ. સમાધિમાં તેઓ બદરિકાશ્રમ ગયા. ૨૮. ત્યાં ભગવાન નરનારાયણના આશ્રમનાં દર્શન કર્યાં. પહેલા તેમણે બધું જ જોયું. જેટલી જાતના વૃક્ષ હતા. તે બધા ફળોથી ભરેલા જોયા. ૨૯. નિર્વૈરભાવથી ફરતા પશુઓને અને પંખીઓને જોયા. જેમને એકબીજા ઉપર હેત પણ ઘણું જ હતું. શાંતગુણથી સંપન્ન એવા બધા જ અપાર મુક્તોના મંડળોને પણ દેખ્યા. ૩૦.

નરનારાયણ પ્રભુનાં દર્શન કરીને મનમાં ખૂબ જ આનંદિત થયા. નરનારાયણ ભગવાનની પાસે અનુપમ અને શ્રેષ્ઠપણે ઉદ્ધવના રૂપમાં રહેલા

રામાનંદસ્વામીનાં પણ દર્શન કર્યાં. ૩૧. લાડુદાનજી રામાનંદસ્વામી આદિ સહુનાં પગમાં પડ્યા. તે સહુનાં સ્વરૂપ એવા અદ્ભુત જોયા કે જે કહી શકાતું નથી. ૩૨. નારાયણઋષિએ ગઢવીની સામુ જોઈને પાસે બોલાવ્યા. પોતાની પાસે બેસાડ્યા. શ્રીહરિનાં જે ચરિત્ર હતા, તેની બાબતમાં પૂછવા લાગ્યા. ૩૩. ત્યારે ગઢવીએ સાંભળીને જે યાદ રાખ્યા હતા તે બધા વિસ્તારીને કહ્યા. સમાધિનો પ્રતાપ જે પોતે જોયો તેપણ કહ્યો. ૩૪. ગઢવીના મુખથી બધી વાત સાંભળીને ભગવાન નર અને નારાયણ બંને મનમાં ખૂબ જ રાજી થયા. ત્યાં જે ઋષિઓનો સમુદાય હતો તેપણ આ વાતને સાંભળીને અત્યંત પ્રસન્ન થયો. ૩૫.

✵ નરનારાયણ દેવે કહેલી શ્રીહરિની સર્વોપરિતા :

दोहा : नारायन बोलत भए, सुनो नर तुम भ्रात;
अवतार अनंत हि भए, एसि न सुनि कोउ बात...३६

अवतार अनंत कारन यह, अक्षरपति अविनाश;
श्रीपुरुषोत्तम प्रगटे, अधर्म के करन नाश...३७

નારાયણઋષિ બોલ્યા, ભાઈ નર ! તમે સાંભળો. અનંત અવતાર થઈ ગયા છે પણ કોઈની બાબતમાં આવી વાત આપણે સાંભળી નથી. ૩૬. કેમ જે, આ અનંત અવતારોનું કારણ એવા અવિનાશી અક્ષરપતિ છે એવા જે પુરુષોત્તમ તે અધર્મનો નાશ કરવા પ્રકટ થયા છે. ૩૭.

શ્રીહરિને જન્મથી જ્યારે બાર વરસ થયા ત્યારે તેઓ દયા કરીને અહીં આવ્યા અને આપણને દર્શન આપ્યા. ૩૮. તેઓ જ્યારે પહેલીવાર અહીંયા આવ્યા ત્યારે એક માસ રોકાઈને દર્શન દીધાં. તેઓ પોતાનો મહિમા આપણને બતાવીને પછી પુરુષોત્તમપુરી ગયા. ૩૯. તે સમયે મહારાજાધિરાજ શ્રીહરિએ મને કહ્યું હતું કે શ્રીનગરમાં મંદિર કરાવીને તેમાં આપના સ્વરૂપની પ્રતિષ્ઠા લોકોનું કલ્યાણ કરવા કરશું. ૪૦. તે સમયને પણ બાર વરસ વીતી ગયા. અમે તે સમયની રાહ જોઈ રહ્યા છીએ. ગઢવી ! તમે શ્રીહરિ આગળ જઈને તે વાતને સાક્ષાત કહેજો. ૪૧.

चोपाई :

तब बोले मुनि तेहि जोई, हम जानत तुम हो सोई;
तब बोले नारायन देवा, हम जेसे सो अनंत हे एवा...४२
एहि सम ओर न कोउ कहावे, आद्य नारायन एक रहावे;
इहाँ ए आवत नहिं कोउ वारा, कलिजुग हो गये अनंत अपारा...४३

ત્યારે નરઋષિએ કહ્યું, હું જાણું છું કે આપ એ જ છો. ત્યારે ફરીને નારાયણઋષિએ કહ્યું, 'મારા જેવા તો તેમની આગળ અનંત છે. ૪૨. એમના સમાન બીજા કોઈને કહી શકાય નહિ. આદ્ય નારાયણ તો એક જ છે. તેઓ આ મર્ત્યલોકમાં ક્યારેય આવતા નથી. આવા તો કળિયુગ અનંત અને અપાર વીતી ગયા છે. ૪૩. (એક કરોડ બ્યાસી લાખ પચાસ હજાર ને સત્યાવીશ કળિયુગ ગયા.)

चोपाई :

अवतार के वेद करत हे गाना, नेति नेति करे ईनके बखाना;
हम ईनको नित करत हें ध्याना, उर में दर्श कब देवत दाना...४४
जब कोई काज करन महा आवे, तब हममें रहि सो कर जावे;
आपे रखत नहिं शिर पर भारा, आपे हे करता रहेवत न्यारा...४५

વેદો અવતારોનું ગાન કરે છે. અને "નેતિ" "નેતિ" આવું બોલીને તેમની પ્રશંસા કરે છે. અમે હૃદયમાં એ પુરુષોત્તમનારાયણનું ધ્યાન નિત્ય કરીએ છીએ. તેઓ અમારા હૃદયમાં ક્યારેક દર્શન આપે છે. ૪૪. જ્યારે કાંઈ મહાકાર્ય કરવાનો પ્રસંગ આવે ત્યારે તેઓ અમારામાં રહીને તે કાર્યને કરાવે છે. પણ પોતાને માથે કાંઈ જવાબદારી રાખતા નથી. સ્વયં કર્તા હોવા છતાં તેનાથી ન્યારા - અકર્તા રહે છે. ૪૫.

चोपाई :

अकल कला ईनकी कहावे, ईनकी कला कोई जान न पावे;
हमकु अगम हे ओर क्या बाता, मर्जिमें ईनकी हम रहाता...४६

इनको हुकम हम न तोरे, हमार विचार सो तोरे जोरे;
ईनकी मरजि त्यां लग हमही, सब जग मानत हे तबही...४७

એમની બધી કળા અકળ રહે છે. તે કળાઓને કોઈ જાણી શકતું નથી. એમની કળાઓ વગેરે અમારે માટે પણ અગમ્ય હોય તો બીજાને માટે તો શું કહેવું ? અમે તો નિત્ય એમની મરજી પ્રમાણે જ રહીએ છીએ. ૪૬. એમની આજ્ઞાને અમે ક્યારેય ઉલ્લંઘીએ નહિ, પણ અમારા વિચારોને તેઓ પોતાની શક્તિથી તોડી કે જોડી શકે છે. એમની મરજી હોય ત્યાં સુધી બધું જગત અમને માને છે.' ૪૭.

આટલી વાત નારાયણે નર આદિક ઋષિઓની સાથે કરી, તે સાંભળી. પછી દેવીપુત્ર લાડુદાન ગઢવી સમાધિમાંથી જાગી ગયા અને અત્યંત આનંદયુક્ત થઈને શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. ૪૮. તે સમયે ગઢવીએ દશાવતારનું કવિત કર્યું. શ્રીહરિની આગળ તે કવિત બોલ્યા. તેનાથી ધર્મપુત્ર શ્રીહરિ ખૂબ જ રાજી થયા. ૪૯. તે સમયે રસોઈ તૈયાર થઈ ગઈ. એટલે મુકુંદાનંદ વર્ણી બોલાવવા આવ્યા. શ્રીહરિ હસતા હસતા જમવા ઊઠ્યા. ૫૦. જઈને મહાન અદ્‌ભુત સ્વરૂપ શ્રીહરિ અનુપમ સોનેરી બાજોઠ ઉપર બેઠા. ત્યારે વર્ણી પીરસીને થાળ લાવ્યા. ૫૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શંભુદાન ગઢવીને સમાધિ થઈ અને તેઓ બદરિકાશ્રમ ગયા' એ નામે બારમો તરંગ સમાપ્ત ||૧૨||



પૂર ચોથું : તરંગ - ૧૩

એભલ ખાચરનો પરિવાર અને દાદા ખાચરના રાજ્ય વહિવટની વ્યવસ્થા

છપ્પન પ્રકારનાં ભોજન અને છત્રીસ પ્રકારના વ્યંજન સોનાના થાળોમાં ભરીભરીને તત્કાળ વર્ણી લાવ્યા. ૧. પરમ ઉદાર શ્રીહરિ ભક્ષ્ય, ભોજ્ય,

લેહ્ય અને ચોષ્ય એ ચાર પ્રકારના ભોજનોને જે ગણતા પાર આવતો ન હતો, તેને અત્યંત ભાવથી જમ્યા. ૨. રંગીલા શ્રીહરિએ જમીને ચળુ કર્યું. જળપાન કર્યું અને પછી સોપારી, એલચી અને તજ વગેરેનો સારો મુખવાસ લીધો. ૩. અનંત અપાર મુક્તોને પણ જમવા માટે બેસાડ્યા. શ્રીહરિ જમી રહ્યા પછી તુરંત પ્રસાદીનો થાળ દરબાર એભલ ખાચરને આપ્યો. ૪.

જેટલા સારાં ભોજન હતા તે બધા લઈને શ્રીહરિ પીરસવા પધાર્યા. જમનારા સંતો તૃપ્ત થયા ત્યાં સુધી શ્રીહરિ તેમને પીરસતા રહ્યા. ૫. રંગરેલા શ્રીહરિએ પીરસવામાં દૂધ અને દહીંની તો રેલમછેલ કરી દીધી. દરબારના પરિવારના જેટલા મનુષ્ય હતા તે સહુએ શ્રીહરિ અને સંતોને એક એક દિવસની રસોઈ આપી. ૬. એક એકથી વધારે સારી કહેવાય એવી તે રસોઈ શ્રીહરિને આપી અને પછી એક એકથી વિશેષ પ્રેમભાવથી સહુએ શ્રીહરિની પૂજા કરી. ૭. જીવા ખાચરે પણ એભલ ખાચરની જેમ જ રસોઈઓ આપીને પૂજા કરી અને અધિક અધિક લાભ લીધો. તે દરબારો એક એકથી અધિક ભક્તિભાવવાળા હતા અને શ્રીહરિની સેવા કરવામાં તો તેમને ઘણો જ ઉત્સાહ હતો. ૮.

❋ દાદા ખાચર, જીવુબા તથા લાડુબાના સદ્‌ગુણો :

શ્રીહરિની સેવાનો અલૌકિક લાભ તો તે બંને દરબારોએ લીધો. આવો લાભ તો કોઈએ લીધો ન હતો. મોટા રાજા થયે શું થયું ? ૯. જે દરબાર દાદા ખાચર કહેવાતા હતા તે તો સહુથી શ્રેષ્ઠ થયા. તેમણે શ્રીહરિની મરજી પ્રમાણે જ પોતાનું વર્તન રાખ્યું. પોતાની બધી જ સત્તાને છોડી દીધી. ૧૦. તેઓ ખાવું-પીવું, ઉઠવું-બેસવું, ચાલવું કે સૂવું, વસ્ત્રો ઓઢવા કે પહેરવા - આ બધું જ સતત શ્રીહરિની ઇચ્છા અનુસાર જ કરતા હતા. ૧૧. નિભાવ(નિર્વાહ) કરવા માટે જેમ કોઈ નોકર રહે તેમ શ્રીહરિએ તેમને પોતાની પાસે રાખ્યા હતા. તેઓ લેશમાત્ર પણ પોતાનું ધાર્યું કરતા નહિ અને જરા પણ શ્રીહરિની મરજીને ક્યારેય લોપતા નહિ. ૧૨. દાદા ખાચર પૂજા માટેનો અનુપમ બધો સાજ-સામાન લઈને નિત્ય શ્રીહરિની પૂજા કરતા. ત્રિલોકીમાં આજે એવા કોઈપણ રાજા થયા નથી. ૧૩. તેઓ એવા તો મહા આત્મનિવેદી થયા કે

ભગવાનને અર્પણ કર્યા સિવાયની કોઈપણ વસ્તુને ખાતા નહિ અને પાણી વગેરેને પીતા પણ નહિ. ૧૪.

सोरठा : श्रीहरि में लेलीन, संसार सुख दिन त्याग सब;
दोउ बैहेन भए ईन, सत्संग में शिरोमनि महा...१५
दो में अधिक हि एक, जिवुबाई तेहि नाम कर;
उर महा परम विवेक, अनादि मुक्त हरिधाम के...१६

દાદા ખાચરના બંને બહેનો જીવુબા અને લાડુબા, શ્રીહરિની ભક્તિ કરવામાં એવા તો લેલીન-ગરકાવ થઈ ગયા હતા કે તેમણે સંસારના બધા જ સુખોને તજી દીધા અને તેઓ સત્સંગમાં મહાન શિરોમણિ થયા. ૧૫. તે બે બહેનોમાં પણ જીવુબા અધિક હતા. તેમની સમજણમાં ઘણો જ શ્રેષ્ઠ વિવેક હતો અને તેઓ અક્ષરધામના અનાદિમુક્ત હતા. ૧૬. જીવુબા અપરમપાર સાધુ સ્વભાવના હતા. શુભગુણ માત્રના તેઓ ભંડાર હતા. શ્રીહરિના અપાર મહિમાને સમજતા હતા અને ભક્તિ કરવામાં તો મહાન ઉદાર હતા. ૧૭. તેઓ ભગવાનની સેવાને જીવનપ્રાણ માનતા, શ્રીહરિથી વિશેષ કોઈ દેવને જાણતા નહિ. અખંડ શ્રીહરિનું ધ્યાન ધરતા અને નિરંતર સેવા કરતા. ૧૮. જેટલા હરિભક્ત કહેવાતા હોય તે બધાને તેઓ દિવ્ય માનતા હતા. તેમની સમજણ નિરંતર એવી શુદ્ધ હતી કે તેમને કોઈપણ હરિભક્તમાં માયિક ભાવ આવતો જ નહિ. ૧૯. કોઈ ગરીબ હરિભક્ત હોય તો તેની સાર-સંભાળ વિશેષ રાખતા અને કોઈ કપટથી ગરીબપણું દેખાડે તો તેને તરત જ ઓળખી લેતા. ૨૦.

છતાં તેના ઉપર કાંઈક દયાભાવ તો રાખતા જ. અને તેને જેમ તેમ કરીને પણ સત્સંગમાં નભાવી લેતા. જીવુબાની એકાંતિકતા, ધર્મનિષ્ઠા અને ભક્તિનિષ્ઠાને દેખીને અનેક મહિલાઓ પતિવ્રતાના ગુણ-ધર્મ સંપન્ન થઈ. ૨૧. રાજબાઈ આદિક અનંત મહિલાઓ તો જીવુબાના વર્તન દેખીને ત્યાગી થઈ ગઈ. તેમાં પણ રાજબાઈ તો પુરુષમાત્રથી વીસ હાથ જેટલે દૂર ચાલતા. એવા શૂરવીરતાવાળા મહા સતી હતા. ૨૨. મોટીબાએ સ્ત્રીઓના સમાજમાં

ભગવાનનો ઘણો જ મહિમા બતાવીને ચૌદે લોકના સુખને ઓકાવી નાખ્યું હતું. જેના હૃદયમાં ભગવાન સિવાય બીજો ઘાટ-સંકલ્પ પણ થાય નહિ; એવી ભક્તિના બળવાળી સર્વે સતીઓ થઈ હતી. ૨૩.

જીવુબાના યોગથી સ્ત્રીઓ એવી નિષ્કામભક્ત થઈ કે પાર્વતીજી અને લક્ષ્મીજી જેવી દેવીઓ પણ તેના પગમાં પડતી હતી. તેમજ ભવસંકટને અને અંતરરોગને તેઓ પાર કરી ગઈ હતી. ૨૪. આ બધો શ્રીહરિનો જ પ્રતાપ છે. બીજા કોઈનો પ્રતાપ નથી. બીજાનો જો પ્રતાપ હોય તો તે કાંઈ બીજું જ હોય, આવું ન હોય. ૨૫. રાજામાં, કોઈ જોગીમાં કે આચાર્યમાં જ્યાં જ્યાં અધિક પ્રતાપ હોય, તે શ્રીહરિનો જ હોય, એમ સમજવું. આવું મુક્તાનંદ સ્વામીએ સ્વયં કહ્યું છે. ૨૬.

"શ્રીહરિના સિવાયનો આ કોઈ બીજાનો પ્રતાપ છે." એવું જે પોતાના મનમાં માને છે તે ઘટતાં ઘટતાં એકદમ ઘટી જાય છે. ૨૭. જે દિન પ્રતિદિન ભગવાનને આધીન જ રહે, એક રતીભાર પણ ક્યારેય વચનને લોપે નહિ અને જે ભગવાન આગળ દીન થઈને રહે છે તે વધતાં વધતાં એકદમ વધી જાય છે. ૨૮. જેટલા ભગવાનના આજ્ઞા વચન હોય, તેને એક રતી જેટલા પણ જે લોપે નહિ, પણ તે વચનોનું જે અધિક અધિક સન્માન કરે છે તેનું અધિક રીતે સત્સંગમાં અને સમાજમાં માન વધી જાય છે. ૨૯.

આ વખતનો શ્રીહરિનો સંકલ્પ જ એવો છે. તેને જે નહિ માને તે ઘટી જાશે. શ્રીહરિએ ચારવર્ણને સદાચાર પળાવી શ્રેષ્ઠ કરી દીધા છે. તો બીજા જે શ્રેષ્ઠ આાશ્રમવાળા છે તેનાથી ધર્મ ગૌણ ક્યારેય થશે નહીં. ૩૦. આ શ્રીહરિના આજ્ઞા વચનને - સદાચારને જે ગૌણ કરશે તે મલિન માણસો મહાદુઃખને પામશે.અને રાજા, જોગી તથા આચાર્ય આ ત્રણનો બહુ પ્રભાવ જગતમાં પ્રસિદ્ધ હોય છે. ૩૧. તેઓ જો વર્ણાશ્રમના ધર્મોને સ્વયં પાળે તથા પળાવે તો તેનો પ્રતાપ દિન-પ્રતિદિન વધી જાય છે. અને જે તે ધર્મ પાળે છે તેના મહાપાપો નાશ પામે છે. ૩૨.

✵ એભલ દરબારે કરેલી પૂજા તથા સ્તુતિ :

આ પ્રમાણેની ઘણી વાતો કરીને શ્રીહરિ સિંહાસન ઉપર આવીને બેઠા. ત્યારે દરબાર એભલ ખાચરે પૂજા કરીને આરતી ઉતારી. ૩૩. શ્રીહરિની પૂજામાં પ્રથમ દૂધથી ચરણ ધોયા. પાઘના છેડાથી ચરણોને લૂછ્યાં. પછી ચરણો ઉપર કેસરચંદન ચરચીને ઉમંગથી છાતીમાં ચાંપ્યા. ૩૪. અનંત પ્રકારનાં વાજિંત્રો વાગતા હતા. ગુણીજનો સારું ગાન કરતાં હતાં. પછી શ્રીહરિને જરિયાની વસ્ત્ર પહેરાવ્યા અને અનંત પ્રકારના ઘરેણાં પણ ધરાવ્યા. ૩૫. તે સમયે દરબારે હાથ જોડ્યા અને અપાર પ્રેમથી વિનંતી કરી. હે હરે ! આપનો મહિમા અનંત કહેવાય છે. શારદા અને શેષ પણ પાર પામી શકતા નથી. ૩૬.

ભવ, બ્રહ્મા, સુરરાજ ઇંદ્ર એ બધા આપના મહિમાને અપાર કહે છે. વેદો પણ તેને 'નેતિ' 'નેતિ' કહીને વખાણે છે. પણ પાર પામતા નથી. ૩૭. નારદ, શુકદેવજી અને સનકાદિક સુદ્ધાં જે આપના મહિમાના પારને પામતા નથી. તે આપ અત્યારે મનુષ્યાકૃતિ ધારીને મારે ઘેર પધાર્યા છો. ૩૮. હે હરે ! આપ મને પોતાના ચરણોની પાસે અખંડ નિવાસ આપજો. 'હું આપના દાસનો પણ દાસ છું.' આવી સમજણ મને કાયમ રહે. ૩૯. "હવે આપના ચરણકમળ સિવાય બીજે કોઈમાં મારું મન રહે નહિ." મારી આ જ પ્રાર્થના છે. હાથ જોડીને હું તે જ માગું છું. ૪૦.

✵ એભલ પરિવારનો પરિચય :

(હાડીકાના ગોદડ ખાચર મહાશૂરવીર હતા. તેના દીકરા ભોકા ખાચર અને તેના દાના ખાચર અને તેમના પુત્ર ઉનડ ખાચરે સં.૧૭૩૨ ઈ.સ.૧૬૭૫માં સાંગા રાજગરને સાથે રાખી ગઢપુર વસાવ્યું. તેમના પુત્ર બાવા ખાચર થયા. અને તેમને ત્યાં સં.૧૭૯૬માં એભલ ખાચરનો જન્મ થયો. તેમને બે પત્નીઓ હતી. (૧) કરિયાણાની નાગપાલ ધાધલ અને પૂર્ણાદેવીથી દીકરી સોમાદેવી ઉર્ફે સોનબાઈ અને (૨) બોટાદના રાઠોડ ધાધલની દીકરી સુરપ્રભા ઉર્ફે સુરબાઈ સાથે લગ્ન થયા. તેમાંથી એભલબાપુને પ્રથમ દાહા ખાચર, ગોદડ ખાચર, રૂખડ ખાચર, ભોજા ખાચર. આ ચાર પુત્રો થયા. પરંતુ તે નાનપણમાં જ મૃત્યુ પામ્યા. ત્યારબાદ એક પુત્રી જન્મી. તે

જીવ્યા એટલે તેનું નામ જીવુબા રાખ્યું. વળી મોટા હોવાથી સૌ તેમને મોટીબા પણ કહેતા. તેમનો જન્મ સં.૧૮૪૦માં થયો. પછી બીજી પુત્રી લાડુબાનો જન્મ સં.૧૮૪૪માં થયો. ત્રીજી પુત્રી પાંચુબાનો જન્મ સં.૧૮૪૭માં થયો. ચોથી પુત્રી નાનુબાનો જન્મ સં.૧૮૫૪માં થયો અને છેલ્લે સોમાદેવી થકી સં.૧૮૫૭ પોષ વદ-૭ના રોજ પુત્ર દાદા ખાચરનો જન્મ થયો. આ આખો પરિવાર ભક્તિમય હતો.) દરબાર એભલ ખાચરને બે પત્નીઓ હતી. તે બંને ઘણી ઉત્તમ હરિભક્ત થઈ હતી. એક સુરબાઈ અને બીજા સોમબાઈ કહેવાતા. તેમને પાંચ સંતાનો થયા હતા. સુરબાઈ થકી ચાર પુત્રીઓ થઈ હતી. તેમાં જીવુબા અને લાડુબા, શ્રીહરિની સેવા કરવાથી લક્ષ્મી અને રાધાને તુલ્ય થયા હતા. ૪૧-૪૨. પાંચુબાઈ અને નાનબાઈ, દ્રૌપદીના જેવા 'સતી' ગણાતા હતા. (ચાર બહેનો કરિયાણાના ભાણેજ હતા.) સોમરાબાઈ (સોમબાઈ)ને એક જ પુત્ર હતા. જેનું નામ 'ઉત્તમ' (દાદા ખાચર) નૃપ હતું. તેઓ પરમ વિવેકી હતા. ૪૩.

તેઓ પ્રિયવ્રત અને પ્રહ્લાદના જેવા ભક્ત થયા અને બલિના જેવા ઉદાર થયા. ગૃહસ્થ હરિભક્તોમાં પર્વતભાઈ સર્વશ્રેષ્ઠ કહેવાય. ૪૪. ભગવાનના જેટલા અવતારો થઈ ગયા તે બધા પર્વતભાઈને પ્રસન્ન થઈને દર્શન દેતા. તે પર્વતભાઈ કરતા પણ ઉત્તમનૃપ દરબાર દાદા ખાચર શ્રેષ્ઠ કહેવાય. જેને ઘેર શ્રીહરિ પધાર્યા અને અખંડ રહ્યા. ૪૫. દાદા ખાચરનો ગરાસ (રાજપાટ) અને સંપત્તિ અંગેનું બધું કામ સ્વયં શ્રીહરિએ સંભાળ્યું હતું. કારણ કે દાદા ખાચર તો આત્મનિવેદી ભક્ત થઈ ગયા હતા અને તેથી જ શ્રીહરિ તેની ભક્તિથી વશ થઈ ગયા હતા. ૪૬.

કમળસી શેઠ નામે એક વણિક હરિભક્ત હતા. તેને શ્રીહરિએ દાદા ખાચરના કોઠારી કર્યા. દાદા ખાચરના સગામામા ઘેલા ધાધલ નામે (મૂળ બોટાદના વતની) હતા. ૪૭. તેઓ ઘણા સારા હરિભક્ત થયા હતા. તેમને ગામ ગરાસના બધા અધિકાર આપ્યા હતા. લાધા ઠક્કર નામે એક ખોજા હરિભક્ત હતા તેમને દાદા ખાચરના દીવાન તરીકેનું કામ સોંપ્યું. ૪૮. કાણચિયા અટકના ઘણા ધીર ગંભીર વણિક હરિભક્ત માલજી નામે હતા.

તેને કાયમી કામદારની જવાબદારી આપી હતી. ૪૯. તેના બે પુત્ર કરસનજી અને અમરસી હતા. શ્રીહરિએ તેમને કારભારીનું કામ સોંપ્યું હતું. ૫૦. હરજી ઠક્કર (ખોજા) દૃઢ નિષ્ઠાવાન હરિભક્ત હતા. તેઓ સ્થિર બુદ્ધિવાળા પ્રામાણિક અને શાહુકાર હતા. શ્રીહરિએ તેમને સહુના મુનિમ નિમ્યા હતા. ૫૧. કુંડળના અલૈયા કહર શિરોમણિ હરિભક્ત હતા. તે ઘણા ત્યાગી અને નિષ્કામી હતા. શ્રીહરિએ તેમને દાદા ખાચરના ગામ ગરાસના સરબંદી નિમ્યા હતા. ૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'અભયનૃપનો પરિવાર અને ઉત્તમ નૃપના રાજ્ય વ્યવહારની વાત કરી' એ નામે તેરમો તરંગ સમાપ્ત ॥૧૩॥



પૂર ચોથું : તરંગ - ૧૪

લાડુદાન ગઢવીને દીક્ષા અને નરનારાયણ દેવે કહેલ શ્રીહરિની સર્વોપરિતા દરબારોને કહી

શ્રીહરિએ દરબાર એભલ ખાચરને તેમના ગરાસ અંગે વિગત પૂછીને તે લેખિત આધાર લીધો. પછી તેમના હક પ્રમાણે ગરાસની વહેંચણી કરાવી. તે જાણીને બીજા બધા દરબારોએ તે કામની પ્રશંસા કરી. ૧. ગાયકવાડ સરકારના દીવાન ગઢપુર આવ્યા હતા. દરબારે તેમના ગરાસનો લેખિત આધાર દીવાનને બતાવ્યો. તેણે તે જોઈને તેને પ્રમાણિત કર્યો. ૨. જેવી પ્રાચીન ચાલી આવતી રીત હતી તે પ્રમાણે તેનો ગરાસદારી - જાગીરદારીનો પત્ર લખી આપીને તેના ઉપર મહોર મારી દીધી. ૩. દાદા ખાચરને નાના બાળ જોઈને દીવાન દિલગીર થઈ ગયા અને તરત જ હુકમ કરીને સનાતન રીત પ્રમાણે ગરાસની વહેંચણી કરાવી આપી. ૪.

શ્રીહરિએ દાદા ખાચરને માટે આટલું કાર્ય પ્રથમ કરાવ્યું. પછી સંતોને સત્સંગમાં ફરવા મોકલ્યા. શંભુદાન ગઢવીના પુત્ર લાડુદાનજીને ભાગવતી દીક્ષા આપીને સાધુ કર્યા. તેમનું નામ શ્રીરંગદાસ આપ્યું. ૫. ઘનશ્યામ

શ્રીહરિએ તે સમયે બધા સંતોના નામને છેડે દાસ શબ્દ રાખવાનું ઠરાવ્યું હતું. શ્રીરંગદાસજીને પરમ વિવેકી - સારા શ્રેષ્ઠ વિદ્વાન સમજીને પ્રેમથી પોતાની પાસે જ રાખ્યા. ૬.

✻ શ્રીરંગદાસે દરબારોને શ્રીહરિનો સર્વોપરિ મહિમા કહ્યો :

બધા દરબારો શ્રીરંગદાસજીને હસતે મુખે કુતૂહલવશ પૂછતાં કે, “તમે શ્રીહરિનો શો પ્રતાપ દેખ્યો ? કે આવીને તરત જ તમે ભેખ લઈ લીધો ?” ૭. ત્યારે હસતે ચહેરે મુનિ દરબારોને કહેતા કે હું (સમાધિમાં નરનારાયણ પાસેથી) સર્વોપરી વાત પામ્યો છું. જે સર્વ સુખનું કારણ છે તે આ શ્રીહરિ છે. ૮.

ચોપાઈ :

इनसे पर न कोउ अधिकाई, एसि वात हम नकी हि पाई;
श्रीरामानंदस्वामि हि जोई, हमारे गुरु कहावत सोई...०९

આ શ્રીહરિથી પર બીજો કોઈ અધિક નથી. એવી વાત હું ચોક્કસ પામ્યો છું. જે રામાનંદસ્વામી હતા તે અમારા ગુરુ કહેવાતા હતા. ૯. તેઓ ઉદ્ધવનો અવતાર હતા. સાધુરૂપમાં તેઓ વિચરણ કરતા હતા. તેઓ બધા જ અવતારોની યથાર્થ વાતને જાણતા હતા. ૧૦. મને અત્યારે તેમનાં દર્શન થયાં. તેમના સદ્‌ગુણોને હું કહી શકતો નથી. જે વેળાએ મેં શ્રીહરિનાં દર્શન કર્યાં અને તરત મને અદ્‌ભુત સમાધિ થઈ ગઈ. ૧૧.

સમાધિમાં હું શ્રીહરિની સાથે બદરિકાશ્રમ ગયો. મેં ઉમંગથી રામાનંદ સ્વામીનાં દર્શન કર્યાં. જ્યારે બદરિકાશ્રમ પહોંચ્યો. તેવા સમયે જ શ્રીહરિની મૂર્તિ અદશ્ય થઈ ગઈ. ૧૨. બદરિકાશ્રમને જોઈને મનમાં આનંદ થયો. જ્યાં નારાયણઋષિ રહે છે ત્યાં બીજા અનંત ઋષિઓને દેખ્યા. ૧૩. મેં નરનારાયણઋષિનાં દર્શન કર્યાં. તેમણે મને પોતાની પાસે બેસાડ્યો. મનમાં આનંદિત થઈને તેઓ મને શ્રીહરિનું ચરિત્ર પૂછવા લાગ્યા. ૧૪. તે સાંભળીને મારા મનમાં ત્યારે ઘણું જ આશ્ચર્ય થયું. તે શ્રીહરિના ચરિત્રનો નિર્ધાર હવે મારાથી કેમ થઈ શકે ? ૧૫. હું તો એવું માનતો હતો કે નરનારાયણ

દેવે જ ભૂમિ ઉપર અવતાર લીધો છે. જેવા તે ભગવાન છે તેવા જ અખંડ વિરાજમાન અહીં સદાકાળ રહ્યા છે. ૧૬.

ત્યારે મેં નરનારાયણઋષિને પૂછ્યું કે મેં તો સાંભળ્યું હતું કે 'ભૂમિ ઉપર આપે અવતાર લીધો છે.' પણ તમે તો અખંડ અહીંયા જ બેઠા છો. આ વાતને હું જાણતો ન હતો. ૧૭.

चोपाई :

हम पुछे यह बात हि जबही, नरनारायन बोले तबही;
श्रीहरि अक्षरपति जोई, एहि सम समृथ अवर न कोई...१८
जब जब सो धरत अवतारा, आप नाम न लेत कोउ वारा;
जिमि जिमि जनकु समझ आवे, तिमि तिमि प्रताप हि देखावे...१९
प्रताप देखि सब जान हि लेवे, आप मुख से कबहु न केवे;
नाम हि हीरा एक कहावे, अमूल्य हीरा सो ओर रहावे...२०

મેં જ્યારે આવું કહ્યું ત્યારે નરનારાયણે મને કહ્યું, "અક્ષરાધિપતિ શ્રીહરિના સમાન સમર્થ બીજું કોઈ નથી. ૧૮. જ્યારે જ્યારે તેઓ અવતાર ધારે છે ત્યારે તેઓ ક્યારેય પોતાનું નામ લેતા નથી. જે રીતે લોકોને સમજણ-જ્ઞાન થાય તે રીતે પોતે પોતાનો પ્રતાપ જણાવે છે. ૧૯. જ્યારે તેમનો પ્રતાપ દેખાય ત્યારે સહુ લોકો તેમને ઓળખી લે છે. તેઓ પોતે પોતાને મુખે કાંઈ કહેતા નથી. જેમ 'હીરો' આવા નામથી તો કંઈક હીરા કહેવાય છે પણ અમૂલ્ય હીરો કોઈ જુદી જ વસ્તુ હોય છે. ૨૦.

चोपाई :

फोर्यो न फुटे कोटि उपाई, तिनके तुल्य न कोहु आई;
अनंत अवतार हरि के होउ, हरि मरजी में वरतत सोउ...२१
हरि मरजी में वरते जबहु, सामृथ तिनमें रेहेवे तबहु;
एसे यह नहिं हरि अवतारा, यह सबके हे कारन वारा...२२

ફોડવાના તોડવાના કરોડો ઉપાય કરે છતાં જે હીરો તૂટે ફૂટે નહિ, તેને તુલ્ય કોઈ આવી શકે નહિ. શ્રીહરિના અનંત અવતારો થાય છે પણ તેઓ શ્રીહરિની મરજી પ્રમાણે જ વર્તન રાખતા હોય છે. ૨૧. જ્યારે તેઓ

શ્રીહરિની મરજી પ્રમાણે રહે છે ત્યારે જ તેમાં સામર્થ્ય રહે છે. અત્યારે જે છે તે શ્રીહરિ ઉપર કહ્યો તેવો અવતાર નથી. આ શ્રીહરિ તો સર્વ અવતારોનું કારણ છે. ૨૨.

ईनके माथे न कोउ ओरा, एहि सबके हे माथे जोरा;
तदपि लघु होई वरतत भारी, एसे धिरज न रहे ओर धारी...२३

એમની માથે બીજું કોઈ નથી. આ શ્રીહરિ જ સહુથી વિશેષ પ્રબલ સામર્થ્ય સંપન્ન છે છતાં તેઓ પોતે સહુથી લઘુ-અલ્પ હોય તેમ વરતે છે. આવું કોઈ ધૈર્ય ધારી શકે નહિ. ૨૩. સમર્થ હોવા છતાં માન ન આવે તે જ તેમની અધિક પ્રભુતા - શક્તિમત્તા છે, એમ જાણવું. એવી પ્રભુતા તો એક શ્રીહરિમાં જ છે. સ્વયં સમર્થ હોવા છતાં બિલકુલ સામર્થ્ય જણાવતા નથી. ૨૪. અણસમજુ મનુષ્ય હોય તે એવા પ્રભુને દેખીને વગર વિચારે બોલી નાખે છે. પરંતુ તે પરમાત્માને મન તો કાંઈ જ સંતાપ થતો નથી. તેઓ તો રાત-દિવસ સ્વસ્વરૂપમાં જ મગન રહેતા હોય છે. ૨૫. પ્રકૃતિ અને પુરુષથી લઈને ભવ અને બ્રહ્મા આદિક પણ જેની આગળ અજાણ ગણાતા હોય છે ત્યાં મનુષ્યના તો લેખા જ શું કહેવાય ? ૨૬. અનંત અવતારો થઈ ગયા છે અને તેના ભક્તો પણ અનંત થયા છે તે સહુ એકવાર પણ આ શ્રીહરિનાં દર્શનને રાત દિવસ ચાહ્યા કરે છે. ૨૭. અમને પણ તેમનાં એકવાર પણ દર્શન થવા દુર્લભ છે. તે શ્રીહરિએ મનુષ્યદેહ ધર્યો છે. હવે ભારતભૂમિના મહાન ભાગ્ય જાણવા. ૨૮.

જેટલા મતપંથ કહેવાય છે તે બધા ફેલમાં ભરપૂર રહે છે. દુનિયામાં જેટલી જાતના વ્યસન કહેવાય છે તે બધાને મતપંથીઓ કરવા લાગ્યા છે. ૨૯. માત્ર પેટ ભરવા ખાતર જ મૂંડ મુડાવી હોય તેમ દેખાય છે. ભગવાનના ભજનનો માર્ગ તેઓ ભૂલી ગયા છે. કામ, ક્રોધ અને લોભ એ ત્રણ દોષોને આધીન જ રાત-દિવસ દીન થઈને રહે છે. ૩૦. સ્વયં તો ક્યારેય હરિનું ભજન કરતા નથી, પણ જે ભજન કરે છે તેને જોઈને તેની સાથે લડાઈ કરે છે. જે ભગવાનનું ભજન કરે છે તેની સાથે વેર બાંધે છે અને માયિક પંચવિષયને ભોગવવા ઉતાવળા થાય છે. ધીરજ રાખી શકતા નથી. ૩૧.

તે શબ્દ આદિ પાંચ પ્રકારના વિષયોની જ તેમને રાતદિવસ અધિક તૃષ્ણા હોય છે. ભગવાનના આશ્રિત હોવાનું બહાનું ધરીને પંચવિષયોને ભોગવવા માટેની તે કલા-કારીગરી કરે છે. ૩૨. શ્રીહરિ અંતર્યામી છે. પ્રત્યેકના હૃદયને દેખતા રહે છે. જે મનુષ્ય જેવું કર્મ કરે છે તેને તેવું ફળ આપે છે. ૩૩. ન્યાયને માર્ગે ચાલનારાને ન્યાયનું ફળ પ્રાપ્ત થાય છે અને અન્યાયને માર્ગે ચાલનારાને અન્યાયનું ફળ મળે છે. ન્યાયનું ફળ અનંત સુખ છે અને અન્યાયનું ફળ અપાર દુઃખ છે. ૩૪.

જેનું જેવું કર્મ હોય ભગવાન તેને તેવું ફળ આપે છે. એટલે જ ભગવાનને સમદૃષ્ટિ કહેવાય છે. અમૂલ્ય મનુષ્યદેહને પામીને જે ભગવાનને રાજી કરે છે તેને ધન્યવાદ ઘટે છે. ૩૫. જેણે એકવાર ભગવાનને રાજી કર્યા હોય તેણે માનો બધા જ દેવોને રાજી કર્યા છે. જેમણે ભગવાનને રાજી કરવાનું મનમાં ચોક્કસ કર્યું હોય તેને આ સંસારમાં ભટકવાનો અંત આવી ગયો એમ જાણવું. ૩૬. આવું કહીને નરનારાયણ ભગવાને મને કહ્યું, 'લાડુદાન ! હવે તમે સાધુ થઈ જાઓ, મુનિઓના પતિ એવા શ્રીહરિનું ભજન કરો. સંસારી સુખ તો થોડું છે. તે તો તુરંત નાશ પામી જાય છે. ૩૭. અત્યારે ભગવાનને ભજવાનો અલૌકિક સમય આવ્યો છે. જે લોકો ભજન નહિ કરે તેને અપાર પસ્તાવો થશે. ૩૮. અત્યારે અનંતકોટી લોકો ભગવાનને રાજી કરીને સંસારના પારને પામશે. આવો સમય ક્યારેય આવ્યો નથી.' ૩૯. શ્રીરંગદાસજીએ દરબારોને કહ્યું કે, 'નરનારાયણ ભગવાને જ્યારે મને આવું કહ્યું ત્યારે તે વચનને સાંભળીને હું તરત જ હવે સાધુ થયો છું.' ૪૦.

ઉપર કહ્યા મુજબની શ્રીરંગદાસજીના મુખથી વાત સાંભળીને બધા દરબારોનાં મનમાં હેત વ્યાપી ગયું. તેમણે બે હાથ જોડીને શ્રીહરિને વિનંતી કરી અને તેઓ બોલ્યા. હે હરે ! આપની મરજી-ઇચ્છા પ્રમાણે અમને આજ્ઞા કરજો. ૪૧. આપ જેમ કહેશો તેમ અમે કરશું તો આપ અમને પ્રસન્ન મનથી કહેજો. અમને હવે ગામ કે ગરાસમાં રુચિ નથી. કેવળ આપનાં દર્શન કરવામાં જ રુચિ છે. ૪૨. ત્યારે શ્રીહરિએ સહુ દરબારોને હેતથી કહ્યું, દરબારો ! તમે સહુ સાંભળો. **જે ભક્તો અમારી મરજી પ્રમાણે રહે છે તે સાધુ થઈ**

રહ્યો છે. ૪૩. જે લોકો સત્સંગ વિના જીવે છે તે બધા કુમાર્ગે જ ચાલે છે. એટલા માટે જ સહુએ હિતકારક સત્સંગ કરીને હવે સન્માર્ગે જ ચાલવું જોઈએ. ૪૪. અત્યારે જે લોકો સત્સંગમાં આવે છે અર્થાત્ સત્સંગી થાય છે તે બધા સત્વરે પરમપદ-મોક્ષને પામે છે. તે પરમપદની પ્રાપ્તિના જેવું બીજું કોઈ અભયદાન કહેવાતું નથી. ૪૫. તમે સહુ બુદ્ધિમાન છો એટલા માટે તે અભયદાન કરતા રહેવું જોઈએ. અભયદાન કરવાની જ અત્યારે મારી મરજી-ઈચ્છા છે. તે સહુએ મનમાં સમજી રાખવું. ૪૬. તો તમે સહુ મુમુક્ષુઓને ભગવાનને શરણે લો, સત્સંગી કરો. મારે તે જીવોનો મોક્ષ કરવો છે. જેને તમે ધ્યાનમાં બેસાડશો તેને અમે દર્શન દેશું. ૪૭.

માંચા ખાચર, અલૈયા ખાચર, સોમલા ખાચર, સુરા ખાચર, માત્રા ધાધલ, કાળુ ભક્ત, નાજા જોગિયા, મૂળુભાઈ અને ભોજાભાઈ એ બધા તમે સારા સત્સંગી છો. ૪૮. એ તમારા સહુના ગુરુ ભોજાભાઈ છે, જે જાતિએ કરીને ચારણ છે. તેમના ગુરુ મેરામભાઈ માંજરિયા આહિર છે. ૪૯. વિપ્ર મયારામ ભટ્ટ, પર્વતભાઈ, વિપ્ર નાનાભાઈ અને ગોકુળદાસ (ખાખી) ૫૦. આટલા તમે સૌ પોતપોતાની રુચિ પ્રમાણે સત્સંગમાં ફરો. આમ સહુને શ્રીહરિએ કહ્યું. ૫૧. પોતપોતાના દેશમાં જઈને નવો સત્સંગ કરાવવો મુમુક્ષુ જીવ પરમપદને પામે એટલા માટે સત્સંગનો ઉપદેશ કરવો. ૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'લાડુદાન ગઢવીને દીક્ષા અને દરબારોને નરનારાયણ દેવે કહેલ શ્રીહરિની સર્વોપરિતા કહી' એ નામે ચૌદમો તરંગ સમાપ્ત ॥૧૪॥



પૂર ચોથું : તરંગ - ૧૫

એભલ ખાચરે નીલકંઠ મહાદેવના સ્થાન વિશે પોતાના પૂર્વજોની વાત કહી અને શ્રીહરિ લાખણકા પધાર્યા

શ્રીહરિ કેટલાક દિવસ ગઢપુરમાં રહ્યા. પછી પોતે સત્સંગમાં ફરવા માટે નીકળ્યા. ૧. જેટલા કાઠી દરબારો સારા હરિભક્ત થયા હતા તેમને મહાન શૂરવીર જાણીને શ્રીહરિએ તે સમયે સાથે લીધા. ૨. જોગિયા અટકના

કાઠી નાજા તથા રામ એ નામે બે ભાઈ ઘણા સારા હરિભક્ત થયા. તેઓ લાખણકા ગામમાં રહેતા, બંને બંધુ મહાન શૂરવીર હતા. ૩. શ્રીહરિના મહા અનન્ય ભક્ત તેઓ દાસભાવે ભજન કરતા. તેઓ ગઢપુરમાં શ્રીહરિની પાસે આવ્યા અને વિનંતી કરી. ૪.

"હે મહારાજ ! મારા પિતા નાગદાન જોગિયા, માતા સીદીબાઈ, નાગાજણ રાવળ, કાઠી લાખા ગોવાળિયા, તેના ભાઈ કાંથડ ગોવાળિયા અને બીજા પણ ઘણા લોકોએ આપને વિનયપૂર્વક "જય નારાયણ" કહ્યા છે અને સહુ આપને વિનંતી કરે છે. ૫-૬ અમારું લાખણકા ગામ દરબાર એભલ ખાચરનું ગરાસનું ગામ છે તો આપ ત્યાં પધારો અને અમારું ગામ પવિત્ર કરો." પરમ દયાળુ શ્રીહરિએ તેમની વિનંતી સાંભળી. પછી તરત જ ત્યાં જવા તૈયાર થઈ ગયા. ૭.

તે સમયે નાનભક્તે બધા જ ભારે સોનેરી સાજથી અશ્વને શણગાર્યો. તેને શ્રીહરિ પાસે લઈ આવ્યા. અનુપમ વાજિંત્ર વાગવા લાગ્યાં. ચોપદાર આગળ છડી પોકારતો હતો. ૮. શ્રીહરિ અશ્વ ઉપર સવાર થયા. અગણિત લોકો દર્શન કરવા આવ્યા. શ્રીહરિએ પોતાના અંગ ઉપર પહેરેલો જરિયાની પોશાક સોહામણો લાગતો હતો. ૯. પ્યારા શ્રીહરિએ સોનાના તથા મોતીના ઘરેણાં ધાર્યા હતા અને તેની અનુપમ શોભા બની હતી. જ્યારે સૂર્યોદય થઈ રહ્યો હતો ત્યારે શ્રીહરિ ગઢપુરમાં રાજમાર્ગ ઉપર નીકળ્યા. ૧૦. ગઢપુરવાસીઓને શ્રીહરિ ઉપર અપાર હેત હતું. તેથી સહુની આંખોમાંથી સ્નેહના આંસુઓ વરસતા હતા. ગામધણી દરબાર એભલ ખાચર અને જીવા ખાચર બંને શ્રીહરિને વળાવવા માટે આવ્યા. ૧૧. ઘેલા નદીને ઊતરીને સામે કાંઠે રહેલા નીલકંઠ મહાદેવને મંદિર આવ્યા. શ્રીહરિએ જઈને શિવજીને દર્શન દીધાં. પછી પીપળાવાળા ઓટા ઉપર આવીને બેઠા. ૧૨.

ત્યારે શ્રીહરિએ બંને દરબારોને પૂછ્યું, આ મંદિર કોણે બંધાવ્યું છે ? ત્યારે એભલ ખાચરે કહ્યું, આ મંદિર મારા દાદા ઉનડ ખાચરે બંધાવ્યું છે. ૧૩. તેના પિતા દાના ખાચર હતા. (સોમદત્તનો અવતાર) તેમણે ગઢપુર ગામને ફરતો ગઢ બંધાવ્યો હતો. તેમને બે પુત્ર થયા. ઉનડ ખાચર અને

જીવા ખાચર. ૧૪. ઉનડ ખાચર મોટા હતા (કર્ણનો અવતાર) અને જીવા ખાચર નાના હતા. (ભુરિશ્રવાનો અવતાર) બંને ભાઈ આ ગઢપુરમાં રહેતા. ૧૫. તેમાં ઉનડ ખાચરને પ્રથમ પુત્ર થયો નહિ, પણ જીવા ખાચરને પૂજા ખાચર નામે પુત્ર થયો. ઉનડ ખાચરના મનમાં પુત્ર થવાની આશા હતી અને તેમને ઘેર માનગર નામે અતીત સાધુ આવ્યા. (દ્રોણાચાર્યનો અવતાર) ૧૬.

આસોદર (તા.લાઠી, જિ.અમરેલી) નામે ગામ છે. ત્યાં વિપ્ર વિશ્વંભર ભટ્ટ રહેતા. તેઓ ચતુર્વેદી મોઢ જ્ઞાતિના બ્રાહ્મણ હતા. તેમની પ્રસિદ્ધ શાખા કૌથમી હતી. ૧૭. તેઓ જન્મથી જ મહાન ભારે સિદ્ધ હતા. પણ તે સમયે તેમને કોઈ ઓળખી શક્યા નહિ. તેઓ મુખથી જે કહેતા તે પ્રમાણે તે થાતું હતું. ૧૮. તેના પુત્ર એક ગોપી ભટ્ટ હતા. તેઓ ઘણા ધર્મનિષ્ઠ અને વિવેકી-જ્ઞાની હતા. માનગર નામે અતીત પણ વિશ્વંભર ભટ્ટના શિષ્ય હતા. તેઓ એકવાર ગઢપુર આવ્યા. ૧૯. ત્યારે ઉનડ ખાચરે તેમનાં ચરણોમાં નમસ્કાર કરીને પૂછ્યું. હજી સુધી મારે પુત્ર થયો નથી. તો તમે કહો તે પ્રમાણે અમે કાંઈ ઉપાય કરીએ. ૨૦. ત્યારે માનગરે કહ્યું, ‘મારા ગુરુ વિશ્વંભર ભટ્ટ હતા. તેમના પ્રતાપથી હું જે કહું તે પ્રમાણે તમે કરો, તેનાથી તમારે પુત્ર થાશે. ૨૧. જે પુત્ર થાય તેનું નામ બાવા ખાચર રાખજો અને પછી એક શિવનું મંદિર બંધાવજો.’ જ્યારે તે બાવા ખાચર નામે પુત્ર થયો, (તે વૃષકેતુનો અવતાર) ત્યારે આ શિવનું મંદિર તે ઉનડ ખાચરે બંધાવ્યું. ૨૨.

સુખદાતા શ્રીહરિએ આટલી વાત સાંભળી, પછી ત્યાં ઉન્મત્ત ગંગામાં સ્નાન કર્યું અને બ્રાહ્મણોને અનેક પ્રકારનાં દાન આપ્યાં. ૨૩. ચોરાશી જમાડવા માટે બ્રાહ્મણોને સીધાં અપાવ્યાં. પછી શ્રીહરિ ચાલતા થયા. એભલ ખાચર અને જીવા ખાચર બંને શ્રીહરિના ચરણોમાં પડ્યા. ૨૪. એક ચરણ એભલ ખાચરે પકડ્યો અને બીજો ચરણ જીવા ખાચરે પકડ્યો; પછી બોલ્યા કે, “મહારાજ ! આ ચરણોમાં અમને રાખજો. તમે લીધેલી ટેકને છોડશો નહિ.” ૨૫. આપ અમારે માટે એક જ દેવ છો અને એક જ નાથ (ધણી) છો. આપના સિવાય બીજો કોઈ અમારો દેવ નથી. આપ સર્વોપરિ મળી ગયા છો એટલે અમારા મનને બીજી દોડાદોડ મટી ગઈ છે. ૨૬.

આપના જેવા ભગવાન અમને મળી ગયા છો એટલે અમે બધા કાઠી દરબારો મન કર્મ વચનથી આપ જેમ કહેશો તેમ કરશું. ૨૭. અમારી મતિ-સમજણ મહાપાપોથી ભરી હતી તેને આપે અત્યારે નિષ્પાપ કરી છે. આપ પરમેશ્વર અમને મળ્યા છો તો હવે આપની વાતને અમે સત્ય માનશું. ૨૮. ત્યારે શ્રીહરિ બોલ્યા, "દરબાર ! હવે તમે સાક્ષાત્ સાંભળો. જ્યારે તમે બધા બીજા વિશ્વાસોને છોડી દઈને અમારા સત્સંગી સેવક થયા છો. ૨૯. તો હવેથી તમને કોઈને અન્ન વસ્ત્રાદિ સંબંધી કોઈ પણ પ્રકારનું દુઃખ હું આવવા નહિ દઉં. અમારા ગુરુ રામાનંદ સ્વામી હતા. તેમને અમે મસ્તક નમાવીને તેમની પાસે વર માગ્યો હતો. ૩૦. તમારા સંપ્રદાયનાં જે જે સત્સંગી કહેવાય છે, તેમને જે કાંઈ દુઃખ આવવાનું હોય તે બધું દુઃખ મને દેજો, પણ સત્સંગીને દુઃખોથી ઉગારી લેજો. ૩૧. પછી તે સ્વામીએ મને તે વરદાન આપ્યું છે. તેથી જ તમે કોઈ દુઃખી નહિ થાઓ. મનુષ્ય જ્યારે સત્સંગને છોડી દે ત્યારે અમે તેનાથી અલગ પડી જઈએ છીએ." ૩૨.

શ્રીહરિની આટલી વાત સાંભળી અને તે બંને દરબારોએ તે વાતને માથે ચઢાવી. મહારાજાધિરાજ શ્રીહરિ ગઢપુરમાં અખંડ રહે એવો 'કોલ' જીવા ખાચરે માગી લીધો. ત્યારે તે ચતુર દરબારને મનમાં શાંતિ થઈ. પછી શ્રીહરિ ત્યાંથી ચાલી નીકળ્યા. અને **અડતાળા** ગામ પધાર્યા. ૩૩-૩૪. અડતાળા જીવા ખાચરના ગરાસનું ગામ હતું તેમાં વિપ્ર હરિભક્ત હતા અને એક રાજગર, એ બધા સત્સંગી હતા. ૩૫. તે સિવાય ગામના કણબી પણ ભાવિક હતા, તે સહુને દર્શન દઈને શ્રીહરિ **લાખણકા** ગામ પધાર્યા. ૩૬.

શ્રીહરિ પધારે છે આવા સમાચાર જાણીને ગામના જે ભાવિક લોકો હતા, તેઓ દોડીને શ્રીહરિની સન્મુખ આવ્યા અને પગમાં પડ્યા. ૩૭. ગોવાળિયા અટકના કાઠી હતા. તેઓ બોલ્યા કે, "હે નાથ ! આપને ધન્ય છે ધન્ય છે, આપ અમારે ગામ પધાર્યા અને અમને સનાથ (ધણિયાતા) કર્યા. એક પળવાર પણ આપનાં દર્શન ક્યાંથી થાય ? ૩૮. નારદજીએ વનમાં જઈને મહાન તપશ્ચર્યા કરી ત્યારે ભગવાને તેમને એક પળવાર દર્શન દીધાં હતાં. છતાં આજ દિન સુધી તેની કીર્તિ વધતી રહી છે. ૩૯. વગર તપે

આપનાં દર્શન થતાં નથી. કરોડો લોકોએ માનવ જન્મ ખાલી ખોયા છે.” આવુ તે ગામના ગોવાળિયા કાઠી લોકો બોલ્યા. ૪૦.

વિવિધ પ્રકારનાં વાજિંત્ર લાવ્યા હતા. તેને વગડાવીને ધામધૂમથી શ્રીહરિને પધરાવ્યા. નાજા જોગિયા નામે હરિભક્તને ઘેર સુંદરશ્યામ શ્રીહરિ પધાર્યા. ૪૧. શ્રીહરિ ત્યાં પલંગ ઉપર વિરાજમાન થયા. મુકુંદાનંદ વર્ણીએ વિવિધ પ્રકારના પાક કરીને ઘણી સુંદર રસોઈ બનાવી. ૪૨. પછી શ્રીહરિને બોલાવવા માટે આવેલા મુકુંદાનંદ વર્ણીએ હાથ જોડીને થાળ જમવા પધારો, આમ કહ્યું. ત્યારે શ્રીહરિએ તત્કાળ એક સારું પીતાંબર પહેર્યું. ૪૩.

પછી ચરણોમાં ચાખડીઓ પહેરી. ચટકતી ચાખડીઓની લટકતી ચાલથી શ્રીહરિ ચાલ્યા. નવો ચોરસ ચકમો (ધાબળા જેવુ ગરમ વસ્ત્ર) આસન માટે પાથરી દીધો. ૪૪. શ્રીહરિ હસતે ચહેરે આવીને તેના ઉપર પૂર્વ દિશા તરફ મુખ કમળ રાખીને બેઠા. પીરસેલો સોનાનો થાળ લાવીને મૂક્યો. તેમાં પીરસેલા ભોજનોનો કોઈ પાર ન હતો. ૪૫. દૂધપાક, બિરંજ, સાકર નાખીને બનાવેલો સરસ કંસાર, લાડુ, શીરો, હરીસો વગેરે કર્યા હતા. તેમજ સુંદર પૂરી પણ બનાવી હતી. ૪૬.શ્રીહરિ બધી વસ્તુઓને પ્રેમથી જમ્યા, જમીને ચળું કર્યું, જળપાન કર્યું. પછી તરત તૈયાર કરી રાખેલો મુખવાસ પણ જમ્યા. ૪૭.

મુક્તાનંદસ્વામી આદિક સંતો અને દરબારો જે સાથે હતા તે બધા ઉમંગથી જમ્યા. ૪૮. તે સહુ જ્યારે જમી રહ્યા ત્યારે શ્રીહરિ આવીને પલંગ ઉપર વિરાજ્યા. તે સમયની શોભા વર્ણવી શકાતી નથી. ૪૯. કાઠી લાખા ગોવાળિયાની દીકરી રાઈબા અને કાઠી કાંથડ ગોવાળિયાની દીકરી હીરબાઈ, બંને બહેનોએ આવીને શ્રીહરિનાં દર્શન કર્યાં. દર્શન કરતાની સાથે જ તરત તેમને સમાધિ થઈ. ૫૦. તે સમાધિમાં ગોલોકધામમાં ગઈ. રાસક્રીડા કરતાં શ્રીકૃષ્ણ ભગવાનનાં દર્શન થયાં. તેથી તેમને ઘણું જ આશ્ચર્ય થયું. બીજી ચાર પાંચ બાલાઓ ત્યાં આવી હતી. ૫૧. તે બધી દીકરીઓને ગોલોકધામનાં દર્શન કરાવીને શ્રીહરિએ તત્કાળ જાગ્રત કરી. તે બધી દીકરીઓ શ્રીહરિને સર્વનું કારણ સમજીને ચરણોમાં નમી પડી. ૫૨. અને તે વાત તેમણે મનમાં

જ રાખી, પણ કોઈ આગળ પ્રગટ કરી નહીં. શ્રીહરિ તો પોતાના મનમાં તે બધું સાક્ષાત્ જાણતા જ હતા. ૫૩.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શ્રીહરિ લાખણકા પધાર્યા' એ નામે પંદરમો તરંગ સમાપ્ત ॥૧૫॥



પૂર ચોથું : તરંગ - ૧૬

શ્રીહરિએ મનુષ્યજન્મની મહત્તા અને પાપકર્મોનું ફળ ભોગવવું પડે છે એ વાત કરી

શ્રીહરિ થાળ જમીને જ્યારે પલંગ ઉપર વિરાજમાન થયા ત્યારે હરિભક્તો ઘણા જ પ્રેમથી વિવિધ પ્રકારની પૂજા-સામગ્રી લાવ્યા. ૧. શ્રીહરિને અનુપમ વસ્ત્ર પહેરાવીને સોનાના હાર પહેરાવ્યા. પછી કેસર યુક્ત ચંદનની ચરચા કરી, તેથી શ્રીહરિ ઘણા જ રૂપાળા બન્યા. ૨. કપૂરથી આરતી કરી ત્યારે વિવિધ પ્રકારનાં વાજિંત્ર વાગવા લાગ્યાં. પછી દીનભાવે હાથ જોડીને સ્તુતિ-પ્રાર્થના કરી. ૩. તે સમયે ગોવાળિયા કાઠી દરબારો ફરીવાર શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા. તેમને શ્રીહરિએ તેના હિત માટે આદર આપીને પોતાની પાસે બોલાવ્યા. ૪. તે બધા શ્રીહરિના ચરણોમાં પોતાના મસ્તક નમાવીને બેઠા. બધાએ હોકાઓને દૂર મૂકી દીધા હતા. શ્રીહરિની પાસે લાવ્યા નહોતા. ૫.

તેમનો એટલો ભાવ જોઈને શ્રીહરિ વાત કરવા લાગ્યા, "આટલું સુંદર મનુષ્યનું શરીર પામીને જે ભગવાનનું ભજન કરતા નથી. ૬. અને આ શરીરથી જે પાપ કરે છે તે તો વજ્રલેપ થઈ જાય છે. તે પાપોથી છૂટવા માટેનું તો આ શરીર છે. બીજો કોઈ તે પાપથી છૂટવાનો ઉપાય નથી. ૭. તે બાબતનો અહીંયા વિચાર કરવો જોઈએ. વિચાર્યા વિના છૂટકો જ નથી. નહિ તો આગળ જમપુરીનું ઘોર દુઃખ છે. જમની આગળ કોઈનું જોર ચાલતું નથી. ૮. અહિંયા ભલે મનમાન્યું સુખ ભોગવતા હોય, જમ આગળ તો રાજાની તોપ પણ કાંઈ ઉપયોગી થતી નથી. અહીંયા જીવ જેવું કર્મ કરે છે

તેને આગળ તેવું કર્મફળ ભોગવવું જ પડે છે. ૯. જે અધિકારો હોય છે તે બધાને અહીંયા છોડીને જ જવાનું હોય છે. ત્યાં કોઈનું લેશમાત્ર પણ બળ ચાલતું નથી. ભાલો, તલવાર કે બંદૂક કોઈનું જોર ત્યાં ચાલતું નથી. ૧૦. અને કોઈ વગવસીલાનું જોર પણ ત્યાં ચાલતું નથી. ત્યાં લાંચ લેવાની રીત પણ નથી. ત્યાં તો અદલ નીતિ ચાલે છે. ૧૧. ખરી વાત જ કામ લાગે છે. ખોટી વાત હોય તો માર પડે છે.” શ્રીહરિએ કહેલી વાત સાંભળીને તેને ગોવાળિયા કાઠી દરબારોએ સાચી માની. પોતાથી થયેલી ભૂલને મનથી માની લીધી. ૧૨.

પછી તેઓએ બે હાથ જોડીને શ્રીહરિને કહ્યું, મહારાજ ! અમારી જિંદગીના આટલા દિવસ તો બાળબુદ્ધિમાં જ વીત્યા. આપે અમને સમજણ આપીને મનુષ્ય કર્યા. ૧૩. હવે આપ સાક્ષાત્ પરમેશ્વર મળ્યા છો એટલે જેમ કહો તેમ અમે કરીએ. હવે અમારી જે બાંય પકડી છે તેને આપ છોડશો નહિ. અત્યારે આપે ઘણી જ સારી વાત કરી છે. ૧૪. આપ મળ્યા પહેલાના અમારા આટલા દિવસ વ્યર્થ વીત્યા છે. માનો આપ અમારે માટે જ પ્રકટ્યા હોવ તેમ અમારો ઉદ્ધાર કર્યો છે. ૧૫. આપે અમને જે ઉપદેશ કર્યો છે તેને અમે અચળ કરીને કાયમ રાખશું. માથું જાતા પણ એ ઉપદેશને છોડશું નહિ. આપના ઉપદેશને અમે છોડી દઈએ અને અમારી અધોગતિ થાય, તો તેમાં આપનો કાંઈ દોષ ન કહેવાય. ૧૬.

ત્યારે વળી શ્રીહરિએ તે ગોવાળિયાઓને હેતથી કહ્યું, “ક્યારેય તમારે મનુષ્યની હિંસા કરવી નહિ. તમને કોઈ મારવા આવે ત્યારે તેને તમે જો મારો, તો તે દોષ ગણાય નહિ. ૧૭. જે કોઈ આવીને તમારા ઉપર પહેલો ‘ઘા’ કરે તો તેને મારવામાં કોઈ દોષ નથી. બસ અમારું વચન તમારે એટલું પાળવું કે કોઈના ઉપર પહેલો ‘ઘા’ કરવો નહિ. ૧૮. ગાયની જે જાતિ છે તેને ક્યારેય તગડી-હાંકીને લઈ જવી નહિ. બ્રાહ્મણ અને ભેખધારીને તમારે લૂંટવા નહિ. ૧૯. અમારી ઈચ્છા તો એવી છે કે ‘મનુષ્યમાત્રને લૂંટવા નહિ.’ પણ એ બધું તમે અત્યારે પાળી શકશો નહિ, ધીરે ધીરે તે બધું છોડી દેવું. ૨૦. મારા કહ્યા પ્રમાણે તમે વર્તશો તો તમને વર્તમાન સમયમાં દુઃખ નહિ આવે

અને તમે પરલોકમાં પણ સુખી થાશો." ત્યારે લાખાભાઈ અને કાંથડભાઈ, બંને ગોવાળિયા ભાઈઓએ શ્રીહરિના વચનને મસ્તકે ચઢાવ્યું. ૨૧.

પછી તે બંને ભાઈ બોલ્યા, 'મહારાજ ! આટલા વરસ સુધી અમે અનંત પાપ કર્યા છે, તેને આપ માફ કરજો. હવે અમે આપના કહ્યા પ્રમાણે ચાલશું. પાપમાત્રને દૂર તજી દેશું. ૨૨. અત્યાર સુધી અમે પાપને પણ ધર્મ માન્યો હતો અને તેથી જ તે પાપ કર્યા છે. વિપ્રો અને ભેખધારી જે છે તે એમ કહે છે એ જ તમારો ક્ષત્રિયનો ધર્મ છે. ૨૩. તેઓ અમને કહે છે કે રામચંદ્રજી અને શ્રીકૃષ્ણ આ બે ઘણા સમર્થ મોટા અવતારો થયા. ઋષભદેવજી અને પૃથુ વગેરે બીજા પણ અપાર અવતારો થયા છે પણ તેઓ રામચંદ્ર અને શ્રીકૃષ્ણના જેવા નહિ. ૨૪. "જીવની હિંસા અને લૂંટ એ બંનેને તે બેય અવતારોએ કરી છે." આવું ઘણા ચતુર અને મહાન પંડિત વિપ્રો પણ કહે છે. ૨૫.

મહાભારત અને રામાયણની કથા કરીને સહુને તેઓ કહે છે કે આદિ યુગથી 'હિંસા અને લૂંટ' એ બે ક્ષત્રિયોનો ધર્મ રહ્યો છે. ૨૬. અમે તો ધર્મ કે અધર્મની બાબતમાં વધારે જાણતા નથી. વિપ્રો તેને જાણતા હોય છે. એટલે તેઓ જેમ કહે તેમ અમે કરતા રહ્યા છીએ. ૨૭. હવે તેનું પાપ કોની માથે ? તેનો ઉત્તર હે હરિ ! આપ જ કરો અમે તો શાસ્ત્રોના માર્ગમાં આંધળા છીએ. તેથી આપને હાથ જોડીને પૂછીએ છીએ.' ૨૮. જન્મથી આંધળા માણસને માર્ગ અને કુમાર્ગ બંને સરખા જ ગણાય. આંધળો દેખતાને પૂછીને ચાલે. તેવામાં આંધળાને કોઈ ખળ માણસ મળી ગયો. ૨૯. તેણે આંધળાને કુમાર્ગે ચઢાવી દીધો. તેથી આંધળો માણસ બહુ જ દુઃખી થઈ ગયો. હવે આપ કૃપા કરીને કહો કે તેમાં દોષ કોનો ગણાય ? ૩૦.

ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું, એનો ઉત્તર તો સહેજે જ સમજી શકાય છે. પહેલું દુઃખ તો અંધ માણસને આવે છે પછીથી તો તેને કુમાર્ગે ચઢાવનારાને આવે છે. ૩૧. અંધને જે દુઃખ થયું તેના કરતા ચોગણું દુઃખ તે ખળ માણસને ભોગવવું પડશે. પણ ખળ માણસને તેવો ડર લાગતો નથી, કારણ કે તેના હૃદયમાં તો નાસ્તિકતા જ ભરી પડી હોય છે. ૩૨આસ્તિક મનુષ્ય શાસ્ત્રોની આજ્ઞાને પાળે છે, તેને તલ ભાર પણ લોપતો નથી. ભગવાન સર્વસમર્થ કહેવાય, તેનો વાદ લેવાય નહિ, તેમની આજ્ઞામાં વર્તવાનું વિચારવું જોઈએ. ૩૩.

✳ શ્રીહરિચરિત્રોનું શ્રવણ મોક્ષનું વ્દાર છે :

ચોપાઈ :

सम्रथ करे सो सब जिय हीता, हरि के चरित्र सब हि पुनीता;
चरित्र सुनना करना नाई, करे सो जन जमपुर जाई...३४

સમર્થ જે કરતા હોય તે જીવોના હિતને માટે હોય છે. ભગવાનના બધા જ ચરિત્રો પરમ પવિત્ર હોય છે. ચરિત્રોને સાંભળવા પણ તેની જેમ તે પ્રમાણે પોતે વર્તન કરાય નહિ. જે માણસ સમર્થનું અનુકરણ કરે તો તે જમપુરીમાં જાય છે. ૩૪.

हरि के चरित्र जाने निष्पापा, तिनके नास पामे सब पापा;
आप करन जीय मति ईमि धारे, तेहि पाप को न आवत पारे...३५

જે મનુષ્ય ભગવાનના ચરિત્રોને નિષ્પાપ સમજે છે, તેના બધા જ પાપોનો નાશ થઈ જાય છે. જે માણસ ભગવાનના ચરિત્રોનું અનુકરણ કરવાનું મનમાં ધારે છે, તેના પાપનો તો પાર આવતો નથી. ૩૫. ભગવાનની જેમ આજ્ઞા હોય તે પ્રમાણે વર્તન કરવું. પાપમાર્ગથી હંમેશા ડરતા રહેવું. આવું જેનું વર્તન હોય તેનો તત્કાળ ઉદ્ધાર થાય છે. અત્યારે અમે એવો નિશ્ચય કર્યો છે. ૩૬.

આટલી વાત ત્યાં કહીને શ્રીહરિ ચાલવા તૈયાર થયા. ત્યારે તૈયાર કરેલો અશ્વ ત્યાં લાવ્યા એટલે શ્રીહરિ તેના ઉપર સવાર થયા. ૩૭. લાખણકાના ગ્રામજનોએ શ્રીહરિનાં દર્શન કર્યાં અને બધા જ રાજી થયા. બધાએ સત્સંગને સત્ય માન્યો અને અધર્મને મલિન માન્યો. ૩૮. સહુ શ્રીહરિને પગે લાગ્યા. હાથ જોડીને વિનંતી કરી. આપ પધાર્યા, બહુ સારું થયું. આપે અમને નિષ્પાપ કર્યા. ૩૯. એભલ ખાચરના ગરાસના ગામની બધી પ્રજા અમે તેમના ચાકર કહેવાઈએ. અને તેને લીધે જ આપ અહીં પધાર્યા છો. હવે અમે આપના આશ્રિત થઈને રહેશું. ૪૦.

વિવિધ પ્રકારનાં વાજિંત્ર વાગતાં હતાં ત્યારે શ્રીહરિ ગામ બહાર નીકળ્યા. શ્રીહરિએ ગામના બધા લોકોને પાછા વાળ્યા, છતાં જે આવતા

હતા તેમને તરત રોક્યા. ૪૧. ઉન્મત્તગંગાને કિનારે શ્રીહરિ પધાર્યા. ત્યાં એક ખાખીની જગ્યા હતી. શ્રીહરિનો પ્રતાપ જોઈને તે મનમાં બળી ઊઠ્યો. ૪૨. તે જેમ તેમ એલફેલ બોલવા લાગ્યો. ગાંજો પીને તેના કેફમાં ચકચૂર બન્યો હતો. તેના શબ્દોને તો ગધેડાના ભૂંકવા જેવા ગણીને શ્રીહરિએ તે કાને ધાર્યા નહિ. ૪૩. પણ ગામના લોકોએ તેની દુષ્ટતા દેખીને તેની લાકડીથી પૂજા કરી. શ્રીહરિએ તે જોઈને લોકોને રોક્યા. આમ બીજા દ્વારાએ તેને પરચો આપ્યો. ૪૪.

ધર્મના લાલ શ્રીહરિ મુખ આડો રૂમાલ રાખી ખાખીની દુષ્ટતા જોઈને ઘણું હસ્યા.નદીમાં ચાલતા માર્ગથી પૂર્વમાં તાજા પાણીના ધરાને જોઈને શ્રીહરિ રોકાયા. ૪૫. સ્નાન કરવા માટે અશ્વ ઉપરથી નીચા ઉતર્યા. મનોહર મૂર્તિ શ્રીહરિ તે જળમાં ઘણીવાર સુધી નાહ્યા અને દરબારોને ખુશી કર્યા. ૪૬. નાહ્યા પછી સહુએ ત્યાં કાંઈક ટીમણ કર્યું. સાંજે વાળું કરવાની રુચિ ન રહી. પછી ત્યાંથી શ્રીહરિ ઉગામેડી ગામ આવ્યા. ૪૭. ઉગામેડી જીવા ખાચરના ગરાસનું ગામ કહેવાય. તેમાં કણબી ઘણા રહેતા હતા. બધા વૈષ્ણવ મતને માનતા પણ સત્સંગની કાંઈ રીત જાણતા નહિ. ૪૮. એક કણબી શ્રીહરિને પોતાને ઘેર લઈ ગયો અને ઉતારો કરાવ્યો. સહુના અશ્વોને ફળિયામાં બંધાવ્યા. ૪૯. ઘોડાઓને પણ જોગાણ અને ઘાસ વગેરે મનમાન્યું આપ્યું. રસોઈ કરાવવા માટે તેણે ઘણી 'તાણ' કરી. ૫૦. બધા જમીને જ આવ્યા હતા. રતીભાર પણ કોઈને ભૂખ ન હતી. ત્યારે તેણે સારી સાકર નાખીને દૂધ તૈયાર કરાવ્યું અને સહુને પાયું. ૫૧. પછી એક ગાડા ઉપર પલંગ ગોઠવીને તેના ઉપર ગાદી તકિયા વગેરે બિછાવ્યું. જરિયાની વસ્ત્ર તથા અલંકાર ધારીને શ્રીહરિ પલંગ ઉપર વિરાજમાન થયા. તે સમયે શ્રીહરિની આગળ એક મશાલ કરી. ૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શ્રીહરિએ લાખણકામાં ગોવાળિયા કાઠીઓને સત્સંગ કરાવ્યો પછી ઉગામેડી પધાર્યા' એ નામે સોળમો તરંગ સમાપ્ત ॥૧૬॥



પૂર ચોથું : તરંગ - ૧૭

શ્રીહરિ ઈંગોરાળા પધાર્યા, ત્યાં સુરા ખાચર વગેરે અને લુણા ખાચરે શ્રીહરિની પૂજા કરી

દરબાર માંચા ખાચરે ગાળીને દૂધમાં સાકર નાખીને તૈયાર કરેલું દૂધ પ્રથમ શ્રીહરિને પાયું. તે પછી બધા સંતોને દૂધ પાયું. પછી પોતે ત્યાં જમ્યા. ૧. માંચા ખાચરની સાથે તે કણબીને પરિચય હતો. તેને લીધે જ તેને ઘેર ઉતારો કર્યો અને તેણે સહુનું સારી પેઠે સન્માન કર્યું હતું. ૨. શ્રીહરિએ એક પહોર (૩ કલાક) રાત ગઈ ત્યાં સુધી કીર્તન ગવડાવ્યા. ઉપર ચંદની બંધાવીને તેની નીચે શ્રીહરિ રાતે સૂતા. ૩. બધા દરબારો શ્રીહરિની પાસે સૂતા. સંતો ધ્યાન કરવા લાગ્યા. સવારે અજવાળું થયું ત્યારે સંતોએ 'નારાયણ ધૂન' કરી. ૪. ધૂન સાંભળીને તરત પરમ દયાળુ શ્રીહરિ જાગ્યા. શૌચવિધિ કરીને દાતણ કર્યું. રંગભીના શ્રીહરિ તરત તૈયાર થયા. ૫. **પીપળિયા** ગામ થઈને શ્રીહરિ **ઈંગોરાળા** પધાર્યા. દરબાર સુરા ખાચરનો બધો પરિવાર ઈંગોરાળા આવીને રહ્યો હતો. ૬.

❋ સુરા ખાચરના પરિવારનો પરિચય :

સુરા ખાચર, ત્રણ ભાઈઓ હતા. તેમના પિતાનું નામ ડોસા ખાચર હતું. એ બધાને ઠેબાણી ખાચર જાણવા. તેનું કુટુંબ ઘણું મોટું હતું. ૭. નાપા ખાચર અને સુરા ખાચર એ બે ભાઈ પ્રથમ સત્સંગી થયા તેમના બધા પુત્રો પણ પછી સત્સંગી થયા. ૮. નાપા ખાચરને કાળા ખાચર અને માણસિયા ખાચર નામે બે પુત્ર હતા. સુરા ખાચરના ત્રીજા ભાઈ હાથિયા ખાચર હતા. તેના બે પુત્ર રાણા ખાચર અને ડોસા ખાચર નામે હતા. તે બંને સારા હરિભક્ત થયા હતા. તેઓ નાગડકા ગામમાં રહેતા હતા. સુરા ખાચરને નાથા ખાચર નામે એક જ પુત્ર હતા. તેઓ સારા સમજુ હરિભક્ત હતા. ૯-૧૦. નાથા ખાચરના જેટલા પુત્ર થયા તે બધા પણ સારા હરિભક્ત થયા. સુરા ખાચરના પત્ની શાંતિબાઈ નામે હતા. તેઓ પણ એકાંતિક હરિભક્ત થયા હતા કે તેના જેવા બીજા હરિભક્ત બહેનોમાં ન મળે. તે પ્રમાણે જ તે પરિવારની જેટલી પુત્રીઓ થઈ, તે બધી પણ સર્વશ્રેષ્ઠ હરિભક્ત બની હતી. ૧૧-૧૨.

ભક્તવત્સલ અને મહાન કૃપાળુ શ્રીહરિ જ્યાં સુરા ખાચરનો બધો પરિવાર આવીને રહ્યો હતો તે ઇંગોરાળા ગામમાં તે સહુને દર્શન આપવા પધાર્યા. ૧૩. શ્રીહરિ પધારે છે એમ દેખીને સહુ સામે આવ્યા. તત્કાળ બધા ચરણોમાં પડ્યા. શ્રીહરિએ તે સહુને પ્રેમથી બોલાવ્યા. ૧૪. શ્રીહરિનાં દર્શન કર્યાં તે સમયે જ તે સહુના દુઃખો-સંકટો શમી ગયા. તેમને ત્યાં રિદ્ધિ સિદ્ધિ અપાર પ્રમાણમાં આવીને વસી અને સોનાનો તથા રૂપાનો તો કોઈ પાર જ રહ્યો નહિ. ૧૫. શ્રીહરિને ઘણાં જ હેતથી ઘરમાં પધરાવ્યા. અને અક્ષરધામમાંથી સાથે આવેલા સદાના સ્નેહી તે પરિવારજનો તો અલગ મકાનમાં જઈને રહ્યા. ૧૬. શ્રીહરિ પલંગ ઉપર વિરાજમાન થયા. તેમની અદ્ભુત શોભા વર્ણવી શકાતી નથી. સુંદરશ્યામ શ્રીહરિ ભક્તોના મનોરથોને પૂરા કરવાની ઇચ્છા કરીને હેતથી જ પધાર્યા છે. ૧૭.

મુકુંદાનંદ અને જયાનંદ, એ બે વર્ણીઓએ તરત જ રસોઈ તૈયાર કરી. શ્રીહરિને સારા બાજોઠ ઉપર બેસાડ્યા અને ગરમ પાણીથી સ્નાન કરાવ્યું. ૧૮. શરીર લૂછીને પછી તરત જ પીતાંબર પહેર્યું. જરિયાની શાલ ઓઢી લીધી, ચરણોમાં ચાખડીઓ પહેરી. ૧૯. જ્યારે શ્રીહરિ આવીને બાજોઠ ઉપર બેઠા ત્યારે વર્ણીએ ભોજન પીરસેલો થાળ તેમની આગળ મૂક્યો. ભોજનોને ગણે પાર આવે તેમ ન હતું. દૂધપાક ઘણો સારો કર્યો હતો. ૨૦.

❋ શ્રીહરિની સેવાનું ફળ :

પુષ્કળ તાજા ઘીમાં તળીને રીંગણાનું શાક બનાવ્યું હતું. તેને શ્રીહરિ ઘણા જ ભાવથી જમ્યા અને 'આવું સ્વાદુ શાક તો હમણાં ક્યારેય થયું નથી.' એમ બોલીને તેના વખાણ કર્યા. ૨૧. જેને ઘેર શ્રીહરિ થાળ જમ્યા તે ભક્તજનને અગણિત સંપત્તિ પ્રાપ્ત થઈ અને જે ભક્તે શ્રીહરિને વસ્ત્ર ઓઢાડ્યાં, તેની સત્કીર્તિ આખા બ્રહ્માંડમાં છવાઈ ગઈ. ૨૨. કોઈએ શ્રીહરિને એક લોટો જળપાન કરાવ્યું તેને ઇન્દ્રના કરતાં પણ વધારે સુખ મળ્યું. કોઈ મનુષ્યે શ્રીહરિને એક જ વાર હાથ જોડ્યા તો તે રોજે અપાર સુખને પામ્યા. ૨૩. જેણે શ્રીહરિનું સન્માન કર્યું તેને શ્રીહરિએ અખંડ સુખ આપ્યું. જેણે મુખથી શ્રીહરિની કીર્તિનું ગાન કર્યું તેની કીર્તિ અપાર છવાઈ ગઈ. ૨૪.

જેણે એક તલભાર જેટલી શ્રીહરિની સેવા એકવાર પણ કરી હોય તો તેને મેરુ પર્વતના જેટલું મહાન સુખ મળે છે. આવું અનંતફળ આપનારો આ શ્રીહરિનો અવતાર છે. ૨૫.

શ્રીહરિ જે થાળ જમ્યા તેની પ્રસાદી સુરા ખાચરને આપી. પછી ચળું કરીને જળપાન કર્યું. પછી ભક્તાધીન ભગવાને મુખવાસ લીધો. ૨૬. તે પછી સંતોને અને દરબારોને જમવા માટે સાથે બેસાડ્યા. શ્રીહરિ ઘણા જ ઉમંગથી તેમને પીરસવા લાગ્યા. શ્રીહરિ પરમ કરુણાના ધામ છે. અને ભક્તોને સુખ દેવાને માટે તો પ્રકટ્યા છે, એટલે ઘણા જ હેતથી પંક્તિમાં પીરસવા માટે વારંવાર ફરવા લાગ્યા. ૨૭-૨૮. જમવા બેઠેલા સૌ સંતો જમીને જ્યારે તૃપ્ત થયા ત્યારે શ્રીહરિએ હાથ ધોયા અને આવીને પલંગ ઉપર બેઠા. તે વખતે સંતોની અને દરબારોની સભા થઈ. ૨૯.

ગામના જે ભાવિક લોકો હતા તેઓ પણ આવીને સભામાં બેઠા. તે સમયે સુરા ખાચર ષોડશોપચાર વિધિથી શ્રીહરિની પૂજા કરવા માટે પૂજાપો લઈને આવ્યા. ૩૦. તેમના ભાઈ નાપા ખાચર નામે હતા. તે પણ પૂજાનો સામાન પાત્રોમાં ભરીને લાવ્યા. તેમની સાથે પોતાના પૌત્ર વગેરે સહુ પૂજા કરવા આવ્યા. ૩૧. તે વખતે ઢોલ અને શરણાઈ વગેરે વાજિંત્ર મંગાવ્યા હતા તેના ધ્વનિથી આકાશ ગાજી રહ્યું હતું. વળી તેમને ત્યાં આવનારા માંગણ રાવળો પણ તે વખતે વાજિંત્રો લઈને આવ્યા હતા. ૩૨. તે રાવળોમાં નાગાજણ, પૂંજો અને દેહો, સારા સત્સંગી થયા હતા. જ્યારે દરબારો પૂજા કરવા લાગ્યા ત્યારે અત્યંત શોભા બની હતી. ૩૩. તેમાં પ્રથમ શ્રીહરિનાં ચરણકમળને દૂધથી ધોયા. તે પછી અતિશય પ્રેમે કરીને પંચામૃતથી પૂજા કરી. ૩૪. વિવિધ પ્રકારનાં વસ્ત્રો અને આભૂષણો શ્રીહરિને પ્રેમથી પહેરાવ્યા. લલાટમાં કેસરયુક્ત ચંદન ચરચ્યું અને તેમાં કુંકુમનો મોટો ચાંદલો કર્યો. ૩૫. તે વેળાએ કેસર ચંદન, ધર્મકુમાર શ્રીહરિના ચરણોમાં ચરચીને ઘણા જ પ્રેમથી તેને છાતી ઉપર ચાંપ્યા. ૩૬. તે પછી સહુએ મળીને નખ શિખ મૂર્તિ હૃદયમાં ધારીને આરતી ઉતારી. અનેક પ્રકારનાં વાજિંત્રો વાગવા લાગ્યા અને આનંદનું પૂર વહેવા લાગ્યું. ૩૭. શ્રીહરિની આવી પૂજા

દેખીને અવિદ્યા અતિ બળી ઊઠી. ત્યાં તેને ચાલવાના પગચિહ્ન(રેખ) પણ ન રહ્યા. તે બળ્યા પછી તેની રાખ પણ ઊડી ગઈ. ૩૮. પછી અનુક્રમે એક એક સંતની પૂજા વિધિપ્રમાણે કરી. પ્રત્યેકને એક એક ચાદર આપી. કારણ કે દરબાર સુરા ખાચરને સંતો ઉપર અને શ્રીહરિ ઉપર ઘણું હેત હતું. ૩૯.

ઈંગોરાળાના ગામધણી દરબાર લુણા ખાચર હતા. તે અનન્ય સત્સંગી થયા હતા. તેને સત્સંગ ઉપર બહુ જ હેત હતું. ૪૦. તેઓ સત્સંગ સિવાયના બીજા જે મહા અધર્મી પંથો હતા તેને જાણતા હતા. કેમ જે, બીજા બધા જ મતપંથોમાં જઈ આવ્યા પછી સત્સંગી થયા હતા. ૪૧. ચારે ધામોમાં જઈને તેમણે હરેક વ્યક્તિને તપાસી જોયા ત્યારે તેમાં કાંઈ ને કાંઈ અધર્મ દેખાયો. આથી તે મતોને છોડી દીધા હતા. ૪૨. આવી સમજણમાં તો તેઓ શ્રેષ્ઠ વિવેકી હતા. પોતાના જીવના મોક્ષને માટે તેમણે અનેક ગુરુઓ કર્યા હતા. પણ તેમાં જ્યારે અધર્મ દેખાય ત્યારે હૃદયમાં સંતાપ થતો. પછી તે ગુરુને તજી દઈને ધર્મવાળા ગુરુને ખોળવાનું ચાલું રાખતા. ૪૩. આમ શોધખોળ કરતા સત્સંગના ધર્મવાળા સંતો મળી ગયા. તેમના મુખથી જ્યારે વાતો સાંભળી ત્યારે હૃદયમાં સાક્ષાત્ તેજ દેખાયું. ૪૪. તે તેજમાં શ્રેષ્ઠ અનુપમ શ્રીહરિનું સાક્ષાત્ સ્વરૂપ દેખાયું. તેથી તેમને સત્સંગ થયો અને મનમાં તેનો રંગ લાગ્યો. ૪૫.

લુણા ખાચર કોઈ મોટા રાજાથી પણ ડરતા નહિ. તેઓ મહાન ભક્તરાજ થયા. તેમણે યોગ્ય સમય દેખીને શ્રીહરિની પૂજા કરી. ૪૬. શ્રીહરિ કેટલું રોકાય તે કાંઈ નિર્ધાર ન હતો. સંભવ છે એક ઘડીવારમાં પણ ચાલવા તૈયાર થઈ જાય. આથી તેમણે ચંદનની અરચા કરીને જરિયાની પોશાક બધો શ્રીહરિને પહેરાવ્યો. ૪૭. શ્રીહરિના ચરણકમળને પોતાની છાતીમાં ચાંપ્યા. અનંત પ્રકારનાં વાજિંત્ર વગડાવીને પ્રેમથી આરતી ઉતારી. ૪૮. તે વેળાએ સહુ સંતોની પૂજા કરી. બધાને વસ્ત્ર ઓઢાડ્યા, સાષ્ટાંગ દંડવત્-પ્રણામ કરીને સ્તુતિ કરી. ૪૯. સાંજનો સમય જાણીને તે દરબારે રસોઈ કરાવી હતી. તેમણે પોતાનું મન માને તેવા સાકરના લાડુ કરાવ્યા હતા. ૫૦. દૂધ, ભાત, બહુભાતના ભજિયા અને વડા બનાવ્યા હતા. ખૂબ જ મશાલા નાખીને અનેક પ્રકારના શાક પણ કરાવ્યા હતા. ૫૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શ્રીહરિ ઈંગોરાળા પધાર્યા અને ત્યાં સુરા ખાચર અને લુણા ખાચરે શ્રીહરિની પૂજા કરી' એ નામે સત્તરમો તરંગ સમાપ્ત ॥૧૭॥



પૂર ચોથું : તરંગ - ૧૮

ઈંગોરાળામાં લુણા ખાચરને ઘેર શ્રીહરિએ સત્સંગનો અને સંતનો મહિમા કહ્યો

મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામી ગાન વિદ્યામાં નિપુણ હતા. તેમણે પહેલા ગોડીના પદ ગાયા પછી સંધ્યા આરતી કરી. ૧. પછી 'નારાયણ ધૂન' કરી ભગવાનની સ્તુતિ, પ્રાર્થના અને દંડવત્-પ્રણામ વગેરે કર્યા. તે સમયે બે મશાલ કરી. ૨. મુકુંદાનંદ વર્ણી થાળ જમવા માટે બોલાવવા આવ્યા ત્યારે શ્રીસહજાનંદસ્વામી દરબારને ઘેર જવા ચાલ્યા. ૩. સંતો અને બીજા દરબારો સાથે હતા. શ્રીહરિએ ચાખડીઓ પહેરી હતી. બધા વસ્ત્ર જરિયાની પહેર્યા હતા. આગળ વાજિંત્રો વાગતા હતા. ૪. સુખદાયક શ્રીસહજાનંદ સ્વામી આવીને પલંગ ઉપર બેઠા. જરકસી કોરવાળું એક પીતાંબર પહેર્યું. જરિયાની દોરાવાળી શાલ ઓઢી. ૫.

પછી શ્રીહરિ સોનેરી બાજોઠ ઉપર આવીને જમવા બેઠા. વિધિસર બધું બનાવીને પીરસેલો ભોજનનો થાળ લાવીને આગળ ધર્યો. ૬. સાકરના લાડુ, રીંગણાંનું શાક, ભજિયાં, વડા અને પાપડ વગેરે ખૂબ જ ભાવથી પહેલા જમ્યા. પછી દૂધ, ભાત અને સાકર જમ્યા. ૭. તે પછી દહીં, કઢી અને ભાત ઉપરથી જમ્યા. જ્યારે તૃપ્ત થયા ત્યારે ચળું કર્યું. જળપાન કરીને તાજો મુખવાસ લીધો. ૮. શ્રીહરિ જમ્યા તે બધો થાળ પ્રસાદીના રૂપમાં દરબાર લુણા ખાચરને આપ્યો. શ્રીહરિએ સંતોને અને બધા દરબારોને હેતથી જમવા માટે બેસાડ્યા. ૯. શ્રીહરિ પ્રેમથી તેમને પીરસવા આવ્યા. ચંચળ મૂર્તિનું વર્ણન કરી શકાતું નથી. શ્રીહરિને પીરસવામાં ઘણું હેત હોવાથી પંગતમાં વારંવાર ફરતા હતા. ૧૦.

જ્યારે સમગ્ર સંતો જમી રહ્યા ત્યારે પંગતમાં ફરતા બંધ થયા. હાથ ધોઈને પલંગ ઉપર આવીને બેઠા.ભક્તોને દેખીને શ્રીહરિના હૃદયમાં અત્યંત ઉછરંગ થતો હતો. ૧૧. પછી શ્રીહરિએ બધા જરિયાની વસ્ત્ર ફરીને પહેરી લીધા. લુણા ખાચરે પોતાના ભવનમાં શ્રીહરિના પગલાં કરાવ્યા. ૧૨. પછી અક્ષરપતિ ભગવાન શ્રીહરિ ચાખડીઓ પહેરીને પોતાના ઉતારાને સ્થાને આવ્યા અને પલંગ ઉપર વિરાજમાન થયા. ૧૩. તે સમયે ત્યાં સંતોની અને બધા દરબારોની સભા થઈ. ત્યારે ત્યાં મૂર્તિમાંથી નીકળતું તેજ ચોતરફ સભામાં વ્યાપી ગયું. ૧૪. તે તેજ એટલું બધું દીપી રહ્યું હતું કે સહુની આંખો તેમાં બંધ થઈ ગઈ. વીજળીને પણ ઉજાળે એવું તેજ એક ઘડી (૨૪ મિનિટ) સુધી પ્રસરી રહ્યું. ૧૫. પછી તે તેજને શ્રીહરિએ સંકેલી લીધું. તેમણે સહુને પૂછ્યું કે તમે આંખોને બંધ શા માટે કરી હતી ? ૧૬.

ત્યારે મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામીએ હાથ જોડીને કહ્યું, તેજનો પ્રકાશ અપાર હતો. જે વેળાએ અમે પ્રકાશને દેખ્યો ત્યારે અમારી આંખો બંધ થઈ ગઈ. આંખો ખોલવાનો પ્રયત્ન કર્યો છતાં આંખો ખૂલી નહિ. તે પ્રકાશમાં ઘણી જ શીતળતા હતી. તે પ્રકાશ કરોડો ચંદ્ર સમાન સુખકારી હતો. ૧૭-૧૮. તેવો જ પ્રકાશ અમારા અંતઃકરણમાં થયો તેથી અમને અમારા શરીરનું ભાન રહ્યું નહિ. જીવમાં સુખ સુખ અને સુખ જ વ્યાપી ગયું. મુખથી બોલવાની પણ સૂધ રહી નહિ. ૧૯. તે સુખનો સમય તો અમને માનો કરોડો યુગ વીતી ગયા હોય તેવો જણાયો, પણ અમે ભાનમાં આવ્યા ત્યારે તો તેનો તે જ સમય દેખાયો. આ તે કેવી ધારણા કહેવાય ! અમારો તો તર્ક પણ કામ આવતો નથી. ૨૦.

ત્યારે શ્રીહરિએ હસીને કહ્યું, સત્સંગની વાત તો અમાપ છે. તે કોઈના તર્કમાં આવતી નથી. તે વાત સત્સંગમાં સાક્ષાત્ છે - પ્રત્યક્ષ છે. ૨૧. અત્યારે આવી વાતો તો અપાર છે અને તે વાતો તો માત્ર સત્સંગમાં જ છે. અત્યારે જે સત્સંગનો પ્રતાપ જણાય છે તે બીજા અનંત ભુવનોમાં ક્યાંય જણાતો નથી. ૨૨. સત્સંગનો તો એવો પ્રતાપ છે કે તેને દેખીને બીજા કોઈનો લેશમાત્ર પણ ભાર રહ્યો નથી. જે જે આશ્ચર્યને હું દેખું છું તે તે આશ્ચર્યને હું તમને

પણ દેખાડું. ૨૩. જીવની બુદ્ધિ તો ઘણી થોડી છે. ગમે તેવું આશ્ચર્ય દેખે, તેને તે ઉરમાં લગાર પણ ઠરતું નથી અર્થાત્ ટકતું નથી. પ્રત્યક્ષ જુવે છતાં તેમાં તેને નાસ્તિકભાવ રહે છે. અને જગત તથા ખોટા માણસોનો અભાવ આવતો નથી. ૨૪. તેથી મારા મનમાં તેની અલ્પમતિ દેખીને ડર રહે છે કે તે તેનો દુરુપયોગ કરે ? બાળકના હાથમાં ચિંતામણિ હોય, તો તેનો પણ વિશ્વાસ ન કરાય, કારણ કે તેને તે ચિંતામણિનું મૂલ્ય સમજાયું નથી, તેથી તે તેનો દુરુપયોગ કરી શકે છે. ૨૫. જો વ્યવસ્થિત સત્સંગ કરવામાં આવે તો સત્સંગ ઘણો મહાન છે. સત્સંગ કરવા કરવામાં ઘણો ફરક છે. તે અમે જ જાણીએ છીએ. ૨૬. કોઈ સાધક સાચા ભાવથી અમને તન-મનથી સમર્પિત થતાં નથી. સમર્પણ કરે તોપણ તેમાં કચાશ રહે છે. જીવ પોતાનો મૂળભૂત અજ્ઞાનતાનો સ્વભાવ છોડતો નથી. ૨૭. જેમ ભમરી સામાન્ય કીટને ચટકા લઈને તેનું રૂપ બદલી નાખે છે તેમ અમે પણ જીવનું સ્વરૂપ બદલીને તેને દિવ્ય કરી દઈએ છીએ. જીવનો સ્વભાવ ગીંગાના જેવો છે. વિષ્ઠાનો ગીંગો વિષ્ઠાને જ ભેળી કરે છે તેમ જીવ અજ્ઞાનજન્ય વાસનામાં રચ્યો પચ્યો રહે છે. જીવ જો અમારા સ્વરૂપમાં હેત રાખે તો અમે તેને શુદ્ધ કરી દઈએ. ૨૮.

✻ જેવો અભ્યાસ હોય તેવો અનુભવ થાય :

चोपाई :

शुद्ध भए बिन हरि प्रतापा, देखत तदपि होत उथापा;
शुद्ध को कारन खप विश्वासा, तेहि बिन कोउ न करनि आसा...२९
खप विश्वास को कारन एहा, शुद्ध वैराग्य हि जानो तेहा;
चार प्रकार को प्रलय जेहि, वैराग्य को कारन हे एहि...३०

જીવ શુદ્ધ નહિ હોય તો તે કદાચ ભગવાનના પ્રતાપને દેખશે તો પણ તેને માહાત્મ્ય ટકશે નહિ. જીવને શુદ્ધ થવા માટેનું કારણ તો ખપ અને વિશ્વાસ છે. ખપ ન હોય કે વિશ્વાસ ન હોય તો ત્યાં કોઈ સારા પરિણામની આશા રાખવી નહિ. ૨૯. ખપ જાગે અને વિશ્વાસ આવે, તેનું મૂળ કારણ તો શુદ્ધ વૈરાગ્ય છે, એમ માનવું અને ચાર પ્રકારના પ્રલયને સમજવો, તે વૈરાગ્યનું મૂળ કારણ છે. ૩૦.

श्रवन मनन रखे नित्य अभ्यासा, तब सब प्रगट होवे प्रकाशा;
अभ्यास करन में खोट हे एहु, तेहि कर वृद्धि न होवत तेहु...३१
यह लोक के सुख हि हिता, अभ्यास निरंतर करत चित्ता;
लौकीक सुख को न रत अभावा, इछत हे महा बडता पावा...३२

ઉપર જે વાત કહી તેનું શ્રવણ, મનન અને નિત્ય અભ્યાસ રાખવો. અને નિત્ય નિદિધ્યાસ કરવામાં આવે તો બધું સાક્ષાત્ જણાય છે. અભ્યાસ કરવામાં જે ખોટ રહે છે તેનાથી તે આગળ વધી શકતો નથી. ૩૧. આ જગતના સુખોને મેળવવા માટે પણ માણસ પોતાના ચિત્તમાં તેનું સતત ચિંતન(અભ્યાસ) કરતો રહે છે. લૌકિક સુખનો મનમાં અભાવ આવતો નથી. તે દુનિયાની મોટાઈને પામવા ચાહે છે. ૩૨. જે લોકો સત્સંગમાં આવે છે તે બધા ધર્મ, મર્યાદામાં રહે છે. ધર્મ પાળવાની સાથે ભગવાનનાં સ્વરૂપનો દૃઢ નિશ્ચય હોય તો ચોક્કસ તે અક્ષરધામમાં પહોંચી જાય છે. ૩૩.

આપણા સત્સંગમાં રહીને પણ જે કોઈ અન્ય દેવોની આરાધના કરે છે તે અક્ષરધામમાં પહોંચતા નથી એવા ભક્તને તો સકામ જાણવા. ૩૪. સર્વોપરી શ્રીહરિની ઉપાસના સિવાય બીજા દેવની ઉપાસના-આરાધના કરનારા અને લૌકિક સુખને ચાહનારા સકામ ભક્તને અંતસમયે તેડવા માટે ભગવાન, સાધુ કે હરિભક્ત કોઈ આવતા નથી. સકામ હોય તેને તો દેહના દુઃખ જ ભોગવવા પડે છે તે પોતાના હૃદયમાં તપાસી જોવું. ૩૫. જે દેહના સુખને જીવ ચાહે છે તે દેહ પણ નાશવંત જ છે. કોઈ પણ મનુષ્યનો દેહ અમર તો નથી જ. જ્યારે ત્યારે પણ અંત્યે તેનો વિનાશ તો થવાનો જ છે. તે મરણશીલ દેહને માટે આટલો બધો પ્રયત્ન શા માટે કરવો પડે ? ૩૬. આપણા સત્સંગમાં અનંત જાતિના જીવ આવે છે. તેમાં કેટલાક ધીરજવાળા હોય છે અને કેટલાક ધીરજ વિનાના હોય છે. ૩૭.

જેને ધીરજ નથી હોતી એવા ભક્તોને માટે અમે ગણપતિજી અને હનુમાનજી એ બે દેવને અમે માન્ય રાખ્યા છે. પણ તે બેમાંથી કોઈ એકને જ મુખ્ય માનવા. ૩૮. તે બંને દેવ હરિભક્ત છે. એમના જેવા બીજા કોઈ દેવ નથી. તે બે દેવ, પાર્વતી, મહાદેવજી અને સૂર્ય, એટલામાં બધા જ

દેવો આવી જાય છે. ૩૯. અમારી આજ્ઞા લઈને તે દેવોને માને તે જ સાચો હરિભક્ત છે અને ધીરજ વિનાના હરિભક્તોને માટે તો અમે જ તે દેવોને માનવા પૂજવાની આજ્ઞા કરી છે. ૪૦.

❋ મનમુખીની સર્વે સાધના વ્યર્થ જાય છે :

પણ જે અમારી આજ્ઞા વિના મનમુખી થઈને માને છે તેને સત્સંગી જાણવા નહિ. અમારી આજ્ઞા પ્રમાણે જે વર્તન રાખે છે તે જ પાકો હરિભક્ત છે એમ જાણવું. ૪૧. મનમુખી થઈને જે બળ ઘણું દેખાડે, મનના ધાર્યા બહુ ધર્મ નિયમને પાળે, ખાન પાન વગેરે બધાને છોડી દે અને લોકમાં વૈરાગ્ય ઘણો દેખાડે. ૪૨. ફાટેલા તૂટેલા કપડાં પહેરે, મુખથી મારું નામ બોલતો રહે, મારો મહિમા ઘણો કહે અને ક્યારેક તો મને સંભારીને રડે પણ ખરો. ૪૩. સત્સંગનો અને સંતોનો મહિમા અપાર કહે અને વારંવાર મુખે બોલી બતાવે, પોતાના શરીરને સૂકવી નાખે પણ તેને દેખીને ભૂલા પડવું નહિ. ૪૪. રાત-દિવસ મારું ધ્યાન કરે, આંખનું મટકું પણ મારે નહિ, કાવ્યોને અને કીર્તનોને મુખપાઠ પાકા કરી રાખે, આટલું બધું કરતો હોવા છતાં જેનું વર્તન સંતોથી વિરુદ્ધ હોય તો તે બધું મારાથી વિમુખ કહેવાય; તેના અંત સમયે અમે આવતા નથી. સંતો જેમ કહે તેમ જે વર્તન રાખે તેને જ પાકો સત્સંગી જાણવો. ૪૫-૪૬. કથા-વાર્તા અને ધ્યાનને જે પોતાની શક્તિ પ્રમાણે કરે. સંતોની આગળ દીન-આધીન થઈને વર્તે. સમજણા અને નિર્માની થઈને જે વર્તે, તે પાકો સત્સંગી છે. ૪૭. લૂંટ કરે અને જાણીને ગરીબાઈ બતાવે તે વાત ક્યારેય છાની રહેતી નથી. ઉપરછલ્લું ગરીબ થઈને રહેનારાને જો બધા રોકેટોકે તો પછી તે ભાગી જાય છે. ૪૮.

❋ સંત સર્વથી મહાન છે :

दोहा : संत पद सम पद ही, ओर पद नहिं कोउ;
पताल सुं लई वैकुंठ लग, हम हि देखे सोउ...४९
चार वेद अरु शास्त्र सब, सबको एहि सिद्धांत;
संत हि होना सरल चित्त, सो हे बडे महांत...५०

પાતાળથી લઈને વૈકુંઠધામ સુધી અમે દેખીને જોયું છે કે 'સંત' પદના જેવું બીજું કોઈ પદ નથી. ૪૯. ચાર વેદ અને સમગ્ર શાસ્ત્રોનો એક જ સિદ્ધ ાંત છે કે સરલ ચિત્તના (નિર્મળ સ્વભાવના-મનના) સંત થવું જોઈએ અને તેવા સંત જ સૌથી 'મહાન' છે. ૫૦. જેનું ચિત્ત સરલ ન હોય તેને ક્યારેય 'સંત' ન જાણવા. માટે તેવાને ક્યારેય માનવા જોઈએ નહીં. કેમ જે, જેનામાં ચિત્તની સરલતા ન હોય ત્યાં બિનપ્રયોજન ક્લેશ આવે છે. એટલે તેને 'સંત' માનવા નહિ. ૫૧. સંતોને હંમેશા સત્સંગમાં જ સુખ રહે છે. જેને વિચારનું-સમજણનું બળ રહેતું હોય તે કયારેય કોઈનાથી કચવાતા નથી. ૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'લુણા ખાચરને ઘેર સત્સંગનો પ્રતાપ અને સંતનો મહિમા કહ્યો' એ નામે અઢારમો તરંગ સમાપ્ત ॥૧૮॥



પૂર ચોથું : તરંગ - ૧૯

શ્રીહરિએ કથા-વાર્તાદિને સત્સંગનું દ્વાર કહ્યું અને સૂરા ખાચર સાથે વાતો કરી

પરમ દયાળુ શ્રીહરિએ ઉપર કહ્યા પ્રમાણે 'સંત'નો મહિમા કહ્યો. પછી વાજિંત્રો સાથે ખૂબ શ્રેષ્ઠ અને સરસ કીર્તન ગવડાવ્યા. ૧. બ્રહ્માનંદ સ્વામીએ 'શ્રીરંગ' આવા નામાચરણવાળા કીર્તન બનાવીને ગાયા હતા. કે જે 'કાફી' રાગના હતા. તેને ઘણા જ હેતથી ગવડાવ્યા. ૨. "નૈનુંદા જોર નઝારા, પિયા તેરે નેનુંહું કે, મોસકસી ભરમાર, નેનું બાન સે પ્રાન લિયે॥" કાફી રાગના એ ચાર કીર્તન ગાયા.

કીર્તન પદ - ૧ રાગ : કાફી (બ્રહ્મા.કાવ્ય પે.૩૯૨)

નેનુડા જોર નજારાવે, પિયા તેરે નેનુડા જોર નજારાવે પિયા૦ ટેક.
નેન બાનસે પ્રાન લિયા હૈ, મોહ કરી ભરમરાવે...પિયા૦ ૧
બેનુ મન વેંધાય ગયો હૈ, નેનું નેક નિહારાવે...પિયા૦ ૨

અબ પિયા વશ હોઈ રહી હું, ભૂલ ગઈ સંસારાવે...પિયા૦ ૩

શ્રીરંગ કે અંતરકી જાનન, પ્રીતમ પ્રાન પિયારાવે...પિયા૦ ૪

પદ-૨

નેનુમેં કહ્યું ટુનાવે, પિયા તેરે નેનુમેં કહ્યું ટુનાવે...પિયા૦ ટેક.

નેક નજર ભરી મોય નિહારી, ભૂરકી ડારી કછુ કિનાવે...પિયા૦ ૧

પિય નેન આસક્ત ભઈ જબ, લાગત જક્ત અલુનાવે...પિયા૦ ૨

કહા કહું વે બનત ન કહતે, મેં સુખ ગ્રહી રહી ચુનાવે...પિયા૦ ૩

શ્રીરંગકી અરજી સુની લિજે, નેનુસે દૂર ન હુનાવે...પિયા૦ ૪

પદ-૩

નેંનુસે લગા નેહડાવે, પિયા તેરે નેંનુસે લગા નેહડાવે પિયા૦ ટેક.

નેડા લગા વારી શુદ્ધ વિસરાઈ, પરવશ હો ગયા મેરા દેહડાવે...પિયા૦ ૧

તન-મન-ધન લિન સબ મેરા, પલ નહીં છોડું તેરા કેડાવે...પિયા૦ ૨

નેંન લગત સબ વિગત રહી નહી, હો ગયા જગત નિવેડાવે...પિયા૦ ૩

શ્રીરંગ કાજ સુધાર લિયા હે, પાર કિયા ભવ બેડાવે...પિયા૦ ૪

તે સાંભળીને ધર્મકુમાર શ્રીહરિએ તેમને નવા કીર્તન રચવાની આજ્ઞા કરી. ૩-૪.

❋ સત્સંગવૃદ્ધિના ચાર દ્વારો :

શ્રીહરિએ તે કીર્તનોના ઘણાં વખાણ કર્યા અને મુક્તાનંદસ્વામીના જેવા કવિ તેમને માન્યા. પછી સહુને ભલામણ કરી કે, “તે બંને કવિના રચેલા કીર્તન સહુએ ગાવા. અમે તેમને પ્રમાણ કર્યા છે.” ૫. શ્રીહરિએ કહ્યું, “કથા, વાર્તા, કીર્તન અને નિયમોનું દૃઢપણે પાલન એ ચાર સત્સંગની વૃદ્ધિના દ્વાર છે.” અમે આવો દૃઢ નિર્ધાર કર્યો છે. ૬. ભગવાન (હરિ મળે), મંદિર (મંદિર બને, નભે-ટકે) અને આચાર્ય (સારા રહે ને રખાવે) એ બધા ચારમાં આવી જાય છે. એ ચારમાં બધો સત્સંગ આવી જાય છે. તેનાથી બહાર કોઈ વાત રહેતી નથી. ૭. અધર્મને માર્ગે ચાલનારા જે મનુષ્ય છે તે આ ચાર સત્સંગ વૃદ્ધિ ના દ્વારમાં પેસી શકતા નથી. જ્યારે તેઓ અધર્મ માર્ગને તજી દે છે ત્યારે જ આ ચાર દ્વારમાં પ્રવેશી શકે છે. ૮.

चोपाई :

सत्संग पुर में मिले तब वासा, अधर्मि जन रखे न आसा;
सत्संग पुर को एसो प्रतापा, अधर्मि जनकुं लगत हे तापा...०९
सत्संग की बात हे जेही, सुदरशन चक्र जानो तेही;
हरिभक्त कहावत जेते, तिनकी रक्षा करत हे तेते...१०

સત્સંગ એક નગર છે. તેમાં અધર્મને છોડ્યા પછી નિવાસ મળે છે. અધર્મી મનુષ્યે સત્સંગપુરમાં નિવાસ મળવાની આશા રાખવી નહિ. સત્સંગ પુરનો પ્રતાપ જ એવો છે કે અધર્મી મનુષ્યને તો ત્યાં જતા તાપ લાગે છે. ૯. સત્સંગની વાતને સુદર્શન ચક્રના સમાન જાણવી. સત્સંગમાં જેટલા હરિભક્ત કહેવાય છે તેની રક્ષા વાર્તારૂપી સુદર્શન ચક્ર કરે છે. ૧૦.

તે ચક્ર અધર્મી મનુષ્યનો શિરચ્છેદ કરી નાખે છે. અધર્મીના મનમાં તેનો રાતદિવસ ખેદ થયા કરે છે. વાર્તારૂપી ચક્રથી અધર્મીનો નાશ થાય એટલે તત્કાળ અધર્મનો પણ નાશ થાય છે. ૧૧. શંખ, ચક્ર, ગદા અને પદ્મ એ ચાર સત્સંગપુરના ચારેય દરવાજે રહ્યા છે. સત્સંગપુરની રક્ષા કરવા માટે હાલ અમે અવતાર ધારણ કર્યો છે. ૧૨.

કથાના દ્વાર ઉપર પદ્મ મૂક્યું છે. (કથાથી જીવન ફૂલ જેવું થાય છે.) વાર્તાના દ્વાર ઉપર ચક્ર મૂક્યું છે. (ચક્રની જેમ વાતોથી, અંતઃશત્રુનો નાશ થાય) કીર્તનના દ્વાર ઉપર શંખ મૂક્યો છે (શંખનો ધ્વનિ વાતાવરણને શુદ્ધ એવં પવિત્ર બનાવે છે.) અને નિયમના દ્વાર ઉપર ગદા મૂકી છે. (ગદારૂપી ડરથી જ મનુષ્ય નિયમનું પાલન કરે છે.) ૧૩. શ્રીહરિએ આટલી વાત કરીને તે સભાને પૂરી કરી. પછી સ્વયં પોઢવા ગયા. આ ચરિત્ર કથાને મુક્તાનંદ સ્વામીએ લખી લીધી. ૧૪. શ્રીહરિએ દરબાર સૂરા ખાચરને બોલાવ્યા. પછી તેમને હેતથી વાત કહી. અમે તમારી સાથેના હેતથી આવ્યા છીએ તો હવે અમે કહીએ તેમ તમે કરો. ૧૫. ત્યારે દરબાર સૂરા ખાચરે બે હાથ જોડીને કહ્યું, 'આપ જેમ કહો તેમ હું કરું. હે નાથ ! મારા મનમાં આપનો દૃઢ વિશ્વાસ છે.' ૧૬.

❋ શ્રીહરિની ભક્તવત્સલતા :

तब श्रीहरि बोले कर हीता, बात हमारि सुनो प्रीता;
दृढ विश्वास हमारो जेही, रहत चिंता हमारे तेही...१७
हरिजन जानिके हित हमारे, तेहि बिन ओरकुं नाहिं संभारे;
तिनके सुखें हम हे सुखी, तिनके दुःखे होत हम दुःखी...१८

ત્યારે વળી શ્રીહરિએ તેમને પ્રેમથી કહ્યું, “તમે મારી વાતને પ્રેમથી સાંભળો જેને અમારો દૃઢ વિશ્વાસ હોય છે અમને તેની ચિંતા રહ્યા કરે છે. ૧૭. ભગવાનના ભક્ત જાણીને જ અમારે હેત થાય છે. ભક્ત વિના બીજાને તો અમે સંભારતા પણ નથી. અમે તો પ્રેમીભક્તોના સુખે સુખિયા અને તેના દુઃખે દુખિયા થઈએ છીએ.” ૧૮.

શ્રીકૃષ્ણ ભગવાન ગોકુળમાં જઈને રહ્યા. તેમણે ગોકુળની ચિંતા કરી. માતાપિતા તો મથુરાની જેલમાં હતા. ૧૯. લેશમાત્ર પણ તેમની ચિંતા ન કરી. તેમના હિત માટે ક્યારેય કોઈ ક્લેશ કર્યો નહિ. ગોકુળવાસી ગોવાળોની અને ગોપીઓની રક્ષા રાત દિવસ કરતા રહ્યા. ૨૦. વ્રજવાસીઓને પોતાનું કુટુંબ માન્યું અને તેમની સાથે ઘણો સ્નેહ બાંધ્યો. કંસે અપાર દુઃખી કરેલા પોતાના કુટુંબી યાદવોને ક્યારેય સંભાર્યા નહિ. ૨૧. યાદવો તો ચંદ્રવંશી ક્ષત્રિય હતા. છતાં કૃષ્ણ આહીરોની સાથે રહ્યા. સ્વયં તો મહાન સમર્થ ભગવાન હતા. પોતાના સંકલ્પમાત્રથી જ જગતને ધારી રહ્યા હતા. ૨૨. પરમાત્માએ જ્યારે મનુષ્ય શરીર ધાર્યું હોય ત્યારે તેઓ આવી રીતને રાખે છે. ગોકુળવાસીઓને સુખી કર્યા અને સ્વયં ઘણું દુઃખ સહન કર્યું. ૨૩. ગોકુળમાં પોતાના ભક્તો વ્રજવાસીઓને સુખી કરવા માટે વારંવાર અનંત પ્રકારના ચરિત્ર કર્યા કે જેનો મુખથી કહેતા પાર આવતો નથી. ૨૪.

મહાન સમર્થ સ્વરૂપ શ્રીકૃષ્ણ ભગવાને વ્રજમાં અગિયાર વરસ અને બાવન દિવસ સુધી રહીને સમગ્ર ભક્તોને સુખી કરવા માટે અનુપમ ચરિત્રો કર્યાં. ૨૫. ભગવાનના એક એક દિવસના ચરિત્ર લખીએ તો એક દિવસનો એક મોટો ગ્રંથ થાય. એવો સમર્થ લેખક કોણ હોય કે જે બધા જ ચરિત્રોને લખી શકે ! ૨૬. તેમણે જન્મ લેતાની સાથે જ પોતાનો દિવ્ય પ્રતાપ જણાવવા

માટે, માતાપિતાને ચતુર્ભુજરૂપે દિવ્ય દર્શન દીધું. ૨૭. મસ્તકે સોનાનો મુકુટ, કંઠમાં કૌસ્તુભમણિ, મકરાકાર કુંડળ અને શંખ, ચક્ર, ગદા અને પદ્મ ધારણ કર્યા હતા. ૨૮.

તે સમયે માતાપિતાએ ભગવાનની સ્તુતિ કરી. ભગવાને ભૂતકાળની અને ભવિષ્યની પણ વાત કહી. પછી બાળકરૂપે થયા ત્યારે વસુદેવજીને ઘણો જ ભય લાગ્યો. ૨૯. ત્યારે ભગવાને તેમને કહ્યું, તમે કોઈથી પણ ડરશો નહિ. અમને કોઈ મારવાવાળો નથી. યમરાજ અને કાળને પણ અમારો ડર રહે છે. ૩૦. તે કાળ પણ અમારા ભયથી થરથર ધ્રૂજતો રહે છે. તે કાળ અધર્મી લોકોની તો છાતીને તોડી નાખે છે. તે કાળથી અધિક બળવાન બીજો કોઈ નથી. આવા આખા બ્રહ્માંડને પણ તે કાળ કોળિયો કરી લે છે. ૩૧. કંસ જેવા તો તેની આગળ કશા જ લેખામાં નથી. કંસ તો તેમની દષ્ટિમાં દેખાતોએ નથી. ભગવાને માતાપિતાને આવું ઘણું કહ્યું છતાં તેમના મનમાં પૂરો વિશ્વાસ ન આવ્યો. ૩૨. ત્યારે ભગવાને પોતાના દિલમાં ભક્તવત્સલતા લાવીને ઘણી જ પ્રસન્નતા સાથે વસુદેવને કહ્યું, 'જો તમને કંસનો ભય બહુ જ લાગતો હોય તો તમે અત્યારે જ મને ગોકુળ પહોંચાડી દો.' ૩૩. જે મારી મહામાયા કહેવાય છે તેણે ગોકુળમાં નંદ અને યશોદાને ઘેર અત્યારે ક્યારનોય જન્મ લઈ લીધો છે. ૩૪. ત્યાં મને મૂકીને અત્યારે આ રાતમાં જ તે મહામાયારૂપ કન્યાને અહીં લઈ આવો. તમને કોઈ વિઘ્ન નડશે નહિ. હું તમારી રક્ષા કરવા આવ્યો છું. ૩૫. ત્યારે વિશાળ બુદ્ધિમાન વસુદેવજીએ ભગવાને જેમ કહ્યું તેમ તત્કાળ બાળ ભગવાનને ગોકુળમાં પહોંચાડ્યા અને મહામાયા કન્યાને લઈને પાછી જેલમાં પહોંચાડી. ૩૬.

જ્યારે સૂતિકાગૃહમાં કન્યા રડવા લાગી ત્યારે કન્યાના જન્મના સમાચાર જાણીને તુરંત કંસ ત્યાં દોડી આવ્યો. ૩૭. કંસે દેવકીના હાથમાંથી કન્યાને આંચકી લીધી. દેવકી રડતા રહ્યા છતાં કંસે કન્યાને જોરથી શીલા ઉપર પછાડી. ૩૮. પછાડવા ઊંચી ઉછાળેલી કન્યા કંસના હાથમાંથી છટકી ગઈ. તે સમયે તે ઊંચે આકાશમાં આઠ ભુજાઓમાં આયુધધારી રહેલી દેવીના રૂપમાં દેખાણી. ૩૯.

આકાશમાં રહેલી દેવીએ કંસનો તિરસ્કાર કર્યો. પછી તે બોલી, તને મારનારો અત્યારે જ કોઈ સ્થાનમાં પ્રકટ થઈ ચૂક્યો છે. ૪૦. હવે તારામાં જેટલી શક્તિ હોય તે પ્રમાણે બચવા માટેનો સવેળા ઉપાય કરજે. તને તે ચોક્કસ મારશે જ. તેમની આગળ તારું કાંઈ ચાલશે નહિ. ૪૧. જેમ કોઈ આકાશને બાથ ભરીને પકડવા પ્રયત્ન કરે પણ તેને કાંઈ હાથમાં આવતું નથી. તેમ તારા પ્રયત્નો નિષ્ફળ જશે. તારા પ્રાણોને તો હું એક ક્ષણવારમાં જ તને એક જ હાથે પકડીને લઈ શકું છું. ૪૨. અત્યારે મેં તને જાણીને છોડી દીધો છે. જો તું કહે, તો હું અત્યારે જ તારું માથું ઉડાવી દઉં. પ્રકટેલા હરિને તારો લેશમાત્ર ભય નથી. તું આગની આગળ પતંગિયા જેવો છો. ૪૩. ભગવાન તો લીલા-ચરિત્ર કરવા માટે જાણીને તને આજે રમકડાંની માફક રમાડી રહ્યા છે. તેમની સામે તું ગર્વ ન કરીશ. કદાચ ગર્વ કરીશ તો મોત તો તારું જ થવાનું છે. ૪૪. જે હું અહીં તારી આગળ કહી રહી છું તે મારા આ શબ્દોને તું સાચા માનજે. આટલું બોલીને દેવી આકાશમાં અદૃશ્ય થઈ ગઈ અને કંસ તે સમયે ધ્રૂજવા લાગ્યો. ૪૫.

કંસ વસુદેવ અને દેવકીના પગ પકડીને પશ્ચાત્તાપ કરવા લાગ્યો, અને બોલ્યો જગતમાં મારા જેવો કોઈ પાપી નથી. મારો ક્યાંય ઉદ્ધાર નહિ થાય. ૪૬. મેં આપ બંનેનો અપરાધ કર્યો છે અને તેનાથી જ મને અત્યારે દુઃખ આવ્યું છે. મેં એટલા અપરાધ કર્યા છે કે હવે તે પાપ ક્યારેય છૂટશે નહિ. ૪૭. જો આપ મારો નિકાલ-છૂટકારો કરો તો હું અત્યારે છૂટી શકું છું. આપ બંને સાધુ સ્વભાવના સજ્જન છો. હું આપને શરણે આવ્યો છું. ૪૮. આપ જ મને મારો, ચાહે જિવાડો. આપનો સ્વભાવ તો અત્યંત કોમળ છે. મેં આપના એટલા અપરાધ કર્યા છે કે જેનો ગણતા પાર આવે તેમ નથી. ૪૯. કંસ આવું બોલતા ગદ્ગદ કંઠ થઈ ગયો. આંખોમાંથી આંસુઓની ધાર ચાલી. તે સ્થિતિ દેખીને વસુદેવને અને દેવકીને દિલમાં દયા આવી. ૫૦. તેમણે કંસને કહ્યું, હવે તમે તમારે ઘેર જાઓ. તમને અમારે શું કહેવું ? તમે અને અમે, સહુ દૈવ (ભાગ્ય)ને આધીન છીએ. ૫૧. બધું ધાર્યું તો દૈવનું જ થાય છે, આમાં તમારો કાંઈ અપરાધ નથી. તમે શા માટે રડો છો ? હવે કાંઈ શોક કરશો નહિ. ૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શ્રીહરિએ સત્સંગના ચાર દ્વાર કહ્યા અને સુરા ખાચર સાથે કૃષ્ણજન્મ કથાના દૃષ્ટાંતે ભક્તવત્સલતાની વાતો કરી' એ નામે ઓગણીસમો તરંગ સમાપ્ત ॥૧૯॥



પૂર ચોથું : તરંગ - ૨૦

શ્રીહરિ ઈંગોરાળાથી પાટી ગામ થઈને ઝિંઝાવદર પધાર્યા

શ્રીહરિએ ઉપર કહ્યા મુજબ દશમસ્કંધ પૂર્વાર્ધ અને પછી ઉત્તરાર્ધની પણ બધી વાત કહી. (વાત કરવાનું તાત્પર્ય એ હતું કે) સ્વયં સર્વ સમર્થ હોવા છતાં ભક્તને આધીન વર્તે છે. ૧. તે સિદ્ધાંતની વાત કહ્યા પછી ફરીને શ્રીહરિ બોલ્યા, અમે તો ઉપર કહ્યા પ્રમાણે ભક્તાધીન રહીએ છીએ. અમારા હાથમાં કોઈ વાત નથી. ૨. અમે અમારો આ દેહ પણ હરિભક્તોને અર્પણ કરી દીધો છે, તે તમે જાણો જ છો. હવે અમે જેમ કહીએ તેમ તમે કરો. અર્થાત્ મારો વિશ્વાસ રાખો અને મારું માનો. ૩. ત્યારે દરબાર સુરા ખાચરે બે હાથ જોડીને કહ્યું, આપ જેમ કહો તેમ હું અત્યારથી જ કરવા તૈયાર છું. ૪.

ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું, સવારમાં જ તમે તમારી ઘરવખરી ગાડામાં ભરો. તમારું મૂળ ગામ જે નાગડકા છે ત્યાં જઈને રહો. ૫. અમારા વચનથી તમે ત્યાં રહો. તમને કોઈ જાતનું દુઃખ નહિ આવે. અમે કારિયાણી જઈને પછી ત્યાં નાગડકા ચોક્કસ આવશું. ૬. દરબારે તે આજ્ઞાને માથે ચઢાવી પછી શ્રીહરિ પોઢી ગયા. સવાર થયું ત્યારે સંતોએ ઊઠીને 'નારાયણ ધૂન' કરી. ૭ તે સાંભળીને શ્રીહરિ તત્કાળ જાગી ગયા. દયાળુએ શૌચવિધિ કરીને દાતણ કર્યું. બધા અશ્વોને તૈયાર કરાવ્યા અને તે સમયે સંતોને આજ્ઞા કરી. ૮. સહુ તત્પર થઈને મોટા ઝિંઝાવદરને માર્ગે સાવધાનીથી ચાલતા થાઓ. બધા સંતોને આગળ ચાલતા કર્યા. ઘોડે સવારો બધા શ્રીહરિની પાછળ રહ્યા. ૯. દરબાર સુરા ખાચરને તૈયાર કરીને નાગડકા જવા વિદાય કર્યા. તેમને કાંઈક ખરચી આપી. પછી પોતે ત્યાંથી ચાલતા થયા. ૧૦.

આગળ ચાલતાં જ્યાં માર્ગમાં સુંદર ખુલ્લી જગ્યા આવી ત્યાં શ્રીહરિએ પોતાના અશ્વને ખૂબ જ દોડાવ્યો. કમાનમાંથી જેમ તીર છૂટે તેમ શ્રીહરિનો અશ્વ ઘણા વેગથી દોડતો હતો. ૧૧. ઝરીમય સાજથી શણગારેલા અશ્વ ઉપર જરિયાની વસ્ત્રોને ધારી રહેલા શ્રીહરિ વાદળામાં ચમકતી વીજળીના જેવા સોહામણા લાગતા હતા. શ્રીહરિએ અશ્વને એવો તો દોડાવ્યો કે માનો તેના પગ પૃથ્વી ઉપર પડતા જ ન હોય. ૧૨. માંચા ખાચર તે જોઈને વિસ્મિત થયા અને બોલ્યા કે ચારે ધામમાં શ્રીહરિના જેવો કોઈ ઘોડેસવાર નથી. ૧૩. મેં મેલિકારોના(ધાડપાડુ ઘોડેસવારોના) ટોળાંને મારી આંખોથી ઘણા જોયા છે. પણ હે હરે ! આપના જેવો કોઈ સુખદ ઘોડેસવાર જોયો નથી. ૧૪. ત્યારે જગદાધાર શ્રીહરિ બોલ્યા અમે અશ્વ દોડાવીએ ત્યારે તમે બધા પણ અશ્વ દોડાવો. કોણ ઘોડેસવાર કાચો છે અને કોણ પાકો છે ? તે અમે દેખીએ. ૧૫. ત્યારે દરબારોએ કહ્યું, "મહારાજ ! ઘોડામાં ફરક હોય છે. ઘોડે સવારમાં નહિ. જેવી ઘોડાની સાચવણી હોય તેવો ઘોડો જોરદાર થાય." ૧૬. ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું, "તમને જે નજરમાં આવે તે અશ્વ મને આપો. ૧૭. તેના ઉપર અમે ચઢીએ અને અમારા ઘોડા ઉપર તમે ચાહે તે ચઢો."

ત્યારે માંચા ખાચરે કહ્યું, 'કોઈ ઘોડેસવાર આપના સમાન નથી. ૧૮. "તમે પૂર્વે શતધન્વાને ચારસો ગાઉં દોડાવ્યો ત્યારે તેના ઘોડાના પ્રાણ છૂટી ગયા." તે દિવસથી હું આપને પાકા ઘોડસવાર તરીકે ઓળખું છું. ૧૯. મેં મારા મનમાં નિર્ધાર કરી લીધો છે કે આપના સમાન બીજો કોઈ ઘોડેસવાર નથી. આવી વાતો કરતાં કરતાં ગામ **'પાટી'** આવી ગયું. શ્રીહરિને આવ્યા સાંભળીને હરિભક્તો સામે આવ્યા. ૨૦. ત્યાં કણબી પાકા હરિભક્ત હતા. મોનાભાઈ, અરજણ, રવજી, લાખાભાઈ અને નારાયણભાઈ વગેરે હરિભકતો સન્મુખ આવ્યા. ૨૧. સહુ શ્રીહરિને દંડવત-પ્રણામ કરીને પગે લાગ્યા. દર્શન કરવાથી સહુને આનંદ થયો. ઢોલ અને મૃદંગ આદિ વાજિંત્ર મંગાવ્યા. સહુ મનમાં ઘણા ખુશી થયા. ૨૨.

સામત ખાચર નામે ઝિંઝાવદરના દરબાર હતા અને મૂળુ ખાચર તેના પિત્રાઈ હતા. તે બંને ઝિંઝાવદરના ગામધણી હતા. ૨૩. તેઓ ઘોડેસવારો

સાથે આવ્યા હતા અને પોતપોતાના પુત્રોને પણ સાથે લાવ્યા હતા. તે સિવાયના બીજા પણ જેટલા કાઠી દરબારો સાથે આવ્યા હતા તે બધા ‘પાટી’ ગામમાં આવીને ભેળા થયા. ૨૪. બધા દરબારો શ્રીહરિને પગે લાગ્યા. તેમને શ્રીહરિએ બહુ હેતથી બોલાવ્યા. સહુએ તે વેળાએ દર્શન કર્યાં. બધા ઘણા ખુશી થયા. ૨૫.

હરિભક્તો અપાર પ્રેમી હતા. તેમણે શ્રીહરિને ગામમાં પધરાવ્યા. હરખથી વાજિંત્ર વગડાવ્યા અને પોતાને ઘેર પધરાવ્યા. ૨૬. એક સારો પલંગ બિછાવ્યો હતો. તેના ઉપર શ્રીહરિ વિરાજમાન થયા. બધા દરબારો આવીને શ્રીહરિની પાસે યોગ્ય રીતે બેઠા. ૨૭. મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામી વગેરે સંતો પણ ત્યાં શ્રીહરિની પાસે બેઠા. સહુને આનંદ ઉલ્લાસ હતો. તેથી તેઓ કીર્તન બોલવા લાગ્યા. ૨૮.

ગામના લોકો દર્શન કરવા આવ્યા. હાથમાં એક એક શ્રીફળ લાવ્યા. સહુ શ્રીહરિના ચરણોમાં પડ્યા. હાથ જોડીને મસ્તક નમાવ્યા. ૨૯. તે સમયે મોનાભાઈ અને અરજણભાઈ પોતાના પરિવારને સાથે લઈને શ્રીહરિની પૂજા કરવા આવ્યા. તેમણે રસોઈ કરાવવાને માટે પ્રેમથી ઘણો જ આગ્રહ કર્યો. ૩૦. ત્યારે શ્રીહરિએ કહ્યું ‘તે બાબતમાં અમે કાંઈ ન જાણીએ. તમે તમારા દરબારને કહો, તે માને તો સારું. ત્યારે તે હરિભક્તોએ દરબારને કહ્યું. પણ અલૈયા ખાચરે તે હરિભક્તોને સમજાવી દીધા. ૩૧. તે હરિભક્તોને વધારે દિલગીર થતાં જોયાં ત્યારે શ્રીહરિએ તેમના હાથે સહુને તલ અને ગોળ અપાવ્યો. તે ભક્તોએ એક નવા નગરનો રેંટો લાવીને શ્રીહરિને તે ઓઢાડ્યો. ૩૨. તે હરેક હરિભક્તોએ એક એક સોનામહોર લઈને શ્રીહરિના ચરણોમાં ભેટ મૂકી. લલાટમાં કેસરી ચંદનની અર્ચા કરી અને તેની વચ્ચે એક મોટો કુંકુમનો ચાંદલો કર્યો. ૩૩. બધા જ સંતોની પૂજા કરીને તે સહુએ ઘણો અલૌકિક લાભ લીધો. તે વેળાએ સહુ હરિભક્તોએ શ્રીહરિના ચરણોને પોતાની છાતીમાં ચાંપ્યા. ૩૪. તે કણબી હરિભક્તોની જે સ્ત્રીઓ હતી તે સહુને પણ સત્સંગના વ્રતમાન-નિયમ આપ્યા. તે વખતે સહુએ સાકરના

થાળ ભરીભરીને શ્રીહરિની આગળ અર્પણ કર્યા. ૩૫. તે સમયે શ્રીહરિએ મોના ભક્તને પ્રેમથી કહ્યું કે આટલી બધી સાકર લાવ્યા છો તો હવે તમારી રસોઈ પૂરી થઈ ગઈ. હવે કાંઈ બાકી રહ્યું નથી. ૩૬. અમે જ્યારે ગઢપુરમાં રહીએ ત્યારે ત્યાં આવીને રસોઈ આપજો. તે સાંભળીને તે બધા ભક્તો ખૂબ જ રાજી થયા અને શ્રીહરિ તે સમયે ત્યાંથી ચાલતા થયા. ૩૭.

તે વેળાએ હરિભક્તોએ શ્રીહરિની ઘણી સ્તુતિ કરી. હે હરે ! અંતકાળે આવીને અમને સંભાળી લેજો. ૩૮. અનેક પ્રકારનાં વાજિંત્ર વાગતાં હતાં અને શ્રીહરિ ગામની બજારમાં આવી ગયા હતા. ત્યારે દરબારે કહ્યું આ ગામ અમારું છે. ૩૯. **આપ શ્રીહરિ ગામમાં પધાર્યા તેથી તે પવિત્ર થયું છે. આપની ચરણરજ પડવાથી ગામનું જીવન લેખે લાગ્યું છે. ૪૦. આપના અહીં પધારવાથી ગામના લોકોને દર્શન થયાં છે. હવે તે જમપુરીમાં નહિ જાય, કારણ કે હવે તેમનો જન્મ સત્સંગમાં થઈ રહ્યો છે.** ૪૧. ત્યારે શ્રીહરિ બોલ્યા, ઉદાર બુદ્ધિવાળા દરબાર તમે સાંભળો. અત્યારે તો સત્સંગનો મહિમા ઘણો મોટો છે. આવું પૂર્વે ક્યારેય થયું નથી. ૪૨. વાતો કરતાં શ્રીહરિ જ્યારે ગામ બહાર નીકળ્યા ત્યારે પાછળ આવતા ગામના બધા લોકોને શ્રીહરિએ પાછા વાળ્યા. આગળ ચાલ્યા તેટલામાં મનમોહક હરણના ટોળાં ઘણાં નીકળ્યાં. શ્રીહરિએ તેને ઘણીવાર સુધી જોયા. ૪૩. હરણ શ્રીહરિની સામે જોઈને પાસે આવ્યા. ઘોડેસવારોને દેખીને ડર્યા નહિ. ત્યારે શ્રીહરિ તે સ્થળે થોડું રોકાઈ ગયા. ત્યારે હરણ થોડે થોડે ઓરા આવી ગયા. ૪૪. શ્રીહરિ એક ઘડીવાર ત્યાં થંભી ગયા. ત્યારે સન્મુખ દેખી રહેલા હરણોએ માનો નેત્રદ્વારા હરિમૂર્તિને હૃદયમાં ભરી લીધી. પછી શ્રીહરિ ચાલ્યા ત્યારે તે હરણ પણ દૂર ચાલ્યા ગયા. ૪૫.

આવું બધું દેખીને બધા દરબારોને તે વખતે ઘણું આશ્ચર્ય થયું. તેઓ બોલ્યા કે આ વનના પ્રાણીને શું જ્ઞાન હશે કે તેઓ એક નજરે શ્રીહરિની સામે જોઈ રહ્યા ! ૪૬. **ત્યારે બીજા કોઈ દરબારે કહ્યું કે આ તો શ્રીહરિનું સામર્થ્ય છે. જીવ પ્રાણીમાત્રના નાડી પ્રાણ આ શ્રીહરિના હાથમાં છે.** ૪૭.

શ્રીહરિના આવા સામર્થ્યને દેખીને અજ્ઞાની લોકો કહેશે કે આ તો કોઈ મોટા 'જાદુગર' છે. દરબારો પરસ્પર આવી વાતો કરતા ચાલ્યા જતા હતા ત્યાં **ઝિંઝાવદર** ગામ આવી ગયું. ૪૮.

ગામના બધા હરિભક્તો ખૂબ જ રાજી થયા. વિવિધ પ્રકારનાં વાજિંત્રો વગાડતા સામૈયું લઈને શ્રીહરિની સન્મુખ આવ્યા. ૪૯. સહુના મનમાં ઘણો ઉત્સાહ ભર્યો હતો. શ્રીહરિને સાષ્ટાંગ દંડવત કરીને પગમાં પડ્યા અને ચરણકમળને મસ્તકે લીધા. ૫૦. સુખદાયક શ્રીહરિએ કહ્યું, આપણે પહેલા સ્નાન કરી લઈએ અને તે પછી ગામમાં જઈએ. પછી સૌ સ્નાન કરવા નદીએ ગયા. ૫૧. ઝિંઝાવદર ગામથી ઉત્તર તરફ સરવઈ ગામના રસ્તે પાડલિયા નામે નદી વહે છે જેને કિનારે વિવિધ પ્રકારના વૃક્ષ શોભી રહ્યા હતા. ૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શ્રીહરિ ઈંગોરાળાથી પાટી ગામ થઈને ઝિંઝાવદર પધાર્યા' એ નામે વીસમો તરંગ સમાપ્ત ॥૨૦॥



પૂર ચોથું : તરંગ - ૨૧

અલૈયા ખાચરના કુટુંબીઓ શ્રીહરિના આશ્રિત થયા

પાડલિયા નદીને ઉત્તર કાંઠે ઘણી વાડીઓ હતી. જાતજાતના વૃક્ષોથી વાડીઓ શોભતી હતી. વાડીઓનો ગણે પાર આવે તેમ નથી. ૧. નદીના કિનારા ઉપર જ વાડીઓમાં કેળ અને શેરડી અપાર હતી. લીમડા, આંબા અને વડલાના વૃક્ષોથી નદીનો કિનારો શોભતો હતો. ૨. જાતજાતના પંખીઓ ત્યાં કલરવ કરતા હતા. પંખીઓ અને તેનો મધુર શબ્દ એટલો બધો મનોહર હતો કે તેને દેખી-સાંભળીને શ્રીહરિ ઘણું પ્રસન્ન થયા. ૩. શ્રીહરિએ નદીના જળમાં સ્નાન કર્યું. સંતો અને સર્વ હરિભક્તોએ પણ સ્નાન કર્યું, તેનાથી તે પાડલિયાનું માહાત્મ્ય ઘણું જ વધ્યું. ૪. તે નદીમાં શ્રીહરિ ઘણીવાર નાહ્યા છે. ગણતા ગણતા તેનો પાર પમાતો નથી. સ્નાન કર્યા પછી શ્રીહરિએ સારા વસ્ત્ર પહેર્યા. બધા સંતો પૂજા કરીને પરવાર્યા. ૫. શ્રીહરિ અશ્વ ઉપર

સવાર થયા ત્યારે બીજા બધા ઘોડેસવારો પણ તેમની સાથે ચાલ્યા. આગળ અપાર વાજિંત્રો વાગતા હતા અને ઘણી જોરદાર શોભા થઈ હતી. ૬. પાર્ષદ ડુંગરજીએ શ્રીહરિના ઉપર છત્ર ધાર્યું હતું. નાથજીભાઈ અને ઉમાભાઈ બંને બાજુ ચામર કરી રહ્યા હતા. ૭.

જ્યારે ઝિંઝાવદર ગામને દરવાજે શ્રીહરિ પહોંચ્યા ત્યારે લોકોની ભીડ ઘણી જ થઈ. દરબારે ગુલાલ ઘણો મંગાવ્યો હતો. તે લોકો ઉપર ખૂબ જ ઉડાડતા હતા. ૮. ગામની બધી બજારો શણગારી હતી. ઘરને દરવાજે કેળોના સ્તંભ રોપાવ્યા હતા. મોતીના તોરણ બંધાવ્યા હતા. તેની શોભા વર્ણવી શકાતી નથી. ૯. "મહારાજાધિરાજ ધર્મકુમાર સહજાનંદસ્વામીનો જય થાઓ, જય થાઓ." એમ ચોપદાર ઊંચે અવાજે નેકી પોકારતો હતો. બજારોને સ્વચ્છ કરાવીને તેમાં ફૂલ વેર્યા હતા. ૧૦. ગામની બધી જ સ્ત્રીઓ શ્રીહરિનાં દર્શન કરવા આવી હતી. તે બધી સોનાના અને રૂપાના ફૂલોથી શ્રીહરિને વધાવતી હતી. ૧૧. કેટલીક સ્ત્રીઓ મોતીના થાળ ભરીને લાવી હતી. તેઓ ધર્મના લાલ શ્રીહરિને મોતીથી વધાવતી હતી.

તે સમયે વિમાનમાં બેસીને દેવતાઓ આવ્યા અને શ્રીહરિની આગળ ગાન કરવા લાગ્યા. ૧૨. બજારમાં, ઝરૂખામાં અને ગોખમાં રહેલા લોકોનો કોઈ પાર ન હતો. શ્રીહરિનાં દર્શન કરવા બધા એકતાર થઈને ઊભા હતા. ૧૩. દર્શન કરનારાના નાડી, પ્રાણ અને નેત્ર શ્રીહરિમાં લીન થઈ જતા હતા. શ્રીહરિ સિવાય મનમાં બીજો સંકલ્પ પણ કોઈને થતો નહિ. બધા આવી રીતે ચિન્મય થઈ ગયા હતા. ૧૪.

ગામની સ્ત્રીઓ ટોળે મળીને મંગળમય ધોળ રાગના ગીતો ગાતી હતી. સહુના હૃદયમાં હરખ માતો નહિ, અનંત રીતે તે વ્યાપી ગયેલો જણાતો હતો. ૧૫. ભવ, બ્રહ્મા અને સુરરાજ ઇંદ્ર પણ શ્રીહરિનાં દર્શન કરવા માટે આવ્યા હતા. આકાશ ગાજી રહ્યું હતું. દેવોએ ચંદન અને પુષ્પોની ઝડી વરસાવી દીધી. ૧૬. દરેક ઘરને દરવાજે સોનાના કળશ મૂક્યા હતા. તે ઘણા શોભતા હતા. દરેક દરવાજે ધજાઓ અને પતાકાઓ બાંધેલી ચઢાવેલી હતી. તે ફરફરાટ કરતી સુંદર લાગતી હતી. ૧૭. ધજાઓના ઉપર સોનાના

ઈંડાની શોભા મહાન અદ્‌ભુત વિરાજતી હતી અને દરેક પતાકામાં વાનરરાજ હનુમાનજીનું ચિહ્ન હતું. માનો કે શ્રીરામચંદ્ર ભગવાનની સેના આવી છે કે શું ? ૧૮. મોટા મોટા ભવનોના છજાઓ ઉપર આવીને મોર, પોપટ અને મેના વગેરે પક્ષીઓ છવાઈ ગયા હતા. તે બધા પોતપોતાની જાતિના શબ્દો બોલીને માનો શ્રીહરિની સ્તુતિ કરતા હોય તેમ લાગતું હતું. ૧૯.

ગામના કોટની શોભા અપાર હતી. તેનું વર્ણન કરે પાર ન આવે. બુરજ તો પર્વતના જેવા શોભતા હતા. દેખતાની સાથે જ લોકોના મન તેમાં લોભાઈ જતા હતા. ૨૦. શ્રીહરિ જ્યારે આગળ ગામમાં આવ્યા ત્યારે દેવરાજ ઈંદ્ર ઐરાવત હાથીને લઈ આવ્યા. મોતી જડાઉં સોનાની અંબાડી તેના ઉપર હતી, તે તત્કાળ ત્યાં લાવ્યા. ૨૧. ધર્મકુમાર શ્રીહરિ તે અંબાડીમાં બેઠા તેથી મહાન શોભા થઈ. શ્રીહરિનો વિશેષ પ્રતાપ દેખીને લોકોને ઘણું જ આશ્ચર્ય થયું. ૨૨. તે વખતે ઈંદ્ર મહાવત થઈને હાથી ઉપર બેઠા. ભવ અને બ્રહ્મા શ્રીહરિની પાછળ બેસીને હરખથી ચામર કરવા લાગ્યા. તેને સમાધિવાળા દેખતા હતા. ૨૩. બીજા લોકોને તો તેઓ મનુષ્યના જેવા જણાતા હતા પણ સમાધિવાળાને યથાર્થરૂપમાં ભવ, બ્રહ્મા અને ઈંદ્રના રૂપમાં દેખાતા હતા. ધીરે ધીરે શ્રીહરિ દરબારગઢને દરવાજે આવ્યા. ત્યાંની શોભાનો કોઈ પાર ન હતો. ૨૪. ઈંદ્રભવનના જેવો તે દરબારગઢ બધો સુવર્ણમય અને સુશોભિત હતો ત્યાં શ્રીહરિ પધાર્યા. ૨૫. ત્યાં હાથીને ઝુકાવ્યો. બધી રાજપત્નીઓ મોતીના થાળ ભરીભરીને લઈ આવી હતી, તેનાથી ધર્મના લાલ શ્રીહરિને તે સહુએ વધાવ્યા. ૨૬.

દરબારગઢમાં બધા ભવન ઘણા ઊંચા હતા. સોનેરી થાંભલાઓને લીધે તે ભવનો સોહામણા લાગતા હતા. ભવનને દરેક દરવાજે મોતીના તોરણ બાંધ્યા હતા. ૨૭. ભવનની ઓસરીમાં મોતી ભરેલા ઉલેચ બાંધી દીધા હતા. તેનાથી તે ભવનો ઝળહળતા શોભી રહ્યા હતા. ૨૮. ઓસરીમાં સોનેરી પલંગને હિંડોળાના રૂપમાં લટકાવી દીધો હતો. તેના ઉપર ગાદી તકિયા બિછાવ્યા હતા. તેના ઉપર શ્રીહરિને પધરાવ્યા. ૨૯. ત્યાં સંતોની અને દરબારોની મોટી સભા થઈ. આકાશમાં નક્ષત્રગણના મધ્યે ચંદ્રમા શોભે

તેમ સુખના મૂળ શ્રીહરિની સભાની સર્વોત્તમ શોભા થઈ. ૩૦. શ્રીહરિ જે ભવનમાં બેઠા હતા તેમાં સંતોને ઉતારા આપ્યા.

આ બાજુ મુકુંદાનંદ વર્ણી અને જયાનંદ વર્ણીએ તરત જ રસોઈ બનાવી. ૩૧. મનોહરમૂર્તિ મહારાજાધિરાજ શ્રીહરિ જમવા માટે ઊઠ્યા. તે વેળાએ પહેરેલા વસ્ત્ર ઉતારીને પીતાંબર ધારણ કર્યું. ૩૨. જરીમય શાલ ઓઢી લીધી. કુશળ શ્રીહરિએ ચરણોમાં ચાખડીઓ પહેરી. હાથમાં સુંદર રૂમાલ લીધો. લલાટમાં કેસરી ચંદન ચરચ્યું હતું. ૩૩. ચરણોમાં સોનાના ઝાંઝર પહેર્યા હતા. ભુજાઓ ઉપર બાજુબંધ બાંધ્યા હતા. હાથમાં સોનાના કડાં હતાં. છાતી ઉપર મોતીના હાર વિરાજતા હતા. ૩૪. કાનોમાં મકરાકાર કુંડળ હતા. મસ્તક ઉપર નાના કેશ હતા. મુખકમળની શોભા વર્ણવી શકાતી નથી. જે પ્રેમી ભક્તોને આનંદ ઉપજાવતું હતું. ૩૫. સોનેરી બાજોઠ ઘણો જ અદ્‌ભુત હતો. દેવો અને મુનિઓના મહારાજા શ્રીહરિ તે બાજોઠ ઉપર બેઠા. મખમલની ગાદી બિછાવેલી હતી. તેના ઉપર સોહામણા શ્રીહરિ વિરાજ્યા. ૩૬.

ધર્મકુમાર શ્રીહરિ ચરણકમળને ધોઈને તે બાજોઠ ઉપર બેઠા હતા. અનંત પ્રકારના ભોજનોનો પીરસેલો થાળ વર્ણી લાવ્યા. ૩૭. બહુ ભાતના વ્યંજન - શાકભાજી કર્યા હતા, તેનો ગણે પાર આવે તેમ ન હતું. ઘી અને તેજાના નાખીને ઘણી હોંશિયારીથી તૈયાર કર્યા હતા. ૩૮. સાકર અને ઘી પુષ્કળ પ્રમાણમાં નાખીને બધા પકવાન કર્યા હતા. તે બધું શ્રીહરિ માટે લાવ્યા. શ્રીહરિ ઘણા જ ભાવથી તે બધું જમ્યા. ૩૯. લાડુ, દૂધપાક, શીરો, કંસાર અને પૂરી, તેમજ રીંગણાનું શાક જમ્યા. તે ગણવાથી પાર આવતો નથી. ૪૦. વડાં અને ભજિયા રુચિ પ્રમાણે જમ્યા. ભાતમાં કોથમી મેળાવીને હરખથી જમ્યા. જમીને ચળું કર્યું. જળપાન કરીને તાજો મુખવાસ લીધો. ૪૧. શ્રીહરિએ સંતોને અને દરબારોને જમવા માટે પોતે તેમને બેસાડ્યા. શ્રીહરિ સ્વયં પીરસતા, તેથી જમનારા સહુને આનંદ અને ઉત્સવ છવાઈ જતો હતો. ૪૨. સંતો જ્યાં સુધી જમતા રહ્યા ત્યાં સુધી શ્રીહરિ પંગતમાં પીરસતા રહ્યા. સંતો જમીને જ્યારે તૃપ્ત થયા ત્યારે શ્રીહરિ હાથ ધોઈને સભામાં આવ્યા. ૪૩.

જે ગામધણી દરબાર હતા તેમને શ્રીહરિના થાળની પ્રસાદી આપી. તેમણે પોતાને ધન્યભાગ્યશાળી માન્યા. કારણ કે અક્ષરાધિપતિ પુરુષોત્તમ પોતાને ઘેર પધાર્યા હતા. ૪૪. જેનાં દર્શન મોટા યોગીઓને સ્વપ્નમાં પણ થતાં નથી. તે શ્રીહરિ આજ પોતાને ઘેર પધાર્યા છે. તેથી પોતાના મહાન ભાગ્યનું વર્ણન કરવું અશક્ય માન્યું. ૪૫. વ્રત, તપ કે તીર્થ કાંઈ જ કર્યું ન હતું. છતાં આપમેળે શ્રીહરિ પ્રસન્ન થયા. પોતાની જાતિની તો કોઈ ગણતરી જ ન થાય એવા નિમ્ન જ્ઞાતિના લોકોને પણ શ્રીહરિએ દર્શન દીધાં. ૪૬. ઘણા જ કલ્પો સુધી કોઈ તપ કરે ત્યારે તેને એક જ વાર થોડાં દર્શન દે, પણ પછી ક્યારેય ફરીને દર્શન મળે નહિ. એવા તેમનાં દર્શન દુર્લભ છે. ૪૭. દરબારે આવું પોતાના બધા કુટુંબને કહ્યું. હવે આપણે સત્સંગ સ્વીકારી લેવો છે આવો મનમાં નિશ્ચય કર્યો.

તે સમયે દરબારના બધા પરિવારના લોકો શ્રીહરિની આગળ-પાસે આવ્યા. શ્રીહરિએ તેમને ઘણા જ હેતથી સત્સંગના નિયમ-વ્રતમાન ધરાવ્યા. ૪૮. ગામના બીજા અપાર લોકોએ પણ સત્સંગના નિયમ-વ્રતમાન ધાર્યા. શ્રીહરિના સહુએ દર્શન કર્યાં અને સહુને પરસ્પર હેત થયું. ૪૯. શ્રીહરિ ઝિંઝાવદરમાં બહુ દિવસ રહ્યા. ઉત્સવ પણ બહુ કર્યા. જેટલા દિવસ રહ્યા તેટલા દિવસ સુધી ભક્તોએ પૂજા પણ બહુ કરી. ૫૦. વાડીમાં જે વડનું ઝાડ હતું. શ્રીહરિએ ત્યાં ઘણા દિવસ સુધી સભા કરી. અને તે સ્થળે બેસીને ધ્યાન પણ બહુ કર્યું. ૫૧. ત્યાં બેસીને ભક્તિ, ધર્મ અને જ્ઞાન આદિની વાતો પણ ઘણી કરી હતી. બધું લખી શકાતું નથી. જે વસ્તુ અપાર કહેવાતી હોય તેનો પાર કોણ પામે ? ૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'ઝિંઝાવદરના અલૈયા ખાચરના કુટુંબીઓએ શ્રીહરિનો આશ્રય કર્યો' એ નામે એકવીસમો તરંગ સમાપ્ત ॥૨૧॥



પૂર ચોથું : તરંગ - ૨૨

વાઘા ખાચરનો ઉદ્ધાર કર્યો અને ઝિંઝાવદરમાં શ્રીહરિ ગુપ્ત રહ્યા

ઝિંઝાવદર(મોટું)ના સામંત ખાચરને જેઠસુર ખાચર, વાઘા ખાચર અને અલૈયા ખાચર નામે ત્રણ પુત્ર હતા. તેમાં વચેટ વાઘા ખાચર સિવાયના બે સારા હરિભક્ત થયા. પણ વાઘા ખાચરે વ્રતમાન-નિયમ ધાર્યા નહિ. ૧. તેમની 'મા' માંગલબાઈ ઘણા બળવાળા હરિભક્ત હતા. સમય જતાં વાઘા ખાચરનું મરણ થયું ત્યારે ત્યાં જમ આવ્યા. ૨. તે વાઘા ખાચરને બળાત્કારે પકડીને જમપુરીમાં લઈ ગયા અને ત્યાં કઠોર નરકમાં નાખ્યા. તે જાણીને 'મા' માંગલ બાઈ રડવા લાગ્યા. ૩. શ્રીહરિ ફરતાં ફરતાં ઝિંઝાવદર આવ્યા ત્યારે તેમના પુત્ર અલૈયા ખાચરને શ્રીહરિએ પૂછ્યું કે તમારા 'મા' રડે છે શા માટે ? મને બધી વાત કરો. ત્યારે અલૈયા ખાચરે હાથ જોડીને કહ્યું મારો ભાઈ જે કુસંગી રહ્યો હતો. ૪-૫. તેને જમદૂતો બળાત્કારે લઈ ગયા છે. અને તેને જમપુરીમાં કઠોર નરકમાં નાખ્યો છે. તેના ઘણા નરકના દુઃખને દેખીને મારી 'મા' રડી રહ્યા છે. ૬. 'મા' મને કહે છે કે તમે શ્રીહરિને મારી વિનંતી કહો, એટલા માટે હું પણ કહું છું. તો આપ તેમની વિનંતીને સાંભળી લો. ૭. જેમ તેમ કરીને પણ વાઘાનો ઉદ્ધાર કરો. હે પ્યારા હરિ, આપ મહાન સમર્થ છો. ત્યાં અમારું કાંઈ ચાલે નહિ અને આપના સિવાય વાઘાનો કોઈ રક્ષક નથી. ૮.

ત્યારે શ્રીહરિએ અલૈયા ખાચરને તે વખતે કહ્યું, અમે હરિભક્તોનું રક્ષણ કરનારા છીએ. કુસંગી તો અમારી વાતને માનતા નથી. તમે જઈને તેનો નિવેડો લાવો. ૯. શ્રીહરિની આવી વાણી સાંભળીને અલૈયા ખાચરની આંખોમાં દુઃખના આંસુ આવી ગયા. દરબારે જઈને પોતાની 'મા'ને તે શબ્દ સંભળાવ્યા કે જે શબ્દ શ્રીહરિએ તેમને કહ્યા હતા. ૧૦. કર્મફળ ભોગવવા જમપુરીના નરકમાં ઘણા લાંબા સમય સુધી દુઃખ ભોગવવું પડશે તેવા વિલંબને સાંભળીને 'મા' અત્યંત રડવા લાગ્યા કે જે કહી શકાતું નથી. તે અનંત અને અપાર વિલંબ - વિલાપને સાંભળીને ઘરના બીજા બધા મનુષ્યો પણ રડવા લાગ્યા. ૧૧. તે સહુના રડવાને સાંભળીને શ્રીહરિને દયા આવી અને વાઘા

ખાચરનો નરકના દુઃખથી ઉદ્ધાર કર્યો. પછી શ્રીહરિએ માંગલબાઈને કહ્યું, તમે આટલું બધું શા માટે રડતા હતા ? ૧૨.

✵ સંબંધીમાં સ્નેહ તે મોટો માયાનો પાશ છે :

दोहा : मात तात नहिं जिय को, बंधु सुत न कोई;
नातो हे सब देह को, सो देह ईहाँ रहे सोई...१३
इतनो हेत जब सुत में, काहेकुं जलाइ दीन;
छोड रखने ते घर में, तुमार रहत आधीन...१४

આપણા જીવને કોઈ મા, બાપ, બંધુ કે પુત્ર નથી. સંબંધ તો કેવળ શરીરને છે, તે દેહ તો મરણ થયું હોવા છતાં અહીંયાં જ પડ્યો રહે છે. ૧૩. દીકરામાં જો આટલું બધું હેત હતું તો શા માટે તેને આગમાં બાળી દીધો ? તેના શબને ઘરમાં મૂકી રાખવું હતુંને ? કે જે પોતાના કબજામાં તો રહેત. ૧૪. તમારું શરીર પણ તમારા હાથમાં નથી. આ સ્નેહ તો મિથ્યા છે. તે ક્યારેય સત્ય હોતો નથી. ૧૫. જીવ સ્વપ્ન અવસ્થામાં અનંત ભોગોને ભોગવે છે. પણ જ્યારે તે જાગે છે ત્યારે તેમાંથી એક પણ ભોગ સાચો રહેતો નથી. ૧૬. ભવ, બ્રહ્મા આદિ અનંત દેવોના લોકના ભોગ પણ સ્વપ્ન જેવા જ છે. દેહને જ 'હું' આમ માનવું, તે દેહાત્માભિમાન છે. દેહને આત્મા માનવો તે બુદ્ધિમાન નથી. ૧૭. જે વસ્તુ સત્ય છે તે ક્યારેય અસત્ય થતી નથી અને જે અસત્ય છે તે ક્યારેય સત્ય વસ્તુ થતી નથી. માટે અસત્યને જ્ઞાની મનુષ્ય સત્ય તરીકે જોતો નથી. સમજણ વિનાના જે હરિભક્તો હોય તેમને તો અમે 'બાળબુદ્ધિ' માનીએ છીએ. ૧૮.

चोपाई :

ज्ञान बान सो हरिजन पूरा, बिन ज्ञान जानना अधूरा;
सत्संग करिके ज्ञानी होना, तिनकुं कबहु परे न रोना...१९
जन करे सत्संग जब ही, मनुष्य तनकुं पाए तब ही;
सत्संग बिन जन हि जेते, पशु सम सब हि जानना तेते...२०

જેને આવી સમજણ હોય તે જ પાકો હરિભક્ત છે. સમજણ વિનાનાને અધૂરો માનવો. સત્સંગ કરીને સમજણા(જ્ઞાની) થવું. કારણ કે આવું જ્ઞાન-

સમજણ હોય તો રડવું પડે નહિ. ૧૯. મનુષ્ય જ્યારે સત્સંગ કરે છે ત્યારે જ તેને મનુષ્ય શરીર પ્રાપ્ત થયું એમ જાણવું. સત્સંગ વિનાના જેટલા મનુષ્ય છે તેને તો પશુના સમાન જાણવા. ૨૦.

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ જાતિ-જ્ઞાતિ જીવને ક્યાં છે ? બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ કે સંન્યાસ એ આશ્રમ પણ જીવને ક્યાં છે ? કોઈને જોગી કહો કે સિદ્ધ કહો, કોઈને પંડિત કહો કે શાસ્ત્ર મર્મજ્ઞ કહો, જેને સત્સંગ નથી તે પશુના સમાન જ છે. ૨૧-૨૨.

❋ સર્વે સાધનનું ફળ સત્સંગ છે :

તપ અને તીર્થયાત્રા વગેરેનું ખરું ફળ પણ એ જ છે કે સત્સંગ મળે. કોઈ ચક્રવર્તી રાજા બને કે ઈંદ્ર બને. અરે ! બ્રહ્મા સુધીની પદવી પામે. જો તેને સત્સંગ ન થયો, તો તેનું જીવન પશુના જેવું જ કહેવાય છે. સત્સંગ કરીને પણ જ્ઞાન-સમજણ ન મેળવી તો જીવન પશુનાં જેવું જ જાણવું. ૨૩-૨૪. પાતાલથી લઈને બ્રહ્માના લોક સુધી અમે તપાસી લીધું છે કે જ્ઞાનરૂપ ખરો નિધિ જ્યારે મળે ત્યારે જ તે સુખી થાય છે. ૨૫. **સત્સંગીઓના સુખને માટે જ અમે રાત દિવસ વિચાર કરતા રહીએ છીએ. જ્ઞાનનો મહા નિધિ જ્યાં સુધી મળે નહિ ત્યાં સુધી કોઈને સુખ કે શાંતિ મળવાના નથી.** ૨૬. જેને જ્ઞાનનો નિધિ મળી ગયો તેને ક્યારેય દુઃખ હોતું નથી અને તેના વિના તો દુઃખ ક્યારેય ટળતું જ નથી. ચાહે તેટલું સુખ મળ્યું હોય તોએ શું ? ૨૭. તમે અલૈયા ખાચરના 'મા' છો. તો એટલું સમજી રાખો કે જ્ઞાનના નિધિને પ્રાપ્ત કર્યા સિવાય જેને જેટલું સુખ હોય તેને તેટલું સામે દુઃખ પણ રહ્યું જ હોય છે. ૨૮.

શ્રીહરિએ માંગલબાઈને આટલી વાત કહી. સ્વયં પ્રસન્ન થઈને સાક્ષાત્ આ વાત કહી હતી ત્યારે સહુને સુખ-શાંતિ થઈ. વળી આ ઘટનાને ફરીથી શ્રીહરિએ સત્ય કરી દેખાડી. ૨૯. તે પ્રદેશમાં "મોઢુકા" નામે એક ગામ છે. ત્યાં નાજા ખાચર નામે એક પાકા સત્સંગી હતા. તેઓ ભગવાન સિવાયની વસ્તુમાત્રને મિથ્યા-દુઃખરૂપ માનતા હતા. ૩૦. તેના પિતાનું નામ સુરા ખાચર હતું. તેના જેટલા પુત્ર હતા તે બધા જ સારા સત્સંગી થયા હતા અને તેઓ

શ્રીહરિના પરમપદ અક્ષરધામને પામ્યા હતા. ૩૧. તે નાજા ખાચરનો એક પુત્ર હજી અઢી વરસનો જ થયો હતો પણ તેનો અંત સમય આવી ગયો. તેને ત્યારે શ્રીહરિનાં દર્શન થયાં. ૩૨. માંગલબાઈના પુત્ર વાઘા ખાચરને તેણે શ્રીહરિની સાથે જોયા.

ત્યારે તે બાળક બોલ્યો, શ્રીહરિ વાઘા ખાચરને લઈને પધાર્યા છે. ૩૩. તે વખતે તેના પિતા નાજા ખાચરે કહ્યું, 'બેટા ! તારી તો હજી આંખો પણ ખૂલી નથી તારે તેની સાથે ઓળખાણ પણ ક્યાંથી હોય, તને ક્યાંથી ખબર પડી કે આ વાઘા ખાચર છે ? ૩૪. ત્યારે તે બાળકે કહ્યું, મને શ્રીહરિએ તે વાત કહી છે તેથી હું ઓળખું છું. બાળકના આવા શબ્દોથી વાઘા ખાચરના ઉદ્ધારની વાત સૌએ સાચી માની. મોઢુકા ગામમાં રાણો ચાવડા નામે એક ભાઈ રહેતા હતા. તે આ વાતની ખબર લઈને આવ્યા. તે ઝિંઝાવદર આવ્યા ત્યારે તેણે માંગલબાઈના ભત્રીજા દ્વારા તે હકીકત માંગલબાઈને કહેવડાવી. ત્યારે સહુએ તે વાતને સાચી માની અને મનમાં ઘણા રાજી થયા. ૩૫-૩૭.

શ્રીહરિએ ત્યાંની પાડલિયા નદીમાં બહુવાર સ્નાન કર્યું હતું. ત્યાં અનેક પ્રસંગ બનેલા છે તેની વાત હવે કહું છું. ૩૮. એકવાર પાડલિયા નદીમાં સ્નાન કરતાં શ્રીહરિએ પ્રસન્ન મનથી વાત કહી કે, 'જે ભગવાનને સંભાર્યા વિના જ અન્ન અને જળ ખાય-પીએ છે, તેનું બધા શાસ્ત્રમાં કહ્યું છે કે "ભગવાનને સંભાર્યા વિના ખાધેલું અન્ન તે માંસ જેવું છે અને પીધેલું જળ તે દારૂના જેવું છે." તો હવેથી આપણે સહુએ ખાતાં-પીતાં ભગવાનને સંભારવા.' ૩૯-૪૦.

❋ પઠાણને પ્રભુની ઓળખાણ :

શ્રીહરિ જે ઘરમાં ઊતરતા હતા તે ઘરમાં એક વખત શ્રીહરિ ગુપ્ત-છાના રહ્યા હતા કે જેથી કોઈને ખબર ન પડે. મુકુંદાનંદ વર્ણી અને પોતે શ્રીહરિ બે જણા જ એક મહિના સુધી રહ્યા હતા. ૪૧. વડોદરા ગાયકવાડ સરકારના એક લશ્કરી અધિકારી પઠાણ હતા તે ઘણા બુદ્ધિમાન હતા. અમરેલીથી નીકળીને વડોદરા તરફ જતાં નીંગાળા ગામ પાસે આવ્યા. ૪૨. તે અધિકારી કુરાનના અભ્યાસી હતા. ઓલિયા (ખુદાના બંદા-ભક્ત) પુરુષ

હોય તેને ઓળખતા હતા. મનમાં અનંત પ્રકારના ઘાટ-સંકલ્પ થયા કરતા હોય છે. પણ "ઓલિયા પુરુષ જો મળે તો તે ઘાટ-સંકલ્પ બંધ થઈ જાય છે. ૪૩. પાકા ઓલિયા પુરુષને આ રીતથી ઓળખવા." આવું તે જાણતા હતા.

તેઓ નીંગાળાથી આગળ જતાં ઝિંઝાવદરના સીમાડામાં આવ્યા ત્યારે તેના મનના બધા જ સંકલ્પ બંધ થઈ ગયા. ૪૪. તેઓ રાત દિવસ મનમાં આવું વિચારતા હતા કે, "જ્યાં ઓલિયા પુરુષ હોય ત્યાં મનના ઘાટ સંકલ્પ બંધ થાય અને શાંતિ થાય." તેથી તેમણે મનમાં નક્કી કર્યું કે, "આ ગામમાં કોઈ સમર્થ ઓલિયા પુરુષ હોવા જોઈએ." ૪૫.આવું નક્કી કરી તેઓ ઝિંઝાવદર ગામમાં આવ્યા. ચોરે આવીને ઘોડેથી ઊતર્યા, ઘોડો બાંધ્યો. પછી ગામના લોકોને પૂછવા લાગ્યા. ૪૬. તે સમયે ત્યાં અલૈયા ખાચર આવી પહોંચ્યા. તેની પાસે જઈને બેઠા. તે પઠાણ અધિકારીએ નિષ્કપટભાવે કહ્યું, અહીંયાં ચોક્કસ કોઈ સમર્થ ઓલિયા પુરુષ હોવા જોઈએ. જો તમે કોઈ મને તેનો પરિચય કરાવો તો હું માનીશ કે તમે મને પોતાનું સર્વસ્વ આપી દીધું. ત્યારે સામાન્ય રીતે અલૈયા ખાચરે કહ્યું કે એવી બાબતમાં હું કાંઈ જાણતો નથી. ૪૭-૪૮.

પછી અલૈયા ખાચરે તેમને પૂછ્યું કે તમને કોણે બતાવ્યું અહીંયા ઓલિયા પુરુષ છે ? ૪૯. ત્યારે તે પઠાણ અધિકારીએ કહ્યું, 'અહીંયાં કોઈ ઓલિયા છે.' એમ તો મને મારા દિલના વિશ્વાસે કહ્યું છે. મને બીજા કોઈએ કાંઈ વાત કહી નથી. પણ હું જે કહું છું તે ક્યારેય ખોટું ન પડે. ૫૦. અમે તો પાપી માણસ છીએ તેથી અમને તે ઓલિયા ક્યાંથી મળે! મારી વાત ખોટી નથી. ઓલિયા પુરુષ જરૂર અહીં રહ્યા જ છે. ૫૧. પછી અલૈયા ખાચરે જ્યાં શ્રીહરિ ગુપ્ત નિવાસ કરીને રહ્યા હતા ત્યાં જઈને બધું કહ્યું. ૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શ્રીહરિએ વાઘા ખાચરનો મોક્ષ કર્યો અને ઝિંઝાવદરમાં ગુપ્ત રહ્યા' એ નામે બાવીશમો તરંગ સમાપ્ત ॥૨૨॥



પૂર ચોથું : તરંગ - ૨૩

ગાયકવાડી પઠાણને દર્શન દઈને શ્રીહરિ કારિયાણીમાં ધામધૂમથી પધાર્યા

ત્યારે શ્રીહરિએ અલૈયા ખાચરને કહ્યું, તમે તમારી બુદ્ધિમાં વિચાર કરીને કોઈને ખબર ન પડે તે રીતે તે પઠાણને અમારી પાસે લાવો. ૧. પછી અલૈયા ખાચર તે પઠાણની પાસે આવ્યા અને તેમને એક બાજુ બેસાડી શ્રીહરિની ઇચ્છાની વાત કહી. તેણે તે વાત કેવળ પોતાના મનમાં જ રાખી. ૨. અલૈયા ખાચરે તેની આગળ શ્રીહરિનું નામ પણ ન લીધું. પરોક્ષપણે સ્થાન કહ્યું. અને તે રીતે જ બધો પરિચય આપ્યો. ૩. **તે પઠાણ શ્રીહરિ પાસે આવ્યો. તેને તરત જ સમાધિ થઈ ગઈ. સમાધિમાં અપાર તેજ દેખાયું. તે તેજમાં આશ્ચર્યકારી સ્વરૂપનાં દર્શન થયાં. ૪. એક તેજોમય તખત-સિંહાસન હતું. તેના ઉપર તે છબિ-સ્વરૂપ વિરાજતું હતું. તે સ્વરૂપ અત્યંત આશ્ચર્યકારી અકળ-અકલ્પ્ય શોભા ધારી રહ્યું હતું.** ૫.

પૂર્વે જે અનંત પેગંબર થઈ ગયા હતા તે બધા ત્યાં બેઠા હતા. તેણે જઈને તે બધાને નામ પૂછ્યા. ત્યારે તેમણે સહુએ પોતપોતાના નામ બતાવ્યા. ૬. પેગંબરોએ તે સ્વરૂપનો ઘણો જ મહિમા કહ્યો. અત્યારે તે મહિમાના અંતને કોઈ પામતું જ નથી. તે સ્વરૂપ એટલું તો અકળ-અકલ્પ્ય હતું કે તેના યથાર્થ મહિમાને તો તે પેગંબરો પણ જાણતા ન હતા. ૭. ત્યાંની રચના-શોભા એવી હતી કે તે બધી જોયા પછી પાછા દેહમાં આવવાની ઇચ્છા જ થતી નહિ. પરંતુ શ્રીહરિ તેને પરાણે ખેંચીને દેહમાં લાવ્યા. સમાધિમાંથી બહાર આવ્યો ત્યારે આંખમાં આંસુ આવી ગયા હતા. ૮.

પછી તે પઠાણ અધિકારી શ્રીહરિના ચરણમાં નમી પડ્યો. તેણે શ્રીહરિને સમગ્ર જગતના આધાર એવા મહાન સમર્થ જાણ્યા. શ્રીહરિએ તેને કહ્યું કે જે તમે અનુભવ્યું છે તે બધે કહેતા ફરશો નહિ. ૯. આ વાત તમારા દિલમાં જ રાખજો. કોઈને આગળ કહેશો નહિ. અમે તો પૂર્વ દેશના નિવાસી છીએ. અહીંયાં તો અમે ક્યારેય આવ્યા નથી. ૧૦. આ દરબારની ભાવના દેખીને અમે

આજનો દિવસ અહીંયાં રહ્યા છીએ. શું જાણીએ કે હવે અમે ક્યાં જઈએ ? તે વાતને હું મારા મનમાં લાવતો જ નથી. ૧૧. અમારું વિચરણ - હરવું ફરવું અમારા હાથમાં નથી. અમે કોઈને સાથે રાખતા પણ નથી. પછી તે પઠાણ આ વાતને પોતાના મનમાં જ રાખીને પોતાને મુકામે ગયો. ૧૨. ત્યાંથી ઘોડેસવાર થઈને લશ્કર સાથે મળી ગયો. તેણે આ વિસ્મય જનક વાતને પોતાના મનમાં જ લખી રાખી. સંઘરી રાખી. ૧૩. (પ્રસંગોચિત વાત કહીને હવે ચાલું કથા કહે છે.)

પૂર્ણકામ શ્રીહરિ ઝિંઝાવદરમાં આ રીતે રહ્યા. પછી ત્યાંથી નીકળીને સાંજને સમયે **કારિયાણી** ગામ પધાર્યા. ૧૪. માંચા ખાચરના ભાઈ વગેરે હરિભક્તો બધા સામૈયું લઈને સન્મુખ આવ્યા. તે સમયની શોભા અદ્‌ભુત થઈ હતી, જે મુખથી કહી શકાતી નથી. ૧૫. અલૈયા ખાચરના બધા ભાઈઓ વગેરે અપાર કુટુંબ સાથે આવ્યું હતું. ઘોડા બહુ હતા. ત્યાં વાજિંત્ર પણ અનેક વાગતા હતા. ૧૬.

શ્રીહરિના સામૈયામાં જે ભક્તો આવ્યા હતા, તેના નામ આ પ્રમાણે કહેવાય છે. હરિભક્તોમાં દરબાર માંચા ખાચર અને વીરદાસ પટેલ એ બે મુખ્ય ગણાતા હતા. તે સિવાય પણ બીજા ઘણા હરિભક્તો સન્મુખ આવ્યા હતા. ૧૭. દરબાર વેલા ખાચર અને માતરા ખાચર તે બંને સારા સત્સંગી થયા હતા. તેમાં માતરા ખાચરના પુત્ર નાજા ખાચર નામે હતા. તે હરિભક્ત પણ કારિયાણી ગામમાં જ રહેતા હતા. ૧૮. વસ્તા ખાચર અને રામ ખાચર તે બંને ભાઈ હતા. તેમાં માણસિયા ખાચર અને જોઈતા ખાચર એ બે વસ્તા ખાચરના પુત્ર હતા. તેઓ સત્સંગના નિયમોને બરાબર પાળતા હતા. ૧૯. એક વિસામણ નામે હરિભક્ત ઘણા પ્રેમી હતા. વીરદાસ પટેલના પુત્ર ખોડાભાઈ હતા તે ઘણા નિષ્કામી હતા. ૨૦. ખોડાભાઈના પુત્ર ધનાભાઈ વગેરે સારા હરિભક્ત હતા. વીરદાસભાઈ, કરમસી(કમા) ભાઈ અને રાઘવભાઈ હતા. ૨૧. તેમાં રાઘવભાઈના કુંવરજી અને નથુ નામે બે પુત્ર હતા. તેમાં કુંવરજીના પુત્ર જસમતભાઈ હતા. તે બધા મહાન ભક્ત હતા. ૨૨.

કાનાભાઈ અને હરજીભાઈ, તેમના પુત્ર વેલાભાઈ અને હરખાભાઈ હતા. તે સિવાય બીજા વીરોભાઈ, બોધાભાઈ, લખમણ, ગોવિંદ, જીવો, પંચાણ. ૨૩. લાલો વગેરે તથા ભગવાન સુથાર, લાધોભાઈ દરજી, જેરામભાઈ લુવાર, ઠાકરસીભાઈ, રત્નાભાઈ, રઘાભાઈ, દલવાડી હીરાભાઈ, ૨૪. ગોવાભક્ત સારા સત્સંગી હતા. તેના પુત્ર જીવાભાઈ હતા અને એક બીજા રત્નાભાઈ હતા. જેણે પરસ્ત્રી હરામ કરેલી હતી. ૨૫. તેના જેટલા પુત્ર હતા તેઓ સારા હરિભક્ત થયા હતા. હીરાભાઈ અને તેના બધા પુત્રોએ શ્રીહરિને તન મન અર્પણ કર્યા હતા. ૨૬. દેવોભાઈ, સોમાભાઈ વગેરે અનંત કણબી હરિભક્તો હતા. તે શ્રીહરિને શરણે આવ્યા હતા. ૨૭. આમ તો આખું ગામ સત્સંગી હતું. ધ્યાનદાસ નામે વેરાગી પણ હરિભક્ત થયા હતા. જીવોભાઈ કોળી એ આદિ પણ અપાર ભક્તો હતા. ૨૮. વિપ્ર ગોવર્ધનભાઈ, તેના પુત્રો અને ઘરના બધા મનુષ્ય, ઘણા સારા વિવેકી હરિભક્ત હતા. ૨૯. ધનબાઈ અને હીરાબાઈ વગેરે અપાર મહિલાઓ સત્સંગી હતા. જેટલા સત્સંગી પુરુષો હતા તે સહુએ શ્રીહરિને દંડવત્-પ્રણામ કર્યા. ૩૦. વૃદ્ધ અને તરુણી બધી જ સ્ત્રીઓ દૂર રહીને શ્રીહરિને પગે લાગી. વાઘજી અને જસમત નામે બે વાળંદ હતા; તેણે આવીને મશાલો કરી. ૩૧.

શ્રીહરિએ બધા જરકસી વસ્ત્ર પહેર્યાં હતાં. આભૂષણો પણ અપાર ધાર્યા હતાં. બધો સાજ સોનાનો હતો. જેને ગણતા પાર આવતો નથી. ૩૨. તે બધો સાજ અશ્વ ઉપર સજાવ્યો હતો. તેથી શોભા અનંત અપાર થઈ હતી. ચોપદાર હાથમાં સોનાની છડી લઈને નેકી પોકારતો હતો. ૩૩. શ્રીહરિએ દેશમાં સત્સંગ કરવા માટે જે સંતોને મોકલ્યા હતા તેને બોલાવ્યા. એટલે તે બધા સંતો પણ અપાર આવ્યા હતા. છત્રીસ પ્રકારના જે વાજિંત્ર કહેવાય છે તે બધા આગળના ભાગમાં વાગતા હતા. ૩૪. તેમની પાછળ ચાલતા સંતો ઘણા જ પ્રેમથી કીર્તન ગાતા હતા. સંતોની પાછળ પાર્ષદો ચાલતા હતા અને તેમની પાછળ શ્રીહરિ શોભતા હતા. ૩૫. ચારે તરફ હરિભક્તો ઘેરી વળ્યા હતા. તેઓ ઘણા જ ઉત્સાહથી કીર્તન ગાતા હતા. શ્રીહરિની પાછળ શ્રીહરિની સવારી ઘણી સોહામણી લાગતી હતી. આ રીતે શ્રીહરિની પધરામણીની ગોઠવણ ખૂબ જ સરસ થઈ હતી. ૩૬.

પાર્ષદો જ્યારે બંદૂકોને ફોડવા લાગ્યા ત્યારે આકાશમાં તેની ગર્જના વ્યાપી ગઈ. તે અવાજ સાંભળીને દેવતાઓ આવ્યા. જે આકાશમાં છવાઈ ગયા હતા. ૩૭. આકાશમાં વિમાનોનો તો કોઈ પાર ન હતો. ઈંદ્ર પોતાની બધી સવારી લઈને આવ્યા. જરિયાની નેજાઓનો તો કોઈ પાર જ ન હતો. ૩૮. ઘોડાની પીઠ ઉપર મોટું ત્રંબાળું વાગતું હતું તેનાથી આખું આકાશ ગાજતું હતું. તેની શોભા અદ્‌ભુત હતી. ત્યારે ઈંદ્રે શ્રીહરિને હાથી ઉપર બેસાડ્યા. ૩૯. હાથી ઉપર સોનાની અંબાડી ઝગમગ ઝગમગ ચમકતી હતી. જ્યારે સુખકારી શ્રીહરિના તે અંબાડી ઉપર દર્શન થયાં ત્યારે ભક્તજનોને મહાન આશ્ચર્ય થયું. ૪૦.

કારિયાણી ગામની ચારે બાજુ ખેતીની વાડીઓ રૂપાળી લાગતી હતી. તેમાં જાતજાતના ઝાડ શોભી રહ્યા હતા. ૪૧. અનેક જાતના અપાર પંખીઓ તેમાં કલરવ કરતા હતા. ગામની ચાર તરફ ગઢ હતો. તેનો પૂર્વ તરફનો દરવાજો ભવ્ય વિરાજતો હતો. ૪૨. શ્રીહરિ જ્યારે તે દરવાજે પધાર્યા ત્યારે બધા જ ભક્તો દર્શન કરવા આવ્યા. ઘરમાં કોઈ જ ન રહ્યું. લોકો પુષ્કળ ગુલાલ લાવ્યા હતા તે પરસ્પર ઉડાડીને નાખતા હતા. ૪૩.શ્રીહરિ ગામની નજીક પહોંચ્યા ત્યારે અનેક મશાલો પ્રકટી હતી. શ્રીહરિએ ગામમાં પ્રવેશ કર્યો. ગામધણી દરબારે બજારોને ઘણી શણગારી હતી. ૪૪. પહેલા બજારોને સ્વચ્છ કરાવી, સુગંધી પાણી છંટાવ્યું અને પછી સારા સુગંધી વિવિધ પ્રકારનાં ફૂલ વેરાવ્યા હતા. તેમજ સારા શોભાના ઝાડ પણ રોપાવ્યા હતા. ૪૫. પ્રત્યેક દરવાજે ફળ સહિતના શોભાદાર કેળના સ્તંભ રોપાવ્યા હતા. દરવાજે મોતીના તોરણ બાંધ્યા હતા તેમજ ધજાઓનો અને પતાકાઓનો તો કોઈ પાર જ ન હતો. ૪૬.

દરવાજા આગળ સુવર્ણના મનોહર કળશ મૂક્યા હતા. નરનારીઓથી બજાર ભરાઈ ગઈ. ઘણી ઘાટી ભીડ થઈ હતી. ૪૭. માળવાળા ઊંચા મકાનો ઉપર ગોખ અને અટારીઓમાં લોકો ઊભા હતા. સ્ત્રીઓ નિર્મળ પ્રેમભાવથી સોનેરી ફૂલોથી શ્રીહરિને વધાવવા લાગી. ૪૮. **શ્રીસહજાનંદ સ્વામી કારિયાણીની બજારમાં ધીરે ધીરે ચાલતા હતા. ત્યારે મનોહર મૂર્તિ**

શ્રીહરિને બંને બાજુએ બ્રહ્મા અને શિવજી ચામર કરતા હતા. ઈંદ્ર આવો અદ્‌ભુત અવસર દેખીને મહાવત બનીને સેવામાં જોડાયા હતા. ૪૯-૫૦. પછી શ્રીહરિ દરબારગઢમાં પધાર્યા. સર્વત્ર આનંદનું વાતાવરણ છાઈ ગયું. દેવતાઓ અને લોકો જયનાદ કરતા હતા. ૫૧. દરબારે પોતાના વિશાળ ભવનમાં શ્રીહરિને પધરાવ્યા. ગાદી તકિયા મૂકીને સોનેરી પલંગ બિછાવ્યો હતો તેના ઉપર શ્રીહરિ વિરાજમાન થયા. ૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'ગાયકવાડી પઠાણને દર્શન દઈને શ્રીહરિ ધામધૂમથી કારિયાણી પધાર્યા' એ નામે ત્રેવીશમો તરંગ સમાપ્ત ॥૨૩॥



પૂર ચોથું : તરંગ - ૨૪

માંચા ખાચરની સમજણ જોઈને બ્રહ્માનંદસ્વામીએ એકાંતિક ભક્તોના નામ કહ્યા

આકાશમાં તારાગણની વચ્ચે જેમ ચંદ્રમા શોભે તેમ મહામુક્ત મુનિવરોની સભાની વચ્ચે વિરાજેલા શ્રીહરિ શોભતા હતા. ૧. શિરોમણિ જેવા મોટા મોટા દરબારો શ્રીહરિની પાસે બેઠા હતા. તે બધા તે વેળાએ શ્રીહરિના અત્યંત લાડીલા થયા હતા. ૨. શ્રીહરિએ દરબારોને પૂછ્યું, બોલો, જમવાની શી ઈચ્છા છે ? જે કહો તે રસોઈ બનાવે. ૩. શ્રીહરિએ જ્યારે પૂછ્યું ત્યારે બે હરિભક્તોના મનની ઈચ્છા જાણીને વર્ણીને કહ્યું. ૪. વર્ણી પણ દેશ, કાળ અને વસ્તુ સ્થિતિ વગેરેને વિચારીને રસોઈ બનાવતા. શ્રીહરિની ઈચ્છાને લેશમાત્ર પણ લોપતા નહિ. કોઈને દુઃખ થાય કે ક્લેશ થાય એવું ક્યારેય કરતા નહિ. ૫. વર્ણીએ શ્રીહરિને માટે રસોઈમાં જોઈ-તપાસીને સુંદર મગની ખીચડી બનાવી. તેમાં હળદર નાખી. ૬. રીંગણા નાખીને દહીંની કઢી લવિંગથી વઘારીને સરસ કરી. જ્યારે રસોઈ તૈયાર થઈ ગઈ ત્યારે વર્ણી શ્રીહરિને બોલાવવા ગયા. ૭. શ્રીહરિ તત્કાળ જમવા ઉઠ્યા. ભક્તોના મનને રંજન કરનારા દયાળુ શ્રીહરિએ બધા જ વસ્ત્ર બદલી નાખ્યા. એક પીતાંબર પહેર્યું. ૮.

❋ **મૂર્તિ વર્ણન :**

જરિયાની કોરવાળી લાલ શાલ ઓઢી. ધર્મના લાલ શ્રીહરિના કાનોમાં પહેરેલા સોનાના જડાઉં કુંડળ સોહામણા લાગતા હતા. ૯. છાતી ઉપર મોતીનો હાર પહેર્યો હતો. તેનો ઝગમગ ઝગમગ કરતો અપાર ચળકાટ સુંદર લાગતો હતો. સુશોભિત નંગજડિત બાજુબંધ ભુજાઓ ઉપર શોભતા હતા. ૧૦. નંગ જડાઉં કડાં બંને હાથના કાંડામાં શોભતા હતા. કમર ઉપર નંગ જડિત સોનાનાં કંદોરાની શોભા ઘણી જ દીપતી હતી. ૧૧. સોનાના ઝાંઝર બંને ચરણોમાં ઘણા સુંદર લાગતા હતા. તેમાં રહેલી ઘુઘરીઓનો ઘમઘમ આવો ધ્વનિ ઘણો જ અનુપમ થતો હતો. ૧૨. અત્યંત વિચિત્ર સોનાની ચાખડીઓને ચરણોમાં પહેરીને શ્રીહરિ ચટાક ચટાક અવાજ કરતા ચાલતા હતા. તેની શોભાનો કોઈ પાર ન હતો. ૧૩. ધર્મકુમાર શ્રીહરિ સોનાના બાજોઠ ઉપર આવીને બેઠા. વર્ણીએ ચોપ કરીને પીરસેલો થાળ લાવીને શ્રીહરિની સન્મુખ મૂક્યો. ૧૪. થાળમાં ખીચડી પીરસી હતી. બીજા એક પાત્રમાં ઘી હતું. સરસ કઢી કરી હતી તે એક અલગ પાત્રમાં હતી. ૧૫. અવિનાશી શ્રીહરિ ખીચડીનો કોળિયો લઈને ઘીમાં બોળી જમતા અને તેની સાથે કઢીને પણ જમતા હતા. ૧૬. જમતા જમતા વચ્ચે થોડું થોડું જળપાન કરીને ભક્તોના ચિત્તને ચોરતા હતા. જ્યારે પ્યારા શ્રીહરિ જમી રહ્યા ત્યારે ચળું કર્યું. ૧૭. પછી સુંદર મુખવાસ લીધો.

થાળની પ્રસાદી દરબારને આપી. બીજા બધા દરબારો પણ માંચા ખાચરને ઘેર જમવા માટે ગયા. ૧૮. સહુ દરબારો દૂધ, ભાત અને સાકર જમ્યા. રાતે ઘણો સારો ઉત્સવ કર્યો. સહુ સંતોએ ઝાંઝ અને મૃદંગ વગાડીને તે વખતે સારા કીર્તન ગાયા. ૧૯. શ્રીહરિ રાતે પોઢી ગયા. સંતો ધ્યાનમાં બેઠા. ગામના બધા હરિભક્તો પોત-પોતાને ઘેર ચાલ્યા ગયા. ૨૦. જ્યારે રાત ચાર ઘડી (૧.૩૬ ક.મિ.) બાકી રહી ત્યારે સંતોએ 'નારાયણ ધૂન' શરૂ કરી. શ્રીહરિ તરત જ જાગ્યા. પછી શૌચવિધિ કરી આવ્યા. ૨૧. તે પછી તરત દાતણ કર્યું. વર્ણીએ ગરમ પાણી આપ્યું. તેનાથી મુખકમળની શુદ્ધિ કરી. રંગભીનાનું રૂમાલથી મુખ લૂછ્યું. ૨૨. વર્ણીએ શરીર ઉપર સુગંધી તેલ

લગાવીને મર્દન કર્યું. કાળાભાઈ નામે એક વાળંદ હતો. તે સેવામાં રહેતો હતો. ૨૩. તે ચાર પાંચ દિવસ જાય એટલે શ્રીહરિની હજામત સારી રીતે કરતો હતો. ઉત્તરાયણનો દિવસ આવ્યો એટલે શ્રીહરિએ હજામત કરાવી. ૨૪. શ્રીહરિએ બાજોઠ ઉપર એક ચકમો (ગરમ ધાબળો) પથરાવ્યો અને તે વખતે ઠંડી હતી તેથી એક ગરમ ધાબળો ઓઢી લીધો. ૨૫. અડાયા છાણા મંગાવીને સગડી સળગાવડાવી. અતિશય નિપુણ મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામી પોતા પાસે આવીને બેઠા. ૨૬.

શ્રીહરિએ માંચા ખાચરને અને વીરદાસ પટેલને બોલાવ્યા. આજ મનમાં ઘણો ઉમંગ હતો, તેથી તે બંનેને કહ્યું. ૨૭. આજ ઉત્તરાયણનો દિવસ છે. તે મહાન પુણ્યનું પર્વ કહેવાય. જો બ્રહ્મભોજન કરાવાય તો મનની બધી જ અભિલાષાઓ પૂર્ણ થાય. ૨૮. ત્યારે માંચા ખાચર હાથ જોડીને બોલ્યા. પ્રભુ, મારી વિનંતી સાંભળો. આપ મળ્યા એટલે અમારા બધા જ મનોરથ ફળી ગયા છે. હવે કાંઈ મેળવવાનું બાકી રહ્યું નથી. ૨૯. હવે તો આપ જેમ રાજી થાઓ તેમ જ અમારે કરવાનું છે. હવે પછી આપ અમને ફરીવાર ક્યારે મળશો ? આપ જેમ કહો તેમ અમે કરીએ . શરણાગતોના નાથ ! પ્રભુ, આપ અમારા ઉપર રાજી રહો. ૩૦.

✵ માંચા ખાચરનો સમર્પણભાવ :

અમે તો બાળકના જેવા અજ્ઞાની છીએ, કાંઈ જાણતા નથી. આપ કહો તે અમે માનીએ. જેવી આપની મરજી હોય તે રીતે અમને તે કહેવું. ૩૧. અમારું તન, મન અને ધન જે કાંઈ છે તે બધું આપને અર્પણ કરી દીધું છે. હવે એમાં અમારું લેશમાત્ર પણ નથી. તેથી તેના સારુ અમે શા માટે ક્લેશ કરીએ ? ૩૨. જે આપનું છે તેને આપ સંભાળી લો. આપના સમાન ઉત્તમ બીજું પાત્ર કોણ હોઈ શકે ? કરોડો કરોડ નિત્ય યજ્ઞ કરાવે, કરોડો કરોડ ગોદાન આપે. ૩૩. રોજ સવાભાર (૨૪ મણ = ૧ ભાર - ૩૦ મણ) જેટલાં સોનાનું દાન આપે આવા કેટલાએ રાજાઓ પૂર્વે થઈ ગયા છે. છતાં તે બધાને આજ સુધી આપનો યોગ-મેળાપ થયો નથી. એવા તો ક્યારેય આપની નજરમાંય નથી. ૩૪. આપ આવા દેવોને પણ દુર્લભ છો.

ઘણા મોટા હોય તોપણ તેમને આપની સેવા મળતી નથી. અનંત જન્મોમાં ભટકતાં ભટકતાં અમને આજે આપનો જોગ થયો છે. ૩૫. હવે આપ જેમ રાજી થાઓ તેમ જ અમારે કરવું છે. આપના ગમતામાં રહેવું. તે જ અમારા મનુષ્યજન્મની સફળતા છે. ૩૬.

ત્યારે શ્રીહરિએ તે વખતે ત્યાં બેઠેલાઓને કહ્યું, આ માંચા ખાચરના જેવા એકાંતિક હરિભક્ત આપણા સત્સંગમાં જે હોય તે તમે અમને કહી બતાવો, અમે તેને મનમાં સમજી રાખીએ. ૩૭. (અહીંથી તરંગ પૂર્ણ થતાં સુધી બ્રહ્માનંદસ્વામીના મુખથી સમગ્ર સંપ્રદાયના શ્રેષ્ઠ હરિભક્તોના નામો ગ્રંથકારે બોલાવડાવ્યા છે. ઐતિહાસિક દૃષ્ટિએ એમાના કેટલાક સં.૧૮૬૦ની સાલમાં હરિભક્તો પણ થયેલા હતા નહીં. પરંતુ વર્ણનની સાથે તે સર્વે સારા સારા હરિભક્તોના નામની યાદી આપેલી છે. એમ સમજવું.)

ત્યારે બ્રહ્માનંદસ્વામી સત્સંગ ઉપર નજર કરી વિચારીને બોલવા લાગ્યા. "આપણા સત્સંગમાં અત્યારે જે શ્રેષ્ઠ ભક્તો છે તેમાં એક પર્વતભાઈ (અગત્રાઈ), મયારામ ભટ્ટ (માણાવદર), દરબાર ઝીણાભાઈ ક્ષત્રિય (પંચાળા), આ કારિયાણીના વીરદાસ પટેલ, ૩૮. તથા ગોવા પટેલ અને રાઈબા પટગીર જેઓ કુંડળગામમાં રહે છે. ૩૯. વાંકિયાના મોકા ખાચર, તેવા જ સારંગપુરના જીવા ખાચર, ૪૦. તેમજ શુદ્ધ અંતઃકરણવાળા અને સુવિચારયુક્ત શ્રેષ્ઠ હરિભક્ત સોમલા ખાચર-બોટાદ, નિર્મળ સારા સ્વભાવના હમીર ખાચર (બોટાદ) કે જેને શ્રીહરિના ઉપર અપાર હેત છે. ૪૧. જેને શ્રીહરિમાં અપાર હેત હતું એવા નાગડકાના સુરા ખાચર સુથાર સુંદરજીભાઈ અને ગંગારામ મલ્લ-ભુજ, ૪૨.

ભાવનગરમાં રૂપાભાઈ અને રાજાભાઈ, ધોલેરામાં પૂજાભાઈ અને તેમના બહેન અજુબા તથા ફૂલીબા, ૪૩. જેતલપુરમાં ગંગાબા, ઉગરચંદ અને આશજીભાઈ, ચરોતર-બોચાસણમાં કાશીદાસભાઈ વગેરે સત્સંગીઓ શિરોમણિ છે. ૪૪. વડોદરામાં વનમાળીભાઈ અને નાથભક્ત, સુરતમાં ભાઈચંદભાઈ અને લક્ષ્મીબાઈ ૪૫. તેમજ લક્ષ્મીચંદ, ગિરિધરભાઈ, ગોવિંદભાઈ, ધરમપુરના પ્રસિદ્ધ સૂર્યવંશી શક્તિશાળી જે રાજા કહેવાય

છે.૪૬. તે વિજયદેવજીના માતા નિષ્કામભક્ત કુશળકુંવરબાઈ, કાનમ પ્રદેશના દોરા ગામના વિપ્ર કાશીરામભાઈ, ૪૭.કલાલી ગામના અમીન અજુભાઈ, સરસવણી ગામના શેઠ અમીદાસ અને ગિરધરભાઈ, ૪૮. વડતાલના પટેલ કુબેરભાઈ, અતીત નારાયણગિરિ, જોબનપગી, ૪૯. બામરોલી ગામના ઘણા જ ધીરગંભીર તખા પગી, જેઓ પોતાના ભાઈ, પુત્ર અને પરિવારે સહિત મહાન શૂરવીર હરિભક્ત છે. ૫૦.

સાંકરદા ગામના ગણેશ પટેલ અને દુર્લભજી નામે બારૈયા ઘણા સારા હરિભક્ત છે. ૫૧. વળી મોકમસિંહ નામે એક મહાન ટેકીલા હરિભક્ત છે, જેણે ભગવાનને માટે પોતાનું સર્વસ્વ સમર્પણ કર્યું છે. ૫૨. મોરજ ગામના ગોકુલદાસ નામે એક વિવેકી ચારણ હરિભક્ત છે. ઊંટવાડા ગામમાં જોઈતાભાઈ નામે સારા હરિભક્ત છે. ૫૩. બુધેજ ગામમાં ખોડાભાઈ અને તેજોભાઈ નામે હરિભક્ત રહે છે. ગુડેલ ગામમાં જીજીભાઈ નામે હરિભક્ત મહાન શૂરવીર કહેવાય છે. ૫૪. સિંજીવાડામાં જગરૂપ બારોટ, બાપુજી અને ગિરિધરભાઈ પટેલ ઘણા સરસ હરિભક્તો રહે છે. ૫૫. બોરસદ ગામમાં વિપ્ર આશારામ અને વસો ગામના અમીન જોરોભાઈ, જેને વિચારીને જોઈએ તો દેશમાં બધા જ ઓળખે છે. ૫૬. વળી વસોમાં તુલસીભાઈ, હાંસજીભાઈ, દાદા દવે, જગન્નાથભાઈ અને સદા ભગવત્પરાયણ વાલાધ્રુવ સારા સત્સંગી છે. ૫૭.

ડભાણ ગામના રઘુનાથદાસ અને રાઈજી પટેલ ઘણા ઉમંગવાળા ભક્ત છે. નડિયાદ શહેરમાં ગંગારામભાઈ અને મોહનલાલભાઈનું સ્થાન છે. ૫૮. પેટલાદમાં વજો શેઠ રહે છે જેણે ભગવાનને અર્થે સર્વસ્વ કરી રાખ્યું છે. તેમજ ઉમરેઠમાં જેટલા હરિભક્તો છે તે બધા મહાન શૂરવીર છે. ૫૯. ત્યાં રૂપરામ ઠાકર, નરભેરામ અને ગંગારામ નામે ભક્તો રહે છે. તેમજ દુર્લભરામ અને બેચરભાઈ મેમદાવાદમાં રહે છે. ૬૦. મહુધા ગામમાં અમીન અજુભાઈ તથા વડથલમાં વિપ્ર કાલીદાસ અને અંબાબાઈ સારા હરિભક્ત રહે છે. ૬૧. નારાયણજી અને ધનબાઈ નામે વિપ્ર કઠલાલમાં રહે છે તેમજ વિપ્ર મયારામ અને વણિક ભગવાનજી પ્રાંતિજ ગામમાં સારા સત્સંગી રહે છે. ૬૨. વડનગરમાં વિપ્ર મુગટરામ અને જેઠીબાઈ તથા વીસનગરમાં તેના

ભાઈ વિપ્ર સૂર્યરામ રહે છે. ૬૩. મેઉ ગામમાં ભૂખણ ભાવસાર રહે છે અને ઉનાવા ગામમાં વિપ્ર શ્રેષ્ઠ કુંવરબાઈ સારા સત્સંગી રહે છે. ૬૪. તેમજ ઉનાવામાં રામદાસ પટેલ તથા ડાંગરવા ગામમાં ઉમંગી સત્સંગી જતનબા અને ઓળાગામમાં પ્રેમી રતનબા રહે છે. વળી કરજીસણમાં નાનાભાઈ નામે વિપ્ર હરિભક્તોમાં સર્વશ્રેષ્ઠ છે. ૬૫.

સલકી ગામના ભગવાનજી ખાંટ અને આદરજ ગામના રતુખાંટ તથા વેલાલ ગામના અમીન જેસંગભાઈ ઉચ્ચકોટીના ભક્ત હતા જેમને ભગવાન ઉપર બહુ જ પ્રેમ હતો. ૬૬. અમદાવાદમાં હીરાચંદભાઈ અને રેવાબાઈ સારા હરિભક્ત છે તેમજ અત્યંત ધીરભક્ત દામોદર તથા ગંભીર હરિભક્ત લાલદાસ શેઠ વણિક ભક્ત છે. ૬૭. ગામડી ગામમાં જીજીભાઈ અને અસલાલી ગામમાં હરિભાઈ નામે એક મોટા અમીન કહેવાય છે તેમજ વેણીભાઈ નામે પણ સારા હરિભક્ત છે. ૬૮. વસઈમાં જેઠાભાઈ અને ધોળકામાં વિપ્ર રેવાશંકર, સુથરામપુરમાં વિપ્ર વાલજી નામે સારા હરિભક્ત રહે છે. ૬૯. ચલોડામાં જીતબા નામે અમીન સારા સત્સંગી છે. મછીયાવ ગામમાં દરબાર બાપુભાઈ અને તેમના 'મા' ફઈબા સારા હરિભક્ત રહે છે. ૭૦. દદુકામાં ગોડજી નામે ગરાસિયા સત્સંગી છે અને દેવળિયાના રાજા જાલમસંગજી અને તેમના મા કેશાબા ઉત્તમ ભક્ત છે. ૭૧.

શિયાણી ગામના વિપ્ર શિવરામ અને બીજા ભીમા વોરા શેઠ ઉચ્ચ કોટિના સત્સંગી છે. તાવીમાં રઘોભાઈ અને મેંથાણમાં પૂંજોભાઈ એ બધા એકાંતિક હરિભક્તો છે. ૭૨. હળવદમાં વિપ્ર નારાયણજી અને શિવરામ જાની શ્રેષ્ઠ હરિભક્ત છે તેમજ બીજા અનેક ક્ષત્રિયો પણ હરિભક્ત છે. ૭૩. પીપળિયા ગામમાં ગણેશભાઈ પટેલ અને તેમની બહેન માનબાઈ સારા હરિભક્ત કહેવાય છે. જે વર્ણવી શકાતા નથી. ૭૪. ધમડકા ગામમાં રાયધણજી નૃપ છે તે પરમ એકાંતિક સત્સંગી છે. ૭૫. આધોઈ, ભચાઉમાં પણ ઘણા સારા હરિભક્તો છે, તે સિવાય માનકૂવામાં કૃષ્ણજી નામે જે છે તે પણ પરમ એકાંતિક હરિભક્ત છે. ૭૬. તેરા, અંજાર, કાળાતળાવ અને માંડવી શહેર. તે પ્રત્યેક ગામમાં સારા એકાંતિક હરિભક્તો રહે છે. ૭૭.

જોડિયા, ભાદરા, શેખપાટ, અલૈયા અને મોડા ગામમાં પણ ઘણા સારા એકાંતિક ભક્તો રહે છે. ૭૮. વાંકાનેર, મૂળી, ખોલડિયાદ, રામપરા, મેમકા અને વઢવાણ શહેરમાં પણ પરમ એકાંતિક હરિભક્તો રહે છે. ૭૯.લીંબડી શહેર કહેવાય છે, તેમાં પણ એકાંતિક સારા હરિભક્તો છે. ભેંસજાળમાં કાયાભાઈ પરમ એકાંતિક ભક્ત છે. ૮૦. લોયા ગામમાં સંઘા પટેલ છે અને પીઠવડી ગામમાં પણ ઘણા સારા એકાંતિક હરિભક્તો રહે છે. ૮૧. વાળાક દેશમાં જેટલા હરિભક્તો છે તે બધા પરમ એકાંતિક ભક્તો છે. દેશદેશને ગણીએ તો પાર આવતો નથી. તો પછી ગામોનો તા પાર આવે જ ક્યાંથી ? ૮૨.

આ પ્રમાણે બ્રહ્માનંદસ્વામીએ બધા હરિભક્તોના નામ અને તેના ગામના નામ કહ્યા અને વિશેષમાં એમ કહ્યું કે જે અપાર છે તેનો પાર કોણ લઈ શકે. આજે આપ જે કામ કરવા મનમાં ધારો તે તરત જ થઈ શકે તેમ છે. ૮૩. ઝિંઝાવદર અને ગઢપુર આ બે ગામ તો સત્સંગમાં સહુથી અધિક છે તેમાં પણ ઉત્તમરાજા-દરબાર દાદા ખાચર અને તેમની બે બહેનો જીવુબા તથા લાડુબા, ૮૪. ગઢપુરના જીવા ખાચરના દીકરા દેહા ખાચરની બંને બહેનો અમુલાબાઈ અને અમરીબાઈ તથા રાજબાઈ અને મેંનાબાઈ એ સહુ એકસરખા આપના પરમ એકાંતિક ભક્તો છે. ૮૫.

જે ત્યાગી હરિભક્ત બાઈઓ છે તે તો એકથી એક અધિક શ્રેષ્ઠ છે. તેમાં પણ રાજબાઈ અને જીવુબાઈ તો મને સહુથી શ્રેષ્ઠ ભાસે છે. ૮૬. બ્રહ્માનંદસ્વામી પોતાના દિલમાં વિચાર કરીને આવું બોલ્યા. ત્યારે શ્રીહરિ બોલ્યા, ૮૭. **તમે ઘણા બુદ્ધિમાન છો. જે જેવા છે તેને તમે તેવા રૂપમાં અદલ કહી બતાવ્યા છે. તમે બરાબર મનમાં વિચાર લાવીને યથાર્થ કહ્યું છે. આવું બીજો કોઈ કહી શકે નહિ. ૮૮. તમે સરલ ચિત્તના સંત છો. તમે સહુ કોઈના પરમ મહાન મિત્ર છો. નિર્મળ દર્પણના જેવી તમારી રીત સદા અલૌકિક છે.** ૮૯. આટલી વાત કહીને શ્રીહરિએ સ્નાન કર્યું. ચિત્તાકર્ષક મનોહર મૂર્તિ એવી શોભતી હતી કે તેનું વર્ણન કરી શકાતું નથી. ૯૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'માંચા ખાચરની સમજણ અને બ્રહ્માનંદસ્વામીએ શ્રેષ્ઠ એકાંતિક હરિભક્તોના નામ કહ્યા' એ નામે ચોવીશમો તરંગ સમાપ્ત ॥૨૪॥



પૂર ચોથું : તરંગ - ૨૫

શ્રીહરિએ કારિયાણીમાં ઉત્તરાયણ પ્રસંગે અનેક બ્રાહ્મણને જમાડ્યા

રંગીલા શ્રીહરિએ સ્નાન કર્યું. રૂમાલથી શરીર કોરું કર્યું. પહેલા મુખકમળ લૂછ્યું અને પછી ભુજાઓ વગેરે અંગ લૂછ્યા. ૧. સોનેરી કિનારીવાળી પીતાંબર ધોતી પહેરી. શરીર ઉપર જરિયાની શાલ ઓઢી અને ચરણોમાં ચાખડીઓ પહેરી. ૨. દરબારોના ઘર ઘણાં ઊંચા હતા. અનંત ભુવનના આધાર શ્રીહરિ તેની ઓસરીમાં આવ્યા. એક સારા બાજોઠ ઉપર વિરાજ્યા. ૩. ફરતા વીશ ગાઉ ઉપરથી બ્રાહ્મણોને તેડાવ્યા હતા તે બધા આવ્યા. નરનારીઓનો કોઈ પાર ન હતો. ૪.

(આજે ઉત્તરાયણનો દિવસ છે. તેથી માંચા ખાચરે સમર્પિત કરેલ દ્રવ્યનો સદુપયોગ કરવા શ્રીહરિએ બ્રહ્મભોજનનું નક્કી કર્યું હતું.) ગામથી પશ્ચિમ તરફ ઘણા વૃક્ષો હતા. ત્યાં એક સરોવરના આકારની ભૂમિ હતી. ત્યાં વાડીનો કૂવો નજીક હતો એટલે તેમાં બધા બ્રાહ્મણોને ઉતાર્યા. ૫. જરીમય સાજસામાનથી સજાવેલો અશ્વ સુંદર હતો. મહારાજાધિરાજ શ્રીહરિએ પણ જરીમય વસ્ત્ર પહેર્યા હતા. અનંતકોટિ બ્રહ્માંડોમાં વંદનીય, સુખકંદ આવા શ્રીહરિ અશ્વ ઉપર સવાર થયા. ૬. બધા ઘોડેસવાર દરબારો, આવેલા સમગ્ર હરિભક્તો અને જે સંતો ત્યાં આવ્યા હતા તે સહુને સાથે આવવા બોલાવ્યા. ૭. ઘોડાની પીઠ ઉપર ડંકો વાગતો હતો અને કેટલાએ જરિયાની નિશાન આગળ ફરકતા હતા. ઢોલ ત્રાંસા વગેરે વાગતા હતા. તે રીતે મુનિશ્વર શ્રીહરિની સવારી દરબારગઢમાંથી નીકળી. ૮. અપાર હરિભક્તો કીર્તન ગાતા હતા. સવારી રાજબજારે ચાલી. આગળ ચાલતો ચોપદાર "જય જય" "જય જય" આવા શબ્દોને ઊંચેથી પોકારતો હતો. ૯. શ્રીહરિના શિર ઉપર

જરિયાની છત્ર ધાર્યું હતું. છત્ર ઉપર સોનાનો કળશ હતો અને છત્રની દાંડીમાં ચિત્ર વિચિત્ર કળાઓ હોવાથી તે ઘણી શોભતી હતી. ૧૦. દરબારોએ ગુલાલ સાથે લીધો હતો. તેને તેઓ ઘણા ઉમંગથી ઉડાડતા હતા. આકાશ અને ભૂમિ તેનાથી રંગાઈ ગયા હતા. ઘોડેસવારો પણ રંગાઈ ગયા હતા. ૧૧

चोपाई :

परस्पर सब हेत न माई, एक एक से अति मित्राई;
एक एक को करे बखाना, कलि जोई आश्चर्य माना...१२

સહુને પરસ્પર હેત ઘણું છે. એક એકમાં ખુબ મિત્રતા ભરી છે. અન્યોન્ય વખાણ કરે છે. આ બધું દેખીને કળિયુગને પણ આશ્ચર્ય થયું. ૧૨. શ્રીહરિની બંને બાજુએ બે દરબારો-અલૈયા ખાચર અને સુરા ખાચર ચામર કરી રહ્યા હતા, તેની શોભા અતિ ભવ્ય હતી. ૧૩. ગામના અનંત અને અપાર લોકો બજારમાં ઊભા હતા. તેઓ ઘણા જ પ્રેમથી શ્રીહરિને ફૂલહાર પહેરાવતા હતા. ૧૪. તે હાર ઉતારી ઉતારીને શ્રીહરિ બધા દરબારોને પહેરાવતા અને સંતો ઉપર પણ ઘણો જ પ્રેમ હોવાથી કેટલાક હાર સંતોને પણ પહેરાવતા. ૧૫. વળી કેટલાક હાર તો બીજા હરિભક્તોને ઉતારી ઉતારીને પહેરાવતા. તેનાથી માનો નવરંગી ફૂલબાગ ખીલ્યો હોય તેવી શોભા બની હતી. ૧૬.

ગામથી પશ્ચિમ બાજુ આવ્યા. ત્યાં ઘણી સુંદર જગ્યા જોઈ. બ્રાહ્મણોનું મન પણ તે જગ્યા જોઈને ખુશ થયું એટલે ત્યાં જ રસોઈ બનાવવાનું નક્કી કર્યું. ૧૭. વૃક્ષોની સુંદર છાયા જોઈને શ્રીહરિ ત્યાં અશ્વ ઉપરથી નીચે ઊતર્યા. ત્યાં એક મોટી સારી પાટ ઢાળી ને તેના ઉપર ગાદી તકિયા બિછાવ્યા. ૧૮. તેના ઉપર ભક્તોના મનોરથોને પૂર્ણ કરનારા ઘનશ્યામ શ્રીહરિ વિરાજ્યા. શ્રીહરિની પાસે સંતોની સભા થઈ. સેવામાં રહેનારા બધા દરબારો શ્રીહરિની સમીપે જ બેઠા. ૧૯.

રસોઈમાં જેટલો સામાન જે જોઈએ તે શ્રીહરિએ એક સાથે જ મંગાવી લીધો. તે દેખીને બ્રાહ્મણોને આશ્ચર્ય થયું કે આવું બીજા કોઈથી થઈ શકે નહિ. ૨૦. શ્રીહરિની રીત દેખીને સૌના મનમાં વિશ્વાસ આવી ગયો કે ‘સમર્થ

સિવાય બીજાથી આવું ન થાય.' ઘણા મોટા રાજાઓને પણ અમે જોયા છે. ૨૧. અગાઉ તો સીધા સામાનનું કાંઈ ઠેકાણું જ ન હતું. આ બધું મન માન્યું ક્યાંથી ચાલ્યું આવે છે ! એક જ ઘડીમાં પાણી સુદ્ધાં સત્વરે બધું તૈયાર કરી દીધું. ૨૨. વિપ્રો પરસ્પર વાતો કરતા હતા કે, "આજ સ્વામિનારાયણનું પ્રભુપણું જોઈ લેવું છે, ગોળનું સીધું લેવું નથી. સાકરનું જ સીધું આપો, એમ કહેવુ છે. ૨૩. એ તો લક્ષ્મીના પતિ કહેવાય છે. તેમના ઘરમાં ક્યાં કાંઈ ખોટ છે ? જો સમર્થ હશે તો બધું અત્યારે જ કરશે. આટલામાં બધું જણાઈ આવશે. ૨૪. આજ મનમાં કોઈ વાતની શંકા રાખવી નથી. શંકા છોડી દઈને મન માન્યું ઘી પીવું." ૨૫.

શ્રીહરિએ વિપ્રોના મનની બધી વાત જાણી લીધી. એટલે તે સમયે જ બધા વિપ્રોને પોતાની પાસે બોલાવીને કહ્યું, ૨૬. "તમારા મનમાં જે રુચિ હોય તે આજ મને કહો, જેવી તમે ચાહો તેવી રસોઈ અત્યારે બધો સામાન મગાવીને અમે કરાવીએ." ૨૭. ત્યારે જમવામાં ઉદાર મનના તે આગેવાન બધા વિપ્રો બોલ્યા, આપ તો વિશ્વના આધાર છો. વિપ્રોને સુખી કરવા માટે જ પ્રકટ થયા છો. ૨૮. અમારો ધર્મ તો ઋષિઓની પરંપરાનો સનાતન છે. તે આપ આ સમયે પ્રકટ થઈને વિપ્રોનો અપાર સત્કાર કરો છો, આવા પરમ ઉદાર છો. ૨૯. આપને જે પ્રિય હોય તે આજે અમને જમાડો. જે આપને પ્રિય હોય તે અમને પણ પ્રિય લાગશે. આ વાત અમે આપને કહીએ છીએ. ૩૦.

શ્રીહરિએ તત્કાળ સાકર મગાવી. તેની ચાસણી કરીને તેને ધોઈ. પછી બૂરું કરાવ્યું. વિપ્ર પ્રતિપાલક શ્રીહરિએ તે વેળાએ ધોયેલી સાકર સીધામાં આપી. જેટલા વિપ્રો આવ્યા હતા અને જેટલું કહ્યું તેટલું સીધું આપ્યું. ૩૧. કદાચ વાસણની ઘટ પડે એમ ધારી-વિચારીને બે ત્રણ ચોકા કરાવ્યા. તળ્યા ચૂરમાના લાડુ કરાવ્યા. તેમાં પુષ્કળ ઘી નખાવ્યું. ૩૨. શ્રીહરિએ વિપ્રોને કહ્યું, જેટલું ઘી જોઈએ તેટલું મગાવજો, તે અંગે કાંઈ શંકા રાખશો નહિ. તમારું મન ખુશ થાય તેવી રસોઈ બનાવો. ૩૩. અમારું મન તો ત્યારે ખુશ

થાય કે જ્યારે તમે મનમાન્યું ઘી ખાઓ. તે સાંભળીને વિપ્રો ઘણા ખુશી થયા. અને તે વખતે બોલવા લાગ્યા કે ૩૪.

વિપ્રોના હિત માટે જ આપ પ્રભુ પધાર્યા છો અને વિપ્રને ઘેર જ શરીર ધાર્યું છે. આપ સહુનું કલ્યાણ કરો છો, એટલે અમે આપને નિશ્ચિત રૂપમાં ભગવાન માનીએ છીએ. ૩૫. તે સિવાય આવો પ્રતાપ હોય નહિ. આપ પોતાની પાસે કાંઈ રાખતા જ નથી. જ્યારે મનમાં જે સંકલ્પ કરો છો તત્કાળ તે વસ્તુ આપની પાસે આવી જાય છે. ૩૬. હે શ્રીહરિ ! ઇંદ્રાદિ દેવો પણ આપના ઉપર હેત રાખીને આપની સેવા કરવા માટે સવારીમાં આવીને હાજર રહે છે. ૩૭. હે પ્રભુ ! અનંત અવતાર થયા પણ આવી વાત તો અમે ક્યાંય સાંભળી નથી. અને ઇંદ્રે તો શ્રીકૃષ્ણાવતારમાં ઘણીવાર તેમની સાથે ઈર્ષ્યા કરી હતી. અને અહીં તે તમારી સેવામાં હાજર રહે છે. ૩૮.

આવી વાત થતી હતી ત્યાં વર્ણી રસોઈ બનાવીને શ્રીહરિને બોલાવવા માટે ત્યાં આવ્યા. વર્ણી હાથ જોડીને જ્યાં વાત કરે છે ત્યાં શ્રીહરિ તેમને આવતા દેખીને જ તત્કાળ ઉઠ્યા. ભક્તજનપ્રતિપાલક શ્રીહરિ એકદમ ઘોડા ઉપર બેઠા. ૩૯-૪૦. વિપ્રોને વસ્તુ લેવા દેવા માટે શ્રીહરિએ માણસોને રાખ્યા અને મયારામ ભટ્ટને જોઈને કહ્યું કે, તમે અહીંયા વિપ્રને વસ્તુ લેવા-દેવામાં રહેજો. ૪૧. અને બીજા વઢવાણ શહેરના વણિક મૂળજી શેઠને તેમજ બોટાદના શેઠ ભગા દોશી, જે કોટિધ્વજ કહેવાતા હતા, તેમને પણ ત્યાં રાખ્યા. ૪૨. તે સિવાયના બીજા એક સો જેટલા હરિભક્તોને સ્વયંસેવક તરીકે ત્યાં મૂક્યા. શ્રીહરિએ સહુને બોલાવીને ભલામણ કરી. ૪૩. વિપ્રોને મનમાને તેમ જેટલું જોઈએ તેટલું ઘી ખાવા માટે આપજો. જેમ લાડુ ઘી વધારે પીવે તેમ પુષ્કળ ઘી વિપ્રોને આપજો. ૪૪.

દિવસ આથમ્યા પહેલા જ ભેળા મળીને સહુને જમાડી દેજો. જે માલ સામાન લાવ્યા હોઈએ અને વધ્યો હોય તે બધો જલદીથી ગામમાં પહોંચાડી દેજો. ૪૫. તમે સહુ દેશકાળને વિચારીને જેમ કહ્યું તેમ કરજો. વિપ્રોને કહેવું સવેળા જમીલો. દાન દક્ષિણા ઘણી મળશે. ૪૬. જો રાત

થઈ જશે તો તમને કોઈને દક્ષિણા નહિ મળે. દરેક વિપ્રને એક એક રૂપિયો દક્ષિણા દેવાની છે. ૪૭.

ભગાશેઠને બોલાવી પ્રસાદીના ફૂલહાર પહેરાવીને બધું તેમને સમજાવ્યું. વળી સહુને કહ્યું, શેઠ કહે તેમ સહુ કરજો, તેમની મરજી વિરુદ્ધ કાંઈ કરવું નહિ. એમ તેમને વ્યવસ્થાપક નિમ્યા. ૪૮. ત્યાં રહેનારા હરિભક્તોને એક એક હાર ગુલદાવદીનો અને હજારીગલનો આપ્યો. પછી પોતે ગામમાં પધાર્યા. ૪૯. અનંત પ્રકારનાં વાજિંત્ર વાગતાં હતાં. ઘોડાઓનો તો કોઈ પાર ન હતો. તેમાં સહુની આગળ ધર્મકુમાર સોહામણા લાગતા હતા. ૫૦. બ્રહ્માદિક સર્વે દેવો સુધી પણ સર્વે ભૂપના ભૂપ અને મહા દિવ્ય સ્વરૂપ શ્રીહરિ માંચા ખાચરના ભુવન પ્રત્યે પધાર્યા. ૫૧. ઘોડા ઉપરથી ઉતરીને શ્રીહરિ પોતાના સિંહાસને આવ્યા. પહેરેલા બધા વસ્ત્ર બદલ્યા અને પીતાંબર પહેરી લીધું. ૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શ્રીહરિએ કારિયાણીમાં ઉત્તરાયણ પ્રસંગે અનેક બ્રાહ્મણોને જમાડવા નોતર્યા' એ નામે પચ્ચીશમો તરંગ સમાપ્ત ॥૨૫॥



પૂર ચોથું : તરંગ - ૨૬

ભગવાનનું નિર્દોષપણું, સ્વયં થાળ જમ્યા અને સંતો વગેરેને જમાડ્યા

ધર્મકુમાર શ્રીહરિએ ચરણોમાં ચાખડીઓ પહેરી પાકશાળા તરફ ચાલ્યા. એક પીતાંબર ઓઢ્યું હતું અને હાથમાં રૂમાલ રાખ્યો હતો. ૧. હંસ અને ગજની ચાલ કરતા પણ શ્રીહરિની ચાલ અધિક સુંદર હતી. તે ચાલને દેખીને હંસ અને ગજ પોતાને ધિક્કારતા હતા. ૨. અનંત જીવોનો ઉદ્ધાર કરવા કરુણા કરીને પ્રકટ થયેલા ધર્મકુમાર શ્રીહરિ ત્યાં આવીને બાજોઠ ઉપર બેઠા. ૩. જે અનંત પ્રકારના ભોજનો બનાવ્યા હતા તેને પીરસીને વર્ણી થાળ લાવ્યા. દૂધપાક વગેરે જે બધાં ભોજન હતાં તેને દયાળુ શ્રીહરિ

જમવા લાગ્યા. ૪. સાકર નાખીને બનાવેલો દૂધપાક, લાડુ તે રીતે જ જલેબી, હરીસો, બીરંજ, બરફી, સૂતરફેણી, સાટા, ૫. બાસુંદી, ઘેબર અને મોહનથાળ વગેરે અપાર મિષ્ટાન્ન બનાવ્યા હતાં. રીંગણાનું અને સૂરણ તથા પરવળ વગેરે અનંત પ્રકારના શાક કર્યાં હતાં. ૬. ઘીમાં તળેલા શાકના મોટા ઢગલા પડ્યા હતા. તે તળેલા શાક તો ઘણા જ સ્વાદુ થયા હતા. ભજિયાં અને વડાંનો તો કોઈ પાર નહોતો. બધી વસ્તુઓને જમતા જમતા શ્રીહરિ તેના સ્વાદને વખાણતા હતા. ૭. બધા જ પકવાન વગેરેના થાળ અલગ અલગ ભર્યા હતા. તેને દેખીને શ્રીહરિ ખુશી થતા હતા. જયાનંદવર્ણી થાળ બનાવવામાં ઘણા જ ચતુર હતા. ૮.

બહુ પ્રકારના શાક કર્યા હતા તે પોત પોતાની જાતિમાં સર્વોત્તમ હતા. ભોજન સામગ્રી અત્યંત અનુપમ હતી. તેને અનંત બ્રહ્માંડોના અધિપતિ શ્રીહરિ જમતા હતા. ૯. સંતો, હરિભક્તો અને દરબારો એ બધા શ્રીહરિ થાળ જમતા હોય ત્યારે દર્શન કરતા હતા. શ્રીહરિ ધીરે ધીરે જમતા. ક્યારેક જમતાં વચ્ચે જળપાન કરતા ૧૦. શ્યામસુંદર શ્રીહરિ જમતા જમતા પોતાનો ડાબો હાથ પેટ ઉપર ફેરવતા હતા. પ્રેમી ભક્તોના સુખરાશિ અને અવિનાશી આવા શ્રીહરિ જમતા જમતા ઓડકાર ખાતા હતા. ૧૧. ભક્તોના હિત માટે શ્રીહરિ પ્રેમભાવથી જમતા હતા, પોતાની રીત તો અલૌકિક છે, તેને બીજો કોઈ પણ જાણી શકતો નથી. જે એકાંતિક ભક્ત હોય છે તે જ તેને ઓળખી શકે છે. ૧૨.

જેમ આકાશ એકરસ અખંડ દેખાય છે. તે અણુ અણુમાં વ્યાપીને રહ્યો છે. તે આકાશ સિવાયની કોઈ પણ વસ્તુ નથી. છતાં આકાશ સહુથી અત્યંત પૃથક છે. ૧૩. જેમ સૂર્ય અને ચંદ્રમા મૂર્તિમાન છે. તે અણુ અણુમાં અનુસ્યૂત રહ્યા છે પણ દેખાતા નથી. કાચ જેવું નિર્મળ પદાર્થ હોય તેમાં આકાશમાં જેવા છે તેવા જ દેખાય છે. સર્વમાં રહ્યા છે છતાં કોઈમાં ખૂંતી રહેતા નથી. ૧૪. (એવી રીતે જ શ્રીહરિ સર્વત્ર હોવા છતાં નિર્લેપ છે. સ્વાદાદિક કોઈ પદાર્થમાં બંધાતા નથી. પોતાના ભક્તને રાજી કરવા ખૂબ જ

પંચવિષયાદિકને ભોગવે છે.) શ્રીહરિ તો ભક્તજનોને માટે જ અનંત ચરિત્ર કરે છે. ખરેખર તો શ્રીજીમહારાજ અલૌકિક છે, અતર્ક્ય છે. તે ક્યારેય તર્કમાં આવતા નથી. ૧૫.

બ્રહ્મા, ભવ અને મહા મુક્તોને માટે પણ શ્રીહરિ અતર્ક્ય-અકલ્પ્ય છે. શ્રીહરિ સર્વભોક્તા હોવા છતાં આકાશની જેમ નિર્લેપ છે, પૃથક્ છે. ૧૬. શ્રીહરિ આ મૃત્યુલોકમાં પ્રકટ થઈને અનંત ચરિત્ર કરે છે, તે ચરિત્ર પણ ભક્તોને માટે જ કરે છે. પણ પોતે તો શ્રીમહારાજ પરિપૂર્ણ છે. ૧૭. પોતે જે કાંઈ અપૂર્ણતા જણાવે છે તે પણ ભક્તના હિતને માટે જ છે. આવી જેની સમજણ હોય તે જ ભક્ત રહે છે અને જે દોષની કલ્પના કરે છે તે ભક્ત નથી. ૧૮. હરિભક્તમાં અને વિમુખ જીવમાં એટલો જ ફરક છે. ભગવાનની બધી જ વાત અતર્ક્ય છે એમ જે માને તે હરિભક્ત છે પણ અતર્ક્ય હરિચરિત્રમાં જે તર્ક કરે તે આસુરી જીવ છે એમ જાણવું. ૧૯.

✻ શ્રીહરિની સર્વ ક્રિયા ભક્ત માટે છે :

ભગવાનનું ખાવું, પીવું, બોલવું, ચાલવું, બેસવું, હસવું, રોવું, ઉદાસ થવું, કોઈની સામે જોવું, કોઈની સામે ન જોવું, ૨૦. કોઈને બોલાવવું, કોઈને ન બોલાવવું, કોઈને વગર વાંકે ખીજાવું, કોઈની સાથે હેત જણાવવું, કોઈની સાથે અભાવ જણાવવો, કોઈની સાથે સારી મૈત્રી જણાવવી, કોઈની સાથે અમિત્રપણું દેખાડવું, ૨૧. ક્યારેક ત્યાગ જણાવવો, ક્યારેક રાગ દેખાડવો, ક્યારેક માગીને લેવું, ક્યારેક રાજા જેવું વર્તન, ક્યારેક રૈયત જેવું વર્તન, ક્યારેક મોટા ભૂપ જેવા દેખાવું, ક્યારેક ચૂપ રહેવું, ૨૨. કોઈને ભગાડવું અને કોઈનાથી ભાગવું પરંતુ ક્યારેય કોઈનાય લાગમાં આવતા નથી. આવી ભગવાનની અતર્ક્ય અનંત રીતો છે. તેને જે ખરેખર સમજી શકે તે જ બુદ્ધિમાન. ૨૩.

ક્યારેક ભગવાન ભેખધારી હોય તો ક્યારેક સંસારી હોય અને ક્યારેક બ્રહ્મચારી થઈને વર્તતા હોય. ક્યારેક ખાય, ક્યારેક ન ખાય, જેવા ભક્ત હોય તેવા તેને લાડ લડાવે. ૨૪. જેમ સાકરનું શ્રીફળ હોય તેમાં ત્યાગ ભાગનો

અવકાશ ન હોય, બધા લોકો તેને પૂરે પૂરું ખાય છે. જેમ ગંગાજળ હમેશાં નિર્મળ હોય છે, શુદ્ધ હોય છે તેમ ભગવાન હંમેશા વિશુદ્ધ જ છે. છતાં તેઓ લૌકિક રીતને અપનાવતા હોય છે. તેમને બાધ કે નિર્બાધ જેવી કોઈ બાબત જ નથી. ભગવાન તો સ્વયં મહાન નિષ્પાપ છે. ૨૫-૨૬.

☀ જેવા ભગવાનને જાણે તેવો પોતે થાય :

सोरठा : हरि को जोग अजोग, सब चरित्र हे मोक्ष हित;
जियकुं करे निरोग, जो निर्दोष जाने हरि...२७
चिंतामनि हरि जेह, अरु कल्पवृक्षक तेही;
तिनुंकी एक रित एह, वेद पुरान शास्त्र हि कहत...२८

ભગવાનના ચરિત્ર યોગ્ય હોય કે અયોગ્ય હોય તે બધા ચરિત્ર મોક્ષ કરનારા છે. જો જીવ ભગવાનને સદા નિર્દોષ જાણે તો જીવને સંસારના રાગથી મુક્ત કરે છે અર્થાત્ નિરોગી કરે છે. ૨૭. ચિંતામણિ, કલ્પવૃક્ષ અને ભગવાન એ ત્રણેની એક જ રીત છે તેમાં જેવી ભાવનાથી સેવવામાં આવે તેવું ફળ મળે છે. એમ વેદ, શાસ્ત્રો અને પુરાણો કહે છે. ૨૮.

મનુષ્ય જેવી ભાવના રાખે છે તેને તેવું ફળ મળે છે. જો મનુષ્ય ભગવાનને કામી સમજે તો તે અત્યંત કામી થઈ જાય છે. ૨૯. જો ભગવાનને લોભી સમજે તો તે અત્યંત લોભી થઈ જાય છે. ભગવાનને ક્રોધી સમજે પણ ક્યારેય નિર્દોષ ન સમજે ૩૦. તો તે સર્પ, વાઘ અને સિંહના જેવો અત્યંત ક્રોધી થઈ જાય છે. જેવું પોતાનું મુખ કર્યું-સજાવ્યું હોય તેવું જ દર્પણમાં દેખાય છે. ૩૧.

દર્પણ સદા નિર્મળ રહ્યું હોય છે તેમાં કોઈ પણ પ્રકારનો દોષ હોતો નથી. ચિંતામણિ, કલ્પવૃક્ષ, સૂર્ય અને દર્પણ ૩૨. એ ચારમાં જે સદ્‌ગુણ રહ્યા છે તેના કરતાં અનંત ગણા ગુણ ભગવાનમાં રહેલા હોય છે, તેને જે સમજે છે-જાણે છે તે બુદ્ધિમાન ગણાય છે પણ તેમના ગુણોને જે નથી સમજતા તે કુબુદ્ધિવાળા છે. ૩૩. **સદ્‌બુદ્ધિવાળા પુરુષ પાસેથી સદ્‌બુદ્ધિ મળે છે અને કુબુદ્ધિવાળા પુરુષ પાસેથી કુબુદ્ધિ મળે છે. સ્વચ્છ શ્વેત વસ્ત્રને જેવો રંગ મળે છે, તેવા રંગથી એક પળવારમાં જ તે વસ્ત્ર રંગાઈ જાય છે.** ૩૪.

❋ સાર-અસારનો વિભાગ કરી વિષય ગ્રહણ કરવા :

એટલા માટે જેને મોક્ષનો ખપ હોય તેણે વારંવાર વિચાર કરવો જોઈએ અને જેટલા મોક્ષના ખપવાળા મનુષ્ય હોય તેણે સંતો સાથે અને શાસ્ત્રોના શ્રવણ આદિમાં હેત કરવું જોઈએ. ૩૫. સંતોને અને સચ્છાસ્ત્રોને ઓળખવા જોઈએ. તેમજ શુદ્ધ ધર્મનું આચરણ કરવું જોઈએ. બાહ્ય આચારમાં અને આંતરિક વિચારમાં જેનું જીવન સંપૂર્ણ રીતે શુદ્ધ હોય તે વિષમ દેશકાળમાં પણ અશુદ્ધ ન થાય. ૩૬. **તે સંત શુદ્ધ છે કે જે ધન અને સ્ત્રીથી દૂર રહેતા હોય તથા અભક્ષ્ય વસ્તુનું ક્યારેય ભક્ષણ કરતા ન હોય. તેમજ જેનું અંતઃકરણ ભગવાનના સ્વરૂપમાં અખંડ રહેતું હોય.** ૩૭. **બધી જ જ્ઞાનેન્દ્રિયોને અને કર્મેન્દ્રિયોને નિયમમાં રાખે. તેમને અશુદ્ધ પંચવિષયોનો આહાર આપે નહિ. જો ઈન્દ્રિયોને અશુદ્ધ આહાર આપવામાં આવે તો તે ઈન્દ્રિયો તરત જ તે પુરુષને ખુવાર કરી દે છે.** ૩૮. **ભગવાનના ચરિત્ર સિવાયનો અન્ય આહાર ઈન્દ્રિયોને ક્યારેય આપવો નહિ. બધી જ ઈન્દ્રિયોને ચોર જાણવી. તેનો ક્યારેય વિશ્વાસ કરવો નહિ.** ૩૯. **જે સંતથી ઈન્દ્રિયોના સમૂહરૂપ શત્રુઓ ધ્રૂજતા રહે છે તેને સંત કહેવાય. અને જ્યારે પ્રગટ હરિનો નિશ્ચય હોય ત્યારે જ આવું બને.** ૪૦.

આવા સંતોને દેખીને-ઓળખીને તેમનો સમાગમ નિઃશંકપણે કરવો. જે કોઈ મુમુક્ષુઓ કહેવાય છે તથા બીજા જે હરિભક્તો માત્ર છે તેમણે નિશ્ચિતપણે એટલી જ વાત જાણવાની છે. એમાં શાસ્ત્રમાત્ર આવી જાય છે. જેમ વિકસેલું આખું વૃક્ષ બાથમાં આવતું નથી. પણ થડને બાથ ભરવાથી આખું વૃક્ષ બાથમાં આવે છે. તેમ ઉપરોક્ત કહ્યા એવા સંતના સમાગમમાં બધું જ આવી જાય છે. ૪૧-૪૨. એવી આ વાત સમજવાની રીત છે. તે વાત તમને સહુને સંક્ષેપમાં કહી છે.

(મહારાજની ભક્તહિત અર્થે કરાતી જમણ આદિક લીલા જોઈને ગ્રંથકારે આટલો સહેતુક વિવેક સમજાવ્યો છે.) શ્રીહરિએ જમ્યા પછી ચળું કર્યું. જળપાન કરીને મુખવાસ લીધો. ૪૩. સંતોને અને દરબારોને મહારાજાધિરાજ શ્રીહરિએ જમવા માટે બેસાડ્યા. અને ઘણો જ સ્નેહ રાખીને

સ્વયં તેમને પીરસવા લાગ્યા. ૪૪. સંતોના ઉપર અને દરબારોના ઉપર શ્રીહરિને જે ઘણું જ હેત છે તે પીરસતી વેળાએ જણાતું હતું. જે સ્નેહભાવ હોય તે બોલાવવામાં અને જમાડવામાં છૂપો રહેતો નથી. ૪૫. ચાહે તેવો ચતુર માણસ હોય તોપણ તેને કોઈના ઉપર હેત હોય કે કુહેત હોય તે લેવા-દેવામાં કે હાણ-વૃદ્ધિમાં જણાઈ આવે છે, તે છુપાવ્યું છૂપાતું નથી. ૪૬. જેને જેની સાથે હેત બંધાયું હોય તે પણ સુખ-દુ:ખના પ્રસંગે છાનું રહેતું નથી. તેમ શ્રીહરિને સંતો અને દરબારોના ઉપર જે અત્યંત હેત હતું તે તેમને બધું જ તે વખતે પ્રકટ દેખાઈ આવતું હતું. ૪૭. મહાસમર્થ શ્રીહરિ હરિભક્તોને અત્યંત પ્રેમ આપીને પોતાની મૂર્તિમાં બાંધી લે છે. શ્રીહરિનો જે હાવભાવ છે તે જ મોટી ઈન્દ્રજાળ વિદ્યા છે. ૪૮.

✵ નમ્રતા વશીકરણ મંત્ર છે :

दोहा : आप रहे निरमान ही, होई के बहु दीन;
वशीकरन एहि मंत्र से, जग हि किये आधीन...४९

जग उपहास अतंत ही, कीये वार न पार;
त्युं प्रताप अधिक किये, दिन दिन धर्मकुमार...५०

સ્વયં સર્વ સમર્થ હોવા છતાં પ્રભુ નિર્માનીપણું જણાવે છે. દીન-આધીનપણું દર્શાવે છે, તે એક વશીકરણનો મંત્ર છે, જેનાથી તેમણે આખા જગતને આધીન કરી રાખ્યું છે. ૪૯. દુનિયાએ ધર્મકુમાર શ્રીહરિનો ઉપહાસ(મશ્કરી) વારંવાર અત્યંત કર્યો છે. તે બધાને તેમણે નિર્માનીપણે સહન કર્યો, તેથી તેમનો પ્રતાપ દિનપ્રતિદિન અધિક અધિક વધ્યો છે. ૫૦. શ્રીહરિએ આકાશનો નિર્લેપપણાં રૂપ ગુણ ગ્રહણ કર્યો, તેથી નિ:શંક રહ્યા અને અખંડ નિષ્કલંક રહ્યા. જેણે જેણે શ્રીહરિના ઉપર કલંક નાખવાનો પ્રયત્ન કર્યો તે બધા પોતે જ કલંકિત થયા. ૫૧. શ્રીહરિનો એ મહાન પ્રતાપ છે તેને કુબુદ્ધિવાળા મનુષ્ય ક્યારે ઓળખી શકતા નથી અને તેથી જ તેને સંતાપ થાય છે પણ સદ્‌બુદ્ધિવાળા મનુષ્ય તેને ઓળખી લે છે અને તેનાથી જ તે સંસારને તરી જાય છે. ૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં "ભગવાનને નિર્દોષ કહ્યા, સ્વયં થાળ જમ્યા અને સંતો વિગેરેને જમાડ્યા' એ નામે છવીશમો તરંગ સમાપ્ત ॥૨૬॥



પૂર ચોથું : તરંગ - ૨૭

માંચા ખાચરે પૂજા કરીને સ્તુતિ પ્રાર્થના કરી

શ્રીહરિએ સ્વયં પીરસીને મુનિવરોને જમાડ્યા. પછી સભામાં આવીને વિરાજ્યા તે સમયે દરબાર માંચા ખાચર પૂજા કરવા માટે આવ્યા. ૧. દરબાર વિવિધ પ્રકારનો પૂજાનો બધો સામાન લાવ્યા. ચંદન, પુષ્પો, અત્તર, ધૂપ અને દીપ વગેરે ઉત્તમ વસ્તુઓ લાવ્યા. ૨. તેમણે પ્રથમ દૂધ લઈને શ્રીહરિના ચરણકમળને ખૂબ જ હેત રાખીને વારંવાર ધોયા. ૩. શ્રીહરિના કપાળમાં કેસરથી મિશ્રિત કરેલું ચંદન ચરચ્યું અને વચ્ચે ઘણો સુંદર કુંકુમને ગોળ ચાંદલો કર્યો. ૪. જરિયાની નવા વસ્ત્ર લાવ્યા હતા તે પહેરાવ્યા. મસ્તક ઉપર જરિયાની પાઘ બંધાવી. જરિયાની જામો શરીર ઉપર પહેરાવ્યો. ૫. જરિયાની સુરવાળ પહેરાવ્યો અને એક કસુંબી શેલાથી કમર ઉપર ભેટ બાંધી અને બીજું એક શેલું ખભા ઉપર રાખ્યું. સોનાના અને મોતીના હાર છાતી ઉપર ધરાવ્યા. ૬. ભુજાઓ ઉપર સોનાના બાજુબંધ, કાંડામાં સોનાના કડાં, સાંકળાં અને પહોંચી ધરાવ્યા. કાનોમાં મકરાકાર સોનાના કુંડળ ધરાવ્યા. ૭. પાઘના શિરપેચમાં કલગી ધરાવી. ખૂબ જ હેતથી મોતીના બે તોરા બંને બાજુએ લટકાવ્યા. ૮. કાન ઉપર ગુલાબના ગુચ્છ ધરાવ્યા.

❋ મૂર્તિવર્ણન :

પૂર્ણ ચંદ્રના જેવું શ્રીહરિનું મુખકમળ મતવાલું હતું. ચંચળ નેત્રોના સુંદર કટાક્ષથી દેખતા હતા. મુખનું મરક મરક હસવું ઉદાર લાગતું હતું. ૯. દીપક, પોપટની ચાંચ અને મણિના જેવી નાસિકા દેખતાની સાથે અંતરમાં પેસી જાતી હતી. નાસિકાની નજીક, જમણા ગાલ ઉપર એક લાલ તિલ સુંદર લાગતો હતો. ૧૦. ડાબા કાનમાં રહેલું શ્યામ બિંદુ ભક્તોના મનોરથોને

પૂર્ણ કરનારું હતું. બંને ગાલ ગોળ હતા. પાકા ઘિલોડાના જેવા બંને હોઠ પ્રિય લાગતા હતા. ૧૧. બે હોઠની વચ્ચે દાડમની કળીઓના જેવી દાંતોની પંક્તિ શોભતી હતી. અધરામૃતથી ભરી જીભ રસાળ હતી અને દાંતોની પંક્તિ તેજસ્વી હતી. ૧૨. સહેજ ખાડાવાળી ચિબુક પાસેની દાઢી (હનુ) સુંદર હતી. શંખના આકારનો કંઠ હતો. ઊપડતી છાતીમાં શ્રીવત્સે સહિત ભૃગુલાંછન (ચિન્હ) દેખાતું હતું. ૧૩. પીપળાના પાનના જેવા ઉદર(પેટ) માં ત્રિવળીની સાથે ગોળ, ઊંડી અને નમણી નાભિ સોહામણી લાગતી હતી. કમળના જેવું શીતળ સુંદર શરીર હતું. ૧૪.

કેસરી સિંહના સમાન કમર શોભે છે તેમજ કેળના સ્તંભ જેવા સુંદર બંને સાથળ છે. ગોળાકારે રહેલા બંને ઢીંચણ ઝગમગ ઝગમગ ચમકે છે. રુંવાટા વગરની સુંદર પીંડીઓ સાફ અને સુખદ છે. ૧૫-૧૬. ઘૂંટીઓ રમણીય સોહામણી છે અને સોનાના ઝાંઝર પહેર્યા છે. કેસરયુક્ત ચંદનથી ચરણો ચર્ચેલા છે. અંગૂઠા અને આંગળીઓ શોભારૂપ છે. ૧૭. નખરૂપી મણિઓ ગોળ, ઊપડતા અને લાલ છે. તેનું વિશાળ તેજ ઝગમગ ઝગમગ ચળકે છે. જમણા પગના અંગૂઠાના નખમાં ઝીણી લાલ ત્રણ રેખાઓ સુંદર શોભે છે. ૧૮. બંને ચરણોમાં મળીને સોળ ચિન્હો છે તેને નિપુણ પ્રેમીભક્તો નિરખતા હોય છે.માંચા ખાચરે આવા મહાપ્રભુની પૂજા કરીને આરતી કરી. અલૌકિક લાભ લીધો. ૧૯. તે સમયે અનંત પ્રકારનાં વાજિંત્ર વાગવા લાગ્યાં. દર્શન કરનારા ભક્તો 'જય જય' 'જય જય'નો અપાર ધ્વનિ કરતા હતા. તેમણે પ્રસન્નમનથી પ્રદક્ષિણા અને દંડવત્ પ્રણામ કર્યા. ૨૦.

❋ શ્રીહરિની સર્વોપરિ મહિમાત્મક સ્તુતિ :

પછી તેમણે અપાર સ્તુતિ કરી. પ્રેમભક્તિને લીધે આંખોમાંથી આંસુઓ એકધારા વહેવા લાગ્યા. બંને હાથ જોડી મસ્તક ચરણોમાં નમાવીને મુખથી બોલવા લાગ્યા, "હે કૃષ્ણ ! હે ગોવિંદ ! હે ગોપાલ ! હે માધવ ! હે મધુસૂદન ! હે દયાળો ! હે હરે ! હે નારાયણ ! હે સ્વામિન ! હે પુરુષોત્તમ! હે અંતરજામી ! ૨૧-૨૨.

चोपाई :

हे अक्षरपति आनंद कंदा, हे धर्म भक्ति के बाल मुकुंदा;
अनंत कोटि ब्रह्मांड के कर्ता, अनंत कोटि मुक्त में विचरता...२३
अनंत कोटि ब्रह्मा भव ध्यावे, अनंत कोटि देव शिश नमावे;
हे शारद नारद शेष समेता, निश दिन जेहि नाम हि लेता...२४

હે અક્ષરપતિ ! આનંદનું મૂળ, ધર્મદેવ અને ભક્તિમાતાના બાળ, મુક્તિને આપનારા-મુકુંદ ! આપ અનંતકોટિ બ્રહ્માંડોના કર્તા છો અને અનંતકોટિ મુક્તોમાં વિચરણ કરનારા છો. ૨૩. અનંતકોટિ બ્રહ્મા અને ભવ આપનું ધ્યાન કરે છે. અનંતકોટિ દેવો આપની આગળ મસ્તક નમાવે છે. શેષનારાયણે સહિત શારદા અને નારદમુનિ આપના નામોનું સ્મરણ કરે છે. ૨૪.

વેદો 'નેતિ' 'નેતિ' કહીને પણ જેના મહિમાનો પાર પામતા નથી તે આપ કરુણા કરીને અત્યારે કળિયુગમાં પ્રકટ થયા છો. ૨૫. અધર્મને અને અનીતિને અત્યંત વધેલા દેખીને આ સમયે આપ પ્રકટ થયા છો. હે મહારાજ ! આપ અત્યંત કરુણા કરીને પોતાના ભક્તોનો ઉદ્ધાર કરવા પધાર્યા છો. ૨૬.

सोरठा : तुम सम अवतार, कोउ न भए आज लग;
महा सामृथ अपार, घोर कलि में प्रगट किये...२७
हमकुं दीने अति सुख, सब अवतार से अधिक अब;
अनंत नाश किये दुःख, एक मुख से न जात किये...२८

આજ લગી આપના સમાન બીજો કોઈ અવતાર થયો નથી. આપે ઘોર કળિયુગમાં પણ અપાર મહાન સામર્થ્ય પ્રકટ કર્યું છે. ૨૭. અત્યારે આપે અમને સ્વસ્વરૂપનું સૌથી અધિક સુખ, બીજા અવતારોમાં ન આપ્યું હોય તેવું આપ્યું છે. અને અમારા અનંત દુઃખોનો આપે નાશ કર્યો છે તે એક મુખથી કહી શકાતું નથી. ૨૮. હે શ્રીહરિ ! આપને પ્રસન્ન કરવા માટે કેટલાક જોગીઓ તપ કરે છે. કેટલાક યોગીઓ અષ્ટાંગ યોગને સાધે છે. આપને રાજી કરવા માટે વનના ફળોનો આહાર કરે છે ૨૯. અને તેટલા માટે જ કેટલાક વાયુ ભક્ષણ કરીને રહે છે, કેટલાક તીર્થોમાં ફરતા જ રહે છે. કેટલાક કરોડો ગાયોનું દાન કરે છે, તો કેટલાક 'ભેરવ જપ' લે છે. ૩૦.

કોઈ કરોડો યજ્ઞ કરાવે છે તોય તેમને ક્યારેય આપનાં દર્શન થાતાં નથી. આવા આપ દેવોને પણ દુર્લભ છો તે આજે પગે ચાલીને અમારે ઘેર પધાર્યા છો. ૩૧. અમારા પુણ્યોનો કોઈ પાર નથી, કારણ કે અમને અત્યારે આપનાં દર્શન થયાં છે અને તે કારણે જ સત્યયુગ આદિ ત્રણે યુગની પ્રજા કળિયુગમાં જન્મ લેવાનું પસંદ કરે છે. ૩૨.

નારાયણનો અવતાર નિશ્ચિતરૂપમાં કળિયુગમાં થાય છે. તે નારાયણ આપ અત્યારે પ્રકટ થયા છો, પણ અભાગિયા લોકો તેને માનવા તૈયાર નથી. ૩૩. વ્યાસમુનિએ ભાગવત પુરાણમાં તે વાતને પ્રત્યક્ષ બતાવી દીધી છે. છતાં તેમાં તે લોકોને વિશ્વાસ આવતો નથી. કારણ કે આસુરી લોકોની રીત ઊલટી જ હોય છે. ૩૪. આસુરીજનો સત્યને અસત્ય કરી બતાવે છે અને ધર્મને અધર્મ કરી દે છે. તે લોકો દારુ પીવામાં, માંસ ખાવામાં અને વ્યભિચાર કરવામાં પૂરા હોય છે તેમજ ચોરી કરવામાં તો તેઓ અતિશય શૂરવીર હોય છે. ૩૫. જેટલા વ્યસન કહેવાય છે તે બધાને નિધડક થઈને અસુરો કરતા હોય છે. તેઓ સંતોનો દ્રોહ કરે છે અને પાપ કરવામાં ડરતા નથી. ૩૬. આપ તેનાથી અતિ દૂર છો. આપનું પ્રગટપણું જ તે અસુરોને મરણ જેવું છે. તે આપને ઓળખી શકતા નથી. ૩૭. **આપને જે ન ઓળખવા તે તો મરણના કરતાં પણ મોટું દુઃખ છે. આપ વારંવાર આ ભૂમિ ઉપર પ્રકટ થવાના નથી. એટલે તે લોકોને તો સંસારમાં જન્મ લેવાનો પાર જ આવવાનો નથી.** ૩૮.

આપ જ પ્રકટ થઈ વેદરૂપી શસ્ત્ર લઈને અધર્મ માર્ગનો વિનાશ કરો છો તે આપને હું વારંવાર વંદન કરું છું. ૩૯. હું ધર્મદેવને અને આપના માતા ભક્તિદેવીને વંદન કરું છું. તેમણે આપની સેવા કરી છે અને તેથી જ આપ પ્રકટ થયા છો. ૪૦. ધર્મવંશને હું વારંવાર વંદન કરું છું. કે જે કુળમાં આપે શરીર ધાર્યું છે. કળિયુગમાં અનંત અને અપાર વિપ્રવર્યો હોય છે પણ તેઓ અત્યારે ધર્મવંશીના સમાન નથી. ૪૧. ધર્મવંશ બધા જ વિપ્રોમાં શ્રેષ્ઠ છે. તેમનાં દર્શન ક્યાંથી થાય ! જે મનુષ્યના પૂરા પુણ્ય હોય તેને તે આવીને મળશે. ૪૨. આપનું જે સનાતન સ્થાન છે તે ધર્મકુલ જ કહેવાય છે. ધર્મકુલમાં આપ અખંડ રહ્યા છો. તેને છોડીને આપ દૂર થતા નથી. ૪૩.

चोपाई :

तुम त्यां धर्म धर्म त्यां तुमही, खनु दूर नहीं जानत हमही;
देह त्यां जिय जिय त्यां देहा, ईस विध तुम रहे हो एहा...४४

જ્યાં આપ છો ત્યાં ધર્મ છે અને જ્યાં ધર્મ છે ત્યાં આપ છો. આપ ક્ષણવાર પણ ધર્મથી દૂર ગયા હો, એવું અમે નથી માનતા. જેમ દેહ વિનાનો જીવ અનુભવાતો નથી અને જીવ વગરનો દેહ સક્રિય લાગતો નથી, તેમ જ તમે અને ધર્મ બંને સાથે જ રહ્યા છો. ૪૪.

આપ અમને ધર્મવંશનાં દર્શન કરાવો. આવી અમારી પ્રાર્થના છે. આપ અંતર્યામી છો એટલે તે પ્રાર્થનાને સત્ય કરો. ૪૫. તે સમયે સમસ્ત સત્સંગીઓ અને સંતોએ પણ કહ્યું કે તે માગણીને સત્ય કરો.

તે સાંભળીને શ્રીહરિ બોલ્યા, ધર્મવંશનાં દર્શન દુર્લભ છે. ૪૬. ધર્મ અને ભક્તિ અમારા પિતા અને માતા છે. તેઓ દિવ્યગતિને પામ્યા છે. તેમણે ઘણા જ ભાવથી મારી સેવા કરી હતી તેથી તેઓ સત્ત્વરે દિવ્યગતિને પામ્યા છે. ૪૭. સત્સંગનો અનંત ભાવ જોઈને તેઓ ઘેર ઘેર વિચરણ કરતા ફરી રહ્યા છે. જેમ તમે ધર્મ અને ભક્તિનું માહાત્મ્ય જાણો છો તેમ તેઓ પણ તમારું માહાત્મ્ય જાણે છે. ૪૮. ધર્મ અને ભક્તિનો વંશ તો અત્યારે ઘણો જ દૂર છે. તેને કોઈ જાણતું નથી. કેવળ અમે જ એક હૃદયમાં જાણીએ છીએ. ૪૯. જો તેમને અમારી ખબર પડે તો તેઓ અહીંયા આવે. અમારા સમાચાર તેમને કોણ કહે ? કે જેઓ દૂર દેશમાં રહ્યા છે. ૫૦. મુનિવર્ય દુર્વાસા તે બધી વાતને જાણે છે. જ્યારે તેઓ અહીંયા આવશે ત્યારે તેઓ તેમને બોલાવી લાવશે. ૫૧. આ મુનિઓમાં હજી દુર્વાસા આવ્યા નથી. બીજા કોઈ તેમને જાણતા નથી, પણ દુર્વાસા બધું જાણે છે. ૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'માંચા ખાચરે પૂજા કરીને સ્તુતિ-પ્રાર્થના કરી' એ નામે સત્તાવીશમો તરંગ સમાપ્ત ॥૨૭॥



પૂર ચોથું : તરંગ - ૨૮

માંચાભક્તને સત્સંગનું વરદાન અને પ્રકટ સ્વરૂપની અધિકતા

પરમ સુજાણ દરબાર માંચા ખાચરે શ્રીહરિની સ્તુતિ કરી. પછી અત્યંત આદરભાવથી સંતોની પૂજા કરી. ૧. પ્રત્યેક મુનિવર્યને એક એક નવું વસ્ત્ર ઓઢાડ્યું. ફૂલોના હાર પહેરાવ્યા અને તેમની પ્રાર્થના કરી. ૨. હે સંતો! આપનો અને શ્રીહરિનો સમાગમ મને અહોનિશ સદા રહે, અને કુસંગ ક્યારેય થાય નહિ, એવુ હું અત્યારે આપની પાસે વરદાન માગું છું. ૩. માનરૂપી મારો બળવાન શત્રુ છે, તે ક્યારેય મને આવે નહિ. તે માન જો મારા અંતઃકરણમાં આવે તો અવશ્ય આપનો દ્રોહ કરાવે. ૪. કામ, ક્રોધ અને માન એ ત્રણ જો આવે તો બુદ્ધિને હીન-ભ્રષ્ટ કરી દે છે. તે ત્રણથી બુદ્ધિ વિપરીત થઈ જાય છે. માટે તે ત્રણ શત્રુઓ અતિ ભયંકર છે. ૫. જે ભગવાનનું ભજન કરતા હોય છે તેને તે અંતઃશત્રુઓ ભજનમાં વિઘ્ન કરાવે છે. તે દોષો જીવને સત્સંગથી દૂર કરી દે છે. અમારી કાઠીની જાતિને તો કાયમ માટેના એ વિઘ્નો રહ્યા છે. ૬.

માન તો અમને તરત જ મારી નાખે છે. હિતેચ્છુ બનીને ખુવાર કરી દે છે. જો અમને માન આપીને બોલાવો તો જ તમારા ઉપર અમને ભાવ રહે છે. ૭. સોવાર અમને માન આપો પણ એક જ વાર જો અપમાન કરવામાં આવ્યું હોય, તો ફરીને ક્યારેય તમારું મુખ ન દેખીએ અને તરત જ સત્સંગથી બહાર નીકળી જઈએ. ૮. તે પછી ફરીવાર સો વખત જો અમારું સન્માન કરવામાં આવે તોપણ અમે પૂર્વના જેવા સન્મુખ ન થઈએ. એ માન અમારી કાઠી જાતિનો સ્વભાવ છે, તે દોષ મારામાં ક્યારેય આવે નહિ. ૯. જ્યાં સુધી અમને માન આપો ત્યાં સુધી બીજો કોઈ સત્સંગી અમારા જેવો ન હોય, જો માન આપો તો જે કહો તે કરીએ, આપને સર્વસ્વ આપી દઈએ. ૧૦.

જેવા કહો તેવા નિયમ રાખીએ, કહો તો ક્યારેય અનાજ ખાઈએ નહિ. જો અમને અધિક અધિક માન મળે તો શરીરના ટુકડા કરી નાખવામાં આવે તોપણ એક રુંવાટુંએ ચોરીએ નહિ અને જ્યાં કહો ત્યાં દોડ્યા આવીએ.

અમારો સત્સંગ માનથી જ છે. જો માન ન મળે તો તરત જ કુસંગી થઈ જઈએ. ૧૧-૧૨. અમારો સત્સંગ ભાલ પ્રદેશના કૂવા જેવો છે, તેને કાયમ સાચવવો પડે અને સાચવવામાં આવે તો નિશદિન રંગ ચઢતો રહે. ૧૩. ભાલ પ્રદેશમાં ક્યાંય મોટો કૂવો થઈ શકે નહિ, તેમ અમારી જાતિના સત્સંગને પણ સહુ સંતોએ જાણી રાખવો. ૧૪.

અમને પોતાના બાળકના જેવા સમજીને હેતથી રાત દિવસ લાડ લડાવતા રહો, તો અમે ક્યારેય આપનો સંગ છોડશું નહિ. દિન પ્રતિદિન ઉમંગથી આપની સેવા કરતાં રહીશું. ૧૫. ભાલ પ્રદેશનો એક સહુથી મોટો ગુણ છે કે તેની તુલનામાં બીજો કોઈ દેશ ન આવી શકે. બધી જાતના અનાજમાં વિશેષ ગણાતાં 'ઘઉં' ત્યાં વગર પાણી પાયે ખડ ધાન્યની જેમ થાય છે. ૧૬. અને વળી ભાલદેશમાં જેટલા સવારો સાથે લેવા હોય તેટલા તરત જ તૈયાર થઈ જાય. કદાચ તમારે લાખ ઘોડે સવારો જોઈએ તોપણ ચૂપચાપ તૈયાર થઈ જાય. ૧૭. તેમને ખાવાનું કદાચ આપો કે ન આપો. પરાણે સાથે આવે જ. આવો બીજો કોઈ દેશ નથી, તેને આપ સહુ મુનિવરો જાણો જ છો. ૧૮. કુંભાર માટીમાંથી વાસણ બનાવે છે તે ખૂબ જ કાળજી રાખીને તેને તૈયાર કરે છે તેમ અમારી જાતિને પણ ખૂબ જ કાળજીથી સંભાળી રાખવામાં આવે તો જ તે સત્સંગને માને, તે કાંઈ મોક્ષની વાતને સમજતા -માનતા નથી. ૧૯.

શ્રીહરિને બધી રીત આવડે છે અને તેને લીધે જ અમારા કાઠી દરબારો હેત-પ્રીત રાખે છે. આપ તો સંતો છો, એટલે કોઈને પરવા (દરકાર) હોય નહિ, એટલે એ બધાની રખવાળી ક્યાં કરો ? ૨૦. છતાં આપનું હૃદય ઘણું કોમળ હોય છે. એમ માનીને હું નિવેદન કરી રહ્યો છું. આપ પોતે પોતાના સદ્‌ગુણોને વિચારીને જ સહુ અમારા ઉપર પ્રસન્ન રહેજો. ૨૧. છોરું કછોરું ક્યારેક થાય છતાં પણ માતા પિતા હેત ન છોડે. એવી રીતે આપ સંતો અમારી સંભાળ રાખજો. આપના સમાન આ જીવનો બીજો કોઈ મિત્ર ન કહેવાય. ૨૨. અમારા જેવો બીજો કોઈ કૃતઘ્ની નહિ હોય, જે ખાવાનું આપે તેનું જ ઢોળી નાખીએ, નુકસાન કરીએ. આવા તો અમારામાં અનંત અવગુણો છે તેમાંથી હાલ એક તમને કહ્યો. ૨૩. **આવા હોવા છતાં આપે અમને વશ કરી**

લીધા છે. અમે બધા આપને આધીન થઈ ગયા છીએ. આના જેવો બીજો પરચો કયો કહેવો એને તો બધું જગત જાણે છે. ૨૪. જે રીતે આપે અમારી બાંય પકડી છે તેને ઠેઠ સુધી નિભાવજો. જો પકડેલી બાંયને મૂકી દેશો તો અમે ખુવાર થઈ જાશું. ૨૫. હું વારંવાર આપને વિનતિ કરું છું. આપના સમાન બીજું કોઈ સમર્થ નથી. નિર્ભય સ્થાનક જોઈને અમે સમર્થનું શરણું લીધું છે. ૨૬. ત્યારે સહુ સદ્‌ગુરુ સંતોએ કહ્યું, 'દરબાર ! હવે તમે સહુ નિધડક રહો. તમે સૌ અમારી સાથે જ રહ્યા છો. કારણ કે તમે સહુ પણ જન્મ લીધો ત્યારથી સારા 'સંત' જ છો.' ૨૭. સર્વ સંતોએ મળીને દરબાર માંચા ખાચરને તે વર આપ્યો. આવી રીતે તે સંતો શ્રેષ્ઠમુનિ ગણાણા. સત્યવ્રતનો આનંદ છે જેને એવું નામ ધાર્યું. અર્થાત્ એ રીતે પ્રસિદ્ધ થયા. ૨૮. જ્યારે સંતોની પૂજા પૂરી થઈ ત્યારે ઉત્તરાયણનું ભોજન કરીને બધા વિપ્રો આવ્યા, એટલે દરબાર માંચા ખાચરે તે વિપ્રોની પણ પૂજા કરી અને શ્રીહરિએ કહ્યા પ્રમાણે એક એક રૂપિયાનું સહુને દાન આપ્યું. ૨૯. તેથી વિપ્રો ઘણા જ ખુશી થયા. દરબારને તે સમયે સારા આશીર્વાદ આપ્યા અને 'તમારું મનોવાંછિત કાર્ય પૂર્ણ થાઓ.' એવું બધા વિપ્રોએ વરદાન પણ આપ્યું. ૩૦.

સંધ્યા સમય થવા આવ્યો ત્યારે મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી અને દેવાનંદસ્વામી વાજિંત્ર લાવ્યા, કારણ કે તેઓ સર્વશ્રેષ્ઠ ગાયક હતા. ૩૧. પ્રેમાનંદસ્વામી અને જ્ઞાનાનંદસ્વામી તેઓ ગાયક અને કવિ પણ હતા. મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામી એ બે સહુથી શ્રેષ્ઠ કવિ હતા. ૩૨. પ્રેમાનંદસ્વામી કવિ હતા. મુખ્યપણે તેમના કાવ્ય પ્રેમપ્રધાન હતા. એટલી તેમના કાવ્યોની વિશેષતા જાણવી. પ્રેમભાવમાં બીજા કવિઓ તેમનાથી થોડા ઓરા જાણવા. જેની જેવી બુદ્ધિ-સમજણ તેણે તેવા પદોની રચના કરી છે. ૩૩.

આપણા સત્સંગમાં આ સમયે નિષ્કુળાનંદસ્વામી વગેરે ઘણા કવિ થયા છે. દરેક કવિને શ્રીહરિના યશને ગાવામાં તાન છે પણ જેમ જમવાની અનેક વાનગીઓ હોય તેમાં જેની જેવી રુચિ હોય, તેને વિશેષરૂપમાં જમે તેમ જેની જેવી રુચિ કે સમજણ હોય તેવું વર્ણન કરે. ૩૪. જમવાની બધી વાનગીઓથી ભૂખ તો સંતોષવાની છે જ, છતાં પણ તેમાં અધિક ન્યૂનભાવ જણાય છે.

જેવી સમજણ તેવા શબ્દોને પ્રયોજે છે. સહુનું તાન શ્રીહરિનો યશ ગાવામાં જ હોય છે. ૩૫. નગરમાં જવાના માર્ગ અનેક હોવા છતાં એક માર્ગ ઉપર પગલા મૂકાતા પગલાં તો એક સરખાં જ હોય છે. તે રીતે જ કવિની કાવ્ય પદ્ધતિ અનેક હોવા છતાં બધાનું તાન તો એક શ્રીહરિમાં જ હોય છે. ૩૬.

શ્રીહરિના સ્વરૂપનું વર્ણન કરે એવું જે કાવ્ય હોય તે જ અનુપમ છે, અજોડ છે. જેમાં શ્રીહરિની મૂર્તિનું વર્ણન ન હોય તે બધા કાવ્ય તો અંધારિયા કૂવા જેવા છે. ૩૭. આવી સમજણ તો હરિના ભક્તની છે. વિમુખની સમજણ જુદી હોય છે. નિરાકારની વાત સાંભળવી તે સન્માર્ગ કહેવાતો નથી. ૩૮. ભગવદ્ભક્ત અને વિમુખની રુચિમાં તો રાતદિવસ જેટલો ફરક હોય છે. તે બંનેની રુચિ એકસરખી ક્યારેય થવાની નથી. અનાદિકાળની આ રીત ચાલી આવે છે. ૩૯. શ્રીહરિએ સ્વયં કહ્યું છે કે અમારા સત્સંગી માત્રે પરમેશ્વર નિરાકાર છે એમ માનનારાને માર્ગે ભૂલથી પણ કોઈ દિવસ ક્યારેય ચાલવું નહિ. ૪૦. પરમેશ્વરને નિરાકાર માનવા, એ માર્ગ-મત અંધારિયો કૂવો છે. તે ધર્મના સ્વરૂપનો નાશ કરાવનારો છે. જો તેનાથી ધર્મનો નાશ થાય તો ધર્મના નાશથી ભક્તિનો પણ નાશ થાય અને ભક્તિનો નાશ થાય એટલે જમપુરીમાં જ નિવાસ થાય છે. ૪૧. નિરાકાર મતવાળા જે છે તે જમપુરીને મિથ્યા કહે છે અને લખચોરાશીને ભ્રાંતિ કહે છે. પણ તેમને જ તે ભ્રાંતિ મટી નથી. ૪૨.

વ્યાસ ભગવાનનો અવતાર હતા. તેમના જેવા કોઈ જ્ઞાની ન કહેવાય. તેમણે જે વાત કહી તે પ્રમાણભૂત છે, વ્યાસે ન કહ્યું હોય એવું જ્ઞાન તો મિથ્યા કહેવાય. ૪૩. વ્યાસમુનિએ અનંત ગ્રંથોની રચના કરી છે. તેમાં શ્રીમદ્ભાગવત ઘણું બળવાન પ્રમાણ છે. તેમાં જે જીવના કલ્યાણ માટેના વચન છે તે સહુથી અધિક પ્રમાણરૂપ ગણાય છે. ૪૪.

❋ ધ્યેયો નારાયણો હરિઃ :

તે વચન વ્યાસમુનિએ સ્વયં કહ્યાં છે કે જેને બધી જ જાતનાં પાપોથી છૂટવું હોય તેણે ભગવાન નારાયણ સિવાયના અન્ય દેવોની સેવા-ઉપાસના ભક્તિ ક્યારેય કરવી નહિ. ૪૫. આ જગતમાં જીવનો મોક્ષ કરે એવા દેવ નારાયણ જ છે. તેના જેવા બીજા કોઈ દેવ નથી. આ દુનિયામાં જેટલા

શાસ્ત્રો છે તેને અમે વારંવાર વાંચ્યા વિચાર્યા છે. ૪૬. તે શાસ્ત્રોમાં એક નારાયણને જ ધ્યેય બનાવ્યા છે. 'ધ્યેયો નારાયણો હરિઃ' કારણ કે નારાયણ સર્વોપરિ છે. તેમને અનેક નામોથી કહ્યા છે. અનંત નામ હોય ત્યારે સંદેહ થાય છે કે કોની ઉપાસના-ભક્તિ કરવી ? ૪૭.

चोपाई :

जिनकुं स्वरूप जो मिले आई, नाम कर भिन्नता हे ताई;
तेहि स्वरूप सब पर जाने, ओर स्वरूप में नुन्यता बतावे...४८

નામથી જ ભિન્નતા જણાતી હોય તોપણ જેને જે સ્વરૂપ પ્રકટરૂપમાં મળ્યું હોય તેને જ તેણે સર્વોપરિ જાણવું. પ્રકટ સિવાયના અન્ય સ્વરૂપમાં પ્રકટની અપેક્ષાએ ન્યૂનતા બતાવવી. ૪૮.

दोहा : तेहि भक्त सर्वोपरी, प्रगट स्वरूप में भाव;
प्रगट स्वरूपकुं तजके, भजे सो कुमति कहाव...४९

જે ભક્તને પ્રકટના સ્વરૂપમાં ભાવ છે તે જ ભક્ત સર્વશ્રેષ્ઠ છે. પ્રત્યક્ષ સ્વરૂપને તજીને અન્યને ભજે તે કુમતિ-સમજણ વગરનો કહેવાય. ૪૯. આપણા જીવે અનેક જન્મ લીધા છે તે બધા જન્મના ગણીએ તો માતા પિતા અગણિત કહી શકાય, આ વખતે જેણે જન્મ આપ્યો છે તે માતા પિતાને તજી દઈને બીજા વીતેલા જન્મના માતા પિતા ઉપર બહુ પ્યાર રાખે. ૫૦. પ્રત્યક્ષના ઉપર ન રાખે તો તેને કુબુદ્ધિવાળા પુરુષ કહેવાય. કારણ કે જેણે જન્મ આપ્યો તેને છોડી દે છે અને જે ભૂતપૂર્વના હોય (બહુ પૂર્વે થઈ ગયા હોય) તેમની સાથે મન જોડીને તેની સેવા કરતો હોય છે. ૫૧. પતિવ્રતાની રીત પણ એવી જ છે કે પ્રગટમાં જીવ બાંધવો. તેવી જ રીતે જે ભક્ત પ્રગટમાં જીવ બાંધે તે ભક્ત પરમપુનિત છે. પ્રત્યક્ષને છોડીને અન્યની સેવા કરે તે બધા ભક્ત વ્યભિચારી છે. ૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'કાઠીનો સત્સંગ અને પ્રકટ સ્વરૂપની અધિકતા કહી' એ નામે અઠ્યાવીશમો તરંગ સમાપ્ત ॥૨૮॥



પૂર ચોથું : તરંગ - ૨૯

શાસ્ત્રોક્ત ધર્મનિયમની તથા શાસ્ત્રોની મહત્તા કહી તથા સમાધિ

પ્રકટના સ્વરૂપની ઉપાસનાની વાત સાંભળીને સમજણના અંગવાળા મહાન બુદ્ધિમાન મુક્તાનંદસ્વામીએ શ્રીહરિને પૂછ્યું. ૧. આપના ઘરની યથાર્થ વાતને (આપના સ્વરૂપની ઉપાસનાની વાતને) તો આપ જ જાણતા હોવ, તે વાતને બીજો કોઈ જાણતો હોય નહિ. એટલે તે વાતને આપ જ સ્પષ્ટ કહો. ૨. શાસ્ત્રમાં કલ્યાણની રીત અનેક પ્રકારે કહી હોય છે, તેમાં કઈ વાતમાં વિશ્વાસ રાખવો તે નક્કી થતું નથી. એટલે બુદ્ધિ અતિ ભ્રમી જાય છે. ૩. શાસ્ત્ર વિના વાત સૂઝતી નથી, અને તેનો કોઈ નિર્ધાર થઈ શકતો નથી. બુદ્ધિમાં અતિ અકળામણ થાય છે. અનેક કાણાવાળા ઘડામાં જેમ પાણી રહેતું નથી તેમ બુદ્ધિમાં કોઈ વાત ઠરતી નથી. ૪.

મુક્તાનંદસ્વામીનો પ્રશ્ન સાંભળીને શ્રીહરિ પ્રસન્ન થયા અને બોલ્યા, મુનિરાજ ! તમે જે પ્રશ્ન પૂછ્યો તેનો ઉત્તર સાંભળો. ૫. કોઈ કામ એક જ વાતથી સિદ્ધ થાતું નથી. એક કાર્ય સિદ્ધ કરવું હોય તો તેને માટે ઘણી જ સામગ્રીની જરૂર પડે છે. ૬. અનેક સામગ્રીને એકઠી કરવામાં આવે ત્યારે એક કાર્ય સિદ્ધ થાય છે . એક મોક્ષરૂપ કાર્ય કરવાને માટે અનેક પ્રકારના શાસ્ત્રોની રચના કરવામાં આવી છે. ૭. પ્રત્યેક શાસ્ત્રમાં અનેક પ્રકારની વાત કરવામાં આવી છે. તેનો કોઈ પાર પામી શકતું નથી. મનુષ્યો અનેક છે તેથી તેમની રુચિ પણ અનેક છે. કોઈ મનુષ્યમાં એક સરખી શ્રદ્ધા હોતી નથી. ૮. તે સિવાય અનેક જાતિના લોકો હોય છે. તેમાં પણ જાતિગત વિશેષ ગુણ-ધર્મ હોય છે.

વળી દેશ અને કાળને અનુસારે વિચારીને કેટલીક વાત લખવામાં આવી હોય છે. ૯. કેટલીક વાતો શાસ્ત્રોમાં યુગને અનુસારે કહી હોય છે. કેટલીક વાતોને આપત્કાળને ધ્યાનમાં રાખીને કહી હોય છે. ૧૦. ખોટા સંત મળે ત્યારે તેને અનુરૂપ વાત હોય અને સાચા સંત મળે ત્યારે તેને અનુરૂપ સત્ય વાત હોય છે. વળી પ્રકટ ભગવાન હોય ત્યારે તો વાત બિલકુલ જુદી

હોય છે અને ભગવાન જ્યારે પ્રકટ ન હોય ત્યારની વાતનું તો કાંઈ ઠેકાણું જ હોતું નથી. ૧૧. જેને જેમાં રુચિ હોય તેમાં તે પોતાના ચિત્તને પરોવે છે. કેટલાક લોકો શાસ્ત્રોને સાંભળી બુદ્ધિને શ્રેષ્ઠ કરે છે. કેટલાકની બુદ્ધિ પ્રથમ જે ઉત્તમ હોય છે તે શાસ્ત્રોને સાંભળીને પાછી પડી જાય છે. ૧૨.

જેમ અનાજનો ખોરાક સહુને માટે હિતકારી છે છતાં ક્યારેક અનાજથી જ રોગ ઉત્પન્ન થાય છે પછી અનેક રીતે ઔષધ લેવામાં આવે તોપણ તે રોગ ટળતો નથી. અને તે મટાડવા રાતદિવસ ઔષધ ખાવું પડે છે. ૧૩. રોગીને આશ્વાસન મળે એટલા માટે ઔષધ આદિ ઉપચાર કર્યા હોય છે અને તેનાથી કેટલાકનો રોગ ટળે છે, કારણ કે તે રોગ ટાળવા જ ઉપચાર કરાય છે. ૧૪. મનુષ્યજાતિને શાસ્ત્રની રીતે કરીને કાંઈક ધર્મ રહે છે. શાસ્ત્રના નિયમન વિના તો જીવો પશુ પંખીની જેમ અધર્મ કરવા લાગે છે. ૧૫. કરેલી ભૂલોનું પ્રાયશ્ચિત પણ શાસ્ત્રની રીતે જ કરવાનું હોય છે. શાસ્ત્ર ચંડાળ સુધીના હીન લોકોને પણ ધર્મ વિરુદ્ધ વર્તન કરવા દેતું નથી. ૧૬. ચંડાળ કે મ્લેચ્છ જેવી હીન જાતિનો કોઈ માણસ ધર્મથી વિરુદ્ધ વર્તન કરે તો શાસ્ત્ર તરત જ તેને સજા દે છે. એવી અનેક વાતો શાસ્ત્રોમાં રહી હોય છે. ૧૭.

પરમેશ્વરની સૃષ્ટિમાં અંધારું ટાળવા માટે સૂર્યનું અસ્તિત્વ છે. સૂર્યના વિના ક્યારેય અંધારું ટળતું નથી. ભૂખને ભાંગવા માટે અનાજ વગેરે અનેક ખાવાની ચીજોનું નિર્માણ થયું છે. ૧૮. તરસ ટાળવાને માટે પરમેશ્વરે પાણીનું સર્જન કર્યું છે એટલે માત્ર પાણી પીવાથી ભૂખ ટળતી નથી અને કેવળ અન્ન ખાવાથી તરસ છીપતી નથી. ૧૯. જ્યાં જેવું જોઈએ ત્યાં તેવો સુયોગ થાય તો જ રોગ મટે છે. આવશ્યક સુયોગ સિવાય કાર્ય સંપન્ન થતું નથી. બિનજરૂરી કરોડો ઉપાય કરવામાં આવે તો એ શું ? ૨૦. મનુષ્યમાં જેટલું વિવેક જ્ઞાન દેખાય છે તે બધું શાસ્ત્રોથી જ સરસમાં સરસ પ્રવર્ત્યું છે. અનંત બ્રહ્માંડોની જેટલી વાતો છે તે બધી શાસ્ત્રમાં સાક્ષાત્ લખેલી જ હોય છે. ૨૧. કોઈ વાત શાસ્ત્રથી બહારની નથી. અને જે લોકો તેને શાસ્ત્રથી બહાર માને છે તે તો ગમાર છે. 'મા', બહેન, દીકરી અને પત્ની એ સ્ત્રી જાતિ હોવા છતાં શાસ્ત્રો તેને વિવેક દૃષ્ટિથી અલગ અલગ કહે છે. ૨૨.

શાસ્ત્રના સમાન આ સંસારમાં કોઈ ઉત્તમ નથી. જ્યારે શ્રીહરિનો અવતાર પ્રગટ હોય છે ત્યારે તે અવતાર તેના સમયે જન્મેલા અનેક લોકોનો સંસારથી મોક્ષ કરે છે. ૨૩. **જ્યારે ભગવાન પ્રકટ હોય છે ત્યારે શાસ્ત્ર પણ તેમના સંકલ્પ પ્રમાણે જ વર્તે છે. ભગવાનની વાણી શાસ્ત્ર કહેવાય છે. અને શાસ્ત્રરૂપ વાણી પણ ભગવાનની મરજી પ્રમાણે જ કાર્ય કરે છે.** ૨૪. એટલા માટે જ શાસ્ત્રનું સૌથી અધિક પ્રમાણપણું છે અને જે શાસ્ત્રને ન માને તેને બુદ્ધિમાનોએ અસુર જાણવો. ૨૫. શાસ્ત્ર, સંત અને મનુષ્ય એ બધા બબ્બે પ્રકારના હોય છે તેનો સારી રીતે સાવધાનીથી વિચાર કરવો જોઈએ. ૨૬. તે બંને પ્રકારની વાતમાં પ્રગટ પ્રમાણ દેખવું જોઈએ પરંતુ એક સમજવું નહિ. કેમ જે, એવી સત્ય અને અસત્ય વાતો અનંત પ્રકારની છે. ૨૭. સત્યની રીત સત્ય સ્વરૂપે હોય છે અને અસત્યની રીત અસત્ય રૂપે હોય છે. પોતાનું હિત કરવા માટે તે અંગે વારંવાર વિચાર કરવો જોઈએ. ૨૮.

વેદ, પુરાણો અને સ્મૃતિ ગ્રંથો એ બધા સચ્છાસ્ત્ર કહેવાય છે. તે સચ્છાસ્ત્રોમાં અસચ્છાસ્ત્રના શબ્દો (સિદ્ધાંતો) મેળવી દીધા હોય છે. ૨૯. વ્યાસના વચન જ સર્વોપરિ છે એથી અધિક પ્રમાણભૂત, એથી ઉપરવટ બીજું કોઈ શાસ્ત્ર વચન હોઈ શકે નહિ એટલે અસત્ પુરુષોએ વ્યાસના વચનોની ઓથે અધર્મ ચલાવ્યો હોય છે. ૩૦. વ્યાસના વચનોમાં "ક્યારેય ધર્મનો ત્યાગ કરવો જ નહિ." આવું વારંવાર કહ્યું હોય છે. છતાં તેમાં ક્યાંય અધર્મની વાત આવતી હોય તો તે સ્પષ્ટ સમજવું જોઈએ કે આમાં અસત્ ગ્રંથની વાત ભેળવી દીધી છે. ૩૧. વ્યાસમુનિના ગ્રંથોમાં કોઈ પરમેશ્વર નિરાકાર છે એવું બતાવે અથવા "યજ્ઞમાં હિંસા કરવી." આવું ક્યાંય વ્યાસના વચનથી બતાવે તો સમજવું જોઈએ કે નિરાકારવાદના અને હિંસાવાદના શબ્દો (સિદ્ધાંત) અસદ્ગ્રંથમાંથી લઈને આમાં મેળવી દીધા છે. ૩૨.

સતી અને શિવનો સંવાદ કહીને અસદ્ ગ્રંથના શબ્દો વ્યાસમુનિની રચનામાં ભેળવી દીધા હોય છે. આ ભૂમિ ઉપર જ્યારે કોઈ ચક્રવર્તી રાજા થયો હોય. ૩૩. ત્યારે તે પોતાની બુદ્ધિ પ્રમાણે પોતાના ધાર્યા શબ્દ તેમાં ઉમેરી દે છે. તે રાજા જો ધર્મવાળો હોય તો ધર્મના શબ્દ ઉમેરે અને શોધી

શોધીને અધર્મના શબ્દોને કાઢી નાખે. ૩૪. અને તે રાજા જો અધર્મી હોય તો સચ્છાસ્ત્ર દ્વારા પણ બધું અધર્મનું જ પ્રતિપાદન કરે છે અને તે સમયે ભગવાન ધર્મની રક્ષા માટે અવતાર લે છે અને ધર્મ પરાયણ શબ્દોનો ઉદ્ધાર-પ્રતિપાદન કરે છે. ૩૫.

ચક્રવર્તી રાજાના ગુણ જેવા હોય તેવા તે બધા શાસ્ત્રોમાં વર્ણવવામાં આવે. માટે આવાં કારણોથી જ શાસ્ત્રોની નિશ્ચિત એકસરખી રીતિ કે સ્થિતિ રહેતી નથી. ૩૬. જ્યારે ભગવાનનો અવતાર થાય છે ત્યારે તે બધી ખબર પડે છે. ધર્મ કે અધર્મમાં હેત કે અણગમો કેટલો છે. પણ તે વિના તો ખબર પડતી નથી. ૩૭. જીવના સાચા મિત્ર તો ભગવાન છે અને ભગવાનના ભક્ત છે. તે બે વિના તો મનુષ્યમાત્ર જીવના શત્રુ જ છે. ૩૮. જે દુર્ગુણોથી શત્રુના જેવા હોય તેને મિત્ર માનીને તેની સંગસોબત રાખવામાં આવે તો સાથે બેસનારાને શાસ્ત્રોના શબ્દ બતાવી બતાવીને પોતાના સમાન જ કરી દે છે. ૩૯. જો મુમુક્ષુને અધર્મી મનુષ્ય મળી જાય છે તો તે તેને અધર્મપરાયણ કરી નાખે છે. માટે સમજુ મનુષ્યે અધર્મી મનુષ્યથી ચેતતા રહેવું. કારણ કે આવું દેવદુર્લભ મનુષ્યશરીર વારેવારે મળતું નથી. ૪૦.

શ્રીહરિએ સંતોની આગળ આટલી વાત કરી પછી શ્રીહરિએ ગોડી રાગના કીર્તન ગવડાવ્યા. **“ચેત ચેત નર અંધ અપારા, જન્મ અલેખે જાત હે સારા”** આ પદનો ભાવ , કવિ એવો કહે છે કે **‘અપાર અજ્ઞાનથી અંધ થયેલા હે મનુષ્ય ! તું સાવધાન થા ચેતી જા, નહિ ચેતતા તારી આ જિંદગી નિરર્થક જાય છે.’** ૪૧. તારે માથે કાળ ઊભો જ છે. અચાનક આવીને તને ખાઈ જાશે. કોઈ વાર લાગશે નહિ. તને અકાર્ય કરતાં લેશમાત્ર પણ લાજ શરમ આવતી નથી. હંમેશાં વિષય ભોગની વાસનાથી વિહ્વળ થઈને ઘૂમ્યા કરે છે. ૪૨.

જ્યારે તું નવરો થાય છે ત્યારે નિઃશંક થઈને સ્ત્રીઓના જ ગુણ ગાયા કરે છે. પેટ ભરવા માટે રાત દિવસ પાપ કરતો રહે છે. પોતાની કે પારકી હિંસા(ઘાત) કરતો જ રહે છે. ૪૩. મદ વિહ્વળ સ્થિતિમાં તું અંધાધૂંધ ફર્યા કરે છે. પરસ્ત્રીને તાકીને જોયા કરે છે. હે અંધ ! અજ્ઞાની, દેખ તો ખરો, તને સંતો હેતથી બોલાવીને કહે છે. ૪૪. ઘર, જમીન અને ધન-સંપત્તિને

સાંજે કે સવારે છોડી દેવી જ છે. માતા, પિતા, બંધુજનો, પુત્ર અને સ્ત્રી એ બધા તને જમને દરવાજે મોકલી દેવાના છે. ૪૫. જમદૂતો તો ગળામાં ફાંસી નાખીને મુદ્‌ગરોથી મારતાં મારતાં તને લઈ જાશે. અને મહાન ઘોર અંધતામિસ્ર નામના નરકના કુંડમાં તને જોરથી પકડીને નાખી દેશે. ૪૬. આ ભૂમિ ઉપર ફાંકડા શૂરવીર અનંત યોદ્ધાઓ થઈ ગયા છે. કોઈ સ્થિર થઈને કાયમ રહ્યા નથી. આવા ભાવાર્થના બે પદ ગોડીના બ્રહ્માનંદસ્વામીએ ગાઈને બધાને આવો ઉપદેશ દીધો. ૪૭.

આ ગોડીનાં પદ સાંભળીને શ્રીહરિ ખુશી થયા અને તત્કાળ જ છાતી ઉપરથી હાર ઉતારીને તેમને આપ્યા. પછી શ્રીહરિ બોલ્યા કે આવા જે પદો છે તેને ગ્રંથ (શાસ્ત્ર)ના સમાન માનવા. તે સમયે બે મશાલો થઈ અને આરતી ઉતારી. ૪૮-૪૯. શ્રીહરિ પલંગ ઉપર ઊભા રહ્યા. સ્વયં 'નારાયણ ધૂન' બોલાવી. જેને સાંભળતા અનંત જન્મના પાપોનો નાશ થઈ જાય છે. ૫૦. શ્રીહરિ ઘણી જ સ્નેહભાવનાથી વારંવાર 'નારાયણ ધૂન' બોલતા. બહુ ઉતાવળી ધૂન થઈ જાય ત્યારે વચ્ચે બંધ કરીને ફરીવાર શરૂ કરતા હતા. તે અવસર એવો થયો હતો કે તેની શોભા વર્ણવી શકાતી નથી. ૫૧. શ્રીહરિની આવી અલૌકિક રીત જોઈને અનંત લોકોના ચિત્ત સ્થિર થઈ ગયા અને તેમને સમાધિ થઈ અને તે સહુ અક્ષરધામમાં ગયા. ૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શાસ્ત્રોક્ત ધર્મનિયમની તથા શાસ્ત્રોની મહત્તા કહી તથા સમાધિ કરાવી' એ નામે ઓગણત્રીશમો તરંગ સમાપ્ત ॥૨૯॥



પૂર ચોથું : તરંગ - ૩૦

શ્રીહરિના અલૌકિક પ્રતાપનું વર્ણન, ભોજનલીલા તથા સંત-હરિભક્તોને ધ્યાન કરાવ્યું

શ્રીહરિ 'નારાયણ ધૂન' કરી રહ્યા તે વેળાએ સંતોએ નખથી શિખાપર્યંત મૂર્તિને હૃદયમાં ધારીને સ્તુતિ કરી. ૧. **આપ જે અનંતકોટિ બ્રહ્માંડોના એક જ**

પરમેશ્વર છો ; તે અત્યારે કરુણારસની એક ટેક ધારીને પ્રકટ થયા છો. ૨. આપે પૂર્વે ક્યારેય આવી રીતનો કરુણારસનો વરસાદ કર્યો નથી. અનંતવાર બ્રહ્માંડો થઈ ગયા પણ આવી વાત અમે ક્યારેય સાંભળી નથી. ૩. આ સમયે આપ અનંત અને અપાર સામર્થ્ય દેખાડવા માંડ્યા છો. અનેક લોકોનો ઉદ્ધાર કરવાની આપે ટેક ધારી છે. ૪. આ રીતે સંતોએ શ્રીહરિની ઘણી સ્તુતિ કરી પછી હરખભેર શ્રીહરિના ચરણોમાં નમી પડ્યા.

પછી બધા સંતો વાજિંત્ર વગાડીને કીર્તન ગાવા લાગ્યા. ૫. સંતોની સાથે શ્રીહરિ પણ કીર્તન ગાતા હતા અને એટલા બધા આનંદિત થઈ ગયા કે તેનું કાંઈ વર્ણન કરી શકાતું નથી. હાથની ચપટી વગાડીને તાન તોડતા હતા અને ઘેરે મધુર સ્વરે કીર્તન ગાતા હતા. ૬. શ્રીહરિના સ્વરમાં એટલી બધી ચતુરતા હતી કે તે સાંભળનારા સહુના મનને હરી લેતા હતા. તેમનું મંદ મંદ હાસ્ય પરમ સુખદાયક હતું. તે ઘણા જ રસ સાથે ગાતા હતા. ૭. શ્રીહરિ બધા લોકોને ઉત્સાહ ચડાવી દેતા હતા. શ્રીહરિની મૂર્તિનો એ સહજ સ્વભાવ હતો. જેમ ચુંબક દેખીને લોહ ખેંચાય જાય તેમ મૂર્તિને જોઈને પ્રાણીમાત્ર ખેંચાઈ જતા હતા. ૮. શ્રીહરિ જે જે વસ્ત્ર અને અલંકારોને ગ્રહણ કરતા હતા તે બધામાં પોતાનો ગુણ આવી જતો હતો. સર્વમાં તે ચમત્કાર જણાતો હતો. ૯.

શ્રીહરિની આજ્ઞાથી જે કોઈ સંતો-ભક્તો સભામાં લોકો આગળ ભગવદ્‌વાર્તા કરતા હતા તેમાં પણ તે ચમત્કાર આવી જતો હતો. શ્રીહરિએ અલૈયા ખાચરને ભગવદ્‌વાર્તા કહેવાની આજ્ઞા કરી. તે આજ્ઞાને તેમણે મસ્તકે ચઢાવી લીધી. ૧૦. તે પોતાના મનમાં શ્રીહરિની મૂર્તિનું ધ્યાન કરીને જેની આગળ ભગવદ્‌વાર્તા કરતા હતા તે લોકો તે જ કાળે સત્સંગ ગ્રહણ કરતા હતા. દયાળુ શ્રીહરિએ અલૈયા ખાચરને પણ એવો ગુણ આપ્યો હતો. ૧૧. તેમની વાતો સાંભળીને મોટા મોટા પંડિતો પણ વિસ્મિત થઈ જતા. એવું તેમની વાતમાં બળ હતું. આવા મહાસમર્થ શ્રીહરિએ હરિભક્તોમાં પણ આવો અનંત બળવાન પ્રતાપ આપ્યો હતો. ૧૨. આ પ્રમાણેનું પોતાનું સામર્થ્ય શ્રીહરિએ સંતોમાં અને હરિભક્તોમાં જે આ વખતે પ્રકટ કર્યું, તેનું વર્ણન થઈ શકતું નથી. ૧૩.

તે સમયે વર્ણી વાળુ કરવા માટે શ્રીહરિને બોલાવવા આવ્યા. શ્રીહરિ તત્કાળ જ મનમાં ઘણા પ્રસન્ન થઈને વાળુ કરવા ઊઠ્યા. ૧૪. જરિયાની વસ્ત્ર જે બધા પહેર્યા હતા તે જમતી વેળાએ ઉતારી નાખ્યા અને જરકસી કોરવાળું એક પીતાંબર પહેરી લીધું. ૧૫. એક લીલા રંગની ઘણી સારી જરિયાની શાલ હતી તે ઓઢી લીધી. તે સમયે કૃપાળુ શ્રીહરિએ ચાખડીઓ પહેરી અને હાથમાં એક રૂમાલ લીધો હતો. ૧૬. શ્રીહરિનું લલાટ ઘણું વિશાળ હતું. તે ઝગમગ ઝગમગ ચળકાટ કરતું હતું. છાતી ઉપર પણ તેજ ઝગમગી રહ્યું છે, માનો તેજોમય ભાવ ભરીને સૂર્ય ઉદય ન પામ્યા હોય ! ૧૭. શ્રીહરિની પિંડીઓ ઝગમગી રહી હતી, માનો ત્યાં વિદ્યુત (વીજળી) દ્વાર કરીને રહી હોય ! ચરણોની આંગળીઓનું નખમંડળ પણ તેજથી ઝગમગી રહ્યું હતું. ૧૮. માનો, નક્ષત્ર મંડળના મુખ્ય તારાઓ તેમાં આવીને વસી રહ્યા હોય ! હાસ્યપૂર્ણ મુખ તો ચંદ્રના સમાન ઝગમગતા જ્યોતિથી અનેક રીતે ચમકી રહ્યું હતું. ૧૯.

અત્યંત સુશોભિત સોનેરી બાજોઠ ઉપર હેતથી આવીને શ્રીહરિ બેઠા. બિલોરી કાચના ઝાડ ચારેબાજુ બાંધ્યા હતા. તે ઘણો જ પ્રકાશ કરી રહ્યા હતા. ૨૦. શ્રીહરિ જ્યારે જમવા માટે બેઠા ત્યારે સહુ આવ્યા એટલે ચારે બાજુ સભા થઈ ગઈ. જમવા બેઠેલા શ્રીહરિનાં દર્શન કરવા અને ધ્યાનમાં મૂર્તિને ધારવા માટે હરિભક્તો આવ્યા હતા. ૨૧. માનસીપૂજામાં શ્રીહરિનું સ્વરૂપ ધારી શકાય તેટલા માટે સહુ ભક્તોનો સમાજ મળ્યો હતો. બાજોઠ ઉપર મખમલનું આસન મૂક્યું હતું. ભવ્ય દિવ્ય મનોહર સ્વરૂપે આવીને જ્યારે શ્રીહરિ બેઠા ત્યારે ભક્તોને આ મનુષ્યલોકનું કે પોતાના શરીરનું પણ ભાન રહ્યું નહિ. અક્ષરધામના મુક્તનાં જેવું ધ્યાન થયું.

વિવિધ પ્રકારના ભોજન ભરેલા થાળ લઈને વર્ણી આવ્યા. ૨૨-૨૩. થાળમાં દૂધપાક, પૂરણપોળી, ઘીમાં તળેલા ભજિયાં તથા વડાં, જલેબી, ઘીમાં તળેલું સૂરણનું શાક તથા ઘીમાં જ વઘારેલું રીંગણાનું શાક વગેરે હતાં. ૨૪. સુંદર વાલોળનું શાક કર્યું હતું તેમજ દહીંની કઢી કરી હતી, ભોજનોનો ગણે પાર આવતો ન હતો. ૨૫. પાપડ, ગરમર વગેરેના અથાણાં અલગ અલગ વાસણમાં મૂક્યાં હતાં, તે નામ લઈ લઈને આગળ ધરાવ્યા. ૨૬. શ્રીહરિ

ચતુરાઈથી જમતા, તેમનામાં જમવાની અત્યંત નિપુણતા એવી હતી કે તે બીજા કોઈ મનુષ્ય, દેવ કે બ્રહ્મા સુદ્ધાંમાં ન હતી. ૨૭.

શ્રીહરિ કોઈ પણ બે વસ્તુને ભેળી કરીને જમતા હતા. છતાં તેઓ એવી ચતુરાઈથી જમતા કે ખાવાની તે વસ્તુને હાથ કે મુખ ઉપર ચોંટવા દેતા નહિ અને તેથી જ હાથ કે મુખ એંઠા દેખાતાં નહિ. ૨૮. જમતાં જમતાં જમવાની તે તે વસ્તુના વખાણ કરતા, એવી શ્રીહરિની સહજ પ્રકૃતિ હતી. થાળ કરનારા વર્ણીના પણ વખાણ કરતા. રસોઈ બનાવવામાં જયાનંદ વર્ણી ઘણા બુદ્ધિમાન હતા. ૨૯. મુકુંદાનંદ વર્ણી તો અત્યંત નિર્દોષ હતા. કોઈ સમયે તેમના વખાણ કરતા શ્રીહરિ બોલ્યા હતા કે, “ આ મુકુંદાનંદ વર્ણીમાં ઈશ્વરના સમાન ગુણ રહ્યા છે.” ૩૦.

શ્રીહરિ થાળ જમી રહ્યા ત્યારે ચળું કરીને જળપાન કર્યું. સુંદર મુખવાસ લીધો અને પછી થાળ દરબાર માંચા ખાચરને આપ્યો. ૩૧. તે પછી બીજા બધા દરબારોને જમવા માટે બેસાડ્યા અને સ્વયં શ્રીહરિ પીરસવા લાગ્યા. તેમના જેવું બીજા કોઈને પીરસતા આવડતું નહિ. દરબારોને જમાડતા ખૂબ જ ખુશ કરી દેતા હતા. ૩૨. ઘણું જ હેત કરીને શ્રીહરિ એવું પીરસતા હતા કે દુનિયામાં આ રીતનું પીરસવાનું કોઈને આવડે નહિ. જેવો સમય હોય તેવું વિચારીને ઘણાં જ હેતથી આગ્રહ કરીને પીરસતા. ૩૩. શ્રીહરિ એવા પ્રેમથી દરબારોને જમાડતા કે તેમના કોઈ સંબંધી પણ આટલા હેતથી જમાડતા નહિ. શ્રીહરિ ભક્તોની સાથે એવો પ્રેમભાવ જણાવતા કે બીજા કોઈને એવો પ્રેમભાવ પ્રકટ કરતાએ આવડે નહિ. ૩૪. શ્રીહરિ દિનપ્રતિદિન અધિક અધિક પ્રેમ જણાવતા. જે માણસો કાંઈપણ મદદ કરે તેને ક્યારેય વિસરી જતા નહિ. જ્યારે શ્રીહરિ ગુણને ગ્રહણ કરે ત્યારે અવગુણોને છોડી દેતા અને ગુણોને જોઈને જ પ્રેમ કરતા હતા. ૩૫. જેમ ગુણગ્રાહી હંસ દૂધને ખેંચી લે છે અને પાણીને તજી દે છે તેમ ગુણગ્રાહીપણાં રૂપ અનંત સદ્‌ગુણો શ્રીહરિમાં રહ્યા હતા, તેને વગર બુદ્ધિએ તો કહેતા પણ આવડે નહિ. ૩૬.

શ્રીહરિએ દરબારોને જમાડ્યા પછી ગરમ પાણીથી હસ્તકમળ ધોયા કારણ કે, શિયાળાનો પોષ માસ ચાલતો હતો. પછી ધીરે રહીને પોતે

સભામાં પધાર્યા. ૩૭. શ્રીહરિએ સફેદ બુટ્ટાદાર ગરમ પોશની રાતી ડગલી પહેરી હતી. ૩૮. તેવી જ ગરમ પોશની ટોપી શ્રીહરિએ મસ્તકે પહેરી હતી અને તે નીચેના ભાગમાં લાંબી ઢળતી હોવાથી કાન ઉપર આવી ગઈ હતી અને બોકાની ભીડવાથી તે ઘણી ઓપી રહી હતી. ૩૯. ટોપીની કોર ઉપર મોતીની બે સેરો ટાંકેલી હતી. તેનું અપાર તેજ ઝગમગતું હતું તેથી તેની મહાન શોભા બની હતી. ૪૦. ગળામાં મોતીના બે કંઠા ઝગમગી રહ્યા હતા. ડગલીના છાતીના ભાગમાં બંને બાજુએ સોનાની તૂઈ ભરેલી હતી. ૪૧. ડગલીની કોર ઉપર સોનાના અને મોતીના મોટા મોટા ગોખરુ ઘણા જડ્યા હતા. જ્યાં વધારે શોભે ત્યાં જડ્યા હતા એટલે તેની અપાર શોભા થઈ હતી. ૪૨. શ્યામસલૂણા શ્રીહરિની બંને ભુજાઓ ઉપર મોતીના બાજુબંધ બાંધ્યા હતા. હાથના બંને પહોંચા ઉપર મોતીની સુશોભિત પહોંચીઓ બાંધી હતી. ૪૩. ચરણોમાં સોનાના ઝાંઝર પહેર્યા હતા. તેની ઘૂઘરીઓનો ઘણો જ ઘમકાટ સંભળાતો હતો. જેટલા સંતો અને હરિભક્તો હતા તે સહુને શ્રીહરિએ ધ્યાનમાં બેસાડ્યા. ૪૪.

સુજ્ઞ ભક્તો શ્રીહરિની પ્રકટ પ્રમાણ મૂર્તિ હૃદયમાં ધારતા હતા. પ્રથમ નેત્રોની વૃત્તિને નાસિકાના અગ્રભાગ ઉપર સ્થિર કરી અને પછી તે વૃત્તિને હૃદયમાં ઠેરાવી. ૪૫. ધૈર્ય સંપન્ન ભક્તોએ પહેલા આસન બાંધ્યું, શરીરને સ્થિર કર્યું પછી શ્રીહરિની મૂર્તિને જોઈને હૃદયમાં સ્થિરતાથી ધારી તે રીતે સહુ બેઠા. ૪૬. શ્રીહરિ સહુ સંત-હરિભક્તોની વચ્ચે વિરાજ્યા. હાથમાં મોતી જડેલી સોટી રાખી હતી. ધ્યાનમાં બેઠેલાને કોઈને શરીરનું ભાન રહ્યું નહિ. બધા જ ધ્યાનનિષ્ઠ સ્થિતિમાં હતા. ૪૭. કદાચ કોઈને ઊંઘ આવતી દેખાય તો તુરંત શ્રીહરિ તેમને તે છડી મારતા. છડી મારવામાં પણ તેઓ અપાર હેત દેખાડતા હતા. તેમ કરવામાં બીજાએ વિચાર કરવો જોઈએ. ૪૮. બીજા લોકોએ એમ કરવું નહિ. શ્રીહરિની તો વાત જ જુદી છે.

શ્રીહરિ ક્યારેય કોઈના મનની લાગણીને તોડતા નહિ. ૪૯. શ્રીહરિ જે જે વાત કરતા હોય છે તે, તે તે વ્યક્તિને (જીવને) દેખીને કરતા હોય છે. આ રીતની તો બીજાને પરીક્ષા કરતા પણ આવડે નહિ. ૫૦. શ્રીહરિ

કારિયાણીમાં જેટલા દિવસ રહ્યા તેટલા દિવસ સુધી સંતોને અને હરિભક્તોને અરધી રાત થાય ત્યાં સુધી નિપુણતાથી ધ્યાન કરાવતા હતા. ૫૧. તેનાથી ભક્તોને દિનપ્રતિદિન અધિક અધિક ઉત્સાહ વધતો હતો અને જેટલા ધ્યાનમાં બેસતા હતા તે સહુને અંતરમાં ઉજાસ થતો હતો. ૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શ્રીહરિના અલૌકિક પ્રતાપનું વર્ણન, ભોજનલીલા તથા સંત-હરિભક્તોને ધ્યાન કરાવ્યું' એ નામે ત્રીસમો તરંગ સમાપ્ત ॥૩૦॥



પૂર ચોથું : તરંગ - ૩૧

શ્રીહરિ કુંડળ પધાર્યા, લૌકિકભાવમાં અલૌકિકતા અને શ્રીહરિ વાળુ કરવા પધાર્યા

શ્રીહરિ જ્યારે કારિયાણીમાં પહેલીવાર આવ્યા ત્યારે પાંચ દિવસ રોકાયા. ખૂબ જ આનંદ કર્યો અને કરાવ્યો. એક એકથી અધિક સારા ઉત્સવ કરાવ્યા. ૧. ત્યાં પાંચ દિવસમાં પાંચ હરિભક્તોની રસોઈ લીધી હતી. મનમાં પ્રેમ રાખીને સાંભળો. તે પાંચેના નામ હું કહું છું. ૨. દરબાર માંચા ખાચર, વસ્તા ખાચર, વેલા ખાચર, વીરદાસ પટેલ અને ગોવા પટેલ એ પાંચેએ એક એક રસોઈ આપી હતી. ૩. તે સહુએ માંચા ખાચરની જેમ જ પ્રેમભાવથી શ્રીહરિની પૂજા કરીને અલૌકિક લાભ લીધો. એવો લાભ કોઈ બીજાએ લીધો નથી. ૪.

શ્રીહરિ ત્યાંથી જ્યારે ચાલ્યા ત્યારે **કુંડળ** ગામ પધાર્યા. દરબાર માંચા ખાચર (કારિયાણી)ના બહેન રાઈબા નામે કુંડળમાં હતા. ૫. માંચા ખાચરની જેમ જ 'રાઈબા' રામાનંદસ્વામીના સમયથી સારા સત્સંગી હતા. સત્સંગની બધી રીતને જાણતા. સેવા કરવામાં મહા ચતુર હતા. ૬. તેમના ત્રણ પુત્ર મામૈયા પટગીર, હાથિયા પટગીર અને રામ પટગીર નામે હતા. ત્રણેય પાકા હરિભક્ત હતા. શ્રીહરિ પધાર્યા એટલે તેઓ સન્મુખ આવ્યા. ૭. અમરા પટગીર અને તેના ભાઈ; કે જે ગામમાં મુખી હતા અને શ્રીહરિના ઉપર

જેમને ભાવ હતો, તે બધા શ્રીહરિની સામે આવ્યા. ૮. તેના પુત્ર હરસુર પટગીર હતા તથા તેમના બહેન વલુબાઈ હતા. તેઓ બધા સારા સત્સંગી હતા. તે શ્રીહરિની સન્મુખ આવ્યા. ૯.

સહુને શ્રીહરિ ઉપર અપાર હેત હતું. આવીને બધા વારંવાર ચરણોમાં પડ્યા. વિવિધ પ્રકારનાં વાજિંત્ર લાવ્યા હતા. તે બધા પોતપોતાની રીત પ્રમાણે જુદા જુદા વાગતા હતા. ૧૦. શ્રીહરિ સાંજને સમયે કુંડળ પધાર્યા હતા. અનુપમ ઉત્સવનું વાતાવરણ છવાયેલું હતું. શ્રીહરિની સવારી ઘણી મોટી હતી. તેની શોભાનો કોઈ પાર ન હતો. ૧૧. જરિયાની સાજ-સામાનથી શણગારેલો ઘોડો અતિ શોભતો હતો જેને દેખીને દેવતાઓ તથા રાજાઓના મન લલચાઈ જતાં હતાં. તેના જેવી શોભા ત્રિભુવનમાં ક્યાંય ન હતી. આવા અશ્વ ઉપર શ્રીહરિ સવાર થયા હતા. ૧૨. મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદ સ્વામી આદિ અપાર સંતો શ્રીહરિની સાથે હતા. પાર્ષદોનો પણ કોઈ પાર ન હતો. ૧૩. ગામથી ઉત્તર તરફના ભાગમાં એક સુંદર અને સારી નદી હતી. જાત જાતના વૃક્ષોને લીધે તેની શોભા અનેરી હતી. ૧૪. ગામ તો શોભા સંપન્ન હતું જ. ચારે બાજુની વાડીઓ ઘણી શોભા યુક્ત હતી. શેરડીના સાંઠા તો અદ્ભુત હતા અને તેથી તેની શોભા પણ અપૂર્વ જણાતી હતી. ૧૫. ગામને ચારે ફરતો ગઢ ઘણો શોભતો હતો. ગામને પશ્ચિમભાગે શ્રીહરિ પધાર્યા. ૧૬.

કુંડળમાં પટગીર અટકના કાઠી દરબારો બધા રહેતા હતા. તે ગામમાં જેટલા પટગીર હતા તે બધા ગરાસદાર કહેવાતા હતા. ૧૭.

(તેઓ બધા શા માટે ગરાસદાર કહેવાતા ? ઇતિહાસકારો નોંધે છે : સં.૧૭૮૭માં જસદણની ગાદીએ વાજસુર ખાચર આવ્યા. બાજુનું દેવપુર(હણિયા) ગામ તે સમયે ભોજા પટગીરનું રાજ્ય હતું. તેના ભાઈનું નામ મૂળુ પટગીર હતું. ભોજા પટગીરની પત્ની લાડુબાની કૂખે કનૈયાકુંવર જેવા બે પુત્રોના જન્મ થયા. (૧) નાજા પટગીર અને (૨) ગીગા પટગીર. આ બંને મહાશૂરવીર હતા. તેથી જસદણ નરેશે તેમને સેનાપતિ તથા દીવાન બનાવ્યા હતા. સં.૧૮૦૧માં જામનગરના જામ જુસાજીએ જસદણ પર

ચડાઈ કરી. તેના મોટા લશ્કરનો સામનો કરવાની શક્તિ વાજસુર ખાચરમાં ન હોવાથી તે જસદણ છોડીને ભાગ્યા. ભાવનગર નરેશનો આશરો લીધો. તેણે જસદણ પરત મેળવવામાં મદદ ન કરી. પછી સં.૧૮૦૬માં જામ જુસાજીના પુત્રના લગ્નના પ્રસંગે દિવાન નાજા પટગીરે આટકોટના કિલ્લાનું નજરાણું (આવક) તેને આપી જસદણ પાછું મેળવ્યું. આ નાજા પટગીર મહા શૂરવીર, નીતિમાન, સત્યપ્રેમી અને સ્વામીભક્ત હતા. જસદણ પાછું મળ્યું તેથી સં.૧૮૦૭માં ભાવનગર નરેશે લશ્કર મોકલ્યું. નાજા પટગીરે વફાદારીપૂર્વક તેનો સામનો કર્યો. પરંતુ વાજસુર ખાચરને ભાવનગર નરેશે લાલચમાં નાખેલા. તેથી તેના જ એક નજીકના માણસે યુદ્ધમાં લડી રહેલા નાજા પટગીર સાથે દગો કર્યો. ડોક ઉપર તલવારનો ઘા કર્યો. પરંતુ કાંડુ આડું ધરતા પોતે બચી ગયા ને કાંડુ કપાઈ ગયું. પોતાના સ્વામીએ જ કરેલો આ વિશ્વાસઘાત તેને અસહ્ય થઈ પડ્યો. તેથી બંને ભાઈ બસો ઘોડેસવારો સાથે જસદણ છોડી ચાલી નીકળ્યા.

ત્યારબાદ ભાવનગર લશ્કરે જસદણનો કબજો મેળવ્યો. આશરે સં.૧૮૧૦માં બસો ઘોડેસવારો સાથે બંને ભાઈઓ પોતાના મામાના ગામ બોટાદ ભોજા ખાચર પાસે આવ્યા. તેમાં ગીગા પટગીરને બે પત્નીઓ હતી. (૧) લખાણી હમીર ખાચરની પુત્રી જાનુબા અને (૨) માણસુર ખાચરની પુત્રી ગવુબા. તેમાં જાનુબા થકી પુત્ર મેરામણ અને પુત્રી રાણબા થઈ હતી. અને ગવુબા થકી પુત્ર માણસુર ઉર્ફે રાવત પટગીર થયા હતા. નાજા બાપુને બે પત્નીઓ હતી. (૧) મીણુબા અને (૨) સારંગપુરના ઉગા ખાચરની દીકરી કમરીબા હતી. તેમાં મીણુબા થકી ગોરખા પટગીરનો અને કમરીબા થકી જોઈતા(જશા) પટગીરનો જન્મ થયો હતો.

તે સમયે બરવાળામાં માધાશાનું રાજ્ય હતું. તેની પત્નીનું નામ લીલાબાઈ હતું. માધાશા મૂળ વતની મૂળીના હતા. ત્યાંથી લીંમડી આવીને વસ્યા. તેમની શૂરવીરતાથી રાજ્યના કામદાર તરીકે નિમાયેલા. પછી લીંમડી નરેશ હરભમસિંહે પોતાના બાર ગામનો વહીવટ માધાશાને સોંપેલો. તેથી તેઓ બરવાળા આવ્યા. તે ઘણા શૂરવીર હતા. આ સમયે બેલાગામમાં

ગઢવીનું રાજ્ય હતું. તેને અંતરમાં બીક લાગી કે 'રખે મારું ગામ પણ ઘેલાશા પડાવી જશે.' તેથી બોટાદ નાજા પટગીર આવ્યા છે તે જાણ થતાં તે બોટાદ ગયા. અને કહ્યું, 'અમારા ગામની બાજુમાં જ અતિ ફળદ્રુપ દશ હજાર વિઘા જમીનનો પાતો પડ્યો છે. જો આપ આવો તો હું તમને મદદરૂપ થાઉં. તપાસ કરી સત્ય હકીકત જાણી. પછી પ્રથમ બંને ભાઈઓ પાણવી આવ્યા. તે ગામ કબજે કર્યું. પછી તે મોટાભાઈ ગીગા પટગીરને તેની સોંપણી કરી ચુનંદા એકસો સવારો સાથે નાજા પટગીર ફરવા નીકળ્યા. ઉતાવળીના આરે આવેલા ભગવાનના કુંડળ આકારે શોભતા આ ટીંબા પર તેમના અંતરમાં અતિ શાંતિ થઈ. સહુના હૈયા અપૂર્વ આનંદથી નાચી ઉઠ્યા. નાજા પટગીર સહિત સર્વને આ જગ્યા અંતરમાં ગમી ગઈ અને ત્યાં જ વસવાટ કરવાનો નિર્ણય લીધો. તેથી સં.૧૮૧૩માં તેઓ ત્યાં જ રહ્યા. આજુબાજુ ગાયો ચારતા ભરવાડોના પશુઓની તેમજ ખેડૂતોની ખેતીની રક્ષા કરી સહુના દિલ જીત્યા.

આ જમીન તે સમયે જમરાળાના તાબાની નીચે ગણાતી. ત્યારે જમરાળામાં મેરામણ ખાચરનું રાજ્ય હતું. તેને પુત્ર લાખા ખાચર અને પુત્રી રાણબા હતા. આ પિતા-પુત્ર નાજા પટગીરની શૂરવીરતા, નીતિમત્તા અને ધાર્મિકતાથી પરીચિત થયા. તેથી તે તેમની સાથે સમાધાન કરવામાં જ સહુનું હિત સમજ્યા. પછી જમરાળાના લાખાભાઈ મેરામણભાઈ ખાચરે પોતાની બેન રાણબાઈના લગ્ન નાજાબાપુ સાથે કરી હાથ ગરણા પેટે સો સાંતિ(દસહજાર વિઘા)ની જમીન આપી.

પછી સં.૧૮૧૫ મહા સુદ બીજ ને ગુરુવારે નાજા બાપુએ બેલાગામના ગઢવીને સાથે રાખી કુંડળનું તોરણ બાંધ્યું. તેનું મુહૂર્ત વિપ્ર કલ્યાણભાઈ હરજીવનભાઈએ જોઈ આપેલું. ત્યારે તેના કામદાર ભવાન કરશનજી વારામાં હતા. આમ આ ટીંબો જમરાળાના દરબારનો હતો, તે નાજા પટગીરે મેળવ્યા પછી તેણે વિચાર્યું કે, "આનું નામ શું રાખશું ?" સત્યવાદી અને ભગવદ્‌નિષ્ઠ આ દરબારોના અંતરમાંથી સૂર નીકળ્યો કે, "આ ભૂમિ તો ભગવાનના કાનમાં શોભતા કુંડળના આકારે છે. માટે આપણે આનું નામ કુંડળ જ રાખીએ. આમ ઈશ્વરના સંકેતથી થયેલા સંકલ્પમાંથી જ સં.૧૮૧૫ મહા સુદ બીજના

રોજ કુંડળગામનો જન્મ થયો.” પછી નાજાબાપુને ત્રીજી પત્ની રાણબા થકી : (૧) સામતબાપુ (૨) કાંધાબાપુ (૩) મોકાબાપુ આ ત્રણ પુત્રનો જન્મ થયો હતો. તેમના પાંચેય પુત્રો મહા શૂરવીર અને ભક્તહૃદયના હતા. જેનું નામ સાંભળી ભાવનગર નરેશ પણ વિચારે ચડતા. બરવાળાના માધાશાના પુત્રનું નામ ઘેલાશા હતું. ઘેલાશાની શૂરવીરતા તે સમયે આ પંથકમાં પંકાતી. કાઠીઓના ત્રાસથી છિન્ન ભિન્ન થયેલા બરવાળાને હટાણાનું ગામ બનાવ્યું.

ઘેલાશાએ બારમાંથી બાવીસ ગામનો બરવાળા તાલુકો બનાવ્યો ને બરવાળાને કોટ બંધાવ્યો. આ સમયે સોરઠમાં ચાચરિયા ગામના વોળદાન રેફડિયાની હાંક વાગતી. તે વિકરાળ લૂંટારો હતો. તે ત્રણસો ત્રણસો ઘોડા લઈ ફરતો; અનેક ગામ ઘમરોળતો. એકવાર ઘેલાશા કામપ્રસંગે બોટાદ જતા ત્યારે ચાચરિયા ગામના પાદર ઘોડી ઊભી રાખી એક માણસ દ્વારા કાઠી વોળદાનને કેણ મોકલ્યું કે ‘કાલે સવારે ઘેલાશા તારા ગામની સીમમાં નીકળશે. માટે મર્દ હો તો ખડ વાઢવા તૈયાર રહેજે.’ વોળદાન પણ બીજે દિવસે એકલો જ ઘોડી લઈ શત્રુ સાથે યુદ્ધ કરવા સીમમાં ઊભો રહ્યો. સૂર્યની કિરણો ફૂટી ત્યાં મુછના થોભા ઉપર હાથ નાખતા ઘેલાશાએ રેફડિયા વોળદાનની નજીક આવી કહ્યું, ‘રામ..રામ..! કોણ, આપો વોળદાન કે..?’ ત્યારે તેણે કહ્યું, ‘હા..હા..! પણ તું ઘેલાશા કે..?’ બંનેની આ પ્રથમ મુલાકાત હતી.

ઘેલાશાએ ઘોડીએથી નીચે ઉતરી ખડિયામાંથી અફીણ કાઢી વોળદાનને આપતા કહ્યું, ‘હું આજ તમારા સીમાડાનો મહેમાન છું. માટે પ્રથમ કસુંબો પીવો.’ એમ કહી બંનેએ સામસામી કસુંબાની અંજલીઓ પીધી. પછી હાંક મારી બંને ઘોડે ચઢ્યા. ધીંગાણું ખરેખરું જામ્યું. પછી ઘેલાશાએ વૈરીને ઘા પહેલો કરવાનો વારો આપતા કહ્યું, ‘વોળદાન ! પહેલો ઘા કરી લે. તેથી તારી મનની મનમાં ન રહી જાય.’ એટલે વોળદાન કહે, ‘પહેલો ઘા સવા લાખનો..!’ એમ કહી ભાલાનો ઘા કર્યો. ચતુર નિશાનબાજ વોળદાનનો ઘા ચકોર ઘેલાશાએ ઘોડીને ગોઠણભર કરીને ચુકાવી દીધો.

પછી ઘેલાશાએ ગર્જના કરી કહ્યું, ‘વોળદાન ! એમ ઘા ન થાય. જો, ભાલો આમ ફેંકાય.’ એમ કહી નિશાન તાકી ભાલું ફેંક્યું તે ઘોડીને વીંધીને

ભાલું ભોમાં ખૂંતી ગયું. ઘોડી પૃથ્વી સાથે જડાઈ ગઈ. પછી ઘેલાશાએ તલવાર ખેંચી કહ્યું, 'વોળદાન ! તને મારવો હોય તો આટલી જ વાર છે; પરંતુ મારે તો તારો ગર્વ જ ઉતારવો હતો.' એમ કહી ખાલી નિશાન પૂરતા વાંસામાં તલવારની અણીથી બે-ત્રણ ઉઝરડા કર્યા. આ વાતની બરવાળા ખબર પડતા ઘેલાશાના જમાદાર ભાખરજી સસૈન્ય માલિકની મદદે આવતા દેખાયા. ઘેલાશાને થયું કે 'જો ભાખરજી આવી જશે તો ચોક્કસ વોળદાનને મારી નાખશે.' એટલે પોતાની ઘોડી વોળદાનને આપતા કહ્યું, 'તારી તલવારેથી વાઢી થોડું ઘાસ ઘોડીને ખવરાવી સ્વાર થઈને ભાગી જા. નહિ તો સૈનિક જીવતો નહિ રહેવા દે.' આવા શૂરવીર ઘેલાશા હતા.

આ ઘેલાશાએ દુશ્મનો વધતા બરવાળા ફરતા રક્ષણ માટે મોટો કિલ્લો બાંધ્યો હતો. તેને ત્રણ દરવાજા મૂક્યા હતા. (૧) રોજીતનો દરવાજો (૨) ખમિયાણાનો દરવાજો અને (૩) કુંડળનો દરવાજો. જેમણે વોળદાન રેફડિયાનો પરાજય કરેલો એવા ભડવીર બરવાળાના ઘેલાશા વાણિયાએ પોતાની શૂરવીરતાથી આજુબાજુના ૩૨ ગામ એકઠા કર્યા. જે બરવાળાની બત્રીસી કહેવાતી. તે પણ આ શૂરવીર અને સત્યવાદી પટગીરો સાથે મિત્રાચારી રાખવામાં જ માલ સમજતા. તેથી તેણે પટગીરો સાથે સદા સારા સંબંધો રાખ્યા હતા.

આજે પણ કુંડળગામની સીમ બરવાળાના પાદર સુધી છે. જ્યારે બેલાના ગઢવીએ સહાય કરેલી તેથી દૈવી પુત્રનું અમારે ન લેવાય. એમ સમજી બેલા તરફનો સીમવિસ્તાર કુંડળ સુધી રાખેલો છે. નાજાબાપુના મોટા પુત્ર સામત ઉર્ફે સોમલાબાપુને બે પત્ની હતી. (૧) જસદણના લખાણી સામત ખાચરની પુત્રી વલુબા અને (૨) વાજસુર ખુમાણની દીકરી જાનબા. તેમાં વલુબા થકી રાણીંગ પટગીરનો જન્મ થયો હતો. તેઓ પાછળથી કૃપાનંદસ્વામી બન્યા હતા. અને જાનબા થકી માતરા, માણસિયા આ બે પુત્ર અને હીરબાઈ નામની પુત્રી જન્મી હતી. અને માતરા પટગીરના લગ્ન ગોદડકા ભોકા ખાચરની દીકરી સુમાદેબા સાથે થયા હતા. તે થકી માત્રા પટગીરને મીણબા તથા માલણબા આ બે પુત્રી અને સોમલા પટગીર નામે એક પુત્રનો જન્મ થયો હતો. કાંધાબાપુના લગ્ન જસદણના લખાણી વિકા ખાચરની પુત્રી બાઈબા

સાથે થયા હતા. તેમાંથી તેમને (૧) મૂળુ પટગીર (૨) અમરા પટગીર (૩) દેહા પટગીર (૪) લાખા પટગીર. -- આ ચાર પુત્ર અને હીરબા તથા દેવલબા નામે બે પુત્રીનો જન્મ થયો હતો.

તેમાં મૂળુ પટગીરના લગ્ન ખાંભડાના લખાણી નાગ ખાચરની પુત્રી નાથીબા સાથે થયા હતા. તેમને માત્રા અને આલગ પટગીર નામે બે પુત્ર અને મીણબા નામે એક પુત્રી થઈ હતી. અને અમરા પટગીરના લગ્ન અણિયાળી(કમળાપુર)ના ચેલા ખાચરની બેન સાથે થયા હતા. તેમાંથી તેમને હરસુર પટગીરનો જન્મ થયો હતો. આ સર્વે ભક્ત હતા. જશા પટગીરને બે પુત્ર હતા. નાગદાન અને ભોજા પટગીર. તે બન્ને શૂરવીર હતા. તેમની માટે દોહો લખાયેલો.

દોહા : ખારાજ ખારા પાટમાં, કુંડળ રતન કેવાઈ;
નાગ જસા ભડ નીપજે, અણ કરમે અંકાઈ.

ગોરખા પટગીરને (૧) ઉન્નડ (૨) નાજા (૩) કાંધા આ ત્રણ પુત્ર હતા. કારિયાણીના ગોદડકા વીરા(વસ્તા) ખાચરની પત્નીનું નામ સુમરીબા હતું. તેમને જોઈતા, માણસુર અને માંચા ખાચર; આ ત્રણ પુત્ર અને રાયબામા નામે એક પુત્રી હતા. કુંડળના નાજા પટગીરના પુત્ર મોકા પટગીરના લગ્ન કારિયાણીના રાયબામા સાથે થયા હતા. ગુરુકૃપાથી રાયબામા નિરાવરણ સ્થિતિ પામ્યા હતા. તે મહાભક્ત હતા.

સત્સંગરૂપી કરિયાવર લઈ તેઓ સાસરે આવ્યા હતા. તેમને (૧) હાથિયા (૨) મામૈયા (૩) રામ પટગીર; આ ત્રણ પુત્રો અને સોનબા(સીતબા) નામે એક પુત્રી થઈ હતી. તેમાં હાથિયા પટગીરના લગ્ન ગઢપુરના ગોદડકા એભલ ખાચરની મોટી પુત્રી જીવુબા(મોટીબા) સાથે થયા હતા. મામૈયા પટગીરના લગ્ન ઠેબાણી ખોડા ખાચરની પુત્રી બગીબા સાથે થયા હતા. તેમાંથી તેમને એક પુત્ર થયો હતો. મોકાબાપુ પણ નાની ઉંમરે ધામમાં ગયા હતા. તેથી તેનું નામ મોકા પટગીર રાખ્યું હતું. રામ પટગીરના લગ્ન સારંગપુરના ઉગા ખાચરની દીકરી ગનુબા સાથે થયા હતા. તેમાંથી તેમને (૧) રાવત (૨) એભલ (૩) વિહા(ભોજા) અને (૪) વાસ્કુર; આ ચાર

પુત્રો થયા હતા. વળી, ગીગા પટગીરના પુત્ર સુરગ (મોકા) પટગીરના લગ્ન બોટાદના ગોદડકા ઓઘડ ખાચરની દીકરી રાયબા સાથે થયા હતા. તેમાંથી તેમને એક પુત્ર હાથિયા પટગીર હતો. તેના લગ્ન ગોદડકા હમીર ખાચરની પુત્રી મંગુબા સાથે થયા હતા. અને તેમને હાથિયા પટગીર નામે એક પુત્ર થયો હતો. આ હાથિયા પટગીર પાછળથી સંત થયા. તેમનું નામ નાના નિર્માનાનંદસ્વામી હતું. આ બધાનો ગરાસ એક હતો. તેથી...)

(મૂળગ્રંથ શરું) કોઈ નાના કે કોઈ મોટા, બધા જ દરબારો ગામધણી કહેવાતા. જેટલાને શ્રીહરિના ઉપર પૂજ્યભાવ હતો તે બધા સન્મુખ આવ્યા હતા. ૧૮. તે વખતે સહુએ શ્રીહરિનાં દર્શન કર્યાં. ઘણો જ આનંદ થયો. ગામના દરવાજાની સામે નજીકના ભાગમાં જ દરબાર મામૈયા પટગીરનો સુંદર દરબારગઢ હતો. પ્રથમ શ્રીહરિ ત્યાં ગયા. શ્રીહરિએ પ્રેમથી ત્યાં ઉતારો કર્યો. કારણ કે મામૈયા પટગીર સત્સંગની રીતને સમજતા હતા. ૧૯-૨૦. તેમના ઉગમણા બારના અને ઉત્તરાદા બારના ઓરડા ઘણા સુંદર હતા. તેમાં ઉત્તરાદા બારના ઓરડાઓમાં શ્રીહરિને ઉતારો કરાવ્યો અને ચોપાટમાં બધા સંતોને ઉતારો આપ્યો. ૨૧. શ્રીહરિની સાથે આવેલા બધા સવારો-દરબારો પટગીર દરબારોના ભવનોમાં જુદા જુદા ઊતર્યા. એક સુંદર પલંગ બિછાવ્યો હતો. તેના ઉપર રંગભીના શ્રીહરિ વિરાજમાન થયા. ૨૨.

જ્યારે દીવાનું ટાણું થયું ત્યારે પ્રકટાવેલી બે મશાલો આવી. સંતોની અને દરબારોની એક ભવ્ય સભા થઈ. તેની શોભા અલૌકિક જણાતી હતી. ૨૩. શ્રીહરિએ ઊભા થઈને તે સમયે 'નારાયણ ધૂન' શરૂ કરી ત્યારે સંતો અને દરબારો પણ બધા ઊભા થયા. બધા ધૂન કરવા લાગ્યા. ૨૪. શ્રીહરિ જ્યારે હૃદયમાં અતિશય પ્રેમવિહ્વળ થઈને 'નારાયણ ધૂન' કરતા ત્યારે ચિત્તની વૃત્તિને ભગવાનમાં જોડી દેતા, તેથી શરીરની સૂધબૂધ રહેતી નહિ. ૨૫. શ્રીહરિ સ્વયં પુરુષોત્તમ હોવા છતાં તે પોતાનું ભજન કરતા હતા તે બાબત અત્યંત આશ્ચર્યજનક હતી. કોઈને સમજાતી નહિ, તે જોઈને તો બ્રહ્મા આદિ દેવતાઓ પણ મૂંઝાતા હતા. ૨૬. પુરુષોત્તમ શ્રીહરિ એક જ છે. તેમના સ્વરૂપો અનંત છે. તે એકબીજાનું ધ્યાન ભજન કરે એ અનુપમ મહાન આશ્ચર્ય

ગણાય. તેમાં મોટા મુક્તોને અને સિદ્ધોને પણ મોહ થાય તેવું છે. ૨૭. ભગવાનના એકાંતિક ભક્ત સિવાયના બીજાને તેમાં ગમ પડે નહિ. જે નિપુણ એકાંતિક ભક્ત હોય તે શ્રીહરિની અનાદિકાળની આ રીતને જાણે છે. ૨૮.

ભગવાનની અનાદિની આવી અનંત રીતો છે તે એકાંતિક ભક્તોને બાધ કરતી નથી. ભગવાન જ્યારે મનુષ્યાકારે હોય છે ત્યારે આવી રીતોને વધારે જણાવતા હોય છે. ૨૯. શ્રીહરિ ખાસ કરીને આવા મનુષ્ય ચરિત્ર તો ભક્તોને પોતાનું સુખ આપવા માટે કરતા હોય છે. તેથી ભગવાન જે મનુષ્યભાવ દેખાડે છે તે ભક્તોને બંધન કરનાર થતો નથી. ૩૦.

❋ અલબેલાની અલૌકિક રીતિ :

चोपाई :

ज्युं ज्युं मनुष्य को भाव देखावे, भक्त जन महा आनंद पावे;
मनुष्य भाव देखिके अपारा, भक्तजन जोई होवत प्यारा...३१
सब कारन के कारन होई, मनुष्य भाव जनावत जोई;
सब से अलोकिक बात एहा, भक्त जन जानत हे तेहा...३२
अलोकिक होईके लोकिक भावा, सो अलोकिक महा रहावा;
एहि चरित्र महा आश्चर्य होउ, अलोकीक भाव अनादि सोउ...३३

ભગવાન જેમ જેમ મનુષ્યભાવ દેખાડે છે તેમ તેમ ભક્તજન મહાન આનંદ પામે છે. ભગવાનના અપાર મનુષ્ય ચરિત્રોને દેખીને તો ભક્તજનોને પ્રેમ ઊપજે છે. ૩૧. ભગવાન પુરુષોત્તમ સર્વનું મૂળકારણ હોવા છતાં જે મનુષ્યભાવ જણાવે તે સહુથી અધિક અલૌકિક વાત છે અને ભક્તજન તો તેને સમજતા જ હોય છે. ૩૨.ભગવાન અલૌકિક હોવા છતાં જે લૌકિક ભાવોને દેખાડે છે. તે જ તેમનો સર્વોચ્ચ અલૌકિકભાવ છે તેવા ચરિત્ર ઘણાં આશ્ચર્યકારી હોય છે. ભગવાનનો તેવો અલૌકિકભાવ તો અનાદિકાળનો રહ્યો છે. ૩૩.

શ્રીહરિની લૌકિક કે અલૌકિક સર્વ રીત અલૌકિક રીત જ છે. જે એકાંતિક ભક્ત હોય તેને તે અંગે કોઈ શંકાકુશંકાનું આવરણ થતું નથી. ૩૪. તે માટે આવી શુભ સમજણવાળા એકાંતિક ભક્ત જ અતિ દુર્લભ છે. આત્મનિષ્ઠાવાળા અને ધર્મનિષ્ઠાવાળા તો અનંત હોય, પરંતુ આવી પ્રગટ

શ્રીહરિની અલૌકિક નિષ્ઠાવાળા બહુ જ દુર્લભ હોય છે. ૩૫. મહાપ્રભુ શ્રીહરિકૃષ્ણ તો સ્વતંત્ર છે. સ્વચ્છંદ કહેવાય છે, તેમને બાધ કે અબાધ કંઈ છે નહિ. તેની સર્વે વાત નિર્બાધ છે. ૩૬. **'શ્રીહરિ મનુષ્યરૂપે પ્રકટ થાય છતાં સદાને માટે તેઓ નિર્બાધ જ છે.' આવી જેની સમજણ હોય તેને જ એકાંતિક ભક્ત સમજવો અને આવી સમજણ જો ન હોય તો તેને ક્યારેય ભક્ત ગણવો નહિ. ૩૭. ભગવાન જ્યારે પરોક્ષ હોય છે ત્યારે તો તેમનું ભજન કરનારા ભક્ત અનંત હોય છે. પણ જે પ્રત્યક્ષને માને-ભજે તે જ અક્ષરધામમાં જાય છે.** ૩૮. પ્રગટ ભગવાનની નિષ્ઠારૂપ ધર્મ ત્યાં જ હોય છે કે જ્યાં પ્રત્યક્ષ હરિ રહ્યા હોય છે. પ્રત્યક્ષ શ્રીહરિના ભજન વિના ભક્ત થાય તોપણ ક્યારેય મોક્ષ થાતો નથી. ૩૯.

શ્રીહરિ જ્યારે 'નારાયણ ધૂન' કરી રહ્યા ત્યારે સહુ સંતો મળીને શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા, "હે શ્રીહરિ, આપ સમગ્ર જગતના આધાર છો, આપના સિવાય તો બધું જગત (અજ્ઞાનના) અપાર અંધારાથી ભર્યું છે. ૪૦. જે મનુષ્યને જેવી રુચિ હોય, તે પ્રમાણે તે દેવને અને ગુરુને સેવે-ભજે છે. જેને ધર્મ આચરણમાં લાગણી-પ્રેમ હોય તેને જ ધર્મ રુચે છે. ધર્મમાં રુચિવાળાને જે અધર્મ કરવો તે દિલમાં ખૂંચે છે-કઠે છે. ૪૧. જેને અધર્મના આચરણમાં આકર્ષણ હોય તેને અધર્મનો માર્ગ રુચે છે. અધર્મના માર્ગમાં રુચિ રાખીને જે અધર્મ કરે છે તેનું ફળ તો ઘોર નરકની પ્રાપ્તિ છે. જેઓ અધર્મનું આચરણ કરે છે તેઓ ભગવાનના ચોર બને છે. ૪૨.જ્યારે મનુષ્ય ભગવાનનો ચોર થાય ત્યારે સંતો તેમની સામે દેખતા નથી. જીવનો મોક્ષ કરવાને માટે જ આપે આવું સુંદર મનુષ્ય શરીર ધારણ કર્યું છે. ૪૩.

चोपाई :

मनुष्याकार तुमारो जेहा, जिय के मोक्ष को फल हे तेहा;
प्रत्यक्ष तुम हि मिले जाही, एसे संत जन जो रहाही...४४
एहि दो हे मोक्ष के द्वारा, तेहि बिन भव को आवे न पारा;
जेहि पर क्रपा होय तुमारी, तिनकी सन्मति होवे सारी...४५

આપનું જે આવા મનુષ્યરૂપે પ્રકટ થવું તે જીવને મોક્ષરૂપ ફળ આપવા

માટે છે. જેને આપ પ્રત્યક્ષ સ્વરૂપે મળ્યા છો અને જેને આવા સંતો મળ્યા છે. (તે જીવો જ ભાગ્યશાળી છે.) ૪૪. આપનું પ્રકટ સ્વરૂપ અને સંતો એ બે જ મોક્ષના દ્વાર છે. તેના વિના જીવને સંસારનો પાર આવવાનો નથી. જેના ઉપર આપની કૃપા થાય તેની બુદ્ધિ સારી-શુદ્ધ થાય છે. ૪૫.

જ્યારે બુદ્ધિ શુદ્ધ હોય ત્યારે સચ્છાસ્ત્ર સાંભળવામાં રુચિ ઊપજે. સચ્છાસ્ત્ર સાંભળવાથી તુરંત જ અંતઃકરણ નિર્મળ-ઉજ્જવળ થાય છે. ૪૬. અંતઃકરણ ઉજ્જવળ થાય છે ત્યારે સંત અને અસંતને ઓળખી શકાય છે. ધર્મ અને અધર્મનો પરિચય થાય છે અને સત્યમાર્ગનું જ્ઞાન થાય છે. ૪૭. જ્યારે સન્માર્ગ દેખાય ત્યારે તેમાં આગળ વધી શકાય છે. જ્યારે જીવ સન્માર્ગમાં આગળ વધે ત્યારે જે નિર્ભયપદ-મોક્ષપદ કહેવાય છે તેને તે તુરંત પામે છે. ૪૮. જ્યારે સહુ સંતો સ્તુતિ કરી રહ્યા ત્યારે સહુ સંતો-ભક્તોએ સર્વને 'જય સ્વામિનારાયણ' કહ્યા. ૪૯. સંતો અને હરિભક્તો સહુએ પરસ્પર 'જય નારાયણ ' કહ્યા. શ્રીહરિના આશ્રિતોને પરસ્પર ઘણું જ હેત છે અને સહુ એકમનના છે. ૫૦. મુક્તાનંદ વર્ણી રસોઈ તૈયાર કરીને તે સમયે ત્યાં આવ્યા. ત્યારે તેમને દેખીને સહજાનંદસ્વામી શ્રીહરિ તરત જ થાળ જમવા ઊઠ્યા. ૫૧. તે સમયે જે વસ્ત્ર પહેરેલા હતા તેને ઉતારી નાખ્યા. એક પીતાંબર પહેર્યું અને એક શાલ ઓઢી લીધી. ૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શ્રીહરિ કુંડળ પધાર્યા. લૌકિક ચરિત્રોમાં અલૌકિકતા કહી અને શ્રીહરિ વાળુ કરવા પધાર્યા' એ નામે એકત્રીસમો તરંગ સમાપ્ત ॥૩૧॥



પૂર ચોથું : તરંગ - ૩૨

પરજ રાગના કીર્તન સાંભળીને કાઠીઓએ નિયમ લીધા અને શ્રીહરિએ સંતોને દ્રઢતાનો પ્રશ્ન કર્યો

શ્રીહરિની મૂર્તિ અત્યંત મનોહર છે, ભક્તોની મનોકામનાઓને પૂર્ણ કરે છે, શ્રીઘનશ્યામ ચરણોમાં ચાખડીઓ પહેરીને વાળુ કરવા ચાલ્યા. ૧.

વર્ણીએ ગરમ પાણીથી ચરણ ધોવડાવ્યા. અત્યંત સોહામણા શ્રીહરિ પછી એક સુંદર બાજોઠ ઉપર આવીને બેઠા. ૨. બિરંજ, પુરી અને ભજિયાં વગેરે વિવિધ પ્રકારના બધાં ભોજનોને થાળમાં ભરી ભરીને વર્ણી લાવ્યા. ૩. શ્રીહરિ પહેલા બિરંજને પ્રેમથી જમ્યા. પછી પૂરી, ભજિયાં અને રીંગણાનું શાક જમ્યા. ૪. ત્યારબાદ સાકર, દૂધ અને ભાત જમ્યા. જ્યારે જમીને તૃપ્ત થયા ત્યારે ચળું કર્યું. ૫. રૂમાલથી બંને હાથ લૂછ્યા પછી મુખવાસ લીધો. 'રાઈબા'ના પુત્ર મામૈયા પટગીરને એક થાળ ભરીને પ્રસાદી અપાવી. ૬. દરબાર માંચા ખાચર, અલૈયા ખાચર, સુરા ખાચર, સોમલા ખાચર અને માત્રા ખાચર આદિ બધા નિષ્કામભક્ત દરબારોને એક થાળ અપાવ્યો અને એક થાળ સંતોને અપાવ્યો. ૭.

શ્રીહરિ જ્યારે સભામાં પધાર્યા ત્યારે બધા સંતો હરખભેર ઊભા થઈ ગયા. જ્યારે શ્રીહરિ પલંગ ઉપર બેઠા ત્યારે સહુ સંતો પણ બેસી ગયા. ૮. પછી શ્રીહરિએ બ્રહ્માનંદસ્વામીને કીર્તન ગાવા માટે સાન કરીને કહ્યું, જે પરજ રાગના પદ કહેવાય છે તે આજ તમે બોલો. ૯. શ્રીહરિએ જ્યારે આવી આજ્ઞા કરી ત્યારે ઘણા જ કાવ્યનિપુણ અને ગાયક બ્રહ્માનંદસ્વામીએ કીર્તનની શરૂઆત કરી. તેમની જ જાતિના એક ગોપાલાનંદસ્વામી નામે સાધુ હતા, જે તેમની જ સાથે રહેતા હતા. ૧૦. પરજ રાગના જેટલા પદ કહેવાય તે બધા તેમને કંઠસ્થ હતા. તેમનો કંઠ પણ બ્રહ્માનંદસ્વામીના જેવો જ હતો. એટલે બંને સાથે પરજના કીર્તન ગાવા લાગ્યા. ૧૧. શરણાઈના સ્વરના જેવો બંનેનો મધુરસ્વર ઘણો શોભતો હતો. પરજ રાગને કાને સાંભળીને બધા કાઠી દરબારો તેમની ઘણી પ્રશંસા કરવા લાગ્યા. ૧૨.

કુંડળ ગામના જેટલા પટગીર અટકના કાઠી હતા તે બધા ત્યાં આવી ગયા હતા. કોઈ ઘેર રહ્યા ન હતા. ૧૩. પરજ રાગને બહુ ભાતથી એ સંતો ગાવા લાગ્યા ત્યારે તેને સાંભળીને બધા લોકોને ઘણું જ આશ્ચર્ય થયું. ૧૪. ગામના બધા જ લોકો પ્રસન્ન મનથી શ્રીહરિ પાસે એમ કહેવા લાગ્યા કે આપ ચોક્કસ કોઈ પરમેશ્વરનો અવતાર છો. ૧૫.

તે સિવાય આવી રીત હોય નહિ. અમે તો આવું પહેલીવાર જ જોયું છે. દુનિયામાં લોકો અનંત રાગોને ગાય છે. પણ તેમાં આટલી પ્રસન્નતા-પ્રીતિ કોઈને થાતી નથી. ૧૬.

આ સંતોની રીત-ભાત જોઈને અમારાં મનમાં ખૂબ જ ખુશી-પ્રસન્નતા થઈ આવે છે. આવા સંતો દુનિયામાં ક્યાંય નથી. ખાખી-ભેખધારી (શરીર ઉપર રાખ ચોળનારા) તો ઘણા આવે છે. ૧૭. ઘણા દિગંબર ફરે છે. તે કોઈને ભગવાનનાં ચરણમાં પ્રેમ હોતો નથી. દિવસમાં ત્રણ વખત 'રોટી' ખાતા હોય છે. ખાવાનું ન મળે ત્યારે ઉપવાસ કરે છે. ૧૮. ત્રણવાર મળે ત્યારે ત્રણવાર ખાય અને તેટલા માટે જ લાલજીની મૂર્તિ રાખતા હોય છે. ગાંજો અને મફર (મુફર્રહ(અરબી) એ નામની એક કેફી ચીજ) વિના તો એક પળમાત્ર રહી શકે નહિ. આખો દિવસ વ્યસનોમાં જ ગુમાવતા હોય છે. ૧૯. ધનને મેળવવા માટે કપડાંને પણ તજી દે. ધન મળતું હોય તો તેને ક્યારેય જવા ન દે, ખૂબ જ કાળજી રાખીને ધનને ગુહ્ય અંગોના સ્થાનોમાં સંતાડે. ૨૦. કોઈક તો ધનને જટામાં છુપાવી દેતા હોય છે. કોઈ રાખમાં સંતાડે તો કોઈ કૌપીનના આડબંધમાં સંઘરી રાખે, કોઈ ધોતીમાં ગુપ્ત રાખે. ૨૧. ગાંજો પીવાના આશયથી ઝાઝું ધન એકઠું કરતા રહે છે અને જ્યારે વધારે ધન ભેળું થઈ જાય ત્યારે કોઈ સારી જગ્યા (આશ્રમ-સ્થાન) બાંધે છે. ૨૨.

કોઈ નદીનો કિનારો, પનઘટ (સ્ત્રીઓને પાણી ભરવા જવા આવવાનો માર્ગ-પાણી ભરવાનો ઘાટ) અને સરોવરની સારી એવી જગ્યા જોઈને ત્યાં માળા ફેરવવા બેસે. કોઈ ભાવનાશીલ સ્ત્રી આવે તો માળાને મૂકી દે અને એની સાથે મલિનતાનો તાલ મેળાવે. ૨૩. પછી ભેખધારી તે સ્ત્રીઓને આવી વાત કરે કે "અત્યાર સુધીમાં તો હું ઘણા મોટા મોટા તીર્થોની યાત્રા કરી આવ્યો છું. હવે હું ચાલી ફરી શકતો નથી. તમારે આધારે આવીને અહીં બેઠો છું. હવે મારાથી ચલાતું નથી. ૨૪. સ્ત્રીઓના દિલમાં દયા બહુ હોય છે. આવું વિચારીને હું અહીંયાં રહ્યો છું. ૨૫. હું જડી-બુટ્ટી બાબતમાં બહુ અનુભવ ધરાવું છું. તેનાથી જે ચાહે તેને પુત્ર થઈ શકે છે. આવી બધી બાબતોને હું જાણું છું. તમે કોઈને કહેશો નહિ. ૨૬. આજ સુધી મેં આ

વાત કોઈને કહી નથી. તમને સારા માણસ સમજીને કહી છે. દુનિયામાં બધી જાતના માણસો એવા છે કે તે કોઈ સત્પુરુષને ઓળખી શકતા નથી. ૨૭.

ભાવના વિના ભક્તિ ન હોઈ શકે અને ભક્તિ વિના મોક્ષ ન હોઈ શકે. એટલા માટે ભાવના રાખવી જોઈએ. કારણ કે ભાવનામાં જ મનના સંકલ્પોની બધી જ સિદ્ધિઓ રહે છે." આવી વાતો તે ભેખધારીઓ લોકોને કરતા હોય છે. ૨૮. આ જગતમાં જેટલા ભેખધારીઓ છે તે બધા ધન અને સ્ત્રીના યારી છે. ચારે ધામોમાં જે કોઈ સાધુ કહેવાય છે તે બધા ધન અને સ્ત્રીની વાસના તળે દબાયેલા છે. ૨૯. ચાર સંપ્રદાય અને બાવન દ્વારા એમાં ઘણા ધન અને સ્ત્રીમાં બૂડેલા છે. જગતમાં કહેવાતા ધર્માચાર્યો પણ ધર્મ તજી દઈને વિપરિત કર્મોને કરે છે. ૩૦. આપથી કોઈ શ્રેષ્ઠ આચાર્ય નથી અમે મનમાં એવું જાણીએ છીએ કે આપ કોઈ અવતારી પુરુષ છો. અમારી કાઠીની નાત મહાલુંટારું જાતિ કહેવાય. ૩૧. અમે કોઈ રાજાને પણ તાબે ન થઈએ. કોઈને મારતા અમે કોઈની વાટ ન જોઈએ, અમે અપાર લોકોને મારી નાખ્યા હશે. તેનો ગણતા પાર આવે તેમ નથી. ૩૨. આપને દેખ્યા પછી અમારું મન એવું થયું છે કે હવે પછી આપ જેમ કહો તેમ અમે કરીએ. અત્યાર સુધી અમે બહુ લૂંટફાટ કરી છે, છતાં અમારી ભૂખ ભાંગી નથી. ૩૩. **આપનાં વચનથી અમે નિયમો રાખશું-પાળશું. કોઈ વાતે અમે ખામી રહેવા દેશું નહિ. તેનાથી અમારો આ લોક અને પરલોક સુધરી જાય.** ૩૪.

ત્યારે શ્રીહરિ બોલ્યા, "તમે બધા કાઠી દરબારો સાંભળો. અમારા આપેલા નિયમોને જો તમે પાળશો તો અન્ન-વસ્ત્રે કરીને દુઃખી નહિ થાઓ." ૩૫. ત્યારે તે સહુએ પ્રેમથી બધા નિયમ લીધા. જેટલી અનીતિ કહેવાય તે બધું છોડી દીધું. પણ હુક્કો અને અફીણને ચાલુ રાખ્યા. તેમણે કહ્યું કે, "અમે ધીરે ધીરે આગળ વધશું." એમ દરબારોએ કહ્યું. ૩૬. પછી દારૂ, માંસ, ચોરી અને વ્યભિચારને બિલકુલ તજી દીધાં. દૂધ અને પાણીને પણ ગાળીને પીવાનું નિયમ રાખ્યું. ૩૭. 'સ્વામિનારાયણ' નામની દસ માળા મનને એકાગ્ર રાખીને ફેરવવી. અને તે વખતે કાંઈ બોલવું નહિ. ૩૮. ઉપર કહ્યા તેટલા નિયમ લઈને સહુ શ્રીહરિના ચરણોમાં પડ્યા. પછી જ્યારે અરધી

રાત ગઈ ત્યારે બધા ત્યાંથી ઊઠ્યા. ૩૯. જ્યારે શ્રીહરિ પોઢ્યા ત્યારે બધા સંતો પોતાને ઉતારે-આસને ગયા. બધાએ સિદ્ધાસન કરીને મનની વૃત્તિને ધ્યાનમાં સ્થિર કરી. ૪૦.

જ્યારે સવાર થવા આવ્યું ત્યારે બધા સંતો ધ્યાનમાંથી ઊઠ્યા. ઊંચે સ્વરે 'નારાયણ ધૂન' બોલવા લાગ્યા. એટલે તે સમયે શ્રીહરિ જાગ્યા. ૪૧. પહેલા શૌચવિધિ કરવા ગયા. પછી હાથ ધોઈને દાંતણ કર્યું. સંતોએ ભૈરવ રાગના કીર્તન ગાવા શરૂ કર્યા. ત્યારે શ્રીહરિ ચુપચાપ આવીને છાની રીતે ત્યાં બેસી ગયા. ૪૨. સૂર્યોદય થયો ત્યારે સૌને ખબર પડી કે 'શ્રીહરિ છાની રીતે આવીને કીર્તન સાંભળે છે.' પછી સુંદર ગાદી બિછાવી દીધી તેના ઉપર આવીને શ્રીહરિ સંતોની વચ્ચે બેઠા. ૪૩. સંતોની સાથે વાતો કરવા લાગ્યા. વાતોમાં અતિશય કરુણારસ વરસાવતા હતા. શ્રીહરિને સંતોના ઉપર અપાર હેત હતું, તેથી અમૃતમય વચનોની ધાર કરતા હતા. ૪૪.

શ્રીહરિએ સંતોને કહ્યું, પહેલાના સમયમાં સંતો અને હરિભક્તો ઘણા જ સમર્થ થઈ ગયા. તેમને ઘણું જ દુઃખ પડ્યું પણ અકળાયા વિના તેમણે બધું જ સહન કર્યું. ૪૫. તે સંતો અને હરિભક્તોની કેવી સમજણ હશે કે જેમ જેમ વધારે દુઃખ પડ્યું, તેમ તેમ વધારે સહન કરતા ગયા, તે અંગે તમે શું સમજો છો ? તેનો જવાબ એક પછી એક, એમ બધા બોલો. ૪૬. ગમે તેવા દેશકાળ આવે છતાં જે ભક્તોની સમજણમાં કાંઈ ફેર પડે નહિ, જેમ જેમ અધિક કષ્ટ આવે તેમ તેમ અધિક દૃઢતાથી તે સમયે બધું સહન કરે, ૪૭. વધુ પડતા કષ્ટમાં પણ જે પાછી પાની કરે નહિ, તેમની એ કેવી સમજણ હશે કે તેઓ અધિક દૃઢ રહી શકે છે ? વગર સમજણે કાંઈ નિર્ધાર-નક્કી થાય નહિ. માટે તેનો ઉત્તર વિચાર કરીને આપો. ૪૮.

વિચાર્યા વિના બોલવું નહિ, શી ખબર કે તેમાં શું હોય ? પોતાની દૃઢતા તપાસીને વિચાર કર્યા પછી બોલો. ૪૯. અત્યારે રોજ શીરો, પુરી અને દૂધપાક વગેરે જમવામાં હોય છે પણ ક્યારેક 'ખટ્રસ' ખાવા ન મળે એવો કાળ પણ આવે. ૫૦. અત્યારે મન ફાવતી ધોતી અને પોથી વગેરે સહુ રાખો છો પણ જો તે બધું છોડવું પડે તો મનની સ્થિતિ કેવી થાય ? ૫૧.

તમે બધા "હરિ વિનાનું સર્વે હરામ છે" એમ વારંવાર ગાઓ છો. પણ પ્રસંગ આવ્યા સિવાય દૃઢતાની ખબર કેમ પડે ? ૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'પરજ રાગના કીર્તન સાંભળીને કાઠીઓએ નિયમ લીધા અને શ્રીહરિએ સંતોને પ્રશ્ન કર્યો' એ નામે બત્રીસમો તરંગ સમાપ્ત ॥૩૨॥



પૂર ચોથું : તરંગ - ૩૩

અનેક જીવોનો ઉદ્ધાર કરવાનો પોતાનો પ્રબળ સંકલ્પ કહીને શ્રીહરિ નદીએ નાહવા પધાર્યા

શ્રીહરિ બોલ્યા, તમે બધા મોટા સદ્‌ગુરુઓ છો, માટે મનમાં દૃઢ વિચાર કરીને એક એક જણ અનુક્રમે બોલો. ૧. પ્રશ્ન અને ઉત્તર કર્યા સિવાય જ્ઞાન વધતું નથી અને જ્ઞાન વધ્યા વિના યથાર્થ ઉત્તર કહી શકાતો નથી. ૨. જેમ શેરડીના ખેતરમાં પહેલા ઘાસ બહુ થાય, જ્યારે ઘાસ કાઢી નાખવામાં આવે ત્યારે શેરડીનો સાંઠો વધવા લાગે છે. ૩. શેરડીને કોલુમાં પીલ્યા સિવાય તેમાંથી રસ નીકળતો નથી. રસ થયા પછી તેમાંથી ખાંડ, સાકર અને ગોળ એ ત્રણે બને છે. (તેમ પ્રશ્નોત્તર છે તે કોલુ કહેવાય) ૪.

અમે ચારે ધામને નિહાળ્યા છે. પણ તમે બધા સંતો ઘણા સમર્થ છો. લોકોનો ઉદ્ધાર કરવા તમે અવતર્યા છો. દેહના સંબંધીનો સંબંધ તો તમે દૂર જ તજી દીધો છે. ૫. શુક અને સનકાદિક જેવા સમર્થ સિવાય આમ બને નહિ. તમે તે જ છો એમ હું જાણું છું. તેમના વિના આવો જોગ કોઈને થાય નહિ. ૬. જેટલા મોટા મોટા મુનિઓ કહેવાય છે તે બધા અત્યારે સત્સંગમાં આવી રહ્યા છે. અત્યારે ભગવાનની ઈચ્છા એવી થઈ છે કે, બધાને પોતાના કરવા. ૭. આ દેહ અંત્યે બાળતા રાખ થઈ જાય, તેને દાટી દે તો તેની માટી થઈ જાય અને તેને પશુપક્ષી ખાઈ જાય તો તેની વિષ્ઠા થઈ જાય. એ વાત નિશ્ચિત છે કે શરીરનું પરિણામ એ ત્રણમાંથી કોઈ એક થશે. ૮.

✵ નિયમરૂપી કોટમાં રહે તો અક્ષરધામ મળે :

चोपाई :

इनकुं नहिं कोउ मेटन हारा, इनको नित्य हि करना बिचारा;
जिय बिन देहमें सार न कोई, तिनकी जत्न किये कहाँ होई...०९

यह वस्तु विचार कहावे, बिचार बिन निर्बलता पावे;
देह इंद्रि कुसंग हे अपारा, बडे मुक्तकुं करत हे ख्वारा...१०

એ ત્રણને કોઈ ટાળી શકતું નથી. આ વાતનો નિત્ય વિચાર કરવો જોઈએ. જીવ વિનાના શરીરમાં કોઈ સાર નથી. તેનું જતન કરવાથી શું ફાયદો થવાનો ? ૯. આને વસ્તુવિચાર કહેવાય છે તે વિચાર કર્યા વિના તો ધર્મમાર્ગમાં નિર્બળતા આવે છે. આ શરીર અને ઈન્દ્રિયો જ મોટો કુસંગ છે. તે મોટા મોટા મુક્તોને પણ ખુવાર કરે છે. ૧૦.

चोपाई :

तुमारो तुम हम हित बिचारी, नियम रूप कोट महाभारी;
बनाई दीनो वज्र हि सारा, निर्भे रूप अपरमपारा...११

एहि कोट सम कोट न कोहु, पताल मूल ताके हे जोहु;
उँचे अक्षरधाम लगाया, काल कर्म जोई दूर रहाया...१२

તમારું સહુનું હિત વિચારીને જ મેં તમારે માટે નિયમરૂપ મોટો કોટ બનાવી દીધો છે. તે કોટ વજ્રસાર જેવો દૃઢ છે અને અત્યંત નિર્ભય છે. ૧૧. એ કોટના જેવો બીજો કોઈ કોટ નથી. તેના મૂળ પાતાળ સુધી છે અને અક્ષરધામ સુધી ઊંચો છે. તેને દેખીને કાળ અને કર્મો દૂર જ રહે છે. ૧૨.

આ કોટને લીધે હવે બહારના કુસંગી માત્રનો લવલેશ પણ ભય રહ્યો નથી. હવે તો જીવની સાથે દેહરૂપ કુસંગ રહ્યો છે, માટે તેનાથી બચવા માટે હંમેશાં સાવધાન રહેવાની જરૂર છે. ૧૩. વિચાર (સમજણ) અને નિયમ એ બે કોટ છે. તેમાં સાવધાન થઈને રહેવું. હે મારા પ્રિય મુનિઓ ! એ બે કોટના આશ્રય વિના તમને ક્યારેક વિઘ્ન આવી શકે છે. ૧૪. **હે સંતો ! તમારી રક્ષાને માટે તો હું રાત દિવસ વિચાર (ચિંતા) કરતો રહું છું. સત્સંગી તો મારા મિત્ર છે. એક મિત્ર બીજા મિત્રનું હિત કરે જ છે. ૧૫. મોક્ષને**

માર્ગે જેટલા વિઘ્ન હોય તે બધાને હું રાતદિન જોયા જ કરું છું. હરિભક્તો ઉપર મને અપાર પ્યાર છે એટલે તેમને હું પોતાના જાણીને સાચવું છું. ૧૬.

મારું એકનું હેત વિચારીને અનંત નરનારીઓ સત્સંગી થયા છે મને નિશ્ચિત રૂપમાં ભગવાન માનીને તેઓ જગતના અપમાનોને સહન કરે છે. ૧૭. જે મારો ભક્ત થાય છે તેને કોઈ માન આપતું નથી. માતા, પિતા, બંધુ, પુત્ર અને સ્ત્રી સુદ્ધાં મારા ભક્ત સાથે કોઈ હેત રાખતા નથી. ૧૮. બીજાની વાત તો દૂર રહી; જે પોતાનો કુટુંબી સગો કે સંબંધી હોય તેપણ જે મારો ભક્ત થાય તેને શત્રુના સમાન ગણે છે. ૧૯. ચારે વર્ણના જે કુસંગી લોકો છે, તેમાં ધર્મ તો એક લેશમાત્ર પણ હોતો નથી, તેથી તેઓ મારા ભક્તોની સાથે દ્વેષ રાખે છે. ૨૦. જ્યારે માણસ હરિભક્ત થાય છે ત્યારે તે પાપોથી રહિત થઈ જાય છે, તેને દેખીને પાપી મનુષ્ય તેનાથી ભય પામીને થરથર ધ્રૂજવા લાગે છે. ૨૧. હરિભક્તોએ જે પાપોને છોડી દીધાં હોય છે તે પાપ મૂર્તિમાન થઈને અન્ય માણસમાં પ્રવેશ કરીને બોલે છે. અનંત કાળથી ધર્મ અને અધર્મને મહા બળવાન સદાયનું વેર રહ્યું છે. ચોરને અને શાહુકારને ક્યારેય મિત્રતા હોય નહિ. પતિવ્રતાનારીને અને વેશ્યાને હેત હોય નહિ. આવી તો અનંત વાતો કહી છે. ૨૨-૨૩.

હરિભક્તને કુસંગીની સાથે જો હેત થાય તો તે ભક્તનો સત્સંગ ટકી શકે નહિ એ અમે નક્કી વિચારી રાખ્યું છે. ભક્ત અને અભક્તને જ્યારે પરસ્પર હેત થાય ત્યારે નિશ્ચય ભક્તજનનો સત્સંગ ખોવાઈ જાય અર્થાત્ સત્સંગનો નાશ થઈ જાય છે. ૨૪. શુભ ગુણ અને અશુભ દોષ, બંને મળીને એક થઈ જાય તો તેના સ્વરૂપના વિવેકજ્ઞાન વિના આ શુભ છે અને આ અશુભ છે એવી ખબર ક્યાંથી પડે ? ૨૫. રાતમાં અને દિવસમાં ઘણો જ તફાવત હોય છે અને તેને લીધે જ "રાત અને દિવસ" એમ બે કહેવાય છે. જો બંને મળીને એક જ થઈ જતા હોય તો તેને 'બે' છે એમ કઈ રીતે કહેવાય ? ૨૬. જ્યાં સુધી જીવના ઉપર કર્મોનું અને અજ્ઞાનનાં અંધારાનું આવરણ રહ્યું હોય છે ત્યાં સુધી જીવે બધી જ બાબતમાં તે આવરણનો અપાર ભય રાખવો. ૨૭. **જે અંતરદ્રષ્ટિએ વિચાર કરીને જ્યારે નિરાવરણ થાય છે**

ત્યારે તે સુખિયો થાય છે. તે વિના દુઃખનો અંત આવતો નથી. ૨૮. જીવને અનુભવાતું સુખ અને દુઃખ એ બંને અવ્યક્ત-અસ્પષ્ટ છે. તેને અંતરદ્રષ્ટિ કરીને તપાસવું જોઈએ. જે અંતરદ્રષ્ટિએ કરીને નિરાવરણ થઈ જાય છે તે જ સહજ રીતે અંતરમાં તેને દેખી-અનુભવી શકે છે. ૨૯.

જેની દૃષ્ટિ નિરાવરણ થઈ હોય તેનો નિત્ય સમાગમ કરવો જોઈએ. અભણ મનુષ્ય શિક્ષિતના સંપર્કમાં રહે તો તેને પણ તરત વાંચતા લખતા આવડી જાય છે. ૩૦. જેને પાણીમાં તરતા આવડતું ન હોય, તે જો પાણીમાં તરનારાના યોગમાં રહે તો તે તરતા શીખી જાય છે અને પાણીમાં તરવા લાગે છે. જે કોઈ પણ વિદ્યા કહેવાય છે અને જેટલી કહેવાય છે તે શીખ્યા વિના આવડતી નથી. ૩૧. ઉપર કહી લૌકિક રીત છે તેના જેવી જ અલૌકિક રીત પણ છે. વગર શીખે એકપણ રીત આવડતી નથી. બ્રહ્મવિદ્યાને મહાવિદ્યા કહેવાય છે. તે સહુથી પર શ્રેષ્ઠ વિદ્યા છે. ૩૨.

चोपाई :

मेरि कृपा करि अब वारा, आवत में न लग हि वारा;
में संकल्प एसे अब धारा, तेहिकर होवे माया पारा...३३
संकल्प मेरो दृढ हे नावा, इनसे जन मात्र तरि जावा;
मिथ्या होवे न संकल्प मेरो, सत्य कहत हुँ अब हि वेरो...३४

આ વખતે મારી કૃપાથી બ્રહ્મવિદ્યા શીખવામાં વાર લાગતી નથી. અત્યારે મેં એવો દૃઢ સંકલ્પ કર્યો છે, તેનાથી માયાની પાર નીકળી શકાય છે. ૩૩. મારો સંકલ્પ જીવને માટે નૌકારૂપ છે, તેનાથી મનુષ્યમાત્ર સંસાર સાગરને તરી જશે. હું આજે સત્ય કહી રહ્યો છું કે મારો સંકલ્પ ખોટો નહિ થાય. ૩૪.

ચારે વર્ણના કહેવાતા જે જે લોકો મારા આશ્રિત થયા છે અને તે સિવાયના બીજા લોકો પણ જે મારા આશ્રિત થયા છે તે સહુનો મોક્ષ આ સમયે મેં કરી દીધો છે. ૩૫. જીવપ્રાણીમાત્ર મારા છે. પરંતુ તેમાં મને મારા આશ્રિતોના ઉપર હેત ઘણું રહ્યું છે, ને અનાદિકાળથી મારા ભક્તોના તરફી

મારા વલણનો વિવેક રહ્યો છે. તેને દેખીને આસુરી લોકો વિવાદ ખડો કરે છે. ૩૬. ઈશ્વર સમાન દષ્ટિવાળા હોવા છતાં જે ખેડૂત જેવી ખેતી કરે છે તેને તેવું ઉત્પાદન આપે છે, પણ ખેતીમાં મહેનત કર્યા વગર દેતા નથી. આ મારું હેત જ સમદષ્ટિવાળું હેત કહેવાય છે. ૩૭.

અનેકવાર બ્રહ્માંડો થયા છે પણ એ એક આશ્ચર્યકારી બાબત રહી છે કે જે જાતિનું કારણ હોય તે જાતિનું જ કાર્ય ઊપજે છે. સજાતિરૂપ કાર્ય વિજાતિ રૂપ કારણમાંથી ઉત્પન્ન થતું નથી. ૩૮. પરમેશ્વરની એક મહા બળવાન નિયમનશક્તિ કહેવાય છે. તેના દ્વારા બધું એક સરખા નિયમમાં રાખવામાં આવ્યું છે. તેને કોઈ લોપી શકતું જ નથી. ૩૯. તેને જે લોપે છે તે પોતે જ લોપાય જાય છે. તેનો નાશ થતા કાંઈ વાર લાગતી નથી. પછી ભલેને તે ગમે તેટલો મોટો રાજા હોય ! એક માત્ર ઈશ્વરનું કહ્યું થાય છે. ૪૦. પરમેશ્વરની ઇચ્છાને જોઈ વિચારીને કાર્ય કરવું જોઈએ. અને તેમાં જ અપાર સુખ રહ્યું છે. તમે બધા સંતો તે બાબતને જાણો જ છો. ૪૧.

પછી શ્રીહરિએ સહુને કહ્યું, તમે બધા ચાલો, આપણે નાહવા જઈએ. તે સાંભળીને સંતો સહુ રાજી થયા અને ઊભા થયા. શ્રીહરિ જ્યારે ચાલ્યા ત્યારે ચરણોમાં ચાખડીઓ ધારી હતી. ૪૨.

⁕ મૂર્તિ વર્ણન :

તે વખતે શ્રીહરિએ રેશમી કોરનું ધોતિયું પહેર્યું હતું. સોનેરી કોરવાળો લાલ કસુંબલ રેટો મસ્તક ઉપર બાંધ્યો હતો. પરમ નિપુણતાથી જરિયાની શાલ ઓઢી હતી. મોતી જડિત સોનેરી છડી હાથમાં લીધી હતી. ૪૩-૪૪ ધર્મના લાલ શ્રીહરિએ એક હાથમાં રેશમી કોરનો રૂમાલ લીધો હતો. ચરણોમાં સોનાના ઝાંઝર પહેર્યા હતા. ચાલતી વેળાએ ઘૂઘરીઓ ઘમકતી હતી. બે સેરવાળી મોતીની માળા સુંદર કંઠમાં ધારી હતી. મતવાલા શ્રીહરિએ બંને હાથના કાંડામાં સોનાના કડાં પહેર્યા હતા અને સોનાની પહોંચીઓ પણ પહેરી હતી. ૪૫-૪૬. બંને ભુજાઓ ઉપર નંગજડિત બે બાજુબંધ બાંધ્યા હતા. હાથની બધી જ આંગળીઓમાં સોનાની વીંટીઓ ઘણી જ શોભતી હતી. ૪૭.

જરિયાની છત્ર મસ્તકે વિરાજતું હતુ અને છત્ર ઉપર સોનાનો કળશ સોહામણો લાગતો હતો. શ્રીહરિના કાનોમાં શોભતા કુંડળ દેવતાઓના, મનુષ્યોના અને ઋષિમુનિઓના મનને લલચાવતા હતા. ૪૮. ધર્મકુમાર શ્રીહરિ રાજમાર્ગ (બજાર)માં ચાલ્યા. હાથમાં સોનાની છડી લઈને ચોપદાર છડી પોકારતો હતો. જેમના હૃદયમાં અપાર પ્રેમ ભર્યો છે એવા સંતો કીર્તન ગાતા હતા અને સુર, નર અને મુનિઓના સિરદાર શ્રીહરિ સહુની આગળ ચાલતા હતા. ૪૯-૫૦. શ્રીહરિ નદીને દેખીને ખૂબ જ ખુશ થયા. નદીમાં પાણી નિર્મળ, સ્વચ્છ અને કાચના જેવું ઊજળું હતું. ૫૧. શ્રીહરિએ બદલેલા વસ્ત્ર કિનારે મૂક્યા. નટવરના જેવો સુંદર વેશ હતો અને બાળ હાથીના જેવા શોભતા હતા. ૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'અનંત જીવોનો ઉદ્ધાર કરવાનો પોતાનો પ્રબળ સંકલ્પ કહ્યો અને નદીએ નાહવા પધાર્યા' એ નામે તેત્રીસમો તરંગ સમાપ્ત ॥૩૩॥



પૂર ચોથું : તરંગ - ૩૪

શ્રીહરિ નદીમાં સ્નાન કરીને અમરા પટગીરને ઘેર પધાર્યા, થાળ જમ્યા અને તેમણે પૂજા કરી

શ્રીહરિ સ્નાન કરવા જળમાં ઊતર્યા. તારામંડળમાં ચંદ્રમા શોભે તેમ સંતોના મંડળની વચ્ચે શ્રીહરિ અતિશય સોહામણા લાગતા હતા. ૧. નાથજીભક્ત અને ઉમાભાઈ એ બે હરિભક્તો ખૂબ જ આનંદ ઉલ્લાસથી તાળીઓ પાડીને ગરબી રાગના કીર્તન બોલાવતા હતા. ૨. ભગવાનના સ્વરૂપનું વર્ણન કરવામાં નરસિંહ મહેતા, રણછોડભક્ત અને થોભણભક્ત એ ત્રણ ભક્ત કવિના સમાન અન્ય કોઈ કવિ નથી. ૩. મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી અને નિષ્કુળાનંદસ્વામી એ સંતોએ તો ગરબી રાગના પદ રચ્યા છે. ૪. "ધન્ય ધન્ય વૃંદાવન છાંહિ, બંસીવટ હરિ બૈઠત તાહિ" વૃંદાવનમાં વટવૃક્ષ નીચે બેસીને શ્રીકૃષ્ણ બંસી બજાવતા હતા. તેને

ધન્ય ધન્ય છે. શ્રીયમુનાજીના પુણ્યનો તો કોઈ પાર જ નથી કે જેના જળમાં પ્યારા શ્રીકૃષ્ણ સ્નાન કરતા હતા. ૫.

(ધન્ય વૃન્દાવનવાસી વટની છાયા રે જ્યાં હરિ બેસતા;
શ્રીજમુનાજી પુણ્યતણો ગત નહિ પાર રે નાવા હરિ પેસતા... ટેક૦
ધન્ય ધન્ય તે વ્રજના સાથને, ધન્ય ધન્ય એ નંદજી તાતને;
ધન્ય ધન્ય તે જશોદા માતને, ધન્ય ધન્ય તે વ્રજના સાથને...ધન્ય૦ ૧
ધન્ય ધન્ય તે વ્રજની વૃક્ષવેલી, ધન્ય ધન્ય એ સરખી સાહેલી;
ધન્ય હરિ વળગી જેની બેલી, ધન્ય ધન્ય તે વ્રજની વૃક્ષવેલી...ધન્ય૦ ૨
ધન્ય ધન્ય ગોકુળની ધેનુને, ધન્ય ધન્ય વાલાની વેણુને;
ધન્ય ધન્ય કામણગારી નેણુને, ધન્ય ધન્ય ગોકુળની ધેનુને...ધન્ય૦ ૩
ધન્ય ધન્ય કરુણા પુતના માસી, ધન્ય ધન્ય મૃત્યુની ટાળી ફાંસી;
વાલે મુક્ત પમાડ્યાં ગોકુળવાસી,ધન્ય ધન્ય કરુણા પુતના માસી...ધન્ય૦ ૪
ધન્ય ધન્ય એ ગોકુળ ગામને, તે તે પામ્યાં હરિના ધામને;
વારી જાઉં શામળા શ્યામને, ધન્ય ધન્ય એ ગોકુળ ગામને...ધન્ય૦ ૫
ધન્ય કંસરાયના કારજ કર્યાં, રાજા ઉગ્રસેનને શીર છત્ર ધર્યાં;
મહેતા નરસૈયાને અખૂટ ભર્યા, ધન્ય કંસરાયના કારજ કર્યાં...ધન્ય૦ ૬)

આવી ભાવનાઓથી ભરેલા ચાર પદ તેઓ બોલ્યા, ત્યાં સુધી શ્રીહરિ અતિશય ઉમંગથી અનંત સંતો અને હરિભક્તોની સાથે જળમાં નાહ્યા. ૬. જ્યારે શ્રીહરિ ઊંડા જળમાં જઈને જળક્રીડા કરતા ત્યારે સહુ સંતો-ભક્તો પ્રેમરસમાં તરબોળ થઈ જતા. પછી શ્રીહરિ નદીના જળમાંથી બહાર નીકળ્યા. શરીર લૂછીને વસ્ત્ર પહેર્યાં. ૭.

શ્રીહરિએ બધા જરિયાની વસ્ત્ર પહેર્યાં. તેની શોભાનો કોઈ પાર રહ્યો નહિ. જરીમય સાજ-સામાનથી શણગારેલો અશ્વ લઈ આવ્યા. તેના ઉપર ધર્મના દુલારા શ્રીહરિ સવાર થયા. ૮. શ્યામ સલુણી મૂર્તિ ભક્તોના મનને હરતી હતી. તેનાં દર્શન કરીને મોટા મુનિવરોને પણ ધીરજ રહેતી નહિ. પ્રેમભાવથી વિહ્વળ થઈ જતા. શ્રીહરિ જ્યારે અશ્વ ઉપર સવાર થયા ત્યારે તે નાચવા લાગ્યો. ૯. અશ્વની નૃત્ય કરવાની જેટલી રીતિઓ હતી તે બધી જ

સરસ નૃત્ય કરીને લોકો વચ્ચે બતાવી દીધી. અશ્વના આગળના બંને પગમાં જે ઝાંઝર પહેરાવ્યા હતા તેનો ઘણો જ ઝમકારો-રણકારો સંભળાતો હતો. ૧૦. અશ્વના મસ્તક ઉપર મોરના આકારની કલગી હતી. તેની ડોકના ઉપર સોનેરી બહુરંગી ઝૂલ પહેરાવી હતી. અશ્વના મોઢામાં રહેતું ચોકડું, ડૂમચી અને પલાણ એ બધા સોનાના બનાવેલા હતા. ૧૧.

❋ શ્રીહરિનાં શૃંગારનું દર્શન :

શ્રીહરિના મસ્તક ઉપર સોનેરી પાઘ હતી, પાઘમાં શિરપેચ હતો અને તેની ઉપર રહેલી કલગી ઘણી સોહામણી લાગતી હતી. મસ્તકે રાખેલા મોતીના બંને તોરાઓ ભક્તોના ચિત્તને ચોરી લેતા હતા. ૧૨. નંગજડિત કુંડળ કાનમાં શોભતા હતા. લટકતા તે કુંડળના નંગોની ઝગમગતી અપાર જ્યોતિ ગાલ ઉપર સોહામણી લાગતી હતી. ૧૩. ભુજાઓ ઉપર નંગજડિત બાજુબંધ, કાંડામાં જડાવ કડાં, નંગજડિત પહોંચી અને ખૂબ જ કારીગરી ભર્યા સાંકળાં શ્રીહરિએ પહેર્યા હતા. ૧૪. શ્રીહરિએ ભવ્ય કૌસ્તુભમણિને કંઠમાં ધાર્યો હતો. છાતી ઉપર મોતીનો હાર તેજથી ઝળહળી રહ્યો હતો. ૧૫. જરકસી જામો અને તેવો જ સુરવાળ પહેર્યો હતો. તે બંને અતિશય શોભતા હતા. તેમાં અપાર તેજ હતું, માનો ત્યારે સૂર્યના કિરણો તેમાંથી પ્રકાશ કરતા હોય ! ૧૬.

વળી એક ભારે માંહેલું જરિયાની વસ્ત્ર લઈને શ્રીહરિએ તેનાથી કમર ઉપર સુખકારી ભેટ વાળી. એક ભારે જરિયાની શાલ ઓઢી લીધી. ૧૭. ધર્મના લાલ શ્રીહરિએ જરીમય લગામ જમણા હાથમાં પકડી અને ડાબા હાથમાં મોતીજડિત છડી અને રૂમાલ રાખ્યો. ૧૮. મોતી જડિત જરિયાની સુંદર મોજડીઓ ચરણકમળમાં પહેરી. જે કુંકુમથી પૂજેલા ચરણ સંસારના ભયને ટાળનારા હતા. ૧૯. અત્યંત સોહામણા લલાટમાં કેસર મિશ્રિત ચંદનની સુંદર અર્ચા કરી હતી. તેના મધ્યમાં કુંકુમનો ચાંદલો ઘણો શોભતો હતો. દર્શન કરનારા નરનારીઓનાં મન તેમાં લોભાઈ જતાં હતાં. ૨૦.

શ્રીહરિની આગળના ભાગમાં વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતા હતા. તેમાં જ્યારે સંતો કીર્તન ગાતા હતા ત્યારની શોભા તો અદ્‌ભુત

હતી. ૨૧. તે વેળાએ દેવતાઓ વિમાનમાં બેસીને ત્યાં આવ્યા અને સાથે પૂજા-સેવાનો સામાન પણ લાવ્યા. આવીને તેનાથી શ્રીહરિની પૂજા કરી અને સુંદર પુષ્પોની ઝડી વરસાવી દીધી. ૨૨. પ્રેમભાવથી વારંવાર કેસર-ચંદનની અપાર વૃષ્ટિ પણ કરી. દુંદુભિ(મોટા નગારા) વગાડ્યા. તેનાથી સંપૂર્ણ આકાશ ગાજી રહ્યું હતું. ૨૩.

ઈંદ્ર તો શ્રીહરિનાં દર્શન કરીને રાજી રાજી થઈ ગયા. તેને પોતાના શરીરનું પણ ભાન રહ્યું નહિ. શ્રીહરિની પૂજા કરીને આકાશમાં તોપના જેવા અવાજ કરાવ્યા. ૨૪. દેવાંગનાઓ પણ વિમાનમાં બેસીને આવી અને ઘણા જ ઉમંગથી તેઓએ નૃત્ય કર્યું અને મનમાં ઉત્સાહ રાખીને ગાન કરવા લાગી. ૨૫. દેવોને શ્રીહરિના ઉપર અત્યંત ભક્તિભાવ હતો. એટલે તેઓ વારંવાર આવીને શ્રીહરિની પૂજા કરતા અને તે બાબતનો આનંદ તેમના હૃદયમાં સમાતો ન હતો. ૨૬.

તે પછી શ્રીહરિ નદી કિનારેથી નીકળીને ગામને દરવાજે પધાર્યા. ત્યારે ત્યાં દરબાર અમરા પટગીર હેતથી શ્રીહરિ પાસે બોલ્યા, ૨૭. "હે મહારાજ ! શ્રીહરિ, આપ તો ગરીબનિવાજ છો. હવે મારા ભુવનમાં પધારો." આટલું બોલી મસ્તક નમાવીને ફરીથી કહેવા લાગ્યા, ૨૮. "આજ અમારી રસોઈ લો. મને દીન જાણીને મારા ઉપર કૃપા કરો. અમે આપના ચરણોની ઉપાસના કરનારા ભક્ત છીએ. આપના સિવાય અમે કોઈની પાસે આશા રાખતા નથી. ૨૯. અમે બધા જ દેવોના રૂપમાં આપને જ માનીએ છીએ. આપના સિવાય બીજા કોઈને પરમેશ્વરના રૂપમાં અમે જાણતા-માનતા નથી. આપ મળ્યા એટલે અમને બધા જ દેવો મળી ગયા. અને આપ અમારો ઉદ્ધાર કરવા માટે જ આ વખતે પધાર્યા છો." ૩૦. શ્રીહરિએ દરબાર અમરા પટગીરની વિનતિ સાંભળી અને દયાળુ તેમને ઘેર પધાર્યા.

તેમણે બજાર વળાવીને સ્વચ્છ કરાવી, ચારેબાજુ ફૂલડાં વેર્યા હતા. ૩૧. હરેક દરવાજે મોતી ભરેલા તોરણ બંધાવીને ઉપર ઉલેચ બંધાવ્યા હતા. દરવાજામાં કેળના સ્તંભ રોપાવ્યા હતા. શણગારેલા સુવર્ણકળશ પ્રત્યેક દરવાજે સ્થાપ્યા હતા. ૩૨. તેની શોભા વર્ણવી શકાતી નથી. શ્રીહરિ જ્યારે

પોતાના ભવન પાસે એકદમ આવી ગયા ત્યારે દરબારને ઘણો જ આનંદ થયો. ૩૩. સોનાની મોટી ખાટ લઈને તેને વિશાળ હિંડોળાના રૂપમાં બાંધી દીધી. તેના ઉપર ગાદી બિછાવી દીધી એટલે શ્રીહરિ ત્યાં આવીને તે હિંડોળા ઉપર વિરાજ્યા. ૩૪. કિનખાબનો તકિયો શ્રીહરિની પાછળ મૂકી દીધો. તે સમયે શ્રીહરિના મુખારવિંદની આગળ સંતો અને દરબારોની સભા થઈ. ૩૫. ઉગમણા બારના ભવન હતા. તેની વિશાળ ઓસરીમાં બીજા બધા ભક્તોની સભા થઈ તેની શોભા ઘણી અદ્ભુત હતી. ૩૬.

મુકુંદાનંદજી અને જયાનંદજી એ બંને વર્ણીઓએ સમય વિચારીને રસોઈ તૈયાર કરી. ૩૭. રસોઈ બનાવીને પછી તે વર્ણી શ્રીહરિને બોલાવવા આવ્યા. આથી શ્રીહરિ સભામાંથી તુરંત ઊઠ્યા. તે સમયે શ્રીહરિની મૂર્તિ અદ્ભુત રીતે શોભતી હતી. ૩૮. જ્યાં બેઠા હતા ત્યાં જ બધા જરિયાની વસ્ત્ર ઉતારી નાખ્યા. એક પીતાંબર પહેર્યું અને એક શાલ ઓઢી. ૩૯. સોનાની ચાંખડીઓ પહેરી. એક હાથમાં રૂમાલ રાખ્યો અને શ્રીહરિ ચાખડીઓનો 'ચટાક' 'ચટાક' આવો અવાજ કરતા ચાલતા થયા. ૪૦. ત્યાં જઈને ગરમ પાણીથી ચરણ ધોયા અને તરત જ રૂમાલથી લૂછીને કોરા કર્યા. એક સોનેરી બાજોઠ ઉપર શ્રીહરિ જમવા બેઠા. ૪૧.

ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય અને ચોષ્ય એ ચાર પ્રકારનાં ભોજનોના ભરેલા થાળ વર્ણી લાવ્યા. તેનું પૂરું વર્ણન કરતા પાર આવે તેમ નથી. ૪૨. શ્રીહરિ ઘણા જ પ્રેમથી જમવા બેઠા હતા. તેમાં સહુ પહેલા શ્રીહરિ દૂધપાક, પૂરી, વડાં, ભજિયા અને રીંગણાનું શાક જમ્યા. ૪૩. પછી ભાત અને કઢીને પણ ખૂબ જ સરસ રીતે પ્રેમથી જમ્યા. જમી રહ્યા પછી ચળું કર્યું. જળપાન કર્યું અને હાથ લૂછીને મુખવાસ લીધો. ૪૪. પછી શ્રીહરિએ સંતોને અને દરબારોને જમવા બેસાડ્યા. સ્વયં તેમને પીરસવા પધાર્યા. જ્યાં સુધી સંતો અને દરબારો જમ્યા ત્યાં સુધી પીરસતા રહ્યા. ૪૫. તે બધા જ્યારે જમી રહ્યા ત્યારે પ્રિય ઘનશ્યામ શ્રીહરિએ હાથ ધોયા. અવિનાશી સભામાં પધાર્યા અને ઉત્સાહથી હિંડોળા ઉપર બેઠા. ૪૬.

પ્રથમ શ્રીહરિ જે થાળ જમ્યા હતા, તે પ્રસાદી દરબાર અમરા પટગીરને આપી. શ્રીહરિ સભામાં પધાર્યા છે એવી ખબર પડી એટલે દરબાર પૂજાનો

સામાન લઈને આવ્યા. ૪૭. ઘણા જ કિંમતી વસ્ત્રો લાવ્યા અને સોનાના અજોડ ઘરેણાં લાવ્યા. તેમને શ્રીહરિના ઉપર ઘણો જ પ્રેમ હતો. એટલે તેવા રૂપમાં પૂજા કરવા લાગ્યા. ૪૮. પહેલા દૂધ લઈને શ્રીહરિના ચરણ ધોયા. પછી કેસર મિશ્રિત ચંદન લઈને અર્ચના કરી. હૃદયમાં ઘણો જ ઉત્સાહ ભર્યો હતો એટલે બધા જ અંગો ઉપર જરિયાની વસ્ત્ર પહેરાવ્યાં. અને વિવિધ પ્રકારના આભૂષણ પહેરાવ્યા. ૪૯-૫૦. વિશાળ કપાળમાં કેસરી ચંદનની અર્ચા અતિશય ચતુરાઈથી કરી. તે પછી તેમના પુત્ર હરસુર પટગીર, જે હજી નાના હતા, છતાં તેમણે પોતાના પિતાની જેમ જ પૂજા કરી. ૫૧. પછી સોનાની થાળીમાં વાટો મૂકીને આરતી કરી. દરબાર અમરા પટગીર રાજનીતિમાં તો ઘણા નિપુણ હતા જ, પણ સત્સંગમાં એ તેવા જ નિપુણ થયા. ૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં શ્રીહરિ સ્નાન કરીને અમરા પટગીરને ઘેર પધાર્યા, થાળ જમ્યા અને તેમણે પૂજા કરી' એ નામે ચોત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૪॥



પૂર ચોથું : તરંગ - ૩૫

અમરા પટગીર અને મુક્તમુનિના પ્રશ્નોના ઉત્તર અને સાધુતાની પ્રશંસા

દરબારે આરતી કર્યા પછી બંને હાથ જોડીને શ્રીહરિની જે સ્તુતિ કરી, તે હવે કહું છું. ૧. "પ્રભો ! આપ તો અક્ષરધામના અધિપતિ સાક્ષાત ભગવાન છો. અમારે માટે જ આપ પ્રકટ્યા છો. આવીને અમારો જે ઉદ્ધાર કર્યો તે ખરેખર આશ્ચર્યની વાત કહેવાય. ૨. આપના સિવાય અમારો ઉદ્ધાર ક્યારેય થાત નહિ. આપના કલ્યાણકારી ગુણોનો કોઈ પાર જ નથી. તેને તો શેષ પણ હજાર મુખે કહી શકે નહિ. ૩. સંસારરૂપી સાગરમાં અમે ડૂબી રહ્યા હતા ત્યારે આપે આવીને અમારો હાથ પકડીને અમને બચાવ્યા છે. અમારું હિત કરનારા આપ જ છો. માતા, પિતા, પુત્ર કે પત્ની આપના સમાન અમારા હિતકારી નથી. ૪. આપે અમારા ઉપર અનંત ઉપકાર કર્યા છે. જગતમાં

તેવો ઉપકાર કોઈએ કર્યો નથી. અમારા જેટલા કુટુંબીઓ છે તે બધાનો આ વખતે આપે ઉદ્ધાર કર્યો છે. ૫. **જેણે જેણે આપની આગળ માથું નમાવ્યું છે તે તે બધાનો આપે ઉદ્ધાર કર્યો છે. આજે જેટલા હરિભક્તો છે તે સહુનો ઉદ્ધાર કરવા આપ તેટલા રૂપે વિચરો છો.** ૬. અત્યંત કરુણા કરીને આજ હરિભક્તોને સુખી કરવાને માટે ખૂબ જ પ્રકટ પ્રતાપ જણાવ્યો છે તેને કુબુદ્ધિ લોકો સમજી શકતા નથી. ૭.

આપનો જ્યારે અવતાર થાય છે ત્યારે કુબુદ્ધિવાળા લોકો તેને ક્યારેય માનતા નથી. જો સંસારમાં રહેલા બધા લોકો આપના જ કહેવાતા હોય તો તે મનુષ્ય કુબુદ્ધિ રહે જ કેમ ? ૮. બધા શાસ્ત્રો એમ કહે છે કે જે ધર્મવાળા મનુષ્ય હોય તે જ ભગવાનને પામી શકે છે - ઓળખી શકે છે. પણ અત્યારે તો એવું દેખાય છે કે અધર્મ કરનારા લોકોમાંથી પણ કોઈક આપને માને-ભજે છે અને ધાર્મિક લોકોમાંથી પણ કોઈક આપને ઓળખતા નથી. ૯. એટલે ધાર્મિક લોકોના હિતને માટે જ ભગવાનના અવતાર થાય છે, એમ જે શાસ્ત્રમાં કહેવાય છે તેનો કાંઈ નિર્ધાર-મેળ રહ્યો નહિ. મારા મનમાં આ એક મોટો સંશય રહ્યો છે, તેને આપના સિવાય બીજો કોઈ ટાળી શકે તેમ નથી. ૧૦. મને જેવું દેખાયું-સમજાયું તેવું મેં આપની આગળ કહ્યું છે. હે સ્વામી, આપ તો અંતર્યામી છો માટે કૃપા કરીને અમને સમજાવો.” ૧૧.

દરબાર અમરા પટગીરનો પ્રશ્ન સાંભળીને તે સમયે શ્રીહરિ બોલ્યા, “દરબાર, તમે ઘણો ભારે પ્રશ્ન પૂછ્યો છે. હવે હું તેનો ઉત્તર કહું છું. ૧૨. જીવના કર્મ અનંત પ્રકારના હોય છે. અને તેને લીધે જીવમાં સંસ્કાર પણ અનંત પ્રકારના પડે છે. તેનાથી જીવની રુચિ પણ અનેક પ્રકારની થાય છે તેમાં બધે એકસરખો નિર્ધાર-મેળ રહેતો નથી. ૧૩. જીવમાં ગુણ અનંત પ્રકારના હોય છે. દેશ અને શાસ્ત્ર પણ અનંત પ્રકારના હોય છે, અને શાસ્ત્ર શ્રવણમાં પણ અપાર ભિન્નતા રહી છે. ૧૪. નાસ્તિકતા ભર્યા (જૈનોના જેવા) ધર્મ અનંત પ્રકારના છે અને આસ્તિકતા ભર્યા (વૈદિક જેવા) ધર્મ પણ અનંત પ્રકારના છે. તે બધાનો વિચાર, વિવેક કરવો જોઈએ. વિચાર કર્યા સિવાય જીવનો મોક્ષ થતો નથી. ૧૫.

ધર્મી અથવા અધર્મી માણસ જ્યારે સવળા વિચારોને પામે છે ત્યારે તે એવો બની જાય છે. અને ત્યારે તેને સત્સંગ થાય છે. ૧૬. સવળા વિચાર સૂઝે તેને સુબુદ્ધિ માણસ જાણવો અને અવળા વિચાર સૂઝે તેને કુબુદ્ધિ મનુષ્ય જાણવો. સવળા વિચારવાળાને ધર્મવાળો કહેવાય છે અને અવળા વિચારવાળાને અધર્મી કહેવાય છે. ૧૭. જ્યારે જ્યારે આ ભૂમિ ઉપર ભગવાનના અવતાર થાય છે અને તેને જે ભજે છે તે સુબુદ્ધિવાળા ગણાય છે. તે સુબુદ્ધિવાળાને ધાર્મિક જાણવા અને કુબુદ્ધિવાળાને અધર્મી જાણવા. ૧૮. મોક્ષના માર્ગની આ જ રીત છે. જગતની રીત તેથી ઊલટી છે. જગતમાં કહેવાતા ધર્મવાળા લોકો જુદી રીતના હોય છે અને મોક્ષને માર્ગે ચાલેલા ધાર્મિક લોકો તેથી અલગ રીતના હોય છે. ૧૯. જગતના કહેવાતા ધર્મી લોકો જગતના સુખને પામે છે અને તેનાથી તે જીવોને વારંવાર જન્મ મરણરૂપ સંસારમાંથી મુક્તિ મળતી નથી. ભગવાનના ભક્તોનો જે દ્રોહ કરે છે તેના જેવો બીજો કોઈ અધર્મી માણસ નથી. ૨૦.

✻ ભક્તને નમવાનો તથા સેવવાનો પ્રતાપ :

चोपाई :

पंच पाप से अधिक हे पापी, धर्मि होवे गमे सो कदापी;
पंच महापापि जन होई, हरिजन को करे विनय सोई...२१
सत्संग में सो जन्म कुं पाई, अंत्ये महा शुद्ध हो जाई;
जन्म मृत्यु से छूटिके तेहु, अक्षरधाम में जाव हि एहु...२२

ગમે તેટલા ધર્મને પાળતો હોય છતાં જો તે ભગવાનના ભક્તોનો દ્રોહ કરે તો તે પંચમહાપાપ કરનારા કરતાં પણ અધિક પાપી કહેવાય અને જેણે પંચમહાપાપ કર્યા હોય એવા પાપી માણસ પણ ભગવાનના ભક્તની સાથે વિનયથી વર્તે, તેમની સેવા કરે, તો તે બીજા જન્મમાં સત્સંગને પામે છે. છેવટે અત્યંત શુદ્ધ થઈ જાય છે અને જન્મ મૃત્યુના બંધનથી છૂટીને તે જીવ અક્ષરધામમાં જાય છે. ૨૧-૨૨. આમાં તલભાર પણ સંશય નથી. મેં બરાબર વિચાર કરીને જ આ વાત કહી છે. દરબાર, એનો ઉત્તર આ જ રીતનો છે. તે મેં તમને કહી દીધો." ૨૩. શ્રીહરિના આવા અમૃતમય વચન સાંભળીને

દરબારો અને સંતો ખૂબ જ ખુશી થયા. આ પ્રમાણે શ્રીહરિએ નિર્બાધ રીતે પ્રશ્નનો ઉત્તર કહ્યો. આવો મર્મ ત્રણે લોકમાં કોઈ સમજી શકે નહિ. ૨૪.

તે સમયે મુક્તાનંદસ્વામીએ બે હાથ જોડીને શ્રીહરિને કહ્યું, "હે નાથ ! હે પ્રભો ! મારે એક સંશય છે, તે પ્રશ્ન હું પૂછું છું. ૨૫. કોઈ મનુષ્ય જગતમાં મોટો ધર્મવાળો કહેવાતો હોય, પણ તેને ભગવાનના ભક્ત સાથે હેત હોય નહિ તેવા મનુષ્યનું જો ભગવાનના ભક્ત અપમાન કરે, તો તેને કેટલો દોષ લાગે છે ?" ૨૬. મુક્તાનંદસ્વામીનો પ્રશ્ન સાંભળીને શ્રીહરિ તેનો ઉત્તર કરવા લાગ્યા કે, "ભગવાનના ભક્ત હોય તે તો ક્યારેય કોઈનો દ્રોહ કરે જ નહિ. ૨૭. જેમ તલવારની જાત છે તે સમય આવે ત્યારે બધાને કાપે છે, તે જાત અને કુજાતને ગણતી નથી. તેવી રીતે દ્રોહની રીત છે. ૨૮. કોઈપણ ભગવાનના ભક્તે જીવ પ્રાણીમાત્ર કોઈનો પણ દ્રોહ કરવો નહિ. કદાચ કુબુદ્ધિવાળા લોકો આપણને ગાળ દે કે મારે, છતાં ભગવાનના ભક્તે તેને દિલમાં ધારવું નહિ. ૨૯.

અને જે આવો સહનશીલ હોય તે જ ખરો હરિભક્ત કહેવાય. તે સિવાયના બીજા તો કાચા ભક્ત કહેવાય. કાચું વાસણ કાંઈ કામમાં ઉપયોગી ન થાય, છેવટે તે ફૂટી જ જવાનું. ૩૦. માટીનું વાસણ જ્યારે અગ્નિમાં પાકે ત્યારે તે બધા કામમાં ઉપયોગી થઈ શકે છે તેમ અત્યારે જ્ઞાનરૂપી અગ્નિએ કરીને સહુએ પાકા થઈ જવાનું છે. ૩૧. પરોક્ષ ભક્તોમાં જયદેવ હતા તે આપત્કાળમાં પણ દૃઢપણે ટકી રહ્યા. રાજા હરિશ્ચંદ્ર અને મયૂરધ્વજ અને એના જેવા અનેક ભક્તો થઈ ગયા છે. ૩૨. તે પહેલાના ભક્તોને તમારા જેવો સત્સંગ મળ્યો ન હતો. છતાં તેઓમાં અચળ દૃઢતા રહી હતી, એવી પક્વતા જ્યારે જીવનમાં આવે ત્યારે તે પાકો હરિભક્ત કહેવાય. ૩૩.

चोपाई :

सहनशक्ति जा महिं जेती, तामें सामृथि गनना तेती;
थोरि हि सहनशक्ति जामें, नून्यता तितनि गनना तामें...३४

જેમાં જેટલી સહન કરવાની શક્તિ વધારે હોય તેટલું તેમાં સામર્થ્ય રહ્યું હોય તેમ જાણવું. જેમાં સહન કરવાની શક્તિ જેટલી ઓછી હોય તેટલી તેમાં ન્યૂનતા ગણવી. ૩૪.

જડ ભરતનો જે જીવન માર્ગ હતો તે માર્ગે સંતોએ ચાલવું જોઈએ. શુકદેવજીના જેવા કોઈ સમર્થ ન કહેવાય, કારણ કે તેઓ કોઈની સાથે વૃથા વિવાદ કરતા નહિ. ૩૫. સનકાદિક સિદ્ધો અને દેવર્ષિ નારદની રીતે સંતોએ રહેવું જોઈએ. સર્વથી પર જે સર્વોપરિ સ્વરૂપ કહેવાય છે તે આજ તમને સર્વને પ્રાપ્ત થયું છે. ૩૬. અત્યારે તમારે એ રીતે રહેવું-વર્તવું જોઈએ કે તમે જગતમાં સર્વોપરિ ગણાઓ. જગત તમારા જેવા ગુણોને પ્રાપ્ત કરવાનું લક્ષ્ય રાખીને સહુ તમારી પાછળ ચાલે, તમારા અનુયાયી થાય. ૩૭. પહેલાના સમયમાં જે જે ઋષિઓ થઈ ગયા, તેમણે જે સ્મૃતિઓ કહી, ધર્મશાસ્ત્રો રચ્યા, તેને અનુસરીને અત્યારના લોકો વર્તે છે. ૩૮. તે રીતે જ તમારું ધર્મપ્રમાણેનું વર્તન જોઈને અત્યારે પણ લોકો તેને અનુસરે છે. એટલા માટે જ તમારે સાવધાન થઈને શુદ્ધ વર્તન કરવું જોઈએ. ૩૯.

આ સંસારના લોકો તો એવા છે કે મોટાનું જેવું આચરણ દેખે તેવું કરવા લાગી જાય છે, માટે શ્રેષ્ઠ પુરુષના આચરણથી જ ધર્મમાર્ગ અને અધર્મમાર્ગ બંને પ્રવર્તે છે. ૪૦. લોકોને જેવા ગુરુ મળે તેના શિષ્ય તેવા થઈ જાય છે. આવું બધું જોઈ-વિચારીને સદાને માટે સુધર્મ-સદ્ધર્મમાં જ વર્તવું જોઈએ. ૪૧. હે મુનિવર્યો, આજ તમે બધા પણ સદ્ધર્મનું સ્થાપન કરવા માટે જ પ્રકટ્યા છો. તમારા સિવાય બીજા કોઈ સદ્ધર્મમાં રહેતા નથી. વિપ્રો, ગુરુઓ અને રાજાઓ એ બધાને અધર્મ જ ગમે છે. ૪૨. તે બધા અત્યારે અધર્મને જ ધર્મ માનીને તેમાં તત્પર થઈને વર્તે છે. એટલે અત્યારે તમે સારી રીતે સાધુતા રાખીને સદ્ધર્મનો માર્ગ ચલાવો. ૪૩.

❋ સાધુતારૂપી ગુણની મહત્તા :

અમે બધા જ શુભ ગુણોને ધરનારાને જોયા છે. પણ સાધુતારૂપી ગુણ તે સહુ ગુણોથી મોટો છે. એક સાધુતા હોય તો તેમાં બીજા બધા જ સારા ગુણો આવીને રહે છે. સાધુતાથી બહાર બીજા કોઈ ગુણ રહેતા નથી. ૪૪. સાધુતાના પદ જેવું બીજું કોઈ પદ નથી. સાધુતાનો ગુણ મેળવવા માટે આજે પણ કેટલાક મુનિઓ બદરિકાશ્રમમાં જઈને તપ કરે છે. ૪૫. પોતામાં અપાર ગુણ હોય તોપણ અપાર નમ્રતાવાળા થવું. જમીન ઉપર અપાર પાણી

વરસે છે પણ તે નમ્રતાવાળી જમીનમાં થઈને નદીમાં ભેળું થાય છે અને નદી નમ્રતાવાળી હોવાથી તેમાં પાણી અખંડ વહે છે. ૪૬. જ્યારે નદીઓ દ્વારા બધું પાણી સમુદ્રમાં ભેળું થાય છે તે દેખીને સમુદ્ર ફુલાતો નથી. જ્યારે જમીન ઉપરનું પાણી જોર કરીને સમુદ્રમાં પ્રવેશે છે ત્યારે સમુદ્ર તે વેગની આગળ થોડો નમ્ર થઈ જાય છે. ૪૭.

चोपाई :

एसे संत के गुन हि रहाई, सो तुम कुं हम दिने बताई;
संत साधुता एक हि जानो, इनमें नहीं भिन्न प्रमानो...४८

जिहाँ साधुता गुन अधिका, सो सब गुन से अधिक रसिका;
साधुता गुन रसिक जे होई, तिन उर अखंड रहत हरि सोई...४९

આવા સંતોના ગુણ રહ્યા હોય છે. તે મેં તમને બતાવી દીધા છે. **સંત અને સાધુતા એ બંને એક જ છે, તેમાં કોઈ ભેદ નથી.** ૪૮. જ્યારે સાધુતાનો ગુણ અધિક થાય છે ત્યારે તે જ સાધુતા બધા ગુણોમાં વિશેષ રસ ભરી થાય છે અને જ્યાં રસભરી સાધુતા હોય છે તેના હૃદયમાં ભગવાન અખંડ નિવાસ કરીને રહે છે. ૪૯.

दोहा : इनकुं ब्रह्मपुर धाम ही, हम हि मानत जोय;
साधुता गुन दुल्लभ महा, बिना बिचार न होय...५०

જેમાં ભગવાન અખંડ રહે છે એવી સાધુતાવાળાને તો અમે બ્રહ્મપુર ધામ માનીએ છીએ. સાધુતાનો ગુણ ઘણો જ દુર્લભ છે. તે ગુણ વિચાર-વિવેક સિવાય આવે નહિ. ૫૦.

અમે સારી સાધુતાવાળા સંત મળે એમ ધારીને ચારે ધામમાં ફર્યા છીએ. બધા વન અને પર્વતોમાં પણ ફર્યા છીએ. પણ મને ક્યાંય નિર્માની અને સાધુતાવાળા કોઈ સંત મળ્યા નથી. ૫૧. પછી તે સાધુતાના ગુણને લઈને બધા ધામોમાં ફરતા ફરતા જ્યારે અમને રામાનંદસ્વામી મળ્યા ત્યારે સત્સંગમાં નિવાસ કર્યો. ૫૨. અને ત્યારે સાધુતાના બધા ગુણ અમે શ્રીરામાનંદ સ્વામીમાં અધિક દેખ્યા. અમારા મનના હેતુ એવા સાધુતાવાળા રામાનંદ સ્વામી મળ્યા એટલે અમને ઘણો જ આનંદ થયો. ૫૩.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'કુંડળમાં અમરા પટગીર અને મુક્તમુનિના પ્રશ્નો, તેના ઉત્તર અને સાધુતાની પ્રશંસા' એ નામે પાંત્રીસમો તરંગ સમાપ્ત ॥૩૫॥



પૂર ચોથું : તરંગ - ૩૬

શ્રીહરિએ ધૂન કીર્તન કરાવ્યા અને રાઈબાને વર્ણાશ્રમના સદાચારની મહત્તા કહી

સાંજનો સમય થવા આવ્યો એટલે શ્રીહરિએ સંતોને આજ્ઞા કરી. "જે સંતો કીર્તન ગાવામાં નિપુણ હોય તે પૂરવ અને ગોડી રાગના કીર્તન બોલો." ૧. હે મહાભાગ્યશાળી એવા મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી અને પ્રેમાનંદ સ્વામી ! તબલા અને સરોદ વગેરે વાજિંત્ર લઈને સારા રાગથી તમારા બબ્બે પદ બોલો. ૨. બબ્બે પદ બોલો એટલો જ હવે દિવસ બાકી રહ્યો છે. તમે સંતો ગર્વરહિત છો. તમારી કાવ્યરચના અમૃતરસ ભરી હોય છે. ૩. તમારી સુંદર કીર્તન ભક્તિરૂપ શ્રેષ્ઠ મંદિરમાં પ્રેમરૂપી ઘરેણાંઓથી અત્યંત શોભતા પ્રગટ ભગવાન નિવાસ કરીને રહ્યા છે. ૪.

તે સમયે મુનિવરોએ વાજિંત્ર લઈને પ્રેમ સહિત કીર્તન ગાવાના શરૂ કર્યા. પહેલા પૂરવ રાગ ગાવા મુનિઓએ તેનો આલાપ કર્યો. ૫. દેવાનંદ મુનિ સારા ગાયક હતા. તેઓ આલાપ કરવામાં ઘણા કુશળ હતા. તેઓ જે રાગનો આલાપ કરતા હતા તે રાગ મૂર્તિમાન થઈને આવતા હતા. ૬. ભૈરવ આદિ છ રાગ કહેવાય છે અને એક એક રાગની છ છ રાગિણી કહેવાય છે. પ્રત્યેક રાગિણીને એક એક પુત્ર અને છ છ પુત્રીઓ કહેવાય છે એમ તેમનો સ્વરૂપ વિવેક સમજવો. ૭. સાત સ્વર અને ત્રણ ગ્રામે સહિત એકવીસ મૂર્છના કહેવાય છે. સ્વામી જે રાગનો આલાપ કરતા, તે રાગ પોતાના પરિવારે સહિત હાજર થતો. ૮. તેનાથી તે કીર્તનગાન ભારે શોભતું. તે વખતે શ્રીહરિ પણ સંતની સાથે કીર્તન ગાતા. જ્યારે શ્રીહરિ સંતો પાસે આ રીતે કીર્તન ગાન કરાવતા ત્યારે બ્રહ્મા આદિ બધા દેવતાઓ પણ આવતા. ૯.

શ્રીહરિની કીર્તન ભક્તિ આવી અનુપમ હતી. તે સાંભળીને મોટા રાજાઓ પણ વિસ્મિત થઈ જતા. પહેલા મુક્તાનંદસ્વામી પૂરવ રાગમાં બે પદ બોલ્યા. ૧૦. પછી મુનિવર બ્રહ્માનંદસ્વામી પણ પૂરવ રાગમાં બે પદ બોલ્યા. તેમના પછી પ્રેમાનંદસ્વામી ગોડી રાગમાં કીર્તન બોલ્યા. ૧૧. જ્યારે મશાલ આવી ત્યારે આરતી કરી. બધા સંતો ઊભા થઈ ગયા અને પ્રેમરસમાં તરબોળ થઈ ગયા. ૧૨. શ્રીહરિ પણ ઊભા થયા. સ્વયં 'નારાયણ ધૂન' કરવા લાગ્યા અને બધા મોટા મોટા સંતો તેને ઝીલવા લાગ્યા. ૧૩. ધૂન બોલતા જ્યારે બોલવાની ઝડપ વધી જાય ત્યારે તે ધૂનને સમાપ્ત કરતા. વળી પ્રેમભાવથી ધૂન ફરીવાર શરૂ કરતા. તેની પણ જ્યારે ઝડપ(ગતિ) વધી જાય ત્યારે તેને બંધ કરતા. વારંવાર શ્રીહરિ ચાર-પાંચ વાર ધૂન બોલતા અને બંધ કરતા. ૧૪. ધૂન કરતી વખતે બધા જોરથી તાળીઓ પાડતા તેનો અવાજ ઘણો ઊંચો અને એકતાર થતો. તે વેળાએ દર્શન કરનારા બધા નરનારીઓને સમાધિ થઈ જતી. ૧૫.

જ્યારે ધૂન પૂરી થતી તે વખતે સંતો અપાર સ્તુતિ કરતા. સ્તુતિમાં શ્રીહરિના ચરિત્રોને અને મહિમાને બોલતા હતા. ૧૬. સ્તુતિ કર્યા પછી સહુ પરસ્પર પગે લાગતા. તે સમયે "જય સ્વામિનારાયણ" એમ સહુ બોલતા. પછી શ્રીહરિ કલ્યાણ રાગના જે પદ કહેવાય છે, તેને ગવડાવવા લાગ્યા. ૧૭. સંતોએ વાજિંત્રોનો સાજ તૈયાર કર્યો. કુશળતાથી કીર્તન ગાન કરવા લાગ્યા. 'કલ્યાણ' રાગના ચાર પદ ગાયા. પછી 'કાનડો' રાગથી કીર્તન બોલવા શરૂ કર્યા. ૧૮. તેના પછી સંતોએ 'બિહાગ' રાગમાં કીર્તન ગાયા. જ્યારે રાત પાંચ ઘડી (બે કલાક) વીતી ત્યારે વર્ણી શ્રીહરિને બોલાવવા આવ્યા. ૧૯. પરમ દયાળુ શ્રીહરિ ત્યારે તુરંત જ ઊઠ્યા. અને ઘોડેસવાર થયા. આગળના ભાગમાં બે ઢોલ અને બે શરણાઈઓ વાગવા લાગી. ૨૦. આગળ ચોપદાર છડી પોકારતો હતો. શ્રીહરિ રાજમાર્ગ ઉપર ચાલ્યા અને હરિભક્તો કીર્તનગાન કરતા પોતાને ઉતારે આવ્યા. તે સમયે આવો મહાન ઉત્સવ છવાઈ ગયો હતો. ૨૧.

આવીને બધા વસ્ત્ર ઉતાર્યા અને પલંગ ઉપર મૂક્યા. ત્યારે એક પીતાંબર પહેર્યું, લાલ રંગની શાલ ઓઢી લીધી. ચરણોમાં નિપુણતાથી ચાખડીઓ પહેરી. ૨૨. જ્યાં વર્ણીએ રસોઈ બનાવી હતી ત્યાં શ્રીહરિ પધાર્યા. બાજોઠ ઉપર બેઠા. ભોજનોથી ભરેલા થાળ ત્યાં લાવ્યા. ૨૩. શ્રીહરિ અપાર પ્રેમભાવથી થાળ જમ્યા. રાઈબાનો ઘણો જ પ્રેમભાવ હતો. જે કહેતા પાર આવતો નથી. ૨૪. રાઈબાએ શ્રીહરિને કહ્યું, 'અમે રસોઈ બનાવીએ તેને આપ કેમ જમતા નથી ?' ૨૫. ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું, અમે વર્ણીનો (બ્રહ્મચારીનો) ધર્મ પાળીએ છીએ. અમે વિપ્ર જ્ઞાતિના કહેવાઈએ છીએ. જો તમારી તૈયાર કરેલી રસોઈ અમે જમીએ તો 'વટાળ'થી તે બધું નાશ પામે. ૨૬. અમે વિપ્ર બ્રહ્મચારી અન્ય કોઈના હાથનું રાંધેલું ક્યારેય ખાઈએ નહિ. આવો બ્રહ્મચારીનો માર્ગ (ધર્મ) છે. તેને તમારે વિચારવો-સમજવો જોઈએ. ૨૭. મામૈયા પટગીરના માતા 'રાઈબા' ત્યારે બોલ્યા, આપને કુટુંબ પાસે જવાની આશા નથી. ઘરમાં જઈને રહેવું નથી. ૨૮. જેને ઘરબારી (ગૃહસ્થ) થવું હોય તેણે આવાં વ્રત રાખવા પડે. મને તો એવું જણાય છે કે આપને પોતાને પોતાનો વિશ્વાસ નહિ હોય, ૨૯. મનમાં એવી આશા-ઇચ્છા રહેતી હશે કે ક્યારેક કુટુંબની સાથે જઈને રહેવું પડે. અમે આપના બધા આચારોને જાણીએ છીએ. તેમાં ક્યારેય ફેર પડે તેવું નથી. ૩૦.

ત્યારે શ્રીહરિએ થોડું હસીને તેમને કહ્યું, જો અમે જેનું તેનું ખાઈએ તો સદાચાર-ધર્મ બધા કરતા શ્રેષ્ઠ છે, તેની ખુવારી થઈ જાય. ૩૧. જેવો કુંડાપંથ કહેવાય છે, તેવું બધું પાછળથી પ્રવર્તે. જે ધર્મદેવ કહેવાય છે, તેમના તો અમે પુત્ર છીએ. ૩૨. વિપ્રનું શરીર સહુથી શ્રેષ્ઠ છે. કરોડો યજ્ઞ કરવાથી પણ તે મળતું નથી. અમે જેનું તેનું ખાવા લાગીએ તો બધા વર્ણ એક થઈ જાય. ૩૩. જો તમને બહુ ભાવ હોય તો અમે તમને તેનો એક ઉપાય કહીએ છીએ. સાકર, પેંડા, બરફી અને બીજા પણ ઘણા પાક હોય છે. ૩૪. સાકરની સુખડી અને બીજા પણ કેટલાક પવિત્ર પાક કહેવાય છે. તમે

તેનો થાળ જ્યારે કરો ત્યારે અમે તે ભાવથી જમશું. ૩૫. અમે અનેક દેશ જોયા છે. હરિભક્તોના સમાન બીજું કોઈ પવિત્ર નથી. આપણા સત્સંગમાં બધી રીતે સારો વિવેક રહ્યો છે. ૩૬.

સત્સંગ સિવાયના બીજા બધા વર્ણો તો મલિન થઈ ગયા છે. કુશળ ભટ્ટ કે પંડિત કહેવાતા હોય તોપણ તેઓ લસણ આદિ જેવી અભક્ષ્ય વસ્તુઓને ખાય છે. ૩૭. તમાકુ વિનાનો કોઈ રહ્યો નથી. બધા પ્રેમથી ખાય છે અને સૂંઘે છે. મોટા મોટાઓમાં પણ તે છે. તેમાં વટાળ અત્યંત રહ્યો છે. ૩૮. જે ઊંચી જાતિઓ કહેવાય છે તેઓ ખાલી મુખે બોલીને બધા સંસ્કાર કરે છે પણ તેઓ બધું અભક્ષ્ય ખાય છે અને અપેય પીવે છે, તેથી વર્ણનો તો માત્ર આભાસ જ રહ્યો છે. ૩૯. અમે વિપ્ર હરિજન સિવાય કોઈની બનાવેલી રસોઈ જમતા નથી. વિપ્રમાં જેની ક્રિયા શુદ્ધ હોય અને ક્યારેય વિરુદ્ધ (દોષ) ન જણાય તો જ જમીએ છીએ. ૪૦. જે વિપ્ર મયારામ ભટ્ટ જેવા હોય, અન્નને ઘણું શુદ્ધ કરીને રસોઈ બનાવતા હોય, બાલમુકુંદ અને વિષ્ણુની સેવામાં જેને ભક્તિભાવ હોય, ૪૧. જેને પવિત્રતામાં સદા રુચિ હોય, જે વિપ્ર આવી રીતે કાયમ વર્તતા હોય, લોટ આદિ અન્નમાં દૂધ સિવાય પાણી ન નાખતા હોય, તેમાં પાણીનો લેશમાત્ર પણ સંસર્ગ થવા દેતા ન હોય. ૪૨. તેની કરેલી રસોઈને અમે ભાવથી જમીએ છીએ. આવું જ્યાં ન હોય ત્યાં અમે જમતા નથી. એટલા માટે જ અમે હંમેશા બે વર્ણીઓને કાયમને માટે સાથે જ રાખીએ છીએ. ૪૩. **તેઓ અમારી રુચિને સમજે છે. તેમના સિવાય બીજામાં અમારું મન માનતું નથી.**

અમને બચપણથી જ સ્ત્રીનો ગંધ ગમતો નથી. ૪૪. જ્યારે અમને સ્ત્રીની ગંધ આવે ત્યારે અમને ખાધેલું અન્ન પણ પેટમાં ટકે નહિ. જગતમાં સ્ત્રીના જેટલી અપવિત્રતા બીજામાં ક્યાંય નહિ હોય. તે બાળકના મળમૂત્રને ધોઈને પણ પોતે હાથ ધોતી નથી. ૪૫. શૌચ જઈને પાણી પણ ન લે, શરીરે ક્યારેક નહાય પણ નહિ. તે ક્યારેય રજસ્વલાપણાના દોષને સમજતી નથી. તેનું નખશિખ બધું જ શરીર અપવિત્રતાવાળું જ હોય છે. ૪૬.

હરિભક્ત જે બાઈઓ માત્ર છે તે જગતમાં 'સતી' કહેવાય છે. તેઓ અત્યંત શુદ્ધ છે અને પવિત્ર છે. તેનો લગારેય બાધ અમે માનતા નથી. ૪૭. છતાં પણ અમે વર્ણાશ્રમના ધર્મને સહુથી શ્રેષ્ઠ માનીએ છીએ. જો અમે વર્ણાશ્રમના ધર્મને લોપીએ તો તેનાથી ધર્મદેવ ઘણા દુઃખી થાય. ૪૮. તેથી ધર્મદેવને રાજી કરવા માટે અમે તે ધર્મોનો લોપ કરતા નથી. જ્યારે ધર્મ રાજી થાય ત્યારે ભક્તિ પણ ઘણો પ્રેમ કરે છે, પ્રસન્ન થાય છે. ૪૯. જ્ઞાન અને વૈરાગ્ય તથા નર અને નારાયણ, તેઓ ધર્મ ભક્તિના પુત્ર છે, ધર્મના આચારને પાળીએ તો એ બધો ધર્મનો પરિવાર સત્વરે રાજી થાય છે. ૫૦. અમે આવી બાબતને સહુથી મહાન અને સર્વોપરિ સમજીએ છીએ. એટલા માટે જ **અમે કોઈ અન્યનું રાંધેલું ખાતા નથી. અને હરિભક્તના જેવું તો ખરેખર બીજું કોઈ પવિત્ર નથી.** ૫૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શ્રીહરિએ ધૂન કીર્તન કરાવ્યા અને રાઈબાને વર્ણાશ્રમના સદાચારની મહત્તા કહી' એ નામે છત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૬॥



પૂર ચોથું : તરંગ - ૩૭

શ્રીહરિએ સત્સંગની પ્રશંસા કરી અને બીજા નિયમના અભાવે વિષય ત્યાગનો અભાવ કહ્યો

કૃપાળુ શ્રીહરિ થાળ જમ્યા. ચળું કરીને જળપાન કર્યું. હાથ લૂછીને મુખવાસ લીધો. પછી દયાળુ પલંગ ઉપર વિરાજમાન થયા. ૧. ભક્તવત્સલ, ભક્તપ્રતિપાલ શ્રીહરિએ માંચા ખાચર, અલૈયા ખાચર, સોમલા ખાચર અને સુરા ખાચર એ બધાને થાળની પ્રસાદી આપી અને મામૈયા પટગીરને પણ બીજી થાળની પ્રસાદી આપી. ૨. મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામી એ બેની સામે દેખીને શ્રીહરિ હસવા લાગ્યા અને બોલ્યા કે આપણા સત્સંગમાં અત્યારે આવા હરિભક્ત કોઈ નહિ મળે. ૩. મામૈયા પટગીરના મા 'રાઈબા' આપણા સત્સંગમાં શિરોમણિ છે. બધા સત્સંગના હિતનું ધ્યાન રાખીને આજે

તેમણે અમારી સાથે ઘણી જ વાતો કરી. ૪. જે હેતવાળા હોય તે અત્યંત હેતથી વાત કહે. જે સહુથી વધારે હેતવાળા હોય તે 'બાધ' કે 'અબાધ'ને ગણે નહિ. ૫. જે મોટી ઉંમરની ગોપીઓ હતી તેમણે શ્રીકૃષ્ણને બાળ ઉંમરના દેખીને તેમના ઉપર પોતાના પુત્રથી પણ વધારે સ્નેહભાવ કર્યો. અને તેથી તેમને ક્યારેય શ્રીકૃષ્ણનો અભાવ ન આવ્યો. ૬.

શ્રીકૃષ્ણ ગોપીઓના ઘરમાં છાની રીતે જઈને સંતાઈ જતા. પછી દહીં, દૂધ અને માખણને ખાતા, ફોડતા અને ઢોળતા. ૭. રોજ રોજ ઘણી અનીતિ કરતા તેમ તેમ ગોપીઓને શ્રીકૃષ્ણમાં પૂર્ણ પ્રેમ થયો. તેમનો પૂર્ણ પ્રેમ જોવા માટે શ્રીકૃષ્ણ તેને ઘેર જઈને ચૂલામાં મળ કરી આવતા. ૮. છતાં તે ગોપીઓને ક્યારેય લેશમાત્ર પણ અભાવ-અવગુણ ન આવ્યો. ગાળ દે, ખીજવે, બાળકના જેવા અનંત ચાળા કરે. છતાં તેમના મનમાં ક્યારેય ક્લેશ ન થયો. ૯. આ રીતે જેમ જેમ પ્રસંગ થતો ગયો તેમ તેમ ગોપીઓને દિન પ્રતિદિન પ્રેમ અતિશય ગાઢપણે વધતો જ ગયો. શ્રીકૃષ્ણ ભગવાને આવા તો અનંત ચરિત્ર કર્યાં છે. જેનો કહેતા અંત આવતો નથી. ૧૦.

શ્રીકૃષ્ણ ભગવાને જે જે ચરિત્રો કર્યાં. તે બધાને નિર્દોષ સમજવામાં આવે અને શ્રીકૃષ્ણના સ્વરૂપને પણ નિર્દોષ માનવામાં આવે. અને તેમાં પ્રેમ કરવામાં આવે. ૧૧. તો તે ચરિત્રો દૈવી જીવોનો મોક્ષ કરે છે અને આસુરી જીવોને મોહ પમાડે છે. તે શ્રીકૃષ્ણના નામ મંત્રનો જપ કરીને દૈવી જીવો તેમના ધામને પામે છે. ૧૨. અને અનંત આસુરી જીવો તેમનો દોષ ગ્રહણ કરીને જમપુરીમાં ગયા છે. નિર્દોષમાં જે દોષને દેખે છે તેના દોષો વધે છે અને વધારે બળવાન થાય છે. ૧૩. વડવાનળ અગ્નિને પાણી બુઝાવી શકતું નથી, પણ પાણીને વડવાનળ બાળી દે છે તે સમજુ માણસ દેખી શકે છે. ૧૪. અમારું વિચરણ જોઈને કોઈને પણ ક્યારેય દોષ (અવગુણ) ન આવે એ રીતે અમે વર્તીએ છીએ. છતાં જે ખળમનુષ્ય છે તે તેમાં કાંઈક દોષ ખોળતા હોય છે. ૧૫.

ખળ માણસનો એવો જ સ્વભાવ હોય છે કે, તેઓ ગુણમાત્રનો ત્યાગ કરી દે છે. તેને ગુણમાં રસ નથી હોતો. જેમ ઈતરડી ગાયનું દૂધ નથી પીતી

પણ તે રુધિરને જ પીવે છે. તેમ ખળમનુષ્ય ગુણોને તજીને દોષોને જ ગ્રહણ કરે છે. ૧૬. દુનિયામાં જે ખળ કહેવાય છે તે બધાને આસુરી જાણવા. ખળને સહેજે જ ગુણનો અભાવ આવતો હોય છે, કારણ કે ખળનો સ્વભાવ જ એવો હોય છે. ૧૭. સોમલ નામનું ઝેર સાકર કરતાં પણ ઊજળું હોય પણ તેને જો મોઢામાં નાખવામાં આવે તો તે તુરંત જ પ્રાણને હરી લે. માટે ખળ મનુષ્યને સોમલના જેવો સમજીને તેનો સંગ કરવો નહિ. ૧૮.

જે કોઈ પુરુષ ખળમાણસનો સંગ કરશે તો અંતે તેની ફજેતી થાશે જ. માટે જેટલા અમારા સત્સંગી હોય તેમણે ખળમાણસને ઓળખી રાખવો. ૧૯. હરિભક્તના તુલ્ય કોઈ ઉત્તમ મનુષ્ય નથી. તેણે પાપમાત્ર તજી દીધા હોય છે. જેટલા તમે અત્યારે સત્સંગમાં આવેલા સંતો છો તે બધા શુકદેવજી અને નારદજીના સમાન છો. ૨૦. અત્યારે સત્સંગમાં જે હરિભક્તો આવે છે તે બધા હરિભક્તો પ્રહ્લાદ, ધ્રુવ, પ્રિયવ્રત, અંબરિષ, બલિ, પાંડવો અને ઉદ્ધવજીના સમાન છે. ૨૧. આ સમયે આપણા સત્સંગમાં એવા મહાપુરુષો એટલા બધા આવ્યા છે કે તે ગણવા જતા તેનો પાર આવતો નથી. અત્યારે આપણા સત્સંગમાં રહેલી બધી ભક્ત બાઈઓ તો રાધા, લક્ષ્મી, સીતા, પાર્વતી અને દ્રૌપદીના જેવી બળવાન અનંત છે. ૨૨. બધી સત્સંગી સ્ત્રીઓ તો ગોપીઓની જેવી છે અને અત્યારે સત્સંગમાં અવતરી છે. તેઓ ધર્મ પાળવામાં ખૂબ જ દૃઢતાવાળી છે અને પરપુરુષને તો તેઓ ચાંડાળ જેવો સમજીને તેનાથી દૂર રહે છે. ૨૩.

चोपाई :

सत्संग बिन न एसि बाई, जग में अवर न कोउ कहाई;
सत्संग में बाई भाई जेता, ब्रह्मभाव सब पाये तेता...२४

दोहा : विषे भाव महा जोर ही, टरत न मरत हि जोई;
नाक शिर छेदन होत तोहु, निरभे वर्तत होई...२५

સત્સંગ સિવાય બીજે ક્યાંય આવી ધર્મવાળી સ્ત્રીઓ નથી. આપણા સત્સંગમાં જેટલા પુરુષો છે, જેટલી સ્ત્રીઓ છે તે બ્રહ્મસ્થિતિ પામેલા છે. ૨૪.

વિષયની વાસના એટલી બધી જોરદાર હોય છે કે માણસ મોત આવે તોપણ તે વિષયોને છોડતો નથી. વિષયને લીધે નાક કપાય, માથું કપાય, છતાં વિષય તરફ નિર્ભય થઈને રહે છે. ૨૫.

મા, બહેન અને દીકરી જેવા સમીપ સંબંધવાળી અનંત સ્ત્રીઓનો સંગ પુરુષ કરે છે અને તે રીતે જ સ્ત્રીઓ પણ પિતા, ભાઈ અને દીકરા જેવા સમીપ સંબંધવાળા પુરુષોનો સંગ કરે છે. ૨૬. ચારે ધામમાં અમે જોઈ આવ્યા છીએ કે આપણા સત્સંગને સમાન બીજે ક્યાંય નથી. અરે ! સંપૂર્ણ ત્રિલોકીમાં સત્સંગના જેવું બીજું કોઈ નથી. ૨૭. સત્સંગના સિવાય તો લોકો કૂતરાં, ગધેડાં અને ભૂંડની જેમ નિર્લજ્જ થઈને વિષય ભોગવે છે. કાશી, જગન્નાથપુરી, અયોધ્યા, ગોકુલ, વૃંદાવન અને મથુરા એ સમગ્ર સ્થળોએ જઈને અમે જોયું છે કે જીવને સમજાવીને વિષયનો અભાવ કરાવે એવા કોઈ ગુરુ કે પંડિત સત્સંગ સિવાય ક્યાંય નથી. ૨૮-૨૯. **મેં સત્સંગમાં દૈવત જોયું છે. તે સિવાય બીજે ક્યાંય દેખ્યું નથી. અત્યારે સત્સંગમાં જ કલ્યાણ રહ્યું છે. બીજે તો વિષયરૂપ અધર્મ વ્યાપી ગયો છે.** ૩૦.

બીજા મતોમાં ત્યાગની વાતો વિવેક કરીને બહુ સમજાવે છે પણ કોઈ લેશમાત્ર પણ ત્યાગ રાખતા નથી. કેવળ વર્તન વિનાની વાતોથી જ ઉપદેશ કરે છે. ૩૧. ત્યાં જે મનુષ્ય ઉપદેશ સાંભળવા આવે છે ત્યારે તેને તે ઉપદેષ્ટા ઘણો સારો વિશ્વાસ લાવી દે છે, પણ જ્યારે તે ઉપદેષ્ટા વિષયની ઝપટમાં આવે છે ત્યારે વિષયરૂપ ફળને ખાવા લાગે છે. ૩૨. ચાહે તેટલી જાળવણી કરે છતાં વાડ વિના વાઢ ઊછરે નહિ તે રીતે જ જેટલી વાત ખરેખર નિયમ પાળીને કહેવામાં આવે છે તે જ વાસ્તવમાં ઘણી શોભે છે. ૩૩. મનુષ્યે કાંઈ કપડાં પહેર્યાં ન હોય કે ઘરેણાં પહેર્યાં ન હોય તો તે શોભતો નથી. ભલે તે રાજા હોય કે કોઈ જોગી હોય, પણ દિગંબર માણસની સામે કોઈ જુવે નહિ. ૩૪.

❋ ધર્મ-નિયમ માણસની શોભા છે :

તેના જેમ જ નિયમ વિનાના માણસને સમજવો. જેને કોઈ નિયમ નથી તેનું કાંઈ ઠેકાણું નહિ. અપાર શોભા તો નિયમમાં રહી છે, પણ ખળમાણસ

નિયમને લગારેય માનતો નથી. ૩૫. જેને નિયમ પાળવાની વાત ગમતી ન હોય તે મનુષ્યને તો ખળ અને કુબુદ્ધિ કહેવાય છે. ખળમાણસ હરિભક્તને દેખીને મશ્કરી કરે છે. પણ મૃત્યુ પછી જમ તેના ગળામાં ફાંસી નાખીને તેને લટકાવી દે છે. ૩૬. તેને દંડ દેવામાં જમદૂત કોઈ વિલંબ કરતા નથી. સાંજે કે સવારે જમદૂતો આવીને તેના શિર પર મુદગર મારતા મારતા લઈ જાય છે. તેને કાંઈ વાર લાગતી નથી. ૩૭. જ્યારે જમ મારે ત્યારે ખળને ભાન થાય. માર વિના તેને ભાન થાય નહિ. હરિભક્તનો જે લોકો દ્રોહ કરે છે તે હેરાન થાય છે. ૩૮.

શ્રીહરિ આ રીતની વાતો કરતા હતા અને અધરાતનો સમય થઈ ગયો. પછી હરખભર્યા સંતો ઊઠ્યા અને ઉતારે પોતાના આસન હતા ત્યાં ગયા. ૩૯. શ્રીહરિ ઓરડામાં જઈને પલંગ ઉપર પોઢી ગયા. સંતોને અને હરિભક્તોને ઘણો જ ઉત્સાહ હતો. તેઓ મનમાં ઘણા ખુશ હતા. ૪૦. સંતો આસન ઉપર જઈને બધા ભેળા મળીને બેઠા. અને શ્રીહરિએ કહેલી વાતનું મનન કરવા લાગ્યા. કોઈપણ શ્રીહરિની કહેલી વાતોને ક્યારેય ભૂલી જતા નહીં. ૪૧. સંતો આવી વાતોનો અભ્યાસ એટલા માટે કરતા કે ક્યારેય તે જ્ઞાનનો નાશ થાય નહિ. તે પછી બધા સંતો આસન વાળીને તે સમયે શ્રીહરિના સ્વરૂપનું ધ્યાન કરવા લાગ્યા. ૪૨. જ્યારે રાત ચાર ઘડી (૧.૩૬ કલાક) બાકી રહી ત્યારે નિપુણ સંતો ધ્યાનમાંથી જાગ્યા. પહેલા સૌએ 'નારાયણ ધૂન' કરી અને પછી પ્રભાતી પદ ગાવા લાગ્યા. ૪૩. તે સાંભળીને શ્રીહરિ તત્કાળ જાગ્યા. કૃપાળુએ બે-ત્રણ બગાસાં ખાધાં. તેમાં મુખ પહોળું થયા પછી તે બંધ કરીને 'હરે' 'હરે' 'હરે' આવા શબ્દ ઉચ્ચાર્યા. ૪૪. બંને હાથથી નેત્રકમળને થોડા ચોળ્યાં. બુટ્ટાદાર ઝીણી રેશમી રજાઈ હતી તે ઓઢીને બેઠા. ૪૫. સૂર્યોદય થયો ત્યાં સુધી દીવાની જ્યોત ઝગમગતી રહી. તે પછી શ્રીહરિએ પહેલાં શૌચવિધિ કરી, હાથ ધોયા અને દાંતણ કર્યું. ૪૬.

મુકુંદાનંદ વર્ણી શ્રીહરિની સેવા કરી રહ્યા હતા. તેમણે ફુલેલ તેલ શ્રીહરિના શરીર ઉપર ચોળ્યું. ૪૭. ગરમ જળથી તુરંત નહાયા. રૂમાલથી શરીર લૂછ્યું. એક પીતાંબર પહેર્યું. પછી સ્વચ્છ-શુદ્ધ આસન ઉપર બેઠા. ૪૮.

કેસર-ચંદનનું તિલક લલાટમાં કર્યું અને તેની વચ્ચે સુંદર શોભતો ચાંદલો કર્યો, તે ઘણો સરસ લાગતો હતો. ૪૯. પૂજા સમયનો બધો નિત્યવિધિ કરીને શ્રીહરિ તુરંત તૈયાર થઈ ગયા. ધર્મકુમાર શ્રીહરિએ બધા જરિયાની વસ્ત્ર પહેર્યા. ૫૦. મામૈયા પટગીર, હાથિયા પટગીર અને અમરા પટગીર ત્રણે આવીને શ્રીહરિના ચરણોમાં પડ્યા અને તેમણે વિનતિ કરી. ૫૧. હે પ્રભો ! આપે અમને ખૂબ જ હેત આપ્યું. અત્યારે આપ કયો વિચાર કરીને તરત તૈયાર થઈ ગયા છો ? મહારાજ ! આપ તો ભગવાન છો. ૫૨. જો આપ કૃપા કરીને અમને કહો તો અમે આપની સાથે આવીએ. અમે બંને હાથ જોડીને કહીએ છીએ કે અમને ફરીથી આવો જોગ ક્યારે મળશે ? ૫૩. ત્યારે શ્રીહરિએ કહ્યું, તમે તમારા ઘરનો વિચાર કરીને આવો. જો તમને ભાવના હોય તો અમે તમને કાંઈ કહેશું નહીં અર્થાત્ ના પાડશું નહીં. ૫૪.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શ્રીહરિએ સત્સંગની પ્રશંસા કરી અને બીજે નિયમના અભાવે વિષય ત્યાગનો અભાવ કહ્યો' એ નામે સાડત્રીસમો તરંગ સમાપ્ત ॥૩૭॥

પૂર ચોથું : તરંગ - ૩૮

કાઠી દરબારોની સંસ્કૃતિ અને ભોજાચારણે કરાવેલ સત્સંગ અને શ્રીહરિ ખાંભડા ગામ પધાર્યા

કુંડળ ગામના અલૈયા કહર નામે એક સારા હરિભક્ત હતા. તેણે તત્કાળ જ પોતાની વેલ (માફાવાળી બળદગાડી) અને કમાડીયું લઈને શ્રીહરિને અર્પણ કર્યું. ૧. શ્રીહરિની નિરંતર સેવા કરવા માટે પોતે પણ સમર્પિત થઈ ગયા. તેઓ એવા શ્રેષ્ઠ એકાંતિક ભક્ત થયા કે તેનું વર્ણન કરી શકાતું નથી. ૨. તેઓ મુખથી એવી મર્મભરી વાણી બોલતા કે તેથી શ્રીહરિ ઘણા પ્રસન્ન થતા. જેમ મનુષ્ય મળનો ત્યાગ કરીને ચાલતો થાય તેમ તેણે પોતાનો બધો જ સંસાર તજી દીધો હતો. ૩. કાઠીના જેવી મર્મભરી વાણી દુનિયામાં કોઈની ન હોય. કાઠી દરબારો શ્રીહરિની મરજીનો વિચાર કરીને જ્યાં જેવો સમય હોય ત્યાં તેવી રીતે વર્તતા હતા. ૪. કાઠી લોકો

બધા એવા હોય કે તેઓ ક્યારેય વગર વિચારે કાંઈ પણ બોલે નહિ. તેઓ આખા દેશની રીતને જાણતા-જોતા હોય અને પછી તેને વિચારીને જ તે પ્રમાણે વર્તન કરે. ૫. તેઓ રાત દિવસ શ્રીહરિને રાજી કરતા. તેમની બધી જાતિ એવી હતી કે તેઓ નવી નવી વાતને એવી રીતે ઉઠાવતા કે જેથી શ્રીહરિને બહુ હાંસી આવે. ૬.

કાઠી જાતિમાં જેવા પુરુષો તેવી જ તેમની સ્ત્રીઓ. તેઓ એક એકથી અધિક કહેવાય. તેઓ સ્ત્રી-પુરુષો હાંસી-મશ્કરી ન કરે, મનમાં તેનો ઘણો ભય રાખે. ૭. કાઠી પુરુષો અને સ્ત્રીઓ, ભેળા મળીને ન બેસી શકે. તેમની એવી અખંડ મર્યાદા જ અનોખી હોય છે. સ્ત્રીઓની સાથે સ્ત્રીઓ અને પુરુષોની સાથે પુરુષો બધા મર્યાદામાં રહેતા હોય છે. ૮. કાઠીઓના જેવું મર્યાદાપાલન બીજા કોઈ દેશમાં હોતું નથી. તે જાતિનું બંધારણ જ સહેજે એવું હોય છે. કાઠી સમાજની આવી સારી રીત શ્રીહરિને મનમાં ગમી ગઈ, અને તેને લીધે જ કાઠીયાવાડ દેશમાં રહેવાની ઈચ્છા તેમણે મનમાં કરી. ૯. શ્રીહરિએ નિજેચ્છાને મનમાં સંઘરી રાખી. કોઈની આગળ તે વિચારને કહ્યો નહીં. મામૈયા પટગીરના મા 'રાઈબા'ને શ્રીહરિની મૂર્તિમાં ખૂબ જ સ્નેહ વધ્યો. ૧૦.

चोपाई :

तर्त समाधि हो गई तेहु, तेसे वलुबाई भए एहु;
हरि मूर्तिकुं ध्यान में लाई, भुवन में रखे न दीने जाई...११
हरत फरत करत घर कामा, पल नाहिं बिसारत श्यामा;
हालर की लकरिकी नाई, नेन में मूर्ति रखे हरखाई...१२

તેમને તરત જ સમાધિ થઈ ગઈ. તેવા જ એક 'વલુબાઈ' હતા. તેઓ ભગવાનની મૂર્તિનું ધ્યાન સતત કરતા. મૂર્તિને હૃદયરૂપી ભવનમાં જ રાખતા. એક ક્ષણવાર પણ હૃદય ભવનમાંથી મૂર્તિ બહાર જવા દેતા નહિ અર્થાત્ મૂર્તિને ભૂલતા નહિ. ૧૧. **હરતા-ફરતાં કે ઘરકામ કરતાં પણ એક પળવારેય ઘનશ્યામ સુંદરને ભૂલતા નહિ. 'હાલરકી લકરી'ની જેમ હરખભેર મૂર્તિને પોતાના નેણામાં-નેત્ર આગળ જ રાખતા.** ૧૨.

એક કાઠી હરિભક્ત 'નાન ખાચર' નામે હતા. તે શ્રીહરિના અશ્વની સેવા કરતા અને તેમને સત્સંગનું આખું જગત ઓળખતું. ૧૩. તેઓ અશ્વને પલાણ વગેરે સામાનથી શણગારી અતિશય સુશોભિત કરીને લાવ્યા. શ્રીહરિએ તેના ઉપર સવારી કરી. તે સમયે સંતો આગળ ચાલતા થયા. ૧૪. મુક્તાનંદસ્વામીને અને બ્રહ્માનંદસ્વામીને શ્રીહરિએ રથમાં બેસાડ્યા. બીજા મોટા સંતોને બળદગાડીઓમાં બેસાડ્યા. ૧૫. કુંડળ ગામના બધા ખેડૂત ભક્તોએ વગર કહ્યે સદ્‌ભાવનાથી ગાડા જોડ્યા. જ્યાં શ્રીહરિ ચાલવા માટે તૈયાર થઈને ઊભા હતા ત્યાં તે બધી સવારી આવી. ૧૬.

વાળાક પ્રદેશમાં ચારદિકા કરીને એક ગામ છે. ત્યાંના એક ચારણ જાતિના હરિભક્ત ભોજાભાઈ નામે પ્રસિદ્ધ હતા. ૧૭. તેના નાના ભાઈ કરમણ નામે હતા. **બંને મહાન નિષ્કામી અને સમાધિનિષ્ઠ હરિભક્ત હતા. યોગી જેવા તે બંને ભક્તોને તુલ્ય સંસારમાં બીજું કોઈ કહેવાય નહિ.** ૧૮. તેઓ ભગવાનનો મહિમા પૂરેપૂરો જાણતા હતા. બીજા બધા ખોટા મતોને તો તેઓ જૂઠા માનતા હતા. તેમાં ભોજાભાઈ તો ખૂબ જ ભગવાનના બળની વાતો કરતા. ૧૯. સદ્‌ગુરુ રામાનંદસ્વામીએ તેમને આજ્ઞા કરેલી કે, "વાળાક, કાઠિયાવાડ, હાલાર, કચ્છ, ઝાલાવાડ, ગોહિલવાડ, સોરઠ અને ભાલ એ બધા પ્રદેશોમાં તમારે ફરવું અને નિર્બાધપણે ભગવદ્‌વાર્તાઓ કરવી. કોઈ સાથે લડાઈ કરવી નહિ. ૨૦-૨૧. વાતરૂપી દર્પણ બતાવીને પાખંડી ગુરુને દેખાડી દેવા. પોતાનું મુખ જેવું હોય તેવું દર્પણમાં આપોઆપ દેખાઈ આવે છે. ૨૨. વગર કહે દર્પણમાં જે જેવું હોય તે દેખાઈ આવે છે. સત્સંગની જે વાત કરવી તે ભગવાનને હૃદયમાં ધારીને કરવી. પોતાનું મિથ્યા ડહાપણ છોડી દેવું. ૨૩. **ભગવાનની ઈચ્છા હોય તેમ બધું થાય છે. આપણું પોતાનું ધાર્યું તો વણસી જાય છે-નાશ પામે છે. સહુને રાજા થાવું છે, પણ ભગવાનની ઈચ્છા વિના કોઈનું કાર્ય થતું નથી.** ૨૪.

"શ્રીહરિની વાત એટલે કે તેમનું સ્વરૂપ અને સદાચારમય ધર્મ વગેરે સત્ય છે. તે સિવાયની બીજી બધી વાતો અસત્ય છે." આવું મનમાં વિચારી

ધર્મપરાયણ થઈને ફરવું. ૨૫. ધર્મ એક જોરદાર ખડ્ગ-તલવાર છે. એવું કોઈ બીજું ખડ્ગ નથી. જેમ નટ ઊંચે આકાશમાં દોર બાંધીને ખેલ કરે છે તેમ ધર્મ છે તે ખાંડા (ખડ્ગ)નો ખેલ છે. ૨૬. જે નટને એકાગ્રતા અને સંતુલન બંને હોય તે જ દોર ઉપર ચઢીને ખેલ કરી શકે છે. તે સિવાયનો મનુષ્ય ખેલ કરી શકે નહિ." ૨૭.

આવી રીતની સદ્‌ગુરુ રામાનંદસ્વામીએ કરેલી આજ્ઞાને શિરે ચઢાવીને શ્રીહરિના યશને ગાતા થકા સત્સંગમાં ફરવા લાગ્યા. ૨૮. ભોજા ચારણ જે દેશમાં ગયા તે દેશમાં બધે સદ્‌ગુરુ રામાનંદસ્વામીના પ્રતાપથી સત્સંગ કરાવ્યો અને મોટા કહેવાતા રાજાઓને પણ તેમણે નિયમ ધરાવ્યા. ૨૯. માંચા ખાચર, અલૈયા ખાચર, સોમલા ખાચર અને સુરા ખાચર ઈત્યાદિ દરબારો પૂરા-પાકા હરિભક્ત થયા. બીજી જાતિના પણ જે કાઠી દરબારો હતા તેમને એકેક બબ્બે નિયમ ધરાવ્યા હતા. ૩૦. ભોજા ચારણ એકવાર સારંગપુર આવેલા ત્યારે તેમણે બધા જ કાઠી દરબારોને નિયમ-વ્રતમાન ધરાવીને પાકા હરિભક્ત કર્યા અને બધાને ભગવાનની સન્મુખ કર્યા. ૩૧.

ઘોડેસવાર થઈને જે બધા આવ્યા હતા તેમાં બે જ મુખ્ય હતા, એક જીવા ખાચર અને બીજા બાવા ખાચર હતા, જેના મનમાં કોઈની શંકા કે ભય ન હતો. ૩૨. તેઓ ડંકા અને નિશાન લઈને આવ્યા હતા તે વાત શ્રીહરિને કહી. ૩૩. શ્રીહરિ તેમની વાત સાંભળીને રાજબજારે ચાલીને સવારીની સાથે ગામને દરવાજે પધાર્યા. ભારે ઢોલ અને શરણાઈ વાગતા હતા. નરનારીઓ બધા 'જય જય' આવો ધ્વનિ કરતા હતા. ૩૪. શ્રીહરિની આગળના ભાગમાં ચોપદાર ઊંચે અવાજે છડી પોકારતો હતો. શ્રીહરિના શિર ઉપર છત્ર ધરાવ્યું હતું. તેની શોભાનો કોઈ પાર રહ્યો નહિ. ૩૫. શ્રીહરિ જ્યારે કુંડળગામની બહાર નીકળ્યા ત્યારે બધા ત્યાં આવીને મળ્યા. દંડવત્ કરીને શ્રીહરિના ચરણોમાં પડ્યા. સહુના મનમાં ઘણો જ ઉત્સાહ હતો. ૩૬. મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામીના ચરણોમાં સહુ આવીને પડ્યા. પછી મનમાં ઘણો જ હરખ રાખીને ઘોડેસવાર થયા. ૩૭. કુંડળ ગામના બીજા બધા લોકોને પાછા વાળ્યા. પણ તે ગામના ઘરડેરા(વડીલ) હરિભક્તોને સહુને સાથે લીધા. ૩૮.

શ્રીહરિનો અશ્વ ઘણા વેગથી ચાલતો હતો. તેને ધીમો કરવા માટે શ્રીહરિ કુંડાળે ફેરવવા લાગ્યા. ૩૯. અશ્વને ઘણા વેગથી વારંવાર વર્તુલાકારે ફેરવ્યો તેનાથી અશ્વના અંગેઅંગમાંથી અપાર પરસેવો નીકળ્યો. ૪૦. મોઢાંમાંથી ઘણું જ ફીણ નીકળ્યું. તે ગલોફાની બહારના ભાગમાં લાગી ગયું. તે થરથર ધ્રૂજવા લાગ્યો. શ્રીહરિએ તેની લગામ હાથમાંથી મૂકી દીધી. ૪૧. છાતીમાં શ્વાસ ભરાઈ ગયો. પછી સાથીદારો પાછળ ચાલવા લાગ્યા.

શ્રીહરિનું મુખ ચંદ્રસમાન લાગતું હતું. તેની અદ્‌ભુત શોભાના વખાણ થઈ શકતા નથી. ૪૨. પરસેવાના કણ મુખ ઉપર છવાઈ ગયા હતા. તેના ઉપર સૂર્યના કિરણો પડતા હોવાથી તે કણ ઝગમગ ઝગમગ ચળકાટ કરી રહ્યા હતા. ૪૩. ચોતરફ તારાઓની વચ્ચે રહેલા ચંદ્રમાની જેમ શ્રીહરિના મુખની શોભા તે પ્રસ્વેદ બિંદુઓના ચળકાટથી અદ્‌ભુત લાગતી હતી. માનો તે મુખ ઉપર ઘણા જ ચમકતા મોતી ન હોય ! તેવા શોભતા હતા. ૪૪. શ્રીહરિની મૂર્તિની શોભા શી રીતે વર્ણવવી ? તેમના જેવું બીજાનું કોઈનું રૂપ જ નથીને ? લોકમાં તેમની ઉપમા આપીએ એવું બીજું ક્યાંય રૂપ જ નથી. શ્રીહરિનું રૂપ આવું મહાન અલૌકિક છે. ૪૫.

દરબારો શ્રીહરિના અશ્વના વખાણ કરતા બોલ્યા, આ ભૂમિ ઉપર આવો બીજો કોઈ અશ્વ નથી. માનો ગરુડ જ અશ્વનું રૂપ લઈને આવ્યા છે, એવું અમને અશ્વને ફરતો જોઈને જણાતું હતું. ૪૬. પવનનો અને ચમકતી વીજળીનો વેગ અપાર હોય છે. તેના કરતાં પણ આ અશ્વનો વેગ અપરમપાર દેખાતો હતો. કમાનમાંથી છોડેલા તીરથી પણ વધારે અને બંદૂકમાંથી છૂટેલી ગોળીના કરતા પણ વિશેષ આ અશ્વનો વેગ જણાયો છે. ૪૭. ત્યારે શ્રીહરિ બોલ્યા, દરબારો, સાંભળો; હું કહું છું કે આ અશ્વનો વેગ એટલો ભારે છે કે તેના ઉપર બેઠેલા સવારનો શ્વાસ પણ થંભી જાય ! ૪૮.

શ્રીહરિ અને દરબારો આવી વિનોદની વાતો કરતા ચાલ્યા જતા હતા તેવામાં **ખાંભડા** ગામ પાસે આવી ગયા. તે ગામના ભાવિક સત્સંગીજનોએ શ્રીહરિનું નામ સાંભળ્યું. તુરંત જ ગામના ઘરડેરાઓ શ્રીહરિની સામે દોડીને આવ્યા. ઘણી ભાવનાથી આગ્રહ ભરી વિનંતી કરીને ગામમાં લઈ ગયા. ૫૦.

ઘણા ભાવથી શ્રીહરિને ઘેર ઘેર પધરાવ્યા. પલંગ ઉપર પધરાવીને પ્રેમભાવથી પૂજા કરી. ૫૧. સાકરના થાળ ભરી ભરીને ઘણા હેતથી શ્રીહરિની સમીપે ધર્યા અને અતિશય આદરથી શ્રીહરિના લલાટમાં કુંકુમનો ચાંદલો કરતા હતા. ૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'કાઠી દરબારોની સંસ્કૃતિ અને ભોજા ચારણે કરાવેલા સત્સંગની વાત કહી અને પછી શ્રીહરિ ખાંભડા પધાર્યા' એ નામે આડત્રીસમો તરંગ સમાપ્ત ॥૩૮॥



પૂર ચોથું : તરંગ - ૩૯

શ્રીહરિએ ખાંભડામાં કલ્યાણકારી વાતો કહી અને સારંગપુરમાં જીવા ખાચરના દરબારમાં પધાર્યા

શ્રીહરિએ ખાંભડા ગામના બધા લોકોને અપાર ભાવનાવાળા જોયા. પછી શ્રીહરિએ તેમની આગળ કલ્યાણકારી વાતો કહીને મોક્ષનું દ્વાર દેખાડ્યું ૧. આ દુનિયામાં જે લોકો પાપરૂપ અધર્મ કરે છે. તે લોકો જમપુરીમાં અત્યંત અને અપાર દુઃખોને પામે છે. ૨. એક એક માણસના ઉપર કેટલું બધું પાપ ભર્યું હોય છે ; તેનો કોઈ પાર જ દેખાતો નથી. પરંતુ તેને જેઓ લગારેય જોતા નથી. એ માણસના સમાન બીજું કોઈ અજ્ઞાની નથી. ૩. કેટલાએ યુગના અજ્ઞાનને ટાળવા ભગવાને માણસનું શરીર આપ્યું છે. મનુષ્યને જ્યારે શુદ્ધ જ્ઞાન મળે ત્યારે જ અજ્ઞાનનો નાશ થાય છે. ૪.

❋ સાચા સદ્ગુરુના લક્ષણ :

રાતના ઘોર અંધારાનો નાશ સૂર્યોદય થયા સિવાય થાય નહિ. આગિયા-ખદ્યોત કરોડો ભેળા થઈને પ્રકાશ કરે છતાં રાત ટળે નહિ. ૫. એક કરોડ જેટલાં સૂર્યના ચિત્ર કરાવવામાં આવે, છતાં તેનાથી અંધારું મટે નહિ, સૂર્યના જેવા ગુરુ જ્યારે મળે ત્યારે તે અનંત જન્મના પાપોનો નાશ કરે છે. ૬.

चोपाई :

साचे गुरु की कहत हे बाता, जिन करि ज्ञान होवे साक्षाता;
धन त्रिया दोउ विकट पासा, तिनको जेहि किये हे नासा...०७

अष्ट प्रकार करे दो त्यागा, संत तेहि साचा वैरागा;
स्वादु अन्न कहावत जेता, प्रथम हरि को धरीके तेता...०८

હવે હું તમારી આગળ સાચા ગુરુની વાત કહું છું. કે જેની પાસેથી સાક્ષાત્ કલ્યાણકારી જ્ઞાન પ્રાપ્ત થાય. આ જીવને ધન અને સ્ત્રી એ બેનું મહાન ભયંકર બંધન છે. સાચા ગુરુએ તે બંધનને કાપી નાખ્યું હોય છે. ૭. ધન અને સ્ત્રીનો આઠ પ્રકારે જે ત્યાગ કરે તે જ સાચા વૈરાગ્યવાન સંત છે. જે સ્વાદુ અન્ન હોય તે પ્રથમ ભગવાનને નૈવેદ્યના રૂપમાં ધરાવે. ૮.

निःस्वाद कर ताकुं जो खावे, उषदवत ही करीके पावे;
देहिक सुख न इच्छे कबहु, युँ बिचार करे दिन सबहु...०९

देह को कोउ करे अपमाना, तब ही हर्ष पावे सुजाना;
करे सन्मान देह कोउ, मन में पावे शोक हि सोउ...१०

પછી તેને નિઃસ્વાદુ કરીને જેમ ઔષધને લે તેમ તે અન્નને ખાય. ક્યારેય દૈહિક સુખને મનમાં ઈચ્છે નહિ. આ રીતે જ મનમાં કાયમ વિચાર રાખે. ૯. કદાચ કોઈ શરીરનું અપમાન કરે તો તે સુજ્ઞ સાધુ મનમાં રાજી થાય. અને કોઈક દેહનું સન્માન કરે તો તે મનમાં દુઃખ પામે છે. ૧૦.

हरि के घाट अनंत प्रकारा, कर हि निरंतर वार हि वारा;
अनित घाट कहावत जोई, तिनको करत त्याग हि सोई...११

ભગવાનના સંબંધવાળા અનંત પ્રકારના ઘાટ-સંકલ્પને વારંવાર અને નિરંતર કરતા રહે. જે અનીતિ (અધર્મ)ના ઘાટ-સંકલ્પો હોય તેનો ત્યાગ કરી દે. ૧૧. અનીતિ (અધર્મ)ના ઘાટ-સંકલ્પોને ઝેર જેવા સમજે અને ભગવાન સંબંધી ઘાટ-સંકલ્પોને અમૃત જેવા માને-સમજે. તે અમૃતને તજી દઈને જે ઝેરને પીવે તે તો મલિન અને મરેલાને સમાન છે. ૧૨.

જેઓ નિરંતર ભગવાન સંબંધી સંકલ્પોરૂપી અમૃતરસનું પાન કરે છે તેમને જ સાચા સંત જાણવા. કારણ કે તે સંતો ભગવાનના સાંનિધ્યમાં રહેનારા કહેવાય છે. ૧૩. જેઓ માયિક પાંચ વિષયોને ઝેરના સમાન ગણતા હોય, તે વિષયોની પ્રશંસા પણ ક્યારેય કરતા ન હોય, તેને જ સાચા સંત કહેવાય છે અને એવા સંતોના ગુણોને તો વેદ અને પુરાણો પણ ગાતા હોય છે. ૧૪. જે સંતોએ ભગવાન સિવાયના બીજા બધા જ વ્યસન તજી દીધાં હોય અને અહોનિશ ભગવાનમાં જ મનની વૃત્તિ જોડી રાખતા હોય છે. ૧૫. હૃદયમાં પાપનો ભય રાખીને અને જમપુરીના દુઃખોનો વિચાર કરીને ઉપર કહ્યા તેવા સાધુઓને ઓળખીને તેમનો સમાગમ હમેશાં કરવો. ૧૬. આ દુનિયા (બ્રહ્માંડ)માં જે જીવ છે તે બે દિવસ આગળ કે પાછળ મરવાના જ છે, તેમાં કોઈ સંશય નથી, એ બધું તમારે સમજી લેવું જોઈએ. ૧૭.

વારે વારે આવું મનુષ્યનું શરીર જીવને મળતું નથી. આ શરીરથી જો ભગવાનનું ભજન કરવામાં આવે તો જીવને અપાર સુખ પ્રાપ્ત થાય છે. જેને અપાર સુખ મેળવવાની ઈચ્છા થાય તેણે અત્યારે સત્સંગ કરવો જોઈએ. ૧૮. શ્રીહરિએ કહેલી આવી વાતો સાંભળીને કેટલાક લોકોએ સત્સંગના નિયમ-વ્રતમાન ધારણ કર્યા. તે સમયે ખાંભડા ગામમાં જે હરિભક્તો હતા તેમના નામ હું કહું છું. ૧૯. ઘરડેરા કાઠી દરબારોમાં કાળુ ખાચર અને સોમલા ખાચર એ બે મુખ્ય હતા. ૨૦. વાણિયામાં જહાભાઈ, રામચંદ, ખેમચંદ અને કરસનજી હતા. સોનીમાં દેવજીભાઈ અને તેમના બધા પુત્રો સારા સત્સંગી હતા. ૨૧. સુતારમાં વીરાભાઈ એક હરિભક્ત હતા. બીજા બધા પછીથી હરિભક્ત થયા. રાવળમાં પૂંજાભાઈ અને દેહાભાઈ એ બે હતા. તેમાં પૂંજાભાઈના ત્રણ પુત્ર હતા. ૨૨. જેઠસુર, જહાભાઈ અને કાનાભાઈ એ બધું ઘર હરિભક્ત હતું. તે સહુએ શ્રીહરિની પૂજા કરી અને મહાન અલૌકિક લાભ લીધો. ૨૩. તે હરિભક્તોએ ગઢપુરમાં પણ ઘણીવાર થાળ કરાવીને શ્રીહરિને જમાડ્યા હતા. શ્રીહરિ તે સિવાય કેટલીએ વાર ખાંભડા ગામમાં પધાર્યા છે. ૨૪. સંતોની સાથે શ્રીહરિની ગામમાં પધરામણી કરાવી. સહુએ મળીને રસોઈ આપી અને ગામની બહાર ઉતારો કરાવ્યો હતો. ૨૫.

શ્રીહરિ ખાંભડા ગામથી ચાલ્યા. નદીને ઊતર્યા. ચાલતા **સારંગપુર** ગામને નજીક આવ્યા. હવે હું તેનું વર્ણન કરું છું. ૨૬. ગામને દક્ષિણ પડખે સ્વચ્છ પાણી વાળી બે નદી છે. એક ધવળા(ધોળા) અને બીજી રંગવતી(ઉતાવળી). ૨૭. અનેક પ્રકારના વૃક્ષોને લીધે ઘણી જ શોભા જણાતી હતી. ગામની ચારે ફરતી દિશાઓમાં અપાર વાડીઓ હતી. ૨૮. શેરડીના વાઢ ઠેરઠેર પ્રસરેલા હતા. તેની શોભા તો વર્ણવી જાતી નથી. જેટલી જાતના સારા વૃક્ષો કહેવાય છે તે બધા ગામની ચારેબાજુ સોહામણા લાગતા હતા. ૨૯. મોર, પોપટ, મેના અને કોયલ આદિ પંખીઓ અતિશય સુમધુર શબ્દ કરી રહ્યા હતા અને તેનાથી ત્યાંની શોભા વિશેષરૂપમાં દેખાતી હતી. ૩૦. શ્રીહરિ પધાર્યા તેને દેખીને બધા પક્ષીઓ અત્યંત આનંદિત થઈ ગયા અને પોતપોતાની જાતિના શબ્દ કરીને વૃક્ષોના વનને ગજવી દીધું. મોર આગળ આવીને નૃત્ય કરવા લાગ્યા. ૩૧.

સારંગપુર ગામમાં જે હરિભક્તો રહેતા હતા તે બધા દોડીને શ્રીહરિની સન્મુખ આવ્યા. શ્રીહરિના ભક્તિરસથી રંગાયેલા દરબાર વાઘા ખાચર ઉમંગથી છત્રીસ પ્રકારનાં વાજિંત્ર લઈને સન્મુખ આવ્યા. ૩૨. તેઓ દંડવત્ પ્રણામ કરીને પગે લાગ્યા. તેમના મનમાં ઘણો ઉત્સાહ હતો કે 'શ્રીહરિને હાથીની અંબાડીમાં બેસાડીને ગામમાં પધરાવું.' પણ અત્યારે હાથી લાવવો ક્યાંથી ? ૩૩. વાઘા ખાચરના એ સંકલ્પને પૂરો કરવાને માટે દેવરાજ ઇંદ્ર હાથી લઈને હાજર થયા. ધોળા અને ઉતાવળી (ધવળા અને રંગવતી) બંને નદીઓ જ્યાં ભેળી થાય છે ત્યાં શ્રીહરિએ સ્નાન કર્યું. ૩૪. સર્વ સંતો અને સહુ દરબારો ત્યાં શ્રીહરિની સાથે નાહ્યા. ત્યાં મહાન ઉત્સવનું વાતાવરણ છવાઈ ગયું. ઘણીવાર સુધી ત્યાં જળક્રીડા કરી. દરબારોને ઘણો જ લાભ આપ્યો. ૩૫.

જે જરિયાની વસ્ત્ર હતાં તે બધા શ્રીહરિએ પહેરી લીધાં. ઇંદ્રે આવીને હેતથી પ્રાર્થના કરી. 'આપ પધારો અને હાથી ઉપર વિરાજો.' ૩૬. હું દરબારનો ચાકર છું. મારો આ જન્મ સફળ થયો છે. હાથીનું ભાગ્ય પણ અપાર હશે કે આપ આ સમયે આવીને તેના ઉપર સવારી કરો. ૩૭. શ્રીહરિ તેની પ્રાર્થના સાંભળીને આવ્યા અને હાથી ઉપર બેઠા. સુંદર સોનાની અંબાડી

અનુપમ શોભાથી છવાઈ ગઈ હતી. ૩૮. શ્રીહરિએ વાઘા ખાચરને હેતથી બોલાવ્યા અને ચામર કરવા માટે પોતાની પાછળ બેસાડ્યા. ૩૯. ચોપદાર હાથમાં સોનાની છડી લઈને જય જયકારનો ધ્વનિ કરતો હતો. અપાર ઘોડાઓની સાથે એ હાથીની સવારી સોહામણી બની હતી. ૪૦. પુરના દરવાજા પાસે આવ્યા ત્યારે અપાર વાજિંત્ર વાગતાં હતાં. સંતો ઝાંઝ અને મૃદંગ લઈને કીર્તન ગાતા હતા. ૪૧. સ્વયં મુક્તાનંદસ્વામીએ પોતાની કમરે મૃદંગ બાંધી લીધું હતું. પ્રથમ મુક્તાનંદસ્વામી કીર્તન ગાતા અને બ્રહ્માનંદ સ્વામી આદિ બધા સંતો તે કીર્તનને ઝીલતા હતા. ૪૨. કેટલાક ભક્તો હાથમાં કરતાલ લઈ તાલ મિલાવતા હતા, કેટલાક ભક્તો પગમાં ઘૂંઘરું બાંધીને નૃત્ય કરતા હતા. મોટા ત્રંબાળું (નગારા)નો શબ્દ તો એટલે ઊંચેથી થતો હતો કે તેનાથી આકાશ બધું ભરાઈ જતું હતું. ૪૩.

બધા દેવતાઓ તે ત્રંબાળુંના અવાજને સાંભળીને પોત-પોતાના વિમાનમાં બેસીને આવ્યા. તે સમયે ભવ અને બ્રહ્મા આદિ અપાર દેવતાઓ આવ્યા. તેનાથી આખું આકાશ છવાઈ ગયું હતું. ૪૪. તે બધા વાજિંત્ર લઈને આવ્યા હતા. એટલે હેતથી - ઉત્સાહથી તેને વગાડવા લાગ્યા. સુગંધી ચંદન વરસાવ્યું અને ફૂલોની તો ઝડી વરસાવી દીધી. ૪૫. ગામનો કોટ ઘણો સોહામણો હતો. તેને ચિત્ર વિચિત્ર રીતે શણગાર્યો હતો. કોટની દક્ષિણ દિશામાં અને પૂર્વ દિશામાં રહેલા બંને દરવાજાની શોભા અનંત હતી. ૪૬. દરવાજાના બારણા વજ્ર જેવા મજબૂત હતા. તેની શોભા પણ અદ્‌ભુત હતી. જ્યારે ભગવાન શ્રીહરિ ત્યાં પધાર્યા ત્યારે ઊંચે જરિયાની નિશાનો ફરકી રહ્યા હતા. ૪૭.

દરવાજાની ઉપર સોનાના કળશ શોભતા હતા તેને જોઈને બધા લોકોના મન તેમાં મોહાઈ જતા હતા. ગામના બધા લોકો અને હરિભક્તો આજે ઘણા જ ઉત્સાહમાં હતા. ૪૮. બધી બજારોને વળાવીને સ્વચ્છ કરાવી હતી અને પછી તેમાં ફૂલ પથરાવી દીધાં હતાં. બજારમાં જે ઘર હતા તેના દરવાજાઓ ઉપર મોતીના તોરણ બંધાવી દીધાં હતાં. ૪૯. ધજાઓ, પતાકાઓ અને કેળના પાન એનાથી બધી શોભા કરી હતી. હરેક દરવાજામાં સોનાના કળશ મૂક્યા હતા. ૫૦. શ્રીહરિ જ્યારે ગામમાં પધાર્યા ત્યારે ત્યાં ઘણી જ ભીડ થઈ.

તે સમયે બંદૂકોના ખૂબ જ જોરદાર અવાજ થવા લાગ્યા. ૫૧. શ્રીહરિનાં દર્શન થવાથી ગામના લોકોને ખૂબ જ આનંદ થયો. અને શ્રીસહજાનંદસ્વામી પણ સહુના ઉપર અમૃતમય દૃષ્ટિ કરીને તેમને જોઈ રહ્યા હતા. ૫૨. હરેક દરવાજે ઊભેલી અપાર સ્ત્રીઓ મંગળમય ગીતો ગાતી હતી અને ઘનશ્યામ શ્રીહરિના મસ્તક ઉપર સોનાના ફૂલોની વૃષ્ટિ કરતી હતી. ૫૩. દરબાર જીવા ખાચરના દરબારગઢમાં જ્યાં ઘણા સારા ભવન હતા ત્યાં શ્રીહરિ કરુણા કરીને પધાર્યા. ૫૪.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પુરમાં "શ્રીહરિએ ખાંભડામાં કલ્યાણકારી વાતો કરી અને પછી સારંગપુરમાં જીવા ખાચરના દરબારમાં પધાર્યા' એ નામે ઓગણચાલીસમો તરંગ સમાપ્ત ॥૩૯॥



પૂર ચોથું : તરંગ - ૪૦

જીવુબાએ સારંગપુરમાં શ્રીહરિ આગળ પોતાનું વૃત્તાંત કહ્યું

દરબાર જીવા ખાચરના ઉત્તરાદાબારના ઊંચી ઊભણીવાળા ભવન હતા. તેની વિશાળ ઓસરી હતી. તેમાં ચઢવાના પગથિયા મણિ જડિત હતા. ૧. તેમાં સુંદર થાંભલા બધા સોનેરી હતા. તેની શોભાનો તો કોઈ પાર ન હતો. તે વખતે એક સોનેરી પલંગ લાવીને બિછાવી દીધો. ૨. શ્રીહરિ હાથી ઉપરથી ઊતર્યા. જેના ઉપર મખમલના ગાદી તકિયા બિછાવેલા હતા તે પલંગ ઉપર આવીને શ્રીહરિ બેઠા. ૩. સંતો અને દરબારો બધા આવવાથી સભા થઈ. તે સભા ઘણી દિવ્ય હતી. તેનું વર્ણન કરી શકાતું નથી. ૪. તે ભવનની આગળના ભાગમાં એક ચોક હતો. તેમાં સુંદર મંડપ બાંધી દીધો. શ્રીહરિ પધાર્યા એટલે તેની ઘણી ભારે શોભા કરી. ૫. મંડપના જેટલા સ્તંભ હતા તે બધાને સોનેરી રંગથી રંગી દીધા. વિચિત્ર ભાતીગળ ઉલેચ બાંધ્યા. તેની અદ્ભુત શોભા કહી શકાતી નથી. ૬. તે મંડપના દરેક ખંડમાં એક એક કાચના ઝાડ લટકાવી દીધા. તે વેળાએ અપાર ગાલીચા મંગાવીને મંડપમાં

બિછાવી દીધા. ૭. સંતોના નિવાસ માટે એક ત્રણ માળવાળું અનુપમ અને શોભાયમાન મંદિર બનાવ્યું હતું. ત્યાં શ્રીહરિ ચોંપથી પધાર્યા. ૮.

તે મંદિરના દ્વાર પાસે **સંતોની વિનંતિથી મહાન સિદ્ધ અને આખુંય જગત જેની પ્રશંસા કરે છે એવા સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામીએ મહાવીર હનુમાનજી પધરાવ્યા હતા.** ૯. સંતોના મંદિરમાં સંતોને ઉતાર્યા. મંદિરના ચોકમાં પણ સહુ સમાઈ ગયા. ગામની વચ્ચે જે ચોરો છે ત્યાં પણ કેટલાક સંતોએ ઉતારો કર્યો. ૧૦. ગામમાં ઘેરઘેર દરબારોના ઉતારા અપાવ્યા. આવી રીતે સહુનું સન્માન કરવામાં આવ્યું.

બોટાદ ગામના જે શ્રેષ્ઠ બ્રાહ્મણ સત્સંગી કહેવાતા હતા. ૧૧. તેઓ શ્રીહરિનાં દર્શન કરવા માટે સારંગપુર આવ્યા હતા. શ્રીહરિએ તેમની પાસે રસોઈ રંધાવી. મુકુંદાનંદ અને જયાનંદ એ બે વર્ણીઓએ શ્રીહરિને માટે રસોઈ બનાવી. ૧૨. જ્યારે રસોઈ તૈયાર થઈ ગઈ ત્યારે વર્ણી શ્રીહરિને બોલાવવા આવ્યા. શ્રીહરિ પણ તરત જ ત્યાંથી ઊઠ્યા અને પહેરેલા વસ્ત્ર બદલી નાખ્યા. ૧૩. ભક્તોના ઉપર કૃપા કરનારા શ્રીહરિએ પીતાંબર પહેર્યું, જરિયાની શાલ ઓઢી અને ચરણોમાં ચાખડીઓ પહેરી. ૧૪. જ્યાં રસોઈ બનાવી હતી ત્યાં શ્રીહરિ પધાર્યા. પાણીથી ચરણ ધોયા અને સારા બાજોઠ ઉપર બેઠા. ૧૫. હાથ ધોઈને રૂમાલથી લૂછ્યા. પછી જેટલા ભોજન બનાવ્યા હતા તે ભરીને થાળ લાવ્યા. ૧૬. પીવાનું પાણી ભરવા માટેનો એક લોટો અને એક અબખોરો ચાંદીનો બનાવીને ગઢપુરથી જીવુબા લાવ્યા હતા. ૧૭. તેમજ એક મોટો સોનાનો થાળ બનાવીને લાડુબા તે વખતે લાવ્યા હતા.

રાજબાઈ સોનાની ઊતરી બનાવડાવીને લાવ્યા હતા, તે શ્રીહરિને પહેરાવી. ૧૮. અમુલાબાઈ અને અમરબાઈ સોનાનાં કડાં કરાવીને લાવ્યા હતા તે શ્રીહરિને ઘણા જ હેતથી પહેરાવ્યા. શ્રીહરિએ સહુની કુશળતા પૂછી. ૧૯. શ્રીહરિએ તેમને દરબાર એભલ ખાચર અને જીવા ખાચરના ખાસ કરીને સમાચાર પૂછ્યા કે, "તેમને સત્સંગ ઉપર પ્રેમભાવ કેવો છે ? જેવી ભાવના હોય તેવી વાત કહો. ૨૦. તમે સહુ પોતપોતાના ઘરની વાત કહો. તમને બધાને સત્સંગ તો હજી હમણાં જ થયો છે. તમારા બધા જે ભાઈઓ છે

તેમણે પણ સત્સંગ તો સ્વીકાર્યો જ છે. ૨૧. તમારા બીજા બધા કુટુંબે પણ સત્સંગ તો ધાર્યો જ છે. તે સહુને સંતોના ઉપર અને અમારા ઉપર ભાવના કેવી છે ? તે બધી વાત કહો. અમને આનંદ થશે." ૨૨.

ત્યારે પહેલા જીવુબા (મોટીબા) બોલ્યા, "મહારાજ ! સહુએ 'જય નારાયણ' કહેવડાવ્યા છે. **જ્યારથી આપનાં દર્શન સહુને થયા છે ત્યારથી બધાના જીવ અલૌકિક (દિવ્ય) હોય, તેવા થઈ ગયા છે. ૨૩. તેઓ નિત્ય આપને સંભારે છે અને રાતદિન 'સ્વામિનારાયણ..સ્વામિનારાયણ..' એમ આપનું નામ લે છે. બધા કુસંગીઓનો સંપર્ક છોડી દીધો છે અને એકમાત્ર આપના ચરણોમાં ચિત્ત રાખે છે.** ૨૪. આપનાં ચરણના સોળે ચિહ્નોને વારંવાર ચિંતવે છે અને આપના નખશિખ અંગોને ધ્યાનમાં નિરખતા તો તેમની આંખોમાંથી આંસુઓની ધાર વહેવા લાગે છે. ૨૫. તેમણે રાજ્યના કામકાજની બધી વાતોને તો તજી દીધી છે. અમારા પિતા એભલ ખાચર તો આપની મૂર્તિમાં જ અખંડ લીન રહે છે. ૨૬.

सोरठा : हमकुं कहत नित्य बात, अपनो नहिं घरबार ईहाँ;
अक्षरधाम कहात, तिहाँ साचो हे सुख महा...२७
आज काल कोइ दिन, तिहाँ जानो हे निश्चे अबे;
इहाँके सुख छोर दिन, साचे सुख लिनो हे तेहि...२८

અમને તો રોજ એવી વાત કહે છે કે, "હવે અહીંયાં ઘરબાર કાંઈ આપણું નથી. આપણું ઘર તો અક્ષરધામ છે અને ત્યાં જ સાચું મહાન સુખ છે. ૨૭. હવે તો આજકાલમાં કોઈક દિવસ અક્ષરધામમાં જવાનું જ છે. આ લોકના સુખને છોડી દીધું છે. અને ધામના સાચા સુખને લેવું છે. ૨૮. તમે જેટલી મારી દીકરીઓ છો, તે બધાને હું અક્ષરધામમાં દેખું છું. ત્યાં અત્યારે પણ હું તમને મહા દિવ્ય આકારમાં જ દેખું છું. ૨૯. જે દિવસે શ્રીહરિના મને દર્શન થયાં છે તે દિવસથી હું અક્ષરધામને દેખું છું અને મારા અંતઃકરણના બધા જ અંતરાય-વિઘ્નો ટળી ગયા છે. ૩૦.

અક્ષરધામમાં વિશાળ મોટા મહેલો છે. શ્રીહરિ તેમાં દિવ્ય સ્વરૂપે વિરાજે છે. તેમની વિશેષ સેવા કરવા માટે તમે રાધા અને લક્ષ્મીના સ્વરૂપે

રહ્યા છો. ૩૧. અહીંયાં તો મનુષ્યભાવે દેખાવ છો, પણ ધામમાં તો અલૌકિક રીતે રહ્યા છો. રાજબાઈ અને અમૂલાબાઈ પણ ધામમાં દિવ્યરૂપે રહ્યા છે. ૩૨. ત્યાં સહુના અલગ અલગ મહાદિવ્ય અને અપાર મહેલ છે. દરેકમાં કરોડો કામની છબીને શરમાવે તેવા શ્રીહરિ વિરાજમાન છે. ૩૩. તેમાં કરોડો વીજળીના કરતાં પણ અધિક ચમકતા નંગજડિત દિવ્ય સિંહાસન શોભે છે. સુખદાયક ઘનશ્યામ શ્રીહરિ અનંત શોભાને ધારીને બેઠા છે. તેનું વર્ણન કરી શકાતું નથી. ૩૪. હું સતત દેખું છું કે દિવ્ય ભોજનના થાળ ભરી ભરીને તમે સહુ શ્રીહરિને જમાડો છો. કેસર મિશ્રિત ચંદન અને અત્તર શ્રીહરિને અંગે ચર્ચો છો, ચોળો છો. ૩૫. ત્યાં હૃદયમાં લેશમાત્ર પણ વિષયની ભાવના નથી. બધા સૂર્યના જેવા નિર્મળ-ઉજ્જ્વળ છે. માતા-પિતા અને બંધુજનો કરતાં પણ અધિક નિત્ય નવો સ્નેહ ઘડીએ ઘડીએ છવાયેલો રહે છે. ૩૬. પ્રેમરસના પ્રવાહનો તો ત્યાં કોઈ પાર જ નથી, તે મહાસાગરની જેમ છવાઈ રહે છે. તમારા ભાગ્ય અપાર છે. તમારા ધન્ય ભાગ્ય છે. ૩૭.

જેને જેવી ભાવના હોય તેને તેવું સુખ શ્રીહરિ આપે છે. વિષયી જીવ તો અક્ષરધામમાં પહોંચતો નથી. તે તો જમપુરીના દુઃખને પામે છે. ૩૮. શ્રીહરિની આ લોકની રીત જુદી છે અને ધામની રીત પણ ઘણી જુદી છે. આવો કોઈ અવતાર થયો નથી. તેને હું નિશ્ચિત સમજું છું. ૩૯. મીરાંબાઈ જેવા ભક્ત થયા હતા તેવા જ તમે બધા છો. હવે આ વાત હું જ કહું છું. 'દુનિયા જખ મારે' ૪૦. સદાને માટે જગતનો માર્ગ ઊંધો છે, જગતના લોકો સત્પુરુષને માનતા નથી. અસત્ય પુરુષને અસત્ય(મિથ્યા) જગતમાં સત્યપણાની ભાવના થાય છે. ૪૧. અસત્ય પુરુષો સત્પુરુષનો દ્રોહ કરે છે અને તેના હૃદયમાં મોહરૂપ પાપ રહ્યું હોય છે. આ જગત અનાદિકાળથી એવું જ છે. તેને કાળરૂપી અજગર ગળી જાય છે. ૪૨.

⁕ વિષયની મજા મોતની સજા છે :

चोपाई :

उँधे मग नहीं अपने चलना, काल मुख से अब निकलना;
तुछ पति को करो अब त्यागा, एसो फेर न आवे लागा...४३

तुमकुं होय बल महा भारी, करना बात सो मन विचारी;
लंछन कबहु न आवे लेशा, युँ मनकुं देना उपदेशा...४४

આપણે અવળે માર્ગે ચાલવું નથી. હવે કાળના મુખથી નીકળી જવું છે. સંસારમાં રહેલા તુચ્છ પતિને હવે છોડી દો. હવે આવો લાગ (અવસર) ફરીને નહિ આવે. ૪૩. તમારા મનમાં સત્સંગનું ભારે બળ હોય તો તેની વાત મનમાં વિચારીને કરો. પોતાના જીવનમાં ક્યારેય લાંછન લાગે નહિ. આવો મનને ઉપદેશ કરવો. ૪૪.

जग में पुरुष कहावत जेता, जिय हि भोग किये हे तेता;
त्रिया जाती कहावत जेती, पुरुष ने भोगी हे तेती...४५

तोहु विषय न भयो अभावा, जमपुरी के बहु दुःख हि पावा;
तिमी चोरासी दुःख अनंता, वार वार हि जीय लहंता...४६

આ જગતમાં જેટલા પુરુષ છે તેને જીવે સ્ત્રીનો દેહ ધરી ધરીને ભોગવ્યા છે અને જેટલી સ્ત્રીઓ કહેવાય છે તેને આ જીવે પુરુષનો દેહ ધરી ધરીને ભોગવી છે. ૪૫. (ગ.પ્ર.૨૧) છતાં જીવને વિષયભોગનો અભાવ આવ્યો નથી. જમપુરીના દુઃખોને ઘણા જ ભોગવ્યા છે. તેમજ જીવે લખચોરાશીના પણ અનંત દુઃખોને વારંવાર ભોગવ્યા છે. ૪૬. **તોપણ જીવ ક્યારેય ભગવાનનું ભજન કરતો નથી. બધા જ મનુષ્યના જન્મોને નિરર્થક રીતે ખોયા છે. હવે તો ભગવાન રાજી થાય તેમ કરવું છે. તમે બુદ્ધિમાન છો એટલે મારી વાતને મનમાં ધારજો.** ૪૭. તમારા પતિને હું સમજાવીશ અને તેમને હું બીજી સ્ત્રી પરણાવી દઈશ. તમે સુખેથી પ્રગટ શ્રીહરિનું ભજન અને કીર્તન ગાઓ. તેમજ પ્રગટ શ્રીહરિનું ધ્યાન ધરો. ૪૮.

પ્રગટ શ્રીહરિની માનસીપૂજા કરો. રોજ થાળ ધરાવો. ઘણા જ પ્રેમથી કેસર મિશ્રિત ચંદનની અર્ચા કરો. ૪૯. પ્રેમથી ફૂલની શય્યા કરી તેમાં શ્રીહરિને પધરાવો, હેતથી આરતી ઉતારો અને પંખાથી પવન નાખો. ૫૦. સુગંધી અને શીતળ જળ શ્રીહરિને પાઓ. રાત-દિવસ શ્રીહરિની સેવામાં તત્પર રહીને ધ્યાન કરતાં રહો." ૫૧. પિતાજીના આવા વચન સાંભળીને મનમાં ઘણું બળ આવ્યું. જેમ સર્પ પોતાના શરીર ઉપરની કાંચળીને કાઢી નાખે

છે તેમ અમે સંસારના સંબંધને તોડી નાખ્યો છે. ૫૨. મારા સંસાર ત્યાગને દેખીને રાજબાઈએ પણ તત્કાળ નિજપતિ - ઘુઘરાળાના રામ જેબલિયાને ભયાનક રૂપ દેખાડીને સંસારના લેખને તોડી નાખ્યો છે. ૫૩.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'સારંગપુર પધારેલા શ્રીહરિ આગળ જીવુબાએ નિજ પિતાએ કહેલી વાત કરી.' એ નામે ચાલીસમો તરંગ સમાપ્ત ॥૪૦॥



પૂર ચોથું : તરંગ - ૪૧

શ્રીહરિએ નિષ્કામણીપણું કહ્યું, જીવા ખાચરે પૂજા કરી અને જમવા માટે સંતોની પંગત થઈ

ગઢપુરના જીવુબા (મોટીબા)ના વચન સાંભળીને દયાળુ શ્રીહરિએ તત્કાળ મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી અને ગોપાલાનંદ સ્વામી એ સહુને પોતાની પાસે બોલાવ્યા અને તેમને જીવુબાએ કહેલી આશ્ચર્યકારી બધી વાત કહી. ૧-૨. કૃપાળુ શ્રીહરિએ કરુણા કરીને તે સંતોના પ્રત્યે જીવુબાએ જે વાત કહી તે બધી કહી સંભળાવી. ૩. હવે આપણે શી વાત કહેવી ? તેમણે તો પિતાના વચનને સાંભળીને મીરાંબાઈના જીવનનું લક્ષ્ય રાખ્યું છે. અને પતિનો ત્યાગ કરી દીધો છે. ૪.

મીરાંબાઈ જોધપુરના હતા અને ઉદેપુરમાં તેમને પરણાવ્યા હતા. કહેવાય છે કે તેમને રામાનંદ આચાર્ય વૈષ્ણવનો યોગ થયો હતો અને તેમણે મીરાંબાઈને ગિરિધર(શ્રીકૃષ્ણ)ની શરણાગતિ આપી હતી. ૫. આથી મીરાંબાઈ ગિરિધર શ્રીકૃષ્ણના જ ઘણા ગુણ ગાવા લાગ્યા. ત્યારે તેના પતિ રાણાએ કૃષ્ણભક્તિ કરવાથી રોક્યા. પણ તેને મીરાંએ માન્યું નહિ. પણ ભગવાનમાં તલ્લીન થઈ ગયા. ૬. ત્યારે રાણાએ તેને ઝેર પાયું, પણ તેમાં ગિરિધર કૃષ્ણે તેની સહાય કરી અર્થાત્ રક્ષા કરી. રાણાએ મીરાંને મારવાના બહુ ઉપાય કર્યા, પણ બધી વખતે ગિરિધર શ્રીકૃષ્ણ તેના મદદગાર થયા. ૭. રાણાએ જ્યારે તેનો ત્યાગ કર્યો ત્યારે પણ મીરાં ડર્યા નહિ. કહેવાય છે

કે તેઓ કાશી ગયા અને રામાનંદ આચાર્યની પાસે છાની રીતે રહ્યા હતા. ૮. તે મીરાંને તો અનંત ઉપાધિઓ થઈ હતી. હવે તમે સહુ સંતો આ અંગે વિચાર કરીને કહો.

ત્યારે સહુ સંતોએ કહ્યું 'સ્ત્રી પતિનો ત્યાગ કરે એવો ઉપદેશ આપણે કરવો નહિ. ૯. માતા પિતા સત્સંગ સભામાં આવીને જે ઉપદેશ સાંભળે, તે જ ઉપદેશ માતા પિતા પોતાના પુત્રને અને પુત્રીને કરે. સ્ત્રીના પિયરિયા જે સત્સંગી હોય તો તે સ્ત્રીઓને ઉપદેશ કરે. ૧૦. આમ કરવામાં આવે તો આપણો દોષ કોઈ કહે નહિ. અમને તો આ બાબતમાં આવું સૂઝે છે. પછી આપ તો અંતર્યામી છો. માટે સ્વામી, યથાર્થ વાતને તો આપ જ જાણો છો.'૧૧.

કરુણારસથી ભરેલા શ્રીહરિ તે સમયે બોલ્યા, જે પુરુષને પોતાના મનમાં સ્ત્રીનો અત્યંત અભાવ હોય અને જે સ્ત્રીને પોતાના મનમાં પુરુષની ચાહના (વાસના) તદ્દન ન હોય, અને તે સ્ત્રી કે પુરુષ ગોપીઓના જેવા જો ભક્ત હોય, તો તેઓ શ્રેષ્ઠ ભક્ત છે. તેના જેવો બીજો કોઈ ભક્ત ગણાય નહિ. છતાં પણ જો તેઓ નિષ્કામવ્રતને પાળતા હોય તો તે નિષ્કામભક્ત સર્વશ્રેષ્ઠ ભક્ત કહેવાય. ૧૨-૧૩. જેને નિષ્કામવ્રત રાખવાની ઇચ્છા હોય તો તેણે ઘણી જાતના આકરા નિયમ રાખવા પડે. ૧૪. રોગી મનુષ્ય ઔષધ ખાય છે. પરંતુ તેનાથી અધિક કરી પાળવી તે છે. એમ રોગી વિચાર કરીને કરી પાળવામાં શ્રદ્ધા રાખે છે. માટે રોગી હોય તેણે નક્કી અધિક શ્રદ્ધા રાખવી જોઈએ. ૧૫. **તેમ જ જેને નિષ્કામવ્રત પાળવું હોય તેને પોતાના દેહને અનિત્ય ગણવો જોઈએ. રાતદિન દેહદમન કરવું જોઈએ અને પોતાના આત્માને અચ્છેદ્ય, અભેદ્ય, નિત્ય અને અમર માનવો જોઈએ; તો જ તેનો વિજય થાય છે.** ૧૬.

શરીરમાં જેટલો રસ જાય તેટલો કામરૂપી શત્રુ મનમાં સ્ફુરી આવે છે. તે રસ પાંચ પ્રકારના કહેવાય છે અને તે બધામાં કામ રહેતો હોય છે. ૧૭. એટલા માટે આહારનો સંકોચ કરે, આહાર ઓછો લે ત્યારે જ નિષ્કામવ્રત પાર પડે છે. વગર વિચારે કોઈ રસ લે નહિ અને મોટા ભગવાનના ભક્તોની સેવા-સમાગમ કરે. ૧૮. ઉચ્ચકોટિના ભગવાનના ભક્તો તો

નૌકા સમાન છે. એટલે માન છોડીને તેમની સેવા કરવી જોઈએ. **જેને જેટલું પોતાનું ધાર્યું કરવાનો આગ્રહ રહે, તેને તેટલું માન છે એમ માનવું. ૧૯. સળગતા અગ્નિમાં પેસવું સહેલું છે પણ નિર્માની થવું તે ઘણું કઠણ છે. જે મનુષ્ય પોતાનાં મનમાં ક્યારેય માન આવવા ન દે તો તેને આત્મવેત્તા મનુષ્ય જાણવો.** ૨૦. કહેવામાત્રના તો આત્મવેત્તા ઘણા હોય પણ સરલ સ્વભાવના તો કોઈક જ મળે. મોટા યોગીઓ તો બીજા ઘણા થયા છે પણ સરલ સ્વભાવવાળા તો એક જડભરત હતા. ૨૧. અમે જ્યારે જડભરતને સંભારીએ છીએ ત્યારે અમારી આંખોમાં આંસુ આવી જાય છે. પ્રહ્લાદજી, બલી અને પ્રિયવ્રતને જ્યારે યાદ કરીએ છીએ ત્યારે અમારાં દિલમાં તેની ખુમારી (મસ્તી) આવી જાય છે. ૨૨.

શુકદેવજી અને સનકાદિકો તો મહાન ભાગ્યશાળી હતા. કપિલ અને દત્તાત્રેય તો ભગવાનના ચરણોમાં પ્રેમ રાખતા અને નરનારાયણ ઋષિ તો ઋષિઓના ધર્મને શિખવવા માટે બદરીની નીચે તપ કરી રહ્યા છે. તેઓ મહાન નૈષ્ઠિકવ્રતને પાળે છે. તેમના ત્યાગના જેવી અમારી રુચિ છે. તમારે સંતોને તે રીત રાખવી. ૨૩-૨૪. અમે તો અમારાં મનમાં સત્સંગના હિતનો વિચાર કરીને વર્તીએ છીએ. તમારે સહુએ અમારી જેમ વર્તવું નહિ, પણ હું કહું તેમ વર્તવું. ૨૫.

આટલી વાત કર્યા પછી સર્વશિરોમણિ અને મહારાજાધિરાજ એવા શ્રીહરિ પૂરી અને દૂધપાક જમવા લાગ્યા. ૨૬. જે રસોઈ બનાવી હતી તે બધું રીત પ્રમાણે જમ્યા. શ્રીહરિ ભક્તોનું હિત કરવા માટે વખાણ કરી કરીને જમતા હતા. ૨૭. જમી રહ્યા પછી મુકુંદાનંદ વર્ણીએ ચળું કરાવ્યું. જળપાન કરીને પ્રસન્ન થયેલા શ્રીહરિએ રૂમાલથી હાથ લૂછ્યા. ૨૮. પ્રેમીભક્તે તજ, એલાયચી, લવીંગ અને સોપારી તૈયાર કરી રાખ્યા હતા, તેનો મુખવાસ શ્રીહરિએ લીધો. અને હરિભક્તોને થાળની બધી પ્રસાદી આપી. ૨૯. તત્કાળ દયાળુ શ્રીહરિએ ચરણોમાં ચાખડીઓ પહેરી. પછી આવીને પલંગ ઉપર બેઠા. મસ્તકે ગુલાબી રંગનો રેટો બાંધ્યો હતો. જરિયાની શાલ નિપુણતાથી ઓઢી હતી. ૩૦. લાલ રેટાથી બંને ઢીંચણ બાંધીને તકિયે બેઠા.

દરબાર જીવા ખાચર બહુ પ્રેમી ભક્ત હતા. શ્રીહરિની મૂર્તિમાં તેમને ઘણો સ્નેહ હતો. ૩૧. અમરા ખાચર અને વાઘા ખાચર નામે તેમના બે દીકરા હતા. તે બંને પણ પોતાના પિતાના જેવા જ સરલ સ્વભાવના અને ઉચ્ચ કોટીના હરિભક્ત હતા. ૩૨. રસોઈને થોડીવાર હતી એટલે તેઓ મળીને શ્રીહરિની પૂજા કરવા માટે આવ્યા. સોનાનાં થાળમાં પૂજાસામગ્રી ભરી હતી તે થાળ શ્રીહરિની આગળ મૂકી દીધો. ૩૩. પૂજા કરવાનો ક્રમ કે વિધિ કોઈ જાણતા નહિ તેથી તેઓ મનમાં સંકોચાયા અને હાથ જોડીને ઊભા રહ્યા. કેસરી ચંદનનો કટોરો ભર્યો હતો. ફૂલના ઘણા હાર પણ સાથે હતા. ૩૪. દૂધ ભરેલો લોટો હતો. હૃદયમાં હરખ સમાતો ન હતો. ત્યારે શ્રીહરિ થોડું હસીને બોલ્યા, શું પૂજાનો સામાન કાંઈ બાકી રહી ગયો છે ? ૩૫. અમરા ખાચરે કહ્યું, ના, કાંઈ બાકી રહી ગયું નથી. અમે બધો જ પૂજાનો સામાન લાવ્યા છીએ. પણ અમે પૂજાનો વિધિ કે ક્રમ જાણતા નથી. ૩૬. આપને નવડાવવા લોટો ભરીને દૂધ લાવ્યા છીએ. પણ આપ તો પલંગ ઉપર બેઠા છો. નવડાવવા કેમ ? ૩૭. ત્યારે શ્રીહરિ અને સંતો હસવા લાગ્યા. ત્રણમાંથી કોઈ પૂજાની વિધિ જાણતા ન હતા. ૩૮. ભગવાનના એકાંતિક ભક્ત એવા તે ત્રણે બોલવામાં સંકોચાતા હતા, તેથી તેમણે કોઈને કહ્યું પણ નહિ કે અમને પૂજા કરવાનો વિધિ શિખવાડો. ૩૯.

ભક્તવત્સલ શ્રીહરિએ જ પોતાના નિષ્પાપ ભક્તોને જોઈને તેમની ઉપર કરુણા કરી અને પછી પોતે જ બધો વિધિ કહેવા લાગ્યા. ૪૦. શ્રીહરિએ તેમને હરખથી કહ્યું, એક મોટો થાળ લાવો, ત્યારે વાઘા ખાચર જઈને થાળ લાવ્યા. શ્રીહરિએ તે થાળમાં પોતાના ચરણ મૂક્યા. ૪૧. પછી શ્રીહરિએ કહ્યું, પહેલા દૂધ લઈને હાથથી ચરણ ધુઓ, તે પછી જળથી ચરણ ધુઓ, રૂમાલ લઈને તેને લૂછો. ૪૨. ખભા ઉપરનો ખેસ અને પાઘને એક બાજુ મૂકી દો. પૂજા કરતી વેળાએ તે ન રાખવા. પહેલા કેસરચંદનથી કપાળમાં અર્ચા કરો. ૪૩. પછી બંને ચરણ ઉપર ચંદન ચરચો. કપાળમાં કુંકુમનો ચાંદલો કરો. ફૂલહાર પહેરાવો. ઉદારભાવથી જે વસ્ત્ર લાવ્યા છો તે ઓઢાડો. ૪૪. તે પછી ધીરે રહીને કપૂરથી આરતી પ્રકટાવીને ઉતારો. તે પછી સંતોની પૂજા

કરો. આવો પૂજાનો ક્રમ યાદ રાખો. ૪૫. શ્રીહરિએ જે વિધિ કહ્યો હતો તે રીતે તે દરબારોએ પૂજા કરી. ઘણો ભારે પોશાક, જે બધો સોનેરી લાવ્યા હતા તે શ્રીહરિને પહેરાવ્યો. ૪૬. બધા જ સંતોની પૂજા કરી અને પછી તેમણે શ્રીહરિની આરતી ઉતારી. બંનેએ હાથ જોડીને સ્તુતિ કરી. દરબારોનો પ્રેમભાવ કહી શકાતો નથી. ૪૭.

શ્રીહરિએ તે ભક્તોને નિષ્કપટ માન્યા. સુખદાયક ભગવાન શ્રીહરિએ આ રીતે ત્યાં આવીને પોતાની ઇચ્છાથી કેટલાએ ઉત્સવ કર્યા. છતાં તે ભક્તોની શ્રદ્ધા દિનપ્રતિદિન વધારે ને વધારે વધતી જ રહેતી. ૪૮. તે સમયે સંતો માટેની રસોઈ તૈયાર થઈ ગઈ. શિવા જોષી આગળ આવીને ઊંચે અવાજે 'વાસુદેવ હરે' બોલ્યા. ત્યારે બધા સંતો ઊઠ્યા. ૪૯. સંતોને રહેવાની જગ્યા વિશાળ હતી. બ્રાહ્મણોએ વિવિધ પ્રકારની રસોઈ પણ ત્યાં જ બનાવી હતી. ૫૦. સાકરના લાડુ બનાવીને પહેલા વિષ્ણુને તેનો થાળ જમાડ્યો. તે પછી સંતોને બોલાવ્યા અને ચોકમાં જ પંગત થઈ. ૫૧. પહેલાથી જ ત્યાં મંડપ બંધાવીને કેળના સ્તંભ રોપાવ્યા હતા. જાત જાતના રંગોથી આખા ચોકમાં રંગોળી પુરાવી હતી. ૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'સારંગપુરમાં નિષ્કામીપણું કહ્યું, જીવા ખાચરે પૂજા કરી અને સંતોને જમવાની પંગત થઈ' એ નામે એકતાલીશમો તરંગ સમાપ્ત ॥૪૧॥



પૂર ચોથું : તરંગ - ૪૨

શ્રીહરિએ સંત-હરિભક્તોને પીરસીને જમાડ્યા, બોટાદના ભગાદોશી વગેરે વેપારીઓ દર્શન કરવા આવ્યા

જેટલા સંતો જમવા બેઠા હતા, તેમની આગળ અગરબત્તીનો ધૂપ કર્યો હતો, જેનાથી ત્યાં સુગંધી વાતાવરણ ભર્યું રહે. ૧. તે સમયે શ્રીહરિ ત્યાં પધાર્યા. ચરણોને તળિયે કેસરી ચંદન ચરચ્યું હતું અને ચાખડીઓ પહેરી હતી તેથી ચરણ લપસતા હોય તેમ જણાતું હતું. ૨.

✵ મૂર્તિ વર્ણન :

ઘણી સારી સોનાની ઊતરી અને મોતીના હાર છાતી ઉપર કંઠમાં પહેર્યા હતા. કાનોમાં મકરાકાર કુંડળ અને ભુજાઓ ઉપર બાજુબંધ ધારણ કર્યા હતા. ૩. ડાબા હાથમાં જડાઉ મોતીની છડી ધારણ કરી હતી. સોનેરી બુટ્ટાદાર શાલ જનોઈની જેમ ત્રાંસી ડાબે ખભે ઓઢી હતી. ૪. બંને હાથના કાંડામાં સોનાના કડાં, પહોંચી અને સાંકળા પહેર્યા હતા. હાથની બધી જ આંગળીઓમાં સોનાની સુંદર વીંટીઓ શોભતી હતી. ૫. પટ્ટીદાર સોનાના કંદોરામાં અપાર સરસ ઘૂઘરીઓ જડી હતી અને કમરે નવીન પીતાંબર ધોતીને પહેરીને તેના ઉપર તે કંદોરો બાંધ્યો હતો. ૬. સોનાના સુંદર સોહામણા ઝાંઝર બંને ચરણોમાં પહેર્યાં હતા. સુંદર લટકતી મરોડદાર ચાલથી ઝાંઝરના અપાર ઝણકારા થતા હતા. ૭. હાથમાં સોનાની છડી લઈને ચોપદાર નેકી પોકારતો હતો. મસ્તક ઉપર જરિયાની છત્ર વિરાજતું હતું અને તેના ઉપર સુંદર સુવર્ણ કળશ હતો. ૮.

વિચિત્ર અને અપાર બુટ્ટાદાર જરકસી પાઘ મસ્તક ઉપર બાંધી હતી. બંને બાજુએ મોતીના તોરા લટકતા હતા. ચિત્તાકર્ષણ કરતો શિરપેચ પાઘ ઉપર બાંધ્યો હતો. ૯. લલાટમાં કેસરી ચંદનની અર્ચા કરી હતી. તેનાથી અત્યંત શોભા ધારી હતી. બજારમાં અપાર લોકો આવતા હતા તેની પારાવાર ભીડ થઈ હતી. ૧૦. ભક્તજનો વારંવાર “જય જય” નો ઊંચેથી ઉચ્ચાર કરતા હતા. શ્રીહરિએ અદ્‌ભુતરૂપ ધારણ કર્યું હતું. સંતો મધુર સ્વરે ‘નારાયણ ધૂન’ બોલતા હતા. ૧૧.

તે વેળાએ શ્રીહરિ ત્યાં સંતોને પંગતમાં પીરસવા માટે પધાર્યા. દરવાજામાં આવતા જ તત્કાળ દયાળુ હનુમાનજીએ દર્શન દીધાં. ૧૨. મહાવીર હનુમાનજીને દેખીને શ્રીહરિ ઘણા રાજી થયા. હસતે મુખે પોતાનો જમણો હાથ હનુમાનજીના બધા અંગો ઉપર ફેરવ્યો. ૧૩. તે પછી શ્રીહરિ સંતોની વચ્ચે પધાર્યા અને ખુરશી ઉપર બેઠા. મંદિરની શોભા જોઈને શ્રીહરિને ઘણો જ આનંદ થયો. ૧૪. મંદિરની આગળ કરેલા મંડપની સુંદર જે બાંધણી હતી તેને પણ દેખી.

તે વખતે શ્રીહરિ બોલ્યા, પીરસવા માટેના હવે લાડુ લાવો. ૧૫. ત્યારે પહેલા શિવા જોષી લાડુનો થાળ ભરીને લાવ્યા. પછી મુનિ પણ તત્કાળ બે થાળ ભરીને લાવ્યા. ૧૬. દયાળુ શ્રીહરિએ પોતાની કમર ઉપર રૂમાલ બાંધ્યો, પીરસવા તૈયાર થયા. ગોપાળાનંદસ્વામી શ્રીહરિની પાસે જ બેઠા હતા. અવિનાશીએ ત્યાંથી જ પીરસવાનું શરૂ કર્યું. ૧૭. મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામીને લાડુ પીરસ્યા પછી નિત્યાનંદસ્વામીને અત્યંત હેતથી લાડુ પીરસ્યા. ૧૮. નિત્યાનંદસ્વામી તથા નિષ્કુળાનંદસ્વામી એ બંને દોઢ દિવસ ચાલીને જેતલપુરથી હજારીગલના ફૂલની ભરેલી એક એક છાબ લઈને આવ્યા હતા. ૧૯. ચાલવાનો પરિશ્રમ કરીને આવેલા તે સંતોએ ફૂલહાર શ્રીહરિને પહેરાવ્યા. નિષ્કુળાનંદસ્વામી તો અતિ વૈરાગ્યવાન હતા. છતાં તેમને અતિશય હેતથી પીરસ્યું. ૨૦. બધા જ સંતોને પ્રેમથી પીરસતા હતા. જેમાં જે ગુણ હોય તેવો શબ્દ બોલતા અને મરક મરક હસીને સંતોના ઉપર પ્રસન્નતા પ્રકટ કરતા. ૨૧.

શ્રીહરિ ખૂબ જ ઉમંગ રાખીને બંને પંક્તિમાં એક સાથે પીરસતા હતા. મર્મ વચન કહીને કેટલાકને હસાવતા અને કેટલાકને પૂર્વાપરની વાત યાદ કરાવીને પીરસતા હતા. ૨૨. તે વખતે કૃષ્ણજી, અજરામર, ગોવિંદજી અને જેઠાભાઈ તરવાડી એ બધા લાડુના થાળ ભરીને લાવ્યા, પણ શ્રીહરિએ તે બધા તુરંત જ પીરસી દીધા. ૨૩. નરસિંહ મહેતા, આણંદજી, રામજી, રઘુનાથ વગેરે વિપ્રો કેટલાકના નામ કહું. એ બધાના નામ પણ મોઢે આવડતા નથી. ૨૪. સૌ વિપ્રો લાડુના થાળ ભરી ભરીને લાવે અને શ્રીહરિ પ્રેમભાવથી પીરસી દે. માંચા ખાચર આદિ દરબારોને મનમાં ઘણો જ આનંદ-ઉત્સાહ વધતો હતો. ૨૫.

બોટાદ શહેરના ગામધણી દરબાર હમીર ખાચર પોતાના પરિવારે સહિત ત્યાં આવતા રહ્યા હતા. ૨૬. તેઓ પોતાની સાથે ઘણા ઘોડે સવારને પણ ઘણા જ પ્રેમથી લાવ્યા હતા. તેઓ જ્યારે આવ્યા ત્યારે શ્રીહરિ થોડાં પગલાં તેમની સામે ચાલ્યાં. ૨૭ હમીર ખાચર આવીને શ્રીહરિના પગમાં પડ્યા. શ્રીહરિએ તેમના હાથ પકડીને ઉઠાડ્યા. પછી તુરંત તેમને પણ ત્યાં

જમવા માટે બેસાડી દીધા. ૨૮. શ્રીહરિએ આવીને તેમને પણ હરખથી બબ્બે લાડુ આપ્યા. પછી શ્રીહરિ સંતોની પંગતમાં આવીને પીરસવા લાગ્યા. ભાવ જોઈને વગર માગે આપવા લાગ્યા. ૨૯. બધા જ સંતો લાડુ જમતા હતા ત્યારે 'સ્વામિનારાયણ' 'સ્વામિનારાયણ' એમ બોલતા હતા. હૃદયમાં સુંદરશ્યામ શ્રીહરિને સંભારીને કોળિયે કોળિયે 'સ્વામિનારાયણ' આવું નામ બોલતા હતા. ૩૦.

સંતો એક વખત જ જમતા હતા. ફરીવાર જમવાની પરવા રાખતા નહિ. શ્રીહરિના પ્રસાદીરૂપ પીરસણના ઉપર જળ છાંટીને જમતા હતા. ૩૧. આખી પંગત જમી રહે તેની રાહ જોતા. બધા એક સાથે હાથ ધોતા. કોઈ આગળ પાછળ ઊઠતા નહિ. સહુ એકબીજાની મર્યાદા જાળવતા હતા. ૩૨. જ્યાં સુધી સંતો જમતા રહ્યા ત્યાં સુધી શ્રીહરિ અતિ ઉમંગથી પીરસવા પંગતમાં ફરતા રહ્યા. પછી બંને હાથ જળથી ધોયા અને રૂમાલથી લૂછ્યાં. ૩૩. શ્રીહરિએ ચરણ પણ ધોયા અને ચાખડીઓ પહેરી લીધી. ત્રણ માળનું જે મંદિર હતું, તેના રવેશ(ઝરૂખા)માં જઈને પ્રસન્ન મનથી વિરાજમાન થયા. ૩૪. નીચે બહાર ચોકના ભાગમાં લોકો દર્શન કરવા માટે આવીને બેઠા હતા. સંતોની સભા તો ઉપર ભરાઈ હતી. તેની શોભા તો ઘણી દિવ્ય હતી. ૩૫. અત્યંત પરમ આનંદમય શ્રીસહજાનંદસ્વામી ત્યાં ગાદી ઉપર બેઠા. તેમની પીઠ પાછળ ભારે મોટો તકિયો મૂક્યો હતો. શ્યામસુંદર શ્રીહરિની છબી ઘણી સુખકારી જણાતી હતી. ૩૬.

તે પછી શ્રીહરિએ સંતોને કીર્તન ગાવાની આજ્ઞા કરી. તેથી જે ગાનકળામાં નિપુણ સંતો હતા, તેઓ પોતાનાં વાજિંત્ર લઈ આવ્યા. ૩૭. પછી મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી અને પ્રેમાનંદસ્વામીએ ખૂબ જ સરસ રીતે સારંગ રાગના કીર્તન ગાયા. ૩૮. સંતો ગાતા હતા તેમની સાથે શ્રીહરિ પણ ઘેરા અને ગંભીર સાદથી ગાતા હતા. તેઓ એટલો સરસ સ્વર કરતા હતા કે જે સાંભળે તેને સંગીતનો મહાન આસ્વાદ આવતો હતો. ૩૯. જ્યારે શ્રીહરિ ગાન કરતા હોય ત્યારે તે સાંભળીને સમગ્ર ત્રિલોકી વિસ્મિત થઈ

જતી. કાને શ્રીહરિનો શબ્દ પડતાની સાથે જ બ્રહ્માદિ દેવો સત્વરે આવતા હતા. ૪૦. સંતોએ સારંગ રાગ ગાયો તેના પછી ધન્યાશ્રી રાગ ગાવા લાગ્યા. ત્યારે શ્રીહરિએ તુલસીદાસના પદ ગાવાની આજ્ઞા કરી. ૪૧. જેને રામ અને સીતા પ્રિય નથી તેમને કોટિ ગણા વૈરી જેવા જાણીને તજી દેવા. ભલેને તે પોતાના પરમ સગાસ્નેહી હોય; જુઓને પ્રહ્‌લાદે પોતાના પિતાને તજ્યો જ હતોને..!! ૪૨.

પદ-૧

જાકે પ્રિય ન રામ બૈદેહી; સોં છાંડિયે, કોટિ બૈરી સમ,
જદ્યપિ પરમ સનેહી...ટેક.
તજ્યો પિતા પ્રહ્‌લાદ બિભીષન, બંધુ ભરત મહતારી;
બલિ ગુરુ તજ્યો કંત વ્રજ, બનિતાનિ ભયે મુદમંગલકારી...૦૧
નાતે નેહ રામકે મનિયત, સુહૃદ સુસેબ્ય જહાં લૌં;
અંજન કહાં આંખિ જેહી ફૂટૈ, બહુતક કહેં કહાં લૌ...૦૨
તુલસી સો સબ ભ્રાંતિ પરમ હિત, પૂજ્ય પ્રાનતે પ્યારો;
જાસોં હોય સનેહ રામ પદ, એસો મતો હમારો...૦૩

પદ-૨

એહી કહ્યો સુનુ ! વેદ ચહું; શ્રી રઘુવીર ચરન ચિંતન,
તજી નાહિન ઠૌર કહું...ટેક
જાકે ચરન વિરંચિ સેઈ, સિધિ પાઈ શંકર હું;
શુક સનકાદિક મુક્ત વિચરત, તેઉ ભજન કરત અજ હું...૦૧
જદ્યપિ પરમ ચપલ શ્રી સંતત, થિર ન રહતી કત હું;
હરિ પદ પંકજ પાઈ અચલ ભઈ, કરમ-બચન-મન હું...૦૨
કરુણા સિંધુ ભગત ચિંતામનિ, શોભા સેવત હું;
ઔર સકલ સુર અસુર ઈસ, કાલ ખાયે ઉરગ છહું...૦૩
સુરુચિ કહ્યો સોઈ સત્ય તાત, અતિ પરુષ વચન જબ હું;
તુલસીદાસ રઘુનાથ વિમુખ નહિં, મિટાઈ વિપતિ કબ હું...૦૪

એ બે પદ ગવડાવીને પછી પોતે જ હેતથી વાત કહેવા લાગ્યા. જે ભક્તને જે અવતારનો યોગ થયો તે ભક્તને તે અવતારમાં અધિક દૃઢતા થઈ. ૪૩. પોતાના સંપ્રદાયની જે રીત હોય તેને અનુસરીને પોતાના ઈષ્ટદેવના સ્વરૂપની દૃઢતા વિચારીને કરવી. બીજાના તૈયાર ઘર અને દ્રવ્ય આપણને કામ ન લાગે, તે ધ્યાનમાં રાખવું. ૪૪.

✵ કુસંગ છોડો ,સત્સંગમાં દિલ જોડો :

चोपाई :

कुसंग संग हे बहु प्रकारा, कहत हि न आवत पारा;
परम निधि हे हरि के चरीता, निश दिन सो चिंतवन करीता...४६
कथा वार्ता कीर्तन ध्याना, स्मरन पूजा जो विधि हि नाना;
एहि प्रकार सत्संग कहावे, तिनको संग न कबु तजावे...४७
हरि विस्मरन जितनो होई, इतनो जानना कुसंग सोई;
सो कुसंग को भय रखना, नीरभे होई ना विचरना...४८

તમને આજ જે દ્રવ્ય મળ્યું છે તે પૂર્વે કોઈને મળ્યું નથી. એટલા માટે તે સમજવા ઘણો જ પ્રયત્ન કરવો અને કુસંગનો સંગ હંમેશા છોડી દેવો. ૪૫. કુસંગનો સંગ તો અનેક પ્રકારે થઈ શકે છે. તેનો કહ્યે પાર આવે તેમ નથી. સાચો નિધિ તો પોતાના ઈષ્ટદેવના ચરિત્રો છે. તેનું રાત-દિવસ ચિંતવન કરવું. ૪૬. કથા, વાર્તા, કીર્તન, ધ્યાન, સ્મરણ, અનેક ઉપચારોથી પૂજા, આ રીતે ભગવાન પરાયણ રહેવું તેને સત્સંગ કહેવાય છે. તેનો પ્રસંગ ક્યારેય છોડવો નહિ. ૪૭. જેટલીવાર ભગવાન સાંભરે એટલો સત્સંગ છે. અને જેટલીવાર ભગવાનને ભૂલી જવાય તેટલો કુસંગ થયો, એમ જાણવું. તેવા કુસંગથી ડરતા રહેવું. કુસંગથી નિર્ભય રહેવું નહિ. ૪૮.

ધર્મકુમાર શ્રીહરિ આટલી વાત કરીને ત્યાંથી ઊઠ્યા અને જ્યાં પોતાનો ઉતારો હતો ત્યાં પધાર્યા. ૪૯. સોનેરી પલંગ ઉપર શોભાના ધામ શ્રીહરિ બેઠા. તેટલીવારમાં તો પાછા બધા સંતો ત્યાં આવી ગયા અને અદ્‌ભુત શોભા થઈ. ૫૦. બોટાદ ગામના શેઠ ભગા દોશી વગેરે બધું મહાજન ત્યાં આવ્યું

અને શ્રીહરિનાં ચરણમાં સહુ પડ્યા. ૫૧. તેઓ બધા થાળ ભરી ભરીને ઘણા જ મેવાઓ અને મીઠાઈઓ વગેરે લાવ્યા. તેમાંથી શ્રીહરિ પેંડા, બરફી અને સાકર વગેરેને જમવા લાગ્યા. ૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શ્રીહરિએ સ્વયં પીરસીને સંતોને તથા હરિભક્તોને જમાડ્યા અને ભગા દોશી વગેરે દર્શન કરવા આવ્યા' એ નામે બેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૨॥



પૂર ચોથું : તરંગ - ૪૩

ભગાદોશીના સત્સંગનું વૃત્તાંત અને શ્રીહરિએ સત્સંગનો મહિમા કહ્યો

શ્રીહરિ બધા થાળમાં રહેલી વસ્તુઓમાંથી ઘણા પ્રેમથી થોડું થોડું જમ્યા. અને ભગા શેઠ જે થાળ લાવ્યા હતા તે પોતાને માટે રખાવી મૂક્યો. ૧. મુકુંદવર્ણીને બોલાવ્યા. તે થાળ આપીને કહ્યું, "આ થાળ અમારે જમવા માટે રાખી મૂકજો." ૨. બીજા બધા જે થાળ હતા તેમાંથી મોટા મોટા દરબારોને બધી વસ્તુઓ પોતાને હાથે આપી અને તે મહાજનને પણ પ્રસાદ આપ્યો. ૩. કરુણાના મોટા ધામ જેવા શ્રીહરિએ બોટાદના તે મહાજનને બોલાવીને પોતાની પાસે બેસાડ્યા અને તે સહુના નામ પૂછ્યાં. ૪.

ભગા શેઠના પિતાનું નામ ભાઈચંદ શેઠ હતું. બોટાદમાં ઘણા જ મહાજન શેઠિયાઓ રહેતા હતા, પણ તેમાં ભાઈચંદ શેઠ મુખ્ય ગણાતા હતા. ૫. તેઓ ચુસ્ત સ્થાનકવાસી જૈન હતા. તેઓ અપાર જીવદયાનું પ્રતિપાલન કરનારા હતા. તેઓ ક્યારેય નહાતા-ધોતા નહિ. સૂર્યાસ્ત પછી રાતે ભોજન પણ કરતા નહિ. ૬. તેઓ કોઈ પણ પ્રકારના સૂતકને પાળતા નહિ. અરિહંતની જ આરાધના કરતા. ભગવાન નારાયણના જેટલા અવતાર કહેવાય છે તેનું નામ પણ તેઓ મુખથી ઉચ્ચારતા નહિ. ૭. દરબાર હમીર ખાચર જૈનોની રીતને શ્રીહરિની આગળ પ્રેમથી કહેવા લાગ્યા.

કારણ કે તેઓ શ્રીહરિની જેવી મરજી હોય તેવી વાત ઓળખતા હતા. ૮. શ્રીહરિ મુખ આડો રૂમાલ રાખીને હસતા હતા. અને એવા જ કાંઈક મર્મભર્યા વચન બોલતા. શ્રીહરિએ જેટલી વાત પૂછી તેટલી બધી સ્પષ્ટ કહી. ૯.

❋ બોટાદના ભગાદોશીની સત્સંગની દઢતા અને ધીરજ :

પછી હમીર ખાચર કહેવા લાગ્યા, આ તો કુસંગની ખાણ કહેવાય. તેમાંથી આટલા જીવાત્માઓ નીકળી શક્યા છે. આવો કોઈ જ પુણ્યાત્મા તેમાંથી બહાર નીકળી શકે. ભગા શેઠના પિતા સત્સંગને નિમિત્તે તેમને કાયમ દુઃખી કરે છે. મોઢેથી કડવા વચન બોલે છે. જો કે ભાઈચંદ શેઠને આ એક જ પુત્ર છે. ભાઈચંદ શેઠ તો કોટિધ્વજ કહેવાય. ૧૦-૧૧.

(બોટાદના ભગા દોશીનો જન્મ સં.૧૮૪૭માં થયો હતો. તેની પત્નીનું નામ રાધા હતું. સં.૧૮૬૨માં બોટાદમાં વ્યાપકાનંદસ્વામીએ હમીર ખાચરની ઘોડી જીવતી કરી ત્યારે તેમના પુત્ર દેહા ખાચરના મિત્ર હોવાથી તે ત્યાં હાજર હતા. તે જોઈને ભગાશેઠને ૧૪ વર્ષની ઉંમરે સત્સંગ થયો.)

ભગા શેઠના પિતાને મોટા મોટા શહેરના સહુ વેપારી-મહાજનો ઓળખે છે. એના નામની લાખો રૂપિયાની હુંડી બધે ઘણી ચાલે છે. ૧૨. ભાઈચંદ શેઠને મોટા મોટા રાજાઓ પણ ઓળખે છે. તેમના જીવનમાં મોટી ખોટ એ જ છે કે તેને સત્સંગ ઉપર ભાવ નથી. ૧૩. સત્સંગના ઉપર અભાવ હતો, તેને લીધે જ તેઓ પોતાના એકના એક પુત્ર ભગાને પણ અપાર દુઃખ દે છે અમે તે નજરે જોઈએ છીએ. તે અમારાથી પણ સહન કરી શકાતું નથી. ૧૪. (ભગાદોશીની માએ તેમના પિતા ભાઈચંદભાઈને કહ્યું, 'તમે તે સત્સંગ કરે છે તેમાં તેને આટલું બધું શું કરવા દુઃખ આપો છો ? તેને સ્વામિનારાયણને ભજવા દ્યોને.' ત્યારે તેને ડમણું(નાની લાકડી) મારીને સોનાનો ચૂડો ભાંગી નાખ્યો ને કહે, રાંડ તારે તેનું ઉપરાણું લેવું હોય તો મારા ઘરમાંથી નીકળી જા.) **ભક્ત પ્રહ્લાદની રીતે જ ભગાશેઠ મહાન દુઃખને સહન કરે છે. ભગા શેઠને આપ શ્રીહરિની સાથે પ્રીતિ બંધાણી છે, તેથી તેઓ પિતાને પણ કીટ (કીડાના જેવા તુચ્છ) ગણે છે. ૧૫.**

તેમને ખાવા પીવામાં રુચિ નથી. સારાં કપડાં કે ઘરેણાં ગમતાં નથી. ભલે ઉપવાસ થાય, પણ સ્નાન કર્યા સિવાય તેઓ ભોજન કરતા નથી. ૧૬. જ્યારથી ભગાશેઠને સત્સંગ થયો છે ત્યારથી તેઓ ગળામાં કંઠી અને કપાળમાં તિલક ચાંદલો કાયમ રાખે છે. લસણ અને હિંગનો ત્યાગ કરી દીધો છે. તમારા વિના તેને ઘરમાં ક્યાંય પ્રેમ નથી. ૧૭. ભગાશેઠ ક્યારેય બાળકોની રમત રમતા નથી. તેઓ ભાંડ-ભવાઈ જોવામાં ચિત્ત ધરતા નથી. કોઈ હરિભક્તને દેખે તો રાજી થાય છે, પણ સંસારના માર્ગમાં તો ધીમી ગતિથી ચાલે છે. ૧૮. ઘરમાં સોના ચાંદીનો તો કોઈ પાર નથી. તેના ઉપર ભગા શેઠના હૃદયમાં પ્રેમ થતો જ નથી. હોળી, દિવાળી કે વિવાહ જેવા પ્રસંગમાં કોઈ એલફેલ કે ફાલતું શબ્દ ક્યારેય બોલતા નથી. ૧૯. કોઈ પણ પરસ્ત્રી હોય, બાલિકાને દીકરી, યુવતિને બહેન અને વૃદ્ધ સ્ત્રીને માતા સમાન ગણે છે. એ સિવાય મનમાં બીજો કોઈ સંકલ્પ જ કરતા નથી. ૨૦. ભગા શેઠના સાધુના જેવા સ્વભાવને જોઈને તો કેટલાક સુજ્ઞ-ડાહ્યા મનુષ્યોને પણ આશ્ચર્ય થાય છે. તેઓ કહે છે કે આવો સાધુસ્વભાવ તો કોઈનો હોઈ શકે નહિ. ૨૧.

તે સુજ્ઞ મનુષ્યોની વાત સાંભળીને તેમના પિતા ભાઈચંદ શેઠ મનમાં અકળાઈ જાય છે. પણ ભગા શેઠના આવા સદ્‌ગુણી સ્વભાવને જોઈને બીજા બાળકોને પણ તત્કાળ સત્સંગ થયો છે. ૨૨. મૂળચંદ, હિરાચંદ, કેશવલાલ, ભવાનજી, હકાભાઈ, ચકુ, રામચંદ, કરસનજી અને અદા શેઠ તેમજ મૂળચંદના બંને મોટાભાઈ એ બધાના ઘરમાં સત્સંગ ભગા શેઠને લીધે થયો છે. પાનાચંદ આદિ બીજા અપાર વાણિયાના ઘરમાં સત્સંગ થયો છે. જેનો ગણવાથી પાર આવે તેમ નથી. ૨૩-૨૪.

ધનજી નામે પરજિયા સોનીનું ઘર પણ સત્સંગી થયું છે. નારાયણ, તુલસીદાસ અને વાઘજી વગેરે શુદ્ધ (શ્રીમાળી) સોની. ૨૫. બંને પૂંજાભાઈ, રૂડાભાઈ અને કીકાભાઈ વગેરે સુતાર, લાધાભાઈ વગેરે કેટલાએ ભાવસાર, દસ બાર દરજી, કેટલાએ કણબી, કુંભાર, લુહાર, કેટલાએ સથવારા, કંઈક રાજગુરુ. ૨૭. કાઠીનો તો કોઈ પાર જ નહિ.

મુસ્તફા નામે સિપાહી, એ બધા એક એકથી અધિક અને એકધારો ચડિયાતો સત્સંગ દિન પ્રતિદિન રાખે છે. ૨૮. ભગા શેઠની નીતિને જોઈને ઉપર કહેલા બધા પ્રેમથી સત્સંગ રાખે છે. આ બધું દેખીને ભગા શેઠના પિતા ભાઈચંદ શેઠ સત્સંગના ઉપર અતિશય ઈર્ષા કરે છે. ૨૯. ભાઈચંદ શેઠે ભગા શેઠને માનસિક ત્રાસ દેવા માટે ભાવનગરના ઠાકોર સાહેબ(રાજા) ની પાસે ફરિયાદ કરી. ત્યારે ઠાકોર સાહેબે કહ્યું, "હું ભગા શેઠને કાંઈ પણ કહીશ નહિ. ૩૦.

સત્સંગના નીતિ-નિયમ ઘણા મહાન છે. તે અમને બહુ ગમે છે. શેઠ ! તમને મનમાં બહુ દુઃખ થતું હોય તો બીજી નારી પરણો. અને તે સ્ત્રીમાં જે પુત્ર થાય તે તમારા જૈન ધર્મને રાખશે અને તમારી સેવા કરશે. ભગા શેઠ તો સારા સત્સંગી થયા છે, તેને અમે સત્સંગ છોડવાનું નહિ કહીએ." આવું ભાઈચંદ શેઠને કહીને ઠાકોર સાહેબે ભગા શેઠને સિરપાવ આપ્યો. (સોનાની સાંકળી પહેરાવી હતી. આ વ્યાપકા.ના આશીર્વાદથી બન્યું હતું.) ૩૧-૩૨. ઠાકોર સાહેબે કહ્યું, "અત્યારે સત્સંગના સમાન બીજું કોઈ નથી. અમારા પુત્ર જો સપૂત (આજ્ઞાકારી) હશે તો તે સત્સંગી થશે." ૩૩. જ્યારે ઠાકોર સાહેબે આવું કહ્યું ત્યારે ભાઈચંદ શેઠ પોતાને ઘેર આવ્યા અને બીજી સ્ત્રીને પરણ્યા. તેમને ભગા શેઠ ઉપરથી હેત ઊતરી ગયું. ૩૪.

હમીર ખાચરના મુખથી ઉપર કહી તે વાત સાંભળીને શ્રીહરિ પ્રસન્ન થયા. પછી કરુણારસથી તરબોળ થયેલા શ્રીહરિ બોલ્યા, જ્યારે સુખ-સગવડતા હોય ત્યારે તો સહુ કોઈ સત્સંગ કરે અને મનમાં ભક્તિભાવ પણ અપાર રાખે. પણ **વિપત્તિના સમયમાં સત્સંગ રાખે ત્યારે ખરી પરીક્ષા થાય. વિપત્તિ એ જ કસોટી છે. હૃદયનો જે ભાવ હોય તે વિપત્તિરૂપ કસોટીમાં દેખાઈ આવે.** ૩૫-૩૬.

दोहा : हुतासन तिनसे हि बडी, कसोटी हे जो सोय;
तर्त गुन उद्योत करे, जेसो भीतर होय...३७
ज्युं दुःख त्युं सुखि रहे, जो होय आत्मवित;
आत्मवित विन होत नहिं, जग में तेही जीत...३८

વિપત્તિરૂપ કસોટી હોળીના અગ્નિ કરતાં પણ મોટી છે. તે કસોટીમાં તો જેવા અંતરમાં ગુણ હોય તેવા તરત જ પ્રકટ થઈ આવે છે. ૩૭. જો આત્મતત્વને સમજતો હોય તો જેમ જેમ દુઃખ પડે તેમ તેમ સુખ માને. આત્મજ્ઞાની સિવાય જગતમાં તેનો વિજય થતો નથી. ૩૮.

✻ આત્મા સુખરૂપ અને દેહ દુઃખરૂપ સમજે તે ડાહ્યો :

सोरठा : अंतरजामी जोय, तिनकुं नहिं हे अजाने कछु;
एसे दृढाव होय, तब तिनकुं न दुःख कबु...३९
जियकुं नहिं कबु दुःख, दुःख मात्र यह देह कर;
देह में नहिं कबु सुख, एहि सिद्धांत दृढ वात ग्रहे...४०

પરમાત્મા તો સર્વના અંતર્યામી છે. તેમનાથી કાંઈ અજાણ્યું નથી. પરમાત્માના નિશ્ચયની આવી દૃઢતા જો મનમાં હોય તો તે આત્મવિત્ ભક્તને ક્યારેય દુઃખ આવતું નથી. ૩૯. "જીવ સ્વભાવથી સુખી છે. તેને ક્યારેય દુઃખ આવતું જ નથી. દુઃખમાત્ર દેહને કારણે છે. દેહમાં ક્યારેય સુખ હોતું નથી." આ એક દૃઢ સિદ્ધાંતરૂપ વાત છે. ૪૦.

જે ચોરાશી લાખ જાતના દેહ છે તે બધાને દુઃખરૂપ જ જાણવા. રાજા હોય કે રાંક, કોઈ મહાન ચક્રવર્તી સમ્રાટ હોય, ૪૧. દેવ હોય કે દાનવ, પાતાળલોકથી લઈને બ્રહ્માના લોક સુધી અને પ્રકૃતિ પુરુષના લોક સુધી જેટલા દેહ છે તે બધાને દુઃખમય જ સમજવા. ૪૨. માત્ર મોઢેથી કહી બતાવે તો તેનાથી કોઈ કામ-લાભ થવાનો નથી. જ્યારે અંતરદ્રષ્ટિ કરીને તપાસવામાં આવે અને જીવાત્મા સુખરૂપ દેખાય તો તે લાભ છે, અને દેહને સુખરૂપ માનવામાં આવે તો તે મોટું નુકશાન છે. ૪૩. માનો જીવાત્મારૂપી નગર છે. તે ઘણું સુખમય છે. તેમાં કાળનો પ્રવેશ થતો જ નથી. તે જીવરૂપી નગરના મધ્યમાં પરમાત્મા હરિકૃષ્ણ પ્રકટ રહ્યા છે. ૪૪. પાર્ષદો અને મુક્તોએ સહિત તે પરમાત્મા સિંહાસન ઉપર વિરાજે છે. જીવાત્માથી વધારે સૂક્ષ્મ બીજું કોઈ નથી. છતાં તેમાં ઘણું મોટું સામર્થ્ય ગુપ્ત રીતે રહ્યું છે. ૪૫. અનંત બ્રહ્માંડો પણ તે સૂક્ષ્મ જીવમાં દેખાય છે. અરે ! અક્ષરધામ પણ તેમાં

રહ્યું છે. બ્રહ્માંડમાં જીવ રહ્યો છે અને જીવમાં બ્રહ્માંડ રહ્યા છે આ રીતે જ બધું ઓતપ્રોત અખંડ રહ્યું છે. ૪૬.

આવી યોગકળા અનંત છે. જે સત્સંગ કરે છે તેને તે યોગકળા પ્રાપ્ત થાય છે. સત્સંગ વિના તો અષ્ટાંગયોગની કળાને સાધી સાધીને કેટલાએ મરી જાય છે. દેહથી ઘણા બધા દુઃખોને સહન કરે છે. ૪૭. જંગલી ફળનો અને વાયુનો આહાર કરીને કષ્ટ સહન કરે છે છતાં તેઓ સંસારરૂપી સાગરના પારને પામતા નથી.

આ વેળાએ જેને સત્સંગ થયો છે તેના પુણ્યનો તો કોઈ પાર જ નથી. તે કહી શકાતું નથી. ૪૮. **પૂર્વે આવો સમય ક્યારેય આવ્યો નથી અને આવા ભગવાન પણ આવ્યા નથી."** આ વાતને તમે જ્યારે સત્ય કરીને માનશો ત્યારે હું માનીશ કે તમે બુદ્ધિમાન છો. ૪૯. મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એ અંતઃકરણ અને બીજી ઇન્દ્રિયો તે બધાનું એટલું જ ફળ છે કે સત્સંગ કરવો. ૫૦. મનુષ્યના શરીરને પામ્યા પછી પણ જો જીવને સત્સંગ ન મળ્યો. અર્થાત્ તેણે સત્સંગ ન કર્યો તો તે જીવને માટે તો ફરીને લખચોરાશી ઊભી જ છે, કે જે ચોરાશીને દેખીને જીવ રુદન કરે છે. ૫૧. પ્રકૃતિ અને પુરુષના લોક સુધીનું જે જે સુખ કહેવાય છે તે બધાનો કાળ નાશ કરે છે. અર્થાત્ માયિક સુખમાત્ર નાશવંત છે. જ્યારે સત્સંગ કરવામાં આવે છે ત્યારે ખબર પડે છે. ૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'ભગાદોશીના સત્સંગનું વૃત્તાંત અને શ્રીહરિએ સત્સંગનો મહિમા કહ્યો' એ નામે તેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૩॥



પૂર ચોથું : તરંગ - ૪૪

શ્રીહરિ સારંગપુરથી બોટાદ પધાર્યા

શ્રીહરિજી મહારાજનો પ્રતાપ જોઈને ચારે વર્ણના લોકોએ પાપકર્મ તજી દીધાં અને સત્સંગ સ્વીકાર્યો. ૧. જીવા ખાચરના કુટુંબે બીજા ફેલને હરામ કરી દીધા અને જેણે સત્સંગ કર્યો તે સહુના નામ હું કહું છું. ૨. બાવા

ખાચરને રામ ખાચર નામે એક પુત્ર હતા. તેણે પરિવારે સહિત સર્વેએ સત્સંગ કર્યો હતો. ૩. તેમણે પોતાને ઘેર શ્રીહરિની પધરામણી કેટલીએ વાર કરી. અને બ્રાહ્મણ પાસે થાળ કરાવીને શ્રીહરિને વારંવાર જમાડ્યા હતા. ૪. ઘણા વસ્ત્ર અને આભૂષણો લઈને ઘણીવાર શ્રીહરિની પૂજા પણ કરી હતી. સોનેરી હિંડોળા ખાટ ઉપર શ્રીહરિને પધરાવી ઝુલાવ્યા હતા. ૫. મનમાં ઘણો જ ઉમંગ ધારીને શ્રીહરિના અંગો ઉપર કેસર ચંદનની અર્ચા કરી હતી તેમ જ ફૂલના હાર, તોરા અને બાજુબંધ પહેરાવ્યા હતા. ૬. સુરા ખાચર અને મૂળુ ખાચર, રાઠોડ ધાધલ અને માતરા ધાધલ રેફડિયા(રેફડા ગામવાળા) એ બધા હરિભક્ત થયા હતા. ૭.

લીલાધર રાજગર, આણંદજી અને ઘેલાગર વગેરે હરિભક્ત થયા હતા. કુંવરજી, નારાયણ, પૂંજાભાઈ, હીરાભાઈ, વીરાભાઈ, ઘેલા શેઠ અને બીજા બે ચાર વણિક હરિભક્ત થયા હતા. ગોપાળ નામે એક લુવાર સુતાર હતા. તેનો પુત્ર કાનજી હતો. તેનું બધું ઘર સત્સંગી થયું. અને શ્રીહરિ વિના બીજા કોઈને માનતા નહિ; એવા નિષ્ઠાવાન બન્યા હતા. ૮-૧૦. ભગવાનભાઈ નામે એક દરજી હતા. તેમનું આખું ઘર સત્સંગી હતું. મલુબાઈ નામે દૃઢ ટેક રાખીને શ્રીહરિનું ભજન કરતી એક સ્ત્રી મહાન ભક્ત હતી. તેના જેવી બીજી ઘણી સ્ત્રીઓ નિયમોમાં દૃઢ ટેક રાખનારી હરિભક્ત હતી. ઉકરડાભાઈ નામે એક રાવળ અને હાજો ભરવાડ પરિવાર સાથે સત્સંગી થયા હતા. ૧૨. બે કણબીના ઘર તે ગામમાં રહેતા હતા, તે પણ સારા હરિભક્ત હતા. દલાભક્ત નામના એક ઉદાર ભાવનાવાળા અને સંતોના સેવક હરિભક્ત ત્યાં રહેતા હતા. ઉપર કહ્યા તે બધા સારંગપુરના હરિભક્તોએ શ્રીહરિને અપાર પ્રેમભાવથી પોતાને ઘેર પધરાવ્યા અને પોતાની શક્તિ પ્રમાણે જે ઉપચારો પ્રાપ્ત થયા તેનાથી શ્રીહરિની પૂજા કરી. ૧૩-૧૪.

શ્રીહરિ સારંગપુરમાં થોડા દિવસ રહ્યા. પછી તૈયાર થઈને ત્યાંથી ચાલવા તૈયાર થયા ત્યારે સાથે સંતો હતા. અને બીજા સત્સંગી દરબારો ઘણા હતા. ૧૫. શ્રીહરિ ઘોડેસવાર થયા. શરીરે જરિયાની શણગાર ધાર્યા. શોભાનો કોઈ પાર ન રહ્યો. અનેક પ્રકારનાં વાજિંત્ર વાગતાં હતાં. ૧૬.

તે સમયે ચિત્ર વિચિત્ર રંગનું જરિયાની છત્ર શ્રીહરિના મસ્તક ઉપર ધાર્યું હતું. ચારઘડી (૧.૩૬ કલાક) દિવસ બાકી હતો ત્યારે શ્રીહરિ ચાલતા થયા. ૧૭. સૂર્ય અસ્ત થવાનો થયો ત્યારે **બોટાદ** ગામને નજીક પહોંચ્યા. ત્યારે તે ગામના બે દરબારો, સોમલા ખાચર અને હમીર ખાચર, તેમણે શ્રીહરિ પધારે છે એવા સમાચાર સાંભળ્યા. તેથી તેમને અપાર આનંદ થયો જે કહી શકાતો નથી. ભગા શેઠ આદિ બીજા પણ ઘણા જ હરિભક્તો હતા. ૧૮-૧૯. અપાર સ્ત્રીઓ અને પુરુષો ભેળા મળ્યા હતા. તેમને અપરંપાર આનંદ થયો. સહુએ બજારોને વાળીને સાફ કરાવી અને સુગંધી પાણી બજારોમાં છંટાવી દીધું. ૨૦.

તે સહુ ભક્તોએ ગામમાં અનેક પ્રકારની શોભા કરી હતી. ચોકે ચોકે કેળના સ્તંભ રોપાવ્યા. ધજા અને પતાકાઓ બાંધી, મોતીના તોરણ પ્રત્યેક બારણે બાંધ્યા. ૨૧. વિવિધ પ્રકારના ફૂલઝાડ મુકાવ્યા. તેની શોભા ઘણી અદ્‌ભુત થઈ હતી. બિલોરી કાચના અનેક પ્રકારના દીવાઓ મગાવીને પ્રકટાવ્યા. ૨૨. દરબારોએ શ્રીહરિના સામૈયા માટે સુંદર સવારી તૈયાર કરી. સહુ હરખભેર શ્રીહરિની સન્મુખ ચાલ્યા. ભગા શેઠ આદિ જે હરિભક્તો હતા તે બધા સાથેમળીને ગામ બહાર શ્રીહરિને સત્કારવા આવ્યા. ૨૩. ભાવનાવાળા ગામના બીજા બધા લોકો પણ ગામ બહાર નીકળી આવ્યા. શ્રીહરિ આવ્યા ત્યારે તેમનાં દર્શન કરીને સહુને અત્યંત આનંદ થયો. તે સમયે અનેક મશાલો કરી હતી, તેનો ગણતા પાર આવતો નથી. ૨૪. સહુ હરિભક્તો દંડવત્-પ્રણામ કરીને શ્રીહરિનાં પગમાં પડ્યા. અનેક પ્રકારનાં વાજિંત્ર લાવ્યાં હતાં તે ઉત્સાહથી વગાડતા હતા. ૨૫. શ્રીહરિ ઘોડેસવાર થયા હતા. મૂર્તિની શોભા અપાર હતી. બધા વસ્ત્ર અને અલંકારો સુવર્ણમય જ હતા અને અશ્વ પણ સોનેરી સાજથી શણગાર્યો હતો. ૨૬. શ્રીહરિની અતિ મનોહર મૂર્તિ હતી. તે વખતે શ્રીહરિએ એવો પ્રતાપ જણાવ્યો કે દર્શન કરનારાઓમાં જેને જેવી ભાવના હોય તેને તેવી તે મૂર્તિ દેખાતી. ૨૭.

બોટાદ ગામને ચારે બાજુ કિલ્લો હતો. તેની શોભા ઘણી પ્રકારની હતી. કિલ્લો ઘણો ઊંચો હતો. દરવાજાઓ ભવ્ય હતા અને બુરજ પણ સુંદર હતા. ૨૮. ગામની ચારે ફરતા અનેક પ્રકારના બાગ બગીચાઓ હતા. તેમાં

જાતજાતના વૃક્ષો ઓપતા હતા. વૃક્ષો, ફળ અને ફૂલોથી ઝૂકી રહ્યા હતા. અનેક જાતિના પંખીઓ મધુર ધ્વનિ કરી રહ્યા હતા. ૨૯. શ્રીહરિ જ્યારે દરવાજાની નજીક પહોંચ્યા ત્યારે બધી બાજુથી સહુ લોકો 'જય જય' 'જય જય'નો ગંભીર શબ્દ બોલવા લાગ્યા. ચોપદાર હાથમાં સોનાની છડી લઈને, "રાજાધિરાજ ધર્મકુમાર શ્રીહરિકૃષ્ણ મહારાજની જય હો." એવો ઊંચેથી શબ્દ બોલતો હતો. ૩૦.

બોટાદ આખું ગામ મહાજનનું (જૈન વાણિયાઓનું) કહેવાય. જૈન સિવાયના લોકો તો ઘણા ઓછા હતા. તે મહાજનો-જૈન વાણિયાઓ મોટા ધનવાન ગણાતા. અજાણતાએ તેઓ પરમાત્માનું નામ લેતા નહિ. ૩૧. સદાચારમય ધર્મની દૃષ્ટિએ તેઓ અત્યંત મલિન હતા, પણ તપને અને અહિંસાને મુખ્ય ધર્મ માનતા. સહુનું મૂળકારણ તપને માને, તપથી અધિક કોઈ મુક્તિને પણ તેઓ માને નહિ. ૩૨. તપને મુખ્ય માનવા છતાં તપના ફળને આપનારા અંતર્યામી પરમેશ્વરનું જ્ઞાન તેના મનમાં લેશમાત્ર પણ હોય નહિ. એટલે તેનો તપોમય ધર્મ અંધતમ જેવો હતો. ૩૩. આવા બધા લોકોનો મોક્ષ કરવા માટે શ્રીહરિ અદ્‌ભુત મોટા સમાજને સજીને આવ્યા હતા. આનંદકારી શ્રીહરિ ગામમાં પધાર્યા તે સમયની શોભા ઘણી જ અમાપ હતી. ૩૪.

ગામના બધા લોકો દર્શન કરવા આવ્યા. બજારમાં ભીડ થઈ, લોકો સમાતા નહિ. લોકોમાં પણ જેને જેવી ભાવના હોય તેવું તેઓ બોલતા. ૩૫. ભક્તિભાવવાળા જે નરનારીઓ હતા તેઓ વિવિધ પ્રકારના પુષ્પ વગેરેથી શ્રીહરિની પૂજા કરતા. તે સમયે બધા સંતો તાલ અને મૃદંગ લઈને કીર્તન ગાન સાથે ઉત્સવ કરતા હતા. ૩૬. સમગ્ર હરિભક્તો અબીર અને ગુલાલને ઉડાડતા હતા. તે બધો આકાશમાં, મકાનો ઉપર અને જમીન ઉપર છવાઈ જતો હતો. ૩૭. આવા વાતાવરણમાં બંદૂકોના અવાજ પુષ્કળ થતા હતા. ગામમાં બંને દરબારોનું વર્ચસ્વ હતું તેથી મોટા વેપારીઓ તેમને એક પણ શબ્દ કહેતા નહિ. ૩૮. એક પહોર (૩-કલાક) રાત વીતી ત્યારે શ્રીહરિ ગામમાં આવ્યા. તે સમયે પૂછવા લાગ્યા કે આપણે બે મુખ્ય દરબારોમાં કોને ઘેર જવું ? ૩૯. ત્યારે દરબાર અલૈયા ખાચર શ્રીહરિને શિર ચામર કરતા હતા, તે બોલ્યા,

આપણે પહેલા દરબાર સોમલા ખાચરને ઘેર જઈએ. ૪૦. હમીર ખાચરને ઘેર જવાનું તો પછીથી વિચારશું. સહુને માટે રસોઈ બનાવવાનો સામાન તો સોમલા ખાચરે ભેળો કર્યો છે. ૪૧. ત્યારે હમીર ખાચરને બોલાવ્યા. શ્રીહરિએ તેમને કહ્યું, તમે જેમ કહો તેમ અમે કરીએ. તમારું વેણ ઉથાપશું નહિ. ૪૨. ત્યારે હમીર ખાચરે કહ્યું, અલૈયા ખાચર અમારા ગુરુ છે. તેમનું વેણ અમારે રાખવું જોઈએ અને તેમ કરવામાં અમને લગારેય દુઃખ નહિ લાગે. ૪૩.

તે પછી શ્રીહરિ સોમલા ખાચરના દરબારમાં પધાર્યા. ઉતારાની સંકડાશ ઘણી હતી. તેમનો દરબારગઢ ખાલી કરાવ્યો. સંતોને અને દરબારોને બીજી જગ્યાએ ઉતારો કરાવ્યો. ૪૪. તે સ્થળે તો શ્રીહરિ, પાર્ષદો અને મુકુંદાનંદ બ્રહ્મચારી એટલા જ વિચાર કરીને રહ્યા. ઓરડાઓ અને ઓસરી ઘણા સુંદર હતા. ત્યાં એક પલંગ બિછાવી દીધો. ૪૫. શ્રીહરિ આવીને તેના ઉપર વિરાજમાન થયા. સંતોની સભા આગળ બેઠી. બ્રહ્મચારી અને વિપ્ર રસોઈ કરવામાં લાગી ગયા. ૪૬. રસોઈ તૈયાર થઈ ત્યારે બ્રહ્મચારી આવ્યા. તેમને દેખીને પરમ કૃપાળુ શ્રીહરિ તત્કાળ જમવા માટે ઊભા થયા. ૪૭. પહેરેલા વસ્ત્ર ત્યાં ઉતાર્યા. એક પીતાંબર પહેર્યું અને એક શાલ ઓઢી. બાજોઠ ઉપર બેસીને ગરમ પાણીથી નહાયા. અંગ લૂછીને વસ્ત્ર પહેરી લીધાં. ૪૮.

શ્રીહરિ પ્રેમથી અનંત પ્રકારના ભોજનોને જમ્યા. અત્યંત આનંદને માણતા પાર્ષદો તે પછી જમ્યા. ૪૯. શ્રીહરિએ ચળું કરીને જળપાન કર્યું અને પછી મુખવાસ લીધો. ચાખડીઓ પહેરીને જ્યાં સંતો બેઠા હતા ત્યાં આવ્યા. ૫૦. શ્રીહરિને આવ્યા દેખીને આ શ્રીહરિ અનંત ભુવનના અધિપતિ છે. આવું વિચારીને બધી સભા ઊભી થઈ ગઈ. શ્રીહરિ બેઠા, પછી સહુ બેસી ગયા. ૫૧. જ્યારે અધરાત થઈ ત્યારે શ્રીહરિ પોઢી ગયા. સંતોને જવાની રજા (શીખ) આપી એટલે તેઓ પોતાને મુકામે ગયા.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શ્રીહરિ સારંગપુરથી બોટાદ પધાર્યા' એ નામે ચુંમાળીશમો તરંગ સમાપ્ત ॥૪૪॥



પૂર ચોથું : તરંગ - ૪૫

શ્રીહરિ બોટાદ હમીર ખાચરના દરબારમાં પધાર્યા અને તેમણે રસોઈ કરાવી

શ્રીહરિ પરોઢિયે ઊઠ્યા. સ્નાન કરવા નિમિત્તે પહેલા શૌચ આદિ કરીને પ્રેમથી દાતણ કર્યું. ૧. પછી મુકુંદાનંદ વર્ણી પાણી ગરમ કરીને લાવ્યા. શ્રીહરિ બાજોઠ ઉપર બેઠા અને આનંદપૂર્વક સ્નાન કર્યું. ૨. શ્રીહરિએ પોતાના શરીર ઉપર વિવિધ પ્રકારના વસ્ત્ર ધારણ કર્યાં. પછી આવીને પલંગ ઉપર વિરાજમાન થયા. તેની અપાર શોભા થઈ હતી. ૩. તેટલી વારમાં તો સહુ સંતો સ્નાનાદિ નિત્યકર્મ કરીને ત્યાં આવ્યા. શ્રીહરિ નાગડકા ગામ જવા માટે તૈયાર થઈ ગયા. ૪.

તે સમયે ભગા શેઠ અને બીજા બધા હરિભક્તો શ્રીહરિની પાસે આવ્યા અને તેમને રોકવા માટે અનેક રીતે આગ્રહ-પ્રયત્ન કર્યો. ૫. છતાં શ્રીહરિ તો તૈયાર થઈ જ ગયા. સવારો પણ તૈયાર થઈને આવી ગયા. શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. આગળના ભાગમાં ઘણી જાતનાં વાજિંત્ર વાગવા લાગ્યાં. ૬. સહુ ચાલતા ચાલતા બજારમાં આવ્યા. ત્યાં તો દોડતા દોડતા હમીર ખાચર શ્રીહરિની સન્મુખ આવી પહોંચ્યા. આવીને શ્રીહરિના ચરણોમાં પડ્યા અને દીન વચન ઉચ્ચાર્યા. ૭.

દરબાર સોમલા ખાચર મોટા હરિભક્ત છે અને હું તેમના જેવો ભક્ત નથી. પરંતુ અમને બંનેને આપનો દૃઢ આશ્રય એક સરખો જ છે. આપના સિવાય અમે બીજો કોઈ વિવેક જાણતા નથી. ૮. દારૂ, માટી, ચોરી અને અવેરી એ ચારે વસ્તુઓને અમે હરામ કરી છે. અમે મુખથી આપનું જ નામ રટીએ છીએ. આપ જો અમારે ઘેર પધારો તો અમને ઘણો આનંદ થશે. ૯. અમે તમારી મરજી લોપશું નહીં. જેમ આપ કહો તેમ અમે કરીએ. ત્યારે શ્રીહરિ બોલ્યા; ચાલો, અમે તમારે ઘેર આવીએ છીએ. અમે એટલું તમારું વચન રાખીએ. ૧૦. તમે ઘણા જ સરલ સ્વભાવના છો. તે રીતે તમારા પુત્ર (દાહા ખાચર) પણ સરલ સ્વભાવના દેખાય છે. અમે એની મહોબત તોડી શકતા નથી. ૧૧.

પરમ દયાળુ શ્રીહરિ આટલું કહીને તત્કાળ તેમના ઉપર રાજી થઈ ગયા. પછી તેમના દરબારમાં આવ્યા. જેમના ઊંચા ભવનો રમણીય લાગતા હતા. ૧૨. ભવનથી પૂર્વ તરફના ભાગમાં વિશાળ ચોક હતો. શ્રીહરિ અશ્વ ઉપરથી સીધા ઓસરીમાં ઊતર્યા. ૧૩. ત્યાં સોનેરી હિંડોળા ખાટ હતી ત્યાં આવીને તેના ઉપર શ્રીહરિ વિરાજ્યા. શરીર ઉપર બધા સોનેરી શણગાર ધાર્યા હતા તેની શોભા વર્ણવી શકાતી નથી. ૧૪. ત્યાં દાહા ખાચરના મા, શ્રીહરિના એકાંતિક ભક્ત હતા. શ્રીહરિને માટે થાળનો સામાન તૈયાર કરતા; તેઓ આખી રાત સૂતા ન હતા. ૧૫. તેઓ શ્રીહરિની પાસે આવ્યા અને દર્શન કર્યાં. ત્યારે તત્કાળ તેમના હૃદયમાં પ્રકાશ થયો. અક્ષરધામનું અતિશય તેજ દેખાયું. ૧૬. ધામમાં જે મણિમય મહેલ હતો, માનો તેમાં શ્રીહરિ બેઠા છે અને પોતે પ્રેમથી થાળ બનાવીને શ્રીહરિને જમાડી રહ્યા છે; એવાં દર્શન થયાં ! ૧૭.

થોડીવારે ધ્યાનમાંથી (સમાધિમાંથી) બહાર નીકળ્યા. ત્યારે પોતાના દિલમાં વિચાર કર્યો કે અહીંયાં તો હજી શ્રીહરિ જમ્યા નથી. માટે હું જ ખંતથી રસોઈ કરાવું. ૧૮. પછી તેણે હાથ જોડીને શ્રીહરિને કહ્યું, 'હે નાથ ! અત્યારે આપ મારી રસોઈ લો. તમો અને સંતો ભાવથી જમો. આજ અમને મોટો લહાવો મળ્યો છે. ૧૯. આવો લાભ ફરીને ક્યારે મળે ? આ શરીર તો ક્ષણભંગુર કહેવાય. શ્રીહરિએ તેનો શુદ્ધભાવ જોઈને વર્ણીને કહ્યું. ૨૦. બધાને માટે રસોઈ કરાવો. હરિભક્તોને ઘણો બધો ભાવ છે. જેટલા હરિભક્ત બ્રાહ્મણો છે તેમને જલદીથી બોલાવો. ૨૧. ઘી અને સાકર જેટલા જોઈએ તેટલા તો ભગા શેઠ લાવ્યા છે. બીજા હરિભક્તો દૂધ અને દહીં લાવ્યા છે. કોઈની પાસે લીલોતરી શાકભાજી વગેરે મંગાવી લ્યો. ૨૨. જેને જે સેવા યોગ્ય હોય તે બધા ભક્તો તેવી સેવા કરે. ત્યારે દરબાર હમીર ખાચરે બ્રહ્મચારીને કહ્યું. ૨૩.

આજ અમારી રસોઈ કરવાની છે. તેમાં બીજા કોઈનો સામાન લગારેય ભેળવવાનો નથી. અમારા ઉપર શ્રીહરિની ઘણી દયા છે, જે જોઈએ તે લઈ લો. ૨૪. જો બીજાનો સામાન વાપરો તો અમારો ક્યારે લેવાય. શ્રીહરિ અમારા ઉપર દયા કરીને અહીંયાં ક્ષણવાર રોકાયા છે. ૨૫. ત્યારે બ્રહ્મચારી

બોલ્યા, તમારા કહ્યા સિવાય તે બીજાનો સામાન અમે રસોઈમાં વાપરશું નહિ. ભલેને કરોડ વાતો કરે. ૨૬.

ત્યારે ભગા શેઠે આવીને શ્રીહરિને બધી વાત કહી. હું સીધું સામાન લાવ્યો છું પણ તેનાથી વર્ણી રસોઈ કરતા નથી. ૨૭. ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું કે અમને પૂછ્યા વિના તમે સીધું શા માટે લાવ્યા ? ત્યારે ભગા શેઠે કહ્યું મેં મુક્તાનંદસ્વામીને પૂછ્યું હતું અને પછી જ લાવ્યો છું. ૨૮. પછી તરત મુક્તાનંદસ્વામીને બોલાવ્યા. પછી દયાળુ શ્રીહરિ બોલ્યા, ભગાશેઠ મોટા જૈન શ્રાવક છે. હજી હમણાં જ નવા સત્સંગી થયા છે. ૨૯. તે ઘણા સમજુ છે, સાવ બાળક નથી. માટે તેને તમે સમજાવીને કહો.

મુક્તાનંદસ્વામીનો લોકોમાં ઘણો ભાર હતો. તેઓ જે કહે તેને બીજા સવળી સમજણથી સ્વીકારી લેતા. ૩૦. તેથી મુક્તાનંદસ્વામીએ ભગા શેઠને બોલાવ્યા. ઘણો આદરભાવ દેખાડ્યો. પછી બોલ્યા, જ્યારે કામ પડે ત્યારે સમજુ માણસની બુદ્ધિનો યથાર્થ ખ્યાલ આવે છે. ૩૧. જ્યાં સુધી કામ પડ્યું ન હોય ત્યાં સુધી તેની બુદ્ધિ કેવી અને કેટલી છે તે કળી શકાતું નથી. ભગવાન બધી વાતને પૂરેપૂરી જાણતા હોય છે, તેમના જેટલું આપણે જાણી શકીએ નહિ. ૩૨.

ચોપાઈ :

श्रीहरि को रखनो विश्वासा, आपन भये हे तिनके दासा;
जो जो करे श्रीहरि जाई, तामें अपने हित रहाई...३३

માટે આ પ્રગટ શ્રીહરિમાં વિશ્વાસ રાખવો. કારણ કે આપણે તેમના દાસ-સેવક થયા છીએ. તેઓ જે સમયે જે કરે તેમાં આપણું હિત સમાયેલું હોય છે. ૩૩. તમે શ્રીહરિની આગળ જઈને કહો, 'જેમ આપ કહો તેમ હું કરીશ.' આ બાબતમાં તમે ભાવફેર કરતા નહિ. તમે કોટિ કોટિ યજ્ઞ કરાવો અને તેથી ભગવાન રાજી થાય તેના કરતા પણ આમ કરવાથી ભગવાન વિશેષ રાજી થશે. ૩૪.

❋ શ્રીહરિએ ભગાદોશીનું સીધું પાછું મોકલાવ્યું :

તે વખતે મુક્તાનંદસ્વામીના કહેવાથી ભગા શેઠ શ્રીહરિની પાસે

આવ્યા. હાથ જોડીને બોલ્યા કે 'આપ જેમ કહો તેમ હું કરીશ.' તે સાંભળીને શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયા અને તેમણે ભગા શેઠને કહ્યું. ૩૫. તમે સાકર અને ઘી જેટલું લાવ્યા છો તે બધું તમારા પિતાજીની આગળ મૂકો. તેમ કરવાથી તમારા પિતાને તમારા ઉપર અને અમારા ઉપર ભાવ વધશે. અને બંનેના અભાવને છોડી દેશે. ૩૬. શ્રીહરિના આવા વચન સાંભળીને ભગા શેઠ મનમાં વિચારવા લાગ્યા. એમ કરવાથી તો મોટું દુઃખ આવશે. કારણ કે આ સાકર અને ઘીને તો હું પિતાજીથી છાનું રાખીને લાવ્યો હતો. હવે મારે શું કરવું ? ૩૭. પિતાજી તો સામાન્ય-અલ્પ જીવ છે અને શ્રીહરિ તો અપાર સમર્થ છે. તેમની આજ્ઞા માનવી જોઈએ. મારી બુદ્ધિ તો થોડી જ છે. હવે મારે શું કરવું ? ૩૮. પછી ભગાશેઠે શ્રીહરિની મૂર્તિને સંભારી સાકર અને ઘીને લેવડાવ્યા. અને પિતાજી પાસે જઈ તેમની આગળ મુક્યા. પછી તેની આગળ નીચા બેસીને પોતે રડવા લાગ્યા. ૩૯. ત્યારે તેના પિતા ભાઈચંદભાઈએ પૂછ્યું. તને કોણે માર્યો ? મને સમજાય તેમ ચોખ્ખી વાત કર. વગર સમજે કેમ ખબર પડે ? ૪૦.

ત્યારે ભગા શેઠે કહ્યું, "અમારા ગુરુ 'સ્વામિનારાયણ' અહીં બોટાદમાં આવ્યા છે. તેમને માટે હું સાકર અને ઘી લઈ ગયો હતો. તે તેમણે લીધા નહિ, પણ પાછા મોકલ્યા છે. ૪૧. મને કહ્યું કે જાઓ, તુરંત તમારા પિતાજીને આપી દો. અમે કાંઈ સાકર અને ઘી ખાવા અહીંયાં આવ્યા નથી. ક્લેશ-કંકાસ વિનાનું જેનું અન્ન હોય, તે અમને ઘણું સરસ સ્વાદુ લાગે છે. ૪૨. આ સાકર અને ઘી તમે ક્લેશ કરીને લાવ્યા છો, એટલે અમે તેને ક્યારેય રાખવાના નથી." ત્યારે તેના પિતા ભાઈચંદ શેઠ મનમાં વિચારવા લાગ્યા. ૪૩. આ વાત તો ઘણી આશ્ચર્યકારી કહેવાય. સ્વામિનારાયણ ભગવાનની આ વાત મહાન સમજવી જોઈએ. કેમ જે, જેટલા ભેખધારી કહેવાય છે તેમાં પ્રાયઃ પેટ ભરવા માટે જ ફરતા હોય છે. અમારા જૈનોના સાધુના જેવા બીજા કોઈ સાધુ ત્યાગવાળા નહિ. ૪૪. છતાં તેઓ કોઈ રસાસ્વાદનો ત્યાગ કરી શકતા નથી. ઘેર આવીને સારું ખાવાનું માગી લે છે. સ્ત્રીઓનો પ્રસંગ અખંડ રાખે છે. સંતોને શાસ્ત્રમાં સ્ત્રીઓનો અષ્ટપ્રકારે ત્યાગ રાખવાનું કહ્યું

છે. ૪૫. તે સ્ત્રીઓનો ત્યાગ કોઈ રાખતા નથી. માટે શિયળવ્રત કેમ રહે ? અને તે શિયળવ્રત વિનાનું કરેલું તપ પણ ભસ્મ થઈને નાશ પામે છે. ૪૬.

દિલમાં જ્યારે તપાસીને જોવામાં આવે ત્યારે બધી જાતના દોષ દેખાય છે. મતપંથોમાં પણ દોષ ઘણા ભારે રૂઢ થઈ ગયા દેખાય છે. હવે તે દોષોમાંથી છૂટી જવાય એવું ક્યાંય દેખાતું નથી. ૪૭. જેને અફીણ લેવાની ટેવ પડી હોય, વ્યસન થયું હોય, તે વારંવાર અફીણને લીધા જ કરે. વ્યસની સમજે છે કે અફીણ ઝેર છે તોપણ તેને તે છોડતો નથી. તે વ્યસને તેને જોરથી પકડી રાખ્યો હોય છે. ૪૮. નદીના પુષ્કળ જળ પ્રવાહમાં, તેના વેગમાં કોઈ ભૂલથીએ પડ્યો હોય તો ક્યારેય તેમાંથી નીકળી શકતો નથી. અંતે તેનું મરણ જ થાય છે. ૪૯.તેમ જેમાં શિયળ(શીલ)વ્રત ન હોય અને સતત રસનો જોગ રહ્યા કરતો હોય, તો તે સાધુને માટે રસાસ્વાદ હળાહળ ઝેર છે. રસાસ્વાદી સંયમની દૃષ્ટિએ નીરોગી નથી. ૫૦. જે રસને ઝેર માનીને લેતા હોય તે સાધુમાં શીલવ્રત રહે છે અને જેને સત્ય સિવાય બીજું કાંઈ વ્યસન હોતું નથી તે જ ખરો સાધુ છે. ૫૧.સત્સંગના (સ્વામિનારાયણના) જે સંતો છે તેમાં શીલવ્રત અત્યારે દૃઢપણે રહ્યું છે. તેઓ રસાસ્વાદ કરતા નથી. તેથી તેમાં મોક્ષ પ્રત્યક્ષ રહ્યો છે. ૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શ્રીહરિ બોટાદ હમીર ખાચરના દરબારમાં પધાર્યા અને તેમણે રસોઈ કરાવી' એ નામે પિસ્તાળીસમો તરંગ સમાપ્ત ॥૪૫॥



પૂર ચોથું : તરંગ - ૪૬

ભાઈચંદ શેઠ શ્રીહરિનાં દર્શને આવ્યા ને રસોઈ આપવાનું નક્કી કર્યું

મુકુંદવર્ણી રસોઈ બનાવીને શ્રીહરિની પાસે આવ્યા. ત્યારે અત્યંત પ્રસન્ન રહેલા શ્રીહરિ જમવા માટે ઊઠ્યા. ૧. બીજા વસ્ત્રોને ઉતારીને એક પીતાંબર પહેર્યું અને એક જરિયાની શાલ ઓઢી લીધી. તેની શોભા અત્યંત

જણાતી હતી. ૨. ચરણોમાં સોનેરી ચાખડીઓ પહેરી હતી. તેની ઘૂઘરીઓનો અવાજ 'ઘમઘમ' થતો હતો. ઓરડામાં ચાલીને પશ્ચિમ તરફની ઓસરીમાં આવ્યા. ૩. શ્રીહરિએ ચરણ ધોયા અને ત્યાં મૂકેલા સોનાના બાજોઠ ઉપર બેઠા. ત્યારે દરબાર હમીર ખાચર નજીકથી દર્શન કરવા માટે પાસે બેઠા. ૪. અનંત પ્રકારના ઘણા જ પાક કર્યા હતા. જેનો ગણવાથી પણ પાર આવતો ન હતો. કોઈપણ પકવાન ઘી અને સાકર વિનાનું ન હતું. તેને સોનાના થાળમાં ભરીને લાવ્યા. ૫. તે રીતે જ વ્યંજનોનો પાર ન હતો. તે જોઈને દરબાર ખૂબ જ રાજી થયા. તેમણે બંને હાથ જોડીને શ્રીહરિને કહ્યું, 'હે નાથ ! આપે મને આજ કૃતાર્થ કર્યો છે. ૬. શ્રીહરિ ઘણા પ્રેમથી સરસ રીતે જમવા લાગ્યા. જ્યારે ધીરે ધીરે જમી રહ્યા ત્યારે ચળું કરવાનું હતું. ૭. એટલે બ્રહ્મચારીએ જળ ભરેલો લોટો હાથમાં લઈને જળની ધાર કરી. શ્રીહરિ બંને હાથને ભેળા કરીને હાથ ધોવા લાગ્યા. ૮. પછી જમણા હાથની અંગૂઠા પાસેની આંગળી મુખની અંદર ફેરવીને મુખ ધોયું. પછી રૂમાલથી હાથ લૂછ્યા. ૯. મુખ ચોખ્ખું કરવા માટે શ્રીહરિએ સુંદર મુખવાસ લીધો. શ્રીહરિ થાળમાં જે જમ્યા તે પ્રસાદી હમીર ખાચરને આપી. ૧૦.

તે પછી શ્રીહરિની સાથેના જેટલા સંતો અને દરબારો હતા, તે બધાને જમવા બેસાડ્યા. સંતો અને દરબારોના ઉપર ખૂબ જ પ્રેમ હતો તેથી શ્રીહરિ પીરસવા માટે પધાર્યા. ૧૧. જલેબી અને મોતીચૂરને શ્રીહરિએ પહેલા પીરસ્યા અને બહુ પ્રકારના વ્યંજનો બ્રહ્મચારીએ પીરસ્યા. ૧૨. સંતો તે ભોજનને મેળવીને જ્યારે જમવા લાગ્યા ત્યારે તેને જોવા માટે ભગા શેઠના પિતા ભાઈચંદ શેઠ ત્યાં આવ્યા હતા. ૧૩. તેમણે સંતોની રીત જોઈ. મનમાં ઘણો જ વિસ્મય થયો. તેમણે પ્રેમથી બંને હાથ જોડ્યા અને શ્રીહરિને પગે લાગ્યા. ૧૪. શ્રીહરિએ તેમને હેતથી બોલાવ્યા અને પાસે બેસાડ્યા અને કહ્યું તમે આવ્યા તે ઘણું સારું થયું. પણ તમે અહીં સુધી આવ્યા તે જ આશ્ચર્યની વાત કહેવાય. ૧૫. તમે ઘણા બુદ્ધિમાન છો અને ધર્મને પણ અતિશય જાણો છો. આ સંતોને તમે પ્રામાણિક રીતે જોયા છે. તેમાં કાંઈ ખામી હોય તો હજી બોલો. ૧૬. ત્યારે તે ભાઈચંદ શેઠ શ્રીહરિની પાસે બોલ્યા, આપ અને આપનો સંપ્રદાય

ધર્મ પ્રમાણે છે એમ સહુ લોકો કહે છે. ૧૭. આપના ધર્મમાં જો કાંઈ ખામી હોય તો તેને ધર્મ કહેવાય જ કેમ ? પોતાની મા; બહેન જેવી હોય તે મનમાં સમજી રાખ્યા જેવી બાબત છે. ૧૮. તે કોઈની આગળ બોલાય નહિ. આ જગત આખું આ રીતે જ ચાલ્યું આવે છે. પોતાનો મોક્ષ થાય ચાહે ન થાય. પોતાની અંગત વાત કોઈની આગળ કહેવાય નહિ. ૧૯. ખેડૂત ખેતરમાં જેવી ખેતી કરે તેને તેવી પેદાશ થાય છે. આકડો વાવનારાને કેરી ક્યાંથી મળે ? આકડાના કીડાને તો આકડો જ ભાવે. ૨૦. જેવો જીવ હોય તેવો તે ધર્મ પાળે. કોઈના ઉપર બળજબરી ચાલતી નથી. જે અષ્ટ પ્રકારનું શીલ (ચારિત્ર્ય) વ્રત દૃઢ કરીને રાખે છે. ૨૧. જે સંતો રસાસ્વાદને ઝેર માનીને નિઃસ્વાદીપણે ખાતા હોય, ધનનો અત્યંત ત્યાગ રાખતા હોય, વ્યસનમાત્રથી દૂર રહેતા હોય, ૨૨. જે સત્યતત્ત્વ છે તેને હૃદયમાં કાયમ યાદ કરી રાખે. તે સત્યધર્મ હંમેશા પ્રકટ હોય છે. તેનો ક્યારેય નાશ થતો નથી. ૨૩. તે સત્ય કર્મોનું ફળ આપે છે. સત્યથી જ જીવમાં ઈશ્વરપદ આવે છે. ઈશ્વર થઈને જો સત્યને છોડી દે તો તેનું ઐશ્વર્ય આગળ વધે નહિ. ૨૪.

આપ સત્યધર્મ ઉપર ચાલો છો એટલે ઈશ્વર થયા છો. સહુ લોકો આપને મસ્તક નમાવે છે મોટા મોટા મહારાજાઓ પણ આપને નમે છે. ૨૫.જે કાઠી અને કોળી કહેવાય છે તે ઘણા નિર્દય છે. છતાં આપના સત્ય ધર્મને દેખીને તેઓ અત્યારે વશ થયા છે. ૨૬. જે લોકો સત્યધર્મનો ત્યાગ કરી દે છે તેને કોઈ માનતા નથી. તેઓ તો જીવ નીકળી ગયા પછીના મડદા જેવા છે. ૨૭. મારી જેવી સમજણ છે તે પ્રમાણે મેં કહ્યું છે. લોકો તો મર્મમાં બોલે છે કે જેની પાસે ધન ઝાઝું હોય તે મોટો કહેવાય. ૨૮. આ દુનિયામાં અપાર લોકો છે. સહુને એકસરખો અધિકાર હોતો નથી. જેને જેવો ખપ હોય તે તેવી દુકાને જાય છે. ૨૯. જેના ઘરમાં જેવી ધનસંપત્તિ હોય તેવી તે ખરીદી કરે છે. દુકાન કોઈ વ્યક્તિના ઘરે જાતી નથી. પરંતુ જે વ્યક્તિને જેની જરૂરિયાત હોય તે તેવી દુકાને ચાઈને દોડીને જાય છે. ૩૦. મારા મનમાં જ્યારે ભાવના થઈ ત્યારે હું અહીંયા ચાઈને આવ્યો છું. આપે મને બોલાવ્યો નથી. જેના માટે હું આવ્યો છું તે કારણ પણ મેં આપને કહ્યું નથી. ૩૧. અત્યારે હું આપને

વિનતિ કરીને કહું છું કે આપને સહુ લોકો ‘જ્ઞાની’ તરીકે ઓળખે છે. આપ દિલમાં દયા લાવીને ફરો છો અને કાળના મુખમાંથી જીવોને આપ બચાવી લ્યો છો. ૩૨. જે લોકો આપનો વિશ્વાસ રાખે છે તેને જમદૂતનો ત્રાસ નાશ પામી જાય છે. આપના સત્યરૂપ ધર્મને દેખીને મારા મનમાં આવું જણાયું છે. ૩૩. કદાચ આપ કહો, તોપણ હું માનું નહિ, તો પછી બીજાની વાતને કેમ માનું ? જ્યાં નીતિ હોય ત્યાં મુક્તિનો દરવાજો હોય અને જ્યાં અનીતિ હોય ત્યાં નરક હોય તે વાત ચોક્કસ છે. ૩૪. હું આપને નથી માનતો, પણ નીતિને માનું છું. અને નીતિને જોઈને મને મનમાં પ્રીતિ થઈ છે. અત્યારે હું પ્રેમ કરીને કહું છું માટે હવે તે પ્રેમને ધોઈ નાખશો નહિ. ૩૫.

અમારે સંસારસાગર તરવાનું જે જહાજ (જૈનધર્મ) કહેવાય છે તેણે આજ સુધી અમને ભ્રમમાં રાખ્યા. તે જહાજને અને આપના સત્સંગરૂપ આ જહાજને અમે દેખ્યું ત્યારે અમને આપનું સત્સંગરૂપી જહાજ સત્ય જણાયું છે. ૩૬. આપના સત્સંગરૂપ નવા જહાજમાં લગારેય ભય નથી. જૂના જહાજનો કાંઈ વિશ્વાસ નથી. નવા જહાજ (સત્સંગ) માટે જે ખર્ચ કરવામાં આવે તો તે અંતે કામ લાગે. ૩૭. એટલા માટે હું આપની આગળ વિનંતી કરીને કહું છું કે આવતીકાલે આપ અમારી રસોઈ લો. ત્યારે દરબાર હમીર ખાચર આદિ બધા દરબારોએ પણ શ્રીહરિને તેમ કરવા કહ્યું. ૩૮. ત્યારે શ્રીહરિ થોડું હસીને બોલ્યા કે અમે તમારી રસોઈ લેશું તો તમારા સાધુ નારાજ થશે. વગર રસોઈએ અમે તમારા ઉપર ખૂબ જ રાજી છીએ. તમે તમારા સાધુઓને રાજી રાખો. ૩૯.

ત્યારે ભાઈચંદ શેઠ બોલ્યા, ‘બધા સુજ્ઞ જનો તમે સાંભળો. તે સાધુઓએ અમારા ઘરને કાંઈ ધન આપ્યું નથી. ૪૦. **સાધુજનો તે કહેવાય છે કે જે કોઈના ઉપર નારાજ (દુઃખી) ન થાય. જો કોઈના સારા ધર્મથી કોઈ સંત નારાજ થાય તો તે સાધુ ધર્મ વિનાના કહેવાય.’** ૪૧. આમ કહીને ભાઈચંદ શેઠે તરત જ રસોઈ માટેનું સીધું સામાન વગેરે મગાવ્યું. અને કહ્યું કે જે વસ્તુ જોઈએ તે અત્યારે જ લખાવી દો. ૪૨. આ બધું જોઈ-જાણીને ભગાશેઠ પોતાના મનમાં ખૂબ જ રાજી થયા. શ્રીહરિની સમાન બીજા કોઈ જીવની નાડી કળી શકે નહિ. ૪૩.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'ભાઈચંદ શેઠ શ્રીહરિને દર્શને આવ્યા અને રસોઈ કરવાનું કહ્યું' એ નામે છેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૬॥



પૂર ચોથું : તરંગ - ૪૭

બોટાદના ભક્તોએ શ્રીહરિની પૂજા કરી અને સંતો ગાન કરવા આવ્યા

દરબાર હમીર ખાચરે બધા સુતાર હરિભક્તોને બોલાવ્યા. ચોકમાં સુંદર સોનેરી એક મંડપ તૈયાર કરાવ્યો. ૧. અનેક રીતે ચિત્રવિચિત્ર રંગથી તેને સજાવ્યો. તેની શોભાનો કોઈ પાર ન હતો. વિવિધ પ્રકારના બિલોરી કાચના ઘણા ઝાડ તે મંડપમાં બાંધ્યા. ૨. વિચિત્ર પ્રકારના અનેક સોનેરી થાંભલા સોની હરિભક્તોએ તૈયાર કર્યા અને તેમણે જ સારા સોનાના કળશ પણ મૂક્યા. ૩ દરજી હરિભક્તો હતા તેમણે આવીને ચારે બાજુ મોતીના તોરણ બાંધી દીધાં. ૪. વિચિત્ર રીતે એક સુવર્ણનું સિંહાસન બનાવ્યું. તેને મહામંડપને મધ્યે લાવીને ગોઠવ્યું. તેની શોભા અનોખી હતી. ૫. બધા જ દેવતાઓ શ્રીહરિને આધીન રહે છે. જેવો સમય અને જેવો હરિભક્તોનો સંકલ્પ હોય તે પ્રમાણે એક જ ઘડીમાં તરત જ તેવું તૈયાર કરી દેતા હતા. ૬.

चोपाई :

हरिजनकुं सुख देन हि काजा, अब हि प्रगट भये महाराजा;
त्याग भाव तेहि त्याग देखावे, एहि सम त्याग नहिं कोउ आवे...०७

जो जो करे हरि चरित्र जेते, अवतार सब पर वर्तत तेते;
तेहि कर सब पर अवतारा, मिले ताके भाग्य अपारा...०८

મહારાજાધિરાજ શ્રીહરિ આ વખતે હરિભક્તોને સુખ આપવાને માટે પ્રગટ થયા છે. જેને ત્યાગમાં શ્રદ્ધા હોય તેને શ્રીહરિ એવો ત્યાગ દેખાડતા કે તેના સમાન બીજો કોઈ ત્યાગ હોઈ શકે નહિ. ૭. શ્રીહરિ જે ચરિત્ર જેવું કરે તે બીજા સર્વ અવતારો કરતા પણ 'પર' રહેતું હતું. તેને કારણે જ

શ્રીહરિનો આ અવતાર સર્વ અવતારોથી 'પર' છે. તે શ્રીહરિનો યોગ જેને થયો તેના ભાગ્યનો કોઈ પાર નથી. ૮.

અંધ માણસે જે ચીજ દેખી જ ન હોય તે બાબતમાં તે શું કહે ? જેને રસનું જ્ઞાન જ ન હોય તે રસાસ્વાદને શું અનુભવે ? જેના અંતરના અને બહારના બધા જ વિઘ્ન ટળી ગયા હોય તે જ પરમાત્માના સ્વરૂપનું પૂર્ણ સુખ મેળવી શકે છે. ૯. જ્ઞાનેન્દ્રિયોનું અને કર્મેંદ્રિયોનું જેને અંતર અને બાહ્ય પૂર્ણ જ્ઞાન હોય તે જ શ્રીહરિના સ્વરૂપનું ગાન કરી શકે. શ્રીહરિચરિત્રનું જ્ઞાન જેને જેટલું હોય તે તેટલું તેનું વર્ણન કરે છે. ૧૦.

જો જ્ઞાન જ ન હોય તો વર્ણન કેમ કરે-શું કરે ? જો દ્રવ્ય-પદાર્થો જ ન હોય તો યજ્ઞ કઈ રીતે કરે ? આ ગ્રંથમાં શ્રીહરિના અદ્‌ભુત ચરિત્રોની રચના કરી છે. માટે જ આ ગ્રંથને હરિચરિત્રામૃતસાગર કહેવાય છે. ૧૧. મેં શ્રીહરિનાં અદ્‌ભુત-અપૂર્વ ચરિત્રોને દેખ્યા છે તેથી મને તેમાં અત્યંત સ્વાદ આવે છે. દેખ્યા વગર તેમાં રુચિ થતી નથી અને રુચિ વિનાનું શ્રવણ તો અકળામણ ઉપજાવે છે. ૧૨. જેના હાથમાં સાચો ચિંતામણિ આવ્યો હોય, તેમાં ભલે કોઈ વસ્તુ દેખાતી નથી. પણ કોઈ એવી વસ્તુ નથી કે જેને તે ચિંતામણિ આપી ન શકે. ૧૩. જેને જેવી ભાવના હોય તેને હરિરૂપી ચિંતામણિથી તેવું સત્ય મળે છે. પણ જ્ઞાન વિના કોઈ વસ્તુ મળતી નથી. જેને શ્રીહરિનું જેવું જ્ઞાન થાય છે તેને તેવું સુખ પ્રાપ્ત થાય છે. ૧૪. હવે એક પહોર (ત્રણ કલાક) દિવસ બાકી રહ્યો છે. એમ જાણીને શ્રીહરિએ સભા કરાવી. મંડપને મધ્યે સિંહાસન ગોઠવ્યું હતું. તેના ઉપર સુખદાની શ્રીહરિ આવીને વિરાજમાન થયા. ૧૫. બધા સંતો આગળના ભાગમાં બેઠા. અનેક વિભાગના દરબારો પણ આવીને સભામાં બેઠા. તે સમયે ચોપદાર છડી બોલતો હતો. આ બધી શોભાનું વર્ણન કરી શકાતું નથી. ૧૬. છત્રીશ પ્રકારનાં વાજિંત્ર જે કહેવાય છે તે સમયને અનુરૂપ વાગવા લાગ્યા. વિલાયતથી આવેલા વિલાયતી વાજિંત્ર વિચિત્ર પ્રકારના હતા. તેની શોભા તો અવર્ણનીય હતી. ૧૭. તે વાજિંત્ર મધુર શબ્દથી વાગતા હતા. દરેકની ચાલ જુદી જુદી હતી. તે વાજિંત્રો વગાડનારાને શ્રીહરિએ જોયા અને વાહ...વાહ કરીને તેની પ્રશંસા કરી.

૧૮. વાજિંત્રોના શબ્દ સાંભળીને ગામના બધા લોકો આવ્યા. દરબારગઢમાં બધા ભરાઈ ગયા. બોટાદના જેટલા દરબારો કહેવાતા હતા તે બધા વિવિધ પ્રકારનો પૂજાનો સામાન લઈને તે વખતે સભામાં આવ્યા. ૧૯.

સૌના દિલમાં અપાર પ્રેમ હતો. ભારે માંઘલો રેંટો લાવીને શ્રીહરિને મસ્તકે બંધાવ્યો. ૨૦. સોનેરી જામો અને સુરવાળ પહેરાવ્યા. સોનાના જડાઉ બાજુબંધ અને કડાં શ્રીહરિના હાથમાં પહેરાવ્યાં. ૨૧. સોનાની ઊતરી, વેઢ અને ઘણી વીંટીઓ પહેરાવી અને કાનોમાં સોનાના કુંડળ પણ પહેરાવ્યા. પાઘ ઉપર શિરપેચ બાંધીને તેમાં મોતીના તોરા ધરાવ્યા. ૨૨. મોતીથી મઢેલી જડાઉ સોનાની છડી શ્રીહરિના હાથમાં આપી. જાતજાતના મોતી ભરેલી જરિયાની ભારે માંઘલી શાલ ઓઢાડી. ૨૩. લલાટમાં કેસર મિશ્રિત ચંદનની અર્ચા કરી અને મધ્યે કુંકુમનો લાલ ચાંદલો કર્યો. દૂધથી શ્રીહરિના ચરણોને ધોઈને પછી તેના ઉપર કેસરીચંદન લગાવ્યું. ૨૪. દરબાર સોમલા ખાચર અને હમીર ખાચરે ઘણા જ પ્રેમથી તે ચરણાર્વિંદને પોતાની છાતીમાં ચાંપ્યા. તે રીતે જ તેમના પરિવારના ભક્તોએ મનમાં ઘણું જ પ્રસન્ન થઈને છાતીમાં ચરણ ચાંપ્યાં. ૨૫. તે પછી ધૂપ અને દીપ આદિ કરીને આરતી કરી. મોતીથી અને સોનાના ફૂલથી શ્રીહરિને વધાવ્યા. ૨૬. જેના મનની જેવી ભાવના, તેણે તેવી શ્રીહરિની સ્તુતિ કરી અને શ્રીહરિએ પણ જેણે જેવું મુખે વરદાન માગ્યું તેવું તેને આપ્યું. ૨૭.

ગામના હરિભક્તો તો અપાર હતા. પણ તેમાં મુખ્ય તો બોટાદના ભગા શેઠ ઈત્યાદિ મહાજન હતા. ૨૮. તેઓ બધા પૂજા કરવા આવ્યા. જેની જેવી સંપત્તિ અને જેવી ભાવના, તેમણે તેવી પૂજા કરી. તેમણે મેવા, ફળ અને ફૂલ વગેરે લાવીને અર્પણ કર્યા. ૨૯. તે વેળાએ બધા હરિભક્તોએ વિધિ પ્રમાણે બધા સંતોની પૂજા કરી. શ્રીહરિના ચરણકમલમાં પોતાનું મસ્તક નમાવીને તેઓ પગે લાગતા. ૩૦. જ્યારે સંધ્યા સમય થવા આવ્યો ત્યારે સંતો વાજિંત્ર લઈ આવ્યા. મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામી એ બંનેએ પોતાના હાથમાં સુંદર સરોદ લીધા. ૩૧. પ્રેમાનંદસ્વામી મૃદંગ વગાડતા. દેવાનંદસ્વામી સરસ રીતે ગાતા. હાથમાં તંબૂર રાખતા. તેઓ સ્વર અને

તાલના મર્મજ્ઞ હતા. ૩૨. જ્ઞાનાનંદ મુનિએ સિતાર લીધો. તેમને ગાવામાં પ્રેમ વધારે રહેતો. હર્યાનંદસ્વામી અને નિર્વિકારાનંદસ્વામી પણ સારા ગાયક હતા. ૩૩. શ્રીહરિના સંતોમાં આટલા ગાયક ગાન કરવા માટે બેઠા. તે સહુમાં ત્રણ કવિ શ્રેષ્ઠ કહેવાતા. જે જે એક બીજાથી સરસ હતા. ૩૪. મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામી એ બે મહાકવિ કહેવાતા. તેવા જ પ્રેમાનંદસ્વામીને પણ મહાકવિ જાણવા. તેમના બરોબર બીજા કોઈ નહિ. ૩૫. સંતોમાં બીજા પણ કવિ થયા છે. તેમની છટા કાંઈ ઓર જ રહી છે.

આ બધા સંતો અક્ષરધામના હજૂર નિવાસી છે અને તેને લીધે જ તેઓ આવા કાવ્ય રચનારા કવિ થયા. ૩૬. તે સંતોના કાવ્ય-કીર્તનોને સાંભળનારા જો બુદ્ધિમાન હોય તો તેમને શ્રીહરિના પરમેશ્વરપણાનો નિશ્ચય તરત જ થઈ જતો. ૩૭.સંતો પ્રત્યેક પદમાં શ્રીહરિની મૂર્તિનો પ્રકટ સાક્ષાત્કાર કરાવી દેતા હતા. જેવી ધામમાં મૂર્તિ છે તેવી કાવ્ય કીર્તનમાં દેખાડી દેતા. ૩૮. સર્વે વેદો, પુરાણો અને ધર્મશાસ્ત્રનો સાર ગાળી ગાળીને તેનો રસ સંતો પ્રત્યેક પદમાં લાવી દેતા હતા. ૩૯.સંતો શ્રીહરિની આગળ પ્રેમમગન થઈને જે કીર્તન ગાતા હતા, તે વાત તો કોઈથી કહી શકાતી નથી. હું તો અલ્પ બુદ્ધિ વાળો છું એટલે શું કહી શકું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'બોટાદના ભક્તોએ શ્રીહરિની પૂજા કરી અને સંતો ગાન કરવા આવ્યા' એ નામે સુડતાળીસમો તરંગ સમાપ્ત ॥૪૭॥



પૂર ચોથું : તરંગ - ૪૮

શ્રીહરિએ સત્સંગના મૂળભૂત ગુણોનું ગૌરવ કહ્યું અને સંતોએ કીર્તન ગાયા

સ્વયં ભગવાન શ્રીહરિને મનમાં કીર્તન સાંભળવામાં બહુ પ્રેમ હતો. અને તે કારણથી જ શ્રીહરિ પોતે નિત્ય કીર્તન ગવડાવતા હતા. ૧. **મનુષ્ય, દેવ અને રાજા, સહુના તરફ મેં નજર કરીને જોયું, તો જેવો શ્રીહરિને**

કીર્તનગાન સાંભળવામાં પ્રેમ છે તેવો બીજા કોઈને નથી. ૨. શ્રીહરિ ગાન કરનારા સંતોને અતિશય માન આપતા. આવું કોઈ કરી શકે નહિ, કારણ કે સહુ પોતપોતાના ગુણોમાં મગન હોય. ૩. શ્રીહરિમાં જે જે ગુણ હતા તે બીજામાં લેશમાત્ર પણ આવતા નથી. બીજા સર્વના ગુણો તો શ્રીહરિની પાસે જેમ મીઠા વિનાનું શાક હોય તેવા ફીક્કા છે. ૪. જગતમાં ધન અનેક પ્રકારના હોઈ શકે છે પણ કોઈ ધન ચિંતામણિના જેવું નથી. પરંતુ તે ચિંતામણિ કરતા પણ શ્રીહરિમાં ગુણ વધારે છે અને બીજામાં જે ગુણ છે તેપણ શ્રીહરિના જ આપેલા છે. ૫. સંતો જેમ જેમ વધારે ગાન કરે તેમ તેમ ભગવાન શ્રીહરિ તેમના ઉપર વધારે પ્રસન્ન થાતા અને તે રાજીપામાં તો પોતાની પાસે જે કાંઈ ફળ, ફૂલ કે મેવા આદિ હોય તે તે ગાયક સંતોને તરત જ અતિ ભાવથી આપતા. વળી, એવા જ અતિશય ભાવથી કોઈ ગાયક સંતોને ક્યારેક સાકરનું જળપાન કરીને પ્રસાદીરૂપ જળ આપતા. ૬-૭. ક્યારેક તે ગાયક સંતને પ્રેમથી પ્રસાદીનું વસ્ત્ર કે ચરણ આપતા. શ્રીહરિની આ રીત તો કાયમની હતી. ગમે તેવો વિષમકાળ આવે તોપણ શ્રીહરિ તેને ભૂલતા નહિ. ૮.

ગાનવિદ્યાના ગુણ ઉપર શ્રીહરિને આટલો બધો ભાવ હતો તે જોઈને મોટા મોટા ભણનારા સંતો પણ ગાન શીખવા લાગ્યા. પણ બીજું ભણવાનું હોય, તેના કરતાં ગાનવિદ્યાનો અભ્યાસ અત્યંત કઠણ લાગ્યો. ૯. સ્વરમાં પ્રીતિ ન હોય, સ્વરની પિછાણ ન હોય, તો ગાન વિદ્યા ન આવડે. અને તેને લાયક બુદ્ધિ હોય તો જ ગાનવિદ્યા આવડે. અને ગાનવિદ્યા આવડે તો શ્રીહરિ પ્રસન્ન થાય. ૧૦. કેટલાક સંતો જ્યારે ગાનવિદ્યાનો અભ્યાસ કરવા લાગ્યા ત્યારે થોડાકને જ તે વિદ્યા ફાવી. ત્યારે શ્રીહરિએ તે સંતોને કહ્યું, સંતો તમે પ્રેમથી જ્ઞાન અને ધ્યાનને શીખો. ૧૧. **વૈરાગ્ય, ધર્મ અને ભક્તિ એ ગુણ ઘણા મહાન છે. તેમાં દિલ દઈને તેને દિન પ્રતિદિન શીખો. ભગવાનને રાજી કરવાનું દૃઢ મૂળ તો વૈરાગ્ય, ધર્મ અને ભક્તિ છે. બીજા સંપાદન કરેલા ગુણ વૈરાગ્ય, ધર્મ અને ભક્તિની તુલ્ય નથી.** ૧૨.

સંતો, એક વાત નિશ્ચિત છે કે વૈરાગ્ય, ધર્મ અને ભક્તિરૂપ મૂળને છોડી દઈને કદાચ બીજા અનંત ગુણોને શીખવામાં આવે, તોપણ તે અંતે

શોભતા નથી. ૧૩. મૂળને દૃઢ રાખીને બીજા જેટલા ગુણ મળી શકે તેટલા મેળવવા. મૂળની સાથે બીજા ગુણ થોડા હોય તોપણ તે ઘણા છે એમ માનવું; અને વૈરાગ્ય, ધર્મ અને ભક્તિરૂપ મૂળ વિના પ્રાપ્ત કરેલા બધા જ ગુણ અવગુણ બને છે. ૧૪. જેના હાથમાં મૂળ હોય તેને ફળ-ફૂલરૂપ અનંત ગુણ મળશે જ. તમે સમગ્ર સંતો સાંભળો આ અમારો સુદૃઢ સિદ્ધાંત છે. ૧૫.**ધર્મ, ભક્તિ આદિ મૂળભૂત ગુણોનું રક્ષણ કરવા માટે જ ગાનવિદ્યા અને શાસ્ત્રાભ્યાસ વગેરે છે. બધું શુભવર્તન, સંતોનો અને મારો સમાગમ, એ બધું પણ મૂળભૂત ધર્મ-ભક્તિ અને વૈરાગ્યાદિક સદ્‌ગુણોને દૃઢ કરવા માટે જ છે. ૧૬.**

✵ શ્રીહરિનું વિચરણ સદ્‌ગુણોને દૃઢ કરાવવા માટે છે :

चोपाई :

जो जो हमारी करत सेवा, ताकुं ग्रहन करत ततखेवा;
मूल दृढ करावन हीता, ता हित हम करत बहु प्रीता...१८

खावत पिवत ओढत जेता, मूल हि दृढ करावन हेता;
ठोर ठोर शोभा हि अनंता, जिहाँ जात तिहाँ रहत करंता...१९

नियम फेरत हम हि बहु फेरा, मूलकु दृढ तब करन घनेरा;
भारे मोलात वन में रहावे, कबु रस लेवे कबहु तजावे...२०

અમે જે ગામોગામ ફરીએ છીએ. હરિભક્તોના નામ પૂછીએ છીએ. અને બાઈ-ભાઈ હરિભક્તોને સંભારીએ છીએ. અને જે સમયે સમયે આવીને અમારી સેવા કરે છે ત્યારે તેને અમે તરત ગ્રહણ કરીએ છીએ. તે બધું વૈરાગ્ય, ધર્મ અને ભક્તિરૂપ મૂળને દૃઢ કરાવવા માટે જ કરીએ છીએ. અને તેટલા માટે જ અમે ભક્તો સાથે બહુ હેત-પ્રેમ રાખીએ છીએ. ૧૭-૧૮. અમે જ્યાં જઈએ ત્યાં અનંત પ્રકારની શોભા આદિ કરવામાં આવે છે પરંતુ અમારું ખાવું, પીવું, ઓઢવું, પહેરવું વગેરે તો તે મૂળભૂત ગુણોને દૃઢ કરાવવા માટે જ છે. ૧૯. ઘણીવાર અમે નિયમ(પ્રકરણ) ફેરવીએ છીએ તેપણ મૂળભૂત ગુણોને ખૂબ જ દૃઢ કરાવવા માટે છે. ક્યારેક રાજમહેલમાં રહીએ તો ક્યારેક વનમાં રહીએ. ક્યારેક રસદાર ભોજન લઈએ તો ક્યારેક તેને છોડાવીએ. તેપણ મૂળ ગુણોની દૃઢતા માટે જ છે. ૨૦.

મોટા મોટા રાજાઓ સન્માન કરે, અનેક રીતે ઘણી ભારે પૂજા કરીને ભેટ અર્પણ કરે. કેટલાક તો પોતાના રાજપાટ પણ દેવા માંડે એ બધાનો અમે જે ત્યાગ કર્યો છે તેપણ મૂળગુણોની દૃઢતા માટે જ છે. ૨૧. અમે એક સુંદરદાસનું પદ 'સવૈયા' શીખી રાખ્યું છે. તેમાં જે કહ્યું છે તેનો અમે દૃઢ વિચાર કર્યો છે. અમે જે ઉપર મૂળગુણની દૃઢતા કહી, તે જ તેમણે કહ્યું છે. ૨૨. માત્ર ગોખી રાખેલું કે શીખી રાખેલું કાંઈ કામ લાગતું નથી. શીખેલું જ્ઞાન મનન દ્વારા જ્યારે જીવમાં ઊતરી જાય-પરોવાઈ જાય ત્યારે જ તે સહાયતા કરે છે. એક જ શબ્દ વિવક્ષાને આધારે અનંતરૂપે રહે છે. ૨૩. અમે જે શબ્દ શીખ્યા છીએ તે યોગ્ય સમયે અમને ઉપયોગી થાય છે. શીખેલું જ્ઞાન જો યોગ્ય સમયે ઉપયોગમાં ન આવે તો પછીના સમયમાં સહાયતા શું કરે ? ૨૪.

શરીરમાં બાહ્યઇન્દ્રિયો દસ છે અને આંતરિક જીવની ઇન્દ્રિયો ચાર છે. બંને મળીને ચૌદ ઇન્દ્રિયો કહેવાય છે. તેમાં મુખ્ય શ્રવણ ઇન્દ્રિય સહુનું દ્વાર છે. ૨૫. શ્રોત્રના દેવ દિગ્પાલ છે. તેનો વિષય સાંભળવું તે વિધિ અને નિષેધ રૂપ છે. વિધિ એટલે તે તે ઇન્દ્રિયના વિષયને ગ્રહણ કરવાની-ભોગવવાની આજ્ઞા. અને નિષેધ એટલે તે તે ઇન્દ્રિયના વિષયરસનો ત્યાગ કરવાની આજ્ઞા. ૨૬. વિધિથી ગ્રહણ કરાતા વિષયમાં જો મન બરાબર ભળી જાય તો જ તેનો યથાર્થ અનુભવ થાય છે અને જો મન તે વિષયમાં એકરૂપ થઈને ભળ્યું ન હોય તો પક્વ - યથાર્થ અનુભવ થતો નથી. જો મન તેમાં એકરૂપ થઈને વારંવાર ચિંતનરૂપ અભ્યાસ મનન કરે તો તે વિષય તેને સાક્ષાત્ - પ્રત્યક્ષવત્ થઈ જાય છે. ૨૭.

શ્રીહરિએ આ રીતે સંતો સાથે વાત કરી અને પછી બોલ્યા કે હવે તમે કીર્તન ગાઓ. અમે આ વાતોથી સભાનો રંગ જમાવ્યો છે. રંગ જામ્યા સિવાયનું બધું બેરંગ-ફિક્કું-શૂન્ય જેવું લાગે છે. ૨૮. જેટલા સંતો કવિ કહેવાઓ છો તે પ્રત્યેક ચાર ચાર પદ કીર્તનના બોલો. શ્રીહરિએ આજ્ઞા કરી એટલે પ્રથમ મુક્તાનંદસ્વામી ખૂબ જ ભાવથી કીર્તન બોલ્યા. ૨૯.

તેમના પછી જેમના હૃદયમાં અત્યંત ભગવત્પ્રેમ વ્યાપી ગયો હતો આવા બ્રહ્માનંદસ્વામી કીર્તન બોલ્યા અને ત્યારબાદ પ્રગટ શ્રીહરિના પ્રેમમાં મગ્ન થઈને પ્રેમાનંદસ્વામી કીર્તન બોલ્યા. ૩૦. ત્યારે મશાલો પ્રગટાવીને લાવ્યા, દીવાવાળા કાચના ઝાડ લટકાવી દીધા. પછી ચોપદાર છડી પોકારવા લાગ્યો અને તે સમયે બધી સભા ઊભી થઈ. ૩૧.

સંતો સંધ્યાઆરતી ગાવા લાગ્યા. તેમાં ઝાંઝ અને મૃદંગ ખૂબ જ વાગતા હતા. તે સમયે કેટલાકને સમાધિ થઈ અને તે બધા દિવ્ય અક્ષરધામમાં ગયા. ૩૨. અક્ષરધામમાં બીજા અનંત ધામ રહ્યા છે. તે ઘણા અત્યંત તેજસ્વી છે. તેની શોભા એક એકથી અધિક છે. તેનું વર્ણન કરવાનું મને આવડતું નથી. ૩૩. તે ધામની ઉપમા કોની સાથે આપવી ? કારણ કે આ લોકમાં ઉપમા આપ્યા જેવી કોઈ વસ્તુ જ નથી. આ લોકના સૂર્ય અને ચંદ્રમા તો ધામના તેજ આગળ આગિયા-પતંગિયાના જેવા દેખાય છે. ૩૪. **એવો તે ધામનો અલૌકિક પ્રકાશ છે તે ધામના તેજને ભક્તજનો સહેજે દેખે છે અને આનંદ ઉલાસ કરે છે. પ્રગટ મૂર્તિમાં તો એવી અનંત કળાઓ રહી છે, તેનો પાર કોણ પામે ? ૩૫. જે શ્રીહરિની મૂર્તિ પ્રકટ વિરાજતી હોય તેમાં સામર્થ્ય ઓછું વધું દેખાય તેમાં કાંઈ આશ્ચર્ય થતું નથી. કારણ કે શ્રીહરિની ઈચ્છાશક્તિ જ મહાન બળવાળી છે.** ૩૬.

આરતી કરી રહ્યા પછી સંતો ધૂન બોલવા લાગ્યા. શ્રીહરિ પણ ઊભા થઈને સંતોની સાથે ધૂન કરવા લાગ્યા. ૩૭. શ્રીહરિ સંતોની સાથે એકતાલ થઈને તાળીઓ પાડતા હતા. તે શોભાને કહેતાં આવડતી નથી. ત્યારે તો આરતી પછીનો રંગ જ એવો જામ્યો હતો. ૩૮. ચાર ઘડી (૧.૩૬ કલાક) સુધી શ્રીહરિએ તે મહાન ધૂન કરી. ધૂન બોલતાં સર્વને શરીરની સૂધ ભૂલાઈ ગઈ. (અર્થાત્ સહુની વૃત્તિ મ. સાથે એકાકાર થઈ ગઈ.) તેનાથી ચૌદે ભુવન ગાજવા લાગ્યાં. ૩૯.ધૂન થઈ રહ્યા પછી સહુ સંતો ભેળા મળીને સ્તુતિ કરવા લાગ્યા. તેમાં અનંત દેવતાઓ પણ ભેગા ભળીને સ્તુતિ કરતા હતા. ૪૦. સ્તુતિ પૂરી થયા પછી સહુ સંતો શ્રીહરિને પગે લાગ્યા. સંતોનું અધિક માહાત્મ્ય સમજીને શ્રીહરિ પણ તેમ જ સંતોને પગે

લાગતા હતા. ૪૧. આ રીતે 'સ્વામિનારાયણ' નામનો બધે જયજયકાર થઈ ગયો. તે જય જયકારનો શબ્દ ચારે ધામમાં બધે વ્યાપી ગયો. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શ્રીહરિએ સત્સંગના મૂળભૂત ગુણનું ગૌરવ કહ્યું અને કીર્તન ગવડાવ્યા' એ નામે અડતાળીસમો તરંગ સમાપ્ત ॥૪૮॥



પૂર ચોથું : તરંગ - ૪૯

બોટાદમાં જૈનોએ શ્રીહરિનાં દર્શન કર્યાં અને ભાઈચંદ શેઠની રસોઈ સહુ જમ્યા

બોટાદપુરના મોટા મોટા વેપારી (જૈન) મહાજનો ગાન સાંભળવા આવ્યા. લોકની રીત સમજીને તે બધા શ્રીહરિને પગે લાગ્યા. ૧.તે ઠેકાણે સમાધિ થવાથી અપાર મનુષ્યો પડ્યા હતા. મહાજનોને સમાધિની ખબર ન હતી; આથી તેઓ બોલ્યા, સુંદર ગાન થઈ રહ્યું છે. સમી સાંજનો સંધ્યાનો સમય છે છતાં આ લોકો અત્યારે કેમ સૂતા છે ? અમારા સાધુ આવા નથી. તેઓ તો એક પહોર રાત ગયા સિવાય ન સૂવે. ૨-૩.

ત્યારે સ્વયં શ્રીહરિએ કહ્યું, આ સંતોની તમને ઓળખાણ નથી. આમની વાત તો સમજાય નહિ એવી અમાપ છે. બીજા કોઈ આ સંતોને માપી શકે તેમ પણ નથી. ૪. આ સંતોની એવી રીત છે કે તેમાં તમને કાંઈ ખબર નહિ પડે. એટલે તમે માત્ર ધ્યાન દઈને ગાન સાંભળો. કેમ જે, સંતોની અલૌકિક રીતમાં તમને સ્વાદ નહિ આવે. ૫. પરમેશ્વરના જે અવતારો થયા છે તે બધાને અમે માનીએ છીએ. અવિનાશી, શાશ્વત, સનાતન અને સુખરાશિ તે પરમેશ્વર ધામમાં અખંડ રહે છે. ૬. ધામમાં રહ્યા થકાં જ આ લોકમાં દેખાય છે. એવી તે પરમેશ્વરમાં અનંત કળાઓ રહી છે. જેને આસ્તિકભાવ હોય તેવા લોકોને જ આ વાત સમજાય છે. ૭. પણ જે નાસ્તિક કહેવાતા હોય, પરમેશ્વરના અવતારોને ન માનતા હોય, જેમ ફૂટેલા ઠામ-વાસણમાં પાણી ન રહે તેમ તેવા જે નાસ્તિક લોકો હોય તેમાં

પરમેશ્વરની વાત ટકતી નથી. એવા તે વિચિત્ર હોય છે. તેમને કરોડ વાત કહીને સમજાવીએ છતાં જે નાસ્તિક છે તેઓ પરમેશ્વરના અવતારોને માને નહિ, એવી તેમની બુદ્ધિ હોય છે. ૮-૯.

✵ જેવો સંગ તેવો રંગ :

મનુષ્ય જેવાનો સંગ કરે તેવી તેની બુદ્ધિ થઈ જાય છે. કપડાંને ધોવાય નહિ તો તે અત્યંત મલિન થઈ જાય છે. ૧૦. તેવી જ રીતે આ શરીરને પણ જાણવું. નાહ્યા વિના તે ગંધાવા લાગે છે. શૌચ કરીને (મળત્યાગ કરીને) જો પાણીથી તે અંગને શુદ્ધ કરવામાં ન આવે તો તેના સમાન બીજું કોઈ મલિન કહેવાય નહિ. ૧૧. "સૂતકના જેવું કોઈ પાપ નથી." આવું શાસ્ત્રોમાં કહ્યું છે. પણ જે તે સૂતકનો લેશમાત્ર પણ ભય ન રાખે, સૂતકને પાળે નહિ, તેને મરણ પછી ઘણું જ દુઃખ વેઠવું પડે છે. ૧૨. **મલિન સાધુના સમાગમથી સમાગમ કરનારો જીવ મલિન થઈ જાય છે અને પવિત્ર સાધુના યોગથી તે જીવની બુદ્ધિ પવિત્ર થઈ જાય છે.** ૧૩.

તેમજ મલિન શાસ્ત્રને સાંભળવાથી જીવ મલિન થઈ જાય છે અને પછી તે જીવની ગતિ પણ મલિન થાય છે, એમ નારદમુનિએ કહ્યું છે. ૧૪. જે શુદ્ધશાસ્ત્ર કે સાચા સાધુનો સત્સંગ કરે તેનો જીવ અતિશય શુદ્ધ થઈ જાય છે અને તેની ગતિ પણ નિશ્ચિતરૂપમાં શુદ્ધ થાય છે. આ મનુષ્ય શરીર જ એવું છે કે જેવો સંગ કરે તેવો રંગ લાગે. ૧૫.જે વેપારી મહાજન(જૈન વણિકો) આવ્યા હતા તેમને તે સમયે શ્રીહરિએ સમાધિ દેખાડી. તેથી તેમને ઘણું આશ્ચર્ય થયું. તેમણે સમાધિની વાતને સત્ય અને પ્રમાણિત માની. ૧૬.

શ્રીહરિ આ રીતે વિનોદ કરતા અને ગાન પણ કરાવતા. મધરાત થઈ ત્યારે સમાધિ જેને થઈ હતી તે સહુને જગાડ્યા. તે પછી શ્રીહરિ પોઢવા ગયા. ૧૭. ત્યારે શ્રીહરિએ સર્વે સભાને ઊઠવાની શીખ આપી. તેથી બધી સભા પૂરી થઈ ગઈ. લોકો તેમને ઘેર ગયા અને સંતોએ ત્યાં જ આસન કર્યાં. જે બ્રાહ્મણ હરિભક્તો હતા તેમણે રસોઈ બનાવવાનું શરૂ કરી દીધું. ૧૮. મોતીચૂર અને જલેબી, સાકર વાપરીને બનાવ્યા. બિરંજ તથા દૂધપાક કર્યા. પૂરી અને માલપૂડા બનાવ્યા. ૧૯. ભંટા (મોટા રીંગણા) અને સૂરણનું

શાક કર્યું, બીજા શાક પણ ઘણાં કર્યાં. ઊંચી જાતના ચોખામાંથી ભાત રાંધ્યો. શાકમાં અને ભાતમાં ઘીનો વઘાર કર્યો અને તેમાં કોથમરી નાખી. ૨૦. વડાં, ભજિયાં અને રાઇતું વગેરે અનેક રીતે કર્યા હતા. લોઢાના વાસણ રસોડામાં જેટલા જોઈએ તેટલા લુહાર હરિભક્તોએ આપ્યાં હતાં. ૨૧. પિત્તળ અને તાંબાના જે વાસણ વાપરવા માટે જોઈતાં હતાં તે બધા અમરસિંહભાઈ કંસારાએ આપ્યા હતા. અને કુંભાર હરિભક્તો ગાળીને પાણી ભરી લાવતા હતા. ૨૨.

જ્યારે અરુણોદય થયો ત્યારે સંતો 'નારાયણ ધૂન' કરવા લાગ્યા. પછી ગામને ફરતા અપાર કૂવાઓ હતા ત્યાં સહુ સ્નાન કરવા ગયા. ૨૩. શ્રીહરિ ઊઠ્યા અને ત્યાં હમીર ખાચરના દરબારમાં જ નહાયા. પીતાંબર પહેર્યું. પ્રેમથી નિત્યવિધિ કર્યો. સોનેરી બાજોઠ ઉપર સરસ રીતે બેઠા. ૨૪. સૂર્યોદયના સમયે જ ઉગમણાબારના ઓરડાની ઓસરીમાં શ્રીહરિ થાળ જમવા બેઠા. ઘણા ભરેલા થાળ લાવ્યા. ૨૫. ભોજન અનેક ભાતનાં હતાં. તેનો ગણ્યે પાર આવે તેમ નથી. શ્રીહરિ પ્રેમથી જમતા જાય અને વારંવાર ભોજનના વખાણ કરતા જાય, આમ જમ્યા. ૨૬.

ચોકમાં બહુ પ્રકારની રંગોળીઓ પૂરી. તેમાં રમણીય રંગની ગોઠવણ કરી હતી. તેની શોભા વર્ણવી શકાતી નથી. કેળના સ્તંભ રોપાવ્યા હતા. અતિ રમણીય અને અનુપમ ફૂલબાગની રચના કરી હતી. હરેક ખંડમાં અગરબત્તીના ધૂપ કર્યા હતા. ૨૭-૨૮. શ્રીહરિ જ્યારે ભોજન કરી રહ્યા ત્યારે ચળું કર્યું. મુકુંદાનંદ વર્ણીએ શ્રીહરિને હાથ ધોવડાવ્યા. ૨૯. જયાનંદ વર્ણીએ મુખવાસ આપ્યો. તે શ્રીહરિએ તરત જ લીધો. મુખવાસ ઘણો સુગંધી હતો. તેમાંથી અપાર સુગંધ છૂટતી હતી. ૩૦.

તે સમયે પૂજા કરીને સંતો આવ્યા. તુરંત તેમને જમવા બેસાડી દીધા. થાળના જેટલાં શુદ્ધ પકવાન હતાં તે બધાં પ્રથમ ભાઈચંદ શેઠને આપ્યા. ૩૧. સંતોને પીરસવાનું હતું એટલે શ્રીહરિએ જનોઈની જેમ પીતાંબર ડાબે ખભે કસીને બાંધી દીધું. રૂમાલને માથે બાંધ્યો. ૩૨. સોનાની ચાખડીઓ ચરણોમાં ધારી લીધી. વિશાળ લલાટમાં કેસરીચંદન ચરચ્યું હતું. વચ્ચે કુંકુમનો લાલ

ચાંદલો કર્યો હતો. ૩૩. શ્રીહરિએ કંઠમાં ચિત્તને આકર્ષે એવા મોતીના હાર, બંને ભુજા પર બાજુબંધ અને તોરા ધારણ કર્યા હતા. સોનાના ઝાંઝર ચરણોમાં પહેર્યા હતા. તેની ઘૂઘરીઓનો અવાજ એકધારો સંભળાતો હતો. ૩૪. બધા જ ધામના મોટા મોટા મુક્તો કહેવાય છે તે સહુ હરખભર્યા જમવા આવ્યા અને સાધુના જેવો વેશ બનાવીને પંગતમાં બેસી ગયા. ૩૫. શ્રીહરિ તેમને જોઈને હસવા લાગ્યા. અને શેઠના મહાન ભાગ્ય માન્યા.

પછી શ્રીહરિએ લક્ષ્મીજી(રમા)ને આજ્ઞા કરી કે તમે ભોજન ભરપૂર રહે તેમ કરજો. ૩૬. જે જે ભોજન બનાવ્યા હતા તેના ઉપર લક્ષ્મીજીએ દૃષ્ટિ ફેરવી હવે કોઈ એકપણ વસ્તુ ખૂટશે નહિ, એવું તેમણે કરી દીધું. ૩૭. મોના જોષી અને શિવા જોષી, નૃસિંહ જોષી આદિ વિપ્રો અને શ્રીમાળી આદિ બધાને નામ લઈ લઈને શ્રીહરિએ બોલાવ્યા. ૩૮. તે બધા થાળ ભરીભરીને જલેબી આદિ પીરસણ પ્રથમ લાવ્યા. શ્રીહરિએ તરત જ તે બધું સંતોને અને દરબારોને પીરસી દીધું. ૩૯.તે રીતે જ અત્યંત પ્રેમભર્યા દિલવાળા શ્રીહરિ મોતીચૂર લઈને પણ પંક્તિમાં પીરસવા માટે વારંવાર ફર્યા. ૪૦.

જ્યારે બધા સંતો જમી રહ્યા ત્યારે શ્રીહરિએ હાથ ધોયા. બધા દરબારો જમીને આવ્યા એટલે શ્રીહરિએ જવા માટેની તૈયારી કરી અને કરાવી. ૪૧. એક બાજુ વિપ્રો જમવા બેઠા અને બીજી બાજુ બધી સવારી તૈયાર થઈને આવી. દાહા ખાચરના માએ શ્રીહરિની બહુ સેવા કરી. ૪૨. તેમણે હાથ જોડીને માગણી કરી. મહારાજ ! વારંવાર અહીંયાં આવતા રહેજો. અમારા પુત્ર પરિવાર આદિ સહુને આપ પોતાના માનજો. ૪૩. મહારાજ આપની આવી ને આવી મૂર્તિના અંતસમયે દર્શન થાય તે રીતે પધારજો. આપની સમીપે અમને વાસ આપજો. બસ અમારી આટલી વિનતિને દિલમાં ધારી લેજો. ૪૪. હવે મને આપ કોલ(વચન) આપો કે મને આપની સેવા વારંવાર મળે. શ્રીહરિ તેના ઉપર પ્રસન્ન થયા અને તેમને કોલ આપ્યો અને કહ્યું કે સારું. પછી તેમણે કહ્યું તેમ શ્રીહરિએ બધું જ કર્યું. ૪૫.

ત્યાં જમીને સહુ વિપ્રો આવ્યા અને શ્રીહરિને પગે લાગ્યા. ભક્તવત્સલ શ્રીહરિ તે સમયે સત્વરે તૈયાર થયા. ૪૬. દેવઅશ્વને શ્રીહરિની

પાસે લાવ્યા. તેની શોભા કહી શકાતી નથી. તેનાં બધાં અંગો સોનેરી થઈ ગયાં હતાં. અને સુશોભિત તથા બહુરંગી પણ હતાં. ૪૭. શ્રીહરિએ પણ ભાતભાતના વસ્ત્રો અને સોનાના આભૂષણો પહેર્યા. પ્રાણઆધાર પ્રભુ શ્રીહરિ તે સમયે ઊંચી ઓસરી ઉપરથી જ સીધા અશ્વની પીઠ ઉપર બેસી ગયા. ૪૮. હાથમાં સોનાની છડી લઈને ચોપદાર છડી બોલવા લાગ્યો. બધા હરિભક્તો એકસામટા ઊમટી આવ્યા. ૪૯. અનેક પ્રકારનાં વાજિંત્રો વાગતા હતા. શ્રીહરિ બજારે ચાલ્યા જતા હતા. મસ્તક ઉપર સોનેરી છત્ર હતું અને બંને બાજુ ચામરો ઢળતા હતા. ૫૦. બજારોને અનેક રીતે શણગારી હતી તેની પારાવાર શોભા હતી. ગુલાલ પણ ઘણો જ ઊડતો હતો. આ રીતે શ્રીહરિ ઉત્તર દરવાજે આવ્યા. ૫૧. ગામની સ્ત્રીઓ હરખભરે હૈયે શ્રીહરિને અક્ષરધામના અધિપતિ જાણીને મોતીના થાળ ભરી ભરી વધાવતી હતી. ૫૨. શ્રીહરિ પુરની બહાર નીકળ્યા. બધા હરિભક્તોને પાછા વાળ્યા. પછી અશ્વને દોડાવ્યો ત્યારે સંતો તેમની પાછળ ચાલવા લાગ્યા. ૫૩.વચ્ચે ભાદર નદી આવી એટલે તેમાં શ્રીહરિએ સ્નાન કર્યું. બરાબર મધ્યાહ્નનો સમય થયો ત્યારે પાછળ ચાલતા સંતો ત્યાં શ્રીહરિને મળ્યા. ૫૪.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'બોટાદમાં જૈનોએ શ્રીહરિનાં દર્શન કર્યાં અને ભાઈચંદ શેઠની રસોઈ સહુ જમ્યા' એ નામે ઓગણપચાસમો તરંગ સમાપ્ત ॥૪૯॥



પૂર ચોથું : તરંગ - ૫૦

શ્રીહરિનાં ચરિત્રનો મહિમા કહ્યો અને શ્રીહરિ લોયાગામ પધાર્યા

શ્રીહરિ તથા સર્વે સંતો આવીને સુખભાદર નદીમાં નાહ્યા. તેથી આ નદીનો મહિમા ઘણો વધ્યો. ૧.શ્રીહરિ પધારે છે એવા સમાચાર સાંભળીને **લોયાગામના** ચારે વર્ણના હરિભક્તો હતા તે મનમાં અત્યંત પ્રસન્ન થયા. ૨. ઘરનું કામકાજ બધું છોડીને બધા લોકો જ્યાં શ્રીહરિ હતા ત્યાં દોડી આવ્યા, શ્રીહરિના ચરણોમાં પડ્યા અને પછી સંતોને પગે લાગ્યા. ૩. બહુ હેતને

કારણે દોડતા આવ્યા તેથી શ્વાસ ભર્યો હતો. તે સહુ શ્રીહરિની પાસે બેઠા. શ્રીહરિ અને સંતોનાં દર્શન થયાં તેથી સૌના મનમાં ઘણો જ આનંદ થયો. ૪. સુશોભિત સોનેરી ભારે ગાદી બિછાવી હતી તેના ઉપર સુખકારી શ્યામસુંદર શ્રીહરિ બેઠા. બધા અંગોમાં સોનેરી સાજ-શણગાર પહેર્યા હતા, તેથી મૂર્તિ મનોહર અને મહાન રંગીલી બની હતી. ૫. સોનેરી રેટાથી બંને ઢીંચણ બાંધીને શ્રીહરિ બેઠા હતા. તે વેળાએ ડાબા હાથમાં લીધેલી મોતીની છડી શોભાદાર બની હતી. ૬. મસ્તક ઉપર સોનાનું છત્ર ધાર્યું હતું અને તેના ઉપર સોનાનો કળશ હતો. મુકુંદાનંદ વર્ણી અને જયાનંદ વર્ણી બંને પડખે રહીને ઉત્સાહથી ચામર ઢોળતા હતા. ૭.

શ્રીહરિએ લોયાગામમાં જેટલા હરિભક્તો રહેતા હતા તેનાં નામ પૂછ્યાં. સંઘા પટેલ વગેરે કણબી હરિભક્તો ત્યાં રહેતા હતા. ૮. નારાયણજી આદિ બે ઘર વિપ્રના હતા. લીલાધર સોની આદિ ચાર ભાઈ ઘણા સારા હરિભક્ત હતા. ૯. લુહાર અને સુતાર જ્ઞાતિના ભક્તો પણ હતા અને કોળી ઘેલાભગત કહેવાતા હતા. દેહલજી આદિ બે-ચાર ક્ષત્રિયોના ઘર પણ સારા હરિભક્ત ગણાતા હતા. ૧૦. શ્રીહરિ હરિભક્તોનાં નામ પૂછી રહ્યા તેટલીવારમાં સુરા ખાચર ત્યાં આવી પહોંચ્યા. તેમના જેટલા ભાઈઓ હતા તે બધા ત્યાં સાથે આવ્યા હતા. ૧૧. આવીને તેઓ શ્રીહરિના પગમાં પડ્યા. તેમના હૃદયમાં અતિશય આનંદ ભર્યો હતો. શ્રીહરિએ તેમને કુશળ સમાચાર પૂછ્યા, તેનાથી તેમને ખૂબ જ સુખ શાંતિ થઈ. ૧૨.

શ્રીહરિએ સુરા ખાચરની પ્રાર્થનાથી ગામમાં જવાની તૈયારી કરી. અશ્વ ઉપર સવારી કરી. મૂર્તિ અદ્‌ભુત અને મનોહર હતી તેની શોભા વર્ણવી શકાતી નથી. ૧૩. બધી સવારી તૈયાર થઈ. ઘોડાઓ અપાર હતા. કોઈ પાર નહિ તેટલા સોનેરી નિશાન ફરકતા હતા. ૧૪. તે વખતે ભાદર નદીની શોભા અપાર થઈ. તે શોભા એટલી બધી અદ્‌ભુત થઈ કે માનો બંને કિનારા સોનાથી મઢી દીધા હોય તેમ લાગતું હતું. ૧૫.માનો લાલ કમળ ખીલ્યા હોય અને મૂર્તિમાન હંસ આવ્યા હોય, તથા વિશાળ ફૂલવાડી ખીલી હોય, એવી તે વખતની ત્યાં સંતો-ભક્તોની શોભા હતી. ૧૬.

શ્રીહરિ ત્યાંથી જ્યારે ચાલ્યા ત્યારે અનંત વાજિંત્રો વાગવા લાગ્યા. ડંકા, મોટી નોબતો, રણશીંગાં અને તુરાઈ વગેરે પણ તે સમયે વાગતા હતા. ૧૭. પડઘમ, ભેરી, ત્રાંસા, શરણાઈ અને ભૂંગળ વગેરે આનંદ ઉલ્લાસથી વગાડતા હતા. "જય જય મહારાજાધિરાજ શ્રીહરિ સહજાનંદ સ્વામીને ઘણી ખમ્મા" એ રીતે ચોપદાર વારંવાર પોતાના મુખથી ઊંચે સ્વરે છડી પોકારતો હતો. ૧૮. હરિભક્તોના અને સંતોના અનેક સમુદાયો વધામણાના ધોળ આનંદથી ઉત્સાહથી ગાતા હતા. રસ્તાના જેટલા ભાગમાં શ્રીહરિની સવારી ચાલતી હોય તેટલા ભાગ ઉપર ઈન્દ્રે આવીને ઊંચે ચંદરવો કરીને છાંયો કરી દીધો હતો. ક્યારેક ઉપર વિમાન રાખીને તેનાથી છાંયો કરાતો હતો. તેની શોભા તો કહી જાતી નથી. જેણે જોયું હોય તે જ તે લાભને માણી શકે. ૧૯-૨૦.

❋ જેવો ભાવ તેવા ભગવાન :

જેણે એ બધું જોયું હોય તેને આશ્ચર્ય નથી, પણ જેણે ન જોયું હોય તેનું હિત કરવા માટે કહું છું. **જે મનુષ્ય શ્રીહરિનો જેવો મહિમા સમજે તેને તેવી અદ્‌ભુતતા દેખાય છે. ૨૧. શ્રીહરિની મૂર્તિ તો એકની એક જ હોય પણ જેને જેવો ભાવ હોય તેને તેવાં દર્શન થાય છે. અને તેને લીધે અનંત પ્રકારની વાતો સંતો અને હરિભક્તો કહે છે.** ૨૨. જેને ત્યાગમાં રુચિ હોય તેને શ્રીહરિ જ્યારે ત્યાગ દેખાડે ત્યારે તેમાં પ્રેમ થાય છે. જેને જેવો રાગ હોય તેને તેવા ભાવભર્યા શ્રીહરિ દર્શન દે છે. ૨૩. સત્સંગમાં જેટલા હરિભક્તો છે કે સંતો છે તે બધા અલગ અલગ ધામમાંથી આવ્યા છે. એટલે જેની જેવી રુચિ હોય તેને શ્રીહરિ તેવાં દર્શન આપતા હતા. ૨૪.

दोहा : अक्षरधाम के मुक्तमुनि, हरि को तेहि धाम;
सर्वोपरि आये तेहि करि, दरश दिये त्युं शाम...२५
सर्वोपरि हरिभक्त ही, उत्तम सम नहिं कोय;
ताको महिमा सब हि विध, जानत मुक्त हि सोय...२६

મુક્તાનંદસ્વામી અક્ષરધામના છે, શ્રીહરિનું પણ અક્ષરધામ છે. અને સર્વોપરિ શ્રીહરિ અહીં આવ્યા છે તેથી તેમને શ્યામસુંદર શ્રીહરિએ સર્વોપરિ

દર્શન આપ્યા હતા. ૨૫. હરિભક્તો સર્વોપરી છે. પરંતુ તેમાં દાદા ખાચરના જેવા કોઈને કહી શકાય નહિ. તેમનો સંપૂર્ણપણે મહિમા તો તેમના જેવા જે મુક્ત હોય તે જ જાણી શકે છે. ૨૬.

જેવો અધિકારી હોય તે પ્રમાણે શાસ્ત્ર સમજાય છે. એક સમયે જ સ્વાતિ નક્ષત્રમાં વરસેલું વરસાદનું પાણી છીપમાં પડ્યું હોય તો મોતી થાય, શેરડી પીવે તો સાકર થાય, સર્પ પીવે તો ઝેર થાય, વાંસમાં ચડ્યું હોય તો કપૂર થાય તેમ અધિકારી પ્રમાણે ફળ મળે છે. ૨૭.જેવું કાપડ હોય તેવી તેમાં છાપણી ઊપસે છે. ચાહે તેવો રંગ હોય પણ જો કાપડ સારું ન હોય તો તેમાં સારો છાપનો રંગ બેસે નહિ. (તેમ પોતાની સ્થિતિ વિના શ્રીહરિ કે મોટા સંતો-ભક્તો યથાર્થ ઓળખાતા નથી.) ૨૮. આવી તો અનેક પ્રકારની વાતો હોય છે. જેવો અધિકારી હોય તેવું પરિણામ દેખાય છે. શસ્ત્ર અનેક પ્રકારના છે પણ તોપના સમાન કોઈ નથી. ૨૯. અપાર ખજાનો હોય તોપણ તે ચિંતામણિને તુલ્ય ન કહેવાય, ચાહે તેવા વૃક્ષ હોય પણ તે કલ્પવૃક્ષને તુલ્ય ન ગણાય. તે રીતે શ્રીહરિનાં આ ચરિત્ર એવાં છે કે તેને તુલ્ય બીજા કોઈના ચરિત્ર થઈ શકતા નથી. ૩૦. જેની બુદ્ધિ કુશાગ્ર હોય તે જ સમજી શકે. ઓછી બુદ્ધિવાળાને તો તે સમજાય જ નહિ. આંધળા માણસને અનેક પ્રકારનાં રૂપ દેખાડો. બહેરાને અનેક પ્રકારનાં વાજિંત્ર સંભળાવો. ૩૧. શબની આગળ ચાહે તેવા મેવા મીઠાઈ મૂકો, તેનાથી કશું પ્રયોજન સિદ્ધ થતું નથી. તેમ જ બુદ્ધિહીન મનુષ્યમાં પણ છે. (તે બુદ્ધિહીન મનુષ્ય શ્રીહરિના આવા સર્વોપરી ચરિત્ર દેખીને કે સાંભળીને પ્રસન્ન થતા નથી.) તેને માટે આ ચરિત્ર કહ્યાં નથી. આ તો બુદ્ધિમાનને માટે જ હેતથી કહ્યા છે. ૩૨.

❋ અલૌકિકભાવવાળો બુદ્ધિશાળી છે :

જેને શ્રીહરિમાં અલૌકિક ભાવ હોય તેને જ બુદ્ધિમાન જાણવો. આ વખતે જે ધર્મભક્તિને ઘેર પ્રકટ થયા તે શ્રીહરિને સહુએ ઓળખવા જોઈએ. ૩૩. આ શ્રીહરિના દિવ્ય ચરિત્રોને જે ઊલટી રીતે સમજે અર્થાત્ તેમાં દોષ પરઠે તેને તો પાપબુદ્ધિવાળો જ જાણવો જોઈએ. મનુષ્યોમાં પણ જેની જેવી બુદ્ધિ હોય, તે તેવો જ શબ્દનો અર્થ કરે છે. ૩૪. અતિશય સ્વચ્છ દર્પણમાં

જે મોઢું જુએ, તેને જેવું મોઢું હોય તેવું દેખાય, તેમ જેની જેવી નિર્મળ બુદ્ધિ હશે તેને શ્રીહરિના ચરિત્ર તેવા જ નિર્મળ દેખાશે. ૩૫.

શ્રીહરિ લોયાગામની પાસે આવ્યા ત્યારે સાથે બે સરબંદી(અંગરક્ષક) સેવક હતા તેમણે બંદૂકોના ઘણા જ અવાજ કર્યા. તે સાંભળીને ગામલોકો શ્રીહરિ પધાર્યા જાણીને ખૂબ જ રાજી થયા. ૩૬. શ્રીહરિ તો લોયાગામમાં ગયા સિવાય જ સીધા નાગડકા જવાનું વિચારતા હતા. પણ લોયાના હરિભક્તો દીનભાવે વિનયથી લોયામાં પધારવાનો આગ્રહ કરવા લાગ્યા. ૩૭. તેથી મુખ આડો રૂમાલ રાખીને શ્રીહરિ મરક મરક હસી રહ્યા હતા. હરિભક્તોનો પ્રેમ જ્યારે અત્યંત દેખ્યો ત્યારે દયાળુ શ્રીહરિ **લોયા**ગામ તરફ જવા પાછા વળ્યા. ૩૮. શ્રીહરિ ત્યાં રહેલી નાની એવી નદીને ઊતર્યા. ગામની બહાર જ્યાં તંબુ ઊભો કરી દીધો હતો ત્યાં મુકામ-ઉતારો કર્યો. ૩૯.શ્રીહરિ પધારવાથી હરિભક્તોને ઘણો જ આનંદ થયો, તે મુખથી કહી શકાતો નથી. સંતોના બધા મંડળો શ્રીહરિની સાથે અત્યંત સોહામણા દેખાતા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'હરિચરિત્રોનો મહિમા કહ્યો અને શ્રીહરિ લોયાગામમાં પધાર્યા' એ નામે પચાસમો તરંગ સમાપ્ત ॥૫૦॥



પૂર ચોથું : તરંગ - ૫૧

લોયાના ભક્તોની વાતથી સત્સંગનો મહિમા કહ્યો અને સહુ સુખડી જમ્યા

લોયાગામના હરિભક્તો ઘણા પ્રેમી હતા. શ્રીહરિને માટે જે જે સામાન જોઈતો હતો તે બધો તરત જ લઈ આવ્યા. ૧. **જેને જેના ઉપર હેત હોય તેને તેના માટે કોઈ પણ કામ કરવું કઠણ લાગતું નથી અને હેત વિના જે કરવું પડે તે તો અતિ કઠણ પડે છે.** ૨. સંસારમાં આવી રીત છે તે બધે દેખાય છે. જેને ઘણો પ્રેમ હોય તેને માટે પોતાનું સર્વસ્વ ત્યાગવું પડે કે ઘર છોડવું પડે તોપણ કઠણ લાગતું નથી. ૩. રાજા પ્રિયવ્રત, ઉત્તાનપાદ, ભરત અને

બલિ એ બધાએ ભગવાનને માટે પોતાના રાજપાટ વગેરે અનંત વસ્તુઓ કે ભોગસુખનો ત્યાગ કર્યો હતો. ૪. **જીવ જેને પોતાનું જાણે તે અણુ સમાન હોવા છતાં મેરુના જેટલું મહાન લાગે છે. અને જેને પોતાનું ન મનાય તે મેરુના જેવું મહાન હોવા છતાં અણુના જેવું થોડું મનાય છે.** ૫. ઉપર કહી તે તો માયિક રીત છે પણ તેનાથી ભિન્ન શ્રીહરિમાં જે પ્રેમ કરવો તે તો અલૌકિક રીત છે. તેની વાત મુખથી કેમ કરીને કહેવી? કહેતા કહેતા પણ તેનો પાર આવતો નથી. ૬. જો મનુષ્યને જેમાં અતિ રાગ કે રુચિ હોય તો તે બધું ઉછરંગથી કરે છે. જેમ કે - જપ, તપ, વ્રત, તીર્થ, યજ્ઞ, દાન અને મૃત્યુપર્યંતના ભૈરવજપ વગેરેને હરખભેર કરે છે. ૭.

માયિક વાત હોય કે અમાયિક-દિવ્ય વાત હોય, રુચિ વિના કાંઈ થતું નથી. માયિક વાતમાં રુચિ કરાવવા માટે કોઈ મનુષ્યને લેશ પણ ઉપદેશ કરવો પડતો નથી. ૮. અમાયિક-દિવ્યવસ્તુ (પ્રગટ હરિ, સંત કે અક્ષરધામ) માં રુચિ થવી તે ઘણી કઠણ છે. તેને માટે તો ગુરુએ અને શાસ્ત્રોએ અનંત ઉપદેશ વારંવાર આપવો પડે છે. ૯. છતાં જીવને દિવ્ય એવા શ્રીહરિ કે સંતો-ભક્તોમાં રુચિ થતી નથી. તેથી દુર્લભ મનુષ્ય જન્મને વૃથા ખોવે છે. અને વારંવાર જમપુરીના અનંત દુઃખોને સહન કરે છે. તેમાં જીવને ક્યારેય સુખ મળતું નથી. ૧૦. લખચોરાશીમાં ભટકવાનું થાય છતાં જીવને તેનો રંચમાત્ર પણ ભય લાગતો નથી. આવા મનુષ્યોને સર્વે સંતો અને શાસ્ત્રો પોકારીને મોટો પાપી કહે છે. ૧૧. તે પાપીઓને પાપોનું ફળ દુઃખ છે એમ બતાવવા માટે અને તેમને સત્સંગ કરાવવા માટે શ્રીહરિ ગામડાઓમાં વિચરણ કરતા અને બધા હરિભક્તોના હેતથી નામ પૂછતા. ૧૨. હરિભક્તોને સુખિયા કરવા માટે શ્રીહરિ અને સંતો ઘેર ઘેર જઈને વિચરણ કરતા. શ્રીહરિ અને સર્વ સંતો તે જ સર્વથી અધિક સુખ છે. અને તે જ્યારે પોતાને ઘેર આવે ત્યારે ભક્તોને માટે અધિક સુખ કહેવાય જ તો..! ૧૩.

✻ શુધ્ધ બુધ્ધિવાળાની સમજણ :

दोहा : संत समागम सम ही, ओर सुख न कोई;
अक्षरधाम से एहि अधिक, जानत शुद्ध मति जोई...१४

सोरठा : शुद्ध मति जब होत, ताकी रीत अति ओर हि;
मायिक हित न रोवत, पिंड ब्रह्मांड सुख हित...१५
ज्युं नट को हि दोर, स्मृति रखत एक तार तिमि;
भूलत नहिं सुख ठोर, हरि पद पंकज भ्रंग जिमि...१६

સંતોના સમાગમ જેવું બીજું કોઈ સુખ ન કહેવાય, તે સુખ તો અક્ષરધામના સુખ કરતાં પણ અધિક છે. જે શુદ્ધબદ્ધિવાળા હોય તે જ તેને જાણી શકે છે. ૧૪. મનુષ્યની બુદ્ધિ જ્યારે શુદ્ધ થાય છે ત્યારે તેની રીત કાંઈ જુદી જ હોય છે. તે પિંડ-બ્રહ્માંડના માયિક સુખ (મળે કે ટળે) માટે ક્યારેય રડતો નથી. ૧૫. જેમ દોર ઉપર ચાલતો નટ પોતાની દષ્ટિને એકાગ્ર રાખે છે, કોઈ અન્ય સુખને માટે દષ્ટિને ફેરવતો નથી. તે રીતે જ શ્રીહરિના ચરણકમળમાં ભમરાની જેમ ચિતને રાખનારો ભક્ત ક્યારેય તે ચરણકમળને ભૂલતો નથી; એકતાર હરિસ્મૃતિ રાખે છે. ૧૬.

પૂર્વે અનંત ભક્તો થઈ ગયા છે. તેમની રીત સહુએ સાંભળેલી છે. પરંતુ આ વખતે બધા જ હરિભક્તો એવા થયા છે પૂર્વે ક્યારેય આવી રીત સાંભળી ન હતી. ૧૭. પરંતુ અત્યારના જેવા ભક્તો પૂર્વે ક્યારેય થયા નથી. આ ભક્તોને જોઈને તો પાપી માણસને ભાલો વાગ્યો હોય તેવું દુઃખ થાય છે. તેનું કારણ તો પ્રકટ શ્રીહરિ જ છે. કેમ જે, આ વખતે સર્વ કારણોનું પણ કારણ એવા શ્રીહરિ આવ્યા છે. ૧૮. મનુષ્યના વર્તન ઉપરથી બધું દેખાઈ આવે છે, વર્તન વિના દેખાય નહિ. જેના જીવમાં ધર્માંશ હોય તેને દેખ્યામાં આવે છે. ૧૯. **જેના હૃદયમાં સત્ય અસત્યનો વિવેક હોય, સત્યમાં જ જેને દૃઢ ટેક હોય, જેના હૃદયમાં લેશમાત્ર અધર્મ ન હોય, આવા લોકો જ પ્રગટ ભક્તોનો અત્યંત સત્કાર કરે છે, આદરભાવ રાખે છે.** ૨૦.

શ્રીહરિને ધર્મ અતિ પ્રિય છે અને ધર્મપ્રિય લોકોને માટે તો શ્રીહરિનો અવતાર થયો છે. શ્રીહરિ અધર્મને માટે તો તીખા કુહાડા જેવા છે. તે કુહાડાને દેખીને અધર્મી લોકો તો દૂર જ રહે છે. શ્રીહરિના પ્રતાપથી સહેજે જ અન્યાયનો વિનાશ થાય છે. ૨૧. શ્રીહરિએ વર્તનનું સદાચારનું એક ચક્ર કર્યું છે, તે ચક્ર ધર્મવાળાની સેવા-સંભાળ રાખે છે. ધર્મવાળાને ક્યારેય ત્રાસ

આપતું નથી. તેમજ શરણાગતને બધું જ અપાવે છે. ૨૨. અને તે વર્તનરૂપ સુદર્શનચક્રને તે શરણાગત જીવ જ દેખે છે. અને જે લોકો અધર્મી છે તેનું તે ચક્ર અંદર પેસીને શિરચ્છેદ કરે છે. ૨૩. તે સામાન્યરૂપમાં તો કોઈને દેખાતું નથી. ભલેને તેઓ મોટા મોટા બુદ્ધિમાન ગણાતા હોય. શ્રીહરિએ વર્તનરૂપ આજ્ઞાચક્ર (માનો સુદર્શનચક્ર)ની કોઈ અલૌકિક રીત એવી પ્રકટાવી છે કે તે અધર્મના મૂળને કાપી નાખે છે. ૨૪. ધર્મપુત્ર શ્રીહરિનો એવો તો પ્રતાપ છે કે તેમણે પ્રવર્તાવેલું આજ્ઞાચક્ર બહારથી દેખ્યામાં આવતું નથી. તે શ્રીહરિના આવા ગુણો તો અમાપ છે. ૨૫.

શ્રીહરિમાં આવા અનંત ગુણો રહ્યા છે. તે કહ્યા વગર દેખાતા નથી. તેમજ દેખ્યા વિના તે ગુણો સમજાતા નથી. ૨૬. શ્રીહરિના ગુણોને સમજાવવા માટે તો આ ગ્રંથ મેં મારી બુદ્ધિ પ્રમાણે કર્યો-કહ્યો છે. કદાચ હજારો ગરુડ ભેળા થાય તોપણ આકાશને જેમ માપી શકતા નથી તેમ હું પણ શ્રીહરિના ગુણોને માપી શકતો નથી. ૨૭. જેમ આકાશ અપાર છે, તેનો કોઈ પાર પામતું નથી. તેમ શ્રીહરિના ચરિત્રો તો તેનાથી પણ અપાર છે. કોઈ ગમે તેવા બુદ્ધિમાન કે વિદ્વાન ગમે તેટલા લખે છતાં હરિચરિત્ર તો અપારના અપાર રહે છે. ૨૮. મારી બુદ્ધિ તો અજ્ઞાનના અંધારાથી ઘેરાયેલી છે છતાં શ્રીહરિની કૃપાથી જ તેના ગુણોને લેશમાત્ર કહી રહ્યો છું. હવે લોયાના હરિભક્તોની વાતને કહું છું. જે સાંભળવાથી આપણને અત્યંત સુખ-શાંતિ થશે. ૨૯.

લોયાગામના બધા હરિભક્તો શ્રીહરિની પાસે આવ્યા અને દાસભાવે હાથ જોડીને કહેવા લાગ્યા. "પ્રભુ, આજે જ અમારી રસોઈ લો. કેમ જે, ભક્તોને સુખ આપનારા આપ કાલે ચાલ્યા જાઓ તો..!!" ૩૦. શ્રીહરિ કહે સંતોને કહો. સંતો પણ અત્યારે જ જવાનું કહે છે. તેથી હરિભક્તો સંતોની પાસે ગયા અને પોતાની વાત સંભળાવી. ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું, 'હાથીના પગલામાં બધાં જ પગલાં આવી જાય. ૩૧.

શ્રીહરિની જેવી મરજી હોય તે રીતે જ અમે સહુ પ્રેમથી કરીએ છીએ. તમે કાચી રસોઈનું સીધું લાવો. અમને પાકી રસોઈનો અભાવ છે. ૩૨.

અમારી આ એક સનાતન રીત છે કે અમે વનનાં ફળ ફૂલ ખાઈને જ રહીએ. અત્યારે તો ઘોર કળિકાળ છે. એટલે અમે કાચી રસોઈ લેવાનો નિર્ણય કર્યો છે. ૩૩. શ્રીહરિ પરાણે આગ્રહ કરીને જ્યારે કહે છે ત્યારે જ પાકી રસોઈ લઈએ છીએ. કોઈ સત્સંગમાં ગુણબુદ્ધિવાળો હોય, પાકો સત્સંગી ન હોય, એવું દેખાય ત્યારે પાકી રસોઈની શ્રીહરિ આજ્ઞા કરે છે. ૩૪. તમે તો પાકા હરિભક્તો છો અને સંતોની રીતને પણ જાણો છો.'

ત્યારે હરિભક્તો બધા ઉદાસ થઈને શ્રીહરિની પાસે ગયા. ૩૫. શ્રીહરિ પહેલીવાર જ લોયા પધાર્યા હતા. શ્યામસુંદરે મનમાં વિચાર્યું. પછી તે હરિભક્તોને રાજી રાખવા પોતે અમૃતભર્યાં વચન બોલ્યા. ૩૬. "અમે કહીએ છીએ તોપણ સંતોને પાકી રસોઈ ભાવતી નથી. હવે તમને રાજી રાખવા હું કહું છું કે તમને જે ગમે તે લઈ આવો." ૩૭. ત્યારે તે હરિભક્તો રાજી થયા. હૃદયમાં અપાર પ્રેમ હતો. પુષ્કળ સુખડી અને ગાંઠિયા તૈયાર કરીને લાવ્યા. ૩૮. શ્રીહરિ તેને જોઈને ઘણું રાજી થયા. સરસ ભોજન દેખીને વારંવાર તેનાં વખાણ કર્યાં. ૩૯.તે સિવાય ભાત રંધાવ્યો અને બધા પુષ્કળ દૂધ લઈ આવ્યા. તેમાં સાકર મેળવી. તેને પ્રથમ શ્રીહરિ જમ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'લોયાના ભક્તોની વાત ઉપરથી સત્સંગનો મહિમા કહ્યો અને સહુ લોયામાં સુખડી વગેરે જમ્યા' એ નામે એકાવનમો તરંગ સમાપ્ત ॥૫૧॥



પૂર ચોથું : તરંગ - ૫૨

શ્રીહરિનું દિવ્યપણું કહ્યું અને લોયામાં ભક્તોને રાજી કરીને નાગડકા જતાં અશ્વને ફેરવ્યો

હરિભક્તોનો પ્રેમભાવ જોઈને શ્રીહરિ પ્રેમથી જમ્યા. હરિભક્તોને પોતામાં પ્રેમ કરાવવા માટે તો અતિશય ઉત્સાહથી શ્રીહરિ બોલતા હોય છે. ૧.શ્રીહરિએ જમીને ચળું કર્યું. પછી મુખવાસ લીધો. સંતોને અને પોતાના

સેવક દરબારોને જમવા બેસાડ્યા. ૨. ઘણા જ પરમ ઉદાર સ્વભાવવાળા અને ભક્તજનોને આનંદ કરાવનારા ધર્મકુમાર શ્રીહરિ તે વખતે પીરસવા માટે ઊઠ્યા. ૩.કામકાજમાં સજાગ જે સંતો હતા તે સુખડીના થાળ ભરી ભરીને ઝડપથી વારંવાર લાવતા હતા. શ્રીહરિ તો પીરસવામાં ઘણા જ ચતુર હતા, તેથી બધું પીરસતા રહ્યા. ૪. સંતો અને દરબારો જ્યારે જમી રહ્યા ત્યારે શ્રીહરિએ હાથ ધોયા. પછી પલંગ ઉપર આવીને વિરાજમાન થયા. સંતો અને દરબારોની સભા થઈ. ૫. સંધ્યા સમય થયો. ઘણી મશાલો આવી. સભામાં સંતો અને સહુ ઊભા થયા અને આરતી કરવા લાગ્યા. ૬. આરતી પછી રંગભીના શ્રીહરિએ ઊભા થઈને ધૂન કરી. શ્રીહરિએ પોતાના શરીર ઉપર અનુપમ સોનેરી વસ્ત્ર પહેર્યાં હતાં. ૭. તેનું તેજ અત્યંત ચમકતું હતું તેને કહી શકાતું નથી. વીજળીના જેવા ચમકતા પ્રકાશની વચ્ચે મૂર્તિ અત્યંત તેજસ્વી જણાતી હતી. ૮.

તે મૂર્તિ બધી સભાને શોભાવતી હતી. મૂર્તિમાં એવું મહાન દૈવત-દિવ્યપણું રહ્યું હતું. પ્રેમી ભક્તોએ એવી મૂર્તિનાં દર્શન કર્યાં તેનાથી તેમને અદ્‌ભુત સમાધિ થઈ ગઈ. ૯. શ્રીહરિ અતિશય પ્રેમથી ધૂન કરતા હતા. દુનિયામાં આવી રીત ક્યાંય નથી. શ્રીહરિ સમાધિ કરાવીને પોતાની બધી અલૌકિક રીત સહુને બતાવતા હતા. ૧૦. સ્વયં અલૌકિક દિવ્ય વાતો કહેતા પણ તેમાં લૌકિક વાતો આવતી નહિ અને લૌકિક બાબતમાં કોઈને આશ્ચર્ય થાય નહિ. આશ્ચર્ય થયા વિના સ્નેહ થાય નહિ. ૧૧. અને સ્નેહ થયા વિના શ્રીહરિની મૂર્તિ ક્યારેય ધારી શકાતી નથી. સ્નેહરૂપી દોરીથી શ્રીહરિ પોતામાં ભક્તોને તત્કાળ બાંધી દેતા હતા. તેથી ધર્મના લાલ શ્રીહરિની મૂર્તિ તરત જ આશ્ચર્ય યુક્ત દેખાઈ આવતી હતી. ૧૨.

લોકો જ્યારે આશ્ચર્ય દેખે ત્યારે તેમને અત્યંત મહિમા સમજાતો. પછી તેનું મનન અને નિદિધ્યાસ જ્યારે કરે ત્યારે તેને મૂર્તિમાં દૃઢતા થાતી. ૧૩. શ્રીહરિ સંકલ્પ કરે કે તરત જ જનો સમાધિમાં જતા હતા. અને તત્કાળ શ્રીહરિના સંકલ્પ પ્રમાણે તેમને ત્યાં દેખાતું હતું. અને તેથી તેના મનમાં

અતિશય આનંદ થતો હતો. ૧૪. જેના હૃદયમાં ભગવાનનો મહિમા ન હોય અને તે કદાચ અત્યંત અલૌકિક બાબતને દેખે, તોપણ તેના હૃદયમાં લેશપણ મહિમા રહેતો નથી. જેમ કે, ફૂટલા વાસણમાં પાણી રહેતું નથી તેમ. ૧૫. જેના હૃદયમાં ઘણો મહિમા હોય તેના હૃદયમાં તે અલૌકિક બાબત કાંઈક થોડી વાર ટકે, પણ જો તેનો અભ્યાસ રાખવામાં ન આવે તો તે સ્વપ્નની માફક ભૂલી જવાય છે. ૧૬.

શ્રીહરિ જ્યારે ધૂન કરી રહ્યા ત્યારે બધાને સમાધિમાંથી જગાડ્યા. પછી શ્રીહરિએ સમાધિવાળાને જેને જે આશ્ચર્ય અનુભવાયું હોય તે પૂછ્યું. ૧૭. દયાળુ શ્રીહરિ મુખ આડો રૂમાલ રાખીને તેમને પ્રેમથી પૂછતા. ત્યારે જેને જેટલું યાદ આવે તે તેટલું તે પ્રમાણે બોલતા. ૧૮. જેને બોલવામાં અપક્વતા જણાતી તેને ફરીવાર સમાધિ કરાવતા. તેમને વારંવાર સમાધિ કરાવીને તે વાત અતિશય પક્વ કરાવતા. ૧૯. શ્રીહરિ જે ગામમાં જઈને રહ્યા હોય ત્યાં પોતાનું સામર્થ્ય અત્યંત દેખાડતા. હરિભક્તો તેને આશ્ચર્ય માનતા પણ બીજા લોકો તો તેને કાંઈક જાદુ માનતા. ૨૦. શ્રીહરિ તો પોતાના ભક્તો માટે પ્રકટ્યા છે. વિમુખ લોકોની તો વાતને પણ કાને ધારતા નહિ. જેટલા અધર્મી અને વિમુખ લોકો હતા, તેને તો શ્રીહરિ પશુના સમાન ગણતા. ૨૧. વિમુખો જેમ જેમ દ્વેષ કરતા તેમ તેમ શ્રીહરિ પોતાનું સામર્થ્ય અધિક દેખાડતા. પોતે જગતમાં નિર્ભયપણે વિચરણ કરતા, પણ કોઈને પોતાના સમાન દેખતા નહિ. ૨૨.

જે શ્રીહરિના હાથમાં સહુની દોરી રહી છે જેનાથી કાંઈ ચોરાયું ચાલવાનું નથી; અર્થાત્ કાંઈ અજાણ્યું નથી. ભવબ્રહ્માદિક સમાન અહીં કોઈ કહેવાય નહીં. અને ઈન્દ્રાદિક દેવ જે કહેવાય છે તેની પણ આગળ મનુષ્યમાત્ર જો રાજા હોય તોપણ કાંઈ લેખામાં નહીં. પરંતુ શ્રીહરિની આગળ તો જે ગણાવ્યા તે સર્વેનું સામર્થ્ય મચ્છર કરતા પણ તુચ્છ ગણાય. ૨૩-૨૪. શ્રીહરિના સામર્થ્યનો અણુ જેટલો અંશ પણ બ્રહ્માદિકને મોહ પમાડે છે. તો પછી બીજાની તો તેની આગળ ગણતરી જ શું ? ૨૫.

શ્રીહરિ ભક્તોનું હિત કરવા માટે જ પોતાનું સામર્થ્ય અધિક પ્રકટ કરતા હોય છે. અતિ શુદ્ધ ધર્મ જુવે છે છતાં પણ જગતમાં મૂર્ખ લોકો વિપરીત બોલતા હોય છે. ૨૬. જેમ જેમ વધારે ત્યાગરૂપ ધર્મ રાખવામાં આવે તેમ તેમ જગતના અજ્ઞાની લોકો વધારે દ્વેષ કરે. અધિક સામર્થ્ય જણાવવા માટે શ્રીહરિ જગતના દ્વેષ ઈત્યાદિને ગણતા નહિ. ૨૭. પરમેશ્વરે જ્યારે જ્યારે અવતાર લીધા છે ત્યારે ત્યારે અજ્ઞાની લોકોએ તેમનો દ્વેષ કર્યો જ હતો. અને તેવું તો અનંતવાર થયું છે. કાંઈ આજના સમયમાં જ તે લોકો વધારે દ્વેષ કરે છે એવું નથી. ૨૮.

શ્રીહરિએ લોકોને સમાધિની રીત દેખાડી. મધરાત થવા આવી. તે પછી જ્યારે શ્રીહરિ પોઢવા ગયા ત્યારે ગામના બધા લોકોને ઘેર જવા રજા આપી. ૨૯. બધા સંતો ધ્યાનમાં બેઠા. સહુએ તે સમયે મનને એકાગ્ર કર્યું. તે પછી જ્યારે અરુણોદય થયો ત્યારે સહુ સંતો ધૂન કરવા લાગ્યા. ૩૦. ત્યારે શ્રીહરિ ઉમંગભેર જાગ્યા. સહુને ચાલતા થવાની આજ્ઞા કરી. બધા દરબારો તૈયાર થયા. તે સવારી અતિશય સોહામણી જણાતી હતી. ૩૧. ધર્મના લાલ શ્રીહરિ તત્કાળ તૈયાર થયા. બધા જ સોનેરી વસ્ત્ર પહેર્યા. અતિશય ભારે નોબત વાગવા લાગી. તે સાંભળીને બધા સ્ત્રી-પુરુષો દોડી આવ્યા. ૩૨.

સૌ પોતપોતાની રીતે શ્રીહરિને પગે લાગ્યા. શ્રીહરિ અશ્વ ઉપર સવાર થયા. ચોપદાર છડી બોલવા લાગ્યો. ૩૩. શ્રીહરિ નાગકડા ગામને માર્ગે આગળ ચાલ્યા. આગળના ભાગમાં અપાર વાજિંત્ર વાગતાં હતાં. તેનાથી સંપૂર્ણ આકાશ ગાજવા લાગ્યું. ૩૪. વિવિધ પ્રકારના પંચરંગી સોનેરી નિશાન ઊડી રહ્યાં હતાં. અનેક જાતની સવારી શ્રીહરિની આગળ આગળ સોહામણી લાગતી હતી. ૩૫. આ બધી શોભાને જોઈને દરબાર સુરા ખાચર મનમાં ખૂબ ખુશી થયા. પોતાને ધન્ય ભાગ્ય માનવા લાગ્યા. કારણ કે અત્યારે શ્રીહરિ પોતાને ઘેર પધારી રહ્યા છે. ૩૬. શ્રીહરિ સુરા ખાચરને પોતાના અત્યંત પ્રેમીભક્ત માનતા અને અનન્ય દાસ ગણતા તેથી તેમની સામે જોઈને બહુ જ રમૂજ કરતા. ૩૭. રસ્તો એકદમ સારો અને ચોખ્ખો આવ્યો. ત્યારે શ્રીહરિએ પોતાના ભક્તોને ધ્યાન કરવા માટે ઉપયોગી થશે એમ જાણીને ત્યાં ઘોડાને

ખૂબ જ ફેરવ્યો. ૩૮. ઘોડાને દેખીને બધા દરબારોએ તેના ઘણા વખાણ કર્યા. આનો વેગ વિમાન કરતા પણ અધિક છે. આના વેગની આગળ ગરુડનો વેગ પણ શા લેખામાં ? ૩૯. વીજળીના સમાન આનો વેગ(વાજ) છે માટે તેને વાજી કહેવાય. બધા જ વાહનોમાં આ અશ્વ શિરતાજ-માથાનો મુગટ સર્વશ્રેષ્ઠ છે. કારણ કે હાથી આના જેવો ધાર્યો વેગ કરી શકે નહિ. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શ્રીહરિનું દિવ્યપણું કહ્યું અને લોયાના ભક્તોને રાજી કરીને નાગકડા જતા અશ્વને ફેરવ્યો' એ નામે બાવનમો તરંગ સમાપ્ત ॥૫૨॥



પૂર ચોથું : તરંગ - ૫૩

સુશોભિત નાગડકા ગામમાં શ્રીહરિ દરબારગઢમાં પધાર્યા

શ્રીહરિ નાગડકાને રસ્તે આગળ ચાલ્યા. નાના નાના ડુંગરના ટેકરાઓ દેખાયા. તેના ઉપર રહેલા અનેક પ્રકારના વૃક્ષોને લીધે તે ઘણા શોભતા હતા. ૧. શ્રીહરિ પધારે છે તેમ જાણીને તે ડુંગર અને વૃક્ષોએ માનો વધારે શોભા ધારણ કરી ! શ્રીહરિ તેને જોઈને અધિક પ્રસન્ન થયા. ૨. તે વનના ફળ અને ફૂલ શ્રીહરિએ પ્રસન્ન થઈને લીધાં. તેને તુલ્ય બીજું કાંઈ કહી શકાય નહિ, કારણ કે તે વનમાં ત્યારે શ્રીહરિ ઘણીવાર સુધી ફર્યા. ૩. શ્રીહરિ તે ડુંગરાઓની વચ્ચે પહોંચ્યા ત્યારે ત્યાં નીલ રોઝ દેખાયા. તે રોઝ શ્રીહરિનાં દર્શન કરવા માટે સ્થિર આંખો રાખીને જોવા લાગ્યા. ૪. શ્રીહરિએ તે રોઝની સામે જોયું. બે ઘડી સુધી તેની સામે જ થંભી ગયા. રોઝ ધીરે ધીરે કરતાં શ્રીહરિની નજીક આવ્યા. આમ તે રોઝનું ચિત્ત ખેંચ્યું. ૫. તે જોઈને દરબારોને વિસ્મય થયો. તેમણે જે રીતે આંખો ઠેરાવી હતી તેને સહુ જોતા રહ્યા. શ્રીહરિ જ્યારે આગળ ચાલતા થયા ત્યારે તે રોઝ પણ પાછા વનમાં ચાલ્યા ગયા. ૬. તે નાના ડુંગરોમાંથી શ્રીહરિ બહાર નીકળ્યા ત્યારે નાગડકા ગામ નજીક જ દેખાયું. સરબંદી (અંગરક્ષક) સેવકો જે સાથે રહેતા હતા તેમણે ઉમંગથી બંદૂકોના અવાજ કર્યા. ૭.

ગામના લોકોએ બંદૂકોના અવાજ તે સમયે સાંભળ્યાં. તે સહુ અપાર હરખથી સન્મુખ આવ્યા. સહુએ આવીને શ્રીહરિનાં દર્શન કર્યાં અને તત્કાળ ચરણોમાં પડ્યા. ૮. શ્રીહરિએ ઘણા હેતથી તે ભક્તોને બોલાવ્યા. શ્રીહરિનાં દર્શન થવાથી સહુ ખૂબ ખુશ થયા. ગામની ચારેબાજુ જાતજાતના વૃક્ષોની અદ્‌ભુત શોભા હતી. ૯. ગામની ચોતરફ વાડીઓ હતી. તેમાં રહેલા મોર બહુ જ બોલતા હતા. ગામની ચારેતરફ સારો કોટ હતો. પ્રત્યેક બુરજની શોભા ભિન્ન ભિન્ન પ્રકારની હતી. ૧૦. કોટને પૂર્વતરફ અને પશ્ચિમતરફ એમ બે જ દરવાજા હતા. તેની સુંદરતાને તો કોઈ કહી શકે તેમ નથી. શ્રીહરિ પૂર્વતરફને દરવાજે પધાર્યા. સવારીની શોભા બધે વ્યાપી ગઈ હતી. ૧૧.

સહુની આગળ ઢોલ અને તાંસા વાગતા હતા. ભેરી અને તુરાઈને પણ ઉલ્લાસથી વગાડાતી હતી. મોટા મોટા સોનેરી નિશાન આગળના ભાગમાં ફરકતા હતા તે ઘણા જ સુંદર લાગતા હતા. ૧૨. નિશાનોની પાછળ ચારે વર્ણના હરિભક્તો ચાલતા હતા અને તેમની પાછળ બધા સંતો ચાલતા હતા. તે ક્રમ ઘણો સુશોભિત હતો. ૧૩. તેના પછી બધા સરબંદી (અંગરક્ષકો) ચાલતા હતા. તેની સાથે છત્રીશ પ્રકારનાં વાજિંત્ર વિવિધ રીતે વાગતા હતા અને તેનો રંગ બધે છવાઈ જતો હતો. ૧૪. તેના પછી ડંકા અને નિશાન હતા. તેના પછી ગુણીજનો ગાન કરતા ચાલતા હતા. ઉપર બધું જે કહ્યું તેનાથી ગગન ગાજી રહ્યું હતું. ૧૫.

નાગડકા ગામમાં ચાલતી આ સવારી અનુપમ હતી. શ્રીહરિએ બધા જ શણગાર જરિયાની ધાર્યા હતા. તારા મંડળને મધ્યે જેમ ચંદ્રમા શોભે તેમ અદ્‌ભુત રૂપ ધારી રહેલા શ્રીહરિ શોભી રહ્યા હતા. ૧૬. સોનાના અને મોતીના બધા ઘરેણાં શરીર ઉપર પહેર્યા હતા. તે જ રીતે બધા વસ્ત્ર વિવિધ પ્રકારના અને વિચિત્ર પહેર્યા હતા. ૧૭. તેમજ શ્રીહરિના અશ્વને પણ શણગાર્યો હતો. તેની શોભા પણ અનુપમ હતી. જે સ્વયં અનંત-અપાર છે તેની શોભાનો અંત-પાર કહી કહીને પણ કેમ લેવો ? ૧૮. મોતીજડિત છટાદાર સોનેરી છત્ર શ્રીહરિના મસ્તક ઉપર છટાદાર વિરાજતું હતું અને તેના ઉપર સોનાનો કળશ વિચિત્ર રીતે શોભતો હતો. ૧૯. શ્રીહરિનો અશ્વ પણ

એવો દિવ્ય હતો કે તેમાં જેવી ભાવના કોઈ કરે, તેવો તે દેખાય અને જેને જેવે રૂપે તે દેખાતો હતો તેને તે લોકો પોતાના મનમાં રાખતા હતા. ૨૦. સહુ પોતપોતાની રીતે અશ્વને દેખતા અને મનમાં ખૂબ જ ખુશી થતા. તે અંગે કોઈ પરસ્પર વાત કરતા નહિ. જેવો અશ્વ દેખાયો હોય તેવો મનમાં રાખતા. ૨૧.

શ્રીહરિ **નાગડકા** ગામના દરવાજામાં પ્રવેશ્યા ત્યારે ગામની શોભા અત્યંત છવાઈ ગઈ હતી. બજારો બધી સ્વચ્છ કરાવીને તેમાં સુગંધી પાણી છાંટી દીધું હતું. ૨૨. ગામની બજારોને પણ શણગારી હતી. રસ્તાની બંને બાજુએ કેળના સ્તંભ રોપાવ્યા હતા અને ભાતભાતના ચિત્ર કરાવ્યા હતા. ૨૩. ફૂલોની જેટલી જાતિ ગણાય છે તેના છોડ અને વેલો રોપાવી દીધી. હરેક દરવાજે આંબાના અને આસોપાલવના રોપાઓ ગોઠવી દીધા. ૨૪. ચિત્ર વિચિત્ર ધજાઓ અને પતાકાઓ દરેક દરવાજે ઊંચે આકાશમાં ઊડતા હતા. દુકાનોને પણ વિચિત્ર રીતે શણગારી દીધી હતી. ૨૫. વિચિત્ર પ્રકારના મોતીના તોરણ પ્રત્યેક દરવાજે બાંધી દીધા હતા અને હરેક દરવાજામાં સોનાના કળશ સ્થાપી દીધા હતા. ૨૬. તે કળશની ઉપર શ્રીફળ, ધરો, જુવારા ધર્યા હતા. અને કુંકુમ તથા ગુલાલ વગેરેથી વિવિધ પ્રકારે પૂજા કરી હતી. ૨૭.

શ્રીહરિ બજારની બધી શોભાને દેખતા આવતા હતા. ધજા પતાકા વગેરેને લીધે ઉપર સૂર્ય દેખાતો નહિ. ચોતરફ છાયા થઈ ગઈ હતી. ૨૮. ગામના જેટલા મનુષ્યો હતા તે બધા દર્શન કરવા બજારમાં આવી ગયા. ત્યાં તેમની ઘણી જ ભીડ થઈ. સહુ હાથમાં ફૂલ કે ફળ વગેરે લઈને આવતા. તે શ્રીહરિને અર્પણ કરીને પગે લાગતા હતા. ૨૯. ગામની સ્ત્રીઓ મોતીના થાળ ભરી ભરીને પ્રેમથી વધાવવા માટે આવી હતી. સ્ત્રીઓ ધોળ રાગના મંગળ ગીતો અતિ ઉત્સાહથી ગાતી હતી. હૃદયમાં અત્યંત આનંદ છવાયેલો રહેતો હતો. ૩૦. ઘેર ઘેર મંગળમય વાતાવરણ હતું. શ્રીહરિ ગામની બજારે ચાલ્યા આવતા હતા. ચારેતરફ અપાર ગુલાલ ઊડતો હતો. તે સમયે મહામાસ હતો અને વસંતોત્સવ હતો. ૩૧.

શ્રીહરિ પધાર્યા, તે દિવસ વસંતપંચમીનો હતો. દર્શન આપતા આપતા દરબારગઢને દરવાજે પધાર્યા. તે દરવાજાને ખૂબ જ શણગાર્યો હતો. ૩૨.

દરબારગઢની અંદરના બધા ભવનો મહેલના જેવા સોહામણા હતા. તે ભવન ઊંચી ઊભણીવાળા અને ઉજ્જ્વળ હતા. તેના સોનેરી થાંભલાની શોભા બધે છાઈ ગઈ હતી. ૩૩. જ્યારે શ્રીહરિ પધારવાના છે એમ નક્કી થયું ત્યારે વિચિત્ર રીતે બધી સજાવટ કરવામાં આવી. સોનાની સાથે ચિત્ર વિચિત્ર રંગથી દિવાલોને શણગારી, તેથી તેની શોભા અત્યંત આકર્ષક બની હતી. ૩૪. દરેક ખંડમાં ઊંચે જરિયાની નવા ઉલેચ બાંધ્યા હતા. સોનાનો ઢોળ ચઢાવેલા બિલોરી કાચના ઝાડ દરેક ખંડમાં બાંધી દીધાં હતાં. ૩૫. વિચિત્ર મોતી ગૂંથેલા તોરણ દરેક બારણે બાંધ્યા હતાં. વિચિત્ર સોનેરી હિંડોળો બાંધ્યો હતો તેના ઉપર ભક્તના ચિત્તને આકર્ષણ કરતા શ્રીહરિ બિરાજ્યા. ૩૬.

ઘનશ્યામ અને પૂર્ણકામ આવા શ્રીહરિએ મોતીજડિત છડી હાથમાં લીધી હતી અને શરીર ઉપર મોતીના ઘરેણાં ધાર્યા હતા. ૩૭. ચરણોમાં મોતી જડિત મોજડી પહેરી હતી. તેની શોભા કહી જાતી નથી. પછી બધા સંતો આવીને શ્રીહરિની આગળ સભાના રૂપમાં બેઠા. ૩૮. દરબાર સુરા ખાચર શ્રીહરિની પાસે બેઠા. કારણ કે તેઓ શ્રીહરિને ઘણા જ વહાલા છે. તેમની જેમ જે ભક્તો દાસ થઈને રહેતા તેમને શ્રીહરિ ઘણું માન આપીને સાથે રાખતા હતા. ૩૯.શ્રીહરિ બધા જ દરબારોને વધારે ને વધારે માન આપતા હતા. આવા ભક્ત દરબારો દુનિયામાં બીજે ક્યાંય નથી. એ તો શ્રીહરિના પ્રતાપથી જ આવા સર્વોચ્ચ ભક્ત બન્યા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'સુશોભિત નાગડકા ગામમાં શ્રીહરિ દરબારગઢમાં પધાર્યા' એ નામે ત્રેપનમો તરંગ સમાપ્ત ॥૫૩॥



પૂર ચોથું : તરંગ - ૫૪

શ્રીહરિ નાગડકા ગામમાં રંગે રમવા તૈયાર થયા

હું મુક્તાનંદસ્વામી પરમ સ્નેહથી વાત કહું છું. હે દાદા ખાચર તેને તમે સાંભળો. શ્રીહરિએ સહુ સંતોને કહ્યું, ૧. આજ વસંતપંચમી છે, એટલે મોટો

ઉત્સવનો દિવસ છે, તો સહુ સંતો તમે ઝાંઝ મૃદંગ લઈને વસંત ઉત્સવના પદ બોલો. ૨. હું સત્સંગમાં આવ્યો ત્યારપછી મેં પહેલી (સં.૧૮૫૭) વસંતપંચમી લોજપુરમાં કરી ત્યારે સદ્‌ગુરુ રામાનંદસ્વામી ભુજગામમાં હતા. ૩. બે વસંતપંચમી રામાનંદસ્વામીની સાથે ઊજવી. (સં.૧૮૫૮) કાલવાણીમાં આવીને બહુ જ રંગ ઉડાડ્યો. ૪. અંતર્યામી રામાનંદસ્વામી ફરેણી ગામમાં આવીને સ્વધામ પધાર્યા. તે પછીની (સં.૧૮૫૯) વસંતપંચમી અમે માણાવદરમાં જઈને કરી. ૫. અઢારસોને સાઠની સાલની વસંતપંચમી આ ગામમાં આવી છે. તો આજ કેસુડાંનો રંગ બનાવો. આપણે તેને ખૂબ જ ઉડાડશું. ૬. અને પતંગનો રંગ બનાવો.

(મધ્યહિંદ અને કટક પ્રાંતમાં થતું એક જાતનું પીળું અને સુગંધીદાર ઝાડ. તેના લાકડાનો રંગ લાલ હોય છે. તે રંગવાના કામમાં વપરાય છે. તે ઝાડના અંગમાંથી ગુલાલ બને છે. તે તેના ગ્રાહીગુણને લીધે ઔષધ તરીકે ઉપયોગમાં આવે છે. બચ્ચાંઓના ઝાડા ઉપર તેમજ દંતમંજન બનાવવામાં તેનો ઉપયોગ થાય છે. વૈશાષ-જેઠ માસમાં જમીનને સારી રીતે ખેડીને આ ઝાડના બી વાવવામાં આવે છે. લગભગ ૨૦ વર્ષમાં આ ઝાડ ૪૦ ફૂટ જેટલું ઊંચું થાય છે, ત્યારે તેને કાપી લેવામાં આવે છે. તેના લાકડાના નાના કટકા કરી લગભગ બે પહોર પાણીમાં ઉકાળવામાં આવે છે. જેથી એક જાતનો બહુ સુંદર લાલ રંગ નીકળે છે, તે પતંગ કહેવાય છે. પહેલા આ રંગની ખપત બહુ હતી અને તે પરદેશ મોકલાતો હતો પણ જ્યારથી વિલાયતી નકલી રંગ બનવા લાગ્યા ત્યારથી તેની ખપત ઘટી ગઈ. આજકાલ કેટલાક વિલાયતી રંગ પતંગ નામથી વેચાય છે. કેટલાક લોકો તેને લાલ ચંદન માને છે, પણ તે ઠીક નથી. તેને બક્કમ પણ કહે છે. ફેબ્રુઆરીમાં તેને પીળાં ફૂલ આવે છે. પતંગના રંગને ઉડી જતાં વાર લાગતી નથી, તેથી તેની ભભકને ક્ષણભંગુરની ઉપમાં આપેલી છે.)

મૂળગ્રંથ શરૂ :

પ્રથમ વસંત વધાવો. હરિભક્તો બધા ફગવા લાવે. અત્યારે જ વસંત વધાવીએ એવું શ્રીહરિનું વચન સાંભળીને હરિભક્તો અપરમપાર ફગવા

લાવ્યા. સંતો ઝાંઝ અને મૃદંગ લઈને વસંતના પદ ગાવા લાગ્યા. ૭-૮. મહાન ભાગ્યશાળી મુક્તાનંદસ્વામીએ પ્રથમ તો પ્રેમમગન થઈને વસંત રાગનો આલાપ કર્યો. પછી મુક્તાનંદસ્વામી વસંત વધાઈના પદને સૌની પહેલા બોલ્યા. ૯.

"વસંતને ઋતુરાજ કહેવાય છે. તેમાં શ્રીહરિરૂપી આંબાને મોર આવ્યો, ત્યારે વિરહીરૂપી કોયલ ટહુકાનો સ્વર કરવા લાગી અને સંતોરૂપી કદંબ પ્રફુલ્લિત થયા. ૧૦. જ્યારે પુરુષોત્તમરૂપી ઋતુરાજ વસંત પ્રકટ થયો ત્યારે સંતોરૂપી જાય, ચમેલી, માલતી અને કેસુડાં ખીલી ઉઠ્યા. ૧૧. શ્યામસુંદરવર શ્રીહરિનાં દર્શન કરીને કુબુદ્ધિનો વિનાશ કર્યો અને જે શ્રીપુરુષોત્તમના ચરણમાં પ્રેમથી તત્પર થયા તેને ઘેર સદાને માટે વસંત હોય છે. ૧૨. આજનો વસંતપંચમીનો દિવસ ઘણો જ સુંદર અને મંગળમય છે. આજે વસંતઋતુની શરૂઆત થઈ.

મુક્તાનંદસ્વામી કહે છે કે મારા સ્વામી શ્રીહરિની સાથે રંગક્રીડા કરવા માટે બધો સમાજ તત્પર થયો છે. ૧૩. ખરો ઋતુરાજ વસંત ત્યારે છે કે જ્યારે ભગવાન શ્રીહરિની ભેટ (પ્રાપ્તિ) થઈ. માટે સંસારની બધી લાજ-મર્યાદા છોડી પ્રેમભાવમાં મગ્ન થઈને તે શ્રીહરિના ગુણોને ગાઈએ. ૧૪. આજ વસંતપંચમી આવી છે. આજનો દિવસ અનુપમ-અદ્વિતીય છે. અનેક જાતના રંગ બનાવીએ અને પ્રભુની સાથે પ્રેમમગ્ન થઈને ક્રીડા કરીએ. ૧૫. ઉત્સવ નિમિત્તે આવું વિચારીને કેસર ઘોળીને મોટી ગાગર ભરી, તેમાં ચૂવા (દેવ સેવામાં વપરાતો કાળો ચીકણો રસ) અને ચંદન ભેળવ્યા. અબીર અને ગુલાલની ઝોળી ભરી. રંગનો બધો જ સાજ-સામાન સાથે લઈએ. ૧૬.

શ્રીહરિએ પ્રેમથી હાથમાં પિચકારી લીધી. સુરંગી આભૂષણ પહેર્યા. રંગક્રીડા કરવાની તૈયારીના રૂપમાં શ્રીહરિએ શરીર ઉપર બધા જ શ્વેત વસ્ત્ર પહેરી લીધાં. ૧૭. વનમાળી શ્રીહરિ પ્રસન્ન હતા. મંગળમય બધો સામાન લીધો. હાથમાં સોનાની થાળી લીધી. સુવર્ણ કળશ ઉપર આંબાનો મોર મૂક્યો. ૧૮. રંગે રમવા માટે ત્યાં એક સુંદર મંડપ કર્યો હતો. મંડપની વચ્ચે એક મહામાંગલિક સુવર્ણનો કળશ સ્થાપ્યો હતો. ૧૯. શ્રીફળ અને આંબાનો મોર લાવ્યા. ધરો, ઉંબી (જવ કે ઘઉંની ડૂંડી) અને આંબાના પાન મગાવ્યા.

તે બધું કળશના મુખ ઉપર મૂક્યું. તેના ઉપર કુંકુમ અને ગુલાબના છાંટણા કર્યાં. ૨૦. મંડપની વચ્ચે નાની વેદિકા કરી હતી. તેના ઉપર રંગોથી આઠ પાંખડીવાળું કમળ બનાવ્યું હતું. વસંતનું સુંદર મુહૂર્ત (લગ્ન) વિચારીને તે કમળના ઉપર કળશ સ્થાપ્યો. ૨૧.

ધર્મના દુલારા પ્યારા શ્રીહરિએ શરીર ઉપર વસંતના વસ્ત્ર પહેર્યાં. પછી મંડપની વચ્ચે આવ્યા. પ્રથમ કળશની પૂજા કરી. હૃદયમાં ખૂબ જ આનંદ ઉલ્લાસ છવાઈ ગયો હતો. ૨૨. સંતો વસંત વધાઈના પદ ગાતા હતા. મૃદંગ, ઝાંઝ અને ડફ જોરથી વાગતા હતા. કોઈ સંતે મોરચંગ (દાંતની વચ્ચે રાખીને વગાડવાનું એક પ્રકારનું વાજું) લીધું હતું. ૨૩. ત્રાંસા, ઢોલ અને નોબત વાગતી હતી. બધું આકાશ ગાજી રહ્યું હતું. નોબત અને ચોઘડિયા શરણાઈની સાથે વાગતા હતા. ૨૪. પડઘમ, ભેરી, રણસિંગું અને તુરાઈ એ બધાં વાજિંત્રોથી ત્રિલોકી ગરજી ઊઠી હતી.

મોટા મોટા સંતો અને મુખ્ય મુખ્ય દરબારો તે સહુએ તે સમયે ૨૫. કેસરીરંગથી પિચકારીઓ ભરીને તે રંગ શ્યામસુંદર શ્રીહરિ ઉપર છાંટ્યો. અબીર અને ગુલાલની ઝોળીઓ ભરી ભરીને જોરથી તે શ્રીહરિ ઉપર ઉડાડ્યો-નાખ્યો. ૨૬. ત્યારે શ્રીહરિએ સંતોને અને દરબારોને કહ્યું, આ રમવાની રીત ન કહેવાય, કાંઈક મનમાં સમજો તો ખરા ? ૨૭. તમે બધા એક થઈ ગયા અને હું એકલો રહ્યો. હું એકલો તમને ઝાઝાને કઈ રીતે પૂગી શકુ ? આમ રમવું તે ન્યાય ન કહેવાય. ૨૮. રંગ બધો તમારા કબજામાં છે. મારી પાસે કાંઈ રંગ જ નથી. તમે બધા સાથેમળી એક થઈ ગયા છો. કોઈ મનમાં કાંઈ વિચાર જ કરતા નથી. ૨૯. તમે બધા મને ઈષ્ટદેવ માનો છો અને બધા મારા શિષ્ય થયા છો. "ગુરુપ્રસાદો વરિષ્ઠઃ" (ગુરુના રંગની પ્રસાદી લેવી તે શ્રેષ્ઠ છે.) આવું શાસ્ત્રનું વચન છે. ૩૦. તે અંગે કોઈ મનમાં વિચાર નથી કરતા કે એકલાની ગતિ શી થાય ? તમે બધા રંગની પ્રસાદી કરીને પ્રથમ મને જ અત્યારે આપવા લાગ્યા છો. ૩૧. આમાં તમને ગુરુ પ્રસાદીનો લાભ શું મળ્યો ? આ વાત મને સમજાતી જ નથી. મારે તમારા ઉપર રંગ છાંટવો-નાખવો જોઈએ, તે છંટાયો-નખાયો જ નથી. આમાં તમને કેટલું નુકસાન થયું ? ૩૨. તે વિચારીને તમે જ કહો. મને તો આમાં કાંઈ

સમજાતું નથી. તમે સંતો અને હરિભક્તો, બધા ન્યાયવાળા છો, એટલે તમે મને એ બધી વાત સમજાવો. ૩૩. ન્યાયની બાબતમાં અમને કોઈના ઉપર રોષ નહિ થાય, ન્યાય ન થાય તો દોષ દેખાય . ત્યારે સહુએ મનમાં વિચાર કર્યો. સહુને પોતામાં અપાર દોષ જણાયો. ૩૪.

चोपाई :

मुक्तमुनि तब बोलत भयेउ, कृपासे दोष दिखाइ दियेउ;
यह दोष को हमकुं न ज्ञाना, एसे हम हें अति अग्याना...३५
अति अग्यान देखाई तुम दीना, तुम हि कहे विन परे न चीना;
तेहि कर अग्यानि हम हे कूपा, तुम हो ज्ञान के निधि अनूपा...३६

પછી મુક્તાનંદસ્વામી બોલ્યા, આપે કૃપા કરીને અમારો દોષ દેખાડ્યો તે સારું કર્યું. આ દોષની અમને ખબર જ ન હતી. એટલા બધા અમે અજ્ઞાની છીએ. ૩૫. આપે અમારું ઘણું અજ્ઞાન દેખાડ્યું. આપના કહ્યા વિના અમને ખબર પડત નહિ. એટલા માટે જ અમે તો અજ્ઞાનના કૂવા છીએ અને આપ તો જ્ઞાનના અનુપમ નિધિ છો. ૩૬.

જ્ઞાનની બાબતમાં તો અમે અંધ જેવા છીએ અને આપ તો અમને નિર્બંધ ગુરુ મળ્યા છો. તે કારણથી જ અમે અમારો હાથ આપના હાથમાં દીધો છે. તો જિંદગીભર અમારી રક્ષા કરજો. ૩૭.

હે સ્વામી ! આપ જેમ કહો તેમ અમે કરીએ. અમે આપને અંતર્યામી જાણીએ છીએ. આ અંગે અમને કોઈ સંશય નથી. જે સંશય કરે તે અલગ પડી જશે. ૩૮. જેટલા ખપવાળા હતા, જેમને શ્રીહરિનો દૃઢ વિશ્વાસ હતો, જેમના મનમાં કોઈપણ જાતનું માન ન હતું અને દાસભાવે રહેનારા જે હતા તે દરબારો બોલ્યા. ૩૯. પછી બાઈ-ભાઈ, બધા જ હરિભક્ત અમે કહીએ છીએ કે આપ જેમ કહો તેમ અમે કરીએ. આમાં કોઈ સંદેહ નથી. ૪૦. આપની સમજણ સત્ય છે અને અમારી બધી સમજણ અસત્ય છે. માટે આ લોક અને પરલોકમાં આપ જ અમારી ગતિ-આધાર છો. ૪૧. આ પ્રમાણે સહુની વાત સાંભળીને શ્રીહરિ પ્રસન્ન થયા. સહુના હૃદયમાં આનંદ સમાતો નહિ. સૌ રંગે રમવા તૈયાર થયા. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શ્રીહરિ નાગડકા ગામમાં રંગે રમવા તૈયાર થયા' એ નામે ચોપનમો તરંગ સમાપ્ત ॥૫૪॥



પૂર ચોથું : તરંગ - ૫૫

શ્રીહરિ રંગે રમ્યા. સ્નાન કર્યું, થાળ જમ્યા અને સંતોને બોલાવ્યા

સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામીએ દરબાર દાદા ખાચરને કહ્યું, હે નૃપ ! તમે પ્રસન્ન મનથી સાંભળો. શ્રીહરિએ રંગથી ભરેલા જેટલા માટલા મગાવ્યા, તેની કથા હવે વિચારીને કહું છું. (સિદ્ધાનંદસ્વામી કહે છે કે) શ્રીહરિના ચરિત્ર અપાર છે. બધા લખી શકાતા નથી. ૧-૨. ભક્તજનોના બધી જ જાતના મનોરથોને પૂર્ણ કરનારા ઘનશ્યામ શ્રીહરિએ રંગે રમવા માટે કસીને કમર બાંધી. ૩.

સહુ સભામાં બેસી ગયા. શ્રીહરિ તેમના ઉપર રંગ છાંટવા લાગ્યા. તે શોભા કહી શકાતી નથી. રંગની પ્રસાદીનો લાભ લેવા તે સમયે બ્રહ્મા આદિ દેવતાઓ પણ ત્યાં આવ્યા. ૪. તે બધા સભામાં છાની રીતે બેસી ગયા. શ્રીહરિના સિવાય કોઈ તે જાણતા ન હતા. શ્રીહરિ સોનાનો મોટો કટોરો રંગથી ભરી ભરીને સહુના ઉપર ઉછાળતા હતા. ૫. ત્યાં એક મોટી સોનાની કુંડી મૂકેલી હતી. આનંદાનંદસ્વામી તેમાં રંગ ભરી દેતા હતા. કુડીમાં રંગ જ્યારે થોડો થઈ જાય ત્યારે શ્રીહરિ તેમાંથી સોનાની પિચકારીમાં રંગભરીને બધી સભા વચ્ચે ફરતા અને ભક્તોના ઉપર રંગ છાંટતા હતા. પછી ગુલાલની ઝોળી ભરી ભરીને તેને સૌના ઉપર ઉડાડતા, ધૂમ મચાવીને સહુને આનંદમાં ગરકાવ કરી દેતા હતા. ૬-૭. શ્રીહરિએ સંતોના અને હરિભક્તોના ઉપર જે રંગ છાંટ્યો તેનું વર્ણન કોઈથી થઈ શકે નહિ. ભૂમિ, ભવનો અને આકાશ એ બધા ગુલાલ અને રંગમય થઈ ગયા. ૮. વિમાનોમાં બેસીને જે દેવો આવ્યા હતા તેમને રંગમય કરી દીધા. દેવો અને મનુષ્યો, બધા 'જય જય' 'જય જય' આવી વાણી બોલતા હતા. બધા હરખમાં તલ્લીન થઈ ગયા હતા. ૯.

રંગે રમતા બપોરનો સમય થયો. બધો રંગ પણ ખૂટી ગયો. ત્યારે સ્નાન કરવા માટે મહારાજાધિરાજ શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. ૧૦. શ્રીહરિ રંગથી રસબસ અને ગરકાવ થયા હતા. તે વાતનું વર્ણન થઈ શકે તેમ નથી. તેવી જ રીતે સંતો અને હરિભક્તો પણ રંગથી ગરકાવ થઈ ગયા હતા. માનો સહુ કેસુડાનું વન થઈ ગયા હતા ! ૧૧. અથવા તો ખીલેલા ગુલાબનો બાગ હોય તેના જેવી શોભાને ધારણ કરી રહ્યા હતા. અથવા તો લાલ કમળનું સરોવર ખીલ્યું હોય એવી શોભાને ધારી રહ્યા હતા ! ૧૨. ગામની બજારને સુશોભિત કરતા શ્રીહરિ ગામના આથમણા દરવાજાથી બહાર નીકળ્યા અને તે સમયે ગામથી ઉત્તર તરફ રહેલી નદીએ સંતોની સાથે સ્નાન કર્યું. ૧૩. ત્યાં એક વાવ પણ હતી. તેમાં શ્રીહરિ દરબારો અને સખાઓની સાથે વારંવાર નહાયા છે, તેનો ગણતા પાર આવે તેમ નથી. ૧૪.

મહાન સુખનાધામ આવા ઘનશ્યામે સ્નાન કર્યા પછી સોનાના ઘરેણાં અને બધા સોનેરી વસ્ત્ર પહેર્યા. પછી પ્રેમથી અશ્વ ઉપર બેઠા. ૧૫. આગળના ભાગમાં અપાર વાજિંત્ર વાગતાં હતાં. ચોપદાર 'જય જય' 'જય જય' બોલીને છડી પોકારતો હતો. સંતો વસંતના કીર્તન ગાતા હતા. આ રીતે શ્રીહરિ નાગડકા ગામમાં આવ્યા. ૧૬. રાજ બજાર રંગથી રંગાઈ ગઈ હતી. રંગભીના તે બજારે દર્શન આપતા ચાલ્યા આવતા હતા. મતવાલાના મસ્તક ઉપર સોનાનું છત્ર રાખ્યું હતું. શિરપર ચામર ઢોળાતા હતા. ૧૭. અલૈયા ખાચર અને સુરા ખાચર એ બંને ચામર કરતા આવતા હતા. જેટલા ઘોડેસવાર દરબારો હતા તે બધા શ્રીહરિની સાથે સુશોભિત જણાતા હતા. ૧૮. દરબારગઢમાં શ્રીહરિ પધાર્યા ત્યારે ચારેકોર જયજયકારનો ધ્વનિ થયો. શ્રીહરિ સોનાને હિંડોળે વિરાજ્યા. તેની શોભા અતિશય છાઈ રહી હતી. ૧૯. મુકુંદાનંદ વર્ણી શ્રીહરિને બોલાવવા આવ્યા. ત્યારે રસોઈ તૈયાર થઈ ગઈ છે એમ જાણીને શ્રીહરિ અત્યંત પ્રસન્ન થકાં ઊઠ્યા. ૨૦.

✵ મૂર્તિ વર્ણન :

પરમ દયાળુ શ્રીહરિએ બીજા બધા વસ્ત્ર ત્યાં જ ઉતાર્યા. એક પીતાંબર ધોતી પહેરી અને સોનેરી કિનારીવાળું લાલ સુંદર રેશમી વસ્ત્ર મસ્તકે ઓઢ્યું. ૨૧.

રંગલહેરી શ્રીહરિએ ચરણોમાં ચાખડીઓ પહેરી, સોનેરી ઝાંઝર તો પહેરેલા હતા જ. હાથમાં રૂમાલ હતો અને ચટાક ચટાક આવો અવાજ કરતા ચતુરાઈથી ચાલતા હતા. ૨૨. જમણા હાથમાં રૂમાલ હતો. અત્યંત શોભા યુક્ત પ્રફુલ્લિત મુખ હતું. જે ભવનમાં રસોઈ થતી ત્યાં શ્રીહરિ પધાર્યા. ૨૩.

સોનાનો મોટો બાજોઠ હતો તેના ઉપર સુખદાયક સુંદરશ્યામ બેઠા. પહેલા પાણીથી ચરણ ધોવડાવ્યા અને પછી રૂમાલથી લૂછ્યા. ૨૪. તૈયાર કરેલા અપાર ભોજનોમાંથી ભરી ભરીને સોનાના થાળ લાવ્યા. શાકભાજી, ફરસાણ વગેરે પણ વિવિધ પ્રકારના હતા. જેનો ગણ્યે પાર આવે તેમ ન હતું. ૨૫. શ્રીહરિ દૂધપાક અને પૂરી જમ્યા, તેમજ જલેબી, મોતીચૂર, બરફી, સૂતરફેણી અને ઘેબર વગેરે પકવાનોને ભરપૂર જમ્યા. ૨૬. પેંડા, પતાસા, શીરો, હરીસો, કંસાર, માલપૂડા, ઊજળી પાતળી રોટલી, ટોપરાપાક, ગુંદરપાક, ગુલાબપાક, ગુલકંદ અને એલાયચી, દ્રાક્ષ અને સાકરથી બનાવેલી અનંત પ્રકારની વાનગીઓને શ્રીહરિ જમ્યા. ૨૭-૨૮. મેવા, ફળ અને સાકરથી બનાવેલા અનંત ખાદ્ય પદાર્થોને શ્રીહરિ ઘણું જમ્યા.

ગંગા, રમા અને રાધા ઈત્યાદિ તો શ્રીહરિની યોગકલાઓ છે. ૨૯. કોઈક વખતે તેઓ વિપ્રની મનુષ્યાકૃતિ ધારણ કરીને રસોઈ બનાવી આપતા. તેમને એકમાત્ર મુકુંદાનંદ વર્ણી દિવ્ય ચક્ષુઓથી દેખતા હતા. ૩૦. બીજા લોકોને તેની ખબર પડતી નહિ. શ્રીહરિ ક્યારેક મુકુંદાનંદ વર્ણીનું નામ લઈને રસોઈના વખાણ કરતા બોલતા કે 'બહુ સરસ રસોઈ બનાવી છે. માનો લક્ષ્મીજીએ કરી ન હોય.' ૩૧. બીજી બાબતને તો કોઈ જાણતું ન હોય. ફક્ત મુકુંદાનંદ વર્ણી અને શ્રીહરિ બે જ જાણતા. અને તે જ કારણથી મુકુંદાનંદ વર્ણી બીજા વર્ણીઓ કરતા શ્રેષ્ઠ ગણાતા હતા. ૩૨. રમા(લક્ષ્મી) આદિક કેટલાક હરિભક્ત બહેનો દિવ્ય આકૃતિ ધારીને હૃદયમાં અનુપમ મણિમય અને પ્રકાશમય મહેલ બનાવીને શ્રીહરિમાં જેવો ભાવ હોય તેવી સેવા કરવા માટે રહે છે. કોઈમાં લેશમાત્ર કામભાવ હોતો નથી. મનુષ્યજાતિમાં પણ બીજા જેટલા ભક્તો છે તે બધા મુખ્યપણે નિષ્કામીવ્રતમાનમાં દૃઢ રહે છે. ૩૩-૩૪.

જે નિષ્કામી હોય તે જ હરિભક્ત છે. જો નિષ્કામપણું ન હોય તો તે ભક્ત કહેવાય નહિ. ભૂમિ ઉપર અન્ય અવતારોના ભક્ત અપાર થયા છે, તેનો ગણ્યે પાર આવે તેમ નથી. ૩૫. નિષ્કામીવ્રતમાન અને સમજણમાં મુકુંદવર્ણીના જેવા સમર્થ કોઈ ભક્તને સાંભળ્યા નથી. એટલા માટે મુકુંદવર્ણીને સહુથી શ્રેષ્ઠ જાણવા કારણ કે એની સમાનતા બીજા કોઈ કરી શકતા નથી. ૩૬.

વિવિધ પ્રકારના છપ્પનભોગ-પકવાન અને છત્રીશ વ્યંજનોને શ્રીહરિ વારંવાર વખાણતા પ્રેમયુક્ત થઈને જમ્યા. ૩૭. જમ્યા પછી બ્રહ્મચારીએ પાણીની ધાર કરી ત્યારે પરમ સુધીરમૂર્તિ શ્રીહરિએ બંને હાથ ધોયા. અને મુખને પણ વારંવાર ધોયું. ૩૮. પછી હાથમાં રૂમાલ લઈને મુખને તથા હાથને લૂછ્યા. તાજો-નવો મુખવાસ લીધો અને થાળની પ્રસાદી દરબારને દીધી. ૩૯. ભવનની આગળ ચોકમાં અનુપમ મંડપ કરાવ્યો હતો. તેમાં વિચિત્ર રંગ કરાવ્યા હોવાથી તે મહાન દિવ્ય સ્વરૂપ જણાતો હતો. ૪૦. કેળના સ્તંભ રોપાવ્યા હતા. દરેક ખંડમાં બિલોરી કાચના ઝાડ લટકાવી દીધાં હતાં અને ઉપર જરિયાની ઉલેચ બાંધ્યા હતા. ૪૧. નીચે રંગોળી પૂરી હતી. શ્રીહરિએ આવીને તે જોયું. પછી મેઘના જેવી ગંભીર વાણીથી બધા સંતોને બોલાવ્યા. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શ્રીહરિ રંગે રમ્યા, સ્નાન કર્યું અને થાળ જમ્યા. પછી સંતોને બોલાવ્યા' એ નામે પંચાવનમો તરંગ સમાપ્ત ॥૫૫॥



પૂર ચોથું : તરંગ - ૫૬

કવિએ શ્રીહરિના ઘણા મહાન ગુણોનું વર્ણન કર્યું

શ્રીહરિએ સંતોને બોલાવ્યા. શબ્દ સાંભળીને તે સમયે સંતો આવ્યા. પછી જમવાની પંગત કરી. જેની જેવી યોગ્યતા હોય તે પ્રમાણે શ્રીહરિ સંતોના એક એકના હાથ પકડી પકડીને પંગતમાં બેસાડતા હતા. શ્રીહરિ સંતોના ઉપર હેત રાખીને વ્યવહાર-વિવેક શિખવાડતા હતા. ૧-૨. સંતોને સર્વોપરિ

કરવાને માટે તેમને જમવાની, બેસવાની અને બોલવાની જેવી રીત હોય તે પ્રમાણે પ્રેમથી શિખવાડતા હતા. ૩. સ્વયં શ્રીહરિ જમવાના અન્નને મેળવીને જમવાની રીત બધા સંતોને દેખાડતા હતા. જળથી અને મારી આજ્ઞાથી અન્ન નિષ્પાપ થાય છે એમ કહેતા. ૪.

❋ સાચા સંતના લક્ષણો :

જે ત્યાગી અન્નને ભેળું કર્યા વિના જ ખાય છે તો તેને પંચવિષયમાં આસક્તિ થાય છે. કોઈ મોટો મુક્તાત્મા હોય તોપણ દેહના યોગથી ભ્રષ્ટ થઈ જાય છે. ૫. જે માયિક પંચવિષય કહેવાય છે તે બધા અન્નને ભેળું કરીને ખાવામાં આવે તો નીરસ થઈ જાય છે. એ બધું દેખીને વિચારી જોવું જોઈએ. ૬.

चोपाई :

जिह्वा रस मिलावना जेसे, ओर रस मिलावना तेसे;
शब्द स्पर्श रूप अरु गंधा, भोगवना न होई के अंधा...०७
निरस करि तेहि आहार कुं देना, अग्या प्रमान हि तितनो लेना;
अग्या रूप मेरी मूर्ति जेहा, द्वार द्वार खडी हे तेहा...०८

જીભનો વિષય રસ છે. તે અન્નને ભેળું કરીને ખાવાથી જીતાય છે. તેમ જ બીજા વિષયોને પણ ભેળા કરવા. શબ્દ, સ્પર્શ, રૂપ અને ગંધ એ ચાર વિષયને પણ અત્યંત રાગથી આંધળા થઈને ભોગવવા નહિ. ૭. તે તે ઇન્દ્રિયોના વિષયોને નીરસ કરીને તેને આપવા. શાસ્ત્રોની આજ્ઞા પ્રમાણે તે તે વિષયોને ગ્રહણ કરવા. આજ્ઞારૂપ મારી મૂર્તિ છે. તે હરેક ઇન્દ્રિયોને દરવાજે ઊભી છે. ૮.

તે દરવાજે ઊભી રહેલી મૂર્તિની આજ્ઞાને અનુસારે વિચાર કરીને ક્રિયા કરવી. તે મૂર્તિની આજ્ઞા તો વિધિ (આમ કરવું) નિષેધ (આમ ન કરવું) રૂપ છે. એટલે તે વિધિ-નિષેધરૂપ આજ્ઞાની મર્યાદા અખંડ રાખવી. તેને તૂટવા દેવી નહિ. ૯. શ્રીહરિએ આવી અનંત વાતો કરી. તે બુદ્ધિમાં કાયમ યાદ રહેતી નથી. શ્રીહરિએ ડાબા ખભા ઉપર ખેસ રાખીને બંને છેડાને કમર સાથે કસીને તે વખતે બાંધ્યો. ૧૦. જેટલા ભોજન બનાવ્યા હતા તે દરેકેદરેક શ્રીહરિએ

પંગતમાં પીરસ્યા. પછી સંતો પણ શ્રીહરિની આજ્ઞાને અનુસારે વિચારીને જમવા લાગ્યા. ૧૧. શ્રીહરિ તે બધું જોઈને ઘણું રાજી થયા અને પછી બોલ્યા કે હું આ એક એક સંત દ્વારા અનંત જીવોનો મોક્ષ કરાવીશ. ૧૨. અક્ષરધામના અધિપતિ, અવિનાશી અને અનંત શક્તિને ધારણ કરનારા પરમેશ્વર મારા દ્વ ારાએ પ્રકટ રહીને આ વાત હેતથી તમને કહી રહ્યા છે. ૧૩. ધર્મપુત્ર પોતે એમ નથી કહેતા કે **"હું પ્રકટ પુરુષોત્તમ શ્રીહરિ છું." કદાચ એમ કહે તો અજ્ઞાની લોકો તેમની સાથે લડવા તૈયાર થાય. એટલે સ્વયં અત્યંત છુપાઈને રહે છે. પણ આ સહજાનંદરૂપી સૂર્ય છુપાઈને ન રહે, રહી ન શકે. ૧૪.**

શ્રીહરિએ સંતોને અને દરબારોને અત્યંત હેતથી જમાડ્યા. દુનિયામાં આવું કોઈ નથી. શ્રીહરિ પોતાના સંબંધમાં આવ્યા જાણીને હેત કરે છે. નહિ કે આપણે તેના પાત્ર છીએ એમ જાણીને. ૧૫. શ્રીહરિ સંતો અને હરિભક્તોના ઉપર હેત કરે છે છતાં નિર્બાધ રહે છે. આકાશની જેમ અગાધ અસંગી રહે છે. ૧૬. સંતો અને દરબારો જ્યારે જમી રહ્યા ત્યારે શ્રીહરિએ હાથ ધોયા. સુખદાયક શ્યામસુંદર હસતા હસતા આવીને પલંગ ઉપર બેઠા. ૧૭. પહોર દિવસ ચડ્યો ત્યારે સંતો સ્નાન કરીને આવ્યા. તે પછી અવર્ણનીય સુંદર સભા થઈ, પણ તે સભા થયા પહેલા શ્રીહરિએ પોતાના ઉતારે દરબારો પાસે તેમનામાં જેટલું બળ હોય તેટલું, બરાબર ખૂબ જ ભીંસીને પોતાનું શરીર દબાવડાવ્યું. ૧૮. જેના શરીરમાં જેટલું જોર હોય તે વાપરીને તેમણે શ્રીહરિનું શરીર દબાવ્યું. દરબારોએ શ્રીહરિને દાબતા દાબતા તો એક પલંગ તોડી નાખ્યો. ૧૯. દાબતા દાબતા જ્યારે દસ દરબારો થાકી ગયા ત્યારે તેની જગ્યાએ બીજા દસ દરબારોને દાબવા ઊભા કર્યા. આ પ્રમાણે જેટલા દરબારો હતા તે બધાની પાસે શ્રીહરિએ પોતાનું શરીર દબાવડાવ્યું. ૨૦.

આ રીતે શરીર દબાવડાવીને બધા દરબારોને પોતાના પરમેશ્વરપણાનો અડગ નિશ્ચય કરાવ્યો. "ભગવાન સિવાય બીજો કોઈ હોય તો આટલું દબાવવાથી તેનું એકેય હાડકું સાજું રહે નહિ." ૨૧. આવી પરસ્પર વાણી તેઓ બોલતા હતા. તેમણે ભગવાનને ચોક્કસ રીતે ઓળખી લીધા. તે સમયે કોઈ એક એવું બોલ્યો કે હું શ્રીફળને બે હથેળી વચ્ચે દબાવીને ફોડી નાખું છું. ૨૨.

જો શ્રીહરિ મને તેમનું માથું દબાવવા દે તો તેમની ખરી પરીક્ષા થાય. મારા જેટલું કોઈના હાથમાં બળ નથી, એમ હું મારા મનમાં માનું છું. ૨૩. ત્યારે શ્રીહરિએ તેને કહ્યું કે તમે પણ આવી જાઓ. તમે પણ પોતાનું બળ અજમાવો-દેખાડો. આજ મારે બધાનું જેટલું જોર હોય તે દેખવું છે. ૨૪.

પૂર્વદેશના (વર્તમાન સમયમાં ઉત્તરપ્રદેશના) લોકો બહુ જ બળિયા હોય છે. પૂર્વદેશના લોકોના બળ જેટલું બીજા કોઈ દેશના લોકોમાં બળ જોયુ નહિ. એટલુ અમને માન રહે છે. ૨૫. અમે ઘણું જ તપ કર્યું. છ-છ માસ સુધી અનાજ ખાધું નથી. વનમાં તો વાયુભક્ષણ કરીને રહ્યા હતા. ૨૬. રામાનંદસ્વામીની પાસે આવ્યા. પછી જ અમે અન્ન ખાવા લાગ્યા. તે પહેલા તો અમે મહિનાઓ સુધી ફળ ફૂલ જેવું જે મળે તે ખાઈને રહેતા હતા. ૨૭. મેં શરીરને તો ઘણું કૃશ કરી નાખ્યું છતાં મનમાં બળનું માન તો હજી રહે છે. અમારે તો હવે તે જોવું છે. તો જેમાં ઘણું બળ હોય તે આવીને અમને દબાવો. ૨૮.

તે સમયે એક ઘણો બળવાન અને અભિમાની જોધો નામનો ભરવાડ હતો તે શ્રીહરિની પાસે આવ્યો. બંને હાથ જોડીને આગળ ઊભો રહ્યો. ૨૯. શ્રીહરિએ તેને સમ(સોગંદ) દઈને જેટલું હોય તેટલું બળ કરવાનું કહ્યું અને પોતાના ડાબા હાથનો પહોંચો પહેલા તેને દબાવવા આપ્યો. ૩૦ તેણે કમર કસીને જેટલું પોતામાં બળ હતું તેટલું કરીને પહોંચો દબાવ્યો. પછી શ્રીહરિએ કહ્યું, હવે મારું માથું દબાવો, તમારું બધું બળ દેખાડો. ૩૧. ત્યારે તે જોધા ભરવાડ શ્રીહરિનું સામર્થ્ય દેખીને દીનતાથી શ્રીહરિને વશ થઈ ગયા. પછી તે સંસારનાં બધા જ બંધનોને તોડીને કાયમને માટે શ્રીહરિની પાસે નિવાસ કરીને રહ્યા. ૩૨.

તે સમયે શ્રીહરિએ આવી રીતનું ચરિત્ર કર્યું. પછી સંતો આવે છે એમ જાણીને કીર્તન ગાવાનાં વાજિંત્ર સરોદ અને મૃદંગ વગેરેને મગાવ્યા. ૩૩. સંતો વસંતના અને ધુમારના પદ ગાવા લાગ્યા. શ્રીહરિએ સંતોને પાસે બેસાડ્યા હતા. વાજિંત્રોના તાલ, લય તથા સ્વર, માત્રા, તાન ઈત્યાદિથી પરિપૂર્ણ ભક્તિરસના પદ ગવડાવીને શ્રીહરિએ તે સમયે મહાન રંગ જમાવી દીધો હતો. ૩૪. પદ સાંભળીને શ્રીહરિ ગુલતાન થઈ ગયા અને પ્રેમથી

તેમણે કહ્યું કે સંતોના સમાગમ જેવું બીજું કાંઈ નથી. શ્રીહરિ તો બધા જ રસોની રીતને જાણતા હોય છે. ૩૫. શ્રીહરિ જ્યારે જે જે ચરિત્ર કરે છે ત્યારે તેમાં તે પ્રકારનું તાન મેળવી આપે છે. પોતે બધી જ વાતમાં ઘણા જ પ્રવીણ છે અને અક્ષર આદિ પણ તેમને આધીન છે. ૩૬.

પોતામાં મહાન સામર્થ્ય હોવા છતાં એક રતીભાર પણ તે સામર્થ્ય દેખાડવું નહિ, તેને છુપાવી રાખવું, તેને ભવ-બ્રહ્માદિ પણ ઘણું મોટું સામર્થ્ય કહે છે. ૩૭. અક્ષરથી લઈને બધા દેવો પણ જેમની મરજી વિના લેશમાત્ર પણ આઘાપાછા થતા નથી તે શ્રીહરિ પોતાને માટે અલ્પ-તુચ્છ મનુષ્યો કદાચ કાંઈ બોલે, તો તેને હંમેશા સહન કરી લે છે. ૩૮. તે બધું ભગવાન સહન કરે છે. બીજાથી એટલું સહન થાય નહિ. સામર્થ્ય ન હોય તે તો રડે - સહન કરે પણ સ્વયં સમર્થ હોવા છતાં સહન કરવું તે ઘણું વિકટ છે. ૩૯. અનંત સામર્થ્ય હોવા છતાં ભગવાન બધું સહન કરે છે. પણ જીવ હોય તે સહન કરી શકે નહિ અને વિષમ સમયમાં તે જણાય આવે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શ્રીહરિના મહાન ગુણોનું વર્ણન કવિએ કર્યું' એ નામે છપ્પનમો તરંગ સમાપ્ત ॥૫૬॥



પૂર ચોથું : તરંગ - ૫૭

નાગડકામાં સુરા ખાચરે શ્રીહરિની પૂજા કરી

શ્રીહરિમાં જે ગુણો છે તે બીજામાં કોઈ દિવસ આવી શકતા નથી. કરોડો વર્ષ પર્યંત કદાચ કોઈ વ્રત અને તપ કરે, તો અધિક સુખ મળી શકે છે પણ ગુણ મળતા નથી. ૧. સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામીએ દરબાર દાદા ખાચર આગળ આવી જે વાત કહી હતી તે વાતને હું સિદ્ધાનંદસ્વામી થોડી અહીં લખું છું. બધી વાત મારાથી કહી શકાતી નથી. ૨. શોભાના નિધિ ભગવાન શ્રીહરિ સભા મધ્યે બેઠા અને સંતોની પાસે કીર્તન ગાન કરાવ્યું, તેનાથી બધે આનંદ ઉલ્લાસ છવાઈ ગયો. ૩. દરબાર સુરા ખાચર સ્વભાવે ઉદાર અને

શરીરે ઘણા સ્થૂળ (જાડા) હતા. તેઓ સોનાના થાળમાં બધો પૂજાપો લઈને શ્રીહરિની પૂજા કરવા આવ્યા. ૪.

તેમણે મસ્તકે મોટી પાઘ બાંધી હતી. તેમની રીત બધા દરબારોથી જુદી જ હતી. મર્મ વિના કાંઈ બોલતા નહિ. અર્થાત્ એની વાણીમાં મર્મ ભર્યો હોય અને તેમની રીત જ કોઈ એવી નિશ્ચયાત્મક હતી. ૫. તેઓ બોલતા કે 'કોણ સાચી માતા કે કોણ સાચા પિતા છે ? કોણ સાચા પુત્ર કે પરિવાર ? કોણ સાચી જ્ઞાતિ કે પરજ્ઞાતિ છે ? તો જે ખરા સમય પર કામમાં આવે તે જ સાચા માતપિતાદિક છે.' ૬. વળી, કોણ ભેખધારી ? કોણ વિપ્ર ? કોણ રાજા કે રાંક છે ? જીવને માટે ખરેખર પોતાના કોણ ? તો જે વિષમ દેશકાળમાં, કટોકટીના સમયમાં હિંમત આપે, ધીરજ આપે તે જ પોતાના આત્મીયજન છે. આમ તેની તેની દેશી કાઢીને સુરા ખાચર બોલતા હતા. ૭. શ્રીહરિને રાજી કરવા માટે સભા વચ્ચે આવું બોલતા. તેમાં તેઓ શરમાતા નહિ. બીજા બધાને હસાવે પણ પોતે ક્યારેય મુખથી હસતા નહિ. ૮.

ગમે તેવા મોટા રાજા હોય તોપણ તેની આગળ હાસ્યવિનોદ કે મશ્કરી સુરા ખાચરની જેમ બીજા કોઈ કરી શકે નહિ. અરે, કોઈ ભાટ, ચારણ કે ભાંડ વગેરે હોય તોપણ તે કરી શકે નહિ. ૯. તેઓ સૌથી વધારે મરમની વાતો જાણતા. જેવો સમય હોય તેવો તાલ મેળવી દેતા. બીજાથી એમના જેવો ભાવ લાવી શકાય નહિ, સુરા ખાચરનો આવો સહજ સ્વભાવ હતો. ૧૦.

તેમને શ્રીહરિમાં અને સંતોમાં અપાર હેત હતું. તેમના સિવાય તેઓ અલગ રહી શકતા નહિ. તેઓ સંતોનો યોગ નિરંતર રાખતા. તેમને સંતોના વિના એક દિવસ પણ જતો નહિ અર્થાત્ સંતોના વિના એક દિવસ પણ ચાલતું નહિ. ૧૧. નિત્ય સંતોનો પ્રસાદ લેતા અને મન, કર્મ, વચનથી સંતોની સેવા કરતા. શ્રીહરિના ચરિત્ર સિવાયની બીજી કોઈ વાત જ કરતા નહિ અને તે સિવાય કોઈની પરવા (દરકાર) કરતા નહિ. ૧૨. તેઓ અત્યંત દૃઢતાવાળા હરિભક્ત હતા. તેમનું ચિત્ત સરળ અને નિષ્પાપ હતું. જીવનમાં કપટ કે કુટિલતાનો લેશપણ ન હતો, એમ તેઓ સદા વર્તતા હતા. ૧૩.

શ્રીહરિ પણ આવા ભક્તને જોઈને તેની સાથે અતિ હેત રાખતા. પણ કોઈ ભક્તને માની દેખે તો તેનાથી શ્રીહરિ દૂર રહેતા. ૧૪.

શાંતિબાઈ નામે સુરા ખાચરના પત્ની હતા. તેઓ પરમ એકાંતિક ભક્ત હતા. શ્રીહરિનો કે સંતોનો ક્યારેય અવગુણ લેતા નહિ. ૧૫. સત્સંગમાં આવ્યા પછી તેમને બે વખત મોટું સંકટ આવ્યું હતું, છતાં શ્રીહરિને અતિશય રાજી કરવા માટે સત્સંગને મુખ્ય રાખ્યો હતો. ૧૬. તેમને નાથા ખાચર નામે એક જ પુત્ર હતા. તેઓ પણ પોતાના માતા પિતાના જેવા જ શ્રીહરિના પરમ ભક્ત હતા. શ્રીહરિમાં અને સંતોમાં હેત પણ માતા પિતાના જેવું જ હતું. ૧૭. તેઓ શ્રીહરિને અને સંતોને પોતાનું એક જીવન જાણતા અને બીજા બધા સંબંધોને તો મિથ્યા માનતા હતા. તેમને બે બહેનો હતા. તેમાં એકનું વલુબાઈ એવું નામ હતું. ૧૮. વલુબાઈનો સત્સંગ પણ ઘણો દૃઢ અને ભારે સર્વોત્તમ હતો. કુસંગી લોકો તો તેમને દેખીને જ હારી જતા, ડરી જતા. તેમણે ઘોર કુસંગનું માથું તોડીને સત્સંગને જ સૌથી અધિક અને મુખ્ય રાખ્યો હતો. ૧૯. સુરા ખાચરના ગામની પ્રજા પણ મહાન ભક્તરાજના જેવી જ હતી. દરબાર સુરા ખાચર શ્રીહરિની પૂજા કરવા માટે તે સમયે પુષ્કળ વસ્તુ-પદાર્થને લાવ્યા હતા. ૨૦.

બધું લાવીને શ્રીહરિની આગળ મૂક્યું. તે જોઈને શ્રીહરિ ધીમું ધીમું હસવા લાગ્યા. પોતે ત્રણ ભાઈઓ હતા, એટલે તે બધાનો પરિવાર પણ પૂજા કરવા માટે સાથે જ લાવ્યા હતા. ૨૧. પૂજા કરતી વેળાએ ઢોલ, ત્રાંસા વગેરે બધાં વાજિંત્રો વાગવા લાગ્યા. વાજિંત્રોને સાંભળીને સહુને ઉત્સાહ થયો. ગામમાંથી બધા લોકો દોડી આવ્યા. ૨૨. સુરા ખાચર વગેરેને પૂજાની વિધિ શીખવવા માટે મુક્તાનંદસ્વામી પ્રેમથી ઊભા થયા. તેમના પછી આનંદાનંદ સ્વામી પણ ઊભા થયા. ૨૩. એક સોનાનો કળશ દૂધથી ભરીને લાવ્યા હતા. તેનાથી શ્રીહરિના ચરણ ધોવાના હતા. આનંદકારી શ્રીહરિ મંડપમાં વિરાજ્યા અને સોનાના તાંસમાં ચરણ રાખ્યા. ૨૪. તે સમયે આનંદાનંદ સ્વામી ચરણોના ઉપર કળશના દૂધની ધાર કરતા હતા અને દરબાર અને તેમના પુત્ર નાથા ખાચર ચરણોને ધોતા હતા. ૨૫. વિપ્ર મયારામ ભટ્ટ

ષોડશોપચાર પૂજાનો વિધિ મુખથી બોલવા લાગ્યા. ૨૬. પહેલા આચમન કરાવ્યું. પછી પૂજાનો સંકલ્પ કરાવ્યો. ઘી, મધ, દહીં, સાકર અને દૂધ એ પંચામૃત ચરણો ઉપર રેડ્યું પછી દૂધથી ચરણોને ધોયા. ફરી જળથી ધોયા. ૨૭. સહુ પહેલા સોનેરી સુરવાળ પ્રેમથી પહેરાવ્યો. તેમાં લાલ રંગની ગૂંથેલી, જાળીદાર, સોનેરી ગાંઠો અને ફૂમકાવાળી સુંદર નાડી હતી. ૨૮.

❋ મૂર્તિ વર્ણન :

થોડીક શ્યામ જેવી શ્રીહરિની કમર અત્યંત શોભાદાર હતી. ઉદરમાં ઊંડી અને ગોળાકારે સુંદર નાભિ હતી. પહેરેલું ધોતિયું કાઢ્યા વિના જ તેના ઉપર સુરવાળ પહેરી લીધો. ૨૯. શ્રીહરિનું ઉદર ભારે અનુપમ હતું. તેની શોભા તો ત્રિલોકીથી કાંઈ જુદી જ હતી. તે ત્રિવળીથી યુક્ત અને થોડું ગોળ હતું. અને અપાર શીતળતાથી યુક્ત હતું. ૩૦. છાતી ઊપડતી અને વિશાળ હતી. તેમાં સરસ શ્રીવત્સનું ચિહ્ન હતું. ઢીંચણ સુધી લાંબી બંને ભુજાઓ હાથીની સૂંઢના સમાન હતી. હથેળીઓ તો કમળની પાંખડીના સમાન કોમળ હતી. ૩૧. સોનેરી જામો વિચિત્ર ભાતનો હતો. તેની શોભાને તો હું કહી શકતો નથી.

ઘણા જ હેતથી આપેલો તે જામો પહેર્યો. તેના ઉપર સુખદાયક મોતીના હાર પહેર્યા. ૩૨. સુંદર મોતીના બાજુબંધ, મોતીના કડાં અને પહોંચી તે બધાને શ્રીહરિએ હાથમાં પહેર્યા. આંગળીઓમાં વેઢ અને વીંટીઓ પહેરાવી. ૩૩. બંને કાનમાં લાલ અને શ્વેત મોતીવાળા કુંડળ પહેર્યા. મોતીના બે ગુચ્છ બે કાન ઉપર રાખ્યા હતા તે ઘણા સોહામણા લાગતા હતા. ૩૪. મોતી જડિત પાઘ મસ્તકે ધારી અને તેમાં મોતીના તોરા લટકાવ્યા. પાઘમાં મોતીના બે છોગા ધાર્યા તે સહુ લોકોને પ્યારા લાગતા હતા. ૩૫. પાઘ ઉપર મોતી જડિત શિરપેચ બાંધ્યો અને તેમાં કલગી પણ મોતીજડિત મૂકી. તે વેળાએ નીલમનું મોટું મોતી શિરપેચમાં લટકાવ્યું. ૩૬.

લલાટમાં કેસરચંદનની અર્ચા કરી. તેમાં કુંકુમનો એક ચાંદલો કર્યો. પછી જરિયાની શાલ ઓઢાડી. ૩૭. ધૂપ કર્યો, દીવો પ્રકટાવ્યો અને પછી કપૂરથી આરતી કરી. તે સમયે અનેક પ્રકારનાં વાજિંત્ર વાગવા લાગ્યાં. ત્યારે

લોકોએ કહ્યું કે આજનો દિવસ ખરેખર ધન્ય છે. ૩૮. પછી સુરા ખાચરે બંને હાથ જોડીને અત્યંત હેતથી પ્રાર્થના કરતાં કહ્યું, 'આ મૂર્તિ અમારા હૃદયમાં અખંડ નિવાસ કરીને રહો.' ૩૯. દરબારના પરિવારે પણ સોળે ચિહ્ન યુક્ત શ્રીહરિના ચરણોની અત્યંત પ્રેમરસમાં તરબોળ થઈને પૂજા કરી. ૪૦. સુરા ખાચરે સંભારી સંભારીને પ્રત્યેક સંતની પૂજા કરી. તેમને ફૂલહાર પહેરાવ્યા. તે પ્રમાણે જ સાથે આવેલા દરબારોની પણ પૂજા કરી. ૪૧. તે સિવાય બીજા જે હરિભક્તો શ્રીહરિની સાથે આવ્યા હતા તે બધાની પણ પૂજા કરી. પૂજ્યા વિના કોઈ હરિભક્ત બાકી ન રહ્યા. આ પ્રમાણે અત્યંત 'જય જયકાર' થઈ ગયો. ૪૨. થાળ ભરી ભરીને હરિભક્તોમાં અને ગામના લોકોમાં સાકર ખૂબ જ વહેંચી. આ રીતે ધર્મના લાલ શ્રીહરિની પૂજા કરી અને ઘણો મોટો ઉત્સવ કર્યો. ૪૩. દરબાર સુરા ખાચરે અષ્ટાંગ દંડવત્-પ્રણામ વારંવાર કર્યા. આ પ્રમાણે તેમણે શ્રીહરિની અલૌકિક રીતે સેવા-સ્વાગત વગેરે બધું પહેલે દિવસ કર્યું. ૪૪.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'નાગડકામાં સુરા ખાચરે ઘણા ભાવથી શ્રીહરિની પૂજા કરી' એ નામે સત્તાવનમો તરંગ સમાપ્ત ॥૫૭॥

પૂર ચોથું : તરંગ - ૫૮

ધૂન કરી, કેટલાકને સમાધિ થઈ અને સકારણ સમાધિનું વિવેચન

તે સમયે સૂર્યઅસ્ત થયો છે એમ જાણીને મશાલીઓ મશાલોને પ્રકટાવી લાવ્યા. સંધ્યા સમય થયો જોઈને સભા તત્કાળ ઊભી થઈ. ૧. બિલોરી કાચમાં દીવાઓ પ્રકટાવ્યા. તેનો અપાર પ્રકાશ થયો. સંતો મુખથી બોલીને આરતી કરવા લાગ્યા. ૨. ઝાંઝ અને મૃદંગ વગાડીને બધા સંતો પ્રેમથી આરતી બોલતા હતા. તે સમયની શોભા તો અક્ષરધામના સમાન અત્યંત અલૌકિક થઈ હતી. ૩. આરતી થયા પછી શ્રીહરિ ઊભા થયા અને અતિશય મધુર સ્વરથી પહેલા બોલીને સહુને ધૂન બોલાવતા અને સુંદર લટકા કરીને તાળીઓ પાડતા. ૪.

શ્રીહરિ જ્યારે ઝાઝીવાર સુધી તાળીઓ પાડીને ધૂન બોલાવતા ત્યારે મુખ ઉપર પરસેવાના બિંદુઓ આવી જતા. તે બિંદુઓ ઝગમગતા પ્રકાશને લીધે દર્શન કરનારાઓને મુખ ઉપર મોતીની ભ્રાંતિ કરાવતા હતા. ૫. **અક્ષરધામની મૂર્તિ અને આ મૂર્તિ બંને એકબીજા સાથે મળી જાતી હતી. ધામની સભા અહીંની સભા જેવી લાગતી અને અહીંની સભા ધામની સભા જેવી લાગતી.** ૬.

चोपाई :

इहाँ तिहाँ शब्द होत एक तारा, एसे देखात जेहि एक वारा;
सद्य समाधि होवत ताकुं, तेज हि तेज देखात हे याकुं...०७
तामें यामें न रहत जुदाई, एसि वृत्ति होई जावत ताई;
एक वृत्ति को होत जब तारा, तब ताकु न लगत वारा...०८

અહીંયાની અને ત્યાંની મૂર્તિ કે સભા, તેનો શબ્દ એકતાર થતો. અને આવું જ્યારે એકવાર પણ ભક્તને દેખાય કે તરત જ સમાધિ થઈ જતી. અને સમાધિમાં તેને અપાર તેજ દેખાતું. ૭. જ્યારે સમાધિમાં અપાર તેજ દેખાય ત્યારે તે ધામસ્થમૂર્તિ અને પ્રગટ મૂર્તિમાં જુદાપણું રહેતું નહીં. એવી ભક્તની વૃત્તિ થઈ જતી. અને જ્યારે તે એકવૃત્તિનો સતત તાર સંધાઈ જાય ત્યારે તેને સમાધિ થાતા વાર લાગતી નહિ. ૮.

દારૂ અને અગ્નિનો જ્યારે યોગ થાય, એટલે તરત જ તે સળગી ઊઠે. તેમાં વાર લાગતી નથી. તેમ જીવ દારૂ છે અને મૂર્તિ અગ્નિ છે. તે બંનેની વૃત્તિ જ્યારે એક થઈ જાય ત્યારે તત્કાળ સમાધિ થાય છે. પહેલા તેમાં વિશાળ તેજ દેખાય. જેમ જીવ ગાઢ સુષુપ્તિમાં હોય તેવું જણાય. પછી જીવને અહીંનું અને ત્યાંનું ભાન રહેતું નથી. ૧૦. ત્યારે શ્રીહરિની ઇચ્છાથી જીવને વિવિધ પ્રકારના આકારો અને રચનાઓ દેખાય છે. છતાં આ જીવને વાસનાત્મક લિંગ દેહ હોવાથી તે અહીંયાં આવે અને વળી ફરીને ત્યાં જાય. ૧૧.

પાંચભૂતોનો સ્થૂલ દેહ અને ઓગણીશ તત્ત્વનો સૂક્ષ્મ દેહ તે બંને એક થઈને રહ્યા છે તે જ્યાં સુધી પ્રારબ્ધ કર્મ ભોગવવાનું હોય છે ત્યાં સુધી બંધાઈને રહે છે. જ્યારે પ્રારબ્ધકર્મ સમાપ્ત થઈ જાય છે ત્યારે જેનાથી ક્રિયમાણ કર્મ ઊપજે છે તે સ્થૂળદેહ દૂર થઈ જાય છે. ૧૨. સંચિતકર્મ બીજના રૂપમાં

રહેતું હોય છે. જેવો જેનો સંસ્કાર તેવો નવો દેહ તેને આવે છે અને નવો દેહ મળ્યા પહેલા આ દેહને જીવ છોડી દે છે. ૧૩. જે કુપાત્ર જીવ હોય તે પણ શ્રીહરિની ઇચ્છાથી સુપાત્ર થઈ જાય છે. ભગવદિચ્છાની આગળ કોઈ નિયમ અડચણ કરતા નથી. વર્ષાઋતુનો વરસાદ યોગ્ય અયોગ્યનો વિચાર કરતો નથી તેમ સ્વતંત્ર ઇચ્છાવાળા પરમેશ્વર પણ યોગ્ય અયોગ્યને દેખતા નથી. ૧૪. ભગવાનની ઇચ્છાથી કાંકરો મેરુ જેવો થઈ જાય છે અને મેરુ કાંકરાની હાલતને પામે છે. જેમ પાકેલા ફૂલને ઝાડ રાખતું નથી તેમ ભગવાન કોઈના ગર્વને સહન કરતા નથી. ૧૫. **લોઢા કરતા પણ જીવ વધારે કઠોર છે. અનંત કાળથી તે ઘણા ઉગ્ર પાપોને કરતો રહ્યો છે. આવા જીવને શુદ્ધ કરવાનો ઉપાય તો સંતો જ છે.** ૧૬.

✻ જે સમર્પણ થાય તે શુધ્ધ થાય છે :

चोपाई :

हरि हे चिंतामनि पारस संता, ताके संग जब रहे करंता;
तब सो लोह कनक हो जावे, एसो ताको प्रताप रहावे...१७
तन मन सुंपि दिये जब जाई, अपनी समझ न रखे ताई;
तेहि विन कंचन न होवे कबहु, कोटि वर्ष संग करे तबहु...१८

પરમેશ્વર ચિંતામણિ છે અને સંતો પારસમણિ છે. તે પાપી જીવ જો તે સંતોનો સમાગમ કરતો રહે તો લોઢું જેમ પારસમણિના સ્પર્શથી સોનું થઈ જાય છે તેમ પાપી જીવ પણ સંતોના સમાગમથી શુદ્ધ થઈ જાય છે; એવો તેમનો પ્રતાપ છે. ૧૭. મુમુક્ષુ જીવ પોતાના તન અને મનને જ્યારે સંતોને સોંપી દે, પોતાની સમજણનું માન ન રાખે ત્યારે તે કંચનના જેવો શુદ્ધ થઈ જાય છે. તે વિના તો કરોડો વર્ષ સમાગમ કરે તોપણ શુદ્ધ થતો નથી. ૧૮.

हरिजन अरु संत हि जेता, प्रगट हरि के कहावत तेता;
तामें मायिक भाव हि लेशा, कबु न समझे होवे तेसा...१९

પ્રકટ શ્રીહરિના જે સંતો અને હરિભક્તો હોય તેમાં લેશમાત્ર પણ માયિક ભાવ કરે નહિ તો તે જીવ પણ કંચનના જેવો શુદ્ધ થઈ જાય છે. ૧૯. **અને સંતો-ભક્તોમાં માયિકભાવ ન રાખે ત્યારે તે જીવ નિર્મળ થઈ જાય છે**

અને તેના બધા મલિન પાપો દૂર થઈ જાય છે. ત્યારે તે જીવમાં પ્રકાશ ઊપજે છે અને ભગવાન તેમાં નિવાસ કરીને રહે છે. ૨૦. ભગવાન અને ભગવાનના ભક્તોમાં જેવો ભાવ જીવ રાખે છે તેવો તેનો પોતાનો સ્વભાવ થઈ જાય છે. જેવું મુખને શણગારવામાં આવે તેવું જ તે દર્પણમાં દેખાય છે. ૨૧. શ્રીહરિ અને તેમના સંતો-ભક્તો તો દર્પણના સમાન છે. જેવો તેમાં ભાવ હોય તેવા તે જણાય છે. ઘી અને સાકરના જેવા કોઈ ઉત્તમ મેવા નથી. પણ જેને તાવ આવતો હોય તેને તો તે ઘી-સાકર ઝેર જેવા છે. તેમ જેને માયિકભાવરૂપી રોગ હોય તેને શ્રીહરિ કે સંતો-ભક્તોમાં દિવ્યભાવ થતો નથી. ૨૨.

પહેલા તો પ્રકટ શ્રીહરિમાં જેમને જ્વર-દોષદૃષ્ટિ ન હતી. તેમને તત્કાળ સમાધિ થઈ અને તેમને વિશાળ દિવ્યસુખ જોવા-અનુભવવા મળ્યું. ૨૩. તેમાં જેનામાં દોષરૂપ જ્વર આવતો ગયો તેની સમાધિ તૂટતી ગઈ. શ્રીહરિ અત્યંત ઉત્સાહથી ધૂન કરતા તેને દેખીને ભક્તજનોને ખૂબ જ ઉત્સાહ વધતો હતો. ૨૪. દર્શનમાં, કીર્તનમાં અને ધ્યાનમાં જ્યારે અતિશય રંગ ચઢે છે ત્યારે અંગ શુદ્ધ થવાથી સમાધિ થઈ જાય છે. ૨૫. જ્યારે હૃદયમાં અતિશય પ્રેમ વ્યાપી જાય, ચિત્તવૃત્તિ એકરસ થઈ જાય ત્યારે જેમ મૂર્તિ બીબા પ્રમાણે થાય છે તેમ તે પ્રેમવૃત્તિરૂપી રસમાં મૂર્તિ જામી જાય છે. અર્થાત્ ભક્તની વૃત્તિ શ્રીહરિ સાથે એકાકાર થાય છે. ૨૬. ચિત્ત અને ચિદાકાશ બંનેમાં સજાતીય ગુણ રહે છે. અતિશય પ્રેમને લીધે તે બંનેમાં પરસ્પર આભાસ જણાય છે. ૨૭.

જે મુમુક્ષુઓ હરિભક્ત થયા છે તેમની આ વાત કહીએ છીએ. ભક્તે ભગવાનમાં સ્નેહ કરવો જોઈએ અને અન્યમાંથી આસક્તિ તોડવી જોઈએ. ૨૮. **શ્રીહરિ સિવાયની બીજાની જેટલી સ્મૃતિ થાય તેટલી મૂર્તિની વિસ્મૃતિ થઈ જાય છે. માટે ભગવાન સિવાયનું જે યાદ કરી રાખ્યું હોય તેને ભૂલી જવું જોઈએ.** ભગવાન સિવાયનું જે અંતઃકરણમાં સંઘરી રાખ્યું હોય તે તો અનેક પ્રકારનું હોય છે. તેનો એક જ પ્રકાર નથી હોતો. તે બધું ક્યારેય લખી શકાતું નથી. શ્રીહરિની બધી વાતો અલૌકિક છે. જેમ છે તેમ કહીએ તેવો નિર્ધાર રહેતો નથી. કેમ જે, શ્રીહરિમાં તો એવા

અનંત ગુણ રહ્યા છે. ૨૯-૩૦. ભગવાન તો સ્વતંત્ર છે, આપણે તેવા સ્વતંત્ર નથી. સ્વતંત્ર ભગવાનને પૂરી રીતે આપણે કેમ કરીને કહી શકીએ ? હંમેશા એકનું એક પ્રકરણ રહેતું નથી. જે અંતરમાં પ્રકટ થયું તે મેં લખ્યું છે. ૩૧. ચિત્તનો સ્વભાવ તો દર્પણ જેવો છે. જે સામે આવે તે જેવો હોય તેવો દેખાય. જે લખ્યું હોય તેને તેનું પ્રકરણ જાણવું. ન લખ્યું હોય છતાં આવ્યું હોય તો તેને પ્રકરણ વગરનું માનવું. ૩૨. કોઈ વાત એકની એક હોતી નથી, તપાસ કરવામાં આવે તો ખબર પડે. અંતરદૃષ્ટિ થયા સિવાય ક્યારેય બધું જાણી શકાતું નથી. ૩૩.

ભગવાનની મૂર્તિ અને ભગવાનના જે ગુણ હોય તેમને એક પ્રકારની વશીકરણ વિદ્યા જાણવી. જેટલા ભગવાનના ચરિત્ર કહેવાય છે તે બધા મોહિનીરૂપ જેવા છે એમ સમજવું. ૩૪. કોઈ કેફી પદાર્થ હોય, તેને કોઈ લે, ઉપયોગ કરે અને જ્યારે તેનો કેફ-નશો ચડે ત્યારે તે તેના જેવો થઈ જાય છે. તેમ ભગવાનની મૂર્તિને પણ તેવી જ જાણવી. અર્થાત્ જેને શ્રીહરિના મહિમારૂપી નશો ચડે તે તેવો થઈ જાય છે. ૩૫. તે મૂર્તિનો કેફ-નશો જીવને જ્યારે ચઢે ત્યારે તરત જ તેને સમાધિ થઈ જાય છે. એવો કેફ ચઢ્યા સિવાય કોઈ કાળે તરત સમાધિ થાતી નથી. ૩૬. સમાધિ કરવાનો કેફ જો ગુરુમાં ખરેખર હોય તો તે કેફ શિષ્યમાં આવે છે. તે કેફ વિના તો સમાધિ કાચી છે. ૩૭. કૂવામાં જેવું પાણી હોય તે બહાર આવે ત્યારે દેખાય અને તેને પીવામાં ચાખવામાં આવે ત્યારે તેના ગુણની ખબર પડે છે. ચાખ્યા વગર તેના ગુણ ઓળખાતા નથી. ૩૮. પાણીમાં જેવા ગુણ હોય તેવો તેમાં પ્રેમ ઊપજે છે. ગુણ ન હોય તો તેમાં ન્યૂનતા-ખામી રહે છે. માટે અધિક ગુણવાળાને ગુરુ કરવા જોઈએ. ૩૯. **શ્રીહરિની મૂર્તિનાં દર્શન કરીને અનંત લોકોને સમાધિ થઈ ગઈ. સમાધિ થઈ, તે તો મૂર્તિમાન શ્રીહરિની ઈચ્છાથી થઈ છે. તેમાં જેને સમાધિ થઈ છે તેની ઈચ્છા લેશમાત્ર પણ નથી.** ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શ્રીહરિએ ધૂન કર્યા પછી કેટલાકને સમાધિ થઈ અને તે સમાધિનું સ્વરૂપ સકારણ કહ્યું' એ નામે અઠ્ઠાવનમો તરંગ સમાપ્ત ॥૫૮॥



પૂર ચોથું : તરંગ - ૫૯

શ્રીહરિએ હરિભક્તની પાસે સમાધિની વાત કહેવડાવી

શ્રીહરિ ધૂન કરે, બોલાવે, એકવાર શરૂ કરેલી ધૂન પૂરી કરીને ફરીવાર કરે. બે, ત્રણ, ચાર વખત ધૂન કરે. ક્યારેક પાંચવાર ધૂન કરતા. ૧. ક્યારેક એકવાર જ ધૂન કરે, ક્યારેક બે પહોર સુધી ધૂન કરે, ક્યારેક ત્રણ પહોર કરે, ક્યારેક ધૂન કરતા સવાર થઈ જતું. ૨. પોતે જ્યારે કોઈ પણ સત્ય વાતનું તાન લેતા ત્યારે તેમાં બીજા કોઈ આવીને રોકે તો તે તાનને બમણું બમણું કરતા. ૩. જો કોઈ વારે-રોકે નહિ, તો કોઈ તાનને વધારે કરે નહિ. શ્રીહરિની આવી સ્વાભાવિક પ્રકૃતિ હતી. શ્રીહરિ અનંત પ્રકૃતિના ઈશ-માલિક છે, ૪.

ચોપાઈ :

काल के काल ईशन के ईशा, समर्थ से समर्थ जगदीशा;
तोहु न सामृथ जनवत लेशा, ताको न केप देखावत एशा...०५
अल्प जिव कोउ डारा देखावे, ताको अतिशय सहन करावे;
अनंत ब्रह्मांड के ईश्वर एहा, सत्य संकल्प कहावत तेहा...०६

કાળના પણ કાળ છે. ઈશ્વરોના પણ ઈશ્વર છે. સમર્થ કરતા પણ સર્વ સમર્થ છે અને જગદીશ-જગતના નિયંતા છે. છતાં એક લેશમાત્ર પણ સામર્થ્ય જણાવતા નથી. વળી તે સામર્થ્યનો કેફ પણ જણાવતા નથી. એવા ધીર ગંભીર છે. ૫. કદાચ કોઈ અલ્પ જીવ આવીને ડારો દે, તો તેને અતિશય સહન કરી લે છે. આ શ્રીહરિ અનંત બ્રહ્માંડોના ઈશ્વર છે અને સત્યસંકલ્પ કહેવાય છે. ૬.

જે શ્રીહરિમાં અનંત ઐશ્વર્ય રહ્યું છે છતાં તેનું થોડું પણ અભિમાન કરતા નથી. જેમ જેમ અજ્ઞાની લોકો ઉપહાસ - મશ્કરી કરે છે તેમ તેમ શોભાના નિવાસરૂપ શ્રીહરિ તેને સાંભળીને ઘણા જ પ્રસન્ન થાય છે. શ્રીહરિ આવા પરમ દયાળુ છે અને સુખદાયક છે. ચાહે-ગમે તેવા મોટા દેવ કહેવાતા હોય તોપણ શ્રીહરિ સિવાય આવો સહનશીલતાનો ગુણ બીજા કોઈમાં આવે નહીં. ૭-૮. આ જગતમાં પૃથ્વી અને વૃક્ષો તરફ વિચારીએ તો તે બંનેમાં સહનતારૂપી ગુણ અતિ કહેવાય છે. તેમાં પૃથ્વીને ખોદવામાં આવે ને વૃક્ષોને

કાપવામાં આવે છતાં પૃથ્વી જગતને ધારે છે અને વૃક્ષો ફળફૂલ આપે છે. ૯. પૃથ્વી અને વૃક્ષો ખોદનારા ઉપર કે કાપનારા ઉપર રોષ રાખતા નથી. તેઓ હંમેશા રોષરહિત જ રહે છે. કોઈના ઉપર રોષ ન રાખવો તે ગુણ મોટા સંતપુરુષનો છે. આ ગુણ અલ્પબુદ્ધિવાળામાં કોઈ કાળે આવતો નથી. ૧૦. સિદ્ધ થઈ ગયા હોય તેવો વેશ લઈને કેટલાક લોકો ફરતા હોય છે, પણ તેમાં "આ રોષ ન રાખવો." એ ગુણ રતીભાર પણ હોતો નથી. **સહન કરવું તે સંતોનો પહેલો ગુણ છે** અને સહન ન કરવું તે ગુણ અસુરોનો છે. ૧૧.

કામ, ક્રોધ અને લોભ આદિક અધર્મ સર્ગના અનંત દોષો છે. અધર્મ સર્ગનો ચંડાળની જેમ ત્યાગ કરી દેવો જોઈએ અને ભગવાન સિવાય બીજામાં હેત કરવું નહિ. ૧૨. **ભગવાનને રાજી કરવા તેમની આરાધના કરવી તેમાં અતિશય યત્ન કરવો જોઈએ અને અધર્મ સર્ગનો ત્યાગ કરવો જોઈએ.** જેમાં એક રતીભાર પણ ક્લેશ હોય તો તે ક્લેશરૂપી કલિયુગ એ જ રાગ છે. ૧૩. ભગવાનના ચરણ નિર્ભય સ્થાન છે. તેના જેવું બીજું કાંઈ નિર્ભય નથી. પાતાળથી સત્યલોક સુધીના લોકોની વાસ્તવિકતા અમે મનમાં વિચારી લીધી છે. ૧૪.

નિર્ભય ચરણ છે નાથનાં, સેવો શ્રદ્ધાએ સંત;
અવર ઉપાય અળગા કરી, સમજો સાર સિદ્ધાંત..નિર્ભય૦

ઉપર કહી ગયા તેવું જે વર્તન હોય, તે તો સમાધિ કરતા પણ ઘણું અધિક ઊંચું કહેવાય. આવું જે મનુષ્યનું શરીર છે તે વારંવાર ક્યારેય મળતું નથી. ૧૫. **શ્રીહરિ પોતાના ભક્તોને માટે વારંવાર આવી વાતો કરતા હતા. કારણ કે તેઓ ભક્તોને પોતાનું અક્ષરધામ આપવા ઈચ્છે છે.** જે અક્ષરધામને મોટા મોટા મુક્તો પણ પામવા ચાહે છે. ૧૬. શ્રીહરિએ ધૂન કરી લીધી ત્યારે સહુ સંતોની સભાને તેમણે પ્રણામ કર્યા. પછી શ્રીહરિ હિંડોળા ઉપર બેઠા. તે સમયે તેમણે અત્યંત શોભાને ધારણ કરી હતી. ૧૭. જ્યારે શ્રીહરિ ધૂન કરી રહ્યા ત્યારે સંતો જ્યાં પહેલા બેઠા હતા તેની તે જ જગ્યાએ ફરીને બેઠા. તે સમયે બદ્ધિમાન હરિભક્તોએ શ્રીહરિને, સંતોને અને બધા હરિભક્તોને પ્રણામ કર્યા. ૧૮.

❋ સમાધિમાં અવતાર - અવતારી ભેદ દેખાડ્યો :

રંગભીના શ્રીહરિ બધા હરિભક્તોને દર્શન આપવા માટે તકિયા ઉપર બેઠા. તેઓ મુખથી મરક મરક હસતા હતા અને તેનો ઘણો શ્રેષ્ઠ પ્રકાશ ચારે કોર પ્રસરી રહ્યો હતો. ૧૯. જેટલા અધિક પ્રેમી સંતો અને હરિભક્તો હતા તે બધાને સમાધિ થઈ હતી. સંતોની વચ્ચે સંતોએ સમાધિ કરી અને હરિભક્તોની વચ્ચે હરિભક્તો સમાધિમાં લીન થયા. ૨૦. તે સમયે પુરુષોના સમુદાય વચ્ચે પુરુષોને અને સ્ત્રીઓના સમુદાય વચ્ચે સ્ત્રીઓને સમાધિ થઈ હતી. તે બધાને શ્રીહરિ પ્રેમથી જોઈ રહ્યા હતા. અન્ય અવતારોમાં ક્યારેય આ રીતે સમાધિ થતી નહિ. ૨૧.

चोपाई :

अवतार अवतारी में भेद रहेउ, सामृथ करिके जान परेउ;
समाधिवारे कहत सो बाता, ओरकुं न आवे समझाता...२२

અવતાર અને અવતારીમાં ભેદ રહેલો છે. તે તેના સામર્થ્યનો વિચાર કરીએ તો તે ભેદ સ્પષ્ટ જણાઈ આવે છે. સમાધિમાં જનારાઓ તે વાતોને કરતા, પણ બીજાને તે વાત સમજણમાં બેસતી નહિ. ૨૨. જે લોકો સમાધિમાં જતા હતા તેને શ્રીહરિ અલગ અલગ રીતે પૂછતા. તમે સમાધિમાં જે જે કાંઈ જોયું હોય તેને તમે યથાર્થ રૂપમાં કહો. ૨૩. ત્યારે તેઓ બોલતા કે "આપની જે આ મૂર્તિ છે તે જ અત્યંત તેજોમય સ્વરૂપે અદ્‌ભુત વિમાન લઈને આવી. અને અમને તે વિમાનમાં બેસાડી દીધા." ૨૪.

અનંત વાજિંત્ર વાગતાં હતાં. એક પળવારમાં જ સૂર્યના લોકમાં પહોંચી ગયા. ત્યાં સૂર્ય સન્મુખ આવ્યા. ૨૫. તેઓ મૂર્તિનાં ચરણોમાં પડ્યા અને પોતાના ભવનમાં લઈ ગયા. ત્યાં પ્રેમથી આપની પૂજા કરી અને બહુ પ્રકારે સ્તુતિ કરી. ૨૬. જે જે અવતારો થયા તે સહુના કારણ આપ જ છો. આ સમયે આપ અધર્મને ઉખાડી નાખવા માટે ધર્મને ઘેર પ્રકટ થયા છો. ૨૭. સૂર્યદેવ બોલ્યા, પ્રભુ, આપ ક્યારેય આ અમારા લોકમાં પધાર્યા નથી. આપ જે કહો તે અમે સેવા કરીએ. આપે અહીં પધારીને અમને અતિશય પાવન કર્યા છે. ૨૮. આપ મૂર્તિસ્વરૂપ શ્રીહરિ ત્યાંથી ચાલ્યા અને ચંદ્રલોકમાં ગયા.

ત્યાં ચંદ્રમા દોડીને સન્મુખ આવ્યા અને બે હાથ જોડીને આપના ચરણોમાં પડ્યા. ૨૯. આપને પોતાના ભવનમાં પધરાવ્યા. તેઓ બોલ્યા, **હે હરે ! આપ અહીં ક્યારેય પધાર્યા નથી. બીજા અવતારો તો અનંત થાય છે. પણ આપ ક્યારેય પધાર્યા નથી.** ૩૦. આમ કહીને ચંદ્રમાએ પૂજા કરી. અનેક પ્રકારના ઉપચારો લીધા. ત્યાંથી આપ ચાલ્યા. ધ્રુવના લોકમાં પહોંચ્યા. ૩૧. તે સમયે ધ્રુવ સન્મુખ આવ્યા. મૂર્તિનાં દર્શન કરવાથી અપાર પ્રેમ થયો. ગદ્ગદ થઈને ચરણોમાં પડ્યા. બાહુમાં લઈને મૂર્તિને ભેટી પડ્યા. ૩૨. તેમણે પોતાના ભવનમાં પ્રેમથી પધરામણી કરાવી. અલૌકિક રીતે પૂજા કરી.

આપ ત્યાંથી ચાલ્યા અને ઈંદ્રના સ્વર્ગલોકમાં પહોંચ્યા. ૩૩. ત્યાં ઈંદ્ર સન્મુખ આવ્યા. આપના ચરણોમાં પડ્યા. તેમણે ખૂબ જ આદર-ભાવ દેખાડ્યો. અને વિચારીને તેમણે આપને પોતાના ભુવનમાં પધરાવ્યા. ૩૪. આવો અવતાર ક્યારેય થયો નથી. આજ સુધી મેં કોઈ શાસ્ત્રમાં આવું સાંભળ્યું પણ નથી. આ બધું આપના સામર્થ્યથી અમને દેખાય છે. જો આપે સામર્થ્ય ન દેખાડ્યું હોત તો અમને ખબર પડત નહિ. ૩૫. આવું બોલીને તેણે આપની પૂજા કરી. અને બોલ્યા કે આજે અમને બહુ અલભ્ય લાભ આપ્યો છે. અવતારો તો અનંત અનંત થઈ ગયા પણ આવો લાભ અમને ક્યારેય મળ્યો નથી. ૩૬. ત્યાંથી મૂર્તિસ્વરૂપ આપ ચાલ્યા અને પછી કૈલાસ ગયા. શંકર તેમની સન્મુખ આવ્યા કે જેઓ અક્ષયવટ નીચે નિવાસ કરીને રહે છે. ૩૭.

જેનું નામ મહાન કૈલાસપુરી કહેવાય છે. બ્રહ્માની નગરી કરતા પણ તે ધામ વધારે સોહામણું લાગે છે. ૩૮. તેઓ મોટા સિદ્ધના પણ સિદ્ધ છે. તેના જેવા બીજા કોઈ સિદ્ધ નથી. તેઓ આપના સ્વરૂપને પોતાનો પરમનિધિ સમજીને ચરણોમાં નમી પડ્યા. ૩૯. તે જ રીતે સતી પણ આવ્યા અને મૂર્તિના ચરણોમાં નમી પડ્યા. તેમના હૃદયમાં અતિશય આનંદ છવાઈ ગયો. તે સમયે ગણપતિ પણ ચરણોમાં નમી પડ્યા. ૪૦. તે પ્રમાણે જ કાર્તિકસ્વામી પણ ત્યાં આવ્યા અને મૂર્તિના ચરણોમાં પડ્યા. જેટલા શિવજીના સેવકો હતા તે બધા ચરણોમાં આવીને પડ્યા. ૪૧. આપની મૂર્તિનાં દર્શન કરીને મહાન શિવજી ખૂબ જ હરખાયા. તેમના હૃદયમાં

અત્યંત આનંદ છવાઈ ગયો. મૂર્તિને અલૌકિક અવતારી જાણીને પ્રેમપૂર્વક વારંવાર ભેટ્યા. ૪૨. આજ મારા મહાન ભાગ્ય છે. આવો અવસર ક્યારેય આવ્યો નથી. ગુપ્તનિધિ આજ મારે ઘેર પધાર્યા છે. આવું બોલતાં બોલતાં તાણ્ડવ નૃત્ય કરવા લાગ્યા. ૪૩.

વેદો જેમને 'નેતિ' 'નેતિ' કહીને ગાય છે. તેમને દર્શન મને અહીં ઘેર આવીને આપ્યા છે. શારદા અને શેષ વગેરે જે મોટા છે, તેપણ જેનો પાર પામતા નથી. ૪૪. કેટલાક કલ્પ વ્યતીત થયા છે, તેમાં આવા કેટલાય બ્રહ્માંડોની રચના થઈ છે. આ બ્રહ્માંડની જ્યારથી રચના થઈ ત્યારથી આ સ્વરૂપ ક્યારેય અહીં આવ્યું નથી. ૪૫. આવું બોલીને શિવજીએ ભારે સામગ્રીથી પૂજા કરી. જેવી મૂર્તિ હતી તેવી હૃદયમાં ધારી. ચરણોદકને દુર્લભ સમજીને હેતથી પીધું તથા મુખ અને મસ્તકે ધારણ કર્યું. ૪૬. ચરણોદક પોતાની સભામાં સહુને આપ્યું અને પોતાના ભવનમાં બધે છાંટ્યું. ત્યાંથી મૂર્તિસ્વરૂપ આગળ ચાલ્યું અને બ્રહ્માના લોકમાં આવ્યું. ૪૭. ત્યાં બ્રહ્મા સામે આવ્યા. તેના હૃદયમાં અત્યંત મહાન હેત વ્યાપી ગયું. મૂર્તિનાં દર્શન કરવાથી તેમને આનંદ થયો. ચરણકમળમાં તેમણે પોતાનું મસ્તક નમાવ્યું. ૪૮.

બ્રહ્માએ તે મનોહર મૂર્તિની પોતાના ભવનમાં પધરામણી કરી અને બોલ્યા કે અનંત યુગો વીતી ગયા. પણ મારા આ ભવનમાં આપ ક્યારેય આવ્યા નથી. ૪૯. બ્રહ્માએ પૂજાના બધા ઉપચાર લાવીને ષોડશોપચાર વિધિથી પ્રેમ સહિત તેમની પૂજા કરી. હૃદયમાં આનંદ સમાતો ન હતો. ૫૦. બ્રહ્માજી બોલ્યા, હે શ્રીહરિ ! જે કારણનું પણ કારણ છે તેના પણ આપ કારણ છો. તે વાત કેટલાય દિવસથી સાંભળતા હતા. તે આપ આજે અમને પ્રગટ મળ્યા છો. ૫૧. બ્રહ્માએ આમ જ્યારે કહ્યું કે તરત જ મૂર્તિ ચાલીને અહીં આવી છે. અત્યારે તે મૂર્તિ કે વિમાન કાંઈ જ દેખાતું નથી." ૫૨.

ઈતિ શ્રીસહજાનસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત-સાગરના ચતુર્થ પૂરમાં 'શ્રીહરિએ હરિભક્ત પાસે સમાધિની વાત કહેવડાવી' એ નામે ઓગણસાઠમો તરંગ સમાપ્ત ॥૫૯॥



પૂર ચોથું : તરંગ - ૬૦

નાગડકામાં શ્રીહરિની પ્રાતઃસ્નાનથી મધ્યાહ્ન સુધીની નિત્યક્રિયા

સમાધિની વાત પૂછતા અને કહેતા-સાંભળતા અરધીરાત વીતી ગઈ. તે પછી અક્ષરાધિપતિ સાક્ષાત્ શ્રીહરિ પોઢી ગયા. ૧. સંતો બધા ચિત્તને એકાગ્ર કરીને ધ્યાનમાં બેઠા અને તેમની વચ્ચે સુશોભિત પલંગ ઉપર શ્રીહરિ પોઢ્યા. ૨. પોઢ્યા ત્યારે શ્રીહરિએ મસ્તકે રૂમાલ બાંધ્યો. મુખ ખુલ્લું રાખ્યું. પહેલા જરિયાની શાલ ઓઢી અને તેમના ઉપર લાલ રંગની રજાઈ ઓઢી. ૩. રજાઈની કોર પીળી હતી અને તેને સુંદર રીતે ભાતો પાડીને દોરાઓથી સીવી હતી. શ્રીહરિના મુખરૂપી ચંદ્રને સંતોરૂપી ચકોર નેત્રનો પલકારો પણ માર્યા વિના દેખી રહ્યા હતા. ૪. જ્યારે રાત ચારઘડી (૧.૩૬ કલાક) બાકી રહી ત્યારે સંતો ધ્યાનમાંથી ઊઠ્યા. 'નારાયણ ધૂન' બોલવા લાગ્યા. તે સાંભળીને શ્રીહરિ જાગ્યા. ૫. ધૂન કર્યા પછી સંતો પ્રભાત પદ બોલવા લાગ્યા. કેટલાક સંતો માનસીપૂજાના પદોને પણ બોલવા લાગ્યા. ૬. કેટલાક સંતો નખથી શિખા પર્યંતના શ્રીહરિની મૂર્તિના ધ્યાનના પદ બોલતા હતા. શ્રીહરિ શૌચવિધિ કરીને પ્રસન્ન થકાં બાજોઠ ઉપર બેઠા. ૭. ઘણી વખત માટી અને પાણીથી નિયમ પ્રમાણે હાથ ધોયા. તે પછી વિધિ પ્રમાણે બંને ચરણ ધોયા. ૮. પછી નિપુણ શ્રીહરિ સુકોમળ તાજું દાતણ લઈને કરવા લાગ્યા. મુકુંદાનંદ વર્ણી અને જયાનંદ વર્ણી એ બંને શ્રીહરિની સેવા કરતા હતા. ૯.

આનંદાનંદસ્વામી મુખ્ય સેવક હતા. તેમને દેશકાળને અનુસારે સેવાની ઘણી સારી રીત આવડતી હતી. ૧૦. ગરમ કરેલું પાણી શ્રીહરિની આગળ વર્ણીએ મૂક્યું. નાહવા માટેની એક સોનાકુંડી પણ લાવીને આગળ મૂકી. ૧૧. શ્રીહરિને માટે જીવુબા સુગંધી ફૂલેલ તેલ લાવ્યા હતા. તેમણે તેમાંથી એક સોનાનો કટોરો ભરીને પોતાના ભાઈ દાદા ખાચરની સાથે મોકલ્યો. ૧૨. દાદા ખાચર જે તેલ લાવ્યા તેને અનંત ભુવનોના સ્વામી શ્રીહરિએ પોતાના હાથમાં લીધું. પછી તેમને પૂછ્યું. ૧૩. સ્નાન કરવાનો યોગ્ય સમય વિચારીને તમે આ તેલ ક્યાંથી લાવ્યા ? ઠીક છે. તમે જ મારા શરીરે તેલ ચોળો. પ્યારથી શ્રીહરિએ આમ કહ્યું. ૧૪. દાદા ખાચર ઉચ્ચ કોટિના

હરિભક્ત છે, એમ સમજીને શ્રીહરિને તેમના ઉપર બહુ હેત હતું. શ્રીહરિએ તેમને તેલ ચોળવાની રીત શીખવી. ૧૫.

શ્રીહરિએ હેતથી પ્રથમ બંને ભુજાઓ ઉપર તેલ ચોળાવ્યું. પછી અત્યંત ભાવથી પીઠ ઉપર ચોળાવ્યું. ૧૬. પિંડી, સાથળ અને બંને ચરણો ઉપર તે તેલ ચોળાવ્યું. જ્યારે દરબાર દાદા ખાચર તેલ ચોળી રહ્યા ત્યારે શ્રીહરિએ તેલભર્યા પોતાના બંને ચરણ તેમની છાતીમા ચાંપ્યાં અને ઉત્તમ ભક્તને ભક્તોમાં ઉત્તમ કર્યા. વારંવાર મુખ ઉપર અને મસ્તક ઉપર પ્યારથી શ્રીહરિએ ચરણ દીધાં. ૧૭-૧૮.

કુંડીમાં વારંવાર પાણી ભરાવીને લોટાથી શ્રીહરિ નાહ્યા. સેવક કોમળ હથેળી વડે ચતુરાઈથી અંગ ચોળતા હતા. ૧૯. જેની હથેળી રેતીના જેવી ખરબચડી હોય તેને પોતાના અંગ ચોળવા દેતા નહિ. પોતાનું શરીર જ્યારે દબાવડાવવું હોય, ત્યારે પણ ખરબચડા હાથવાળા પાસે ક્યારેય દબાવડાવતા નહિ. ૨૦. ધર્મના લાલ શ્રીહરિ સ્નાન કરીને તત્કાળ ઊભા થયા. પલાળેલા ખેસને બંને ઢીંચણ ઉપર લાવીને નીચોવ્યો. પછી સાથળ અને પિંડીઓ તેનાથી લૂછ્યા. ૨૧. ભક્તપ્રતિપાલક શ્રીહરિએ એક કોરો રૂમાલ લીધો અને તેનાથી શરીર કોરું કર્યું. પહેલા મુખ, બંને ભુજાઓ અને કંઠને હરખભેર લૂછ્યા. ૨૨. તે પછી છાતી, પેટ અને પીઠને પણ લૂછ્યા. પછી એક નવું પીળા રંગનું પીતાંબર વસ્ત્ર પહેર્યું. ૨૩. જરિયાની શાલ ઓઢી અને ચરણોમાં નવી ચાખડીઓ પહેરી લીધી. મતવાલા શ્રીહરિએ સોનાના ઝાંઝર પગમાં પહેર્યા. તેની ઘૂઘરીઓ ચાલે ત્યારે ઘમકતી હતી. ૨૪.

ચરણોમાં પહેરેલી ચાખડીનો ચટાક્ ચટાક્ આવો અવાજ થતો હતો. શ્રીહરિ ગજરાજની અથવા હંસની ચાલથી ચાલતા હતા. ૨૫. થોડી ઊંચી વેદિકા ઉપર શુદ્ધ આસન પાથર્યું. તેના ઉપર પૂર્વમુખે બેઠા. શ્રીહરિ મનથી પ્રસન્ન અને આનંદમાં હતા. ૨૬. મન એકાગ્ર રાખીને નિત્યવિધિ કરવા લાગ્યા. શાલગ્રામ અને બાળમુકુંદ લાલજીની પૂજા અતિશય પ્રેમથી કરી. ૨૭. પૂજા કરીને જે હાજર હોય તે નૈવેદ્ય ધરાવતા. પૂજામાં કોઈ વસ્તુ મળે કે ન મળે, તેનો મનમાં ખેદ કરતા નહિ. ૨૮.

શ્રીહરિ જ્યારે પૂજા કરવા લાગ્યા ત્યારે ચકોર બુદ્ધિના દરબાર સુરા ખાચર તાજું દૂધ અને અને તાજા દહીંનો ભરેલો માટીનો પાટિયો, અને તેની સાથે દળેલી સાકરથી ભરેલો થાળ, હરખભર્યા મનથી લાવ્યા અને શ્રીહરિની આગળ તે બધું મૂકી દીધું. ૨૯. ઠાકોરજીને નૈવેદ્ય ધરાવવાને સમયે પેંડા અને બરફીથી ભરેલો થાળ પણ લાવ્યા. તે દેખીને શ્રીહરિ થોડું હસ્યા અને બોલ્યા કે આજ ઠાકોરજી ખૂબ રાજી થયા. ૩૦. આ બધું ઠાકોરજીએ જ પોતાની ઈચ્છાથી મગાવ્યું છે. અમે તો મનમાં સંકલ્પ પણ કર્યો નથી. આવું કહીને શ્રીહરિએ તે બધું ઠાકોરજીને નૈવેદ્યના રૂપમાં ધરાવ્યું. ૩૧. પ્રથમ શ્રીહરિએ દૂધ અને સાકર મેળવીને પ્રેમથી જમ્યા. તેના ઉપર દહીં અને સાકરને પણ ખૂબ જ જમ્યા. ૩૨.

પ્રિય શ્રીહરિ સભામાં ભક્તોને દર્શન આપતા આપતા તે સમયે બરફી અને પેંડાને પણ જમ્યા. પોતાની સેવા કરનારા મુકુંદાનંદ બ્રહ્મચારી અને જયાનંદ બ્રહ્મચારી તે બંનેને બધુ જમાડ્યું અને તે પછી દરબારોને અને સંતોને, બધાને પ્રસાદીના રૂપમાં થોડું થોડું તે બધું આપ્યું. ૩૩-૩૪. ભક્તોનું હિત કરનારા શ્રીહરિએ તે પછી ભક્તોને દર્શન દેવા માટે ભારે માંહેલા વસ્ત્રો અને આભૂષણોને ધારણ કર્યાં. સુખદાયક શ્યામસુંદર શ્રીહરિ સંતોની સભાની વચ્ચે હિંડોળા ઉપર આવીને બેઠા. ૩૫.

શ્રીહરિએ જે પહેર્યાં હતાં એ સોનાના અને મોતીના ઘરેણાંઓ ઘણા આવતા હતા. મોટા મોટા રાજાઓ તેને ચાહતા હોવા છતાં તેમને તેવા મળતા નહિ. ૩૬. ઝાલાવાડના હરિભક્તો નાગડકા આવ્યા. જેમના મનમાં ઉત્સાહ સમાતો ન હતો. તેઓ શ્રીહરિને બોલાવવા ત્યાં આવ્યા હતા. ૩૭. બધા આવીને શ્રીહરિના ચરણોમાં પડ્યા. તેમને એક એકને બોલાવીને શ્રીહરિએ નામ પૂછ્યા. ૩૮. બપોરનો સમય થવા લાગ્યો. ત્યારે રસોઈ તૈયાર થઈ. બનાવવાનું કાંઈ બાકી ન રહ્યું ત્યારે મુકુંદ બ્રહ્મચારી બોલાવવા આવ્યા. ૩૯. બીજા વસ્ત્રો ઉતારી નાખ્યા. એક પીતાંબર પહેરી લીધું. લાલરંગની જરિયાની શાલ ઓઢી લીધી. ૪૦. ચરણોમાં ચાખડીઓ પહેરી, હાથમાં રૂમાલ રાખ્યો. મનમાં ઘણો ઉત્સાહ હતો. આવા શ્રીહરિ જમવા માટે ચાલ્યા. ૪૧. જ્યાં

ભોજન બનાવ્યું હતું ત્યાં ધર્મપુત્ર શ્રીહરિ પધાર્યા અને બાજોઠ ઉપર બેઠા. ત્યાં આ તરંગ પૂરો થાય છે. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'નાગડકામાં શ્રીહરિની સવારથી બપોર સુધીની નિત્ય ક્રિયા કહી' એ નામે સાઠમો તરંગ સમાપ્ત ॥૬૦॥

પૂર ચોથું : તરંગ - ૬૧

શ્રીહરિ થાળ જમ્યા અને સંત તથા હરિભક્તોને જમાડ્યા

શ્રીહરિએ ચરણકમળ ધોયા અને રૂમાલથી લૂછ્યા. જાતજાતના ભોજનોના થાળ ભરી ભરીને વર્ણી લાવ્યા. ૧. રીંગણા વગેરે વિવિધ પ્રકારના શાકભાજી બનાવ્યા હતા. તેના કટોરા ભરી ભરીને લાવ્યા. તેને શ્રીહરિ જમવા લાગ્યા. ૨. પછી શ્રીહરિએ વર્ણીને પૂછ્યું, આજની રસોઈ કોની છે ? ત્યારે વર્ણીએ કહ્યું, એ તો દરબાર સુરા ખાચર જાણે. મને ખબર નથી. ૩. પછી સુરા ખાચરને બોલાવ્યા. શ્રીહરિએ તેમને પ્રેમભરી વાણીથી કહ્યું, આજની રસોઈ કોની છે ? જેની હોય તેને તરત અહીં બોલાવો. ૪.

સુરા ખાચરના ભત્રીજાઓ પાકા હરિભક્ત થયા હતા. દારૂ, માંસ, ચોરી અને વ્યભિચાર એ ચારને ન કરવાનો નિયમ પ્રેમથી લીધો હતો. તેમને શ્રીહરિ સિવાય બીજે ક્યાંય પ્રતિતિ નહોતી. ૫. તેમને સુરા ખાચરની સાથે ઘણું હેત હતું. અને તેનાથી જ બધાને સત્સંગ થયો હતો. નાપા ખાચર સુરા ખાચરના ભાઈ હતા. તેમને કાળુ ખાચર અને માણસિયા ખાચર નામે બે પુત્ર હતા. ૬. સુરા ખાચરના બીજા એક ભાઈનું નામ હાથિયા ખાચર હતું. તેમને પણ બે પુત્ર હતા. તેમાં એક રાણા ખાચર અને બીજા ડોસા ખાચર નામે હતા. તે પણ સારા સત્સંગી થયા હતા. ૭. તે સુરા ખાચરના ચારે ભત્રીજાઓને શ્રીહરિએ પાસે બોલાવ્યા. તેઓ ઉતાવળા દોડીને શ્રીહરિ પાસે આવ્યા. તે ચારેના ઉપર શ્રીહરિ પ્રેમ રાખતા અને જે તે સમયે તેમને સરસ રીતે બોલાવતા. ૮.

કાઠી દરબારોમાં જે સત્સંગ હતો તે શ્રીહરિએ તેમની સાથે હેતનો વ્યવહાર રાખીને કરાવ્યો હતો. તેમના સત્સંગનું મૂળ આદરભાવ હતો. આદરભાવ વિના તેમનો સત્સંગ ન ટકે. ૯. તે રીતે જ જે કોળી-ઠાકોર છે તેમનો સત્સંગ આદરભાવને લીધે જ હતો. તેમની જેમ જ રાજપૂત ક્ષત્રિય દરબારો પણ આદરભાવને લીધે જ હરિભક્ત કહેવાતા કે થયા હતા. ૧૦. એ બધાનો સત્સંગ આદરભાવનો જ ગણાય. જેમ અનાજની મોલાત હોય છે તે પણ પાણી વિના થાતી નથી, તેમ જ સત્સંગમાં પણ સમજવું. ૧૧. શ્રીહરિ બધા જ લોકોની નાડીને જાણતા. જેવો માણસ હોય તેની સાથે તેવો આદરભાવ રાખતા. શ્રીહરિ કોઈના ઉપર દાવો રાખતા નહિ. તેમનો એવો દયાળુ સ્વભાવ હતો. ૧૨. અમૃત અને મેઘની રીતની જેમ જે પોતાનો હિતકારી ગુણ તજતા નથી તે જ્યારે યોગ્યસમય આવે છે ત્યારે તેમનો ગુણ જણાઈ આવે છે. ૧૩.

શ્રીહરિમાં મેઘ કરતાં અને અમૃત કરતાં પણ અધિક, અપાર અને અનંત ગુણ રહ્યા છે. પૂતના જેવી કોઈ હત્યારી ન કહેવાય. તે ભગવાનને મારી નાખવા આવી. ૧૪. તેણે કપટથી ભગવાનને લાડ-પ્યાર કરતા ઝેરભર્યો સ્તન મુખમાં આપ્યો. ત્યારે તેનું કપટ જોઈને ભગવાને તેના પ્રાણ હર્યા અને સાથો-સાથ તેના (સ્તનપાન કરાવવારૂપ) એક ગુણને લઈને તેનો ઉદ્ધાર પણ કર્યો. ૧૫. દોષ અને ગુણ તે બંનેનું ફળ શ્રીહરિ આપે છે. લોકો જેવી ખેતી કરે છે તેને દૈવ તેવું ફળ આપે છે. ૧૬.

✵ શરણાગતિની શ્રેષ્ઠતા :

सोरठा : तेहि कर निरदोष, श्रीहरिकुं कहत हे सदा;
अरु कहत हे अरोष, शरन आत उद्धार करत...१७
शरन भयो सो जान, हरि की मर्जि न लोपे रती;
लोपे अशरन मान, कुमारग को फल मिलत तेहि...१८

તેટલા માટે જ શાસ્ત્ર અને સત્પુરુષો શ્રીહરિને સદા નિર્દોષ કહે છે. અને રોષ રહિત કહે છે. કારણ કે ચાહે તેવો પાપી હોય પણ જો તે શરણે આવે તો ભગવાન તેનો ઉદ્ધાર કરે છે. ૧૭. **ભગવાનને શરણે થયો તે**

કહેવાય કે જે, રતીભાર પણ ભગવાનની મરજીને લોપે નહિ. અને જો મરજીને લોપે તો તે શરણે થયો કહેવાય નહિ. તેને તો કુમાર્ગે ચાલ્યાનું દુઃખરૂપ ફળ મળવાનું જ છે. ૧૮. આ વાત સદ્ગુરુ મુક્તાનંદસ્વામીએ અતિશય હેતથી દાદા ખાચરને કહી છે.

જ્યારે શ્રીહરિ જમી રહ્યા ત્યારે તે ચારે સુરા ખાચરના ભત્રીજાઓને થાળની પ્રસાદી શ્રીહરિએ આપી. ૧૯. તત્કાલ શ્રીહરિએ હાથ અને મુખ ધોયા. રૂમાલ લઈને હાથ લૂછ્યા. ધીર ગંભીર શ્રીહરિ તે સમયે દૂધપાક, સાકરનો શીરો, ભજિયાં, વડાં, હરીસો વગેરે કેટલાએ ભોજન પ્રેમથી જમ્યા હતા. જમીને મુખવાસ લીધો. પછી અતિ નિપુણતાથી ત્યાંથી ઊભા થયા. ૨૦-૨૧. પરમ ઉદાર શ્રીહરિ સંતોની સભામાં આવ્યા. માથા ઉપર એક રૂમાલ બાંધ્યો હતો. જનોઈની જેમ ડાબે ખભે પીતાંબર રાખ્યું હતું. અને તેના છેડાઓને કમર ઉપર કસીને બાંધ્યા હતા. ૨૨. મંડપમાં જાતજાતના રંગોથી રંગોળી પૂરી હતી. શ્રીહરિએ અનુપમ ગંભીર ધ્વનિથી સંતોને જમવા માટેનો સાદ કર્યો. ૨૩. શ્રીહરિનો શબ્દ સાંભળીને સહુ સંતો આવ્યા. મંડપમાં પંગત થઈ. પ્રત્યેક ખંડમાં સંતો બેઠા અને 'સ્વામિનારાયણ' નામની ધૂન બોલતા હતા. ૨૪. શ્રીહરિની સાથે કાયમ રહેનારા દરબારો હતા તેઓ પંગતમાં બેઠા. તેમજ સરબંદી જે સેવકો હતા તેપણ આવીને બધા પંગતમાં બેઠા. ૨૫.

તે સમયે બધા વિપ્રો ત્યાં જે હાજર હતા, જેવા કે બોટાદના વિપ્ર મોના જોષી અને નરસી મહેતા, જેઠા ભટ્ટ, કૃષ્ણજી, પરમાણંદ વગેરે હતા. ૨૬. વઢવાણના ત્રણ વિપ્ર હતા. તેમાં એક તો લાધારામ ઠાકર કે જેણે ગઢપુર ધામમાં રહીને શ્રીહરિની જન્મપત્રી લખી હતી તે. ૨૭. અને વ્યાસ બેચરજી અને દેવકૃષ્ણ બંને ભાઈ ઘણા સુજ્ઞ હતા. તેમણે તુલસી રામાયણને ગાઈને શ્રીહરિને ઘણા રાજી કર્યા હતા. ૨૮. સદ્ગુરુ મુક્તાનંદસ્વામીએ પોતે લખેલ સાતકાંડનું સંપૂર્ણ રામાયણ શ્રીહરિએ રાજી થઈને બેચરજીને આપ્યું હતું. ૨૯. સત્સંગમાં તેમનો ઘણો જ પ્રેમ જોઈને શ્રીહરિએ રાજી થઈને તેને વારંવાર પોશાક આપ્યો હતો. ૩૦. લીંબડીના વિપ્ર નિર્ભયરામ આચાર્ય અને એક બીજા ગોપાળજી એ બધા વિપ્રો શ્રીહરિની સન્મુખ આવીને તે ઠેકાણે ઊભા રહ્યા. ૩૧.

તે બધા વિપ્રો ભોજનના થાળ ભરી ભરીને તત્કાળ શ્રીહરિની પાસે લઈ આવ્યા. સહુ પહેલા શ્રીહરિ શીરો અને પૂરી લઈને પંગતમાં પીરસવા લાગ્યા. ૩૨. સંતો જમવા માટે કાષ્ઠના પાત્ર રાખતા. શ્રીહરિ પીરસવા આવે ત્યારે બુદ્ધિમાન સંતો પાત્ર હાથમાં લઈને ઊંચુ કરીને લેતા. ભજિયાં, વડાં, પાપડ, શાકભાજી અને અથાણું વગેરે શ્રીહરિની આજ્ઞાથી તે વિપ્રો પીરસતા હતા. જ્યારે શ્રીહરિ ફરીને બધે પીરસી રહ્યા ત્યારે જમવાની આજ્ઞા આપી. ૩૩-૩૪. બધા સંતોએ પાત્રમાં પીરસાયેલું અન્ન ભેળવી દીધું. પછી જળથી પ્રોક્ષણ કર્યું, ભાવથી એક એક પોશ ભરીને પાણી નાખ્યું. કાયમ આ રીતે જ સંતો જમતા. ૩૫.

જેટલા મતો અને પંથો કહેવાય છે તે બધા જમવાની આ રીત જોઈને ધ્રૂજવા લાગ્યા. સંતોએ કરેલો સ્ત્રી અને ધનનો ત્યાગ દેખીને બુદ્ધિમાન લોકો બધા પગે લાગ્યા. ૩૬. સંતોની તે વર્તનની રીત દેખીને પેશવાના દિવાન બાપુ ગોખલેએ સંતોનો ઘણો જ સત્કાર કર્યો હતો. ૩૭. પશ્ચિમ ભારતમાં ગાયકવાડ જેવો કોઈ બીજો રાજા નહિ. તેમણે સંતોને દેખ્યા અને શ્રીહરિનાં દર્શન કર્યાં. પછી તેમણે ઘણો જ સત્કાર કર્યો. ૩૮. ઈંગ્લેન્ડની કંપનીના અમલદારોએ સંતોનો અપાર ત્યાગ સાંભળ્યો ત્યારે મોટા સાહેબો દ્વારા શ્રીહરિનો અને સંતોનો ઘણો જ સત્કાર કરાવ્યો હતો. ૩૯.

મહાન ત્યાગી સંતોનું અપાર માહાત્મ્ય દેખીને, તે બીજાને સમજાવવા માટે શ્રીહરિ વિવિધ પ્રકારના ભોજનોને નિત્ય પીરસતા હતા. ૪૦. જ્યારે સંતો જમી રહ્યા ત્યારે શ્રીહરિએ બંને હાથ ધોયા. પોતે કાયમ સંતોના વારંવાર અતિશય વખાણ કરતા. ૪૧. ધર્મના સત્ય અસત્ય તત્ત્વને જાણનારા લોકો આવા સંતોને જોઈને એમ બોલતા કે "આવો બીજો કોઈ અવતાર થયો નથી અને તેથી જ આવા સંતો પણ બીજે ક્યાંય નથી." ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શ્રીહરિ થાળ જમ્યા અને સંત હરિભક્તોને જમાડ્યા' એ નામે એકસઠમો તરંગ સમાપ્ત ॥૬૧॥



પૂર ચોથું : તરંગ - ૬૨

હરિભક્તોએ દેશમાં અરાજકતાની સ્થિતિ કહી

સંતોએ જમીને હાથ-મુખ ધોયા અને ઊઠ્યા. તે બધી જગ્યા સાફ કરાવીને ચોકો કર્યો. ૧. વિપ્રો બધા જમવા ગયા. શ્રીહરિ પોતાને ઉતારાને ભવને પધાર્યા. પછી બે ઘડી હિંડોળાની ઉપર પોઢી ગયા. ૨. બધા સંતો ધ્યાન કરવા બેઠા. તેમના મન અતિશય પ્રસન્ન હતા. જેવા દેખ્યા હોય તેવા શ્રીહરિના સ્વરૂપનું ચિંતવન કરવા લાગ્યા. ૩. બહાર જેવી પ્રકટ પ્રમાણ મૂર્તિ દેખાતી હતી તેવી જ અખંડ સુખ લેવા માટે અંતઃકરણમાં ધારણા કરતા હતા. ૪. જ્યારે શ્રીહરિ પોઢીને આવ્યા ત્યારે હિંડોળા ઉપર વિરાજમાન થયા. બધા સંતો આવ્યા અને સભા થઈ, તેની અદ્‌ભુતતાનો પાર આવતો નથી. ૫. તે સભામાં સંતોના ભેળા સંતો બેઠા, દરબારોના ભેળા દરબારો બેઠા અને વર્ણીઓ જે હતા તેઓ વર્ણી ભેળા બેઠા. ૬. વિપ્રો ભેળા વિપ્રો અને વૈશ્યના ભેળા તેવા વૈશ્ય બેઠા. શૂદ્રો ભેળા શૂદ્ર અને સ્ત્રીઓ ભેળી સ્ત્રીઓ બેઠી. ૭. પુરુષોની સભામાં ભૂલથી પણ ક્યારેય સ્ત્રીઓ બેસતી નહિ અને તેવી જ રીતે સ્ત્રીઓની સભામાં અજાણતા પણ ક્યારેય પુરુષ બેસતા નહિ. ૮.

चोपाई :

अक्षरधाम विन कबुहि जोउ, एसि सभा की रीत न कोउ;
वैकुंठ गोलोक धाम हि जेहु, तामें एसी सभा न रहेहु...०९
एसी सभा अलौकीक जोई, धर्मी जन भये प्रसन्न सोई;
अधर्मि जो बलि उठे जेते, सत की निंद्या करन लगे तेते...१०

અક્ષરધામના સિવાય બીજે ક્યાંય આ પ્રમાણેની સભાની રીત નથી. વૈકુંઠ અને ગાલોકમાં પણ સભાની આવી રીત નથી. ૯. આવી દિવ્ય સભાને જોઈને ધાર્મિક લોકો તો મનમાં ઘણું ખુશી થયા, પણ જે અધર્મી લોકો હતા તેઓ મનમાં બળી ઊઠ્યા. અને સત્યની નિંદા કરવા લાગ્યા. ૧૦. અંત્યે સત્ય તો સત્ય જ રહ્યું અને ખોટો માર્ગ તો નાશ પામ્યો. જ્યાં સુધી અધર્મરૂપી

અંધારી રાત હોય ત્યાં સુધી અસુરોનું બળ રહે છે. ૧૧. સૂર્યોદય થવાથી જેમ રાત્રિ લગારેક પણ રહેતી નથી તેમ શ્રીહરિ પ્રકટ થવાથી અધર્મી મતપંથીઓ સંતાવા લાગ્યા. ૧૨.

પછી શ્રીહરિએ સહુ સંતોને અને સાથે રહેલા બધા દરબારોને પૂછ્યું, કે હું જે તમને કહું તે બાબતમાં તમને જેમ સમજાય તેમ કહો. ૧૩. હવે આપણે અહીંથી જે આગળ જાવું છે ત્યાં માર્ગમાં કોળી અને જત(સિંધી) લોકોનો ભય ઘણો રહે છે. હવે આપણે રસ્તામાં કઈ રીતે ચાલવું ? તે બાબતમાં તમે સહુ બોલો. ૧૪. આપણે જે તરફ જાવું છે તે પ્રદેશના લોકોને કાઠીઓના ઉપર ખાર-ઈર્ષાભાવ રહે છે. તો આપણે કઈ રીતે ચાલવું ? તે વિચારીને ઠરાવ-નક્કી કરો. ૧૫.

શ્રીહરિની વાત સાંભળીને મુક્તાનંદસ્વામી બોલ્યા, પ્રભુ, આપ તો સાક્ષાત્ પરમેશ્વર છો. એટલે જે કહો તે સત્ય જ છે અને આપ કહો તેમ અમે કરીએ. ૧૬. પછી આખી સભાએ મુક્તાનંદસ્વામીની જેમ જ કહ્યું. આપને જેટલી વાત સૂઝે છે તેટલી બીજા કોઈને સૂઝે નહિ. ૧૭. “હે હરિ, અત્યારે આપ જેટલા હરિભક્ત કહેવાય છે તે બધાનું હિત કરવા માટે જ વિચરણ કરી રહ્યા છો. અને આપનું મુખ્યકામ પણ તે જ છે. ૧૮. જે રીતે બધા હરિભક્તોનું હિત થાય એવી બાબતને આપ જાણો જ છો. દેશકાળ સારા થાય કે ખરાબ થાય, તે તો બધું આપના હાથમાં જ છે. ૧૯. કોઈક ગામમાં એક, બે કે ચાર હરિભક્તો રહેતા હોય છે અને તેપણ ઘણા ગરીબ હોય છે. ખેતીમાં મહેનત કરીને નિર્વાહ કરતા હોય છે. ૨૦.

તેમાં પણ અત્યારે બે બાબતનો ભય ઘણો જ રહે છે. એક તો સશસ્ત્ર ઘોડેસવાર લૂંટારાના ટોળા (મેલીકાર) અને બીજું મોટા રાજાઓનું લશ્કર એ બે તો પ્રજાને બહુ જ પીડે છે. ૨૧. બળજબરીથી અનાજ અને ઘાસ લઈ જાય છે. લૂંટારાના ટોળાઓ (મેલીકાર) તો ઘરને આંગણેથી પશુઓને પણ છોડીને લઈ જાય છે. જે ધનવાન માણસ હોય તેને તેઓ લૂંટી લે છે. ૨૨. કદાચ તેઓ કોઈ માણસને પકડીને લઈ જાય તો કોઈ તેની મદદ કરતા નથી. તેની પાસેથી ધન કઢાવવાને માટે જમપુરીના જેવું તેને દુઃખ દે છે. ૨૩.

વળી જે રાજા કહેવાતા હોય છે તેમને પ્રજા ઉપર કાંઈ દયા હોતી નથી. અધર્મ કરવાથી તેમની બુદ્ધિ મલિન થઈ ગઈ હોય છે. અને તેઓ પ્રજાને નિત્ય નવું દુઃખ દેતા હોય છે. ૨૪.

રાજાઓ તો એટલા બધા બુદ્ધિહીન થઈ ગયા છે કે તેઓ જેમ પ્રજા દુઃખી થાય તેમ મનમાં આનંદ માને અને પ્રજાના સુખને તેઓ દેખી શકતા નથી. ૨૫. પ્રજા કોની આગળ રાવ-ફરિયાદ કરે ? તે રાજાઓ જ જ્યાં દુઃખી કરતા હોય છે. આજે પ્રજાને સુખ પણ શું છે ? બધા લોકો દુઃખની દશામાં જ ફરતા હોય છે. ૨૬. કોઈ ક્યાંય સ્થિર થઈને રહી શકતા નથી. હવે આપ જ તેમને કાંઈક મદદ કરો તો તેને કાંઈક સુખ થાય. આપના સિવાય પ્રજાને કોઈ સુખી નહિ કરે. ૨૭. આપ પ્રકટ થયા અને પ્રજા દુઃખી રહે, તો તેને સુખી કોણ કરશે ? પ્રજા પણ બધી આપનાથી વિમુખ છે, તેને આપના સ્વરૂપનું લેશપણ જ્ઞાન જ નથી. ૨૮. આ સમયે જેના આશ્રયથી સુખી થઈ શકાય છે. તે આપ પરમેશ્વરનો દ્રોહ કરીને પ્રજા ખુવાર થઈ રહી છે. છતાંપણ આપના સિવાય પ્રજાનું અતિશય હિત કરનારો બીજો કોઈ મિત્ર નથી. ૨૯.

જે લોકો ધર્મહીન ગુરુને શરણે રહે છે, તે લોકો અત્યંત દુઃખી થાય છે. અમે જ્યારે સત્સંગી થયા ત્યારે અમને આવી બાબતની ખબર પડી છે. ૩૦. જ્યારે તે બધા લોકો તમારો સત્સંગ કરશે, સત્સંગી થાશે, ત્યારે તેના અંતરમાં સુખ અને શાંતિ થાશે. સત્સંગ કર્યા વિના પ્રજા કે રાજા કોઈ પણ ક્યારેય સુખી નહિ થાય." ૩૧. આવી રીતે બધા હરિભક્તો અનંત પ્રકારે બોલતા હતા. હરિભક્તોમાં શ્રીહરિના દૃઢ નિશ્ચયવાળા લીંમડીના મૂળજી શેઠ હતા. ૩૨. મૂળજી શેઠના ઉપર શ્રીહરિને મુક્તાનંદસ્વામીના જેવું ઘણું હેત હતું. મૂળજી શેઠની વિશાળ બુદ્ધિ દેખીને શ્રીહરિ તેમના ઉપર ખૂબ જ રાજી થયા. ૩૩.

નાગડકા ગામથી ચાલવાનું શ્રીહરિએ નક્કી કર્યું અને પછી સહુ સાંભળે તેમ તેઓ બોલ્યા. ભોજાભાઈ ચારણ અમે જ્યાં જઈએ ત્યાં અમારી સાથે આવે. ૩૪. મુક્તાનંદસ્વામી, આનંદાનંદસ્વામી, મુકુંદાનંદ વર્ણી, ઠાકરદાસ, સંતદાસ, ગોવિંદમુનિ આ બધા સંતો અમારી સાથે ખુશીથી આવે. ૩૫. મૂળજી ઠક્કર અને કાળાભાઈ વાળંદ પણ અમારી સાથે આવે. તે સિવાયના બીજા

જે સંતો છે તે આ પ્રદેશમાં સત્સંગ કરાવવા ફરતા રહે. ૩૬. અમારો જે કાંઈ સામાન છે તે અમે દરબાર દાદા ખાચરને આપીએ છીએ. તે કૃષ્ણાર્પણ કરીને ફરીવાર ક્યારેય પાછો નહિ માગીએ. ૩૭. તે સિવાય કાંઈક હતું તે અલૈયા ખાચરને અને સુરા ખાચરને આપી દીધું અને પોતે પરમહંસના જેવા થઈ ગયા અને ભયમાત્રને કાઢી નાખ્યો. ૩૮.

❋ જીવુબા, રાજબા અને મીણબાની સ્થિતિ :

શ્રીહરિએ જીવુબા અને રાજબાઈને સમાધિની પરિપક્વતા કરાવી દીધી. તેઓ જ્યારે ભગવાનની મૂર્તિને ધારતા ત્યારે તે મૂર્તિ દૃષ્ટિ આગળ દેખાતી. ૩૯. તે રીતે જ કરિયાણાના મીણબાઈને પણ પરિપક્વ ધારણા કરાવી. તે ત્રણેને મોટા યોગી હોય, તેવા સમાધિના ક્ષેત્રમાં સ્વતંત્ર કરી દીધાં. ૪૦. અક્ષરધામમાં જેવી ભગવાનની મૂર્તિ રહી છે તેવી જ અહીંયાં પોતાના નેત્રની આગળ તેઓ દેખતા. ૪૧. શ્રીહરિની આજ્ઞા લઈને તે ત્રણે બહેનો જે કોઈ હરિભક્ત બીજી બાઈઓને ધ્યાનમાં બેસાડતા તેને પણ તરત જ સમાધિ થઈ જતી. ૪૨. ગોલોકમાં રાધિકાજી રહ્યા છે અને લક્ષ્મીજી ગોલોક તથા વૈકુંઠમાં રહ્યા છે. સમાધિમાં બાઈઓ ત્યાં પહોંચતી ત્યારે રાધાજી તથા લક્ષ્મીજી તેમના ચરણોમાં પડતા હતા. ૪૩.

सोरठा : राधा लक्ष्मी दोय, यह भक्तकुं धन्य धन्य कहत;
मूर्ति मिले तुम जोय, सर्वोपरि तेहि करी नमत...४४

રાધિકાજી અને લક્ષ્મીજી તે ભક્તબાઈઓને ધન્યવાદ કહેતા કે, “તમને જે મૂર્તિ મળી છે તે સર્વોપરિ છે. તેથી અમે તમને નમીએ છીએ.” ૪૪. ધામમાં રાધાજી અને લક્ષ્મીએ તે બાઈઓને જેમ કહ્યું હોય તેમ તેવો સમાધિમાંથી જાગીને બીજા લોકો આગળ કહેતા. શ્રીહરિએ જીવુબાને અને રાજબાઈને આવા સમાધિનિષ્ઠ કર્યા હતા. ૪૫.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં ‘શ્રીહરિએ પૂછ્યું ત્યારે ભક્તોએ દેશની અરાજકતાની સ્થિતિ કહી’ એ નામે બાસઠમો તરંગ સમાપ્ત ॥૬૨॥



પૂર ચોથું : તરંગ - ૬૩

પરમેશ્વરની શક્તિ અને સત્સંગની દૃઢતાની શ્રીહરિએ વાત કહી

શ્રીહરિ અને સંત-હરિભક્તો જેની રસોઈ જમ્યા તે અત્યંત પ્રસન્ન મનના હરિભક્તો (સુરા ખાચરના બંને ભાઈના ચારેય પુત્રો) પ્રેમથી શ્રીહરિની પૂજા કરવા આવ્યા. ૧. પહેલા શ્રીહરિના લલાટમાં કેસરચંદન ચરચ્યું. પછી ફૂલના હાર પહેરાવ્યા અને એક દુશાલો ઓઢાડ્યો. ૨. ગદ્‌ગદ કંઠ થઈને કપૂરથી આરતી કરી. વારંવાર અતિશય વિનંતિ કરીને શ્રીહરિના ચરણો છાતીમાં લીધા. ૩. મહાન બુદ્ધિશાળી તે ભક્તોએ બધા સંતોની ફૂલહાર પહેરાવીને પૂજા કરી. તે પછી પ્રેમસહિત હરિભક્તોની પણ પૂજા કરી. ૪.

શ્રીહરિએ તેમનો પ્રેમ જોયો અને તે ચારેને (કાળા ખાચર, માણસિયા ખાચર, રાણા ખાચર અને ડોસા ખાચરને) સારા વસ્ત્ર આપ્યા. તે સિવાયના બીજા દરબારો શ્રીહરિની સાથે જે આવ્યા હતા તેમને એક એક વસ્ત્ર આપ્યું. ૫. માતરા ધાધલ, રાઠોડ ધાધલ અને નાજા જોગિયાને પણ એક એક વસ્ત્ર આપ્યું. બીજા જે હરિભક્ત વિપ્રો હતા તેમને પણ એક એક વસ્ત્ર આપ્યું. ૬. એક એક શ્વેત વસ્ત્ર ત્યાગી બાઈઓને આપ્યું, તેમણે તેમાં શ્રીહરિના ચરણારવિંદ પડાવીને નિત્ય પૂજામાં રાખ્યા. ૭. તે ઊર્ધ્વરેખાના ચિહ્નોએ સહિત કેસરચંદનના ચરણારવિંદ એક એક જોડ જે પડાવ્યા તે સભામાં જ પાડી દીધા હતાં. ૮. ચરણોમાં કેસરચંદન ચરચીને આનંદકારી શ્રીહરિએ તે ચરણોની છાપ સંતોની છાતીમાં આપી અને બાથમાં લઈને એક એક સંતને મળ્યા. ૯.

પછી શ્રીહરિએ દરબાર સુરા ખાચરને બોલાવીને મળ્યા. તેની ઘણી જ પ્રશંસા કરી. સૌને ધીરજ આપીને દિવ્ય આનંદ કરાવ્યો. ૧૦. શ્રીહરિએ કહ્યું કે સંતોની રક્ષા કરવા માટે એવો કોઈ રાજા થશે. રાજા વિના રક્ષા ન થાય અને રક્ષણ વિના પ્રજા સુખેથી સૂઈ શકે નહિ. ૧૧. પૂર્વે પ્રજાને સુખી કરનારા ઘણા મોટા રાજાઓ થયા હતા. પૂર્વે થઈ ગયેલા પ્રજાપાલક રાજાની રીતને જ્યારે વિચારવામાં આવે ત્યારે જ તે સાચા રાજા કહેવાય. ૧૨.

જે રાજા પ્રજાને સુખી કરે, તે જ રાજા સ્વયં સુખ મેળવી શકે છે. વગર અપરાધે કોઈ રાજા પ્રજાને દુઃખી કરે તો તે રાજા કદાચ ચક્રવર્તી હોય તોપણ તેનો નાશ થાય છે. તેમાં બીજા રાજાઓની તો વાત જ શું કરવી ? એ બધું પ્રત્યક્ષ દેખાય જ છે. ૧૩-૧૪.

અંતર્યામી એવા ઈશ્વરની કોઈ પ્રબળ શક્તિ છે. મહાપ્રલય થાય તોપણ તે શક્તિનો ક્યારેય નાશ થતો નથી. ૧૫. તે ઈશ્વરની અંતર્યામીશક્તિ મૂર્તિમાન છે. યોગ્ય સમય આવે ત્યારે તે દેખાય છે. યોગ્ય સમય સિવાય કોઈને તેની ખબર પડે નહિ. જે સિદ્ધ મુનિઓ છે તે તેમને પ્રત્યક્ષ દેખે છે. ૧૬. તે પરમેશ્વર અખંડ, અચ્યુત, અવિનાશી અને અનંત બ્રહ્માંડોને પ્રકાશી રહ્યા છે. તે પરમેશ્વર તર્કે કરીને જાણી શકાતા નથી કારણ કે તેમના સ્વરૂપને શાસ્ત્રો અતર્ક્ય કહે છે. ૧૭.

જ્યારે એ પરમેશ્વર મનમાં વિચારીને તેમ ધારે કે હું આને તર્કગોચર થાઉં ત્યારે તે તેટલા જ તર્કગોચર થાય છે. જેમ વરસાદી વાદળા ક્યારેક દેખાય છે અને ક્યારેક બિલકુલ દેખાતા નથી. ૧૮. આપણે આ દેહની અંદર જ્ઞાનવાન થઈને રહીએ છીએ છતાં આપણા આ માયિક દેહની રચનાને આપણે કળી શકતા નથી. ૧૯. તો ઈશ્વર તો અમાયિક છે, માયાથી પરે છે, તેની રચનાને કોણ કળી શકે ? પરમેશ્વર તો ચાહે તેમાં પ્રકટ થઈ શકે છે અને અનંત ઐશ્વર્ય વાપરી શકે છે. ૨૦. અથવા તો પરમેશ્વર પોતે ઐશ્વર્ય સહિત જ પ્રકટ થાય. પરમેશ્વર તો અતિશય સમર્થ છે. તેના જેવો કોઈ સમર્થ નથી. માટે 'પરમેશ્વર આવા જ છે.' એમ બરાબર સમજવા જોઈએ. ૨૧.

✵ મરજીમાં રહે તે મહાન છે :

चोपाई :

ताकी मर्जि जोई वर्तना शुद्धा, सो जन जानना अति विशुद्धा;
ताकुं भजना प्रगट हि जानी, कबु न भजना दूर हि मानी...२२
दरश दियो न दियो कोउ वारा, तोहु एहि हे जाननहारा;
प्रत्यक्ष निश्चे हे याको नामा, सो बैठे हे अक्षरधामा...२३

जो जो बात कहावत जेती, समझन में रहीं हे तेती;
सुलट उलट हे समझन दोही, सुलट में चलना मगन मन होही...२४

પરમેશ્વરની મરજી જોઈને નિર્મળ રીતે રહેવું જોઈએ. અને તેમ વર્તન રાખે તે જ અતિ વિશુદ્ધ મનુષ્ય છે. **પરમેશ્વરને પ્રગટ માનીને જ ભજવા. ક્યારેય દૂર માનીને ભજવા નહીં. ૨૨. પરમેશ્વરના સાક્ષાત્ દર્શન થાય કે ન થાય, તે બધું જાણે જ છે. આવો જે ભક્તને ભગવાનના પ્રત્યક્ષપણાનો નિશ્ચય છે તે અક્ષરધામમાં જ બેઠો છે.** ૨૩. જે કોઈપણ બાબત કહેવાય છે તે સમજણમાં રહી છે. 'સવળી અને અવળી' એમ બે પ્રકારની સમજણ છે. માટે મનને પ્રસન્ન રાખીને સવળી સમજણના માર્ગે ચાલવું. ૨૪.

दोहा : सुलट में नहिं हे भय कबु, उलट में भये हे अपार;
उलट सुगम ईहाँ लगत हे, अंत्ये न दुःख को पार...२५
यह लोक परलोक में, सुलट में हे महासुख;
उलट में हे अपार दुःख, दुःख दुःख हि दुःख...२६

સવળી સમજણમાં ક્યારેય ભય નથી. પણ અવળી સમજણમાં અપાર ભય રહ્યો છે. અવળી સમજણ કદાચ આ દુનિયામાં સુગમ લાગતી હોય, પણ તેમાં છેવટે તો અપાર દુઃખ જ રહ્યું છે. ૨૫. આલોક અને પરલોક બંને સ્થળે સવળી સમજણમાં મહાન સુખ રહ્યું છે, પણ અવળી સમજણમાં તો અપાર દુઃખ છે. દુઃખ દુઃખ અને દુઃખ જ છે. ૨૬.

सोरठा : हरिकुं भजना जोय, सो हे सुलट समझ महा;
प्रगट प्रमान हि सोय, धर्मतनय समर्थ अति...२७
हरि विन अन्य जेह, जो जो भजना सो उलट मग;
विचार करना एह, अति सुख जो मन लोभ होय...२८

પણ સવળી સમજણ કઈ ? તે કહે છે "જે પરમેશ્વરનું ભજન કરવું, તે જ સવળી સમજણ છે" તે પરમેશ્વર; ધર્મના પુત્ર પ્રકટ પ્રમાણ છે અને અતિશય સમર્થ છે. ૨૭. તે પરમેશ્વર સિવાયના અન્યને જે ભજવા તે તો અત્યંત ઊલટો-અવળો માર્ગ છે. જો અત્યંત સુખ પામવાનો મનમાં લોભ હોય

તો આ વાતનો વિચાર કરવો જોઈએ. ૨૮. **સત્સંગ અત્યંત સુખકારી અને હિતકારી છે. તેમાં રતીભાર પણ કુસંગ રાખવો નહિ. ભગવાન સિવાયના જેટલા મનોરથ કરવા તે બધાને કુસંગ જાણવો.** ૨૯.

જેટલા શુભ સંકલ્પો હોય તે બધાને સત્સંગ જાણવો. અને જે અશુભ સંકલ્પો હોય તેને કુસંગ જાણવો. જેવું હૃદયમાં રહેતું હોય તેવું જ બહાર રહેવું. અંતરમાં અને બહારમાં કોઈ ભેદ રાખવો નહિ. ૩૦. જો ઈમારત પાકી કરવાની હોય તો તેમાં અત્યંત મહેનત કરવી જોઈએ. તે પાકી ઈમારતનું કામ એક દિવસમાં પૂરું થાય નહિ. પાકી ઈમારતમાં ધન પણ અપાર જોઈએ. ૩૧. ઈમારતને સર્વ શ્રેષ્ઠ બનાવે. પછી તેમાં વિવિધ પ્રકારના ચિત્ર કરવામાં આવે. છતાં તે ઈમારતના ઉપર બે મોટા ભય રહ્યા છે. એટલે સવાર-સાંજ સાવધાનીથી તેની સંભાળ રાખવી જોઈએ. ૩૨.

ઈમારત જ્યારે કરી હોય તેવીને તેવી જો સારી રાખવી હોય તો વારંવાર તેના રક્ષણ માટે તત્પર રહેવું જોઈએ. તેનું જતન કર્યા સિવાય તેવીને તેવી ઈમારત રહે નહિ. કાં તો ઈમારતમાં આગ લાગે અને તેનો નાશ થાય. કાં તો તેને લૂણો લાગે તેથી તેનો નાશ થાય. ૩૩. સત્સંગ ઈમારત જેવો છે. માટે મનમાં હંમેશા તપાસ કરતા રહેવું જોઈએ. કુસંગ તે સત્સંગરૂપ ઈમારતનો નાશ કરનારી આગ છે, તે પ્રસિદ્ધ રીતે દેખ્યામાં આવે છે. ૩૪.

❋ ખપ વિના સત્સંગ ટકે નહિ :

જેને શ્રીહરિનો અતિશય ખપ હોય તેને તે દેખ્યામાં આવે છે. સત્સંગના માર્ગે શ્રદ્ધામાં જે મોળપ થવી તે લૂણો લાગ્યો કહેવાય. તેની સાચવણી માટે ફરીવાર શ્રદ્ધારૂપી ચૂનો લગાડવો જોઈએ. ૩૫. **ભલે સત્સંગ થયો હોય પણ જો ખપ ન હોય તો સત્સંગ ટકે નહિ. ખપને દઢ રાખવા માટે જન્મમરણ આદિના દુઃખનો વિચાર કરવો અને જમપુરીનો ભય દિલમાં લાવ્યા કરવો.** ૩૬. **સત્સંગને સુદઢ રાખવા માટે લખચોરાશીના દુઃખનો વિચાર દઢતાથી વારંવાર કરવો જોઈએ. ચાર પ્રકારના પ્રલયનું વારંવાર મનન કરતા રહેવું જોઈએ.** ૩૭. **૧. જન્મમરણ ૨. જમપુરી ૩. લખચોરાશી અને ૪. ચાર પ્રકારનો પ્રલય એ ચાર બાબતને એકાગ્રમન કરીને નિત્ય વિચારવી જોઈએ. એકાગ્રતા-તદાકાર**

થયા વિના સત્સંગનો ખપ ઊપજતો નથી. ૩૮. સત્સંગને પુષ્ટ કરવા માટે અને પુષ્ટ રાખવા માટે શ્રીહરિએ આટલી વાત કરી. પછી સંતોને વાર્જિંત્ર સાથે કીર્તન ગાવાની આજ્ઞા કરી. ૩૯. મુક્તાનંદસ્વામી શ્રીહરિની મૂર્તિમાં તદાકાર મનોવૃત્તિ કરીને અનુપમ 'પૂરવ' રાગ ગાવા લાગ્યા. 'પૂર્વનું પૂણ્ય ઉદય થયું ત્યારે આપણને શ્રીહરિ મળ્યા છે.' ૪૦.

(કીર્તન મુક્તા. પે.૨૧૪) પદ-૧

પૂર્વ ભાગ્યસેં હરિ પાયે,
બ્રહ્મા ભવ જાકો ભજન કરત હેં, નિગમ નેતિ કરી ગાયે...ટેક.
અતિ પુનિત અયોધાપુર સેં, સ્વઈચ્છા ચલી આયે;
કારન નરતારણ શરણાગત, વૈરાગાદિ જનાએ...પૂર્વ૦ ૧
તાપસ વેષ વિશે ઉદાસી, એસે દર્શ દેખાએ;
જાને નહિ જક્ત જીવનકું, મોહ માયામેં ભુલાએ...પૂર્વ૦ ૨
રાવણાદિ રાક્ષસ સબ મારે, પ્રગટ પ્રતાપ જનાએ;
શ્રીઘનશામ સ્વરૂપ વિલોકત, દાસ મુકુંદ મન ભાએ...પૂર્વ૦ ૩

પદ-૨

પૂર્વ રીત રાહોરી જાનિ,
જનહિત જુગ જુગ પ્રગટ હોત હો, વેદ વદત હે બાની...ટેક
પ્રથમ પ્રહ્લાદ કાજ પ્રભુ પ્રગટે, શરણાગત સુખદાનિ;
નરહરિ રૂપ નાથ તુમ ધાર્યો, માર્યો મહા અભિમાની...પૂર્વ૦ ૧
દ્વિતિય દેવહિત રઘુકુલ પ્રગટે, સંગ જાનકી રાની;
સિયકું હરાય સહાય લે વાનર, દુષ્ટ મારીકે આનિ...પૂર્વ૦ ૨
કૃષ્ણ સ્વરૂપ તૃતિય તુમ ધાર્યો, મહિમા ન જાય બખાનિ;
સોઈ પ્રગટ ઘનશામ મૂર્તિ, દાસ મુકુંદ મનમાનિ...પૂર્વ૦ ૩

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શ્રીહરિએ પરમેશ્વરની શક્તિની અને સત્સંગની દૃઢતાની વાત કહી' એ નામે ત્રેસઠમો તરંગ સમાપ્ત ॥૬૩॥



પૂર ચોથું : તરંગ - ૬૪

શ્રીહરિ ક્ષત્રિય રાજાઓને પીરસવા તૈયાર થયા

શ્રીહરિ પરમ સંત જેવા બનીને હિંડોળા ઉપર બેઠા. મહાન સંતો કીર્તનગાન કરવા લાગ્યા. તેના જેવું બીજું કોઈ ગાન નથી. ૧. મછિયાવ (મખિયાવ) ગામના મોટા રાજા બાપુભાઈ નામે હતા. તે ખૂબ જ પાકા હરિભક્ત હતા. ૨. તેઓ સાણંદ ઠાકોર સાહેબના ભાઈ થતા. તેમણે મોટા મોટા ઉમરાવોને, ઠાકોર સાહેબોને તેડાવ્યા. તેઓ બધા હાથી અને અશ્વ ઉપર સવાર થઈને નાગડકા આવ્યા. ૩. તેમની સાથે ડંકા અને નિશાન હતા. ઊંટ ઉપર નોબત વાગતી હતી. મોટા મોટા ડેરા અને તંબુઓને લઈને તેઓ બધા આવ્યા હતા. ૪. દદુકા ગામના રાજા ઠાકોર જીજીભાઈ નામે હતા કે તેઓ ઘણા શૂરવીર હરિભક્ત હતા. તેમના જેવા જ તેમના ભાઈ દેવળિયા ગામના રાજા ઠાકોર જાલમસિંહજી પણ સારા હરિભક્ત હતા. બીજા ઠાકોર જેઠીભાઈ નામે હતા. તે જાલમસિંહના મામા હતા અને લીંબડી રાજવીના ભાઈ હતા, તેમજ તેની આબરૂ ઘણી સારી હતી. તેઓ પોતાની જેટલી સવારી હતી તેની સાથે આવ્યા હતા. મેંથાણ ગામના રાજા, જે દૃઢ સત્સંગી હતા. ૫-૭.

તેઓ ધ્રાંગધ્રાના ઠાકોર સાહેબના ભાઈ કહેવાતા. પૂંજાભાઈ અને કાકાભાઈ બંનેનો પરિવાર ઘણો મોટો હતો. ૮. તે મેંથાણ ગામમાં ઘણા મોટા પટેલો હતા. તે પણ તે વખતે જ સત્સંગી થયા હતા. મેંથાણના જીવાભાઈ પટેલ કહેવાતા. તેઓ પણ ઘણા જ પ્રસિદ્ધ હતા. ૯. તાવી ગામના રાજા જે શ્રીહરિના અનન્ય ભક્ત હતા. તેમનું નામ ઠાકોર અખાભાઈ હતું. તેમના બધા ભાઈઓ પણ સારા સત્સંગી થયા હતા. ૧૦.

એ બધા ક્ષત્રિય રાજાઓ તાવી ગામમાં ભેળા મળ્યા. તેમનું સૈન્ય પણ ઘણું થયું હતું. જેટલા ધાડપાડુ કે લૂંટારા (મેલીકાર) કહેવાતા, તે એમનું નામ ન લેતા. ૧૧. જ્યારે સંધ્યાસમય થયો ત્યારે બધા નાગડકા ગામ આવ્યા. આવીને નદીએ મુકામ કર્યો. સહુએ પોતપોતાના તંબુઓ ઊભા કરી દીધા. ૧૨. ઉપર જણાવેલા બધા રાજાઓ ભેળા મળ્યા. ગામમાં ડંકો વાગ્યો ત્યારે

તે બધા ગામમાં આવ્યા. ૧૩. બધા શ્રીહરિની પાસે આવ્યા. ચોપદાર છડી પોકારતો હતો. ત્યારે તે બધા ક્ષત્રિય રાજાઓ શ્રીહરિને જગતના આધાર સમજીને તેમના ચરણોમાં નમી પડ્યા. ૧૪. સહુ, સંતોને પગે લાગ્યા. પરસ્પર બધા રાજાઓ મળ્યા. શ્રીહરિનાં દર્શન થવાથી સૌના મનમાં ઘણો જ ઉત્સાહ થયો. ૧૫.

શ્રીહરિએ તેમને બોલાવ્યા અને સહુને પોતાની પાસે બેસાડીને પૂછ્યું, તમે અત્યારે ક્યાંથી આવ્યા છો ? અમારી ખબર તમને કોણે આપી ? ૧૬. ત્યારે ઠાકોર બાપુભાઈ આદિ તે બધા દરબારો બોલ્યા. આપની એક એક ઘડીની ખબર અત્યારે ત્રિલોકીમાં વ્યાપીને રહી છે. ૧૭. રાજા હોય કે પ્રજા હોય, બધા આપની જ વાતો કરતા હોય છે. મિથ્યા ગુરુઓ અને મિથ્યા મતપંથીઓ ઘેર ઘેર જઈ રડતા હોય છે. ૧૮. 'હવે અમને કોઈ માનતા નથી.' આવો તેઓ પોકાર કરે છે. હે હરિ, આપ જે દિવસથી પ્રકટ થયા છો ત્યારથી મિથ્યા મતપંથો મરી રહ્યા છે. ૧૯. જે તમારા સંતો કહેવાય છે તેમાં સત્યધર્મ રહ્યો છે. બીજા તો ભરપૂર વ્યસન કરે છે. અને તેના કેફમાં મગન થઈને ચકચૂર થયા છે. ૨૦. તે બધા ધન અને નારીના દાસ થઈને રહ્યા છે. તેમના હૃદયમાં ભગવાનનો વાસ નથી. જોગી, જતી અને બ્રહ્મચારી બધા માંસાહારી અને વ્યભિચારી થઈ ગયા છે. ૨૧.

વિપ્રોમાં પણ અનેક એવા થઈ ગયા છે કે જેઓ વિપ્રનો ધર્મ ઉપલક જ રાખે છે. દુનિયામાં માન્ય ગણાતા વિપ્રો અને જોગીઓ માંસ અને દારૂને ખવડાવે-પીવડાવે છે. ૨૨. અથવા તો જે ચારણની જાતિ કહેવાય છે તે રામચંદ્રજીની વાતો કહીને બધા ક્ષત્રિય રાજાઓને દારૂ પીવાનું શીખવતા ફરે છે. ૨૩. બલરામજી અને શ્રીકૃષ્ણ ભગવાન પણ દારૂ અને માંસ પીતા-ખાતા હતા. વેદોમાંથી અને પુરાણોમાંથી આવી વાતો કહી બતાવે છે. એટલે તે પછી ક્ષત્રિય રાજાઓ તેને સત્ય માને. ૨૪. તો હવે પ્રભુ, આપ જ કહો, શાસ્ત્રને ખોટા કેમ કહેવાય ? અને તેવા શાસ્ત્રના વચનને માનીને તે પ્રમાણે કરીએ તો ધર્મ કેમ રહે ? ૨૫. શાસ્ત્ર તો કહે છે કે રામ-કૃષ્ણ આદિ ભગવાનના અવતારો ધર્મની વૃદ્ધિ (પુષ્ટિ) કરવા માટે યુગ યુગમાં થાય છે. ૨૬.

બધા રાજાઓની વાત સાંભળીને શ્રીહરિ બોલ્યા, તમે હજુ અત્યારે જ આવ્યા છો. એ બધી વાતોની સ્પષ્ટતા પછી કરીશું. ૨૭. તેવા સમયમાં મશાલ પ્રગટી અને બધી સભા ઊઠી. બધા સંતો "જય સદ્‌ગુરુ સ્વામી" એમ આરતી બોલવા લાગ્યા. ૨૮. સંતો જ્યારે આરતી કરી રહ્યા ત્યારે શ્રીહરિએ ધૂન ઉપાડી. શ્રીહરિના કંઠનો શબ્દ સંભળાયો તે જ વખતે જે પ્રથમથી હરિભક્તો આવ્યા હતા. ૨૯. તેમને એકદમ વાદળાંમાં જેમ વીજળી ચમકે તેમ પ્રકાશ દેખાયો અને તરત જ બધાને સમાધિ થઈ ગઈ. સહુ અક્ષરધામમાં ગયા. ૩૦. જ્યારે શ્રીહરિએ ધૂન બોલવાનું પૂરું કર્યું ત્યારે તેમણે સહુને નમસ્કાર કર્યા. સહુ ભક્તજનોએ પણ અતિશય "જય જય" શબ્દ કરીને શ્રીહરિને નમસ્કાર કર્યા. ૩૧.

તે સમયે ત્યાં દરબાર સુરા ખાચર આવ્યા. તેમણે આવેલા ક્ષત્રિય રાજાઓને માટે ઘણો કંસાર સાકર નાખીને બનાવડાવ્યો હતો અને બીજી પણ વિવિધ પ્રકારની રસોઈ કરાવી હતી. ૩૨. દરબાર કાયાભાઈ ઘણા શૂરવીર હરિભક્ત હતા. તેમના ભાઈ સજાભાઈ નામે હતા. બીજા એક જેઠીભાઈ હતા. જુણાભાઈ તે કાયાભાઈના પિતરાઈભાઈ કહેવાતા. બધા જ દરબારો પાકા હરિભક્ત હતા અને શ્રીહરિની સેવા કરવામાં સતત હાજર રહેતા. ૩૩-૩૪. આ બધા ચૂડા રાજવીના ભાયાતો ગણાતા અને ભેંસજાળ ગામમાં તેમનો ગરાસ હતો. શ્રીહરિ નાગડકા પધાર્યા ત્યારે આ દરબારો ભેંસજાળથી રોજ દૂધ લાવતા. ૩૫. તે ભેંસજાળના દરબારોનો ભાવ જોઈને શ્રીહરિ પ્રસન્ન થયા અને તેમને સાંજે રોક્યા, જાવા દીધા નહિ.

આ બાજુ મુકુંદ બ્રહ્મચારી શ્રીહરિને બોલાવવા આવ્યા. તેથી શ્રીહરિ પ્રસન્ન મને ઊઠ્યા. ૩૬. ધૂન કરતી વેળાએ જેને સમાધિ થઈ હતી, તે બધાને શ્રીહરિએ તુરંત જગાડ્યા અને પોતે જમવા પધાર્યા. ૩૭. સ્વયં પીતાંબર પહેરીને જમવા બેઠા. સુખપૂર્વક જમ્યા. તે લીલાનું માપ કહી શકાતું નથી. ૩૮. દરબાર કાયાભાઈને શ્રીહરિએ બોલાવ્યા અને તેમને પ્રસાદીનો થાળ આપ્યો. ભક્તજનપ્રતિપાલક પરમદયાળુ શ્રીહરિ જેટલી રસોઈ કરી હતી તેમાંથી વારંવાર, કેટલીએ વખત, થોડું થોડું લઈને બધી

જ વસ્તુઓને જમ્યા. પછી તુરંત હાથ ધોયા. ૩૯-૪૦. શ્રીહરિએ હરેક દરબારોના નામ લઈ લઈને બોલાવ્યા. જમવાના પાત્રો લઈ લઈને બધા દરબારો ત્યાં આવીને બેઠા. ૪૧. શ્રીહરિ તે બધા દરબારોને પીરસવા માટે તૈયાર થયા. શ્રીહરિનું અત્યંત હેત જોઈને તે બધો ક્ષત્રિયોનો સમાજ ખૂબ જ પ્રસન્ન થયો. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શ્રીહરિ ક્ષત્રિય રાજાઓને પીરસવા માટે તૈયાર થયા' એ નામે ચોસઠમો તરંગ સમાપ્ત ॥૬૪॥



પૂર ચોથું : તરંગ - ૬૫

શ્રીહરિએ શ્રીનગર જવા અંગે રાજાઓ અને સંતોની સંમતિ માગી

વિપ્રો ભોજનના થાળ ભરી ભરીને શ્રીહરિની પાસે લાવ્યા. મનોહર હાસ્ય કરતા શ્રીહરિ તે રાજાઓને પીરસવા લાગ્યા. ૧. શ્રીહરિએ ઠાકોર બાપુભાઈને કહ્યું, તમે અમારે એકને માટે જ અહીં પરદેશમાં આવ્યા છો, એટલે અમારે તમારું સહુનું વિશેષ ધ્યાન રાખવું જોઈએ. ૨. જગતમાં જેને જેના ઉપર વધારે હેત હોય તેનું તે વધારે રાખતા હોય છે. હેત હોય ત્યાં રાજ્ય અને પોતાનો દેહ સુધ્ધાં બધું જ અર્પણ કરી દેવાતું હોય છે. ૩. હેતની વાત તો એવી છે. હેત વિના ક્યારેય કાંઈ થાય નહિ. લોકો પોતાના સંબંધીના હેતને ખાતર પ્રેમથી માથું કપાવે છે. ૪. જો વ્યક્તિ પોતાના અંતરમાં વિચારીને જોવે તો પોતાના ધર્મમાં અને શ્રીહરિ તથા સંતમાં સંબંધીના જેવું હેત થાય છે. અને જેને મોક્ષપ્રાપ્તિરૂપી પરમલાભ મેળવવાનો લોભ હોય તેને સત્સંગ થાય છે. ૫. મોક્ષના લાભમાં કોઈ જાતનો વિકાર (અન્ય સ્વાર્થ) ન ભળે તો શ્રીહરિ અને સાધુમાં દિન-પ્રતિદિન અપાર હેત થાય છે. સ્નેહની રીત તો છીપના મોતી જેવી છે. જેમ છીપમાં કાંઈ વિકૃતિ પેસે તો મોતીનો નાશ થાય છે. (તેમ મોક્ષના લાભમાં કાંઈક સ્વાર્થરૂપી વિકાર ભળે તો શ્રીહરિ અને સંતમાંથી સ્નેહનો નાશ થાય છે.) ૬.

✵ કુસંગરૂપી રોગથી ડરતા રહેવું :

આપણા શરીરમાં જો કોઈ રોગ ન પેસે તો તેનું આરોગ્ય સારું રહે છે. આવી જ રીતે કુસંગરૂપી રોગ ન લાગે તો સત્સંગ સારો રહે છે. માટે સત્સંગને સુદૃઢ કરવા કુસંગરૂપી રોગથી ડરતા રહેવું જોઈએ. ૭. શ્રીહરિ અને સંતો કામ, ક્રોધ અને લોભરૂપ દોષોથી રહિત છે. તેથી તેમના જેવું જીવનું હિત કરનાર બીજું કોઈ નથી. માટે તે સિવાયનું કાંઈ પણ જે ગણાય છે તે હાનિકારક રસાયણ જેવું છે. તેને કોઈ હિતકારી માનીને ખાય તો તે પછીના સમયમાં ઘણો દુઃખી થાય છે. ૮. કામ, ક્રોધ અને લોભ એ ત્રણ નરકના પ્રસિદ્ધ દ્વાર છે. મોટા મોટા સિદ્ધોને પણ તેણે ખુવાર કર્યા છે. કોઈ ભવ અને બ્રહ્મા જેવા શક્તિશાળી સિદ્ધ જણાતા હોય, ૯. મરેલાને જીવતા કરતા હોય, આકાશમાં ગતિ કરતા હોય, ક્યારેય અનાજ ખાતા ન હોય, સમગ્ર સૃષ્ટિનો નિભાવ કરતા હોય; ધન, પુત્ર અને રાજ્યને પણ આપતા હોય, ૧૦. આ બધી બાબતો સત્યપણે દેખ્યામાં આવતી હોય તેમાં તલ જેટલું પણ મિથ્યા ન હોય છતાં જો તેને કામ, ક્રોધ અને લોભમાં આસક્તિ હોય તો તેનો બધી રીતે ત્યાગ કરી દેવો જોઈએ. ૧૧.

જેમ કોઈ ગુણે કરીને ઘણો મોટો માણસ હોય, તેની કીર્તિ આખા જગતમાં ફેલાયેલી હોય, છતાં જ્યારે તેના શરીરમાંથી પ્રાણ નીકળી જાય ત્યારે તેનું શરીર મડદું કહેવાય. ૧૨. મડદાને કોઈ પૂજતું નથી. ભલે તેના લાખો ગુણ કહેવાતા હોય છતાં મડદાને બાળી દેવામાં આવે છે અથવા જમીનમાં દફનાવી દેવામાં આવે છે. ૧૩.

મડદાનો નિકાલ કરવો તે જ તેની શોભા છે. જો તે પડ્યું રહે તો ગંધાવા લાગે છે. તે રીતે જ કામ, ક્રોધ અને લોભમાં આસક્ત રહેતો સાધુ પણ મડદા જેવો જ કહેવાય છે. ૧૪. તમારા સહુના ધન્યભાગ્ય છે કે અત્યારે તમને સત્સંગનો જોગ થયો છે. મિથ્યા સંતો તો ઘેર ઘેર ફરતા હોય છે, પરંતુ તમે તે કોઈના લાગમાં આવ્યા નથી. ૧૫.

શ્રીહરિ રાજાઓની પંગતમાં ઘણીવાર સુધી પ્રેમથી પીરસવા ફરતા રહ્યા. સ્વયં શ્રીહરિએ તાણ કરી કરીને દૂધ પીરસ્યું. ૧૬. દૂધ પીરસતા

થોડું દૂધ બચ્યું. દરબાર જાલમસિંહજીની તેના તરફ નજર હતી. તે જાણીને શ્રીહરિએ તે દૂધ તેમને આપી દીધું. શ્રીહરિ તેમની સાથે ઘણો જ વિનોદ કરતા હતા. ૧૭. તે રીતે જ શ્રીહરિ દરબાર અખાભાઈની સાથે પણ ઘણી જ રમૂજ કરતા હતા. શ્રીહરિના મનમાં કારિયાણી અને સારંગપુર ગામના જેવું જ તાવી ગામ હતું. ૧૮. બોટાદ અને કુંડળધામને ઘનશ્યામ શ્રીહરિ પવિત્ર માનતા હતા. અને તેવા જ જેતલપુર, વેલાલ અને મોટેરા ગામને પણ માનતા હતા. જ્યારે બધા દરબારો જમી રહ્યા ત્યારે શ્રીહરિએ હાથ ધોયા. ૧૯-૨૦.

રાત ચારઘડી (૧.૩૬ કલાક) થવા આવી ત્યારે શ્રીહરિ આવીને હિંડોળા ઉપર વિરાજ્યા. પછી બાપુભાઈ, જાલમસિંહજી, અખાભાઈ, પૂજાભાઈ, નરભેરામ આચાર્ય એ બધાને નામ લઈ લઈને શ્રીહરિએ પોતાની પાસે બેસાડ્યા. દરબાર કાયાભાઈ, સુરા ખાચર, અલૈયા ખાચર. ૨૨. ધોલેરાના પૂજાભાઈ જેના ઉપર શ્રીહરિને ઘણું હેત હતું. મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામી આ બધાને શ્રીહરિએ બોલાવ્યા. દેશકાળનો વિચાર કરવા માટે શ્રીહરિ તે સહુની સાથે એકાંતમાં બેઠા. અમદાવાદ જવું છે તે સવારી સાથે વાજિંત્ર વાગતા હોય તેમ જાવું કે શું કરવું ? ૨૩-૨૪.

શ્રીહરિએ કહ્યું, આપણી ઇચ્છા કાંઈક આવી છે અને ભગવાનની ઈચ્છા કાંઈક જુદી હોઈ શકે છે. ધાર્યું તો ભગવાનનું થવાનું, તેમની આગળ આપણું જોર ચાલે નહિ. ૨૫. શ્રીનરનારાયણ દેવ ભરતખંડના રાજા છે. સત્સંગની વૃદ્ધિ કરવા માટે તેમને અતિ ઇચ્છા છે. ૨૬. અને તે માટે તેઓ તપ કરે છે. તેમના તપે કરીને શ્રીહરિ અવતાર લે છે. તે વાતનો તેમને ગર્વ નથી. તેઓ બીજા નિમિત્તે કરીને તે વાત કરે છે. ૨૭. તેઓ જેને નિમિત્ત કરીને વાત કહે તેમાં કોઈએ તર્ક કરવો જોઈએ નહિ. તેમાં જે તર્ક કરે તે તો અસુર ગણાય અને તેમના વચનને જે સત્ય જાણે તે હરિભક્ત કહેવાય. ૨૮.

ભગવાન નરનારાયણદેવ તો હિમાલયની વચ્ચે ઉગ્ર તપ કરી રહ્યા છે. અનુપમ આશ્રમ બનાવીને તેમાં રહે છે. ૨૯. હિમાલયરૂપી તેમનો કિલ્લો છે. તેમનો કોઈ પરાજય કરી શકે તેમ નથી. ચાહે તેવા અનંત ચક્રવર્તી રાજાઓ હોય તોપણ નરનારાયણના સમાન કોઈ રહી શકતા નથી. ૩૦. તેમને ચૌદ

લોકમાં કાંઈ જ આશા નથી. ભવ અને બ્રહ્મા પણ જેના દાસ છે. ઇંદ્ર, ચંદ્ર અને સૂર્યના જેવા દેવો તો તેમની નિત્ય સેવા કરે છે. ૩૧. તેઓ ધન અને નારીને તો ભોગવતા જ નથી. એવા એ મહાન સમર્થ યોગી છે. અષ્ટ સિદ્ધિઓ અને નવ નિધિઓ જેમની આગળ સતત હાજર જ રહે છે. ૩૨.

તેઓ ઘણી ઘણી સ્તુતિ કરે છે છતાં તે ભગવાન તેઓની સન્મુખ પણ ક્યારેય દેખાતા નથી. હિમાલયમાં જે માનસરોવર કહેવાય છે, તેની નજીકમાં તેઓ રહે છે. ૩૩. તેઓ સિદ્ધોને જ દેખાય છે, તે સિવાયનાને તેમનાં દર્શન થતા નથી. તેઓ અમને ભારે સમર્થ જાણે છે અને અમારી સેવા કરી સાર-સંભાળ રાખે છે. ૩૪. જ્યારે તેમની ઇચ્છા થઈ ત્યારે તમે બધા અહીં આવીને ભેળા થયા છો. જેમ તેમની ઇચ્છા હોય તેમ આપણે કરવું છે અને રાત-દિવસ સત્સંગમાં ફરવું છે. ૩૫. મોટા મોટા અવતારોના પણ એકેક ગુણને જો રાખીએ-શીખીએ અને જેમાં અધિક અધિક ગુણ દેખાય તેમાંથી તેટલો ગુણ પોતે ગ્રહણ કરી લેવો જોઈએ. ૩૬.

મોટામાં અનંત ગુણ હોય છે, તેનો પાર લઈ શકાતો નથી. એટલે પોતાની રુચિને અનુસારે તેમાંથી જોઈ વિચારીને ગુણ લેવો. ૩૭. તે સમયે મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામી બોલ્યા, આપ જ બધા ગુણોના પણ ગુણનિધિ (અવતારી) છો, આવો અમે અમારા હૃદયમાં દૃઢ નિશ્ચય કરી લીધો છે. ૩૮. અમને મોહ ઉપજાવવા માટે આપ આવા અનંત ચરિત્ર કરી રહ્યા છો. પરંતુ આપની કૃપાથી અમને તેમાં ક્યારેય મોહ થતો નથી. ૩૯. આપ જે જે વાતને આપનાથી ઘણી જ અધિક 'પર' કહીને બતાવો છો તે વાત અમને મનાતી નથી. અમે તો 'આપ જ સર્વથી પર છો' એમ જાણીએ છીએ. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શ્રીહરિએ શ્રીનગર જવા અંગે ક્ષત્રિય રાજાઓ અને સંતોની સંમતિ માગી.' એ નામે પાંસઠમો તરંગ સમાપ્ત ॥૬૫॥



પૂર ચોથું : તરંગ - ૬૬

શ્રીહરિએ બાપુભાઈને નીતિની મહત્તા અને ધર્મે સહિત ભક્તિની વાત કહી

જ્યારે બધા ભેગા થયા ત્યારે શ્રીહરિએ કાઠી દરબારોના જેવો જ ક્ષત્રિય દરબારોનો પણ ભાવ દેખ્યો. પછી પહેલા થોડાક લેવાનો ઠરાવ હતો તે બધો ઠેરાવ બદલી નાખ્યો. ૧. શ્રીહરિ બોલ્યા, સંતોને કહો તેઓ જાય. અને તમારે બધાએ પણ અમારી સાથે આવવાનું છે. ૨. એક ગોપાળજી નામે વિપ્ર હતા. તેણે તે સાંભળ્યું. તેથી તે ઘણા જ રાજી થયા અને દોડીને સંતો પાસે ગયા અને શ્રીહરિની આજ્ઞા સહુને સંભળાવી દીધી. ૩. સંતોએ એ વાત સાંભળી. તેમને મનમાં ઘણો જ આનંદ થયો, તે કહી શકાતો નથી. માનો, મરણ થયા પછી પ્રાણ પાછા ન આવ્યા હોય ! ૪.

જ્યારે શ્રીહરિ ખૂબ પ્રસન્ન થયા ત્યારે કાઠી દરબારોની સાથે હાસ્ય વિનોદના રૂપમાં તેમને કહેવા લાગ્યા. જેને ઘરનું કામકાજ કાંઈ બગડતું હોય તેમણે અમારી સાથે હવે આવવું નહિ. સહુએ પોતાના ઘરના કામકાજનો વિચાર કરી લેવો. ૫. ઘરના મનુષ્ય નારાજ થાય એવું કોઈએ લેશમાત્ર પણ કરવું નહિ. તેઓ અમને શાપ દેવા લાગે એવું કોઈએ કરવું નહિ. હું સહુને અગાઉ સંભળાવું છું. ૬.

✻ નીતિમાં ચાલે તે મહાન બને છે :

આટલા દિવસ તમે બધા અમારી સાથે રહ્યા, તેનો આનંદ (રંગ) મનમાં જ રાખવો. તમારે કોઈએ હવે ક્યારેય અનીતિ કરવી નહિ. સહુએ નીતિમાં ચાલવું. ૭. **જે દૃઢતાથી નીતિમાં ચાલે છે તેને અન્ન-વસ્ત્ર મળી જ રહે છે. જે નીતિના માર્ગમાં ચાલે છે તેની તો દુનિયામાં કીર્તિ વધે છે.** ૮. **નીતિમાં ચાલે તે જ રાજા રહી શકે છે, તેવું વચન અમે જ કહીએ છીએ. નીતિમાં ચાલે તે જ અમારા હરિભક્ત છે. અને તે ક્યારેય દુઃખી થતા નથી.** ૯. અમારો સર્વે માર્ગ નીતિ છે. તેનાથી હવે જે બહાર ચાલશે તેના ઉપર જમનો કોપ થશે અને તેના અન્ન, ધન અને બુદ્ધિનો વિનાશ થાશે. ૧૦. જે અમારા વચનને

નહિ માને તેને કોઈ તો મનાવશે જ. જે નીતિમાં ચાલે તે રાજા કહેવાય અને નીતિ સિવાયનો જે હોય તે રાજ્ય ઉપર રહી શકે નહિ. ૧૧.

ત્રિલોકીમાં હિરણ્યકશિપુ, રાવણ અને કુંભકર્ણ વગેરે જેવા જે મોટા રાજાઓ થયા તેમણે વેદ, શાસ્ત્ર અને નીતિ તેનો વિનાશ કરી નાખ્યો. ૧૨. તેમણે હિંસા પ્રધાન શાસ્ત્ર કર્યાં. કોઈ પણ શાસ્ત્ર હિંસા વિનાનું ન રહ્યું. તેમણે વ્યાસનું નામ પ્રમાણરૂપમાં રાખ્યું અને અવતારોના નામ પણ પ્રમાણના રૂપમાં રાખ્યા. ૧૩. જેને વિશુદ્ધ ધર્મમાં ગમ પડતી હોય તેને તે વાતની ખબર પડે. બીજાને તો કાંઈ ગમ પડતી જ નથી. તેઓ તો બધી જ વાતોને પ્રમાણરૂપ માની લે છે. ૧૪. આ ભૂમિ ઉપર જે ચક્રવર્તી રાજા થાય તેની જેવી રુચિ હોય તે પ્રમાણે તે ગ્રંથોને રચાવી દે છે. અને તેવી જ તે નીતિ બનાવીને પૃથ્વી પર પ્રવર્તાવે છે. ૧૫.

વિદ્વાન વિપ્રો ભલે ચૌદ વિદ્યાને જાણતા હોય, છતાં તેઓ પણ તે પ્રમાણે જ લોભને વશ થઈને ધર્મનો નાશ કરી દે છે. કોઈ ધર્મને સુરક્ષિત શુદ્ધ રાખવાનો લોભ કરતું નથી. ૧૬. જેવો રાજા તેવી પ્રજા થાય. ચક્રવર્તી રાજાની રીતિ-રુચિને સહુ જુએ અને તેવી રીતના જ ગ્રંથને કરી નાખે છે. તે પછી સંતો અને વિપ્રો તો બદલેલા ગ્રંથોને સમાજમાં ચલાવે છે. દેખાડે છે. ૧૭. જો તે ભેળસેળવાળા ગ્રંથોને ચલાવી લે તો જ તે વિપ્રો અને સંતોની પ્રતિષ્ઠા વધે છે અને જો તે પ્રમાણે ન કરે તો તેમની ભૂંડી દશા થાય છે. અને તેથી જ ધર્મ પ્રમાણભૂત રહેતો નથી. તે જોઈને ભગવાન પ્રકટ થાય છે. ૧૮. તેઓ ફરીને ધર્મને શુદ્ધ કરે છે. **જેનાથી શુદ્ધ થયેલા મુમુક્ષુઓ મોક્ષને પામે છે. ધર્મના સિવાય કોઈનો મોક્ષ થાતો નથી અને અધર્મથી તો જીવની અધોગતિ થાય છે.** ૧૯. "ભગવાનનાં સ્વરૂપના યથાર્થ જ્ઞાન વિના મોક્ષ થતો નથી." એમ શ્રુતિમાં પણ કહ્યું છે.

દરબાર બાપુભાઈએ જે પ્રશ્ન કર્યો હતો તેનો ઉત્તર પણ ઉપર મેં કહ્યું તેમાં આવી ગયો છે. ૨૦. ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા, દરબાર બાપુભાઈએ કયો પ્રશ્ન કર્યો હતો ? તે મને સાંભરતું નથી. તો હે હરે ! આપ હવે અમને તે બધું સમજાવો. ૨૧. જો ગમ ન હોય તો ખાવામાં

પણ સ્વાદ ન આવે. ચાહે તેવી સુંદર રસોઈ બનાવી હોય તોએ શું ? ત્યારે શ્રીહરિ તે બાબત સહુને સમજાવવા લાગ્યા અને અરધી રાત થઈ ત્યાં સુધી સહુ જાગ્યા. ૨૨.

પ્રશ્ન શું કર્યો હતો તે હવે કહું છું. સહુ ધ્યાન દઈને સાંભળો, "વેદમાં અને શાસ્ત્રોમાં હિંસા કહી છે અને અવતારો જે થયા તે બધાએ પણ હિંસાને સ્વીકારી છે." ૨૩. આવું બધા વિદ્વાન વિપ્રો કહે છે અને રાજાની પાસે પણ હિંસા કરાવે છે. તે કઈ રીતે સમજવું જોઈએ ? અમે તે બાબત સમજી શકતા નથી. ૨૪. જ્યારે રાજાઓએ આવો પ્રશ્ન કર્યો પછી અમે તેનો ઉત્તર એ કર્યો છે કે ચક્રવર્તી રાજા જેવી રુચિવાળો હોય તે પ્રમાણે ગ્રંથોને ફેરવી નખાવે છે. ૨૫. ઋષિમુનિઓને પ્રમાણરૂપ રાખે, અવતારોને પ્રમાણરૂપ રાખે, શાસ્ત્રનું નામ પણ એનું એ જ રાખે, પણ તેનો સિદ્ધાંત પોતાની રુચિ મુજબ બદલી નાખે છે. ૨૬.

આમ બધું ફેરબદલી કરવાથી પછીના લોકોને ભ્રમ થાય છે. કોઈ વાતનો એકસરખો નિર્ધાર રહેતો નથી. જેવા ગુરુ મળે તેવી રીતે માણસ જ્યાં ત્યાં લાગી જાય છે. ૨૭. મનુષ્ય જ્યારે ગુરુનો વિશ્વાસ રાખીને તેને અનુસરે, ત્યારે ગુરુ પોતાની રુચિ પ્રમાણે શાસ્ત્રના સિદ્ધાંતને કહે છે. એટલે મોક્ષની અને ગુરુની રીત અલગ અલગ થઈ જાય છે. ૨૮.

પછી જ્યારે ભગવાન અવતાર ધરે છે ત્યારે સત્યવાત સમજાવે છે. તેના વિના મુમુક્ષુને કશી ગમ પડતી નથી. પાખંડ કરીને અનંત ભગવાન થઈ જાય છે. તે તેના વર્તન ઉપરથી દેખાય છે. ૨૯. પાખંડીપ્રભુ જ્યારે અવળે માર્ગે ચલાવે છે તેની ખબર ભગવાનના અવતાર કરાવે છે અને ત્યારે જ સત્યની દૃઢતા થાય છે. ગમે તેવો તેજવાળો ચમકતો કાચ હોય, પણ તે સાચામણિ જેવો થઈ શકે નહિ. ૩૦. ગધેડા ઉપર હોદ્દો મૂકવામાં આવે, તો તેનાથી તે ગધેડો ક્યારેય સાચો હાથી ન બની શકે. સૂર્યને પતંગ કહેવાય છે અને આગિયા જીવડાંને પણ પતંગ (પતંગિયું) કહેવાય છે. પતંગ-આગિયા જીવડાં ન ગણી શકાય તેટલા અનંત હોય છે. પણ તેનાથી રાતનું અંધારું ટળે નહિ. ખાલી પતંગ આવું તેનું નામ કર્યું તેટલા માત્રથી કાંઈ કામ થતું

નથી. પતંગ-સૂર્ય જ્યારે ઉદય પામે ત્યારે મિથ્યા પતંગ-પતંગિયાનો ખ્યાલ આવી જાય છે. ૩૧-૩૨.

✵ ધર્મે સહિત જ્ઞાન આપનાર શ્રીહરિની મહાનતા :

જે ધર્મની વૃદ્ધિ કરે અને અધર્મનું ખંડન કરે, ખરેખર સુદૃઢ અને અવિચળ નીતિને સારી રીતે વર્તનમાં લે, ક્યારેય અનીતિમાં લલચાય નહિ.,૩૩. સ્ત્રી અને ધનને દેખીને તેના તરફ આકર્ષાય નહિ, ચક્રવર્તી રાજ્યમાં પણ લોભાય નહિ, પાતાળલોકથી લઈને પુરુષ પ્રકૃતિના લોકપર્યંત મોટા હોય તેમાં મોટું દુઃખ દેખતો રહે, ૩૪. જ્ઞાન સિવાય બીજામાં ક્યાંય લાભ ન દેખે, જ્ઞાન વિનાનું બધું ગેરલાભરૂપ જ દેખાય, અક્ષરધામમાં જે મૂર્તિ રહી છે તેને હંમેશા સાકાર જ કહે - માને. ૩૫.

चोपाई :

स्वधर्म रखि ताको ज्ञान करावे, हरि विन एसो कोउ न आवे;
उत्तम विषय प्राप्त होय तोउ, तिनसे अलग रहेवे सोउ...३६

दोहा : अलग को हे एधान यह, अति प्रसिद्ध हि जान;
मनवांछित होय नास तब, रंच न दुःख उर मान...३७
खान पान धन नारी हित, कबहु न कर हि जत्न;
सनमान कोउ न करत कबु, तोहु रहत हे मग्न...३८

ધર્મ પળાવીને જ્ઞાન કરાવે એવા તો એક ભગવાન જ છે. ભગવાન સિવાય બીજો કોઈ એવો નથી. ચાહે તેવા સારા પંચવિષયનો જોગ થાય તોપણ તેનાથી નિર્લેપ રહે. ૩૬. એ પંચવિષયથી જે નિર્લેપ થયો હોય તેનું અતિપ્રસિદ્ધ એંધાણ તો એ છે કે મનોવાંછિત તે વિષયનો નાશ થાય, તોપણ જેના મનમાં તે નિમિત્તે રંચમાત્ર પણ દુઃખ ન થાય. ૩૭. ખાન-પાન, ધન અને નારીને મેળવવા માટે ક્યારેય પ્રયત્ન (પ્રયાસ) કરે નહિ. કદાચ પોતાનું કદિ કોઈ સન્માન ન કરે તોપણ ઝાંખો પડે નહિ. હંમેશા આનંદમાં જ રહે. ૩૮.

આવું સામાન્ય જીવથી ન થઈ શકે. આવો કોઈ સિદ્ધ પણ ન હોઈ શકે. કદાચ કોઈ મુક્તાત્મા હોય તોપણ થોડી ઘણી માનની ઈચ્છા તો

રહે જ છે. ૩૯. અમે જ્યારે અમારા અંતરમાં વિચાર કરીએ ત્યારે એમ જણાય છે કે ઉપર કહ્યું તેવાં વર્તનનું જેમાં એંધાણ (ચિહ્ન) હોય અને અનંત સામર્થ્ય જેમાં હોય તેને નિશ્ચિતરૂપમાં ભગવાન સમજવા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શ્રીહરિએ બાપુભાઈને નીતિની મહત્તા અને ધર્મે સહિત ભક્તિનો ઉપદેશ આપ્યો' એ નામે છાસઠમો તરંગ સમાપ્ત ॥૬૬॥



પૂર ચોથું : તરંગ - ૬૭

નાગડકાથી ધામધૂમપૂર્વક વળાવેલા શ્રીહરિ ભેંસજાળ પધાર્યા

ભેંસજાળ ગામ જવાનું રાતે જ નક્કી કર્યું. પછી શ્રીહરિ પોઢી ગયા અને ક્ષત્રિય રાજાઓ પોતપોતાને સ્થાને ગયા. ૧. સવાર થયું ત્યારે શ્રીહરિ ઊઠ્યા. તરત ચાલવાની તૈયારી કરી. તે સમયે બધી સવારી પણ તૈયાર થઈને આવી. શોભાનો કોઈ પાર ન રહ્યો. ૨.

❋ મૂર્તિવર્ણન :

તે વખતે શ્રીહરિએ બધા જરિયાની વસ્ત્ર પહેર્યા અને તે રીતે જ વિવિધ પ્રકારના આભૂષણો પણ પહેર્યા. ૩. છાતી ઉપર મોતીના હાર, ભુજાઓ ઉપર નંગજડિત બાજુબંધ અને સિંહમુખા વળદાર સોનાના કડા પણ પહેર્યા. ૪. સોનાની પહોંચી, સાંકળાં અને વિવિધ પ્રકારના ઘણાં વેઢ અને વીંટીઓ હાથમાં પહેરી અને મસ્તક ઉપર મોતીજડાઉ સોનેરી પાઘ ધારણ કરી. ૫. કલગી સાથે શિરપેચ બાંધ્યો હતો અને મોતીના તોરા લટકતા મૂક્યા હતા. કાનમાં મકરાકાર કુંડળ અને મોતીના ગુચ્છ ધાર્યા હતા. ૬. સુશોભિત જરિયાની જામો પહેર્યો હતો. તેમાં ઘણી જાતના મોતી જડ્યા હતા. કંઠમાં કૌસ્તુભમણિ પ્રકાશિત હતો. સૂર્યકાંતમણિ કરતાં પણ તેનો ઉજાસ અધિક હતો. ૭. મોતી ભરેલો સોનેરી સુરવાળ પહેર્યો હતો તથા અત્યંત છટાદાર ઝાંઝર ચરણોમાં હતાં. સુંદર મોતી જડાઉં મોજડીઓ બંને ચરણોમાં પહેરી હતી. ૮. હાથમાં મોતી જડાઉં છડી લીધી હતી. તેની શોભા અદ્‌ભુત હતી.

ઉપર કહેલા જે શણગાર તે સ્નાન કરીને પહેર્યા હતા અને ચાલવા તૈયાર થયા. ચોપદાર છડી પોકારતો હતો. ૯.

તે સમયે ઇન્દ્ર અનુપમ હાથી લઈને આવ્યા. તેને દેખીને બધા દરબારો પણ વિસ્મય પામ્યા. હાથીની શોભાનો કોઈ પાર ન હતો. જાતજાતના આભૂષણોથી તેને શણગાર્યો હતો. ૧૦. મોતીજડિત અંબાડી સોનાનાં કળશથી શોભતી હતી. મંડપની પાસે હાથીને બેસાડ્યો. પછી તેના ઉપર અવિનાશી શ્રીહરિ બેઠા. ૧૧. આનંદાનંદસ્વામી ચામર કરવા માટે શ્રીહરિની પાછળ બેઠા. અને મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી અને નિત્યાનંદસ્વામી આદિક મોટા મોટા સંતોને દર્શનનો અલૌકિક લાભ લેવાને માટે રાજાએ અતિશય ભાવથી હાથી ઉપર બેસાડ્યા. ૧૨-૧૩. બીજા બધા સંતોને રથમાં અને મ્યાનામાં બેસાડ્યા. તેની અપાર શોભા થઈ. તે મુખથી કહી શકાતી નથી. ૧૪. કાઠી દરબારો, જે ઘણા સારા હરિભક્ત હતા તે દરબાર દાદા ખાચર વગેરેને શ્રીહરિએ પોતાની સાથે લીધા. ૧૫. દરબાર જીવા ખાચર ગઢપુરના ગામધણી હતા. સહુ દરબારોમાં તેઓ જાણીતા હતા. તેમને પણ સાથે લીધા. ૧૬. દરબાર દાદા ખાચર અને જીવા ખાચર પોતાના કુટુંબ સાથે આવ્યા હતા. શ્રીહરિએ તેમને ઘણા હેતથી સોનેરી રથમાં બેસાડવા તૈયાર કર્યા. ૧૭. જેટલા ત્યાગી બાઈઓ કહેવાતા હતા, તેમને બધાને રથમાં બેસાડ્યા. ઠાકોર બાપુભાઈના 'મા' જે ફઈબા કહેવાતા હતા. ૧૮. તેમને પત્ર લખીને તેડાવ્યા. કારણ કે તેમને સત્સંગ ઉપર બહુ જ હેત હતું.

શ્રીહરિ જ્યારે નાગડકાથી નીકળ્યા ત્યારે વાજિંત્ર વાગવા લાગ્યાં. ૧૯. તે વખતે ત્યાં દસ બાર ચોપદારો હતા. તેઓ ઘણે ઊંચે અવાજે નેકી પોકારતા હતા. ત્યાં અપાર અશ્વો હતા. બધા જ જરિયાની સાજ-સામાનથી સારી રીતે શણગારેલા હતા. ૨૦. બધા દરબારોએ સોનેરી પેટીબંધ કવચ શરીરે પહેરી લીધા હતા. સહુની પાસે સોનેરી ખડગ, ભાલો અને ઢાલ ઘણા સોહામણા લાગતા હતા. ૨૧. જરિયાની નિશાનો અને વાજિંત્રો જેટલા હતાં તે બધા તે સવારીની આગળના ભાગમાં ચાલતા હતા. ડંકા અને નોબત ભારે વાગતા હતા. તેથી તે સમયે આકાશ ઘનઘોર ગાજી રહ્યું હતું. ૨૨. ગામમાં રહેતા

જેટલા લોકો હતા તે બધા શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા. સ્ત્રીઓ ગોખમાં અને અટારીઓમાં મોતીના થાળ ભરી ભરીને શ્રીહરિને વધાવવા ઊભી હતી. ૨૩. જેટલા સંતો હતા તે બધા શ્રીહરિની આગળ ચાલતા હતા. જે સરબંદી કહેવાતા હતા તે બધા સંતોની પાછળ ચાલતા હતા. ૨૪. સંતો બધા મંગળ પાઠ કરતા હતા તથા કીર્તન ગાતા હતા. અપાર બંદૂકોના અવાજ થતા હતા. સ્ત્રીઓ મોતીના થાળ ભરી ભરીને શ્રીહરિને વધાવતી હતી. ૨૫.

ગામના ભક્તોને દર્શન આપતા આપતા શ્રીહરિ ગામની બહાર નીકળ્યા. ભક્તોએ શ્રીહરિને પોતાની સન્મુખ જોયા. પ્રેમને લીધે આંખોમાંથી આંસુઓની ધાર ચાલી. ૨૬. બધા ભક્તો હાથમાં એક એક શ્રીફળ લઈને આવ્યા હતા. તે અર્પણ કરીને ચરણોમાં નમી પડ્યા. તેમનું હેત વર્ણવી શકાતું નથી. તેમણે અનેક રીતે સ્તુતિ કરી. ૨૭. ગામથી બહાર આવેલા બધા ભક્તોને ત્યાં જ ઊભા રહેવાનું કહીને સત્વરે હાથીને ચલાવ્યો. તે સમયની સવારી અતિ સોહામણી બની હતી. ૨૮.

ભેંસજાળના દરબાર કાયાભાઈના બધા ભાયાતો આસપાસના ગામોમાં રહેતા હતા. સહુને શ્રીહરિ ઉપર ખૂબ જ પ્રેમભાવ હતો. તેમને દરબાર કાયાભાઈએ તે સમયે ત્યાં તેડાવ્યા હતા. ૨૯. ચૂડાના ભાઈઓ ટિલાયત (તિલકાયત) હતા. જે મોટા ભાઈ કહેવાતા. તેમને સાથે રાખીને તે બધા ભાયાતો શ્રીહરિની સામે આવ્યા. બધી સવારીને સોનેરી સાજથી શણગારી હતી. ૩૦.

તેઓ હાથી ઘોડા અને રથની સવારી લઈને આવ્યા હતા. રસ્તામાં આગળ ચાલતા શ્રીહરિને વનમાં સામા મળ્યા. તેઓ બધા હાથી અને ઘોડાઓ ઉપરથી નીચે ઊતર્યા અને શ્રીહરિના ચરણોમાં પડ્યા. ૩૧. શ્રીહરિએ તે રાજવીઓનો વિનય જોયો અને મનમાં ઘણા જ ખુશી થયા. સહુને પ્રેમથી ક્ષેમ-કુશળ સમાચાર પૂછ્યા. તેથી તે દરબારો ખૂબ જ પ્રસન્ન થયા. ૩૨. દરબારો બધા પરસ્પર મળ્યા. સહુએ સંતોને પ્રણામ કર્યા. પછી તુરંત ચાલવાની તૈયારી કરી. અપાર વાજિંત્રો વાગવા લાગ્યા. ૩૩. ગામના જેટલા દરબારો

હતા તે બધા પોતાની સાથે ઘણો જ ગુલાલ લાવ્યા હતા. એકબીજાના ઉપર હરખભેર ગુલાલ નાખીને તેની અત્યંત ધૂમ મચાવી. ૩૪.

ભેંસજાળ ગામની આસપાસના ભાગમાં મન લલચાય તેવા સારા બાગ બગીચાઓ બનાવેલા હતા. તેમાં વિવિધ પ્રકારના વૃક્ષ હતા અને તેમાં અનેક જાતના પંખીઓ કલરવ કરતા હતા. ૩૫. મોર, કોયલ, પોપટ અને મેના વગેરે મધુર શબ્દથી બોલતા હતા. તેનાથી વનો અને ઉપવનો ગાજી ઊઠ્યા હતા. તે બધા શ્રીહરિને દેખીને હરખાઈ ગયા હતા. ૩૬. ભેંસજાળ ગામથી ઉત્તર તરફ બહુ સુંદર નદી છે તેને કિનારે ઘણા સારા જાતજાતના વૃક્ષો હતા. ૩૭. ગામની ચારે કોર વિચિત્ર કોટ બનાવેલો હતો. ઘણીજાતના બુરજ સુદઢ દેખાતા હતા. ૩૮. કોટના દરવાજા ઘણા ઊંચા હતા. તેને સુશોભીત રીતે શણગાર્યા હતા. ઉત્તર દિશા તરફના દરવાજાને ચાંદીના જેવા ચમકતા બારણાઓ હતા. ૩૯. બધી બજારોને શણગારી હતી. દરબારોએ પહેલેથી જ જે વિચાર કર્યો હતો તે પ્રમાણે કેળના સ્તંભ રોપાવીને બધી જ બજારોમાં ફૂલ વેર્યા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'નાગડકાથી ધામધૂમપૂર્વક વળાવેલા શ્રીહરિ ભેંસજાળ પધાર્યા' એ નામે સડસઠમો તરંગ સમાપ્ત ॥૬૭॥



પૂર ચોથું : તરંગ - ૬૮

ભેંસજાળમાં શ્રીહરિએ મોક્ષના અંકુરનો ઉદય થવાની વાત કહી

ભેંસજાળ ગામના બધા લોકો હેતથી દોડીને ત્યાં ગામની બહાર આવ્યા. સહુ શ્રીહરિના ચરણોમાં પડ્યા. કેટલાક ભક્તો શ્રીફળ લઈને આવ્યા હતા. ૧. અનેક પ્રકારનાં વાજિંત્ર વાગતાં હતાં. ગામને દરવાજે સહુ આવ્યા. શ્રીજીમહારાજની સવારીની શોભા અપાર હતી. ૨. અત્યંત તેજસ્વી એવા તે સંતોના પ્રત્યેક મંડળ શોભતા હતા. માનો એક સામટા અનંત ચંદ્રમા ઊગ્યા ન હોય ! શ્રીહરિ તો ઉદય પામતા સૂર્યના સમાન દીપતા હતા. ૩. ધીરે ધીરે

ચાલતા દરવાજાની અંદરના ભાગમાં આવ્યા. શ્રીહરિ તો અનંત બ્રહ્માંડોના મહા-મોટા અમીર કહેતા, ધણી છે. ૪. શિવ અને બ્રહ્મા આદિક અનંત દેવો શ્રીહરિનું યશોગાન કરતાં કરતાં નિત્ય આવતા હતા. રોજ શ્રીહરિના નવીન ચરિત્રોને દેખીને તેઓ પોતાના મનમાં અત્યંત ખુશી થતા હતા. ૫. તે દેવો ક્યારેક કેસરીચંદન, ફૂલોની અપારવૃષ્ટિ કરતા હતા. ક્યારેક તેઓ દેખાતા અને ક્યારેક ન દેખાતા પણ નિત્ય ચંદન પુષ્પોની વૃષ્ટિને તો તે બધા દેવો કરતા જ હતા. ૬.

ગામમાં મોટા મોટા ભવનો હતા. તેને સુંદર રીતે શણગાર્યા હતા. સ્ત્રીઓ તે ભવનના ગોખમાં અને અટારીઓમાં ઊભી રહીને પ્રેમથી શ્રીહરિનાં દર્શન કરતી હતી. ૭. તે સ્ત્રીઓ મોતીના થાળ ભરી ભરીને તત્પરતાથી ત્યાં ઊભી હતી. ચાલતા ચાલતા શ્રીહરિ જ્યારે પાસે આવ્યા ત્યારે તેમણે આનંદ ઉલ્લાસ સાથે મોતીથી વધાવ્યા. ૮. શ્રીહરિનાં દર્શન કરવા છતાં મનને સંતોષ થતો ન હતો. દર્શનથી મનમાં અત્યંત આનંદ ઊપજતો હતો. શ્રીહરિ પધાર્યા અને જે આનંદ થયો એવો આનંદ જીવનમાં તેમને ક્યારેય થયો ન હતો. ૯. દર્શન કરતી વેળાએ તે સ્ત્રીઓ પરસ્પર એમ બોલતી કે આ શ્રીહરિ મહાન સુખનાધામ છે. એના મુખના જેવું બીજા કોઈનું મુખ નથી. નેત્રકમળ અને નાસિકા તો આપણા ચિત્તને ચોરી લે છે. ૧૦.

✻ મૂર્તિવર્ણન :

પાકા ઘિલોડાના જેવા હોઠ ઘણા સરસ છે. વિશાળ લલાટ તો તેજથી ઝગમગી રહ્યું છે. ગોળ એવા બંને ગાલ અમોલ કહેવાય, તેને દેખ્યા પછી બીજા સુખ તો તદ્દન નકામા થઈ ગયાં છે. ૧૧. તેમની ચપળ નજર તો અમૃતને વરસાવે છે. આવી મનોહર મૂર્તિ આનંદ કરનારી છે. આપણને સહુને સુખ દેવા માટે જ આ શ્રીજીમહારાજ પ્રકટ થયા છે. ૧૨. આ દરબારના ભાગ્યને ખરેખર ધન્યવાદ ઘટે છે. તેમજ આપણા પણ ઘણા જ ભાગ્ય કહેવાય. નહિ તો દુર્લભ આવા ધર્મકુમારનાં દર્શન આપણને ક્યાંથી થાય ? ૧૩.

दोहा : ओर अवतार होत अनंत, ताको वार न पार;
यह अवतार न होत कबु, अवतार सब शिरदार...१४

બીજા અવતાર તો ઘણા થયા કરે છે. તેનો કોઈ પાર જ નથી. પણ આ અવતાર ક્યારેય થતો નથી. આ અવતાર તો સર્વ અવતારોમાં શિરોમણિ-સર્વોપરિ છે. ૧૪. શ્રીહરિનો અનંત પ્રતાપ દેખીને ગામના સામાન્ય નરનારીઓ આવી રીતે બોલતા હતા. પછી શ્રીહરિ રાજાના દરબારગઢમાં આવ્યા. હવે તેની શોભા કહું છું. ૧૫. દરબારગઢના બધા ભવનો ગામના બીજા ભવનો કરતાં શ્રેષ્ઠ હતાં. તેની શોભા અદ્‌ભુત હતી જે વર્ણવી શકાતી નથી. ભવનોના સ્તંભો સુશોભિત અને સોનેરી કર્યા હતા. ૧૬. ભવનોના પરથાર ઘણા ઊંચા અને સુશોભિત હતા અને તેના ઉપર અપાર ઊંચા સ્તંભ હતા. માળના ઉપરાઉપરિ મૂકેલા સાત સ્તંભ માનો આકાશ સાથે વાતો કરતા હતા ! ૧૭.

આ રીતના સ્તંભોની પંક્તિ ચોતરફ સોહામણી લાગતી હતી. વળી તે ભવનોમાં સોનેરી ગોખ અને જાળિયા તો કાંઈ ઓર જ પ્રકારના હતાં. દરેક ખંડમાં ઓરડાનું એક એક બારણું હતું. તે અદ્‌ભુત ભાતવાળા સુંદર હતા. ૧૮. તે તે યોગ્ય સ્થળે મોતીનાં તોરણ બાંધી દીધા હતા. તેની શોભા તો અદ્‌ભુત કરી હતી. ચિત્ર વિચિત્ર પ્રકારના ઉલેચ હરેક ખંડમાં બાંધ્યા હતા. ૧૯. જુદી જુદી બહુ ભાતના બિલોરી કાચના ઝાડ અનેક રીતે બાંધ્યા હતા.

દરબારે શ્રીહરિને અને સંતોને આવા ભવનોમાં ઉતારો કરાવ્યો. ૨૦. શ્રીહરિની સાથે જે દરબારો આવ્યા હતા તેઓ પોતાની સાથે ડેરા લાવ્યા હતા. તે ગામની બહાર ખડા કરાવી દીધા અને દરબારોએ ત્યાં જઈને તેમાં ઉતારા કર્યા. ૨૧. પડસાળ-ઓસરીમાં પલંગ બિછાવ્યો હતો તેના ઉપર છેલ છબીલા શ્રીહરિ બેઠા. દેવો અને મુનિઓના ભૂપ એવા શ્રીહરિ વચ્ચે રહે તે રીતે સંતોની અનુપમ સભા થઈ. ૨૨. દરબાર કાયાભાઈ અને જુણાભાઈ પણ તે સભામાં આવીને બેઠા. તે જ ગામના તેમના જે બીજા ભાઈઓ હતા તે બધા સેવાના કામમાં રોકાયેલા હતા. ૨૩. બીજા બધા દરબારો જે હતા તે ઉતારા કરી કરીને પ્રસન્નમનથી સભામાં આવ્યા. શ્રીહરિએ તેઓને પોતાની પાસે બેસાડ્યા. જેને જેમ ઘટે તેને તેમ બોલાવ્યા. ૨૪. શ્રીહરિએ પછી દરબારોને પૂછ્યું, તમે કહો તેમ કરીએ. વાતો કરવાનું કહો તો વાતો કરીએ અને ગાન કરવાનું કહો તો સંતો ગાન કરે. ૨૫.

ત્યારે દરબાર જીવા ખાચર શ્રીહરિની મરજીને અનુસારે બોલ્યા, આપ વાતો કરો, રસોઈ તૈયાર થઈ છે. ૨૬. સમગ્ર ગાન કરતાએ શ્રેષ્ઠ ગાન તો આપની વાતો છે. આપના મુખની વાતો દુર્લભમાં પણ અતિશય દુર્લભ છે. આપની વાતો અમૃત છે. વેદવચન પણ છે. ૨૭. હું આપને એક પ્રશ્ન પૂછું છું. જીવને મોક્ષનો અંકુર ઉદય કેમ થાય ? હે હરિ, આપ જ્ઞાનઘન છો, તો પ્રસન્ન થઈને તેનો ઉત્તર કહો. ૨૮. જીવા ખાચરનો પ્રશ્ન સાંભળીને સુખદાયક શ્રીહરિ ઘણું રાજી થયા. પછી બોલ્યા વેદ અને શાસ્ત્રોના સિદ્ધાંતને અનુસરીને હવે હું તમારા પ્રશ્નનો યથાર્થ ઉત્તર કહું છું. ૨૯.

✻ સંતમાં વિશ્વાસ આવે તેનો નિર્વિઘ્ન મોક્ષ થાય :

चोपाई :

शुक सनकादिक नारद जेसे, साचे संत मिले जब एसे;
सत्य प्रतिति आवे जब तामें, अति प्रित प्रथम करे यामें...३०

ताके वचन लगे हितकारी, स्वारथ न जनाय लगारी;
परम परमारथि संतकुं जाने, निज बुद्धिकुं तुछ प्रमाने...३१

શુકદેવજી, સનકાદિકો અને નારદના જેવા સાચા સદ્‌ગુરુ સંત જ્યારે મળે, ત્યારે તેમાં સત્યતાનો વિશ્વાસ આવવો જોઈએ. અને તે પછી તે સંતોમાં હેત થવું જોઈએ. ૩૦. તેમના વચન હિતકારી જણાવા જોઈએ. લગારેય તેમાં સ્વાર્થ ન જણાવો જોઈએ. સંતોને પરમ પરોપકારી જાણી તેમની આગળ પોતાની બુદ્ધિનાં ડહાપણને તુચ્છ ગણવું જોઈએ. ૩૧.

व्यवहारिक बुद्धि होय अपारा, मोक्ष में काम न आत लगारा;
खान पान मिले सनमाना, इतनो फल यामें रहाना...३२

दुषित बुद्धि जो होवे जाई, इहाँके इहाँ फल मिले ताई;
पर लोक में सुख मिले अनंता, एसि बुद्धि करे बुद्धिवंता...३३

જે અપાર વ્યાવહારિક બુદ્ધિ છે તે મોક્ષના માર્ગમાં લગારેય કામ લાગતી નથી. વ્યાવહારિક બુદ્ધિથી તો સારું ખાવા પીવાનું મળે, લોકમાં

સન્માન મળે, આટલું ફળ તેમાં રહ્યું છે. ૩૨. જેની બુદ્ધિ દૂષિત થઈ જાય તેને તેનું ફળ અહીંનું અહીં જ મળે છે. બુદ્ધિમાને બુદ્ધિ એવી લગાવવી જોઈએ કે તેનાથી પરલોકમાં અનંત સુખ મળે. ૩૩.

સંતોનો સમાગમ પ્રેમથી કરવો જોઈએ. સત્સંગ જીવનું ઘણું હિત કરે છે. સત્સંગનો એવો પ્રતાપ છે કે તેનાથી ધર્મનું અને પાપનું જ્ઞાન થાય છે. ૩૪. **ધર્મના ફળનો અને પાપના ફળનો વિચાર કરે. ધર્મનું ફળ સુખ અને પાપનું ફળ દુઃખ. આવું દિલમાં દૃઢતાથી ધારે તે પછી જ મોક્ષના અંકુરનો ઉદય થાય છે. તેમાં પણ વળી વિઘ્ન આવી શકે છે તે પણ વિચારવું.** ૩૫. તે મોક્ષના અંકુરનું રાત દિવસ જતન કરવું જોઈએ. પોષણ વિના તેનો વિકાસ થાય નહિ. ઉત્તમોમાં પણ ઉત્તમ વૃક્ષ કહેવાતું હોય પણ તે જતન વિના ક્યારેય રહી શકે નહિ. ૩૬.

જ્યાં જેવી ભૂમિ હોય ત્યાં તેવું વૃક્ષ થાય. ભલે વૃક્ષ મોટું હોય, છતાં તેને ઊધઈનો ભય તો રહે જ છે. ૩૭. જ્યારે વૃક્ષના મૂળમાં ઊધઈ લાગે ત્યારે તેને ફૂલ કે ફળ કાંઈ જ ન આવે. વૃક્ષ જેવું હોય તેવું જ રહે, છેવટે તે સમૂળગું સુકાઈ જાય છે. ૩૮. **કુસંગ એ મોક્ષના અંકુરને ઊધઈ છે. કુસંગનો ક્યારેય વિશ્વાસ કરવો નહિ. સત્સંગને નિર્દોષ જાણવો. તેમાં હેત રાખીને દિન પ્રતિદિન તેનો ગુણ ગ્રહણ કરવો.** ૩૯. આવું જ્યારે થાય ત્યારે મોક્ષના અંકુરનો ઉદય થાય અને તે અધિક અધિક વૃદ્ધિને પામે. તમારા પ્રશ્નનો આ ઉત્તર થયો. તેને મનમાં દૃઢપણે ધારવો અને વિચારવો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'ભેંસજાળમાં શ્રીહરિ પધાર્યા અને મોક્ષના અંકુરના ઉદય થવાની વાત કહી' એ નામે અડસઠમો તરંગ સમાપ્ત ॥૬૮॥



પૂર ચોથું : તરંગ - ૬૯

દરબાર કાયાભાઈની આગળ સત્સંગની દૃઢતા અને તેની અભિવૃદ્ધિની વાત કહી

શ્રીહરિ સભામાં વાતો કરી રહ્યા ત્યારે રસોઈ તૈયાર થઈ ગઈ હતી. તેથી વર્ણી બોલાવવા આવ્યા. જગતના આધાર શ્રીહરિ સભામાંથી ઊઠ્યા. ૧. જે વસ્ત્ર અને આભૂષણો પહેર્યા હતા તેને તે પલંગ ઉપર જ ઉતારી નાખ્યા. સારું પીળું પીતાંબર વસ્ત્ર પહેર્યું, બીજું એક મસ્તક ઉપર ધારણ કર્યું. ૨. રેશમી કોરવાળો રૂમાલ જમણા હાથમાં લીધો. ચરણોમાં ચાખડીઓ પહેરી. ચટાક્ ચટાક્ શબ્દો કરતા કરતા શ્રીહરિ ચાલ્યા. ૩. ચરણોમાં ઝાંઝર પહેર્યા હતા. તેની ઘૂઘરીઓનો ઘમકારો થઈ રહ્યો હતો. વર્ણીને ખભે હાથ રાખીને કાંઈક મર્મભરી રમૂજની વાતો કરતા ચાલ્યા. ૪. જ્યાં સુંદર રસોઈ બનાવી હતી ત્યાં આવીને શ્રીહરિ બેઠા. એક સોનાનો બાજોઠ લાવ્યા. તેના ઉપર શ્રીહરિને પધરાવ્યા. ૫. પાણીથી ચરણકમળ ધોયા. રૂમાલથી તેને કોરા કર્યા. જયાનંદ વર્ણી રસોઈ બનાવવામાં ઘણા ચતુર હતા. ૬. જેતલપુરના નાગર ગંગાબાઈએ તેમને પ્રથમ રસોઈ બનાવતા શીખવી હતી. તે જયાનંદ વર્ણી સોનાના થાળ ભરી ભરીને શ્રીહરિની આગળ બધી રસોઈ લાવ્યા. ૭.

શ્રીહરિ તે રસોઈ જોઈને પ્રસન્ન થયા. "તમે તો આજ અદ્‌ભુત રસોઈ બનાવી છે." એમ બોલી વખાણ કરતા કરતા જમવા લાગ્યા. જેમાં વધારે રુચિ હતી તે વસ્તુને માગી લેતા. ૮. "આજ લક્ષ્મીજી તમારા દ્વારા રસોઈ બનાવી ગયા છે." આવું શ્રીહરિ પ્રેમથી બોલ્યા અને સરસ રીતે દૂધપાક જમ્યા. ૯. મોતીચૂરના લાડુ બનાવ્યા હતા. તેની છટા તો કહી શકાય તેમ નથી. બધી મીઠાઈમાં સાકર વાપરી હતી. દરબાર સાકર એકદમ ઊજળી જોઈને લાવ્યા હતા. ૧૦. બંને ભાઈ ભેળા મળીને એક હજાર મણ સાકર લાવ્યા હતા. બપોરની અને સાંજની રસોઈ બંને ભાઈની ભેળી કરી હતી. ૧૧. મીઠાઈ કે શાકભાજી ફરસાણ, અથાણું, પાપડ, રાયતું, ભજિયાં અને વડાં વગેરે જે જે બનાવ્યું હતું, તે બધું જ શ્રીહરિ વિચક્ષણતાથી જમ્યા. ૧૨. વાનગીઓનો ગણતા કોઈ પાર જ આવતો નહિ. પણ શ્રીહરિ ખૂબ જ પ્રેમથી બધું જમ્યા.

દરબાર કાયાભાઈ જેવા શૂરવીર ભક્તને જોઈને શ્રીહરિ ખૂબ જ પ્રસન્ન થયા. ૧૩. દરબાર કાયાભાઈને જેટલા ભાઈઓ-ભાયાતો હતા તે સહુને શ્રીહરિએ બોલાવ્યા. સહુને પ્રસાદી આપી અને તેમની આગળ વાત કરવા લાગ્યા. ૧૪. સહુ સત્સંગને દૃઢપણે રાખજો. ક્યારેય સત્સંગમાં પાછો પગ ધરતા નહિ. ક્યારેય કુસંગીની સોબત ન રાખશો. જીવનમાં સત્સંગના જેવો સુયોગ ક્યારેય મળતો નથી. ૧૫. હાથીની સવારી છોડીને ગધેડા ઉપર ક્યારેય બેસવું નહિ. પોતાનું નાક કાપીને-ગંદુ રાખીને પારકું નાક સાફ કરવા દોડવું નહિ. ૧૬. ત્યારે દરબાર કાયાભાઈએ કહ્યું, મહારાજ ! ઘણા યુગ વીતી ગયા. તે પછી આ સત્સંગનો જોગ થયો છે. બીજા બધા જોગ તો બહુ મળ્યા છે, તેનો તો ગણ્યે પાર આવે તેમ નથી. ૧૭. સહુથી શ્રેષ્ઠ સારમાં પણ સારરૂપ સત્સંગને સમજીને તેનો પાકો રંગ જીવમાં ચઢાવ્યો છે. હવે તે ક્યારેય છૂટશે નહિ. અમે અમારા મનમાં આવો નિશ્ચય નિર્ધાર કર્યો છે. ૧૮.

ત્યારે ધર્મકુમાર શ્રીહરિ મનમાં ઘણો પ્રેમ રાખીને બોલ્યા, દરબાર, માનરૂપ મોટો અગ્નિ છે. તે ચાહે તેવો સત્સંગનો રંગ હોય, તોપણ તેનો નાશ કરી દે છે. ૧૯. **માન બધા જ ધર્મસર્ગના અંકુરનો નાશ કરી નાખે છે. અધર્મસર્ગ એક ભયાનક શત્રુ છે. તેનો ડર રાખે ત્યારે પાકો હરિભક્ત કહેવાય.** ૨૦. અધર્મ સર્ગ અને કુસંગી બંને એક છે તેમનો અત્યંત ત્યાગ રાખવો. દેહ, ઈન્દ્રિયો અને અંતઃકરણ જેટલા છે તે બધા અધર્મસર્ગરૂપ જ છે એમ જાણવું. ૨૧. ભગવાનના સ્વરૂપ સિવાયના જેટલા ઘાટ-સંકલ્પ છે તે બધાને કુસંગના રૂપમાં જોવા. ધર્મસંબંધી જેટલા શુભ ઘાટ-સંકલ્પ થાય તે બધાને સત્સંગના રૂપમાં જોવા. ૨૨. તે બધા જીવના મોક્ષમાં સહાયક છે એમ જાણવું. શુભ સંકલ્પોને વધારવાનું મનમાં રાખવું. દિન-પ્રતિદિન તેની ચઢતી કરવી અને તેમ કરવામાં આવે તો જ સત્સંગનો રંગ પાકો રહે.' ૨૩.

સત્સંગની વૃદ્ધિ કરવાને માટે શ્રીહરિએ આવી વાત કરી. શ્રીહરિ સત્સંગની અભિવૃદ્ધિ કરવા માટે જ દેશેદેશમાં ઉત્સાહથી વિચરતા-ફરતા રહે છે. ૨૪. ધર્મકુમાર શ્રીહરિ સત્સંગનો વિકાસ કરવા માટે જ અનેક પ્રકારના

ચરિત્ર કરે છે. જેનો ગણ્યે પાર આવતો નથી. ૨૫. **સત્સંગની અભિવૃદ્ધિ માટે જ શ્રીહરિ ક્યારેક ત્યાગ બતાવે અને ક્યારેક રાગ બતાવે. ક્યારેક વૈરાગ્ય રાખીને ઉદાસ થઈ જાય તો ક્યારેય પક્ષપાત કરતા પણ દેખાય પણ તે બધું સત્સંગની વૃદ્ધિ માટે જ હોય છે. ૨૬. શ્રીહરિ કોઈને વારંવાર બહુ જ બોલાવે, કોઈને ક્યારેક જ બોલાવે અને ક્યારેક તો તેની સામે જૂવે અને ક્યારેક તો સામે પણ જુવે નહિ. ૨૭. કોઈના વખાણ કરે તો કોઈનો તિરસ્કાર પણ કરે, ભગવાન શ્રીહરિના આવા ચરિત્ર છે તે સત્સંગની વૃદ્ધિ કરવા માટેના જ છે.** ૨૮. શ્રીહરિની જે, જેવી કે જેટલી વાત હોય, તે સર્વને શ્રીહરિના ચરિત્ર જ સમજવા. તેઓ જે કરતા હોય છે તે બધું ભક્તોના હિત માટે જ હોય છે પણ તે પોતાના હિત-સુખ માટે ક્યારેય હોતું નથી. ૨૯.

શ્રીહરિ આવી વાત કરી રહ્યા, પછી તેમણે હાથ ધોયા, હાથ કોરા કરીને સુંદર મુખવાસ લીધો. તેની સુંદર સુગંધ બહાર પ્રસરતી હતી. ૩૦. પછી શ્રીહરિ પલંગ ઉપર બેઠા. ચોકમાં છાંયો કરાવ્યો. ચોકની બહારનો ભાગ બધો સાફ કરાવ્યો. પછી ત્યાં દરબારોને જમવા માટેની પંગત કરી દીધી. ૩૧. ભવનની ઓસરીમાં સંતોની પંગત થઈ. જે પવિત્ર હરિભક્ત વિપ્રો હતા તે લાડુના થાળ ભરી ભરીને હરખભેર શ્રીહરિની પાસે મુખથી ‘લો આ લાડુ’ એમ બોલતા લઈને આવ્યા. ૩૨. અત્યંત ભવ્ય મનોહર મૂર્તિ શ્રીહરિ પીરસવા માટે તૈયાર જ હતા. સુંદર સોનેરી કોરવાળો રેશમી રૂમાલ મસ્તકે બાંધ્યો હતો. ૩૩. મોતીના બે તોરા બંને બાજુએ લટકાવ્યા હતા. ડાબે ખભે પીતાંબર રાખીને તેના બંને છેડાને કસીને કમરે બાંધ્યા હતા. ૩૪. ગુલાબના ગુચ્છ બંને કાનની ઉપર હતા અને અત્યંત ઉજ્જ્વળ કુંડળ ઝળકતા હતા. મોતીના બાજુબંધ બંને ભુજાઓની ઉપર ઘણા સોહામણા લાગતા હતા. ૩૫. સોનાની પહોંચી, સાંકળાં અને કડાં હાથમાં ઘણા જ શોભતા હતા. છાતી ઉપર મોતીના હાર પહેર્યા હતા અને ચરણોમાં પહેરેલાં ઝાંઝરથી મતવાલા લાગતા હતા. ૩૬.

શોભાના નિધિ અને સુખના ધામ શ્યામસુંદર શ્રીહરિ બંને હાથમાં બબ્બે લાડુ લઈને બંને પંગતમાં પીરસતા હતા. ૩૭. ચૌદે લોકમાં ન હોય

તેવી શ્રીહરિની પીરસવાની છટા અદ્‌ભુત હતી. શ્રીહરિ એક જ ઘડીમાં સહુને પીરસી દેતા હતા. ૩૮. સંતો અને બધા દરબારો જ્યાં સુધી જમતા રહ્યા ત્યાં સુધી શ્રીહરિ તે સહુને અત્યંત પ્રસન્નમનથી પીરસતા હતા. ૩૯. જે ભક્તજનોને માટે કલ્પવૃક્ષ સમાન કહેવાય છે, ભક્તોના મનોરથોને પૂર્ણ કરે છે તે ઘનશ્યામ શ્રીહરિએ પછીથી પોતાના બંને હાથ ધોયા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'દરબાર કાયાભાઈની આગળ સત્સંગની દૃઢતા અને તેની અભિવૃદ્ધિની વાત કરી' એ નામે ઓગણસિત્તેરમો તરંગ સમાપ્ત ॥૬૯॥



પૂર ચોથું : તરંગ - ૭૦

સંતોને ગાન કર્યું અને દરબારોએ શ્રીહરિની પૂજા કરી અને સમાધિ થઈ

દિવસનો ત્રીજો પહોર જ્યારે થયો ત્યારે શ્રીહરિએ સભા કરી. સર્વે વાજિંત્ર (આપોઆપ) એવી રીતે વાગવાં લાગ્યાં કે પહેલા ક્યારેય આવા વાગ્યાં ન હતાં. ૧. બધા સંતો અને દરબારો આવ્યા. અનુપમ સભા થઈ. બ્રહ્મા આદિ ઈશ્વરોના પણ નિયંતા શ્રીહરિ તે સભાની વચ્ચે વિરાજમાન થયા. ૨. જે સંતો ગાયક હતા તેમને વાજિંત્ર સાથે બોલાવ્યા હતા. ખૂબ જ હેતથી બોલાવેલા તે બધા સભામાં આવી ગયા. ૩. સરોદ, સિતાર, તંબૂર, તબલાં, મોરચંગ(દાંતની વચ્ચે રાખી વગાડવામાં આવતું વાદ્ય), શ્રીમંડલ અને રામેંદ્રનું યંત્ર આ બધાં વાજિંત્ર હતાં. ૪. મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામી એ બંનેએ વગાડવા માટે સરોદ લીધાં. પ્રેમાનંદસ્વામીએ તબલાં લીધાં. પરમ નિપુણ દેવાનંદસ્વામીએ શ્રીમંડલ લીધું. સુખાનંદ મુનિ અને જ્ઞાનાનંદ મુનિ બંને સિતાર સુંદર વગાડતા હતા. ચુગન, મુગન અને છબિલદાસ એ ત્રણેય ઉત્સાહથી મોરચંદ વાદ્યને વગાડતા હતા. ૫-૬. ત્રિવિક્રમાનંદ મુનિ તંબૂર વગાડતા અને હરિતાનંદ તથા નિર્વિકારાનંદ આનંદિત થઈને મંજીરા વગાડતા હતા. ૭.

જે ધન્યાશ્રી રાગ કહેવાય છે, તેના પદ બોલવા લાગ્યા. તેમાં પ્રથમ પદ સદ્‍ગુરુ મુક્તાનંદસ્વામીએ ગાયું અને તે પછી બ્રહ્માનંદસ્વામીએ તે રાગમાં ધૂમ મચાવી. ૮. પ્રેમાનંદસ્વામીએ તરત જ કાફી અને હોરીનાં પદ જોરદાર શૈલીથી ગાયાં. તેમજ વસંત અને ધુમારનાં અનુપમ સરસ પદ ઉદાર સ્વભાવના સદ્‍ગુરુ મુક્તાનંદસ્વામીએ ગાયાં. ૯. શ્રીહરિ તે કીર્તનગાનમાં તાન તોડતા અને ખસતા ખસતા એકદમ નજીક આવી જતા. શ્રીહરિનો સ્વર ઘણો મહાન અને ભારે મધુર હતો. તે બધાં વાજિંત્રોની સાથે એકતાર થઈ જતો હતો. ૧૦.

શ્રીહરિને ગાનમાં ઘણું તાન હતું. તેવું તાન બીજા કોઈને ન હતું. સંતોનું સુંદર ગાન સાંભળીને બધા સુજ્ઞ દરબારો પણ બોલવા લાગ્યા કે, ૧૧. "મોટા મોટા રાજદરબારોમાં વારંવાર ઘણા સંગીતના કાર્યક્રમો થતા હોય છે. પણ આજે આપણે અહીંયાં જેવું ગાન સાંભળ્યું છે તેવું પહેલા ક્યારેય સાંભળ્યું નથી. ૧૨. હે હરે ! આપ નિશ્ચિત રૂપમાં ભગવાન છો. આજ અમને તે સમજાયું છે. આટલા દિવસ સુધી આપનાં દર્શન અમને ન થયા. ખરેખર તે બધા દિવસો નકામા ગયા છે. ૧૩. આજ આપ અમને મળ્યા છો તેથી અમારા અનંત જન્મ સુફળ થઈ ગયા છે. હવે આપ જેમ કહો તેમ અમે કરશું. અમે અત્યારે લગારેય ખોટું બોલતા નથી." ૧૪. ત્યારે ધર્મકુમાર શ્રીહરિએ તે બધા દરબારોને કહ્યું, "તમારે પોતાના કુટુંબ પરિવારની જેમ સંતો ઉપર પ્રેમ રાખવો. ૧૫. પોતાના કુટુંબીની જેમ સંતો ઉપર પ્રેમ રાખવામાં અપાર ફળ રહ્યું છે. બુદ્ધિવાળાને જ તેની ખબર પડે છે. મૂઢ માણસને તેની લગારેય ખબર પડતી નથી. તે તો કોટિ કલ્પ સુધી દુઃખને સહન કરે છે. ૧૬.

દરબાર શ્રીકાયાભાઈ અને જુણાભાઈ એ બંને અને તેમના ભાઈઓ જે બીજા હતા તે બધા સોનાના થાળમાં ઘણી જાતની પૂજાની સામગ્રી ભરીને લઈ આવ્યા. ૧૭. દેવતાઓના વાજિંત્રના જેવા વિલાયતી વાજિંત્ર બધાં જ્યારે વાગવાં લાગ્યાં ત્યારે તે સાંભળીને ગામના લોકો બધા દોડીને ત્યાં આવ્યા. ૧૮. દરબારો શ્રીહરિની પૂજા કેવી કરે છે, તે જોવાના ભાવથી

આવેલા લોકોની ત્યાં ભીડ જામી ગઈ. પછી દરબાર ઘણા જ અનુરાગ પૂર્ણ ભાવથી શ્રીહરિની પૂજા કરવા લાગ્યા. ૧૯. પહેલા લોટામાં દૂધ લાવ્યા. તે દૂધ વડે પ્રેમથી શ્રીહરિના ચરણ ધોયા. પછી મેળવેલું પંચામૃત લીધું અને ચરણની પૂજા વિધિપ્રમાણે કરી. ૨૦. સોનેરી સુરવાળ પહેરાવ્યો. તેમાં સોનેરી નાડી પણ ઘણી સોહામણી હતી. પછી વિચિત્ર ભાતોવાળો સોનેરી જામો પહેરાવ્યો. ૨૧. ઝાંઝર, સાંકળાં, કડાં, પહોંચી, બાજુબંધ, વેઢ અને વીંટીઓ બધું સોનાનું અને જાડાઉ હતું. તે બધુ દરબાર કાયાભાઈએ પહેરાવ્યું. ૨૨. સજાભાઈ અને જેઠીભાઈ તેમની પૂજા પણ આમાં આવી ગઈ હતી. હવે જુણાભાઈએ જે પૂજા કરી તે વર્ણવીને કહું છું. ૨૩. વિચિત્ર પ્રકારની સોનેરી સોહામણી પાઘ શ્રીહરિને બંધાવી. શિરપેચ, નંગજડિત કલગી પણ તેમાં હતી. પાઘની બાંધણી ઘણી સુશોભિત હતી. ૨૪. મોતીના સુંદર સરસ તોરા પાઘમાં લટકાવ્યા. નંગજડિત કુંડળ કાનોમાં પહેરાવ્યા. ૨૫. ધર્મપુત્ર શ્રીહરિને અનુપમ નીલા આસમાની રંગની બુટ્ટાદાર જરિયાની શાલ ઓઢાડી, તેની શોભાનો કોઈ પાર ન હતો. ૨૬. સોનેરી ચંદનહાર દસ સેરવાળો, જેમાં ભવ્ય સુવર્ણના ગંઠાઓ હતા. તે સુંદર હાર કંઠમાં પહેરાવ્યો. ૨૭. ઘણો ચમકતો સુંદર મોતીનો હાર પણ અપાર હેતથી પહેરાવ્યો. તેમજ હાથમાં મોતીની છડી આપી. ૨૮.

સુગંધી કેસર-ચંદન શ્રીહરિના લલાટમાં ચરચ્યું. અને તેમાં કુંકુમનો ચાંદલો કર્યો. પછી ચરણોમાં પણ ચંદનનો લેપ કર્યો. ૨૯. દરબાર કાયાભાઈએ હરખભેર તે ચરણોને પોતાના મસ્તકે અને છાતીએ લીધા. જેટલો કાયાભાઈનો પોતાનો પરિવાર કહેવાતો હતો તે સહુના હાથે પૂજા કરાવી. ૩૦. ઘરમાં જેટલા મનુષ્યો હતા તેમાં કોઈ પૂજા કર્યા વિના રહ્યા નહિ. આવી પૂજા કદાચ કોઈએ કરી નહિ હોય. પછી શ્રીહરિએ પોતાના ચરણપગલાં પાડી દીધા. ૩૧. પછી તેમણે પ્રેમથી ભાવવિભોર થઈને કપૂરથી આરતી કરી અને ગદ્‌ગદ કંઠ થઈને સહુએ સ્તુતિ કરી. ૩૨.

તે સમયે બધા સંતોની પૂજા કરી. બ્રહ્મચારી આદિને પણ સંભારીને પૂજ્યા. શ્રદ્ધાપૂર્વક સહુને વસ્ત્ર ઓઢાડ્યા. તે પછી વિપ્રોની પૂજા કરાવી. ૩૩.

બધા જ દરબારોની પૂજા કરી ત્યારે બધે ખૂબ જ આનંદનું વાતાવરણ થઈ ગયું. જ્યારે સંધ્યા સમય થયો ત્યારે કેટલીક મશાલો પ્રકટ કરાવી. ૩૪. બુદ્ધિમાન સંતો "જયદેવ..." બોલીને આરતી કરવા લાગ્યા. પછી શ્રીહરિ ધૂન બોલવા લાગ્યા. શ્રીહરિએ પોતાના સ્વરૂપમાં અનંત શોભા ધારી હતી. ૩૫. શ્રીહરિના હાથના લટકાં જોઈને બધા લોકો તે વેળાએ પ્રેમમગન થઈ ગયા હતા. જેના હૃદયમાં તે પ્રેમનો પ્રવાહ વહ્યો તેમને તરત જ સમાધિ કરાવી દીધી. ૩૬. અનેક હરિભક્તોને અને સંતોને સમાધિ થઈ ગઈ. શ્રીહરિની ઈચ્છાથી જ આવી અલૌકિક ઘટનાઓ બનતી હોય છે. ૩૭. મહારાજાધિરાજ શ્રીહરિનો એવો અદ્‌ભુત પ્રતાપ છે કે તેનું મુખથી વર્ણન થઈ શકતું નથી. શિવ, બ્રહ્માદિક અને શેષ પણ તેના પારને પામી શકતા નથી. ૩૮.

ભેંસજાળના દરબારોએ સમાધિ જોઈ, તેઓ તેને સાચી જ કહેવા લાગ્યા. આ વાત ખોટી ન હોય શકે ! કેમ જે, આ સમાધિની વાત કંઈ એક-બેની નથી, અનેકના અનુભવની છે. ૩૯. ફરીને દરબારોને તે વાતની દૃઢતા કરાવવા માટે શ્રીહરિએ જેને સમાધિ થઈ હતી તેની આંખોએ કપડું બંધાવી દીધું. પછી શ્રીહરિએ હાથની સાન કરીને તે વખતે તેમને જગાડ્યા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'સંતોએ કીર્તન ગાયા અને દરબારોએ શ્રીહરિની પૂજા કરી અને સમાધિ થઈ' એ નામે સિત્તેરમો તરંગ સમાપ્ત ॥૭૦॥



પૂર ચોથું : તરંગ - ૭૧

શ્રીહરિએ માયિક વિષયથી દૂર રહેવાની વાત કહી

શ્રીહરિએ કરાવેલી સમાધિની અલૌકિક રીત જોઈને સમગ્ર દરબારોએ ત્યારે શ્રીહરિને કહ્યું કે, અત્યારના સમયમાં આપના સમાન બીજો કોઈ સમર્થ જગતમાં નથી. અનંત લોકો સિદ્ધ થઈને ફરે છે. પણ તેઓ અત્યારે ખોટા પડી ગયા છે. ૧-૨. જેમ પતંગિયું અગ્નિમાં બળી મરે છે તેમ જેટલા મતપંથના લોકો છે તે આપને જોઈને મનમાં બળી મરે છે અને આપનો દ્રોહ કરે છે. ૩.

અવતારો તો ઘણા થઈ ગયા છે, પણ અત્યારે આપણા સત્સંગમાં જે અગાધ અર્થાત્ ન સમજી કે ન કરી શકાય એવી જે દિવ્ય ઘટનાઓ થઈ રહી છે. આવી વાત ક્યારેય સાંભળી નથી. ૪. આ દુનિયામાં અનંત અને અપાર ભેખધારીઓ છે. તેઓ સ્ત્રી અને ધનની પાછળ ખુવાર થઈ ગયા છે. ગાંજો, તમાકુ અને હોકો તેના બધા વ્યસની છે. પ્રાયઃ ભેખધારી વ્યસન વિનાના નથી. ૫. લોકોને ઠગવાને માટે જ મિથ્યા રીતે તપ કરતા દેખાય છે. પોતાના શરીરને લાડ લડાવવા, શરીરના સુખને ખાતર પોતાનો અનેક પ્રકારનો સમાજ રચે છે. ૬. તેના ઉપર ભગવાન ક્યારેય રાજી થતા નથી. તેવા દંભી તો મરીને જમપુરીમાં જાય છે. અત્યારે જે આપના સંતો છે તેવા સંતો જગતમાં ક્યારેય થયા નથી. ૭. આજે જે આપના આશ્રિત વૈષ્ણવ રાજા (દરબારો) છે તેવા જગતમાં ક્યાંય ભક્ત દેખાતા નથી. તે લોકો તો વૈષ્ણવોના જેવા વેશ રચીને ભગવાનને પણ ઠગે છે. ૮.

ભગવાન ક્યારેય છેતરાતા નથી. તેઓ તો સહુના અંતર્યામી છે. સમગ્ર જીવપ્રાણીમાત્રની દોરી તેમના હાથમાં છે. સહુના નાથ ભગવાન આવા મહાન સમર્થ છે. ૯. ભગવાનને કોઈ પારકું કે પોતાનું નથી. જે જીવ જેવી ભક્તિ કરે છે શ્રીહરિ તેને સમજીને તેના જેવું ફળ આપે છે. શ્રીહરિને તો એક તલ જેટલી વસ્તુ કે ઘટનાનું પણ જ્ઞાન રહ્યું છે. ૧૦. જે ભક્તમાં યથાર્થપણે સદાચારમય ધર્મ હોય અને એકાંતિકી ભક્તિ હોય, **જેને આ સંપૂર્ણ બ્રહ્માંડમાં ક્યાંય કોઈ પણ પ્રકારની આશા ન હોય, કેવળ ભગવાનની ઈચ્છા પ્રમાણે જ રહેતો હોય અને પોતાની બધી જ રુચિનો (કામનાઓનો) જેણે ત્યાગ કરી દીધો હોય. ૧૧. આવો જે ભક્ત હોય તે જ ભગવાનના ધામને પામે છે અને બીજા તો આ ભવાટવીમાં ભટક્યા કરે છે.** એ વાતને અમે સમજીએ છીએ, પરંતુ તેમ થઈ શકતું નથી તેનું શું કારણ છે ? જે હોય તે આપ જ બતાવો. અમને તેમાં ખબર પડતી નથી. આપ તો સાક્ષાત્ પરમેશ્વર છો એટલા માટે અમે આ પ્રશ્ન પૂછીએ છીએ. ૧૨-૧૩.

ધર્મકુમાર શ્રીહરિને માટે કોઈ વાત અગમ્ય-અજાણી નથી. આ જગતમાં તેમનો અવતાર તો અનંત જીવોના મોક્ષ માટે છે. તેમના અવતારનું બીજું

કાંઈ પ્રયોજન નથી. ૧૪. જેવો રોગ હોય તેવા ઘરમાં (વાત, પિત્ત અને કફમાં) નાડી ચાલતી હોય, ખરો નાડીવૈદ્ય તો તે છે કે જે જોતાની સાથે જ રોગને પકડી લે છે. ૧૫. તે રીતે જ શ્રીહરિ અંતર્યામી છે. બહુનામી તેઓ જીવના રોગને ઓળખી લે છે. તેઓ પ્રેમથી પ્રશ્નનો ઉત્તર કરવા લાગ્યા. કારણ કે તેઓ બધી રીતોને યથાર્થ રીતે જાણે છે. ૧૬. શબ્દવેધી બાણ ફેંકનારો જે બાણાવળી હોય તે લક્ષ્યને વીંધવામાં ક્યારેય ભૂલ કરે નહિ. તે રીતે જ શ્રીહરિ જ્ઞાનના બાણાવળી છે. તેઓ ઉત્તર આપવામાં ક્યારેય ભૂલ કરે નહિ. ૧૭.

❋ જે વિષયમાં કરે પ્યાર તે અંતે થાય ખુવાર :

સત્યપુર(ચાસકા)માં રહેનારા દરબાર નારસિંહજીનો તે પ્રશ્ન હતો એમ સમજીને તેમના પ્રત્યે શ્રીહરિએ કહ્યું, “સાકર નાખેલું દૂધ ઘણું સારું સુંદર કહેવાય, પણ તેમાં મોઢું નાખીને સર્પને દૂધ પીતાં આપણે દેખ્યો હોય તો તે દૂધને આપણે ઝેર જેવું માનીએ છીએ. પછી તે સાકર નાખેલા દૂધને કોઈ પીવે નહિ. ૧૮-૧૯. અને જો કોઈ તે દૂધને પીવે તો તે પીનારનું મોત નિશ્ચય થાય છે. એમ સમજીને બધા લોકો તે દૂધ પીતા ડરે છે. કદાચ કોઈ હેત કરીને પીવાનું કહે, છતાં કોઈ તે ઝેરવાળા દૂધને પીતા નથી. ૨૦. તે પ્રમાણે જ ચૌદલોકના બ્રહ્માંડમાં મર્ત્યલોક કરતાં બીજા લોકોમાં વિષયના સુખો એકબીજાથી ઘણા ચઢિયાતાં હોય છે, તે પ્રકૃતિ અને પુરુષના લોક પર્યંત વિષયનાં સુખનું જ રાજ્ય રહે છે અર્થાત્ વિષયની જ પ્રધાનતા છે. ૨૧. તે બધા વિષયના સુખ ઝેર છે તેમ સમજવું જોઈએ. તે ખરેખર જીવાત્માના શત્રુ છે એમ માનવું જોઈએ. આજ સુધી તે વિષયસુખમાં જ જીવ મિત્રતા બાંધતો રહ્યો છે. પણ વાસ્તવમાં તે વિષયસુખમાં શત્રુબુદ્ધિ લાવવી જોઈએ. ૨૨. જો કોઈ અફીણને ‘ઝેર’ છે એમ ઓળખતો હોય તો તે તેને ક્યારેય ખાય નહિ અને જો અફીણમાં મિત્રભાવ કરે તો માનવું કે તેનો જન્મ ખરાબ થઈ જશે. ૨૩.

તે જ રીતે જે મનુષ્યો વિષયને મિત્ર માને છે, તેની જિંદગી ખુવાર થઈ જાય છે અને તેને આ સંસારમાં અનંત જન્મ લેવા પડે છે. ૨૪. આ જીવ

જે જે યોનિઓમાં જાય છે ત્યાં ત્યાં તેને ધાર્યા પ્રમાણે વિષય ક્યારેય મળતા જ નથી. ઉલટા ત્યાં ત્યાં અનંત પ્રકારના દુઃખ વેઠવા પડે છે. છતાં પણ આ જીવ તે વિષયોને જ ચાહે છે. ૨૫. જ્યારે જીવ અતિશય પાપ કરે છે ત્યારે તેની બુદ્ધિ પણ પાપમય થઈ જાય છે. પછી તેના પરિણામ રૂપ દુઃખોને જોવે છે છતાં પણ તે જીવ પાપરૂપ થઈને પાપને કર્યા જ કરે છે. ૨૬.

બુદ્ધિ તો અપાર છે પણ તે જીવના પોતાના ઉદ્ધારરૂપ કામમાં ક્યારેય ઉપયોગી થઈ નથી. જેમ ગધેડાની પીઠ ઉપર સોનામહોરોનો ભાર ભરવામાં આવે તો તે ભાર ગધેડાને તો દુઃખરૂપ જ છે. સોનામહોરોનો લાભ ગધેડાને કશો જ નથી. તેવું જ પાપમય બુદ્ધિનું પણ છે. ૨૭. મનુષ્યને અપાર બુદ્ધિ હોવા છતાં તે જો દૂષિત હોય તો તેને પોતાને માટે તે લગારેય ઉપયોગી થાતી નથી. સોનાનો કળશ ઘણી મોટી કિંમતવાળો હોવા છતાં તેમાં જો લગારેક પણ કાણું હોય તો સવારે અને સાંજે બેવાર પાણી ભરવામાં આવે તોપણ તેમાં થોડુંએ પાણી રહેતું નથી. જો કળશને સાંધવામાં આવે તો તેમાં પાણી રહી શકે છે. એ રીતે **વિષયનો ત્યાગ કરે ત્યારે જ ભગવાનમાં પ્રેમ થાય છે.** ૨૮-૨૯.

શ્રીહરિએ જ્યારે આટલી વાત કરી ત્યારે તે સાંભળીને બધા દરબારો ખુશી થયા. જેમને સમાધિ થઈ હતી તે બધાને શ્રીહરિએ જગાડ્યા. ૩૦. બે ઘડી (૪૮ મિનિટ) રાત જ્યારે ગઈ ત્યારે બ્રહ્મચારી આવ્યા. તેને દેખીને શ્રીહરિ ઊઠ્યા અને જુણાભાઈને ઘેર આવ્યા. ૩૧. બધા વસ્ત્ર અને આભૂષણો ઉતાર્યા. એક પીતાંબર વસ્ત્ર પહેર્યું અને બીજું પીતાંબર ઓઢી લીધું. પછી પરમ પ્રવીણ શ્રીહરિ જમવા બેઠા. ૩૨.

ખૂબ જ સરસ ભોજન બનાવવામાં આવ્યા હતા. વર્ણી તેનો થાળ ભરીને લઈ આવ્યા. હરીસો, બિરંજ, જલેબી, સૂતરફેણી, દૂધપાક, તાજા ઘીમાં તરત જ બોળેલી પૂરણપોળી, બરફી અને પેંડા, મનને ગમે તેવા વડાં, જે જે બનાવ્યા હતાં તે બધા શાકભાજી વગેરે બધું લાવ્યા. પાપડ, ઘણી જાતના સુગંધીવાળા અથાણાં વગેરેને સોનાનાં પાત્રમાં ભરી ભરીને લાવ્યા હતા, જેનો ગણતા પાર આવે તેમ ન હતું. ૩૩-૩૫.

ભગવાન શ્રીહરિ વારંવાર વખાણ કરતાં કરતાં ભાવથી તે બધું જમ્યા. પછી બંને હાથ ધોયા અને મુખવાસ લીધો. ૩૬. કરુણાધાર શ્રીહરિએ જુણાભાઈને જોયા. તેમની રસોઈ હતી તે શ્રીહરિ જાણતા હતા, એટલે તેમને થાળની પ્રસાદી ઘણા હેતથી આપી. ૩૭. સંતો ક્યારેય બીજી વખત જમતા નહિ, પણ તે દિવસે ધર્મકુમાર શ્રીહરિએ પોતાનું વચન મનાવીને જમવા માટે સંતોને ઊભા કર્યા. ૩૮. જુણાભાઈને રાજી કરવા માટે સંતોની પંગત તેમના ઘેર કરી અને દરબારોની પંગત તેમના ચોકમાં કરી. ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શ્રીહરિએ માયિક વિષયથી દૂર રહેવાની વાત કરી' એ નામે એકોતેરમો તરંગ સમાપ્ત ॥૭૧॥



પૂર ચોથું : તરંગ - ૭૨

શ્રીહરિએ સત્સંગના મહિમાની સાથે એક પઠાણની વાત કહી

વિપ્રો મોતીચૂર અને જલેબીના થાળ ભરીને લાવ્યા. ત્યારે શ્રીહરિ ઘણા જ હેતથી તે બધું પીરસવા લાગ્યા. ૧. શ્રીહરિએ ઘણા હેતથી પહેલા સંતોને પીરસ્યું અને પછી દરબારોની પંગતમાં જઈને પીરસવા લાગ્યા. ૨. જેટલા ભોજન બનાવ્યા હતા. તે પીરસવા માટે શ્રીહરિ પંગતમાં વારંવાર ફર્યા. પછી દૂધ લઈને પીરસવા ફર્યા અને બધા દરબારોને રાજી કર્યા. ૩. બધા કાઠી દરબારો દરબાર જુણાભાઈના વખાણ કરવા લાગ્યા. જુણાભાઈનું ઘણું પુણ્ય માનીને સહુ તેના પ્રત્યે બોલતા હતા. ૪. અમને એવું જણાય છે કે તમે કોઈ આ મર્ત્યલોકના સામાન્ય માનવી નથી. એવા કોઈ મહાન પુણ્યાત્મા છો તેથી આટલા હરિભક્તો, સંતો અને શ્રીહરિનો તુરંત જોગ થયો છે. ૫.

ચોપાઈ :

एक कुटुंब से अति हित लाई, एक एककुं प्रीत हे ताई;
तेहिकर सत्संग को हे रंगा, ओर मत सब लगत बेरंगा...०६

તમે બધા એક કુટુંબના છો અને પરસ્પર એકબીજામાં ઘણા જ હેત-પ્રીત છે. એક કુટુંબની જેમ બધો સત્સંગ ભેળો થયો છે. તેનાથી જ સત્સંગનો સહુને રંગ ચઢ્યો છે અને તે સિવાયના બીજા બધા મતો એક રંગ વિનાના લાગે છે. ૬. જે મતમાં એક રંગ ન હોય અને ફીકાશ હોય ત્યાં ભગવાનનો વાસ ન હોય, ત્યાંથી તરત જ ભગવાન ઉદાસ થઈ જાય છે. જ્યાં ભગવાન ન હોય ત્યાં ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાનનું ઠેકાણું હોતું નથી. ૭. અમે અમારા મનમાં વિચારી જોયું છે કે ધર્મ વગેરે ચારે જ્યાં દિન-પ્રતિદિન વૃદ્ધિ પામતા હોય અને ભગવાન ભજવામાં જેને શ્રદ્ધા હોય તે બધા તો ભગવાનના ધામના મુક્તો જ છે. ૮.

चोपाई :

लोक मानो न मानो कोई, तिनसे न जाखे परे सोई;
वखानो न वखानो कोउ, ता संग वैर न बाँधे सोउ...०९
एसि रीत के जन हि जेता, हरि के धाम के जानना एता;
एसे जन हरिधामकुं पावे, भव भटकन सो फेर न आवे...१०

દુનિયા માને કે ન માને, તેનાથી તેઓ ઝાંખા પડે નહિ. કોઈ વખાણે કે ન વખાણે, તેની સાથે તે વેર બાંધે નહિ. ૯. આવી રીતે રહેનારા જે જીવ હોય તેને તો ભગવાનના ધામના મુક્ત જાણવા જોઈએ. આવા જીવ તો ભગવાનના ધામમાં જ જાય છે. તેને ફરીવાર આ ભવાટવીમાં ભટકવાનું રહેતું નથી. ૧૦.

આવી દરબારોની વાતો સાંભળી ત્યારે તે સહુ ભક્તોની આગળ પરમ સુખદાયક ઘનશ્યામ શ્રીહરિ ઘણા હેતથી બોલ્યા કે, જે સત્સંગમાં આવો સદ્‌ભાવ રાખતા હોય તેનો કદી અભાવ લેવો નહીં. ૧૧. તેણે કરીને બુદ્ધિ માં જે પાપ રહ્યું હોય તે શુદ્ધ થઈ જાય છે અને જીવમાં ભરાયેલો અસુરભાવ પણ નષ્ટ થઈ જાય છે. તેનાથી ધર્મમાં રુચિ થાય છે અને બધી અરુચિ-અભાવ મટી જાય છે. ૧૨. સત્સંગમાં અરુચિ રહેવી, અભાવ આવવો તે અસુરપણું છે. સત્સંગમાં માહાત્મ્યે કરીને જે રુચિ-પ્રેમ થવો તે દેવપણું છે. જેમ અન્નની અરુચિ થાય તો પછી તે દેહને તજી દે, ઝાઝું જીવે નહિ. તેમ

સત્સંગમાં પણ સમજવું. ૧૩. દરબાર, તમારા તો ધન્યભાગ્ય છે. તમે માહાત્મ્યે કરીને સત્સંગને અધિક કરી રાખ્યો છે અને તેનાથી તમે પણ કલ્યાણને માર્ગે અધિક થઈ ગયા છો. જેને આવો વિવેક નથી તેને ધિક્કાર છે. ૧૪. દરબાર જુણાજીએ પોતાના બધા જ ભવનમાં શ્રીહરિના પગલા કરાવ્યાં. અલૌકિક લહાવો લીધો. પછી શ્રીહરિ પોતાને ઉતારે પધાર્યા.

ઉતારે આવી પલંગ ઉપર બેઠા. ત્યાં ઘણી મોટી સભા થઈ. મશાલોનું અજવાળું ઘણું હતું. તે સિવાય બીજા દીવા પણ ઘણા પ્રકટાવ્યા હતા. ૧૫-૧૬. શ્રીહરિએ વસંતના અને હોરીના પદ ગવડાવવા માટે સંતોને બોલાવ્યા. બધા મુનિવરો પોતાનાં વાજિંત્ર લઈને ત્યાં આવ્યા. શ્રીહરિએ તેમને પોતાની આગળ બેસાડ્યા. ૧૭. બધાં વાજિંત્રોને એકતાલમાં મેળવ્યા. પહેલીવાર તાલ બજાવ્યો. વસંતની ચાલમાં જે આલાપ કરવામાં આવે છે તેને અત્યંત મસ્તરાગ કહેવાય છે. ૧૮. ગાનવિદ્યાની દૃષ્ટિએ આલાપ કરવામાં દેવાનંદ મુનિના સમાન બીજું કોઈને કહી શકાય નહિ. શ્રીહરિ કહેતા કે, જે જે રાગ કહેવાય છે તે ભગવાનનું સ્વરૂપ છે. ૧૯. બીજી બધી વિદ્યાઓ અનંત અને અપાર છે. તે બધી ગાનવિદ્યાના સમાન પ્રિય થતી નથી. જો ગાન કરતી વખતે ભગવાનમાં મનોવૃત્તિ લગાવે તો ભગવાન તે ગાયકને સમીપે જ આવી જાય છે. ૨૦.

❋ શ્રીહરિચરિત્ર મનુષ્યને પવિત્ર કરે છે :

પછી તે ગાયક નિર્વિષયી થાય છે અને ભગવાનના સ્વરૂપમાં લાગી જાય છે. ગાનવિદ્યામાં આવું સુખદાયક ફળ રહ્યું છે. જે લોકો આવા લાભને નથી માનતા તેઓ તો અંતે જાતા કામી થઈ જાય છે. ૨૧. ભગવાનના ચરિત્ર તો અનંત અને અપાર છે. તે વિવિધ પ્રકારના છે અને બધા જ અલગ અલગ રીતના છે. **મનુષ્યનો મોક્ષ કરવાને માટે ભગવાન પવિત્ર મનુષ્ય ચરિત્ર કરે છે.** ૨૨. તે મનુષ્યચરિત્રોમાં દિવ્યભાવ લાવીને જે ગાય છે તે ભગવાનના ધામમાં જાય છે. ભલે યોગ્ય હોય કે અયોગ્ય હોય, પણ શ્રીહરિના ચરિત્ર તો મોક્ષ આપનારા છે. ૨૩. તે ચરિત્રોમાં જે મનુષ્યભાવ પરઠીને દોષ જુએ છે તે મર્યા પછી જમપુરીમાં જાય છે. જીવને બ્રહ્મરૂપ કરવા માટે ભગવાનના

બધા જ ચરિત્ર અનુપમ છે. ૨૪. **ભગવાનના ચરિત્રોને અમૃતમય સમજીને ગાવા જોઈએ. આના સિવાય બીજી કોઈ સિદ્ધાંત વાર્તા નથી. ધર્મ, ભક્તિ અને વૈરાગ્ય જેવા કલ્યાણકારી સાધન તેમાં આવી જાય છે.** ૨૫. ભગવાનને રાજી કરવાના સાધન તો અનંત કહ્યા છે, છતાં તે બધા એક જ સાધનમાં આવી જાય, પણ કોઈ તેથી પૃથક્ ન રહે. ૨૬.

❋ જગન્નાથપુરીના પઠાણની પરાભક્તિ :

તે પ્રસંગ ઉપર એક વાત કહેવાય છે, તે અમે પુરુષોત્તમપુરી (જગન્નાથપુરી)માં સાંભળી હતી. દુનિયામાં ઘણી પ્રસિદ્ધ છે. ડાહ્યા માણસો બધા તે વાતને જાણે છે. ૨૭. ભગવાન શ્રીકૃષ્ણની સ્તુતિની એક અષ્ટપદી કોઈ એક પઠાણે કંઠે કરી રાખી હતી. તે ઘોડા ઉપર બેસીને ચોકીદારી કરતો હતો. તે પ્રેમમગન થઈને અષ્ટપદીને બોલવા લાગ્યો. ૨૮. તે સાંભળીને ભગવાન જગન્નાથજી બાળ સ્વરૂપે થયા અને તે પઠાણની પાછળ પાછળ દોડવા લાગ્યા. ૨૯. બાળ સ્વરૂપ ભગવાને પીળા રંગનો રેશમી જામો પહેર્યો હતો. ઘોડે બેઠેલો પઠાણ ત્યાં રહેલી એક ફૂલવાડીમાં ઘોડો ફેરવતો હતો. ૩૦. કાંટાવાળા ફૂલઝાડમાં ભરાવાથી ભગવાનનો રેશમી જામો ફાટી ગયો. પઠાણને તેની કશી ખબર જ ન હતી. ત્યાં રહેલા માળીને તે દેખાયું, તેણે પઠાણને કહ્યું. ૩૧. ત્યારે પઠાણે ઘોડો ઊભો રાખીને પાછળ જોયું, દેખતાની સાથે જ તે મૂર્તિ અદૃશ્ય થઈ ગઈ. પઠાણને ઘણું આશ્ચર્ય થયું. તે પાછો જગન્નાથપુરીમાં આવ્યો. ૩૨. મંદિરમાં જઈને દર્શન કર્યાં. ત્યારે દેખાયું કે મૂર્તિનો જામો બધો જ ફાટી ગયો છે. જામો પીળા રંગનો જ પહેરેલો હતો. તેથી તેને અત્યંત આશ્ચર્ય થયું. ૩૩.

ત્યારથી તેણે હિંદુ ધર્મમાં જે અવતાર થવાનો સિદ્ધાંત છે તેને સાચો માન્યો. બધા જ અવતારોને તેણે સત્ય માન્યા. પછી તેણે પોતાનો ઘોડો જગન્નાથપુરીમાં બાંધી દીધો. ૩૪. તે તત્કાળ ફકીર થઈ ગયો. તે મૂર્તિના નામની માળા ફેરવવા લાગ્યો. બીજા કોઈ મુસલમાનને ખબર પડે નહિ તે રીતે તે છાનો રહેવા લાગ્યો. ૩૫. પછી તે પઠાણે જગન્નાથજીની એક પટમૂર્તિ બનાવડાવીને પોતાની પત્નીને મોકલી અને કોઈની સાથે છાનું કહેવડાવ્યું

કે, આનું અંતરમાં ધ્યાન ધરજે. ૩૬. પછી તે પઠાણની પત્ની કોઈ ન જાણે તે રીતે ધ્યાન કરવા લાગી. ધ્યાન કરતા કરતા તેને શ્રીકૃષ્ણ ભગવાનના સાક્ષાત્ દર્શન થયાં. ૩૭.

પછી તે સ્ત્રી ભગવાનના કીર્તન કરવા-રચવા લાગી. જે રીતે તેને દર્શન થયાં તથા ગોકુલમાં જે શ્રીકૃષ્ણનાં ચરિત્ર થયા હતા તે બધાને ગાવા લાગી. ૩૮. તેના પદોમાંથી એક પદ શ્રીહરિએ ત્યાં ગવડાવ્યું. તે સમયે ત્યાં રાણપુરનો એક મલેક મોલે સલામ હતો તે સાંભળીને ખુશ થયો. ૩૯. પ્રેમાનંદસ્વામીના રચેલા હોરીનાં જે પદ હતા તે શ્રીહરિએ મધરાત થઈ ત્યાં સુધી ગવડાવ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શ્રીહરિએ સત્સંગના મહિમાની સાથે એક પઠાણની વાત કહી' એ નામે બોતેરમો તરંગ સમાપ્ત ॥૭૨॥



પૂર ચોથું : તરંગ - ૭૩

ભેંસજાળમાં સ્નાનાદિ કરીને ચાલેલા શ્રીહરિ ચૂડા પધાર્યા

મધરાત થઈ ગઈ છે એમ જાણીને શ્રીહરિએ દરબારોને સભામાંથી ઊઠવાનું કહ્યું. સહુ પોતપોતાના મુકામ ઉપર ગયા પછી સૂઈ ગયા. ૧. શ્રીહરિ પલંગ ઉપર પોઢી રહ્યા. સંતો ધ્યાન કરવા લાગ્યા. આસન અડગ-સ્થિર કર્યું અને દેહનું ભાન પણ ભૂલી ગયા. ૨. શ્રીહરિના મુખરૂપી પૂર્ણચંદ્ર ઝગમગ જ્યોતિ કરી રહ્યો હતો. અને સંતોરૂપી ચકોરોનો સમૂહ એક નજરે તેને જોઈ રહ્યો હતો. ૩. સવાર થવા આવ્યું અને જ્યારે અરુણોદય થયો ત્યારે સૌ સંતો 'નારાયણ ધૂન' બોલવા લાગ્યા. ૪.

શ્રીહરિ જાગી ગયા. શૌચવિધિ કરવા ગયા. જ્યારે શૌચવિધિ કરીને આવ્યા ત્યારે વિધિ પ્રમાણે હાથ પગ ધોવડાવ્યા. ૫. બાવળનું કોમળ દાતણ બાર આંગળનું લઈને આપ્યું અને પછી દાંતો ઉપર ઘસ્યું. પછી સુખધામ ઘનશ્યામ શ્રીહરિ સોનેરી બાજોઠ ઉપર બેઠા. ૬. જ્યારે શ્રીહરિ દાતણ કરી

રહ્યા ત્યારે મુખકમળ ધોયું. રૂમાલ લઈને મુખને સ્વચ્છ કર્યું. ફૂલેલતેલ વર્ણીએ લીધું. ૭. જેટલું તેલ લાવ્યા હતા તેટલું શ્રીહરિના અંગો ઉપર ચોળી દીધું. તે પછી વર્ણીએ શ્રીહરિના અંગોને ચોળીને ગરમ જળથી નવડાવ્યા. ૮. કોરા વસ્ત્રથી શરીરને લૂછ્યું અને તે પછી પીતાંબર વસ્ત્ર પહેર્યું. બીજું જરિયાની કોરવાળું પીતાંબર તે વેળાએ મસ્તક ઉપર ઓઢી લીધું. ૯.

સોનેરી ચાખડીઓ પહેરીને આગળ ભવનમાં આવ્યા. રંગલહેરી શ્રીહરિ સુશોભિત અને અનુપમ મખમલનું શુદ્ધ અમૂલ્ય આસન પાથર્યું હતું તેના ઉપર બેઠા. ૧૦. શ્રીહરિરાય પૂર્વમુખે બેઠા. સોનેરી દીવીમાં બે દીવા પ્રકટાવ્યા. અગુરુ ચંદનનો ધૂપ કર્યો. પરમ અનુપમ આચમન કર્યું. ૧૧. કેસરીચંદનનું તિલક લલાટમાં કર્યું. વચ્ચે કુંકુમનો લાલ ચાંદલો કર્યો. પછી માનસીપૂજા કરી. પછી શ્રીહરિએ બાલમુકુંદ લાલજી અને શાલિગ્રામ-વિષ્ણુની પૂજા હરખભેર કરી. ૧૨. સાકર નાખેલું દૂધ સોનાના કટોરામાં ભરીને ઘણા જ હેતથી લાવી વિષ્ણુની આગળ ધરાવ્યું. ૧૩. પાંચ પ્રદક્ષિણા અને પાંચ દંડવત્-પ્રણામ કર્યા. તે પછી સ્તોત્ર પાઠ કર્યા. અને પછી શ્રીહરિએ ધરાવેલું દૂધ પી લીધું. ૧૪.

ત્યાં સહુ સંતોએ પૂજા કરી લીધી. પછી સહુ ચાલવાને તૈયાર થઈ ગયા. શ્રીહરિએ આજ્ઞા કરી તેથી બધી સવારી પણ તૈયાર થઈ ગઈ. ૧૫. બધા સોનેરી સાજ-શણગાર સજીને શ્રીહરિ તૈયાર થઈ ગયા. ઉત્સાહ વધારનારી નોબત અને ડંકા વાગવા લાગ્યા. ૧૬. હાથમાં છડી લઈને દસ બાર ચોપદારો તૈયાર થઈને નેકી પોકારવા લાગ્યા. બધી સવારી તૈયાર થઈને આવી ગઈ તેની શોભા વર્ણવી શકાતી નથી. ૧૭. અપાર વાજિંત્રો વાગવા લાગ્યા. જય જયકારથી આકાશ વ્યાપ્ત થઈ ગયું. સોનાના શણગારોથી શોભાડેલા હાથી ઉપર મોતીજડિત અંબાડી હતી. ૧૮. અને તેના ઉપર મોટો સોનાનો કળશ અત્યંત પ્રિય અને શોભાદાર લાગતો હતો. તે હાથીના ઉપર અતિ અલૌકિક સ્વરૂપ ધારણ કરીને શ્રીહરિ બેઠા હતાં. ૧૯. સૂર્યનું અને શ્રીહરિનું તેજ એકબીજામાં ભળી ગયું હતું. સોનાના નિશાન અને વાજિંત્ર સહુની આગળ ચાલતા હતા. ૨૦. તેની પાછળ બજારમાં ચાલતા સહુ સંતો અને હરિભક્તો

સોહામણા લાગતા હતા. તેની પાછળ બધા સરબંદી ચાલતા હતા. તે સમયે ચાલતા ચાલતા બંદૂકોના અવાજ કરતા હતા. ૨૧. તેની પાછળ શ્રીહરિનો હાથી ચાલતા ઘણો ભવ્ય દેખાતો હતો. બ્રહ્માનંદસ્વામી શ્રીહરિની બાજુમાં રહીને ધીરે ધીરે ચામર ઢોળતા હતા. ૨૨. બીજા હાથી ઉપર જે સંતો બેઠા હતા તેપણ શ્રીહરિની પાસે જ બધા ચાલતા હતા અને તેમની પાછળ બધા ઘોડેસવાર દરબારો આવી રહ્યા હતા. ૨૩. તેની પાછળ સોનેરી રથમાં ઘણાં મોટા સદ્‌ગુરુ સંતો બેઠા હતા. તેના પછી હરિભક્તોના ઘણા સોહામણા સોનેરી રથ હતા. ૨૪.

શ્રીહરિ જઈ રહ્યા છે એમ જાણીને ગામના લોકો દર્શન માટે દોડી આવ્યા. બધા મુખથી વિવિધ પ્રકારના ગીત ગાવા લાગ્યા. ૨૫. નાગાજણ (નાગાર્જુન) નામે પ્રેમીભક્ત રાવળ રવાજ વગાડતો હતો. તે સિવાયના બીજા દસ બાર રાવળ તાલ વગાડતા હતા. ૨૬. તે રાવળ અત્યંત પ્રેમથી પરજ રાગના અનુપમ પદ ગાતા હતા. મહારાજાધિરાજ શ્રીહરિએ તેમને કેટલીએ વાર પોશાક આપ્યો હતો. ૨૭. ગામની સ્ત્રીઓ ઊંચે ગોખમાં અને અટારીઓ ઉપર ચઢી ગઈ. શ્રીહરિને વધાવવા માટે સોનાના થાળમાં મોતી ભરીને સહુ ઊભી રહી. ૨૮. શ્રીહરિ ગામ બહાર નીકળ્યા. ગામના લોકોને ત્યાંના ત્યાં જ ઊભા રાખ્યા. દરબાર નારસિંહજીનું ગામ **સત્યપુર**(ચાસકા) હતું. ત્યાં શ્રીહરિ પધાર્યા. ૨૯.

દરબારે રોકવાના ઉપાય બહુ કર્યા. શ્રીહરિની આગળ ઘણી વિનંતી કરી, પણ શ્રીહરિ રોકાયા નહિ અને આગળ ચાલતા થયા. તેઓ નાસ્તા માટે જે કાંઈ ચવાણું લાવ્યા હતા તે રાખ્યું. ૩૦. ત્યાંથી શ્રીહરિકૃષ્ણ મહારાજ **ચૂડા** ગામ પધાર્યા. ચૂડાના હરિભક્ત વિપ્રો જે હતા તે દોડીને સન્મુખ આવ્યા. ૩૧. તે સિવાયના બીજા પણ ભાવનાવાળા જે ગામના લોકો હતા તે બધા દોડીને આવ્યા. હરિભક્તોમાં મુખ્ય પીતાંબર વૈદ્ય (દીકરા વિષ્ણુદત્ત - નિર્ગુણસ્વામી) હતા. ૩૨. તેઓ શ્રીહરિનો મહિમા યથાર્થપણે સમજતા. શ્રીહરિ સિવાય બીજાને ક્યારેય માનતા નહિ. રાજાના દરબારગઢમાં જેટલી રાણીઓ હતી તેને બધા હરિભક્તો ઓળખતા હતા. ૩૩. સત્સંગી વિપ્રો તેમની આગળ

સત્સંગની વાતો કહેતા તેથી રાણીઓને સત્સંગ ઉપર કાંઈક ભાવ હતો. હરિભક્ત સિવાયના વિપ્રો હતા તે સત્સંગ ઉપર અતિ દ્વેષ રાખતા. ૩૪. ગામના ભાવિક જે બધા હરિભક્તો હતા તેમણે રાણીઓને બધી વાત કહી.

શ્રીહરિને બપોરા કરવા માટે રોક્યા. વૃક્ષોની છાયામાં જઈને ઊતર્યા. ૩૫. ચાર ઘડી સુધી ઉતારામાં રહ્યા. હરિભક્તોને રાજી કર્યા અને અતિ સુખ આપ્યું. બધા હરિભક્તોએ હાથ જોડી પ્રાર્થના સાથે રસોઈ બનાવવા માટેની ઘણી તાણ કરી. ૩૬. શ્રીહરિએ તેમને નવા હરિભક્ત છે એમ માનીને રસોઈ ન કરી. પણ ભક્તો જ્યારે દિલગીર થવા લાગ્યા ત્યારે ટીમણ કરાવવાની છૂટ આપી. ૩૭. હરિભક્તોમાં જેને જેટલી શ્રદ્ધા હતી તેટલું તે ટીમણ(નાસ્તો) લાવ્યા. શ્રીહરિની સાથે જે દરબારો હતા તે પોતાના ખર્ચથી ટીમણ લાવ્યા. ૩૮. ગામના જે દરબાર હતા તેમણે પોતાના ભાવ પ્રમાણે સેવા કરી. તેમાં કાંઈ કસર રાખી નહિ. ૩૯. ત્યાંની ભાવનાવાળી રાણીએ વર્ણીની પાસે શ્રીહરિને માટે થાળ કરાવ્યો અને શ્રીહરિ પણ તેમના ભાવથી ત્યાં થાળ જમ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શ્રીહરિ ભેંસજાળથી સ્નાનાદિ કરીને ચાલ્યા અને ચૂડામાં પધાર્યા' એ નામે તોંતેરમો તરંગ સમાપ્ત ॥૭૩॥



પૂર ચોથું : તરંગ - ૭૪

શ્રીહરિએ સહુને બ્રહ્મરૂપ કરવાની અને કપટીને ઓળખવાની વાત કહી

શ્રીહરિ ચૂડામાં થાળ જમ્યા. દરબાર જીવા ખાચર અને દાદા ખાચરને થાળની પ્રસાદી આપી. અને જાલમસિંહે તો પ્રસાદી માગી લીધી. ૧. ત્યારે શ્રીહરિએ વર્ણીને પોતાની પાસે બોલાવ્યા અને કહ્યું કે, બધા રાજાઓનાં દિલમાં અમારો પ્રસાદ લેવાનો ભાવ હોય છે. ૨. માટે જ્યારે જ્યારે થાળ કરો ત્યારે હરિભક્તોની શ્રદ્ધાનો વિચાર કરવો અને તેનો તાલમેળ કરીને

થાળ-રસોઈ થોડી વધારે જ કરવી. ૩. ક્યારેક તો અમે બોલાવીને થાળની પ્રસાદી આપીએ છીએ. ક્યારેક હરિભક્ત જ યાદ કરીને પ્રસાદી માગે અને ક્યારેક તો કોઈને પ્રસાદીની વાત યાદ જ આવતી નથી. ૪.

❋ શ્રીહરિને સહુને બ્રહ્મરૂપ કરવાનું જ તાન છે :

જેટલી અમારી વાત છે તે બધી દિવ્ય છે. જેનું વર્તન દિવ્ય હોય તેના અંતરમાં તે વાત રહે છે. ૫. જેનું હૃદય માયિક હોય તેમાં અમારી અમાયિક વાત રહેતી નથી. ભલેને તે કરોડોવાર પ્રયત્ન કરે. જે ભક્ત દેહાકાર થઈને વર્તતો હોય તેને માયિક ભક્ત જાણવો. ૬. **માયિક હોય તેમાં નિરંતર માન અને અપમાનરૂપ અનંત દોષ રહે છે. તેને અપમાનરૂપ ધક્કો લાગે તો તેનો સત્સંગ ક્યારેય ન રહે.** ૭. માયિક ભાવ તો કાચો કોટ છે. તોપનો ગોળો લાગે તો તે બચે નહિ. અમારી વાત તોપના ગોળા જેવી છે. તેનાથી માયિક ભાવરૂપ કાચા કોટ જેવા બધા ભક્તો ઊડી જાય છે. ૮.

चोपाई :

आत्माकार हि वर्तन जाका, वज्र कोट में निवास हे ताका;
अपमान की चोट लगे न तेहि, निरभे स्थान में बैठे एहि...०९
सत्संगि जन भये हे जेते, ब्रह्मरूप करना हे तेते;
मान अपमान करिके ताके, मायिक भाव छोडावना वाके...१०

જેનું વર્તન આત્માકારનું-આત્મનિષ્ઠા પૂર્વકનું હોય છે તેનો તો વજ્રના કોટમાં નિવાસ છે. તેને અપમાનનો ઘા લાગે નહિ. આત્મનિષ્ઠ તો નિર્ભય સ્થાનમાં બેઠો છે. ૯. જેટલા સત્સંગી થયા છે તે બધા સંતો-ભક્તોને મારે બ્રહ્મરૂપ કરી દેવા છે. માન-અપમાન કરીને પણ તેમના માયિક ભાવોને છોડાવવા છે. ૧૦.

चोपाई :

ओर नहिं मतलब हमारे, ब्रह्मरूप करना निरधारे;
हरि सम कोई न माने सारा, एहि ब्रह्मरूप दृढ निरधारा...११
ओर रहो न रहो लेशा, तामें कबु न माने कलेशा;
ताकुं कलेश न आवे कोई, आत्माकार दृष्टि जेहि होई...१२

અમારે બીજો કોઈ સ્વાર્થ નથી. અમે સત્સંગીઓને બ્રહ્મરૂપ કરવાનો નિર્ધાર કર્યો છે. અમારા સમાન બીજા કોઈને ઉત્તમ ન માને, તે જ ચોક્કસ દઢ બ્રહ્મરૂપ છે. ૧૧. બીજા કોઈ ગુણ રહે કે લેશમાત્ર પણ ન રહે, તેમાં અમે ક્લેશ માનતા નથી. જેની દૃષ્ટિ આત્માને આકારે થઈ હોય તેને બીજો કોઈ ક્લેશ આવતો નથી. ૧૨.

આ માયિક દૃષ્ટિ તો ટૂંકી છે. તેમાં અનંત આવરણ નડે છે. અમાયિક દૃષ્ટિ અપાર છે, પ્રકાશયુક્ત છે અને શક્તિશાળી છે. ૧૩. **અને અમાયિક દૃષ્ટિ જ સાચી છે પણ માયિક દૃષ્ટિ તો ખોટી છે. અસત્યથી સત્યને પકડવું તે તો તપાવેલા લોઢાના ગોળાને સાણસીથી પકડવા જેવું અશક્ય છે. તેમ માયિકબુદ્ધિથી પ્રગટ શ્રીહરિ કે સંતો-ભક્તોની મહત્તા પકડાવી અશક્ય છે.** ૧૪. જે જે કામ કરવું તે આત્મસત્તારૂપ થઈને કરવું. તો તેનાથી કોઈ જાતનું બંધન થાતું નથી. જેમ આકાશ નિર્બંધ હોય છે તેમ તે કર્મ કરનારો પણ નિર્બંધ રહે છે. ૧૫. આત્મસત્તારૂપ થયા હોય તેવા હરિભક્તે પણ ક્યારેય અધર્મનું આચરણ કરવું નહિ. જે અધર્મનું આચરણ કરે તે તો પાખંડમત ગણાય. ૧૬. કેટલાક વિપ્રો કહેવાતા હોય છે, તેઓ ભગવાનના દાસ થઈ વર્તતા હોય છે. તેઓ મનમાં ભગવાનનો અપાર ભય રાખે છે. તે બુદ્ધિ માન વિપ્રો પોતાના ધર્મનું પાલન કરતા હોય છે. ૧૭. કેટલાક તો મિથ્યા જ્ઞાન શીખીને અત્યંત પાપમય બુદ્ધિ થઈ જવાથી પોતાને જ 'કૃષ્ણ' અને 'હરિ' કહેવડાવતા હોય છે અને લોકોને ભરમાવે છે. ૧૮. કાશીનો પૌંડ્રક નામે રાજા મિથ્યા વાસુદેવ થયો. મિથ્યા ગરુડની સવારી કરતો. શંખ, ચક્ર, ગદા અને પદ્મને ધારતો. ૧૯. પોતે કૃત્રિમ ચાર હાથ ધાર્યા. પછી શ્રીકૃષ્ણ ભગવાનની સન્મુખ લડવા આવ્યો. તેનો બનાવટી મિથ્યાવેશ દેખીને સુખદાયક શ્રીકૃષ્ણ ઘણું હસ્યા. ૨૦.

પૌંડ્રકનું મોત નજીક આવ્યું હતું. તેથી તેણે શ્રીકૃષ્ણ ભગવાનને કહ્યું, "વાસુદેવ આવું જે સાચું નામ છે તે તો મારું છે. ૨૧. તું મારો વેશ લઈને મિથ્યા 'વાસુદેવ' થયો છે. એટલે તેં ધારેલો મારો વેશ છોડી દે, અથવા શૂરવીર બનીને સાથે લડવા તૈયાર થા." ૨૨. ત્યારે શ્રીકૃષ્ણે તેને કહ્યું, તારું

જે પરાક્રમ હોય તે મને પહેલા બતાવ, હું તો પછી મારું પરાક્રમ બતાવીશ. હું પરાક્રમ કરું એટલે તું ફરીવાર નગરમાં જઈ શકીશ નહિ. ૨૩.

તેથી પૌંડ્રકે ક્રોધિત થઈને શ્રીકૃષ્ણની ઉપર અનેક અસ્ત્રો-શસ્ત્રોના પ્રહાર કર્યા પણ તેમાંથી એકપણ લગારેય લાગ્યું નહિ. પછી શ્રીકૃષ્ણે કહ્યું, એ મિથ્યા આડંબર કરનાર !!! હવે તું મારું બળ દેખ. ૨૪. એક જ વાર ચક્રને ફેંકવાથી તેનું માથું તોડી નાખ્યું. ભગવાન સાચા હતા. તે સાચા જ રહ્યા અને અસત્ય પૌંડ્રકનું કાંઈ ઠેકાણું રહ્યું નહિ. ૨૫. જે સત્ય છે તે ક્યારેય અસત્ય થાતું નથી અને જે અસત્ય છે તે ક્યારેય સત્ય થાતું નથી. ખોટા અસુરો તેનું મોત થાય, છતાં પણ તે પોતાના અસુરભાવને ક્યારેય છોડતા નથી. ૨૬.

પૌંડ્રીક જેવા કેટલાક પાખંડી વિપ્રો આ જગતમાં જ્યાં ત્યાં ફરે છે. તેની ખબર રાખવી જોઈએ. પરંતુ જે ગાફલ હરિભક્ત હોય તે પાખંડીને ઓળખતા નથી. ૨૭. જેને પ્રગટ પ્રભુના નિશ્ચય અને ધર્મમાં ખામી હોય છે તેને જ પાખંડીઓ ધક્કો મારે છે. અને જે સત્સંગી તે બે વાતમાં નિપુણ હોય છે તે તો તે પાખંડીઓને પણ ઘસારો દે છે, તેને પાછા પાડે છે. ૨૮. જે લોકો નિર્માલ્ય-દમવિનાના તુચ્છ હોય છે તેઓ તો ક્યારેય ભગવાનને ભજી શકતા નથી. સત્સંગ કરે તોપણ છેવટે તો વિમુખ જ રહે છે. નિર્માલ્ય-દમવિનાનો માણસ તો મડદું કહેવાય. મડદાને તો અંત્યજ લઈ જાય છે. ૨૯. મડદું અંત્યજના ઘરની શોભા કહેવાય, બીજાને તો તેથી આભડછેટ લાગે. નિર્માલ્ય માણસનો શોક કરાય નહિ. તેને દૂર રાખવો. તેનો સહવાસ રાખવો નહિ. ૩૦.

શ્રીહરિએ જેટલા સંતો હતા અને હરિભક્તો હતા તેમની આગળ આવી વાત કરીને કહ્યું કે આપણા સત્સંગમાં ગામેગામ જે હરિભક્તો રહેતા હોય છે. ૩૧. તેમની આગળ આવા પાખંડીઓની વાત સમજાવીને કહેવી, વાત કહી હોય તે ક્યારેક કામ લાગે. આવા જે ગામ કહેવાય છે તેમાં એવા કોઈ પાખંડીઓ રહેતા જ હોય છે. ૩૨. ખોટી રીતે ઉપરથી સત્સંગના વ્રતમાનનું પાલન કરીને ભોળા લોકો પાસેથી ધન હરી લઈને પોતાનું પેટ ભરતા હોય

છે, એવા પ્રકારના ગામોમાં પાખંડીઓનું તેવું આચરણ હોય છે, એટલે તેમનો વિશ્વાસ કરવો નહિ. ૩૩. જેમ લસણની ગંધ છૂપી રહેતી નથી તેમ પાખંડી ક્યારેય છૂપો રહેતો નથી. કોઈક દિવસ એવી પાખંડની વાત દેખવામાં આવે ત્યારે જરૂર મનાશે. ૩૪. જો તમે સાપને દૂધ પાઓ તોપણ તે પોતાના ઝેરને છોડશે નહિ. ભગવાનના સ્વરૂપનું જ્ઞાન દૂધના જેવું છે. પણ તે જ્ઞાનનો થોડો અંશપણ ખળમનુષ્યને શીખવવો નહિ. ૩૫.

બધા જ શાસ્ત્રોમાં આવી વાત કહી છે. તે નહિ માને તેને દુ:ખ થશે. પહેલા જે ખળ કહેવાતો હોય તે સત્સંગમાં આવીને બીજા કરતા વર્તન અધિક સારું રાખતો હોય છે. ૩૬. રાત દિવસ સત્સંગની અભિવૃદ્ધિની જે વાતો થતી હોય છે તેનો ખળપુરુષ આધાર લે છે. તેથી તે ખળપુરુષના પાખંડમાં બીજાજનો અંજાઈ જાય છે. ૩૭. પોતાનો વિશ્વાસ કરાવવા માટે ખળમાણસ પોતાનું વર્તન સહુથી શ્રેષ્ઠ રાખે. વર્તનની શ્રેષ્ઠતા જોઈને લોકો ઉપર તેનો ઘણો જ ભાર રહે છે. ૩૮. **નિષ્કપટ હરિભક્ત હંમેશાં સહુની સાથે સાધારણ રીતે વર્તન રાખતો હોય છે તે ક્યારેય અધિક કે ન્યૂન વર્તન દેખાડે નહિ.** ૩૯. જે કપટી છે તે અધિક વર્તન દેખાડીને સાધારણ વર્તનવાળાના દોષ દેખાડે છે, પણ જે નિષ્કપટ ભક્ત છે તે યથાર્થ રીતે સહુને જાણી લે છે. તેનું મન સત્સંગમાં પાકું હોય તેને કળી જાય છે. ૪૦. જે ઠગવિદ્યામાં નિષ્ણાત હોય તેવો કપટી મનુષ્ય નિષ્કપટીની સાથે ભળી જઈને પાકા વર્તનવાળાના દોષોને દેખાડે છે. આવો જે ઠગ હોય તે ક્યારેય ઓળખાતો નથી. ૪૧. કેટલાક હરિભક્ત અધિક વર્તન દેખાડીને અમને પણ છેતરે છે. પણ જ્યારે કામ પડે ત્યારે અમે તેને ઓળખી લઈએ છીએ. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શ્રીહરિએ સહુને બ્રહ્મરૂપ કરવાની અને કપટીને ઓળખવાની વાત કહી' એ નામે ચુંમોતેરમો તરંગ સમાપ્ત ॥૭૪॥



પૂર ચોથું : તરંગ - ૭૫

શ્રીહરિ ચૂડામાં રાણીઓને દર્શન દઈને બલદાણા પધાર્યા

હરિભક્તોને રાજી કરવા માટે પરમ પ્રવિણ શ્રીહરિ તાજી સુખડી અને ગાંઠિયાનું ટીમણ સંતોને આપવા લાગ્યા. ૧. જે સારા પકવાન હતા, બરફી, પેંડા અને સુખડી વગેરે તેમાંથી ભગવાન શ્રીહરિ થોડું જમ્યા અને બધું પ્રસાદીનું કર્યું. ૨. બધા દરબારોને પોતાની પાસે બોલાવ્યા. ઘણાં જ હેતથી તેમને તે પ્રસાદી આપી અને આ રીતે શ્રીહરિએ મહાઉત્સવ કર્યો. ૩. સંઘના બધા જનો જમી રહ્યા. શ્રીહરિએ તે બધાની સંભાળ લીધી. પછી પ્રયાણ કરવા માટે બધી સવારી તૈયાર થઈ. ૪.

બલદાણા ગામના વિપ્ર જૂઠાભાઈ આચાર્ય હરિભક્ત હતા. તે શ્રીહરિને ત્યાં બોલાવવા માટે આવ્યા. તેમણે પહેલા બ્રહ્માનંદસ્વામીને વાત કહી. ૫. બ્રહ્માનંદસ્વામી તે સમયે તેમને સાથે લઈને શ્રીહરિની પાસે આવ્યા. વિપ્રે હાથ જોડીને શ્રીહરિને કહ્યું; પ્રભુ, આપ મારી વિનતિને સાંભળો. ૬. આપ મેમકા ગામ પધારવાના છો. તો અમારું ગામ બલદાણા તેના રસ્તામાં જ આવે છે. આપ ત્યાં પધારો અને એક રાત રહો. તે પછી સવારે મેમકાગામ જવા નીકળજો. ૭. મેમકા જતાં લીંબડી થઈને જવું તે રસ્તો લાંબો છે અને અમારા ગામથી ચાલતો માર્ગ અનુકૂળ છે. પછી આપની જેવી મરજી હોય તે પ્રમાણે કરો. ૮.

બંને ગામમાં હરિભક્તો તો છે, તેમાં જે ફેરફાર કરવો હોય તે આપ કરો. લીંબડી ગામમાં તો મહાજનનું બળ છે. ત્યાં રાજાનું થોડુંએ ચાલવા દેતા નથી. ૯. મહાજન બધા મળીને રાજ્ય ચલાવે છે. રાજાને પોતાની દૃષ્ટિ નથી. તેની બુદ્ધિ ઘણી ધર્મપરાયણ છે. તેણે માંસ ખાવાનું અને દારૂ પીવાનું બંધ કર્યું છે. ૧૦. જેટલામાં લીંબડીનું રાજ્ય છે તેમાં ક્યાંય જીવહિંસા થાતી નથી.

ત્યારે શ્રીહરિ બોલ્યા, બધા દરબારો તમે સાંભળો. ૧૧. લીંબડી જાવાનું અવશ્ય છે પણ પહેલા બલદાણા જઈએ અને પછી ત્યાંથી લીંબડી જઈશું.' આવું કહીને શ્રીહરિ પરમ સ્નેહથી હાથી ઉપર જઈને બેઠા. ૧૨. બધી સવારી તૈયાર થઈ. અનંત વાજિંત્ર વાગવા લાગ્યાં. સાથે મોટા મોટા

સંતો હતા, તેથી ઘણી અપાર શોભા થઈ. ૧૩. શ્રીહરિના મસ્તકે બ્રહ્માનંદ સ્વામી ચામર કરતા હતા. ધીર ગંભીર બધા હરિભક્તોએ કહ્યું, બધા સંતો ચૂડા ગામ વચ્ચે થઈને ચાલો. ૧૪. સંતો દરબારગઢને દરવાજે ગયા ત્યારે દરવાણીએ તેમને રોક્યા. પણ હરિભક્તો બળિયા હતા. તેમણે જઈને રાણીને બધી વાત કહી. ૧૫.

તુરંત રાણીએ રાજાને બોલાવ્યા અને સારી રીતે બધી વાત સમજાવી. આવા ભગવાન આપણે ત્યાં ક્યાંથી આવે! આપ દરવાણીને કહો, રાજ દરબારગઢને સમીપે તેઓ પધારે. ૧૬. આપ પગે ચાલીને ત્યાં જાઓ અને શ્રીહરિના ચરણમાં પડીને પગે લાગો. આપના આ નગરના અપાર ભાગ્ય છે કે ધર્મના પ્યારા શ્રીહરિ અહીંયાં પધાર્યા છે. ૧૭. જેના ઘણા જ સદ્ભાગ્ય હોય તે લોકો જ આ શ્રીહરિને માને છે, ઓળખે છે. જેમ પશુને કોઈ બાબતની કાંઈ ગમ પડતી નથી તેમ અભાગિયા લોકોને કાંઈ ખબર પડતી નથી. આ શ્રીહરિને ન માને તેઓ પણ પશુના જેવા જ છે. ૧૮. ભેંસજાળના દરબાર કાયાભાઈના મહાન ભાગ્ય છે કે તેમણે આ શ્રીહરિને પ્રેમથી માન્યા-પૂજ્યા. આપણા પણ ભાગ્ય મહાન ખરા કે તેમણે અહીંયા બપોરા કર્યા અને બે પહોર રહ્યાં. ૧૯.

તે પછી ચૂડાના ગામધણી દરબાર શ્રીહરિની સામે ચાલીને આવ્યા. ઘણું હેત દેખાડીને પ્રાર્થના કરી. આપની બધી સવારી રાજદરબારની પાસે થઈને ચાલે. ૨૦. પ્રભુ, આ અમારું ગામ આપનું જ છે. આમાં અમારું કાંઈ જ નથી. પછી રાજાનો ભાવ જોઈને શ્રીહરિ રાજદરબારની સમીપે આવ્યા. ૨૧. દરબારની રાણીઓ ઘણી જ સુજ્ઞ હતી. તે બધી ઓઝલની મર્યાદા જળવાય તે રીતે રાજમહેલના ગોખમાં આવીને બેઠી હતી. ૨૨. શ્રીહરિની સવારી દેખીને રાણીઓ ઘણી જ ખુશી થઈ. સમગ્ર રાણીઓએ પોતાના નેત્રોથી કેવળ શ્રીહરિની મૂર્તિનાં જ દર્શન કર્યાં. મૂર્તિ વિના બીજું કશું જ જોયું નહીં. ૨૩.

હાથી ઉપર મોતીથી જડિત હોદ્દો હતો અને તેમાં શ્રીહરિ વિરાજ્યા હતા. શ્રીહરિના સ્વરૂપની શોભા ઘણી જ અદ્ભુત હતી. ૨૪. શ્રીહરિની આગળના ભાગમાં અલગ અલગ પ્રકારના ઘણા જ વાજિંત્રો વાગતા હતા.

સાથે ચાલતા ભાવિક લોકો શ્રીહરિના સુયશના શબ્દોને જ બોલતા હતા. મુખથી બીજી કાંઈ વાત જ કરતા ન હતા. ૨૫. કોઈપણ મનુષ્ય મૂર્તિના સિવાય બીજું કાંઈ દેખતા ન હતા. એવો જ લોકોનો કોઈ અદ્‌ભુત ભાવ હતો. સહુએ આવી અલૌકિક રીત દેખી તેથી સહુને શ્રીહરિના ભગવાનપણાનો નિશ્ચય થયો. ૨૬.

વિવિધ પ્રકારના સોનેરી નિશાન ફરકતા હતા. ડંકાની ગતિ-રીતિ કાંઈ જુદી જ હતી. તે રીતે જ નોબત પણ વાગતી હતી. ૨૭. શ્રીહરિ એકદમ સમીપે આવ્યા ત્યારે રાણીઓએ શ્રીહરિની મૂર્તિના નખશિખ દર્શન કર્યાં. માનો સૂર્યોદય થયે દીવા ઝાંખા થઈ જાય તેમ દુનિયા બધી તેમને માટે ઝાંખી થઈ ગઈ. અને કરોડો ચંદ્ર ઉદય થયા હોય તેવી મનમાં શાંતિ થઈ ગઈ. ૨૮.

રાજાધિરાજ શ્રીહરિએ પોતાના અંગ ઉપર અનુપમ સોનેરી વસ્ત્ર પહેર્યા હતા. અને બધા જ આભૂષણ મોતીનાં પહેર્યાં હતા. આવાં સોનાના અને મોતીના વસ્ત્ર અને અલંકારો દુનિયામાં ખોળવા છતાં મળતા નથી. ૨૯. બધા હાથી અને ઘોડાઓ અલૌકિક (દિવ્ય) હોય એવા રાણીને દેખાયા. બધી સ્ત્રીઓ મોતીના થાળ ભરી ભરીને શ્રીહરિને વધાવવા લાગી. ૩૦. રાણીઓએ દૃષ્ટિરૂપી દોરી કરી. જેને કોઈ પણ મનુષ્ય દેખી શકતા નહિ. તે દૃષ્ટિની દોરીથી તેમણે મૂર્તિને ખેંચી લીધી. અને મનમાં સંતોષ થાય તે રીતે પૂજા કરી. ૩૧. જ્યારે બધી રાણીઓ પૂજા કરી રહી ત્યારે મૂર્તિને હાથી ઉપર ઠેરાવી-સ્થિર રાખી દીધી. મૂર્તિમાં અખંડ દિવ્યભાવ રહ્યો હતો, તે માયિક દૃષ્ટિવાળા લોકોને દેખાતો ન હતો. ૩૨. માયિક લોકો તો શ્રીહરિને સાધુના જેવા જ દેખતા હતા. અને જેવા દેખાતા હતા તેવા જ માનતા હતા, પણ જે મોટા સંતો કહેવાતા તેઓ તો દિવ્યભાવને દેખતા હતા. ૩૩. સર્વ સામાન્ય જે મનુષ્ય હતા તેઓ પણ શ્રીહરિને મનુષ્યભાવે જ દેખતા હતા. સામાન્ય મનુષ્યો તો અનંત હતા, દિવ્યભાવવાળા તો કોઈક જ હતા. ૩૪.

ચૂડા ગામના જેટલા લોકો હતા તે બધા તો બજારમાં જ ઊભા હતા. તે બધા પોતાના બંને હાથ જોડીને શ્રીહરિના ચરણોમાં નમસ્કાર કરતા હતા.

તેને દેખીને આસુરી લોકોને મૃત્યુના જેવું દુઃખ થતું હતું. ૩૫. આસુરી લોકો તો હાથ જોડે નહિ અને સંતોને પણ માથું નમાવીને પગે લાગે નહિ. જો કોઈ સત્સંગના ગુણ કહે તો તે આસુરી લોકો બળી જાય. ૩૬. ગામની અપાર સ્ત્રીઓ ગોખમાં અને અટારીઓ ઉપર ચઢી ગઈ હતી. તેઓ મોતીના થાળ ભરી ભરીને પ્યારથી શ્રીહરિને વધાવતી હતી. ૩૭.

શ્રીહરિ ગામ બહાર આવ્યા. ત્યાંના રાજાના વખાણ કર્યા કે દરબારે આપણી ઘણી સેવા કરી. તેઓ ઘણા બુદ્ધિમાન છે. ૩૮. ચૂડાના બધા હરિભક્તો જે શ્રીહરિ સાથે ચાલતા હતા તેમને પાછા વાળ્યા અને સ્વયં **બલદાણા** પધાર્યા. ગામના હરિભક્તો સહુ સન્મુખ આવ્યા. ૩૯. પહેલા સહુ શ્રીહરિને પગે લાગ્યા અને પછીથી સંતોને પગે લાગ્યા. સૌના મનમાં ઘણો જ ઉત્સાહ હતો. તેઓ બોલતા હતા કે 'આજના દિવસને ધન્ય છે.' કે શ્રીજીમહારાજનાં દર્શન થયાં. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શ્રીહરિ ચૂડામાં રાણીઓને દર્શન આપીને બલદાણા પધાર્યા' એ નામે પંચોતેરમો તરંગ સમાપ્ત ।।૭૫।।



પૂર ચોથું : તરંગ - ૭૬

બલદાણામાં શ્રીહરિ જમ્યા, જમાડ્યા અને કવિએ હરિસ્મરણનો મહિમા કહ્યો

અપાર વાજિંત્રો વાગતાં હતાં. શ્રીહરિ બલદાણા ગામની પાસે આવ્યા. ગામના ભક્તો બધા એટલા ઉત્સાહથી ઉતાવળા આવ્યા કે તેમની છાતીમાં ક્યાંય શ્વાસ સમાતો ન હતો. ૧. બધાએ શ્રીહરિના અને સંતોનાં દર્શન કર્યાં. પગમાં પડ્યા. તેમનો અતિશય પ્રતાપ દેખીને મનમાં ઘણો જ શ્રદ્ધાભાવ થયો. ૨. હરેક ભક્તજન એક એક શ્રીફળ લાવ્યા. શ્રીહરિના ચરણોમાં તે ભેટ મૂક્યાં. બંને હાથ જોડીને પગે લાગ્યા અને મસ્તક નમાવ્યા. ૩.

ગામના દરવાજાની સ્વચ્છ જગ્યા જોઈને ત્યાં દરબારે સારો સુખરૂપ ઉતારો તૈયાર કર્યો. મંડપમાં ઘણી ચંદનીઓ બાંધી દીધી. ૪.

શ્રીહરિના ઉતારાની ચંદની રંગબેરંગી અને સોહામણી હતી. તેના હજારો સ્તંભ હતા. તે ઘણી ઊંચી હતી. ૫. ચંદનીના કિનારાના દરેક સ્તંભના ઉપર સોનાના કળશ મૂક્યા હતા. ચંદનીના નીચેના ભાગમાં સોનેરી બિલોરી કાચના ઝાડ લટકાવ્યા હતા. ૬. ચંદનીના વચ્ચેના ભાગમાં વિચિત્ર ભાતનું નંગજડિત સોનાનું સિંહાસન શોભતું કર્યું હતું. શ્રીહરિ ત્યાં આવીને તેના ઉપર વિરાજ્યા. ૭.

મૂર્તિ ચંચળ અને સોહામણી હતી. મોતી જડિત છડી હાથમાં રાખી હતી. શ્રીહરિને અનંત બ્રહ્માંડોના અધીશ સમજીને ચોપદાર "જય જય" આવા શબ્દોને પોકારીને બોલતા હતા. ૮. વિવિધ પ્રકારના બિછાના બિછાવી દીધા. અપાર લોકોની સભા થઈ. સંતો આવીને ત્યાં બેઠા. તેમજ બધા દરબારો પણ આવીને બેસી ગયા. ૯. શ્રીહરિ સહુને ઘણા પ્રેમથી ઉતારા બાબતમાં પૂછતા હતા. સહુની અગવડતા-સગવડતા કે સુખ-દુઃખની સ્થિતિમાં ધ્યાન રાખતા હતા. શ્રીહરિના સિવાય આટલા કૃપાળુ કોણ હોય ? ૧૦.

❋ મોટીબાના સદ્‌ગુણો અને વિશેષતાઓ :

સત્સંગની બે મોટેરી બાઈઓ મોટીબા તથા રાજબા હતા. જેટલી સત્સંગી બાઈઓ બહારગામથી આવતી હતી તે બધી તેમની પાસે બેસતી હતી. ૧૧. જે સુવાસિની અને વિધવા સત્સંગી બાઈઓ હતી તે બધી ગઢપુરના મોટીબા-જીવુબા પાસે બેસતી હતી. સંતોમાં 'જેમ મુક્તાનંદસ્વામી સૌના અધિક માન્ય અને મોટેરા હતા તેમ મોટીબા પણ બાઈઓમાં સૌના અધિક માન્ય હતા. ૧૨. ચૌદલોકમાં રાજબાઈના જેવી કોઈપણ ત્યાગી બહેન ન હતી. છતાં રાજબાઈ મોટીબાને અધિક મોટા અને ગુરુ માનતા હતા. ૧૩. **એક મોટા સંતમાં જે ગુણ હોવા જોઈએ તે બધા ગુણો મોટીબામાં હતા. ગુણોની દૃષ્ટિએ કશી જ ન્યૂનતા તેમાં ન હતી. બધા જ સર્વોત્તમ સદ્‌ગુણ તેમનામાં સહેજે રહેતા, ક્યારેય તે ગૌણ પડતા નહિ.** ૧૪. જેમ સરોવરમાં સહુથી અધિક સાગર ગણાય, પાંચભૂતોમાં સહુથી શ્રેષ્ઠ આકાશ ગણાય અને મુક્તોમાં સહુથી મહાન મુક્તાનંદસ્વામી કહેવાય તેમ સત્સંગી બહેનોમાં સહુથી અધિક મહાન મોટીબા ગણાય. ૧૫. ભગવાનની મોટપ ભગવાનમાં

સહેજે રહેલા અપાર કલ્યાણકારી ગુણોને લીધે છે. તે રીતે જ મોટીબામાં સાધુના સદ્‌ગુણો બધા ચોક્કસ રીતે સહેજે રહ્યા હતા. ૧૬. શ્રીહરિના ભક્તો અનંત છે. તેઓ એકએકથી અધિક મહાન છે. જેમ આકાશના તારાઓનો ગણે પાર આવતો નથી તેમ ભક્તોનો ગણે પાર પમાતો નથી. ૧૭. આવી જ વાતો શ્રીહરિએ વારેવારે કહી છે એટલે મેં તે લખી છે. બીજી વાતોને તો હું જાણતો નથી. ૧૮.

જ્યારે દિવસ બે ઘડી (૪૮ મિનિટ) બાકી રહ્યો. બધી રસોઈ તૈયાર થઈ ગઈ. વર્ણી શ્રીહરિને બોલાવવા આવ્યા ત્યારે તેમને જોઈને શ્રીહરિ થોડું હસ્યા. ૧૯. નિપુણતાથી બધાં વસ્ત્રો અને આભૂષણો ત્યાં જ ઉતારી દીધા. એક પીતાંબર પહેરી લીધું અને બીજું પીતાંબર ઓઢી લીધું. ૨૦. દયાળુ શ્રીહરિએ મોતીજડિત ચાખડીઓ ચરણમાં પહેરી. હાથમાં રેશમી રૂમાલ લીધો. પછી રસોઈ તૈયાર કરી હતી ત્યાં પધાર્યા. ૨૧. ત્યાં એક સોનેરી બાજોઠ મૂક્યો હતો. પરમ સુખદાયક શ્રીઘનશ્યામ હરિ તે જોઈને તેના ઉપર બેઠા. પાણીથી ચરણકમળને ધોયા. પછી રૂમાલથી તેને લૂછ્યાં. ૨૨. શ્રીહરિને માટે દૂધપાક અને મેંદાની પૂરી બનાવી હતી. સાકરનો શીરો પણ કર્યો હતો. થાળ ભરી ભરીને શ્રીહરિની આગળ ધરી દીધા. ૨૩. રીંગણાનું શાક બનાવીને તેમાં ઘણું જ ઘી નાખ્યું હતું. જે જે ભોજન તૈયાર કર્યાં હતાં તેને શ્રીહરિ સરસ રીતે પ્રેમથી જમ્યા. ૨૪. તે પછી તત્કાળ હાથ ધોયા અને રૂમાલથી હાથ લૂછ્યા. તાજા તજ અને એલાયચીનો સુંદર મુખવાસ લીધો. ૨૫.

શ્રીહરિની સાથે જે દરબારો હતા તેમને બોલાવીને પ્રસાદી આપી. પછી સંતોની પંગત કરાવી અને શ્રીહરિ તેમને પીરસવા માટે ઊઠ્યા. ૨૬. હરિભક્ત વિપ્રો શીરાના થાળ ભરી ભરીને લાવતા. ત્યારે શ્રીહરિ ડંકા ભરી ભરીને પીરસતા અને સંતો ભોજન કરતા. ૨૭. શ્રીહરિએ માથે સોનેરી કોરનો રૂમાલ બાંધ્યો. પીતાંબરને ખભા ઉપર જનોઈની જેમ રાખીને કમર સાથે કસીને બાંધ્યું. ૨૮. પૂર્વ-પશ્ચિમ લાંબી સંતોની પંગત થઈ. પંગત ઘણી તેજોમય હતી અને જમનારા સહુ 'સ્વામિનારાયણ' નામની ધૂન કરતા હતા. ૨૯. અનંત ધામોના મુક્તો પ્રસાદીનું માહાત્મ્ય અધિક સમજતા હતા. એટલે

સંતોની પંગત થાય અને શ્રીહરિ જ્યારે પીરસે ત્યારે તે મુક્તો પ્રસાદી લેવા માટે આવતા. ૩૦. પહેલા સંતોની પંગતમાં પીરસ્યું, તે પૂરું થયા પછી દરબારોની પંગતમાં પીરસ્યું. તે બધું જ્યારે પિરસાઈ રહ્યું ત્યારે શ્રીહરિએ "વાસુદેવ હરે !" આવો શબ્દ ઉચ્ચાર્યો. ૩૧. પરમ દયાળુ શ્રીહરિ પીરસવાને બહાને સહુને દર્શન દેતા. જેટલા હરિભક્તો કહેવાય છે તે બધાને પણ હરકોઈ રીતે કૃપાળુ શ્રીહરિ દર્શન દેતા. ૩૨.

❋ હરિસ્મરણ સુખ-શાંતિનું મૂળ છે :

चोपाई :

हरिकुं संभारे अंतर मांहिं, तिन कर अति शांति रहाहिं;
त्रिविध ताप कहावत जेता, शांति करन उपाय हे एता...३३
तेहि विन ओर शांति जेती, जमपुरि सम जानना तेती;
हरि के कथा कीर्तन जेहा, शांति करन उपाय हे तेहा...३४

મનમાં ભગવાનને સંભારતા રહે તો તેનાથી અતિશય શાંતિ રહે છે. આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક એ ત્રિવિધ તાપ કહેવાય છે. તેનાથી શાંતિ મેળવવાનો ઉપાય પણ હરિસ્મરણ જ છે. ૩૩. હરિસ્મરણ સિવાયની જે શાંતિ કહેવાય છે તે તો જમપુરીના જેવી સમજવી. ભગવાનની કથા અને કીર્તનને પણ શાંતિના ઉપાય જાણવા. ૩૪.

हरिजन संत समागम जेहि, हरि की भक्ति करना तेहि;
इतनो सब हे शांति उपाया, यामे नहिं हे कबहु माया...३५

હરિભક્તોનો અને સંતોનો જે સમાગમ કરવો તથા ભગવાનની જે ભક્તિ કરવી તે બધા શાંતિના ઉપાય છે, એમાં ક્યારેય માયા રહી નથી. ૩૫. **જે વાતોમાં ભગવાનનો સંબંધ ન આવતો હોય તે બધી જ વાતો જગતની વાતો કહેવાય. અને તે બધી વાતોને જમપુરી અને નરક જેવી જાણવી. અને તે વાતોને જ લખચોરાશી માનવી.** ૩૬. ભગવાનનો ભક્ત થઈને આવું ધ્યાન જો ન રાખે, તો તે આવી જમપુરીને ભોગવે છે. તે બધી જાતના દુઃખોને ટાળવા માટે અત્યારે શ્રીજીમહારાજ પ્રકટ થયા છે. ૩૭. શ્રીહરિ તેટલા માટે જ અનંત ચરિત્રોને કરે છે. સત્સંગમાં નિરંતર વિચરણ કરતા રહે છે.

સત્સંગમાં એક ઘડીએ ક્યાંય બેસતા નથી અને ચાહીને ભક્તોને અનંત સુખ આપ્યું છે. ૩૮. આપણો જીવ આવી બધી બાબતને એક પળવારમાં ભૂલી જાય છે. જેમ બાળકના હિત માટે તેને ચિંતામણિ લાવીને આપવામાં આવે. પણ તે બાળકને તો કશી ગમ જ નથી. એટલે ચિંતામણિને તે ફેંકી દે છે. પણ 'મા'ના જેવું હિત કરનારા સંતો; બાળક જેવા જીવને ફરીવાર હરિસ્મરણરૂપ ચિંતામણિ તેના હાથમાં આપે છે. ૩૯-૪૦. **શ્રીહરિ પોતાની મૂર્તિનું ચિંતવન કરાવવાને માટે વારંવાર પંગતમાં ફરે છે. જે કોઈ ભક્તના ચિત્તમાં જો ચરિત્ર ચોંટી જાય તો તેણે મોક્ષના અનંત સાધન કરી લીધા છે.** ૪૧. જ્યારે સંતો જમી રહ્યા ત્યારે શ્રીહરિએ હાથ ધોયા. તે ગામના જૂઠાભાઈ આચાર્ય વગેરે વિપ્રોનો ભક્તિભાવ જોઈને તેમના અતિશય વખાણ કર્યા. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'બલદાણામાં શ્રીહરિ જમ્યા અને સૌને જમાડ્યા અને કવિએ હરિસ્મરણનો મહિમા કહ્યો' એ નામે છોતેરમો તરંગ સમાપ્ત ॥૭૬॥



પૂર ચોથું : તરંગ - ૭૭

હરિભક્તોની સંભાવના અને શ્રીહરિની મરજી પ્રમાણેનું વર્તન

શ્રીહરિ સિંહાસન ઉપર આવ્યા. વિવિધ પ્રકારના વસ્ત્ર અને મોતીજડિત વિવિધ આભૂષણ પહેરી લીધા. ૧. તે પછી સૂર્યઅસ્ત થયો. તે વેળાએ મશાલો પ્રકટાવી. બિલોરી કાચના અનંત દીવાઓ થયા. તેની અપાર શોભા થઈ. ૨. દિવાળીના દિવસો કરતા પણ વધારે શોભા થઈ. પછી સંતોએ આરતી કરી, તેથી અનંત લોકોની ભીડ થઈ. ૩. સ્વયં શ્રીહરિ પહેલા ધૂન બોલાવવા લાગ્યા. તે સમયે ધૂનનો શબ્દ ત્રિલોકીમાં વ્યાપીને ગાજી રહ્યો હતો. ૪. તે વખતે વિવિધ પ્રકારના અપાર વાજિંત્ર વાગતાં હતાં. ત્યારે વિમાનમાં બેસીને ત્યાં અપાર દેવો આવ્યા. તેઓ કેસરચંદન અને પુષ્પોની વૃષ્ટિ વારંવાર કરવા લાગ્યા. ૫. જ્યાં સુધી શ્રીહરિએ ધૂન કરી ત્યાં સુધી દેવોએ ચંદન અને ફૂલ

વરસાવ્યા. જ્યારે શ્રીહરિએ ધૂન બંધ કરી ત્યારે દેવોએ પુષ્પોની વૃષ્ટિ બંધ કરી. ૬. "જય સ્વામિનારાયણ !!!" કહીને બધા ધીરે રહીને બેઠા.

તે સમયે ઝાલાવાડના હરિભક્તો હતા તે બધા ત્યાં આવ્યા. ૭. હરિભક્તોએ સંતોના અને શ્રીહરિનાં દર્શન કર્યાં. તેમના હૈયા હરખથી ભરાઈ ગયા અને ખૂબ જ ખુશી થયા. તે હળવદ અને મચ્છુ કાંઠા સુધીના બધા જ હરિભક્તો આવ્યા હતા. ૮. તેઓ બધા પોતપોતાનું ભાતું સાથે લાવ્યા હતા. તેમની આવી રીત જોઈને શ્રીહરિ મનમાં ઘણું રાજી થયા. ૯. અને બોલ્યા કે આ ઝાલાવાડના હરિભક્તો બહુ વિવેકી છે. સહુ પોતપોતાના દિલમાં વિચારીને અમારી મરજી પ્રમાણે શાસ્ત્રોના વચનોને ધારી રહ્યા છે. ૧૦. શ્રીહરિએ તેમને હેતથી બોલાવ્યા. પ્રેમથી ગામ પૂછ્યાં અને તેમના નામ અને જાતિ વગેરે પૂછ્યા. પછી સહુને ઉતારા કરાવ્યા. ૧૧.

કોઈક ભક્તો તો એવા હતા કે, જેમને માતા પિતાનો ભય હતો. તેથી ભાતાં વગર આવ્યા હતા. શ્રીહરિ તેમની સંભાળ રાખતા. આવાને ક્યારેય ભૂલતા નહિ. એવો તેમને અભ્યાસ થઈ ગયો હતો. ૧૨. તે ભક્ત ઘેર જાય ત્યાં સુધી તેને ભૂલતા નહિ. સ્વયં તેની ખબર રાખતા. તેને ક્યારેય ભૂલતા નહિ, શ્રીહરિમાં એવા ગુણ તો અનંત અને અમાપ હતા. ૧૩. ચાહે તેવી ભીડ હોય તોપણ ક્યારેય ખબર રાખવાનું ભૂલતા નહીં. જેમ જેમ વધારે ભીડ હોય તેમ તેમ ધર્મકુમાર શ્રીહરિ વધારે ખબર રાખતા. ૧૪.

શ્રીહરિ અનેક પ્રકારની વાત કરીને પણ એક મોક્ષ કરવાનું જ તાન રાખતા. કોઈને હેતથી બોલાવતા. કોઈના વખાણ પણ કરતા. ૧૫. કોઈની પાસેથી કાંઈ માગી લેતા તો કોઈ આપે તોપણ લેતા નહિ. ક્યારેક કોઈનાથી નારાજ પણ થઈ જતા. તે તે બધામાં જીવનો મોક્ષ કરવાનું જ તાન રહેતું. ૧૬. **ભગવાનનાં જેટલા ચરિત્ર છે તે બધાને મોક્ષકારી જાણવા. જેને ભગવાનનાં ચરિત્રોમાં ક્યારેય અવગુણ ન દેખાય તે જ ખરો એકાંતિક દાસ કહેવાય.** ૧૭.

યાદવો અનંત હતા. ભગવાન શ્રીકૃષ્ણની સાથે જ રહેતા. ભગવાન કહે તેમ કરતા. ખાવું, પીવું, સૂવું, બધી ક્રિયાઓને સાથે કરતા. નિત્ય નવરંગી રીતે બોલતા અને હસતા. ૧૮. તેઓ શ્રીકૃષ્ણને ઘણા બુદ્ધિમાન

જાણતા. અતિ મહાબળવાન પણ જાણતા. દાવ-પેચમાં પણ તેમને અતિશય કુશળ સમજતા. પણ યાદવો તેમને ભગવાન માનતા નહિ. ૧૯. તેનાથી તેઓ ભગવાનના ભક્તના રૂપમાં ન લખાયા. "યાદવો દેવ હતા" એવું વ્યાસજીએ લખ્યું પણ ભક્ત ન લખ્યા. બીજા કોઈ યાદવ ઉદ્ધવજીના જેવા ભક્ત થયા નહિ. ભલે તેમણે ઉદ્ધવજી કરતા પણ વધારે સેવા કરી હોય. ૨૦. **ભગવાનને ભગવાનનાં રૂપમાં સમજ્યા-ઓળખ્યા વિના કોઈ ભગવાનનો દાસ થતો નથી.** ચાહે સો વરસ સુધી ભગવાનની પાસે રહે તોએ શું ? તેઓ તો સ્વર્ગ આદિ દેવતાઓના લોકને પામે છે પણ તેનો મોક્ષ થાતો નથી. ૨૧.

ચાહે દેવ હોય, ચાહે અસુર હોય; ભગવાનને ઓળખ્યા વિના, સમજ્યા વિના કોઈ મોક્ષને પામ્યા નથી. જે જે અસુરો થયા હતા તે ભગવાનને નિશ્ચિતરૂપમાં જાણીને વૈરભાવ કરવાથી ભગવાનના ધામમાં ગયા છે. ૨૨. વૈરભાવે ભક્તિ કરીને ભગવાનના ધામને પામ્યા છે તોપણ તેમને ભક્તનાં જેવું ત્યાં સ્થાન મળ્યું નથી. શ્રીહરિ એવું બોલ્યા કે ભગવાનનો ભક્ત હોય તેણે આવા ભક્ત ન થાવું. અર્થાત્ તેણે વૈરભાવે ભક્તિ ન કરવી જોઈએ. ૨૩. ઉદ્ધવનો ભક્તિભાવ અને ભગવદ્‌ભજનની રીત જોઈને ભગવાનના ભક્તે ચાલવું જોઈએ. જે શ્રીકૃષ્ણ ભગવાન ગોકુલવાસી કહેવાય છે તે જ સર્વ અવતારોનું કારણ છે. ૨૪.

અક્ષરધામના અધિપતિ, આનંદઘન અને ભક્તોનું હિત કરનારા આવા ભગવાન અનંતરૂપ હોવા છતાં એકરૂપે થઈને સદા ગોલોક ધામમાં વિચરે છે. ૨૫. ભગવાનના ધામ અનંત છે. તે ધામ પણ ભક્તોની રુચિને અનુસારે છે. ભક્તોની રુચિને પૂર્ણ કરવાને માટે ભગવાન તેવા સ્વરૂપોને ધારી રહ્યા હોય છે. ૨૬. અક્ષરપતિ શ્રીહરિ નરનારાયણઋષિ દ્વારા ઋષિઓમાં ઋષિસ્વરૂપ ધારણ કરીને ઋષિઓની સાથે અતિશય કઠોર તપસ્યા કરી રહ્યા છે. મનુષ્યો તે શ્રીહરિની ગતિને કેવી રીતે પામી શકે ? ૨૭. **શ્રીહરિનું સ્વરૂપ બ્રહ્મા આદિ દેવો માટે અગમ્ય છે. જેવું છે તેવું તો અક્ષરને માટે પણ અગમ્ય છે. શેષ, શારદા અને નારદને માટે પણ તે સ્વરૂપ સુગમ નથી. એમ તે સ્વરૂપ કોઈને માટે સુગમ નથી.** ૨૮. શ્વેતદ્વીપવાસી જે નિરન્ન મુક્તો છે,

તેઓ પણ પોતાની રુચિને અનુસારે તપ કરવા રૂપ સાધનને સહુથી શ્રેષ્ઠ સાધન માને છે. ૨૯.

ભગવાનને રાજી કરવાના અનંત સાધન શાસ્ત્રોમાં કહ્યા છે તે સાધનો એક એકથી અધિક છે પણ તેમાં કોઈને ન્યૂન-અધિક ન માનવા. ૩૦. કેમ જે, જેને જેમાં વિશેષ રુચિ હોય તેને માટે તે અધિક છે. આવો બધા મોટા મોટાનો મત છે. જેમાં શ્રીહરિને તાન (મરજી) હોય તે જ સર્વ સાધનોમાં ઉત્તમ છે. ૩૧. ક્યારેય પોતાનું ધાર્યું કરવું નહિ અને પોતાની રુચિ મુજબ ચાલવું નહિ. માત્ર ભગવાનની મરજી જોઈને ચાલવું તેને જ ઉત્તમ મોક્ષ કહેવાય છે. ૩૨. **જે જન જેવું સાધન કરે તેવા તેના ઉપર શ્રીહરિ પ્રસન્ન થાય છે. સાધન કર્યા વિના ભગવાન પ્રસન્ન થતાં નથી, તે બાબત વિવેકથી વિચારવી જોઈએ.** એટલી વાત શ્રીહરિએ કરી. ૩૩.

શ્રીહરિએ સહજ સ્વભાવે એટલી વાર્તા કરી. વાત કર્યા પછી સહુના અંતર સામે જોતા. તે વાતને ભક્તો સમજે છે એમ જણાય તો રાજીપે વાત કરતા અને મનમાં પ્રસન્ન થતા. ૩૪. કોઈક ભક્તના મનની સમજણને તપાસે ત્યારે તે ભક્ત જો આવી સારી સમજણની વાતને ઉત્સાહથી કહી બતાવે, તો પ્રસન્ન થઈને શ્રીહરિ તે ભક્તને વગર પૂછે જ પોતાના અંતરની બધી જ વાત કહી દેતા. ૩૫. એટલા માટે જ અંતર્યામી શ્રીહરિ એમ બોલતા કે સહુના ઉપર અમસ્તુ હેત થાતું નથી.

પછી શ્રીહરિએ હાથથી સાન કરીને ગાન કરવા વાજિંત્ર મગાવ્યા. ૩૬. સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી અને પ્રેમાનંદસ્વામી વાજિંત્ર લઈને આવ્યા અને ગાન કરવા લાગ્યા. ૩૭. મુક્તાનંદસ્વામી ધુમાર રાગ બોલ્યા, બ્રહ્માનંદસ્વામી વસંત રાગ બોલ્યા અને પ્રેમાનંદસ્વામી હોરી રાગ બોલીને ગાન કરવા લાગ્યા. ૩૮. સરોદ, સિતાર, તંબૂર અને મૃદંગ એ બધાં વાજિંત્રોને એક સૂરમાં મેળવીને મુનિવરોએ પ્રેમથી વાજિંત્ર બજાવ્યાં. ૩૯. શ્રીહરિ સંતોની સાથે ગાતા હતા. તેમનો શબ્દ-સ્વર સહુથી મધુર હતો. જાણે અક્ષરધામમાં બેઠા હોય તેમ મહાન રંગ જામ્યો હતો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'હરિભક્તોની સંભાવના અને શ્રીહરિની મરજી પ્રમાણેનું વર્તન કહ્યું' એ નામે સત્યોતેરમો તરંગ સમાપ્ત ॥૭૭॥



પૂર ચોથું : તરંગ - ૭૮

દ્રોહ ન કરવા વિશે કહ્યું અને ભક્તોએ શ્રીહરિની પૂજા કરી

સદ્‌ગુરુ બ્રહ્માનંદસ્વામી ઘણા બુદ્ધિશાળી હતા. તેઓ અત્યંત ડરીને શ્રીહરિની મરજી પ્રમાણે ચાલતા અને શ્રીહરિના મહિમાને અપાર સમજતા હતા. ૧. બલદાણા ગામના હરિભક્તોને પોતાની પાસે બોલાવ્યા, પછી તેમને ચેતાવી દીધા. કારણ કે કહ્યા વિના તેમને ખ્યાલ ન આવે. ૨.

सोरठा : हरिजन नेत्र हे संत, आत्यंतिक मोक्ष करन हित;
संत विन न देखंत, समय अलोकिक आये यह...०३
भव ब्रह्मादिक देव, जाकी पूजा सो चहत नित;
ताकुं मिलत न सेव, सो तुमने सेव कियेउ सब...०४

સંતો તો હરિભક્તોના નેત્ર સમાન છે. જીવનો આત્યંતિક મોક્ષ કરવા માટે સંતો વિના બીજું કોઈ દેખાતું નથી. સંતો જ મોક્ષ કરી શકે છે. અત્યારે તો આ મોક્ષ માટેનો અલૌકિક સમય આવ્યો છે. ૩. ભવ અને બ્રહ્મા આદિ દેવો પણ જે સંતોની પૂજા કરવાનું મનમાં નિત્ય વિચાર્યા કરતા હોય છે. પરંતુ તેમને પણ તે સેવા, પૂજા મળતી નથી. તે સેવા તમે બધાએ કરી છે. ૪.

જો તમારે શ્રીહરિની પૂજા કરવાનો વિચાર હોય તો બોલજો. આવો લાભ ફરીવાર નહિ મળે. તમે ગૃહસ્થો દીકરાઓના લગ્ન પણ ઘણી વાર કરતા હો તેમાં ધન ખર્ચો છો છતાં ધન આવે છે અને જાય છે. આવું તો વારંવાર થયા કરે છે. પરંતુ આમ ભગવાનને અર્થે ખર્ચો કરવાનો અને પૂજા કરવાનો લાભ મળવો બહુ દુર્લભ છે. ૫. માટે અત્યારે સમય છે. ચંદન અને ફૂલહાર લઈને શ્રીહરિની પૂજા કરી લો. બ્રહ્માનંદસ્વામીએ કહેલ વાત

સાંભળીને હરિભક્તો ઘણા જ રાજી થયા અને બોલ્યા કે, આપે અમારું હિત કરનારું વચન કહ્યું છે. ૬.

(ગ્રંથકાર કહે છે :) આ રીતે સુજ્ઞ અને બુદ્ધિમાન હરિભક્તો હતા તે બોલ્યા. તેમને સંતોનો ઘણો જ ગુણ આવ્યો. સંતો પણ બુદ્ધિશાળી છે. તેથી જે હરિભક્તો ગુણ લે એવા હોય તેની જ આગળ એવી વાત કરે છે પણ બીજાને કહેતા નથી. ૭. શ્રીહરિની પણ એવી રીત હતી કે જે હરિભક્ત શ્રદ્ધાથી અને પ્રેમથી સેવા કરે તેને સ્વીકારતા હતા. જો શ્રદ્ધા ન હોય તો તેનું કાંઈપણ લેતા નહિ. ૮. **જે શ્રીહરિની સેવા કરે છે તેની જ મોટપ વધે છે. ભગવાનને તો કોઈ વસ્તુ કે વ્યક્તિની જ આશા નથી. અનંત બ્રહ્માંડના જે જે લોકો છે તેને શ્રીહરિ જ બધું નિરંતર આપતા રહે છે.** ૯. જે લોકોએ જેવી સેવા કરી હોય તેને શ્રીહરિ તેવું ફળ આપતા જ રહે છે. શ્રીહરિ તે ફળ દેવાનું ક્યારેય ભૂલતા નથી. કારણ કે શ્રીહરિ તો સહુના અંતર્યામી કહેવાય છે. ૧૦.

❋ દ્રોહની ભયંકરતા :

ક્યારેય કોઈનો દ્રોહ ન કરવો. કેમ જે, કોઈનો દ્રોહ કરે તો તેનાથી તે તેટલો બળતો રહે છે, દુઃખી થાય છે. એટલા માટે કોઈનો દ્રોહ ન કરવો. તેમાં પણ હરિભક્તોના અને સંતોના દ્રોહથી તો વિશેષ ડરતા રહેવું. ૧૧. બીજા લોકો ભલે ભગવાનનું અંગ હોય પણ સંતો અને હરિભક્તો તો ભગવાનના નિશ્ચે કંઠ અને નેત્ર છે. એટલે ભગવાન સંતો અને હરિભક્તોના દ્રોહને સહન કરી શકતા નથી. સનકાદિકના દ્રોહથી જય અને વિજયને જેવું દુઃખ આવ્યું હતું તેવું દુઃખ આવી શકે છે. ૧૨. ભગવાનના ભક્તના દ્રોહથી શ્રીદામા શંખચૂડ રાક્ષસ થયો અને રાધાજી આહિર પત્નિ થઈ અને એવી ગતિ થઈ અને ચિત્રકેતુ વૃત્રાસુર થયો. અને ઇન્દ્ર થયેલો નહુષ રાજા અજગર થયો. આવી સંત-ભક્તોના દ્રોહથી સ્થિતિ ઊભી થાય. ૧૩.

ભક્તદ્રોહીની ગતિ નારદ અને તુંબરુના જેવી થાય અર્થાત્ ઇર્ષાએ કરીને નારદ સાત મન્વંતર સુધી હેરાન થયા. અથવા દુર્વાસા અંબરીશના દ્રોહથી અતિ હેરાન થયા અને દક્ષ શીવના દ્રોહથી બોકડાનું મોઢું પામ્યા.

તેના જેવી આપણી પણ દશા થઈ શકે છે. આવી બધી કથાઓ અત્યંત પ્રસિદ્ધ જ છે. ૧૪. કલ્પવૃક્ષ, પારસમણિ, ચિંતામણિ, અષ્ટસિદ્ધિઓ અને નવનિધિઓ એ બધા કરતાં ભગવાન શ્રીહરિ અધિક છે. ૧૫. **શ્રીહરિ સિવાયના બધા જ સુખોના ઉપર કાળનો ભય હંમેશાં રહ્યો જ છે.** એટલા માટે ભગવાન વિના બીજે સુખ લેવા જાય છે તેને તો મહાન દુઃખ વેઠવું જ પડે છે. તે બધા જ હરિભક્તોએ અંતરમાં તપાસ કરવો જોઈએ.૧૬.

પછી હરિભક્તો પોતપોતાને ઘેર ગયા. વિવિધ પ્રકારનો પૂજાનો સામાન લઈ આવ્યા. અપાર વાજિંત્રો વાગવાં લાગ્યા. ત્યારે તે બધા ભક્તો શ્રીહરિની પાસે આવ્યા. ૧૭. બધા હરિભક્તો સોનાના દોરા લાવ્યા હતા. તે શ્રીહરિને પહેરાવ્યા. તેમાં સહુ પહેલા જૂઠાભાઈ આચાર્યે તે સોનાનો દોરો પહેરાવ્યો. ૧૮. મનમાં ખૂબ જ પ્રેમ લાવીને કેસર મિશ્રિત ચંદન લઈને સહુએ શ્રીહરિના લલાટમાં તે ચરચ્યું. તેના મધ્યમાં સુંદર કુંકુમનો ચાંદલો કર્યો. ૧૯. ગુલાબના હાર, બાજુબંધ, તોરા, ગુચ્છ અને ગજરા ઘણા જ પ્રેમથી શ્રીહરિને પહેરાવ્યા. મૂર્તિ અતિશય સુશોભિત બની. ૨૦.

કેટલાક ભક્તોએ શ્રીહરિના ચરણકમળોને દૂધથી ધોયા. તે પછી પંચામૃતથી ભાવ ભરીને પૂજ્યા. ૨૧. કેસરીચંદન ચરણો ઉપર ચરચ્યું. પછી હરખભેર તે ચરણોને છાતીએ ચાંપ્યા. અમૂલ્ય અવસર આવ્યો છે એમ વિચારીને તે સુકોમળ ચરણોને શિર ઉપર લીધાં. ૨૨. ગામના જેટલા ભાવિક ભક્તો હતા તે સહુએ આ પ્રમાણે પૂજા કરી. પછી તે સહુએ સોનાની થાળી લઈને હરખ ભર્યે હૈયે શ્રીહરિની આરતી કરી. ૨૩. સહુએ દંડવત્-પ્રણામ કર્યા અને તે પછી ભક્તિરસ ભર્યા સરસ શબ્દ બોલીને શ્રીહરિની સ્તુતિ કરી.

“હે નાથ ! આપે અમને આજ સનાથ કર્યા છે. સંસારરૂપી સાગરમાં ડૂબી રહેલા એવા અમારો હાથ આપે પકડી લીધો છે. ૨૪. જગતમાં આપની દેશી કાઢનારા-નકલ કરનારા ઘણા અસુરો છે. અમે આપના ચરણોમાં પ્રાર્થના કરીએ છીએ કે તેવા અસુરોનો સંગ અમને ક્યારેય થાય નહિ અને તમારી હજૂરમાં રાખજો. ૨૫.

दोहा : सब अवतार के मुर तुम, तुम सम होत न कोई;
अक्षर लग अपार ही, मुक्त कहावे सोई...२६

सोरठा : तुमारि अग्या जोर, अनंत कोटि ब्रह्मांड यस;
रच हि ठोर हि ठोर, तोहु न तुम सम होत तेहु...२७

આપ બધા જ અવતારોનું મૂળ છો. આપની સમાન કોઈ અવતાર નથી. (આપ તો સર્વાવતારી છો.) અક્ષરપર્યંત અનંત મુક્તો છે. ૨૬. તે આપની આજ્ઞાના બળથી આવા અનંતકોટિ બ્રહ્માંડોની રચના ઠેક ઠેકાણે કરતા હોય તોપણ આપની સમાન થઈ શકતા નથી. ૨૭. અમારી સમજણ તો આવી છે. છતાં કોઈ વિષમ દેશકાળને લીધે કુમાર્ગે ચઢી ન જવાય એટલા માટે અમને સદાય આવા સત્સંગનો યોગ આપજો." ૨૮.

આચાર્ય જૂઠાભાઈએ આ રીતની શ્રીહરિની સ્તુતિ કરી. તેથી તે વેળાએ શ્રીહરિ તેના ઉપર ઘણું પ્રસન્ન થયા. કંઠમાંથી હાર ઉતારીને તેમને આપ્યો. ૨૯. ગામના બીજા જે જે હરિભક્તો હતા. તેમને પણ પ્રસાદીનો એકેક ફૂલહાર આપ્યો. તે પછી તેમણે કેસરચંદન લઈને સંતોની પૂજા કરી. ૩૦. તે સમયે દરેક સંતને એકેક ફૂલહાર પહેરાવ્યો. જેટલી જાતનાં ફૂલ તે સમયે થતા હતા તે બધી જાતના ફૂલહાર તેમણે કર્યા હતા. ૩૧. પછી બ્રહ્મચારીની અને બધા વિપ્રોની પૂજા કરી. ગામના ભક્તોએ મહાન અલૌકિક લાભ લીધો. ડુંગરજી આદિક જે સરબંદી હરિભક્તો હતા. ૩૨. તેમને શ્રીહરિના પાર્ષદ જાણીને પ્રેમથી તેમની પૂજા કરી. વળી જેટલા હરિભક્ત દરબારો હતા તેમની પણ પૂજા કરી. ૩૩. સહુના કપાળમાં ચંદન ચરચીને પછી ફૂલહાર પહેરાવ્યા. તે શોભા વર્ણવી શકાતી નથી. ઉત્સાહ વધારનારી જેવી ફૂલેલી ફૂલવાડી હોય તેવી ફૂલહારોથી તે સભા મહાન નવરંગી પ્રફુલ્લિત થઈ હતી. ૩૪. અનંત ધામના અનંત મુક્તો ભમરાનું રૂપ લઈ શ્રીહરિના મહિમાનું ગાન કરતા કરતા ટોળેટોળાના રૂપમાં આવીને શ્રીહરિની સન્મુખ ઘૂમતા હતા. ૩૫. તે ભમરાઓનો ગુંજારવ એક સરખો છવાઈ ગયો હતો. તેઓ ફૂલોનો સુગંધ લેવા દોડીને આવતા હતા. શ્રીહરિ તેને કાંઈ કરતા નહિ. માત્ર તેઓ ફૂલ ઉપર બેસીને ઊડી જાતા હતા. ૩૬.

પછી શ્રીહરિ સુખપાલમાં બેઠા. મશાલો ઘણી પ્રકટાવી. સ્વયં સંતોને હેતે કરીને મુકામ પર રાખ્યા. ૩૭. બધા સરબંદીઓને સાથે લીધા. અનંત વાજિંત્રો વાગતા હતા. ચોપદાર છડી બોલતા હતા. ચારેબાજુ આનંદનો રસ વરસી રહ્યો હતો. ૩૮. પરમ આનંદમય શ્રીસહજાનંદસ્વામી હરિભક્તોના ભક્તિભાવને પૂર્ણ કરવા માટે તેમને ઘેરઘેર પધાર્યા. ૩૯. ગામની બધી સ્ત્રીઓ મોતીના થાળ ભરી ભરીને અને સોનાનાં ફૂલ લઈને ધર્મકુમાર શ્રીહરિને ઘણા પ્રેમથી વધાવતી હતી. ૪૦. સમગ્ર હરિભક્તોના મનોરથોને પૂરા કરીને શ્રીહરિ ગામબહાર મુકામે આવ્યા. તેથી ગામના બધા હરિભક્તોના હૃદયમાં અત્યંત ઉત્સાહ વધ્યો. ૪૧. ભક્તોને સુખ આપનારા ઘનશ્યામ શ્રીહરિ આવીને સિંહાસન ઉપર બેઠા. પોતે ભક્તજનોના ઉપર હેત હોવાથી તેમને સુખી કરવા માટે તો પ્રકટ થયા છે. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'દ્રોહ ન કરવા વિશે કહ્યું અને ભક્તોએ શ્રીહરિની પૂજા કરી' એ નામે અઠ્યોતેરમો તરંગ સમાપ્ત ॥૭૮॥



પૂર ચોથું : તરંગ - ૭૯

ચોરીથી બચવા ચોકિયાતની ગોઠવણ અને લીંબડી જવાની તૈયારી

અવિનાશી શ્રીહરિએ કરુણા કરીને દરબારોને કહ્યું, તમારે સહુએ પોતપોતાના મુકામ ઉપર ધ્યાન રાખવું. ૧. કોઈ અજાણ્યા માણસનો વિશ્વાસ કરવો નહિ. તે અજાણ્યો માણસ સત્સંગી હોય તોપણ પોતાની પાસે તેને સૂવા દેવો નહિ. ૨. જે ઠગ માણસ હોય તે સત્સંગીનો વેશ લઈને આપણી અંદર ભળી જાય. આવીને ચુપચાપ સૂઈ રહે. ૩. તમે પરદેશમાં ફર્યા નથી. હું પરદેશમાં બહુ ફર્યો છું. કેટલાક ચોર શાહુકારનો વેશ લઈને આવે. પછી તે ચોરી કરી જાય છે. ૪. ચોરલોકો બહુ જાતની કળાઓ કરતા હોય છે. ચોરની જાત ઓળખાય નહિ. સત્સંગી માનીને તેનો વિશ્વાસ રાખવો નહિ. પણ તેની તપાસ કરતાં રહેવું. ૫. અમારી આટલી આજ્ઞા છે. તેને તમે કોઈ

ભૂલશો નહિ. તમારા હિતની વાત હું હેત છે એટલે કહું છું. મને તમારી ચિંતા રહ્યા કરે છે. ૬. તમે સહુ અમારાં દર્શન કરવા આવ્યા છો. એટલા માટે તમને સહુને જણાવી દીધું છે. જ્યારે રસ્તે ચાલો ત્યારેપણ સહુએ ભેળા મળીને ચાલવું. ૭. જે પાછળ રહી જશે તે લૂંટાઈ જશે. લૂંટાયા પછી કોઈ ઉપાય થાય નહિ. એટલા માટે મેં અગાઉથી તમને ચેતવ્યા છે. ૮.

દરબાર અલૈયા ખાચરને બોલાવીને કહ્યું, દાદા ખાચર અને જીવા ખાચર સિવાય તમે જેટલા કાઠી દરબારો છે, તે સહુને હું જે ભલામણ કરું છું તે ક્યારેય ભૂલવાની નથી. ૯. જેટલા બંદૂકધારી સવારો છે તે સહુએ સંઘની પાછળ ચાલવું. તેમણે જામગરી સળગાવીને તૈયાર જ રાખવી. સાવધાન રહીને ચાલવું. ૧૦. તે સમયે તાવીના દરબાર અખાભાઈ લીંબડી જઈને આવ્યા. શિવરામ વિપ્ર પણ તેમની સાથે ગયા હતા. તેમના મનમાં તો ઉમંગ સમાતો ન હતો. ૧૧. તેઓ આવીને શ્રીહરિના ચરણોમાં પગે લાગ્યા અને વિનયભર્યા વચન કહ્યા.

હે મહારાજ ! લીંબડીના ઠાકોર સાહેબ તો ઘણા જ ગુણવાન છે અને આપનું સતત રટણ કર્યા કરે છે. ૧૨. પછી તેમણે ઠાકોર સાહેબનો વિનંતી પત્ર શ્રીહરિના હાથમાં આપ્યો. અનંત ભુવનના પતિ, નાથ શ્રીહરિએ તે પત્રને તરત જ વાંચ્યો. ૧૩. પછી શ્રીહરિએ મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, દરબાર જીવા ખાચર અને દરબાર માંચા ખાચરને પોતાની પાસે બોલાવ્યા. ૧૪. સભાને ઊઠવાની આજ્ઞા કરી. રાત દોઢ પહોર (૪.૩૦ કલાક) ગઈ હતી. સંતો ભજનમાં તલ્લીન થયા અને કેટલાક કીર્તન કરવા લાગ્યા. ૧૫.

શ્રીહરિએ પ્રસન્ન મનથી લીંબડીના હરિભક્ત નરભેરામ આચાર્ય અને રણછોડ સોનીને બોલાવ્યા. ૧૬. પરજિયા સોની નારાયણભાઈ જે બુદ્ધિ માન અને કાર્યકુશળ હતા અને તેમને દેશકાળની ગમ પડતી. તેથી તેમને પણ શ્રીહરિએ બોલાવ્યા. ૧૭. સહુ આવ્યા ત્યારે લીંબડીથી આવેલા પત્રની વાત જેમ લખી હતી તેમ બધી સ્પષ્ટ રીતે કહી અને વિશેષ કહ્યું કે જો

તમારી સહુની નજરમાં આવતું હોય તો સવારના પહોરમાં જ આપણે બધા ચાલીએ. ૧૮. હરિભક્તોને કહ્યું કે તમારે ઝાઝો ખર્ચ ન કરવો. શ્રદ્ધા હોય તેટલા જ ડગલા ભરવા. સંતોને કાચી રસોઈ આપવી. તમારે અમારી આ વાતને માનવી. ૧૯. હરિભક્તો ઘણા પાકા હતા, તેથી શ્રીહરિએ જે કહ્યું તેમાં હા કરી. તે સમયે મુક્તાનંદસ્વામી વગેરે જેને બોલાવ્યા હતા તે સહુ શ્રીહરિને કહેવા લાગ્યા, ૨૦.

"હે હરે ! જે બાબત આપની નજરમાં ઠીક લાગી; તેમાં અમે સહુ રાજી છીએ. આપ જેવું જાણો-સમજો તેવું અમે જાણતા હોઈએ નહિ. આપ તો મહાન સમર્થ અને સુખની ખાણ છો. ૨૧. આપ એક પળવાર માત્રમાં જ અનંત બ્રહ્માંડોની રચના કરી શકો છો. આપ એવા મહાન સમર્થ છો. ભવ અને બ્રહ્મા આદિ જે દેવો એક એકથી અધિક રહ્યા છે. ૨૨. તેઓ પણ આપનો પાર પામી શકતા નથી. તો અમે તો શું લેખામાં આવીયે ? આપ વિચાર કરીને જે જે કાર્ય કરતા હોવ તેમાં અમારું ઘણું મોટું હિત રહ્યું હોય છે. ૨૩.

આપ તો ભક્તજનોના હિત-સુખ માટે વિચરો છો, પણ પોતાને માટે વિચરતા નથી. આપ તો અમારા પરમ મિત્ર છો. તેથી પરમ મિત્રના ભાવથી અમને પૂછો છો. ૨૪. આપ જે કાંઈ કરતા હોવ છો તેમાં અનેક વાત રહી હોય છે તેને અમે કઈ રીતે જાણીએ ? આપ તો સાક્ષાત્ પરમેશ્વર છો, તેથી જાણો છો." ૨૫. હાથ જોડી, મસ્તક નમાવીને ઉપર કહ્યા પ્રમાણે મુક્તાનંદસ્વામીએ વાત કહી ત્યારે શ્રીહરિએ ઘણા ખુશી થઈ લીંબડી જવાનું ઠેરાવ્યું. ૨૬.

દરબારોને જવાની આજ્ઞા કરી. ત્યારે સહુ પોતાને ઉતારે ગયા. મહાન ચતુર એવા શ્રીહરિ તો તેની તે જ જગ્યાએ સૂઈ રહ્યા. ૨૭. શ્રીહરિએ પાર્ષદ મોકલીને ચોકીદારોની ખબર-તપાસ લીધી કે કોણ પોતાની ફરજ ઉપર છે. 'તે સહુને એક એક પ્રસાદીના હાર પણ આપજો.' ૨૮. આમ કહીને જેટલા પોતાના હાર હતા તે બધા પાર્ષદ ડુંગરજીને આપ્યા. તેમાં પહેલો હાર ડુંગરજીને આપ્યો અને કહ્યું કે બીજા બધા હાર ચોકી કરનારાને આપજો. ૨૯.

પાર્ષદ ડુંગરજીનો સ્વભાવ જ એવો હતો કે તેમણે બધા જ હાર પોતે સાથે લીધા. પછી શ્રીહરિએ તે હાર ઉપાડવા માટે એક બીજા માણસને સાથે મોકલ્યો. ૩૦. વળી કહ્યું કે દરેક ચોકીવાળાને કહેજો કે, 'રાતે ચોકી તપાસવા માટે તમારી પાસે કોઈ આવશે.' તેનાથી ચોકી કરનારાને ખટકો રહે. ૩૧.

પાર્ષદ ડુંગરજીએ જેમ કહ્યું હતું તેમ કર્યું. હરેક ચોકી કરનારાને પ્રસાદીનો એકેક હાર પણ આપ્યો. પછી ચાર ઘડી (૧.૩૬ કલાક) સુધી પોઢીને શ્રીહરિ ઊઠ્યા અને બધા ચોકીવાળાની ખબર લેવા ગયા. ૩૨. સહુ તત્પર થઈને ચોકી કરતા હતા. તે દેખીને શ્રીહરિ રાજી થયા. "આવીને આવી ચોકી કરજો. ક્યારેય આમાં ફેર ન પડવો જોઈએ." ૩૩. તમારી લાજ-આબરૂ તેમાં જ છે. એટલે ચોકી કરવામાં ભૂલ ન પડવા દેવી. તમારી સહુની શુદ્ધ ભાવના જોઈને અમે ઘણા ખુશી થયા છીએ." ૩૪. આવું કહીને શ્રીહરિ પાછા આવ્યા અને પોઢી રહ્યા. જ્યારે અરુણોદય થયો ત્યારે સહુ સંતો ઊઠ્યા અને 'નારાયણ ધૂન' કરવા લાગ્યા. ૩૫.

તે સમયે શ્રીહરિએ ઊઠીને શૌચવિધિ કર્યો. દાતણ કરીને સ્નાન કર્યું. તે પછી તરત પૂજાનો નિત્ય વિધિ કર્યો. ૩૬. ચોપદારને મોકલીને સવારી તૈયાર કરાવી. પછી સ્વયં પણ તૈયાર થઈ ગયા. કાંઈ શોભા કહી શકાતી નથી. ૩૭. શ્રીહરિ પોતે આવીને હાથી ઉપર બેઠા અને અખાભાઈને બોલાવ્યા. તેમને કહ્યું કે તમે આગળ લીંબડી જાઓ અને અમે આવીએ છીએ, એવા ખબર સંભળાવો. ૩૮. તે સમયે અખાભાઈ શ્રીહરિને પગે લાગીને ઝડપથી ચાલ્યા. સ્વયં સારા ઘોડેસવાર હતા. તેથી એક ઘડીવારમાં જ લીંબડી ઠાકોર સાહેબ પાસે પહોંચી ગયા. ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'ચોરીથી બચવા ચોકિયાતની ગોઠવણ અને લીંબડી જવા તૈયાર થવું' એ નામે ઓગણ્યાએંશીમો તરંગ ॥૭૯॥



પૂર ચોથું : તરંગ - ૮૦

શ્રીહરિ લીંબડી પધાર્યા અને રાજાએ સામૈયું કર્યું

હરિસિંહજી નામે લીંબડીના રાજા અતિશય બુદ્ધિમાન હતા. સારરૂપ ધર્મને અને અસારરૂપ અધર્મને બરાબર સમજતા. ૧. જે કાઠી દરબારો કહેવાય છે તે બધા ઘણા શૂરવીર ગણાતા. જેના ભયથી આખો દેશ કાંપતો અને તે દેખાઈ જાય તોપણ ધીરજ છૂટી જાતી. ૨. તેઓ મોટા મોટા રાજાના દેશોને પણ સ્થિર રહેવા દેતા નહિ. કંઈ જાતના ક્લેશ-ઉપદ્રવોને ઉપજાવતા. સમાજમાં રાત દિવસ કાઠી દરબારોનો ત્રાસ રહ્યા કરતો. ૩. તે દ્વારકાથી કચ્છ અને પાવાગઢ સુધી હતો. કાઠી અતિશય ચકોર અને ચગ (હઠિલી) જાતિ ગણાતી. તેઓ મારવાડ દેશ સુધી ફરતા રહેતા. ૪. (ગુજરાતના) દક્ષિણ ભાગમાં સમુદ્ર પર્યંત કાઠી હાહાકાર મચાવી દેતા. જે સારો માલ નજરે ચડે તેને ક્યારેય તેઓ છોડતા નહિ. ૫. મોટા મોટા રાજાઓની ફોજ તેમની પાછળ ફરતી હોય તોપણ કાઠી તેના કબજામાં આવતા નહિ. એટલે તે એવા ભયાનક ઠગ કહેવાતા. ૬.

શ્રીહરિએ તેવા બધા કાઠીઓને પોતાને વશ કરી લીધા. હેતથી આધીન કર્યા. તે શ્રીહરિનો આવો પ્રતાપ સાંભળીને ઘણા મોટા મોટા રાજાઓ પણ તે બાબતને સત્ય માનવા લાગ્યા. સમર્થ વિના આવું બને નહિ. અરે ! મોટા મોટા રાજાનું સૈન્ય રક્ષણ કરનારું રહ્યું હોય તોપણ એ કાઠી લોકો લૂંટી જતા. ૭-૮. સિંહને બકરા જેવો કરી દીધો. એટલે સહુએ "શ્રીહરિ મહાન સામર્થ્ય યુક્ત છે" એમ તેમને ઓળખ્યા. ત્યાગ અને વૈરાગ્યની બાબતમાં તે રાજાઓને મતિ હતી નહીં. પરંતુ આવી વાતોમાં તેમણે શ્રીહરિને અતિ કુશળ માન્યા. ૯. એટલે શ્રીહરિ અત્યંત સામર્થ્યવાન છે એમ સમજીને "શ્રીહરિને મારે મળવું છે." આવું લીંબડીના ઠાકોર સાહેબ (રાજા)ને મનમાં તાન હતું.

ઠાકોર સાહેબની પાસે એક વેરાગી અને બીજો મેલા ગંદા અંગવાળો કોઈ અઘોરી (નાગડો બાવો) આવતો. તેને શ્રીહરિ પધારવાના છે, એવા સમાચાર મળ્યા એટલે તે બંનેને શ્રીહરિની સાથે દ્વેષ હોવાથી ઠાકોર સાહેબ

પાસે દોડી આવ્યા. ૧૦. તે બંને રાજાના હિતેચ્છુ બનીને આવ્યા હતા. ઘણી ખટપટ કરીને રાજાને રોકવા પ્રયત્ન કર્યા. સામ, દામ, દંડ અને ભેદ એ ચાર ઉપાય પ્રયોજીને પણ રાજાને રોકવા કોશિશ કરી. ૧૧. છતાં દરબાર અખાભાઈ દૃઢ સત્સંગી હતા, તેણે ઠાકોર સાહેબના મનમાં શ્રીહરિના પરમેશ્વરપણાની ગાંઠ પાડી દીધી. તે ગાંઠ એટલે 'હીરની ગાંઠ, ઉપર તેલનું ટીપું' તેના જેવી હતી, છૂટે જ નહિ. ૧૨. ઠાકોર સાહેબ ઘણા શાણા હતા, તેઓ વેરાગી અને મલિન અઘોરી બંનેની નાસ્તિકતાને અને દુરાચારને સમજતા હતા. ૧૩. એટલે તેમના ઉપર તે બંનેનો ભાર ન રહ્યો. ભલે માખીમાં કાંઈ શક્તિ નથી, છતાં તે મરીને ભોજનમાં ભળે અને તે ખાનારાને ઊલટી તો કરાવે જ છેને ? તેમ તે બાવાઓએ ઊહાપોહ તો કર્યો છતાં તેના બધા જ પ્રયત્ન નિષ્ફળ રહ્યા. ૧૪. રાજાએ અતિ હોંશથી શ્રીહરિ સન્મુખ જવા સવારી તૈયાર કરાવી, પરંતુ કોઈ વણિક ન આવ્યા. કેમ જે, તેઓ રાજાનું ખાઈને ગર્વથી ઉદ્ધત થઈ ગયા હતા. ઠાકોર સાહેબ બધું જાણતા હતા છતાં તેમની સાથે કોઈ રોષ રાખતા નહિ. દીકરા થઈને ખાય ત્યાં સુધી તો રાજા પણ સહન કરે. ૧૫-૧૬.

શ્રીહરિ લીંબડી શહેરની સમીપે આવી ગયા. તે સાંભળીને ઠાકોર સાહેબને આનંદ ઉત્સાહ થયો. ઠાકોર સાહેબની ઘણી સારી ઉમેદ હતી. તેથી તેમણે સવારી તૈયાર કરાવી. હાથી, ઘોડા, રથ, મ્યાના જે વાહનો હતાં તેને બધાને સોનેરી સાજથી શણગારી દીધા. ૧૭. નિશાન, ડંકા અને જેટલાં વાજિંત્ર હતાં તે બધાને લઈને સન્મુખ ચાલ્યા. સ્નાન-શૌચાદિથી રહિત મલિન ધર્મના સિવાયના બધા જ પુરવાસી લોકો ઉત્સાહથી શ્રીહરિની સન્મુખ ચાલ્યા. ૧૮. ઠાકોર સાહેબ મ્યાનામાં બેઠા અને રાજકુમારને હાથી ઉપર બેસાડ્યા. શહેર બહાર પા કોશ (લગભગ-૧ કિ.મિ.) સુધી ગયા હશે તેટલામાં તો શ્રીહરિનાં દર્શન રસ્તા ઉપર જ થયા. ૧૯.

શ્રીહરિ જમીન ઉપર બિછાવેલા ગાદી તકિયા ઉપર બેઠા હતા. ત્યાં રાજા હરિસિંહજીએ અજ્ઞાનરૂપ અંધકારને હરનારા શ્રીહરિનાં ચરણ પકડ્યાં. ૨૦. શ્રીહરિએ તેમને ઘણા હેતથી બોલાવ્યા. મનભાવતા અમૃત જેવા મધુર

સ્વરવાળા શબ્દ સાંભળવાની સાથે જ કાન દ્વારા મનોહરમૂર્તિ હૃદયમાં ઊતરી ગઈ. ૨૧. હૃદયમાં પ્રકાશ થયો. તેનાથી મૂર્તિ અલૌકિક જણાણી. ઠાકોર સાહેબ ગુલાબના અપાર હાર લાવ્યા હતા. તે વેળાએ તે હાર શ્રીહરિને પહેરાવ્યા. ૨૨. સહુ સંતોને પણ ત્યાં શ્રીહરિ પાસે બોલાવ્યા અને એકેક ફૂલહાર પહેરાવ્યા.

ઠાકોર સાહેબે હાથ જોડીને શ્રીહરિને કહ્યું, આપ ભલે પધાર્યા, અમને આવીને દર્શન દીધાં. ૨૩. મારા નગરના મહાન ભાગ્ય ગણાય. આપે પધારીને તેને ધન્ય-સુફળ કર્યું અને તેને લીધે અમારું જીવન પણ સુફળ થયું છે અને મારા મોહ તથા અજ્ઞાન ટળી ગયાં છે. ૨૪. આપ કોઈનું કાંઈ લઈ જાતા નથી. ધર્મની વાત કહો છો. જીવને પાપોથી છોડાવીને તેનો સાક્ષાત્ મોક્ષ કરો છો. ૨૫. મારા મનમાં એવું ચોક્કસ થઈ ગયું છે કે જેના સદ્‌ભાગ્ય સંપૂર્ણ ઉદય થયા હોય તે મનુષ્ય જ આપને માનશે. ૨૬. જે લોકો જમપુરીમાં જવાના છે તેવાનો તો કોઈ પાર નથી. તેવા પાપીલોકો આપને ક્યારેય માનશે નહિ. ૨૭. પાપીઓમાં અત્યંત ઘોરપાપી કાઠી છે, તેના સમાન કોઈ પાપી નથી. એમ હું માનું છું તેમને આપે અત્યંત ઉત્તમ-શ્રેષ્ઠ કર્યા, તે જ આપનો અતિશય પ્રતાપ છે. ૨૮.

ત્યારે શ્રીહરિએ ઠાકોર હરિસિંહજીને અત્યંત સુબુદ્ધિવાળા દેખીને કહ્યું, દરબાર ! વેરાગી અને વિપ્ર એ બે તમારી આંખો છે. તેમજ મોક્ષદાતા ગુરુ પણ તેને જ તમે ધાર્યા છે. ૨૯. જે રીતે તેવા લોકોનો ઉદ્ધાર થાય તેવો જ તેઓ તમારો ઉદ્ધાર કરે. દરબાર તમે ઘણા બુદ્ધિશાળી છો, સાર-અસાર, સત્ય-અસત્યને તમે ઓળખી લો છો. ૩૦. તેટલા માટે અમે બહુ લાંબી વાત કરતા નથી. તમને અમારા ઉપર ચાહના હોવાથી, ભાવ હોવાથી, અમે અહીંયાં આવ્યા છીએ અને તમારો મનોરથ પૂરો થાય આવું અમે મનમાં વિચારીને અહીંયાં આવ્યા છીએ. ૩૧.

ત્યારે ઠાકોર હરિસિંહજીએ બંને હાથ જોડીને કહ્યું, મહારાજ ! આપ મારી વિનંતી સાંભળો. આપે જે બેને મારા નેત્ર જેવા કહ્યા, તે તો રત્ન (કીકી) વિનાના છે, ખોટા છે. ૩૨. અમે તેમનો વિશ્વાસ કરતા નથી.

એની પાસેથી અમે કોઈ સારી આશા રાખતા નથી. જીવના જે સાચા નેત્ર છે તેનાથી જ અમે દેખીએ છીએ. ૩૩. આંતરિક નેત્રનું સાચું રત્ન (કીકી) તો આપને જ સાચું કરીને માનીએ છીએ. હવે આપ અમારા પુરમાં ચાલો. હું આપને બોલાવવા આવ્યો છું. ૩૪. ત્યારે સુખકારી શ્રીહરિએ જવાની તરત જ તૈયારી કરી અને હાથી ઉપર બેઠા. શ્રીહરિની પાછળ બેસીને અખાભાઈ ચામર ઢોળવા લાગ્યા. ૩૫.

ઠાકોર હરિસિંહજી જ્યારે મ્યાનામાં બેઠા ત્યારે શ્રીહરિ નગરમાં જવા ચાલતા થયા. સવારીમાં જેટલાં વાજિંત્ર હતાં તે બધાં વાગવા લાગ્યાં. ૩૬. હાથમાં સોનાની છડી લઈને દસ બાર ચોપદારો છડી બોલતા હતા. "આપનો જય થાઓ...જય થાઓ...ઘણું જીવો...ધર્મકુમાર...ઘણું જીવો... ૩૭ અનંત બ્રહ્માંડોના મહારાજાધિરાજ મહેરબાન નજર રાખો...નજર રાખો..." તે ચોપદારો શ્રીહરિને ભગવાન માનીને વારાફરતી આ પ્રમાણે છડી બોલતા હતા. ૩૮. શ્રીહરિ પુરના દરવાજા પાસે પધાર્યા. ગામના વેરાગી અને મેલા અંગવાળા, અઘોરી સિવાયના બધા જ પુરજનો રાજી રાજી થઈ ગયા. ૩૯. લીંબડી પુરની શોભા અપાર હતી. ચોતરફ ઘણા જ બાગબગીચાઓ હતા. વૃક્ષોનો તો કોઈ પાર જ નહિ. અનેક પ્રકારના તે વૃક્ષ શોભતા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શ્રીહરિ લીંબડી પધાર્યા અને રાજાએ સામૈયું કર્યું' એ નામે એંસીમો તરંગ સમાપ્ત ॥૮૦॥



પૂર ચોથું : તરંગ - ૮૧

વિશેષ શોભાયુક્ત શ્રીહરિનો લીંબડી પુરમાં પ્રવેશ

લીંબડી ગામને ચારેતરફ વિવિધ પ્રકારના અનેક વૃક્ષો હતા. ગામથી દક્ષિણ પડખે નિર્મળ જળવાળી ભોગવતી ગંગા (ભોગવો નદી) વહેતી હતી. ૧. વૃક્ષોના ઉપર પોપટ, મોર, મેના વગેરે અનંત પંખીઓ હતા. અને જળમાં જળકુકડા હતા. તે બધા એક તારમાં શબ્દ કરતા હતા. ૨. ભોગાવો

નદીના બંને કાંઠા ઘણા જ રમણીય હતા તેમાં ઉત્તર કાંઠા ઉપર લીંબડી પુર અત્યંત કમનીય ઓપી રહ્યું હતું. ૩. હજારો લોકો નદીના પ્રવાહમાં નહાતા હતા અને ગામની અપાર સ્ત્રીઓ સુવર્ણ કળશમાં પાણી ભરતી હતી. ૪.

શ્રીહરિ ગામમાં પધારે છે, તેમ દેખીને બધા જ લોકો ઘણા ખુશી થયા. તેઓ ઘરનું બધું કામકાજ છોડી દઈને તે વખતે શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા. ૫. ગામની ચારેબાજુ કોટ હતો. માનો તે કોટ શ્વેત મણિઓથી બાંધ્યો હતો! તે રીતે જ કોટના બુરજ પણ બાંધેલા હતા અને દરવાજાઓ પણ તેવા જ શ્વેત મણિ જેવા પથ્થરોથી બાંધેલા ઘણા ઊંચા અને સોહામણા હતા. ૬. ચિત્ર-વિચિત્ર રંગોથી રંગીને બહુરંગી બનાવેલા દરવાજે શ્રીહરિ ઉમંગથી પહોંચ્યા. શ્રીહરિની બધી જ સવારી ઘણી સુશોભિત અને સજાવેલી હતી. ૭. સવારીની શોભા ત્રિલોકીથી ન્યારી હતી, તે જોઈને નરનારીઓ વિસ્મય પામતા હતા. હાથી, ઘોડા, રથ અને મ્યાના આવા વાહનો તો લોકોએ ક્યારેય દેખ્યાં કે સાંભળ્યા ન હતા. ૮. સહુની આકૃતિઓ દિવ્ય લાગતી, પહેરેલાં વસ્ત્ર અને અલંકારો પણ દિવ્ય લાગતા હતા. કારણ કે શ્રીહરિની મૂર્તિ જ દિવ્ય હતી, તેનાથી બધું જ દિવ્ય થઈ ગયું હતું. ૯. મૂર્તિમાં અનંત દિવ્ય રચનાઓ છે. જેનો કોઈ પાર લઈ શકે તેમ નથી. તે શ્રીહરિમાં જે રહ્યું છે તે સહજ સ્વભાવથી જ છે. કોઈપણ રચના વગેરે ઉપરથી આરોપિત થયેલું નથી. ૧૦.

જેમ સાકરમાં મધુર રસ સહજ સ્વાભાવિક છે, તેમ જ શ્રીહરિના બધા સદ્‌ગુણો સહજ અને સ્વાભાવિક છે. રિદ્ધિ-સિદ્ધિ અને ચિંતામણિ વગેરે તો શ્રીહરિની આગળ કંગાળ છે. ૧૧. તેના કરતાં તો શ્રીહરિ અનંત અને અપાર રિદ્ધિ-સિદ્ધિના ભંડારરૂપ છે. અનંત અને અપાર એવા જે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ બધાનું મૂળ પણ શ્રીહરિ જ છે. તેમનાથી અધિક કોઈ જ નથી. જે બુદ્ધિમાન લોકો છે તે તે બાબતને સમજે છે. ૧૨-૧૩.

જેમ વડનું બીજ અતિશય સૂક્ષ્મ છે. છતાં તેમાં અનંત વટવૃક્ષ, ફળ અને પાંદડાં રહ્યાં છે. ભલે તે દેખાતા ન હોય. ૧૪. તેમ અનંત બ્રહ્માંડો, તેમની જે કાંઈ સમૃદ્ધિ હોય, તે બધું શ્રીહરિના એક સંકલ્પમાં જ સમાયેલું

હોય છે. ૧૫. તેને જેટલી મહાન ઉપમા આપીએ તે બધી સત્ય જ હોય છે, જેને દિવ્ય દૃષ્ટિ પ્રાપ્ત થઈ હોય તે બધું યથાર્થ રૂપમાં દેખે છે, સત્યરૂપમાં દેખે છે. ૧૬. જેની દૃષ્ટિ માયિક છે તે મનુષ્યને તો સત્ય જ્ઞાન નહિ હોવાથી અંધ છે અને માયાના પડદા ઉપર જ બંધાયેલો છે. ભગવાન શ્રીહરિનો અતિ પ્રકટ પ્રતાપ છે, તે માયિક દૃષ્ટિવાળાને દેખ્યામાં આવતો નથી. ૧૭. એવા જે માયિક દૃષ્ટિવાળા આંધળા છે તે તો આ ગ્રંથને પણ માને નહિ. આ ગ્રંથની રચના આંધળા માટે નથી કરી, આની રચના તો ભગવાનના ભક્તોને માટે કરી છે. ૧૮. સૂર્યોદય થાય ત્યારે પ્રકાશ અતિશય થાય છે પણ તે પ્રકાશ ઘુવડને તો અધિક પાશ-બંધન રૂપ (અવરોધક) થાય છે. અંતરમાં ભગવાનનું યથાર્થ જ્ઞાન થયા વગર તો જે જેટલો મોટો વિદ્વાન કહેવાતો હોય તેને તેટલો જ મોટો અંધ જાણવો. ૧૯.

શ્રીહરિ **લીંબડી** ગામમાં પધાર્યા ત્યારની જે ત્યાં શોભા બનાવી હતી, તેની આગળ બ્રહ્મા આદિકની પણ કાંઈ ગણતી હતી નહિ. શ્રીહરિ જ્યારે ગામમાં પધાર્યા ત્યારે ગામની શોભા અતિશય વધી ગઈ હતી. ૨૦. જેટલી રાજબજારો હતી તેને ચિત્ર-વિચિત્ર વસ્તુઓથી સજાવી દીધી હતી. મોટા મોટા જે ધનવાન શેઠિયાઓ હતા. તેમણે સુવર્ણ આદિથી પોતાની દુકાનોને શણગારી લીધી હતી. ૨૧. દરેક દરવાજે મોતીના તોરણ બંધાવી દીધાં હતાં. બજારને કિનારે કેળના સ્તંભ રોપાવીને તેને કુંકુમથી ચરચ્યા હતા. ૨૨. જરિયાની ધજાઓ અને પતાકાઓ બધી જગ્યાએ ખડા કરી દીધા હતા. ફૂલના અનંત છોડ લાવીને તેનાથી સજાવટ અતિશય કરી હતી. ૨૩. મોટામોટા બિલોરી ઝાડ દરેક દુકાને પારાવાર લટકાવી દીધા હતા. ઠેકઠેકાણે હજારો લોકો ઊભા હતા. ૨૪.

જે નગરની સ્ત્રીઓ હતી તે બધી આખા શહેરની મુખ્ય બજારે ગોખ, અટારી અને છજાઓના ઉપર મોતીના થાળ ભરી ભરીને અનંત-અપાર ઊભી હતી. ૨૫. અનંત પ્રકારનાં વાજિંત્ર વાગતાં હતાં. ગંધર્વો ગાન કરતા હતા. જ્યારે રાજમાર્ગ ઉપર શ્રીહરિ આવતા હતા. ત્યારે માનો અનંત સૂર્ય ઉદિત થયા હોય તેમ જણાતું હતું ! ૨૬.

દેવતાઓ વિમાનમાં બેસીને આવ્યા હતા તેથી આકાશ ગર્જી રહ્યું હતું. તેઓ ફૂલની ઝડી વરસાવીને ગુલાલની ધૂમ મચાવી રહ્યા હતા. ૨૭. નગરની અપાર સ્ત્રીઓ ટોળેટોળાના રૂપમાં ભેળી થઈ હતી. તે મોતીના થાળ ભરી ભરીને શ્રીહરિને વધાવતી હતી. ૨૮.

✵ મૂર્તિ વર્ણન :

શ્રીહરિએ પોતાનાં અંગ ઉપર વિચિત્ર પ્રકારનાં વસ્ત્રો અને આભૂષણો ધારણ કર્યાં હતાં. વિચિત્ર ભાતની જરિયાની સોહામણી પાઘ મસ્તક ઉપર બાંધી હતી. ૨૯. બંને બાજુ બે મોતીના તોરા લટકતા હતા. નંગજડિત શિરપેચ બાંધ્યો હતો અને તેના ઉપર કલગી શોભતી હતી. દેવતાઓ અને મનુષ્યો જે દેખે તેમનું મન લલચાતું હતું. ૩૦. મોટા મોટા ગજમોતી પાઘની ચારેબાજુ ધાર્યા હતા. જેમ મોરમુકુટ હોય તેમ પાઘમાં રહેલા છોગા ઘણા જ સોહામણા લાગતા હતા. ૩૧. પંચરંગી મણિ જે છોગામાં હતા, તે ઝગમગ ઝગમગ ચમકતા હતા. મોતીની બેવડી સેર બંને ભ્રૂકુટિ ઉપર લટકતી હતી. ૩૨. મોતીજડિત કુંડળ કાનોમાં પહેર્યા હતા. તે બંને ગાલની પાસે લટકતા હતા. ગુલાબના બે ગુચ્છ બંને કાન ઉપર ધાર્યા હતા. ૩૩.

ચંચળ નેત્રોના કટાક્ષથી જોવું તે ઘણું સુંદર દેખાતું હતું. લલાટમાં કેસરી તિલક ઘણું ઉદાર-ભવ્ય લાગતું હતું. વાંકી ભ્રૂકુટિ બધાજ ભયને હરનારી હતી. નમણી નાસિકા ઘણીજ રૂપાળી હતી. ૩૪. પાકા ઘિલોડા જેવા હોઠ સોહામણા હતા. દાંતોની પંક્તિ ઝગમગી રહી હતી. મુખ પૂર્ણચંદ્રના જેવું હતું. રેશમી રૂમાલ મુખ આગળ રાખ્યો હતો. ૩૫. ચિબુક અતિશય રમણીય હતી. ડાબા કાનમાં વચ્ચે શ્યામબિંદુ હતું. નાસિકાની પાસે જમણે ગાલે નાનું લાલબિંદુ ચિત્તને આકર્ષતું હતું. ૩૬. ગજમોતીનો અનુપમ હાર છાતી ઉપર હતો. કૌસ્તુભમણિ કંઠમાં વિરાજતો હતો. આ રીતે મૂર્તિ દિવ્યરૂપે સોહામણી બની હતી. ૩૭.

શરીર ઉપર વિચિત્ર બુટ્ટાદાર જરિયાની જામો પહેર્યો હતો. છટાદાર જરિયાની રેટો કમર ઉપર બાંધ્યો હતો. ૩૮. ચિત્ર વિચિત્ર રંગનો એક

અનુપમ મહાન રેટો ખભા ઉપર ધાર્યો હતો. તે પ્રમાણે જ સુંદર સુરવાળ પહેર્યો હતો. ૩૯. શ્રીહરિએ મોતીની છડી હાથમાં રાખી હતી. મોતીના બાજુબંધ બાંધ્યા હતા અને સોનાના સુંદર કડાં કાંડામાં હતા. ૪૦. નંગ જડિત પહોંચી, સાંકળાં, વેઢ, નંગ જડિત વીંટીઓ દસે આંગળીઓમાં પહેરી હતી. ૪૧. ઘૂઘરિયોથી શોભતા ઝાંઝર ચરણોમાં ધાર્યાં હતાં. આવા ધર્મકુમાર શ્રીહરિ ગ્રંથના લેખક સિદ્ધાનંદ મુનિના હૃદયમાં અખંડ વિરાજમાન રહ્યા છે. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'વિશિષ્ટ શોભાથી યુક્ત શ્રીહરિ લીંબડીમાં પધાર્યા' એ નામે એકાશીમો તરંગ સમાપ્ત ॥૮૧॥



પૂર ચોથું : તરંગ - ૮૨

લીંબડીના રાજાએ શ્રીહરિની પધરામણી કરીને પૂજા કરી

શ્રીહરિની સવારીમાં ગરુડે હાથીનું રૂપ લીધું હતું અને ત્રિલોકીના ઈંદ્ર મહાવત બન્યા હતા. આ બાબતને શ્રીહરિ અને મુક્તો જ જાણતા હતા. ૧. શ્રીહરિની અનંત શક્તિઓ એવી છે કે જે શ્રીહરિ ચાહતા ન હોય છતાં સ્વેચ્છાથી વસ્ત્ર અને અલંકારોનું રૂપ લઈને શ્રીહરિના અંગો સાથે લપેટાઈને રહેતી હતી. ૨. મોજડીઓ મોતીજડિત હતી. તે રીતે જ અંબાડી પણ અદ્‌ભુત અને વિવિધ મોતીથી જડેલી હતી તેમાં શ્રીહરિ બેઠા હતા. ૩. તે પ્રમાણે જ હાથીના શરીર ઉપર પણ અનેક શણગારો પહેરાવ્યા હતા, જેનો ગણતા પાર આવતો નથી, તેમાં પણ અનંત શક્તિઓ તે શણગારનું રૂપ લઈને હાથીને લપેટાઈ ગઈ હતી. ૪.

રાધા, રમા સમાન અનંત ભક્તો એક એકથી વધારે શ્રીહરિમાં હેતવાળા હતા. તેને જેને જેવો ભાવ હતો તે પ્રમાણે ભાવરૂપ શક્તિએ કરીને શ્રીહરિની સેવાનો લાભ લેતા હતા. જે સમયે જેને જેવો ભાવ થાય તે સમયે શ્રીહરિના તે મુક્ત હરિભક્તો એવી રીતે વર્તતા હતા. તે મુક્ત ભક્તો ઉપરથી તો

જગતના વ્યવહારની રીત જણાવતા હતા. પણ અંતરમાં તેમને શ્રીહરિમાં પ્રીતિ રહેતી હતી. પોતાના શરીરથી લઈને દુનિયાની કોઈપણ વસ્તુમાં 'આ મારું છે.' આવું મમત્વ થતું નહિ. ૭. **જેટલું ભગવાનની સેવામાં ઉપયોગી થયું તેટલું બધું જ સાચું છે. તેમાં માયાનો ભાગ લેશમાત્ર પણ નથી. આવું જે જાણે તે રાજા બડભાગી છે.** ૮.

લીંબડી નગરના જે વેપારી શાહુકારો હતા, જેમણે ધર્મને જ સત્યરૂપમાં માન્યો હતો. તેમણે શ્રીહરિનો પ્રતાપ જોયો, એટલે તેઓ બંને હાથ જોડીને નમસ્કાર કરતા થઈ ગયા. ૯. તેઓ પરસ્પર મળીને વખાણ કરતા હતા કે, 'સાચો ધર્મ તો આ ઠેકાણે જ રહ્યો છે. બીજે તો માત્ર દેખાવ પુરતો જ ધર્મ રહ્યો છે. માત્ર ધર્મ દેખાડીને કર્મ બાંધતા હોય છે.' ૧૦. જેઓ મહા મલિન ધર્મવાળા હતા, તેઓ કપટભર્યા વ્યવહારથી પોતાનું ગુજરાન ચલાવતા હતા. તેઓ શ્રીહરિનો અપાર પ્રતાપ દેખીને પોતાના મનમાં અતિશય બળવા લાગતા હતા. ૧૧. ધર્મથી ભ્રષ્ટ લોકોનું ક્યાંય માન રહ્યું નહિ, તેથી તે ધર્મભ્રષ્ટ લોકો સંતાતા રહેતા હતા. અને જે અધર્મી વેરાગીઓ હતા તેઓ પણ બધા છુપાઈને રહ્યા હતા. ૧૨. તે લોકો મંત્ર-જંત્ર, મૂઠ-ચોટ વગેરે જેમાં જેટલું જોર હતું તે બધું કરી ચૂક્યા પણ તેમનું સામર્થ્ય કાંઈ થોડુંએ ચાલ્યું નહિ. ૧૩.

તે સમયે શ્રીહરિનો સત્કાર જેણે જેવો કર્યો તેને તેવું ફળ તત્કાળ જ મળી ગયું. ૧૪. જે કલ્પવૃક્ષ છે તે તો સહુનું અતિશય સારું જ ઇચ્છે છે. તેને માટે કોઈ અધિક કે ન્યૂન નથી. અધિકતા અને ન્યૂનતા તો લોકોના ભાવમાં રહે છે. તેમ શ્રીહરિ પણ સહુનું અતિ સારું જ ઇચ્છે છે. ૧૫. શ્રીહરિ તો કલ્પવૃક્ષ અને ચિંતામણી જેવા છે. તેમાં જે લોકો જેવી ભાવના કરે તે તેવા ફળને પામે છે. જો અમૃતની ભાવના કરે તો અમૃત મળે છે અને જો ઝેરની ભાવના કરે તો ઝેર મળે છે. આમ અમૃત અને ઝેર તો ભાવમાં રહ્યું છે. ૧૬.

હરિની ઇચ્છા જોઈને ઠાકોર સાહેબ હરિસિંહ શ્રીહરિને પોતાના રાજભવનમાં લઈ ગયા. જ્યારે શ્રીહરિ ત્યાં પધાર્યા તે સમયે રાજદરબારની શોભા ઘણી ભારે કરી હતી. ૧૭. રાજાની બેઠકનો જે મહેલ હતો તેને અત્યંત

સ્વચ્છ કરાવ્યો હતો. સાત માળનો તે મહેલ હતો. તેમાં બધા ગોખ વિચિત્ર હતા. ૧૮. તે મહેલમાં પાંચ રંગના ચિત્રો હતા. અને તેમાં સોનાનો વરખ ઘણો જ વાપર્યો હતો. તેમાં સત્વરે સુશોભિત જરિયાની ઉલેચ બંધાવી દીધાં હતાં. ૧૯. બિલોરી કાચની હાંડીઓ અને ઝાડ પ્રત્યેક ખંડમાં બાંધી દીધા હતા. ચિત્ર વિચિત્ર રંગના ભારે માંહેલા મોટા ગાલીચાઓ પાથરી દીધા હતા. ૨૦. એક મોટું સોનેરી સિંહાસન શ્રીહરિને માટે બિછાવી દીધું હતું. શ્રીહરિ જ્યારે હાથી ઉપરથી ઊતર્યા ત્યારે ઠાકોર સાહેબે શ્રીહરિનો હાથ પકડ્યો. ૨૧. પછી ઘણા જ પ્રેમથી તે મોટા સિંહાસન ઉપર બેસાડ્યા. તેઓ રાજાની પવિત્ર રીતને જાણતા હતા. સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામી આદિ બુદ્ધિમાન સંતો બધા શ્રીહરિની આગળ બેઠા. ૨૨.

દાદા ખાચર વગેરે જે દરબારો હતા તેઓ શ્રીહરિની પાસે બેઠા. દરબાર જીવા ખાચર થોડીવાર પછી આવ્યા, છતાં શ્રીહરિએ તેમને બોલાવીને આગળ બેસાડ્યા. ૨૩. ઠાકોર સાહેબે શ્રીહરિની સાથે જે દરબારો (રાજાઓ) હતા તેમના નામ પૂછ્યા. પછી મોટા મોટા સંતોના નામ પણ પૂછ્યા. અને તેઓએ કહ્યું, આ સંતો-ભક્તોના નામ અંત સમયે કામ લાગશે. ૨૪. જે કરોડપતિ બુદ્ધિશાળી મોટા શેઠિયાઓ કહેવાતા હતા તેઓ પણ શ્રીહરિને દુઃખ ટાળે તેવા સત્પુરુષ જાણીને તેમના ચરણોમાં પડ્યા. ૨૫.તે વખતે ઠાકોર સાહેબે શ્રીહરિને હાથ જોડ્યા અને બોલ્યા, "મેં એવું કોઈ પુણ્ય કર્યું નથી. હું કરોડો જન્મ સુધી તપ કરું તોપણ આપના ચરણ અહીં મારે ઘેર ક્યારેય હોય ? ન હોય. ૨૬.

दोहा : तुम सम नहि क्रपाल कोउ, हम सम अधम न कोई;
तुमारे बर्द विचारी के, उद्धार किये मम सोई...२७

આપના સમાન કોઈ કૃપાળુ નથી અને અમારા સમાન કોઈ અધમ નથી. આપે પોતાનું બિરુદ વિચારીને મારો ઉદ્ધાર કર્યો. ૨૭. શિવરામ ભટ્ટ મહાન પવિત્ર છે. એવો બીજો કોઈ વિપ્ર નહિ મળે. તેઓ 'શ્રીકૃષ્ણ જન્મખંડ' અને 'ભાગવત' પુરાણને વાંચે છે. ૨૮. તેમના પુણ્યથી મને આપનો જોગ

થયો છે. દરબાર અખાભાઈ પણ નિષ્પાપ છે. તેમણે મને આપની બધી વાત કહી છે. ૨૯. આપના સંઘ સાથે જે ‘મોટીબા’ આવ્યાં છે તેમને રાણીએ રાણીવાસમાં બોલાવી લીધાં છે. તેમને મહાન તપસ્વી અને ત્યાગી જાણીને રાણી તેમનાં દર્શન કરશે.” ૩૦.

તે વખતે શ્રીહરિની પૂજા કરવા માટે ઠાકોર સાહેબે બધો પૂજાનો સામાન સત્વરે મંગાવી લીધો. તેમણે ભારે નવઘરું મોળિયું લઈને શ્રીહરિને મસ્તકે બંધાવ્યું. ૩૧. એક મોતીની માળા લઈને શ્રીહરિના કંઠમાં પહેરાવી. એક જરિયાની શાલ ઓઢાડી. કપાળ ઉપર કેસર મિશ્રિત ચંદન ચરચ્યું. ૩૨. ધૂપ અને દીવો કરીને આરતી કરી. શ્રીહરિના ચરણોમાં માથું ઝુકાવીને તેને શિર પર લીધા. જેટલા મોટેરા સંતો હતા તે બધાને એક એક ચાદર ઓઢાડી. ૩૩. ચંદન ચરચ્યું અને દરેક સંતને એકેક પુષ્પહાર પ્રેમથી પહેરાવ્યો. જેટલા મોટેરા દરબારો કહેવાતા હતા તે સહુને મસ્તકે એકેક પાઘ બંધાવી. ૩૪. દરબાર દાદા ખાચર અને જીવા ખાચરના ઉપર મનમાં વધારે ભાવ રાખીને તેમને એકએક દુશાલો વધારે ઓઢાડ્યો. કારણ કે ઠાકોર સાહેબ અલૌકિક રીત જાણતા હતા. ૩૫. તેઓ થોડું હસતા હસતા એમ બોલ્યા કે આપ કાઠી દરબારો અત્યારે અમારે માટે પૂજ્ય થયા છો. વાનર જાતિના હનુમાનજી ક્યાં ? છતાં તેમણે ભગવાનની સેવા કરી તો આખા જગતમાં પ્રસિદ્ધ થઈ ગયા. ૩૬.

હનુમાનજીના કરતાં પણ આ દરબારોને વિશેષ સમજીને, સાચા ભક્ત માનીને હું પૂજું છું. દરબાર જીવા ખાચરના કરતા પણ આ દાદા ખાચરને હું સર્વોત્તમ ભક્ત જાણું છું. ૩૭. દાદા ખાચરે જન્મથી આરંભીને ક્યારેય કોઈ ફેલ કર્યા જ નથી. માંસાહાર અને દારૂપાન જેવા મહાપાપોને તેમણે ક્યારેય નજરે જોયા પણ નથી, આવા તે નિષ્પાપ છે. ૩૮. તેમને કોઈપણ જાતનું વ્યસન નથી. બ્રાહ્મણ કરતાં પણ ધર્મવાળા-સદાચારી છે. તેમના હૃદયમાં આપ પ્રગટ ભગવાન તેમના જન્મથી જ વસ્યા છો. ૩૯.

અને દરબાર જીવા ખાચર પણ આપના પ્રતાપથી આટલા મોટા થયા છે. તેમણે બધા જ વટાળનો ત્યાગ કર્યો છે. અને સર્વે પાપો છોડી દીધા છે. ૪૦. ઠાકોર સાહેબે આવી રીતની વાત રમૂજમાં કરીને શ્રીહરિને રાજી કર્યા. શ્રીહરિ રાજી થયા એટલે "મહારાજ ! હવે પછી ફરીને મને સત્સંગમાં જન્મ મળે." આવી તેમણે મોજ (ખુશાલી) માગી. ૪૧.

પછી બ્રહ્માનંદસ્વામી પાસે 'રેણકી' છંદ બોલાવ્યો. ત્યારે સ્વામી આનંદ-ઉલ્લાસથી તે છંદ બોલ્યા. ૪૨. પછી ઠાકોર સાહેબ હાથ જોડીને બોલ્યા, હે હરે ! જ્યાં આપ હોવ ત્યાં શું ન હોય ? અમે તો અત્યાર સુધી પાપ કર્યાં છે એટલે કશું સૂઝતું નથી. અમારા જેવો અધમ કોઈ નહિ હોય. ૪૩. ત્યારે ધર્મકુમાર શ્રીહરિ તે ઠાકોર સાહેબની રજા લઈને તત્કાળ ત્યાંથી ઊઠ્યા. ચોપદાર નેકી પોકારવા લાગ્યા. ૪૪.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'લીંબડી નરેશે શ્રીહરિની પધરામણી કરીને પૂજા કરી' એ નામે બ્યાસીમો તરંગ સમાપ્ત ॥૮૨॥



પૂર ચોથું : તરંગ - ૮૩

શ્રીહરિએ રાજાને સંતોનો મહિમા કહ્યો, સ્વયં જમ્યા અને સહુને જમાડ્યા

શ્રીહરિ ચાલવા તૈયાર થયા ત્યારે ઠાકોર સાહેબને કહ્યું. સાર અસાર વસ્તુને જાણવી તે રાજાનો ધર્મ છે. ૧. ધર્મની રક્ષા કરવા માટે પરમેશ્વર રાજ્ય આપે છે. ત્યારે જે ધર્મની રક્ષા ન કરે તેનું કાર્ય બગડે છે. ૨. જગતના જે સાધુ-સંતો છે તેમના જેવા આ સંતો નથી. તેમના અને આમના ધર્મ દેખીને તમારે એ અંગે ચોક્કસપણે જાણવું જોઈએ.૩. ધર્મને યથાર્થ રીતે જાણવો-સમજવો તે કઠણ કામ છે. જ્યારે સારા ધર્મવાળાનો સંગ થાય છે ત્યારે ધર્મની ઓળખાણ થાય છે. ૪.

✵ મોક્ષનો ખપ હોય તેને જ મનુષ્ય કહેવાય :

चोपाई :

मोक्ष को अंकुर उर दृढ जाकुं, मनुष्य जाति समझना ताकुं;
मोक्ष खप विन मनुष्य हे जोउ, पशु की जाति समझना सोउ...०५

જેના હૃદયમાં મોક્ષનો અંકુર હોય તેને જ મનુષ્ય જાતિનો સમજવો જોઈએ, પણ મોક્ષના ખપ વિનાનો જે મનુષ્ય હોય તેને તો પશુની જાતિમાં ગણવો જોઈએ. ૫. હે રાજન ! તમારે કાંઈક મોક્ષનો ખપ રાખવો અને જે આ સંતોને પૂજ્યા છે તેમને ક્યારેય ભૂલવા નહિ. જાણે કે અજાણે હે રાજા ! જે આ સારો જોગ તમને મળ્યો છે તે ફરી ફરીને કોઈને મળતો નથી. ૬.

હે રાજા ! રાજપાટ અને કરોડોની કિંમતનો જે તમારો ધનભંડાર છે તેના કરતાં પણ આ સંતરૂપી ધન છે તે અખૂટ છે, અપાર છે. તે ધન તમને અત્યારે મળ્યું છે, તો તેને જતન કરીને સાચવી રાખજો. ૭. જે ધન અતિશય દુર્લભ હોય તેને જતન કરીને જાળવવું જોઈએ. જતન કર્યા વિના તે રહે નહિ. એક અત્યંત કંગાળ માણસ આંધળો હતો. કોઈ શાહુકારે તેના ઉપર અતિશય દયા કરીને એક કિંમતી હીરો આપ્યો. પછી તે આંધળા માણસને તેના જેવો જ બીજો મલિન વૃત્તિવાળો આંધળો મળ્યો. તેણે આંધળાને કહીને હીરાને વાવમાં નખાવી દીધો. આથી તે આંધળો કંગાળનો કંગાળ જ રહ્યો. ૮-૯. એટલે બુદ્ધિમાન મનુષ્યે તે આંધળાની જેમ ન કરવું. આવું કહીને ભગવાન શ્રીહરિ ચાલ્યા. ત્યારે ઠાકોર સાહેબ શ્રીહરિના ચરણોમાં પડ્યા અને વિનયભર્યા વચન કહેવા લાગ્યા. ૧૦. મોક્ષના માર્ગમાં અમે તો બાળક છીએ. એટલા માટે આપ અમારી સંભાળ રાખજો. વારંવાર અહીં થઈને ચાલજો. તમારે પણ આટલું ભૂલવું નહિ. ૧૧.

શ્રીહરિ લીંબડીના ઠાકોર સાહેબ હરિસિંહજીના ઉપર રાજી થઈને ત્યાંથી ઊઠ્યા અને હાથી ઉપર બેઠા. રાજદરબારની જે રાણીઓ હતી તેમણે ઘણા જ ભાવથી રાજમહેલના ગોખમાં બેસી ઓઝલમાં રહીને શ્રીહરિની મનોહરમૂર્તિનાં દર્શન કરીને તે મૂર્તિને હૃદયમાં ધારી લીધી અને મનથી જ તેની

પૂજા કરી. મોતીના થાળ ભરી ભરીને શ્રીહરિને વધાવ્યા. જેના હૃદયમાં જેટલો ભાવ હતો તે પ્રમાણે શ્રીહરિને તેમણે પૂજ્યા. ૧૨-૧૪. શ્રીહરિ રાજમાર્ગમાં ધીમે ધીમે ચાલ્યા. નગરની સ્ત્રીઓ અતિશય પ્રેમથી શ્રીહરિને વધાવતી હતી. ૧૫. શ્રીહરિ લીંબડી પુરની બહાર જ્યાં ઉતારાનું નક્કી કર્યું હતું. ત્યાં આવ્યા. ત્યાં ઘણા તંબુ ઊભા કર્યા હતા. તેમાં શ્રીહરિ માટેનો તંબુ ઘણો ઊંચો હતો. ૧૬. એક હજાર થાંભલાવાળી તે ચંદની ઘણી જ શોભતી હતી. શ્રીહરિ હાથી ઉપરથી ઊતર્યા. જ્યાં બેઠક બનાવી હતી ત્યાં પધાર્યા. ૧૭. જ્યારે શ્રીહરિ આવીને ત્યાં બેઠા ત્યારે ત્યાં બધા જ સંતોની સભા ભરાણી. તે પ્રદેશના જેટલા હરિભક્તો હતા તેપણ આવીને ત્યાં બેઠા. ૧૮. સહુ દરબારો પણ ઉતારો કરીને ત્યાં આવ્યા એટલે શ્રીહરિની પાસે તેમને બેસાડ્યા. લીંબડી ગામના જે હરિભક્તો નરભેરામ આચાર્ય અને રણછોડ સોની વગેરે બાઈ ભાઈ સહુએ મળીને બ્રાહ્મણની પાસે રસોઈ બનાવડાવી. તે રસોઈ જ્યારે તૈયાર થઈ ત્યારે વર્ણી શ્રીહરિને બોલાવવા માટે આવ્યા. ૧૯-૨૦.

❋ મૂર્તિ વર્ણન :

પરમ દયાળુ શ્રીહરિએ વર્ણીને આવેલા જોયા. એટલે તરત જ ઊઠ્યા. જે વસ્ત્રો અને આભૂષણો પહેર્યા હતા. તે ડેરા-તંબુમાં જઈને ઉતારી નાખ્યા. ૨૧. સુખદાયક શ્રીહરિએ એક સુંદર પીતાંબર પહેરી લીધું. અને કૃપાળુએ લાલ રંગનું જરિયાની કોરવાળું રેશમી વસ્ત્ર મસ્તકે ઓઢી લીધું. ૨૨. કંઠમાં બે સેરવાળી મોતીની માળા પહેરી હતી, તેથી શ્રીહરિ રૂપાળા લાગતા હતા. ચરણોમાં ચાખડીઓ અને ઝાંઝર પહેરીને મતવાલા શ્રીહરિ જમવા માટે ચાલ્યા. ૨૩.

જે જગ્યાએ રસોઈ બનાવી રાખી હતી, શ્રીહરિ ત્યાં પધાર્યા. સોનાનો વિચિત્ર બાજોઠ જે હતો તેના ઉપર શ્રીહરિ બેઠા. ૨૪. ગરમ જળથી નહાયા અને પછી રૂમાલથી શરીર લૂછ્યું. ફરી પીતાંબર પહેરી લીધું. શ્રીહરિનું વિશાળ લલાટ ઝળકતું હતું. ૨૫. સ્વચ્છ જગ્યા જોઈને મૂકેલા બીજા બાજોઠ ઉપર શ્રીહરિ બેઠા. પછી વર્ણી થાળમાં ભરી ભરીને ભોજન લાવ્યા. ૨૬.

દૂધપાક, કંસાર, પૂરી, પાપડ, ભજિયાં, સુંદર વડાં, ઘીમાં સરસ રીતે તળેલા રીંગણાંનું શાક. ૨૭. એ બધું ઘનશ્યામ શ્રીહરિ જમ્યા. તે પછી ત્યાંથી ચાલવા માટે તૈયાર થયા. સંતો બધા જમી રહે તે પછી ખારવા ગામ જવાનું હતું. ૨૮. લીંબડી ગામના હરિભક્તોએ આવીને શ્રીહરિની બહુ પ્રાર્થના કરી. ત્યારે શ્રીહરિએ કહ્યું કે અમે હરિભક્તોના હિતની ઘણી જ વાતો કરી છે. ૨૯. અમે તો શ્રીકૃષ્ણ ભગવાનની જેવી ઈચ્છા હોય તેમ કરીએ છીએ. ત્યારે હરિભક્તો કાંઈ બોલ્યા નહિ. શ્રીહરિની જેમ મરજી હોય તેમ આપણે કરવું. ૩૦. શ્રીહરિએ જમીને હાથ ધોયા. પછી રૂમાલથી લૂછ્યા. તજનો મુખવાસ લીધો અને સંતોને જમાડવાનો સંકલ્પ કર્યો. ૩૧.

સંતોને અને દરબારોને જમવા બોલાવ્યા. એટલે તેઓ બધા સાંભળીને તરત જ આવ્યા. આવ્યા ત્યારે સહુની પંગત થઈ અને ધર્મના દુલારા પીરસવા માટે ઊઠ્યા. ૩૨. સહુએ જ્યાં સુધી ભોજન કર્યું ત્યાં સુધી શ્રીહરિએ પ્રેમથી પીરસ્યું. અને ગામના જે હરિભક્તો હતા તેમને પણ બોલાવીને શ્રીહરિએ રાજી કર્યાં. ૩૩. જેમને જેવો પ્રસાદ ખપતો હતો તેમને તેવો પ્રસાદ શ્રીહરિએ જમાડ્યો. સંતો જ્યારે જમી રહ્યા ત્યારે શ્રીહરિએ હાથ ધોયા. ૩૪.

શ્રીહરિ પોતાના તંબુમાં આવ્યા. જે વસ્ત્ર અને આભૂષણ ઉતારી નાખ્યાં હતાં તે બધાં ફરીવાર પહેરી લીધાં. તે પછી શ્રીહરિનો જે સભામંડપ હતો ત્યાં આવીને વિરાજમાન થયા. ૩૫. સંતો અને દરબારો સહુ આવીને ત્યાં બેઠાં. તે સમયની અલૌકિક શોભા ચોતરફ છવાઈ ગઈ હતી. પુરના અપાર હરિભક્તો વિવિધ પ્રકારની પૂજા લઈને શ્રીહરિની પૂજા કરવા માટે આવ્યા. ૩૬.

જેને જેવો ભાવ હતો તેણે તે રીતે શ્રીહરિની પૂજા કરી. શ્રીહરિએ પણ હરિભક્તોને પ્રેમી જાણીને તેવું સુખ આપ્યું. ૩૭. તે સમયે વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતા હતા. ચારેબાજુ ઉત્સવનું વાતાવરણ પ્રસરેલું હતું. કેસરી ચંદન ફૂલના હારોથી શ્રીહરિની મૂર્તિનું રૂપ અદ્‌ભુત જણાતું હતું. ૩૮. તે પ્રમાણે જ સહુએ બધા સંતોને પણ ઘણા જ પ્રેમથી પૂજ્યા. બધા દરબારોને

પૂજ્યા અને પછી શ્રીહરિની આરતી કરી. ૩૯. સહુ ભક્તોએ તે વખતે સ્તુતિ કરીને પ્રાર્થના કરી કે, "હે પ્રભુ, આપ અપાર કરુણા કરીને આવી શોભાની સાથે અમને અંતસમયે તેડવા પધારજો." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શ્રીહરિએ રાજાને સંતોનો મહિમા કહ્યો, થાળ જમ્યા અને સહુને જમાડ્યા' એ નામે ત્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૩॥



પૂર ચોથું : તરંગ - ૮૪

સંતોની ચાલવાની રીત અને સંઘની વ્યવસ્થા

શ્રીહરિએ સવારીને તૈયાર થવાની આજ્ઞા કરી, ત્યારે બધી સવારી તૈયાર થઈને આવી. શોભા અત્યંત મહાન કરી હતી. ૧. શ્રીહરિ હાથી ઉપર બેઠા. સંતો રથમાં બેઠા. કેટલાક હાથી ઉપર બેઠા અને કેટલાક પગપાળા ચાલતા થયા. ૨.

✽ સંતોની એવી સઘળી ક્રિયાય, કુસંગી દેખી સત્સંગી થાય :

દરબારે કેટલાક સંતોને મ્યાનામાં બેસાડ્યા. સંતો વારાફરતી એક પછી એક બેસતા હતા. ૩. સંતોમાં પરસ્પર પૂજ્યભાવ, પ્રેમભાવ હતો. કોઈને કોઈનો અવગુણ-અભાવ તો હતો જ નહિ. સહુએ પગપાળા ચાલવાનો જ મનમાં દૃઢ ઠરાવ કર્યો હતો. ૪. જે સંતો પગપાળા ચાલતા હતા તે બધા દસ દસના કે વીશ વીશના મંડળના રૂપમાં ચાલતા હતા. અને તે વખતે પણ શ્રીહરિના એકેએક ચરિત્રને પ્રેમથી પરસ્પર કહેતા હતા. ૫. કેટલાક સંતો ચાલતા ચાલતા ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યની વાતો કહેતા - સાંભળતા હતા. અને કેટલાક તો સાંખ્ય અને યોગશાસ્ત્રના સિદ્ધાંતની વાતો કહેતા થકા ચાલતા હતા. ૬. કેટલાક સંતો ચાલતા ચાલતા પરબ્રહ્મ અને આત્માના સ્વરૂપની અનુપમ વાતો કહેતા હતા તો કેટલાક સંતો ત્રણ અવસ્થાઓ અને ત્રણ દેહથી નોખા રહેવાની વાતો સ્નેહથી કહેતા હતા. ૭.

કેટલાક સંતો પિંડમાં અને બ્રહ્માંડમાં જે અતિશય દુઃખ રહ્યા છે તે દેખાડતા અને કેટલાક તો બીજા વિષયસુખથી મનોવૃત્તિ તોડાવીને સમગ્ર સુખ ભગવાનના સ્વરૂપમાં રહ્યાં છે તેમ દેખાડતા હતા. ૮. કેટલાક સંતો માયિક પંચવિષયોમાં રહેલા દુઃખોને બતાવતા હતા. કેટલાક સંતો નખથી શિખા પર્યંતની શ્રીહરિની મૂર્તિની વાત કહેતા કહેતા ચાલતા હતા. ૯. કેટલાક સંતો નાસિકાના અગ્રભાગ ઉપર મૂર્તિને સ્થિર કરવાનો અભ્યાસ કરતા હતા. કેટલાક સંતો નેત્રની વૃત્તિ દંડાકારે જે સીધી ચાલે છે, ૧૦. તેને કરોળિયાની લાળના સમાન જોવા માટે સૂક્ષ્મ રીતે એક પળવાર થંભાવીને જોતા. તેમાં તે વૃત્તિના પાંચ રંગ દેખાતા. ૧૧. કેટલાક સંતો પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ એ પાંચ મહાભૂતોમાં અત્યારે કયું તત્વ મુખ્ય ચાલી રહ્યું છે ? તેનો નિર્ધાર કરતા. સૂર્યનો અને ચંદ્રનો વિચાર પણ કરતા. ૧૨. તે યોગમાં તત્પર રહેનારા સંત ઈડા, પિંગળા અને સુષુમ્ણા એ નાડીઓ જે ચાલતી હોય છે. તેમની ગતિવિધિને પણ નિહાળતા. ૧૩. શ્રીહરિને સંતોના ઉપર અનંત અને અપાર હેત હતું. તેથી સંતોની અત્યંત પવિત્ર રીત પ્યારથી શીખવતા હતા. ૧૪.

શ્રીહરિ લીંબડીથી ચાલ્યા ત્યારે અનંત વાજિંત્રો વાગતાં હતાં. તેમજ જે હરિભક્તો સાથે હતા તેઓ જય જયકારનો ધ્વનિ કરતા હતા. ૧૫. જ્યારે સાંજ પડી ત્યારે શ્રીહરિ **ખારવા** ગામ આવ્યા. તે સમયે તે ગામના બધા જ હરિભક્તો શ્રીહરિ પાસે આવ્યા. ૧૬. ત્યાંના એક વિપ્ર ઘણા જ ભારે પ્રેમી ભક્ત હતા. તેઓ સ્વધર્મમાં નિષ્ઠાવાન અને શુદ્ધ વિચારવાળા હતા. તપસ્વી, વૈરાગ્યવાન અને ધર્મમાં દૃઢ હતા તથા ધીરજવાન હતા. તેઓ ગંભીર અને નૈષ્ઠિક બ્રહ્મચારી હતા. ૧૭. પ્રકટ શ્રીહરિનું જ્ઞાન પામીને તેની જ ભક્તિ કરતા. તેમાં અનેક શુભ ગુણો હતા. પૂર્વના જે ચ્યવનઋષિ હતા તેમણે આવીને આ વિપ્રનો અવતાર ધારણ કર્યો હતો. ૧૮. તેમનાં અત્યંત ઉગ્ર તપને જોઈને મોટા રાજાઓ પણ તેમનાથી ડરીને ધ્રૂજતા હતા. તેઓ પોતાના મુખથી જેને જેવું કહી દેતા તેને તેવું તરત જ ફળીભૂત થાતું હતું. ૧૯. તે સિવાય ખારવામાં એક રૂપાભાઈ નામે હરિભક્ત હતા. તેઓ ઘણા શૂરવીર

ભક્ત હતા અને ખેતીનું કામ કરતા હતા. ૨૦. તેઓ વૈશ્ય જાતિના પટેલ હતા. તેમણે કેટલાક લોકોને હરિભક્ત કર્યા હતા. તેઓ ગામના ભક્તોને સાથે લઈને શ્રીહરિની સન્મુખ આવ્યા. શ્રીહરિનાં દર્શન કરીને આનંદ પામ્યા. ૨૧. તેમણે અત્યંત ઉલ્લાસથી દંડવત્-પ્રણામ કર્યા. શરીરે રોમાંચિત થઈ ગયા. સહુ સંતોના ચરણમાં પડ્યા અને હૃદયમાં ઘણો જ ઉત્સાહ વધ્યો. ૨૨. અનેક પ્રકારના વાજિંત્ર વાગવા લાગ્યાં. શ્રીહરિ ગામને દરવાજે પધાર્યા. ગામના ઉત્તર દરવાજાની અદ્‌ભુત શોભા અવર્ણનીય હતી. ૨૩. દરવાજાની આગળ એક તળાવ હતું. તેથી પૂર્વ તરફના ભાગમાં સ્વચ્છ જગ્યા હતી. તેમાં શ્રીહરિએ ઉતારો કર્યો. ૨૪. દરબારોએ પોતપોતાની ચંદનીઓ ઊભી કરાવી દીધી. તેની વચ્ચેના ભાગમાં શ્રીહરિની ચંદની ખડી કરાવી, જેની શોભા સહુથી વિશેષ હતી. ૨૫. તે ચંદની ઘણા થાંભલાવાળી હતી.

શ્રીહરિ હાથી ઉપરથી નીચા ઊતર્યા. શરીર ઉપર અનંત વસ્ત્ર અને આભૂષણો પહેર્યા હતા. સ્વયં ચંદનીના મધ્યભાગમાં આવીને બેઠા. ૨૬. હાથમાં સોનાની છડી લઈને ચોપદાર "જય જય ધર્મકુંવર", "જય જય ધર્મ ધુરંધર" આવા શબ્દો બોલીને જયજયકાર કરતો હતો. ૨૭. રાજપુત્ર ક્ષત્રિય દરબારો તો પોતાને જરૂર પૂરતું ઘાસ અને જોગાણ લાવ્યા હતા. પણ શ્રીહરિની સાથેના જે કાઠી દરબારો હતા, તેમના ઘોડાઓ અને બળદોને માટે ગામના જે બધા હરિભક્તો હતા, તેઓ ઘાસ અને જોગાણ લઈ આવ્યા. ખારવા ગામના હરિભક્તો ખીચડી બનાવવા માટેના ચોખા અને મગની દાળ લઈ આવ્યા. તે આનંદાનંદસ્વામીની આગળ મૂક્યાં. સીધા સામાનમાં પણ ઘટતી કેટલીક વસ્તુઓ મંગાવવી પડી. ૨૮-૩૦. "સંઘમાં જેટલા મનુષ્યો હતા. તેમાંથી કોઈને કાંઈ વસ્તુની જરૂર હોય અને મંગાવવી હોય તો તેણે આનંદાનંદ સ્વામીને કહેવું પણ સીધું કોઈ ગૃહસ્થને કહેવું નહિ." ૩૧. શ્રીહરિએ આવી આજ્ઞા કરી રાખી હતી કે જેનાથી કોઈને કાંઈ દુઃખ ન થાય. જો હરેક માણસ કોઈને કોઈ માણસ પાસે મંગાવ્યા જ કરે તો તેનાથી પરસ્પર બધા જ દુઃખિયા થઈ જાય. ૩૨. કોઈને કોઈ વસ્તુ મળે, કોઈને ન મળે. એટલે શ્રીહરિએ પોતાના મનમાં વિચાર કરીને બધા જ સંઘમાં

એક 'સાદ' પડાવીને જણાવી દીધું હતું કે આનંદાનંદસ્વામીને આખા સંઘમાં મોટેરા કર્યા છે. ૩૩. સંતોને કે હરિભક્તોને કોઈપણ વસ્તુની જરૂરત પડે તો તેમણે આનંદાનંદસ્વામી પાસે માગવું. કોઈવાર માગેલી વસ્તુ મળે કે ન મળે, તેનાથી મન ખારું કરવું નહિ. ૩૪. સંભવ છે ક્યારેક કોઈને પોતાના ઘરમાં પણ ધારી વસ્તુ તુરંત મળતી નથી, તેનો મનમાં વિચાર રાખવો. વગર વિચારે જો કોઈનો અવગુણ લેવામાં આવે તો મોક્ષનો અંકુર નાશ પામી જાય છે. ૩૫. મનનો સ્વભાવ તો બાળકના જેવો છે. તે ઘડીએ ઘડીએ તેનો રંગ બદલાઈ જાય છે. અને તેને લીધે સત્સંગરૂપ ચિંતામણિને ગમે ત્યાં ફેંકી દે છે. ૩૬. નાનું બાળક બોર જેવી ચીજ માટે કોઈ અમૂલ્ય વસ્તુને પણ તુરંત ફેંકી દેતા વિચાર કરતું નથી. ૩૭.

શ્રીહરિએ આટલી વાત કહીને સહુને ચેતવી દીધા હતા. તેમની વાતમાં સહુનું હિત રહેલું હોય છે. તે સાંભળીને બધા રાજી થયા હતા. ૩૮. પછી શ્રીહરિએ આનંદાનંદસ્વામીને પણ કહ્યું હતું કે કોઈ પણ બાબતમાં તમને કાંઈ નિર્ણય કરવાનું ન સૂઝે, તો મને પૂછજો. ૩૯. પછી શ્રીહરિ આનંદાનંદસ્વામીના ઉપર ખૂબ જ રાજી થયા અને તે રાજીપાના નિમિત્તે ફૂલનો હાર પહેરાવ્યો અને એક ચાદર ઓઢાડી મોજ આપી. ૪૦. અને તેમની છાતીમાં સોળ ચિહ્ન સહિત પોતાનાં ચરણકમળ ચાંપ્યાં અને કહ્યું કે તમારે મેં કહી તે સેવારૂપી ભક્તિ કરવાની છે. તેનાથી તમારું અંતઃકરણ શુદ્ધ થઈ જશે. ૪૧.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'સંતોની ચાલવાની રીત અને સંઘની વ્યવસ્થા કહી' એ નામે ચોરાશીમો તરંગ સમાપ્ત ॥૮૪॥



પૂર ચોથું : તરંગ - ૮૫

ધૂન સાંભળતા થતી સમાધિ, સત્સંગની વાત અને જમ્યા-જમાડ્યા

સંતોની સભાની વચ્ચે મહાન તેજોમય અને સુખધામ ઊંચું સિંહાસન હતું તેના ઉપર શ્રીઘનશ્યામ શ્રીહરિ વિરાજમાન થયા. ૧. સંધ્યા સમય થયો

ત્યારે અનેક મશાલો પ્રકટી. બધી સભા ઊઠી અને આરતી બોલાવા લાગી. ૨. બ્રહ્માનંદસ્વામીએ રચેલું આરતીનું પદ "આરતી પ્રગટ પ્રભુજીકી કીજે" બોલાતું હતું. તે સાંભળીને શ્રીહરિ મંદમંદ હસતા હતા. ૩.

❋ બ્રહ્માનંદસ્વામી કૃત આરતી :

આરતી પ્રગટ પ્રભુજીકી કીજે; ચરણ કમળ લખી અંતર લીજે...આરતી૦ ૧
સનકાદિક નારદ ત્રિપુરારી; વિમળ નામ રટે વારંવારી...આરતી૦ ૨
અનંત કોટિ ભુવનેશ ભવાની; સબ વિધ મહિમા શકત નહિ જાની...આરતી૦ ૩
ધરન ધ્યાન દૃઢ યોગી મુનીશ્વર; શેષ સહસ્ર મુખ રટત નિરંતર...આરતી૦ ૪
નર નાટક ક્ષર અક્ષર ન્યારા; પુરુષોત્તમ પૂરણ જન પ્યારા...આરતી૦ ૫
નૌતમ રૂપ અકળ છબી ન્યારી; બ્રહ્માનંદ જાવત બલિહારી...આરતી૦ ૬

આરતી પૂરી થઈ. શ્રીહરિ ઊભા થઈને ધૂન બોલાવવા લાગ્યા. તેનાથી ત્રિલોકી ગાજવા લાગી. ૪. શ્રીહરિ ધૂન બોલાવતા બોલાવતા તે સમયે ઘણા સુંદર લટકા કરતા હતા. તે લટકાને જ્યારે ભક્તો દેખતા ત્યારે તે દેખનારા ભક્તોને પોતાના શરીરની સંભાળ પણ રહેતી ન હતી. ૫. નેત્ર દ્વારે મનની વૃત્તિરૂપી દોરી બનતી અને તે વૃત્તિરૂપી દોરીના માધ્યમે મૂર્તિ સત્વરે અંતઃકરણમાં આવતી અને તે પછી તે મૂર્તિ આત્મામાં ચોંટી જાતી. ૬.

તેથી તે સમયે જીવાત્મા મૂર્તિને આકારે થઈ જતો. અને તેને પોતાના શરીરના વિચારો રહેતા નહિ. પછી જ્યાં મૂર્તિ હોય ત્યાં જીવાત્મા જાય. તેને પોતાના પાંચભૌતિક શરીરનું ભાન રહેતું નહિ. ૭. ભગવાન જેવી ઈચ્છા કરે, તેવું તેનું શરીર બને છે. મૂર્તિ જે ધામમાં જાય, ભક્તજન પણ તે મૂર્તિની સાથે ત્યાં જાય. ૮. ધામમાં ગયેલો ભક્ત ધામની જે શોભાને દેખે તેને અહીં પાછો આવીને જેવી છે તેવી કહી શકતો નથી. ધામમાંથી ભક્ત જ્યારે પાછો અહીં દેહમાં આવે, ત્યારે તેને જે માયાનો પડદો રહે છે. તે અહીં તેને આવરણ કરે. ૯. આ લોકમાં આવ્યા પછી જેવી અંધારી રાત હોય તેવું તેનું અંતઃકરણ થઈ જતું. જેમ કોઈ માણસ સ્વપ્નની વાતને સંપૂર્ણપણે કહી શકતો નથી તે રીતે તે ભક્ત ધામની વાતને પણ યથાર્થ કહી શકતા નહીં. ૧૦.

તે સમાધિમાં રહીને જેવું બોલે તેવું અહીંયાંની રીતમાં મળતું ન આવે. તેનું સુખ તો તે જ જાણે. અહીંના લોકોના મનમાં તે વાત બંધ બેસતી નથી. ૧૧. ભગવાનનું ધામ તો અતર્ક્ય છે અર્થાત્ કલ્પના બહારનું છે. અને મૂર્તિ પણ તેવી જ અતર્ક્ય છે. તે મૂર્તિને જોરાવરીથી તર્કમાં લાવવી, તે કઈ રીતે બની શકે ? તે કહો. ૧૨.

શ્રીહરિ ધૂન બોલાવી રહ્યા ત્યારે બંને હાથ જોડીને સંતોને નમસ્કાર કર્યા. અને સંતોના ઉપર રહેલું ઘણું નવું હેત દેખાડ્યું. ૧૩. તે પછી બધા સંતો, જ્યાં હતા ત્યાંના ત્યાં જ રહીને શ્રીહરિને પગે લાગ્યા. તે પ્રમાણે જ બધા હરિભક્તો પણ પગે લાગ્યા. સર્વને શ્રીહરિમાં હેત છે તે કહી શકાતું નથી. ૧૪. તે પછી ખારવા ગામના બધા ચારે વર્ણના લોકો આવીને શ્રીહરિના ચરણોમાં પગે લાગ્યા અને અતિશય ભાવથી પાસે બેઠા. ૧૫. શ્રીહરિએ તે સહુમાં ભાવના દેખી, તેમના ઉપર કરુણારૂપી અમૃતરસની ઝડી વરસાવી. તેમજ થોડી વાતો કરી. ૧૬. તેમને હેત દેખાડીને સત્સંગની અને કુસંગની જુદી જુદી વાતો કહી. જે રીતે તે સાંભળનારાના દિલમાં ઊતરે તે રીતે સત્સંગ અને કુસંગના ભિન્ન ભિન્ન ફળની વાતો પણ કહી. ૧૭. વાત કરીને સંતોના અને અસંતોના રૂપ પણ દેખાડી દીધા. તેમને તરત સમજાઈ જાય તે રીતે તેમના અલગ અલગ ફળ પણ કહ્યા. ૧૮. ધર્મની અને અધર્મની વાત બતાવી અને તેના ભિન્ન ભિન્ન ફળ પણ બતાવ્યા. મનુષ્ય જન્મનું પ્રયોજન - ફળ તો પ્રેમથી પરમેશ્વરનું ભજન કરવું તે જ છે એમ હેતે કહ્યું. ૧૯.

✵ વિષયસુખની તુચ્છતા :

चोपाई :

विषय को सुख कहावत जेता, पाताल से सत्यलोक तेता;
सो सब पाये अनंत वेरा, तामें न त्रप्ति भये कोउ फेरा...२०
जमपुरी चोरासी हि घोरा, ता हित भोगवत होई चोरा;
हरि के चोर हि मेटन काजा, मनुष्य तन देत शुभ साजा...२१

પંચવિષયના સુખ તો પાતાળથી સત્યલોક સુધી ભર્યા છે. તેને આપણા જીવે અનંતવાર ભોગવ્યા છે છતાં તેનાથી કોઈવાર તૃપ્તિ થઈ નથી. ૨૦.

તે વિષયસુખ ભોગવવાને પરિણામે જમપુરીમાં અને લખચોરાસીમાં અત્યંત ઘોર-ભયાનક દુઃખોને આપણા જીવે ચોર થઈને ભોગવ્યા છે. તે ભગવાનનો ચોર મટાડવાને કાજે આ સાધન સંપન્ન મનુષ્યનું શરીર જીવને આપવામાં આવ્યું છે. ૨૧. કર્મોના ફળ આપનારા પરમેશ્વર છે. તેમની ઈચ્છાથી મનુષ્યનું શરીર મળ્યું છે. આ મનુષ્ય શરીર નિષ્ફળ જશે તો ફરીવાર તે નહિ મળે. આપણા દેખતાં દેખતાં જ કેટલાએ જતા રહ્યા છે. ૨૨.

चोपाई :

जीय उद्धारन हे सब ताना, ता हित प्रगट होत भगवाना;
जान अजान जोग सो होवे, इनसे अनंत जन्म दुःख खोवे...२४

તે રીતે જ આપણે પણ ચાલ્યા જવાનું છે. તેમાં કાંઈ વિલંબ નથી. જેટલા વેદો અને પુરાણો કહેવાય છે તથા કેટલાક તીર્થો અને વ્રતો કહેવાય છે, તે બધાનું તાન જીવનો ઉદ્ધાર કરવામાં રહેલું છે. અને તે પ્રમાણે શ્રીહરિ પણ જીવનો ઉદ્ધાર કરવા જ મનુષ્યરૂપે પ્રકટ થાય છે. જાણે કે અજાણે જો તે પ્રગટ હરિનો જોગ થઈ જાય તો તેનાથી તે જીવના અનંત જન્મના દુઃખ ટળી જાય છે. ૨૩-૨૪.

સત્સંગ કરવાથી અનંત જન્મોના દુઃખનો નાશ થઈ જાય છે. પ્રહ્લાદ અને પ્રિયવ્રત જેવા અનેક રાજાઓ સત્સંગથી તરત જ સંસારરૂપ સાગરને તરી ગયા છે. ૨૫. પૂર્વે જે ભક્તો થઈ ગયા, તેના કરતા આજના લોકોને અવસર સારો મળ્યો છે, આ વાત સત્સંગ વિના સમજાય નહિ. જેને અનેક જન્મનું દુઃખ ટાળવાનું પ્રયોજન હોય તેને તે વાત તરત જ સમજાઈ જાય છે. ૨૬. શ્રીહરિના મુખથી આવી વાત સાંભળીને જે લોકો સમજુ હતા તેમણે ધર્મને સર્વોપરિ જાણીને સત્સંગનો આશ્રય હરખભેર કર્યો અર્થાત્ સત્સંગી થયા. ૨૭.

જગતમાં મિથ્યા ગુરુઓ ઘેર ઘેર મિથ્યા જ્ઞાનની વાતો કરતા હતા. જ્યારે સાચા સદ્ગુરુરૂપ શ્રીહરિ પ્રકટ થયા ત્યારે તે સત્યવાતનું જ્ઞાન થયું. ૨૮. જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે વર્ણી બોલાવવા આવ્યા. તે વેળાએ શ્રીહરિ ઊઠ્યા અને પહેરેલા વસ્ત્રો અને આભૂષણો ત્યાં જ ઉતાર્યા. ૨૯.

એક પીળુ પીતાંબર વસ્ત્ર પહેર્યું અને બીજું મસ્તક ઉપર થોડું રાખીને ઓઢી લીધું. ધર્મના લાલ શ્રીહરિએ હાથમાં રેશમી રૂમાલ રાખ્યો અને ચરણોમાં ચાખડીઓ પહેરી. ૩૦. તેમાં ચાખડીઓનો "ચટાક્ ચટાક્" આવો શબ્દ વારાફરતી થયા કરતો હતો. તેમજ ચરણોમાં જે ઝાંઝર પહેર્યાં હતાં, તે ચાલતી વખતે તેનો ઝણકારો સંભળાતો હતો. ૩૧.

જ્યાં રસોઈ બનાવી હતી ત્યાં શ્રીહરિ પહોંચ્યા. આગળ એક મશાલ રાખી હતી. પાણીથી બંને ચરણ ધોયા. રૂમાલથી તેને કોરા કર્યા. ૩૨. એક સોનેરી બાજોઠ ઉપર શ્રીહરિ બેઠા. ત્યારે જે ભોજન તૈયાર કર્યાં હતાં તે લાવ્યા. સોનાના થાળ ભોજનોથી પૂરા ભર્યા હતા. તે બધા શ્રીહરિ આગળ લાવ્યા. ૩૩. શ્રીહરિ પોતાની રુચિને અનુસારે પ્રેમથી બધું સરસ રીતે જમ્યા. પછી ખીચડી અને દૂધ ઘણા ભાવથી જમ્યા. ૩૪. શ્રીહરિએ જમીને ચળું કર્યું, જળપાન કર્યું, હાથ લૂછીને મુખવાસ લીધો. જમ્યા તેમાંથી એક પ્રસાદીનો થાળ રૂપાભક્તને આપ્યો. ૩૫.

શ્રીહરિની સાથે જેટલા સંતો અને દરબારો હતા તે બધાની પંગત કરાવી. તે સમયે સહુ પોતપોતાની રીતે પંગત કરીને બેસી ગયા. ૩૬. શ્રીહરિએ વિપ્રોને કહ્યું કે હવે પછી જે વિપ્ર, વાણિયા અને કણબી પટેલ જેટલા જમવાના હોય તેટલી ખીચડી રાખી મૂકો. ૩૭. સંતો સંતોમાં પીરસે અને દરબારોમાં પણ પીરસે. આનંદાનંદસ્વામી ખીચડીમાં એક સરખી ધારથી ઘી પીરસે. ૩૮. સહુને પહોંચે તે રીતે બધું વિચાર કરીને પીરસવું. ગામના ભક્તો પ્રેમથી દૂધ લાવ્યા છે. તે દૂધને હું પીરસીશ. ૩૯. શ્રીહરિના કહ્યા પ્રમાણે સંતોએ પીરસ્યું. પછી શ્રીહરિએ પંગતમાં દૂધ પીરસ્યું. એકવાર બધું પહોંચાડીને પછી ફરીવાર પ્રેમથી પંગતમાં દૂધ ફેરવ્યું. ૪૦. ગામના ભક્તોનો અત્યંત ભાવ હતો એટલે જેને જે જોઈએ તે આગ્રહ કરીને પીરસ્યું. જમનારા સહુને ઘણા જ તૃપ્ત કર્યા. ૪૧. દૂધ તો થોડું લાવ્યા હતા, તે બધાને પહોંચાડી દીધું, છતાં કાંઈક વધ્યું. જોનારા લોકોને ઘણું આશ્ચર્ય થયું કે આવું સામર્થ્ય મનુષ્યમાં હોય નહિ. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'ધૂન સાંભળતા થતી સમાધિ, સત્સંગની વાત અને મહારાજ જમ્યા તથા સૌને જમાડ્યા' એ નામે પંચાશીમો તરંગ સમાપ્ત ॥૮૫॥



પૂર ચોથું : તરંગ - ૮૬

ચોકિયાત વ્યવસ્થા અને સવારી સાથે મેમકા પધારવું

શ્રીહરિએ સંતોને અને દરબારોને જમાડ્યા. પછી પોતાના પલંગ ઉપર આવીને વિરાજ્યા. છડીદારો છડી બોલતા હતા અને તે સમયે ઉત્સવનું વાતાવરણ છવાઈ ગયું હતું. ૧. બધા સંઘની ચોકી કરવા માટે પાયદળ-સરબંદીને જે બોલાવ્યા હતા તે પોતપોતાના હથિયાર બાંધીને ત્યાં આવ્યા. ૨. પાયદળના હરિભક્તોએ શ્રીહરિનું વચન સાંભળ્યું એટલે તુરંત મનમાં ઉત્સાહિત થયા અને પોતાના હથિયાર લઈને બધા આવ્યા. ૩. એક હજાર બંદૂકધારી, એક હજાર ધનુષધારી, એક હજાર ભાલો રાખનારા. ૪. એક હજાર ઢાલ તલવારને ધારનારા આ બધા તૈયાર થઈને આવ્યા. તેમાં કેટલાકે તો બખતર પણ પહેર્યા હતા. તે ચારે વિભાગમાં એક એકને તે વિભાગના સરદાર કરી દીધા. ૫. બંદૂક ધારીઓમાં પાર્ષદ ડુંગરજીને સૌના વડા કર્યા. ધનુષ્યધારીઓમાં માનસિંહજી પૂરબિયા જે ઘણા કડક અને શૂરવીર હતા તેને સૌના વડા કર્યા. ૬. ભાલાધારીઓમાં સહુના વડા બંધિયાવાળા મૂળજીભાઈને કર્યા અને ઢાલ તલવાર ધારનારાના વડા માળિયાવાળા મૂળજીને કર્યા. ૭.

એક સોમાર નામના જત હતા. તેઓ આખી જતની જાતિમાં મુખ્ય હતા. શ્રીહરિનો પ્રતાપ જોઈને તેને દૃઢ સત્સંગ થયો હતો. ૮. તેની સ્ત્રી, પુત્ર વગેરે બધો જ પરિવાર સત્સંગી થયો હતો. સોમાર જતની જ્ઞાતિના બીજા બધા જત લૂંટફાટ માટે ફરતા હતા. ૯. તે જાણીને શ્રીહરિએ સોમાર જતને બોલાવ્યા, ઉપર જણાવેલ ચારે પાયદળના મોટેરા તેમને કર્યા. તે પાંચેને અંદર તાંસળીવાળી મોટી મોટી પાઘો બંધાવી. ૧૦. તે સહુને શ્રીહરિએ ચોકી કરવાની રીત પ્રેમથી બતાવી. જેનાથી આ પોતાના સંઘની ચારેકોર ચોર-

ચકાર કોઈ આવી ન શકે. ૧૧. બધા હથિયાર બંધ હતા. રાતમાં તેના ચારે તરફ કોટ(ગઢ) નક્કી કર્યા. પહેલો કોટ-ગઢ ઢાલ તલવાર ધારણ કરનારાનો નક્કી કર્યો. તેઓ વારાફરતી રાતે જાગતા રહે. ૧૨. તેને ફરતા ભાલાવાળા ચોકીદારોને ગોઠવ્યા. તેના ફરતા ધનુષ્યધારી અને તેના ફરતા બંદૂકધારીને રાખવાનું કર્યું. બંદૂકધારીએ સતત પલિતો-જામગરી તૈયાર જ રાખવી. ૧૩. શ્રીહરિએ ઉપર કહ્યા પ્રમાણે ચોકી કરવાની આજ્ઞા કરી. અને તે પછી બધા દરબારોને કહ્યું કે હવે તમે સૌ નિશ્ચિંત થઈને સૂઈ રહો. ૧૪.

શ્રીહરિએ સંતોને હેતથી કહ્યું, ગરબીનાં પદ બહુ અનુપમ હોય છે. તમે સહુ તે પદને વારાફરતી આખી રાત બોલો, તેને અમે સાંભળીએ. ૧૫. આપણા સંઘમાં કોઈ અજાણ્યા બાઈ ભાઈ હોય તો તેને ખોળી કાઢો, તપાસ કરો, જો કોઈ મળી આવે તો તેને સંઘમાંથી રજા આપી દેવી. ૧૬. કાઠી દરબારોના ઘોડાં જેવા ઘોડાં ક્યાંય ન મળે. એટલે ચોર લોકો તે ઘોડાઓને લઈ જવા ફરતા હોય. તે જાણીને શ્રીહરિ તત્પર થઈને વારંવાર તપાસ કરાવતા અને અપાર રીતે તેને સાચવવાના ઉપાયો વિચારતા. ૧૭.

चोपाई :

आपे भगवान हे समृथ जोई, मनुष्य चरित्र करत हे सोई;
भक्तजनकुं करन हि गाना, ताको श्रीहरिकुं हे ताना...१८
हरि के मनुष्य चरित्र जेता, दिव्य करी समझना तेता;
यामें नहिं माया को लेशा, परम पद प्रापक उपदेशा...१९

સ્વયં સર્વશક્તિમાન ભગવાન હોવા છતાં આવાં મનુષ્ય ચરિત્ર કરે છે. ભક્તજનોને તેવા ચરિત્ર ગાવા થાય એવું પણ શ્રીહરિને એક તાન હતું. ૧૮. શ્રીહરિના જેટલા મનુષ્ય ચરિત્ર છે તે બધાને દિવ્ય સમજવા જોઈએ. તેમાં એક લેશમાત્ર પણ માયા નથી. શ્રીહરિનો ઉપદેશ પણ પરમપદ-મોક્ષને પમાડનારો છે. ૧૯.

જે હરિભક્ત ન હોય, તેને એ ચરિત્ર દિવ્ય ન જણાય, કારણ કે ભગવાનના ચરિત્રોમાં તો બ્રહ્મા વગેરે પણ ભૂલા પડ્યા છે. તો પછી બીજા કોઈ રાજા કે સામાન્ય માણસ તો શું લેખામાં આવે ? તેમને તો ચરિત્રો

દિવ્ય ન જણાય. ૨૦. પછી સંતો જ્યારે ગરબીના પદ ગાવા લાગ્યા ત્યારે શ્રીહરિ પોઢી ગયા. સંતોના મંડળ હતા, તેમાં દસ દસ સંત મંડળમાં નક્કી કર્યા. ૨૧. તે એક એક મંડળ વારાફરતી ચાર ચાર પદ ગરબીના બોલતા હતા. પછી જ્યારે અરુણોદય થયો ત્યારે સંતો ધૂન બોલવા લાગ્યા. ૨૨.

❋ શ્રીહરિની પ્રાત:વિધી :

તે સાંભળીને શ્રીહરિ મુખથી સ્વામિનારાયણ...સ્વામિનારાયણ... આમ બોલતા ઊઠ્યા અને પોતાનું અનાદિ અનુપમ સ્વરૂપ તેનું હૃદયમાં સ્મરણ કર્યું. ૨૩. પછી શૌચ જઈ આવ્યા. પાણી અને માટીથી હાથ અને ચરણ ધોવડાવ્યા. સુંદર દાતણ કર્યું અને તે પછી નિપુણતાથી ગરમ જળે સ્નાન કર્યું. ૨૪. પહેલા રૂમાલ લઈ આખું શરીર લૂછ્યું અને પછી અનુપમ પીતાંબર પહેર્યું. ૨૫. સુંદર શુદ્ધ આસન ઉપર ઉત્તર મુખે સુંદર શ્યામ બેઠા. કેસરીચંદનના તિલક કરીને પછી પૂજા કરી. ૨૬. અત્યંત હેતથી દેવને સાકર નાખેલું દૂધ ધરાવ્યું. પછી તે સ્વયં શ્રીહરિએ પીધું અને બધા વસ્ત્ર તથા આભૂષણો પહેર્યા. ૨૭.

સવારી બધી તૈયાર થઈ. પોતે હાથી ઉપર બેઠા. ડંકા વાગી રહ્યા હતા અને મેમકા ગામ જવા માટે ચાલતા થયા. ૨૮. ઘોડા ઉપર જરિયાની નિશાન લીધા હતા. ઘોડાના બધા સાજ-શણગાર જરિયાની કર્યા હતા. સાથે જે કાઠી દરબારો હતા તેમણે સહુએ સોનાના ઝલમ (એક પ્રકારનું ઘરેણું) પહેર્યા હતા. સહુના હાથમાં ભાલા હતા. તે ચમકતા ભાલા માનો સૂર્યના કિરણ છૂટતા હોય તેવા લાગતા હતા. ઊંટ ઉપર નોબત વાગતી હતી તે શબ્દ ચોતરફ પ્રસર્યો હતો. ૨૯-૩૦. ઘોડાના ઉપર ડંકા વાગતા હતા, તેનાથી સવારીની શોભા છવાઈ રહી જણાતી હતી. જેની શોભા જ્યાં અખંડ રહે, તેને તેવા માર્ગે ચલાવતા હતા. ૩૧. નિશાનને જ્યાં ઘટતું હોય, યોગ્ય હોય ત્યાં નિશાન રહેતા હતા. વાજિંત્રને ઘટતું જણાતું હોય ત્યાં વાજિંત્ર અને સંતોને જ્યાં યોગ્ય હોય ત્યાં સંતો ચાલતા હતા. જ્યાં હરિભક્તોને યોગ્ય હોય ત્યાં હરિભક્તો ભેળા મળતા હતા. ૩૨.

હથિયાર ધારીઓમાં પણ જેને જેની સાથે મેળ પડે તેમ હોય તેઓ ભેળા મળીને સાથે ચાલતા હતા. હાથીમાં હાથી, મ્યાનામાં મ્યાના અને રથમાં રથ ભેગા થઈને ચાલતા હતા. ૩૩. ઊંટોના સમુદાયમાં ઊંટ, ઘોડાઓમાં ઘોડા, પુરુષોમાં પુરુષો અને સ્ત્રીઓમાં સ્ત્રીઓ મળીને સહુ ઉમંગથી ચાલતા હતા અને તે વ્યવસ્થાની અદ્‌ભુત શોભા જણાતી હતી. ૩૪. વર્ણીઓની સાથે વર્ણી ચાલતા હતા. તે સવારીની એવી શોભા હતી કે માનો સૂર્યોદય ન થઈ રહ્યો હોય ? તેમાં પણ શ્રીહરિની મૂર્તિની શોભા તો કોટિ ગણી વધારે દીપી ઊઠતી હતી. ૩૫. શ્રીહરિની મૂર્તિનો જે પ્રતાપ હતો તેનું તો કોઈને વર્ણન કરતાં પણ આવડે નહિ. તે સંતો, વર્ણીઓ અને હરિભક્તો શ્રીહરિના એકે એક રોમના પ્રતાપનું વર્ણન કરતા હતા. ૩૬. અનંતકોટિ બ્રહ્માંડો જેના એક રોમ કૂપમાં અણુની પેઠે ઊડતા ફરે છે આવી તેમની મહત્તા કહીએ, છતાં તે પણ ખરેખર તો ન્યૂન જ ગણાય છે. ૩૭. શ્રીહરિની મૂર્તિની શોભાને લીધે તો અગણિત બ્રહ્માંડો સમૃદ્ધિમાન થયા છે, આવી મહિમાપૂર્ણ શ્રીહરિની મૂર્તિ છે. ૩૮. શ્રીહરિ **મેમકા** ગામ આવ્યા. આ ગામ ભોગાવા નદીને કિનારે આવ્યું છે. શ્યામસુંદર શ્રીહરિએ તે ગામના ઉપર કૃપાદૃષ્ટિ કરી ત્યારથી અતિશય પવિત્ર થઈ ગયું છે. ૩૯. શ્રીહરિ આપણે ગામ પધાર્યા છે. તેવા સમાચાર જાણીને ગામના બધા જ લોકો દેહનું ભાન ભૂલી જઈને દોડ્યા. શ્રીહરિની સન્મુખ આવીને તેમના ચરણોમાં પડ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'સંઘની ચોકિયાત વ્યવસ્થા અને સવારી સાથે મેમકા આવવું' એ નામે છાશીમો તરંગ સમાપ્ત ॥૮૬॥



પૂર ચોથું : તરંગ - ૮૭

શ્રીહરિની સવારી મેમકા ગામને સમીપે આવી

સદ્‌ગુરુ શ્રીમુક્તાનંદસ્વામી શ્રીહરિના ચરિત્રોની કથા સંભળાવતા દરબાર શ્રીદાદાખાચરને કહે છે, હે નૃપ ! શ્રીહરિ મેમકા ગામ પધાર્યા, તે

સાંભળીને ગામના હરિભક્તો ઉતાવળા સન્મુખ આવ્યા. હવે હું તેમના નામ કહું છું તો તમે એકાગ્ર ચિત્ત કરીને સાંભળો. ૧. વિપ્રમાં દેવરામ આવ્યા હતા. વાણિયામાં મૂળજી અને ખેતાભાઈ એ બંને ભાઈ હતા. તે મોટા શાહુકાર વેપારી હતા. ૨. તેમની સ્ત્રીઓ અને પુત્ર પરિવાર સારા સત્સંગી થયા હતા. તેમના વર્તનમાં કોઈ દુરાચાર ન હતો. તેઓ સત્સંગને સહુથી અધિક માનતા હતા. ૩. મૂળજીના પિતા મેઘજી શેઠ તુલસીકૃત રામાયણ ભણેલા હતા. તેઓ હૃદયના ઘણા વિવેકી હતા અને સત્સંગ ઉપર તેમને ઘણો પ્રેમ હતો. ૪. કણબી લાધા અગોલા, માવાભક્ત, મેઘા પટેલ અને વાલજી પટેલ એ બધાના ઘરના બધા જ માણસો સારા સત્સંગી હતા. ૫.

જેટલા અગોલા અને ઝાલોડિયા હતા તે બધા જ બાઈઓએ સહિત સત્સંગી હતા. માલવણિયા કણબી પણ બધા સત્સંગી હતા. ૬. શ્યામજી કણસાગરાનું કુટુંબ પણ સારું સત્સંગી હતું. ફલજી અને દેહલજી નામના બે ક્ષત્રિય પણ ઘણા દૃઢ સત્સંગી હતા. ૭. દેવાભાઈ ડોડિયા અને જેઠીભાઈ ડોડિયા આ બંને ભાઈ પાકા સત્સંગી થયા હતા. સુથાર હંસરાજભાઈ પણ કુટુંબે સહિત સારા સત્સંગી થયા હતા. ૮. ગામમાં રહેનારા બધા સથવારાઓ પણ સત્સંગી થયા હતા. બે ચાર ઘર બીજા વાણિયાના હતા તેપણ સારા સત્સંગી થયા હતા. ૯. ગામમાં એક વાળંદનું ઘર હતું તેપણ સારું સત્સંગી હતું. મેમકા ગામમાં જેટલા હરિભક્તો હતા તે બધા શ્રીહરિની સન્મુખ હરખભેર આવ્યા. ૧૦.

તે સિવાયના બીજા પણ જે ભાવિક લોકો હતા, તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. બધા જ એક એક શ્રીફળ લાવ્યા અને શ્રીહરિની આગળ ધર્યા. ૧૧. જ્યારે ઘણા બધા હરિભક્તો આવ્યા ત્યારે શ્રીહરિ હાથી ઉપરથી નીચા ઊતર્યા. મેમકા સિવાયના બીજા ગામોના કેટલાક હરિભક્તો પણ દોડતા દોડતા ત્યાં આવ્યા. ૧૨. ગામના એક વેરાગી કુંવરદાસ નામે હતા, તેપણ આખુ ગામ સત્સંગી થયું તેથી ગામના નોરમાં (કહેતા સહુની સાથે) રહેવા માટે શ્રીહરિ પાસે આવ્યા. ૧૩. ત્યારે તે વેરાગીને દેખીને શ્રીહરિએ કહ્યું, તમને ભલો ભાવ થયો ? ત્યારે તેણે કહ્યું, મારે હવે ટકવા માટે પગ રહ્યા નહીં.

(અર્થાત્ કોઈ શિષ્ય રહ્યા નહીં.) ૧૪. ત્યારે પરમ દયાળુ શ્રીહરિ પણ મુખ આડો રૂમાલ રાખીને હસવા લાગ્યા અને બોલ્યા કે હવે તો પગ ટકવાનું થઈ ગયું છે. કેમ જે, રામચરિતમાનસમાં આવી મોટા મોટાએ પ્રાર્થના કરી છે કે,

હે ભગવાન ! હું આપની પાસે વારંવાર એ વર માગું છું, તેને આપ રાજી થઈને આપો. આપના ચરણકમળમાં મને અચલ ભક્તિ આપો અને સત્સંગ આપો. (રા.ચ.મા.ઉ.) આવી પ્રાર્થના કરવાનું કારણ એ છે કે, સત્સંગ અને ભગવત્કથા સિવાય મોહ ટળતો નથી અને મોહ ટળ્યા વિના શ્રીરામના ચરણોમાં પ્રેમ થતો નથી. ૧૫-૧૭. માટે મોટા મોટા જે સંતો થઈ ગયા છે તેમણે પણ સત્સંગનો જોગ માગ્યો છે. ક્યારેય થોડા પુણ્યે બધાને સત્સંગનો જોગ મળતો નથી. ૧૮. તમારું ધન્યભાગ્ય છે. આવું સ્થાન કોઈને મળે નહિ. આવી રીતે વૈરાગી સાથે વિનોદ કરીને શ્રીહરિ હાથી ઉપર હરખથી બેઠા. ૧૯. રસ્તામાં ચાલતા જે લોકો પાછળ રહી ગયા હતા, તે હવે ભેળા મળી ગયા. તેમની સંભાળ લીધી. પછી ધર્મના દુલારા શ્રીહરિ આગળ ચાલ્યા. ૨૦.

ઊજળો રેતાળ ભૂમિનો પટ હતો. તે ભોગાવા જેવો સોહામણો હતો. તેમાં ચાલતી બધી વિચિત્ર પ્રકારની સવારી અતિશય રળિયામણી જણાતી હતી. ૨૧. હાથી ઉપર વિરાજમાન શ્રીહરિને બ્રહ્માનંદસ્વામી ચામર ઢોળી રહ્યા હતા. સવારીની આગળ જરિયાની નિશાન ઘણા શોભતા હતા. ૨૨. છત્રીશ પ્રકારના બધા વાજિંત્ર આગળના ભાગમાં વાગતા હતા. ઘોડાની ઉપર ડંકા એ રીતે વાગતા હતા કે તેનાથી બધું આકાશ ગર્જી રહ્યું જણાતું હતું. ૨૩. તે રીતે જ ઊંટના ઉપર રહેલી નોબત ઘેરા શબ્દથી વાગી રહી હતી. હાથમાં સોનાની છડી લઈને ચોપદાર 'જય જય નાથ !' આવા શબ્દ સાથે નેકી પોકારતા હતા. ૨૪.

બીજા જે સંતો અને હરિભક્તો હતા તે સહુ પ્રેમરસમાં તરબોળ થઈને મંગળમય ધોળના પદ ગાતા હતા, તેમના મનમાં ઉત્સાહ છવાઈ રહ્યો હતો. ૨૫. બધા જ હરિભક્તો ગુલાલ લાવ્યા હતા. તેથી તેઓ વારંવાર ગુલાલ ઉડાડતા હતા. તેના લાલરંગથી રંગાઈ ગયેલા આકાશ અને ભૂમિ ખૂબ જ

શોભી રહ્યા હતા. ૨૬. સહુના મુખ અને વસ્ત્ર લાલ લાલ થઈ ગયા. શ્રીહરિ પધાર્યા, તેથી સૌના અંતરમાં અતિ અધિક સુખ થયું. ૨૭. સત્સંગી બહેનો મોટીબાના રથને વીંટળાઈને ગીતો ગાતી હતી. રાજબાઈ પણ રથમાં શોભી રહ્યા હતા. તે બંને બહેનો એક જ રથમાં બેઠા હતા. ૨૮.

સવારી પાછળ જે ચાલી આવતી હતી. તેમાં સહુને શ્રીહરિ ઉપર સ્નેહ હતો. શ્રીહરિ પણ સવારીની અધવચ્ચે હતા. તેઓ સહુથી અધિક શોભતા હતા. ૨૯. તારામંડળમાં જેમ ચંદ્રમા શોભે તેમ શ્રીહરિની મૂર્તિ સંતહરિભક્તો વચ્ચે શોભતી હતી. દર્શન કરનારા સહુને મૂર્તિ પોતાની પાસે જ જણાતી હતી. તે મૂર્તિમાં એવું અલૌકિક આશ્ચર્ય હતું. ૩૦. સહુ લોકોને શ્રીહરિની મૂર્તિનાં દર્શનનું જ એક તાન હતું. કોઈને પણ પોતાના શરીરનું ભાન રહેતું નહિ. જે અધર્મી અને આસુરી લોકો હતા તે તો હરિભક્તોને તેવા ભાન વિનાના દેખતા હતા. ૩૧. આસુરી લોકો શ્રીહરિના પ્રતાપને જંત્ર, મંત્ર કે જાદુ ઠરાવી દેતા. પોતે ડૂબ્યા હોય તે બીજાને પણ ડુબાડે છે. ધર્મહીન તથા મલિન વેરાગીઓ અને બ્રાહ્મણો સત્યને અસત્ય કહે છે. ૩૨.

તેવા મેલા લોકોના બોલવા સામે હરિભક્તો જોતા જ નહિ. તેમના બોલવાને તો આકડાના તુલ જેવું ગણતા. શ્રીહરિ પણ તે અધર્મી અસુર લોકો મનમાં બળી ઊઠે એટલા માટે કાંઈ નવીન રીતે પ્રતાપ દેખાડતા હતા. ૩૩. શ્રીહરિના પ્રતાપને દેખીને અધર્મી લોકો ખૂબ જ બળતા હતા. તેઓ બળતરા કરી કરીને થાકી ગયા. તેમનું એક રતિભાર પણ ચાલ્યું નહિ. ૩૪. બધા અધર્મી લોકો જમપુરીમાં ગયા અને સત્સંગ વધારેને વધારે છવાઈ ગયો. જેણે જેણે દ્રોહ કર્યો, તેઓ જડમૂળથી નાશ પામ્યા. ૩૫. મેરુના જેવા બળવાન હોવા છતાં તેઓ સત્સંગનો દ્રોહ કરવાથી આકડાના તુલની જેમ ઊડી ગયા. આજ દિવસ સુધી તે ખોળવાથી પણ ક્યાંય હાથ આવતા નથી અને અધર્મના ઉપર તો આપત્તિઓની ફોજ ઊતરી પડી છે. ૩૬.

શ્રીહરિ સહુનું હિત કરે છે, કોઈનું પણ અહિત ચાહતા નથી. પાપી લોકો તો પોતાના પાપરૂપ દોષથી કષ્ટરૂપ મારને ખાય છે. ૩૭. તોપણ

શ્રીહરિ હિત કરે છે અસુર લોકોને તે દેખાતું નથી. શ્રીહરિ તો સહુને માટે સદા સુખરૂપ જ છે, છતાં અસુરના મનમાં તો વિનાશ જ દેખાય છે. ૩૮. અસુરોને તેના પાપનું ફળ કંસ આદિની જેમ તરત જ મળે છે. છતાં અસુરો દ્વેષ કરતા રહે છે અને તેને કર્મ પ્રમાણેનું ફળ તુરંત જ મળે છે. ૩૯. કીર્તિરૂપી હાથી ઉપર બેસીને શ્રીહરિ મેમકા ગામની સમીપે પહોંચ્યા. તેઓ ધર્મ, ભક્તિ અને વૈરાગ્યરૂપ વસ્ત્રો અને આભૂષણોથી સજ્જ હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શ્રીહરિની સવારી સજી ધજીને મેમકાની સમીપે આવી' એ નામે સત્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૭॥



પૂર ચોથું : તરંગ - ૮૮

થાળ જમ્યા, સૌને જમાડ્યા, ભોગાવામાં નાહ્યા અને સભા કરી

તળાવ અને ભોગાવો નદી એ બેની વચ્ચેના ભાગમાં શ્રીહરિ ઊતર્યા. સુંદર સારી જગ્યા જોઈને ત્યાં અનેક તંબુઓને ઊભા કરાવ્યા. ૧. દરબારો બધા પોતપોતાના તંબુઓમાં ઊતર્યા. અનેક થાંભલા મૂકીને શ્રીહરિને માટે પણ ચંદની ઊભી કરાવી. ૨. ઘનશ્યામ શ્રીહરિએ ગંગાને (ભોગાવાને) કિનારે સારી રમણીય જગ્યા જોઈને ત્યાં ત્રણ દિવસનો મુકામ કર્યો. ૩. સંતોને અને હરિભક્તોને સાથે લઈને શ્રીહરિએ સવારે અને સાંજે એમ બે વખત ત્રણ દિવસ સુધી ભોગાવો નદીમાં સ્નાન કર્યું. ૪.

શ્રીહરિની ચંદનીની વચ્ચે ચિત્રવિચિત્ર કામ કરેલું મોટું ભારે એક સુવર્ણનું સિંહાસન રચાવ્યું હતું, જેમાં પાંચ રંગના મણિ જડ્યા હતા. ૫. શ્રીહરિ આવીને તે સિંહાસનમાં બેઠા. મૂર્તિની અનંત શોભા છવાઈ ગઈ હતી. તે સમયે ત્યાં જે સંતો હતા તે બધા પ્રથમ જ આવીને બેસી ગયા હતા. ૬. જીવા ખાચર વગેરે કાઠી દરબારો પછી આવ્યા. તેમને શ્રીહરિએ પોતાની પાસે બેસાડ્યા. દરબાર જાલમસિંહજી અને બાપુભાઈ સભામાં આવ્યા. ૭.

તે સિવાય બીજા પણ દેશદેશના હરિભક્તો બધા આવ્યા. જ્યારે તેઓ શ્રીહરિને પગે લાગીને મૂર્તિની સન્મુખ દેખતા હતા. ૮. ત્યારે મૂર્તિને દેખતા હોવા છતાં તેમના મનમાં તૃપ્તિ થાતી નહિ અને જોતજોતામાં તેઓ પોતાના શરીરનું ભાન ભૂલી જતા હતા. શ્રીહરિએ મૂર્તિમાં એટલી બધી શોભા ધરી હતી કે તેનું વર્ણન કરતા શારદા અને શેષ પણ હારી જતા હતા. ૯.

દસ ઘડી (ચાર કલાક) દિવસ થયો હશે તે સમયે બધી રસોઈ તૈયાર થઈ ગઈ. મુકુંદાનંદ વર્ણી શ્રીહરિને બોલાવવા માટે આવ્યા. ૧૦. તેમને શ્રીહરિએ પૂછ્યું. રસોઈને હવે કેટલી વાર છે. આજ તો બહુ ભૂખ લાગી છે. ત્યારે વર્ણીએ બંને હાથ જોડ્યાં. 'મહારાજ ! રસોઈ તૈયાર થઈ ગઈ છે' ૧૧. ત્યારે ભક્તોના મનને આનંદ આપનારા દીન દયાળુ શ્રીહરિ તરત જ ઊભા થયા. વસ્ત્રો અને ઘરેણાં જે કાંઈ પહેર્યા હતા તેમાંથી અમુક ઘરેણાં રાખીને વધારાના ઘરેણાં અને વસ્ત્ર તંબુમાં જઈને ઉતાર્યા. એક પીતાંબર વસ્ત્ર પહેર્યું અને બીજું પીતાંબર ઓઢી લીધું. ૧૨-૧૩. ઘનશ્યામ શ્રીહરિએ સોનાની ચાખડીઓ પહેરી લીધી. એક હાથમાં રૂમાલ રાખ્યો અને જ્યાં રસોઈ બનાવી હતી ત્યાં આવ્યા. ૧૪. સોનાના બાજોઠ ઉપર આવીને ચરણકમળ ધોયા. વર્ણીએ રૂમાલથી લૂછ્યા. પછી બીજા સોનેરી બાજોઠ ઉપર આવીને બેઠા. ૧૫.

હરિભક્તોએ ઘણા પ્રેમથી વિવિધ પ્રકારના ભોજન તૈયાર કરાવ્યા હતા. જેનો ગણવાથી પાર આવે તેમ ન હતું. વર્ણી તેને થાળમાં ભરીને લાવ્યા. ૧૬. શ્રીહરિ પહેલા દૂધપાક, પૂરી અને વડાં જમ્યા. તે પછી બીજા જે ભોજનો હતા તેમાંથી બધું થોડું થોડું જમ્યા. ૧૭. પૂરી અને સાકરનો શીરો મનમાન્યો બનાવ્યો હતો. તેમાં દ્રાક્ષ આદિ જાતજાતના કેટલાએ મેવા નાખ્યા હતા. ૧૮. તે શીરો ઠારીને ચોકીમાં ભર્યો હતો. તે ઘણો જ સુગંધી હતો. શ્રીહરિ જમી રહ્યા ત્યારે ચળું કરી, મુખવાસ લીધો. ૧૯. શ્રીહરિએ રસોડામાં આવીને બધા ભોજન દેખ્યા. તેથી રાજી થયા. જે થાળ જમ્યા હતા તે પ્રસાદી દાદાખાચરને આપી. ૨૦. અગોલા અટકના કણબી હરિભક્ત

મેઘા પટેલ, લાધા પટેલ, માવા પટેલ અને વાલા પટેલ વગેરે ગણતા પાર ન આવે. ૨૧. તે બધા હરિભક્તોના નામ આનંદાનંદસ્વામીએ શ્રીહરિને કહ્યા.

શ્રીહરિ કહે, સંતોને બોલાવો. અમે તેમને પીરસીને જમાડીએ. ૨૨. ત્યારે મહાનુભાવાનંદસ્વામી સહુને બોલાવી લાવ્યા. જમવાની પંગત માટે મંડપ કરાવ્યો હતો. ત્યાં લાવીને સંતો અને દરબારો સહુને બેસાડ્યા. ૨૩. સંતોની પંગતમાં સંતો અને દરબારોની પંગતમાં દરબારો એમ વિગત પાડીને સહુ જુદા જુદા બેઠા. તે સમયે પીરસવા આવેલા શ્રીહરિએ સંતોના કાષ્ઠના પાત્રો ભરી દીધા. ૨૪. મોનાભાઈ, બહેચરજી, દેવકૃષ્ણ, દેવરામ અને લાધારામભાઈ આદિ વિપ્રો ભોજનથી ભરેલા થાળ લાવવા માંડ્યા. ૨૫.

શ્રીહરિ જ્યારે સંતોને અને દરબારોને પીરસી રહ્યા ત્યારે 'વાસુદેવ હરે' એવો શબ્દ ઉચ્ચાર્યો અને સહુ એક સમયે જમવા લાગ્યા. ૨૬. સંતોએ પાત્રમાં ભોજન ભેળવી-મેળવીને એક કરી દીધું. પછી તેમાં એક એક પોશ ભરીને જળ નાખ્યું. ૨૭. સંતોને શ્રીહરિ નિત્ય જમાડતા. સંતો પાણી નાખવું ભૂલતા નહિ. કારણ કે તેમને આજ્ઞાવચનમાં પ્રેમ હતો, ભોજનના સ્વાદ કરતા વચનનો સ્વાદ સંતો અધિક માનતા. ૨૮. સંતો અને દરબારો જ્યાં સુધી જમ્યા ત્યાં સુધી શ્રીહરિ હરખથી પીરસતા રહ્યા. જ્યારે સંતો અને દરબારો જમી રહ્યા ત્યારે શ્રીહરિએ પોતાના હાથ ધોયા. ૨૯.

હાથ ધોઈ, ચાખડીઓ પહેરીને શ્રીહરિ હરખભેર તંબુમાં આવ્યા. અન્ય ભક્તોના સુખને માટે મહારાજાધિરાજ શ્રીહરિ બે ઘડી પોઢી ગયા. ૩૦. બધા સંતો ધ્યાનમાં બેઠા. તેઓ ક્યારેય દિવસે સૂતા નહિ. શ્રીહરિ જ્યારે ઊઠ્યા ત્યારે સ્નાન કરવા માટે ચાલ્યા. ૩૧. બધા સંતો અને હરિભક્તો ઉમંગથી ભોગાવા નદીમાં સ્નાન કરવા સાથે ચાલ્યા. જ્યાં કમર સુધી પાણી હતું ત્યાં શ્રીહરિ ઉતાવળા પહોંચ્યા. ૩૨. શ્રીહરિએ હરખથી વજનમાં હળવી ચાખડીઓ પહેરી હતી. તે સમયે શ્રીહરિને જન્મથી ચોવીશ વરસની ઉંમર થઈ હતી. ૩૩.

લોકોના મનને હરનારી શ્રીહરિની મૂર્તિ પરમ સુખનિધિ, આનંદકારી અને ઘનશ્યામ હતી. પાણીનો લોટો ભરીને શ્રીહરિ શૌચ કરવા ગયા. ૩૪. ભોગાવાની વચ્ચે ખાખરાની ઘાટી ઝાડી હતી. ત્યાં એકાંતમાં શૌચ કરવા ગયા અને પછી સત્વરે પાછા આવ્યા. ૩૫. નદીમાં આવીને હાથ પગ ધોયા. પછી સંતો અને હરિભક્તોના ઉપરવાસના ભાગમાં પ્રસન્નમનથી સ્નાન કર્યું. નિચાણના ભાગમાં સહુ અતિશય ઉલ્લાસથી નાહ્યા. ૩૬. પાણી ઘણું ઠંડું હતું ત્યાં શ્રીહરિ નાહ્યા. પછી પાણીથી બહાર નીકળ્યા અને કોરા વસ્ત્ર પહેરી લીધાં. ૩૭. સર્વ જગતના આધાર શ્રીહરિ પોતાના મુકામ ઉપર આવ્યા. સાથે અપાર હરિભક્તો હતા. ચંદની વચ્ચે આવીને આસન ઉપર બેઠા ૩૮. પરમ દયાળુ શ્રીહરિ મહાન અનુપમ સિંહાસન ઉપર બેઠા. પોતે ભક્તજનોને આનંદ કરાવવા માટે અલૌકિક ચિંતન-સ્મરણ (ખ્યાલ) કરતા હતા. ૩૯. તે સમયે સંતોની અને હરિભક્તોની સભા થઈ. બધા દરબારો પણ આવ્યા. તેઓ શ્રીહરિની સમીપે બેઠા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'ભોગાવો નદીમાં સ્નાન કર્યું અને બપોર પછી સભા કરી' એ નામે અઠ્યાસીમો તરંગ સમાપ્ત ॥૮૮॥



પૂર ચોથું : તરંગ - ૮૯

સંતોને વાતો કરવાની રીત અને અગોલા પટેલોએ પૂજા કરી

શ્રીહરિએ સંતોને કહ્યું, જે હરિભક્તો આવ્યા છે, તેમની આગળ તમે જેવું જાણતા-સમજતા હો તેવી સત્સંગની વાતો કરો. ૧. દરબાર માંચા ખાચર અને અલૈયા ખાચર એ બંનેને પણ શ્રીહરિએ આજ્ઞા કરી કે તમને જે રીતે સત્સંગ થયો હોય, તેની વાતો તમારે પણ કરવી. ૨. વાર્તા કર્યાની રીત : જે કોઈ સત્સંગી આવે તેનું પ્રથમ અંગ તપાસવું. પછી જે રીતે તેના સત્સંગની વૃદ્ધિ થાય તેવી વાતો તેની આગળ કરવી. ૩. જેમ વાળંદ દીવાને અડાડીને મશાલ પ્રકટાવે છે. પછી મશાલ પ્રગટવાથી દીવા કરતા વિશેષ પ્રકાશિત

થાય છે અને દીવો મશાલ જેવો પ્રકાશિત દેખાતો નથી. ૪. ચંદ્રમાનું તેજ ઘણું જણાતું હોય છે, પણ તે જ્યાં સુધી સૂર્યોદય ન થયો હોય ત્યાં સુધી જ. જ્યારે સૂર્યોદય થાય ત્યારે ચંદ્રમાનું તેજ ક્ષીણ થઈ જાય છે. ૫. આવી રીતે વાતમાં દૃષ્ટાંત આપી, સિદ્ધાંતની વાત વિચારીને કરવી. વરસાદનું એક એક બિંદુ સતત પડતું રહે તો મોટું સરોવર પણ ભરાઈ જાય છે. ૬. પછી તે પાણીનો ઉપયોગ કરીને લોકો સુખી થાય છે. તેમ અંતઃકરણમાં વિચાર કરવો. જો કોઈ કુસંગી પોતાની પાસે આવે તો તેની આગળ પણ વિચારીને તેને યોગ્ય વાત કરવી. ૭.

તેની રીત થોડી જુદી છે. પહેલા પોતાનો જ વિચાર કરવો. પોતે સત્સંગ થયા પહેલા કેવા હતા. તે સમયે પોતાની સમજણ કેવી હતી ? ૮. શું સમજીને પોતે સત્સંગ સ્વીકાર્યો ? સત્સંગી થયા. આ રીતે પોતાના અંગનો વિચાર કરવો. શરૂઆતની ઉંમરમાં નાનું બાળક હોય ત્યારે તે આખો રોટલો ન ખાઈ શકે. ૯. બાળકને પહેલા તો દૂધની આદત(અભ્યાસ) પાડે. જ્યારે તે દૂધની આદત, રુચિ વધે ત્યારે પછી તેને પાણી પીવાની રુચિ કરાવે. એક એક ટીપું પાણી મોઢામાં આપે. ૧૦. પાણીની રુચિ જ્યારે થઈ જાય ત્યાર પછી તેને અન્ન ચટાડે. પછી તે ચાટતા ચાટતા તેને ગમી જાય. પછી તેને માતાના ધાવણની ઈચ્છા ન રહે. ૧૧. બાળક જેમ જેમ મોટું થાતું જાય તેમ તેમ તે રોટલો-રોટલી વધારે ખાય છે. તે પ્રમાણે જ સત્સંગ ધીમે ધીમે કરાવવો જોઈએ. સમજુ માણસે તેમાં ભૂલ કરવી ન જોઈએ. ૧૨.

એક દિવસમાં ક્યારેય કૂવો ખોદી શકાય નહિ. જેવી જમીન હોય તે રીતે પાણી થાય છે. ૧૩. ક્યાંક એક જ ઘડીમાં પાણી થઈ જાય છે. ક્યાંક એક દિવસે પાણી થાય. ક્યાંક દસ દિવસે પાણી થાય અને ક્યાંક પાણી ક્યારેય ન થાય. ૧૪. ક્યાંક મીઠું પાણી નીકળે છે અને ક્યાંક કડવું પાણી નીકળે છે. જમીનમાં કૂવો ખોદવાથી ખબર પડે છે. કૂવો ખોદ્યા સિવાય ખબર પડતી નથી. ૧૫. મગને બાફવા માટે ચૂલે મૂકવામાં આવે ત્યારે બધા મગ બફાઈ ગયા હોવા છતાં કોઈક દાણો કોરડું-ગાંગડું રહી જાય છે. તેમ સત્સંગની જે જીવને વાતોની અસર કોરડું મગની જેમ ન થાય તેને મનમાં આસુરી જીવ જાણવો. ૧૬.

કારીગરે ઘડવાના જે જે ઘાટ કહેવાતા હોય છે તેને માટે તેવા ઉપકરણ-સાધન જોઈએ. સાધન વિના ઘાટ ઘડાય નહિ. જેવો ઘાટ ઘડવો હોય તેવાં સાધન તેમાં જોઈએ જ. તે રીતે જ જેવી વાત કરવી હોય તેવા વિચાર પણ તેમાં જોઈએ. ૧૭. દાવપેચમાં પણ તેવું જ છે. જેવી રમત (દાવ) હોય તેવી યુક્તિ (પેચ) આવડવી જોઈએ. દાવ હોય તેવો પેચ જોઈએ અને તે ગુરુ મુખે શીખવું પડે. પેચ શીખ્યા વિના તો પોતાનો રંગ ઊતરી જાય અને બીજો જ રંગ ચઢી જાય. ૧૮. જેને વાત કરવાની કળામાં પણ સારી યુક્તિ ન આવડતી હોય તેણે ક્યારેય વાતો કરવી નહિ. તેણે તો પોતાના નિયમ ધર્મ પાળવા અને પોતાના શ્રેયનું કાર્ય સુધારી લેવું. ૧૯.

પાણીનો જે તરવૈયો હોય તેને પાણી ડુબાડે નહિ. જેને તરતા આવડતું નથી તે ચાહે તેવો બળવાન હોય તોપણ તરી શકે નહિ. ૨૦. બ્રહ્મવિદ્યાના અંગો અનંત છે. તેને કોઈ મોટા બુદ્ધિશાળી જ જાણી શકતા હોય છે. જેને અંતરદૃષ્ટિ ન હોય તે બુદ્ધિમાન હોય તો પણ બ્રહ્મવિદ્યાને સમજી શકતો નથી. ૨૧. તેમાં ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાનની રુચિ હોવી આવશ્યક છે. ધર્મ આદિમાં જો રુચિ ન હોય તો બ્રહ્મવિદ્યા સફળ થતી નથી. ૨૨.

चोपाई :

प्रगट उपासना दृढ जेहु, सबको मूर बिज हे तेहु;
मूर बीज रहे अवछीना, सो जन मोक्ष लहे कोउ दीना...२३

પ્રકટ પરમાત્માની દૃઢ ઉપાસના જ સાધન માત્રનું મૂળ-બીજ છે. મૂળ-બીજ જો અવિચ્છિન્ન-અખંડ રહે તો તે મનુષ્યનો મોક્ષ કોઈક દિવસ થાય છે. ૨૩. આ પ્રમાણે વાતો કહેવાની રીત કરોડો પ્રકારની હોય છે તે બધી શ્રીહરિએ પ્રેમથી કહી. તેમાંથી કાંઈ અણુ જેટલી મારા મનમાં યાદ રહી તે મેં અહીં કહી બતાવી છે. ૨૪.

શ્રીહરિ સત્સંગમાં આવ્યા ત્યારથી આરંભીને જીવના કલ્યાણની વાતો અનંત કરી છે. માનો તેનાથી આકાશ ભરાઈ ગયું નહોય ! ૨૫. શ્રીહરિના ચરિત્રો અને વાતોનો તો આકાશ ભર્યો જ છે. પણ તેમાંથી જેટલું જીવમાં યાદ રહે તેટલો તે પ્રકાશ-ફાયદો કરે છે. ૨૬. “સત્સંગની વાતો કરવી” આવી જે

શ્રીહરિની આજ્ઞા, તેને સંતોએ અને દરબારોએ મસ્તકે ધારી. તે પછી નવા સ્નેહથી તેઓ હરિભક્તોની આગળ સત્સંગની વાતો કરવા લાગ્યા. ૨૭.

પટેલ મેઘા અગોલા પોતાના કુટુંબ સાથે સત્સંગી થયા. પછી તેઓ શ્રીહરિની પૂજા કરવા માટે આવ્યા. ૨૮. તે બધા હરિભક્તો વિવિધ પ્રકારની પૂજાની સામગ્રી લઈને આવ્યા. સાકર, દ્રાક્ષ અને ખારેકના થાળ ભરી ભરીને તે બધા લાવ્યા. ૨૯. કેસર મેળવેલું ચંદન, મોગરાના અને ગુલાબના ફૂલના અપાર હાર લાવ્યા. જેટલા સંતો હતા તેના કરતા પણ વધારે ફૂલહાર લાવ્યા હતા. ૩૦. બ્રહ્માનંદસ્વામી આગળ ચાલીને સહુ હરિભક્તોને લઈને આવ્યા. આનંદાનંદસ્વામી પૂજા કરાવવાની વિધિ જાણતા હતા. તેથી બ્રહ્માનંદસ્વામીએ તેમને બોલાવ્યા. એટલે તેમણે આવીને પૂજાની રીત બતાવી. ૩૧.

પહેલા કેસરી ચંદન લઈને શ્રીહરિના લલાટમાં તેની અર્ચા કરી. પછી તેની વચ્ચે કુંકુમનો મોટો ચાંદલો કર્યો. ૩૨. તે પછી ફૂલના હાર પહેરાવ્યા. ભુજાઓ ઉપર બાજુબંધ બાંધ્યા અને પહોંચી બાંધી. મસ્તકે અનુપમ પાઘ બંધાવી અને તેમાં તોરાઓ લટકાવી દીધા. ૩૩. કાન ઉપર ગુલાબના ગુચ્છ ધરાવ્યા અને સાકરના ભરેલા થાળ આગળ મૂક્યા. પછી કપૂરથી આરતી ઉતારી. પછી છાતીમાં ચરણકમળ ચાંપ્યા. ૩૪.

તે પછી અત્યંત પ્રેમથી બધા સંતોની પણ પૂજા કરી. સૌને એકેક હાર પહેરાવ્યો તેનાથી ફૂલોથી ખીલેલી ફૂલવાડી હોય તેવી સભા જણાતી હતી. ૩૫. જેટલા અગોલા પટેલ સત્સંગી હતા. તેમણે સહુએ ઉપર કહ્યા પ્રમાણે શ્રીહરિની પૂજા કરી. તેની અપાર શોભા થઈ. જે મુખથી વર્ણન કરતા આવડતું નથી. ૩૬. માળી લોકો ફૂલોના હાર લઈને બધા એક લાઈનમાં આવતા હતા તે વઢવાણથી લઈને શ્રીહરિની સભા સુધીના માર્ગમાં તેની શોભા અત્યંત મનોહર જણાતી હતી. ૩૭. શ્રીહરિ મેમકામાં ત્રણ દિવસ રહ્યા ત્યાં સુધી અપાર ફૂલહાર આવ્યા. તે શ્રીહરિનો પ્રતાપ જોઈને શહેરના લોકો પણ અપાર આવ્યા. તેનો પાર પામી શક્યા નહિ. ૩૮.

પૂજા કરનારા બધા અપાર શ્રીફળ અને મેવા લાવતા હતા. તેમજ ફૂલહાર પણ લાવતા હતા. તે બધાને શ્રીહરિની આગળ ધરતા હતા અને

શ્રીહરિ તેને પ્રેમથી અંગીકાર કરતા હતા. ૩૯. જેટલા મેવા આવતા હતા તે બધાને કાઠી દરબારો લેતા હતા. મેવાનો વરસાદ વરસતો હતો છતાં સંતો તેની ઈચ્છા પણ કરતાં નહીં. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'સંતોને વાતો કરવાની રીત કહી અને મેઘા પટેલે પૂજા કરી' એ નામે નેવ્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૯॥



પૂર ચોથું : તરંગ - ૯૦

શ્રીહરિ મેમકાથી તાવી થઈને દેવળીયા પધાર્યા

હરિભક્તો જ્યારે શ્રીહરિની પૂજા કરી રહ્યા ત્યારે સંધ્યા વખત થઈ ગયો. પછી શ્રીહરિએ કહ્યું, ૧. સંતો વાજિંત્રો લઈને ગાન કરવા આવો. સંધ્યા સમય થઈ જવા આવ્યો છે માટે ગાન કરવામાં ઉતાવળ રાખો. ૨. ત્યારે સંતો વાજિંત્ર લઈને આવ્યા અને ગાન કરવા લાગ્યા. તેમાં પહેલા વસંત રાગ ગાયો, પછી કાફી અને હોરી રાગ ગાયા. ૩. તબલા, સરોદ અને સિતાર વગેરે વાજિંત્ર પ્રેમથી વગાડ્યા. ખૂબ જ સરસ કીર્તનગાન થયું. તે સાંભળીને ત્રિલોકી ડોલવા લાગી. ૪. ત્રિલોકીના સર્વે અધિપતિઓ સંતોની સાથે પ્રસન્ન થઈને ગાન કરવા લાગ્યા. અનંત બ્રહ્માંડોના દેવ અને મનુષ્ય આદિ લોકો તે સમયે ત્યાં આવી ગયા હતા. ૫. શ્રીહરિના ધામના નિવાસી જેટલા છે તે બધા શ્રીહરિમાં આવી ગયા હતા.

પછી જ્યારે સૂર્ય અસ્ત થયો ત્યારે કેટલીક મશાલો પ્રકટી. ૬. તે સમયે ચોપદારે છડી પોકારી એટલે બધી સભા ઊભી થઈ. છત્રીશ પ્રકારનાં વાજિંત્ર વાગવા લાગ્યાં. બધું આકાશ ગાજી ઊઠ્યું. ૭. તે સમયે તેત્રીશ કરોડ દેવતાઓ વિમાનમાં બેસીને ત્યાં આવ્યા. તેઓ કેસરચંદન અને પુષ્કળ ફૂલ લાવ્યા. ખૂબ જ ખુશ થઈને ચંદન અને પુષ્પોની ઝડી વરસાવી દીધી. ૮. જે ભક્તો ધ્યાની (સમાધિવાળા) હતા તેમને આ બધું દેખાતું હતું. ચંદનીની નીચે બિલોરી કાચના અનંત પ્રકારના ઝાડ પ્રેમથી પ્રકટાવી દીધા હતા.૯.

સંતો આરતી કરવા લાગ્યા. બ્રહ્માનંદસ્વામીનું રચેલું "આરતી પ્રગટ પ્રભુજી કી કીજે" એ પદ સહુ બોલ્યા. આરતી પૂરી થયા પછી શ્રીહરિએ ધૂન બોલાવી. ૧૦.

શ્રીહરિ ધૂન ખૂબ જ સરસ રીતે કરતા. પ્રેમીભક્તના જેવી પ્રીતિ જણાવતા. પોતાનું અનાદિ સ્વતઃ સિદ્ધ જે મૂળરૂપ છે ૧૧. તે સ્વયં હોવા છતાં ધામના સ્વરૂપને વિશેષ માનતા. આ રીતે બધા અવતારોની રીતને પોતે વિશુદ્ધ પ્રેમથી રાખતા. ૧૨. સહુથી પર અક્ષર છે તેનાથી પણ પોતે પર છે. તેમનાથી કોઈ પર નથી. જેને શાસ્ત્રોમાં 'પરાત્ પરઃ' આમ કહે છે. તે મૂર્તિ સ્વયં શ્રીહરિ છે. ૧૩. રાધાજી અને લક્ષ્મીજી બંને ભક્ત છે, તેનાથી અધિક કોઈ નથી. મોટા મોટા મુક્તો પણ રાધા અને લક્ષ્મીના જેવી સેવાને ચાહે છે. ૧૪. રાધિકાજી અને લક્ષ્મીજીમાં પણ તારતમ્ય ઘણું છે. તેઓ બંને સેવા ભક્તિમાં સમાન હોવા છતાં સરલતામાં તેઓ સમાન નથી. ૧૫. એકનો સ્વભાવ માખણના જેવો ઘણો જ કોમળ છે ત્યારે બીજીનો સ્વભાવ થોડો કઠોર છે કે જે શ્રીકૃષ્ણને પણ પોતાની મરજી પ્રમાણે રાખે છે. ૧૬.

એકાંતિકભક્ત બે પ્રકારના છે. એકના અંગમાં તર્કની ટેવ હોય છે. બીજામાં તર્ક કરવાનો સ્વભાવ હોતો નથી. આવા ભક્તોને માટે જ ભગવાન પણ તે બંને સ્વભાવોને દેખાડે છે. ૧૭. જેમ સ્વચ્છ દર્પણનો સ્વભાવ એક સરખો જ હોય છે તેમાં કોઈ અનેકપણું હોતું નથી. દર્પણની સમક્ષ જેવો રંગ (રૂપ) આવે તેવું તે દેખાડે છે. રૂપ ભિન્ન દેખાડવાથી કાંઈ દર્પણમાં કોઈ દોષ કહેવાતો નથી. ૧૮. તે રીતે જ ભગવાન તો એક સમાન સ્વભાવના જ છે. સ્થાનને લીધે ન્યૂન કે અધિકભાવ રહે છે. જેવું સ્થાન-દેશ હોય અને જેવો કાળ હોય, ભગવાન તેવું સામર્થ્ય દેખાડે છે. ૧૯. લોકની સ્થિતિને વ્યવસ્થિત રાખવા માટે જ ભગવાન તેવા આવશ્યકતા પ્રમાણેના ચરિત્ર કરે છે. ભગવાન દેવોમાં દેવોની રીતે ચાલે છે અને મનુષ્યોમાં મનુષ્યની રીત પ્રેમથી ગ્રહણ કરે છે. ૨૦. સુખકારી પરમેશ્વર પશુઓમાં પશુની રીત સ્વીકારીને તેના જેવા ચરિત્રોને કરે છે. ભગવાનનો સ્વભાવ તો એકસરખો જ છે. પોતે તેને ક્યારેય બદલતા જ નથી. ૨૧.

ભગવાન સ્વસ્વરૂપથી એકરૂપ રહે છે છતાં ભક્તોના હિતને માટે અનેક ચરિત્રો કરે છે. તેમની યોગમાયા અનંત છે. વેદોનું સંકલન કરનારા વ્યાસ પણ તેના પારને પામ્યા નથી. ૨૨. તો પછી વેદો તો તેના પારને ક્યાંથી પામે. શ્રીહરિનું સ્વરૂપ એવું અપાર છે. વેદોથી અધિક જ્ઞાન સંપન્ન કોઈ છે જ નહિ, કારણ કે વેદો તો સાક્ષાત્ બ્રહ્મસ્વરૂપ છે. ૨૩. જે મત વેદથી બહારના છે તેને પાખંડ કહેવાય-કુપંથ કહેવાય. વર્ણાશ્રમધર્મોનું મૂળ વેદ છે અને ભિન્ન ભિન્ન ધર્મોને વેદ જ વિષમરૂપમાં કહે છે. ૨૪.

કેટલાક કુબુદ્ધિવાળા એમ કહે છે. "ભગવાનનું દિવ્યધામ છે જ નહિ, ધામની જરૂર નથી." તેમના આવા પાપમય વિચારોને દેખીને વેદોએ મનમાં વિચાર કર્યો. ૨૫. કારણ કે વેદોની સમજણ અપાર છે. કોઈ તેના પારને પામી શકે તેમ નથી. અસુરોને નિયમમાં કરવાને માટે વેદોએ અનેક પ્રકારના વિચારો કહ્યા. ૨૬. જે લોકો નિમિત્ત વગર પાપ કરે તેમાં વેદોએ અતિશય દોષ દેખાડ્યો. વેદો તેવા લોકોને ધીરે ધીરે નિયમમાં કરીને તેની કુમતિનો નાશ કરે છે. ૨૭. જેનો જેવો સ્વભાવ હોય તેને તેવા રૂપમાં વેદ પ્રકટ કરે છે. પાપનો નાશ કરાવીને સ્વર્ગલોકના સુખનો પણ નાશ કહેવડાવે છે. ૨૮.

પ્રાચીન બર્હિષ રાજાએ અપાર યજ્ઞો કર્યા. તેમાં જેવા આયુધોથી જેટલા પ્રાણીઓને તેણે માર્યા હતા. તે પ્રાણીઓ તેવા જ આયુધો લઈને પ્રાચીન બર્હિષ રાજાને મારવા રાહ જોઈ રહ્યા હતા, એવું નારદમુનિએ બર્હિષ રાજાને બતાવ્યું હતું. આ વાત ભાગવત પુરાણમાં લખી છે. ૨૯-૩૦. જ્યારે પાપ કરવાથી પણ પુણ્ય જ થતું હોય ત્યારે જમપુરી તો વ્યર્થ થઈ જાય. અને જે લોકો અનીતિ કરતા હોય તે કોઈને રાજાનો ભય રહે નહીં. ૩૧.

ધૂન કરાવીને શ્રીહરિએ આટલી વાત કરી. કારણ કે તે સમયે ત્યાં વઢવાણથી પંડિત ભાનુ ભટ્ટ નામના એક વિપ્ર આવ્યા હતા. ૩૨. તેઓ કાશીમાં ભણીને આવ્યા હતા, એટલે તેમને પોતાની પાસે બેસાડ્યા અને ઉમંગથી તેમની આગળ શ્રીહરિએ આવી વાત કહી. ૩૩. તે પંડિત વિપ્રના મનની વાતને જાણીને શ્રીહરિએ તેને સાક્ષાત્ પ્રકટ કહી બતાવી. તે સાંભળીને તેના મનમાં ઘણું આશ્ચર્ય થયું. પરંતુ નિયમ ધારણ કરવામાં

તેની હિંમત ચાલી નહીં. ૩૪. બીજે દિવસે ખોડા ભક્તના બધા જ કુટુંબે શ્રીહરિને રસોઈ આપી અને પૂજા કરીને લાભ લીધો. ૩૫. ત્રીજે દિવસ શેઠ મૂળજીભાઈ, તેમના ભાઈ ખેતસીભાઈ તથા શ્યામજી કણસાગરા વગેરે ગામના બીજા જે હરિભક્તો હતા. ૩૬. તે સહુની રસોઈ લીધી. પૂજા કરાવીને ભક્તોને ઘણું સુખ આપ્યું. ચોથે દિવસ શ્રીહરિ **તાવી** ગામ પધાર્યા. ત્યાં એક દિવસ મુકામ કર્યો. ૩૭. દરબાર શ્રીઅખાભાઈનું જેટલું કુટુંબ હતું તે બધાએ સત્સંગના નિયમ-વ્રતમાન ધારણ કર્યાં. સહુએ સરસ રીતે રસોઈ આપી અને પ્રેમથી શ્રીહરિની પૂજા કરી. ૩૮. શ્રીહરિ તાવીથી ચાલ્યા. અપાર શોભા કરી હતી. **દેવળિયા** ગામ પધાર્યા. અપાર વાજિંત્રો વાગતાં હતાં. ૩૯. ત્યાંના દરબાર જાલમસિંહજી ઘણા જ હોશિયાર હતા. તેમણે આખા ગામની બજારો સ્વચ્છ કરાવીને ચિત્ર વિચિત્ર રીતે શણગાર્યું હતું. ૪૦. દરબાર શ્રીજાલમસિંહજીએ શ્રીહરિને પોતાને ભવન પધરાવ્યા. સુંદર રસોઈ કરાવી. અને શ્રીહરિ ત્યાં એક રાત રોકાયા. ૪૧. દિલમાં જે ભાવના હતી તે પ્રમાણે તેમણે શ્રીહરિની પૂજા કરીને અલૌકિક લાભ લીધો કે જે લાભ બીજા કોઈને મળ્યો ન હતો. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શ્રીહરિ મેમકાથી તાવી થઈને દેવળિયા પધાર્યા' એ નામે નેવુમો તરંગ સમાપ્ત ॥૯૦॥



પૂર ચોથું : તરંગ - ૯૧

શ્રીહરિ મછિયાવમાં દરબારગઢમાં પધાર્યા તથા ત્યાંના સત્સંગ સંબંધી વાત

અત્યંત પ્રસન્ન થઈને શ્રીહરિ દેવળીયા થી **દદુકા** ગામ પધાર્યા. શ્રીહરિ પધારે છે એમ જાણીને તે ગામના બધા હરિભક્તો પ્રેમથી સન્મુખ આવ્યા. ૧. તે ગામના રાજા વાઘેલા ક્ષત્રિય - દરબારો બધા હરિભક્તો હતા અને શ્રીહરિના ઉપર તેમને બહુ જ હેત હતું. ૨. દરબાર મોડજી, કાંધાજી, અલુજી,

દલુજી, હરિભાઈ અને જીવોજી, કલ્યાણદાસ તથા બેચરદાસ લુવાર આ બધા હરિભક્તો શ્રીહરિના ચરણોમાં પડ્યા અને અત્યંત પ્રેમથી શ્રીહરિની પોતાને ભવને પધરામણી કરી. ૩-૪. સહુએ મળીને રસોઈ આપી અને શ્રીહરિની પૂજા કરી. દદુકામાં શ્રીહરિ એક રાત રહ્યા અને પછી ત્યાંથી ગામ **મછિયાવ** (મખિયાવ) સ્નેહથી પધાર્યા. ૫.

ત્યાંના રાજા દરબાર દાજીભાઈ વાઘેલા તથા જેઠીભાઈ અને તેજોજી આદિક (ક્ષત્રિય) દરબારો તથા તે સિવાયના ગામના બધા હરિભક્તો શ્રીહરિની સન્મુખ આવ્યા. ૬. બધા શ્રીહરિના ચરણોમાં પડીને પગે લાગ્યા. સન્મુખ સવારી લાવીને સામૈયું કર્યું. શ્રીહરિ હાથી ઉપર બેઠા. બધા સોનેરી વસ્ત્ર પહેર્યા હતા. ૭. શ્રીહરિએ સોનાના અપાર આભૂષણો ધારણ કર્યા હતા. તેનો તો કોઈ પાર ન હતો. શ્રીહરિને ચામર કરવા માટે બ્રહ્માનંદસ્વામી પાછળના ભાગમાં બેઠા. ૮.

વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતા હતા. ચોપદાર આવીને નેકી પોકારતો હતો. જરિયાની નિશાન ફરકતા હતા. ગાયક લોકો આગળના ભાગમાં ગાન કરતા હતા. ૯. અનુપમ ડંકા અને નોબત વાગતા હતા. દેવો, મનુષ્યો અને રાજાઓ પગપાળા ચાલ્યા આવતા હતા. જેટલા સંતો હતા તે બધા શ્રીહરિની સાથે રહ્યા હતા. ૧૦. બીજા પ્રદેશોના હરિભક્તો બધા તે વખતે ત્યાં દર્શન કરવા માટે આવ્યા.

વિવિધ પ્રકારના વૃક્ષોને લીધે બધા વન સુશોભિત થયા હતા. ૧૧. વૃક્ષોમાં વિવિધ પ્રકારના પક્ષીઓ પોતપોતાની જાતિના શબ્દ કરતા હતા. ગામને ફરતો રહેલો કોટ બુરજને લીધે વિશેષ શોભતો હતો. ૧૨. પુરના કોટને પૂર્વ અને પશ્ચિમ બે દરવાજા હતા. તેમાં પશ્ચિમ દરવાજાની પાસે એક સારું રમણીય તળાવ છે. ૧૩. સુખદાયક શ્રીહરિ સંતોને સાથે લઈને તે તળાવમાં નાહ્યા અને બધા હરિભક્તો પણ અત્યંત પ્રેમરસમાં તરબોળ થઈને તેમાં નાહ્યા. ૧૪. તળાવને કાંઠે શ્રીહરિએ નિત્યવિધિ કરી. તે અત્યંત પ્રસન્ન થયા થકાં પશ્ચિમ દરવાજે આવ્યા. ૧૫.

પુરના દરવાજાને ચિત્ર-વિચિત્ર કરીને શણગાર્યા હતા તેની શોભા ભવ્ય બની હતી. શ્રીહરિ દરવાજાની અંદર પધાર્યા. ૧૬. દરબારે પુરના રાજમાર્ગો સ્વચ્છ કરાવીને કેળના વૃક્ષ રોપાવી દીધા હતા. તે સિવાય ફૂલના રોપાઓને પણ ત્યાં રોપાવી દીધા હતા. પ્રત્યેક ઘરના દરવાજા ઉપર ધજાઓ અને પતાકાઓ બંધાવી દીધી હતી. ૧૭. પવનથી ફરકતી ધજાઓ અને પતાકાઓ માનો શ્રીહરિને બોલાવતી હતી ! ઉત્તમ પ્રકારના મોતીના તોરણો દરવાજે દરવાજે તે વેળાએ બાંધેલા હતા. ૧૮. પુરના બધાજ લોકો રાજમાર્ગ ઉપર ઊભા હતા. ભવનના ગોખમાં અને અટારીઓ ઉપર પુરની નારીઓ ઊભી હતી. ૧૯. સોનેરી ફૂલ અને મોતીના થાળ ભરી ભરીને સ્ત્રીઓ શ્રીહરિને વધાવવા માટે તે સમયે આવી હતી.

શ્રીહરિની બધી સવારી સુવર્ણમય હોય તેવી શોભતી હતી. ૨૦. તેમાંએ શ્રીહરિના સ્વરૂપની શોભા તો અપાર હતી. મુખથી વર્ણન કરતા તેનો કોઈ પાર આવતો નથી. ભક્તો ખૂબ જ ગુલાલ ઉડાડતા હતા. તેનાથી ભૂમિ અને આકાશ ભરાઈ ગયા હતા. ૨૧. હાથીના ઉપર મોતી જડેલી અંબાડી હતી. તેના ઉપર છટાદાર સોનાના કળશ હતા. તે અંબાડીમાં અત્યંત મનોહરમૂર્તિ શ્રીહરિ વિરાજ્યા હતા. ૨૨. જે લોકો તે રમણીય મૂર્તિનાં દર્શન કરતાં તેમને દર્શનથી તૃપ્તિ થતી જ નહીં.

શ્રીહરિની શોભાને જોવા માટે ભવ, બ્રહ્મા આદિ દેવો પ્રેમથી આવ્યા. ૨૩. તેઓ વિમાનમાં બેસીને આવ્યા. કેસર મેળવેલું ચંદન ઘણું વરસાવ્યું અને સુંદર પુષ્પોની વૃષ્ટિ પણ કરી. ઘણી બધી અપ્સરાઓ નૃત્ય કરીને ગાતી હતી. ૨૪. અનેક પ્રકારનાં વાજિંત્રો વાગતા હતા. તેનાથી આકાશ ગાજી રહ્યું હતું. પુરની સ્ત્રીઓ મોતીના થાળ ભરીને દૂર ઊભી રહીને પૂજા કરવા લાગી. ૨૫. હાથમાં સોનાની છડી લઈને ઊભેલા ચોપદાર ઊંચે અવાજે જય જય કારના શબ્દ બોલતા હતા. આ રીતે રાજદરબાર પાસે આવ્યા. ૨૬.

દરબારગઢમાં અનુપમ રમણીય પ્રકારના અને આકાશમાં ઘણા ઊંચા વિશાળ રાજમહેલ હતા. તેની શોભાનો તો કોઈ પાર ન હતો. ૨૭.

તે રાજમહેલમાં અનેક સ્તંભ, ગોખ અને અનેક પ્રકારના ઝરૂખાઓ હતા. દરબારને પોતાના સેવક જાણીને શ્રીહરિ તે રાજભવનમાં ઊતર્યા. ૨૮. તે ભવનથી પૂર્વ તરફ વિશાળ ચોક હતો. તેમાં સુખેથી બેસી શકાય તેવો સભામંડપ કર્યો. તે સભામંડપમાં બિલોરી કાચના ઝાડ લટકાવી દીધા હતા. ૨૯. રાજમહેલના હરેક ખંડમાં એકેક બિલોરી કાચનું ઝાડ બાંધી દીધું હતું. ભવનની પડસાળ (ઓશરી)નો ભાગ ઘણો પહોળો - વિશાળ હતો. તેમાં સુંદર મોતીના ઉલેચ બાંધ્યા હતા. ૩૦. શ્રીહરિને ઝૂલવા માટે સારી હિંડોળા ખાટ પ્રેમથી બાંધી હતી. તેના ઉપર ગાદીતકિયા બિછાવેલા હતા. ત્યાં આવીને તેના ઉપર શ્રીહરિ બેઠા. ૩૧. આગળના ભાગમાં બધા સંતો બેઠા. તે સમયે બધા દરબારો ઉતારો કરીને ત્યાં આવ્યા. શ્રીહરિએ તેમને ઘણા પ્રેમથી બોલાવ્યા એટલે તેઓ તેમની પાસે બેઠા. ૩૨.

રાજાના રાણી ઓઝલમાં રહેતા. તેણે પોતાની મર્યાદા જાળવીને રાજદરબારની રીત પ્રમાણે શ્રીહરિનાં દર્શન કર્યાં. ૩૩. મછિયાવના દરબાર (રાજા)ના રાણી 'ફઈબા' નામથી કહેવાતા. ફઈબાને લીધે જ મછિયાવમાં સત્સંગ થયો હતો. ફઈબાની કુંવરી "બાઈ સાહેબ" કહેવાતી. ૩૪. બાપુભાઈના પિતા દાજી કહેવાતા. ફૂલજીબા બાપુભાઈના રાણી હતા. એક જીવરામ નામે બ્રાહ્મણ મછિયાવમાં રહેતો હતો. ૩૫. બ્રાહ્મણ સ્ત્રીઓ સારી સત્સંગી હતી. તેના નામ નીચે પ્રમાણે છે. 'રાઈબા, નાથીબા, અવલબાઈ અને રાજબાઈ આટલી હતી. ૩૬. હીરબાઈ અને ગલીબાઈ બે ચારણ સ્ત્રીઓ તથા મયારીબાઈ અને રંગબાઈ તથા 'લાલો' એ નામનો ભરવાડ આ બધા ખૂબ જોરદાર સત્સંગી હતા. ૩૭. મોટીબા નામના મહાન ત્યાગી હરિભક્ત હતા. તેમની પાસે સત્સંગી બાઈઓની સભા થતી. ૩૮.

સદ્‌ગુરુ આત્માનંદસ્વામીની શિષ્યા બે બાઈઓ હતી. તેઓ ઘણી સારી ત્યાગી બાઈઓ હતી. તે બંને મછિયાવ આવી હતી. ૩૯. તેમનું નામ હરબાઈ અને વાલબાઈ હતું. તે બંનેને મોટીબાની સાથે થોડો સંવાદ થયેલો. તેમણે મોટીબાને ષટ્‌ચક્રની વાત પૂછી. ૪૦. ત્યારે મોટીબાએ તેના જવાબમાં સ્થાનનું નામ, દલ, દેવતા, વર્ણ અને જપની સંખ્યા એ બધું કહી બતાવ્યું. ૪૧.

મોટીબાના એ ઉત્તરને સાંભળીને તે બંનેને આશ્ચર્ય થયું. તે બંનેની આવા જ્ઞાનમાર્ગમાં સિદ્ધાઈ કાંઈ ચાલી નહિ. ૪૨. એટલે તેઓ ત્યાં માત્ર એક રાત જ રોકાણી અને બીજે દિવસે નારાજ થઈને ચાલતી થઈ. ઘણા વિનયથી રોકાવા આગ્રહ કર્યો છતાં તે રોકાણી નહિ. ૪૩. આ સત્સંગમાં દંભીનો દંભ લેશમાત્ર પણ ચાલશે નહિ, એમ જાણીને મનમાં કલેશ પામી (નારાજ થઈ) ને તેઓ ચાલતી થઈ. ૪૪.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં, "શ્રીહરિ મછિયાવ દરબારગઢમાં પધાર્યા અને ત્યાંના સત્સંગની વાત કહી' એ નામે એકાણુંમો તરંગ સમાપ્ત ॥૯૧॥



પૂર ચોથું : તરંગ - ૯૨

બંને વર્ણીની વાત, શ્રીહરિનો પ્રતાપ અને શ્રીનગરના ભક્તો આવ્યા

સુખધામ શ્રીઘનશ્યામ પ્રભુએ રસોઈ તૈયાર થઈ ગઈ છે એમ જાણ્યું. તરત સભામાંથી ઊઠ્યા. એક પીતાંબર પહેર્યું અને એક ઓઢ્યું. ૧. ચરણોમાં ચાખડીઓ પહેરી. શ્રીહરિની રસરૂપ લટકતી ચાલ જોઈને મૂર્તિ હૃદયમાં ચોંટી ગઈ. તેથી ગામધણી દરબાર ઘણા ખુશ થઈ ગયા. ૨. જ્યાં રસોઈ તૈયાર થઈ હતી ત્યાં શ્રીહરિ પધાર્યા. ચરણકમળ ધોયા પછી અત્યંત હેતથી સોનાના બાજોઠ ઉપર બેઠા. ૩. ભોજનના થાળ ભરીભરીને પ્રેમથી વર્ણી લાવ્યા. કૃપાળુ શ્રીહરિ પ્રેમથી દૂધપાક અને પૂરી જમવા લાગ્યા. ૪. ભજિયાં, વડાં, પાપડ, કેરીનું અથાણું અને બીજું બધું શાકભાજી વગેરે જે બનાવ્યું હતું તે ધીરેધીરે જમ્યા. ૫. દરબારે ભાવનાથી જે જે ભોજન તૈયાર કરાવ્યાં હતાં તેને શ્રીહરિ જમ્યા. જ્યારે જમી રહ્યા ત્યારે બંને હાથ ધોયા. ૬.

મુકુંદાનંદ વર્ણી શ્રીહરિને કાયમ હાથ ધોવડાવતા હતા. મુકુંદાનંદ વર્ણી તે મછિયાવ (મખિયાવ) ગામના જ કહેવાતા. તેઓ બચપણથી જ નૈષ્ઠિક બ્રહ્મચારી રહ્યા. ૭. રામાનંદસ્વામીના સમયથી તેઓ સત્સંગમાં હતા. રામાનંદસ્વામી તો ધામમાં ગયા. વર્ણીનું ઘરનું નામ વિપ્ર મૂળજી હતું. તેઓ

નિષ્કામી સ્વભાવના હતા. ૮. તેમનો સાધુના જેવો સરળ સ્વભાવ અને નિર્મળ ચિત્ત જોઈને શ્રીહરિએ તેમને બ્રહ્મચારી કર્યા. તેમના દૃઢ નિષ્કામી વ્રતમાનને દેખીને કાયમ પોતાની સેવામાં રાખ્યા. ૯. શ્રીહરિએ વિચાર કરીને તેમનું નામ મુકુંદાનંદ બ્રહ્મચારી પાડ્યું. તે સિવાય વાસણા ગામના વિપ્ર 'જેરામ' નામે એક પવિત્ર સત્સંગી હતા. ૧૦.

શ્રીહરિ પ્રકટ થયા છે એમ જાણીને પ્રેમભાવથી તેઓ સોરઠમાં આવ્યા. તેણે ધોરાજીમાં શ્રીહરિનાં દર્શન કર્યાં. દર્શન થતાની સાથે જ તેમનું મન પ્રસન્નતાથી શ્રીહરિમાં લાગી ગયું. ૧૧. તેમના મનમાં સંસારના સુખનો અભાવ આવ્યો અને શ્રીહરિની જીવનભર સેવા કરવાની ભાવના થઈ. ભટ્ટ મેવાડા, તેમની અટક હતી. તેમને સત્સંગની સમજણ ઘણી પાકી હતી. ૧૨. તેમને સેવામાં ઘણી શ્રદ્ધા છે અને સંસારની વાસના બિલકુલ નથી આવું જ્યારે શ્રીહરિએ જોયુ-વિચાર્યું ત્યારે તેમને દીક્ષા આપીને નૈષ્ઠિક બ્રહ્મચારી કર્યા. ૧૩. તેમનું નામ જયાનંદ પાડ્યું અને તેમને પોતાની સાથે જ રાખ્યા. તેઓ રસોઈ બનાવવામાં ઘણા ચતુર હતા અને મરજી જાણતા અર્થાત્ રુચિને સમજતા હતા. ૧૪. મુકુદાનંદ વર્ણી અને જયાનંદ વર્ણી હંમેશા શ્રીહરિની સાથે જ વિચરતા. તેમને એકબીજા ઉપર ઘણું હેત હતું. ૧૫.

✻ મૂળજી તથા જેરામ બ્રહ્મચારીને પરસ્પર પ્રેમનું રહસ્ય :

सोरठा : परस्पर देव हि भाव, मनुष्य भाव नहिं उर में कबु;
आवत नहीं अभाव, देव समझ हि लई कर...१६

પરસ્પર દેવની ભાવના રાખતા. મનુષ્યભાવ મનમાં ક્યારેય લાવતા નહિ. દેવતાની સમજણ હતી એટલે તેમને ક્યારેય અભાવ આવતો નહિ. ૧૬.

चोपाई :

निरमल दोउ कहे बर्नी जेहा, हरि की सेवा करे तेहा;
कबहु हरि देत तेहि डारा, नमी देत बर्नी तेहि वारा...१७
आकाश स्वरूपि हरिकुं जाने, देव के देव करिके माने;
जो जो मनुष्य चरित्र हरि करही, सो देखिके कबु न डरही...१८

નિર્મળ મનના બંને વર્ણી શ્રીહરિની સેવા કરતા હતા, ક્યારેક શ્રીહરિ તેમને 'ડારો' દેતા. પણ તરત જ તે વર્ણી નમી જતા. દુરાગ્રહ રાખતા નહિ. ૧૭. તેઓ શ્રીહરિને આકાશના જેવા નિર્લેપ જાણતા હતા અને ઈશ્વરોના પણ ઈશ્વર માનતા હતાં. શ્રીહરિ જે જે મનુષ્ય ચરિત્ર કરે તેને દેખીને વર્ણી મનમાં ક્યારેય ડગતા નહિ. ૧૮. મનુષ્યચરિત્રમાં પણ અધિક દિવ્યભાવ લાવીને હરખથી શ્રીહરિની સેવા કરતા.

શ્રીહરિએ જમીને મુખવાસ લીધો. સંતોને બોલાવવાની આજ્ઞા કરી. ૧૯. સભાને માટે જે મંડપ કર્યો હતો, તેમાં જ બધી પંગત કરી. બીજો એક સુંદર મંડપ અલગ કરાવીને તેમાં બધા દરબારોને જમવા બેસાડ્યા. ૨૦. મોતીચૂરના લાડુ અને સુંદર જલેબી બનાવી હતી. જે સત્સંગી વિપ્રો હતા તે બધા થાળ ભરી ભરીને પીરસણ લાવવા લાગ્યા. ૨૧. બધું આવવા લાગ્યું તેને દેખીને ધર્મકુમાર શ્રીહરિ તત્કાળ પીરસવા લાગ્યા. શ્રીહરિએ માથે સુંદર રૂમાલ બાંધ્યો. ૨૨.

❋ મૂર્તિ વર્ણન :

પીતાંબર વસ્ત્ર ડાબે ખભેથી નીચું લઈને કમર ઉપર કસીને બાંધ્યું. ગુલાબના ગુચ્છ કાન ઉપર ધાર્યા. છાતી ઉપર પણ ફૂલહાર પહેર્યા. ૨૩. મસ્તકે ફૂલના તોરા ધાર્યા. ભક્તોના ચિત્તને ચોરે તેવું પ્રસન્ન મુખ હતું. લલાટમાં કેસરી ચંદન ચરચ્યું હતું. તેની વચ્ચે મોટો કુંકુમનો ચાંદલો કર્યો હતો. ૨૪. ભુજાઓ ઉપર ફૂલના બાજુબંધ અને પહોંચીઓ બાંધી હતી. ચરણોમાં ચાખડીઓ પહેરી હતી અને સુખદાયક શ્રીહરિ લાડુ આપતા હતા. ૨૫. પ્રેમરસમાં તરબોળ મનવાળા શ્રીહરિ જેની જમવાની જેટલી શક્તિ હોય તે જોઈ-વિચારીને તેટલું તેને હસીને પીરસતા હતા. ૨૬.

શ્રીહરિ પહેલા સંતોની પંગતમાં અને પછી દરબારોની પંગતમાં પીરસવા માટે ફરતા. શ્રીહરિનો પ્રેમ વર્ણવી શકાતો નથી. બધું દમદટ પીરસતા હતા. ૨૭. શ્રીહરિ જે થાળ જમ્યા. તેની પ્રસાદી પહેલા ગામધણી દરબારને આપી. પછી દૂધપાક, સરસ પૂરી, મોતીચૂર અને જલેબી વગેરે બધા જ ભોજન આપ્યાં. ૨૮. સંતો જ્યાં સુધી જમતા હતા. ત્યાં સુધી શ્રીહરિ

પંગતમાં પીરસવા ફરતા રહ્યા. સંતો અને દરબારો જ્યારે જમી રહ્યા ત્યારે શ્રીહરિએ હાથ ધોયા. ૨૯.

તે પછી શ્રીહરિ આવીને હિંડોળા ઉપર બેઠા. પરમ સુખદાયક ઘનશ્યામ શ્રીહરિ પાંચ દિવસ સુધી મછિયાવમાં રહ્યા અને ત્યાં ખૂબ જ આનંદ ઉત્સવ કર્યો. ૩૦. શ્રીહરિ ક્યારેક સંતોની પાસે વસંતના અને હોરીના પદ ગવડાવતા. ક્યારેક પ્રિયતમ, પ્યારા શ્રીહરિએ ઝાંઝ અને મૃદંગ વગડાવીને ઉત્સવના કીર્તન ગવડાવતા. ૩૧. ક્યારેક સરોદ, સિતાર, તંબૂર આદિ વાદ્યોની સાથે પોતાની હાજરીમાં સુંદર ગાન કરાવી બહુ પ્રકારે સમાધિ કરાવતા અને પોતાના ભક્તો દ્વારાએ પોતાનો પ્રતાપ દેખાડતા. ૩૨. કોઈ હરિભક્ત સમાધિ કરીને પછી જાગે, ત્યારે તેને સમાધિમાં જે જે જોયું હોય તે તે તેની પાસે કહેવડાવતા. શ્રીહરિ નિત્ય આવી લીલાઓ મછિયાવમાં કરતા હતા. ૩૩. જોકે પોતાનામાં અનંત સામર્થ્ય રહ્યું હતું છતાં તેઓ સમાધિવાળા દ્વારા બધું બોલાવતા. પોતાનું સામર્થ્ય પોતાના મુખે ક્યારેય કહેતા નહિ. પોતે તો તે સામર્થ્યને છુપાવી રાખતા. ૩૪. જ્યારે પોતાનું સામર્થ્ય કહેવું હોય તો તે પરોક્ષ નામ લઈને કહેતા. જે સંતો કે હરિભક્તો વિચક્ષણ હોય, તેઓ તે બાબતને પ્રત્યક્ષ શ્રીહરિની છે તેમ સમજી લેતા. ૩૫.

જ્યારે શ્રીહરિ પ્રથમવાર સત્સંગમાં ફર્યા ત્યારે "રામાનંદસ્વામીના પ્રતાપથી અલૌકિકપણું થઈ રહ્યું છે." એમ કહેતા. આ વાતનું પ્રકરણ ચલાવ્યું હતું. ૩૬. શ્રીહરિ એમ કહેતા કે "રામાનંદસ્વામી પરોક્ષ થયા પછી અમારા દ્વારા આવીને પોતાનું અનંત સામર્થ્ય જણાવે છે" એમ પોતે પોતાની વાતને પણ પરોક્ષપણે કહેતા. ૩૭. શ્રીહરિની માયા અસુરોને અતિશય મોહ પમાડનારી છે. તેનાથી શ્રીહરિ અસુરોને મોહ પમાડે છે અને ભક્તોનું રક્ષણ કરે છે. ૩૮.

શ્રીહરિને મછિયાવમાં પાંચ દિવસ થયા ત્યારે શ્રીનગરના હીરાચંદ ભાઈનામે એક હરિભક્ત હતા તે શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા. ૩૯. દામોદર ભક્ત, જે પ્રથમ પુષ્ટિમાર્ગના ગોસ્વામીના ભીતરિયા (રસોઈ ઘર સુધીની અંદરની સેવા કરનારા) સેવક વૈષ્ણવ હતા. તેમને પણ આપણો

સત્સંગ થયો હતો, તેથી તેઓ પણ આવ્યા હતા. ૪૦. વિપ્ર નથુભાઈ (બંને) અને રણછોડદાસ આદિ બધા ચોકસી, એ બધા હરિભક્તો સ્વામી રામદાસજીની સાથે ત્યાં આવ્યા. ૪૧. નાનાભાઈ નામે મેવાડા વિપ્ર તેઓ પણ તેમની સાથે આવ્યા હતા. તે બધા શ્રીહરિના ચરણોમાં પડ્યા. ૪૨. તે બધા ભક્તો તોરા, બાજુબંધ અને હાર આદિ વિવિધ પ્રકારના ફૂલના આભૂષણ લાવ્યા હતા. તે શ્રીહરિને પહેરાવ્યા અને તેનાથી તે સહુના મનમાં અપાર આનંદ થયો. ૪૩. શ્રીહરિનાં દર્શન થવાથી સહુને સમાધિ થઈ. દિવ્ય અક્ષરધામમાં રામાનંદસ્વામીના દિવ્ય સ્વરૂપે દર્શન થયાં. ૪૪. ત્યાં અક્ષરધામમાં દિવ્ય રત્ન સિંહાસન ઉપર શ્રીહરિ વિરાજમાન હતા અને ઉદ્ધવરૂપે રામાનંદસ્વામી ચામર કરી રહ્યા હતા. ૪૫. તે શ્રીહરિના સ્વરૂપમાં રામાનંદસ્વામી કરતા કરોડોગણું વધારે હેત થયું. તે છોડવા ચાહે, છતાં છૂટે એમ ન હતું. સહુ ફરીવાર શ્રીહરિના ચરણોમાં પડ્યા. ૪૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'મુકુંદવર્ણી અને જયાનંદવર્ણીની વાત, શ્રીનગરના સત્સંગી મછિયાવ આવ્યા' એ નામે બાણુંમો તરંગ સમાપ્ત ॥૯૨॥



પૂર ચોથું : તરંગ - ૯૩

ભાઈ રામદાસજીને ધર્મકુળનું સ્વપ્ન આવ્યું તે વાત કરી

સદ્‌ગુરુ રામદાસજીસ્વામીને દેખીને શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયા. તેમને બાથમાં ભીડીને મળ્યા અને પછી મસ્તક નમાવીને પગે લાગ્યા. ૧. પછી શ્રીહરિએ તેમનો હાથ પકડીને પોતાની પાસે બેસાડ્યા. પછી ઘણા જ હેતથી તેમને બધા સમાચાર પૂછ્યા. ૨. શ્રીહરિએ કહ્યું, તમે જે મારા ઉપર પત્ર લખ્યો હતો, તે જેતપુરમાં મને મળ્યો હતો. તેના સમાચાર જાણીને પછી મેં તમારા ઉપર પત્ર લખ્યો હતો. ૩. પછી શું થયું ? તે વાત મને સંક્ષેપમાં કહો. આ બધા સત્સંગીઓ પોતાના નિયમને અને ધર્મને હવે બરાબર પાળી શકે છેને ? ૪. ત્યારે રામદાસજીસ્વામી બોલ્યા, 'બધા સત્સંગીઓ

તો સંતોના જેવા નિયમ-ધર્મ પાળે છે.' તે સાંભળીને શ્રીહરિ પ્રસન્ન થયા. પછી પોતે જે ફૂલના આભૂષણો પહેર્યા હતા. ૫. તે તત્કાળ ઉતારી નાખ્યા અને રામદાસભાઈને તે પહેરાવ્યા પછી દયાળુ શ્રીહરિએ જે હરિભક્તો સાથે આવ્યા હતા તેમને એકેક પ્રસાદીનો ફૂલહાર આપ્યો. ૬.

પછી રસોઈ તૈયાર થઈ ત્યારે મુકુંદવર્ણી બોલાવવા આવ્યા. શ્રીહરિ તરત જ ઊઠ્યા. એક પીતાંબર પહેરી લીધું ૭. બીજું એક પીતાંબર ઓઢી લીધું. ચતુર શ્રીહરિએ ચરણોમાં ચાખડીઓ પહેરી લીધી. સ્વામી રામદાસજીને સાથે લીધા. શ્રીહરિ અતિશય ઉત્સાહથી ચાલ્યા. ૮. જ્યાં રસોઈ બનાવી હતી ત્યાં આવ્યા. જળથી ચરણકમળ ધોયા. બે બાજોઠ ઉપર સ્વામી અને પોતે, બંને બેઠા. ત્યારે વર્ણી ભોજનના થાળ લાવ્યા. ૯. દૂધપાક અને પૂરી બનાવ્યા હતા, તેના બે થાળ ભરાવ્યા. બંને શ્રીહરિની સન્મુખ લાવ્યા. ત્યારે સુખદાયક શ્યામસુંદર શ્રીહરિ બોલ્યા, ૧૦. 'આમાંથી એક થાળ ભાઈ રામદાસજીસ્વામીને આપો.'

ત્યારે રામદાસજીસ્વામી બોલ્યા, 'આજ મને લાગ મળ્યો છે. ૧૧. આપણે બહુ દિવસે ભેળા થયા છીએ, આપ જમીને પ્રસાદરૂપ થાળ મને આપો. ગુરુ રામાનંદસ્વામી રોજ પ્રસાદ આપતા હતા. ૧૨. હે હરિ, આપનો પ્રસાદ લેવા માટે જ હું અત્યારે આપની સાથે આવ્યો છું. હે નાથ ! હું હાથ જોડીને કહું છું કે આપ કૃપા કરીને જમો અને તે પછી મને પ્રસાદી આપો.' ૧૩. ત્યારે શ્રીહરિએ કહ્યું, 'તમે વૃદ્ધ છો અને હું તમારી આગળ બાળક ગણાવ. દુનિયામાં આ રીતે પ્રસાદ આપવો તે ઘટિત ન કહેવાય. આ રિવાજ તો અઘટિત ગણાય.' ૧૪. ત્યારે સ્વામી રામદાસજીએ શ્રીહરિને હેતથી કહ્યું, 'ગુરુ રામાનંદ સ્વામી પણ આપનો પ્રસાદ ચાહતા હતા. ૧૫. હું તે જાણું છું. તેમણે મને ઘણીવાર કહ્યું પણ હતું. વારેવારે મને કહ્યું હતું પણ તે સમયે મને સમજાયું નહિ. ૧૬. પણ સ્વામીની વાત આજે સમજાણી છે. અને તેઓ જે કહેતા હતા તે બધું હવે મળતું આવે છે. "અમે ધર્મદેવ અને ભક્તિના પરિવારને સત્સંગમાં દેખીએ છીએ." ૧૭. આવું રામાનંદસ્વામી બોલ્યા છે. તેને અંતર્યામી તેઓ સત્ય કરશે.

હું હમણાં શ્રીનગરમાં એક રાતે સૂતો હતો, ત્યારે મને સ્વપ્ન આવ્યું. ૧૮. માનો, ચરોતર પ્રદેશનું કોઈ એક ગામ હતું અને ત્યાં ખૂબ જ ધામધૂમથી સમૈયો ઉજવાઈ રહ્યો હતો. ત્યાં અનંત હરિભક્તો આવ્યા હતા. ૧૯. હે સુખકારી શ્રીહરિ ! તે સમૈયાનો ઉદ્‌ઘોષ સાંભળીને જાણે આપના બંને ભાઈ પોતાના કુટુંબ સાથે ત્યાં આવ્યા અને તેમણે થાળ બનાવીને આપને જમાડ્યા હોય તેમ દેખાયું. ૨૦. પછી માનો તે પ્રસાદ મને આપ્યો છે ! પછી મેં અને મુક્તાનંદસ્વામી બંનેએ તે વહેંચી લીધો. તે સમય અત્યારે બની આવ્યો છે, પછી આગળનું તો કોણે દેખ્યું છે ? ૨૧. પછી શ્રીહરિએ જમીને સ્વામી રામદાસજીને પ્રસાદી આપી. તેનાથી વિચક્ષણ તે સ્વામી ઘણા ખુશી થયા. ઘણા ઉલ્લાસથી તે પ્રસાદીને જમ્યા અને ઘણા સમયનું વિયોગનું બધું દુઃખ ટળી ગયું. ૨૨. શ્રીહરિ જમી રહ્યા. તત્કાળ બંને હાથ ધોયા. પછી તરત મુખવાસ લીધો. જેની સુંદર સુવાસ આવતી હતી. ૨૩.

પછી શ્રીહરિએ તે સ્વપ્નની વાતને સંભળાવવા માટે મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી અને મયારામભટ્ટ એ ત્રણને બોલાવ્યા. ૨૪. સદ્‌ગુરુ રામાનંદ સ્વામીએ જે વાત રામદાસસ્વામીને સ્વપ્નમાં કહી હતી તે વાતને રામદાસ સ્વામીના મુખથી જ શ્રીહરિએ સહુને પ્રેમથી સંભળાવી. ૨૫. તે સ્વપ્ન સિવાયની બીજી વાત રામાનંદસ્વામીએ જે કહી હતી તે બધી દેખેલી અને સાંભળેલી હતી તે રામદાસજીએ કહી. ૨૬.

તે સાંભળીને સહુએ શ્રીહરિ આગળ પ્રેમથી કહ્યું, ‘ગુરુ રામાનંદ સ્વામીએ મનમાં જે ધાર્યું હશે તે થાશે. ૨૭. હે શ્રીહરિ ! હવે તેમાં ક્યારેય કોઈ બાધ નહિ આવે. આપ સ્વયં તો નિર્બાધ છો. કહેતા અહં-મમત્વથી રહિત છો. તો હવે આપ અમને નિર્બાધ કરો. ૨૮. જેમાં સત્સંગનું હિત રહ્યું હોય તેમ આપ વિશુદ્ધ રીતે કામ કરી રહ્યા છો. બીજું અમારા એવા સદ્‌ભાગ્ય ક્યાંથી હોય કે આપના કુટુંબનાં દર્શન અમને થાય ! ૨૯. આપનું કુટુંબ ઠેઠ ક્યાં રહ્યું છે ? બહુ દૂર રહ્યું છે. અમારા મનમાં તો તેમના પ્રત્યે ખૂબ જ ભાવ છે. હવે તો જ્યારે અમારા સદ્‌ભાગ્ય ઉદય થાશે ત્યારે ભાઈ રામદાસસ્વામીનું સ્વપ્ન સફળ થાશે. ૩૦. જ્યારે ધર્મકુળ અહીંયાં આવે ત્યારે

બધા સત્સંગને શાંતિ થાય. આપ મળ્યા, તેનાથી સહુને ઘણી જ શાંતિ થઈ છે અને સૌ અક્ષરધામના અધિકારી થયા છે. ૩૧. હે હરે ! કાળ, માયા અને ઘોર પાપમય કર્મ, એ બધાના બંધનથી આપે સહુને છોડાવી દીધા છે. ધર્મકુળ કહેતા ધર્મ જ્ઞાનાદિક સદ્‌ગુણો છે તે સત્સંગનું ભૂષણ છે. તે ભૂષણ આપે સત્સંગીઓને પહેરાવી દીધું છે.' ૩૨.

ત્યારે શ્રીહરિએ સહુને હેત કરીને કહ્યું, 'અમારા મનમાં અત્યારે તો ધર્મકુળનો કોઈ ઘાટ સંકલ્પ નથી. હા, તમારો સહુનો ઘાટ સંકલ્પ પૂર્ણ કરવા ધર્મકુળ કોઈક દિવસે તો જરૂર આવશે. ૩૩. હરિભક્તો મનમાં જે સંકલ્પ ધારે છે, તે બધા આ વખતે પૂરા થાય છે. રામાનંદસ્વામી ઘણા જ બળવાન (સમર્થ) છે અને તેઓ સત્સંગનું સન્માન કરે છે. ૩૪. અમે સત્સંગમાં આવ્યા એટલે ધર્મકુળ આવેલું જ છે. જે આવ્યું છે તે તમને દેખાતું નથી. તમારો આ સંકલ્પ દેખીને મૂર્તિમાન તે ધર્મકુળ આવશે. ૩૫. હું દુર્લભમાં અત્યંત દુર્લભ છું. તે તમારા સૌના માટે આવ્યો છું. મારા જેવું કોઈ દુર્લભ નથી કે જે સત્સંગમાં આવશે.' ૩૬.

શ્રીહરિનું ઉપર કહ્યું તેવું શુભ અને વરદાનરૂપ વચન સાંભળીને સહુ સંતો અને હરિભક્તો મનમાં અત્યંત રાજી થયા અને સહુએ જય જયકારનો ધ્વનિ કર્યો. ૩૭. જમવા માટે બધા સંતોની પંગત થઈ. ભોજનથી ભરેલા થાળ વિપ્રો લાવ્યા. શ્રીહરિને પીરસવા લાગ્યા. છાતી ઉપર ફૂલોના હાર પહેર્યા હતા. ૩૮. મસ્તક ઉપર તોરાવાળી ટોપી પહેરી હતી. બાજુબંધ બાંધ્યા હતા. છાતી ઉપર જે હાર પહેર્યા હતા તેનો તો કોઈ પાર જ ન હતો. ૩૯. લલાટમાં કેસરી ચંદન ચિત્રવિચિત્ર રીતે ચરચ્યું હતું અને લલાટની વચ્ચે સુશોભિત લાલ કુંકુમનો વિશાળ ચાંદલો કર્યો હતો. ૪૦. જે દરબારો શ્રીહરિની સાથે હતા, તેમને બધાને પણ શ્રીહરિ પીરસતા હતા. અતિ ઉમંગથી તે તે પીરસવાની વસ્તુઓના નામ પણ બોલતા જતા હતા. ૪૧. જ્યારે સહુ જમી રહ્યા ત્યારે શ્રીહરિએ હાથ ધોયા અને એવું બોલ્યા કે 'આજ અહીંથી જરૂર નીકળી જવું છે.' ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'ભાઈ રામદાસજીને ધર્મકુળનું સ્વપ્ન આવ્યું, તે વાત કહી' એ નામે ત્રાણુંમો તરંગ સમાપ્ત ॥૯૩॥



પૂર ચોથું : તરંગ - ૯૪

મછિયાવના ભક્તોએ પ્રાર્થના કરી અને શ્રીહરિ વિંછીયા પધાર્યા

શ્રીહરિ આવીને હિંડોળા ઉપર બેઠા. મૂર્તિ ઘણી જ મનોહર હતી. તેની શોભાની શી વાત કહું ? વર્ણવી શકાતી નથી. ૧. શ્રીહરિ પ્રયાણ કરે છે એવું સાંભળીને મછિયાવના બધા હરિભક્તો અને દરબાર સહુ આવ્યા. વારંવાર હેતપૂર્વક રોકવા માટેની ઘણી વિનંતી કરી. ૨. દરબારે કહ્યું, 'આ અમારું રાજપાટ વગેરે જે કાંઈ છે તેને અમે આપનાથી અધિક માનતા નથી. માટે આપ અહીંયા રહો. આપ અમારા માલિક અને અમે આપના દાસ થઈને રહીએ. ૩. આ બધું બે દિવસનું જ છે. રાજ્ય, હાથી, ઘોડા, ગામ વગેરે, રાણી, કુંવર, દીવાન આ કશું જ મારું નથી. અરે, આ દેહ પણ મારો નથી. ૪. બલિરાજા અને પ્રિયવ્રત રાજાને ધન્યવાદ છે. પ્રહ્લાદ, ધ્રુવ, અંબરીષ, ચિત્રકેતુ, પાંડવો અને ઉગ્રસેન વગેરે રાજાઓને પણ ધન્ય છે. ૫. પૃથુ ઈત્યાદિક કેટલાએ રાજાઓએ પોતાનું બધું જ રાજપાટ વગેરે આપને સમર્પણ કરી દીધું હતું અને તેમની વિશુદ્ધ ભક્તિને જોઈને પરમ દયાળુ ભગવાન તેમને વશ થઈ ગયા. ૬.

જ્યારે બલિરાજા આદિ ભક્તો પ્રથમ તમારે વશ થયા ત્યારે તેણે આપને સર્વોપરિ જાણ્યા હતા. અનંતકોટિ બ્રહ્માંડો કહેવાય છે તે બધાના આપ જ સર્વ કર્તા છો. આપના વિના તો બીજા બધા અકર્તા જ છે. આપને છોડીને તેઓ કાંઈ કરી શકતા નથી. તેમના સુખે કરીને આપ સુખી નથી એવા આપ મહાન છો. એમ અમે આપને જાણીએ છીએ. ૭-૮. અક્ષર આદિ અપાર મુક્તો છે તે સહુ આપની પાસેથી જ સુખને ઈચ્છે છે. જે કાંઈ રિદ્ધિ સિદ્ધિ કહેવાય છે તે આપની આગળ ભિખારી છે. ૯. આપની આગળ

અક્ષર આદિક કંગાળ છે તો બ્રહ્માદિકના સુખનું શું કહેવું ? આવા સર્વના સ્વામી બહુનામી આપ મહાન સમર્થ છો. અનંત જીવોનો ઉદ્ધાર કરવા માટે ધર્મકુમાર આપે પોતાની સ્વતંત્ર ઈચ્છાથી મનુષ્યશરીર ધારણ કર્યું છે. અમે જે કાંઈ સેવા કરીએ છીએ, તેપણ આપે આપેલા બુદ્ધિ, શક્તિ અને સમૃદ્ધિ ને લીધે જ કરીએ છીએ. ૧૦-૧૧.

રાજ્ય, હાથી, ઘોડા, ધન અને શરીર સુધ્ધાં બધી જ સંપત્તિ આપે અમને આપી છે. આપની સંપત્તિને અમે પોતાની માની બેઠા છીએ. તે અમારું અત્યંત અજ્ઞાન છે. ૧૨. તે અજ્ઞાન જીવની સાથે અનાદિકાળથી જડાઈને રહ્યું છે. તેને આપ સિવાય કોઈ ટાળી શકતું નથી. આપ અમારું હિત કરવા અંગ પલટાવી નાખો તો અજ્ઞાન ટળી શકે. ૧૩. જેમ ભમરી ઈયળના સુખને માટે તેને ચટકો ભરીને, તેનું અંગ પલટાવી નાખે છે. તે રીતે જ આપ અનંત જીવોના સુખને માટે તેને પોતાને શરણે લો છો અને તેનું અંગ પલટાવી નાખો છો. ૧૪. જે જીવ તમારું માનતા નથી અને પાપ કરે છે તેને શુદ્ધ કરવા માટે આપે તેના ઉપર અત્યંત કરુણા કરીને જમપુરીની રચના કરી છે. ૧૫. વળી જીવને શુદ્ધ કરવા માટે બીજા ઉપાયના રૂપમાં લખચોરાશી કરી છે. જીવને જ્ઞાન થાય એટલા માટે ભૂત, પ્રેત અને પલીતના દુઃખો પણ રચ્યા છે. ૧૬.

આપ એવા પરમ દયાળુ છો કે ગમે તેવા ઉપાય કરીને પણ જીવને ઘોર અજ્ઞાનથી જોરાવરી છોડાવો છો. તે આપ કૃપાળુ મારે ઘેર પધાર્યા છો. ૧૭. આપ જેમ કહો તેમ અમે કરીએ. અમને બંધન ન થાય એવું આપ કરજો. આપ સિવાયની જે વસ્તુમાં અમને સાર જણાય છે તે જ અમારે માટે બંધન રૂપ છે, એમ અમે માનીએ છીએ. ૧૮. **માયા જીવની હિતેચ્છુ થઈને આવે છે. વિષયમાં સુખ રહ્યું છે, એમ દેખાડે છે. જીવ વિષયને માટે થઈને આ શરીરને ખુએ છે અને તેમ કરીને વારંવાર અનંત જન્મને વ્યર્થ ગુમાવે છે.** ૧૯. છતાં પણ જીવને વિષયનો અભાવ આવતો નથી. વિષયથી દુઃખ આવે છે છતાં જીવ વિષયને જ ચાહે છે. જીવને જે કોઈ વિષયમાં દુઃખ કે દોષ બતાવે છે તેની સાથે તે વૈર બાંધે છે. ૨૦. મનુષ્યને માતા તથા પિતાને

સમાન કોઈપણ હિતકારી નથી. ખરેખર સાચા મિત્ર પણ માતાપિતા જ છે. પણ જ્યારે તે મનુષ્યના ઘરમાં તેની પત્ની આવે છે ત્યાર પછી આરંભમાં જ તેને માતાપિતાની સાથે વૈર થઈ જાય છે. ૨૧. પત્ની આવ્યા પછી તે પુરુષ માતા અને પિતાને ગાળો દે છે અને વધારે ક્રોધ ચઢે તો ક્યારેક મારે પણ ખરો. આખા જગતમાં ઠેક ઠેકાણે આવી જે રીત છે તેને આપે પ્રેમથી સમજાવીને બતાવી દીધી છે. ૨૨.

આપનો સમાગમ ઘણો જ બળવાન છે. તે સમાગમ સિવાય અજ્ઞાન ટળે નહિ. ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું, 'જો તમારે તમારું અંગ-જીવન શુદ્ધ કરવું હોય તો અમારી સાથે ચાલો.' ૨૩. ત્યારે દરબાર બીજું કાંઈ બોલ્યા નહિ, પણ પૂજા કરવા માટેની બધી ઘણી ભારે સામગ્રી લાવ્યા. મનમાં અપાર ભક્તિભાવ હતો તે પ્રમાણે બધી પૂજા કરી. ૨૪. બધાં જરિયાની વસ્ત્ર લાવીને અંગેઅંગમાં પહેરાવ્યા. સોનાના અને મોતીના ઘરેણાં પણ પહેરાવ્યા. ૨૫. કેસરયુક્ત ચંદનથી શ્રીઘનશ્યામના અંગો ઉપર અર્ચા કરી. અનંત પ્રકારનાં વાજિંત્ર વાગતા રહ્યા અને બધા સંતોની પૂજા પણ સાથે સાથે કરી. ૨૬.

બધા સંતોને ફૂલના અનંતહાર પહેરાવ્યા. સાથે આવેલા દરબારો પર્યંત સહુની યથાવિધિ પૂજા કરી. ૨૭. મછિયાવના દરબારે શ્રીહરિની સાથે આવેલા દરબારોને એકેક શાલ ઓઢાડી અને હરેકને એકેક મોતીનો હાર પણ પહેરાવ્યો. ૨૮. બધા જ સંતોને ચાદર ઓઢાડી. ચાદરો તો હજારોની સંખ્યામાં આપી. તે પછી કપૂર લઈને શ્રીહરિની આરતી ઉતારી. ૨૯. પંચામૃતથી શ્રીહરિનાં ચરણ ધોયાં અને પોતાના મહેલના બધા જ માળમાં શ્રીહરિના ચરણ પગલાં કરાવ્યાં. ૩૦.

પછી શ્રીહરિની સવારી આવી ત્યારે શ્રીહરિ જઈને હાથી ઉપર બેઠા. રાજમહેલના ગોખમાં રહેલા હરિભક્તોએ મોતીના થાળ ભરી ભરીને ઘણા જ પ્રેમભાવથી શ્રીહરિની ઉપર મોતીની વૃષ્ટિ કરીને તેમને વધાવ્યા. તે સમયે શ્રીહરિએ દરબાર બાપુભાઈને બોલાવીને ચામર કરવા માટે બેસાડ્યા. ૩૧-૩૨. ચોપદાર હાથમાં સોનાની છડી લઈને તે વખતે નેકી પોકારવા લાગ્યા. ત્યાંના દરબારની બધી સવારી પણ તૈયાર થઈને આવી ગઈ. ૩૩. ડંકા,

નોબત અને બધા જ વાજિંત્રો વાગવા લાગ્યા. સવારીની આગળ પંચરંગી જરિયાની નિશાન ચાલતા હતા. ૩૪. શ્રીહરિની આગળ બધા સંતો અત્યંત તેજોમય અને સોહામણા લાગતા હતા. ચારેતરફ અપાર ગુલાલ ઊડતો હતો. જમીન અને આકાશ બધું ગુલાલથી ઢંકાઈ ગયું હતું. ૩૫.

શ્રીહરિ જ્યારે રાજમાર્ગ ઉપર આવ્યા ત્યારે તેમાં પુરના લોકોની ઠઠ જામી ગઈ હતી. બધા લોકો વારંવાર બંને હાથ જોડીને નમસ્કાર કરતા હતા. સહુ ઊંચી સ્નેહભાવનાથી દોડીદોડીને આવતા હતા. ૩૬. પુરની અપાર સ્ત્રીઓ ભવનના ગોખ અને અટારીઓ ઉપર ચઢીને મોતીના થાળ ભરી ભરીને પ્રેમથી વધાવવા લાગી હતી. ૩૭. પ્રેમીભક્તો ચિત્તની વૃત્તિ દ્વારા શ્રીહરિને ભેટતા હતા. શ્યામસુંદરની મૂર્તિ ઘણી જ મનોહર અને ત્રણે પ્રકારના તાપને ટાળનારી હતી. ૩૮. શ્રીહરિ મછિયાવના ઉગમણે દરવાજે આવ્યા ત્યારે દરબાર દાજીભાઈને ઘણા હેતથી પાછા વાળ્યા. ૩૯. બાપુભાઈને સાથે લીધા. મછિયાવથી નીકળીને રસ્તાના **વિંછીયા** ગામ પધાર્યા. ત્યારે સમાચાર મળવાથી બધા હરિભક્તો દોડીને શ્રીહરિની સન્મુખ આવ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'મછિયાવના ભક્તોએ કરેલી પ્રાર્થના અને શ્રીહરિ વિંછીયા પધાર્યા' એ નામે ચોરાણુંમો તરંગ સમાપ્ત ॥૯૪॥



પૂર ચોથું : તરંગ - ૯૫

શ્રીહરિ શ્રીનગરમાં પધાર્યા

શ્રીહરિ પધાર્યા તે દેખીને હરિભક્તો શ્રીહરિના ચરણોમાં નમી પડ્યા. કલ્યાણભાઈ અને ખોડાભાઈ એ બે વિંછીયા ગામના શેઠ હતા. તે બંને તથા જીવણગિરિ અને હરિશરણ વગેરે અપાર લોકો આવ્યા. તેનો ગણતા પાર ન આવે. તે સહુ શ્રીહરિને સર્વ જગતના આધાર સમજીને શ્રીહરિના ચરણોમાં નમી પડ્યા. ૧-૨. વિંછીયા ગામને ઉત્તર દરવાજે શ્રીહરિ પધાર્યા. હરિભક્તોને ઘેર પધરામણી કરીને ગામ બહાર સરોવરને

કિનારે ઉતારો કર્યો. ૩. વિંછીયામાં એક રાત રોકાયા. હરિભક્તોની રસોઈ લીધી. સવારે ત્યાંથી ચાલતા થયા **સરખેજ** ગામ થઈને **અમદાવાદ** આવ્યા. ૪. અમદાવાદની સમીપે સાબરમતી નદી વહે છે. તે નદીને પૂર્વ કિનારે શ્રીનગર શહેર શોભી રહ્યું છે. ૫.

શ્રીનગરની ચારેબાજુ અપાર બાગ-બગીચાઓ સુંદર છે. અનેક જાતના અપાર વૃક્ષોથી તે ભરપૂર છે. તેમાં નાળિયેર, કેળ, આંબા, જામફળ અને દાડમના વૃક્ષ અપાર છે. ૬. રસથી ભરેલા અનેક પ્રકારના લીંબુના ઝાડ પણ પુષ્કળ છે. અને અનેક જાતના ફૂલઝાડથી ભરપૂર વિશાળ ફૂલબાગો રહ્યા છે. તેનો સુગંધ ચારેબાજુ ફેલાયેલો રહે છે. તેમાં અનેકજાતના પંખીઓ કલરવ કરતા હોય છે. ૭. તે બગીચામાં ઠેકઠેકાણે વાનરોનાં ટોળાં ઘૂમતા હોય છે. તે વાનરો સામસામે બોલતા હોય છે. ત્યારે આકાશ ગાજી ઊઠે છે. ૮. સાબરમતી નદીમાં કમળની અનેક જાતિઓ હોવાથી તે ઘણી સોહામણી લાગે છે. પાણીમાં અનેક જળજંતુઓ હોય છે, હંસ આદિ અનેક જાતના પક્ષીઓ પણ રહે છે. ૯. પાણીના પ્રવાહમાં જળકુકડા વગેરે કિલ્લોલ કરતા હોય છે. જળના પ્રવાહમાં ઉપર ઊપસતા તરંગો શોભતા હોય છે. કિનારે ઠેકઠેકાણે ઘાટ બાંધેલા હોય છે અને તેના ઉપર મોટી મોટી ઈમારતો ઝૂકી રહી હોય તેમ દેખાય છે. ૧૦. ઈમારતોના ઉપર મૂકેલા ઉપરા ઉપરના ત્રણ ત્રણ સુવર્ણ કળશો સોહામણા લાગે છે. સાબરમતીમાં અનંત લોકો સ્નાન કરતા હોય છે. તે બધા શ્રીનારાયણનું નામ બોલતા હોય છે. ૧૧. સોનાના આભૂષણોને પહેરીને આવતી નગરની સ્ત્રીઓ સુવર્ણના કળશમાં જળ ભરતી હોય છે. શ્રીહરિના ગુણોના કીર્તન ગાતી હોય છે. ૧૨.

સુંદર સાબરમતી નદીને દેખીને જ્યાં સદ્‌ગુરુ રામાનંદસ્વામીએ સ્નાન કર્યું હતું તે સ્થળે પરમ સુજાણ એવા શ્રીહરિએ સ્નાન કર્યું. ૧૩. બધા સંતોએ અને દરબારોએ ત્યાં સ્નાન કર્યું. સહુએ તિલક-ચાંદલો કર્યા અને શ્રીહરિએ ઘણા જ પ્રેમથી ત્યાં બાલમુકુંદ અને વિષ્ણુની પૂજા કરી. ૧૪. દેવને ફળ, ફૂલ અને અનેક પ્રકારના મેવા અને નૈવેદ્ય વગેરે ધરાવ્યું. જેના ગુણોનું યશનું વેદો ગાન કરતા હોય છે તે શ્રીહરિ એક સામાન્ય સાધુના રૂપમાં

વિચરણ કરે છે. ૧૫. શ્રીનગરના અનેક લોકો ત્યાં શ્રીહરિનાં દર્શન કરવા માટે સન્મુખ આવ્યા. જેની ગણતરી કરી શકાય તેમ ન હતી. તેઓ બધા મેવાઓને લાવ્યા હતા. ૧૬. સહુ પહેલા શ્રીહરિએ ટીમણ-નાસ્તો કર્યો પછી સંતોને અને દરબારોને નાસ્તો કરાવ્યો. બીજા જે હરિભક્તો સાથે આવ્યા હતા તેમને પણ નાસ્તો કરાવ્યો. ૧૭. છતાં ઘણો જ નાસ્તો વધ્યો. પછી જે બીજા આવ્યા હતા, તેમને પણ નાસ્તો આપ્યો.

પુરના રાજાએ શ્રીહરિ પધાર્યા છે એમ જાણીને પોતાનું હિત માનીને સંધ્યાની (સત્કારવાની ?) રજા આપી. ૧૮. રાજમાર્ગો બધા સ્વચ્છ કરાવ્યા. બધા માર્ગો ઉપર પાણી છંટાવી દીધું. મલ્લબા દાદા નામે સૂબો શ્રીનગરનું શાસન કરતો હતો. ૧૯. (આ મલ્લબા દાદાનું બીજું નામ રઘુનાથ શેલુકર હતું. તેઓ અમદાવાદમાં સં.૧૮૫૬ થી ૧૮૬૪ સુધી પૂણેના પેશ્વા સરકાર દ્વારા સૂબા તરીકે નિમાયા હતા. તેનું શાસન સારું ગણાતું. તે નીતિપ્રિય હતા. લોકો તેને 'કાકા સાહેબ' ના નામથી બોલાવતા. સં.૧૮૬૪ થી ૧૮૬૮ દરમ્યાન અમદાવાદમાં વિઠ્ઠલરાવ બાલાજી સૂબા તરીકે નિમાયો. આ શક્તિપંથી હતો. સં.૧૮૬૫ વૈશાખ સુદ-૧૪ ના દિવસે લોલંગરની જમાત સાથે ઝગડો થયો ત્યારે તેને સાથ આપનાર અને શ્રીહરિને તેલના ટાંકામાં નાખવાનું કાવતરું કરનાર આ સૂબો હતો.) મલ્લબા દાદાના ભત્રીજાનું નામ ચીમનરાવ હતું. હરિભક્ત ખુશાલ ભટ્ટના (ગો.સ્વામી પૂર્વાશ્રમમાં હતા ત્યારે તેમના) સમાગમથી ચીમનરાવ સારા સત્સંગી થયા. ૨૦. તેઓ તાજા જ સત્સંગી થયા હતા. એટલે બીજા લોકોને તેની ખબર ન હતી.

બજારમાં જેટલી દુકાનો હતી તે મહાજનને કહેવડાવીને ચિત્ર-વિચિત્ર રીતે સારી શણગારાવી. ખૂબ જ તેમાં શોભા કરી. દુકાને દુકાને પારાવાર બિલોરી કાચના ઝાડ લટકાવીને પ્રકટાવ્યા હતા. તેની શોભાનો પાર પામી શકાતો નથી. ૨૧-૨૨. નાળિયેરીના અને કેળના ઝાડના પાન બંને બાજુએ બંધાવી દીધા. તેના ફળ પણ સાથે હતા. તેના થડ કુંકુમથી રંગાવ્યા હતા. ૨૩. નાના ફૂલઝાડોના કુંડાઓને પણ મુકાવી દીધા હતા. જરીની ધજાઓ

અને પતાકાઓ ઠેરઠેર ફરકાવી દીધી હતી. ૨૪. દરેક બારણે મોતીના તોરણ લટકાવ્યા હતા અને વિવિધ પ્રકારની ભાતવાળા મોતીના ઉલેચ પણ બંધાવ્યા હતા. ૨૫. જ્યાં જ્યાં ચાર રસ્તાઓ આવતા હતા ત્યાં ત્યાં તેવા શોભાના ઝાડપાન મૂકીને પુરને ખૂબ જ શોભાદાર બનાવ્યું હતું. ૨૬.

નવાવાસથી લઈને ધોળકા દરવાજા (જમાલપુર દરવાજા) સુધીના રાજમાર્ગને દિવાળીના દિવસો હોય તેમ અતિશય શણગાર્યો હતો. ૨૭. વિચિત્ર રીતે શણગારેલી બધી સવારી તૈયાર કરાવી. તેમાં હાથી અને ઘોડા વગેરેને સોનેરી સાજથી સજાવ્યા હતા. ૨૮. રથ, પાલખી અને મ્યાના જે સોનેરી હતા તેને પણ સારી રીતે શણગારીને દિપાવ્યા હતા. બીજા બધા સરબંદી પાયદળને પણ તૈયાર કર્યા હતા. ૨૯. ડંકા, નોબત અને બીજા બધા વાજિંત્રોને પણ સાથે લીધા. શ્રીહરિ જ્યાં બેઠા હતા ત્યાં બધી સવારી આવી. ૩૦.

ચિમનરાવજી શ્રીહરિનાં ચરણોમાં નમી પડ્યા, તેથી સુખકારી શ્રીહરિ ઘણું પ્રસન્ન થયા. ખુશાલભટ્ટ પણ તેની સાથે જ આવ્યા હતા. તેઓ પણ શ્રીહરિના પગમાં પડ્યા. ૩૧. મનોહરમૂર્તિનાં દર્શન કરવાથી ખુશાલ ભટ્ટનાં હૃદયમાં પ્રકાશ થયો. તેમને પૂર્વના સાત જન્મોનું જ્ઞાન થયું. પણ તે તેમણે અંતરમાં છુપાવી રાખ્યું. ૩૨.

તેમણે પોતાનું સ્વરૂપ અતિ સમર્થ જોયું. પછી તેમણે સંસાર છોડી દેવાની અંતરમાં દૃઢ આંટી પાડી. જેટલું સંસારનું સુખ છે, તે બધાને તેમણે કાકવિષ્ઠા જેવું માન્યું. ૩૩. તેમના અંતઃકરણમાં અતિશય પસ્તાવો થયો કે આટલા દિવસ સુધી મોહ કેમ રહ્યો ? પછી એવો બળવાન વિચાર થયો જેથી તત્કાળ જ હૃદયમાંથી સંસાર ઊલટી થાય તેમ નીકળી ગયો. ૩૪. પછી શ્રીહરિને દીવાન ચિમનરાવે (હાકેમ) બે હાથ જોડીને કહ્યું, 'હે પૂર્ણકામ પ્રભુ ! મારી વિનંતીને આપ સાંભળો અને અમારા નગરમાં પધારો. હું આપને સામેથી બોલાવવા આવ્યો છું.' ૩૫.

ત્યારે પરમ દયાળુ શ્રીહરિ તત્કાળ ઊઠ્યા અને હાથી ઉપર બેઠા. હાકેમ ચિમનરાવ ચામર કરવા લાગ્યા અને ચોપદાર છડી બોલવા લાગ્યા. ૩૬.

મશાલો પ્રકટી જેનો કોઈ પાર ન હતો. લોકો બધા 'જય જયકાર' કરવા લાગ્યા અને બધી સવારી ચાલીને નગરના દરવાજે આવી. ૩૭. શ્રીનગરને બાર દરવાજા હતા. ઘણા ચિત્ર વિચિત્ર પ્રકારના હતા. ઘણા ઊંચે આકાશ સુધી હતા. તે રીતે કોટ પણ સોહામણો હતો. ૩૮. તેમાં વચ્ચે અનંત અપાર બુરજ હતા. કોટ બાર કોશ જેટલો ગોળાકારે વિસ્તરેલો હતો. વિવિધ પ્રકારના તેના કાંગરા અજોડ લાગતા હતા. ૩૯.

શ્રીહરિ શ્રીનગરમાં પ્રવેશ્યા. અનંત વાજિંત્ર વાગતાં હતાં. આકાશ મંડળ ધ્વનિથી ગાજતું હતું અને સંતો આગળ ચાલતા હતા. ૪૦ સો સો સંતોના મંડળ થઈને સંતો વેદસ્તુતિનું ગાન કરતા હતા અને કેટલાક તો મનમાં અત્યંત આનંદિત થઈને ગોપિકા ગીત ગાતા હતા. ૪૧. કોઈ યુગલગીતને ગાતા હતા, તો કોઈ વેણુગીતને ગાતા હતા. કેટલાક સંતો હેતથી ભ્રમરગીતને ગાતા હતા તો કેટલાક અષ્ટપદી બોલતા હતા. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શ્રીહરિ શ્રીનગરમાં પધાર્યા' એ નામે પંચાણુંમો તરંગ સમાપ્ત ॥૯૫॥



પૂર ચોથું : તરંગ - ૯૬

શ્રીહરિનો અમદાવાદમાં પ્રવેશ અને પ્રતાપકથન

શ્રીહરિએ પોતાના અંગો ઉપર સોનાના અને મોતીના અપાર વસ્ત્રો અને આભૂષણો પહેર્યા હતા, તેની શોભાનો તો કોઈ પાર ન હતો ૧. તે પ્રમાણે જ હાથી ઉપરની અંબાડી પણ મોતીથી જડેલી અને સોનાની હતી. તે તેજ તેજ અને તેજથી ભરપૂર અને ઘણી જ સુશોભિત હતી. ૨. શ્રીહરિની સાથે કાઠી દરબારો હતા. તેમના ઘોડાઓ ચપળ ગતિવાળા અને અલગ અલગ રંગના હતા. તેમનો હણહણાટ સંભળાયા કરતો હતો. ૩. દરેક દરબારોએ સોનેરી બખતર પહેર્યા હતા. સોનેરી ઢાલ અને સોનેરી મૂઠની તલવારો હાથમાં હતી અને બધાના હાથમાં ભાલા હતા. ૪. જે રાજપૂત

ક્ષત્રિય દરબારો સાથે હતા, તેમની પાસે સોનેરી ધનુષ્ય હતા. વારંવાર બંદૂકના ભડાકા અપાર થયા કરતા હતા. બજારમાં બંને બાજુ લોકોની ઊભી પંક્તિઓ દેખાતી હતી. ૫.

તેઓ વિવિધ પ્રકારના આભૂષણો પહેરીને વારંવાર શ્રીહરિને હાથ જોડતા હતા. નગરની સ્ત્રીઓ ભવનના ગોખ અને અટારીમાં ઊભી રહીને શ્રીહરિને મોતિના થાળ ભરી ભરીને વધાવવા લાગી. ૬. સ્ત્રીઓ ઘરનું કામકાજ છોડી દઈને રાજમાર્ગ ઉપર દોડી આવી. કોઈ પોતાના પતિની રોકી રોકાઈ નહિ. ૭. તે સ્ત્રીઓ પતિનું વચન ધ્યાનમાં રાખ્યા સિવાય જ શ્રીહરિની મૂર્તિમાં ભક્તિભાવથી જોડાઈ ગઈ.શહેરના કેટલાક શાહુકારો કરોડપતિ અને ઘણા જ બુદ્ધિમાન કહેવાતા હતા. ૮. તેઓ હાથમાં ભેટ આપવાની સામગ્રી લઈને હરખભેર શ્રીહરિની સન્મુખ આવ્યા હતા. શ્રીહરિનો વિશુદ્ધ ધર્મ જોઈને પ્રસન્ન મનથી તેની પ્રશંસા કરતા હતા. ૯. 'મહારાજાધિરાજ પ્રભુ ! આપ પધાર્યા છો તેથી આ શ્રીનગર શહેર આજ ધન્યભાગ્ય થયું છે. જ્યારથી આપ પધારો છો એવી વધામણી આવી ત્યારથી નગરમાં ઘેર ઘેર આનંદ-મંગળ છવાયો દેખાય છે. ૧૦.

ખાવાનું, પીવાનું અને બીજું બધું કામ છોડી દઈને અમદાવાદ શહેરના બધા લોકો અત્યારે આપની સન્મુખ આવ્યા છે. જેમ ચુંબકના તરફ લોઢું ખેંચાય છે તેમ અત્યારે આપની પાસે સહુ ખેંચાઈ આવ્યા છે.' ૧૧. આવું મનગમતું વચન હિમા શેઠ બોલ્યા. તેઓ શ્રીનગરના નગરશેઠ ગણાતા હતા. સત્સંગમાં સદાચારમય ધર્મ દેખીને તેમને હેત થયું હતું. તેમને બીજો કોઈ સ્વાર્થ ન હતો. ૧૨. હિમા શેઠ પોતાના જેવા શેઠિયાઓને સાથે લઈ 'ચારટ' (ચાર પૈડાની ઘોડાગાડી)માં બેઠા. તેના ઘોડાને સારો શણગાર્યો અને શ્રીહરિની સવારી સાથે ચાલ્યા. કારણ કે તેને ધર્મ અને ધર્મવાળા લોકોને જોવામાં પ્રેમ હતો. ૧૩.

સંતો બધા સંતોમાં જ ચાલતા હતા. તેમના ચિત્તની વૃત્તિ એક શ્રીહરિની મૂર્તિમાં જ રહેતી. જેમ નટ દોરડા ઉપર ચાલે તેમ સંતો વૃત્તિને એક કરીને શ્રીહરિની મૂર્તિમાં નિમગ્ન રહેતા. ૧૪. સંતોની આવી અલૌકિક રીત દેખીને

લોકો પરસ્પર બોલતા હતા કે 'દુનિયામાં ભેખધારી તો અપાર છે પણ હંસના જેવા આ સંતો ક્યાં અને બગલાના જેવા બીજા ભેખધારી ક્યાં ? ૧૫. પ્રગટ શ્રીહરિ સિવાય આ સંતોનાં દિલમાં બીજું કાંઈ જ્ઞાન જ નથી. શહેર વચ્ચે ચાલે છે પણ વનમાં ચાલતા હોય તેમ જણાય છે. સહુને એક શ્રીહરિનું જ ધ્યાન છે. બધાનાં મુખ સૂર્યના સમાન તેજસ્વી લાગે છે. ૧૬.

જ્યારે શ્રીહરિ શહેરમાં પધાર્યા ત્યારે તેમનો પ્રતાપ બધે જ વ્યાપી ગયો. બ્રહ્મા આદિ અનંત દેવતાઓ વિમાનમાં બેસીને ત્યાં આવ્યા. ૧૭. અને તેઓ ઘણા હેતથી કેસરચંદન અને પુષ્પોની વૃષ્ટિ કરવા લાગ્યા. મનમાં ઘણો પ્યાર કરીને દેવતાઓ વિવિધ પ્રકારનાં વાજિંત્ર વગાડવા લાગ્યા. ૧૮. દેવતાઓ 'જય જય' 'જય જય' આવો શબ્દ બોલતા હતા અને શ્રીહરિના યશનું ગાન કરતા તેમને શરીરની સંભાળ પણ રહી નહિ. તે ગાન સાંભળીને સંપૂર્ણ ત્રિલોકીના નિવાસી બધા લોકો અત્યંત ઉત્સાહયુક્ત થયા હતા. ૧૯. શ્રીહરિનો આવો અતિશય ઉત્કર્ષ દેખીને તે વખતે રઘુનાથદાસને મૂર્છા આવી ગઈ. તેને શરીરની સંભાળ ન રહી અને વારંવાર પેટ છૂટી ગયું. (ઝાડા થઈ ગયા.) ૨૦.

તેણે સત્સંગનો માર્ગ છોડીને કુસંગને માર્ગે ચાલવા ઈચ્છા કરી હતી. તેની રીત બધી અવળી દેખી એટલે હરિભક્તોએ તેનો સંપર્ક છોડી દીધો. ૨૧. ધર્મભ્રષ્ટ અને વ્યસની નરનારીઓ રઘુનાથદાસને સેવવા લાગ્યા અને તેને લીધે બધા વ્યભિચારી થઈ ગયા. શ્રીહરિએ તેને કાંઈ પણ કહ્યું નહિ. તેને પોતાને પોતાના જ પાપ આડા આવ્યા. ૨૨. વરસાદનું પાણી મળે ત્યારે વનમાં બધી વનસ્પતિ કોળે છે, ફૂલે છે અને ફળે છે. પણ જે જવાસાનો છોડ કહેવાય છે, તેને વરસાદનું પાણી મળતા તે જડ-મૂળથી સૂકાઈ જાય છે. ૨૩. તે રીતે જ જે કુબુદ્ધિ લોકો હોય છે, તેઓ શ્રીહરિના આવા પ્રતાપને દેખે છે તો તેના દિલમાં સહેજે આગ લાગે છે અને આપોઆપ બળીને ભસ્મ થઈ જાય છે. ૨૪.

दोहा : जन उद्धारन करन हित, जुग जुग प्रति जोय;
हरि धरत अवतार कु, सुमति जानत सोय...२५

અનેક જીવોનો ઉદ્ધાર કરવા માટે પરમેશ્વર યુગેયુગમાં અવતાર ધારણ કરે છે. જ્યારે શ્રીહરિ અવતાર ધરે છે ત્યારે તેને સદ્‌બુદ્ધિવાળા લોકો જ ઓળખી શકે છે. ૨૫.

સદ્‌બુદ્ધિ જેને હોય તે જ વાસ્તવમાં મનુષ્ય છે. જેમાં સદ્‌બુદ્ધિ નથી તે મનુષ્ય નથી. શાસ્ત્રો અને સંતોના વચનોમાં આવો મત ઠેકઠેકાણે કહેવામાં આવ્યો છે. ૨૬. સર્વે સત્શાસ્ત્રનો સાર એ જ છે કે અહિંસા રાખવી, ચોરી ન કરવી, વ્યભિચાર ન કરવો, દારૂ આદિ કોઈપણ કેફી વસ્તુ ખાવી, પીવી નહિ. ૨૭. "હિંસા, દારૂ, માટી, ચોરી અને અવેરી (વ્યભિચાર)" આનો જે ત્યાગ કરે છે, તેને ક્યારેય કોઈનો ભય લાગતો નથી. તે જગતમાં નિર્ભય ફરી શકે છે અને તેને જ પરમેશ્વરનું ભજન ગમે છે. ૨૮.

શ્રીહરિ રાજમાર્ગ ઉપર આગળ વધી રહ્યા છે. ચોપદાર છડી પોકારે છે. તે સમયે વિદ્વાનોમાં અગ્રગણ્ય મનાતા નરભેરામ શાસ્ત્રી શ્રીહરિની સન્મુખ આવ્યા. શાસ્ત્રીજી સંતોષી, શાંત અને સારા ગુણવાન હતા. પોતે બીજા વિદ્વાનોને પણ સાથે લાવ્યા હતા. સહુ શ્રીહરિને પગે લાગ્યા. ૨૯-૩૦. શ્રીહરિએ બધો પોશાક જરિયાની પહેર્યો હતો. ઘરેણાઓ સહિત બધો પોશાક નરભેરામ શાસ્ત્રીને અને બીજા વિદ્વાનોને આપી દીધો. તેનાથી વિચક્ષણ વિદ્વાનો પ્રસન્ન થયા. ૩૧. જેટલા વિદ્વાન વિપ્રો આવ્યા હતા તે બધાને સારા વાહનમાં બેસાડ્યા. શ્રીહરિએ તો બીજો પોશાક પહેરી લીધો, પણ બીજા લોકોને તેની ખબર પડી નહિ. ૩૨.

બીજા મતવાદીઓમાં પણ જે ધર્મપ્રિય હતા, તેઓ તો શ્રીહરિને જોઈ-જાણીને મનમાં ઘણું રાજી થયા. "આ સંપ્રદાય શુદ્ધ છે" એમ કહીને શ્રીહરિના તથા સત્સંગના વારંવાર વખાણ કરતા હતા. ૩૩. બીજી જગ્યાએ તો ધર્મનું નામ જ રહ્યું છે. ખરું દૈવત તથા મોક્ષ આ બે તો આ સત્સંગમાં જ રહ્યા છે. ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન આ ચાર ગુણ તો અત્યારે સત્સંગમાં મૂર્તિમાન રહ્યા છે. ૩૪. આ સ્વામિનારાયણના સત્સંગને જે લોકો સારી ભાવનાથી માનશે તો તે લોકોને તરત નિશ્ચિત મોક્ષ પ્રાપ્ત થશે.

આપણા આજે ધન્યભાગ્ય થયા છે કે આવા કળિયુગમાં પણ આપણને સહુને પરમેશ્વર શ્રીહરિનાં દર્શન થયાં છે. ૩૫. આ વખતે આ સત્સંગને જે નહિ માને-સ્વીકારે, તેનો તો જન્મારો જ બગડી ગયો એમ માનવું. ફેલી અને ફિતૂરી એવા જે ભેખધારીઓ છે તેઓ તો આ સત્સંગને અને શ્રીહરિને દેખીને બળી મરે છે. ૩૬.

એક બાબત વિચારવી જોઈએ કે જેમ રાતે ચોરી કરનારા ચોરને ચંદ્રમા ગમે નહિ, વેશ્યાને પતિવ્રતા નારી ગમે નહિ અને રોગી માણસને મિષ્ટાન ઝેર જેવું લાગે છે તેમ જ વ્યભિચારી, વ્યસની અને અધર્મી લોકોને પ્રગટ હરિ કે પ્રગટ સંત ગમતા નથી. ૩૭. તેથી જ ફેલી-ફિતૂરી માત્ર પોતાના પાપોથી જ આ શ્રીહરિનો દ્રોહ કરે છે અને દ્રોહરૂપી અગ્નિથી તેઓ આ ભૂમિ ઉપર જ બળી જાય છે. ૩૮. સીતાજી મહાન શક્તિસંપન્ન સતી હતા. જો રાવણે તેનો દ્રોહ કર્યો તો તેનું મહાન કુળ અને વિશાળ રાજ્ય બધું એક પળવારમાં ભસ્મ થઈ ગયું હતું. ૩૯. તે રીતે જ દ્રૌપદી પણ મહાસતી હતા, કૌરવોએ તેનો દ્રોહ કર્યો તો તેના કુળમાં કોઈ રતીભાર પણ બચ્યો નહિ, એક પલકવારમાં જ બધું કૌરવકુળ ભસ્મ થઈ ગયું. ૪૦.

સતીના કરતા તો આ શ્રીહરિ અને સંતો ઘણા જ અધિક મહાન છે. નૈષ્ઠિક વ્રતધારી અતિ તેજસ્વી છે. સારી રીતે ધર્મને ધારણ કરનારા છે અને મોક્ષમાત્રનાં મૂળ છે. ૪૧. અનંત અવતાર થયા છે એવું સાંભળ્યું છે. તેનો કોઈ પાર નથી. પરંતુ આ ધર્મપુત્ર શ્રીહરિનો અવતાર તો ઘણો જ બળવાન છે. તેમણે રહેણી કહેણીએ કરીને બધું જીતી લીધું છે. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શ્રીહરિનો શ્રીનગર શહેરમાં પ્રવેશ અને પ્રતાપ કથન' એ નામે છન્નુમો તરંગ સમાપ્ત ॥૯૬॥



પૂર ચોથું : તરંગ - ૯૭

શ્રીહરિ નવાવાસમાં પધાર્યા, થાળ જમ્યા અને જમાડ્યા

શ્રીહરિ ધીરે ધીરે ચાલતા માણેકચોકમાં આવ્યા. માણેકચોક એટલે બારેય દરવાજાનો મધ્યભાગ કહેવાય. ત્યાં અનંત લોકો ભેળા થયા હતા. ૧. માણેકચોકને અનંત સમૃદ્ધિઓથી ભરપૂર કહેવાય છે. માણસને જે કોઈ વસ્તુની જરૂર હોય તે બધી જ ત્યાં મળતી હોય છે. ૨. લોકો શ્રીહરિની સન્મુખ આવીને પગમાં પડ્યા. સહુના મનમાં ઘણો જ ભાવ હતો. સહુ ભેટ સામગ્રી પુષ્કળ લાવ્યા. ૩. સહુ હરિભક્તો તે સમયે ગુલાલ લાવીને ઉડાડવા લાગ્યા. ચારેકોર ગુલાલની ધૂમ મચી ગઈ. ભૂમિ અને આકાશમાં દરેક સ્થળે રંગ ભરાઈ ગયો. ૪. સાત સાત માળની ઊંચી હવેલીઓ તે સમયને અનુરૂપ શોભતી હતી. તે અપાર ચિત્રવિચિત્ર કરેલી હતી. ધર્મકુમાર ત્યાં ચાલીને પધાર્યા. ૫.

સોનાના ફૂલથી અને મોતીથી ભરેલા થાળ લઈને સ્ત્રીઓ ગોખમાં ઊભી હતી. જ્યારે શ્રીહરિ ગોખની નીચે આવ્યા ત્યારે તેમને ધર્મના રક્ષક જાણીને ફૂલથી અને મોતીથી વધાવ્યા. ૬. સ્ત્રીઓને ધર્મ ઉપર અપાર ભાવ હતો અને તેઓ સંતોને મહાન શીલવાન જાણતી હતી. પછી જ્યાં નવોવાસ કહેવાય છે ત્યાં શ્રીહરિ પધાર્યા. ૭. દોઢ પહોર રાત વિતી ત્યારે શ્રીહરિ ત્યાં પહોંચ્યા.પુરુષોત્તમભાઈ નામે એક કણબી પટેલ પાકા હરિભક્ત હતા. ૮. શ્રીહરિ તેને પોતાના અડગ સેવક સમજીને તેને ઘેર ઊતર્યા. તેના ઘરની આગળ વિશાળ ચોક હતો. તેમાં બધા સંતો ઊતર્યા. ૯. બ્રહ્મચારીઓ અને સન્યાસી તેની બાજુની જગ્યામાં ઊતર્યા. નવાવાસની આગળના ભાગમાં જે પહોળું સ્થાન હતું ત્યાં બધા દરબારો ઊતર્યા અને હાથી ઘોડા વગેરે જે કાંઈ હતું, તે બધાનો ત્યાં સમાવેશ થઈ ગયો. ૧૦-૧૧.

નવાવાસમાં હરિભક્તોએ ઉત્સાહથી એક મંડપ બાંધી દીધો. શ્રીહરિએ તે મંડપમાં સભા કરી. શ્રીહરિએ અદ્‌ભુત શોભા ધારણ કરી હતી. ૧૨. ઘનશ્યામ શ્રીહરિ સોનેરી સિંહાસન ઉપર બેઠા. આગળના ભાગમાં બધા સંતોની સભા ભરાણી. દરબારો પણ તે સ્થળે આવીને બેઠા. ૧૩.

શહેરના બધા હરિભક્તો પણ બેઠા અને કહેવા લાગ્યા કે સવારી ઘણી સારી શોભી અને બધે 'જય જયકાર' થઈ ગયો. સવારીને જોઈને લોકો ખૂબ જ વિસ્મિત થયા હતા. ૧૪. ઠેક ઠેકાણે બધા લોકો બોલતા કે આવો કોઈનો પ્રતાપ ન હોઈ શકે, આ તો સ્વયં સમર્થ પરમેશ્વર છે. તે વિના આવી શોભા બની શકે નહિ. ૧૫.

ચિમનરાવ સભામાંથી રજા લેવા ઊઠ્યા. શ્રીહરિના ચરણોમાં પડ્યા અને બોલ્યા, ૧૬. 'મારા જેવું જે કાંઈ કામ હોય તે મને તરત જ કહેવડાવજો. અત્યારે હું આપની પાસે રજા લઉ છું અને સવારે આપના ચરણોમાં આવીશ.' ૧૭. શ્રીહરિએ તે સમયે થાળ ભરીને મેવો મગાવ્યો. તરત તેમાંથી પ્રસાદ તેને આપ્યો. બીજા જેટલા ઉમરાવ-શ્રીમંતો કે અધિકારીઓ આવ્યા હતા તેમને પણ મેવાનો પ્રસાદ અપાવ્યો. ૧૮. બીજા બધા કારભારીઓને પણ બોલાવ્યા, તેમને પણ સંભારીને પ્રસાદ આપ્યો. જેટલા ચોપદાર હતા અને સૂબેદાર હતા તેઓને પણ પ્રસાદ આપ્યો. સવારીમાં જે જે આવ્યા હતા તે બધાને ફૂલહાર આપ્યા, પ્રેમથી બોલાવ્યા અને સૌને ખુશ કર્યા. ૧૯-૨૦. વાજિંત્ર વગાડનારા સહિત બધાને ફૂલના હાર આપ્યા. તે બધા જય જય એવા શબ્દનો ઉચ્ચાર કરતા હતા. મોટા મોટા મહાજનો, શાસ્ત્રીઓ, પુરાણીઓ આદિક જે જે આવ્યા હતા તે બધાને શ્રીહરિએ જાતે સાકરની પ્રસાદી આપી. તે વખતે જે કોઈ શ્રીહરિની પાસે આવ્યા હતા. તે સહુએ શ્રીહરિને 'ઉચ્ચ વિપ્રકુળમાં પ્રકટ્યા છે' એમ માન્યા. ૨૧-૨૨.

તેનાથી ફેલ-ફિતૂર કરનારા ખોટા માણસો શ્રીહરિ વિશે જેમ તેમ બોલતા હતા, તે બધાના નાક કાન કપાઈ ગયા. 'ધર્મકુળ તો ઘણું શ્રેષ્ઠ વિપ્રોનું છે' એને મોટામોટા સુજ્ઞ મનુષ્યો જાણે છે. ૨૩. અને તેઓ અયોધ્યાપુરી જેવા મોટા સ્થાનના નિવાસી છે, એવું સંતોએ સહુને સમજાવ્યું. વળી તેમના વડવા ઈટાર પુરના પાંડે વિપ્ર હતા અને તે શહેરના સુરનેતા નામે રાજાના કુલ ગુરુ હતા. ૨૪. જ્યારે તે શહેર ભાંગ્યું ત્યારે તે પાંડે વિપ્રો અયોધ્યાપુરીમાં આવીને વસ્યા. તે કુળમાં જન્મેલા શ્રીહરિને જ્યારે વનમાં ફરવાની રુચિ થઈ ત્યારે અયોધ્યાપુરીથી તીર્થ કરવા નીકળ્યા. ૨૫. શ્રીહરિને મનમાં તપ

કરવાની ઘણી ઈચ્છા થઈ. તેથી પાછા ઘેર ન ગયા. પછી તીર્થાટન કરતાં કરતાં શ્રીજી મહારાજ સત્સંગીઓનો મોક્ષ કરવા માટે સત્સંગમાં આવીને રહ્યા છે. ૨૬. (ગ્રંથકાર પ્રસંગાત્ ભવિષ્યનું કહે છે.) તેમના ભાઈ ભત્રીજા વગેરેએ તે વખતે સમાચાર સાંભળ્યા. બધા ચરોતર પ્રદેશમાં સત્સંગના તખત જેવા વડતાલમાં (સં.૧૮૮૦માં) આવ્યા. ૨૭. સમય જતાં આખા ગુજરાત દેશમાં આ શ્રીનગરમાં મૂર્તિઓ સ્થાપીને તેને પણ સત્સંગનું તખત કર્યું. ૨૮. વડતાલ અને શ્રીનગરમાં એક સમાન સમૈયા કર્યા હતા. પરંતુ ચરોતર પ્રદેશ રસાળ છે, તે શ્રીહરિને વિશેષ ગમતો. ૨૯. ચરોતર કરતા પણ ગુજરાત (શ્રીનગર તરફના ભાગ)માં સત્સંગ વિશેષ વિકસ્યો. તે સમજીને શ્રીહરિએ પોતાના મનને યોગ્ય જણાયું તે પ્રમાણે પ્રદેશોના વિભાગ કર્યા. ૩૦. મુક્તાનંદસ્વામીએ આટલી વાત પ્રસંગ જાણીને દાદા ખાચરને કહી. હવે શ્રીહરિ જે શ્રીનગરમાં પધાર્યા છે તે વાતને મુક્તાનંદસ્વામી મૂળથી લઈને સંપૂર્ણ કહે છે. ૩૧.

શ્રીહરિ સભામાં બેઠા હતા. ત્યાં વર્ણી બોલાવવા આવ્યા. આજ પહેલે દિવસે બધા ચોકસી હરિભક્તોની રસોઈ કરી હતી. ૩૨. શ્રીહરિ જમવા ઊઠ્યા. શહેરના ભક્તોને ઊઠવાની આજ્ઞા કરી. શ્રીહરિ ઉતારે આવ્યા અને વિધિ પ્રમાણે સ્નાન કર્યું. ૩૩. રૂમાલથી શરીર કોરું કર્યું. ધર્મકુમાર શ્રીહરિએ એક પીતાંબર વસ્ત્ર પહેર્યું. બીજું પીતાંબર ઓઢી લીધું. નિપુણતાથી ચરણોમાં ચાખડીઓ પહેરી. ૩૪. જ્યાં વિપ્રોએ રસોઈ બનાવી હતી ત્યાં શ્રીહરિ પોતે પધાર્યા. જઈને સોનાના બાજોઠ ઉપર બેઠા. થાળ ભરીને ભોજન લાવ્યા. દૂધપાક અને પૂરી બનાવ્યા હતા. વડાં અને ભજિયાં પણ કર્યાં હતાં. બધું પીરસાયું. ૩૫. જેટલી જાતના શાક બનાવ્યા હતા તે તથા પાપડ અને અથાણાં જે હતા, તે બધું જ શ્રીહરિને પીરસ્યું. શ્રીહરિ સ્નેહભાવથી બધું જમવા લાગ્યા. ૩૬. સત્સંગના જીવનપ્રાણ શ્રીહરિ જમતાં જમતાં ભોજનના વારંવાર વખાણ કરતા હતા. જમીને જ્યારે તૃપ્ત થયા ત્યારે ચળું કર્યાં. ૩૭. મુખકમળ શુદ્ધ કરી જળપાન કર્યું. રૂમાલથી હાથ લૂછ્યા. પછી તજ તથા એલાયચીનો મુખવાસ લીધો. ૩૮.

સંતોને અને દરબારોને બોલાવ્યા. તત્કાળ તેમની પંગત બેસાડી. આવીને શ્રીહરિ પીરસવા લાગ્યા. જમનારા 'ના' ન કહે ત્યાં સુધી પીરસ્યું. ૩૯. સંતોએ તો પોતાની રીત પ્રમાણે ભોજન મેળવીને જમવાનું શરૂ કર્યું. શ્રીહરિની આજ્ઞાલોપના ભયને જાણીને ક્યારેય તેઓ અલગ અલગ જમતા નહિ. ૪૦.

सोरठा : पंच विषेय को स्वाद, ताकुं जानत झेर से अधिक;
हरि अग्या में अह्लाद, जानत हे अमृत से सरस...४१
श्रीहरि को जो वचन, जितनो अधिक जो जानहिं;
सो जन दिन प्रतिदीन, बढत बढत बढि गयेउ अधिक...४२

સંતો પંચવિષયના ભોગને ઝેર કરતા પણ વધારે હાનિકારક સમજતા હતા. તેમને તો શ્રીહરિની આજ્ઞા પાળવાનો જ આનંદ રહેતો અને તે આનંદને અમૃત કરતાં પણ સરસ જાણતા હતા. ૪૧. જે સંતો-ભક્તો શ્રીહરિના વચન જેટલા વધારે મહત્વના જાણે છે. તે સંતો-ભક્તો સત્સંગમાં દિન પ્રતિદિન વધતા વધતા ઘણું જ વિશેષ વધી જાય છે. ૪૨.

જેને શ્રીહરિનાં વચન ભંગનો લેશપણ ભય ન હોય, તેને માથે તો જમનો દંડ રહે જ છે. તે અંતે અત્યંત દુઃખને પામે છે. ૪૩. તે જમપુરીનાં દુઃખનું તો વર્ણન પણ થઈ શકે તેમ નથી. તે બધું સમજીને સદ્‌બુદ્ધિવાળા સંતો શ્રીહરિની આજ્ઞારૂપી નિર્ભય કોટમાં રહીને જીવનભર આજ્ઞા પ્રમાણે જ રહે છે. ૪૪. સંતોએ જ્યારે જમી લીધું ત્યારે શ્રીહરિએ હાથ ધોયા. પછી જઈને પથારીમાં પોઢી ગયા અને સંતો આવીને ભજન કરવા બેઠા. ૪૫. દરબારો પોતાને ઉતારે ગયા. શ્રીહરિનાં સ્વરૂપનાં કીર્તનોનું સાથે મળીને ગાન કરતા કરતા સહુ સૂઈ ગયા. ૪૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શ્રીહરિ નવાવાસમાં પધાર્યા, થાળ જમ્યા અને સહુને જમાડ્યા' એ નામે સત્તાણુંમો તરંગ સમાપ્ત ॥૯૭॥



પૂર ચોથું : તરંગ - ૯૮

સાબરમતીના નારાયણઘાટનો મહિમા

જ્યારે અરુણોદય થયો ત્યારે સંતો ઊઠ્યા. સહુ ભેળા મળી એકતાર થઈને 'નારાયણ ધૂન' કરવા લાગ્યા. ૧. ત્યારે શ્રીહરિ ઊઠ્યા. તેમણે સહુને સંભળાવ્યું કે, 'આજ હુતાશનીનો દિવસ છે એટલે સહુએ સાબરમતી નદીએ જઈને નાહવું છે.' ૨. તેથી બધી સવારી તૈયાર થઈ. શહેરના હરિભક્તો બધા આવ્યા. કુબેરસંગ અને તેના ભાઈ મોતીરામ બંને ચોપદાર પણ આવ્યા. ૩. ચિમનરાવજીને સમાચાર મળ્યા, તેથી તે પણ સવારી સાથે લઈને આવ્યા. ડંકા અને નિશાન વગેરે પણ સાથે લાવ્યા. ૪. અપાર વાજિંત્ર વાગવા લાગ્યાં. વિવિધ પ્રકારના શબ્દ ચોતરફ છવાઈ ગયા. બધા જ પ્રદેશોના હરિભક્ત બાઈ-ભાઈ સહુ આવ્યા. ૫.

જ્યારે બધી સવારી આવી ત્યારે શ્રીહરિ હાથી ઉપર જઈને બેઠા. તેમને ભક્તોના ઉપર ખૂબ જ પ્રેમ છે, એટલે બધો જ પોશાક સોનેરી અને મોતીનો પહેર્યો. ૬. હાથીને પણ સોનેરી અને મોતીના શણગારોથી શણગાર્યો. તે રીતે જ બધા દરબારો પણ શણગારોથી સજ્જ થયા હતા. મોટા નથુભાઈ નામે જે વિપ્ર હતા, તેની તે દિવસ રસોઈ હતી. ૭. બ્રાહ્મણો બધા રસોઈ કરવા લાગ્યા. અનેક પ્રકારના પકવાન બનાવ્યા.

ચિમનરાવજી હાથી ઉપર બેસીને શ્રીહરિને ચામર કરવા લાગ્યા. ચોપદાર આગળ છડી પોકારવા લાગ્યા. ૮. હાથી ઉપરની બધી અંબાડી મોતીથી જડેલી હતી. તેમાં બેઠેલા શ્રીહરિ અત્યંત શોભતા હતા. તેમની આગળ બધા સંતો ચાલતા હતા. તે વસંતના અને હોરીના પદ ગાતા હતા. ૯. જેને બજાવતા ફાવતું હતું એવા કેટલાક સંતો ઝાંઝ અને મૃદંગ બજાવતા હતા. કેટલાક સંતો શ્રીહરિના આ અવતારના સરસ શ્લોકો બોલતા હતા. ૧૦.

શહેરના બધા લોકો દર્શન કરવા આવ્યા. તેથી બજારમાં ઘણી જ ભીડ થઈ. શ્રીહરિ માણેકચોકમાં થઈને ત્રણ દરવાજાથી આગળ ભદ્રના દરવાજા

સન્મુખ ચાલ્યા. ૧૧. ભદ્રના દરવાજા આગળ થઈને દિલ્લી દરવાજે આવ્યા. ત્યાંથી આગળ સાબરમતીને કિનારે સૂબાનો મહેલ હતો ત્યાં પધાર્યા. ત્યાં સુંદર ઘાટ બાંધેલો હતો. ૧૨. ઘાટે આવીને શ્રીહરિ હાથીએથી ઊતર્યા. દાતણ આદિ કર્યા. પછી નિર્મળ જળમાં નાહ્યા. ૧૩.નદીના પ્રવાહમાં ઉપરવાસમાં શ્રીહરિ રહ્યા અને હેઠવાસમાં સંતો અને હરિભક્તો રહ્યા. એક પહોર (૩-કલાક) સુધી સહુ નાહ્યા. બધાના મનમાં ઘણો ઉત્સાહ હતો. ૧૪.

❋ સાબરમતીએ શ્રીહરિની પૂજા તથા સ્તુતિ કરી :

શ્રીહરિએ ઘણી જળક્રીડા કરી તેથી સાબરમતીગંગા મનમાં ઘણી જ ખુશી થઈ.તે દેવીના જેવું રૂપ ધારીને આવી. અને શ્રીહરિના ચરણોમાં પડી. ૧૫. પછી શ્રીહરિ પાણીથી બહાર નીકળ્યા અને જ્યારે વસ્ત્ર આભૂષણ વગેરે પહેર્યા ત્યારે સાબરમતીએ પુષ્કળ પૂજાનો સામાન લઈને પૂજા કરી. ૧૬. કેસરયુક્ત ચંદન લલાટમાં ચરચ્યું. વચ્ચે લાલ કુંકુમનો ચાંદલો કર્યો. ફૂલના હાર, બાજુબંધ અને તોરા ધરાવ્યા. ૧૭. પછી કેસરીચંદન ચરણોમાં લગાવીને તે ચરણકમળ પોતાને મસ્તકે ધાર્યા. વારંવાર વિનંતી કરીને તેણે કહ્યું કે પ્રભુ, આપે મારો ઉદ્ધાર કર્યો છે. ૧૮.

આપની સાથે અનંત ધામના જે જે સંતો છે તે અત્યારે આવીને મારા જળમાં નાહ્યા છે. મોટા મોટા દેવો અને સર્વે હરિભક્તો અત્યારે મારા જળમાં નાહ્યા છે. ૧૯. તેનાથી હું અત્યંત પવિત્ર થઈ છું. અત્યારે હું વારંવાર વિનંતી કરીને કહું છું કે આપ જ્યારે જ્યારે શ્રીનગરમાં પધારો ત્યારે ત્યારે અહીં આવીને મને દર્શન આપજો. ૨૦. હે હરિ ! આપ મને દયા કરીને આટલું વરદાન આપો. અને મને પોતાની સમજીને સ્વીકારી લો. જેને આપનો યોગ થાય છે તેને સંસાર સાગરનો રોગ રહેતો નથી. ૨૧. મારા જળમાં અનંત પાપી લોકો નહાય છે, તેના પાપના ડરથી હું હંમેશા ધ્રૂજતી રહું છું. મારા તે ભયને હવે આપ દૂર કરો. કારણ કે આપ સાક્ષાત્ અક્ષરાધિપતિ મને મળ્યા છો.' ૨૨.

સાબરમતીગંગાના એવાં અમૃતતુલ્ય વચન સાંભળીને સુખદ શ્યામ સુંદર પ્રસન્ન થયા અને બોલ્યા, 'જેવી ઉન્મત્તગંગા મને અતિ વહાલી છે.તેમ તમે પણ તેવા જ મને પ્રિય છો. હવે તમને કોઈ પાપી માણસના પાપ લાગશે

નહિ. અને કોઈપણ જીવ તમારા જળમાં સ્નાન કરશે, અરે! અજાણતા કોઈ પાણી પીશે તેના પણ પાપ નાશ પામશે. ૨૩-૨૪.

પશુ-પક્ષી, મનુષ્ય કે અપાર જલજંતુ એ બધા તારા જળમાં સ્નાન કરશે કે તારું જળ પીશે તેઓ દેવ થાશે અને તે પ્રથમ દેવના શરીરને પામશે પછી મનુષ્યના જન્મને પામીને સત્સંગના નિયમો રાખીને મોક્ષપદને પામશે. ૨૫-૨૬. મારો પ્રતાપ મહિમા સમજીને આ જગ્યાએ કોઈ અસ્થિ વિસર્જન કરશે, ફૂલ નાખશે તો કદાચ તે જીવ જમપુરીમાં ગયો હશે તોપણ જમદૂત તેને છોડી મૂકશે. ૨૭.

કદાચ કોઈ અવગતિને પામ્યો હોય, ભૂત, પ્રેત કે પિશાચ થયો હોય પછી તેના સંબંધી લોકો મારું માહાત્મ્ય સમજીને આ સ્થળે શ્રાદ્ધ કરશે કે પિંડદાન કરશે. ૨૮. તો તે અસદ્‌ગતિને પામેલો જીવ ભૂત, પ્રેત કે પિશાચના દેહને છોડીને મનુષ્યનો જન્મ પામશે. તેમાં કોઈ સંદેહ નથી. મારા આ વચનનો પ્રતાપ જાણીને જે નિષ્પાપ મનુષ્ય અહીં શ્રાદ્ધ કરશે, મારા પ્રતાપને સત્ય જાણીને જે મનુષ્ય અહીંયાં આવીને નહાશે અને જે જે સંકલ્પ - મનોરથોને કરશે તે તત્કાળ તેને સફળ થશે - પ્રાપ્ત થશે. ૨૯-૩૦.

અહીંયાં કોઈ ઘાટ બંધાવશે અથવા બ્રાહ્મણોને જમાડશે, બ્રાહ્મણોને દાન-દક્ષિણા આપશે તો તેને કરોડગણું તેનું ફળ મળશે. ૩૧. જે સુજ્ઞ મનુષ્ય અહીંયાં ગાય, અશ્વ કે વસ્ત્રનું દાન આપશે તો તેને તેનું કરોડગણું ફળ પ્રાપ્ત થશે અને આ ભવાટવીમાં ફરીથી નહિ આવે. ૩૨. **મારા સંબંધને લીધે ફળ અપાર મળે છે તેને તો કોઈ જાણકાર હોય તે જ સમજી શકે છે. જેને સત્સંગનો જોગ હોય તે જ યથાર્થ માહાત્મ્યને સમજતો હોય છે.** ૩૩.

ધર્મકુળમાં મારો જન્મ હોવાથી મારા સંબંધને કારણે તે વિપ્રો સહુથી અધિક પૂજ્ય છે. ધર્મકુળના આશ્રિત જે વિપ્ર છે તે તેના સંબંધથી પૂજ્ય છે. ૩૪. બીજા બધા વિપ્રો પણ પૂજ્ય છે પણ મારા સંબંધના પ્રતાપથી ધર્મકુળના વિપ્રો અધિક પૂજ્ય કહેવાય. છતાં પણ જેમાં જેટલો સદાચારમય ધર્મ વધારે હોય તે તેટલો ધર્મને લીધે જ અધિક પૂજ્ય રહે છે.' ૩૫.

શ્રીહરિના ઉપર કહ્યા પ્રમાણેના વચન સાંભળીને સાબરમતી ખૂબ જ રાજી થઈ. તેણે જેવી શ્રીહરિની મૂર્તિ દેખી તેવી જ અંતરમાં લખી (કોતરી) લીધી. ૩૬. તે મૂર્તિને નિત્ય પૂજા માટે પોતાના હૃદયમાં રાખી લીધી. ઘાટ ઘડી ઘડીને કહેતા નિદિધ્યાસ કરી કરીને જેમ હાલર પક્ષી પગમાં લાકડી પકડે તેમ શ્રીહરિની મૂર્તિને હૃદયમાં દૃઢ બાંધી દીધી. ૩૭.

નારાયણમુનિ શ્રીહરિ અહીંયાં આવીને વારંવાર નહાયા. તેનાથી ત્યાં જે ઘાટ થયો તે 'નારાયણ ઘાટ' કહેવાયો. ૩૮. ભવ, બ્રહ્મા અને સુરરાજ ઈંદ્ર અને બીજા અનંત કોટિ દેવતાઓનો સમાજ ભેળો મળીને હરેક પર્વમાં અહીંયાં નહાય છે. ૩૯. જે દિવસથી ભગવાન નારાયણમુનિ આવીને અહીંયાં નાહ્યા. ત્યારથી આ તીર્થનો મહિમા ચારધામ અને ત્રિલોકીમાં પ્રસિદ્ધ થયો અને અતિશય વધ્યો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'સાબરમતીના નારાયણ ઘાટનો મહિમા કહ્યો' એ નામે અઠ્ઠાણુમો તરંગ સમાપ્ત ।।૯૮।।



પૂર ચોથું : તરંગ - ૯૯

શ્રીહરિએ થાળ જમતા મોહના સ્વરૂપનો વિચાર કર્યો

શ્રીહરિએ સાબરમતી નદીને પ્રસિદ્ધ વરદાન આપ્યાં. ત્યાંથી કિનારે રહેલા સૂબાના મહેલમાં આવ્યા અને આનંદથી અતિશય પ્રફુલ્લિત થયા. ૧. સદ્‌ગુરુ રામાનંદસ્વામી જ્યાં ઘણીવાર આવ્યા હતા ત્યાં શ્રીહરિએ બધા સંતો અને હરિભક્તોની વિશાળ સભા કરી. ૨. હીરાચંદ અને ઈચ્છારામ બંને ભાઈ સમાધિનિષ્ઠ સત્સંગી હતા. તે બંનેને શ્રીહરિએ સદ્‌ગુરુ રામાનંદ સ્વામીની બધી વાત પૂછી. ૩. ત્યારે તેમણે રામાનંદસ્વામી જેટલી વાર શ્રીનગરમાં આવ્યા હતા અને અહીંયાં ઘાટ ઉપર જેટલી વાર નાહ્યા હતા તે બધી વાત વિસ્તારથી કહી. ૪.

સાબરમતીના કિનારા ઉપર અનેક પ્રકારના વૃક્ષ નદીમાં ઝૂકી રહ્યા હતા. વૃક્ષોના ઘાટા વન અત્યંત રળિયામણાં હતાં. દરેક વૃક્ષ ફૂલ અને ફળોથી ભર્યાં દેખાતા હતા. ૫. તે બધા વૃક્ષ માનો, શ્રીહરિની પૂજા કરવા માટે પ્રેમથી તૈયાર થઈ રહ્યા હોય તેમ જણાતું હતું. અનેક જાતિના પક્ષીઓ ત્યાં પરસ્પર કલરવ કરતાં હતાં. ૬. તે માનો શ્રીહરિને બોલાવવા લાગ્યા હોય તેમ લાગતું હતું. આવી શોભા ત્યાં છવાયેલી હતી. શ્રીહરિએ ત્યાં સહુને પોતાનાં દર્શન દીધાં અને તેમના જન્મને સફળ કર્યા. ૭. શ્રીનગરના વખાણ કરતા ભગવાન શ્રીહરિ મહેલથી નીચે ઊતર્યા. મહેલની નીચેની બધી રચના જોઈને પોતે મનમાં ઘણું જ ખુશ થયા. ૮.

પછી પોતે હાથી ઉપર બેઠા અને ઉત્સાહથી શહેર તરફ ચાલ્યા. આગળ અપાર વાજિંત્રો વાગતા હતા અને ચોપદાર છડી પોકારતા હતા. ૯. નદીથી લઈને શહેર સુધી અનેક સારા બાગ બગીચાઓ હતા. જુદી જુદી જાતના અપાર ફળો અને ફૂલો તેમાં દેખાતા હતા. જેનો ગણે પાર આવે તેમ ન હતું. ૧૦. રસ્તાની બંને બાજુએ રમણીય પ્રકારના અનેક બંગલાઓ હતા. તેની શોભા કહી શકાતી નથી. બંગલાઓમાં બિલોરી કાચના અનેક ઝાડ બાંધેલા લટકતા હતા. તે શ્રીહરિએ એકેએક બંગલામાં જોયા. ૧૧. શ્રીહરિ પરમ દયાળુ અને સંસારના ભયને ટાળનારા છે. જીવોને કૃતાર્થ કરવા માટે તો પોતે મનુષ્યરૂપે થયા છે. શ્રીહરિએ જેની સામે જોયું તેનું ભવાટવીમાં ભટકણ રહ્યું નહિ. ૧૨.

શ્રીહરિ શહેરમાં આવ્યા. નરનારી સહુ દર્શન કરવા દોડી આવ્યા. દર્શન કરતાં તો બધાં ઘરના કામકાજ ભુલાઈ ગયા. ૧૩.અનંત ભુવનોના અધિપતિ શ્રીહરિ માણેકચોક થઈને નવાવાસમાં આવ્યા. ૧૪. ભક્તોના મનોરથોને પૂર્ણ કરનારા સુંદરશ્યામ શ્રીહરિ હાથી ઉપરથી ઊતર્યા અને પોતાના સિંહાસન ઉપર બેઠા. તે સમયે વર્ણી બોલાવવા આવ્યા. ૧૫.રસોઈ તૈયાર થઈ હોવાથી શ્રીહરિ જમવા માટે ઊઠ્યા. ચરણોમાં ચાખડીઓ પહેરી અને જ્યાં રસોઈ બનાવી હતી ત્યાં ગયા. ૧૬.

નથુભાઈ વિપ્રે શ્રીહરિને સારા મજબૂત બે પીતાંબર આપ્યાં. તેમાંથી એક પહેર્યું અને એક ઓઢ્યું. ૧૭. શ્રીહરિ સોનાના બાજોઠ ઉપર બેઠા. સુખદાયક શ્રીહરિએ હાથ અને પગ ધોયા. પછી જેટલા પકવાન બનાવ્યા હતા તેના થાળ ભરી ભરીને શ્રીહરિની આગળ લઈ આવ્યા. ૧૮. ઝાઝા પકવાન હોવાથી અન્નકોટની શોભા થઈ હોય તેમ લાગતું હતું. તે જોઈને શ્રીહરિ ઘણું રાજી થયા. જ્યારે બધું ભોજન આવી ગયું અને પિરસાઈ ગયું ત્યારે શ્રીહરિ જમવા લાગ્યા. ૧૯. દેવોના અને મુનિઓના અધિપતિ શ્રીહરિ છપ્પન ભોગ અને છત્રીશ પ્રકારના વ્યંજનો જમવા લાગ્યા. ભોજન કરતાં કરતાં શ્રીહરિ વિચારતા હતા કે રસોઈમાં સ્વાદનો તો કોઈ પાર જ નથી. ૨૦.

❋ શ્રીહરિના વિચારો:- મોહ ભોગથી નહિ, ત્યાગ કરવાથી છૂટે છે :

चोपाई :

कोटि जन्म लग स्वाद में खोवे, तोहु मन में न शांति होवे;
इनका नाम मोह कहावे, जियकुं कबु जानेमें न आवे...२१

जेसे रस हे तेसे गंधा, तेसे हि रूप में होवत बंधा;
तेसे शब्द स्पर्श रहेउ, गनत गनत पार न लहेउ...२२

तामें हित अनहित हि केता, ताको तपास जिय करत न रे'ता;
हरि प्रसन्न करन होय जाकुं, एहि विघ्नरूप हे ताकुं...२३

જીવ રસાસ્વાદમાં કરોડો જન્મોને ખોવે છે, છતાં તેનાથી મનને શાંતિ થાતી નથી. આનું જ નામ મોહ કહેવાય છે. તે જીવને ક્યારેય સમજ્યામાં આવતું નથી. ૨૧. (વ.ગ.મ.પ્ર.૧માં શ્રીહરિ કહે છે, પંચવિષયમાં આસક્તિને કારણે મોહ ઉદય થાય છે.) જેવો રસાસ્વાદ છે તેવી જ ગંધની આસક્તિ છે તેવી જ રીતે રૂપમાં પણ બંધન થાય છે. અને તે પ્રમાણે જ બંધનકારી શબ્દ અને સ્પર્શ વિષય રહ્યા છે જેનો ગણતા પાર આવતો નથી. ૨૨. પાંચ વિષયોને ભોગવવામાં પોતાનું હિત અને અહિત કેટલું છે તે અંગે જીવ તપાસ કરતો જ નથી. **જેને ભગવાનને રાજી કરવાના હોય તેને આ માયિક પાંચ વિષય વિઘ્નરૂપ છે.** ૨૩.

दोहा : मोह को अंत न आवे कबु, कबु न भजे हरि तेह;
मोह को मारग छोड दे, तब होय हरि से नेह...२४
हरि विन जितनो चिंतवन, सो सब मोह रहाय;
जमपुरि चोरासि दुःख, करनहार हे ताय...२५

મોહનો અંત ક્યારેય આવતો નથી. મોહ હોય ત્યાં સુધી ક્યારેય ભગવાનનું ભજન થવાનું નથી. જો મોહનો માર્ગ છોડી દેવામાં આવે તો જ ભગવાનમાં સ્નેહ થઈ શકે છે. ૨૪. ભગવાન સિવાયની જેટલી વસ્તુનું ચિંતન થાય છે તે બધો મોહ કહેવાય છે. અને તે મોહ જમપુરીમાં અને લખચોરાશીમાં જીવને દુઃખી કરનાર છે. ૨૫.

શ્રીહરિ પોતે વિચારે છે કે - હું અતિશય નિર્મોહી છું. મને કોઈપણ વસ્તુ ભગવાનથી અધિક લાગતી નથી. પરમાત્માથી જે સુખ મળે છે તે સુખ જ જીવને માટે અતિશય સુખ કહેવાય છે. ૨૬. પાતાળથી લઈને પ્રકૃતિ પુરુષ સુધીના જે કાંઈ સુખ છે, તે બધા મોહથી ઘેરાયેલા છે. ૨૭.

चोपाई :

मेरे जन कहावत हि जेते, ताकुं दियुं में देखाई तेते;
हित कर दोष देखावुं तामें, तब दोष हि आवे वामें...२८
दोष आये विन अभाव न होवे, अभाव आये विन मोह न खोवे;
मोह मित्रता कीने भारी, जियसे टरत न कोई विध टारी...२९

જે મારા આશ્રિત કહેવાય છે તેમને હું, હેત કરીને મોહમાં દોષ દેખાડું અને જો હું દોષ દેખાડીશ તો જ મોહમાં દોષ દેખાશે. ૨૮. જ્યાં સુધી મોહમાં દોષ ન દેખાય ત્યાં સુધી મોહનો અભાવ નહિ આવે. અને અભાવ આવ્યા સિવાય મોહ ટળશે નહિ. મોહે જીવની સાથે ઘણી મિત્રતા કરી લીધી છે. તે જીવ આપમેળે ક્યારેય મોહની મિત્રતા ટાળી શકતો નથી. ૨૯.

આ જીવને જન્મ અને મરણ કરાવનારો મોહ જ છે. જીવની સાથે મોહને બહુ હેત છે. તેથી કદાચ કોઈ જીવને મોહનો અભાવ-અવગુણ કરાવે તો તે જીવ કહેનારાનો જ અવગુણ-અભાવ લે છે. ૩૦. કરોડો રીતે વાત કરી

બતાવે છતાં મારા સિવાય બીજો કોઈ મોહને ટાળી શકે તેમ નથી. મારામાં લેશમાત્ર પણ મોહ નથી, એવા મારા સ્વભાવને સહુ જાણે છે. ૩૧. મને એવો નિર્મોહી જાણે છે અને મને નિશ્ચિત રૂપમાં ભગવાન માને છે એટલે જ લોકોને મારો ઉપદેશ લાગે છે. મારા સિવાયના બીજા બધા તો મોહથી બંધાયેલા છે. જે સ્વયં બંધાયેલા હોય તે બીજાને નિર્બંધ કઈ રીતે કરી શકે ? ૩૨.

બીજા લોકો કરોડો રીતે વાત બનાવીને તેને સમજાવવા કોશિશ કરે પણ જીવને તેની એક ટાંકણી જેટલી પણ અસર થાતી નથી. અરે મારી જ વાત લઈને અનેક રીતે મારું અનુકરણ કરે, તોપણ સામાવાળાના જીવમાં ક્યારેય તે વાત ચોંટતી નથી. ૩૩. જીવ મને જીવનું જીવન માને છે એટલે મારા ઉપદેશની અસર તેને થાય છે. અને બીજાને માયાના ગુલામ જુએ છે એટલે તેની અસર થાતી નથી. **જ્યારે આ જીવ સાધુને સંપૂર્ણ ત્યાગી અને નિર્દંભી ચોક્કસરૂપમાં મનમાં માને તો તે સંતનું વચન સામાના હૃદયમાં પ્રવેશ કરે છે. તેવા નિર્દોષ માન્યા સિવાય ક્યારેય તે સંતનું વચન માન્યામાં આવતું નથી.** દયાળુ શ્રીહરિ જયાં સુધી થાળ જમતા રહ્યા ત્યાં સુધી આવો બધો વિચાર કરતા રહ્યા. ૩૪-૩૫.

શ્રીહરિ જમીને તૃપ્ત થયા. પછી હાથ ધોયા. તે પછી મુખકમળ ધોઈને સારો મુખવાસ લીધો. ૩૬. ચોકમાં કેળના સ્તંભ રોપાવીને બગીચો કરાવેલો હતો. રંગોળી પુરાવીને ચોકા કર્યા હતા. દીપ પ્રકટાવીને ધૂપ કર્યો. ૩૭. શ્રીહરિએ બધા જ સંતોને બોલાવ્યા અને તે ચોકમાં બેસાડ્યા. પ્રથમ શ્રીહરિની પૂજા કરીને સંતોની પૂજા કરી. ૩૮. બધા દરબારો પણ જેને જેમ ઘટે તે રીતે યોગ્યતા પ્રમાણે બેસી ગયા. દરબારોને પણ શ્રીહરિના પાર્ષદો ગણ્યા અને તેમની પૂજા કરી. ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શ્રીહરિએ થાળ જમતી વેળાએ મોહના સ્વરૂપનો વિચાર કર્યો' એ નામે નવાણુમો તરંગ સમાપ્ત ॥૯૯॥



પૂર ચોથું : તરંગ - ૧૦૦

સંતોની અલૌકિક રીત અને હુતાશનીના પદોનું ગાન

શ્રીહરિ ચાખડીઓ પહેરીને સંતોની વચ્ચે પધાર્યા. શરીર ઉપર કેસરી ચંદનનો લેપ કર્યો હતો. તેમજ શરીર ફૂલોથી ભરપૂર હતું. ૧. મસ્તક ઉપર ગુલાબની પાઘ હતી. મોગરાની કળીઓના તોરા બનાવ્યા હતા. બાજુબંધ અને ગુલાબના હાર હતા. મૂર્તિ નખશિખ ફૂલોથી ભરી હતી. ૨. શ્રીહરિની મૂર્તિરૂપી મણિને જોઈને બધાજ સંતો અને હરિભક્તોની મનોવૃત્તિ મૂર્તિમાં ચોંટી ગઈ. કોઈને દેહનું ભાન રહ્યું નહિ. ૩.

જે હરિભક્ત વિપ્રો હતા તે બધા થાળ ભરી ભરીને ભોજન પીરસવા માટે લાવ્યા. તેમાં સૌ પ્રથમ શ્રીહરિ જલેબી લઈને પીરસવા લાગ્યા. ૪. જેટલા ભોજન પીરસવાના હતા તે બધા શ્રીહરિએ પીરસી દીધા. સહુને જમવા માટેની આજ્ઞા આપી. પણ જમનારા બધાની ચિત્તવૃત્તિ શ્રીહરિની મૂર્તિમાં ચોંટી ગઈ હતી. ૫. મૂર્તિનું સુખ મૂકીને કોઈ જમતા ન હતા તે જોઈને શ્રીહરિ હસવા લાગ્યા. શ્રીહરિ બોલ્યા, ‘હવે શું કરવું ? જમવા બેઠેલા સહુએ દેહભાવ તો તજી દીધો છે. ૬. ભોજનના સ્વાદ કરતાએ આ સહુ મૂર્તિનું સુખ વધારે લઈ રહ્યા છે. હવે આ સહુની ચિત્તવૃત્તિ મૂર્તિમાંથી બહાર કેમ આવશે ?’

ત્યારે વિપ્ર નથુભાઈએ હાથ જોડ્યા અને બોલ્યા, ‘પ્રભુ ! મારી વિનંતી આપ સાંભળો. ૭. અનંત બ્રહ્માંડની જીવનદોરી આપના એકના જ હાથમાં છે. પંચવિષયનું જે કાંઈ સુખ છે તે પણ એક આપના જ હાથમાં છે. ૮. આપ જેટલું સુખ લેવા દેશો, તેટલું સુખ અમે ભોગવી શકશું. જીવના હાથમાં કોઈ વાત નથી. એવું અમને સાક્ષાત્ દેખાય છે. ૯.

છતાં જીવ આપના સ્વરૂપમાં પ્રેમ કરતો નથી. આવી જીવની વિપરીત રીત છે.’ વિપ્ર નથુભાઈની વિનંતી સાંભળીને શ્રીહરિએ સહુની ચિત્તવૃત્તિને મૂર્તિમાંથી પાછી વાળીને દેહમાં પ્રેરી. ૧૦. તે વખતે સહુએ પોતાની સન્મુખ પીરસેલા ભોજનના ભરેલા પાત્ર દેખ્યા. રસોઈ આપનારા નથુભાઈ આદિ

વિપ્રોએ શ્રીહરિની પ્રાર્થના કરી કે, 'અત્યારે સંતો પાત્રમાં પીરસેલું ભોજન મેળવે નહિ પણ અલગ અલગ રહેલું જમે.' ૧૧.

❋ શ્રીહરિની આજ્ઞા એ જ ખરો સ્વાદ છે :

चोपाई :

श्रीहरि तब अग्या दीना, संत सो अग्या जानि लीना;
स्वाद करिके खाना जेही, सब भोजन को फल हे एही...१२

ત્યારે શ્રીહરિએ સંતોને આજ્ઞા આપી કે, 'પાત્રમાં પીરસેલું ભોજન મેળવ્યા વિના જ અલગ અલગ જમો.' સંતો તે આજ્ઞાને સમજી ગયા. "સ્વાદ કરીને ખાવું તે જ બધા ભોજનનું ફળ છે." ૧૨.

दोहा : स्वाद हे पंच प्रकार के, उत्तम में उत्तम जेह;
सो मिले हे सेहेज ही, श्रीहरि मूर्ति तेह...१३
तिनको वचन सो स्वाद ये, एसो स्वाद न कोय;
वचन विन स्वाद जितनो, लेने दुःख अति होय...१४

ઉત્તમમાં પણ ઉત્તમ સ્વાદ પાંચ પ્રકારના છે. તે સ્વાદ તો શ્રીહરિની મૂર્તિમાં જ સહેજે મળે છે. ૧૩. શ્રીહરિનાં વચન એ જ ખરો સ્વાદ છે. આજ્ઞાવચનના જેવો બીજો કોઈ સ્વાદ નથી. આજ્ઞાવચન સિવાયનો જે સ્વાદ છે તે તો દુઃખી થવા માટેનો છે. ૧૪. શ્રીહરિમાં એક સ્વાદ માનીને સહુ પાત્રમાં રહેલા પીરસણને અલગ અલગ જમવા લાગ્યા. સ્વાદ તે કુસ્વાદ જાણીને સહુએ માત્ર ઉદર પૂર્તિ કરી. ૧૫. જમતી વેળાએ જેમાં પહેલો હાથ પડ્યો તે જ પ્રથમ જમવા લીધું. અલગ અલગ વસ્તુના સ્વાદની વિગત કર્યા વિના જ સંતો જમ્યા. વિક્તિ તો કેવળ શ્રીહરિની મૂર્તિની જ રાખી. ૧૬.

સંતોની રીત, તેમનું વર્તન તેને દેખીને શ્રીનગરના નિવાસી બધા લોકો અત્યંત આશ્ચર્યચકિત થઈ ગયા. સંતો જ્યાં સુધી જમતા હતા ત્યાં સુધી શ્રીહરિ પીરસવા ફરતા હતા. ૧૭. જે સમયે સંતો જમી રહ્યા, તે વખતે તરત જ ધર્મકુમાર શ્રીહરિએ હાથ ધોઈ નાખ્યા. પછી પુરુષોત્તમ પટેલને ઘેર જઈને શ્રીહરિ બે ઘડી પોઢી રહ્યા. ૧૮. જ્યારે બધા જમી રહ્યા ત્યારે બધા

સંતો નદીએ સ્નાન કરવા ગયા. સહુનું વર્તન એક જ પ્રકારનું હતું. તેઓ સ્નાન કરવા શહેરની બહાર ગયા. ૧૯. **સર્વ સંતોની ક્રિયા એવી હતી કે તેમાં કોઈ ખોટ-ખામી કાઢી શકે નહિ. સંતો પરસ્પર એમ કહેતા કે મારામાં કાંઈ ખોટ-ખામી હોય તો કહેજો-દેખાડજો.** ૨૦.

✵ સંતસમાગમ કરી ખોટ ટાળે તે સમજું છે :

ચોપાઈ :

जियमें खोट हे वार न पारा, ताको नित्य करत विचारा;
हरि विन घाट करत मन जेता, इतनि सबहि खोट हे तेता...२१
संत समागम करिके अबही, सो खोट तजना हे सबही;
हरि विन घाट न होवे जबहु, सिद्धदशा पुरि पाये तबहु...२२

જીવમાં અપાર ખામીઓ રહેલી છે. તે અંગે નિત્ય વિચાર કરતા. મન ભગવાન સિવાયના જે જે ઘાટ સંકલ્પ કરે છે તેટલી બધી ખોટ જ છે. ૨૧. હવે સંતોનો સમાગમ કરીને તે બધી ખોટને ટાળી નાખવી છે. જ્યારે ભગવાન સિવાયનો બીજો ઘાટ સંકલ્પ ન થાય ત્યારે તે પૂરી સિદ્ધદશાને પામ્યો કહેવાય. ૨૨.

श्रीहरि हे सब अंतरजामी, कल्पतरु चिंतामनि स्वामी;
जाकुं जेसी ईछा रहाई, सिद्ध कर हि श्रीहरि वाई...२३
परस्पर संत करत युँ बाता, एक एक के हित रहत चाता;
परस्पर मात्म खंडन न करही, मात्म रखिके वचन उचरही...२४

સર્વેના સ્વામી શ્રીહરિ સહુના અંતર્યામી છે. કલ્પતરુ અને ચિંતામણિના જેવા છે. જેને જેવી ઈચ્છા થાય તેને તે પૂર્ણ કરી દે છે. ૨૩. સંતો આવી રીતની પરસ્પર વાતો કરતા હતા. પરસ્પર એક એકનું હિત ચાહતા રહેતા હતા. એકબીજાનું માહાત્મ્ય સમજીને વચન બોલતા પણ ક્યારેય કોઈ સંતનાં મહિમાનું ખંડન કરતા નહિ. ૨૪.

જીવનું જે કારણશરીર છે તે જ મૂર્તિમંત માન છે. શ્રીહરિ જીવના કારણ દેહ પલટાવીને તેને દિવ્ય કરતા હતા. ૨૫. **જેમ ભમરી ઈયળને**

ભમરીરૂપ કરી દે છે. તેવી રીતે શ્રીહરિ જીવના કારણશરીરને પલટાવીને અનુપમ દિવ્ય શરીર કરી દે છે. ૨૬. માન બે પ્રકારનું છે. એક માયિક અને બીજું અમાયિક. માયિક માન ટાળીને અમાયિક માન રહેવા દે છે. ૨૭. પૃથ્વી આદિક ચાર તત્ત્વોથી આકાશ તત્ત્વ અધિક છે. તેની માત્રા શબ્દ છે. સૂક્ષ્મ તન્માત્રા સૂક્ષ્માકાશનો છેદ કરી દે છે. ૨૮.

સ્નાન આદિ કરીને જ્યારે સંતો આવ્યા હતા ત્યારે તેમણે સુંદર તિલક કર્યાં હતા. શ્રીહરિ પણ તે સમયે સભામાં આવીને બેઠા હતા. ત્રાસા અને ચોઘડિયા વાગતા હતા. ૨૯. હરિભક્તો અને શહેરના લોકો આવવા લાગ્યા. તેઓ ફૂલના હાર લાવતા, તેને શ્રીહરિ પ્રેમથી સ્વીકારતા હતા અને તેને લીધે હરિભક્તોને પણ હેત ઘણું વધતું હતું. ૩૦.

જેવા ભક્ત પાસે આવતા તેને તેવા વચનથી અવિનાશી શ્રીહરિ બોલાવતા હતા. શ્રીહરિનો મહાન પ્રતાપ જોઈને કેટલાક લોકોએ પાપકર્મ છોડી દીધાં. ૩૧. જ્યારે ફૂલના હાર ઝાઝા થઈ જતા ત્યારે શ્રીહરિ સંતોને તે હાર આપી દેતા. સંતોને ફૂલહાર આપ્યા પછી હરિભક્તોને આપતા. ભવ, બ્રહ્મા દેવો જેવા પણ શ્રીહરિના પ્રસાદીના હાર ચાહતા હતા પણ તેમને મળતા નહિ. ૩૨. મેવા અને મીઠાઈઓ અપાર આવતી હતી. શ્રીહરિ તે દરબારોને પુષ્કળ આપી દેતા.

તે સમયે ઝાંઝ અને મૃદંગ લઈને સંતો વસંત રાગ ગાવા લાગ્યા. ૩૩. મુક્તાનંદસ્વામી તો કાફી, હોરી અને ધુમારના પદ ગાવા લાગ્યા. પછી બ્રહ્માનંદસ્વામીએ પણ તે પદ ગાયા. તેમાં તેમણે કેટલાક મર્મના શબ્દ ગાયા હતા. ૩૪. તે પછી પ્રેમાનંદસ્વામીએ પદ ગાયા. તેનાથી અત્યંત આનંદ અને ઉત્સવ છવાઈ ગયો હતો. દામોદર નામે જે હરિભક્ત હતા તેઓ ગુલાલ ગોટા લાવ્યા હતા. ૩૫.

ગુલાલગોટાની બે છાબ લાવ્યા હતા. તેઓ વિચાર કરતા હતા, આ કોને આપશું ? અને કેમ આપશું ? પણ તે વખતે તેમાંથી એક છાબ બ્રહ્માનંદ સ્વામીએ લઈ લીધી અને બીજી છાબ શ્રીહરિને આપી. ૩૬.

દામોદરભાઈ હારતોરા અને કપૂરના બાજુબંધ બનાવીને ઘણા પ્રેમથી લાવ્યા હતા તે શ્રીહરિને ધરાવ્યા. વસંતીવસ્ત્ર પાંચ લાવ્યા હતા, તેપણ યોગ્ય સમય વિચારીને શ્રીહરિને પહેરાવ્યા. ૩૮. શ્રીહરિની અત્યંત મનોહર ઘનશ્યામ મૂર્તિ નટવર બની હતી. તેમની સુંદર ચંચળ દૃષ્ટિ ભક્તોના મનોરથોને પૂર્ણ કરનારી હતી. ૩૯.

શ્રીહરિએ પ્રેમથી ગુલાલગોટાને હાથમાં લીધો અને પછી પ્રેમથી પૂછ્યું, 'અરે આ શેનું ફળ છે ? તમે બતાવો તો ખરા, આને શું કરવાનું ?' ૪૦. ત્યારે હરિભક્તોએ કહ્યું, 'આ તો ગુલાલનું ફળ છે. તેને આપ સાક્ષાત્ જાણો જ છો. અમને તો આપ હેત કરાવવા માટે પૂછો છો.' ૪૧. શ્રીહરિએ પાછા વળીને જોયું. પછી એક એક ગુલાલગોટો લઈને બધા દરબારોની છાતી ઉપર નાખ્યો. ૪૨. ત્યારે બ્રહ્માનંદસ્વામીએ છાબ લઈને તે ગુલાલગોટા શ્રીહરિના ઉપર નાખવા ગયા. ત્યારે શ્રીહરિએ તેમના હાથમાંથી છાબ ખેંચી લીધી અને હસવા લાગ્યા. ૪૩. પછી બ્રહ્માનંદસ્વામી સંતોની સભામાં બેઠા અને ગાવા લાગ્યા. તે બાબતે શ્રીહરિ તેમને મર્મ કરવા લાગ્યા. ૪૪.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'સંતોની અલૌકિક રીત અને સંતોએ હુતાશનીના પદ ગાયા' એ નામે એકસોમો તરંગ સમાપ્ત ॥૧૦૦॥

પૂર ચોથું : તરંગ - ૧૦૧

કુમાર્ગીઓએ શ્રીહરિના સત્સંગનો રાજદ્વારમાં વિરોધ કર્યો

શ્રીનગરના નાગરિકો શ્રીહરિનાં દર્શન કરવા આખો દિવસ આવતા હતા. દર્શન કરવા છતાં તેમનાં મનને તૃપ્તિ થતી નહિ. ૧. જે લોકોને ધર્મ પાળવામાં પ્રેમ હતો તે બધા ઘેરઘેર શ્રીહરિના ગુણ ગાતા હતા. પણ જેને કુમાર્ગે ચાલવાનો આગ્રહ હતો તેનાં દિલ દાઝવા લાગ્યા. ૨. બધા કુમાર્ગીઓ ભેળા થયા. તેઓ સરકારમાં રાવ કરવા ગયાં. કાંઈક ભેટ લઈ ગયા. અધિકારીઓને મળ્યા અને બોલવા લાગ્યા, ૩. આપ સરકારશ્રી સાંભળો.

અમે આપના હિતને માટે મુખથી પોકાર કરીને કહીએ છીએ. નવો પંથ થયો છે, તેમાં ભળેલા બધા લોકો આપના શત્રુ થયા છે. ૪.

તેઓ જુદી જુદી વિચિત્ર વાતો કરે છે. જોકે તે આપની સમજમાં આવી જાય તેવી છે. સરકારને ધનની આવક માટેના ચાર મુખ્ય માર્ગ છે. ૫. આખા દેશમાંથી તે આવક બંધ થઈ જાય, એવો લોકોને ઉપદેશ કરે છે. જેને આધારે આપનું મુખ્ય કામ ચાલતું હોય છે તે ચારના નામ અમે કહીએ છીએ. ૬. ધનની આવકના તે ચાર માર્ગ બંધ થઈ જાય તો બધા જ રાજાઓને ભીખ માગવાનો વારો આવે. અમે તેવું ચોક્કસ સમજીએ છીએ અને એટલા માટે જ આપની આગળ જાહેર કરવા આવ્યા છીએ. ૭.

આપને જો ઘણો લાભ થતો હોય તો અમારી આ વાત આપને પ્યારી લાગશે. લાભ વિનાની વાત સારી લાગતી નથી. અમે જે કહેવા આવ્યા છીએ તે આપને ફાયદો થાય તેટલા માટે જ છે. ૮. આમાં અમને કોઈ સ્વાર્થ નથી. આપના લાભને જ અમે અમારી શોભા માનીએ છીએ. અમે આપનું હિત ચાહીએ છીએ અને તેટલા માટે જ કહેવા આવ્યા છીએ. ૯. ભાગ્ય વિના તે વાત સમજાય નહિ. અતિ હિતકારી વાત પણ અહિતકારી લાગે. અમારી વાતને આપ હિતકારી માનો કે અહિતકારી માનો, પણ કહ્યા વિના તમને ઠેકાણે અર્થાત્ ખબર નહિ પડે. ૧૦. જેની સમજણ સાચી હોય તેને હિતની વાત સમજમાં આવે.

ત્યારે સરકારના અધિકારી બોલ્યા જે 'તમે કહેવા માગો છે તેમાંથી અમે કાંઈ જ જાણતા નથી. ૧૧. અમારા હિતની વાત હશે તો અમે જરૂર માનશું. તેમાં તમારે કાંઈ ડરવાનું નથી. સાચી વાત અમે તરત અંતરમાં ધારશું. ૧૨. કેમ જે સાચી વાતને સહુ માને. ખોટી હોય તો કોઈ ન માને. વધારે ધનની આવક જેનાથી થતી હોય, તો સાચો મારગ તો તે જ છેને ? ૧૩.

ધનને મેળવવા માટે જ રાંક, રાજા અને દેવ સહુ પ્રયત્ન કરે છે. જે ઈંદ્રિયોએ સહિત દેહનું દમન કરે છે કે અત્યંત કઠિન જપ, તપ વગેરે કરે છે તેપણ ધનને માટે જ કરે છે. ૧૪. લોકો ધનને માટે પોતાના દેહને

કુરબાન કરી દે છે. જોગી લોકો તથા કેટલાક માથું મુંડાવીને ફરે છે અને બુદ્ધિમાન હોવા છતાં દિગંબર ફરે છે. માટે બધાયનું ઈષ્ટ તો દ્રવ્ય જ છે. ૧૫. પહેલાના યુગમાં શુકદેવજી, સનકાદિકો અને નારદજી આદિક જેટલા ત્યાગી થયા એ બધા સાચા ત્યાગી હતા. ૧૬. તેમને સ્ત્રી અને ધનમાં રાગ હતો નહિ. માટે તે બધા ખરેખર ત્યાગી હતા.

તે સિવાયના આજના ત્યાગીઓ તો ઘણા હોય છે. તે બધા પોતાના દેહનું દમન કરીને મરણ પામે છે. ૧૭. છેવટે તો તેઓ સ્ત્રી, ધન અને રસાસ્વાદમાં જ અત્યંત લોભાયેલા હોય છે. અરે ! પરમહંસ સન્યાસી હોય, ત્યાગીઓમાં શિરોમણિ ગણાતા હોય, ૧૮. જગતમાં એવા ત્યાગી કહેવાતા હોય કે તેના સમાન બીજા કોઈની તેના જેવી ઉચ્ચ દશા ન હોય, છતાં તે બધા ઉપરથી માત્ર વેશધારી જ હોય છે. અંતે તો બધા ધનના અને નારીના જ યારી હોય છે. ૧૯. જેટલો રસાસ્વાદ કહેવાય છે તે બધો તેવા ત્યાગીઓની જીભમાં ભરાઈ રહ્યો હોય છે. અત્યારે બધા લોકો શક્તિપંથે ચાલ્યા છે. તેમનો મોક્ષ ક્યારે થાશે ? ૨૦. સ્વયં-પોતે જ મોક્ષરૂપ થઈ ગયા છે તે સંસારરૂપી કૂવાને કેમ કરીને તરશે ?'

ત્યારે તે બધા કુમાર્ગીઓ બોલ્યા, 'અત્યારે તો અહીં દેહનું સુખ ભોગવવાનું છે. ૨૧. પછી કોણે જઈને જોયું છે ? આપની સમજણ આપને જ સુખદાયક નથી. અત્યારે તો ઘોર કળિકાળ ચાલે છે. તેથી તેમાં તો પોતાની રીતે ચાલવું જોઈએ. ૨૨. જેવો ચક્રવર્તી રાજા હોય તેવો તે ધર્મ પ્રવર્તાવે છે. ત્યારે તેમાં જે પ્રજા સમજણવાળી હોય તે રાજાએ પ્રવર્તાવેલા ધર્મ પ્રમાણે ચાલે. ૨૩. ચક્રવર્તી રાજાએ નક્કી કરેલા ધર્મમાં જે પ્રજા ચાલે છે તે પ્રજા ઘણી સુખી થાય છે. અને જે તે પ્રમાણે ન ચાલે તેને ઘણી વિપત્તિઓ આવે છે. ૨૪.

એક હજાર કળિયુગ જ્યારે વીતે છે ત્યારે નિમિત્ત પ્રલય થાય છે. તેમાં પણ પ્રથમ કળિયુગ કરતા બીજો અને તે કરતા ત્રીજો તેમ ક્રમથી એક એકથી કળિયુગ વધારે બળવાન હોય છે. ૨૫. એ જ રીતે બધા કળિયુગના ધર્મો એકએકથી અધિક હોય છે. તેના રહસ્યને તો કોઈક-વિરલો જ સમજે છે.

એટલે 'જેવો કળિયુગ તેવો ધર્મ' એમ સમજવું. ૨૬.કળિયુગની રીતે જ બધા વર્ણ અને આશ્રમ હોય છે. આમ વિચારીને ડાહ્યા માણસો ચાલે છે. ૨૭. કોઈ મનુષ્ય કળિયુગના ધર્મને તજી દઈને વધારે ધર્મને ચલાવે તો છેવટે કળિયુગ તે વધારે પળાવાતા ધર્મને ચાલવા દેશે જ નહિ. ૨૮. તેટલા માટે ડાહ્યામાણસે જેવો કળિયુગનો ધર્મ હોય તે પ્રમાણે ચાલવું જોઈએ. જો આપ પોતાની ઉન્નતિ ચાહતા હોવ તો કળિયુગના ધર્મ પ્રમાણે આપે ચાલવું જોઈએ.' ૨૯.

ત્યારે તે સરકારી અધિકારીએ કહ્યું, 'અમે તમને પૂછીએ છીએ કે કળિયુગને અનુસારે અમારા ધર્મ શું છે ? તે અમને કહો.' ત્યારે તે કુમાર્ગીઓ (કુપંથીઓ)એ વાત કરી, "આજ કળિયુગમાં મુખ્ય 'માતા' ગણાય છે. ૩૦. માતા જગતની જનની કહેવાય છે. જમમાત્ર માતાથી ડરે છે. જેટલી નારીઓ કહેવાય છે તે બધી માતાના રૂપે જ થયા છે. ૩૧. શ્રીકૃષ્ણના સમાન બીજો કોઈ સમર્થ ન કહેવાય, છતાં તે માતાજીને આધીન રહે છે. આપણે તો જીવ છીએ. તે આપણે શું લેખામાં ? માતાને વશ વર્તવું જ જોઈએ. ૩૨. માતાને ચાર વાત ગમે છે : ચોરી, વ્યભિચાર, દારૂ અને માંસ.

પરંતુ તે ચાર વાતનો સ્વામિનારાયણ નાશ કરી નાખે છે. (૧) કળિયુગમાં ચોરીને ધર્મ કહ્યો છે. ચોરી કર્યા વિના ઘરમાં અન્ન આવતું નથી. ૩૩. ચોરી કરીને તેમાંથી જો સરકારને ભાગ આપવામાં આવે તો ચોરી કરનારાને કોઈ પાપકર્મ લાગતું નથી. તેવી રીતે જ (૨) વ્યભિચારને પણ ધર્મ કહેવાય છે. તેમાંથી પણ સરકારને જો ભાગ આપવામાં આવે તો તેનું કાંઈ પાપ લાગતું નથી. ૩૪. (૩) તેની જેમ જ મદિરાપાન પણ ધર્મ છે. પરંતુ દારૂના ધંધામાં પણ રાજાને તેમનો ભાગ દેવાય. (૪) અને તે પ્રમાણે જ માંસ ભક્ષણ પણ ધર્મ છે. તે માંસ અનેક પ્રકારના હોય છે. તેના ધંધામાંથી અપાર ધનની આવક થાય છે. ૩૫. જે ધંધાદારી રાજભાગ આપે તેને પાપ ન લાગે અને રાજા પણ વરસે વરસે એકવાર બ્રાહ્મણોની ચોરાશી કરે - બ્રાહ્મણોને જમાડે તો રાજા પણ નિર્દોષ થઈ જાય છે. ૩૬.

દેવી બીજા વર્ણો કરતાં પણ બ્રાહ્મણોની વિશેષરૂપમાં માતા છે એટલે માતા બ્રાહ્મણોના બધા જ પાપોનો નાશ કરી દે છે. લેશમાત્ર પણ તેના પાપ રહેવા દેતી નથી. ૩૭. બધા જ વિપ્રોને વિષ્ણુરૂપ કહેવાય છે, અગ્નિરૂપ અને અનુપમ વેદરૂપ પણ કહ્યા છે. જે ધર્મવાળો રાજા હોય તે આ બધું જાણે છે. ૩૮. આપ ધર્મરૂપ છો. માટે અત્યારે આપે ધર્મની સહાય કરવી જોઈએ. કળિયુગથી વિરુદ્ધ અધર્મને જે સ્વામિનારાયણ દિનપ્રતિદિન વધારી રહ્યા છે તે અધર્મનો આપ નાશ કરો.' ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'કુમાર્ગીઓએ શ્રીહરિના સત્સંગનો વિરોધ કર્યો' એ નામે એકસોને પહેલો તરંગ સમાપ્ત ॥૧૦૧॥



પૂર ચોથું : તરંગ - ૧૦૨

સરકારે શ્રીહરિના ગુણ અને કુમાર્ગીઓના દોષ બતાવ્યા

ફરીને કુમાર્ગી (શક્તિપંથી અને કુંડાપંથી)ઓ બોલ્યા, 'સરકાર ! આપ સાંભળો, આપણા શહેરમાં મોટા મોટા ચબૂતરા; કહેતા દારૂનાં પીઠાંરૂપી ધર્મભુવનો ચાલે છે ૧. તેમાંથી જે ધનની આવક થાય છે તેની તપાસ તો કરો. દ્વારકાથી કલકત્તા સુધી અને મારવાડથી મુંબઈ સુધી, તેમાંથી ધનની કેટલી આવક થાય છે ? તે તો વિચારો. ૨. તે ધન કરોડો રૂપિયામાં સરકારને મળે છે. અમને એવો વિચાર થાય છે કે તે આવકના આ સ્વામિનારાયણ શત્રુ છે. ૩. જો અમારી વાત આપને ગમે તો તે અંગે પણ વિચાર કરો અને તેના વિરોધીને હઠાવવા માટે પ્રયત્ન કરો. ઝેરના ઝાડને તો ઊગતામાં જ ઉખાડી નાખવું જોઈએ.' ૪.

ત્યારે સરકારે (અધિકારીએ) કહ્યું, 'અમને તમારી આ વાત ઠીક લાગતી નથી. આ સ્વામિનારાયણે પ્રવર્તાવેલો ધર્મ શાસ્ત્રોથી વિરુદ્ધ નથી. અમે તે અંગે વિચારી જોયું છે. ૫. શ્રીમદ્‌ભાગવત, ગીતા અને વેદ તેના પ્રમાણોથી ચાલતો મત આ જગતમાં આ એક જ છે. બીજા મતોનું કાંઈ ઠેકાણું

રહ્યું નથી. સરકાર તો શાહુકારને માને છે. ૬. દારૂના પીઠાઓ શાહુકારો માટે નથી. તે તો કુપાત્રો અને ફેલી માણસો માટે કરાયેલા છે. તમે બધા કુપંથીઓ એવા ફેલને છોડી દો, એ અમારી સરકારનું મોટું ભાગ્ય છે. ૭.

સ્વામિનારાયણ તો મહાન સમર્થ છે. આવા કળિકાળમાં તેઓ મનુષ્ય રૂપે પ્રકટ્યા છે. તેમાં કોઈ સામાન્ય મનુષ્યની રીત નથી. તેમની રીત તો દેવો કરતા પણ પર અને મહાન પવિત્ર છે, એવું અમને જણાય છે. ૮. ભવ, બ્રહ્માદિક જે દેવો કહેવાય છે તેમાં પણ આવા (સ્ત્રી, ધનથી વિરક્ત) કોઈને અમે સાંભળ્યા નથી. તે બધામાં તો કાંઈક કહેવાપણું રહ્યું છે પણ સ્વામિનારાયણના જેવા તો કોઈ સમર્થ જોયા નથી. ૯. સ્વામિનારાયણમાં પોતાનામાં આજ સુધી કોઈ એવો દોષ આવ્યો નથી. તેમજ તેમના જેટલા સાધુઓ છે તેઓ પણ યથાર્થરૂપમાં ધર્મ-મર્યાદાઓનું પાલન કરે છે. ૧૦.

તેમજ તેમના આશ્રિતો જે ગૃહસ્થ હરિભક્તો છે, તેઓ પણ મોટા મોટા ધનવાન છે. છતાં તેમાંથી કોઈપણ ક્યારેય દારૂના પીઠાંમાં આવ્યા નથી એવા તેઓ ધર્મનિષ્ઠ છે. ૧૧. તેઓ ક્યારેય ભાંડ કે ભવાઈને દેખતા નથી. સહુ એકસરખી રીતથી રહે છે અને જે ધર્મ-મર્યાદામાં ન રહે તેનો તેઓ ત્યાગ કરી દે છે. એ રીતે તે સહુમાં એક અનુરાગ છે. ૧૨. ભાંગ, ધતૂરો વગેરે કેફી પદાર્થોનો તેઓ ત્યાગ કરે છે. આજે એવો કયો મત છે કે જેને ફેલમાં (વ્યસનમાં) રાગ ન હોય ? ૧૩. અમારા રાજ્યના પણ ધન્યભાગ્ય છે કે આવા પુરુષ અહીં પ્રકટ્યા છે. તેઓ જે મદદ માગે તે અમારે આપવી એમ અમારા મનના વિચારો છે. ૧૪. રાજાના રાજ્યનો સ્થિર વાસ ન કહેવાય પણ દારૂ, માંસાદિકના ત્યાગરૂપ સનાતન ધર્મનો વાસ તો સ્થિર રહે છે અર્થાત્ ચારે યુગમાં રહે છે. જ્યારે સત્પુરુષ દેહ ધારે છે ત્યારે સમગ્ર અધર્મનો નાશ થાય છે. ૧૫. સત્પુરુષોએ પ્રવર્તાવેલા મતને તો બ્રહ્માદિક પણ હઠાવી શકતા નથી, તો પશુની જેમ વિષયમાં રાચતા બીજા પામરની તો વાત જ શું કહેવી ? ૧૬.

તમે બધા એમ બોલો છો કે સ્વામિનારાયણ તો હમણાંના છે, 'આજકાલના' છે.પણ અમે તમને કહીએ છીએ કે તમે તો બધા સનાતન

ધર્મવાળા છો, તો તમારો સનાતન ધર્મ કેવો છે ? ૧૭. તે અમને લખીને બતાવો, જેનાથી અમને તેની ખબર પડે. વેદોને, ભાગવતને અને ગીતાને અમે માનીએ છીએ. સ્વામિનારાયણ સિવાયના તમે જેટલા વૈષ્ણવો અને શૈવો તથા શક્તિપંથી આદિક જે જે સંપ્રદાયવાળા હો, તે બધા પોતાના ધર્મને લખીને લાવો અને તેમાં જે મોક્ષની બાબત સિદ્ધાંત હોય તે બતાવો. ૧૮-૧૯. કેમ જે સ્વામિનારાયણ ધર્મ સિવાયના બીજા અનેક ધર્મો છે, તેમાં ઘણાક કહેવાતા પંથવાળા પુરુષો તો નારી માટે થઈને નાક કાન કપાવે છે. ૨૦. તે રીતે જ પુરુષને માટે થઈને નારી ભાઈ-બહેન થતા હોય તોપણ ખુવાર થાય છે. જે ‘મા દીકરો’ કહેવાતા હોય છે તેમાં પણ આ દોષ આવી જાય છે. ૨૧. કેટલાક સ્વયં ગુરુ થઈને શિષ્યની સ્ત્રીને કામ વાસનાથી ભોગવે છે. જેટલા જૂના મત-સંપ્રદાયો કહેવાય છે, તેમાંથી એક પણ સંપૂર્ણ દોષ રહિત દેખાતા નથી. ૨૨.

બીજા બધા જ મતપંથ ઘોર અંધારી રાત જેવા દેખાય છે. ભલે તમે નવો મત કહો, પણ તે અત્યારે સૂર્યના જેવો છે. મોક્ષ માટેનો સનાતન માર્ગ તો અત્યારે સ્વામિનારાયણે જે બતાવ્યો છે તે જ છે. ૨૩. આ સમયમાં જો સ્વામિનારાયણ પ્રકટ થયા ન હોત, તો બધું એકાકાર અને બેહાલ થઈ ગયું હોત. અત્યારે જે વરસાદ વરસે છે તેપણ આમના જ બધા પુણ્યથી વરસે છે. ૨૪.

ઈંદ્ર જ્યારે વરસાદ વરસાવે છે ત્યારે પ્રજા સુખી થાય છે અને જો પ્રજા સુખી હોય તો રાજા પણ સુખી હોય જ; એમ અમે પ્રકટ જોઈએ છીએ. ૨૫. અને તમારા બધા ધર્મ-કર્મથી તો ક્યારેક દુષ્કાળ પડે છે, ક્યારેક ભૂકંપ થાય છે અને ક્યારેક મરકી જેવા કાળરૂપ રોગ આવી પડે છે.’ ૨૬. ત્યારે તે કુમાર્ગીઓએ સરકારના અધિકારીઓને કહ્યું, ‘તમે અમારી સાથે સ્નેહ-સંબંધ તોડી નાખ્યો અને હવે નવા પંથના થઈ ગયા છો. ૨૭. જે આ નવો પંથ છે તે તો કાલે જ ઊડી જશે. જ્યાં સુધી મોટા મોટા સિદ્ધો ભેળા થયા નથી ત્યાં સુધી તે રહેશે.’ ૨૮.

ત્યારે સરકારના અધિકારીઓએ કહ્યું, હે કુપંથીઓ ! હવે તમે બધા સાંભળો. ‘ધર્મના જેવો બીજો કોઈ સિદ્ધ નથી’ એમ સઘળા શાસ્ત્રો

કહે છે. ૨૯. મંત્ર, તંત્ર અને જાદુવાળા કાંઈ સિદ્ધ કહેવાતા નથી. તેઓ તો નકારા-નઠારા કહેવાય છે. કામણ-ટુમણથી કાંઈ સિદ્ધ થવાતું નથી. કામણ-ટુમણવાળાને તો સત્પુરુષો નકામા કહીને વગોવે છે. ૩૦. ધર્મની, સદાચારની, જે સિદ્ધિ છે તે જ સાચી સિદ્ધિ છે. ધર્મ વિનાની સિદ્ધાઈ તો કાચી છે. જે ધર્મ માત્ર લોકોને દેખાડવા માટેનો જ હોય તે ધર્મ કોઈને ક્યાંય સહાય કરી શકતો નથી. ૩૧.

चोपाई :

ईश्वर हे सब अंतरजामी, पल पल की जानत बहुनामी;
प्रत्यक्ष प्रोक्षता नहिं हे ताही, एक स्वरूप सदा हे वाही...३२

પરમેશ્વર સહુના અંતર્યામી છે. તે બહુનામી સહુની પળ પળની વાતને જાણતા હોય છે. પરમેશ્વર ક્યારેય પ્રત્યક્ષ કે પરોક્ષ હોતા નથી. તેઓ તો સદા એક સ્વરૂપે જ હોય છે. ૩૨.

તેમનો સ્વભાવ એક સરખો જ છે અને તેમનું જ્ઞાન પણ એક સરખુ-અખંડ છે. તે શ્રીહરિ એક સ્વરૂપ હોવા છતાં ભક્તોના હિત માટે અનંતરૂપે થાય છે અને અનંત પ્રકારનાં ચરિત્રો વારંવાર કરે છે. ૩૩. જ્યાં જે ભક્તની જેવી રુચિ હોય ત્યાં તે પ્રમાણે તેવું ચરિત્ર કરે છે અને તેને લીધે અજ્ઞાની લોકો વારંવાર ભૂલા પડી જાય છે. ૩૪. તે અજ્ઞાની લોકો જ્યારે ભક્તજનોનો વિશ્વાસ કરે છે ત્યારે તેનાં હૃદયમાં સાચા જ્ઞાનનો પ્રકાશ થાય છે. અને સાચું જ્ઞાન થયા સિવાય પોતામાં રહેલા અપાર દોષોનો ખ્યાલ ક્યારેય આવતો નથી. ૩૫.

સરકારી અધિકારીઓના આવા ધર્મરૂપ વચન સાંભળીને કુમાર્ગી દુર્જનો મોટાં દુઃખના કૂવામાં પડ્યા. પછી નાક-કાન વિનાના થઈને સર્વે પોત પોતાને મુકામે ગયા. ૩૬. જ્યારે સંધ્યા સમય થયો ત્યારે દીવાન ચિમનરાવજી શ્રીહરિની પાસે આવ્યા અને પગમાં પડ્યા. પછી સંતોના પગમાં પડ્યા. ૩૭. પછી તેણે કુમાર્ગીઓ સરકારમાં ગયા હતા તે બધી વાત કહી. કુમાર્ગીઓને સત્સંગના ઉપર જે દુરાગ્રહ-દ્વેષ છે તે બધી વાત પણ કરી. ૩૮.

આપ તો કોઈ કુમાર્ગીઓનું નામે લેતા નથી. ધર્મસંબંધી વાત જ કહો છો અને અધર્મને દેખાડી દો છો, તેમજ બધા ફેલ અને વ્યસનોને છોડાવો છો. ૩૯. જેટલા ફેલી અને વ્યસનીઓ છે તે બધા અધર્મને માર્ગે ચાલે છે. તેઓ આપને દેખીને કોઈ દિવસ ઉન્માદ-ઝગડો કરે ખરા. ૪૦. એટલા માટે આપે સાવચેત રહેવું. 'માખી પોતે મરીને પણ બીજાને હેરાન તો કરે', તેમ તેઓ મરીને પણ તમને હેરાન કરે. અમે તેમને 'ડારા' તો દઈએ છીએ છતાં ચાહે તે કરી શકે છે. ૪૧. એ લોકો કૌભાંડી છે. સરકાર પણ તેનો ડર રાખે છે. તેઓ ક્યારેક કોઈક તો કૌભાંડ કરશે જ. એટલે આપે ત્યારે સહન કરવું પડશે.' ૪૨.

दोहा : श्रीहरि तब बोलत भये, सहन हे हमारो धर्म;
सहन सिद्धि हे हम में, एहि महा धर्म हे पर्म...४३
क्षेमारूप हथियार ही, ग्रहन किये अब वार;
सो हथीयार करीके, अधर्म कुं देव हि टार...४४

ત્યારે શ્રીહરિએ કહ્યું, 'સહન કરવું તે અમારો ધર્મ છે. અમારામાં સહન કરવાની સિદ્ધિ રહી છે અને તે જ અમારો મહાન પરમધર્મ છે. ૪૩. આ વખતે અમે ક્ષમારૂપ હથિયાર ધારણ કર્યું છે. અમે તે ક્ષમારૂપી હથિયારથી અધર્મને ટાળી દઈશું.' ૪૪.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'સરકારે શ્રીહરિના ગુણ અને કુમાર્ગીઓના દોષ બતાવ્યા' એ નામે એકસોને બીજો તરંગ સમાપ્ત ॥૧૦૨॥



પૂર ચોથું : તરંગ - ૧૦૩

વિશ્વાસ અને ક્ષમાનું મહત્ત્વ તથા સ્વામિનારાયણ મંત્રના પ્રતાપથી નારકીઓનો ઉદ્ધાર

શ્રીહરિએ ચિમનરાવજી આગળ વાત કહી, આપણે તો શ્રીકૃષ્ણ ભગવાનનું ભજન કરવાનું છે. તેઓ અત્યારે સાક્ષાત્ પ્રકટ વિરાજમાન છે. ૧. આપણે તો પ્રગટ ભગવાનનો જ એક વિશ્વાસ છે. બીજા કોઈનો નથી. જે

જે વિઘ્ન આવશે તેનો વિનાશ તો તે પ્રગટ ભગવાન જ કરશે. ૨. શ્રીકૃષ્ણ તો પરમ કૃપાળુ છે. મથુરાથી ગોકુળમાં ગયા અને હૃદયમાં ઘણું હેત રાખીને તેમણે બધા ગોવાળોની રક્ષા કરી હતી. ૩. ભક્તોની રક્ષા કરવા માટે તેઓ રાતદિવસ તેમની પાછળ પાછળ ફરે છે. તે ભગવાન તો હંમેશા અજિત રહ્યા છે. જગતમાં તેમનાથી કોઈ અધિક સમર્થ નથી. ૪. જ્યાં આપણું કાંઈ સામર્થ્ય ચાલે નહિ ત્યાં માતાના ઉદરમાં પણ જેણે આપણું જતન-રક્ષણ કર્યું છે. તે અત્યારે અહીંયા પણ સહાય-રક્ષણ કરશે જ. ૫.

चोपाई :

एसे हे याको दृढ विश्वासा, काल कर्म से न होव हि नासा;
तदपि जत्न में अपने रेहेना, जानिके कोईको नाम न लेना...०६

અમને ભગવાનમાં આવો વિશ્વાસ છે. કાળ કે કર્મ અમારો નાશ કરી શકશે નહિ. છતાં પણ આપણે પોતે પોતાનું રક્ષણ સાવધાનીથી કરવું. જાણીને કોઈનું નામ ન લેવું. ૬.

વિષ્ઠા ઉપર કોઈ પથ્થર ફેંકે તો તેના છાંટા તો ઊડે જ. કોઈ ફળવાળા આંબા ઉપર પથ્થરનો 'ઘા' કરે તોપણ આંબો કેરી આપે છે. ૭. તેવી જ સંત અને અસંતની રીત છે. તે અમે અતિ શુદ્ધપણે કહ્યું છે. ત્યારે ત્યાં જે સમજણા સજ્જનો બેઠા હતા તેમણે કહ્યું, 'આ જગતમાં આપને કોઈ જીતી શકે તેમ નથી. ૮. જે કોઈ આપનું અપમાન કરશે, તો આપ તો કલ્પવૃક્ષ જેવા છો, તેથી તે અપમાન કરનારાનું અપાર અપમાન થશે. આમાં કાંઈ પણ ખોટું નથી. ૯. અત્યારે સંધ્યા ટાણું છે અને અમે કહીએ છીએ, તે કુમાર્ગી અધર્મીઓ ધૂળધાણી થઈ જશે. આગળના સમયમાં કેટલાક સત્પુરુ-ષો થઈ ગયા છે તેમને જેટલાએ સંતાપ્યા છે ૧૦. તે હિરણ્યકશિપુ, રાવણ અને કંસ જેવા હતા તોપણ આકડાનાં તુલની જેમ ઊડી ગયા છે. અંતર્યામી પરમાત્મા ઘટ ઘટની જાણે છે. તેઓ અધર્મીઓને પછાડીને ફેંકી દેશે. ૧૧.

चोपाई :

सतपुरुषको करे जब द्रोहा, तेहिकर होवहि चित्त में मोहा;
मोह से होवहि मतिको नासा, मति नास भये होवहि विनासा...१२

જ્યારે કોઈ સત્પુરુષનો દ્રોહ કરે, ત્યારે તેના ચિત્તમાં મોહ પેદા થાય છે અને તે મોહથી તેની બુદ્ધિનો નાશ થાય છે અને બુદ્ધિનો નાશ થવાથી તે વ્યક્તિનો જ નાશ થાય છે. ૧૨.

આટલી વાત થઈ ત્યાં તે સમયે પ્રકટાવેલી અપાર મશાલો આવી. લોકો બધા 'જય જયકાર' બોલતા ઊભા થયા. ૧૩. તે સમયે અપાર બિલોરી કાચવાળા ઝાડ પ્રકટાવ્યા અને મંડપની અત્યંત પારાવારની શોભા કરી. ૧૪. તે સમયે વિવિધ પ્રકારનાં વાજિંત્ર વાગવા લાગ્યાં. ચોપદાર નેકી પોકારતા હતા અને સંતો આરતી બોલવા લાગ્યા. ૧૫. તે પછી શ્રીહરિ પોતે 'રામકૃષ્ણ ગોવિંદ હરે' આવા ભગવાનના નિષ્પાપ નામ બોલીને 'નારાયણ ધૂન' કરવા લાગ્યા. ૧૬. શ્રીહરિ જે શબ્દ બોલતા તે ચૌદે ભુવનમાં વ્યાપી જાતા. શ્રીહરિ અહીંયા જેવું બોલે તેવું જ ગિરિ, વન અને વૃક્ષ વગેરે બધા ગર્જના કરીને બોલતા હોય તેમ જણાતું હતું. ૧૭. સરોવર, નદી અને પંખીઓ જે હોય તેપણ તેવો જ મંત્ર બોલતા હતા. 'સ્વામિનારાયણ' આવા ધૂનના શબ્દોથી સંપૂર્ણ આકાશ ભરાઈ જતું. ૧૮.

✵ સ્વામિનારાયણ મહામંત્રનો પ્રતાપ :

જે મોટા મોટા દેવો કહેવાતા હતા તેપણ સ્વામિનારાયણ મહામંત્રની ધૂનના શબ્દોને સાંભળીને આશ્ચર્યચકિત થઈ જતા હતા. શબ્દોને સાંભળીને તેમને શ્રીહરિનું ધ્યાન થતું અને ધ્યાન થતાની સાથે જ તેમના નાડી-પ્રાણ ખેંચાઈ જતા હતા. ૧૯. જમપુરીમાં જે પાપી જીવ હતા અને અત્યંત નરકનું દુઃખ ભોગવતા હતા, તેમણે ધૂનનો 'સ્વામિનારાયણ' મંત્ર સાંભળ્યો. તેનાથી તેમના બધા જ પાપ બળી ગયા. ૨૦.

ત્યારે યમરાજા એમ બોલ્યા, 'ભગવાને આવો કોઈ અવતાર લીધો નથી. આ શ્રીહરિના પ્રતાપથી જ પાપીઓના બધાજ પાપોનો નાશ થયો અને નિષ્પાપ થયેલા તે બધા જીવ ઉજ્જ્વળ દેવનાં શરીરને પામ્યા છે.' ૨૧. અને તેમને લેવા માટે દિવ્ય વિમાનો આવ્યા. તેમાં અનેક પ્રકારનાં વાજિંત્ર વાગતાં હતાં. પાપી જીવ બધા દેવ થઈને વિમાનમાં બેઠા. ત્યારે તેમને

યમરાજે કહ્યું, “તમે અત્યારે જે દેવ થયા છો, તે તમારા પોતાના પુણ્યના બળથી નથી થયા. તે તો ‘સ્વામિનારાયણ’ આવા મંત્રના પ્રતાપથી થયા છો એમ જાણો. ૨૨-૨૩. તમારા પાપોનો તો કોઈ પાર જ નથી. પણ અત્યારે તો તમારો ઉદ્ધાર સ્વામિનારાયણ ભગવાને કર્યો છે. તેમના પ્રતાપને જો તમે ભૂલી જશો તો પાછા ફરીને મારા દૂતો લેવા આવીને ઊભા રહેશે. ૨૪. આ હકીકત તમે ચોક્કસ સમજી રાખજો, ક્યારેય ભૂલશો નહિ. જ્યારે ભૂલશો ત્યારે મારા દૂતો તમને લેવા માટે તૈયાર જ છે.” ૨૫. ત્યારે દેવ થયેલા તે જીવો બે હાથ જોડીને યમરાજને કહેવા લાગ્યા, “સ્વામિનારાયણ નામ જ અમારે માટે તો હવે જીવનદાતા બન્યું છે. ૨૬.

सोरठा : ताकुं दिजे जो विसार, तो गुनेगारे तुमारे सहि;
हमारो किने उद्धार, सो प्रताप न भुल हि कबु...२७

અમે જો તે મહામંત્રને ભૂલી જઈએ તો ચોક્કસ અમે આપના ગુનેગાર ગણાઈએ. ‘સ્વામિનારાયણ’ મહામંત્રે અમારો ઉદ્ધાર કર્યો છે. તેના પ્રતાપને અમે ક્યારેય ભૂલશું નહિ.” ૨૭.

જોકે આપે સાચી વાત જ કહી છે. તેમાં કાંઈ ખોટું નથી. આ જીવ તો મહાન મલિન છે. તે વારેવારે વાત ભૂલી જાય છે. છતાં ભગવાન વારંવાર તેનું જતન કરતાં જ રહે છે. ૨૮. શ્રીહરિનો આવો અમાપ પ્રતાપ દેખીને ઘણા દેવો પણ વિસ્મિત થયા.

શ્રીહરિ જ્યારે ધૂન કરી રહ્યા ત્યારે બે ઘડી (૪૮ મિનિટ) રાત ગઈ હતી. ૨૯. તે વેળાએ સંતોએ સ્તુતિ કરી. અનંત પ્રતાપને ધારી રહેલા હે પ્રભો ! આપનો જય થાઓ જય થાઓ. આપના પ્રતાપને દેવતાઓ કે મુનિઓ કોઈ યથાર્થ રીતે કળી શકતા નથી. ૩૦. જેની જેવી બુદ્ધિ તે પ્રમાણે સમજે છે પણ તે દેવો આપને ‘સર્વોપરિ’ માને અને અમને તમારા ચરિત્ર જોઈને કોઈ પ્રકારનો મોહ ન થાય. ૩૧. હે ભગવાન ! તમે અમને અને દેવોને એવી મતિ દેજો. અમારી આ વિનંતીને અંતરમાં ધારજો. આવું બોલીને સહુએ ચરણોમાં નમસ્કાર કર્યા અને શ્રીહરિએ તેમની વિનંતીને સાંભળી લીધી. ૩૨.

પછી તે સર્વે મુનિવર્યો અત્યંત ખુશ થઈને સરોદ, તબલા અને સિતાર વગેરે વાદ્યોને લાવ્યા. મુક્તાનંદસ્વામી કાફી અને હોરીના પદ ગાવા લાગ્યા. ૩૩. બ્રહ્માનંદસ્વામી અને પ્રેમાનંદસ્વામી પણ તેવું જ ગાતા. દેવાનંદસ્વામી પણ ભારે ગાયક હતા. શ્રીહરિ એક વખત બોલ્યા કે, ૩૪. 'આ સંતો પૂર્વે દેવ-ગાંધર્વ હતા. તેઓ અત્યારે આ ભૂમિ ઉપર દેહધારી થયા છે. હવે તેઓ સત્સંગમાં આવ્યા છે. તેના મહાન ભાગ્યનું વર્ણન થઈ શકતું નથી. ૩૫. અત્યારે જે સંતો સત્સંગમાં આવ્યા છે તે બધા પૂર્વના મહાન બળિયા છે. કોઈને કોઈ ધામના મુક્તો આ સત્સંગમાં અત્યારે આવ્યા છે એટલે આ બધા સંતો મહાન છે. ૩૬.

હરિભક્તો શ્રીહરિને પહેરાવવા માટે અપાર ફૂલહાર લાવતા હતા. શ્રીહરિ પણ સામે પ્રેમ જણાવીને તે બધા જ લઈ લેતા હતા. ૩૭. શ્રીહરિ એકેએક દરબારને સંભારીને ફૂલહાર આપતા હતા. તે રીતે જ ધર્મકુમાર શ્રીહરિ સંતોને પણ પ્રેમથી સંભારી સંભારીને હાર આપતા હતા. ૩૮. શહેરમાંથી મોટા મોટા શાહુકારો પણ દર્શન કરવા માટે આવતા હતા. તે શાહુકારોને શ્રીહરિ હાર આપતા અને બીજા હરિભક્તોને પણ ફૂલહાર આપતા. ૩૯. જેમ ફૂલોનો બાગ ફૂલેલો હોય તેમ તે સભા ફૂલહારોથી શોભી રહી હતી. મુનિજનો સુંદર રાગથી પદ ગાતા હતા અને તે વખતે મધ્યરાત્રિ થવા આવી. ૪૦. શ્રીહરિએ સૌને રજા આપી એટલે સભામાંથી સહુ ઊઠ્યા. સહુએ પરસ્પર 'જય સ્વામિનારાયણ' કહીને વંદન કર્યા. પછી તેઓ પોતપોતાને ભવને ગયા. ૪૧. શ્રીહરિ જઈને પોઢ્યા, પણ તે વખતે અતિશય પ્રેમ લાવીને સહુ સંતોને શ્રીહરિએ ત્યાં બોલાવ્યા અને બધાય મુનિઓને કહેવા લાગ્યા, ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'વિશ્વાસ અને ક્ષમાનું મહત્વ તથા સ્વામિનારાયણ મંત્રના પ્રતાપથી નારકીઓનો ઉદ્ધાર કર્યો' એ નામે એકસોને ત્રીજો તરંગ સમાપ્ત ||૧૦૩||



પૂર ચોથું : તરંગ - ૧૦૪

નિર્માનીતા આદિનો ઉપદેશ અને હુતાશનીની રંગક્રીડા

શ્રીહરિએ સંતોને બોલાવીને ઘણા જ હેતથી પૂછ્યું, 'સંતોના શુભ ગુણ અનંત છે પણ તેમાં મુખ્યગુણ કયા છે ?' ૧. ત્યારે સંતોએ બંને હાથ જોડીને શ્રીહરિને કહ્યું, 'પ્રભો ! સંતોના બધા જ ગુણો મુખ્ય છે અને તે સિવાય બીજું કાંઈ સૂઝતું નથી. ૨. સોનાના ઘાટ બધા એકસરખા હોય નામ પણ એકસરખું જ હોય, પણ તોલમાં ફેરફાર હોય તો તેને લીધે ન્યૂન કે અધિક કહી શકાય છે. ૩. અને તે વિવેકની વાતને ચોકસી જાણતો હોય છે. બીજા બધા તો એક સોનાના નામને જ જાણતા હોય છે. આપે પૂછ્યું તે બાબતમાં પણ આપ જ સાક્ષાત્ ચોકસી છો. માટે સંતોના મુખ્ય ગુણની વાત આપ જ કહો.' ૪. ત્યારે શ્રીહરિએ સંતોને કહ્યું, 'શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં જે વાત કહી છે તે વાતને હું તમારી આગળ કહું છું અને તમારે પણ તે વાતને જ મુખ્ય રાખવી. ૫.

❋ નિર્માનિતા, ધીરજ અને ક્ષમાની મહત્તા :

चोपाई :

निर्मानि गुन रखना सबही, घट में प्रान रहे लग तबही;
जडभरथ भये शुकमुनि जेसे, तुमारे वर्तन रखना तेसे...०६
याके गुन अंतर में धरना, रात दिन न कबु विसरना;
निर्मान ग्रहे तब साधु होवे, निर्मान विन साधु गुन खोवे...०७
सब गुन को निर्मान हे मूरा, ओर रखना धीरज ही उरा;
निर्मान धीरज क्षमा जोउ, साधु के भूषण हे सोउ...०८

જ્યાં સુધી શરીરમાં પ્રાણ રહે ત્યાં સુધી સહુએ નિર્માનીપણાનો ગુણ રાખવો. જેવા જડભરત અને શુકદેવજી થયા છે, તેમના જેવું તમારે નિર્માનીપણું રાખવું. ૬. તેમના ગુણ હૃદયમાં કેળવી રાખવા. રાતે કે દિવસે તેને ક્યારેય ભૂલવા નહિ. નિર્માનીપણું હોય ત્યારે જ તે સાધુ ગણાય. નિર્માનીપણું ન હોય તો સાધુતાના ગુણોનો નાશ થાય. ૭. બધા જ

સદ્‌ગુણોનું મૂળ નિર્માનીપણું છે. તે સિવાય બીજો ગુણ મનમાં ધીરજ રાખવી. નિર્માનીપણું, ધીરજ અને ક્ષમા એ ત્રણ ગુણ સાધુતાનું ભૂષણ છે. ૮.

જેમાં એ નિર્માનિતાદિક ત્રણ ગુણ હોય તેને જ સાચા અર્થમાં ત્રિગુણાતીત સંત કહેવાય છે. અને તેવા સંતને તો ત્રણ શરીર, ત્રણ ગુણ અને ત્રણ અવસ્થાથી પર જાણવા અર્થાત્ બ્રહ્મરૂપ સમજવા. ૯. આવા સંત બાહ્યદષ્ટિથી ભલે દેહમાં રહ્યા હોય તો પણ નિર્માનિતાદિક ગુણે કરીને તો તેઓ દેહથી પર જ છે. નિર્માનીપણું, ધીરજ અને ક્ષમા એ ત્રણ ગુણવાળા સાધુ તો અનંત લોકમાં પૂજાય છે. ૧૦. આ જીવે અનંતવાર પશુના અને પંખીના જન્મ લીધા છે. તે વખતે જીવે બહુવાર માથું કપાવ્યું હશે, પણ તે એકેય લેખે લાગ્યુ નથી. ૧૧. જો કોઈ ભગવાનને માટે માથું કપાવે તો તેનું માથું અમર થઈ જાય છે. ફરીવાર કોઈ દિવસ માથું કપાય નહિ, એવું તેને દિવ્યશરીર મળે છે. ૧૨.

✵ શ્રીહરિના ઉપયોગમાં આવ્યા તેટલું સાર્થકપણું છે :

તમે જે સમર્થ સમર્થ સંતો છો તે મારી સાથે જ પ્રકટ્યા છો. એટલા માટે જ હું તમને આમ કહી રહ્યો છું.' ૧૩. **ત્યારે સહુ સંતોએ એક મન થઈને શ્રીહરિને કહ્યું, 'હે હરિ ! આપને રાજી કરવા માટે અમે અમારું આ શરીર આપને અર્પણ કરી દીધું છે.** ૧૪.

सोरठा : जडभर्थ शुक जोउ, वर्तहि तेहि रीत हम;
मारे गालि दिये तोउ, सहन करना शांत होई...१५
हमार नहिं यह देह, तुमने देह दिने हे यह;
भूल गये हे एह, माया मोह विपरीत कह...१६

જડભરત અને શુકદેવજીની રીતે અમે વર્તશું. કોઈ મારે કે ગાળ દે તોપણ અમે તેને શાંત રહીને સહન કરશું. ૧૫. આ દેહ અમારો નથી. તે તો આપે જ આપ્યો છે. માયાના મોહને લીધે અમે ભૂલી ગયા અને વિપરીત રીતે પોતાનો માનવા લાગ્યા હતા. પણ તે તમારો જ છે. ૧૬.

चोपाई :

देह इंद्रि अंतःकर्न जेता, सो सब तुमने दिये प्रभु तेता;
हमार करिके रखे हें तेहा, इतने तुमारे चोर हे एहा...१७

હે પ્રભુ ! આ દેહ, ઈન્દ્રિયો અને અંતઃકરણ જેટલું છે તે બધું આપે જ આપ્યું છે પણ ભૂલથી અમે તેને પોતાનું કરી રાખ્યું, તેથી અમે તેટલા આપના ચોર થયા છીએ. ૧૭.

આપના અને આપના ભક્તોના ઉપયોગમાં જો ન આવ્યા તો તેટલા અમે કૃતઘ્ની કહેવાઈએ. હે સ્વામી ! આપ તો બહુનામી અને કૃપાના નિધાન છો એટલે અમારા તે કૃતઘ્નીપણાના દોષને ગણતા નથી.' ૧૮. ત્યારે શ્રીહરિએ સંતોને કહ્યું, 'સહુએ દેહાધ્યાસનો ત્યાગ કરવો. જડભરત, દત્તાત્રેય અને શુકદેવજી તેઓ મહાન સમર્થ હતા. ૧૯. તેમના આખ્યાનોને સાવચેતીથી યાદ રાખવા. પળે પળે જે ઉપયોગી થઈ શકે એવી વાતને લખી રાખવી. ૨૦.

નિર્માનીપણું, ધીરજ અને ક્ષમા આ ત્રણ સંતોના ગુણોનું મૂળ છે, એટલે તે ગુણો સાધુમાં અવશ્ય હોવા જોઈએ. મૂળભૂત ગુણોના વિના બીજા અમૂલ્ય ગુણ આવે નહિ.' આટલી વાત કહીને શ્રીહરિ પોઢવા માટે સુખેથી સૂતા. ૨૧. તે સમયે શ્રીહરિએ હરેક સંતની છાતીમાં ચરણકમળ દીધા. સંતો પણ શ્રીહરિની આજ્ઞાને મસ્તકે ચઢાવીને હરખથી ઊભા થયા. ૨૨. શ્રીહરિએ જેવી આજ્ઞા કરી તેવી જ સહુએ રહેવા માટે પ્રતિજ્ઞા કરી. શ્રીહરિની આજ્ઞા પાળવાના બળવાળા સહુ સંતોનો ઉત્સાહ આ રીતે અનંતગણો વધ્યો. ૨૩. શ્રીહરિનું આજ્ઞાવચન તે જ આપણું સ્વરૂપ છે. આવી અનુપમ શ્રેષ્ઠ વાતો કરતા તે મહાન સંતો વચનને અનુરૂપ થઈને વર્તવા લાગ્યા. ૨૪.

સંતો પોતાના આસન ઉપર આવ્યા. ત્યાં ધ્યાન લગાવીને બેઠા. પછી શ્રીહરિએ જે જે વાતો કહી હોય તેનું મનન કરવા લાગ્યા. ૨૫. જ્યારે અરુણોદય થયો ત્યારે 'નારાયણ ધૂન' કરી. શ્રીહરિનું સ્મરણ કરીને પ્રવીણ સંતો સ્નાન કરવા ગયા. ૨૬. શ્રીહરિએ પોતાને ઉતારે જ દાતણ અને શૌચાદિ ક્રિયા કરીને સ્નાન કર્યું. સંતો અને દરબારો વગેરે સહુ સ્નાન કરીને પાછા આવી

ગયા. પૂજા આદિ નિત્ય કર્મ કરીને મંડપને મધ્યે સભા કરી. ૨૭. બધા હરિભક્તો હરખભર્યા ત્યાં આવ્યા. રંગ કરાવીને નાના મોટા અનેક પ્રકારના ઠામ ભરાવી રાખ્યા હતા. ૨૮. શ્રીહરિએ બધા વસંતીવસ્ત્ર (વસંતઋતુને લગતા રંગના છાંટણાવાળા વસ્ત્ર) પહેર્યા. તે વખતે જોરદાર ત્રાસા ઢોલ અને દુંદુભિ પ્રકારના અનંત વાજિંત્રો વાગવા લાગ્યા. ૨૯. તેનો અવાજ આકાશમાં વ્યાપી ગયો. તે અવાજને બધા દેવતાઓએ સાંભળ્યો. તેથી તુરંત વિમાનમાં બેસીને બધા દેવતાઓ ત્યાં આવી પહોંચ્યા. એટલા દેવો આવ્યા કે ગણતા ગણતા તેનો પાર આવે નહિ. ૩૦. શ્રીનરનારાયણ ભગવાનનો જન્મ ફાગણ માસના કૃષ્ણ પક્ષમાં પડવાની તિથિએ ઉત્તરા ફાલ્ગુની નક્ષત્રમાં થયો હતો. ૩૧. તે જન્મ છ ઘડી (૨.૨૪ કલાક) દિવસ ચઢે ત્યારે ગણાય છે. તે સમયે ફૂલદોલ કર્યો. બાલમુકુંદ ભગવાનને ફૂલના હિંડોળામાં પધરાવ્યા. ૩૨. વેદોક્ત વિધિ પ્રમાણે વિવિધ ઉપચારોથી તેમની પૂજા કરી. નૈવેદ્ય ધરાવીને પ્રેમથી આરતી કરી. પછી શ્રીહરિએ સહુને રંગે રમવાનું કહ્યું. ૩૩.

શ્રીહરિ રંગ ગુલાલથી હોળી રમવાના છે આવું સાંભળીને શહેરના બધા હરિભક્તો દોડી આવ્યા. રંગના જેટલા મોટા માટલા કે વાસણ ભરાવ્યા હતા તે બધાને શ્રીહરિએ પોતાની પાસે મગાવ્યા. ૩૪. દુકાનમાં જેટલો તપખીરનો ગુલાલ હતો તે બધો મગાવ્યો. એક બાજુ શ્રીહરિ અને હરિભક્તો-પાર્ષદો વગેરે રહ્યા. બીજી બાજુ બધા સંતોના મંડળ રહ્યા. ૩૫. બધા રંગના બે ભાગ કરાવ્યા. વિશાળ જગ્યામાં રંગે રમવા આવ્યા.શ્રીહરિએ બોકાની વાળીને પાઘને બાંધી. પ્રેમ સાથે નટના જેવી છટા બનાવી. ૩૬. શ્રીહરિ ઘનશ્યામ નટ અને મલ્લની સર્વોચ્ચ છટાથી ઊભા રહ્યા. કરોડો કામદેવને પણ શરમાવે એવી શોભાનું વર્ણન હું શું કરું ? ૩૭. તે વખતે ત્યાં દેશ દેશાવરના અપાર હરિભક્તો આવ્યા. તેની ઘણી જ ભીડ થઈ અને અદ્‌ભુત શોભા ખીલી. ૩૮. સંતો અને હરિભક્તો રંગભરેલી પિચકારી હાથમાં લઈને સામસામે ઊભા હતા. તેમાં સહુ પ્રથમ શ્રીહરિએ પિચકારીથી સંતોના ઉપર રંગ નાખ્યો. ૩૯. તે સમયે બધા જ સંતોએ અનેક પિચકારીઓથી શ્રીહરિની સામે રંગ છોડ્યો. અમાપ રંગ ઊડ્યો. બધું શહેર રંગરંગ થઈ ગયું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'નિર્માનિતા આદિનો ઉપદેશ અને હુતાશનીની રંગક્રીડા કરી' એ નામે એકસોને ચોથો તરંગ સમાપ્ત ॥૧૦૪॥



પૂર ચોથું : તરંગ - ૧૦૫

શ્રીહરિ રંગે રમ્યા, રઘુનાથદાસની જગ્યાએ થઈને કાંકરિયા સ્નાન કરવા પધાર્યા

સંતો અને હરિભક્તો સામસામે રહીને પરસ્પર ખૂબ જ રંગ ઉડાડવા લાગ્યા. શ્રીહરિ મંચ ઉપર ઊભા રહ્યા અને ઉમંગથી સૌના ઉપર ગુલાલ ઉડાડવા લાગ્યા. ૧. ગંગા અને રેવા ઈત્યાદિ અનેક સત્સંગી બહેનો હતી, તે ટાંકામાંથી ભરી ભરીને પાણી લાવતી અને દૂર ઊભી રહીને આપતી હતી. ૨. જે બાઈઓ સેવા કરતી હતી તેમને સૌને સમાધિ થઈ. તે બધી ગોલોકમાં પહોંચી અને ત્યાં રાધા અને રમાની સાથે રંગે રમવા લાગી. ૩. કરુણાનિધાન અને ભક્તવત્સલ દેવેશ્વર શ્રીકૃષ્ણ તે બધી બહેનોને દર્શન આપવા માટે નાના બાળ સ્વરૂપે થયા અને તેની વચ્ચે બેઠા. ૪.

શ્રીહરિ અહીંયા જે રીતે રમતા હતા, તે રીતે શ્રીકૃષ્ણને સર્વ બહેનોએ ત્યાં દેખ્યા. અહીંયા શ્રીહરિ ઘણીવાર સુધી રંગે રમ્યા અને અપાર રંગ ઉડાડ્યો. ૫. ત્રિલોકીના નિવાસી જેટલા દેવો કહેવાતા હતા, તે બધા રંગમાં રસબસ થઈ ગયા. શ્રીહરિ જ્યારે રંગથી રમતા હતા ત્યારે દેવોએ પુષ્પોની વૃષ્ટિ કરી. ૬. કેસરી ચંદનનો તો કીચડ કરી દીધો. તેનું વર્ણન કર્યે પાર આવે તેમ નથી. બધા દેવો "જય જય"નો ધ્વનિ કરીને "આવી રંગક્રીડા તો ક્યારેય દેખી નથી." એમ વખાણ કરવા લાગ્યા. અને વારંવાર તે લીલાઓનું અત્યંત સન્માન કરવા લાગ્યા. રંગમાં રસબસ થયેલા શ્રીહરિ રંગે સહિત સરસ રીતે હાથી ઉપર બેઠા. ૭-૮.

સવારી બધી તૈયાર કરાવી. દરબારો પણ બધા રંગમાં રસબસ થઈ ગયા હતા. શહેરના રાજાની સવારી પણ તૈયાર થઈને આવી હતી. ૯.

અનંત પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં. મોતીરામ અને કુબેરસિંહ, ભાઈ ભત્રીજા સહિત આવ્યા હતા, તે ચોપદારો છડી પોકારતા હતા. ૧૦. તે સહુના હાથમાં સોનાની છડી હતી અને રંગમાં રસબસ થઈને સહુ પલળી ગયેલા હતા. શ્રીહરિ ગુલાલ ઉડાડતા હતા અને સવારી સાથે માણેકચોકમાં આવ્યા. ૧૧.કાંકરિયા સરોવર ઘણું વિશાળ છે. બધું પાકા પથ્થરથી બાંધેલું છે. તેમાં સ્નાન કરવાનો વિચાર કર્યો અને કીર્તિથી ઉજ્જ્વળ એવા શ્રીહરિ બજારમાં થઈને તે તરફ ચાલ્યા. ૧૨.

શ્રીહરિ ગુલાલ ઉડાડતા ઉડાડતા રસ્તામાં જ્યાં સદ્‌ગુરુ રામાનંદસ્વામી રહેતા હતા, તે જગ્યાએ પહોંચ્યા. ત્યાં એક અંબાબાઈ નામે બહેન આવી. ૧૩. તેણે હીરાચંદભાઈ સાથે શ્રીહરિને હાથ જોડી માથું નમાવીને કહેવડાવ્યું, ‘મહારાજ ! આ મુકામ આપનો છે.’ ૧૪. તે જગ્યામાં સાધુ રઘુનાથદાસ હતા. તેની બુદ્ધિમાં કાંઈ વિવેક નહિ, તેપણ શ્રીહરિની સન્મુખ આવ્યા. ૧૫. અને શ્રીહરિના પગમાં પડ્યા. શ્રીહરિ થોડું હસીને બોલ્યા, ‘તમારો બહુ ભાવ છે એટલે અમે અહીંયા ચાલીને આવ્યા છીએ. ૧૬. અમારી સાથે ઘણા ઝાઝા માણસો છે તેથી અમે અલગ ઊતર્યા છીએ. તમને શરીરે કટેવ (થોડી બીમારી) રહે છે, એમ જાણીને હેતથી આ બજારે આવ્યા છીએ.’ ૧૭.આવું કહીને શ્રીહરિ તે જગ્યામાં આવ્યા, તેથી તેણે રામાનંદસ્વામીનું સ્થાન બતાવ્યું. શ્રીહરિ ત્યાં પગે લાગ્યા અને મનમાં થોડા દિલગીર થઈ ગયા. ૧૮. રામાનંદસ્વામીને બેસવાની પાટ હતી ત્યાં જઈને તે ઉપર બેઠા. ત્યાર પછી રઘુનાથદાસે પાંચ આસન નખાવ્યા હતા, તેમાં મોટા આસન ઉપર જઈને શ્રીહરિ બેઠા. ૧૯.

તે વેળાએ અપાર લોકોને સમાધિ થઈ. તેનો ગણતા પાર આવે તેમ ન હતું. બધાને ઉપરાઉપર ખડકી દીધા. તે સમયે સહુ નિષ્પ્રાણ થઈ ગયા હતા. ૨૦. પછી શ્રીહરિએ થોડું હસીને રઘુનાથદાસને કહ્યું, ‘ગુરુ રામાનંદ સ્વામી તમારામાં રહ્યા છે. તો આ લોકોને સમાધીમાંથી તમે ઉઠાડો. ૨૧. અથવા તમે કોઈના ઉપર આગનો અંગારો મૂકો. તેનાથી તમને પણ ખબર પડે કે સમાધિ સાચી છે કે ખોટી ? અથવા તમારા જે શિષ્યો છે તેને તમે

સમાધિ કરાવો.' ૨૨. ત્યારે તેણે હાથ જોડીને કહ્યું, 'મારી જીવનદોરી પણ મારા હાથમાં નથી. તમે લોકો પાસે જે ધર્મ પળાવો છો, તેટલો ધર્મ રાખવાની શક્તિ મારામાં નથી. ૨૩. હું તે કારણથી જ અલગ રહ્યો છું અને સ્વામીનું ભજન કરું છું. સ્વામીએ મને કોલ આપ્યો છે કે 'હું તારો જરૂર મોક્ષ કરીશ.' ૨૪.

સત્પુરુષનો કોલ ક્યારેય નાશ પામતો નથી. કાળ, માયા, પાપમય કર્મ અને જમદૂત પણ તેમનાથી ડરતા રહે છે. ૨૫. હું આધુનિક જીવ છું અને અતિ અસમર્થ છું. આપ સહુ મુક્ત પુરુષો આવ્યા છો અને અતિશય સમર્થ છો. ૨૬. મારાં મનમાં કલ્યાણનો ખપ નથી અને રસાસ્વાદમાં બંધાયેલો છું. આપે રસાસ્વાદ દૂર કર્યો છે તેમજ નારી અને ધનને પણ દૂર કરી દીધા છે. ૨૭. જે ચાહે છે તેને મળતું નથી અને જે નથી ચાહતા તેને પુષ્કળ મળે છે. આ જગતનો આવો અનાદિનો માર્ગ છે.' ૨૮.

ત્યારે શ્રીહરિએ તેને હેતથી કહ્યું, 'રઘુનાથદાસ ! તમે સાંભળો, તમે પણ ઘણો ત્યાગ રાખો તો તમને પણ અતિશય ભોગ મળશે. ૨૯. તમે આવી બધી વાતને જાણો જ છો. માટે અતિશય ત્યાગી થઈને રહો તો તમને પણ અપાર ભોગ મળી રહેશે. આ બધું મંદિર પણ છોડી દો.' ૩૦. ત્યારે તેણે મુખથી કાંઈ કહ્યું નહિ. કારણ કે બોલવામાં પોતાનો તોલ થઈ જતો હતો. તે વખતે કોઈ બે વેરાગી આવ્યા. તેમાં એક મહંત હતો. ૩૧.

તેણે શ્રીહરિની પાસે ગોઠ (હોળીના દિવસોમાં અપાતી ભેટ) માગી અને તે હાથ જોડીને પગે લાગ્યા. ત્યારે શ્રીહરિએ તેને કહ્યું, 'આ જગ્યાના મહંત અમે નથી. ૩૨. આ જગ્યાના મહંત તો આ રઘુનાથદાસ સાધુ છે, માટે તમે તેની પાસે ગોઠ માગો. તેના ઉપર તમારો લાગો(હક્ક) કહેવાય.' ૩૩. ત્યારે તેમણે રઘુનાથદાસ પાસે ગોઠ માગી પણ તેણે ના પાડી તેથી તેને પકડીને રોળી નાખ્યો અને બેહાલ કરી દીધો.

પછી શ્રીહરિએ દયા કરીને તેને છોડાવ્યો અને હીરાચંદભાઈને આજ્ઞા કરીને તે વેરાગીઓને ઘણી ગોઠ અપાવી. વેરાગીઓએ પહેલા તો રઘુનાથદાસને

ધૂળમાં એવો રોળ્યો કે તે જીવે ત્યાં સુધી સંભારે અને ગાયા કરે. ૩૪-૩૫. શ્રીહરિ તેમને ઘણી ના પાડતા રહ્યા પણ તેમણે તેને ગારો ગારો કરી મૂક્યો. પછી રંગની અપાર ધૂમ મચાવી દીધી. જેનો કહ્યે પાર આવે તેમ નથી. ૩૬.

પછી રઘુનાથદાસના ઉપર નળિયાનો વરસાદ કર્યો. વેરાગી એવા અડબંગી હતા કે રઘુનાથદાસનું બધું અંગ તોડી નાખ્યું. ૩૭. છતાં શ્રીહરિએ તેને મોતથી બચાવી લીધો. પોતાનું અમૂલ્ય પીતાંબર હતું તે વેરાગીને આપ્યું. ૩૮. શ્રીહરિની પાસે જે સંતો હતા, તેમની રીત વેરાગીઓએ જોઈ, તેઓ સમજદાર હતા એટલે પગે લાગ્યા અને બોલ્યા કે 'આ બધા સંતો ખરા છે. ૩૯.

અમે આ સંતોને ઘણી ગાળો દીધી છતાં તેઓ મુખથી કાંઈ જ બોલ્યા નથી. તેમણે અંતરદષ્ટિ કરી લીધી છે અને બધા જ મત સંપ્રદાયોને જીતી લીધા છે. ૪૦. જેઓ તેમનો દ્રોહ કરે તેના સર્વસ્વનો નાશ થાય, આવા આ સાધુ નિર્મોહી છે અને વજ્રના પણ વજ્ર છે અર્થાત્ વજ્ર જેવાને પણ ઓગાળી દે તેવા છે.' ૪૧. આવું કહીને તે બધા વેરાગીઓ ગયા. પછી શ્રીહરિ હાથી ઉપર બેઠા. લોકો 'જય જયકાર'નો ધ્વનિ કરતા હતા. આમ શ્રીહરિ સવારી સાથે કાંકરિયા સરોવરે પધાર્યા. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શ્રીહરિ રંગે રમ્યા, રઘુનાથદાસની જગ્યામાં જઈને કાંકરિયા સ્નાન કરવા પધાર્યા' એ નામે એકસોને પાંચમો તરંગ સમાપ્ત ॥૧૦૫॥



પૂર ચોથું : તરંગ - ૧૦૬

શ્રીહરિએ શ્રીનગરમાં ફૂલદોલના ઉત્સવ નિમિત્તે કાંકરિયામાં સ્નાન કર્યું

વિશાળ કાંકરિયા સરોવરને દેખીને શ્રીહરિ ઘણું પ્રસન્ન થયા. સરોવર પાણીથી ભરપૂર હતું. ઉપર પંખીઓનાં અપાર ટોળાં હતાં. ૧. પાણીમાં

ખીલેલા કમળ હતા તે માનો સરોવરે નવા આભૂષણો પહેર્યાં ન હોય ? તેવા જણાતા હતા. વિવિધ પ્રકારના પંખીઓ કલરવ કરતા હતા. તેથી સરોવરે અદ્ભુત શોભા ધરી હતી. ૨. સરોવરને કિનારે વિવિધ પ્રકારના અપાર વૃક્ષો શોભી રહ્યા હતા. તેમાં ફૂલોનો અને ફળોનો તો કોઈ પાર ન હતો. વૃક્ષો ઉપર અનંત પંખીઓ બેઠા હતા. ૩. મોર, પોપટ અને કોયલ શબ્દ કરતા હતા. તેનાથી અને બીજા પણ વિવિધ પ્રકારના શબ્દોથી વન ગાજી રહ્યું હતું. ૪. શ્રીહરિને પધાર્યા જાણીને પક્ષીઓ અમૃત જેવી મધુર વાણી બોલવા લાગ્યા. શ્રીહરિ કાંકરિયાની ચારેબાજુ ફર્યા. તે વેળાએ શહેરના બધા લોકો ઉત્સાહથી ત્યાં આવી પહોંચ્યા. ૫. શહેર સિવાયના બીજા હરિભક્તો પણ ઘણા જ આવ્યા હતા. બધા જ 'સ્વામિનારાયણ..સ્વામિનારાયણ..' બોલતા હતા. સરોવરના પૂર્વભાગે ગરનાળા પાસે ભક્તચિત્તચોર શ્રીહરિ આવ્યા. ૬.

ત્યાં હાથી ઉપરથી નીચા ઊતર્યા. સુખદાયક પ્રભુ રંગથી રસબસ ભર્યા હતા. રંગવાળા જેટલા વસ્ત્ર હતા તે બધા પાણીમાં ઉતાર્યા. ૭. શ્રીહરિ પાણીમાં નાહ્યા ત્યારે એક જ વસ્ત્ર પહેરી રાખ્યું હતું. જેટલા સંતો અને હરિભક્તો હતા તે બધા શ્રીહરિની સાથે નાહ્યા. ૮.

શ્રીહરિ જ્યારે કાંકરિયા સરોવરમાં નાહ્યા ત્યારે જળક્રીડા ઘણી કરી. ભાદરવા માસમાં જેવી વરસાદની હેલી મંડાણી હોય તેમ એકબીજા ઉપર પાણી ઘણું જ ઉડાડ્યું. ૯. ચાર ઘડી (૧.૩૬ કલાક) સુધી પાણી ઉડાડ્યું. પછી તે જળક્રીડા બંધ રખાવી અને શ્રીહરિ પાણીમાંથી બહાર નીકળ્યા.પછી શરીર ઉપર બધા જ જરિયાની વસ્ત્ર ધાર્યા. ૧૦. સોનાના અને મોતીના આભૂષણો પહેરીને શ્રીહરિએ તે વેળાએ અદ્ભુત રૂપ ધાર્યું હતું. સરોવરની વચ્ચે બંગલો છે તેમાં જવા માટે પુલ બાંધેલો છે. ૧૧. શ્રીહરિ ત્યાં ગયા. સુંદર બેઠક દેખીને તેના ઉપર બેઠા. સહુ હરિભક્તોના કપડાં રંગવાળા થયા હતા, તેને તેઓ પાણીમાં ધોતા હતા. ૧૨. તેથી આખું સરોવર રંગમય થઈ ગયું હતું, તેની ઉપમા કહી શકાતી નથી. તેમાં જે તરંગો ઊઠતા હતા તે બધા લાલમણિ જેવા સોહામણા લાગતા હતા. ૧૩.

કાંકરિયાના પાણીની શોભાને દેખીને શ્રીહરિ બોલ્યા, 'આ સરોવરમાં જે સ્નાન કરશે તેના મહાપાપ હશે તોપણ તેનો નાશ થશે. ૧૪. આજ અહીંયાં આવીને અનંત ધામના મુક્તો નાહ્યા છે. તેથી આ સરોવર મોટું તીર્થ બન્યું છે. આના જેવું બીજું કોઈ તીર્થ નથી.' ૧૫. તે સમયે મુનિવર મુક્તાનંદ સ્વામીએ શ્રીહરિને કહ્યું, 'હે નાથ ! આપે અહીંયાં આવી સ્નાન કરીને આ સરોવરને ધન્ય કર્યું છે.' ૧૬. ત્યારે ફરીને શ્રીહરિએ કહ્યું, 'મુક્તમુનિ ! તમે સાંભળો. જીવ અત્યંત પાપથી ભર્યો છે. તે આપ મેળે પાપોથી છૂટી શકે તેમ નથી. ૧૭. પાપથી છૂટવાના ઉપાયો વ્યાસજીના ગ્રંથોમાં ઘણા લખાયા છે. તેમાં પૂર્તકર્મ (તળાવ, વાવ અને કૂવા વગેરેને કરાવવા તે) કરવાનું કહ્યું છે. તે પૂર્તકર્મથી જીવ કોઈક દિવસે સંસારના પારને પામે છે. ૧૮.

ચોપાઈ :

जीय के पाप छुटन हि काजा, तीर्थ व्रत बहु किने हे साजा;
सबसे तुमारो जोग हि भारी, तर्त पाप छुटे नरनारी...१९

જીવને પાપોથી છૂટવાના ઉપાયના રૂપમાં તીર્થો અને વ્રતો વગેરે ઘણાં સાધનો કહ્યાં છે પણ સહુથી અધિક તો આપના સમાન સંતોનો જોગ છે. આપના જેવા સંતના સમાગમથી કોઈપણ નરનારી પાપોથી તુરંત છૂટી જાય છે.' ૧૯.

આવું કહીને ધર્મકુમાર શ્રીહરિ તત્કાળ ત્યાંથી ઊઠ્યા. આવીને હાથી ઉપર બેઠા. મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામી એ બંને ચામર કરવા માટે બેઠા. ૨૦. અને જે ખુશાલ ભટ્ટ કહેવાય છે, તેમણે શ્રીહરિના ઉપર છત્ર ધાર્યું હતું. છત્ર જરિયાની અને મોતી જડિત હતું. વાદળામાં વીજળી ઝબૂકે તેમ છત્ર ઝગમગતું હતું. ૨૧. અનંત પ્રકારનાં વાજિંત્ર વાગતાં હતાં. શ્રીહરિની સવારી નગરના કોટને દરવાજે આવી. ડંકા અને નેજા આગળના ભાગમાં ચાલતા હતા. ચોપદાર નેકી પોકારતા હતા. તેની ઘણી જ શોભા જણાતી હતી. ૨૨. સંતો વેદસ્તુતિ બોલતા હતા અને અનેક હરિભક્તો ધોળના કીર્તન ગાતા હતા. શ્રીહરિના નામ વિના મુખથી બીજું કાંઈ કોઈ બોલતું જ નહિ. આ પ્રમાણે શ્રીહરિ શહેરમાં પધાર્યા. ૨૩. શ્રીહરિની અલૌકિક રીત દેખીને નરનારીઓ શ્રીહરિને વારંવાર પૂજતા હતા. શ્રીહરિને ધર્મના

પુત્ર સમજીને લોકો સોનાનાં ફૂલ અને મોતીના થાળ ભરી ભરીને વધાવતા હતા. ૨૪. શ્રીહરિ પોતાને ઉતારે પધાર્યા. ત્યાં હાથી ઉપરથી નીચે ઊતર્યા. આવીને સિંહાસન ઉપર બેઠા. તે વખતે રસોઈ તૈયાર થઈ ગઈ હતી. ૨૫. વિપ્ર નાનાભાઈ શ્રીહરિને બોલાવવા આવ્યા. ત્યારે શ્રીહરિ ઘણા પ્રેમભાવથી જમવા ઊઠ્યા. ૨૬. જગતના આધાર શ્રીહરિએ ઘરેણાં અને વસ્ત્રો ઉતારી નાખ્યા. એક પીતાંબર વસ્ત્ર પહેર્યું અને બીજું સુંદર પીતાંબર ઓઢી લીધું. ૨૭. જ્યાં સોનાનો બાજોઠ હતો ત્યાં આવીને શ્રીહરિ બેઠા. મુકુંદવર્ણીએ આવીને શ્રીહરિના ચરણ ધોયા. ૨૮.

તે દિવસ જેતલપુરના વિસલનગરા નાગર ગંગાબાઈની રસોઈ હતી. તેણે ઘણી જાતનાં ભોજન બનાવ્યા હતાં. ૨૯. નાગરે બનાવેલી રસોઈ જેવી બીજા કોઈની રસોઈ હોય જ નહિ. તે રસોઈના થાળ ભરી ભરીને નાનાભાઈ શ્રીહરિની આગળ તત્કાળ લાવ્યા. ૩૦. ગણપતરામ પણ થાળ ભરીને બીજી રસોઈ લાવ્યા. તે બધું શ્રીહરિ આગળ ધરાવ્યું. તે ભોજનને દેખીને શ્રીહરિએ તેના ઘણાં વખાણ કર્યા. ૩૧.

જીવુબા અને લાડુબા તે બંને દાદા ખાચરના બહેનોને બોલાવીને શ્રીહરિએ કહેવડાવ્યું કે 'તમે આ ગંગાબાઈની પાસેથી તેમના જેવી રસોઈ બનાવતા શીખી લો. ૩૨. તમારી પૂજાના લાલજી દિવસમાં બે વખત તમારા હાથનો થાળ જમે છે. પોતે અપાર ત્યાગ પાળવો, પણ લાલજીની સેવા કરનારા બુદ્ધિમાન સેવકે તો બધું બનાવવું જોઈએ. ૩૩. તમે ભગવાનને પર થકી પણ પર માનો છો, માટે સુજ્ઞ એવા તમારે ભગવાનને અર્થે આવી રસોઈ શીખવી. માનસીપૂજામાં પણ પ્રત્યક્ષ થઈને તમારા હાથના થાળને ભગવાન જમે જ છે.' ૩૪. પછી ગંગાબાઈ તેઓને એવી ને એવી રસોઈ કરવાનું શીખવવા લાગ્યા. શ્રીહરિ ત્યાં પાંચ દિવસ રહ્યા. તેટલા સમયમાં ગંગાબાઈએ તે બંને બહેનોને તેવી રસોઈ શીખવી દીધી. ૩૫. બંને બહેનો મહાસમર્થ હરિભક્ત હતા. ભગવાનને માટેનું જે હોય તેને યાદ રાખી લેતા.

ગંગાબાઈનો સરસ થાળ હતો, તેને દયાળુ શ્રીહરિ પ્રેમથી જમ્યા. ૩૬. શ્રીહરિએ જમી રહ્યા પછી બંને હાથ ધોયા. મુખકમળ ધોયું. જળપાન

કરીને મુખવાસ લીધો. ૩૭. પછી આખા ચોકમાં રંગોળી પુરાવી. કેળના સ્તંભ રોપીને બગીચો બનાવ્યો હતો. ત્યાં સંતોને જમવા માટે બેસાડ્યા અને શ્રીહરિ પીરસવા માટે આવ્યા. ૩૮. સંતોની પંગતમાં ભોજન પીરસીને પછીથી દરબારોની પંગતમાં પીરસવા માટે આવ્યા. ભોજનને પીરસાતા દેખીને દરબારોએ તેનું નામ પૂછ્યું. ૩૯. જેનું નામ ક્યારેય કાનથી સાંભળ્યું પણ ન હોય એવા બધા ભોજન દેખીને દરબારો ગુલતાન થયા અને ભાવથી તેને જમવા લાગ્યા. ૪૦. સંતો જ્યાં સુધી જમ્યા ત્યાં સુધી શ્રીહરિ વારંવાર પીરસતા રહ્યા. બાસુંદી અને શ્રીખંડનું નામ પણ વારંવાર લેતા હતા. ૪૧. સંતો જમી રહ્યા છે એમ સમજીને શ્રીહરિએ હાથ ધોયા. સુખદાયક શ્રીહરિએ આજે ઘણો પરિશ્રમ કર્યો હતો, તેથી સુખપૂર્વક પોઢી રહ્યા. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શ્રીહરિએ શ્રીનગરમાં ફૂલદોલના ઉત્સવ નિમિત્તે કાંકરિયામાં સ્નાન કર્યું' એ નામે એકસોને છઠ્ઠો તરંગ સમાપ્ત ॥૧૦૬॥



પૂર ચોથું : તરંગ - ૧૦૭

શ્રીનગરમાં સત્સંગનો પવિત્ર ઉદ્‌ઘોષ અને સૂબાએ શ્રીહરિની પધરામણી કરી

શ્રીહરિ બે ઘડી પોઢીને ઊઠ્યા અને મંડપમાં આવ્યા. આવીને સિંહાસન ઉપર બેઠા. ત્યારે બધા સંતો પણ ત્યાં આવ્યા. ૧. રાજા અને બધા હરિભક્તો ફૂલના હાર લઈ લઈને આવ્યા. સહુ મેવા અને ફળ ઘણા લાવતા. અખંડ એક તારના રૂપમાં સહુ આવતા. ૨. તેઓ અનંત ભાતના મેવાઓને અને અનંત ઉત્તમ જાતિના ફળોને લાવતા હતા. શ્રીહરિ અતિશય હેતથી તે લેતા હતા. ૩. જેટલા દરબારો આવ્યા હતા તે બધાને એક એકને બોલાવીને શ્રીહરિ ઘણા હેતથી મેવા અને ફળ આપતા હતા. ૪. સુંદરશ્યામ શ્રીહરિ જેનું જેવું માન હતું તેને અનુરૂપ એક એકનું નામ લઈને નિત્ય

બોલાવતા હતા. ૫. મેવા અને ફળથી સૌને ભરપૂર રાખતા. તેથી તેઓ મનમાં ઘણા ખુશ રહેતા. શ્રીહરિ બોલતા કે મેવાના અને ફળોના માલિક તો આ રાજાઓ (દરબારો) છે. ૬.

❋ પાર્ષદોની પરાભક્તિ, સવળું લેવાની રીતિ :

શ્રીહરિના આપ્યા વિના કોઈ લેતા નહિ એવી એક ટેક હતી. શ્રીહરિના ડુંગરજી અને ઉમાભાઈ વગેરે ઘણા હથિયાર બંધ પાર્ષદો કહેવાતા હતા. તેમાં નાથજીભાઈ સહુથી મોટા હતા. જેવી શ્રીહરિની મરજી હોય તે પ્રમાણે સેવામાં સહુ તત્પર રહેતા. ૭-૮.

चोपाई :

हरि मरजी पर ताकुं ताना, सावधान वर्तत सुजाना;
हरि मरजी न लोपत कबहु, तिरस्कार अति होवे तबहु...०९
ज्युं ज्युं हरि तिरस्कार करही, त्युं त्युं सुलट वचन उर धरही;
ताकुं सेव में रखत हजुरा, दुःखात हि ताकुं राखत दूरा...१०

શ્રીહરિની મરજી સાચવવી, તેના ઉપર જ સહુને એક તાન હતું. સારા સમજણા તે બધા પાર્ષદો સેવા કરવામાં સાવધાન રહેતા હતા. ચાહે તેવો તિરસ્કાર થાય તોપણ તેઓ ક્યારેય શ્રીહરિની મરજી લોપતા નહિ. ૯. શ્રીહરિ પોતાના સેવકનો જેમ જેમ તિરસ્કાર કરે તેમ તેમ તેઓ મનમાં વચનનો સવળો અર્થ લેતા. શ્રીહરિ એવા નિર્માની થઈને સેવા કરે તેને પાસે રાખતા અને જેને દુઃખ લાગતું તેને દૂર રાખતા. ૧૦.

दुःखात ताकी हरि जत्न करावे, उर विश्वास न ताका लावे;
काच की ज्युं करत जतनाई, दुःखात ताकुं सो रखत ताई...११

જેને ટોકવાથી દુઃખ લાગતું તેને પણ શ્રીહરિ સાચવતા. ભલે મનમાં તેનો વિશ્વાસ ન આવે. છતાં જેમ કાચને સાચવે તેમ શ્રીહરિ દુઃખ લગાડનારા સેવકને પણ સાચવતા. ૧૧. શ્રીહરિ સહુની નાડી(રગ) જાણી લેતા અને સુખદાયક શ્રીહરિ તેનું ધ્યાન રાખતા. ગમે તેમ કરીને પણ તેને નભાવે જતા. કોઈપણ રીતે કરીને તેને દુઃખાવા દેતા નહિ. ૧૨. શ્રીહરિ સામ, દામ અને

ભેદ આ ત્રણ ઉપાય જ રાખતા હતા. દંડનો ત્યાગ કર્યો હતો. સાધુતાનો માર્ગ જોઈને જેવો સમય હોય તે પ્રમાણે શ્રીહરિ પ્રેમથી ચાલતા હતા. ૧૩.

શ્રીહરિ ફૂલના હારમાં અત્યંત ગરકાવ થઈ જતા હતા. મૂર્તિ ફૂલમય થઈ જતી હતી. પ્રભુને ભક્તો ઉપર અતિભાવ હતો તેથી હાર સ્વીકારતા હતા. ૧૪. જે હરિભક્તો અત્યંત પ્રેમી હતા તેમણે ત્યારે તત્કાળ સારામાં સારો ફૂલનો હિંડોળો બાંધી દીધો. ૧૫. પછી શ્રીહરિને તે ફૂલના હિંડોળામાં બેસાડ્યા અને પ્રેમથી ઝુલાવવા લાગ્યા. તે ફૂલોની સુગંધ શહેરના વાતાવરણમાં ચારેબાજુ પ્રસરી ગઈ. ૧૬. શ્રીહરિએ સંતોને પણ ફૂલના હાર આપ્યા. તેનાથી તેઓ પણ ફૂલમાં ગરકાવ થઈ ગયા. શહેરના જેટલા બગીચાઓ હતા ત્યાંથી નિત્ય બધાં ફૂલ આવતા હતા. ૧૭. શ્રીહરિ અમદાવાદમાં જેટલા દિવસ રહ્યા તેટલા દિવસ નિત્ય નવા નવા ઉત્સવ થતા રહ્યા. જેટલા પંડિતો કે પુરાણીઓ આવતા હતા તે બધા શ્રીહરિની રીતને દેખીને બોલતા કે, ૧૮.

✻ સંતોને વર્તવાની રીતિ :

અમે સાચુ કહીએ છીએ કે જ્યાં સંતો સ્ત્રી અને દ્રવ્યનો ત્યાગ રાખતા હોય તે રીત અનાદિની છે અને આ જ મોક્ષની સનાતન ગાદી છે. અને જે વ્યસન રાખતા હોય તે સંત ન કહેવાય. ૧૯.

चोपाई :

कथा कीर्तन अरु बाता, श्रीहरि आगे अखंड रहाता;
जग की वात को नहिं उचारा, संत सो टेक रखत एक धारा...२०

સંતો કથા, કીર્તન અને સત્સંગની વાતો શ્રીહરિની આગળ અખંડ ચાલુ રાખતા. દુનિયાની વાતોને કોઈ ઉચ્ચારતા જ નહિ. આવી ટેકને સંતો એકધારી રીતે જાળવી રહ્યા હતા. ૨૦.

जग की बात कहावत जेती, जमपुर द्वार सो जानत तेती;
जग रीत में प्रीत न करही, त्याग रीत सदा अनुसरही...२१
जग की बात करे गृहि जोई, त्यागी श्रवन न सुनत कोई;
जग की वात में संत करे प्रीता, सो अंत्ये होवत गृहीता...२२

સંતો જગતની જેટલી વાતો છે તેને જમપુરીનું દ્વાર જાણતા. જગતની રીતમાં તેમને પ્રેમ ન હતો. તેઓ તો સદા ત્યાગની રીતને જ અનુસરતા હતા. ૨૧. કોઈ ગૃહસ્થ જગતની વાત કરે, તો ત્યાગી તેને કાન દઈને સાંભળતા નહિ. જે સંત જગતની વાતમાં પ્રેમ કરે છે તે અંતે જાતા ગૃહસ્થ થઈ જાય છે. ૨૨.

પહેલાના જમાનામાં એવા ઘણા ત્યાગી હતા કે જે જગતની વાતમાં રસ ધરાવવાથી ગૃહસ્થ થઈ ગયા હતા. તે સમજીને બધા જ ત્યાગી સંતો ક્યારેય જગતની વાતમાં ચિત્ત દેતા જ નહિ. ૨૩.

चोपाई :

चित्त जेसो चिंतवन करही, तेसो आगे आवत फुरही;
यह जीव हि तितनी वारा, हो जावत हे तेही आकारा...२४

મનુષ્ય ચિત્તમાં જેવું ચિંતવે છે તેને તેવું આગળ સ્ફુરે છે. અને આ જીવ જેટલીવાર જેનું ચિંતવન કરે તેટલીવાર તેને આકારે થઈ જાય છે. ૨૪.

✵ વાસના તોડો હૈયું હરિ-સંતમાં જોડો :

दोहा : खीन खीन यह जीय के, जन्म होत अनंत;
अंतरदृष्टि होत जेही, सो देखत हे संत...२५
अनंत जन्म तब हि मिटे, हरि में रहे लेलीन;
श्रवनादि नवधा भक्ति विन, जान न देवे छीन...२६

આ જીવને ભગવાન સિવાયના ક્ષણે ક્ષણે અનંત સંકલ્પ થાય છે અને તેટલા તેને જન્મ થાય છે. તેને જે અંતરદૃષ્ટિવાળા સંત હોય તે જ દેખે છે. ૨૫. શ્રવણ આદિ નવ પ્રકારની ભક્તિ વિના જેની એક ક્ષણ પણ વ્યર્થ જતી ન હોય અને જે શ્રીહરિનાં સ્વરૂપમાં જ તલ્લીન રહેતા હોય તે જીવના અનંત જન્મ ત્યારે જ મટે છે. ૨૬.

सोरठा : हरि में रखनो चित्त, अभ्यास विन न रहे कबु;
जग कुं देखे विपरित, दुःख दुःख हि दुःखमय...२७

अभ्यास करे विन चित्त, चोटत नहिं हरि रूप महिं;
अनादि करिके प्रीत, जग में चित्त रसबस रहेउ...२८

માટે શ્રીહરિને સુખરૂપ જાણી તેમાં જ ચિત્ત રાખવું જોઈએ, પણ તે અભ્યાસ કર્યા વિના ક્યારેય રહે નહિ. જ્યારે આ જગતને વિપરીત દેખે કહેતાં દુઃખ દુઃખ અને દુઃખમય જ દેખે; આવો અભ્યાસ કર્યા વિના મનુષ્યનું ચિત્ત ભગવાનના સ્વરૂપમાં ચોંટે નહિ. ચિત્ત તો અનાદિકાળથી જગતમાં હેત કરીને રસબસ થઈ રહ્યું છે. ૨૭-૨૮.

ચિત્તમાંથી જગતની વાસના ઉખાડી નાખે એવા જે સંત હોય, તેની સાથે જીવ જ્યારે હેત કરે, તેમના કહેલા વચનને હિતકારી માને, તે સંત કહે તે રીતે અભ્યાસ કરે અને તે સંત આગળ સરલ બનીને વર્તવા લાગે. વળી શ્રીહરિ અને સંતને જીવના હિતકારી માને, તે સિવાયનાં બીજા બધાને કલ્યાણના માર્ગમાં વિઘ્નરૂપ માને. ૨૯-૩૦. તેમજ શ્રીહરિ અને સંતનો જ અચળ વિશ્વાસ રાખે, બીજા કોઈનો પાશ લાગવા ન દે, ભગવાન અને સંત સિવાયનું બીજું જે કાંઈ હોય તેને ઘોર નરક જાણે; તેનું જ ચિત્ત ભગવાનમાં રસબસ થાય છે. ૩૧.

સંતો પરસ્પર આવી વાતો કરતા અને શ્રીહરિના ગુણોનું ગાન કરતા. સંતોની આવી રીત દેખીને શહેરના લોકોનાં મનમાં અતિ ઉત્સાહ વધતો હતો. ૩૨. અને તેનાથી શહેરના ઘણા જ મનુષ્યો સત્સંગી થયા. તેમણે મિથ્યા ગુરુઓને છોડી દીધા. જેને ધર્મ ગમતો હતો આવા ધર્મપ્રિય બ્રાહ્મણો અને ધર્મપ્રિય વેરાગીઓ જે હતા. ૩૩. તેઓ બધા બંને હાથ જોડીને શ્રીહરિના સંતોને પગે લાગતા હતા. તેઓએ અધર્મીઓનો પ્રસંગ છોડી દીધો. આવું બધું જોઈને જે લોકો અધર્મી હતા તે બધા મનમાં બળી ઊઠ્યા. ૩૪. તેમની જેટલી સામર્થી હતી તે બધી વાપરી ચૂક્યા. પણ તેમનું બળ લેશમાત્ર ચાલ્યું નહિ. તેથી તેઓ મનમાં ઘણા જ દુઃખી થયા. ૩૫.

સંતોને અત્યંત ધર્મવાળા માનીને મોટા મોટા રાજાઓ પણ શ્રીહરિને હાથ જોડતા હતા. તેથી જે સાધારણ મનુષ્યો હતા તેપણ બધા શ્રીહરિને અને સંતોને નમતા થઈ ગયા. ૩૬. શ્રીનગરના નિવાસી સૂબા મલ્લબા દાદા ઉર્ફે

રઘુનાથ શેલુકરે શ્રીહરિનું અત્યંત સન્માન કર્યું એટલે કૂતરાં, ભૂંડણાં અને ગધેડાં જેવા જે હતા તે ભૂંકતા રહ્યા. નિંદા કરતા રહ્યા પણ તેમનું કાંઈ ચાલ્યું નહિ. ૩૭. શ્રીહરિની સૂબાએ રાજદ્વારમાં પધરામણી કરી. અતિશય આદર-માન આપ્યું. તૈયાર કરેલા મોટા તખત ઉપર પધરાવીને શ્રીહરિના ચરણોમાં મસ્તક નમાવ્યું. ૩૮. કેસરચંદન લઈને શ્રીહરિના બધા અંગો ઉપર તે ચરચ્યું. વસ્ત્રો અને આભૂષણો પહેરાવ્યાં. પછી તેઓ શ્રીહરિની સ્તુતિ કરવા લાગ્યા, ૩૯. જગતનો ઉદ્ધાર કરવા દ્વિજકુલમાં અવતરેલા એવા આપનો જય થાઓ...જય થાઓ... અનેક જીવોનો ઉદ્ધાર કરવા માટે આ ઘોર કળિયુગમાં પ્રકટેલા એવા પરમેશ્વર આપનો જય થાઓ...જય થાઓ. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શ્રીનગરમાં સત્સંગનો પવિત્ર ઉદ્‌ઘોષ અને સૂબાએ શ્રીહરિની પધરામણી કરી' એ નામે એકસોને સાતમો તરંગ સમાપ્ત ॥૧૦૭॥



પૂર ચોથું : તરંગ - ૧૦૮

શ્રીનગરમાં સૂબાએ રાજદરબારમાં શ્રીહરિની પધરામણી કરી

અમદાવાદના સૂબાએ બંને હાથ જોડીને શ્રીહરિને કહ્યું, 'આપે અનંત કાઠીઓને અને કોળીઓને પાપમય કર્મથી છોડાવી દીધા છે. ૧. બીજા બધા ધર્મ માર્ગો-સંપ્રદાયો અનંત છે. પરંતુ તેઓ અત્યારે પ્રાયઃ દુરાચારથી મલિન થઈ ગયા છે. તેઓ ધર્મના નિયમોને તો પૂરા જાણતા નથી અને ફેલમાં નિપુણ થઈ ગયા છે. ૨. જે ગુરુનું જેવું વર્તન હોય, તેના બધા શિષ્યો પણ તેવા જ થાય છે. દીવામાં જેવું દિવેલ હોય તેવી દિવેટ ઉપર જ્યોત સળગતી હોય છે. દિવેલ વિના જ્યોત બુઝાઈ જાય છે. ૩. જે ગુરુમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ હોય તેવા ગુરુથી સૂર્ય જેમ અંધારાનો નાશ કરે છે તેમ સર્વ પાપ કર્મોનો નાશ થાય છે. ૪.

અત્યારે આપ એક સૂર્યના જેવા છો તેનાથી આપે અનેક જીવોને તાર્યા છે. જે લોકો ધર્મવાળા છે તેમને આપ અત્યંત પ્યારા લાગો છો પણ જે

અધર્મી છે તેમને અતિશય ખારા લાગો છો. ૫. અધર્મી લોકો આપનો દ્વેષ કરે છે પણ તેમનું આપના ઉપર કશું ચાલતું નથી. તેઓ આપની સન્મુખ જોઈ શકતા નથી, પાસે આવતા તો તે આપનાથી બળે છે. ૬. તેઓ દૂર રહ્યા રહ્યા બકવાદ કરે છે, પણ પાસે આવવાથી તો ઊલટો સંતાપ વધે છે. જ્યારે અધર્મને જ લોકો ધર્મનું મુળદ્વાર માને ત્યારે તે લોકોનો તે ધર્મ તેનો ક્યારેય ઉદ્ધાર કરતો નથી. ૭. જેમ મળદ્વારને ધોવામાં આવે તો દુર્ગંધ આવતી નથી. પણ જો તેને ધોવામાં ન આવે તો તેમાંથી દુર્ગંધ છૂટે છે, તેમ જ્યારે મુળદ્વાર રૂપ અધર્મને ઢાંકવામાં આવે છે ત્યારે ધર્મની શોભા વધે છે. ૮.

આપ તો મોક્ષનાદાતા ઈશ્વર છો. આપ જે કરો તે આપને બધું જ શોભે છે. હું તો જીવ છું. સામાન્ય બુદ્ધિનો છું, તો જે કાંઈ અયોગ્ય હોય તો આપ ક્ષમા કરશો. ૯. સંચિત, પ્રારબ્ધ અને ક્રિયમાણ એ ત્રણ પ્રકારના કર્મ છે અને જીવ તે ઈશ્વર પ્રેરિત કર્મોને અનુસારે સંસારમાં લખચોરાશીમાં ભટકે છે. ૧૦. એ બધા માયિકકર્મ કહેવાય છે અને આપ તેનાથી છોડાવનારા છો. આપ તો તે ત્રણે કર્મોથી પર છો, ત્રિગુણાતીત છો. આપના આશ્રયથી અને ભજનથી જીવ કર્મોથી બહાર નીકળે છે. ૧૧. આવું બધું અમે જાણીએ છીએ છતાં અમારાથી ક્યારેય ભગવાનનું ભજન થાતું નથી. આગળ-પાછળ સહુને મરવાનું તો છે જ. અમે કોઈ કાંઈ કાયમ રહેવાના નથી. ૧૨. રાજપાટ, બધી સાહેબી આ બધું બે દિવસ પછી જ નહિ હોય. હાથી, ઘોડા અને બધું ધન જ્યાં હશે ત્યાંનું ત્યાં જ પડ્યું રહેશે. ૧૩. આ વાતમાં કાંઈ ભૂલ થતી નથી. તે બાબત નિશ્ચિત જ છે. જે દેખાય છે તે બધું ખોટું જ છે. છતાં પણ આત્મકલ્યાણનો ઉપાય થાતો નથી. ૧૪. આનું કારણ શું છે ? તેની અમને કાંઈ ખબર પડતી નથી. આ શરીર રજોગુણમય છે, તેથી અમારી બુદ્ધિમાં અંધધંધ અને અતિ અંધકાર વર્તે છે. ૧૫. અમે અમલદાર-અધિકારી છીએ. તેનો અમને ઘણો કેફ રહે છે. તે કેફ ક્યારેય ઊતરતો નથી. દિન-પ્રતિદિન તેનો રંગ વધતો જાય છે. તેથી બુદ્ધિમાં અંધકાર રહે છે, એમ લાગે છે.' ૧૬.

ત્યારે શ્રીહરિએ તેમનું હિત કરવાની ભાવનાથી કહ્યું, 'તે બાબતમાં અમને દેખાય છે તે અમે કહીએ છીએ. તમારા પ્રશ્નનો ઉત્તર એકસરખો

હોતો નથી. જેની જેવી બુદ્ધિ હોય તે પ્રમાણે તેઓ કહે છે. ૧૭. ઉત્તર એવો કરવો જોઈએ કે સાંભળનારાનાં હૃદયમાં ચોંટી જાય. જે ઉત્તર અંતરમાં ચોંટી ન જાય તે ખરે ટાણે કાંઈ કામ આવે નહિ. એવી તો જગતમાં લોકો બનાવીને બહુ વાતો કરે છે. ૧૮. સહુ પહેલા જિજ્ઞાસુને થોડો પણ ખપ હોવો જોઈએ અથવા તો ઉપદેશ કરનારામાં વિશ્વાસ હોવો જોઈએ. કેમ જે જેને ખપ અને વિશ્વાસ હોય તેને જ ઉપદેશ અસર કરે છે. જેને સાચો ઉપદેશ ગમે નહિ અને તેનો ત્યાગ કરી દે તે તો અતિ બાળક કહેવાય. જે એકદમ નાનું બાળક હોય, જેને કાંઈ ગમ પડતી ન હોય, તો તે બાળકની રુચિ પ્રમાણે માતા અન્નના ઉપર તેને પ્રેમ કરાવે છે. ૧૯-૨૦.

❋ ત્યાગે તેને આગે, માગે ત્યાંથી ભાગે :

चोपाई :

प्रभु की गम नहिं जा लग जेहा, शास्त्र बालक कहत हे तेहा;
मनुष्य देहको फल हे एता, प्रभुकुं एक भजना तेता...२१
अमल जीय ईनसे बहु कीने, इन्द्र सरीखे देहकुं लीने;
तोहु अमल को न आयो पारा, ब्रह्मा लग देह पायो अपारा...२२

તેમ જ્યાં સુધી મનુષ્યને પરમેશ્વરની કાંઈ ગમ ન હોય ત્યાં સુધી તેને શાસ્ત્ર બાળક કહે છે. એક પ્રભુનું ભજન કરવું એટલું જ મનુષ્યદેહનું ફળ કહેવાય છે. ૨૧. મનુષ્યદેહમાં રહીને આ જીવે ઘણો જ અધિકાર ભોગવ્યો છે. ઇંદ્રના જેવો દેહ ધારીને તેનો પણ અધિકાર ભોગવ્યો છે. અરે ! બ્રહ્મા સુધીના અપાર શરીર ધારણ કર્યા છે. પરંતુ તે અધિકારનો પાર આવતો નથી. ૨૨. જીવ લખચોરાશીમાં જેટલી જાતિની સ્ત્રી કહેવાય છે તે બધીને ભોગવી ચૂક્યો છે. સોનું આદિ અનંત જાતિનું ધન કહેવાય છે. ૨૩. માણેક, મોતી, હીરા એ બધી ઝવેરાત; હાથી, ઘોડા વગેરે પશુ; મેવા, ફળ અને અન્ન રસ તથા પચાસ કોટિ યોજનની પૃથ્વીનું વિશાળ રાજ્ય આ બધાને મેળવી-પામી ચૂક્યો છે. ૨૪.

दोहा : भोग करि जिय आये सब, तोहु न त्रपत रहाय;
नास होत तोहु चहत तेहि, ताकुं न बुद्धि कहाय...२५

प्रह्लाद प्रियव्रत ध्रुव हि, सो साचे बुद्धिमान;
नारद के वचन सुनिके, रखे उर एक भगवान...२६

તે બધાને ભોગવી ચૂક્યો હોય છે તોપણ જીવને આજ સુધી તૃપ્તિ થઈ નથી. જે અત્યંત નાશવંત છે છતાં પણ જીવ તેને ચાહે છે, તે કાંઈ જીવની બુદ્ધિમત્તા ન કહેવાય. ૨૫. પ્રહ્લાદ, પ્રિયવ્રત અને ધ્રુવ તે ખરેખર બુદ્ધિમાન કહેવાય. જેણે નારદજી જેવાનો ઉપદેશ સાંભળીને હૃદયમાં એક ભગવાનને ધારી લીધા. ૨૬.

सोरठा : व्यवहारिक बुद्धि जोउ, मोक्ष के काम न आत तेहि;
संत पलटावे सोउ, तन मन दिये जो ताहि...२७

અને જે વ્યાવહારિક બુદ્ધિ છે તે ક્યારેય મોક્ષના કામમાં આવતી નથી. જો સંતોને તન મન અર્પણ કરી દીધા હોય તો સંતો તે બુદ્ધિને પલટાવી નાખે છે. ૨૭.

તમે આવા સંતોની સેવા કરી છે. માટે મોક્ષરૂપ પુરુષાર્થનું જે કાર્ય છે તે તમે કરી લીધું છે. હવે તમારે કરવાનું કાંઈ રહ્યું નથી. ૨૮. જાણીને કે અજાણે જે મનુષ્ય અમૃતરસનું પાન કરે છે અને પછી જો ફરીને ઝેરનો સ્વાદ ન લે તો તે અમૃત, તે મનુષ્યને અમર કરી દે છે. ૨૯. આવી કથાઓ તો પુરાણોમાં અનંત છે. ઠેકઠેકાણે વ્યાસમુનિએ કહી છે. વૃકાસુરે અને વૃત્રાસુરે પહેલા તો વરદાન પ્રાપ્ત કર્યું. ૩૦. પણ પછીથી મોટા પુરુષનો દ્રોહ કર્યો, તેનાથી તેમને ઘણું દુઃખ ભોગવવું પડ્યું હતું. તે સિવાય બાણાસુર જેવા બીજા પણ ઘણા હતા, જેની ગણતરી કરતા કોઈ પાર આવે તેમ નથી. ૩૧.

શ્રીહરિએ ત્યાં આવી ઘણી વાતો કરી તે સાંભળીને તે વખતે સૂબાજી ખૂબ જ રાજી થયા. પછી તેણે સહુ સંતોની પૂજા કરી અને અલૌકિક લાભ લીધો. ૩૨. શ્રીહરિની સાથે જેટલા દરબારો હતા તે બધાને પણ એકેક શાલ ઓઢાડી. સહુને લાવીને એકેક પાનબીડું આપ્યું અને સહુના ઉપર ગુલાબ જળ પણ છાંટ્યું. ૩૩. તેણે બધા કાઠી દરબારોના વખાણ કર્યા અને કહ્યું, ‘તમારા ઉપર આ ભગવાન રાજી થયા છે, તેનાથી તમે બધા પૂજ્ય થયા છો.

અરે, અહીંયાં ઘણા મોટા મોટા ભૂપ આવે છે. ૩૪. તેઓ વારંવાર અમને વંદન કરે છે, છતાં અમે તેમની સાથે વાત કરતા નથી.'

પછી તેણે મોટેરા સંતોના અને વર્ણીઓના નામ પૂછ્યા. ૩૫. પછી સૂબાએ સંતોની આગળ હાથ જોડીને કહ્યું, 'બધા જ ભેખધારીઓએ પોત પોતાનો ધર્મ છોડી દીધો છે. ચાર વર્ણના અને ચાર આશ્રમના બધા લોકો એકાકાર થઈ ગયા છે. ૩૬. હવે એવા સમયે આપ લોકોએ ધર્મને શાસ્ત્ર પ્રમાણે પાળવા માટે સ્વીકારી લીધો છે. તેથી ધર્મ પાળનારા આપ સહુ શ્રેષ્ઠ થયા છો. અને બધા દેવોને માટે પણ પૂજ્ય થયા છો. ૩૭.

આજે અમદાવાદ શહેરના ઘણા ધન્ય ભાગ્ય ગણાય. કેમ જે, આપ સહુએ આ નગરમાં ચરણ મૂક્યા છે. આપને જમાડનારા ગૃહસ્થોને પણ ધન્ય છે, તેણે પોતાનો મોક્ષ સાધી લીધો છે. ૩૮. શ્રીહરિએ અહીં પધારીને અમને અત્યંત નિર્દોષ કર્યા છે. આટલા દિવસ સુધી અમે ભૂલમાં અજ્ઞાની બાળકની જેમ બોલતા રહ્યા. ૩૯. જે લોકોને આપનો પરિચય-ઓળખાણ નથી તે બધા બાળકના જેવા જ છે. જે લોકો વગર સમજે આપના વિરુદ્ધ બોલે કે તેને સાંભળે તે બધા અતિ દોષને પામે છે. ૪૦.

જે નિર્દોષ પુરુષ કહેવાતા હોય તેને માથે દોષનો આરોપ મૂકે અને પોતે તો તે દોષોથી અતિશય ભર્યા હોય, તો તેને કેવું ઠેકાણું મળે ? ૪૧. આપ તે બાબતમાં મને વિસ્તારીને વાત કરો. જૂના આખ્યાન કહીને સમજાવો. આપનો યોગ ફરીને ક્યારે થશે ? અમને તો આ પ્રવૃત્તિનો રોગ લાગ્યો છે.' ૪૨. ત્યારે સંધ્યા સમય થયો એટલે મહેલમાં અપાર દીવાઓ થયા.

પછી શ્રીહરિ બોલ્યા, 'ચિત્રકેતુ નામે એક ચક્રવર્તી રાજા હતા. ૪૩. તે નારદના શિષ્ય થયા હતા. તેને કરોડ સ્ત્રીઓ હતી. નારદના ઉપદેશથી તે બધી સ્ત્રીઓનો તેણે ત્યાગ કરી દીધો. ૪૪. તેના મનમાં તે ત્યાગનો ઘણો જ ગર્વ હતો. કોઈ વખતે તે વિમાનમાં બેસીને કૈલાસમાં શંકરનાં દર્શન કરવા આવતો હતો. ૪૫. ત્યાં મોટા મોટા યોગીઓની વચ્ચે શંકર દિગંબર થઈને બેઠા હતા અને ખોળામાં પાર્વતીને લીધા હતા. તે દેખીને દૂષિત

વિચારવાળો ચિત્રકેતુ હસવા લાગ્યો. ૪૬. શંકરે તો ચિત્રકેતુના હસવા તરફ ધ્યાન ન આપ્યું. પણ પાર્વતીને ક્રોધ થયો અને તરત જ શાપ દીધો. તેનાથી તે તે જ સમયે વૃત્રાસુર થયો. ૪૭. જે નિર્દોષ હોય તેના ઉપર જે મિથ્યા દોષનો આરોપ કરે તે આવી રીતે અસુરની ગતિને પામે છે. તે સિવાય એક સહસ્રાર્જુન રાજાની મોટી કથા હું તમને કહું છું. ૪૮.

જમદગ્નિ ઋષિ મહાન નિર્દોષ હતા. સહસ્રાર્જુન રાજાએ તેનો અપરાધ કર્યો. તેથી બધા ક્ષત્રિયોનો એકવીશવાર વિનાશ થયો અને તેને લીધે ઘણું જ કષ્ટ સહન કરવું પડ્યું. ૪૯.હિરણ્યકશિપુએ નિર્દોષ પ્રહ્લાદનો દ્રોહ કર્યો, તેનાથી તેનો તત્કાળ નૃસિંહ ભગવાને વિનાશ કર્યો. આમ **નિર્દોષ ઉપર દોષ મુકનારા ગમે તેટલા સમર્થ હોય તોપણ અધોગતિને પામે છે.**' ૫૦. આટલી વાત કરીને શ્રીહરિ તત્કાળ ઊઠ્યા. મહાન ચતુર સૂબાજી મનમાં ઘણું જ ખુશી થયા. ૫૧. શ્રીહરિના ચરણોમાં પડ્યા અને તેણે કહ્યું કે 'આ નગરમાં ફરીને પધારજો અને અમને દર્શન આપજો.' ૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શ્રીનગરમાં સૂબાએ રાજદરબારમાં શ્રીહરિની પધરામણી કરી' એ નામે એકસોને આઠમો તરંગ સમાપ્ત ॥૧૦૮॥

પૂર ચોથું : તરંગ - ૧૦૯

શ્રીહરિએ નિર્માનીપણું અને દીનપણું એ બેનું મહત્ત્વ કહ્યું

રાજદરબારમાંથી જ્યારે શ્રીહરિ ચાલ્યા ત્યારે અનંત વાજિંત્રો વાગવા લાગ્યા અને શ્રીહરિની બધી સવારી પણ આવી. ૧.તેમજ રાજાની બધી સવારી આવી. અપાર શોભા કરી હતી. રાજમાર્ગ ઉપર બધા દીવા કર્યા અને બિલોરી ઝાડ પણ લાવ્યા. ૨. જય જયકારના ધ્વનિ સાથે શ્રીહરિ હાથીના ઉપર બેઠા. ત્યાં સુધી સૂબાજી શ્રીહરિનો હાથ પકડીને આવ્યા. ૩. શ્રીહરિને ચામર કરવા માટે ચિમનરાવજી બેઠા. શ્રીહરિએ સરકારને (સૂબાને) કહ્યું 'હવે આપ ઊભા રહો.' ૪. દસ-વીશ જેટલા ચોપદારો ઘણા જ પ્રેમથી

વારંવાર “જય જય મહારાજાધિરાજ” આવું બોલતા હતા. ૫. શ્રીહરિ જ્યારે રાજમાર્ગ ઉપર ચાલ્યા ત્યારે લોકોની ઘણી જ ભીડ થઈ હતી. સહુને દર્શન દેતાં દેતાં શ્રીહરિ ધીરે ધીરે ચાલતા હતા. ૬. ધર્મવાળા લોકો શ્રીહરિનો યશ બોલતા હતા અને અધર્મી લોકોની છાતી બળતી હતી. જ્યારે નવાવાસમાં આવ્યા ત્યારે શ્રીહરિ હાથી ઉપરથી નીચા ઊતર્યા. ૭.

મંડપની વચ્ચે જે સિંહાસન હતું, તેના ઉપર શ્રીહરિ આવીને બેઠા. બિલોરી ઝાડ જે બાંધ્યા હતા, તે બધા પ્રકટાવ્યા. ૮. આવ્યા પછી ‘નારાયણ ધૂન’ કરી, તેનાથી આખું ભુવન ગજવી મૂક્યું. પછી જ્યારે શ્રીહરિ જમવા માટે ઊઠ્યા ત્યારે બધો સંતસમાજ બેસી રહ્યો. ૯.દંઢાવ્ય પ્રદેશના હરિભક્તોએ તે સમયે થાળ કરાવ્યો હતો. શ્રીહરિ થાળના વખાણ કરીને સરસ રીતે પ્રેમથી તે જમ્યા. ૧૦.

શ્રીહરિ જ્યારે જમી રહ્યા ત્યારે બધા દરબારોને બોલાવ્યા. દરબારો હરખભેર આવીને બેઠા. પછી શ્રીહરિ તેમને પીરસવા લાગ્યા. ૧૧. રોજ નવા નવા ભોજન અપાર થતા હતા. તેનો ગણતા પાર આવતો ન હતો. હરિભક્તોનો ઘણો જ પ્રેમ જોઈને દરબારો બધા બોલતા કે, ૧૨. ગુજરાતના જેવા ક્યાંય પ્રેમી હરિભક્ત નથી. બધી રીતે તો અમે અહીંયાં આવ્યા ત્યારે ખબર પડી. ૧૩.

અહીંના હરિભક્તોને દર્શન કરવામાં, ખર્ચ કરવામાં અને સેવા કરવામાં અપાર શ્રદ્ધા છે અને સહુ ધર્મ પાળવામાં તો એક એકથી ઘણા શૂરવીર અને સારા છે. ૧૪. ગોપીઓનો અને ગોવાળોનો અપાર પ્રેમ શાસ્ત્રમાં લખેલો છે. પરંતુ અહીંયા તો તે પ્રેમ પ્રત્યક્ષ દેખાય છે. બધે અતિશય પ્રેમ પ્રેમ અને પ્રેમ જ છે. ૧૫. સેવા કરવામાં તો દિન પ્રતિદિન હેત અધિક દેખાય છે ક્યાંય પાછો પગ રાખતા નથી. એક એકથી બીજા વધારે સરસ રહે છે.’ ૧૬.

✳ દિવ્યમતિ વિના દિવ્યગતિ અશક્ય છે :

ચોપાઈ :

तब श्रीहरि सो बोलत भयेउ, दिव्य धाम के हरिजन रहेउ;
तेहि विन जिव न मिले एसा, हम देखत सब दिव्य हि तेसा...१७

एक एक नाम जानत हमही, कोईकुं नहिं केहेवत तुमही;
कहे जेसे न पात्र भये हो, ज्यां लग यह देह में रहे हो...१८

ત્યારે શ્રીહરિએ દરબારોને કહ્યું, 'આ હરિભક્તો બધા દિવ્ય ધામમાંથી આવ્યા છે. તેના સિવાય આવા કોઈ જીવ ન હોઈ શકે. અમે બધાને દિવ્ય હોય તેવા જ દેખીએ છીએ. ૧૭. અમે તે ધામના મુક્તોના એક એકના નામને જાણીએ છીએ પણ કોઈને કહેતા નથી. જ્યાં સુધી તમે આ માનવ દેહમાં રહ્યા છો ત્યાં સુધી હજી કહેવાને પાત્ર થયા નથી. ૧૮.

इतनो सत्संग रखो तुम जोउ, सबसे सरस हरिजन भये सोउ;
एक एक को न लियो अभावा, तुम सम कोउ हरिजन न रहावा...१९

महामुक्त यह देह में आवे, ताकी दशा देहरूप फरि जावे;
अति लोभ अति क्रोध देखावे, ताको तर्त अभाव हि आवे...२०

જો આટલો (દિવ્યભાવરૂપી) સત્સંગ તમે રાખો તો સહુમાં સરસ હરિભક્ત થાઓ. પરસ્પર એકબીજાનો અવગુણ-અભાવ ન લો, તો તમારા સમાન બીજો કોઈ હરિભક્ત ન રહે. ૧૯. મહાનમુક્ત પણ જો આ માનવદેહમાં આવે, તો તેની સ્થિતિ દેહના જેવી બદલાઈ જાય છે. તેમાં ક્યારેક અતિ લોભ દેખાય કે અતિ ક્રોધ દેખાય, ત્યારે તરત જ તેનો અભાવ આવે. ૨૦. જો દેહે કરીને તે વધારે રસાસ્વાદી દેખાય, તોપણ તેનો તરત અભાવ આવે. દેહના યોગથી બુદ્ધિ જુદી જ થઈ જાય છે. મુક્તનું પણ એમાં કાંઈ જોર ચાલતું નથી. ૨૧. તમે કોઈ તેને યથાર્થરૂપમાં જાણી શકો નહિ, તેથી હું તેને છુપાવી રાખું છું. જો વાત ઢાંકી રહે તો તેમાં અપાર રસ રહે. હરિભક્તોના મહિમાનો તો કોઈ પાર જ નથી. ૨૨.

चोपाई :

दिव्य धाम के जानो याहि, यामें वात सब हि रहाहि;
मति को जो न रहत निरधारा, गुन करी फरी जात न वारा...२३

सत्संग को अति खप रखे जाहि, गरजवान अति रेहेवे ताहि;
निज बुद्धिकुं तुछ हि जाने, हरिजन सबकुं महत प्रमाने...२४

બસ, બધાને દિવ્યધામના મુક્ત જ સમજો. એમાં બધી જ વાત આવી જાય છે. માનવબુદ્ધિનો કોઈ નિર્ધાર રહેતો નથી. માયાના ગુણોથી બુદ્ધિને ફરતા કાંઈ વાર લાગતી નથી. ૨૩. જેને સત્સંગનો ખપ હોય તે અતિશય ગરજુ થઈને રહે, તે પોતાની બુદ્ધિને તુચ્છ ગણે અને બધા હરિભક્તોને પોતાનાથી શ્રેષ્ઠ સમજે. ૨૪.

दोहा : सो सत्संग में बढत अति, मान रखत घट जात;
कोउ गुन को मान न रखनो, यह भूलना न कबु बात...२५

આવો જે થાય તે સત્સંગમાં આગળ વધે છે અને જો માન રાખે તો તે ઘટી જાય છે. ભક્તજને પોતાના કોઈ ગુણનું માન રાખવું નહિ. આ વાતને ક્યારેય ભૂલવી નહિ. ૨૫.

જેમ અમૃત જેવા રસને ઝેર બગાડી નાખે છે તેમ માન બધા જ ખેલને બગાડી નાખે છે. માટે હરિભક્તે માન રાખવું નહિ, તેનો ત્યાગ કરવો. જો માનનો ત્યાગ કરવામાં ન આવે તો ફરીવાર કુસંગ આવી જાય છે. ૨૬. દક્ષ પ્રજાપતિ ઘણા બુદ્ધિશાળી હતા. વળી ઈન્દ્રના સમાન બીજો કોઈ નિપુણ ન કહેવાય. પણ તેમણે જો માનની સાથે મિત્રતા રાખી, તો તેનાથી તેઓ અત્યંત દુઃખી થયા હતા. ૨૭. દેહ અને જીવ બંને જુદા છે અને એકેય પોતાની રીતે સ્વતંત્ર નથી, તે બાબત વિચારવા જેવી છે. વિચાર નહિ કરનારો મનુષ્ય અંધ કહેવાય છે. ૨૮. ભગવાને અંદરની અને બહારની બે જાતની આંખો આપી છે.

પશુની પંક્તિમાંથી કાઢીને મનુષ્ય બનાવ્યા છે. અને તેને મનુષ્યના જેટલા ગુણ કહેવાય તે બધા બતાવી દીધા છે. ૨૯. તેમાં સત્સંગ સૌથી દુર્લભ છે. સંતોએ સત્સંગ પ્રાપ્ત કરાવી દીધો છે. સંતોની સાથે અને ભગવાનની સાથે ઓળખાણ થઈ છે. હવે તેનાથી અધિક-વિશેષ કાંઈ બાકી રહ્યું નથી. ૩૦. તેમાં જે જે વિઘ્ન રહ્યા તેને નિત્ય સંતોની પાસે બેસીને ઓળખી લેવા. જે સાવધાન ન રહે અને નિર્ભય થઈ જાય તો તેને કલ્યાણના માર્ગમાં ઘણા જ વિઘ્ન થાય છે, આવો વિચાર વારંવાર કરવો. ૩૧.

ચોપાઈ :

ज्युं ज्युं अधिक शुभ गुन आवे, त्युं त्युं अति दीनता पावे;
दीनता पद सम पद न कोउ, निर्भे स्थान तेहि हे सोउ...३२

જેમ જેમ સારા શુભ ગુણ વધારે આવે તેમ તેમ ભક્તે અતિશય દીનપણે રહેવું જોઈએ. દીનપણા જેવું બીજું કોઈ પદ નથી. દીનતા તે નિર્ભય સ્થાન છે. ૩૨.

દીનતા છે તે ભગવાનનું પદ(ધામ) છે અને અભિમાન છે તે રાવણ, હિરણ્યકશિપુ અને કંસનું પદ છે. ૩૩. સ્વામી રામદાસજી, મુક્તાનંદસ્વામી, સંન્યાસી પૂર્ણાનંદસ્વામી અને પર્વતભાઈ વગેરે એ બધા ૩૪. જેમ જેમ સત્સંગ કરતા જાય છે તેમ તેમ તેમાં દીનતાનું અંગ આવતું જાય છે. તેઓ બોલતાં કે ચાલતાં હરેક પ્રસંગે કેટલા શાંત હોય છે ! સમગ્ર સંતોએ અને હરિભક્તોએ તે શીખવા જેવું છે. ૩૫.

દુનિયામાં તેમને કોઈ ઓળખે ન ઓળખે, આજ સત્સંગમાં તેમના સમાન કે તેમનાથી અધિક કોઈ નથી. બાઈઓમાં પણ જીવુબા(મોટીબા) છે, તેઓ જેમ જેમ સત્સંગ કરતા રહ્યા તેમ તેમ તેમાં દિન પ્રતિદિન સંતોના ગુણો ઘણા જ આવતા રહ્યા છે. બીજી બધી બાઈઓ તેવા સદ્‌ગુણોને શીખે તેને જ સત્સંગ કહેવાય છે. ૩૬-૩૭.

दोहा : दीनता पद हे संत को, संत सम पद नहिं कोई;
राधा रमा सो इच्छत हे, अब लग न पाये सोई...३८

દીનતા પદ છે તે સંતનું પદ છે અને સંતના જેવું બીજું કોઈ પદ નથી. રાધા અને લક્ષ્મી પણ તે પદને ઈચ્છે છે છતાં તે પદને તેઓ આજ સુધી પામી શક્યા નથી.' ૩૮.

આટલી વાત શ્રીહરિએ કરી. પછી તેઓ આવીને સિંહાસન ઉપર બેઠા. પછી સંતોને કહ્યું કે 'જેટલી વાત કહેવાની હતી તે બધી કહી દીધી છે.' ૩૯. સંતોએ તે એકેએક વાતને હૃદયમાં લખી લીધી - ધારી લીધી અને 'આપણે સંતોને આધીન જ રહેવું છે' એમ સહુએ દૃઢ વિચાર કરી લીધો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શ્રીહરિએ નિર્માનીપણું અને દીનપણું એ બેનું મહત્વ કહ્યું' એ નામે એકસોને નવમો તરંગ સમાપ્ત ॥૧૦૯॥



પૂર ચોથું : તરંગ - ૧૧૦

શ્રીહરિ શ્રીનગરથી નીકળીને ભક્તોને દર્શન દેતા દેતા ગઢપુર પધાર્યા

રંગપાંચમ(ફાગણ વદ-૫)નો દિવસ હતો. શ્રીનગર શહેરના અને દેશદેશાવરના બધા હરિભક્તો પૂજાનો સામાન લઈને આવ્યા. ૧. સવારથી લઈને સાંજ સુધી વસ્ત્રો, આભૂષણો, ફૂલના હાર અને ચંદન ઈત્યાદિ બધી વસ્તુઓ પુષ્કળ પ્રમાણમાં સહુ લાવ્યા. ૨. યમુનાબહેન આદિક શહેરની બાઈઓએ મળીને એક રસોઈ આપી. તેમજ તે સહુએ શ્રીહરિની પૂજા પણ કરી. ૩. તે બધી બાઈઓએ વિપ્ર નાનાભાઈને હાથે પૂજા કરાવી. દૂર રહીને શ્રીહરિને અને સહુ સંતોને મસ્તક નમાવીને પ્રણામ કર્યા. ૪.

દામોદર, લાલદાસ, રણછોડ, હરિહર, ચોપદાર કુબેરસિંહ અને વજેરામ આદિ જે શ્રીનગરના સર્વ હરિભક્તો હતા, તેમણે ભેળા મળીને એક દિવસની રસોઈ આપી. તે સહુએ શ્રીહરિને ઘણા રાજી કર્યા અને વેલાલ ગામના જેસંગભાઈની પણ એક દિવસ રસોઈ લીધી. ૫-૬. પ્રાંતિજના તુલજારામભાઈની એક દિવસની રસોઈ લીધી. વડનગર અને વીશનગરના ઉત્સાહી હરિભક્ત બાઈભાઈ સહુની એક દિવસની રસોઈ લીધી. શ્રીહરિએ તેમને બોલાવ્યા અને સહુને રાજી કર્યા. દંઢાવ્ય દેશના બધા હરિભક્તોની પણ એક દિવસની રસોઈ લીધી. ૭-૮.

સિદ્ધપુર સુધીના બધા હરિભક્તો દર્શન કરવા માટે આવ્યા હતા. તે સહુએ દર્શન કર્યાં અને તુરંત જ તેમને શ્રીહરિના ભગવાનપણાનો નિશ્ચય થઈ ગયો. ૯. શ્રીહરિએ તે સહુને સમાધિ કરાવી. સદ્‌ગુરુ રામાનંદસ્વામીનાં દર્શન થયાં અને તેમના મુખે જ શ્રીહરિનો મહિમા કહેવડાવીને પોતાનાં સ્વરૂપનો

નિશ્ચય કરાવ્યો અને બધા 'સ્વામિનારાયણ' મંત્રનો જપ કરવા લાગ્યા. ૧૦. તે સહુએ રામાનંદસ્વામીને ઉદ્ધવના રૂપમાં જાણ્યા અને શ્રીહરિને 'નારાયણ' માન્યા કે જે અક્ષરપતિ અવિનાશી છે અને સર્વના કારણ છે, એવું પણ સમજમાં આવ્યું. ૧૧.

શ્રીનગરમાં કે આસપાસમાં કોઈને રઘુનાથદાસ ઉપર ભાવના ન રહી. આથી તે શ્રીનગરમાંથી ઉદાસ થઈને ભુજ ગયા. ૧૨. તેણે કચ્છના હરિભક્તોને પોતાના તરફ લઈ લીધા. સહુને તે પોતાની સાથે 'નારાયણ સર' લઈ ગયા અને શ્રીહરિ તરફથી સૌની ભાવના ફેરવી તેમની બુદ્ધિને મલિન કરી દીધી. ૧૩. ભુજના સુંદરજીભાઈએ રઘુનાથદાસની વિપરીત રીત દેખીને મનમાં વિચાર્યું. પછી તેણે એક પત્ર શ્રીહરિ ઉપર લખ્યો. ૧૪.

હે હરિ ! આપના વિના અને સંતોના વિના આ કચ્છ દેશ ઊજડ થઈ રહ્યો છે. રઘુનાથદાસે અહીં આવીને હરિભક્તોને વિમુખ કરી નાખ્યા છે. ૧૫. હરિભક્તો આગળ અમારી બળ જબરી ચાલે નહિ. આપ આવશો એટલે બધું સમું થઈ જશે. આપના વિના બધું અવ્યવસ્થિત છે. ૧૬. શેરડીના વાઢના અત્યારે ગધેડા ધણી થઈ ગયા છે અને ખાય છે. ભગવાન શ્રીકૃષ્ણ જ્યારે ગોકુલમાં હતા ત્યારે એક ધેનુકાસુર થયો હતો. ૧૭. તેણે તાલવનને કબજે કર્યું હતું. શ્રીકૃષ્ણ ત્યાં ગયા. શ્રીકૃષ્ણને દેખીને મહાભયંકર તે ધેનુકાસુર તત્કાળ સન્મુખ આવ્યો. ૧૮. શ્રીકૃષ્ણે તેને એક ઘડી રમાડ્યો પછી તેના પ્રાણ લઈ લીધા અને તાલવનથી દૂર કર્યો. આ વખતે આપ સંત થયા છો, તો સંતની રીતે આને અહીંથી કાઢી મૂકો. ૧૯. મારા ભાઈ જે હીરજીભાઈ છે. તેઓ ક્યારેય રઘુનાથદાસને માનતા નથી. કારણ કે અમે આપના પ્રતાપને દેખ્યો છે. તેને અમે મહાન પાપી માનીએ છીએ. ૨૦.

રામાનંદસ્વામીની હયાતીમાં પણ હીરજીભાઈને એનો બિલકુલ ભાર ન હતો. હીરજીભાઈ મહાન ચાલાક છે. જેનું જેવું વર્તન હોય તેને જોઈ જાણી લે. ૨૧. જેનું સારું પવિત્ર વર્તન દેખે તો હીરજીભાઈ જઈને તેને માથું નમાવી પગે લાગે. જેટલા બીજા મતપંથીઓ છે તેપણ હીરજીભાઈથી ધ્રૂજે છે. ૨૨. જે મતપંથીઓ અહીંયાં આવે છે તેને હીરજીભાઈ તેના જ મતના

પ્રશ્ન પૂછીને તેને હરાવી દે, એવા ચાલાક બુદ્ધિવાળા છે. ૨૩. રઘુનાથદાસ તેમના ભયને લીધે ભુજમાં આવીને રહેતા નથી. તે અહીં ગુપચુપ આવે છે અને પાછા જતા રહે છે. આપ અહીં આવો અને તેને અહીંથી કાઢી મૂકો. ૨૪. સદ્‌ગુરુ રામાનંદસ્વામીએ આ સત્સંગના માલિક આપને કર્યા છે. વળી સત્સંગી આપનાં વચનને માને તેવું દૈવત પણ આપને આપ્યું છે. ૨૫. અત્યારે તો આપ સહુને દૈવત આપો છો એવી રીત આપે ધારી છે. એટલા માટે જ અમે આપને કહીએ છીએ કે હે અસુરારિ, આપ અમારી વાતને સાંભળો." ૨૬.

પછી શ્રીહરિએ અમદાવાદથી નીકળવાની તૈયારી કરી અને ભાઈ રામદાસજીસ્વામીને વીસનગર મોકલ્યા. ૨૭. શ્રીહરિ જે રીતે શ્રીનગરમાં પધાર્યા હતા તે રીતે જ બહાર નીકળ્યા. બધા જ મતપંથીઓને જીતી લીધા અને પહેલા **અસલાલી** ગામ આવ્યા. ૨૮. વેણીભાઈ આદિ હરિભક્તો મોટા અમીન હતા. તેઓ શ્રીહરિની સન્મુખ આવ્યા અને ચરણોમાં પડ્યા. ત્યાંથી આનંદકારી શ્રીહરિ **જેતલપુર** પધાર્યા. ૨૯. ત્યાં એક રાત રોકાયા. બહુનામી શ્રીહરિએ ત્યાંથી સંતોને અલગ અલગ ગામોમાં સત્સંગ કરાવવા મોકલ્યા. વિચાર કરીને ગુજરાતના ચરોતર પ્રદેશમાં પણ મોકલ્યા.

ગિરિધારી શ્રીહરિ ત્યાંથી ચાલીને **ધોળકા** આવ્યા. ૩૦. ત્યાંના હરિભક્ત નારાયણજીભાઈ અને રેવાશંકર વગેરેએ શ્રીહરિનું ઘણું સન્માન કર્યું. ત્યાંથી શ્રીહરિ **કોઠ** ગયા અને ત્યાંથી **બળોલ** ગયા. ત્યાં નાડોદા રાજપૂત હરિભક્તો વીરાભાઈ, દેવાભાઈ, જાદવભાઈ અને વિશ્રામભાઈ આદિ હતા. (અહીં એક ચારણ જીજીભાઈ અને તેમના ધર્મપત્ની બહેનજીબા હતા. તેમના પુત્રનું નામ દેવીદાન હતું. તે દેવાનંદસ્વામી થયા હતા.) શ્રીહરિ ત્યાં બળોલમાં એક રાત રહ્યા. ત્યાંથી શ્રીહરિ ચાલ્યા તે **ખડોલ** અને **ખસતા** આવ્યા. ૩૧-૩૨. ત્યાંથી **રોઝકા** આવ્યા. ત્યાંના બધા હરિભક્તો શ્રીહરિની સામા આવ્યા. ત્યાં શ્રીહરિ કાકાભાઈના અતિ વિવેકભર્યા આગ્રહથી એક રાત રોકાયા. ૩૩.

ત્યાંથી શ્રીહરિ **ઝીંઝર** ગામ આવ્યા. ત્યાં ખોડાભાઈને દર્શન દીધાં. ત્યાંથી **ભીમનાથ** થઈને ચાલ્યા તે **પોલારપુર** રોકાયા. ૩૪. ત્યાંથી **કુંડળ** ગયા અને ત્યાંથી **કારિયાણી** આવ્યા. ત્યાંથી પછી **ઝીંઝાવદર** રોકાયા. શ્રીહરિ જે


જે ગામ આવ્યા ત્યાંના હરિભક્તોને બહુ જ સુખ દીધું. ૩૫. જે હરિભક્તોને જેવા મનોરથ હતા તેને શ્રીહરિએ તેવા રૂપમાં પૂરા કર્યા. પછી શ્રીહરિ **ગઢપુર** આવ્યા. ત્યારે ત્યાંના હરિભક્તો શ્રીહરિની સન્મુખ આવ્યા. ૩૬. દરબાર એભલ ખાચર તો એક કોશ જેટલું સામા આવ્યા. તેમણે શ્રીહરિને ઘણી વિનતિ કરી અને પોતાના દરબારગઢમાં લઈ ગયા. ૩૭.

પોતાનો બધો જ દરબારગઢ શ્રીહરિને અર્પણ કરી દીધો અને 'જ્યાં આપને ખુશી આવે ત્યાં આપ રહો.' એવું તે દરબારે કહ્યું. ૩૮. શ્રીહરિએ દરબારગઢની બધી જગ્યા જોઈ. પછી જ્યાં સાનુકૂળ ભવન જોયું તેમાં રહ્યા. તે ભવન એવું હતું કે જ્યાં શ્રીહરિની આજ્ઞા સિવાય કોઈપણ આવી શકે તેમ ન હતું. ૩૯. શ્રીહરિ જ્યાં જ્યાં ફર્યા તે બધી વાત શ્રીહરિએ દરબાર એભલ ખાચરને કહી. દરબાર પણ અત્યંત પ્રેમરસથી ભીંજાઈને સાંભળતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના ચતુર્થ પૂરમાં 'શ્રીહરિ શ્રીનગરથી નીકળી વચ્ચેના ગામોમાં ભક્તોને દર્શન દઈને ગઢપુર પધાર્યા' એ નામે એકસો અને દસમો તરંગ સમાપ્ત ॥૧૧૦॥



ઇતિ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથે ચતુર્થ પૂર સંપૂર્ણ



श्रीस्वामिनारायणो विजयतेतराम्

મહામુક્ત સ્વામી શ્રીસિદ્ધાનંદમુનિકૃત

શ્રીહરિચરિત્રામૃતસાગર પૂર - ૫

હિંદીનું ગુજરાતી ભાષાંતર

પૂર પાંચમું : તરંગ - ૧

શ્રીહરિ સભા કરવાનું સ્થળ જોવા જીવા ખાચરના દરબારમાં પધાર્યા

શ્રીહરિએ રામનવમી ગઢપુરમાં કરી. તે દિવસ દેશદેશના બધા હરિભક્તો ગઢપુર આવ્યા. ૧. દરબાર એભલ ખાચરે શ્રીહરિ પાસે આવીને પૂછ્યું, 'આપનો જન્મ કયે દિવસ થયો છે ? અમને તે સ્પષ્ટ કહો. અમે આ વાતને જાણતા નથી. આપ બતાવો તે દિવસ અમે સહુ ઉપવાસ કરીને ઉત્સવ કરીએ. કેમ જે આપનો જન્મ દિવસ અમે સહુથી અધિક જાણીએ છીએ. ૨-૩. જન્માષ્ટમી, રામનવમી અને વામન દ્વાદશીને ભગવાનનો જન્મદિવસ માનીને તે દિવસ ઉપવાસ કરીએ છીએ.' ૪. દરબારનું હેત જોઈને શ્રીહરિએ કહ્યું, રામચંદ્ર ભગવાનની જે જન્મતિથિ છે તે જ અમારી જન્મતિથિ છે. ૫. દસ ઘડી (૪.૦૦ કલાક) રાત વીતી કહેતા રાતના દસ વાગ્યા ત્યારે અમારો જન્મ થયો છે. તો તમારે સહુએ તે તિથિએ ઉપવાસ કરીને જન્મ સમયે ઉત્સવ કરવો. ૬. હરિભક્ત માત્રે તે અમારી જન્મતિથિ જાણીને તે દિવસે અતિશય શ્રદ્ધાએ સહિત ઉપવાસ કરવો.' ૭.

ત્યારે એભલ ખાચરે હાથ જોડીને કહ્યું, 'હે નાથ ! આપ દયા કરીને અમારી વિનંતીને સાંભળો, સંતો વિના ઉત્સવ કેમ શોભશે ?' ૮. ત્યારે શ્રીહરિએ કહ્યું, 'સંતો અમારી સાથે ઘણા દિવસ રહ્યા. બધા હમણાં જ જુદા પડ્યા છે. હવે તેઓ અહીંયાં ક્યારે આવે ? ૯. સંતો તો ઘણા દૂર દેશમાં છે અને અમારી જન્મતિથિ તો નજીક જ આવી ગઈ છે. મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી અને નિત્યાનંદસ્વામી વગેરે પચીસેક સંતો ઝીંઝાવદર ગામમાં આવીને રહ્યા છે. ૧૦. તો તમે તેમને બોલાવો. તેઓ સમાચાર મળશે એટલે અહીં આવશે.' ૧૧.

તેથી દરબાર એભલ ખાચરે શ્રીહરિના નામથી પત્ર લખાવ્યો અને સંતોને બોલાવી લીધા. પત્ર આવ્યો સાંભળીને સહુ સંતો ગઢપુર આવ્યા અને શ્રીહરિનાં દર્શન કર્યાં. ૧૨. દરબારગઢના દરવાજાની પાસે સંતોને ઉતારો કરાવ્યો. જ્યારે રામનવમીનો દિવસ આવ્યો ત્યારે હરિભક્તો ઘણા આવ્યા. તેનો કોઈ પાર ન રહ્યો. ૧૩. કાઠિયાવાડના ગામોમાં જ્યાં હરિભક્તો હતા તે બધા ગઢપુર આવ્યા અને ભાલ દેશના ગામોમાં પણ જેટલા હરિભક્તો હતા તે બધા ગઢપુર આવ્યા. ૧૪. શ્રીહરિ ગઢપુરમાં છે એમ સાંભળ્યું અને રામનવમીનો દિવસ છે એ જાણ્યું, એટલે ઝાલાવાડ, હાલાર, સોરઠ, વાળાક, ઊના-દિવબંદર, નાઘેર અને ગોહિલવાડ, એ બધા દેશના ગામોમાં જ્યાં જ્યાં હરિભક્તો હતા તે સહુ ગઢપુર રામનવમી ઉપર આવ્યા. શ્રીહરિનાં દર્શન કરીને સહુ અતિશય હેતથી પગે લાગ્યા. ૧૫-૧૮.

શ્રીહરિ ઉગમણા બારના ઓરડાની ઓશરીએ બિછાવેલા પલંગ ઉપર વિરાજમાન હતા. આગળના ભાગમાં સહુ સંતો બેઠા હતા. ૧૯. ચારે તરફથી ગામમાં આવતા હરિભક્તોની હાર થઈ. કોઈ ક્યાંય ઊભા પણ સમાતા ન હતા. તેને કારણે ઠેકાણે ઠેકાણે બધા ભવનો ઘણાં સાંકડા પડતા હતાં. ૨૦. તે સમયે શ્રીહરિનાં દર્શન કરવા માટે દરબાર જીવા ખાચર આવ્યા. તેમની સાથે પણ ઘણા માણસો હતા. તેમને પણ બેસવાની ક્યાંય જગ્યા મળી નહિ, એટલે તેમને પણ તે વખતે ઊભા રહેવું પડ્યું. ૨૧. ત્યારે શ્રીહરિએ કહ્યું, 'હવે આપણે શું કરશું ? ભક્તોને બેસવા માટે થોડીએ જગ્યા નથી.

ઘેલા નદીને કાંઠે છાંયો કરાવીને ત્યાં આપણે સહુ જઈને બેસીએ.' ૨૨. કરુણાનિધિ અને ભક્તજનપ્રતિપાલક શ્રીહરિ આવું કહીને તત્કાળ ઊઠ્યા. જ્યારે શ્રીહરિ પુરના માણેક ચોકમાં આવ્યા ત્યારે દરબાર જીવા ખાચર બોલ્યા, ૨૩. 'મહારાજ ! અમે હાથ જોડીને આપને કહીએ છીએ કે આપ અમારે ભવન પધારો. ત્યાં આવીને જુઓ. ત્યાં સભા થઈ શકે તેટલી જગ્યા છે એટલે ત્યાં આવીને સભા કરી જુઓ.' ૨૪.

દરબારનો ઘણો ભાવ દેખીને શ્રીહરિ હરખભેર તે તરફ ચાલ્યા. દરબારગઢમાં આવ્યા અને ત્યાં સભા કરી. ૨૫. ચોક ઘણો વિશાળ જોયો. લોકો ખુલ્લા બેઠા. તે જોઈને અવિનાશી શ્રીહરિ ખુશી થયા અને દરબારને કહેવા લાગ્યા, ૨૬. 'અમારા હરિભક્તો અપાર આવશે. તમારે ઘેર ભીડ ઘણી થશે. તેને તમે જો સહન કરી ન શકો તો આવીને તરત અમને કહેજો. ૨૭. અમે કોઈને દુઃખી કરતા નથી. જેમ સહુને સુખ થાય તેમજ અમે કરતા રહીએ છીએ. કેમ જે દુઃખથી જીવ ઝાંખો પડી જાય છે અને ઝાંખા પડી જવાય પછી ત્યાં રહેવામાં કાંઈ સ્વાદ રહે નહિ.' ૨૮.

ત્યારે જીવા ખાચરે કહ્યું, 'અમારે ત્યાં સભા કરો, તેને અમે અમારા ધન્યભાગ્ય માનીએ છીએ. અમે અમારી ખુશીથી આપને અહીં બોલાવ્યા છે. આપ અમારે ઘેર બળજબરીથી નથી આવ્યા. ૨૯. હરિભક્તોની ઝાઝી ભીડ થવાથી અમારા મનમાં ક્યારેય દુઃખ નહિ થાય. અમો તો આપની આગળ દીનઆધીન છીએ. સહુ સંતોને અહીંયાં બોલાવો. અમારી જગ્યામાં બધાને રખાવો. ૩૦. જ્યાં સંતો આવીને રહેશે ત્યાં કોઈ પણ સ્ત્રી કોઈ રીતે નહિ આવે. વળી ઘેલા નદી પાસે જ વહે છે. નહાવા-ધોવાની પણ અનુકૂળતા રહેશે. ૩૧. રસોઈ બનાવવા માટે વારંવાર પાણીની પણ જરૂર પડે. એટલે સંતો જ્યાં રસોઈ બનાવશે ત્યાં તુરંત જ કૂવો પણ ખોદાવી દેશું. ૩૨. આપ જેટલા દિવસ અહીંયાં રહેશો તેટલા દિવસ અમારા સહુના હૃદયમાં હરખ માશે નહિ. જે બાબતમાં અમને દિન-પ્રતિદિન હરખ થતો હોય તેમાં અમારા હૃદયમાં લગારેક પણ દુઃખ થાય નહિ. ૩૩. અમારે ઘેર આપની ભીડ ક્યાંથી હોય ? આપની ભીડ અમારે ઘેર રહે, એવું તો અમે

ઈચ્છીએ છીએ. આપની વાત તો કોઈ જુદી જ છે. આપના ઉપર અમારું કાંઈ જોર ચાલે નહિ. ૩૪.

આપ જ્યારે રામરૂપે થયા હતા ત્યારે શૂર્પણખા આપને વરવા માટે આવી. ત્યારે આપે તેના નાક કાન કપાવી નાખ્યા અને તેનું મુખ ઘણું કુરૂપ કર્યું હતું. પછી સીતાજીનું રાવણે અપહરણ કર્યું ત્યારે તેને માટે હરેક વનમાં ઘૂમ્યા અને રડતા રહ્યા. અને જ્યારે તેઓ આવ્યા ત્યારે તેમની સામે પણ જોયું નહિ અને છેલ્લે તેમને કાયમનો વનવાસ આપ્યો. પછી ફરીને તે સીતાજીને મળવાની ઈચ્છા કરી નહિ. ૩૫-૩૬. આપના જે આવા ચરિત્ર હોય છે તે અમને સમજાતા નથી. અમે તો તેમાં ભૂલા પડી જઈએ છીએ. અમે તેમને ક્યારેય ઓળખી શકતા નથી. ૩૭. અમે થોડી બુદ્ધિવાળા જીવ છીએ અને આપની ગતિ તો અપાર છે. ભવ બ્રહ્માદિક દેવોને પણ આપે ભૂલા પાડી દીધા છે. ત્યાં ઈન્દ્રનો તો ભાર જ શું હોય ?' ૩૮

શ્રીહરિ જીવા ખાચરની વિનંતી દેખીને તેના ઉપર અતિશય રાજી થયા અને મુખથી એમ બોલ્યા કે 'તમને કોઈ છોડીને જાશે નહિ, વિશ્વાસ રાખો. ૩૯. જે સમજુ થઈને પણ જગતમાં અતિશય લોભાઈ ગયા હોય, તેમને નિશ્ચિતપણે છોડવા પડે છે. તેમ અમે ચોક્કસપણે જાણીએ છીએ.' ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'શ્રીહરિ સભા કરવા માટે જીવા ખાચરના દરબારમાં પધાર્યા' એ નામે પહેલો તરંગ સમાપ્ત ॥૧॥



પૂર પાંચમું : તરંગ - ૨

સત્સંગની રીત અને સત્સંગમાં કુસંગની વાત

શ્રીહરિએ દરબાર જીવા ખાચર આગળ ફરીવાર વાત કરી કે 'અમે તો સમજુને જ વઢીએ-લડીએ છીએ. બીજાને તો અમે બોલાવતા પણ નથી. ૧. ઘાસની ગંજી ઉપર તોપની ચડાઈ ક્યારેય ન હોય, તે તો મજબૂત પથ્થરનો કિલ્લો હોય એના ઉપર જ શોભે. ૨. તમે મિથ્યા જગતમાં ઘણાં ઊંડા મૂળ

રોપી રહ્યા છો અને તેને તમે સાર રૂપ માની રહ્યા છો, તે તમારી મોટી ભૂલ છે. ૩. જગતને સારરૂપ માનીને જો સત્સંગ કરાતો હોય તો તો કેટલાએ મોટા મોટા રાજાઓ તમારી જેમ સત્સંગ કરે અને બીજા બધા પણ સત્સંગ કરે. ૪. અમે તમારી સાથે મળીને રહ્યા છીએ, પણ અમારી રીત તો કોઈ જુદી જ છે. **અમારું તાન તો જગતને મિથ્યા કરાવવાનું અને લોકોના જન્મ મરણના ભયને ટાળવાનું છે.** ૫. જીવને માથે જમપુરીનો અને લખચોરાશીનો અપાર ભય તોળાઈ રહ્યો છે. તે ભય અમને એક પળવાર ભુલાતો નથી, અને તમને તો તે ભય લેશ પણ નથી. ૬.

चोपाई :

फेरफेर न आवत नर देहा, सांज सवार हि मेलना गेहा;
मृत्यु रहे गले छरी लगाई, तोहुक फिरत हो हरखाई...०७
नेत्र दिये तोहु चलत हो मेंची, तेहि कर वात करत हें खेंची;
हमारे स्वार्थ ओर न लेशा, स्वार्थ हित न करत उपदेशा...०८

વારે વારે આ મનુષ્યનો દેહ મળતો નથી. સાંજે કે સવારે ઘર અને દેહને છોડવાના જ છે. કેમ જે મૃત્યુ ગળા ઉપર છરી તાકીને જ ઊભું છે, છતાં તમે આ સંસારમાં હરખાઈને ઘૂમી રહ્યા છો. ૭. પરમેશ્વરે આંખો દીધી છે છતાં તમે તેને બંધ કરીને ચાલો છો. તેટલા માટે જ અમે આગ્રહ રાખીને વાત કરીએ છીએ. આમાં લેશમાત્ર પણ અમારે સ્વાર્થ નથી. અમે સ્વાર્થ માટે કોઈને ઉપદેશ કરતા નથી. ૮.

આપણે સાંજે કે સવારે આ દુનિયાને છોડીને જવાનું જ છે. અહીંયાં સ્થિર થઈને ક્યારેય રહેવાનું નથી. જો આ વાત અમે થોડી પણ સ્વાર્થને માટે કરતા હોઈએ, તો અમારા મા-બાપમાં ફરક છે તેમ જાણવું. ૯. અમે જ્યારે વનમાં ફરતાં હતા ત્યારે અમને ઘણા મોટા મોટા રાજાઓ મળ્યા હતા. તે સહુએ અમને રાજ્ય આપવાનું કહ્યું હતું. છતાં પણ અમે તેમને છોડીને તરત જ ત્યાંથી ભાગી નીકળ્યા હતા. ૧૦. **અનંત કોટિ બ્રહ્માંડનું માયિક સુખ અમને શૂળી જેવું દુઃખરૂપ લાગે છે. અક્ષરબ્રહ્મ અમારા દાસ છે અને તેના દાસ ઘણા પુરુષો છે.** ૧૧. તે પુરુષોના સંકલ્પથી અનંત બ્રહ્માંડોની

ઉત્પત્તિ થાય છે, તે અનંત કોટિ બ્રહ્માંડોની પણ અમારે ગણતરી નથી અને તમે તો સંસારના અલ્પ સુખને પણ ગણગણ કરો છો. ૧૨.

✵ સત્સંગની દુર્લભતા :

दोहा : अनंत कोटि ब्रह्मांड को, पंच विषे को सुख;
मन में न संकल्प होत तेहि, जानत सो अति दुख...१३

અનંત કોટિ બ્રહ્માંડમાં રહેલા પંચવિષયના સુખનો સંકલ્પ પણ અમારા મનમાં થાતો નથી. અને તેને તો અમે અત્યંત દુઃખ જાણીએ છીએ. ૧૩. અને અમે જે અનંત પ્રકારના ભોજન જમીએ છીએ, અનંત પ્રકારના વસ્ત્ર ઓઢીએ પહેરીએ છીએ અને અનેક પ્રકારના આભૂષણોને ધારીએ છીએ, તે બધું ભક્તોને રાજી રાખવા માટે કરીએ છીએ. ૧૪. **અનંત વસ્તુઓ ભક્તો અમારે માટે લાવે છે પણ અમે તેમાંથી એક પણ વસ્તુનો સંઘરો કરતા નથી. જ્યાં સુધી શરીર રહે ત્યાં સુધી એક સત્સંગને જ દૃઢ કરીને રાખવો છે.** ૧૫.

सोरठा : हरि रु संत सत्संग, ओर नियम हे संत्सग तेहि;
सो करना हि अभंग, दुल्लभ में दुल्लभ एहि...१६

એક ભગવાન, બીજા સંતો, ત્રીજો સત્સંગ અને ચોથા સત્સંગના નિયમો, એ ચાર દુર્લભમાં પણ અતિ દુર્લભ છે. તેને અભંગ રાખવાના છે.' ૧૬. શ્રીહરિએ આટલી વાત દરબાર જીવા ખાચરને કહી. તેમણે તે વાતને એકાગ્ર મનથી સાંભળી. તેમને સેવા કરવામાં જેવી શ્રદ્ધા હતી તેવી સત્સંગ કરવામાં ન હતી. ૧૭. સત્સંગને તો તેઓ સહેજે-સ્વાભાવિક રીતે રાખતા, પણ સંસાર-વ્યવહારનો રંગ મુખ્ય રાખતા. તેમને સંતોની સેવામાં ભાવ અપાર હતો. સંતોની સંભાળ વારંવાર લેતા. ૧૮. સંતોની સેવામાં ઉપયોગી થાય એવી વસ્તુઓને તેઓ તુરંત લાવી આપતા. જો કોઈ વસ્તુ ન મળે તો હાથ જોડી પગે લાગતા, પણ સંતોની સાથે મહોબત ક્યારેય તોડતા નહિ. ૧૯.

આવું કરતા હોવા છતાં ક્યારેક કોઈ ઘસાતું બોલે તો તેનાથી તેમનાં મનમાં દુઃખ થતું, છતાં તેઓ સંતોની સાથે હેત રાખતા. આવી બધી વાતો તો

ઘરની ગણાય. ૨૦. કદાચ કોઈ સંતનું અપમાન કરતો હોય, તો તેની વાતને તેઓ ક્યારેય સાંભળતા નહિ. સંતોને જેવું ભાવે તેવી રસોઈ કરાવીને તેમને જમાડતા. સંતોને માટે તો પોતાના શરીરને પણ કુરબાન કરી દેતા. ૨૧. તેમને સંતો ઉપર જેવું હેત હતું, તેવું હરિભક્તોના ઉપર ન હતું. સત્સંગના બધા નિયમોને પાળવામાં પણ તેઓ ઢીલા હતા. હા, સત્સંગના મુખ્ય ચાર નિયમોને પાળતા હતા. હરિભક્તોને દેખીને તેમને હેત થતું નહિ. સહુની સાથે ઉપરથી પ્રેમ ભર્યો વ્યવહાર કરતા પણ તેમનું મન કોઈની સાથે મળતું નહિ.

દરબાર જીવા ખાચરની બે પુત્રીઓ તો સત્સંગના બધા જ નિયમોને યથાર્થપણે પાળતી. ૨૩. અમરબાઈ અને અમૂલાબાઈ નામે તે બંને બહેનો અત્યંત નિષ્કામી ભક્ત હતી. જેવા મોટીબા અને લાડુબા હતા તેવા જ તેઓ સર્વોત્તમ ત્યાગી ભક્ત હતા. ૨૪. **બંને બહેનોમાં નિર્માનીપણાનો ગુણ સહુથી અધિક હતો. તેમના આ એક ગુણને લીધે જ શ્રીહરિએ તેમના આખા કુટુંબનો ઉદ્ધાર કર્યો.** ૨૫. જ્યારે કોઈ મોટી આપત્તિ આવી પડે ત્યારે હરિભક્તની ઉત્તમતા કે હીનતાની ખબર પડે છે. વિપત્તિ આવે તે ભક્તની અગ્નિપરીક્ષા છે. તે સમયે મનની કેવી સ્થિતિ રહે છે તેને તો એક શ્રીહરિ જ જાણે છે. ૨૬. મુક્તાનંદસ્વામી કહે છે કે હે દાદા ખાચર ! તે વખતની મનની સ્થિતિને સંતો જાણે છે. હું જાણું છું અને સત્સંગમાં રહેલી જીવુબા વગેરે મોટી મોટી બાઈઓ પણ જાણે છે. ૨૭. લોકવ્યવહારનો જે ગુણ છે તે લોકમાં ઘણો શોભાડે છે, પણ **સાધુ થયા હોય કે સારા હરિભક્ત થયા હોય, પણ નિર્માનીપણું ન હોય તો તેટલો તે અતિ ન્યૂન છે.** તે ગુણ તેમને સત્સંગના માર્ગમાં શોભાડતો નથી. (વધારે છે)૨૮.

હરિભક્ત હોય કે સંત હોય, તેમણે સત્સંગની શુદ્ધ રીત પ્રમાણે ચાલવું જોઈએ. તેમની શુદ્ધ રીત દેખીને સહુ રાજી થાય છે. હરિભક્ત હોવા છતાં શુદ્ધ રીતિ પ્રમાણે જો ન ચાલે તો તેના ઉપર ભગવાન કે સંતને પ્રસન્નતા કે પ્રીતિ રહેતી નથી. ૨૯. જેમ કાકડીના બે ફળ હોય બંને દેખવામાં તો એક સરખા જ જણાતા હોય, પણ તેમાં એક કાકડી કડવી હોય અને બીજી કાકડી ઘણી મીઠી હોય, તે ખાવાથી ખબર પડે. ૩૦. કડવી કાકડીને સહુ થૂંકી

નાખે છે અને મીઠી કાકડીને ખાય છે. તેમ શુદ્ધ રીતિ અને કુત્સિત રીતિઓ અપાર છે, તેને કોઈ જાણકાર હોય તે જ સમજી શકે છે. ૩૧. અમુક લોકો ત્યાગને ખૂબ જ દેખાડે, કેટલાક લોકો ભગવાનનાં સ્વરૂપ નિશ્ચયનો ઘણો દેખાવ કરે, પણ તેની અંદર જે કપટ ભર્યું હોય તે કોઈના કળ્યામાં આવે નહીં. જ્યારે તેનું પાપ ફૂટે ત્યારે સહુને સાચી વાતનો ખ્યાલ આવે છે. ૩૨. આવા કપટીની સાથે જે ચોંટેલા હોય છે તેને તે કપટીઓ પહેલા તો ભગવાનનું માહાત્મ્ય દેખાડે પછી બીજા સંતોની તુચ્છતા દેખાડે અને તેનાં સત્સંગનું મૂળ જ કાપી નાખે. ૩૩. આટલી વાત મુક્તાનંદસ્વામીએ કહી.

પછી શ્રીહરિ સાક્ષાત્ હરિભક્તો આગળ બોલ્યા કે 'જે લોકો પહેલા ભગવાનના સ્વરૂપમાં હેત કરાવીને પછી પોતાનો મહિમા કહે કે, ૩૪. અમારા ઉપર મહારાજને ઘણું હેત છે. કોઈ રહસ્ય ખાનગી વાત હોય, તે મહારાજ મને જ કહેતા. હજીએ હું જ્યારે મહારાજને સંભારું છું ત્યારે મહારાજની મૂર્તિ નજર આગળ જ દેખાય છે.' ૩૫. વળી તેઓ પોતાના વખાણ કરાવવા માટે કોઈ બીજા સંતને સાથે રાખે અને પોતા સિવાયના અન્ય સંતનું અકાર્ય કરે અર્થાત્ તેમની નિંદા કરે. તે ઘણો કુસંગ છે. ઉપલક દેખવાથી તેને કોઈ કળી શકે નહિ. આવા કપટીઓ દેખાવમાં તો શ્રેષ્ઠ સંત જ જણાય છે. ૩૬.

જીવના કલ્યાણની વાત તો ઘણી કઠણ છે. જેમ શરીરમાં અંદર છુપાઈને રહેલો રોગ કોઈ નિપુણ વૈદ્યને જ દેખાય છે પણ સામાન્ય માણસને તે દેખાતો નથી. તેમ જે શુદ્ધ બુદ્ધિવાળા હોય તેને જ કલ્યાણની વાત દેખાય છે, પણ કુબુદ્ધિવાળાને તે દેખાય નહિ. ૩૭. એટલા માટે રૂડી બુદ્ધિવાળા મનુષ્યે પોતાનું કલ્યાણરૂપ કાર્ય કરી લેવું. 'આપ તર્યા તો આખું જગત તર્યું', માટે બીજા કોઈનું અહિત કરવું નહિ. ૩૮. શ્રીહરિની દરેક વાતો જીવને શાંતિ કરનારી છે. જો તેવી રીતે વાત કરતા આવડે તો તેમાંથી ક્યારેય કોઈને દુઃખ ન થાય. ૩૯. વાત કરતા ન આવડે તો વૈર થાય છે. જો વાત કરતા આવડે તો વૈર મટી જાય છે. સારી વાતથી કુબુદ્ધિ ટળી જાય છે અને સારી વાતથી જ બ્રહ્મગતિ મળે છે અર્થાત્ મોક્ષપ્રાપ્ત થાય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'સત્સંગની રીત અને સત્સંગમાં કુસંગની વાત કહી' એ નામે બીજો તરંગ સમાપ્ત ॥૨॥



પૂર પાંચમું : તરંગ - ૩

ત્યાગી-ગૃહી બાઈઓના વર્તનની વાત કહી

શ્રીહરિએ ગઢપુરમાં એભલ ખાચરના દરબારગઢમાં પોતાનો ઉતારો રાખ્યો હતો. અને જીવા ખાચરના દરબારમાં આવીને સાંજે થાળ જમતા હતા. ૧. બધા સંતો જીવા ખાચરના દરબારગઢમાં જઈને રહ્યા. ઓરડાની પાછળના ભાગમાં જે ઓસરી છે તેમાં રહેતા હતા. ૨. મુકુંદાનંદ વર્ણી રોજ ત્યાં વિવિધ પ્રકારના ભોજનોનો થાળ કરતા અને શ્રીહરિને જમાડતા. ૩. શ્રીહરિ જીવા ખાચરના દરબારમાં આવીને પાંચ દિવસ રહ્યા. એ અરસામાં સમગ્ર સંતોને સાથે લઈને ઉન્મત્તગંગામાં જઈને નહાતા હતા. ૪.

શ્રીહરિ જ્યારે નહાવા જાય ત્યારે સાથે અપાર હરિભક્તોને લેતા. તેઓ અત્યંત ઉમંગથી મંગળમય ધોળ રાગના કીર્તન ગાતા. વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં અને સહુનાં હૃદયમાં આતિશય ઉત્સાહ રહેતો હતો. ૫. નદીમાં જ્યાં પાણી ભરેલો મોટો ધરો દેખાય ત્યાં જઈને શ્રીહરિ નહાતા. તે ધરામાં ઘણી જળક્રીડા કરતા અને સંતો તથા હરિભક્તો પરસ્પર અને શ્રીહરિના ઉપર જળ ઉછાળતા હતા. ૬. એભલ ખાચર અને જીવા ખાચર, બંને રોજ સ્નાન વખતે શ્રીહરિના અંગોને ચોળતા. અને ચરણકમળને ધોઈને તે જળને નિત્ય પીતા. ૭. જ્યારે શ્રીહરિ ઉન્મત્ત ગંગામાં સ્નાન કરતા ત્યારે બીજા હરિભક્તો અને સંતો પણ ચરણોદકને લેતા. જ્યારે શ્રીહરિ નદીમાં સ્નાન કરતા ત્યારે તેની શોભા અદ્‌ભુત જણાતી હતી. ૮.

સ્નાન કરનારા સમગ્ર ભક્તો "સ્વામિનારાયણ...સ્વામિનારાયણ" આવું નામ વારંવાર બોલતા. ક્યારેક તાળીઓ વગાડીને પણ 'સ્વામિનારાયણ' નામની ધૂન ઉચ્ચારતા. ભક્તો શ્રીહરિના સિવાય બીજી કોઈ પણ વાતને

સંભારતા જ નહિ. ૯. ગંગાનો કિનારો અનુપમ રીતે શોભતો હતો. તેને જોઈને બધા રાજાઓ પણ આશ્ચર્યચકિત થતા. જ્યારે પ્યારા શ્રીહરિ નાહીને બહાર નીકળ્યા ત્યારે જરિયાની વસ્ત્ર પહેર્યાં. ૧૦. સોનાના ઘરેણાં પહેર્યાં. તે સમયની શોભા અદ્‌ભુત થઈ હતી. સોનાના બધા શણગારોથી સજાવેલો અશ્વ સવારી માટે લાવ્યા. ૧૧. શ્રીહરિ તે અશ્વ ઉપર સવાર થયા. તે દિવસ રામનવમીનો હતો. શ્રીહરિના મસ્તક ઉપર સોનેરી છત્ર ધાર્યું હતું. અને ભક્તજન વારંવાર ચામર કરતા હતા. ૧૨. ચોપદાર હાથમાં સોનાની છડી લઈને મુખથી વારંવાર જય જયકારનો ઉચ્ચાર કરતા હતા. ૧૩. તે સમયે વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં. બધા હરિભક્તો અપાર પ્રેમથી કીર્તન ગાતા હતા. ૧૪.

શ્રીહરિના લલાટમાં કેસર ચંદનની અર્ચા કરેલી હતી. તેમાં વચ્ચે કુંકુમનો ચાંદલો કર્યો હતો. અનેક પ્રકારના ફૂલહાર પહેર્યા હતા. ૧૫. શિર ઉપર ફૂલોના તોરા ધાર્યા હતા. બંને કાન ઉપર ગુલાબના ગુચ્છ ધાર્યા હતા. હારનો તો કોઈ પાર જ ન હતો. પાઘ ઉપર પણ હાર ધાર્યા હતા. ૧૬. શ્રીહરિની સાથે જે બધા સંતો હતા તેમના લલાટમાં પણ કેસર ચંદન ચરચ્યું હતું અને વિવિધ પ્રકારના ફૂલહાર પણ અપાર રૂપમાં પહેરાવ્યા હતા. ૧૭. ગઢપુર ગામના જેટલા હરિભક્તો હતા તે બધા ગુલાલ લઈ આવ્યા હતા. જ્યારે શ્રીહરિની સવારી નીકળી ત્યારે સર્વે નરનારીઓ ગુલાલની અતિ ધૂમ મચાવતા હતા. ૧૮.

શ્રીહરિ જ્યારે નદીએથી ગામમાં પધારતા હતા ત્યારે લોકોની ઘણી જ ભીડ થઈ. પુરની સ્ત્રીઓ થોડે દૂર રહીને શ્રીહરિને વધાવતી હતી. ૧૯. ગઢપુર ગામની બજારોને, વેપારીની દુકાનોને અને સત્સંગીઓના ઘરને અનેક પ્રકારના સજાવટના સાધનોથી વિવિધ રીતે સજાવ્યા હતા. ૨૦. જીવા ખાચર અને એભલ ખાચર, બંનેના દરબારગઢની અંદરના બધા જ ભવનોને અનેક રીતે શણગાર્યા હતા. શ્રીહરિ પ્રથમ એભલ ખાચરના દરબારમાં પધાર્યા. ૨૧. ત્યાંના અત્યંત રમણીય સુશોભિત ભવનમાં એક સુંદર હિંડોળો બંધાવ્યો. તેના ઉપર શ્રીહરિને પધરાવ્યા. પછી મનમાં સંતોષ થાય તે રીતે દરબારે શ્રીહરિની

પૂજા કરી. ૨૨. પછી દરબાર એભલ ખાચરના બધા જ પરિવારે, જેની જેવી ઇચ્છા-ભાવના હતી તે પ્રમાણે શ્રીહરિની પૂજા કરી. ૨૩.

❋ સત્સંગી સ્ત્રી ભક્તોનું તપ, ત્યાગ અને સમજણ :

આ વખતે તો ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યથી અતિશય તેજસ્વી એવી અનંત સ્ત્રીઓ નવી સત્સંગી થઈ, આવી વાત કોઈ પુરાણમાં પણ સાંભળી નથી. ૨૪. જેટલી ગૃહસ્થ સ્ત્રીઓ સત્સંગી થઈ તેમણે પોતાના પતિ સિવાયના પુરુષમાત્રને, પોતાના ભાઈ અને પિતાને તુલ્ય માન્યા હતા. ૨૫. જેને નાનું બાળક ન હોય કે જે સ્વયં સગર્ભા ન હોય એવી સત્સંગી થયેલી જેટલી યુવતી સ્ત્રીઓ હતી, તે બધી પોતાના દેહનું તપથી દમન કરતી હતી. ૨૬. સત્સંગી બધી યુવતીઓ ચાતુર્માસ પર્યંત અથવા એક માસ સુધી ધારણા-પારણા વ્રતને કરતી. સમગ્ર એકાદશી અને હરિજયંતીનું વ્રત પણ કરતી. ૨૭. કેટલીક સત્સંગી સ્ત્રીઓ શ્રીહરિને રાજી કરવા માટે એકાદશીના વ્રતને ઊજવતી હતી. તેમજ સંતોને અને વિપ્રોને જમાડતી હતી. ૨૮.

શુભ સત્સંગ કરીને અનંત સત્સંગી સ્ત્રીઓ ગૃહસ્થાશ્રમ ત્યાગ કરીને સાંખ્યયોગી થઈ હતી. કેમ જે, તે સ્ત્રીઓને પોતાનો પતિ ભગવાનના ભજનમાં જ્યારે વિઘ્ન કરવા લાગ્યો. ૨૯. ત્યારે ભગવાનથી વિમુખ તે પતિને અત્યંત પાપી માનીને તેનું પતિ-પત્નીનું બંધન કાપી નાખ્યું. તેના પતિએ જ્યારે બહુજ ઉપાધિ કરી ત્યારે તે ભક્ત સ્ત્રીઓએ શૂરવીર થઈને તે ઉપાધિને ટાળી નાખી. ૩૦. જ્યારે મીરાંબાઈને ખૂબ જ દુઃખ દીધું ત્યારે અંતર્યામી પરમેશ્વરે તેનું નિવારણ કર્યું. તેમજ આ વખતે પણ આ ભક્ત બહેનોની અંતર્યામી શ્રીહરિએ ખૂબ જ રક્ષા કરી હતી. આ ભક્તસ્ત્રીઓ મીરાંબાઈ કરતા પણ વિશેષ ત્યાગી થઈ હતી. તેઓ ક્યારેય સાધુપુરુષોમાં પ્રવેશ કરતી નહિ. ૩૧. એ ભક્ત સ્ત્રીઓના ગુરુ પણ ભક્ત સ્ત્રી જ થતા. આ રીતે તે બધી ભક્ત સ્ત્રીઓ ઘણી બળવાન બની. પોતે ચાંદ્રાયણ આદિ વ્રતોને કરીને વારંવાર દેહદમન કરતી હતી. ૩૨.

કેટલીક સત્સંગી સ્ત્રીઓ રોજ નવટાંક-પાંચ રૂપિયાભાર(૬૨.૫ ગ્રામ) અન્ન ખાઈને તપસ્યા કરતી. ગળ્યું ચીકણું કાંઈ જ ખાધા વિના ભજન કરતી.

જૂનાં-પુરાણાં જેવા વસ્ત્ર પહેરીને રહેતી પણ ક્યારેય સારાં વસ્ત્રાલંકારને ધારતી નહિ. ૩૩. તે સ્ત્રીઓ ગાદલું અને તળાઈ વગેરેનો ત્યાગ કરીને જમીન ઉપર જ સૂતી અથવા એક ચટાઈથી જ ચલાવી લેતી હતી. મુખથી માત્ર શ્રીહરિના ચરિત્રોનું જ ઉચ્ચારણ કરતી હતી. ૩૪. કેટલીક તપસ્વિની તે સ્ત્રીઓ રાધાકૃષ્ણની ચિત્ર પ્રતિમા કરાવતી અથવા છાપની રાધાકૃષ્ણની મૂર્તિ લઈને ગુરુ પાસે પ્રસાદીરૂપ કરાવતી. ૩૫. પછી તે ચિત્રપ્રતિમાને પ્રત્યક્ષ ભગવાનનું સ્વરૂપ સમજીને ખૂબ જ હરખથી પૂજતી હતી. ઘણી ભક્ત સ્ત્રીઓ તો સારો થાળ તૈયાર કરીને શ્રીહરિને સવારે અને સાંજે જમાડતી હતી. ૩૬. આવી તે બધી તપસ્વિની સ્ત્રીઓ રાત દિવસ કથા-વાર્તા અને કીર્તન બોલ્યા કરતી. **તેઓ શ્રીહરિથી એક પળવાર પણ દૂર રહેતી નહિ.** ૩૭. **તે બધી ભક્ત સ્ત્રીઓ પ્રેમપૂર્વક શ્રીહરિની માનસી પૂજા, ધ્યાન અને સ્મરણ કરતી રહેતી. તે સિવાય એક પળ જેટલો સમય પણ વ્યર્થ જવા દેતી નહિ. આ રીતે તે સ્ત્રીઓ ભગવત્પરાયણ થઈ હતી.** ૩૮.

सोरठा : हरि विन दूजो घाट, मन में न उठने देत कबु;
चलत हे जब हि वाट, पुरुष सन्मुख न जोत कोउ...३९
हरि विन जितनो रूप, काकविष्ट सम कीन तेहि;
देव इंद्र सम भूप, पाच परु रुधिर गिनत...४०

તેઓ પોતાના મનમાં શ્રીહરિ સિવાય બીજો ઘાટ-સંકલ્પ પણ ક્યારેય થવા દેતી નહિ. જ્યારે તે રસ્તામાં ચાલી જતી હોય ત્યારે અન્ય કોઈ પુરુષની સામે દેખતી નહિ. ૩૯. તે તપસ્વિની ત્યાગી સ્ત્રીઓએ શ્રીહરિ વિનાના રૂપમાત્રને કાકવિષ્ઠા જેવા માન્યા હતા. દેવરાજ ઈન્દ્રના જેવો કોઈ રૂપાળો રાજા હોય તોપણ તેના દેહને તેઓ પાચ-પરુ અને રુધિર જ માનતી. ૪૦.

એક મહિનો થાય ત્યારે તે ત્યાગી સ્ત્રીઓ માથાના વાળ ઉતરાવી નાખતી. પરસ્પર તે સ્ત્રીઓ વાતો કરતી. કોઈ પુરુષ સાથે સ્નેહ રાખતી નહીં. ૪૧. તે ત્યાગી બહેનો પોતાના પિતા કે ભાઈ જે હોય તેની સાથે ક્યારેક બોલતી હતી અને અવશ્ય કામકાજ પડે તો જ સ્પર્શ કરતી. અવશ્ય કામકાજ વિના પિતા કે ભાઈને પણ અડતી નહીં. આવી રીતે તે ત્યાગી

સ્ત્રીઓ વર્તતી હતી. ૪૨. તેઓ પુરુષમાત્રથી પાંચ હાથ દૂર ચાલતી. આમ તેઓ પુરુષના સ્પર્શનો સંપૂર્ણ ત્યાગ કરતી અને ભગવાનની પ્રસાદીરૂપ અન્નને પણ તેઓ મેળવ્યા સિવાય ખાતી નહિ. ૪૩.

ત્યાગી બહેનોને કોઈ પણ પ્રકારનું વ્યસન હતુ નહિ. તેઓએ બધા પ્રકારના કેફી પદાર્થ છોડી દીધા હતા. ક્યારેય તેઓ ક્રોધ કરતી નહિ. કોઈને તાડન કરતી નહિ અને મોઢેથી ગાળ તો ક્યારેય બોલતી જ નહિ. ૪૪. તેઓ કોઈના સંગ-સોબત વિના એકલી ચાલતી નહિ. આવા વિવેકભર્યા અનંત વર્તનવાળી ભક્ત સ્ત્રીઓ હતી. તેનો ગણતા પાર આવે તેમ નથી. ૪૫. **તે ભક્ત સ્ત્રીઓ શ્રીહરિને રાજી કરવા એક એકથી અધિક નિયમોનું પાલન કરતી હતી. પરસ્પર એક બીજીનું માહાત્મ્ય કહેતી. ક્યારેય સભા વચ્ચે કોઈના દોષ-દુર્ગુણોને ખુલ્લા કરતી નહિ.** ૪૬. કદાચ કોઈના દોષ દેખ્યા-સાંભળ્યા હોય તો તેને એકાંતમાં હિતેચ્છુ થઈને સમજાવતી. આ પ્રમાણે નિર્વૈરભાવે તેઓ વર્તતી હતી. પૂર્વે આવી પવિત્ર વર્તનવાળી સ્ત્રીઓને ક્યાંય સાંભળી નથી. ૪૭.

ઉપર જે તપ-ત્યાગ, વિવેક અને ભક્તિરૂપ ગુણોથી સંપન્ન ત્યાગી બાઈઓ કહી તેમાં સર્વોત્તમ ત્યાગી બાઈઓ ત્રણ જીવુબા, લાડુબા અને રાજબાઈ હતી. તેને સમાન સત્સંગમાં અન્ય કોઈ પણ ભક્ત સ્ત્રી હતી નહિ. સત્સંગની બધી જ ત્યાગી બહેનો તે ત્રણને પોતાના ગુરુ માનતી હતી. ૪૮. આચાર્યની પત્ની તે સત્સંગી સ્ત્રીમાત્રની ગુરુ છે. તે જો બ્રહ્મસ્થિતિને પામેલી હોય તો કોઈ ત્યાગી બાઈ તેની તુલ્ય નથી. ૪૯. આવું વચન શ્રીહરિએ કહ્યું છે, તે વચનથી અધિક કોઈ નથી. આદિ અને અંતે શ્રીહરિનું વચન જ સુખદાયી છે. ૫૦. **ભગવાનના ભક્ત શ્રેષ્ઠ છે. તેમાં પણ જેણે પ્રગટ શ્રીહરિની સેવા કરી હોય તે સહુથી શ્રેષ્ઠ છે. આવું માહાત્મ્ય સમજવું જોઈએ. છતાં પણ શ્રીહરિના વચન છે, તે જ મોક્ષપદ છે.** ૫૧.

મધ્યાહ્ને શ્રીરામજન્મોત્સવ થયો ત્યાં સુધી શ્રીહરિ એભલ ખાચરના દરબારમાં રહ્યા. ૫૨. ત્યારે નવો મંડપ કર્યો હતો, તેની શોભા તો કહી શકાતી નથી. તે ઉત્સવમાં ખૂબ જ ધામધૂમ કરી. અનેક પ્રકારના વાજિંત્રો વગડાવ્યા. ૫૩. જ્યારે ઉત્સવમાં લોકોની ભીડ ખૂબ થઈ ત્યારે ત્યાંથી

ચાલતા થયા. સ્વયં ઘોડેસવાર થયા અને ગામમાં હરિભક્તોને ઘેર ઘેર પધરામણીએ ફર્યા. ૫૪.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'ત્યાગી-ગૃહી બાઈઓના પવિત્ર વર્તનની વાત કહી' એ નામે ત્રીજો તરંગ સમાપ્ત ॥૩॥



પૂર પાંચમું : તરંગ - ૪

શ્રીહરિનો જન્મોત્વસ અને ઉન્મત્તગંગામાં સ્નાન

ગઢપુરના હરિભક્તોએ શ્રીહરિને ઘેર ઘેર બોલાવીને પધરામણી કરી. જેના હૃદયમાં જેવી ભાવના હતી તે પ્રમાણે તે સહુએ ઘણા હેતથી પૂજા કરી. ૧. વસ્તા બોરીચા નામના આહીરે પોતાને ઘેર શ્રીહરિની પધરામણી કરીને પૂજા કરી. તેણે તો કેટલીક વાર શ્રીહરિને પોતાને ઘેર થાળ કરીને જમાડ્યા પણ હતા. ૨. હિમા શેઠ નામે એક જૈનોમાં આગેવાન અને નગરશેઠ હતા. તેણે આપણા સત્સંગમાં શીલવ્રત જોયા. તેથી શ્રીહરિની ઉપર સ્નેહભાવ થયો હતો. ૩. તેણે પોતાને ઘેર શ્રીહરિની પધરામણી કરીને ઘણા ભાવથી પૂજા કરી. 'શ્રીહરિ કેવળીક(તીર્થંકર) છે' એવો તેને નિશ્ચય થયો હતો, તેથી તે કોઈથી ડરતા નહિ. ૪. તેણે વારંવાર રસોઈ આપીને સંતોએ સહિત શ્રીહરિને ઘણીવાર જમાડ્યા હતા. તેમજ કેટલીક વાર ઘેર પધરામણી પણ કરી હતી. અને તે સાંભળીને તો ભાવનગરના મહારાજાને પણ ઘણું આશ્ચર્ય થયું હતું. ૫.

શ્રીહરિ સર્વે હરિભક્તોને ઘેર પધરામણી કરીને પછી જીવા ખાચરના દરબારગઢમાં પધાર્યા. તે દિવસ ત્યાં સારી રીતે શણગારીને સુંદર મંડપ બાંધ્યો હતો. તેની શોભાનું વર્ણન કરી શકાય તેમ નથી. ૬. ધર્મના લાલ શ્રીહરિ તત્કાળ અશ્વ ઉપરથી ઊતર્યા અને આવીને હિંડોળા ઉપર બેઠા. ત્યારે સંધ્યાસમય થવા આવ્યો હતો, તેથી ઘણી જ મશાલો પ્રકટાવી હતી. ૭. અને બિલોરી કાચના જે ઝાડ હતા તે બધામાં દીવાઓ પ્રકટાવી દીધા હતા. હરિભક્તો અને સંતો, સહુ ઊભા થયા. ચોપદાર જય જયકારનો શબ્દ

બોલ્યા. ૮. પછી બધા સંતો આરતી બોલવા લાગ્યા ત્યારે બધું આકાશ અને જગત ગૂંજી રહ્યું હતું. જ્યારે આરતી પૂરી થઈ ત્યારે 'નારાયણ ધૂન' બોલાવા લાગી. ૯. બહુનામી શ્રીહરિ પહેલા ધૂન બોલતા અને બીજા બધા તેને ઝીલીને બોલતા. જ્યારે ધૂન ઘણી જ ઉતાવળે બોલાવા લાગે ત્યારે તે બંધ કરતા, વળી ફરીને ધૂન ઉપાડતા. ૧૦.

એમ ધૂન કરતા રાત દસ ઘડી ગઈ(૧૦ વાગ્યા). શ્રીહરિના જન્મનો સમય થવા આવ્યો ત્યારે ધૂન પૂરી કરી. ૧૧. ઢોલ, ત્રાસા અને નોબત જેવા વાજિંત્રો વાગવા લાગ્યા. તે સમયે સંતો પણ ઝાંઝ અને મૃદંગ વગાડીને ઉત્સવ કરવા લાગ્યા. ૧૨. મયારામ ભટ્ટ અતિ પ્રેમી અને દાસ ભક્ત હતા. તેમણે પંચામૃતથી શ્રીહરિના ચરણકમળ ઉત્સાહથી ધોયા. ૧૩. તેમના પછી એભલ ખાચરે, જીવા ખાચરે અને તે બંનેના પરિવારે પંચામૃતથી શ્રીહરિના ચરણ ધોયા અને તે પ્રસાદીરૂપ ચરણામૃતને મસ્તકે તથા છાતીએ લગાવ્યું. ૧૪. તે સિવાયના સૌ સંતોએ અને હરિભક્તોએ પણ કેસરયુક્ત ચંદનથી શ્રીહરિના બધા અંગો ઉપર નખશિખ અર્ચા કરી. ૧૬. દરબારે ફૂલના હાર અને બાજુબંધ ધરાવ્યા. પછી સંતો અને હરિભક્તો જે હાર લાવ્યા હતા, તે પહેરાવ્યા. ૧૭. પહેલા મુક્તાનંદસ્વામી આદિ સર્વ સંતોએ શ્રીહરિને ફૂલહાર પહેરાવ્યા અને તે પછી સર્વ હરિભક્તોએ એક પછી એક, આવીને ફૂલહાર પહેરાવ્યા. ૧૮.

એભલ ખાચરે તો પારાવાર પંજરી કરાવી હતી અને જીવા ખાચરે પણ ઘણી જ પંજરી કરાવી હતી. તે બધી શ્રીહરિની આગળ લાવીને ધરાવી. ૧૯. પ્રથમ શ્રીહરિએ પંજરી ખાધી. હરખથી તેના ઘણા વખાણ કર્યા અને પછી પોશ ભરી ભરીને પોતાને હાથે જ તે પંજરી સહુને આપી. ૨૦. પંજરી આપતા આપતા તો સવાર થઈ ગયું. સર્વે પંખીઓ કોલાહલ કરવા લાગ્યા. પછી વિચક્ષણ દરબારે કેસર ચંદન લઈને સહુ સંતોની પૂજા કરી. ૨૧. સહુ સંતોને ફૂલહાર ઘણાં પહેરાવ્યા. ત્યાં હારનો તો કોઈ પાર જ ન હતો. ત્યારે શ્રીહરિએ સંતોને સ્વેચ્છાથી પોતાની પાસે બોલાવ્યા અને ઘણા જ હેતથી સહુને બાથમાં ભીડીને ભેટ્યા. ૨૨. પછી જેણે સ્ત્રીનો ત્યાગ રાખ્યો હતો

એવા દરબાર માંચા ખાચર તથા જેઓએ પોતાની સ્ત્રીનો ત્યાગ રાખ્યો હતો તે વગેરેને તેમના ત્યાગની રીતનો મહિમા સમજીને બોલાવ્યા. અને ઘણા જ પ્રેમથી સંતોની જેમ જ ભેટ્યા. ૨૩. જે ગૃહસ્થ દરબારો હતા તેમના મસ્તક ઉપર શ્રીહરિએ ચરણકમળ મૂક્યા. આ રીતે તે જન્મોત્સવને સરસ રીતે ઊજવ્યો અને પછી સહુ સ્નાન કરવા માટે ઉન્મત્તગંગાએ ગયા. ૨૪.

ત્યારે વિવિધ પ્રકારના વાજિંત્ર વાગતાં હતાં અને સહુ ઉન્મત્તગંગાને કિનારે આવ્યા. શ્રીહરિએ ગંગાનું અત્યંત નિર્મળ જળ જોયું. ૨૫. ખળખળિયે (પુરુષોત્તમ ઘાટે) શ્રીહરિ આવ્યા. કેસર ચંદનથી ભરેલા શ્રીહરિ અને સહુ સંતો તથા હરિભક્તોએ ત્યાં સ્નાન કર્યું. ૨૬. ફૂલના જે હાર સહુએ પહેર્યા હતા તે બધાં ગંગા જળમાં વહાવી દીધા. એક કોશ જેટલા લાંબા પ્રવાહમાં ફૂલહારોથી ગંગા એકદમ પ્રફુલ્લિત દેખાતી હતી. ૨૭. સહુના લલાટ આદિ અંગોએ ચર્ચેલું ચંદન ધોવાયું, તેનાથી ગંગાજળ કેસરી થઈ ગયું અને ચંદનને લીધે બધું જળ અતિશય સુગંધી થઈ ગયું. ૨૮. તેનાથી ઉન્મત્તગંગાનો રંગ રમણીય થઈ ગયો. તે સમયે શોભાનો કોઈ પાર ન રહ્યો.

તે સમયનું ગંગાનું રૂપ જોઈને શ્રીહરિ બોલ્યા કે, **“આ ભૂમિ ઉપર અનંત તીર્થો છે. તે બધા જ તીર્થ શુભફળ આપનારા છે. પણ અનંત તીર્થોનું બધું જ ફળ અત્યારે આ ઉન્મત્તગંગા તીર્થમાં રહ્યું છે.** ૨૯-૩૦. **અત્યારના કળિયુગમાં ઉન્મત્તગંગાના જેવું બીજું કોઈ તીર્થ નથી. ભવ અને બ્રહ્માદિક જે દેવો છે તે આ ગંગાનો મહિમા વારંવાર અતિશય કહે છે.** ૩૧. બધા દેવતાઓ વિમાનમાં બેસીને અહીંયાં આવે છે અને સ્નાન કરે છે. દેવો આ ઉન્મત્તગંગાનો મહિમા અધિક જાણે છે તેથી તેઓ આના ઉપર છવાયેલા રહે છે. ૩૨. આ ગંગાજળ અતિ પુણ્યરૂપ અને પાવન હોવાથી બધા દેવો તેને ભરવાને માટે નિત્ય અહીં આવે છે. માટે આ ઉન્મત્તગંગા બધા જ તીર્થોનો રાજા છે.” ૩૩.

આટલી વાત કહીને નાહેલા શ્રીહરિ જળમાંથી બહાર નીકળ્યા અને બધા જરિયાની વસ્ત્ર પહેર્યા. ૩૪. વિવિધ પ્રકારના આભૂષણ પહેર્યા અને અપાર ફૂલહાર પણ પહેર્યા. લલાટમાં કેસરયુક્ત ચંદનની અર્ચા કરી અને મધ્યે મોટો કુંકુમનો ચાંદલો કર્યો. ૩૫. પછી સોનેરી સાજથી શણગારેલા

અશ્વ ઉપર શ્રીહરિ સવાર થયા. મસ્તક ઉપર સેવકે છત્ર ધાર્યું હતું. ચોપદાર મુખથી જય જયકારનો ઉચ્ચાર કરતા હતા. ૩૬. શિર ઉપર ચામર વીંજાઈ રહ્યા હતા. આ રીતે અવિનાશી શ્રીહરિ જ્યારે પુરમાં ચાલ્યા ત્યારે સંતો અને હરિભક્તો સહુ સાથે હતા. તેઓ બધા ઉત્સાહથી કીર્તન ગાતા હતા. ૩૭. અનંત પ્રકારના વાજિંત્ર વાગતા હતા. તેની અપાર શોભા બની હતી. ત્યારે સહુ સંતોને સાથે લઈને શ્રીહરિ એભલ ખાચરના દરબારમાં પધાર્યા. ૩૮.

દરબાર એભલ ખાચરે સત્સંગી વિપ્રોને બોલાવ્યા. તેમની પાસે બધી રસોઈ કરાવી. વિવિધ રીતે અનંત પ્રકારના પકવાન કરાવ્યાં. ૩૯. ત્યાં સોનેરી બાજોઠ ઢાળ્યો. શ્રીહરિ આવીને તેના ઉપર બેઠા. પહેરેલા બધાં વસ્ત્ર બદલ્યા અને એક પીતાંબર પહેર્યું. ૪૦. બીજું એક પીતાંબર મસ્તક ઉપર ઓઢી લીધું. ઓઢેલા પીતાંબરની જરિયાનીકોર વચ્ચે દેખાતું સુંદર મુખ પૂર્ણચંદ્ર જેવું શોભતું હતું. ૪૧. શ્રીહરિના ચરણકમળ ધોઈને વર્ણીએ રૂમાલથી લૂછી નાખ્યા તે સમયે ખૂબ જ પ્રસન્ન જણાતા એવા શ્રીહરિ બોલ્યા, ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'શ્રીહરિનો જન્મોત્સવ કરીને ઉન્મત્તગંગામાં સ્નાન કર્યું' એ નામે ચોથો તરંગ સમાપ્ત ॥૪॥



પૂર પાંચમું : તરંગ - ૫

સુંદરજીભાઈનો પત્ર આવવાથી શ્રીહરિ ભુજ જવા નીકળ્યા અને ખંભાળા આવ્યા

શ્રીહરિએ વિપ્રોને કહ્યું, 'તમે ઘણી જ કાળજી રાખીને વ્યવસ્થિત રીતે બધા ભોજન બનાવ્યા છે. તો હવે વધારે વાર લગાડશો નહિ. ઘણું મોડું થયું છે માટે તમે જલદી ભોજન અહીં લાવો.' ૧. તેથી તે સમયે તે વિપ્રો થાળ ભરીને બધા પકવાન વગેરે ભોજનોને લાવ્યા. જલેબી, મોતીચૂર, બરફી, અપાર પેંડા, ૨. સૂતરફેણી, ઘેબર, ઘણીજાતના લાડુ હોવા છતાં એક સાથે લાવ્યા, તેનો ગણતા પાર આવે તેમ ન હતું. ૩. દૂધપાક, બિરંજ, હરીસો,

જોવામાં પણ મનોહર જણાતી એવી પૂરી લાવ્યા. ભજિયાં અને સુંદર વડાં પણ લાવ્યા. ૪. અનેક પ્રકારના શાકભાજી લાવ્યા. તે બધું ભગવાન શ્રીહરિને પીરસ્યું. એટલે તેઓ જમ્યા. બધા જ ભોજન રુચિકર-ભાવે તેવા હતા તેથી પ્રભુ જમીને તે સમયે તૃપ્ત થયા. ૫. જમી રહ્યા ત્યારે તુરંત ધર્મપુત્ર શ્રીહરિએ હાથ ધોયા, પછી મુખ ધોયું ને પછી સંતોની પંગત કરાવી અને પ્રીતમ પ્યારો પોતે આવીને પીરસવા લાગ્યા. ૬.

શ્રીહરિ થાળમાં જે ભોજન જમ્યા, તે બધો થાળ એભલ ખાચરને આપ્યો. તે સિવાયનો એક બીજો થાળ બ્રહ્માનંદસ્વામીએ શ્રીહરિ પાસે માગી લીધો. ૭. માંચા ખાચર આદિ બધા જ દરબારોને પંગતમાં જમવા બેસાડ્યા. જીવા ખાચરને જમવા બોલાવ્યા હતા તેથી તેઓ પરિવાર સાથે આવ્યા હતા. ૮. શ્રીહરિ અતિશય પ્રેમભાવથી સહુને પીરસવા લાગ્યા. જ્યાં સુધી પંગતમાં બધા જમતાં હતા ત્યાં સુધી શ્રીહરિ અત્યંત ભાવથી પીરસતા રહ્યા. ૯. શ્રીહરિ જ્યારે ઘી અથવા દૂધ પીરસતા હોય ત્યારે એકને પીરસીને બીજે પાત્રે પીરસવા જતાં ક્યારેક ધાર પાછી ખેંચતા નહિ અને બંને હાથે પોશ ભરી ભરીને સાકરનું બૂરું પીરસતા. ૧૦. શ્રીહરિને પીરસવામાં અપાર પ્રેમ હતો. હેત દેખાડીને વારંવાર પીરસવા ફરતા. ફરવા છતાં જ્યારે કોઈએ કાંઈ ન લીધું ત્યારે શ્રીહરિએ હાથ ધોયા. ૧૧.

તે પછી હરિભક્તોને પ્રેમથી દર્શન આપવા માટે જીવા ખાચરના દરબારમાં આવ્યા. ઘનશ્યામ શ્રીહરિ ભક્તોના મનોરથો પૂર્ણ કરતા હતા. એટલે ત્યાં આવીને હિંડોળા ઉપર વિરાજમાન થયા. ૧૨. ભુજના સુંદરજીભાઈ સુતારે લખેલો પત્ર બરાબર તે સમયે મળ્યો. ૧૩. શ્રીહરિએ તે આખો પત્ર વાંચ્યો અને બધા સમાચાર જાણ્યા. પછી તે જ સમયે તે પત્ર મુક્તાનંદસ્વામીને અને બ્રહ્માનંદસ્વામીને પણ વાંચી સંભળાવ્યો. ૧૪.

ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું, “આપ તો સાક્ષાત્ પરમેશ્વર છો. નિજ ભક્તોને માટે જ આપ પ્રકટ થયા છો. ૧૫. રામાનંદસ્વામીએ આપને જેમ કહ્યું છે તે પ્રમાણે આપ પ્રભુ મનમાં વિચાર કરીને જે રીતે ભક્તોનું હિત થાય તેવો નિર્ણય કરો. ૧૬. ગુરુ રામાનંદસ્વામીની જેવી મરજી હોય તેવી આપ

યથાર્થ રીતે જાણો છો. તેઓ આપને જેવી પ્રેરણા કરે તેવી રીતે તમે અને અમે બધા કરશું. ૧૭. જેમ ગુરુ રામાનંદસ્વામી હતા તેમ અત્યારે અમે આપને તેમને સ્થાને માનીએ છીએ. બહુનામી આપ અમારા સ્વામી છો, એટલે આપ અત્યારે અમને જે આજ્ઞા કરો, તેને અમે સાચા અર્થમાં માનશું. ૧૮. અત્યારે આપ જે વચન બોલશો, તેને અમે સ્વામીના જ વચન માનશું. આપ જે કહેશો તે અમે કરશું. તેમાં પાછો પગ નહિ ભરીએ. ૧૯. અમે આપને હાથ જોડીને કહીએ છીએ કે આપ અમને જેમ રાખશો તે પ્રમાણે અમે રહેશું. અમે અમારું આ શરીર આપને અર્પણ કરી દીધું છે. હવે અમે તેને પાછું લેવાના નથી. ૨૦. આપની નજરમાં જેમ આવે તેમ આ શરીરને કરો. આ શરીર હવે લેશમાત્ર પણ અમારું નથી. જો તેને અમે અમારું કહીએ તો અમે ખુવાર થઈ જઈએ. ૨૧.

* વચન પાળે તે સુખી રહે :

जीय देह सब हि हे तुमारे, देखे यामें कछु न हमारे;
हमार केहेवत ता लग जेही, माया को बंधन देखायो एही...२२

અમારો આત્મા અને દેહ, બધું આપનું જ છે. અમે દેખીએ-વિચારીએ છીએ કે તેમાં અમારું કાંઈ જ નથી. તેને જ્યાં સુધી 'અમારું' કહેવાય છે ત્યાં સુધી તેમાં માયાનું બંધન દેખાય છે. ૨૨. **'અહંકાર' અને 'સમર્પણ' એ બે બાબત એક સાથે ક્યારેય નહિ રહે. હવે અમારે સમર્પિત થઈને એક આપની વાતને જ માનવી છે. બીજી વાત એટલે 'અહંકાર' રાખીને અમે ઘણા દુઃખી થયા છીએ. તે પણ આપે હવે બતાવ્યું જ છે.** ૨૩.

આપની આજ્ઞા તજીને જે ચાલ્યા તે બધા ખૂબ જ ફજેત થયા છે. સીતા અને લક્ષ્મણ જેવા અનુપમ ભક્તો પણ વચનભંગ થયા તો દુઃખના કૂવામાં પડ્યા હતા. ૨૪. ભવ, બ્રહ્મા અને ઈન્દ્રાદિ દેવો તથા નારદજી વગેરે મુનિઓએ જ્યારે આપનું વચન તજી દીધું ત્યારે તેઓ ઘણા જ ફજેત અને દુઃખી થયા હતા, તે આપે જ દેખાડ્યું છે. ૨૫. આપે પોતાની દૃષ્ટિ અમને આપીને અમારા જીવના દોષ દેખાડ્યા છે. અમારી દૃષ્ટિથી અમે પોતાના દોષોને ક્યારેય દેખી શકતા નથી. અમે તો અમને સદાય નિર્દોષ જ માનતા રહ્યા હતા. ૨૬.

✹ મનધાર્યું મૂકે તે મુક્ત થાય :

सोरठा : निज धारे जो कर्त, सो सब जीय को दोष तेही;
ईश्वर वचन चालत, तब तेहि दोष रहित भयेउ...२७

જે મનુષ્ય અહંકારથી પોતાનું ધાર્યું કરે છે તો તે બધા દોષ જીવને જ લાગે છે પણ સમર્પણના ભાવથી પરમેશ્વરના વચન પ્રમાણે જે વર્તે છે તે તો નિર્દોષ રહે છે.” ૨૭. મુક્તાનંદસ્વામીના વચન સાંભળીને શ્રીહરિએ કહ્યું, “સાક્ષાત્ લક્ષ્મીજી જે ગુણોને પ્રાપ્ત કરવા ચાહે છે તે ગુણોને તમે અત્યારે પ્રાપ્ત કરી લીધા છે. ૨૮.

ચોપાઈ :

अपनो धार्‍यो करे ज्यां लग ही, जीवपनो न जावत तबही;
ईश्वर के वचन में चलावे, तब तेहि ईश्वर के गुन आवे...२९
ईश्वर के गुन आवे जबहु, अति प्रतापी होवे तबहु;
पुरुष प्रकृत्ति लग भोग जेते, हलाहल विष हि माने तेते...३०

મનુષ્ય જ્યાં સુધી અહંભાવથી પોતાનું ધાર્યું કરે છે ત્યાં સુધી તેમાંથી જીવભાવ જતો નથી, અને જ્યારે તે પરમેશ્વરના વચન પ્રમાણે ચાલવા લાગે છે ત્યારે તેનો જીવભાવ ટળે છે અને તેમાં પરમેશ્વરના બધા સદ્‌ગુણ આવીને રહે છે. ૨૯. જ્યારે તેમાં પરમેશ્વરના ગુણો આવે છે ત્યારે તે અત્યંત પ્રતાપી થઈ જાય છે. પછી પુરુષ અને પ્રકૃતિના સુધીના બધા જ લોકના સુખોને તે પુરુષ હલાહલ ઝેર જેવા સમજે છે. ૩૦.

તે દેહ નિર્વાહ તો સહજ સ્વભાવે કરતો રહે, પોતાના શરીરનું જતન કરે નહિ, તે સહુથી અધિક માલ પરમેશ્વરમાં જ છે, એમ માને. ૩૧. **તે ભક્ત પરમેશ્વર સિવાયના જેટલા સુખ-ભોગ કહેવાય છે તેને મહા ભયાનક દુઃખ માને છે. આવો જે હોય તે જ સાચો પરમેશ્વરનો ભક્ત ગણાય. તે સિવાયના બીજા બધા તો કાચા ગણાય.** ૩૨. તમને તે વાત જાણવામાં આવી છે. માટે હવે તમે પરમેશ્વરના કૃપાપાત્ર થયા છો. જે થોડા પુણ્યવાળા છે તે બધાને ક્યારેય આ વાતની ગમ પડતી નથી. ૩૩.

✻ ખપ હોય તેટલું અંગ વૃદ્ધિ પામે :

करत हे सब एक सत्संगा, खप सम वृद्धि पावत अंगा;
हमको मिले हे अब जो आई, तामें मायिक गुन जो रहाई...३४
तासे करना हे अब सुधा, फेर कबु न होय असुधा;
हमारे सिद्धांत हे एता, तेहि हित फेरत प्रकर्ण केता...३५

સહુ એક જ સત્સંગ કરે છે, પણ જેવો ખપ હોય તેવું અંગ વધે છે. અત્યારે જે મુમુક્ષુઓ આવીને અમારી સાથે રહે છે, તેમાં જે કાંઈ માયાના દોષ રહ્યા હશે તેનાથી તેમને શુદ્ધ કરવા છે કે તેઓ ફરીવાર ક્યારેય માયાના દોષને લીધે અશુદ્ધ થાય જ નહિ; અમારો તો આવો સિદ્ધાંત છે. અને તેને માટે જ અમે વારંવાર કેટલાક પ્રકરણ ફેરવતા રહીએ છીએ. ૩૪-૩૫.

અમે સત્સંગમાં જે ફરીએ છીએ, તે પણ આટલી વાત સમજાવવાને માટે ફરીએ છીએ. જે અનંત સાધન શાસ્ત્રમાં કહ્યા છે તે પણ આટલી વાત શીખવાને માટે જ કહ્યા છે." ૩૬. શ્રીહરિએ આટલી વાત કહી અને પછી બોલ્યા કે હવે આપણે ભુજ જવું છે. આપણે કચ્છ દેશ દેખવો છે, એવી વાત પ્રસિદ્ધ કરી. ૩૭. સુજાણ ઘનશ્યામ શ્રીહરિ ગઢપુરમાં દસ દિવસ રહ્યા. પછી ત્યાંથી ચાલતા થયા અને **ખંભાળા** ગામ આવ્યા. ૩૮. માંચા ખાચર, અલૈયા ખાચર, સોમલા ખાચર, સૂરા ખાચર, વેલા ખાચર, માતરા ધાધલ, વિસામણ ખાચર, નાન ખાચર, અમરા પટગીર અને રાઠોડ ધાધલ, એ દસ દરબારો તથા મુકુંદાનંદ અને જયાનંદ, એ બે વર્ણીઓને સાથે લીધા. ૩૯-૪૦. મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંસ્વામી, શક્તિશાળી નિત્યાનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી, સંતદાસજી, સ્વરૂપાનંદસ્વામી, વ્યાપકાનંદસ્વામી, આનંદાનંદસ્વામી, સુખાનંદસ્વામી, ગોપાલાનંદસ્વામી અને આત્માનંદસ્વામી, એ દસ-અગિયાર સંતોને સાથે લીધા હતા. ૪૧-૪૨. પાર્ષદ ડુંગરજી, ઉમાભાઈ, નાથજી, હીરાભાઈ, અખેરાજ, ઉકરડા ભક્ત, કાળાભાઈ, અલૈયા ભક્ત અને મૂળજી વગેરે. ૪૩. દસ શસ્ત્રધારી પાર્ષદોને સાથે લીધા હતા. શ્રીહરિ ખંભાળા ગયા એટલે ત્યાંના વિચક્ષણ દરબાર મોકા ખાચર અને માણસિયા ખાચર સન્મુખ આવ્યા. ૪૪.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'સુંદરજીભાઈનો પત્ર આવવાથી શ્રીહરિ ભુજ જવા નીકળ્યા અને ખંભાળા આવ્યા' એ નામે પાંચમો તરંગ સમાપ્ત ।।૫।।



પૂર પાંચમું : તરંગ - ૬

ખંભાળામાં શ્રીહરિની સવારી તથા સંતસમાગમનું મહત્ત્વ કહ્યું

ખંભાળાના દરબાર મોકા ખાચરને શ્રીહરિના ઉપર ઘણો નિર્મળ સ્નેહ હતો. તેથી તેઓ વિવિધ પ્રકારના વાજિંત્ર વગડાવીને શ્રીહરિની સન્મુખ સામૈયું લઈને ગયા. ૧.

(કરિયાણા મીણબાના પાંચ દિયર હતા. તેમાં વાસુર ખાચરને બે પુત્ર હતા. મોટા મોકા ખાચર અને ઓઘડ ખાચર. અને તેમના ભાગમાં વાંકિયા, ખંભાળા વગેરે છ ગામ આવ્યા હતા. જ્યારે તે બંને ભાઈઓ જુદા પડ્યા ત્યારે વાંકિયા મોકા ખાચરના ભાગમાં આવ્યું. તેથી આપણા ગ્રંથોમાં વાંકિયાના મોકા ખાચર એમ લખેલું હોય છે. અને ખંભાળા ઓઘડ ખાચરના ભાગમાં આવ્યું હતું. મોકા ખાચરના પુત્ર ઘેલા ખાચર તથા પુત્રી રાજબા હતા. અને ઓઘડ ખાચરના પુત્ર માણસિયા ખાચર હતા. પરંતુ અત્યારે બંને ભાઈઓ ભેગા છે. એટલે શ્રીહરિ ખંભાળા પધાર્યા ત્યારે આ બંને ત્યાં જ હતા.)

તેણે દૂરથી શ્રીહરિને દેખ્યા ત્યાંથી જ તેઓ દંડવત્ પ્રણામ કરવા લાગ્યા. માણસિયા ખાચર પણ તે રીતે દંડવત્ પ્રણામ કરતાં કરતાં મુખથી જય જયકારનો ઉચ્ચાર કરતા હતા. ૨. તે બંને દરબારો ગદ્‌ગદ કંઠ થઈને શ્રીહરિને પગે લાગ્યા. મનમાં ઘણો જ ઉત્સાહ હતો. પછી તે બંને સંતોના ચરણોમાં પણ નમી પડ્યા. ૩. બધા દરબારોને હાથ જોડીને 'જય સ્વામિનારાયણ' કહ્યા અને વારંવાર ભેટ્યા. તેમજ ડુંગરજી આદિ પાર્ષદોને પણ તે રીતે મળ્યા-ભેટ્યા. ૪.

ભગવાનસિંહજી ચોપદાર હતા. તે પોતાને ઘેર જતા હતા. તે સમયે શ્રીહરિની પાસે આવ્યા, પગે લાગ્યા. શ્રીહરિ તેને જોઈને તેના ઉપર રાજી થયા. ૫. શ્રીહરિ તે દિવસ દરબાર જીવા ખાચરના ઘરેથી દિવસ ચાર ઘડી

(૧.૩૬ કલાક) ચડ્યો ત્યારે થાળ જમીને નીકળ્યા હતા. તે ચાર ઘડી દિવસ બાકી રહ્યો ત્યારે ખંભાળા પહોંચ્યા હતા. ૬. જ્યારે શ્રીહરિ ખંભાળા ગામમાં આવ્યા. ત્યારે આખા ગામના ભક્તો શ્રીહરિની સન્મુખ દોડ્યા. સહુના હૃદયમાં ઘણો જ ભક્તિભાવ હતો. તેથી સહુ બે હાથ જોડીને શ્રીહરિને પગે લાગ્યા. જાત જાતના વાજિંત્ર વાગતાં હતાં ૭. બજારોમાં અપાર શોભા કરી હતી. તે શોભા પારાવાર હોવાથી મુખે કહેવી અશક્ય બની હતી. કેળના સ્તંભ અને નાના ફૂલઝાડ બજારમાં બંને બાજુએ રોપાવી દીધા હતા. ૮.

બજારોને વાળી, સાફ કરાવીને કેસરનું પાણી ચોતરફ છંટાવી દીધું હતું. બજારની બંને બાજુએ જે ભવનો (ઘર) હતા, તેના દરવાજાઓને સુંદર રીતે શણગાર્યા હતા. મોતીના તોરણો બંધાવ્યા હતા. ગામની બધી જ સ્ત્રીઓ શ્રીહરિનાં દર્શન કરવા આવી. ૯-૧૦. તે બધી મોતીના થાળ ભરીને લાવી હતી. એટલે દૂર ઊભા રહીને જ મોતીથી ધર્મના લાલ શ્રીહરિને વધાવતી હતી. શ્રીહરિ અશ્વ ઉપર સવાર થયા હતા. હવે હું તેમની શોભાની વાત કહું છું. ૧૧. સોનેરી સાજથી શણગારેલો શ્રીહરિનો અશ્વ શોભતો હતો. તે જોઈને દેવોનું અને માનવોનું મન લોભાતું હતું. તેથી તેઓ બધા અશ્વની આગળના ભાગમાં આવીને નાચવા-કૂદવા લાગતા હતા. ૧૨.

☀ મનમોહક મૂર્તિનું વર્ણન :

ઘનશ્યામ શ્રીહરિએ અંગો ઉપર બધા જરિયાની વસ્ત્ર અને સોનાના શણગાર પહેર્યા હતા. અને છાતી ઉપર અપાર મોતીના હાર પહેર્યા હતા. ૧૩. મસ્તક ઉપર તોરા મોતીના હતા તેમજ કાન ઉપર કુંડળ પણ મોતીના જ હતા. બાજુ બંધ અને કાંડાં ઉપરના કડાં પણ મોતીના જ પહેર્યાં હતા. ૧૪. પાઘ ઉપર બાંધેલા શિરપેચમાં રહેલી કલગી અદ્‌ભુત મરોડવાળી હતી. તેનાથી શ્રીહરિની છબી ભક્તના ચિત્તને ચોરતી હતી. મસ્તક ઉપર જરિયાની છત્ર ધારણ કર્યું હતું. ૧૫.

પૂર્ણ ચંદ્રના સમાન મુખ ઉપરનું તેજ ઝગમગતું ઝળકી રહ્યું હતું. મરકતું-મંદમંદ હસતુ મુખ ભક્તોના મનમાં આનંદ ઉપજાવતું હતું. ૧૬. નેત્રો ચંચળ હતા. કટાક્ષથી નીકળતી દૃષ્ટિ સુંદર લાગતી. નાસિકા દીવાની ચગના

જેવી સુંદર હતી. વાંકી ભ્રૂકુટિ ભક્તોના ભયને હરનારી હતી. લલાટમાં રહેલા તિલકની છબી આનંદકારી હતી. ૧૭. ગોળ ગાલના ઉપરની ચંચળ છાયા ભવ્ય હતી. નાની એવી ચિબુક (હોઠથી નીચેનો અને દાઢીથી ઉપરનો થોડો ઊંડો ભાગ) સુંદર લાગતી હતી. હોઠ થોડા ગોળ અને પાકા ઘિલોડા જેવા લાલ રમણીય હતા. દાંતની પંક્તિ દાડમના દાણા જેવી શોભતી હતી. ૧૮. શંખના જેવો કે કબૂતરના જેવો કંઠ સુંદર અને અતિશય સોહામણો હતો. બંને ચરણોમાં નૂપુર ધાર્યા હતા. તેની ઘૂઘરીઓનો ઘમકારો સાંભળનારાને મતવાલા કરી દેતો હતો. ૧૯. કૃપાળુ શ્રીહરિએ મોતીની જડાવ મોજડીઓ ચરણોમાં પહેરી હતી. જમણા હાથમાં રૂમાલ રાખ્યો હતો અને ડાબે હાથે ઘોડાની લગામ પકડી હતી. ૨૦. ઘોડાનો સોનાનો મોવડો મોતીથી જડેલો હતો અને તેના ઉપર મોરની કલગી હતી. તેના પગમાં પહેરાવેલા સોનાના ઝાંઝર ઘમઘમતા હતા. ૨૧.

આગળના ભાગમાં ચોપદાર નેકી પોકારતા હતા. તેનાથી શ્રીહરિની સવારી અતિ ભવ્ય લાગતી હતી. શ્રીહરિની સાથે રહેલા બધા દરબારોએ સોનેરી બખતર પહેર્યા હતા. તેનાથી તેઓ અનુપમ રીતે શોભતા હતા. ૨૨. દરેકના હાથમાં ભાલો હતો. પીઠ ઉપર-પાછળના ભાગમાં મોટી ઢાલ બાંધી હતી. તેમાં સોનેરી ફૂલ હતા તે ઝગમગ ઝગમગ કરતા ચમકતા હતા. ૨૩. તે સમયે સૌ સંતો ઝાંઝ અને મૃદંગ વગાડીને ઉત્સવના પદ બોલવા લાગ્યા. ગામના બધા હરિભક્તો ગુલાલ ઉડાડતા હતા. ૨૪.

આ રીતે ધામધૂમ મચી રહી હતી અને ધર્મકુમાર શ્રીહરિ રાજ દરબારમાં પધાર્યા અને મોકા ખાચરના ભવનમાં ઊતર્યા. ૨૫. શ્રીહરિના પધારવાની સાથે જ તે બધા ભવન અત્યંત રમણીય જણાવા લાગ્યા. તેને અનેક પ્રકારના શણગારોથી સુંદર રીતે શણગાર્યા હતા. તેની શોભાનો તો કોઈ પાર જ ન હતો. ૨૬. શ્રીહરિ આવીને હિંડોળા ખાટ ઉપર બેઠા. દરબાર મોકા ખાચરનાં મનમાં ઘણો જ શુદ્ધ સ્નેહભાવ ઊભરાતો હતો. ૨૭. જે સંતો અને દરબારો શ્રીહરિની સાથે આવ્યા હતા તે બધા તેમની સમીપે બેઠા હતા. સહુના હૃદયમાં આનંદ છવાયેલો હતો. ત્યારે શ્રીહરિએ સર્વ દરબારોના પ્રત્યે કહ્યું, ૨૮.

❋ ભાગ્યશાળીને સત્સંગ મળે છે :

"જે ઘણો જ મહત્વપૂર્ણ કહેવાય છે તે સંતસમાગમ તમને સહુને અત્યારે મળ્યો છે. જે સંતસમાગમને મોટા મોટા દેવો પણ ઈચ્છે છે તે તમને સહુને સહેજે જ મળ્યો છે. ૨૯.

चोपाई :

थोरे पुन्य नहिं मिलत कबहु, प्रेह्लाद प्रियवृत कहत सबहु;
दुल्लभ में दुल्लभ हे एहा, संत समागम करना तेहा...३०

આવો સત્સંગ થોડા પુણ્યથી નથી મળતો. એમ પ્રહ્લાદ અને પ્રિયવ્રત વગેરે સહુએ કહ્યું છે. માટે દુર્લભમાં દુર્લભ આ સંતોનો સમાગમ છે તે સહુએ કરવો. ૩૦.

અત્યારે તમને સહુને ખાવાપીવામાં પણ કોઈ જાતનું કષ્ટ દેખાતું નથી. તે તો ઘર કરતા પણ વધારે સારું મળે છે. છતાં પણ કોઈને ઘર સાંભરતું હોય અને ઘેર જવાની ઈચ્છા થતી હોય, તો તેણે અહીંથી જ ઘેર જતા રહેવું. ૩૧. અમે કોઈને અમારી સાથે આવવા બળજબરીથી કહેતા નથી. જેના દિલમાં ઘણો જ ભાવ હોય તે અમારી સાથે ચાલો. ૩૨. અમારી સાથે આવવાથી જેના ઘરના માણસો પાછળ રડતા ન હોય, તેવાએ અમારી સાથે આવવું. અને એમ ન હોય તેણે વહેલાસર પાછા જવું. ૩૩. સહુએ પોતપોતાનો પાયો નક્કી કરીને અમારી સાથે ચાલવું. આવી બાબતમાં કોઈએ શરમાવું નહિ. જો શરમથી ન બોલે તો પાછળથી દુઃખ થાય." ૩૪.

ત્યારે સહુ દરબારોએ કહ્યું, મહારાજ ! 'હવે અમારું ઘર તો આપના ચરણો જ છે. તે આપના ચરણોનું સેવન કરવું એવો મનમાં દૃઢ ઠેરાવ કરીને અમે આપની સાથે રહ્યા છીએ. ૩૫. છતાં પણ મનમાં ઘરની વાસનાનો અંકુર જો ઊગશે તો તરત જ ત્યાંથી પાછા વળી જઈશું. કાઠી દરબારો તેવી બાબતમાં શરમાય નહિ. કાઠી તો જેવો સમય હોય તે પ્રમાણે પોતાનું કામ કરી લે. ૩૬. અમારી સહુની સમજણ એક સરખી નથી અને ખપ પણ એક સરખો નથી. આપે જે વાત કહી તે સાચી જ છે. આપ તો સર્વે વિવેક સમજો છો. ૩૭.

दोहा : जितने जन्म हि लिन जीय, तितने घर हि कीन;
साचे घर अब तुम मिले, ताको शरन हि लीन...३८

આ જીવે જેટલા જન્મ લીધા છે તેટલા પોતાના ઘર કર્યા છે. અત્યારે સાચું ઘર તો આપ મળ્યા છો. એટલે અમે આપનું શરણ લીધું છે. ૩૮.

અમારે બે ઘર છે. તેમાં જેને જ્યાં બળવાન હેત હોય તેને તે, તે ઘર તરફ ખેંચી જાય છે. પણ અમે તો તન અને ધને સહિત પ્રાણ પણ આપને અર્પણ કરી દીધા છે. ૩૯. હરેકની સમજણમાં જમીન અને આકાશના જેટલો ફરક હોય છે. તે અત્યારે આપે અમને સમજાવી દીધું છે. અત્યાર સુધી જીવ ઘણી ભૂલો કરતો જ રહ્યો છે. ૪૦.

જીવે સત્સંગમાં હેત કરવું જોઈએ પરંતુ સત્સંગમાં હૃદયથી સાચું હેત થતું નથી અને ઘર સંસારમાં કુહેત કરવું જોઈએ. પરંતુ સંસારમાં તો તેવું ને તેવું સાચું હેત રહે છે. ૪૧. **"આ દેહ જ દુઃખનું મૂળ છે" એમ વારંવાર આપ શ્રીમુખથી કહો છો. તેમાં એક તલ જેટલો પણ ફરક નથી. છતાં પણ દેહને માટે જ જીવ પ્રયત્ન કરતો રહે છે. ૪૨. જીવની આ મોટી ભૂલ છે. તો હવે તે આ સંસાર સાગરને કઈ રીતે તરી શકશે ?'**

ત્યારે અંતર્યામી પ્રભુ શ્રીસહજાનંદસ્વામી કરુણા કરીને બોલ્યા, ૪૩. "ભગવાને જે વચન કહ્યા છે તે બધા જ વચનો જીવોનો મોક્ષ કરનારા છે. તે વચનોમાં ન્યૂન અધિક ભાવ નથી. બધા જ વચનોને મુખ્યપણે કરીને માનવા. ૪૪. જે જીવની જેટલી શક્તિ હોય તે પ્રમાણે તેણે વચનોને પાળવા. તેમાં કાંઈ પણ કસર રાખવી નહિ. અંતર્યામી પરમેશ્વર હંમેશા બધું જાણે જ છે. ૪૫. જે ભક્તજન જેવું વર્તન રાખશે તેને તેવી મોજ (સુખ) મળશે. અને શરીર, ધન, પુત્ર અને પરિવાર, એ બધું મિથ્યા છે નાશવંત છે. ૪૬.

માટે જેવી દેહાદિકમાં મમતા છે તેવી મમતા સત્સંગમાં કરવી જોઈએ. અને જો સત્સંગમાં તેવી મમતા રાખે તો તેના મોક્ષમાં કોઈ સંદેહ નથી. પછી તે ભક્ત ચાહે તે જાતિનો હોય." ૪૭.

જ્યારે શ્રીહરિ આટલી વાત કહી રહ્યા ત્યારે રસોઈ તૈયાર થઈ ગઈ એટલે શ્રીહરિ જમવા માટે ઊઠ્યા અને વસ્ત્રો બદલીને એક પીતાંબર

પહેર્યું. ૪૮. ચતુરાઈપૂર્વક બીજું પીતાંબર ઓઢી લીધું અને ચરણોમાં ચાખડીઓ પહેરી. જ્યાં વર્ણીએ રસોઈ બનાવી હતી ત્યાં સુખદાયક શ્યામ સુંદર શ્રીહરિ પધાર્યા. ૪૯.

પહેલા હેતથી ચરણ ધોયા અને પછી શ્રીહરિ સોનેરી બાજોઠ ઉપર બેઠા. સાકરનો શિરો, પૂરી અને મગની દાળ, રસોઈમાં બનાવી હતી. ૫૦. ભોજનનો થાળ ભરીને શ્રીહરિની આગળ લાવ્યા. શ્રીહરિ પ્રેમથી જમવા લાગ્યા. પછી બધા સંતોને બોલાવ્યા. ૫૧. છેલ્લે શ્રીહરિ સાકર દૂધ અને ભાત જમ્યા. જમીને જ્યારે તૃપ્ત થયા ત્યારે હાથ ધોયા. ૫૨.

શ્રીહરિ જે થાળ જમ્યા તેની પ્રસાદી મોકા ખાચરને આપી. પછી શ્રીહરિએ મુખવાસ લીધો અને સંતોને જમવા માટેની પંગત કરાવી. ૫૩. સંતો અને દરબારો જ્યારે જમવા બેઠા ત્યારે શ્રીહરિ પીરસવા આવ્યા. ઘણા જ પ્રેમથી વારંવાર પીરસ્યું. તે મુખથી વર્ણવી શકાતું નથી. ૫૪. પંગતમાં છેલ્લે ભાત પીરસ્યો. તેમાં સાકર પીરસીને દૂધની તો રેલમછેલ કરી દીધી. જમતા હોય તે 'ના' 'ના' કહેતા હોય છતાં શ્રીહરિ ખૂબ જ દૂધ પીરસતા હતા. ૫૫. જ્યારે સંતો જમીને તૃપ્ત થયા ત્યારે સહુએ હાથ ધોયા. પછી શ્રીહરિ ખૂબ હસ્યા અને આવીને પલંગ ઉપર બેઠા. ૫૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'ખંભાળામાં શ્રીહરિની સવારી તથા સત્સંગનું મહત્ત્વ કહ્યું' એ નામે છઠ્ઠો તરંગ સમાપ્ત ॥૬॥



પૂર પાંચમું : તરંગ - ૭

વાજસૂર ખાચર આદિને નિયમ ધરાવ્યા, પછી જમીને ત્યાંથી ચાલી નીકળ્યા

બે ઘડી રાત ગઈ ત્યારે શ્રીહરિ આવીને પલંગ ઉપર બેઠા. બે મશાલ કરવામાં આવી. ત્યારે ત્યાં સહુની સભા થઈ. ૧. મોકા ખાચર અને ઓઘડ ખાચરના પિતા વાજસૂર ખાચર હતા અને તેમના બીજા પુત્ર ઓઘડ ખાચર

હતા. પિતાની સાથે તેઓ બંને આવીને ત્યાં બેઠા. ૨. તેઓ બંને હૃદયના ભક્તિભાવથી શ્રીહરિના ચરણોમાં નમ્યા. તેઓ બંને કાંઈ પૂછવાનું મનમાં નક્કી કરીને આવ્યા હતા. ૩. આવીને બેઠેલા તે બંનેને શ્રીહરિએ ઘણા હેતથી બોલાવ્યા. અને કહ્યું, "તમે કોનું ભજન કરો છો ? તે કહો. અમને તેની ખબર પડે ને." ૪. ત્યારે પિતા વાસૂર ખાચર બોલ્યા, "અમે ગઢાળિયા હનુમાનજીનું ભજન કરીએ છીએ, તેઓ અમને સારા અશ્વ આપે છે. ૫. અમે જેટલા કાઠી કહેવાઈએ છીએ તે સ્વાર્થ વિના કોઈને ભજીએ નહિ. અમે કહીએ તેને જો તમે આપો, તો હવેથી તમારું ભજન કરીએ." ૬.

તે સમયે વાસૂર ખાચર ઉપર અતિશય કરુણા કરીને સુખદાયક શ્રીહરિ બોલ્યા, "અમે અમારું ભજન કરાવતા નથી કે જેનાથી તમારો સ્વાર્થ સિદ્ધ થાય. ૭. એવા તો એક ભગવાન નારાયણ છે. જે મોટા મોટા દેવોનું પણ કારણ કહેવાય છે. તેઓ પોતાનું ભજન કરનારા જીવને રાજપાટ તથા પુત્ર પરિવાર વગેરે વસ્તુઓને વારંવાર આપે છે. ૮. તેમના ઘરમાં તો અનંત અને અપાર હાથી અને ઘોડાઓ વગેરે છે, બીજા બધા જે દેવ કહેવાય છે તે તો ભગવાન નારાયણના દાસ છે. ૯. તેઓ બધા નારાયણના ઘેરથી જ લાવીને પોતાના ભક્તોને જે જોઈતું હોય તે આપે છે. રાજામાં અને રાજાના ચાકરમાં કેટલો બધો ફરક હોય છે ? ૧૦. તેટલો ભગવાન નારાયણમાં અને બીજા દેવોમાં ફરક છે, આવું વેદ અને પુરાણો વગેરે સહુ કહે છે. તેથી અમે તે નારાયણનું ભજન કરીએ છીએ. તે સિવાયના બીજા દેવોનું ભજન અમે નથી કરતા. ૧૧. નારાયણ સર્વથી એવા મોટા છે કે જેના ઉપર કોઈનેય દ્વેષ થતો નથી.

આવી શ્રીહરિની વાત સાંભળીને તે સમયે નૃપ વાસુર ખાચરે હેતે કરીને તરત જ શ્રીહરિના હાથે નિયમ ધાર્યા. રાજા અને રાજાના પુત્ર સર્વે હરિભક્ત થયા. ૧૨-૧૩. જ્યારે રાજાનો બધો પરિવાર હરિભક્ત થયો ત્યારે તે વાતની તેના સર્વ નાતિલાને જાણ થઈ. અને તેથી તેમની જ્ઞાતિના બીજા પણ જે મોટા મોટા દરબારો હતા તેઓ બધાએ પણ સત્સંગના "વ્રતમાન-નિયમ" ધારણ કર્યા. ૧૪.

પછી ધર્મકુમાર શ્રીહરિએ સરોદ, સિતાર અને મૃદંગ વગેરે વિવિધ પ્રકારના વાજિંત્ર મગાવ્યા. તે લઈને સંતો ગાન કરવા લાગ્યા. ૧૫. મુક્તાનંદસ્વામીએ અને બ્રહ્માનંદસ્વામીએ વગાડવા માટે સરોદ લીધો. પ્રેમાનંદસ્વામીએ મૃદંગ લીધું. ૧૬. તે ત્રણ સારા કવિ કહેવાતા હતા. તેમણે દરેકે ચાર ચાર પદ-કીર્તન ગાયા. તેમાં મુક્તાનંદસ્વામીએ પહેલા કલ્યાણ રાગના બે પદ ગાયા. ૧૭. તેમના પછી બ્રહ્માનંદસ્વામીએ 'કાનડા' રાગના બે પદ ગાયાં. પ્રેમાનંદસ્વામીએ બે પદ બિહાગ રાગના ગાયા. ૧૮. વળી મુક્તાનંદસ્વામીએ ઘણા સારા ખમાચ રાગના બે પદ બોલ્યા. અને 'અડાણા' રાગના બે પદ બ્રહ્માનંદસ્વામી બોલ્યા. ૧૯. પ્રેમાનંદસ્વામીએ તે પછી પરજ રાગના બે પદ ગાયા. ત્યારે સંતોનું કીર્તનગાન સાંભળીને ગામના બધા લોકો પ્રેમથી ત્યાં આવવા લાગ્યા. ૨૦.

તે પછી શ્રીહરિએ વાતો કરી. તેનાથી કેટલાક લોકોએ સત્સંગના વ્રતમાન-નિયમ લીધા. પછી શ્રીહરિ પોઢી ગયા અને ત્યાં જે લોકો હતા તે બધા પોતાને ઘેર ગયા. ૨૧. રાત ગઈ અને અરુણોદય થયો ત્યારે બધા ત્યાંથી નીકળવાની તૈયારી કરવા લાગ્યા. ત્યારે દરબાર ઓઘડ ખાચર ત્યાં આવ્યા અને શ્રીહરિના ચરણોમાં પડ્યા. ૨૨. તેઓ બંને હાથ જોડીને વિનંતી કરવા લાગ્યા. મહારાજ ! અમને તરછોડીને આપ ન જાશો. અમારી એક રસોઈ લો. પછી અમે આપને નહિ રોકીએ. ૨૩. પછી તેમના અત્યંત આગ્રહને જોઈને સુખદાયક શ્રીહરિ ત્યાં બપોર સુધી રોકાયા. ૨૪.

ત્યાં ખંભાળા ગામના દરવાજાની સામે જ ઉન્મત્તગંગા નદી નીકળી છે, એટલે સુંદરવર સુખધામ શ્રીહરિ તેમાં નાહવા માટે ચાલ્યા. ૨૫. ઉન્મત્તગંગામાં જ્યાં પાણીનો ધરો હતો અને બાંધેલો ઘાટ હતો ત્યાં આવ્યા. સ્વચ્છ પાણી જોઈને ખૂબ પ્રસન્ન થયા. ૨૬. કાળા પાલવનો એક ખેસ પહેર્યો અને માથે રૂમાલ ઓઢ્યો. આવો શ્રીહરિનો વેશ ઘણો જ સુંદર લાગતો હતો. ૨૭. બહિર્ભૂમિ જઈ આવ્યા પછી કરચરણાદિને નિયમ પ્રમાણે ધોયા. પછી દાતણ કર્યું અને નાહવાની તૈયારી કરી. ૨૮. જ્યાં સ્વચ્છ અને નિર્મળ નીર હતું

ત્યાં આવીને શ્રીહરિએ સ્નાન કર્યું. ગંગાજળ ઘણું નિર્મળ અને સુંદર વહેતું હતું. સંતો અને સર્વ દરબારો શ્રીહરિની સાથે નાહ્યા. ૨૯.

શ્રીહરિએ ઉન્મત્તગંગાનો કિનારો સુંદર જોયો. મનમાં ઘણું રાજી થયા. નદીના કિનારે અનેક જાતના સુંદર ઝાડ ઝૂકી રહ્યા હતા. ૩૦. ત્યાં વૃક્ષોનું ઘણું ઘાટું વન કિનારા ઉપર બહુ સોહામણું લાગતું હતું. તેમાં જાત જાતના પંખીઓ ઘણા મીઠા શબ્દ બોલતા હતા. ૩૧. શ્રીહરિ ત્યાં ચાર ઘડી (૧.૩૬ કલાક) સુધી નહાતા રહ્યા. તે પછી પાણીમાંથી બહાર નીકળ્યા. બધા જરિયાની વસ્ત્ર પહેર્યા અને સોનેરી સાજથી શણગારેલા અશ્વને લઈને સેવક આવ્યો. ૩૨. શ્રીહરિ અશ્વ ઉપર સવાર થયા. તેની અલૌકિક શોભા બધે છવાઈ ગઈ હતી. તે વખતે વિવિધ પ્રકારના વાજા વાગતા હતા. ચોપદાર મુખથી જયજયકારના શબ્દ બોલતા હતા. ૩૩. ગામની ચારેબાજુ અનેક પ્રકારની સુંદર વાડીઓ હતી. આનાથી ગામ ઘણું જ શોભે છે એવું ધર્મકુમાર શ્રીહરિ બોલ્યા. ૩૪.

જેટલા સંતો અને હરિભક્તો સાથે હતા તે બધા કીર્તન ગાવા લાગ્યા. તે સહુ પ્રેમભાવથી જે કીર્તન બોલતા હતા તેની શોભા કહી શકાતી નથી. ૩૫. આ રીતે સહુ રાજદ્વારમાં આવ્યા. સહુના હૃદયમાં ઘણો જ આનંદ ભર્યો હતો. ત્રિભુવનરાય શ્રીહરિ પલંગ ઉપર વિરાજ્યા. શ્રીહરિના નેત્ર અત્યંત કરુણારસથી ભરેલાં હતાં. ૩૬. જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે શ્રીહરિ થાળ જમવા ચાલ્યા. એક પીતાંબર પહેર્યું અને એક બીજું પ્રેમથી ઓઢી લીધું. ૩૭. દયાળુ શ્રીહરિએ ચરણોમાં ચાખડીઓ પહેરી અને હાથમાં રૂમાલ લીધો. જ્યાં રસોઈ બનાવી હતી ત્યાં આવીને સુંદર બાજોઠ ઉપર બેઠા. ૩૮. ચરણકમળ ધોઈને વર્ણીએ રૂમાલથી લૂછ્યા. જે ભોજન બનાવ્યા હતા તેને થાળમાં ભરી ભરીને લઈ આવ્યા. ૩૯.

શ્રીહરિ દૂધપાક, પૂરી, ભજિયાં અને વડાંને ભાવથી જમવા લાગ્યા. ૪૦. ભાત અને મઠો પણ ઘણા જ ભાવથી જમ્યા. જ્યારે જમીને તૃપ્ત થયા ત્યારે હાથ અને મુખ ધોયા. ૪૧. શ્રીહરિ જે થાળ જમ્યા તેની પ્રસાદી ઓઘડ ખાચરને આપી. પછી શ્રીહરિની સાથે જે સંતો અને દરબારો આવ્યા હતા, તેમને જમવા માટેની પંગત કરાવી. ૪૨. શ્રીહરિએ આવીને જે જે ભોજન

કર્યા હતા તે બધા તેમને પીરસવા લાગ્યા. સંતો પીરસેલા ભોજનમાં જળનું પ્રોક્ષણ કરી ભેળું મેળવી દેતા અને પછીથી જમતા હતા. ૪૩. જ્યારે સંતો જમીને તૃપ્ત થયા ત્યારે શ્રીહરિએ હાથ ધોયા. પછી આવીને પોતે પલંગ ઉપર વિરાજ્યા. ત્યારે સંતો પણ જમીને ત્યાં આવ્યા. ૪૪.

તે સમયે દરબાર શ્રીહરિની પૂજા કરવા આવ્યા. થાળમાં ભરી ભરીને બધો પૂજાનો સામાન લાવ્યા. તેમણે વિવિધ પ્રકારના સોનેરી વસ્ત્ર ઘણા જ પ્રેમથી શ્રીહરિને પહેરાવ્યા. ૪૫. સોનાના બધા ઘરેણાં પહેરાવ્યાં અને લલાટમાં કેસરી ચંદનની અર્ચા કરી. તેના મધ્યમાં કુંકુમનો ચાંદલો કર્યો અને અતિશય પ્રેમભાવથી આરતી ઉતારી. ૪૬. કેસર-ચંદન ચરણતળ ઉપર લગાવીને દરબારે પોતાની છાતી ઉપર લીધા. દરબારનો જે બધો પરિવાર હતો તેમણે પણ તેવી જ પૂજા કરી. ૪૭. તે પછી બુદ્ધિમાન દરબારે ગદ્‌ગદ કંઠ થઈને કેસર-ચંદનથી સર્વ સંતોની પૂજા કરી અને વિવિધ પ્રકારના ફૂલના હાર બનાવીને દરેકને એકએક ફૂલહાર પહેરાવ્યો. ૪૮. શ્રીહરિની સાથે જે દરબારો આવ્યા હતા તેમજ જે સેવકો આવ્યા હતા તે બધાની તેમણે પૂજા કરી, કોઈ પૂજા કર્યા સિવાયના ન રહ્યા. ૪૯.

વિવિધ પ્રકારના વાજા વાગતા હતા. સુખકારી શ્યામસુંદર શ્રીહરિએ ચાલવાની તૈયારી કરી અને અશ્વ ઉપર સવાર થયા. ૫૦. શ્રીહરિના મસ્તક ઉપર સોનેરી છત્ર ધાર્યું હતું, ચોપદાર જયજયકારના શબ્દ બોલતા હતા. ૫૧. ઊભી બજારે ગામના લોકો દર્શન કરવા આવ્યા હતા. તેનો કોઈ પાર ન હતો. શ્રીહરિ હેતથી સહુને દર્શન દેતા દેતા ખંભાળા ગામની બહાર નીકળ્યા. ૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગર પંચમ પૂરમાં 'શ્રીહરિએ વાજસૂર ખાચર આદિને સત્સંગ કરાવ્યો. પછી ત્યાંથી જમીને ચાલી નીકળ્યા' એ નામે સાતમો તરંગ સમાપ્ત ॥૭॥



પૂર પાંચમું : તરંગ - ૮

શ્રીહરિ ખંભાળાથી કોટડા પધાર્યા

ખંભાળા ગામના હરિભક્તો શ્રીસહજાનંદસ્વામી મહાપ્રભુને વળાવવાને માટે ઘણું દૂર સુધી પાછળ પાછળ આવ્યા કારણ કે તેમના હૃદયમાં શ્રીહરિ ઉપર ખૂબ જ પ્રેમ હતો. ૧. સહુ અરધા કોશ સુધી આવ્યા તે જોઈને શ્રીહરિએ તેમને પાછા વાળ્યા અને પછી અશ્વને દોડાવ્યો. ૨. દરબાર મોકા ખાચર, માણસિયા ખાચર અને તેમના ભત્રીજા (ઓઘડ) પણ ઘોડે સવાર થઈને શ્રીહરિની સાથે ચાલ્યા. ૩. શ્રીહરિએ સંતોને માટે બે રથ અને એક બળદ ગાડી, તે ગઢપુરથી જ કાયમ સાથે જ રાખવા માટે જોડાવ્યા હતા. ૪.

દરબાર એભલ ખાચરે એક રથ અને એક બળદ ગાડી સંતોને માટે આપી હતી. તે રીતે જ દરબાર જીવા ખાચરે પણ એક રથ અને એક બળદગાડી આપી. શ્રીહરિએ રથ રાખીને બળદ ગાડીની ના કહી. ૫. તેમને શ્રીહરિના ઉપર ઘણું હેત હતું તેથી તેણે હાંકનારા સારથી-માણસની સાથે એક વેલ આપી હતી. તે બંને દરબારોએ એકએકથી સરસ, એવા સોનેરી રથ કરાવ્યા હતા. ૬. મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી અને આનંદાનંદસ્વામી વગેરે સંતો રથમાં બેસીને આવતા હતા. ૭.

સાંજ પડવા આવી ત્યારે શ્રીહરિ **કોટડા** આવ્યા. હરસૂરવાળા વગેરે ત્યાંના દરબારો હતા, તે બધા સવારી સાથે સામૈયું લઈને શ્રીહરિની સન્મુખ ચાલ્યા. ડંકા અને નિશાન વગેરેને સાથે લાવ્યા હતા. શ્રીહરિનાં દર્શન કરીને તેઓ ચરણોમાં નમી પડ્યા. ૮-૯. તેઓ બધા એક કોશ સુધી સામે આવ્યા હતા. સહુના હૃદયમાં અત્યંત આનંદ વ્યાપી ગયો હતો. ૧૦. કોટડા ગામનો પર્વત એક કોસની લંબાઈનો હતો. તે નાનામોટા ઘણા શિખરોથી શોભતો હતો. ૧૦. ત્યાં અનેક જાતના ઝાડ ઝૂકી રહ્યા હતા અને તેમાં અપાર પક્ષીઓ કોલાહલ કરતા હતા. ૧૧. વિવિધ પ્રકારના વાજિંત્રો જ્યારે વાગતા હતા ત્યારે પર્વત પણ પડછંદાના રૂપમાં સામેથી ગર્જના કરતો હતો. પર્વતને

અડતો ઉત્તર તરફ એક મોટો રાજમાર્ગ જોડાયેલો છે. ૧૨. શ્રીહરિ તે રસ્તે આવ્યા. એકદમ ગામની પાસે આવ્યા ત્યારે ચારે બાજુ કેળના મોટા મોટા બગીચાઓને શ્રીહરિએ દેખ્યા. ૧૩.

શ્રીહરિ પુરને દરવાજે આવ્યા ત્યારે ત્યાંના હરિભક્તો અને બીજા બધા પણ મનમાં ખૂબ જ પ્રસન્ન થઈને સન્મુખ આવ્યા હતા. ૧૪. શ્રીહરિ પુરમાં પધાર્યા. પુરની બધી બજારોને વિચિત્ર રીતે શોભાડી હતી. બધી જગ્યાએ દીવાઓ પ્રકટાવ્યા હતા અને કેળના સ્તંભો પણ રોપાવ્યા હતા. ૧૫. મોતીના સારા અને સુંદર તોરણ હરેક દરવાજે બંધાવી દીધા હતા. તે સિવાય બીજી પણ અપાર શોભા કરી હતી, જે મુખથી વર્ણવી શકાતી નથી. ૧૬. કોટડા ગામના બધા દરબારો અને બીજા જે પ્રેમી હરિભક્તો હતા. તે સહુએ જેને જેવી ભાવના, તે પ્રમાણે તેમણે સહુએ ગામને શણગાર્યું હતું. ૧૭.

શ્રીહરિના પ્રેમભાવથી દર્શન કરવા માટે અપરંપાર લોકો બજારમાં ઊભા હતા. તેમજ ગામની બધી સ્ત્રીઓ પણ મોતીના થાળ ભરી ભરીને આવી હતી. ૧૮. તેમના હૃદયમાં શ્રીહરિને વધાવવા માટે ઘણો ભાવ હતો. જે દૂર ઊભી હતી તે થોડી સમીપે આવી. જે ગુણીજનો (ભાટ ચારણ વગેરે) હતા તેઓ શ્રીહરિની આગળ આવીને ગુણગાન કરતા હતા. ૧૯. દરબારો ગુલાલ લાવીને ઉડાડવા લાગ્યા. તેની ચોતરફ ધૂમ છવાઈ ગઈ. ગામધણી દરબારના મનમાં ઘણો જ ઉત્સાહ હતો. તેથી તેઓ બંદૂકોના ખૂબ જ અવાજ કરાવતા હતા. ૨૦.

તેમના મનમાં શ્રીહરિના ઉપર ખૂબ જ પ્રેમભાવ હતો તેથી તેમણે આવી બધી શોભા કરાવી હતી. શ્રીહરિને રાજ દરબારગઢની અંદર પધરાવ્યા. ૨૧. હરસૂરવાળાના ભવનમાં શ્રીહરિનો ઉતારો હતો. સોનેરી પલંગ બિછાવ્યો હતો. રંગભીના શ્રીહરિ તેના ઉપર બેઠા. ૨૨. તેમણે પોતાના દરબારને નજીક-અડીને જ હરિમંદિર કરાવ્યું હતું. પરમ દયાળુ શ્રીહરિએ તે સાંભળ્યું એટલે તરત જ તે હરિમંદિરમાં પધાર્યા. ૨૩. ઉત્તરાદાબારનું તે હરિમંદિર ત્રણ માળનું હતું. તે જોઈને શ્રીહરિ ખૂબ રાજી થયા અને પછી પોતાનો ઉતારો તે હરિમંદિરમાં રખાવ્યો. ૨૪. બધા સંતો શ્રીહરિની સાથે ઊતર્યા

અને બધા દરબારો ત્યાં ઊતર્યા. આમ તે જગ્યાને રાજદરબાર કરતા પણ અધિક શ્રેષ્ઠ કરી હતી. ૨૫.

ત્યાં ચોકની વચ્ચે મહાવીર હનુમાનજીનું મંદિર ઘણું ઊંચું આકાશ સુધીનું કરાવ્યું હતું. તેની શોભા કહી શકાતી નથી. ૨૬. શ્રીહરિએ ત્યાં આવીને ચારે બાજુ નજર ફેરવી. અને બધી જ જગ્યા દેખી. મનમાં ઘણું રાજી થયા અને પછી બોલ્યા, ૨૭. ગઢપુરમાં અમારે રહેવાની જે સારામાં સારી જગ્યા એભલ ખાચરે આપી છે તેવી જ આ જગ્યા તમે મંદિરને માટે આપી છે. ૨૮. અત્યાર સુધી પર્વત ઉપર આવી અમારી કોઈ જગ્યા ન હતી. તમે તે ઘણી સારી જગ્યા કરાવી આપી છે. આ જગ્યા અમારે રહેવાને લાયક છે. ૨૯. શ્રીહરિએ દરબાર હરસૂરવાળાને આવું કહ્યું. તે સાંભળીને તેઓ પણ રાજી થયા. પછી મહાવીર હનુમાનજીનું જે મંદિર હતું ત્યાં શ્રીહરિએ સભા કરી. ૩૦.

જ્યારે ચાર ઘડી (૧.૩૬ કલાક) રાત ગઈ ત્યારે રસોઈ તૈયાર થઈ. શ્રીહરિ જમવા માટે ઊઠ્યા. સહુના મનમાં ખૂબ જ પ્રેમરસ ભર્યો હતો. ૩૧. શ્રીહરિ ચાખડીઓ પહેરીને ચાલ્યા. જ્યાં વર્ણીએ રસોઈ બનાવી હતી ત્યાં આવ્યા. સુખદાયક ઘનશ્યામ સુંદર શ્રીહરિ સોનેરી બાજોઠ ઉપર આવીને બેઠા. ૩૨. ચરણ ધોઈને જ્યારે શ્રીહરિ બેઠા તે વખતે વર્ણી ભોજનોનો થાળ ભરીને લાવ્યા. વિવિધ પ્રકારના ભોજન બનાવ્યા હતા તેને રંગભીના શ્રીહરિ જમવા લાગ્યા. ૩૩. સુખકારી શ્રીહરિ પોતાની રુચિને અનુસારે દૂધપાક અને પૂરી જમ્યા. પછી ભાત અને દાળ જમ્યા અને તે પછી હાથ ધોયા. ૩૪. મુખ ધોઈને જળપાન કર્યું અને મુખવાસ લીધો અને પોતાની પાસે જ સંતોને જમવા બેસાડ્યા. શ્રીહરિ જે જમ્યા તે થાળની પ્રસાદી ગામ ધણી દરબાર હરસૂરવાળાને આપી. ૩૫. શ્રીહરિની સાથે જે બધા દરબારો આવ્યા હતા તેમને પણ જમવા માટે બેસાડ્યા. શ્રીહરિ તેમને પીરસવા ઊઠ્યા. પહેલા સંતોને જઈને પીરસ્યું. ૩૬. જ્યાં સુધી બધા જમી રહ્યા ત્યાં સુધી શ્રીહરિ સૌને પીરસતા રહ્યા. જ્યારે તે સહુ જમીને તૃપ્ત થયા ત્યારે શ્રીહરિએ પોતાના હાથ ધોયા. ૩૭.

પછી શ્રીહરિ આવીને પલંગ ઉપર બેઠા. ત્યાંની શોભા અદ્‌ભુત બની હતી. વાજિંત્રો લઈને મુનિજનો કીર્તન ગાન કરવા લાગ્યા. ૩૮. શ્રીજીમહારાજ સંતોની સાથે કીર્તન ગાવા લાગ્યા. તેનાથી આખું ત્રિભુવન ગાજવા લાગ્યું. તેને સાંભળવા માટે બધા દેવતાઓ આવ્યા. ૩૯. વિમાનમાં બેઠેલા બધા દેવો ચંદન અને પુષ્પોની વૃષ્ટિ કરવા લાગ્યા. મુખેથી 'જય જય મહારાજાધિરાજ' ઉચ્ચારીને ભવ અને બ્રહ્મા વગેરે નૃત્ય કરવા લાગ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'શ્રીહરિ ખંભાળાથી કોટડા પધાર્યા' એ નામે આઠમો તરંગ સમાપ્ત ॥૮॥

પૂર પાંચમું : તરંગ - ૯

શ્રીહરિ કોટડાથી સરધાર પધાર્યા

શ્રીહરિ સંતોની સાથે કીર્તન ગાતા રહ્યા જ્યારે અધરાત થઈ ત્યારે પોતે પલંગ ઉપર પોઢી ગયા અને સહુ દરબારો સૂઈ ગયા. ૧. સમગ્ર સંતો ધ્યાન કરવા માટે બેસી ગયા. જ્યારે અરુણોદય થયો ત્યારે સહુ જાગ્યા. સંતો 'નારાયણ ધૂન' કરવા લાગ્યા. ૨. જયાનંદ વર્ણીએ તે વખતે કંસાર તૈયાર કરી દીધો હતો. સંતોના મંડળે સ્નાન અને નિત્ય કર્મ કરી લીધું, શ્રીહરિ પણ સ્નાનાદિ કરીને તૈયાર થઈ ગયા. ૩. શ્રીહરિ, સંતો અને દરબારો, સહુ સાથે જમવા બેસી ગયા. મુકુંદાનંદ વર્ણી ઘણા પ્રેમથી સહુને પીરસતા હતા. ૪. શ્રીહરિ સહુથી પહેલા જમીને તૈયાર થઈ ગયા. દૂધ, સાકર અને ભાત, શ્રીહરિ સૌને પીરસવા લાગ્યા. ૫. શ્રીહરિએ સહુને કહ્યું કે હવે સાંજ સુધી કોઈએ કાંઈ જમવાનું માગવું નહિ. દિવસ ઊગતામાં જ તૈયારી કરીને સુખકારી શ્યામસુંદર ઘોડેસવાર થયા. ૬. દરબાર હરસૂરવાળાએ રોકવા માટે વિનય સાથે ઘણી પ્રાર્થના કરી. પણ ફરીવાર કોટડા આવવાનો તેમને કોલ દીધો, એટલે દરબારે શ્રીહરિને વળાવવા માટે સવારી તૈયાર કરી. ડંકા અને નિશાન વગેરે બધું લાવ્યા. ૭.

કોટડામાં પૂતળીબાઈ નામે એક વણિક સ્ત્રી હરિભક્ત હતા. તેઓ તથા બીજા હરિભક્તોએ મળીને પાંચ મણ જેટલા પેંડા કરાવ્યા હતા. તે બધા શ્રીહરિની આગળ લાવીને અર્પણ કર્યા. ૮. શ્રીહરિએ તે પેંડાને પ્રેમથી સ્વીકાર્યા. યોગ્ય સમય જાણીને તેઓ લાવ્યા હતા. તેમાંથી એક પેંડો હાથમાં લઈને શ્રીહરિ અશ્વ ઉપર બેઠા બેઠા જ જમ્યા. ૯. પેંડો જમીને શ્રીહરિએ હરિભક્તોને રાજી કર્યા અને દસ બાર પેંડા તેમને પ્રસાદીના રૂપમાં પાછા આપ્યા. તે સમયે મંગળમય વાજિંત્રો વાગવા લાગ્યા અને ચોપદાર મુખથી છડી બોલવા લાગ્યા. ૧૦. પુરના લોકો દર્શન કરવા માટે દોડી આવ્યા. બજારમાં તેની ઘણી જ ભીડ થઈ. સહુ ભક્તો બંને હાથ જોડીને ચરણોમાં નમી પડતા હતા અને મુખથી જયજયકારના શબ્દ બોલતા હતા. ૧૧. આ રીતે ઘણી મોટી ધામધૂમ સાથે ગામ બહાર નીકળ્યા. બધા પુરજનોને ત્યાં ઊભા રાખીને ઘનશ્યામ શ્રીહરિ તે સમયે ત્યાંથી ચાલતા થયા. ૧૨. ગામ ધણી દરબાર હરસૂરવાળાની બધી સવારી આટકોટ સુધી સાથે આવી. ત્યાંથી શ્રીહરિ તેમને પાછા વાળીને આગળ ચાલ્યા. ૧૩.

શ્રીહરિએ જરિયાની પોશાક ધારણ કર્યો હતો. તેની શોભા અપાર થઈ હતી. મસ્તક ઉપર જરીમય છત્ર ધાર્યું હતું. તેનું તેજ અપાર જણાતું હતું. ૧૪. જ્યારે સંધ્યા સમય થવા આવ્યો ત્યારે શ્રીહરિ **સરધાર** પહોંચ્યા. ગામ ધણી દરબાર તો એકદમ ઉતાવળા સન્મુખ આવ્યા અને ગામના બીજા હરિભક્તો પણ બધા આવ્યા. ૧૫. દરબાર ડંકા અને નિશાન સાથેની સવારી લઈને સન્મુખ આવ્યા. તેઓ શ્રીહરિના ચરણોમાં પડ્યા અને દર્શન કરીને તેમને ઘણો આનંદ થયો. ૧૬. ત્યાંના દરબાર એક તોંગાભાઈ અને બીજા વેરાભાઈ હતા. બીજા પણ સત્સંગના બળવાળા હરિભક્તો બાઈ-ભાઈ ત્યાં સરધારમાં રહેતા હતા. ૧૭. તેઓ બધા સમાધિનિષ્ઠ હતા. જીવનમાં સત્સંગને મુખ્ય માનતા હતા. તે બધા 'શ્રીહરિ પધારે છે' એવું સાંભળીને સન્મુખ આવ્યા હતા. ૧૮.

વિવિધ પ્રકારના વાજિંત્રો વાગતા હતા. શ્રીહરિ ગામમાં પધાર્યા ત્યારે સુશોભિત રીતે બજારોને શોભાડી હતી. દીવાઓની શોભા ઘણી જ કરી હતી. ૧૯. ઘણી જ મશાલો પ્રકટાવી હતી. તેની શોભા તો કહી શકાતી નથી.

શ્રીહરિએ પણ પોતાના અંગો ઉપર સોનેરી વસ્ત્ર અને સોનાના આભૂષણો ધારણ કર્યા હતા. ૨૦. સરધાર ગામમાં જેટલા મનુષ્ય રહેતા હતા. તે બધા બજારમાં આવીને ઊભા હતા. બંને હાથ જોડીને સહુ પગે લાગતા હતા. તેમને શ્રીહરિની મૂર્તિ ઘણી મનોહર અને સોહામણી લાગતી હતી. ૨૧. જે કોઈ પણ માણસ આવીને શ્રીહરિની મૂર્તિનાં દર્શન કરતા કે તુરંત જ તેના નાડી અને પ્રાણ ખેંચાઈ જતા હતા. સરધાર પુરની જેટલી સ્ત્રીઓ હતી તે બધી મોતીના થાળ ભરીને આવી હતી. ૨૨. શ્રીહરિની અલૌકિક રીત જાણીને તે બધી સ્ત્રીઓ ઘણા જ પ્રેમથી મોતી ઉછાળીને શ્રીહરિને વધાવતી હતી. આ રીતે સહુને દર્શન આપતા શ્રીહરિ રાજદરબારમાં પધાર્યા. ૨૩. દરબારે પોતાના ભવનમાં શ્રીહરિનો ઉતારો કરાવ્યો. શ્રીહરિની અદ્‌ભુત અને અલૌકિક રીત સમજીને તેઓ વારંવાર પોતાના ભવનમાં ઉતારો કરાવતા હતા. ૨૪.

દરબારે સોનેરી પલંગ લાવીને શ્રીહરિને માટે બિછાવી દીધો. શ્રીહરિ આવીને તે પલંગ ઉપર વિરાજમાન થયા અને ત્યાં જ ભક્તોની સભા કરી. ૨૫. જયાનંદ વર્ણીએ રસોઈ તૈયાર કરી છે એવું સાંભળીને શ્રીહરિ જમવા માટે ઊઠ્યા. ૨૬. શ્રીહરિએ તે સમયે તુરંત એક પીતાંબર પહેરી લીધું અને બીજું પીતાંબર ઓઢી લીધું. ચરણોમાં ચાખડીઓ પહેરી લીધી. ૨૭. હાથમાં રૂમાલ લીધો. જ્યાં વર્ણીએ રસોઈ બનાવી હતી ત્યાં પધાર્યા. દયાળુ શ્રીહરિએ ચરણ ધોયા અને બાજોઠ ઉપર જમવા માટે બેઠા. ૨૮.

સાકરનો કંસાર કર્યો હતો. તેનો થાળ ભરીને શ્રીહરિ આગળ મૂક્યો. ભાત અને અડદની દાળ પણ કરી હતી. તે પણ થાળમાં ભરીને શ્રીહરિની આગળ ધરાવી. ૨૯. ઘણા ભાવથી શ્રીહરિ તે બધું જમ્યા. થોડું થોડું જળ વચ્ચે પીતા હતા. જ્યારે કંસાર અને દાળ જમી રહ્યા ત્યારે ભાત અને દૂધ જમ્યા. ૩૦.

દરબાર ખૂબ જ ભાવનાવાળા હતા. તેઓ દૂધની સાથે સાકર પણ લાવ્યા હતા. એટલે દૂધ સાથે સાકર પણ લીધી હતી. શ્રીહરિ જ્યારે થાળ જમી રહ્યા ત્યારે તે પ્રસાદી દરબારને આપી. ૩૧. પછી હાથ અને મુખ ધોયા અને રૂમાલથી હાથ લૂછ્યા. પ્યારા શ્રીહરિએ મુખશુદ્ધિ કરવા માટે સુગંધી મુખવાસ લીધો. ૩૨. તે જ સમયે ધર્મકુમાર શ્રીહરિએ સંતોને અને દરબારોને

જમવા માટે બોલાવ્યા. તેઓ બધા તત્કાળ આવીને જમવા બેસી ગયા. ત્યારે શ્રીહરિ તે સહુને પીરસવા લાગ્યા. ૩૩. વર્ણી શ્રીહરિની આગળ થાળ પકડી રાખતા તેમાંથી કંસાર લઈ લઈને ખૂબ જ પીરસ્યો. કળશમાં ભરેલું ઘી પાત્ર છલકી જાય તેટલું પીરસ્યું. ૩૪. કંસારમાં ઘી ભેળવાની રીત પણ શ્રીહરિએ પ્રેમસહિત પોતાના હાથથી શીખવી. તેમણે જે રીતે બતાવ્યું તે રીતે સહુએ કંસારમાં ઘી ભેળવ્યું. ૩૫. જે જે ક્રિયા જેમ થતી હોય તેમ શ્રીહરિ ભક્તોને શીખવતા હતા. જ્યારે સહુ કંસાર જમી રહ્યા ત્યારે ભાતમાં દૂધ આપ્યું. ૩૬.

સુંદરવર શ્રીહરિએ તે પછી ઉપરથી બબ્બે પોશ સાકર આપી. દૂધ તો પારાવાર રીતે પીરસ્યું. તે જમવાનું પાત્ર છલકાઈ જવાથી બહાર ઊભરાઈને ચાલ્યું જતું હતું. ૩૭. સંતો અને દરબારો જમી રહ્યા છે એમ જાણીને સારંગપાણિ શ્રીહરિએ હાથ ધોયા. પછી આવીને પલંગ ઉપર બેઠા અને થોડીવાર સભા કરાવી. ૩૮. રાતના દસ કલાકનો સમય થયો હશે. સહુ થાકી ગયા છે એમ જાણીને પોતે પલંગ ઉપર પોઢી ગયા અને બીજા બધા પણ સૂઈ ગયા. ૩૯. સહુ સંતો તો ભજન કરવા બેસી ગયા. ભગવાનની મૂર્તિમાં આત્મા જોડાઈ જવાથી અને તેમાં જ અનુરાગ હોવાથી દેહનું ભાન પણ રહ્યું નહિ. ૪૦. તે સહુ સંતો મૂર્તિમાં એક તાર થઈ જતા હતા. તેથી તેઓ એકલું સુખ સુખ અને સુખ જ અતિશય લૂંટતા હતા. ૪૧.

सोरठा : देह अध्यास हि जेह, महापाप में सो पाप अधिक;
श्रीहरि कहत हे तेह, संतसंग से सो जात घटी...४२

શ્રીહરિ કહેતા કે 'દેહાધ્યાસ - દેહમાં હું પણાની જે દઢભાવના' છે તે પાંચ મહાપાપો કરતા પણ અધિક પાપ છે. પણ તે દેહાધ્યાસ સંતોના સમાગમથી ઘટી જાય છે અને ઘટતાં ઘટતાં ટળી જાય છે. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'શ્રીહરિ કોટડાથી સરધાર પધાર્યા' એ નામે નવમો તરંગ સમાપ્ત ॥૯॥



પૂર પાંચમું : તરંગ - ૧૦

સરધારમાં નિષ્કામવ્રત પ્રસંગે બોદા કમાનગરની વાત કહી અને શ્રીહરિ રાજકોટ પધાર્યા

જ્યારે અરુણોદય થયો ત્યારે સહુ સંતો મળીને 'નારાયણ ધૂન' કરવા લાગ્યા. તે સાંભળી ધૂન શ્રવણ કરતા થકા શ્રીહરિ ઊઠ્યા. ૧. શ્રીહરિ, સંતો અને દરબારો, બધા સરોવરે સ્નાન કરવા માટે ગયા. ત્યારે વર્ણીએ સરસ રસોઈ બનાવીને તૈયાર કરી દીધી. ૨. સુખધામ ઘનશ્યામ શ્રીહરિ સ્નાન કરીને પાછા આવ્યા. થોડીવારમાં બધો પૂજાવિધિ પૂરો કર્યો. પળવારમાં જ જમવાને માટે આવ્યા અને બાજોઠ ઉપર બેઠા. ૩. સંતો અને દરબારો પણ જમવા બેસી ગયા. સહુ કંસાર, દૂધ, ભાત અને સાકર સારી પેઠે જમ્યા. ૪. શ્રીહરિ જમીને આવ્યા. પછી પલંગ ઉપર બેઠા અને ચાલવાની તૈયારી કરવા લાગ્યા ત્યારે તે સરધાર ગામના સહુ હરિભક્તો આવીને બેઠા. ૫.

❋ નિષ્કામધર્મની આવશ્યકતા :

નિષ્કામ ધર્મની દૃઢતાની શ્રીહરિ સહુની આગળ વાત કરવા લાગ્યા કે જે ત્યાગી અને ગૃહસ્થ અમારા આશ્રિત હોય તેમણે દૃઢતાથી નિષ્કામી વર્તમાન રાખવું. ૬. તેમાં જેને ફેર પડશે તેને અમે વિમુખ કરી દેશું. તે શિષ્યનો અમે લેશમાત્ર પણ લોભ નહિ રાખીએ અને જો લોભ રાખવામાં આવે તો આ જગતમાં ઘણો જ કલેશ થાય. ૭.

चोपाई :

निष्कामी धर्म रखे सो हमारा, ओर सत्संग से कर हि बारा;
निष्कामी के नियम रखे जाई, सो सत्संग में बडो रहाई...०८

જે નિષ્કામી ધર્મને પાળે તે અમારો આશ્રિત છે અને જે ન પાળે તે અમારા સત્સંગથી બહાર છે. જે નિષ્કામીપણાના નિયમોને યથોક્ત રીતે પાળે તે આપણા સત્સંગમાં સહુથી મોટો છે. ૮.

કોઈને નિષ્કામી વ્રતમાનમાં ફેર પડે, તેની જેને ખબર પડે તેણે અમને કહેવું. અમે તે ધર્મ ચૂકનારાને તરત જ વિમુખ કરી દઈશું. ૯. જો તેને સત્સંગમાં

રહેવાનો ખપ હોય, તો અમે તેને પ્રાયશ્ચિત આપશું. પ્રાયશ્ચિત્ત કર્યા વિનાનો માણસ અશુદ્ધ કહેવાય અને તે સત્સંગમાં સહુને અભડાવે. ૧૦. **જે મનુષ્ય ગુપચુપ કરીને પાપને છુપાવી રાખશે તો તે મરીને બ્રહ્મરાક્ષસના દેહને પામશે. ભલે તે અમારે શરણે આવ્યો હોય છતાં અમે તેને કાંઈ સહાય નહિ કરીએ.** ૧૧. તમારે સહુએ અમારી એક વાત સાંભળીને યાદ રાખવી કે, **"જે અમારાં વચન પ્રમાણે ચાલે તે અમારે શરણે છે."**

શ્રીહરિએ કહેલી વાતને સાંભળીને જે નિયમ ચૂકેલા હોય તે મનમાં કંપી ગયા. ૧૨. સદ્‌ગુરુ રામાનંદસ્વામીના સમયનો જે મહા વિચક્ષણ ભક્ત હતો, તેમણે રામાનંદસ્વામી ધામમાં ગયા પછી નિષ્કામી વ્રતમાનને છોડી દીધું હતું. ૧૩. સરધારમાં એક બોદા કમાનગર નામે લોકમાં પ્રતિષ્ઠિત સત્સંગી હતા. તેણે શ્રીહરિને ભગવાન જાણ્યા અને તેને સત્સંગનો ખપ હતો. તેથી તેણે હાથ જોડીને મુક્તાનંદસ્વામીને એકાંતમાં લઈ જઈને કહ્યું, હું નિષ્કામી વ્રતમાનમાંથી પડી ગયો છું અને મલીન થયો છું. ૧૪-૧૫. હવે આપ જે ઉપાય કહો તે હું કરું. મને સત્સંગમાં રહેવાનો ખપ છે. મારા વ્રતમાન લોપને કોઈ જાણતું નથી. એટલે હું આપની પાસે આવીને કહું છું. ૧૬. પછી મુક્તાનંદસ્વામીએ શ્રીહરિને એક બાજુએ બેસાડીને વાત કરી. એક સત્સંગીને નિષ્કામી વ્રતમાનનો ભંગ થયો છે. તે લોકમાં ઘણો પ્રતિષ્ઠિત છે. તેના નિયમ ભંગને કોઈ જાણતું નથી માટે આપ વિચારીને કહેજો. આપ તો ઘણા બુદ્ધિમાન છો, છાનાં પાપનું પ્રાયશ્ચિત્ત પણ છાનું આપવું જોઈએ. ૧૭-૧૮.

ત્યારે શ્રીહરિએ મુક્તમુનિ આગળ પોતે જે ધારી રાખ્યું હતું તે કહ્યું. "જે લોકમાં બહુ પ્રતિષ્ઠિત હોય અને તે રામાનંદસ્વામીનો શિષ્ય હોય, તેવાને પણ જો આપણે પ્રસિદ્ધ કરીએ તો બીજા લોકો પણ પાપ કર્મ કરતા થરથર ધ્રૂજે. જો તેને સત્સંગમાં રહેવાનો ખપ હશે તો તે આપણે કહેશું તેમ કરશે. ૧૯-૨૦. **જેને સત્સંગમાં રહેવાનો ખપ ન હોય તે તો મડદું કહેવાય.** તેવા મડદાને રાખવાથી શો ફાયદો ? મડદું તો ગંધાય. મડદા જેવો માણસ સત્સંગમાં શું સમાસ કરશે ? તેની પાસેથી આશા પણ શી રાખી શકાય ? ૨૧. મારી દૃષ્ટિએ તો આવું જણાય છે. પછી જેમ તમે કહો તેમ કરીએ."

ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું, "આપના જેવું તો હું ક્યારેય જાણતો નથી. આપ તો ધર્મ-શાસ્ત્રોનું મૂળ છો. કાયમ સાથે રહીએ છીએ એટલે તે બાબતને ભૂલી જવાય છે. હે પ્રભુ! આપ જે વિચારીને કહો તે જ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ અને ઘણો ભારે ધર્મ છે. ૨૨-૨૩. જગતમાં જેટલા કાંઈ જીવ કહેવાય છે તે સર્વેમાંથી કેટલાક સ્થાવર અને જંગમના રૂપમાં થઈને રહ્યા. નાનામાં નાના જીવથી ઈશ્વરકોટિ સુધીનાની સહુની નાડી એક આપના હાથમાં રહી છે. ૨૪.

સમર્થોમાં પણ ગમે તેવો સમર્થ બને પણ આપના સમાન કોઈ સમર્થ ન થઈ શકે. આપનું જે વચન છે તે જ સિદ્ધાંત છે. એમ અમે માનીએ છીએ. ૨૫. છતાં પણ પળે પળે તમારામાં મનુષ્ય ભાવ આવી જાય છે અને તે જ અમારા જીવનો અતિ ઘણો મોટો દોષ છે, જે મુખથી કહી શકાતો નથી. ૨૬. આ તો આપના મનુષ્ય ચરિત્રો છે. કોઈ આપનો પાર પામી શકે તેમ નથી. હવે પછી આપના મનુષ્ય ચરિત્રને દેખીને મને ક્યારેય મોહ ન થાય, એવી દયા રાખજો. ૨૭.

પૂર્વે કાકભુશંડિ, ગરુડ, બ્રહ્મા અને ઈન્દ્ર, એ બધા આપના મનુષ્ય ચરિત્રોને દેખીને ભૂલા પડ્યા હતા. ૨૮. આવી વાતો તો અનંત અને અપાર છે. કહેતા કહેતા તેનો પાર આવે તેમ નથી. આપે પોતાના બિરુદનો વિચાર કરીને તે સહુનો ઉદ્ધાર કર્યો હતો. ૨૯. અનાદિ કાળથી આ જીવ ભૂલ કરી રહ્યો છે. હવે આપે અમારી બાંય પકડી છે. તો અમારી બાળબુદ્ધિને દેખીને પણ સુખકારી ઘનશ્યામ આપ અમારી બાંયને છોડી દેશો નહિ." ૩૦.

❋ જેવી મતિ તેવી ગતિ :

चोपाई :

मुनि के सुनी विनय सो एहा, श्रीहरि बोलत भये तेहा;
हमारो विश्वास हे मन जाही, बाँहि ग्रही न छोरहुँ ताही...३१
जो जो करत हम क्रिया जेती, प्राक्रत से प्राक्रत हि तेती;
दिव्यभाव समझीके गाना, प्राक्रतभाव मति कोउ न आना...३२

हममें भाव कल्प हि जेसा, फलिभुत तेहि होव हि तेसा;
हमारो स्वरूप आकाश हे रूपा, सब व्यापक व्यतिरेक अनूपा...३३

મુક્તાનંદસ્વામીના વિનયભર્યા વચન સાંભળીને શ્રીહરિ બોલ્યા, "જેનાં મનમાં અમારો વિશ્વાસ હોય તેની પકડેલી બાંયને અમે ક્યારેય છોડતા નથી. ૩૧. અમે જે જે ક્રિયાઓ કરીએ છીએ તે બધી પ્રાકૃતમાં પણ અત્યંત પ્રાકૃત(માનવભાવ પૂર્ણ) હોય, તોપણ તેમાં દિવ્યભાવ કરીને તેનું મહિમાથી ગાન કરવું પણ ક્યારેય તેમાં પ્રાકૃતભાવ કરવો નહિ. ૩૨. કોઈ પણ મનુષ્ય અમારામાં જેવી ભાવના કલ્પશે તેને તેવી ફળીભૂત થશે. અમારું સ્વરૂપ તો આકાશના જેવું છે. સહુમાં વ્યાપીને રહ્યું છે છતાં તેનાથી વ્યતિરેક-અલગપણે અને અનુપમ રીતે રહ્યું છે. ૩૩.

રાત દિવસ આવા વિચારોનું મનન કરવું જોઈએ. જો મનન કરવામાં ન આવે તો તે ભૂલી જવાય છે. શ્રવણ, મનન અને નિદિધ્યાસ જેવા સાધન કરવામાં અતિ કચાશ રહે છે. તેને લીધે જ વારંવાર મનુષ્યભાવ આવી જાય છે. પરમેશ્વર તો સહુના અંતર્યામી છે. એટલે તેઓ સહુની ભાવનાને જાણતા જ હોય છે." ૩૪-૩૫. આવું કહીને શ્રીહરિએ બોદા કમાનગરને બોલાવ્યો. અને કહ્યું કે તમને અમારો નિશ્ચય કેવો છે ? તે કહો. તેના ઉપરથી અમે તમને કહેશું. અને અમે જે કહીએ તે પ્રમાણે તમારે રહેવું-કરવું પડશે. ૩૬. તમારા બધા પાપનો નાશ તો તે કરશો ત્યારે જ થશે. અમારા વચન પ્રમાણે રહેવું. તે મરણ કરતાં પણ કઠણ છે. ૩૭. રામાનંદસ્વામીના વચન કરતાં પણ અમારું વચન તરત જ દોષને (પાપને) ટાળનારું છે અને હિતકારી છે. ૩૮. ત્યારે સત્સંગના અત્યંત ખપવાળા બોદા કમાનગરે શ્રીહરિને હાથ જોડીને કહ્યું, બીજાથી ભલે ન થાય પણ જે ભક્ત હોય તે શું ન કરી શકે ? તે આપના વચન પ્રમાણે વર્તી જ શકે. ૩૯.

ત્યારે શ્રીહરિ એ તેને કહ્યું કે જો તમારે સત્સંગમાં રહેવાનો ખપ હોય તો મનમાં રાજી થઈને દિગંબર બની તમે ઊકરડા ઉપર જઈને બેસો. ૪૦. પછી તેને સત્સંગનો ઘણો ખપ હોવાથી તેણે તત્કાળ શ્રીહરિના કહ્યા પ્રમાણે કર્યું. શ્રીહરિ તો અત્યંત દયાળુ છે તેથી બીજે દિવસે તેને બોલાવી લીધો. ૪૧.

મુક્તાનંદસ્વામી કહે છે કે ‘હે ઉત્તમરાજા, શ્રીહરિ સરધારમાં આટલું ચરિત્ર કરીને **રાજકોટ** પધાર્યા. ત્યાં જે ભક્તો શ્રીહરિની સન્મુખ આવ્યા તે કથા હવે હું કહું છું.’ ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગર પંચમ પૂરમાં ‘સરધારમાં નિષ્કામીવ્રતના પ્રસંગે બોદા કમાનગરની વાત કહી અને શ્રીહરિ રાજકોટ પધાર્યા’ એ નામે દસમો તરંગ સમાપ્ત ॥૧૦॥



પૂર પાંચમું : તરંગ - ૧૧

રાજકોટમાં પધારેલા શ્રીહરિએ સભામાં સંતોના સદ્‌ગુણોને કહ્યા

સરધારના દરબાર તોંગાભાઈ શ્રીહરિની સાથે રાજકોટ આવ્યા હતા. તેણે જઈને રાજકોટના મહારાજાને શ્રીહરિ પધારવાના સમાચાર આપ્યા. ૧.

(જામનગરના રાજા રવાજીના પુત્ર જામસિંહને બે પુત્ર હતા. અજાજી અને વિભાજી. તેમાં મોટા અજાજી ગાદીએ બેઠા. અને વિભાજીને કાલાવાડ સાથે ૧૨ ગામ આપ્યા. તે મહા પરાક્રમી શૂરવીર હતા. તેમજ રાજ્ય વિસ્તારના ઈચ્છુક હતા. તેથી તેને માત્ર ૧૨ ગામથી સંતોષ ન થયો. તેમના લગ્ન ૭૦૦ ગામના ધણી સરધારના વાઘેલા દરબારની રાજકુંવરી સાથે થયા હતા. અને ત્યાં તેનું મોસાળ પણ હતું, તેથી લગ્ન સમયે મામાએ ચીભડા ગામ સાથે ૮ મકાનો દાયજામાં આપ્યા હતા. તે સમયે કાઠીઓએ સરધાર કબજે કર્યું.

તેથી વિભાજીએ મામાના સાથીદારો તથા જામનગરના રાજા અજાજી સાથે કરાર કર્યા કે સરધાર મળે તો કાલાવાડના ૧૨ ગામ તેમને પરત આપવા. પછી સૈન્ય સાથે કાઠીઓ પર હુમલો કર્યો. કાઠીઓનો પરાજય કરી સરધાર કબજે કર્યું, પણ તેમાં તેના મામા મરાણાં તેથી વિભાજી જાડેજાએ સરધારમાં ગાદી સ્થાપી. ૭૦૦ ગામના ધણી જામ વિભાજી થયા. પછી તેમણે ઈ.સ.૧૬૧૦માં રાજકોટની સ્થાપના કરી. તેમને બે પુત્ર હતા. એક સરધાર રહ્યા. તેમની ચોથા વંશજ તોંગાભાઈ થયા અને બીજા પુત્ર રાજકોટની ગાદીએ

આવ્યા. તેમની ચોથી પેઢીએ લક્ષ્મીબા તથા મેરામણજીના પુત્ર રણમલજી રાજકોટના રાજા હતા. આ રીતે તે બંને ભાઈ થતા.)

રાજકોટના દરબાર સાહેબ (રણમલજી) તોંગાભાઈના ભાઈ થતા હતા. તેમને શ્રીહરિના ઉપર ઘણું હેત હતું. શ્રીહરિને આવ્યા જાણીને તેના મનમાં ઘણો જ ઉત્સાહ વધ્યો. ૨. બંધિયા ગામના વાઘેલા દરબાર મૂળુભાઈના બહેન લખુબા(લક્ષ્મી) સમાધિનિષ્ઠ હતા. તેઓ રાજકોટના મેરામણજી સાથે પરણ્યા હતા. તેથી ત્યાં રાજદરબારમાં રહેતા હતા. ૩. (પતિ મેરામણજી વીરગતિને પામ્યા હતા. તેથી તેના પુત્ર રણમલજી ગાદી ઉપર હતા.) તેમણે પોતાની માતા લખુબાના મુખથી શ્રીહરિનો અદ્ભુત પ્રતાપ સાંભળેલો હતો. અને તેથી જ તેમને શ્રીહરિ ઉપર વધારે ભાવ થયો હતો. ૪. દરબાર સાહેબ રણમલજીના હાથી, ઘોડા, રથ, પાયદળ, જે કાંઈ હતું, તે બધાને જરિયાની સાજથી શણગાર્યા, તેમજ ડંકા, નિશાન અને વાજિંત્રોને પણ તૈયાર કર્યા. ૫. જ્યારે સંધ્યા સમય થયો ત્યારે તે સહુ શ્રીહરિની સન્મુખ આવ્યા. હરિભક્તોમાં લોહાણા કરસનજીભાઈ, કડિયા ઉકાભાઈ તથા વાલાભાઈ, તથા બીજા જેટલા હરિભક્તો હતા તે સહુ શ્રીહરિની સન્મુખ આવ્યા. સહુ શ્રીહરિના અને સંતોના ચરણમાં પડ્યા. દર્શન થવાથી સહુના હૃદય હરખથી ભરાઈ ગયા. ૬-૭.

દરબાર સાહેબે ઘણી વિનંતી કરીને શ્રીહરિને હાથી ઉપર બેસાડ્યા. દરબાર તોંગાભાઈ શ્રીહરિની પાછળ ચામર કરવા બેઠા. ચોપદાર નેકી પોકારવા લાગ્યા. ૮. જેમ ઘટે તેમ સંતોને મેનામાં અને રથમાં બેસાડ્યા. શ્રીહરિએ સોનાના અને સાચા મોતીના અપાર આભૂષણો પહેર્યા હતા. ૯. અનંત પ્રકારના વાજિંત્ર વાગવા લાગ્યા. પુષ્કળ મશાલો પ્રકટાવી હતી. બહુ પ્રકારે શોભા કરી હતી. આ રીતની સવારી પુરને દરવાજે આવી. ૧૦.

ભદ્રાવતી (આજી) નામે એક સારી નદી કહેવાય છે. તેને કિનારે સુખકારી રાજકોટ પૂર સોહામણું લાગે છે. પુરની ચારે બાજુ ઘણા સારા બાગ-બગીચાઓ છે. તેમાં અનેક પ્રકારના ઘણા ઊંચા વૃક્ષો શોભે છે. ૧૧. વૃક્ષો ઉપર વિવિધ પ્રકારના પક્ષીઓ કલરવ દ્વારા માનો ભગવાનનો યશ

ગાતા હોય તેમ લાગે છે. પુરને ફરતો કિલ્લો છે, તે બુરજને લીધે સોહામણો જણાય છે. ૧૨. પુરના જેટલા દરવાજા છે તે ઘણા જ શણગારેલા છે. તે દરવાજે જ્યારે શ્રીહરિ આવ્યા ત્યારે અપાર પુરજનો ત્યાં દર્શન કરવા ઊભા હતા. ૧૩.

બજારોને સુંદર રીતે શણગારી હતી. અનંત દીવાઓ પ્રકટાવ્યા હતા. નગરજનો મુખથી શ્રીહરિનો યશ પરસ્પર કહેતા હતા. ૧૪. પ્રત્યેક દરવાજે મોતીના તોરણ બાંધ્યા હતા. શહેરની બધી સ્ત્રીઓ, પુષ્કળ પ્રમાણમાં ગોખ અને અટારીઓમાં ઊભી હતી. ૧૫. તે સમગ્ર સ્ત્રીઓ ઘરનું કામ પડતું મૂકીને ધર્મપુત્ર શ્રીહરિને વધાવવા માટે મોતીના થાળ ભરી ભરીને સાથે મળીને આવી હતી. ૧૬. શ્રીહરિ જ્યારે રાજમાર્ગ ઉપર આવતા હતા ત્યારે તેની શોભા તો અદ્‌ભુત અને અપાર બની હતી. લોકો ઘણા જ ભાવથી દર્શન કરતા હતા. સહુના દિલમાં આનંદ-ઉત્સવ પુષ્કળ રૂપમાં દેખાતો હતો. ૧૭. હરિભક્તો ગુલાલ લાવીને ખૂબ જ ઉમંગથી ઉડાડતા હતા. વાજિંત્રો વાગતા હતા. સહુના હૃદયમાં આનંદનો રંગ છવાઈ ગયો હતો. ૧૮. શ્રીહરિના જય જયકારનો ધ્વનિ ત્રિલોકીમાં પ્રસરી રહ્યો હતો. તે શબ્દોને સાંભળીને સ્વર્ગના દેવો પોતાના વિમાનમાં બેસીને ત્યાં આવી પહોંચ્યા. ૧૯. તે બધા દેવતાઓ કેસર ચંદન અને ફૂલોનો વરસાદ વરસાવવા લાગ્યા. ગાંધર્વો પ્રેમથી શ્રીહરિના ગુણોને ગાવા લાગ્યા અને અપ્સરાઓ સરસ રીતે નાચવા લાગી. ૨૦. જેટલી માંગણ જાતિ (ભાટ ચારણ)ઓ કહેવાય છે તે જાતિના બધા લોકો શ્રીહરિનું યશોગાન કરવા લાગ્યા. આ પ્રમાણે અત્યંત ધામધૂમ કરતા શ્રીહરિ રાજદરબારમાં પધાર્યા. ૨૧.

ઉતારો કરાવ્યા જેવા રાજાના ઘણા મહેલો હતા. તેમાં શ્રીહરિનો ઉતારો કરાવ્યો. સંતો અને સાથેના દરબારો, બધા તે મહેલના ઉતારામાં સમાઈ ગયા. ૨૨. તે મહેલોને સુશોભિત રીતે શણગાર્યા હતા. બહુ પ્રકારના બિલોરી કાચના ઝાડ તેમાં લટકાવ્યા હતા. રંગબેરંગી જરીમય ઉલેચો બધે બાંધેલા હતા. ૨૩. દરેક દરવાજે મોતીના તોરણ બાંધ્યા હતા તે ઘણા સારા લાગતા હતા. ત્યાં એક સુંદર સોનેરી હિંડોળો રાણી લખુબાએ બંધાવ્યો હતો, તેના

ઉપર આગ્રહ કરીને દરબાર સાહેબે શ્રીહરિને બેસાડ્યા. ૨૪. જ્યારે શ્રીહરિનાં દર્શન થયાં ત્યારે દરબાર રણમલજીનાં હૃદયમાં ભાવ ઘણો જ વધ્યો. શ્રીહરિને સાચા અર્થમાં મોક્ષદાયી સમજીને તેમણે તરત જ રસોઈ કરાવી. ૨૫.

શ્રીહરિ જમવા ઊઠ્યા. જ્યાં રસોઈ બનાવી હતી ત્યાં જ સંતોને તથા બધા દરબારોને એક સાથે જ જમવા બેસાડી દીધા. કોઈને જમવામાં પાછળ રાખ્યા નહિ. ૨૬. મુકુંદાનંદ વર્ણીએ પ્રથમ શ્રીહરિને થાળ પીરસ્યો. સાકરનો કંસાર અને અડદની દાળ બનાવી હતી, તે પીરસ્યું. ૨૭. તે પછી ભાત અને દૂધ પીરસ્યું. ઉપરથી સાકર આપી. ભવ અને બ્રહ્મા પણ શ્રીહરિનો તે પ્રસાદ લેવા નિત્ય ચાહતા હતા. ૨૮. તે પ્રસાદ પુરના દરબારશ્રીએ શ્રીહરિની પાસે માગી લીધો. જ્યારે શ્રીહરિ જમીને તૃપ્ત થયા ત્યારે તે થાળનો પ્રસાદ તેમને આપ્યો. ૨૯. શોભાના ધામ શ્રીહરિએ જમ્યા પછી બંને હાથ અને મુખ ધોયા. પછી તુરંત એલચી અને તજનો મુખવાસ લીધો. ૩૦.

તે પછી શ્રીહરિ સંતોને પીરસવા આવ્યા ત્યારે વર્ણી કંસાર લઈને પંગતમાં આવ્યા. શ્રીહરિએ એક પળવારમાં જ બધા સંતોને અને દરબારોને પીરસી દઈને રાજી કરી દીધા. ૩૧. શ્રીહરિ પંગતમાં વારંવાર ફરતા રહ્યા. પછીથી સહુને દૂધ અને ભાત પીરસ્યા. ઉપરથી સહુને સાકર આપી અને દૂધની તો રેલમછેલ કરી દીધી. ૩૨. જમવા બેઠેલા સહુ જ્યારે ‘ના’ ‘ના’ એમ કહેવા લાગ્યા ત્યારે શ્રીહરિએ હાથ ધોયા. પછી બંને ચરણકમળ ધોયા પછી શ્રીહરિ આવીને હિંડોળા ઉપર બેઠા. ૩૩.

તે પછી રાજાધિરાજ શ્રીહરિએ સભા કરાવી. કીર્તનગાન કરાવવા માટે વાજિંત્ર મગાવ્યા. સંતો વાજા લાવ્યા. પછી મુક્તાનંદસ્વામી વગેરે સંતો તે સમયે કીર્તન ગાવા લાગ્યા. ૩૪. તે વખતે શહેરના ઘણા મોટા માણસો પણ સભામાં આવીને બેઠા હતા. સંતોનું ગાન સાંભળીને બધા ગુલતાન થઈ ગયા અને બોલ્યા, ‘આવું ગાન તો અમે ક્યારેય સાંભળ્યું નથી.’ ૩૫.

સુખદાયી શ્યામસુંદર શ્રીહરિને આવું જ્યારે તેઓએ કહ્યું ત્યારે શ્રીહરિ બોલ્યા, **આ સંતો જેવા બીજા કોઈ સંત ચાર ધામમાં કોઈ ઠેકાણે નથી.** ૩૬.

(બદ્રિનાથ, જગન્નાથપૂરી અને રામેશ્વર) આ ત્રણ ધામનાં દર્શન તો અમે કર્યા છે. હવે અમે દ્વારકા જઈએ છીએ. અહીં જે સંતો દેખાય છે તેવા સંતો બીજે ક્યાંય નજરમાં આવતા નથી. ૩૭.

સહુ લોકો સત્સંગ કરે છે પણ સત્સંગ શું છે ? તે બાબતને કોઈ સમજતા નથી. જો સત્સંગને સાચા અર્થમાં જાણવામાં આવે તો મનુષ્યની બુદ્ધિ શુદ્ધ થાય છે. ૩૮. **"ભગવાન સિવાયનું જેટલું સુખ છે તે બધું દુઃખનું મૂળ કહેવાય છે" આવું પોતાના મુખથી જે કહેતા હોય તેને અમે સાચા સંત કહીએ છીએ.** ૩૯. નિષ્કામ, નિર્માન, નિર્લોભ, નિઃસ્વાદ અને નિઃસ્પૃહ (નિઃસ્નેહ) આવા પાંચ વ્રતમાન ગુણ જો હોય તો તે સંત તેનાથી કાયમને માટે શોભે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'શ્રીહરિએ રાજકોટમાં સભામાં સંતોના સદ્‌ગુણ કહ્યા' એ નામે અગિયારમો તરંગ સમાપ્ત ॥૧૧॥



પૂર પાંચમું : તરંગ - ૧૨

સંતોની સાધુતાની વાત કરી, સવારે રાજકોટથી નીકળીને શ્રીહરિ સાંજે વડાગામ પધાર્યા

ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનની આગળ 'નિર્માનીપણું' વગેરે જે ભક્તોના ગુણ કહ્યા છે, તેને શ્રીહરિએ કહ્યા. ૧. વળી આગળ કહ્યું કે સંતોના ગુણોનું વર્ણન તો વ્યાસ મુનિએ ઠેકઠેકાણે કર્યું છે. **સાધુ થવા છતાં જે સંતોના ગુણોને જીવનમાં ન ઉતારે તેને પાપ લાગે છે.** ૨.

✵ રાગને આગ જાણી છોડી દે તે સંત :

सोरठा : हरि विन ओर में राग, सोई संत सब पाप कहत;
अपलछन करना त्याग, अरु अभक्ष हि कहे जो तेहि...०३
संत के जितने गुन, संत जन नित्य सिखत तेहि;
त्याग करत अवगुन, ओलखके एक एक तेहु...०४

ભગવાન સિવાય અન્ય પદાર્થમાં જે રાગ થાય, તેને બધા સંતો પાપ કહે છે. સંતોએ બધા જ અપલક્ષણ અને અભક્ષ્ય કહેવાતી ચીજોનો ત્યાગ કરવો જોઈએ. ૩. જે ખરા અર્થમાં સંત હોય છે તેઓ તો સંતોના જેટલા ગુણો કહેવાય છે તેને નિત્ય શીખે છે અને પોતાના એક એક અવગુણોને ઓળખીને તેનો ત્યાગ કરી દે છે. ૪.

चोपाई :

एसे संत को करत जेहि संगा, ताकुं लगत हे हरि को रंगा;
हरि को रंग लगत हे जाकुं, जन्म मरन भय टरत हे ताकुं...०५

આવા સંતોનો સમાગમ જે લોકો કરે છે તેમને ભગવાનનો રંગ લાગે છે અને જેને ભગવાનનો રંગ લાગે છે તેને જન્મમરણનો ભય ટળી જાય છે. ૫.

અને તેનાથી લખચોરાશીના અનંત પ્રકારના દુઃખોનો અંત તત્કાળ આવી જાય છે. ભગવાનનો રંગ લાગ્યા સિવાય બીજા કરોડો ઉપાય કરવામાં આવે, છતાં તેને કાળ અને માયા છોડતા નથી. ૬. જ્યાં કાળ અને માયા હોય છે ત્યાં અનંત પ્રકારના દુઃખ જ છે. અને તેને લીધે મનુષ્યને ક્યારેય સુખ પ્રાપ્ત થતું નથી. આવા કાળ અને માયાના દુઃખની તપાસ જે કરતો રહે છે તેનાં હૃદયમાં ભગવાન નિવાસ કરીને રહે છે. ૭.

हरि निवास उर करत जाई, संत में रुचि होवत ताई;
ज्यां लग रहत पाप उर जेही, सचे संत जो न रुचत तेही...०८

જેનાં હૃદયમાં ભગવાન વસે છે તેને સંતોમાં રુચિ થાય છે. જ્યાં સુધી જેનાં હૃદયમાં પાપ રહેતું હોય ત્યાં સુધી તેને સાચા સંત રુચતા નથી. ૮.

અને ત્યાં સુધી તેનો ભવરોગ પણ અસાધ્ય છે એમ જાણવું. જેને અસાધ્ય રોગ થયો હોય તેને બોલવાનું પણ ઠેકાણું હોતું નથી. તેવાને સંતો ઉપદેશ કરતા નથી. અને જો ઉપદેશ કરે, તો તે તેની સાથે દ્વેષ કરે છે. ૯. જે સંતો જ્ઞાની હોય છે તે બધી વાતોને જાણતા હોય છે. મુખથી કોઈ બોલે કે તુરંત તેને ઓળખી લે છે. જે મનુષ્ય સત્યને અને અસત્યને સમજી શકતો હોય તેની બુદ્ધિ સાધ્ય કહેતાં સુધરી શકે તેવી છે એમ જાણવું. ૧૦.

શ્રીહરિની વાત સાંભળીને તે બુદ્ધિમાન લોકોએ 'શ્રીહરિ સાચા અર્થમાં ભગવાન છે' એમ માન્યું. અને આ બધા સંતો પણ યથાર્થરૂપમાં સંત છે. એવું સહુ તે વખતે બોલવા લાગ્યા. ૧૧. કેટલાકે તો તરત જ સત્સંગના વ્રતમાન-નિયમ ધારણ કર્યા અને બધા જ પ્રકારનો કુસંગ છોડી દીધો. કેટલાકને સંતોમાં ભાવના-પૂજ્યબુદ્ધિ થઈ અને પાખંડી ગુરુઓનો અભાવ આવ્યો. ૧૨. કેટલાકે તો પોતાના દિલમાં આ સત્સંગને જ સાચો માન્યો. કેટલાક તો એવું કહેતા હતા કે સાચું સમજાતું નથી તે જીવની ભૂલ છે. ૧૩. જ્યારે અધરાત થઈ ત્યારે શ્રીહરિએ સભાને સમાપ્ત કરી. પુરજનો બધા ઊઠ્યા અને પોતપોતાને ઘેર ગયા. પછી શ્રીહરિએ શયન કર્યું. ૧૪. મુકુંદાનંદ વર્ણી અને જયાનંદ વર્ણી, નાથજીભાઈ, ઉમાભાઈ, સોમલા ખાચર, અલૈયા ખાચર, સૂરા ખાચર, માતરા ધાધલ અને રાઠોડ ધાધલ, એ બધાને શ્રીહરિ જ્યારે સૂવા ગયા ત્યારે સેવા કરવા માટે બોલાવ્યા. ૧૫-૧૬. અને જે આનંદાનંદસ્વામી હતા તે પણ તેવી સેવા કરતા હતા.

જ્યારે અરુણોદય થયો ત્યારે સહુ સંતો 'નારાયણ ધૂન' કરવા લાગ્યા. ૧૭. તે સમયે શ્રીહરિ જાગૃત થયા. શહેર બહાર રહેલી કલ્યાણકારી આજી નદીમાં સંતો અને દરબારોની સાથે સ્નાન કર્યું અને પછી શહેરમાં આવ્યા. ૧૮. રાજકોટના જેટલા હરિભક્તો હતા, તે સહુએ ભેળા મળીને રસોઈ કરાવી. દૂધપાક અને પૂરી કર્યા હતા. તેનાથી શ્રીહરિ, સંતો અને દરબારોને તરત જમાડ્યા. ૧૯. પછી રાજકોટના જેટલા હરિભક્તો હતા તે સહુએ શ્રીહરિની પૂજા કરી. જેના હૃદયમાં જેવો ભાવ હતો તેણે તેવો સેવા-પૂજાનો લાભ લીધો. ૨૦. અંગો ઉપર કેસરચંદન ચરચીને ઉમંગથી ફૂલહાર પહેરાવ્યા. તે રીતે જ ફૂલના તોરા અને બાજુ બંધ ધરાવ્યા, તેનો તો કોઈ પાર જ રહ્યો ન હતો. ૨૧. તે પછી કપૂરથી આરતી કરી. આ રીતે બહુ પ્રકારે સેવા-પૂજાનો લાભ લીધો. શ્રીહરિની સાથે આવેલા જે સંતો અને પાર્ષદો હતા. તે સહુની પણ પૂજા કરી. ૨૨.

રાજકોટના દરબાર સાહેબે પણ અતિશય પ્રેમથી સરસ રીતે શ્રીહરિની પૂજા કરી. સારા જરિયાની ભારે પોશાક કરાવ્યા હતા. તે લાવ્યા અને

શ્રીહરિને પહેરાવ્યા. ૨૩. સોનાના અનેક પ્રકારના ઘરેણાં કરાવ્યાં હતાં તે પણ અંગોઅંગમાં પહેરાવ્યાં. છાતી ઉપર મોતીના હાર ધરાવ્યા. તે રીતે જ મોતીના તોરા પણ ધરાવ્યા. ૨૪. ઘણી ચતુરાઈથી કપાળમાં કેસરચંદન ચરચ્યું. અને તે પછી લક્ષ્મીબાઈએ શીખવ્યા પ્રમાણે પુત્ર રણમલજીએ શ્રીહરિનાં ચરણોની ઉપર ચંદન ચરચ્યું. ૨૫. વિવિધ પ્રકારના વાજિંત્ર વગડાવી કપૂરથી આરતી ઉતારી. પછી છાતી ઉપર ચરણકમળ લીધા. પછી અતિશય દીનભાવે શ્રીહરિની સ્તુતિ કરી. ૨૬. અત્યંત કુશળ એવા દરબારે અંગો ઉપર કેસર ચંદન ચરચીને સંતોની પૂજા કરી. સહુને ફૂલહાર પહેરાવ્યા. ૨૭. દિલમાં અત્યંત ઉત્સાહ હતો તેથી શ્રીહરિની સાથેના બધા પાર્ષદોની પૂજા કરી. તેમજ બધા દરબારોને એક એક શાલ ઓઢાડી. ૨૮.

શ્રીહરિએ પછી ચાલવાની તૈયારી કરી. ત્યારે રાજાની બધી સવારી તૈયાર થઈને ત્યાં આવી ગઈ. હાથી અને ઘોડા વગેરે જે કાંઈ હતું, તે બધું ત્યાં આવીને હાજર થઈ ગયું. ૨૯. શ્રીહરિ હાથીની અંબાડી ઉપર બેઠા. ૩૦. તોંગાભાઈ અને રાજા રણમલજી, આ બંને દરબારો શ્રીહરિના ઉપર ચામર કરતાં હતા. તેની શોભા તો ઘણી ભવ્ય બની હતી. ડંકા અને નિશાન વગેરે જે બધું હતું તે આગળના ભાગમાં ચાલતા હતા. ૩૧. વિવિધ પ્રકારના જેટલા વાજિંત્ર આવ્યા હતા તે બધા શ્રીહરિની આગળ વગાડતા હતા. છડીદાર સોનાની છડી લઈને વારંવાર મુખથી છડીનો પોકાર કરતા હતા. ૩૨. સમગ્ર હરિભક્તો ઉમંગથી કીર્તન ગાતા ગાતા શ્રીહરિની સાથે ચાલતા હતા. ઊભી બજારે જે પુરજનો ઊભા હતા તેનો તો કોઈ પાર જ ન હતો. ૩૩. તે સમયે દર્શન કરનારા બધા જ લોકો શ્રીહરિને ફૂલહાર અર્પણ કરતા હતા. કેટલાક લોકો ફૂલ લાવીને વરસાવતા, તેની શોભા તો અવર્ણનીય થતી હતી. ૩૪. નગરની જેટલી નારીઓ હતી તે બધી મોતીના થાળ ભરી ભરીને ભવનના ગોખ અને અટારી ઉપર ચઢી ગઈ હતી અને મોતીથી શ્રીહરિને વધાવતી હતી. શ્રીહરિના મુખારવિંદનાં દર્શન કરવા છતાં તેના નેત્રોને તૃપ્તિ થાતી ન હતી. ૩૫. કેટલીક સ્ત્રીઓને શ્રીહરિની મૂર્તિનાં દર્શન કરતા નાડી પ્રાણ ખેંચાઈ જવાથી સમાધિ થઈ ગઈ હતી.

આ રીતે પોતાનો મહાન ભારે પ્રતાપ જણાવતા શ્રીહરિ રાજકોટ નગરથી બહાર નીકળ્યા. ૩૬. શહેરથી થોડું દૂર ગયા ત્યારે બધી સવારીને ત્યાં રોકી દીધી. દરબારોને ત્યાં રોકાઈ જવાનું કહીને શ્રીહરિ ઘોડેસવાર થયા. ૩૭. રણમલજી શ્રીહરિના ચરણોમાં નમી પડ્યા. હાથ જોડી ઘણી વિનંતી કરીને કહ્યું, “મહારાજ ! ફરીવાર અહીંયાં આવીને અમને દર્શન આપજો. એવું અમને વરદાન આપો.” ૩૮.

પછી ભક્તજન પ્રતિપાલક પ્રભુ ચાલતા થયા. સંધ્યા સમય થવા આવ્યો ત્યારે ત્યાં રહેલા **વડાગામ** નામે ગામે પહોંચ્યા. ૩૯. ત્યાં જાડેજા લાખાજી નામે સત્સંગી દરબાર રહેતા હતા. શ્રીહરિ પધાર્યા છે આવું સાંભળીને તેઓ એકદમ દોડતા દોડતા સન્મુખ આવ્યા. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં ‘સંતોના સદ્‌ગુણોની સભામાં વાત કહી સવારે રાજકોટથી નીકળીને સાંજે વડાગામ આવ્યા’ એ નામે બારમો તરંગ સમાપ્ત ॥૧૨॥



પૂર પાંચમું : તરંગ - ૧૩

શ્રીહરિનું આજ્ઞાવચન અને સંતોનું મહત્ત્વ

વડાગામના જાડેજા દરબાર લાખાજીએ શ્રીહરિનાં દર્શન કર્યાં અને ચરણોમાં પડીને પગે લાગ્યા. તેઓ મનમાં ખૂબ જ રાજી થયા. ૧. તેઓ સંતોને પગે પડ્યા. સત્સંગી દરબારોને ભેટ્યા અને પછી વિવિધ પ્રકારના વાજિંત્ર વગડાવીને શ્રીહરિને પોતાના ગામમાં લઈ ગયા. ૨. શ્રીહરિને આવ્યા જાણીને ગામના બધા લોકો સન્મુખ આવ્યા. બજારમાં ચાલવાની ક્યાંય જગ્યા રહી નહિ. ૩. દરબારે રસ્તાઓ સ્વચ્છ કરાવ્યા હતા. સુગંધી પાણી છંટાવી દીધું હતું. મશાલો પ્રકટાવી હતી. પછી શ્રીહરિને પોતાના ભવને લઈ ગયા. ૪. સોનેરી પલંગ ઢાળ્યો. તેના ઉપર મખમલના ગાદીતકિયા બિછાવી દીધા. તેના ઉપર શ્રીહરિને પધરાવીને સંતોને ઉતારો કરાવ્યો. ૫. શ્રીહરિની

સાથેના દરબારોને પણ ઉતારો કરાવ્યો. શ્રીહરિ, સંતો અને સાથેના દરબારો, સહુને માટે વર્ણી પાસે રસોઈ કરાવી. ૬. જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે પ્યારા શ્રીહરિ જમવા ઊઠ્યા. વસ્ત્રો બદલીને પીતાંબર ધારણ કર્યું. ચરણમાં ચાખડીઓ પહેરી. ૭. ભક્તોના ચિત્તને ચોરનારા શ્રીહરિ જ્યાં વર્ણીએ રસોઈ બનાવી હતી ત્યાં પધાર્યા. સુખદાયી શ્યામસુંદર સોનાના બાજોઠ ઉપર બેઠા. ૮. જળથી ચરણ ધોયા અને રૂમાલથી તેને કોરા કર્યા.

સાકરનો કંસાર બનાવ્યો હતો. તે થાળ ભરીને લાવ્યા. ૯. ઘીથી ભરેલ ઠામ પણ લાવ્યા હતા. કંસારમાં ઘી મેળાવી અને મગની દાળ બનાવી હતી તે શ્રીહરિ કંસાર સાથે જમ્યા. ૧૦. જ્યારે કંસાર જમી રહ્યા ત્યારે દૂધ અને ભાત પીરસ્યા. શ્રીહરિ તેને જમવા લાગ્યા. દૂધભાતમાં ઉપરથી સાકર લીધી. આ રીતે થાળ જમીને ભક્તોને સુખ આપ્યું અને રાજી કર્યા. ૧૧. સર્વેશ્વર જગદીશ શ્રીહરિ જમી રહ્યા પછી હાથ અને મુખ ધોયું. પછી તુરંત મુખવાસ લીધો કે જેનો સુંદર સુગંધ ચારે તરફ પ્રસરતો હતો. ૧૨.

શ્રીહરિ જે થાળ જમ્યા તે દરબાર લાખાજીને આપ્યો. પછી શ્રીહરિએ સંતોને અને દરબારોને બોલાવ્યા અને તેમની પંગત કરી. ૧૩. વર્ણી કંસારના થાળ ભરી ભરીને જે લાવતા તેને શ્રીહરિ અતિશય પ્રેમભાવથી પીરસતા હતા. ૧૪. પૂર્ણકામ, ભક્તવત્સલ અને સહુના મનોરથ સફળ કરનારા, સદા સુખકારી શ્રીહરિ ઘીથી ભરેલું ઠામ લઈને કંસારમાં પીરસતા અને ઘીની રેલમછેલ કરતા. ૧૫. સંતો શ્રીહરિના વચન પ્રમાણે જ ભોજન કરતા. તેમાં ક્યારેય ભૂલ કરતા નહિ. કારણ કે તેઓ વચનના મહિમાને અધિક જાણતા હતા. ૧૬.

✵ શ્રીહરિનાં વચન સુખનું મૂળ છે :

चोपाई :

सुख में सुख अधिक हि जेहा, हरि के वचन कुं मानत तेहा;
रिधि सिद्धि वचनकुं माने, वचन विन सुख सो दुखहि जाने...१७

સંતો સર્વે સુખમાં સૌથી વધારે સુખ શ્રીહરિની આજ્ઞા પાળવામાં માનતા હતા. આજ્ઞા વચનમાં જ રિદ્ધિ સિદ્ધિ રહ્યા છે એવું માનતા. શ્રીહરિની

આજ્ઞાના ભંગથી મળતા સુખને તેઓ દુઃખ ગણતા. અર્થાત્ તેઓ વચનથી મોટું કાંઈ જ નથી એમ જાણતા. ૧૭.

અક્ષરધામ સુધીનું સર્વે સુખ મળતું હોય, તો પણ તેને સંતો શ્રીહરિનાં આજ્ઞાવચનથી અધિક ગણતા નહિ. વચનને અનુસારે રહેવાથી જે સુખ મળતું હોય તેને જ તેઓ અધિક પ્રાપ્તિ માનતા હતા. ૧૮. શ્રીહરિના આજ્ઞાવચન બહારનું જે અધિક સુખ કહેવાતું હોય તેને સંતો જમપુરીના જેવું દુઃખરૂપ જાણતા. તે સંતો બધા આ રીતે આજ્ઞા પ્રમાણે વર્તતા હતા. તેમની મોટાઈ મુખથી શું કહેવી ? ૧૯.

સંતો આવા મહાન હોવા છતાં જે કુબુદ્ધિવાળા છે તે બધા સંતોના મહિમાને ક્યારેય સમજતા નથી. જેના અતિ ભાગ્ય ઉદય થયા હોય એવા ભાગ્યશાળી લોકો જ સંતોના મહિમાને માને સમજે છે. ૨૦. અભાગિયા લોકો કદાચ સંતોની સાથે રહે તો પણ તેમનો અવગુણ જ લે. સંતોમાં અનંત અને અપાર સદ્‌ગુણ હોય છે. છતાં અવગુણ લેનારાને તે સદ્‌ગુણ દેખાતા નથી. ૨૧. જેમ ગાયના આંચળ પાસે ચોંટી રહેનારી ઈતરડી, ગાયનું દૂધ પીતી નથી પણ તે ગાયનું લોહી પીવે છે તેમ કુબુદ્ધિ અને દુર્ભાગ્યવાળા તે લોકો સંતોની સાથે રહીને પણ તેમના સદ્‌ગુણોને તજી અવગુણ જ લે છે. ૨૨

'ભગવાનના આજ્ઞાવચનને જે લોકો બરાબર પાળતા નથી તેઓ મરીને રાક્ષસ થાશે અથવા દેવલોકને પામશે.' ૨૩. **પરંતુ સંતોને માટે જે આવું કહેવું તે સત્સંગમાં કુસંગ છે એમ જાણવું. જે પોતાને આત્મારૂપ માને અને સંતોને દેહરૂપ માને તે પણ સત્સંગમાં કુસંગ છે.** ૨૪. જે દસ-વીસ જણના કાંઈક ગુણ કહે અને બાકી બધાના અવગુણ કહે, વાતવાતમાં તેમને ન્યૂન કરી દેખાડે તે તો ખળમાં પણ અત્યંત ખળ છે. ૨૫. એવા ખળ કોઈનું નામ લીધા વગર એવી રીતે યુક્તિપૂર્વક વાત કરે કે સાંભળનારો તેનો જ અધિક ગુણ લે. ૨૬.

ખળ મનુષ્યને કળી શકાય નહિ, ઓળખી શકાય નહિ. તે બીજાના કરતા પોતાનું વર્તન વધારે સારું છે એવું દેખાડે અને સહુથી મોટો ખળ

તો તે છે કે જે પોતાના વર્તનને સારું દેખાડવા પ્રયત્ન કરતો રહે, સાક્ષાત્ કહેતો ફરે. ૨૭. શ્રીહરિ તો સ્વયં કહે છે કે સહુ સંતોએ અને હરિભક્તોએ પોતાનું વર્તન નિષ્પાપ-નિર્દોષ રાખવું. અમારી આજ્ઞાથી વધારે વર્તવું નહિ અને કહ્યું હોય તેનાથી ઓછું પણ વર્તવું નહિ. ૨૮. જે વર્તનમાં પાછો રહેતો હોય, કાચો હોય, તેને તો સહુ કોઈ પણ કળી જાય છે, જાણી જાય છે પણ વધારે સારું વર્તન રાખનારો મનુષ્ય ખળ હોય તો તેને કોઈ કળી-સમજી શકે નહિ. પણ તેવો ખળ માણસ સહુના મનમાં ગમી જાય છે. ૨૯. શ્રીહરિએ કહ્યું છે કે જે અત્યંત ખળ અને માયાવી હોય તેને તો અમે પણ તરત ઓળખી શકતા નથી.

શાલ્વે દ્વારકામાં યુદ્ધ વખતે શ્રીકૃષ્ણ ભગવાન આગળ માયા રચી હતી. અને તેણે અપહરણ કરીને પકડેલા વસુદેવને દેખાડ્યા હતા. ૩૦. શ્રીકૃષ્ણની આગળ આવીને તેઓ જુવે તે રીતે તેણે વસુદેવનું શિરચ્છેદન કર્યું હતું. શ્રીકૃષ્ણ અંતર્યામી હોવા છતાં માયાવી શાલ્વની આગળ રુદન કરવા લાગ્યા હતા. ૩૧. જ્યારે શ્રીકૃષ્ણે પોતાની યોગકળાનો વિચાર કર્યો ત્યારે જાણ્યું કે 'આ બધું માયાનું જૂઠું કાર્ય છે.' સંતો તો નિર્મળ જળના જેવા છે, તેઓ અનેક લોકોની સંસારપીડાને મટાડી દેનારા છે. ૩૨. **નિર્મળ સંતોમાં પણ જે દોષ દેખાડે છે તે તો શાલ્વ કરતાં પણ મોટા માયાવી છે. સંતો તો ભગવાનની આજ્ઞાના કિલ્લા વચ્ચે રહ્યા છે, છતાં 'ક્યારેય તેનો ભંગ ન થાય' આવા ભયથી દિન-રાત કંપતા રહે છે.** ૩૩.

❋ સતી અને શૂરવીરથી પણ સંતની મહત્તા :

सूरा सति के मरन से भारी, संत वर्तन अधिक रहे धारी;
नट के खेल से खेल अधिकाई, चौदलोक एसो खेल न रहाई...३४

શૂરા સૈનિકનું મોરચે મરણ થાય, સતી સ્ત્રીનું સળગતી ચિતામાં મરણ થાય તેના કરતા પણ અધિક અને ભારે વર્તનને સંતો ધારી રહ્યા છે. નટના ખેલ કરતા પણ આ વર્તનનો ખેલ અધિક છે. ચૌદ લોકમાં ક્યાંય આના જેવો કોઈ ખેલ નથી. ૩૪.

ભવ, બ્રહ્મા અને નારદ જેવા પણ આ સંતોના આજ્ઞા વચનનો, વર્તનનો ખેલ જોઈને ધ્રૂજી ઊઠે છે. પ્રકૃતિ, પુરુષ અને અક્ષર સુદ્ધા સંતોના વર્તનને દેખીને 'ધન્ય ધન્ય' એમ બોલે છે. ૩૫. ઈન્દ્રાદિક દેવો અને મોટા ઋષિઓ પણ વર્તનને...'ધન્ય ધન્ય' એમ કહે છે. ૩૬. **એવા સદ્‌ગુણી સંતો તો એમના વર્તનને લીધે અક્ષરથી પર છે. પણ તે નિર્મળમનના લોકોને દેખાય છે. પણ જે દેહરૂપી મેરુ પર્વતમાં બેઠા છે તેમને સંતોના તે ગુણ દેખાતા નથી.** ૩૭.

શ્રીહરિ કહે છે કે કીડી જેવા જીવનો પણ ક્યારેય દ્રોહ ન કરવો, આવી અમારી આજ્ઞા છે. છતાં જે ખળ મનુષ્યો વચને કરીને સંતોનો દ્રોહ કરે છે, તે તો પાપીઓમાં પણ અતિ પાપી-અધમ છે. ૩૮. **કોઈ મનુષ્ય અમારી દેખાદેખીથી સંતોને તુચ્છકારશે, તેની અવગણના કરશે, તો ભલે તે અક્ષરના જેવો હોય, તોય પણ તે નીચથી પણ નીચ થઈ જશે. ૩૯. હું જે કહું છું તેમાં લગારેક પણ અસત્ય નથી. હું સંતોના સોગંદ ખાઈને કહું છું કે મનુષ્યે સંતોના દાસ થઈને વારંવાર તેમની પ્રાર્થના કરવી જોઈએ.** ૪૦.

સનક, સનત્‌, સનાતન અને સનંદન, એ ચાર કુમારો બાલસ્વરૂપ હતા. તેઓ બ્રહ્માના પુત્ર કહેવાતા. ભગવાન સિવાયની બીજી બધી આશાઓને તજી દઈને તેઓ એક ચિરવ્રત(દીર્ઘનૈષ્ઠિક બ્રહ્મચર્યરૂપ વ્રત)ને ધારી રહ્યા હતા. ૪૧. તેઓ હંમેશ દિગંબર રહેતા. તેમને સ્ત્રી-પુરુષનું પણ ભાન ન હતું. સુજ્ઞ સનકાદિ કાયમ પાંચ વરસના જ જણાતા. તેઓ એક દિવસ ભગવાન નારાયણના પુનિત દર્શન કરવા માટે વૈકુંઠ લોકમાં આવ્યા. ૪૨. તેમના મનમાં દર્શન માટેનો તીવ્ર વેગ હતો. ભગવાન સંબંધી ઘણી અભિલાષાઓ હતી. તેમને જગતના કોઈ અષ્ટ આવરણ પણ રોકી શકતા નહિ. ૪૩. આ લોકમાં અને તેથી બહાર અલોકમાં પણ તેમની ગતિ સ્વતંત્ર હતી. દેવતાઓ અને ઋષિઓ, સહુ તેમને ચાહતા-આદરમાન આપતા અને ભગવાન પણ જેમને નિત્ય ચાહતા હતા. આવા તે સનકાદિકોને વૈકુંઠના પાર્ષદ જય તથા વિજયે રોક્યા. ૪૪. ત્યારે ઋષિઓએ (સનકાદિકો) તેમને શાપ આપ્યો કે પાપીઓ ! તમારું આ વૈકુંઠ ધામમાંથી પતન થાય. તે સાંભળીને ભગવાન નારાયણ તરત જ દોડીને ત્યાં આવ્યા. તેમણે સનકાદિકોને પોતાને કંઠે લગાવ્યા. ૪૫.

તે સમયે જય વિજય પાર્ષદોએ ખૂબ જ વિનંતી કરી પણ ભગવાને તે સાંભળ્યું નહિ. આવીને તેની સામે પણ જોયું નહિ. તેમના તરફ તો પીઠ કરીને જ ઊભા રહ્યા. ૪૬. ત્યારે તે બંને બહુ રડવા લાગ્યા. એટલે ભક્તવત્સલ દીનબંધુ દયાળુ ભગવાને કૃપા કરીને તેમને કહ્યું. ૪૭. **હું સદા સંતોને આધીન છું. કોઈ સંતોનો અપરાધ કરે તો હું તેને એક પળ-ક્ષણવાર પણ સહન કરું નહિ. જે સંતોનો દ્રોહ કરે છે. તે તો મારું ગળું જ કાપી રહ્યા છે.** ૪૮.

સંતોના દ્રોહીનું મુખ કરોડો કલ્પ જાય તો પણ હું ક્યારેય જોતો નથી. કદાચ મારો હાથ જો સંતોનો દ્રોહ કરે, તો હું તેને પણ તરત જ કાપી નાખું. ૪૯. **લક્ષ્મીજી મને સહુથી વધારે પ્રિય છે, પણ સંતો તો મને લક્ષ્મી કરતા પણ વધારે પ્રિય-વહાલા છે. સંતો મારું હૃદય છે, કંઠ છે અને નેત્ર છે. આવી રીતે હું સંતોને પ્રાણપ્યારા કરી રાખું છું.** ૫૦.

सोरठा : मैं न कबु दुःखात, ओर अपराध तेहि कोटि करे;
प्रायश्चित करे तब चात, संत द्रोहिकुं न चात कबु...५१
संत करे जब माप, तब होवत हे माप तेहि;
ता विन टरत न पाप, मम संत हि द्रोहिहु को...५२

કદાચ કોઈ મારો કરોડ ગણો અપરાધ કરે તો પણ હું તેનાથી દુઃખ માનતો નથી. તે મનુષ્ય જો અપરાધનું પ્રાયશ્ચિત્ત કરે તો હું તેને ચાહું છું. સ્વીકારી લઉં છું, પણ સંતોના દ્રોહીને હું ક્યારેય ચાહતો નથી, સ્વીકારતો નથી. ૫૧. સંતો જ્યારે તે અપરાધને માફ કરે, ક્ષમા આપે ત્યારે તે માફ થાય છે. સંતોએ માફી આપ્યા સિવાય તે મારા સંતોના દ્રોહીનું પાપ ટળતું નથી. ૫૨.

કાળરૂપ શંકરનું ત્રિશૂળ અને ઈન્દ્રનું વજ્ર, મને તેનો ડર ક્યારેય લાગતો નથી, પણ સંતોનો દ્રોહ થોડો એવો પણ થઈ જાય તો મને તેનો ડર કરોડ ગણો વધારે લાગે છે. ૫૩. ભવ અને બ્રહ્મા જેવા પણ સંતોના દ્રોહથી ડરતા હોય, તો પછી બીજા જીવ તો તેનાં શું લેખામાં ? સંતોના ગુણોમાં મુખ્ય ગુણ એ એક મહાન છે કે જેઓ મારા સિવાય અન્ય કોઈમાં સ્નેહ રાખતા નથી. ૫૪. તે સ્નેહમાં ધર્મ, વૈરાગ્ય, જ્ઞાન અને ભક્તિ, એક કરતા એક

કરોડ ગણા રહે છે. જો ભગવાનમાં હેત ન હોય તો તેમાં બીજો એકેય ગુણ આવતો નથી. આ કહું છું તેમાં કોઈ સંશય નથી. ૫૫.

एसे संत की चरनरज जेही, रमा शिर हम धरत हे तेही;
जय विजय महा मानी अपारा, कर जुग जोरीके तेहि वारा...५६

આવા સંતોના ચરણની રજને હું અને લક્ષ્મીજી, બંને માથે ચડાવીએ છીએ. જય અને વિજય ઘણા માની હતા. તેમણે તે સમયે બંને હાથ જોડ્યા. ૫૬.

અને સનકાદિકોના ચરણોને પોતાને મસ્તકે ધાર્યા. તેમજ "બચાવો, બચાવો" એમ વારંવાર મુખથી બોલ્યા. તે બંનેનું માન અત્યંત ઊતરી ગયું છે એમ જાણીને સનકાદિક ઋષિઓ બોલ્યા, ૫૭. "હે હરે ! આપ સંતોના રક્ષક છો. આપ આ બંનેનો ઉદ્ધાર કરો." ત્યારે ભગવાને ઋષિઓને કહ્યું, "હે સનકાદિકો ! આ જય વિજયે તમારી પાસે આવીને તમને માથા નમાવ્યાં છે. તેથી હું કહું છું કે આ બંને ત્રણ જન્મ સુધી અસુર થશે. તેઓ ત્રણ જન્મે મારી સાથે યુદ્ધ કરીને ફરીવાર વૈકુંઠલોકને પામશે. ૫૮-૫૯. તમારા અનુગ્રહરૂપ પ્રતાપથી તેઓ વૈકુંઠને પામશે. તે સિવાય ક્યારેય તેઓ પાપથી છૂટત નહિ." પાર્ષદ ડુંગરજી અને અલૈયા ખાચરને શ્રીહરિએ આ વાત કહી. ૬૦.

दोहा : अल्प संत होई ताहिके, रेहेना दासहि होई;
अल्पाग्नि ब्रह्मांड को, नाश करे पल सोई...६१
अभिमान कोई गुन को, संत से रखना नाहिं;
अभिमानी जन उपरी, अरुचि अमार रहाहि...६२

કોઈ સંત નાના હોય તોપણ તેના દાસ થઈને રહેવું. સંતના દ્રોહરૂપ નાનો એવો અગ્નિ પણ આખા બ્રહ્માંડને એક પળવારમાં બાળી દે છે. ૬૧. શ્રીહરિએ કહ્યું, કોઈ ગુણનું અભિમાન સંત આગળ રાખવું નહિ. અભિમાની માણસના ઉપર તો અમારે હંમેશાં અરુચિ રહે છે. ૬૨.

જેનું ચિત્ત સરલ હોય તો તે સરલતા અનંત સદ્‌ગુણોનું મૂળ છે. મેરુ પર્વતના જેવા ગુણ હોય તો પણ જો ચિત્તની સરલતા ન હોય તો તે ગુણ તેમાં ટકતા નથી. ૬૩. મોટા મોટા રાજાઓ હોય તોપણ જે પોતાથી મોટા

હોય તેની સાથે નમીને ચાલે છે. અભિમાન રાખતા નથી. તેથી તેમની કીર્તિ પણ વધે છે અને જે અભિમાનથી નમતા નથી તે બધું ખોઈ બેસે છે. ૬૪.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'શ્રીહરિનું આજ્ઞાવચન અને સંતોનું મહત્ત્વ કહ્યું' એ નામે તેરમો તરંગ સમાપ્ત ॥૧૩॥



પૂર પાંચમું : તરંગ - ૧૪

વડાગામથી નીકળી મુમુક્ષુઓને દર્શન દેતા શ્રીહરિ સાંજે મોડા ગામ પહોંચ્યા

જ્યારે સંતો જમી રહ્યા ત્યારે મનોહરમૂર્તિ શ્રીહરિ હાથ ધોઈને આવ્યા અને પલંગ ઉપર બેઠા. ૧. બધા સંતો અને દરબારો શ્રીહરિની પાસે આવીને બેઠા. જ્યારે કીર્તન ગાવા માટે વાજિંત્રો મગાવ્યા ત્યારે ચંદ્રમાનો પ્રકાશ ફેલાઈ રહ્યો હતો. ૨. મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી અને દેવાનંદસ્વામી એ આદિક બધા ગાયક સંતો દૂકડ, સરોદ અને સિતાર વગેરે વાજિંત્ર વગાડીને ગાન કરવા લાગ્યા. તેમાં શ્રીહરિ જે કહે તે પદને તો તેઓ અત્યંત પ્રેમભર્યા કંઠથી ગાતા હતા. ૩-૪. જ્યારે અધરાત થવા આવી ત્યારે શ્રીહરિ ત્યાં પોઢી ગયા. બધા દરબારો પણ જઈને સૂઈ ગયા. ત્યારે સંતો ઘણા જ પ્રેમથી ધ્યાનમાં બેસી ગયા. ૫. જ્યારે અરુણોદય થયો ત્યારે સંતો 'નારાયણ ધૂન' કરવા લાગ્યા. તે સાંભળીને તત્કાળ શ્રીહરિ ઊઠ્યા. દયાળુ શ્રીહરિ ગામની બહાર સ્નાન કરવા ગયા. ૬. ત્યાં એક સુંદર કૂવો હતો. તેમાં બધા સંતો, દરબારો અને શ્રીહરિ, બધા ભેળા થઈને નાહ્યા. સ્નાનાદિ કરીને આવ્યા તેટલી વારમાં તો રસોઈ પણ તૈયાર થઈ ગઈ. ૭. પૂજા વિધિ તરત કરી લીધો.

નિપુણ શ્રીહરિ થાળ જમવા બેઠા. દૂધપાક અને પૂરી વગેરે બનાવ્યું હતું, તે બધું મુકુંદાનંદ વર્ણી લાવ્યા. ૮. સંતો અને દરબારો જેટલી વારમાં પંગતમાં બેઠા તેટલીવારમાં તો ધર્મપુત્ર શ્રીહરિએ ઉતાવળે જમી લીધું. શ્રીહરિ

સંતોને અને દરબારોને પીરસવા લાગ્યા ત્યારે બંને વર્ણીઓને પણ જમવા બેસાડી દીધા. ૯. શ્રીહરિ જે થાળ જમ્યા, તે પ્રસાદી દરબાર લાખાજીને આપી. જ્યારે સંતો અને દરબારો જમી રહ્યા ત્યારે શ્રીહરિ આવીને પલંગ ઉપર બેઠા. ૧૦. દરબાર લાખાજીએ શ્રીહરિની પૂજા કરીને મનમાન્યો લાભ લીધો. તે સમયે શ્રીહરિને ભારે સોનેરી પોશાક પહેરાવ્યો. કપાળમાં કેસરયુક્ત ચંદન ચરચ્યું. ૧૧. તે કેસરી ચંદન ચરચીને પછી તે ચરણોને આનંદભર્યા હૃદયે છાતી ઉપર લીધા. કપૂરથી આરતી ઉતારીને નખશિખ મૂર્તિને હૃદયમાં ધારી લીધી. ૧૨. લાખાજીએ સંતોની અને દરબારોની પણ પૂજા કરી. અપાર પ્રેમથી ચંદન ચરચીને ફૂલહાર પહેરાવ્યા. ૧૩.

શ્રીહરિ ચાલવા તૈયાર થયાને ઘોડેસવાર થઈને આવ્યા. તે સમયે વિવિધ પ્રકારના વાજિંત્ર વાગવા લાગ્યા. ૧૪. હાથમાં સોનાની છડી લઈને ચોપદાર "જય જય ત્રિભુવનનાથ !" આવું ઊંચેથી બોલીને બજારમાં ચાલતા હતા. ૧૫. તે ગામના બધા લોકો ભેળા મળીને બજારમાં ઊભા હતા. તેઓ મનમાં ઘણા ભાવવાળા હતા. શ્રીહરિ નજીક આવે એટલે સહુ પગે લાગતા હતા. ૧૬. શ્રીહરિએ શરીર ઉપર સોનેરી વસ્ત્રો અને અલંકારો પહેર્યા હતા. અશ્વને પણ સોનેરી સાજથી શણગાર્યો હતો. બધા દરબારોએ પણ પોતાના શરીર ઉપર સોનેરી બખતર પહેર્યા હતા. ૧૭. દરબારોએ મોહરિયું (બોકાની) બાંધીને હાથમાં ભાલા લીધા હતા. બધા જ પચીસથી ત્રીસ વરસની ઉંમરના હતા. સહુને શ્રીહરિના ઉપર અત્યંત હેત હતું. રસ્તામાં સૌ ગાન કરતા ચાલતા હતા. ૧૮. જ્યારે સહુ ગામથી બહાર આવ્યા ત્યારે પુરજનો ત્યાં રોકાઈ ગયા. બધાને સંતોમાં ભાવના રહે એવો સંતોનો મહિમા શ્રીહરિએ કહ્યો. ૧૯.

પછી શ્રીહરિએ અશ્વને દોડાવ્યો. તે સમયની શોભા કહી શકાતી નથી. જેમ આકાશમાંથી તારો ખરતો હોય તેવો અશ્વ દોડાવ્યો હતો. ૨૦. તે માનો આકાશમાં ગરુડ ઊડતો હોય અથવા અત્યંત ઉલ્લાસથી હરણ કૂદતું હોય કે તે અશ્વ નટની છટાથી નાચતો હોય, તેવો દેખાતો હતો અને જોનારાના મનમાં અતિશય પ્રેમ ઉપજાવતો હતો. ૨૧. અશ્વ ચાલતો હોય ત્યારે તેના

પગ જમીન ઉપર ટકતા જ નહિ. અશ્વની છટાનો એવો રંગ જામ્યો હતો. તે પ્રમાણે જ રથે જોડેલા બળદ પણ અશ્વની પાછળ પાછળ ઊડતા જતા હોય તેવું લાગતું હતું. ૨૨. ડુંગરજી આદિક જે પાર્ષદો હતા તે સહુએ બંદૂકો બાંધી હતી. તેઓ સર્વે અશ્વની પાછળ દોડતા હતા એવા સહુ જુવાન હતા. ૨૩.

સંતો તો શ્રીહરિનું ધ્યાન કરતા ચાલતા હતા. તેમણે મૂર્તિમાં પ્રાણ પરોવી દીધા હતા. તેમનો દેહ તો પવનની ગતિથી ચાલતો હતો, તેની તેમને કંઈ ખબર જ ન હતી. ૨૪. વાટમાં ચાલતા જે જે ગામ આવતા ત્યાંના લોકો શ્રીહરિને દેખીને એકદમ પાસે દોડી આવતા. ૨૫. હાર્દિક ભાવથી ચરણોમાં નમસ્કાર કરતા અને રોકાવાની ઘણી તાણ કરતા. બુદ્ધિ માન લોકો તો એમ બોલતા કે અમારે ત્યાં આવીને આપ અમારા ગામને પાવન કરો. ૨૬. જે જે પુરજન શ્રીહરિ પાસે આવતા તે બધા હાથમાં શ્રીફળ લઈને જ આવતા. તે લોકો આવા વિવેકી હતા. છતાં શ્રીહરિ તો તે શ્રીફળને સ્વીકારીને તુરંત પ્રસાદીનાં રૂપમાં પાછાં આપતા હતા. ૨૭. લોકો જે સાકર લાવતા તેમાંથી શ્રીહરિ તેમને અરધી પાછી આપી દેતા. હરેક ગામમાં શ્રીહરિ આવું ચરિત્ર કરતા હતા. ૨૮.

ચારે વર્ણના લોકોમાં કેટલાક જે સાકર લાવતા, તેમાં જેનો જીવ પવિત્ર દેખાય તેની સાકરની થોડીક કણીઓ શ્રીહરિ જમતા. ૨૯. કોઈ ભાવનાવાળા લોકો ક્યારેક કાંઈ મેવા કે ફળાદિ લાવતા ત્યારે અશ્વ ઉપર બેઠા રહીને જ સુખદાયક સુંદર શ્યામ શ્રીહરિ તે તે વસ્તુને જમતા. ૩૦. આવું ચરિત્ર તો શ્રીહરિ ક્યારેક જ કરતા. સ્વયં આનંદમય મૂર્તિ શ્રીહરિ આ પ્રમાણે વિચરણ કરતા હતા. શ્રીજી મહારાજ મુમુક્ષુઓના ચિત્તનો નિરોધ મૂર્તિમાં કરાવવા માટે વિચિત્ર ચરિત્ર કરતા હતા. ૩૧. શ્રીહરિ જે જે ક્રિયા કરતા હોય છે તે બધી જીવોના મોક્ષ માટેની જ હોય છે. અંતકાળે જો તે ક્રિયા દેખાય તો તે જીવનો તરત જ મોક્ષ કરાવે છે. ૩૨. શ્રીહરિની લીલાનો મહિમા જે ભક્ત હોય તે સમજે છે અને તેટલા માટે જ આ ચરિત્રોને વારંવાર હું ચાહીને લખું છું. કેટલાક ચરિત્રો દેખવામાં તો વ્યાવહારિક ક્રિયાઓ જેવા લાગે છે. તેથી તેમાં તો ભવ અને બ્રહ્મા આદિક પણ ભૂલા પડી ગયા છે. ૩૩. પરંતુ

શ્રીહરિના એવા ચરિત્રો પણ જ્યારે જીવને અંતકાળ આવે છે ત્યારે સર્વથી અધિક અલૌકિક દેખાય છે.

શરણાગતના ભયને હરનારા અને સુખને કરનારા શ્રીહરિ ગામોગામ લોકોને દર્શન દેતા દેતા **મોડા** ગામ આવ્યા. ૩૪. ગામમાં જેટલા હરિભક્તો હતા તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. તેમાં ક્ષત્રિય રણમલજી (અક્ષરાનંદસ્વામી) જગતથી વિરક્ત અને અતિ શૂરવીર ભક્ત કહેવાતા. ૩૫. દાજીભાઈ (સચ્ચિદાનંદસ્વામી), મોનજીભાઈ, બાપુભાઈ, ફુલજીભાઈ આદિ હરિભક્તો હરખભેર શ્રીહરિની પાસે આવ્યા. દંડવત્ પ્રણામ કરીને ચરણોમાં પ્રણામ કર્યા અને "મહારાજ ! આપ ભલે પધાર્યા" એમ સહુ મુખથી બોલ્યા. ૩૬. સહુ સંતોને પણ પગે લાગ્યા અને દરબારોને ભેટ્યા. શ્રીહરિનાં દર્શન થવાથી તે ભક્તોના હૃદયમાં આનંદ સમાતો ન હતો. ૩૭.

મોડા ગામ રૂપારેલ નદીને ઉગમણે કાંઠે આવ્યું છે. આથમણી બાજુ ગામનો દરવાજો છે. ચોતરફ ઘણી સારી વાડીઓ રહેલી છે. ૩૮. ગામમાં અને ચારે તરફ વૃક્ષોનો તો કોઈ પાર ન હતો. તેના ઉપર પંખીઓ પણ અપાર હતા. તેઓ પોતપોતાની જાતિના શબ્દ બોલીને કોલાહલ કરતા હતા. ૩૯. જ્યારે સૂર્યાસ્ત થયો ત્યારે શ્રીહરિ ત્યાં આવ્યા હતા. અપાર મશાલો કરી હતી અને અનંત પ્રકારના વાજિંત્ર વાગી રહ્યા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમપૂરમાં 'વડાગામથી નીકળેલા શ્રીહરિ મુમુક્ષુઓને દર્શન દેતા દેતા સાંજે મોડા ગામ પધાર્યા' એ નામે ચૌદમો તરંગ સમાપ્ત ॥૧૪॥



પૂર પાંચમું : તરંગ - ૧૫

શ્રીહરિ મોડા ગામમાં રણમલજીને ઘેર પધાર્યા

શ્રીહરિ જ્યારે મોડા ગામને દરવાજે આવ્યા ત્યારે ગામના ભક્તો આવ્યા. ભીડ થવાથી લોકો માર્ગમાં સમાતા નહિ. ૧. શ્રીહરિ ગામમાં આવ્યા. ગામમાં રહેલા રાજમાર્ગ સુંદર રીતે શણગાર્યા હતા. બધે દીવા પ્રકટાવ્યા હતા. ૨.

દરેક દરવાજે ભક્તોએ મોતીના તોરણ બાંધ્યા હતા. ભક્તોનાં મન અત્યંત પ્રસન્ન હતા. તેઓ વારંવાર 'જય જયકાર'ના શબ્દો બોલતા હતા. ૩. શ્રીહરિની આગળના ભાગમાં જ છડીદાર સોનાની છડી હાથમાં લઈને વારંવાર છડી બોલીને 'જય ધર્મધુરંધર', 'જય જય ધર્મકુમાર' આવા શબ્દોને બોલતા હતા. ૪. શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા. સોનેરી વસ્ત્રો અને સોનાના આભૂષણો બધા અંગો ઉપર ધાર્યા હતા. તે વખતની શોભા અદ્‌ભુત બની હતી. ૫. શ્રીહરિની મૂર્તિનું તેજ જોઈને બધા નરનારીઓ આલેખેલા ચિત્ર જેવા નિશ્ચેષ્ટ થઈ ગયા હતા. મોતીના થાળ ભરી ભરીને આવેલી સ્ત્રીઓ શ્યામસુંદર શ્રીહરિને વધાવવા લાગી હતી. ૬. બધી અલબેલી સ્ત્રીઓ ઘરનું બધું કામકાજ પડ્યું મૂકીને આવી હતી. પૂર્ણ ચંદ્ર સમાન શ્રીહરિનું મુખ જોઈને તેમને ખૂબ ભાવ થયો. ૭.

❋ અલૌકિક મૂર્તિ, અલૌકિક વર્ણન :

શ્રીહરિ લોકાના હૃદયની ઉજ્જ્વળ ભાવના દેખતા. ભાવ દેખીને તેમના સંસારના બંધન બધા છોડાવી નાખતા હતા. મસ્તકે બાંધેલી જરકસી પાઘમાં બે છોગા હતા, તે મોટા મુકુટના જેવા સોહામણા લાગતા હતા. ૮. છોગામાં અમૂલ્ય મોતી ભરતથી જડ્યા હતા. મોતીના તોરા તો અનુપમ જણાતા હતા. કલગી સહિત શિર પેચ બાંધ્યો હતો. તે નંગ જડિત કલગી મસ્તકે ધારી હતી. ૯. કાનમાં મકરાકાર કુંડળ હતા, તેનું તેજ સતત ઝગમગતું હતું. કાન ઉપર મોતીના ગુચ્છ શોભતા હતા. વિશાળ લલાટમાં રહેલું તિલક સુંદર લાગતું હતું. ૧૦. વાંકી ભ્રૂકુટિ ભક્તોના ભયને ટાળતી હતી. ચંચળ મૂર્તિ આનંદ આપતી હતી. અણિયાળા નેત્ર ચંચળ માછલી જેવા હતા. તેનાથી શ્રીહરિ ભક્તોને વારંવાર જોયા કરતા હતા. ૧૧. દીવાની શિખા જેવી નાસિકા શોભતી હતી. ઘિલોડાના જેવા લાલ હોઠ દેખવા માત્રથી મનને લલચાવતા હતા. જમણે ગાલે નાસિકાની પાસે એક સુંદર તલ સોહામણો લાગતો હતો. ૧૨. તે તલ મૂળ પુરુષનું પણ મૂળ આ શ્રીહરિ છે એમ સૂચવતો હતો. ડાબા કાનમાં રહેલું જે શ્યામ બિંદુ છે તે માનો તેના દ્વારા મૂળમાયા ખીલી રહી હોય તેમ જણાતું હતું. ૧૩.

શ્રીહરિના અંગો ઉપર જેટલા કાંઈ તિલ-ચિહ્ન છે તે બધા મહા શક્તિમાન છે પણ તેને કોઈ જ કળી શકતા નથી. ૧૪. મૂર્તિ ઉપરના દરેક તલ અનંત સામર્થ્યને ધારી રહ્યા છે. તેને કોઈ મુક્ત જાણતા નથી પણ લક્ષ્મીજી અને સીતાજી તેનો લાભ લઈ રહ્યા છે. રાધાની સખી લલિતા ઘણી ચતુર હોવા છતાં તે તલની તેને ગમ નથી. ભગવાનની સેવામાં તે સતત રહે છે. છતાં તે તેટલી દૂર છે એમ સમજવું. ૧૬. શ્રીહરિએ હાથમાં બાજુબંધ અને કડાં ધાર્યાં છે. છાતી ઉપરના મોતીના હાર સોહામણા લાગે છે. સોનાની વીંટીઓ અને વેઢ દસે આંગળીઓમાં ધાર્યા છે. ૧૭. પટ્ટીદાર સોનાનો કંદોરો સુંદર રીતે ઘડ્યો હતો તેમાં સોનાની ઘૂઘરીઓ હતી. તે પણ કમર ઉપર તે વખતે બાંધેલો હતો. ૧૮. સોનાના ભવ્ય ઝાંઝર બંને ચરણોમાં ધાર્યા હતા. તેમાં જડેલી ઘૂઘરીઓ વાગી રહી હતી. તેની શોભા કહી શકાતી નથી. ૧૯. મોતી જડિત સોનેરી મોજડીઓ ચરણોમાં પહેરી હતી. અને મોતીની છડી હાથમાં લીધી હતી. આ પ્રમાણે અત્યંત મનોહર શોભા કરી હતી. ૨૦.

શ્રીહરિના અશ્વની શોભા પણ તેવી રીતની પૂર્ણ હતી. અશ્વ મોતીથી અને સોનાના શણગારોથી ભરપૂર હતો. અશ્વના માથા ઉપર મોરકલગી હતી. પગમાં ઘમકતા ઝાંઝર પહેરાવ્યા હતા. ૨૧. તે અશ્વ થનક થનક કરતો ચપળતાથી ચાલતો હતો અને ગરુડથી પણ વધારે ગતિવાળો હતો. અલૈયા ખાચર પાસે જેટલા સારા અશ્વ આવતા તે બધા તેઓ શ્રીહરિને આપતા. ૨૨. આ જગતમાં મોટા મોટા રાજાઓ તો અનંત છે. તેને ઘેર પણ આવા અશ્વ મળતા નહિ. અલૈયા ખાચરે આવો અશ્વ શ્રીહરિને અર્પણ કર્યો. આવો અલભ્ય લાભ અલૈયા ખાચર સિવાય કોઈ દરબારોએ લીધો ન હતો. ૨૩. અલૈયા ખાચરની સમજણ સર્વોપરિ થઈ હતી. તેમાં કોઈ પણ પ્રકારની કચાશ ન હતી. તેનો તેના હૃદયમાં એક પ્રકારનો અતિ છક આવ્યો હતો અને તેને લીધે જ તેણે અનંત લોકોને સત્સંગ કરાવ્યો હતો. ૨૪.

જોકે તે પ્રતાપ તો બધો શ્રીહરિનો જ હતો. અલૈયા ખાચરને તેનું જ્ઞાન રહ્યું નહિ. તેણે તે પ્રતાપને પોતાનો ગુણ માન્યો અને તેનાથી તેની બુદ્ધિ વિપરીત થઈ ગઈ-બુદ્ધિ ફરી ગઈ. ૨૫.

'ભગવાનના ભક્તો આપણા કરતા શ્રેષ્ઠ છે' આવું જ્ઞાન તેમને ન રહ્યું. એવી પોતાની મતિ થઈ તેથી સુધ ભુલાઈ ગઈ. ૨૬. તે કાયમ શ્રીહરિની સાથે જ રહેતા હતા, છતાં તે પોતાની ખોટ ભરી બુદ્ધિને જાણી શક્યા નહિ. તેઓ જેમ જેમ સત્સંગ કરતા રહ્યા તેમ તેમ પોતાના સત્સંગના અંગને સરસ માનવા લાગ્યા. ૨૭.

सोरठा : आप में जाने गून, सत्संग में सो बढत नहि;
दिन दिन होत हि नून, ज्युं दीपक दिवेल विन रहत...२८

જે મનુષ્ય પોતામાં ગુણ માને તે સત્સંગમાં આગળ વધી શકે નહિ. દિવેલ વિનાના દીવાની જેમ તે દિન પ્રતિદિન ઘટતો જાય છે. ૨૮.

મુક્તાનંદસ્વામીએ દાદા ખાચરને અલૈયા ખાચરની આટલી વાત કહી. પછી શ્રીહરિના ચરિત્રોને કહેવા લાગ્યા. ગામના ભક્તોને દર્શન દેતા દેતા આવવામાં ઘણો સમય લાગ્યો. ૨૯. રણમલજી નિષ્કામ ભક્ત હતા. સુંદર શ્યામ શ્રીહરિ તેને ઘેર પધાર્યા. તે ભક્તે એક સુંદર પલંગ બિછાવી રાખ્યો હતો. તેના ઉપર સુખદાયક સુંદર શ્યામ બેઠા. ૩૦. સંતોનો અને દરબારોનો ઉતારો કરાવ્યો. તુરંત વર્ણીએ રસોઈ બનાવી.

શ્રીહરિ જમવા માટે ઊઠ્યા. સાકરનો તાજો કંસાર કર્યો હતો. ૩૧. આવીને શ્રીહરિ બાજોઠ ઉપર બેઠા. તરત જ વસ્ત્ર બદલીને પીતાંબર પહેર્યું. જળથી હાથ-પગ ધોયા અને પછી રૂમાલથી લૂછ્યા. ૩૨. વર્ણી થાળ ભરીને કંસાર લાવ્યા. તેમાં તાજું ઘી પીરસ્યું. અડદની મોગર (છડી) દાળ કરી હતી. તેનો એક કટોરો ભરીને થાળમાં મૂક્યો. ૩૩. શ્રીહરિ તે થાળ ભાવથી જમ્યા, કારણ કે તે ભક્ત ઘણા જ પ્રેમી હતા. પછી જ્યારે કંસાર જમી રહ્યા ત્યારે દૂધ અને ભાત લીધા. ૩૪. ઉપરથી દળેલી સાકર લીધી અને જમીને તૃપ્ત થયા. પછી હાથ અને મુખને ધોયા. જળપાન કરીને મુખવાસ લીધો. ૩૫.

પછી સંતોને અને દરબારોને જમવા બેસાડ્યા. શ્રીહરિ તેમને પીરસવા માટે આવ્યા. તત્કાળ જ સંતોને અને દરબારોને પોતે પીરસી દીધું. પછી સ્વયં દયાળુએ જ "હરે !" આવો શબ્દ ઉચ્ચાર્યો. ૩૬. શ્રીહરિ કહે "સહુ સારી

પેઠે જમજો. આજ મજલ ઘણી કરી છે. ગરમ ગરમ બધું જમશો તો તમારો થાક ઊતરી જાશે.” ૩૭. આવું બોલીને શ્રીહરિ વારંવાર પંગતમાં ફરતા અને અતિશય હેતથી પીરસતા હતા. જ્યારે સહુ કંસાર જમી રહ્યા ત્યારે દૂધ અને ભાત પીરસ્યા. ૩૮. ઉપરથી પોશ ભરી ભરીને સાકર આપી. બધા જમી રહ્યા ત્યાં સુધી શ્રીહરિ પંગતમાં પીરસતા ફરતા રહ્યા. ૩૯. પહેલા તો જેને જેટલું જોઈએ તેટલું પીરસ્યું. પાછળથી શ્રીહરિએ દૂધની રેલમછેલ કરી દીધી. આવું પીરસતા કોઈનેય આવડતું નહિ. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં ‘શ્રીહરિ મોડામાં રણમલજીને ઘેર પધાર્યા’ એ નામે પંદરમો તરંગ સમાપ્ત ॥૧૫॥



પૂર પાંચમું : તરંગ - ૧૬

વિવેકથી મહિમા સમજી સદ્‌ગુણોને શીખવાની રહસ્ય વાત શ્રીહરિએ કહી

શ્રીહરિ સહુને જમાડીને આવ્યા અને પલંગ ઉપર બેઠા. સંતો અને દરબારો બધા જમીને આવ્યા. પછી ત્યાં સભા થઈ. ૧. પછી શ્રીહરિએ સંતોને આજ્ઞા કરી કે વાજિંત્રો લાવો. હવે કીર્તન ગાવાનો સમય થઈ ગયો છે. અત્યારે બધા જ જમી રહ્યા છે. ૨. સંતો સરોદ, દૂકડ અને સિતાર વગેરે વાજિંત્રો લાવ્યા. તાલ અને લયનો મેળ કરીને તે વાજિંત્ર વગાડવા લાગ્યા. તે સાંભળીને ગામના લોકો આવવા લાગ્યા. ૩.

સંતોએ અડધી રાત સુધી કીર્તન ગાન કર્યું ત્યારે શ્રીહરિ બોલ્યા, હવે ગાવાનું રાખો, ઘણા કીર્તન ગાયા. ૪. મોડા પાસે જ અલૈયા અને શેખપાટ નામે બે ગામ છે. ત્યાંના હરિભક્તો ઘણા ઉત્સાહવાળા હતા. શ્રીહરિ મોડામાં આવ્યા છે, આવી ખબર સાંભળીને સહુ તૈયાર થઈને વધામણાના ધોળ રાગના કીર્તન ગાતા ત્યાં આવ્યા. સહુના હૃદયમાં અતિશય આનંદ ભરપૂર છવાયેલો હતો. સહુના હાથમાં એક એક શ્રીફળ હતું તે શ્રીહરિના ચરણમાં મૂકીને સહુ નમી પડ્યા. ૫-૬. શ્રીહરિએ તેમના મસ્તકે ચરણ મૂક્યા. મધુર શબ્દોથી

બોલાવીને રાજી કર્યા. પછી તેમને ઉતારો અપાવ્યો અને શ્રીહરિએ શયન કર્યું. ૭. હરિભક્તો પોતપોતાને ઘેર ગયા. સંતો શ્રીહરિની પાસે જ બેસી રહ્યા. સહુએ સિદ્ધાસન લગાવ્યા અને તે રીતે જ ધ્યાન કરવા લાગ્યા. ૮.

અરુણોદય થયો ત્યારે સહુ સંતોએ 'નારાયણ ધૂન' કરી. તે સાંભળીને શ્રીહરિ જાગ્યા અને સંતોની સાથે વાતો કરવા લાગ્યા. ૯. **સહુએ પરસ્પર એકબીજાનો મહિમા રાખવો અને તેવી જ રીતે મહિમાપૂર્વક બોલાવવા. જે રાત દિવસ આપણી સાથે રહે તેની મોટપ જણાતી નથી.** ૧૦. આખા જગતની રીત તો તેવી વિવેક વિહોણી જ છે પણ હરિભક્તની રીત એવી નથી. ગોકુલવાસી ગોપ-ગોપીઓની રીતને તપાસી જુઓ. ૧૧. કેમ જે ઉદ્ધવજીએ વ્રજવાસીઓનું માહાત્મ્ય અધિક જાણ્યું હતું. ઉદ્ધવજી વ્રજમાં કેટલાક દિવસ રહ્યા ત્યારે અપાર ગોપીઓના વૃંદો તેમની સાથે તિરસ્કાર કરીને બોલતા હતા. ૧૨. ગોપીજનોને તો શ્રીકૃષ્ણ ઉપર અતિ હેત હતું. તેથી તેમનો વિયોગ થયો તેને લીધે તેઓ દુઃખી દુઃખી થઈને જાણે રોગ થયો હોય તેમ બોલતા હતા. ૧૩. પરંતુ ગોપીઓ જેમ જેમ અતિ રોષ ભર્યા શબ્દ બોલી તેમ તેમ ઉદ્ધવજીએ તેમનો અતિ ગુણ જ લીધો. ગોપીઓના વચનને અમૃત સમાન માન્યા અને પોતાને તેમનાથી ન્યૂન સમજ્યા. આ જ હરિભક્તોની સાચી રીત છે. તે માહાત્મ્ય જ લે. ૧૪. આવી ઉદ્ધવજીની સમહિમ ધીરજ જોઈને ગોપીઓને પણ તેમના પ્રત્યે ભાવના થઈ અને પરમ રહસ્યમય ભગવાનના ચરિત્રો પ્રેમ લાવી કહેવા લાગી. ૧૫.

✵ સુપાત્રને વાત કહેવી, કુપાત્રને નહિ :

सोरठा : पात्र विन कीजे वात, अमृत सो विष सम होत;
वात कर तेहि घात, अहि मुख स्वांतजल विष होत...१६

યોગ્ય પાત્ર ન હોય અને જે વાત કહેવાય. તે વાત અમૃત જેવી હોય તો પણ પાત્રતાને અભાવે ઝેર જેવું પરિણામ લાવે છે. કુપાત્ર આગળ વાત કરવાથી વિનાશ થાય છે. સ્વાતિ નક્ષત્રમાં વરસેલું જળ સીપમાં પડે તો તેનું મોતી થાય અને સાપના મોઢામાં પડે તો તેનું ઝેર થાય છે. ૧૬.

चोपाई :

साधु भये साधु गुन न आये, त्यां लग तेहि भय रहाये;
तेहिकर साधु के गुनहि जेता, एक एक नित सिखना तेता...१७
बिन सिखे गुन आत न कबहु, सो वर्ष संग रहेवे जबहु;
भरत के अद्भुत आख्यान जेहा, वार वार विचारना तेहा...१८

સાધુ થયા છતાં સાધુના ગુણ ન આવે ત્યાં સુધી તેને ભય રહે છે. તેટલા માટે સાધુના જેટલા ગુણ હોય તે એક એકને નિત્ય શીખતા રહેવું જોઈએ. ૧૭. શીખ્યા વિના ક્યારેય ગુણ આવે નહિ. કદાચ સો વર્ષ પર્યંત સાથે રહીએ તોએ શું ? જડભરતનું આખ્યાન અદ્‌ભુત છે. તેને વારંવાર વિચારતા રહેવું. ૧૮.

जीवकुं कर देना तेहि रूपा, ताके गुन हे परम अनूपा;
अनोपम गुनकुं ग्रहिये जबही, तेसे गुन उर आवे तबही...१९
शुक सनकादिक नारद संता, गुन अधिक तामें जो रहंता;
ताकुं सिखना करी मन प्रीति, एहि हे सब संतन की रीति...२०

આમ વિચાર કરીને જીવને તે રૂપ કરી દેવો. કારણ કે તે ભરતજીના ગુણો પરમ અનુપમ છે. તેવા અનુપમ ગુણને જ્યારે આપણે ગ્રહણ કરીએ ત્યારે તેવા ગુણ આપણા હૃદયમાં આવે છે. ૧૯. શુકદેવજી, સનકાદિકો અને નારદ, એ બધા સંતોમાં જે ગુણ અધિક રહ્યો હોય તેને મનમાં પ્રેમ લાવીને શીખવો. આ જ સર્વે સંતોની રીત છે. ૨૦. પોતાનો જે વર્ણ હોય અને જેવો અભ્યાસ હોય, તેને અનુરૂપ તત્પર થઈને તે ગુણોને શીખવા. વગર શીખ્યે તે ગુણો આવતા નથી. ગુણ વિનાનો સાધુ તો માત્ર નામથી જ સાધુ કહેવાય છે. ૨૧. જે નામ માત્રથી જ સાધુ હોય તેને ફળ પણ નામ માત્ર જ મળે. ગુણોનું જે અનંત ફળ છે તે તેને પ્રાપ્ત થતું નથી. તમે જેટલા આવીને અમને મળ્યા છો તે તમને બધાને મારે બ્રહ્મસ્વરૂપ કરી દેવા છે. ૨૨.

❋ બ્રહ્મરૂપ કરવા એ જ શ્રીહરિને તાન છે :

मायिक भाग मिले हे एका, तासे जुदे करने हे छेका;
खबरदार अब रेनो तुमारे, नै तो पाव न टिकने वारे...२३

सत्संग में अब आये हे जेते, संत हरिजन बायुं तेते;
सब हे मुक्त अनादि एही, सो भाव अब भूल गये तेही...२४

આત્મામાં (અહંમમત્વરૂપ) એક માયાનો ભાગ ભળી ગયો છે, તેને મારે એકદમ અલગ પાડી દેવો છે. તમારે બધાએ ખબડદાર રહેવું પડશે. નહિ તો અમારી સાથે તમારો પગ ટકશે નહિ. ૨૩. અત્યારે જે જે સંતો, હરિભક્તો-નરનારીઓ આપણા સત્સંગમાં રહ્યા છે તે બધા અનાદિના મુક્તો જ છે. તે સહુ અત્યારે પોતાના દિવ્યભાવને ભૂલી ગયા છે. ૨૪.

જે દિવસથી સહુ સત્સંગમાં આવ્યા છે તે દિવસથી જ્ઞાન, ધ્યાન, ધારણા અને સમાધિની જ ચર્ચા થાય છે. બીજી કોઈ વાત જ સત્સંગમાં થાતી નથી. ૨૫. જેના હૃદયમાં પ્રથમ મારા સ્વરૂપની દઢતા થઈ હોય, તેના પ્રભાવથી જ તેને આત્મસ્વરૂપનો સર્વોચ્ચ પ્રકાશ-સાક્ષાત્કાર થાય છે. ૨૬.

सोरठा : सूर्य उदय भये विन, तम न टरे कबु नेनहु से;
सर्म करे कोटि दीन, मम ज्ञान विन न ज्ञान होत...२७
मूर्ति और मम वचन, तामें अधिक न नुन तेहु;
यूँ समझना तुम मन, वरतना युँ खचित होई...२८

જેમ સૂર્યોદય થયા સિવાય આંખ આગળનું અંધારું ટળતું નથી તેમ મારા સ્વરૂપના જ્ઞાન વિના તેને આત્મસ્વરૂપનું જ્ઞાન થાતું નથી. ભલેને તે કરોડો દિવસ સુધી અન્ય સાધનામાં શ્રમ કરતો રહે. ૨૭. મારી મૂર્તિમાં અને મારા વચનમાં કોઈ ન્યૂનાધિક ભાવ રાખવો નહિ. આવું મનમાં સમજી રાખવું અને તેને અનુસારે જ દઢ વર્તન રાખવું. ૨૮.

❋ નિષ્કપટીને જ સત્સંગનો રંગ ચઢે છે :

निष्कपट युँ वर्त हि जेहा, दिन दिन सत्संग वधहि तेहा;
ताकुं संत हरिजन देखी, दिल में प्रीत होव हि विषेखी...२९

મેં કહ્યું એવી રીતે જે નિષ્કપટપણે વર્તશે તેનો સત્સંગ દિન-પ્રતિદિન વધતો રહેશે. જે નિખાલસપણે વર્તશે તેને સંતો અને હરિભક્તોને જોઈને તે પ્રત્યે દિલમાં ખૂબ જ વિશેષ પ્રીતિ થશે. ૨૯.

જેના હૃદયમાં નિષ્કપટતા ન હોય તેનું મુખ સંકુચિત થઈ જાય છે, ઝાંખું પડી જાય છે. જેના હૃદયમાં જે ભાવ હોય તે તેના મુખ ઉપર અને આંખોમાં દેખાઈ આવે છે. ૩૦. હૃદયનો ભાવ છુપાવ્યો છુપાતો નથી. તે તો તરત જ કળાઈ આવે છે. ભાવના લેવા દેવામાં દેખાઈ આવે છે અને ઊઠતા બેઠતા પણ છતી થઈ જાય છે. ૩૧.

બોલતા વેણમાં પણ પ્રીતિ જણાઈ આવે છે. કેમ જે અંતરનો જે પ્રેમ હોય તે છાનો રહેતો નથી. જેના હૃદયમાં સાચો પ્રેમ હોય તે પોતાની વહાલામાં વહાલી વસ્તુ પણ પ્રેમીને આપી દે છે. ૩૨. સ્વાર્થ માટે તો સહુ પ્રેમભાવ રાખતા જ હોય છે. પણ તેને ખરેખર પ્રેમ કહેવાય નહિ. ઘાણીએ જોડાયેલો ઘાંચીનો બળદ આખો દિવસ ચાલતો રહે અને કાંધથી ભાર ખેંચતો રહે પણ છેવટે તો તે ત્યાંનો ત્યાંજ હોય છે. તે થોડો પણ માર્ગમાં આગળ વધી શકતો નથી તેવું વ્યાવહારિક પ્રેમનું છે. ૩૩.

※ અનાદિમુક્તની સમજણ :

જેને એક મોક્ષનું જ તાન હોય, બીજી ઈચ્છા જ ન હોય તેવા ભક્તો થોડા હોય છે. પણ આવી સમજણવાળા સત્સંગમાં જેટલા સંતો અને હરિભક્તો છે તે બધા અનાદિ મુક્તો છે, એમ સમજવું. ૩૪.

संत की सेवा करना जोउ, मोक्षपद से अधिक हे सोउ;
युँ समझी सेवा करे जेहि, अनादि मुक्त समझना तेहि...३५
स्वारथ से सेवा करे जेहु, आधुनिक जन जानना तेहु;
कृतघ्नि जन की कहत अब बाता, ओलख आवे सबकुं साक्षाता...३६

'સંતોની જે સેવા કરવી તે તો મોક્ષપદથી પણ અધિક છે.' આવું સમજીને જે સેવા કરતા હોય તે પણ અનાદિ મુક્ત છે, એમ સમજવું. ૩૫. જે લોકો સ્વાર્થથી સેવા કરતા હોય તેમને તો આધુનિક સમજવા. જે કૃતઘ્ની હોય છે તેની વાત હવે કહું છું. તે સાંભળીને કૃતઘ્નીને સાક્ષાત્ ઓળખી શકાય છે. ૩૬. "આ ભગવાનના સાધુ છે" આવું માનીને જે નિઃસ્વાર્થભાવે સેવા કરે છે. તેને, જેની સેવા કરી હોય તે સાધુ એવું બોલે કે "તેં મારી સેવા શું કરી છે ?

તેં તો મને ઘણો દુ:ખી કર્યો છે.” ૩૭. આવું બોલે છતાં સેવા કરનારો સેવક ‘ભગવાન અંતર્યામી છે’ એમ માનીને તે સંતની સેવા કરતો જ રહે, અવળું બોલનારા સાધુનો અવગુણ ન લે, તો તે સેવા કરનારો મુક્તપુરુષ ગણાય છે. અને જેની સેવા કરી હોય તે સાધુ જો સેવા કરનારાનો અભાવ લે, તો તે અભાવ લેનારો અત્યંત કૃતઘ્ની છે એમ જાણવું. ૩૮.

सोरठा : संत रु हरिजन मांहिं, मुक्त भाव जेहि उर रखत;
आधुनि मुक्त हो जांहिं, एसो प्रताप हे समझहुको...३९
सत्संग हे मोक्ष को ठाम, सुलट भाव उर ग्रहे जेहि;
सद्य लहे अक्षरधाम, उलट भाव जो न ग्रहे कबे...४०

જે મનુષ્ય પોતાના હૃદયમાં સંતોમાં અને હરિભક્તોમાં મુક્તપણાની ભાવના રાખે છે, તે આધુનિક ભક્ત પણ મુક્ત થઈ જાય છે. દિવ્યભાવરૂપી સમજણનો આવો પ્રતાપ છે. ૩૯. જે સવળી ભાવના રાખે છે, મહિમા સમજીને ગુણ ગ્રહણ કરે છે, તેને તત્કાળ અક્ષરધામ પ્રાપ્ત થાય છે. માટે આપણો સત્સંગ મોક્ષ પ્રાપ્ત કરવાનું ઠેકાણું (ઠામ) છે. પણ ઊલટી ભાવના-અવગુણ ગ્રહણ ન કરે તો જ મોક્ષ થાય છે. અવગુણ લે તો મોક્ષ થાય નહિ. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં ‘શ્રીહરિએ વિનય વિવેકથી મહિમા સમજી અને સદ્‌ગુણ શીખવાની રહસ્ય વાત કરી’ એ નામે સોળમો તરંગ સમાપ્ત ॥૧૬॥



પૂર પાંચમું : તરંગ - ૧૭

શ્રીહરિનું રૂપારેલ નદીમાં સ્નાન અને મોક્ષમાર્ગની વાત

શ્રીહરિ પ્રસન્ન થઈને સ્નાન કરવા ઊઠ્યા. સંતો, દરબારો અને બીજા ભક્તો, સહુ હરખ ભર્યા ચાલ્યા. ૧. આજ અતિ આનંદ ઊભરાણો છે, જે અંગમાં સમાતો નથી. કારણ કે જ્યારે ધોળ રાગના ઘણા કીર્તન ગવાયા ત્યારે તે સાંભળીને કેટલાકને સમાધિ થઈ ગઈ. ૨. કેટલાક હરિભક્તોને અને કેટલાક સંતોને સમાધિ થઈ જતી. તે ઘણી આશ્ચર્યની વાત છે. આવો

પ્રતાપ તો ક્યારેય દેખ્યો નથી. ૩. નખથી શિખા પર્યંત શ્રીહરિનાં અંગ એક એકથી અત્યંત આશ્ચર્યકારી છે. તેમજ નવલ રંગીલા વસ્ત્ર અને આભૂષણો પણ અત્યંત આશ્ચર્ય કરનારા જણાય છે. તેથી જ તેનું જે ચિંતન કરે છે તેને સમાધિ થઈ જાય છે. ૪. શ્રીહરિ પોતાના અંગ ઉપર જે જે વસ્તુને-વસ્ત્ર, આભૂષણાદિને અંગીકાર કરે છે તે તે બધું તુરંત જ દિવ્ય થઈ જાય છે. જેના ચિત્તમાં તે ખૂંતી જાય છે તેને તરત જ સમાધિ થઈ જાય છે. ૫.

✱ જેની વૃત્તિ મૂર્તિમાં ચોંટી જાય તેને સમાધિ થાય :

જેના ચિત્તની વૃત્તિ તે વસ્ત્ર, આભૂષણાદિમાં ખૂંતતી નથી તેને સમાધિ થાતી નથી. જ્યારે ચિત્તની વૃત્તિ શ્રીહરિમાં તદ્રૂપ થઈ જાય છે ત્યારે તેને પોતાના શરીરનું ભાન પણ રહેતું નથી. ૬. તે ચિત્તવૃત્તિ મંદ, મધ્યમ અને તીવ્ર, આવા ભેદથી ત્રણ પ્રકારની છે. જ્યારે ચિત્તવૃત્તિ તીવ્ર વર્તતી હોય ત્યારે આત્યંતિક પ્રલયના જેવું થાય છે અર્થાત્ પાતાળથી પ્રકૃતિપુરુષ સુધીનું બધું જ શૂન્યના જેવું જણાય. ૭.

तब चोटत मूर्ति में जाई, देखत आश्चर्य अति तब ताई;
तामें देह स्मृति जब होवे, सो सुख तर्त सब हि खोवे...०८

तेहि कर देहिक सुख हे जेते, सब हि मानना विघन तेते;
कथन मात्र से सुख न आवे, कोटि वर्ष सत्संग करावे...०९

सत्संग को फल मिल हि आगे, जब हि देहिक सुखकुं त्यागे;
श्रीहरि आये पुर से बारा, हरिजन से तब कीन उचारा...१०

તે સમયે જેની ચિત્તવૃત્તિ મૂર્તિમાં ચોંટે તેને અત્યંત આશ્ચર્ય દેખ્યામાં આવે. આવી સ્થિતિમાં પણ જો બાહ્ય દેહનું સ્મરણ થઈ જાય તો તેને પ્રાપ્ત થયેલું બધું મૂર્તિનું સુખ તત્કાળ જ જતું રહે છે. એટલા માટે બધા દેહ અને દૈહિક સુખ વગેરે સમાધિના સુખમાં વિઘ્નરૂપ છે. આ બધી અનુભવની ચીજ છે. કરોડો વરસ સુધી સત્સંગ કરાવે અને માત્ર વાતો જ કરે તો તેટલા માત્રથી સમાધિમાં મળતું મૂર્તિનું સુખ પ્રાપ્ત થતું નથી. ૯. જ્યારે દૈહિક સુખને છોડી દેવામાં આવે ત્યારે જ સત્સંગનું ફળ મળે છે.

શ્રીહરિ મોડા ગામથી બહાર નીકળ્યા અને સ્થાનિક હરિભક્તોને કહ્યું, ૧૦. 'નદીને કિનારે કિનારે ઉપરવાસના ભાગમાં દૂર સુધી ચાલો કે જ્યાં પૂરું પાણી હોય.' ત્યારે હરિભક્તો ગામથી દક્ષિણ દિશા તરફ ચાલ્યા. ત્યાં ઘણા જ ગામના લોકો ભેળા થયા હતા. ૧૧. ત્યાં નદીની વચ્ચે એક લાંબો કુંડ (ધરો) હતો. તેમાં પાણી ઘણું ભર્યું હતું. તે પાણી શ્રીહરિએ દેખ્યું, એટલે તેમના મનમાં તે ગમી ગયું. ૧૨. કુંડથી પૂર્વ તરફ ઉતારો કર્યો અર્થાત્ વધારાના વસ્ત્રાદિ બધું મૂક્યું. પછી ચિત્તને આકૃષ્ટ કરનારા શ્રીહરિએ ત્યાં દાતણ-પાણી વગેરે ક્રિયાઓ કરી. ૧૩. તે પછી પરમકૃપાળુ અને દીનદયાળુ શ્રીહરિ સ્નાન કરવા માટે ઊઠ્યા. અને કુંડની દક્ષિણ તરફ બેઠા. ૧૪. સંતો અને બધા હરિભક્તો શ્રીહરિની સન્મુખ નહાતા હતા. બધા દરબારો શ્રીહરિના અંગ ચોળતા હતા. ૧૫. પછી શ્રીહરિએ ત્યાં ખૂબ જ જળક્રીડા કરી. મનમાં અત્યંત પ્રેમ મગ્ન થયેલા સંતો કીર્તન ગાતા હતા. ૧૬.

"વૃંદાવનવાસીઓને ધન્ય છે, અને વડની છાયાને ધન્ય છે, જ્યાં ભગવાન નિત્ય આવીને બેસતા હતા. યમુનાને ધન્ય છે. તેના પુણ્યનો કોઈ પાર નથી. જેમાં શ્રીહરિ સાંજ-સવાર સ્નાન કરતા હતા." આવા નરસિંહ મહેતાના પદને શ્રીહરિ ગવડાવતા હતા. અથવા મૂર્તિની શોભાના વર્ણનના રણછોડ ભક્તના પદ ગવડાવતા હતા. ૧૭-૧૮. પ્રકટની મૂર્તિની શોભાનું વર્ણન કરનારા ગોપાળદાસના પદને શ્રીહરિ નિયમિત રીતે એક પદ તો ગવડાવતા જ હતા. ૧૯. સૂરદાસ અને તુલસીદાસના પદ પણ ઉત્સાહથી ગવડાવતા. પ્રકટની મૂર્તિનું વર્ણન કરનારા મીરાંના જે પદ હોય તેને પણ ક્યારેક ગવડાવતા હતા. ૨૦. બીજા કવિઓના પદોમાં પણ જે ભગવાનના સાકારપણાનું પ્રતિપાદન કરનારા હોય તેને ક્યારેક ગવડાવતા હતા. શ્રીહરિની આવી રુચિ હતી. ૨૧.

"મૂર્તિનું-સાકારપણાનું ખંડન કરનારા જે પદ, સાખી કે શ્લોક હોય તેને અસુરભાવવાળા જાણતા. તેને ક્યારેય કોઈના મુખથી બોલવા પણ દેતા નહિ. ૨૨. હરિભક્ત હોય અને તે જો મૂર્તિનું ખંડન કરનારા પદોને બોલે તો તેને અસુરની જાતિનો જાણવો, તેમજ હરિભક્તે આવા પદોને ક્યારેય

સાંભળવા પણ નહિ." શ્રીહરિએ સત્સંગમાં આવી પ્રથા બાંધી દીધી હતી. ૨૩. જેટલા નાસ્તિકોના ગ્રંથ છે તેને ભગવાનના ભક્તે ક્યારેય સાંભળવા નહિ. જે ગ્રંથમાં વિષયભોગનું પ્રતિપાદન કર્યું હોય ભગવાનના ભક્તે તે ગ્રંથમાં ક્યારેય ધ્યાન આપવું નહિ. ૨૪. "જે ગ્રંથમાં જીવહિંસા કરવાનું કહ્યું હોય કે મદ્ય (દારૂ) પીવાનું કહ્યું હોય, તે ગ્રંથ કે વાતનો ચાંડાળની જેમ તત્કાળ ત્યાગ કરી દેવો." આવું ભગવાનના ભક્તે યાદ રાખવું. ૨૫. ભાંડ અને ભવાઈ વગેરેને જોવા નહિ. જુગાર રમવો નહિ. જ્યાં વેશ્યાના મુખે ગીત ગવાતા હોય, તે ક્યારેય સાંભળવું નહિ, ડાકલા વાગતા હોય અને વ્યસનીઓ ભેળા થયા હોય ત્યાં ક્યારેય જાવું નહિ. ૨૬. જેણે સત્સંગ સ્વીકાર્યો હોય આવા સત્સંગી બાઈ-ભાઈ અને સંતો સહુ સાંભળો. મેં જે કહ્યું, તે મારું વચન કોઈએ ઉલ્લંઘવું નહિ. ૨૭.

सोरठा : मम हि वचन जेह, तुमारे हे सो मोक्ष करन;
यामें नहिं संदेह, युँ जानीके रखना तुम...२८

મારા જે વચન છે તે તમારો મોક્ષ કરનારા છે તેમાં કોઈ સંદેહ નથી. આવું સમજીને તે વચનને પાળવા. ૨૮.

જે અમારા સત્સંગી હોય તેમણે મોક્ષમાર્ગમાં વિઘ્ન કરનારા એવા જે ગ્રંથ, પદ અને સાખી વગેરેને સાંભળવા નહિ. અને જો નહિ સાંભળો તો તમને કોઈ પણ પ્રકારનું વિઘ્ન થશે નહિ. ૨૯. કેટલાક કવિઓએ મોક્ષમાર્ગથી મુમુક્ષુઓને ભ્રષ્ટ કરવા માટે એવા ગ્રંથોની રચના કરી છે. તે ગ્રંથોમાં જે મોક્ષનું પ્રલોભન દેખાડ્યું હોય તે તો માત્ર કહેવા પૂરતું જ હોય, તેમ સમજવું. ૩૦. પાપમય કર્મ કરીને ધનને કમાય અથવા રાજ્યને પ્રાપ્ત કરે, તે ધન અને રાજ્યરૂપી ફળ તો અંતે નરકમાં નાખે છે. પછી તેને નરકના દુઃખનો તો ક્યારે પાર જ આવે નહિ, આવા નરક કુંડ રહ્યા છે. ૩૧.

રાજ્ય તો સુખને માટે લેવાય છે. પણ તેની પાછળ અગણિત દુઃખ આવે છે. પાપ કરવાથી પાપી એક એક નરક કુંડમાં હજાર યુગ સુધીનું દુઃખ પામે છે. ૩૨. નરકનું દુઃખ ભોગવ્યા પછી લખચોરાશીનું દુઃખ તો તેના

કરતા પણ અધિક આવવાનું. પાપના ગ્રંથ કરવાવાળાને તો તે નરક તથા લખચોરાશીનું અપરંપાર દુઃખ ભોગવવાનું જ થાશે. ૩૩. જન્મટીપની સજા ભોગવનારાને તે દુઃખ તેની હયાતી સુધી તો ભોગવવું જ પડે, તેમ આવા પાપીને પણ અનંત કાળ સુધી નરકનું દુઃખ ભોગવવું પડે છે. ધર્મરાજા જ્યારે તેને સમજાવે છે ત્યારે તે પાપી જીવને ખ્યાલ આવે છે. ૩૪. પછી તો તે પાપી જીવ કરોડો યુગ સુધી "હું ભૂલ્યો.. હું ભૂલ્યો.. સંતો જે કહેતા હતા તે અજોડ સત્ય હતું" આવું બોલીને પશ્ચાત્તાપ કરે છે. ત્યારે તે જીવને સંતો છોડાવે છે. પછી તે જીવ ફરીથી પાપ માર્ગે ચાલતો નથી. ૩૫.

પ્યારા શ્રીહરિએ આટલી વાત કહી. પછી નાહીને હરખભર્યા પાણીમાંથી બહાર નીકળ્યા. પછી બધાજ જરીમય વસ્ત્ર પહેર્યા અને તેવાજ જરિયાની શણગારવાળા અશ્વ ઉપર પ્યારા શ્રીહરિ સવાર થયા. ૩૬. તે સમયે વિવિધ પ્રકારના વાજિંત્ર વાગવા લાગ્યા અને ચોપદાર "જય જય" "જય જય" "ધર્મકુમાર જય જય" આમ બોલીને છડી પોકારવા લાગ્યા. ૩૭. સોનાના કળશવાળું સોનેરી છત્ર શ્રીહરિના શિર ઉપર ધારણ કર્યું હતું, તેની શોભા કહી શકાતી ન હતી. ૩૮. શ્રીહરિની બંને બાજુએ સોનેરી ચામર ઢોળાઈ રહ્યા હતા.

તે પછી ભાદરા ગામના અને જોડિયા ગામના સમગ્ર હરિભક્તો ત્યાં શ્રીહરિની પાસે આવ્યા. શ્રીહરિનાં દર્શન કરીને તેઓ બધા મનમાં ખૂબ જ રાજી થયા. ૩૯-૪૦. તેમના હૃદયમાં અપાર પ્રેમ હતો. તેઓ સહુ દંડવત્ પ્રણામ કરવા લાગ્યા. શ્રીહરિની મૂર્તિ સામે નજર કરીને તે મૂર્તિ હૃદયમાં ઉતારી લીધી. તેમાં પણ ભાદરાના મૂળજી વિપ્ર (ગુણાતીતાનંદસ્વામી), ડોસા પટેલ અને વશરામ સુતાર, આ ત્રણ ભક્તો મુખ્ય હતા. ૪૧. તે હરિભક્તો એવા વિચક્ષણ હતા કે તેમણે હાલર પક્ષીની લકરી (લાકડાના ટુકડા)ની જેમ બંને નેત્રોમાં મૂર્તિને ગ્રહણ કરી લીધી. ૪૨. **તે મૂર્તિને જીવનભર નેત્રોમાં રાખી હતી. તેઓ દેહની બધી ક્રિયાઓ અખંડ મૂર્તિમાં રહીને કરતા હતા.** ૪૩. વિપ્ર મૂળજી શર્મા, પટેલ ડોસાભાઈ અને સુથાર વશરામભાઈ, એ ત્રણે ભાદરાના હરિભક્તો, શ્રીહરિની મૂર્તિમાં તલ્લીન-એકતાર વૃત્તિથી રહેતા હતા, તે તારને તૂટવા દેતા નહિ. ૪૪.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમપૂરમાં 'શ્રીહરિ રૂપારેલ નદીએ સ્નાન કરવા ગયા અને કીર્તન ગવડાવીને મોક્ષમાર્ગની વાત કરી' એ નામે સત્તરમો તરંગ સમાપ્ત ॥૧૭॥



પૂર પાંચમું : તરંગ - ૧૮

શ્રીહરિ મોડા ગામથી અલૈયા ગામ પધાર્યા

શ્રીહરિ સ્નાન કરીને ગામમાં પોતાને ઉતારે પધાર્યા. ત્યાં પલંગ ઉપર બેઠા, ત્યારે ચાર ઘડી (૧.૩૬ કલાક) દિવસ ચડી ગયો હતો. ૧. મોડામાં પાંચ દિવસ રહ્યા. કથા-વાર્તા અને કીર્તનો દ્વારા સત્સંગની દૃઢતા કરાવી. ત્યાં પાંચ દિવસ સુધી જમ્યા. પછી ત્યાંથી છઠ્ઠે દિવસે ચાલ્યા અને એક કોશ (આશરે ૩. કિમી.) જેટલે રહેલા **અલૈયા** ગામ પહોંચ્યા. ૨-૩. શ્રીહરિ પધારે છે એવા સમાચાર જાણીને અલૈયા ગામના બધા હરિભક્તો ઢોલ આદિ વાજિંત્રોની સાથે ઘણા જ હેતથી સામે આવ્યા. ૪.

સૌ હરિભક્તો ઝાંઝ અને મૃદંગ વગાડી, મનભાવતા પદ બોલીને ઉત્સવ કરતા કરતા શ્રીહરિની પાસે આવ્યા. આવીને સહુ ચરણોમાં પડ્યા. સહુના હૃદયમાં હર્ષ અત્યંત વ્યાપી ગયો હતો. ૫. મુક્તાનંદસ્વામી કહે છે, હે સુજ્ઞ દાદા ખાચર ! તે હરિભક્તોના નામ કહું છું તે તમે સાંભળો. તેમાં સુથાર જ્ઞાતિના મેઘજી, નારાયણ, નાનજી, મૂળજી, વીરજી, રામજી, વસ્તાભાઈ, લાધાભાઈ અને લાડુબાઈ, એ બધા પરમ એકાંતિક ભક્ત હતા. ૬-૭. મૂળજી અને મોનજી, એ બે ક્ષત્રિય હરિભક્ત હતા. ગોવાભાઈ અને અજાભાઈ, એ બે સોની ભક્તો હતા. એ સિવાયના બીજા પણ અપાર હરિભક્તો હતા. ૮. સામૈયામાં આવેલા હરિભક્તોના એકેકના નામ શ્રીહરિએ પૂછ્યા. ગામથી ઉત્તર દિશામાં નજીક જ રૂપવતી(રૂપારેલ) નદી હતી. ૯. નદીનું સુંદર પાણી દેખીને શ્રીહરિએ તેમાં સ્નાન કર્યું. શ્રીહરિની સાથે સંતો અને હરિભક્તોએ પણ સ્નાન કર્યું. તેમના સદ્‌ભાગ્યનું તો વર્ણન કરી શકાતું નથી. ૧૦.

❋ ભાદરાના રત્ના પટેલની સ્થિતિ :

ભાદરા ગામના કણબી હરિભક્ત રત્નાભાઈ (વિજ્ઞાનદાસસ્વામી) નામે હતા. શ્રીહરિ જ્યારે નદીમાં નહાતા હતા તે સમયની મનોહર મૂર્તિનાં દર્શન તેઓ કરી રહ્યા હતા. ૧૧. બરાબર તે સમયે શ્રીહરિએ રત્નાભાઈની સામે જોયું. રત્નાભાઈએ પોતાની સામે જોઈ રહેલી મૂર્તિમાં ચિત્ત પરોવી દીધું. તે મૂર્તિ નેત્રરૂપી કમળમાં ભમરાની જેમ અખંડ વસી ગઈ. ૧૨. તે સ્વરૂપ અતિશય મનોહર, અત્યંત રૂપસૌંદર્યને ધરનારું, શીતળ શાંત અને અતિ તેજોમય હતું. તેને રત્નાભાઈ હૃદયમાં નિશદિન નિહાળતા હતા. ૧૩. તેમણે શ્રીહરિના તે સ્વરૂપને જીવનભર પોતાના નેત્રોમાં રાખ્યું. એક પળવાર પણ ભૂલ્યા નહિ. કેમ જે તે હંમેશાં સ્નેહરસને સીંચતા હતા. ૧૪.

(આ રત્ના પટેલના ઘેર એકવાર શ્રીજીમહારાજ ઘણા દિવસ રહ્યા. ને તે પટેલ સાથે એવો સખા ભાવ કરેલો જે ભેગું ખાવું, પીવું, સૂવું, બેસવું, ગાવું, નાવું, ધોવું એ સર્વે ક્રિયા ભેગાને ભેગા કરે. પછી એક દિવસ રત્ના પટેલ કોદાળી લઈને ખેતરમાં કામ કરવા ગયા ને ત્યાં જાળું ખોદવા માંડ્યું, ત્યારે તે જાળામાંથી ઘણી કીડીઓ નીકળી. તે કીડીઓને દેખીને પોતે વિચાર કર્યો કે, ‘મારે ઘેર સર્વાવતારી શ્રીપુરુષોત્તમ પ્રગટ બિરાજે છે ને આ કીડીઓનો ઉદ્ધાર ન થાય ! ત્યારે એને શો લાભ મળ્યો ? માટે આ કીડીઓને વ્રતમાન ધરાવું.’ એવો સંકલ્પ કરીને હાથમાં જળ લઈને એ કીડીઓ ફરતી ધારાવહી દઈને બોલ્યા, ‘હે કીડીઓ, તમારા અનેક જન્મના કર્મ સ્વામિનારાયણ ભગવાનના પ્રતાપે કરીને નાશ પામી જાઓ ને તમારો ઉદ્ધાર થાઓ.’ એમ જ્યાં બોલ્યા, ત્યાં તો અનેક વિમાન આવીને ઊભા રહ્યા ને તે કીડીઓ દેહ મૂકી, વિમાનમાં બેસીને દેવલોકમાં ગઈ. તે સર્વે રત્ના પટેલે નજરે જોયું. પછી ઘેર આવીને શ્રીજીમહારાજ આગળ વાત કરી. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા, “હે રત્ના ભક્ત ! મારો એ ટાણે સંકલ્પ એવો બળવાન હતો માટે તમે જો બ્રહ્માંડના ઉદ્ધારનો સંકલ્પ કર્યો હોત તો તેનો પણ થઈ જાત, તો કીડીઓનો ઉદ્ધાર થાય તેમાં શું આશ્ચર્ય છે !” - લીલાચરિત્ર-૯૮)

આ રત્ના ભક્તની સામે જોઈને નદીમાં સ્નાન કરીને શ્રીહરિ હસતા હસતા પાણીની બહાર આવ્યા. અનંત બ્રહ્માંડોના આધાર શ્રીહરિએ પોતાનું શરીર લૂછીને વસ્ત્ર પહેર્યા. ૧૫. જેની નાભિ નમતી અને સુશોભિત છે એવા ધર્મકુમાર શ્રીહરિએ સોનેરી નાડીવાળો સોનેરી સુરવાળ પહેર્યો. ૧૬. સૌંદર્યના ધામ જેવી કમર શ્યામ હતી. ઉદરમાં રહેલી ત્રિવળી મદ અને કામને હરનારી હતી. શરીર ઉપર સોનેરી જામો પહેર્યો અને શ્યામ કમર ઉપર સોનેરી વસ્ત્રથી ભેટ વાળી. ૧૭. સોનાના અને મોતીના રમણીય હાર તે સમયે ઊપડતી છાતી ઉપર ધારણ કર્યા. વિચિત્ર રંગવાળી સોનેરી પાઘ મસ્તકે બાંધી અને પ્રિય લાગે તેવા તેમાં છોગા ખોસ્યા. ૧૮.

મોતીના તોરા ઝુકાવ્યા. જડાવ શિરપેચ ઉપર વાંકી કલગી રાખી. કાનોમાં જડાવ મોતીના કુંડળ ધાર્યા અને તેના ઉપર મોતીના ગુચ્છ પણ ભગવાન શ્રીહરિએ ધારણ કર્યા. ૧૯. શંખના સમાન કંઠ ઉપર પહેરેલો કૌસ્તુભમણિ સોહામણો લાગતો હતો. તેને દેખીને સૂર્ય અને ચંદ્રમા પણ ઝાંખા પડી જતા હતા. બંને ભુજાઓ ઉપર નંગજડિત બાજુબંધ બાંધ્યા હતા. ૨૦. હાથમાં પહોંચી, સાંકળા અને કડાં પહેર્યા. સોનાની વીંટીઓ અને વેઢ બધી આંગળીઓમાં પહેર્યા. ચરણોમાં ઝાંઝર પહેર્યા કે જેનો ઝણકારો ચારે બાજુ વ્યાપી જતો હતો. ૨૧. મોતી જડેલી મોજડીઓ બંને ચરણોમાં પહેરી લીધી.

ઘોડાના બધા શણગારો સોનેરી અને મોતી જડિત હતા. ૨૨. શ્રીહરિ ઘોડેસવાર થયા અને બધા દરબારો પણ તૈયાર થઈ ગયા. સહુએ સોનેરી બખતર પહેર્યા હતા અને હાથમાં ભાલા લીધેલા હતા. ૨૩. સહુએ મસ્તકે વિચિત્ર અને નવી પાઘો બાંધી હતી. મોહરિયું બાંધ્યું હતું. શ્રીહરિના ઉપર સોનેરી છત્ર ધાર્યું હતું. તેની શોભા ઘણી અદ્ભુત હતી. ૨૪. રૂપવતી નદીને દક્ષિણ તરફને કિનારે ગામની ચારે બાજુ વાડીઓ અને વૃક્ષો છવાઈ ગયેલા હતા. ૨૫. શ્રીહરિ આવી રહ્યા હતા તેને દેખીને અનેક જાતિના પંખીઓ બધા કોલાહલ કરવા લાગ્યા. કારણ કે શ્રીહરિનાં દર્શન થવાથી તેમના મનમાં અપાર આનંદ થયો હતો. ૨૬. ડંકા, નિશાન, છત્ર, ચામર, છડીદાર, મોટી અબદાગિરી, એ બધા રાજચિહ્ન કહેવાય, તે શ્રીહરિની

સાથે રહેતા. ૨૭. દેશના ધણી ગણાતા મોટા મોટા રાજાઓ પણ શ્રીહરિમાં અને સત્સંગમાં અપાર ધર્મનિયમોને દેખીને એકએકથી અધિક શ્રીહરિનું માન-સન્માન કરતા હતા. ૨૮.

જે રાજાઓને ધર્મ રુચતો હતો. તેઓ શ્રીહરિએ પ્રવર્તાવેલા ધર્મને સાંભળીને મનમાં ઘણા જ રાજી થયા હતા. શ્રીહરિ દ્વિજકુળમાં પ્રકટ્યા છે, એમ આખું જગત જાણતું થયું. ૨૯. શ્રીહરિ બાળપણાંથી જ મોટા યોગી થયા. અને સર્વોપરિ ધર્મને ધારણ કર્યો. ત્યાગી કે ગૃહસ્થ તેમના ધર્મને દેખીને સહુ ધર્મવાળા થયા. તેમાંએ રાજાઓ તો વિશેષપણે ધર્મને પાળવા લાગ્યા. ૩૦.

તે સિવાય પણ બીજા જે બુદ્ધિશાળી હતા. તેઓ શ્રીહરિને જોઈને ઘણા રાજી થતા. મોટા મોટા ધનવાન રાજાઓએ પણ પોતાના રાજ્યમાં શ્રીહરિની પધરામણી કરી હતી. ૩૧. ઢોલ અને મૃદંગ આદિ વાજિંત્રો વાગતા હતા એવા વાતાવરણમાં મહારાજાધિરાજ શ્રીહરિ અલૈયા ગામને દરવાજે પહોંચ્યા. ત્યારે ગામના બધા હરિભક્તો સામૈયું લઈને આવ્યા. ૩૨. મનોહરમૂર્તિનાં દર્શન કરીને સહુ ચરણકમળમાં પડ્યા. શ્રીહરિ ગામમાં પ્રવેશ્યા ત્યારે લોકોની ભીડ ઘણી જ થઈ. શ્રીહરિ ગામના ઉત્તર તરફના દરવાજેથી ગામમાં આવ્યા હતા. ૩૩.

શ્રીહરિની સવારીના આગળના ભાગમાં જરીના નિશાનો અને ડંકા વાગતા હતા. ઢોલ મૃદંગ અને અનેક પ્રકારના વાજિંત્રો વગાડીને ભક્તો કીર્તન ગાતા હતા. ૩૪. બજારને સુંદર રીતે શણગારી હતી. તેની શોભા અવર્ણનીય હતી. નૂતન પલ્લવોના તોરણ બનાવીને દરેક દરવાજે બાંધ્યા હતા. ૩૫. મેઘજીભાઈ નામના સુથાર હરિભક્તને ઘેર ઘનશ્યામ શ્રીહરિ પધાર્યા. તેમણે નવરંગ પલંગ બિછાવ્યો હતો. સુખદાયક ઘનશ્યામ શ્રીહરિ તેના ઉપર વિરાજમાન થયા. ૩૬. શ્રીહરિની સાથે જે દરબારો આવ્યા હતા તેમને અને બધા સંતોને પણ ઉતારા કરાવ્યા. અને તે પછી તરત જ રસોઈ કરાવી. ૩૭.

પછી શ્રીહરિ જમવા માટે ઊઠ્યા. વર્ણીએ રસોઈ તૈયાર કરી હતી. તરત વસ્ત્રો બદલીને પીતાંબર પહેર્યું અને ચાલતા થયા. ૩૮. અલબેલા શ્રીહરિ

જ્યાં રસોઈ બનાવી હતી ત્યાં આવ્યા. અને ત્યાં બાજોઠ ઉપર બેઠા. પછી ચરણકમળ ધોવડાવ્યા. ૩૯. રસોઈમાં સાકરનો શિરો અને ઉત્તમ પ્રકારની પૂરી બનાવી હતી. તે થાળમાં ભરીને લાવ્યા. અડદની દાળ કરી હતી તે પણ લાવ્યા. ૪૦. જામનગરથી પાકાં કેળા લાવ્યા હતા, તે સુધારીને થાળમાં ધર્યા. વડાં અને ભજિયાં પણ કર્યા હતા. તે પણ થાળમાં ધરાવ્યા. ૪૧. સુખદાયક શ્રીહરિ ઘણા હેતથી જમ્યા. જે બનાવ્યું હતું તે બધું એક એક કરીને લીધું. ધીરે ધીરે જમીને ભક્તોના મનને રાજી કર્યા. ૪૨. દૂધ, ભાત અને સાકર, શ્રીહરિ છેલ્લે જમ્યા. તેના પછી દહીં અને સાકર પણ જમ્યા. ત્યાર બાદ બંને હાથ ધોયા. ૪૩. મુખ ધોઈને પછી મુખવાસ લીધો.

પછી શ્રીહરિ પ્રસન્ન સ્વરથી બોલ્યા, 'બધા સંતો અને દરબારો આવો, જમવા બેસો. હું તમને સહુને પીરસવા આવું છું.' ૪૪. ત્યારે સંતો અને દરબારો આવ્યા અને તુરંત પંગત કરીને બેસી ગયા. શ્રીહરિએ હાથમાં એક સોનાનો કટોરો લીધો. તે ભરી ભરીને સહુને શિરો પીરસ્યો. ૪૫. તેની સાથોસાથ પૂરી આપી. તે જ વખતે ભજીયાં અને વડાં પણ પીરસ્યા. "સંતો ! જમો, બધું પિરસાઈ ગયું છે." આવું બોલીને શ્રીહરિએ સહુને જમવાની આજ્ઞા આપી. ૪૬. સંતોએ બધું ભોજનનું અન્ન ભેળું કરીને તેમાં જળ નાખ્યું અને પછી શ્રીહરિનું 'નારાયણ' આવું નામ ગ્રાસે ગ્રાસે બોલતા જમવા લાગ્યા. ૪૭. બીજું નામ 'સ્વામિનારાયણ' 'સહજાનંદસ્વામી', 'ઘનશ્યામ' 'હરિકૃષ્ણ' 'કૃષ્ણ' અને 'સ્વામી' બહુનામી શ્રીહરિએ આટલાં નામ ધાર્યા હતા. ૪૮.

શ્રીહરિના આટલા નામ છે. તેમાં જેને જે રુચે, તે નામ મુખથી બોલતા હતા. ખરેખર તો તે બધા નામના નામી તો એક જ છે. ૪૯. 'સ્વામિનારાયણ' નામ તો આખી દુનિયામાં પ્રસિદ્ધ કહેવાય છે અને 'સહજાનંદસ્વામી' નામ તો અત્યંત હેત કરાવી દે છે. ૫૦. 'નીલકંઠ' નામ તો ઉપવીત આપ્યું ત્યારે પાડ્યું હતું. અને યજ્ઞોપવીત આપ્યું તે વખતથી જ શ્રીહરિએ બ્રહ્મચર્ય વ્રત ગ્રહણ કર્યું હતું. ૫૧. શ્રીહરિને યજ્ઞોપવીત તરગામ અને અયોધ્યાપુરી એ બે ગામમાં આપ્યું હતું. તે બંને ગામને મોટા ધામ જાણીને તેમાં યજ્ઞોપવીત આપીએ તો પુત્ર મહા પ્રતાપી થાય એવું જાણીને તે બંને મોટા ધામમાં યજ્ઞોપવીત આપ્યું હતું. ૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'શ્રીહરિ 'મોડા' ગામથી અલૈયા ગામ પધાર્યા' એ નામે અઢારમો તરંગ સમાપ્ત ॥૧૮॥



પૂર પાંચમું : તરંગ - ૧૯

શ્રીહરિએ અલૈયાથી દેશદેશના ભક્તો પ્રતિ પત્ર લખ્યો

શ્રીહરિએ સંતોને છેલ્લે દહીં, દૂધ અને સાકર પીરસ્યા. પછી સ્વભક્ત સુખકારી શ્રીહરિ ઉતારે આવીને પલંગ ઉપર વિરાજ્યા. ૧. સંતો અને દરબારો જમ્યા પછી શ્રીહરિની પાસે બેઠા. ત્યારે બીજા ગામના હરિભક્તો જે ત્યાં આવ્યા હતા તેમને અવિનાશી શ્રીહરિ પૂછવા લાગ્યા. ૨. અહીંયાં જે જે હરિભક્તો આવે છે તેઓ રોજ ક્યાં જમે છે ? અને તેની વ્યવસ્થા શું છે ? કારણ કે રોજ ત્રણ વાર જમવાનું જોઈએ જ. ૩. જ્યાં અમે જઈને રહીએ ત્યાં હરિભક્તો તો અનંત આવે. માટે જો કોઈ ગરીબ હરિભક્ત હોય તો તેમની શ્રદ્ધા કઈ રીતે ટકે ? ૪. દુનિયાનો વ્યવહાર અમે ન જાણતા હોઈએ. તમે ગૃહસ્થ છો, એટલે બધું જાણતા જ હોવ, તમે જે જે કામ કરો છો, તેનો આગળથી વિચાર કરો છો. ૫.

અને વિચાર કરો છો એટલે જ કામ સુધરે છે. વગર વિચારે કામ કરવામાં આવે તો તે બધું વણસી જાય. સહુએ દર્શન કરવા જાવું ત્યારે ત્યાં પારકું અન્ન ખાવું નહિ. સહુએ આ રીતે દર્શન કરવા. ૬. આ પ્રમાણે જો દર્શન કરાય, તો જ દર્શનનું ફળ મળે, તેમ ન કરવામાં આવે તો કરેલા દર્શન નિષ્ફળ થાય. તમે બધા ફળ લેવા જ આવો છો, અમને જે દેખાયું તે અમે કહી દીધું. ૭. અને આ વાત તો સહુની નજરમાં આવે તેવી છે. તેથી હિતકારી જાણીને સાક્ષાત્ કહી છે. તો તમે સહુ રાજીપે બોલો. અમે તે પ્રમાણે પત્ર લખીએ. ૮. જેની બુદ્ધિ વ્યવહારમાં પહોંચતી હોય તેવા સહુને શ્રીહરિએ બોલાવ્યા. જેને હિત કે અહિતનું જ્ઞાન ન હોય તેને હિતની વાત સમજાતી નથી. ૯. જે મનુષ્ય હિતની વાતને ન સમજે તેને બાળબુદ્ધિ જાણવો. ત્યારે

મુકતાનંદસ્વામીએ કહ્યું, મહારાજ ! હું કહું તેને આપ સાંભળો. ૧૦. આપ હરિભક્તોને જેમ કહેશો તેમ તે સહુ કરશે. હરિભક્તો અને સંતોનું એ જ અંગ છે કે મુખ્યપણે આપના વચનમાં વર્તવું. ૧૧.

चोपाई :

वचन में वरते सो हरिजन साचे, न वरते सो जानना काचे;
काम न होवत कचे ठामा, पके ठाम सो आवत कामा...१२

વચનમાં વરતે, તે જ હરિભક્ત સાચો કહેવાય, અને વચનમાં જે ન વરતે તેને કાચો જાણવો. કાચું વાસણ કામમાં ઉપયોગી ન થાય. પાકું વાસણ જ કામમાં ઉપયોગી થાય. ૧૨.

સદ્‌ગુરુ રામાનંદસ્વામી પાસે આટલા બધા ભક્તો આવતા નહિ. ક્યારેક એક બે હરિભક્તો આવ્યા હોય તો તે એક દિવસ રહીને જતા રહેતા. ૧૩. પરંતુ આપનો પ્રતાપ અધિક છે, તેને સાંભળીને અપાર લોકો આવે છે. અને જે આવે છે તેઓ તરત પાછા જાતા પણ નથી. રોકાવાથી તેમને દિન-પ્રતિદિન પ્રેમ વધતો જાય છે. ૧૪. જોકે રસ્તે ચાલતા ભય તો લાગતો હોય છે, પણ અત્યારે તે ભયને કોઈ ગણકારતા નથી. આવી બધાને લાગણી છે. માટે આવો કોઈ પત્ર લખવો જોઈએ. ૧૫. મોટા મોટા જે હરિભક્તો હતા તેમણે પણ એમ કહ્યું કે, ‘હે હરિ, આપ મનમાં જેવું ધારશો તે સહુને માટે સુખકારી જ હશે.’ ૧૬. પછી શ્રીહરિએ એક કોરો કાગળ મંગાવ્યો. હરેક દેશ પ્રદેશમાં પત્ર લખાવ્યા. સહુ પહેલા હાલાર પ્રદેશના હરિભક્તોના ઉપર એક પત્ર લખ્યો. ૧૭. તે પત્રને હવે હું પ્રેમથી કહું છું, જેમાં સહુનું હિત રહેલું હોય છે. “હિતની વાત બતાવે તે જ ગુરુ કહેવાય. અને તેવા ગુરુના શિષ્યોને ક્યારેય દુઃખ આવે નહિ. ૧૮.

❋ સાચા સદ્‌ગુરુના લક્ષણ :

यह लोक परलोक सुख होउ, एसो राह बतावे जोउ;
सो साचे गुरु हे हितकारी, हित न बतावे सो हे ख्वारी...१९

साचे सबंधी कहे हे तेहा, दोउ लोक सुधरावे जेहा;
वेद पुरान कहत सब एसे, हमहि सबकुं बतावत तेसे...२०

આ લોક અને પરલોક બંને લોકમાં સુખ થાય આવો માર્ગ જે બતાવે તે જ સાચા હિતકારી ગુરુ કહેવાય. જે હિતની વાત ન બતાવે તેવા ગુરુ તો ખુવાર કરી દે છે. ૧૯. સંબંધી પણ સાચા તે જ કહેવાય કે બંને લોકને સુધારે. વેદો અને પુરાણો, બધા આવું જ કહે છે અને અમે પણ સહુને એમ જ કહીએ છીએ. ૨૦.

મનુષ્ય દેહનું એટલું જ ફળ છે કે જેનાથી પરલોક સુધરે. ભવ, બ્રહ્મા, ચાર સનકાદિકો, શુકદેવજી, શારદા અને મહામુનિ નારદજી, બુદ્ધિમાન રાજા પ્રિયવ્રત અને પ્રહ્લાદ, એ બધાને એક જ તાન છે કે પરલોકને સુધારવારૂપ જે મનુષ્ય દેહનું ફળ તેને પામવું. જેણે પરલોક સુધાર્યો તેણે જ મનુષ્યદેહ સાર્થક કર્યો, તે જ મનુષ્યદેહનું ફળ પામ્યો છે. ૨૧-૨૨. પરલોકને સુધાર્યા સિવાયનું બધું ચાતુર્ય તો ધૂળમાં ભળી જવાનું છે. સમય ગયા પછી કરોડો ઉપાય કરવામાં આવે, પણ તે એકેય સહાયક થતા નથી. ૨૩. જે લોકો ભગવાનનું ભજન કરનારાને ડરાવે છે તે તો જમદૂત કરતા પણ વધારે ક્રૂર અને હત્યારા છે. અને તે તો હિરણ્યકશીપુ, રાવણ અને કંસ જેવા અસુરોના વંશના છે એમ જાણવું. ૨૪. આ વાત બીજા કોઈના મોઢા ઉપર ન કહેવી. વાતને મનમાં સમજી રાખવી. પોતાને જ સમજવાની જરૂર છે. બીજાને કહેવાથી તો ઉત્પાત થાય. ૨૫.

આ શરીર આપણું પોતાનું જ અંગ છે. તો પણ તે બાબતે વિચારવું જોઈએ કે શરીરનો કેટલોક ભાગ ઢાંકવા યોગ્ય છે. તે ઢાંકીએ ત્યારે વધારે સારું લાગે. ૨૬. કોઈની સાથે વાદવિવાદ કરવો નહિ. પોતાના સુખને માટે ભગવાનનું ભજન કરવું. વાદવિવાદમાં કાંઈ મજા નથી. તેનાથી તો નિષ્પ્રયોજન કેવળ કલેશ જ થાય છે. ૨૭. જેમ કે પોતાના શરીરનો એક ભાગ મળદ્વાર અશુદ્ધ થાય તો તરત જ તેને ધોઈ નાખવો જોઈએ. જો તેને ધોઈને શુદ્ધ કરવામાં ન આવે તો તે શરીરને અને કપડાંને, બધાને બગાડે છે. ૨૮. જેને સત્સંગ ઉપર ભાવ ન હોય, માનો તે આપણું મળદ્વાર છે, જો આપણે તરત જ તેનું રક્ષણ-જતન ન કરીએ તો તે આપણને બગાડે. અને જો જતન કરીએ તો પરિણામ સરસ આવે. ૨૯.

हम केहेवे हित वचन हि जेसे, तत्पर होई वरतना तेसे;
वचन में वरते हरिजन जेहि, ताकी पास हम रहे हे तेहि...३०

सो हमसे नहिं हे पल दुरा, ताकुं हम देखत हजुरा;
मात तात की सेवा करना, ताके गुन न कबु विसरना...३१

અમે જે હિતકારી વચન કહીએ, તેમાં તમારે તત્પર થઈને તેમ વરતવું જોઈએ. **જે હરિભક્ત અમારા કહેલા વચનમાં વર્તે છે, અમે તેની પાસે રહીએ છીએ. ૩૦. આવો આજ્ઞાંકિત ભક્ત અમારાથી પળવાર પણ દૂર નથી** અને અમે તેને અમારી પાસે જ દેખીએ છીએ. માતા પિતાની સેવા કરવી અને તેમના ગુણોને ક્યારેય ભુલવા નહિ. ૩૧.

જ્યારે બાળકને કાંઈ સૂધબૂધ ન હોય ત્યારે માતાપિતાએ બાળકનું દરેક પ્રકારે રક્ષણ, પાલન અને પોષણ કર્યું હોય છે. પરમેશ્વર અંતર્યામી છે તે સ્નેહરૂપે થઈને માતા પિતા પાસે બાળકની સેવા કરાવે છે. જો સ્નેહ ન હોય તો કોઈ કોઈને ક્યારેય પાણી પણ પાય નહિ. તે રીતે જ અનેક યોનિમાં પરમેશ્વર સેવા કરાવે છે. ૩૨-૩૩. ગર્ભવાસમાં તો પરમેશ્વર પોતે જ બાળકનું રક્ષણ અને પાલન-પોષણ કરે છે. છતાં જગતના એ જીવને પરમેશ્વરનું લેશમાત્ર પણ તાન નથી. તેથી જ તે જીવો બહુ ક્લેશને પામે છે. ૩૪.

सत्संग को हे बहु प्रतापा, टली जावे जीय के सब पापा;
सत्संग विन कबु पाप न टरही, ओर कोटि उपाय ही करही...३५

આ સત્સંગનો પ્રતાપ તો અમાપ છે, તેનાથી જીવના બધા જ પાપ નાશ પામે છે. સત્સંગ વિના ક્યારેય પાપોનો નાશ થાય નહિ. પછી ભલેને બીજા કરોડો ઉપાય કરે ? ૩૫. જેને ઘરમાં કાંઈ ઉપાધિ હોય તેણે ઘેર રહીને સત્સંગ રાખવો. જ્યાં ત્યાં સંતોનાં દર્શન કરવા કાયમ દોડવું નહિ. ૩૬. જ્યાં સત્સંગ હોય ત્યાં સંતો આવે જ, અમે પણ ત્યાં આવશું જ. આ વાતને કાયમ યાદ રાખવી, ભૂલવી નહિ. ૩૭. જેને ઘરમાં સત્સંગ બાબતે કાંઈ ઉપાધિ ન હોય તેણે દર્શન કરવા આવવું, પણ તેણે પોતાની ગાંઠના ખર્ચનું ખાવું. બીજા કોઈ હરિભક્તનું અન્ન ખાવું નહિ. ૩૮. ક્યાંક સગાસંબંધી હોય અને પરાણે ખવડાવે તો તેનું અન્ન ખાવું. પણ સંબંધ વિનાનું પારકું અન્ન

ક્યારેય ખાવુ નહિ. ૩૯. આ જગતમાં કેટલાક વિવેકી મનુષ્યો મોટા તીર્થોમાં યાત્રા માટે જાય છે. તેઓ પોતાને ઘેર પાછા આવે ત્યાં સુધી પોતાની ગાંઠના ખર્ચનું ખાતા હોય છે. ૪૦. આ નિયમ બધા જ સત્સંગીઓએ પાળવો. હવે પછીથી આ નિયમને ક્યારેય ભૂલવો નહિ. જેને ખર્ચ કરવાની શક્તિ ન હોય તેણે ઘેર બેઠા પ્રભુનું ભજન કરવું. ૪૧.

સંતો અને અમે જ્યારે તેને ગામ જઈએ ત્યારે તેણે પ્રેમથી દર્શન કરવા અથવા આસપાસના ગામમાં અમે આવ્યા હોઈએ તો ત્યાં આવીને દર્શન કરવા. ૪૨. કોઈ ધનવાન હરિભક્ત જો શ્રદ્ધાથી અને સ્વેચ્છાથી સહુને જમાડતા હોય તો તેનું અન્ન માત્ર એક વાર જ નિર્બળ ભક્તે જમવું. ૪૩. અથવા પોતાના ગામના કોઈ ધનવાન હરિભક્ત પોતાની સાથે લાવીને જમાડતા હોય તો સુખેથી તેની સાથે દર્શન કરવા આવવું. ૪૪. **દર્શનનું ફળ તો જે જમાડે તેને ભગવાન આપે છે.** દર્શન કરનારાનું તેમાં કાંઈ જોર ચાલતું નથી. દર્શન કરનારાને તો કાંઈ થોડું પુણ્ય મળે છે. ૪૫. જે જમાડે છે તેની જમનારા પંડ્ય સેવા કરે, તો તેને દર્શનનું અર્ધું ફળ તો તરત મળી જ જાય છે. **કોઈ બીજાના વાહનમાં બેસીને ગુરુના કે દેવોનાં દર્શન કરવા જાય. તો તેના દર્શનનું બધું જ ફળ જેનું વાહન હોય તે લઈ જાય છે.** આવા કેટલાક વિધિ-વિધાનો છે. જે પાકા હરિભક્ત હોય તે બધું જાણતા હોય છે. આટલી પ્રસિદ્ધ વાત અમે કહી છે." ૪૬-૪૭.

આટલી બાબતનો પત્ર લખાવીને શ્રીહરિએ દેશ પ્રદેશોમાં મોકલ્યો. તે મળવાથી હરિભક્તો પણ તેમાં લખ્યા પ્રમાણે વર્તવા લાગ્યા અને સહુને વિશેષ આનંદ થયો. ૪૮. શ્રીહરિ જે જે આજ્ઞાવચન કહેતા હતા તેને હરિભક્તો અને સંતો અત્યંત આદરભાવથી સ્વીકારી લેતા હતા અને શ્રદ્ધાથી તે પ્રમાણે વર્તતા હતા. ૪૯. દુનિયામાં જે લોકો બુદ્ધિશાળી હતા અને જેમના હૃદયમાં ધર્માંશ હતો. તે બધા સત્સંગીઓનું વર્તન દેખીને વિસ્મિત થતા હતા. ૫૦. 'સ્વામિનારાયણ' નિશ્ચિત ભગવાન છે કે જે સહુને મળ્યા છે. ભગવાન ન હોય તો આ બધા તેમને આટલા વશ થાય નહિ. બધાને આજ્ઞા પાળવાનું જ એક તાન રહે છે. આપણે ત્યાં તો ઘરના મનુષ્ય પણ આમ ચાલતા નથી. ૫૧.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'શ્રીહરિએ અલૈયા ગામથી દેશદેશના ભક્તોના પ્રત્યે પત્ર લખ્યો' એ નામે ઓગણીશમો તરંગ સમાપ્ત ॥૧૯॥



પૂર પાંચમું : તરંગ - ૨૦

શ્રીહરિએ શેખપાટમાં પરશુરામ જયંતિ અને ચંદનયાત્રા ઊજવી

શ્રીહરિની પૂજા કરવા માટે બધા સુથાર હરિભક્તો આવ્યા. તેમણે કેસરવાળું ચંદન લઈને શ્રીહરિના અંગો ઉપર ચરચ્યું. ૧. પછી ફૂલોના બાજુબંધ, તોરા અને હાર બનાવ્યા હતા, તે શ્રીહરિના અંગો ઉપર ધરાવ્યા. ત્યારબાદ આરતી કરી. ૨. તે પછી વર્ણી, સંતો અને બધા દરબારોની પણ પૂજા કરી. સહુને ફૂલહાર પહેરાવ્યા. ૩. 'મોડા' ગામના હરિભક્તોએ જે રીતે પૂજા કરી હતી તેવી પૂજા અલૈયા ગામના ભક્તોએ કરી. પછી ચરણોમાં ચંદન ચરચીને સહુએ પોતાની છાતીમાં તે ચરણ લીધા. ૪. શ્રીહરિ અલૈયા ગામમાં એક દિવસ રહ્યા. બીજે દિવસ સંતો અને દરબારોની સવારી વગેરેને સાથે લઈને **શેખપાટ** ગામ પધાર્યા. ૫. રૂપારેલ નદી શેખપાટને સમીપે વહે છે. ત્યાં આવીને શ્રીહરિ તે નદીમાં નાહ્યા. ૬. શેખપાટ ગામના હરિભક્ત લાલજી સુથાર(નિષ્કુળાનંદસ્વામી) અને રામજી સુથાર વગેરે આવ્યા. તથા બીજા બધા ભક્તો આવ્યા. સહુ શ્રીહરિના ચરણમાં પડ્યા. દર્શન થવાથી તેમના હૃદયમાં ઘણો જ આનંદ થયો. ૭. બધા ભક્તો સંતોને પણ પગે લાગ્યા અને અત્યંત વિનંતી કરી. ઢોલ આદિ વાજિંત્ર તથા ભૂંગળ અને શરણાઈ વગેરેને પણ લાવ્યા હતા. ૮. ગામના ભાવિક હરિભક્તો પણ ઝાંઝ અને મૃદંગ લઈને આવ્યા હતા.

શ્રીહરિએ અને સંતોએ ત્યાં સ્નાન કરી લીધું. તે વખતે ત્યાં સંતોએ પૂજા કરી. ૯. જરિયાની પોશાક વગેરે જે હતું તે બધું શ્રીહરિએ પહેરી લીધું. બધા સોનેરી આભૂષણો પણ પહેરી લીધા. તે વખતે તેની અદ્‌ભુત શોભા થઈ. ૧૦. શ્રીહરિની જેમ અશ્વને પણ બધા સોનેરી સાજથી શણગાર્યો હતો.

મોતીના આભૂષણોનો તો કોઈ પાર જ ન હતો. તેમાંથી અપાર તેજ નીકળતું હતું. ૧૧. શ્રીહરિ ઘોડેસવાર થયા. શિર પર છત્ર ધાર્યું હતું. બંને બાજુએ ચામર વીંજાતા હતા. ચોપદાર ઉત્સાહથી નેકી પોકારતો હતો. ૧૨. રૂપારેલ નદીને ઉત્તર કિનારે શેખપાટ અતિશય સોહામણું લાગતું હતું. ગામનો દક્ષિણ દરવાજો પણ અત્યંત શોભતો હતો. ૧૩. જુદી જુદી જાતના બગીચાઓ હતા. તેમાં અનેક જાતના વૃક્ષો પણ શોભી રહ્યા હતા. ગામથી ઉત્તર તરફના નજીકના ભાગમાં એક સુંદર શોભતો પર્વત હતો. ૧૪. જાત જાતના પક્ષીઓ કોલાહલ કરીને વનને ગજવી રહ્યા હતા. તે પંખીઓ શ્રીહરિને દેખીને અત્યંત ઉલ્લાસમાં આવી ગયા. ૧૫.

શ્રીહરિ ગામને દરવાજે આવ્યા. ડંકા, નિશાન અને બધા વાજિંત્રવાળા તે વખતે આગળ ચાલ્યા. અને હરિભક્તો શ્રીહરિની સમીપ ચાલવા લાગ્યા. ૧૬. શ્રીહરિ જ્યારે ગામમાં પ્રવેશ્યા ત્યારે ગામના બધા લોકો આવ્યા. હે રાજન ! શ્રીહરિના અદ્ભુત સૌંદર્યને જોઈને 'જગતમાં આટલા સુંદર કોઈ રાજા નથી.' ૧૭. સહુ લોકો આવું બોલતા હતા અને રંગથી આલેખેલા ચિત્ર જેવા તે બધા સજ્જડ થઈ ગયા. 'શ્રીહરિ પધારે છે' એવું જાણીને ગામની સ્ત્રીઓએ બજારોને શણગારી દીધી હતી. ૧૮. જેના મનમાં જેવો ભાવ હતો તેણે તેવી શોભા કરી હતી. ભવનના જેટલા દરવાજાઓ હતા ત્યાં બધે મોતીના તોરણ બાંધી દીધા હતા. ૧૯. સમગ્ર બજારોમાં પાણી છંટાવી દીધું અને ગુલાલ તથા હળદરથી ચોકમાં રંગોળીઓ પૂરી હતી. શ્રીહરિ જ્યારે બજારે નીકળ્યા ત્યારે લોકો 'જય જયકાર' નો અપાર ધ્વનિ કરતા હતા. ૨૦. સંતો અને હરિભક્તો વધામણાના કીર્તન ગાતા હતા. તે ઉત્સવ સહુમાં વધારે વ્યાપી ગયો હતો. આ પ્રમાણે શ્રીહરિ સુથાર લાલજી ભક્તને ભવન પધાર્યા. ૨૧.

લાલજી ભક્તે પોતાના ભવનને સુંદર રીતે શણગાર્યું હતું. તેમાં શ્રીહરિને અને સંતોને ઉતારો કરાવ્યો. એક સુંદર પલંગ ઢાળી દીધો અને તેના ઉપર સુંદર ગાદી તકિયા નવા બનાવેલા બિછાવી દીધા. ૨૨. દરબારોને પણ બધાને ઉતારા કરાવી દીધા અને જેને જે વસ્તુ જોઈતી હતી તે બધી

અપાવી દીધી. લાલજી ભક્ત બધી સેવાની રીત જાણતા હતા, તેથી તેઓ તત્પરતાથી સેવામાં લાગી ગયા. ૨૩. સૌને ભાવતા ભોજન તૈયાર કરાવ્યા. ઘી અને સાકર પુષ્કળ પ્રમાણમાં લાવી રાખ્યા હતા. ઘઉંનો અને ચણાનો લોટ પણ મનમાન્યા પ્રમાણમાં લાવી રાખ્યો હતો. ૨૪. દહીં અને દૂધ તો અપાર પ્રમાણમાં ભેળું કર્યું હતું. તેમને શ્રીહરિ ઉપર અપાર ભાવ હતો. અને તેવો જ સંતો ઉપર પણ ઘણોજ સ્નેહભાવ હતો. અને તેથી જ તેઓ આ સેવાને અલભ્ય લાવ માનતા હતા. ૨૫.

લાલજી ભક્તે વર્ણીની પાસે બધી જાતના શાકભાજી કરાવ્યા. માલપૂડા, દૂધપાક અને સુગંધી બિરંજ કરાવ્યો. ૨૬. જલેબી, મોતીચૂર, સર્વોત્તમ બરફી અને પેંડા પણ કરાવ્યા. મનમાં અત્યંત હરખ હતો તેથી થોડીક સૂતરફેણી પણ કરાવી. ૨૭. અનેક પ્રકારના વડાં અને જાતજાતના ભજીયા પણ કરાવ્યા. તે દિવસ અક્ષય તૃતીયા (વૈશાખ સુદ-૩) હતી એટલે કંસાર પણ કરાવ્યો હતો. ૨૮. પરશુરામની જન્મતિથિ અખાત્રીજ ગણાય છે. તેમનો જન્મ મધ્યાહ્ને થયો હતો. ચંદનયાત્રાનો (આ દિવસે જગન્નાથપુરીમાં ભગવાનને ચંદનની અર્ચા કરે છે અને લોકો ચંદન લઈને ત્યાં આવે છે તેને ચંદનયાત્રા કહે છે.) ઉત્સવ પણ તે દિવસે જ કરવાનું કહ્યું છે. ૨૯. જ્યારે મધ્યાહ્નનો સમય થયો ત્યારે શ્રીહરિએ પરશુરામનો જન્મોત્સવ કરાવ્યો. ઝાંઝ, મૃદંગ અને બીજા વાજિંત્ર વગડાવ્યા. નવરંગ હિંડોળો બનાવડાવ્યો. ૩૦. મનોહર બાલમુકુંદના સ્વરૂપને ચંદનના શણગાર (વાઘા) કરાવ્યા. પછી તેમને હિંડોળામાં પધરાવ્યા. તેમની શોભા કહી શકાતી નથી. ૩૧. શાસ્ત્રોમાં જેટલો પૂજા વિધિ કહ્યો છે તે બધો શ્રીહરિએ કરાવ્યો. જ્યારે જન્મોત્સવ થઈ રહ્યો ત્યારે બાલમુકુંદ ભગવાનની આગળ બધા ભોજનોનો થાળ ધરાવ્યો. ૩૨.

તે સમયે પ્યારા શ્રીહરિ થાળ જમવા ઊઠ્યા. વસ્ત્રો બદલીને એક પીતાંબર પહેર્યું અને બીજું ઓઢ્યું. પછી નિપુણતાથી ચાખડીઓ પહેરી. ૩૩. તે ચાખડીઓ લાલજી ભક્તે નવી બનાવીને પહેરાવી હતી. સુશોભિત સોનેરી બાજોઠ ઉપર પ્રાણ આધાર શ્રીહરિ બેઠા. ૩૪. હાથમાં પાણી લઈને ચરણ ધોયા. પછી રૂમાલ લઈને બળવીર પ્રભુએ તેને લૂછ્યા. વર્ણીએ જેટલા

ભોજન બનાવ્યા હતા તે બધાના અલગ અલગ થાળ ધરાવ્યા. ૩૫. ભક્તનો ભાવ દેખીને શ્રીહરિ ઘણું જ રાજી થયા અને પછી બોલ્યા કે 'લાલજી ભક્તને અમારા ઉપર જેવું હેત છે તેને અનુસારે બહુ ભારે ભોજન બનાવડાવ્યા છે.' ૩૬. પરમજ્ઞાની શ્રીઘનશ્યામ ભગવાન આટલું બોલીને જેટલા ભોજન બનાવ્યા હતા તેમાંથી થોડું થોડું લઈને ઘણા હેતથી જમ્યા. ૩૭. કરુણાનિધિ શ્રીહરિ દૂધ, ભાત અને સાકર જમ્યા. તેમજ બધી ચીજો જમી રહ્યા તે પછીથી અત્યંત મીઠું દહીં જમ્યા. ૩૮. ધર્મકુમાર શ્રીહરિએ જ્યારે જમી લીધું ત્યારે તરત હાથ અને મુખ ધોયા. પછી મુખવાસ લીધો. ૩૯. સંતો જે રીતે જમ્યા તે રીત હવે હું ઘણા પ્રેમથી કહું છું. કારણ કે શ્રીહરિના બધા ચરિત્ર અત્યંત આનંદદાયક છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'શ્રીહરિએ શેખપાટમાં અખાત્રીજે પરશુરામ જયંતી અને ચંદનયાત્રા ઊજવી' એ નામે વીશમો તરંગ સમાપ્ત ॥૨૦॥



પૂર પાંચમું : તરંગ - ૨૧

શેખપાટમાં લાલજી ભક્તે સંતો-ભક્તોને જમાડ્યા અને પૂજા કરી

શ્રીહરિએ સંતોને અને દરબારોને જમવા માટે બોલાવ્યા. તેઓ તરત જ આવી ગયા. પીરસવા માટેનું ભોજન બધું આવી ગયું. ૧. તે સમયે પંગત બેઠી. તે સમયે જે ભોજન બનાવ્યા હતા છતે લઈને શ્રીનારાયણમુનિદેવ પંગતમાં પીરસવા લાગ્યા. ૨. સંતો અને દરબારોની પંગતમાં શ્રીહરિ વારંવાર ફરતા હતા અને વિવિધ પ્રકારના ભોજનોના નામ વારંવાર બોલતા હતા. ૩. જ્યારે સંતો જમી રહ્યા તે સમયે સંતોને શ્રીહરિ દૂધ, દહીં અને સાકર આપવા લાગ્યા. દૂધ અને દહીંની રેલમછેલ કરી દીધી. ૪. જમનારા સંતો જ્યારે હાથ ધોવા લાગ્યા. ત્યારે શ્રીહરિ પીરસતા બંધ થયા. પછી શ્રીહરિ હાથ પગ ધોઈને આવ્યા અને પલંગ ઉપર બેઠા. ૫. પછી લાલજી ભક્તે શ્રીહરિ પાસેથી આજ્ઞા લીધી. અને બહારગામથી થોડા થોડા આવી રહેલા હરિભક્તોને

ગળમાણું (ઘઉંના લોટની ગોળમાં બનાવેલી રાબ) કરાવીને જમાડ્યા. અને વિપ્રોને વર્ણીને ચોકે જમવા બેસાડ્યા. એક પહોર દિવસ બાકી હતો ત્યારે સહુ જમીને પરવાર્યા. ૬-૭. બધા સંતો સ્નાન કરીને પાછા આવી ગયા. પછી સભા થઈ, તેનું વર્ણન કરવું અશક્ય છે. તે સમયે લાલજી ભક્તે એક મોટા સોનાના કટોરામાં કેસરવાળું ચંદન ભર્યું. ૮. અપાર ફૂલહાર બનાવ્યા હતા. તેની એક છાબ ભરીને લાવ્યા. તેમાં ફૂલની ટોપી, બાજુબંધ, ગજરા, ગુચ્છ અને પછેડી પણ બનાવીને મૂકેલી હતી. ૯. તેમણે ફૂલ અને ચંદન બંનેમાંથી ઘણી ચતુરતાથી એક પંખો બનાવ્યો હતો. ફૂલની છડી અને ફૂલદડો તો મનની બધી જ ઇચ્છાઓને પૂર્ણ કરી દેતા હતા. ૧૦.

લાલજી ભક્ત પૂજાનો સામાન લઈને આવ્યા. તેઓ બુદ્ધિમાન હતા. પૂજાનો બધો વિધિ જાણતા હતા. જ્યારે બધો સામાન શ્રીહરિની આગળ મૂક્યો ત્યારે તે જોઈને શ્રીહરિ હસવા લાગ્યા. ૧૧. મોટો એક થાળ આગળ મૂક્યો. તેમાં શ્રીહરિના ચરણ રખાવ્યા. પ્રથમ ચરણને જળથી ધોયા. તે પ્રસાદીરૂપ જળ ઘડામાં ભરી લીધું. ૧૨. દૂધ, દહીં, ઘી, સાકર અને મધ, એ પંચામૃતથી પ્રથમ ચરણોની પૂજા કરી. પછી એકલા દૂધથી ચરણ ધોયા. ૧૩. તે પછી ઘણા જ ભાવથી શુદ્ધ જળથી ચરણ ધોયા. રૂમાલ લઈને તેને કોરા કર્યા. આવી પૂજા કરવામાં તેમને ઘણો જ ઉત્સાહ હતો. ૧૪. ભાયાવદર (અર્થાત્ ભાદરા સમજવું.) ગામના સારા સત્સંગી વિપ્ર મૂળજી નામે હતા, તેઓ બધો પૂજા વિધિ બોલતા હતા. ૧૫. ઉત્તમ પ્રકારનું કેસરી ચંદન હતું. તેમાં કપૂર, કસ્તૂરી અને અત્તર મેળવ્યા હતા. તેથી ચંદન સુંગધીદાર હતું. આવું સુગંધી ચંદન પ્રથમ લલાટમાં ચરચ્યું. ૧૬.

તે પછી છાતી, ઉદર, પીઠ અને બંને ભુજાઓ ઉપર ચરચ્યું. જ્યારે ચંદન ચરચવા લાગ્યા ત્યારે શ્રીહરિ તકિયા ઉપર બેઠા હતા. ૧૭. તે પછી સફેદ ઓછાડને નીચે પાથર્યો અને ચંદન ચરચવા લાગ્યા. મસ્તકે અને કંઠે ચતુરતાથી અર્ચા કરી. કાન અને દાઢી ઉપર પણ હરખભેર ચંદનની અર્ચા કરી. ૧૮. મુક્તાનંદસ્વામી અને આનંદાનંદસ્વામી, એ બે સદ્‌ગુરુઓ બધી વિધિ બતાવવા લાગ્યા. ત્યારે શ્રીહરિની મરજી જોઈને તેઓ પણ તેમની ભેળા

ચંદન ચરચવા લાગ્યા. ૧૯. બીજા સંતો જ્યારે ઊભા થવા લાગ્યા ત્યારે તેમને શ્રીહરિએ પાછા બેસાડી દીધા. સાથળ, પીંડીઓ અને ચરણ પર્યંતના બધા ભાગમાં સંતોએ ચંદન ચરચ્યું. ૨૦. આ રીતે કેસરી ચંદનના વાઘા પહેરાવ્યા અને તે ચરચવામાં ઘણી ચતુરતા દેખાતી હતી. બધાજ અંગો ઉપર કુંકુમના ચાંદલા પણ કર્યા. ૨૧.

ફૂલની જેટલી જાતિઓ મુખ્ય કહેવાય છે તે બધા જ ફૂલ લઈને હાર બનાવ્યા હતા. તે બધા હાર શ્રીહરિના કંઠમાં પહેરાવ્યા. ફૂલનો બનાવેલો ખૂંપ પણ મસ્તકે ધરાવ્યો. ૨૨. તેની બંને બાજુએ ગુલાબના તોરા બાંધ્યા. જે ચિંતવતાની સાથે જ ચિત્તને ચોરી લેતા હતા. ફૂલના કુંડળ પણ ભારે બનાવ્યા હતા કે જે તે વખતે કાનોમાં પહેરાવ્યા હતા. ૨૩. ગુલાબી ગુચ્છ બંને કાનમાં ધરાવ્યા. અને મુખ તો પૂર્ણચંદ્રના જેવું ઉજ્જ્વળ લાગતું હતું. ફૂલના કંકણ, બાજુ અને ગજરા બંને ભુજાઓમાં બાંધ્યા હતા જે દેખવાથી આંખો ઠરતી હતી. ૨૪. ચરણોમાં ફૂલના નૂપુર પહેરાવીને સર્વોત્તમ ફૂલની પછેડી શ્રીહરિના અંગ ઉપર ઓઢાડી દીધી. અને હાથમાં ફૂલની છડી ધારી લીધી. ૨૫. ફૂલનો દડો બનાવીને લાવ્યા હતા. તે હાથમાં આપ્યો પછી ધૂપ, દીપ કરીને આરતી ઉતારી. ૨૬.

❋ લાલજી સુતારની સ્તુતિ અને સમજણ :

તે પછી લાલજી સુતારે બંને હાથ જોડીને સ્તુતિ કરી, **"આ આપની નખશિખ મૂર્તિ તે ક્યારેય એક ક્ષણવાર પણ ભુલાય નહિ.** ૨૭. આ સંતો અને દરબારો વગેરેની સભામાં આપ જે અત્યારે વિરાજમાન છો તે મારા હૃદયમાં અખંડ વિરાજમાન રહો. હે મહારાજ ! આવું અમે બે હાથ જોડીને માગીએ છીએ. ૨૮.

ચોપાઈ :

बेडी रूप यह घर रहे जेहा, महा दुःखमय लगत तेहा;
मात पिता सुत नारी जेता, मोक्ष मग में विघ्न हे तेता...२९

सब अंग तेहि लीने जकडाई, बेडी से कोटि गन दुःखदाई;
तिनसे तुम किजें अब दूरा, एहि वर मागत तव हजूरा...३०

આ ઘર સંસાર એક ભારે બેડી છે. તે મહાન દુઃખરૂપ છે એવું અમને લાગે છે. માતા, પિતા, પુત્ર અને પત્ની, ઇત્યાદિ બધા સગાઓ મોક્ષમાર્ગમાં વિઘ્નરૂપ છે. ૨૯. આ સગાઓએ આખું શરીર જકડી લીધું છે. આ સંસાર તો બેડી કરતા પણ કરોડગણો દુઃખદાયી છે. તે બધાથી હવે આપ મને દૂર કરો. આવો વર હું આપની પાસે માગું છું. ૩૦.

હૃદયમાં દયા લાવીને તે વર મને આપો અને મને સંસારના દુઃખથી છોડાવી લો. કેમ જે, આપના સમાન બીજો કોણ મારું હિત કરનાર છે ? આપે ગર્ભમાં પણ મારી રક્ષા કરી હતી. ૩૧. **ગર્ભવાસનું દુઃખ તો નરકકુંડના દુઃખ કરતાં એક હજાર કરોડગણું વધારે છે.** તેનાથી આપે મને છોડાવ્યો હતો. તેની માફક જ અત્યારે આપ સહાય કરો અર્થાત્ સંસાર છોડાવો. ૩૨.

આપની સાથે જે ફરવું, તેને હું સહુથી વધારે સુખ માનું છું. આપણા સત્સંગમાં રહેલા જેટલા હરિભક્તો છે, ૩૩. તે બધા મહાન મુક્તોના મંડળો છે. અને તે બધા એક એકથી અધિક છે. તે રીતે જ જે આ સંતોનો સઘળો સમાજ છે, તેના જેવા સંતો આજે ચૌદ લોકમાં ક્યાંય નથી. ૩૩-૩૪. **જેના પુણ્ય થોડા હોય તેને આવા સંતોનો સમાગમ મળે નહિ. અને આવા સંતોનો સમાગમ મળ્યા પછી પણ જે બહાર નીકળી જાય તો તેના પાપનો તો કોઈ પાર જ નહિ હોય. ૩૫. આવા સંતો જેને ગમી ગયા હોય, તેને બીજું કોઈ સાધન કરવાનું બાકી રહેતું નથી.** હું આ રીતે દૃઢતાથી માનું છું. તે મેં આપને પરમ મિત્ર જાણીને કહ્યું છે." ૩૬. શ્રીહરિએ લાલજી ભક્તની વિનંતી સાંભળીને હૃદયમાં ધારી લીધી. ભક્તના જેવા મનોરથ હતા તે બધાને તેવી રીતે પૂર્ણ કર્યા અર્થાત્ સમય જતા તેને સંસાર છોડાવીને 'તદ્સ્તુતિપ્રાર્થનાં સાર્થકં કૃતમ્' ૩૭.

શોભાના નિધિ ઘનશ્યામ શ્રીહરિ શરણાગત વત્સલ છે. ભક્તોને સુખ આપનારા અને ભક્તોના મનોરથોને પૂર્ણ કરવા માટે જ તો પ્રકટ થયા છે. ૩૮. તે પછી તે લાલજી ભક્તના પુત્ર માધવજીએ અને તેમના પિતા રામજીભાઈએ પણ લાલજી ભક્તની જેમજ શ્રીહરિની પૂજા કરી અને કેસરચંદનનું પાત્ર ભરીને સમગ્ર સંતોની અને હરિભક્તોની પણ પૂજા કરી. ૩૯.

લાલજી ભક્તે અપાર ફૂલના હાર કરાવ્યા હતા. તેથી તેના પિતાએ અને પુત્રએ પ્રત્યેક સંતને એક એક એમ ફૂલના બબ્બે હાર પહેરાવ્યા અને પૂજા કરીને હરિભક્તોને પણ એકેક હાર પહેરાવ્યો. ૪૦. લાલજી ભક્ત ઘણા જ વિચક્ષણ હરિભક્ત હતા. તેમણે આવો યોગ્ય અવસર જોઈ-વિચારીને આવી રીતે પૂજા કરી અને શ્રીહરિ તથા સંતોને રાજી કરી લીધા. ૪૧. તે જોઈને દેવતાઓ હેતથી કહેવા લાગ્યા કે, 'લાલજી ભક્તને ધન્ય છે.. ધન્ય છે... કેમ જે તેમણે શ્રીહરિને રાજી કરીને રાજીપારૂપી અલભ્ય ફળ લઈ લીધું છે'. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'શેખપાટમાં લાલજી ભક્તે શ્રીહરિ અને સંતોને જમાડ્યા તથા પૂજા કરી' એ નામે એકવીસમો તરંગ સમાપ્ત ॥૨૧॥



પૂર પાંચમું : તરંગ - ૨૨

શ્રીહરિએ બ્રહ્મમુનિ આગળ સાધુના સ્વભાવની વાત કહી

બ્રહ્માનંદસ્વામી આદિ સંતોએ બંને હાથ જોડીને શ્રીહરિને કહ્યું, ૧. 'મુક્તાનંદસ્વામી અને આનંદાનંદસ્વામીએ યુક્તિથી પોતાનું કામ કરી લીધું. આજ ચંદનયાત્રાનો દિવસ છે પણ અમારી અભિલાષા અધૂરી રહી જાય છે. ૨. હે શ્રીહરિ, અમે આપના વચનથી બંધાઈ ને બાકી રહી ગયા છીએ. મનમાં અભિલાષા ઘણી હતી. પણ દિલમાં સંકોચ થતો હોવાથી અમે બેસી રહ્યા. ૩. આજે ચંદનથી પૂજવા રૂપ અભિલાષા જેની પૂર્ણ થઈ ગઈ તેમને ઘણો આનંદ છે. હે ઘનશ્યામ ! આપ સાંભળો. હવે અમને આનંદ ક્યારે કરાવશો ?' ૪. ત્યારે શ્રીહરિ મનમાં પ્રસન્ન થયા અને સહુ સંતોના પ્રત્યે અમૃતના સમાન વાણી બોલ્યા, 'જો કે અમારા વચન હંમેશા શાંતિરૂપ જ હોય છે. પણ આજ અમારા તે વચન તમને સહુને દુઃખરૂપ થયા. ૫.

ચોપાઈ :

असुख को कारन कहा तुम जाने, हमकुं सो अब नहीं समझाने;
वचन में माने सुख हि जेहा, कबहु असुख न होय तेहा...०६

वचन में असुख मानत जेता, समझ में फेर रहे हे तेता;
वचन में तर्त आत ओलखाई, यामें दंभ न चलत ताई...०७

અત્યારે અમને તે સમજમાં નથી આવતું કે અમારા તે વચન તમને સહુને દુઃખનું કારણ કેમ થયા ? વચન પાળવામાં જે સુખ માનતા હોય તેને વચનથી ક્યારેય દુઃખ થાય જ નહિ. ૬. વચન પાળવામાં જે દુઃખ માનવામાં આવે છે તેની સમજણમાં ફેર છે. વચન પાળવામાં તરત જ ઓળખાઈ જાય છે. તેમાં દંભ ચાલે નહિ. ૭.

જીવમાત્રનો એવો સ્વભાવ છે કે તે થોડું પણ પોતાનું ધાર્યું તો કરે જ. વચન પાળવામાં પણ જો પોતાનું ધાર્યું થતું હોય તો તેમાં તેને શાંતિ થાય. ૮. જ્યાં સુધી ધાર્યું કરવાનું તાન રહે ત્યાં સુધી તે વચન પાળનારો-વચનાકાર ન કહેવાય અને વચનાકારે થયા વિના શાંતિ ન થાય. વચન પાળવામાં જેટલું દુઃખ મનાય છે તેટલો તેને ખપ નથી. તે ખપ બાબતમાં લૂખો છે-કોરો છે, એમ સમજવું. ૯.

જો માણસને કોઈની પાસેથી પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવો હોય તો તે રાતદિવસ તેની મરજી પ્રમાણે રહે છે અને તે પ્રમાણે મરજી સાચવીને પોતાનો સ્વાર્થ સાધે છે. ૧૦. પરદેશી પૂરબિયા (ઘણે દૂરથી આવેલા પૂર્વ હિંદુસ્તાનના) મહાન અહંકારી અને માની હોય છે. ક્રોધ કરવામાં તો કાળા નાગ જેવા અને સિંહ જેવા હોય છે પણ જ્યાં સ્વાર્થ સાધવો હોય ત્યાં સરળ થઈ ગયા હોય છે. ૧૧. પૂર્વ દેશના વિપ્ર બ્રાહ્મણ થઈને પણ હથિયાર ધારણ કરે છે અને તેનાથી જીવન નિર્વાહ કરે છે. હથિયાર ધારણ કરવા તે ક્ષત્રિયની જીવિકા છે. તેને તે બ્રાહ્મણોએ લઈ લીધી છે. ૧૨. ભિક્ષાવૃત્તિ છોડીને ક્ષત્રિયની જીવિકા લીધી. તેનું મૂળકારણ તો માન છે અને તેને લીધે માનો તેણે પોતાનું શરીર વેચી દીધું હોય છે. ૧૩. શસ્ત્રનું પ્રયોજન તે એક જ હોય છે કે તેનાથી મનુષ્યને મારી નાખવો. બ્રાહ્મણ થઈને જો મનુષ્યને મારે, તો પછી તેમાં બ્રાહ્મણનો ધર્મ રહ્યો જ ક્યાં ? આ બાબતને કોઈ સમજતા જ નથી. ૧૪. તેવા મનુષ્યો પોતાના શરીરના ભોગે ધન કમાતા હોય છે. તેમજ દ્રવ્યને અર્થે વિવેક અને ધર્મને છોડી દે છે. ૧૫. તેમની પાપમય મતિને કારણે જીવમાં

અંધકાર (અજ્ઞાન) વ્યાપી જાય છે. પછી તેનામાં ધર્મ રહી શકતો નથી. અને જો ધર્મ હોય તો પણ તે નામ માત્રનો જ રહે છે.' ૧૬.

શ્રીહરિના સુખરૂપ વચન સાંભળીને બ્રહ્માનંદસ્વામી અનુપમ વચન બોલ્યા, 'જીવ જ્યાં સુધી સાધન દશામાં હોય છે ત્યાં સુધી તેમાં વારંવાર દોષ આવ્યા જ કરે છે. ૧૭. જ્યાં સુધી બુદ્ધિ વચનમાં પરિપક્વ ન થઈ હોય ત્યાં સુધી તે બાલબુદ્ધિ જ કહેવાય. અને જ્યારે બાળકમાં દોષ આવે ત્યારે તેના માતા-પિતા સર્વ પ્રકારે રક્ષા કરતા હોય છે. ૧૮. જ્યારે સિદ્ધ દશા પ્રાપ્ત થાય ત્યારે તે અતિ આનંદમાં નિશ્ચિંત થઈને ફરતો હોય છે. સિદ્ધ દશા આવ્યા સિવાય તો તે બાળક જ ગણાય અને ત્યારે તે પળ પળવારમાં દુઃખી થઈ જાય છે. ૧૯. તેટલા માટે જેને સિદ્ધ દશા પ્રાપ્ત થઈ હોય તેણે બાળકના જેવી બુદ્ધિ ન રાખવી. ભલે બાળક હોય તે જેમ તેમ બોલતો હોય છતાં તેનો પિતા તો તે બાળકને પોતાના ખોળામાં બેસાડે છે. ૨૦. વચનમાં અનંત સુખ રહ્યું છે. પણ બાળકને તેની ગમ પડતી નથી. એક બાપને ઝાઝા દીકરા હોય, તેમાં એક બેને બાપનું ધન મળે અને બીજાને જ્યારે ન મળે ત્યારે તેને દુઃખ થાય. ૨૧. કોઈકને ધન ન મળે અને તેને જે દુઃખ થાય તે કાંઈ બધાને દુઃખ નથી થાતું. હા, બંધુને નાતે તો દિલમાં દુઃખ થાય ખરું.' ૨૨.

❋ સંતો સાથે પરમ મિત્રતા રાખવી :

आप के मित्र परम होई जोई, ताकुं सत्कार अति करे कोई;
ताकुं देखीके दिल होय केसा, संतकुं परस्पर चैये एसा...२४

જેમની સર્વજ્ઞ દૃષ્ટિ છે એવા સુખદાયી શ્રીહરિ બોલ્યા, 'હે સ્વામી ! તમે જે વચન કહ્યા તેમાં અનંત બાધ આવે છે. તમારા કોઈ ખૂબ જ વહાલા મિત્ર હોય, પછી કોઈ તેમનો ઘણો મોટો સત્કાર કરે, ત્યારે તે દેખીને તેના મિત્ર એવા તમારા મનમાં કેવો આનંદ થાય. સંતોએ તો પરસ્પર તેવી ભાવના રાખવી જોઈએ. ૨૩-૨૪. જેટલું દુઃખ લાગતું હોય તેટલો તેના પ્રત્યે પિતરાઈ દાવાના કારણે અણગમો હોય, તેમ જાણવું. સાધુતાના ગુણોથી યુક્ત થવાની જેને ઇચ્છા હોય એવા સંતોનો આ માર્ગ નથી. ૨૫.

સંતો તો પરમ મિત્રથી પણ અપાર સુખદાયી છે. નરક યાતના અને લખચોરાશીના દુઃખોથી છોડાવનારા છે. ૨૬. મિત્રથી શું થાય ? એતો કોઈક દિવસ કાંઈક સાંસારિક પદાર્થ જોતું હોય તે આપે અને સંત તો આપણે જો એની સેવા ન કરી હોય તોપણ આપણી દુઃખમાં સેવા કરે. જેમ કે, પરીક્ષિત્ રાજાને મોતનું દુઃખ આવ્યું ત્યારે શુકજી જેવા સંતે તત્કાળ આવીને રાજાને ભાગવત સંભળાવીને સુખી કરી દીધા. પરંતુ એમનું રાજ્ય તેમને સુખી કરવા નો'તું આવ્યું. ૨૭-૨૮. સ્ત્રી, પુત્ર, ખાન, પાન અનંત હોય, ધનનો કોઈ પાર ન હોય, તે રીતે જ હાથી ઘોડા વગેરે પણ પુષ્કળ હોય, તે બધા અંતકાળે લગારેય કામમાં આવતા નથી. **અંતકાળે તો સાચા સંતો જ કામ લાગે છે.** ૨૯.

⁕ સંત-અસંતના લક્ષણો :

પરંતુ ઘર છોડવાથી સંત કહેવાતા નથી. વેષ ધારવાથી કાંઈ સંતપણું આવતું નથી. માણસ જ્યારે ઘરમાં દુઃખી હોય ત્યારે સાધુ થવું તે એક પેટ ભરવા માટેનો માર્ગ-ઉપાય છે. ૩૦. જેઓ પેટ ભરવા માટે જ સાધુ થયા હોય છે તે તો જેમ જીવ વિનાનું મડદું ઓળખાઈ જાતું હોય છે તેમ તરત જ ઓળખાઈ જાય છે. ૩૧.

ભગવાનને છોડીને અન્યમાં જેટલી આસક્તિ હોય તેટલી સંતપણામાં ખામી છે. તેવા તો નામમાત્ર જ સંત છે. જ્યાં જાય ત્યાં પેટ જ ભરતા હોય છે. ૩૨. ભગવાનનું નામ પણ પેટ ભરવા માટે જ લેતા હોય છે. કારણ કે નામ લીધા વિના કામ થતું નથી. જ્યારે તે ભગવાનનું નામ લે છે ત્યારે જ તેને બધા ફેલ કરવાની સગવડતા મળે છે. ૩૩. શાણા સંતોએ સમજવું જોઈએ કે આવા જે હોય છે તેનું આગળ જતાં ક્યાંય ઠેકાણું રહેતું નથી. તેવા તો બાપે અપાર ધન આપ્યું હોય તેને ફેલમાં ખર્ચી નાખે. ૩૪.

दोहा : पाताल से पुरुषप्रकृति लग, सब देखे दुःखवंत;
संत जक्त में अनंत हे, एसे हे सांच संत...३७

પછી તે વૃદ્ધાવસ્થામાં દુઃખી થાય. આ બધું દુનિયામાં નજરે દેખાય છે. તેની જેમ જ જે સંત થઈને પોતાના શરીરને જ લાડ લડાવે છે, તેવાની

ભગવાન સહાય કરતા નથી. દેહની જેમ જ ભગવાનનું જતન કર્યું હોય, તન-મનથી ભગવાનની સેવા કરતા હોય, ભગવાન વિના અન્ય કોઈમાં ચિત્ત જ ન દેતા હોય, પાતાળથી પ્રકૃતિ પુરુષ સુધી બધું જ દુઃખથી ભર્યું દેખતા હોય, તે સાચા સંત છે. સંતો તો જગતમાં અનંત છે, પણ ઉપર કહ્યા એવા જે હોય તેને જ સાચા સંત કહેવાય છે. ૩૫-૩૭.

જન્મ, મરણ, લખચોરાશી અને નરકયાતના, આવા અનંત દુઃખો છે. સાચા સંત મળ્યા વિના તે દુઃખોનો અંત આવે નહિ. ૩૮. આટલી વાત કર્યા પછી શ્રીહરિ સંતોને અને દરબારોને ભેટ્યા. એકેકને બોલાવીને, સહુને બાથમાં લઈને મળ્યા. ૩૯. તમારા સહુને માટે હું અક્ષરધામ છોડીને અહીંયાં આવ્યો છું. આટલી વિશેષ વાત કરીને સહુને આનંદ આનંદ કરાવી દીધો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'શ્રીહરિએ બ્રહ્મમુનિ વગેરે સંતો આગળ સાધુના સ્વભાવની વાત કહી' એ નામે બાવીશમો તરંગ સમાપ્ત ॥૨૨॥



પૂર પાંચમું : તરંગ - ૨૩

ભાદરામાં વસ્તાભાઈને ઘેર જમ્યા, તેણે પૂજા કરી, પછી શ્રીહરિ જોડિયા આવ્યા

કરુણાના સાગર શ્રીહરિ શેખપાટ ગામમાં એક દિવસ રહ્યા. બીજે દિવસ ત્યાંથી નીકળ્યા અને **ભાદરા** નામે ગામ આવ્યા. ૧. ગામથી થોડેક દૂર ઊંડવતી નામે નદી વહે છે. સંતો અને દરબારો સાથે શ્રીહરિ તે નદીએ આવ્યા અને તેમાં સ્નાન કર્યું. ૨. ઊંડવતી નદી અનુપમ હતી. તેને કિનારે અનેક પ્રકારના ઝાડ હતા. તેમાં અનેક જાતિના પંખીઓ રહેતા હતા. તેઓ કોલાહલ કરીને વનને ગજવી દેતા હતા. ૩. ભાદરા ગામના હરિભક્તો સમાચાર સાંભળીને મનમાં ઘણું રાજી થયા અને તુરંત બધા ત્યાં આવ્યા. શ્રીહરિના ચરણોમાં સહુ પડ્યા. ૪.

વસ્તાભાઈ (આ વસ્તાભાઈ નિષ્કુળાનંદસ્વામીના બનેવી થતા હતા. તેમના પત્નીનું નામ રૂડીબેન હતું. તેમને ચાર પુત્ર હતા. વશરામ, માવજી, રણછોડ, નારાયણ તથા બે દીકરીઓ હતી. લાડુબા, હરબા. તેમાં હરબાઈના લગ્ન જોડિયામાં થયા હતા.) આદિ સુથાર, દેવાભાઈ (સમાધિવાળા) અને ડોસાભાઈ (રત્નાભાઈ, રામભાઈ) આદિ કણબી અને મૂળજીશર્મા (સુંદરજી શર્મા) વગેરે વિપ્રો, એ બધા મૃદંગ અને ઢોલ આદિ વાજિંત્ર વગડાવતા શ્રીહરિની સન્મુખ સામૈયું લઈને આવ્યા. તેનો શબ્દ બધે વ્યાપી ગયો હતો. ૫-૬.

શ્રીહરિ સ્નાન કરીને જળમાંથી બહાર આવ્યા. બધા જ જરિયાની વસ્ત્રો પહેર્યા. બધા જ સોનાના આભૂષણ શરીર ઉપર ધારણ કર્યા. ૭. અશ્વને પણ બધા સોનાના આભૂષણો પહેરાવ્યા હતા. ભક્તોના મનોરથોને પૂર્ણ કરનારા અને સ્વયં પણ પૂર્ણકામ આવા ઘનશ્યામ શ્રીહરિ ઘોડેસવાર થયા. ૮. શ્રીહરિએ દૃષ્ટિ કરીને નિહાળ્યું તો બધા દરબારો તૈયાર થઈ ગયા હતા અને સાથે લીધેલા સોનેરી રથોમાં સંતો પણ બેસી ગયા હતા. ૯. સહુની આગળ ડંકા અને નિશાન ચાલતા હતા. ઢોલ અને મૃદંગ આદિ વાજાઓ વાગતા હતા, તેનાથી બધું આકાશ ગાજી ઊઠ્યું હતું. ૧૦.

ભાદરા ગામને નજીક આવ્યા ત્યારે તેની ભવ્ય શોભા દેખાણી. વિવિધ પ્રકારની વાડીઓ ગામને ચોતરફ શોભી રહી હતી. ૧૧. ગામનો દરવાજો દક્ષિણ તરફ હતો. તેની ભવ્યતા તો ઘણીજ ભારે જોરદાર હતી. જ્યારે શ્રીહરિ દરવાજાને નજીક પહોંચ્યા ત્યારે ગામના બધા લોકો ચોતરફથી આવ્યા. ૧૨. શ્રીહરિનાં દર્શન કરીને સહુ લોકો વિસ્મિત થયા. સહુએ હાથ જોડ્યા, ચરણોમાં નમસ્કાર કર્યા અને તેઓ મનમાં ઘણા જ ખુશી થયા. ૧૩. શ્રીહરિના મસ્તક ઉપર જરિયાની છત્ર હતું, બંને બાજુએ ચામર હતા અને ચોપદાર નેકી પોકારતા હતા. ૧૪. શ્રીહરિ ગામમાં પ્રવેશ્યા. બજારોને સુંદર રીતે શણગારી હતી. શ્રીહરિના આગમનને સાંભળીને લેશમાત્ર પણ ખામી રહેવા દીધી ન હતી. ૧૫. સહુના મનમાં જેટલો ભાવ હતો તેટલો બધો જ પૂરો કર્યો હતો. પૂર્વ જન્મના પુણ્યથી પુરજનોએ ઘણો જ લાભ લીધો. ૧૬.

ભવનના જેટલા દરવાજા હતા ત્યાં બધે મોતીના તોરણ બાંધી દીધા હતા. બધા જ દ્વારોને સુંદર રીતે શણગાર્યા હતા અને દ્વારની આગળ માંગલિક કુંભ સ્થાપ્યા હતા. ૧૭. તે કુંભના ઉપર એકેક શ્રીફળ રાખ્યા હતા અને કુંભને કાંઠે અંદર મૂકેલા નવા પલ્લવો અત્યંત ઓપતા હતા. ઘેરઘેર દીવાઓ અને ધૂપ કર્યા હતા. તેનાથી બધે સુગંધ ફેલાયેલો રહેતો. ૧૮. સંતો અને હરિભક્તોનો સમાજ વાજિંત્ર વગાડીને વધામણાના કીર્તન એકઠા થઈને બોલતા હતા. ચારે કોર આનંદનો રંગ છાઈ ગયો હતો. અને ગામ લોકોની અતિશય ભીડ થઈ હતી. ૧૯. શ્રીહરિ જ્યારે બજાર વચ્ચે નીકળ્યા ત્યારે લોકો તેમના ઉપર ફૂલ વરસાવતા હતા. હરિભક્ત સુથાર વસ્તાભાઈ નામે હતા તેમને ઘેર શ્રીહરિ પધાર્યા. ૨૦.

ત્યાં નવરંગ પલંગ બિછાવી દીધો હતો. શ્રીહરિ આવીને તે પલંગ ઉપર બેઠા. સંતો અને દરબારોને ઉતારા અપાવ્યા અને પછી તરત જ રસોઈ કરાવી. ૨૧. રસોઈ તૈયાર કરીને વર્ણી બોલવવા આવ્યા. ત્યારે તે સાંભળીને શ્રીહરિ તરત જ ઊઠ્યા. એક પીતાંબર વસ્ત્ર પહેરી લીધું અને બીજું તેવું જ પીતાંબર ઓઢી લીધું. ૨૨. જ્યાં વર્ણીએ રસોઈ બનાવી હતી ત્યાં આવીને બાજોઠ ઉપર બેઠા. ચરણ કમળ જળથી ધોયા અને રૂમાલ લઈને તેને લૂછ્યા. ૨૩.

તે દિવસ ગણેશ ચોથ હતી તેથી ગોળ નાખીને ચૂરમાના લાડુ બનાવ્યા હતા. લાડુનો થાળ ભરીને વર્ણી લાવ્યા એટલે ધર્મના લાલ શ્રીહરિ તે જમવા લાગ્યા. ૨૪. અડદની દાળ, ભજિયા અને વડા બનાવ્યા હતા. તેને પણ શ્રીહરિ પ્રસન્ન મનથી જમ્યા. ૨૫. ભક્તપતિ અને સુખદાયક એવા શ્રીહરિએ પછી દૂધ, ભાત, સાકર અને દહીં વગેરે જમવા લીધું અને જમી રહ્યા પછી હાથ ધોયા. ૨૬. મુખકમળ ધોઈને જળપાન કર્યું. તે પછી મુખવાસ લીધો. તે પછી સંતોને અને દરબારોને જમવા બોલાવ્યા. એટલે તેઓ સહુ આવ્યા. ૨૭. જ્યારે સંતો આવીને પંગતમાં બેસી ગયા ત્યારે શ્રીહરિ તેમને પીરસવા આવ્યા. તેનાથી ત્યાં આનંદ છવાઈ ગયો હતો. પહેલા શ્રીહરિએ સહુને બબ્બે લાડુ પીરસી દીધા. ૨૮.

શ્રીહરિએ સહુને જમવાની આજ્ઞા કરી. કુશળ સંતો અને દરબારો જમવા લાગ્યા. શ્રીહરિ પંગતમાં વારંવાર ફરતા રહ્યા. એકેક કે બબ્બે લાડુ આપ્યા. ૨૯. જેને જેટલા લાડુ જોઈએ તેટલા શ્રીહરિ આપતા રહ્યા. સંતો પીરસેલું જમી રહ્યા ત્યારે છેલ્લે દૂધ અને ભાત પીરસ્યા. ૩૦. પછી સાકર આપી અને પુષ્કળ પ્રમાણમાં દહીં પણ પીરસ્યું. સંતો અને દરબારો જ્યારે જમી રહ્યા ત્યારે પ્યારા શ્રીહરિએ હાથ ધોયા. ૩૧. સહુને સુખ આપનારા શ્રીઘનશ્યામ આવીને પલંગ ઉપર બેઠા. ત્યારે ત્યાં આવીને સંતો તેમજ દરબારો પણ અત્યંત આનંદ-ઉત્સાહથી બેઠા. ૩૨. ગામના જે બધા હરિભક્તો હતા તે પણ આવીને બેઠા હતા. સત્સંગી સિવાયના પણ ભાવિક ગ્રામજનો તે સમયે ત્યાં આવ્યા હતા. ૩૩.

ત્યારે સુથાર વસ્તાભાઈ બધો પૂજાનો સામાન લાવ્યા. શ્રીહરિની રજા લઈને પછી તેઓ પૂજા કરવા લાગ્યા. ૩૪. તેઓ કેસર નાખેલું ચંદન લાવ્યા હતા, તે પહેલા લલાટમાં ચરચ્યું. પછી બધા જ અંગો ઉપર ચરચ્યું. તેનાથી મૂર્તિ નવરંગી અને રમણીય લાગતી હતી. ૩૫. જ્યારે ચંદન ચરચી રહ્યા તે પછી બધા ફૂલહાર પહેરાવ્યા. મસ્તકે ખૂંપ ધરાવ્યો. ભુજાઓ ઉપર બાજુબંધ બાંધ્યા. ૩૬. હરિભક્તોએ ફૂલની પહોંચી બનાવીને બંને હાથમાં પહેરાવી અને ચરણોમાં ઝાંઝર પહેરાવ્યા. ૩૭. ફૂલના કુંડળ અને ગુચ્છ બંને કાનોમાં ધરાવ્યા. પછી ફૂલની પછેડી બનાવીને ઓઢાડી. જેની શોભા કહી શકાતી નથી. ૩૮. પછી ધૂપ અને દીપ પ્રગટાવીને કપૂરથી આરતી કરી. તે પછી તેમના અલગ અલગ સંબંધીઓએ પણ પૂજા કરી. ૩૯. શ્રીહરિ ભાદરા ગામમાં પાંચ દિવસ રહ્યા. ત્યાં પોતાનો પ્રતાપ ઘણો જ જણાવ્યો પછી ત્યાંથી તત્કાળ ચાલ્યા. **જોડિયા** ગામ આવીને ત્યાં રોકાયા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'ભાદરામાં વસ્તાભાઈ વગેરેએ પૂજા કરી પછી શ્રીહરિ જોડિયા પધાર્યા' એ નામે ત્રેવીશમો તરંગ સમાપ્ત ॥૨૩॥



પૂર પાંચમું : તરંગ - ૨૪

શ્રીહરિએ ભાદરાથી જોડિયામાં આવીને હરિભક્તોને દર્શન આદિનું સુખ આપ્યું

ભક્તોના ચિત્તને હરનારા શ્રીહરિ ભાદરાથી નીકળીને જોડિયા ગામની આથમણી બાજુએ આવ્યા. ૧. ગામને દક્ષિણ પડખે ઊંડવતી નદી વહે છે. ત્યાં શ્રીહરિ આવ્યા અને નદીમાં સંતોએ સહિત નાહ્યા. ૨. સમાચાર સાંભળીને જોડિયા ગામના બધા હરિભક્તો દોડી આવ્યા. જોડિયા ગામમાં માવજી (હરબાઈના પતિ) નામે સુથાર હરિભક્ત રહેતા હતા. ૩. તે સિવાય કુરજી, લાલજી, ગોવાભાઈ, નાથાભાઈ આદિ પ્રજાપતિ અને અર્જુન નામે દરજી, એ બધા આવીને શ્રીહરિના ચરણોમાં પડ્યા. હૃદયમાં ઘણોજ આનંદ થયો. સંતોને અને દરબારોને પણ પગે લાગ્યા. તેનાથી મનમાં ઘણો જ ઉત્સાહ વધ્યો. ૪-૫. સહુ હરિભક્તો વારંવાર વિનંતી કરીને એવું બોલ્યા કે ‘હે સ્વામિન્ ! અમારા ધન્ય ભાગ્ય છે કે આપ બહુનામી અહીં પધાર્યા અને અમને દર્શન દીધાં.’ ૬. શ્રીહરિએ સ્નાન કર્યા પછી બધા જ સોનેરી વસ્ત્ર પહેર્યા. અને જેટલા સોનેરી ઘરેણાં હતા તે બધા પણ પહેરી લીધા. ૭. મોતીના હાર અને જે તોરાઓ હતા તે પણ પહેરી લીધા.

શ્રીહરિના અશ્વને પણ બધા મોતીના અને સોનાના સાજથી શણગાર્યો હતો. ૮. સંતો અને દરબારો તૈયાર થઈ ગયા ત્યારે શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. હરિભક્તો જે વાજિંત્ર લાવ્યા હતા તે બધા વાગવા લાગ્યા. ૯. ચોપદાર હાથમાં સોનાની છડી લઈને મુખથી “જય જયકાર” શબ્દ બોલતા હતા. સોહામણું સોનેરી છત્ર શ્રીહરિના મસ્તક ઉપર શોભતું હતું. ૧૦. બંને બાજુએ ચામર ઢળી રહ્યા હતા. અતિશય તેજસ્વી મૂર્તિ શોભતી હતી. શ્રીહરિની સાથે રહેલા બધા દરબારો પણ અત્યંત નવરંગા શોભી રહ્યા હતા. ૧૧. શાણા સંતો પણ અતિશય ઉમંગમાં ઝાંઝ અને મૃદંગની સાથે કીર્તન ગાવા લાગ્યા.

ગામની ચારે તરફ ઘણી ફૂલવાડીઓ અને વાડીઓ હતી. તેની શોભા ઠેકઠેકાણે દેખાતી હતી. ૧૨. મોટા મોટા આંબાના ઝાડ કેરીઓથી ભરેલા

ઝૂકી રહ્યા હતા. તેના ઉપર બેઠેલા અપાર પંખીઓ શ્રીહરિને દેખીને બોલવા લાગ્યા. ૧૩. જોડિયા ગામને ફરતે ગઢ અને ખાઈ બન્ને હતા. તેમાં ગઢ તો પાકા પથ્થરનો અને ઘણો ઊંચો હતો. ૧૪. ગઢમાં જેટલા બુરજ હતા તે દરેક તોપોએ કરીને શોભી રહ્યા હતા. તેને જોઈને પછી શ્રીહરિ ગામના દરવાજા પાસે આવ્યા. ૧૫. ગામમાં જેટલા લોકો હતા તે બધા ત્યાં સન્મુખ આવ્યા. શ્રીહરિનાં દર્શન કરીને સહુ મનમાં ખૂબ પ્રસન્ન થયા. ૧૬. તે સહુ એકેક શ્રીફળ અને એકેક ફૂલહાર લાવ્યા હતા. તે હાર શ્રીહરિને પહેરાવતા અને શ્રીફળ ભેટ મૂકતા હતા. ૧૭. લોકો પુષ્કળ પ્રમાણમાં આવતા. તેમના હ્રદયમાં અપાર પ્રેમ હતો. સહુ પૂજા કરતા હતા.

શ્રીહરિએ જ્યારે ગામમાં પ્રવેશ કર્યો તે વખતે શોભા અત્યંત બની હતી. ૧૮. ડંકા અને નિશાન શ્રીહરિની સાથે રહ્યા હતા. બધી સવારી આગળ ચાલી. ગામ લોકો ઘણા ભાવિક હતા. તેમણે ગામની બજારને સુંદર રીતે સજાવી હતી. ૧૯. ગામના ચારે દરવાજાઓને ઘણા સુંદર રીતે શણગાર્યા હતા. તેના ઉપર સોનાના કળશ હતા તે વિશેષ શોભા ધારી રહ્યા હતા. ૨૦. ત્રણ ત્રણ માળવાળા જે ઘર હતા તે બધાને અદ્‌ભુત રીતે શણગાર્યા હતા. તે ઘરોમાં જેટલા દરવાજા હતા તે બધામાં મોતીના તોરણ બાંધી દીધા હતા. ૨૧. દરેક દરવાજે કેળના સ્તંભ રોપાવ્યા હતા. બજારમાં આવી શોભા કરી હતી. સંતો અને હરિભક્તો બધા પ્રેમભાવથી શ્રીહરિનું યશોગાન કરતા હતા. ૨૨.

ગામની બધી નારીઓ મોતીના થાળ ભરીભરીને ભવનના ગોખ અને અટારીઓ ઉપર ચઢીને પ્રેમથી શ્રીહરિને વધાવતી હતી. ૨૩. વિવિધ પ્રકારના વાજિંત્રોના શબ્દથી આખું ગામ વ્યાપ્ત થઈ ગયું હતું. તે સમયે બધા દેવો વિમાનમાં બેસીને ત્યાં આવ્યા અને મનગમતી ફૂલોથી વૃષ્ટિ કરી. ૨૪. શ્રીહરિ જ્યારે રાજમાર્ગે ચાલ્યા ત્યારે ગુલાલ ઉડતો હતો. તેનાથી બધી સવારી અને ભવનોના ઉપરના માળ તેના રંગથી રંગાઈ ગયા હતા. ૨૫. જગત્પતિ અને જગદાધાર ધર્મકુમાર શ્રીહરિ ગ્રામજનોને દર્શન દેતા દેતા હરિભક્તોને ઘેર આવ્યા. ૨૬. માવજી સુથાર નામના હરિભક્તને ઘેર શ્રીહરિ પધાર્યા. તેનું ઘર સુંદર શણગાર્યું હતું અને તેમાં બિછાવેલા પલંગ ઉપર શ્રીહરિ આવીને

વિરાજમાન થયા. ૨૭. સંતોને અને બધા દરબારોને ઉતારા અપાવ્યા. તે સહુ રાજી થાય, એવી હરિભક્તોએ તેમની સેવા કરી. ૨૮.

શ્રીહરિની સાથે જ જે વર્ણી હતા તેમણે તત્પરતાથી-તુરંત રસોઈ બનાવીને તૈયાર કરી. જ્યારે વર્ણી બોલાવવા આવ્યા ત્યારે શ્રીહરિ ઊઠ્યા. ૨૯. શ્રીહરિએ કુશળતાથી એક પીતાંબર પહેર્યું અને એક ઓઢી લીધું. સુખધામ ઘનશ્યામ શ્રીહરિ ચરણોમાં ચાખડીઓ પહેરીને વર્ણીએ જ્યાં રસોઈ બનાવી હતી ત્યાં આવ્યા. ૩૦. એક સોનાના સુંદર બાજોઠ ઉપર શ્રીહરિ બેઠા. પછી બંને ચરણ પાણીથી ધોયા અને પછી રૂમાલથી તે લૂછ્યા. ૩૧. જેટલા ભોજન કર્યા હતા, તેનો થાળ ભરીને વર્ણી શ્રીહરિ પાસે લાવ્યા. સાકરનો કંસાર બનાવ્યો હતો અને તેમાં ઘણુંજ ઘી નાખ્યું હતું. ૩૨. તે સિવાય જેટલાં શાક બનાવ્યાં હતાં તે બધા શ્રીહરિની આગળ ધરાવ્યા. શ્રીહરિ તે ભોજનોને જમવા લાગ્યા. જે વધારે જોઈતું હોય તે માગતા હતા. ૩૩. પ્યારા શ્રીહરિ જ્યારે જમીને તૃપ્ત થયા ત્યારે દૂધ, ભાત અને સાકર જમ્યા. જ્યારે તે પણ જમી રહ્યા ત્યારે બંને હાથ ધોયા. ૩૪.

તે પછી સંતોને અને દરબારોને જમાડ્યા. શ્રીહરિ સ્વયં તેમને પીરસતા હતા. જમી રહ્યા ત્યારે છેલ્લે દૂધ, ભાત અને સાકર આપ્યા. ૩૫. સંતો અને દરબારો જમી રહ્યા ત્યારે સુખકારી શ્રીહરિ આવીને પલંગ ઉપર બેઠા. તે પછી સંતો અને બધા દરબારો ત્યાં આવીને બેઠા અને ત્યાં ભવ્ય સભા થઈ, જેનું વર્ણન થઈ શકે તેમ નથી. ૩૬. ગામના જે અપાર ભાવિક લોકો હતા તે બધા સભામાં આવ્યા. તેથી એટલી મોટી સભા થઈ કે તેનો ગણવાથી પણ પાર આવે તેમ ન હતો. ૩૭. ગામના જેટલા હરિભક્તો હતા તે બધા શ્રીહરિની પૂજા કરવા માટે આવ્યા હતા. શ્રીહરિ જોડિયા ગામમાં જ્યાં સુધી રહ્યા ત્યાં સુધી ત્યાં ઉત્સવ છવાઈ રહ્યો હતો. ૩૮. જેને જેવી ભાવના હોય તે પ્રમાણે તેઓ પૂજા કરતા હતા. સહુએ અલૌકિક લાભ લીધો. આમ તો શ્રીહરિ જોડિયા કેટલીએ વાર આવ્યા હતા. ૩૯. શ્રીહરિ ઊંડવતી નદીએ જઈને વારંવાર નાહ્યા છે. તે અહીં કેટલું લખી શકાય ! કારણ કે શ્રીહરિએ આવા ચરિત્ર ગામોગામ કર્યા છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'શ્રીહરિ ભાદરાથી જોડિયા પધાર્યા અને હરિભક્તોને દર્શન અને સેવાનું સુખ આપ્યું' એ નામે ચોવીશમો તરંગ સમાપ્ત ॥૨૪॥



પૂર પાંચમું : તરંગ - ૨૫

જોડિયાથી નીકળેલા શ્રીહરિ સાંજે રાજ સન્માન સાથે જામનગરમાં પ્રવેશ્યા

શ્રીહરિ જોડિયામાં ધર્મનો મહાન દિગ્વિજય કરીને અને હરિભક્તોને ખૂબ સુખ આપીને ત્યાંથી ચાલી નીકળ્યા. ઊંડવતી નદીને ઊતરીને **હડિયાણા** ગામ આવ્યા. ૧. તે ગામમાં એક ભાવિક વિપ્ર રહેતા હતા. સંતો દરબારો અને હરિભક્તોની સાથે શ્રીહરિ તે વિપ્રને ભવન આવ્યા. ત્યાં થોડી વાર રોકાયા. ૨. પછી ત્યાંથી શ્રીહરિ ચાલ્યા ત્યારે સાથે નવાઈ ઊપજે એવી અદ્‌ભુત સવારી હતી. સહુ અત્યંત ઉત્સાહમાં હતા. આગળ ચાલતા **નવાનગર** (જામનગર) આવ્યા. ૩. ત્યાંના સહુ હરિભક્તો સમાચાર સાંભળીને તુરંત જ આવ્યા. સહુના મનમાં અત્યંત ઉત્સાહ હતો. શ્રીહરિ નાગનેહવતી નદીએ આવ્યા. ૪. સુખધામ શ્રીહરિ તે નદી આવી એટલે ઘોડેથી ઊતર્યા અને તેમાં નાહ્યા. જામનગરના મહારાજા જામસાહેબને 'શ્રીહરિ પધારે છે', એવા સમાચાર મળ્યા. ૫. ગજુભાઈ ઝાલા નામે જામસાહેબના મામા કહેવાતા હતા. તેઓ શ્રીહરિના અનન્ય ભક્ત હતા. જામસાહેબે તેમને પોતાની પાસે બોલાવ્યા. ૬. બીજા પણ જામસાહેબના સચિવ હતા તેમને પણ બોલાવ્યા.

પછી રાજાની જેટલી સવારી હતી તે બધી તરત જ તૈયાર કરાવી. ૭. હાથી, ઘોડા અને રથ, બધાને સોનાના સાજથી શણગારીને રમણીય બનાવ્યા. રાજાના જેટલા વાજિંત્રો હતા, તે અને ડંકા તથા નિશાન પણ તૈયાર કરાવ્યા. ૮. બધાને શ્રીહરિની સન્મુખ મોકલ્યા. જામસાહેબના દિલમાં શ્રીહરિને મળવાનો ઘણો જ ભાવ હતો. બધી સવારી શ્રીહરિની પાસે આવી. વાજિંત્રોના શબ્દ ચારે બાજુ છવાઈ ગયા હતા. ૯.

સચિવ અને ગજુભાઈ ઝાલા, બંને ઘોડા ઉપરથી નીચા ઊતરીને તત્કાળ શ્રીહરિ પાસે આવ્યા અને ચરણોમાં પડ્યા. બંનેના હૃદયમાં અત્યંત આનંદ ભર્યો હતો. ૧૦. બંનેએ શ્રીહરિની આગળ શ્રીફળની ભેટ મૂકી અને વિનયભર્યા વચન બોલ્યા, "આજ અમારા ધન્ય ભાગ્ય છે કે આપના દેવદુર્લભ દર્શન અમને થયા. ૧૧. આપ પધારી રહ્યા છો એવા સમાચાર જ્યારે જામનગરના મહારાજા જામસાહેબે સાંભળ્યા ત્યારે તેમના મનમાં ઘણોજ આનંદ થયો. તરત જ અમને બંનેને બોલાવીને તેમણે કહ્યું, ૧૨.

'જેમણે ગોકુળ અને મથુરામાં રહીને અનેક ચરિત્ર કર્યા. અનંત અસુરોને માર્યા અને દ્વારકાનું નિર્માણ કર્યું. ૧૩. મુનિવર્ય વ્યાસજીએ જેમને વેદોમાં અનાદિ શ્રીકૃષ્ણ કહ્યા છે તે શ્રીકૃષ્ણ ભગવાન અત્યારે કળિયુગમાં પ્રકટ થયા છે. ૧૪. જેટલો પોતાનો પ્રતાપ છે તે સર્વને સાથે લઈને તેઓ આજ પ્રગટ થયા છે. અત્યારે જીવોને પાપ કર્મથી મુક્ત કરવા માટે ભૂમિ ઉપર ચારે ધામમાં વિચરણ કરી રહ્યા છે. ૧૫. જીવોનો ઉદ્ધાર કરવા હરેક પુર ગામમાં જાય છે. જેના સદ્‌ભાગ્ય હોય તેને તેઓ ઓળખાય છે. જેઓ તેમને નથી માનતા તેઓ જમપુરીમાં જાય છે.' ૧૬.

❋ શ્રીહરિએ પ્રભુત્વ ઢાંકી નિજ દાસત્વ કહ્યું :

આવું કહીને જામસાહેબે અમને આપની સન્મુખ મોકલ્યા છે." ત્યારે શ્રીહરિ તેમની સામે હસીને બોલ્યા, "અમારામાં કાંઈ સામર્થ્ય નથી. ૧૭. અમારા ગુરુ બહુનામી સદ્‌ગુરુ રામાનંદસ્વામી અપાર સમર્થ હતા. તેઓ જ્યારે ભગવાનના ધામમાં ગયા ત્યારે તેમણે પોતાનું જે સામર્થ્ય હતું તે અમને આપ્યું છે. ૧૮. જે રીતે તેમની મરજીમાં આવે તે રીતે તેઓ અમને ફેરવે છે. અમે તેમની મરજી પ્રમાણે ચાલીએ છીએ અને આ વાત જ સાચી છે, એમ તમે સમજો. ૧૯. અને જે અમારા સંતો છે તેમને પણ તમે પૂછી જુઓ. અમે શ્રીકૃષ્ણનું ભજન કરીએ છીએ અને તેઓ અમારા મનમાં જેવી પ્રેરણા કરે છે તે રીતે અમે ચાલીએ છીએ. ૨૦. પવનને આધારે જેમ પાદડાં ફરકે છે, તેમ શ્રીકૃષ્ણને આધારે અમે ફરીએ છીએ. આખુ જગત અમારી નિંદા કરે કે પૂજા કરે પરંતુ અમે તેમની મરજી ક્યારેય લોપતા નથી. ૨૧.

હરેક માણસની મરજી રાખીને શો ફાયદો ? અમે તો એકની જ મરજી રાખીએ છીએ. આ વખતે જે લોકો શ્રીકૃષ્ણને શરણે આવે છે તેમને સંસારનો ફેરો ટળી જાય છે. ૨૨. અમારામાં આટલું સામર્થ્ય રહ્યું છે તે બધું તમારી આગળ અમે કહ્યું."

શ્રીહરિએ તેમની આગળ આટલી વાત કહી અને પછી રાજી થઈને તરત તૈયાર થયા. ૨૩. રાજાના માણસોએ શ્રીહરિની વાત સાંભળી. ત્યારે તેમના મનમાં થયું કે 'આ નિશ્ચય સાક્ષાત્ પરમેશ્વર છે.' અંબાડીવાળો હાથી સોનેરી સાજથી શણગાર્યો હતો. ૨૪. તે હાથી ઉપર બેસવા માટે બંને રાજપુરુષોએ હાથ જોડીને શ્રીહરિને વારંવાર ઘણી વિનંતી કરી. અને તે હાથી ઉપર બેસાડ્યા. ત્યાંથી શહેર તરફ ચાલ્યા. ૨૫.

ગજુભાઈ ઝાલા શ્રીહરિને ચામર કરવા બેઠા. લોકો 'જય જયકાર' કરવા લાગ્યા અને ચોપદાર 'જય જય ધર્મકુમાર' આવું બોલવા લાગ્યા. ૨૬. શહેરની ચારે બાજુએ ફૂલના બગીચાઓ અપાર કર્યા હતા. ઠેકઠેકાણે આંબાવાડીઓ બનાવી હતી. તે રીતે જ નાળિયેરી અને વિવિધ પ્રકારની કેળોના બાગો પણ કર્યા હતા. ૨૭. વિવિધ પ્રકારના પંખીઓ કોલાહલ કરીને વનોને ગજાવતા હતા. તે શ્રીહરિને પધારતા જાણીને મધુર ધ્વનિ કરવા લાગ્યા. ૨૮. બાગોમાં નારંગીના અપાર ઝાડ હતા. દાડમ અને જામફળના ઝાડનો તો કંઈ પાર જ ન હતો. જેટલા રસદાર ફળ ગણાય છે તે બધાના વૃક્ષો તે બાગોમાં હતા. ૨૯. જેટલા ફૂલઝાડ કહેવાય છે તે બધા પ્રફુલ્લિત થઈને ખૂબ જ શોભતા હતા.

શહેરના કિલ્લામાં જે બુરજ હતા તે બધા ચાંદીના જેવા ચમકતા સોહામણા લાગતા હતા. ૩૦. કિલ્લાના બધાજ કાંગરા સોનેરી હતા. તેની શોભા બધે છવાઈ ગઈ હતી. નગરના જેટલા દરવાજાઓ હતા તે બધાને સારી રીતે શોભાવ્યા હતા. ૩૧. શિલ્પ શાસ્ત્રમાં જે કળાઓ કહી છે તે બધી આ જામનગરમાં જોવા મળે છે. જ્યારે શહેરના દરવાજાની પાસે પહોંચ્યા ત્યારે નગરજનો સન્મુખ આવ્યા. ૩૨. સહુએ પોતપોતાના કામધંધાઓને છોડી દીધા. તેમને એક શ્રીહરિના દર્શનમાં જ અનુરાગ હતો. સંધ્યા સમયે

શ્રીહરિ શહેરમાં આવ્યા. રાજાએ શ્રીહરિના માનમાં ઘણીજ શોભા કરાવી હતી. ૩૩. બજારોમાં પાણી છંટાવી દીધું. ફૂલઝાડના કુંડાઓ મુકાવ્યા અને કેળાના ઝાડ લૂમ સાથે મુકાવ્યા. દીવાઓનો તો ક્યાંય પાર જ ન હતો. ૩૪. ઘરોના જેટલા દરવાજાઓ હતા ત્યાં બધે મોતીના તોરણ બંધાવી દીધા હતા. વેપારીઓની જેટલી દુકાનો હતી તેમને પણ સુંદર રીતે શોભાવી હતી. ૩૫. સ્ત્રીઓ મોતીના થાળ ભરી ભરીને ઘરના ગોખ અને અટારીના ભાગમાં ઊભી હતી. શ્રીહરિ જ્યારે નજીક આવતા હતા ત્યારે વિશુદ્ધ પ્રેમભાવથી તેમને તે સ્ત્રીઓ વધાવતી હતી. ૩૬.

શ્રીહરિ જ્યારે બજાર વચ્ચે નીકળ્યા ત્યારે ચોતરફ અપાર શોભા બની હતી અને મનોહર મૂર્તિનાં દર્શન કરીને લોકો પોતાનાં શરીરનું ભાન પણ ભૂલી જતા હતા. ૩૭. ઘનશ્યામ સ્વરૂપમાં લોકોના ચિત્ત ચોંટી ગયા. સૌ દર્શન કરતા તૃપ્ત થતા નહિ. ત્યારે શ્રીહરિએ અનંત પ્રકારે પોતાનું પ્રત્યક્ષ સામર્થ્ય પ્રકટ કર્યું હતું. તેમના સૌંદર્યને દેખીને અનંત કામદેવ પણ શરમાઈ જતા હતા. તેમની સાથે શુકદેવજી, સનકાદિકો અને નારદજીના જેવા સંતો સોહામણા લાગતા હતા. ૩૮-૩૯. આખા શહેરના માર્ગોમાં વાજિંત્રોની ધૂમ મચી હતી. ગુલાલ ખૂબ જ ઊડતો હતો. તેનાથી જમીન આકાશ અને લોકો રંગાઈ ગયા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'શ્રીહરિ જોડિયાથી નીકળીને સાંજે જામનગરમાં રાજ સન્માન સાથે પ્રવેશ્યા' એ નામે પચીસમો તરંગ સમાપ્ત ॥૨૫॥



પૂર પાંચમું : તરંગ - ૨૬

જામસાહેબે સહુને જમાડ્યા અને અત્યંત ભાવથી શ્રીહરિની પૂજા કરી

જામનગરના રાજમાર્ગ ઉપર અદ્‌ભુત રૂપ ધરીને શ્રીહરિ જ્યારે નીકળ્યા ત્યારે બધા દેવો તે વખતનાં દર્શન કરવા આવ્યા અને વિમાનોથી આકાશ

ભરાઈ ગયું. ૧. ભવ, બ્રહ્મા અને દેવરાજ ઈન્દ્ર, બધા વિમાનમાં બેઠા હતા. કેસર યુક્ત ચંદન અને પુષ્પો વગેરે પૂજાનો સામાન બધો લાવ્યા હતા. ૨. તેઓએ આવીને શ્રીહરિની પૂજા કરી. પછી કેસરચંદન અને પુષ્પોની અતિશય ઝડીઓ વરસાવી. તે દેખીને લોકો ઘણું વિસ્મય પામ્યા. ૩. અનંત વાજિંત્રો વગાડીને દેવોએ 'જય જયકાર' કર્યો. આવા તો શ્રીહરિના અનંત ચરિત્રો છે તેનો ભેદ કોઈ ઊકેલી શકે તેમ નથી. ૪. શ્રીહરિ રાજદરબારની સમીપેથી શહેરમાં આગળ ગયા. સરોવરને ઉત્તર કિનારે રાજાનો જે એક સુંદર બાગ હતો. ૫. તેમાં પાંચ તંબુ ખેંચાવ્યા હતા. તેમાં વચ્ચેના તંબુમાં શ્રીહરિને ઉતાર્યા હતા. તેમાં બિલોરી કાચના ઝાડ હતા. તે અતિશય પ્રકાશ કરતા હતા. ૬. જામસાહેબે એક મોટો સોનેરી પલંગ મોકલ્યો હતો. તેના ઉપર મખમલના ગાદી તકિયા બિછાવ્યા હતા. શ્રીહરિ તે પલંગ ઉપર બેઠા. ૭. ઉતારામાં જે જે સામાનની જરૂર હતી તે બધો સામાન જામસાહેબે તરત મોકલ્યો અને રાતે ચોકી માટે પોતાના ચોકિયાતોને મોકલ્યા. ૮. રાજાએ કહેવડાવ્યું હતું કે જે સામાન જોઈએ તે બધો મગાવજો. કહ્યા સિવાય અમને ખ્યાલ ન આવે, આમ રાજાએ ઘણીજ તજવીજ રાખી હતી. ૯.

જામનગર શહેરમાં જેટલા કડિયા રહેતા તે બધા સત્સંગી થયા હતા. શ્રીમાળી વિપ્ર બેચરભાઈ પણ શ્રીહરિના એકાંતિક ભક્ત હતા. જીવાભાઈ, કરમસીભાઈ, કચરાભાઈ અને રણછોડભાઈ આદિ કડિયા હરિભક્તો હતા. ત્યાં જે રસોઈનો સામાન જોઈએ તે બધો હરિભક્તો લાવ્યા હતા. ૧૦-૧૧. ત્યાં જયાનંદ વર્ણીએ તરત જ કંસાર બનાવ્યો. ભાત, દાળ અને શાક વગેરે પણ કર્યું. પછી શ્રીહરિને થાળ જમવા માટે બોલાવ્યા. ૧૨. શ્રીહરિએ એક પીતાંબર પહેર્યું અને બીજું ઓઢ્યું. ચરણમાં ચાખડીઓ પહેરીને જમવા માટે ચાલ્યા. ૧૩. જ્યાં રસોઈ બનાવી હતી ત્યાં શ્રીહરિ આવ્યા. એક સારા બાજોઠ ઉપર બેઠા. પહેલા પાણીથી ચરણ ધોયા અને પછી હાથ ધોયા. ૧૪.

વર્ણી ભોજનોથી ભરેલો થાળ હેતથી લાવ્યા. શ્રીહરિ પ્રસન્ન મનથી થાળ જમવા લાગ્યા. ૧૫. સાકરનો કંસાર કર્યો હતો તેને પ્રેમથી જમ્યા. તે જમી રહ્યા પછી દૂધ, ભાત અને સાકર જમ્યા. ૧૬. શ્રીહરિ તે જમી રહ્યા

પછી તરત હાથ અને મુખ ધોયા. થાળની પ્રસાદી કડિયા હરિભક્તોને આપી. તે પછી મુખવાસ લીધો. ૧૭. સંતોને અને દરબારોને જમવા માટે બોલાવ્યા અને તેમને તરત જ પંગતમાં બેસાડ્યા. પછી જેટલાં ભોજન બનાવ્યા હતા તે બધા લઈને શ્રીહરિ સહુને પીરસવા લાગ્યા. ૧૮.

તે પછી શ્રીહરિ પલંગ ઉપર આવીને બેઠા. હૃદયમાં અત્યંત કરુણારસ ભર્યો હતો. સંતો અને દરબારો જ્યારે જમી રહ્યા ત્યારે આવીને સભા કરી. ૧૯. દૂકડ અને સરોદ વગેરે વાજિંત્ર મગાવ્યાં. તે વાજિંત્ર વગાડીને કીર્તન ગવડાવ્યા. મુકાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી, દેવાનંદસ્વામી અને જ્ઞાનાનંદસ્વામી, એ પાંચ સંતો નિત્ય શ્રીહરિની આગળ વાજિંત્રો સાથે કીર્તન ગાતા. શ્રીહરિની જેવી મરજી હોય તે પ્રમાણે કીર્તન ગાતા. ૨૦-૨૧.

❋ ગ્રંથકારે શ્રીહરિની વાક્ચાતુર્યતા કહી :

શ્રીહરિ જ્યારે વાતો કરવા લાગતા ત્યારે બધા પ્રેમથી સાંભળતા. વેદો અને પુરાણોનું પ્રમાણ લઈને શ્રીહરિ જીવના કલ્યાણની વાતો કહેતા. ૨૨. બધા જીવોને આ બે ગ્રંથો (વેદ અને પુરાણ)ની વાતો પ્રગટ બતાવી દેતા હતા. કોઈ પંડિત કે પુરાણી જેવા બુદ્ધિમાનો પોતાના કાને તે વાતોને સાંભળતા ત્યારે તે વાતને હાથ જોડીને માની લેતા હતા. ૨૩.

શ્રીહરિ ઉપદેશની એવી વાત કહેતા કે તેમાં કોઈને લેશમાત્ર પણ આશંકા થાતી નહિ. જે લોકો વાતો સાંભળતા તે બધા શ્રીહરિને અંતર્યામી માની લેતા હતા. ૨૪. શ્રીહરિ જે વાત કરતા તેમાં તેમની સર્વજ્ઞતા સહુને તરત જ દેખાઈ આવતી હતી. આવા શ્રીહરિ સમર્થ છે. ૨૫. શ્રીહરિ જે જે ચરિત્ર કરતા હતા તે બધા આશ્ચર્યકારી હતા. ભવ, બ્રહ્મા અને દેવરાજ ઇન્દ્ર પણ તે ચરિત્રોને અનુપમ કહે છે. ૨૬.

કીર્તન ગાન કરતા હતા ત્યારે એક ક્ષણવાર થઈ હોય તેમ અધરાત થઈ ગઈ. ત્યારે શ્રીહરિ બોલ્યા, 'હવે કીર્તન ગાન બંધ કરો અને ભજન કરો.' ૨૭. શ્રીહરિ પોઢી ગયા અને સંતો ધ્યાન કરવા બેઠા. અંતર્દષ્ટિ કરીને તેઓ બધા મૂર્તિમાં તલ્લીન થઈ ગયા. ૨૮. શહેરમાંથી લોકો આવ્યા હતા તે સહુ

પાછા પોતાને ઘેર ગયા. પછી જ્યારે અરુણોદય થયો ત્યારે સંતો 'નારાયણ ધૂન' કરવા લાગ્યા. ૨૯. શ્રીહરિ જાગ્યા. સહુ સંતો નદીએ સ્નાન કરવા ગયા ત્યારે શ્રીહરિ પણ સંતોની સાથે જ નાગનેહવતી નદીએ ગયા. પહેલા દાતણ વગેરે કર્યું અને પછી નાહ્યા. ૩૦. સહુ સ્નાન આદિ કરીને નિજ મુકામ ઉપર આવ્યા. શોભાના ધામ ઘનશ્યામ શ્રીહરિ પૂજાનો જે નિત્યવિધિ રોજ કરતા હતા તે બધો તત્પર થઈને કરવા લાગ્યા. ૩૧. તે દિવસે ગજુભાઈ ઝાલાની રસોઈ હતી. તે સહુ જમ્યા. ત્રીજે દિવસ જામસાહેબે રસોઈ કરાવી હતી. તેમાં કરાવેલા પકવાનોના નામનો ગણતા પણ પાર આવતો નહિ. ૩૨.

ફૂલવાડીમાં વિવિધ રીતની રચના કરીને શોભા કરી હતી. ચોક વચ્ચે રંગોળી પુરાવી હતી. સવારમાં જ શ્રીહરિનાં દર્શન કરવા માટે જામસાહેબ આવ્યા. ૩૩. શ્રીહરિની મૂર્તિનાં દર્શન કરીને મહારાજાના મનમાં ઘણો જ આનંદ થયો. તેઓ પાકી અને સારી ઘણી કેરીઓ લાવ્યા હતા. તે શ્રીહરિની આગળ મૂકી. ૩૪. તે સિવાયના બીજા સારા રસદાર ફળ પણ તરત જ મગાવ્યા. કેસરયુક્ત ચંદન અને ફૂલના હાર તો પુષ્કળ મગાવ્યા. ૩પ. મનના ઘણા જ ઉમંગથી મહારાજાએ શ્રીહરિના અંગ ઉપર ચંદન ચરચ્યું. લલાટ વચ્ચે કુંકુમનો ચાંદલો કર્યો અને મસ્તક ઉપર ફૂલનો ખૂંપ ધરાવ્યો. ૩૬. ફૂલહાર તો અપાર પહેરાવ્યા અને ફૂલના બાજુ અને પહોંચી ભુજાઓ ઉપર બાંધ્યા. પછી ફૂલની પછેડી ઓઢાડીને કપૂરથી આરતી કરી. પછી વિચક્ષણ જામસાહેબે શ્રીહરિના ચરણોમાં મસ્તક ધાર્યું. ૩૮. શ્રીહરિને સહુનું કારણ સમજીને બે હાથ જોડ્યા અને વિનંતી કરી, 'હે હરિ, આપ અંતસમયે પધારીને મારી રક્ષા કરજો.' ૩૯. પછી મોતીના ભરેલા થાળ, સોનાના ઘરેણાં અને સોનેરી વસ્ત્ર વગેરે તત્કાળ જ આગળ મૂક્યું. મુક્તમુનિ ઉત્તમ નૃપને કહે આટલું કામ તે રાજાએ કરી લીધું. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'જામ સાહેબે સહુને જમાડીને અતિભાવથી શ્રીહરિની પૂજા કરી' એ નામે છવ્વીસમો તરંગ સમાપ્ત ॥૨૬॥



પૂર પાંચમું : તરંગ - ૨૭

જામસાહેબે શ્રીહરિની પૂજા કરી અને શ્રીહરિએ સંતપુરુષની દુર્લભતા કહી

જામસાહેબે સંતોની પણ પૂજા કરી પ્રથમ ચંદન ચરચ્યું, ફૂલહાર પહેરાવ્યા અને પછી સહુને વસ્ત્ર ઓઢાડ્યા. ૧. શ્રીહરિની સાથે જે દરબારો હતા તેમની પણ પૂજા કરી. ફૂલના હાર પહેરાવ્યા અને એકેક શાલ આપી. ૨. જામસાહેબે શ્રીહરિ સન્મુખ હાથ જોડ્યા અને બોલ્યા, 'આપ દ્વારકાની યાત્રાને નિમિત્તે મારો ઉદ્ધાર કરવા માટે અહીં પધાર્યા છો. ૩. આપના નિવાસથી જ જેટલા તીર્થ છે તે સર્વે તીર્થ કહેવાય છે. જો ત્યાં આપનો વાસ ન હોય તો તે તીર્થ કહેવાતું નથી. અને ચાર ધામ જે કહેવાય છે તેમાં પણ જ્યાં ધર્મ રહ્યો હોય છે ત્યાં આપનો અખંડ નિવાસ હોય છે. ૪. જે તીર્થમાં લેશ પણ ધર્મ હોતો નથી ત્યાં આપ પ્રવેશ કરતા નથી. અને જે તીર્થમાં ધર્મ રહે છે ત્યાં આપનો નિવાસ હોય છે. ૫. મને મારી બુદ્ધિમાં આવું જણાય છે. મારાથી અપરાધ થતો હોય તો માફ કરજો. જ્યાં સૂર્ય હોય ત્યાં રાત નથી હોતી અને જ્યાં રાત હોય છે ત્યાં સૂર્ય પ્રકાશ કરતો નથી. ૬. જ્યાં ધર્મ હોય ત્યાં અધર્મ ન રહે અને જ્યાં અધર્મ હોય ત્યાં ધર્મ ન હોય, મને તો તીર્થોનો આવો માર્ગ દેખાયો છે. મને જે જાણ્યામાં આવ્યું છે તેવું હું કહું છું. ૭.

તીર્થમાં જે પાપ કરે છે તે વજ્રલેપ થઈ જાય છે અને જે લોકો તીર્થમાં રહેતા હોય છે તે પાપથી ડરતા નથી. ૮. હવે, જેણે તીર્થમાં પાપ કર્યા હોય તેનો ઉદ્ધાર કઈ રીતે થાય ? તે બાબતે મારા મનમાં સંશય રહ્યા કરે છે, તો હું આપને તે બાબત પૂછું છું. માટે આપ મારા સંશયને ટાળી દો.' ૯. ત્યારે શ્રીહરિ બોલ્યા, 'હે રાજન ! સાંભળો, તમે તો ઘણા શાણા- સમજણા છો. તમે જે પ્રશ્ન કર્યો છે, તે સહુના હિતને વિચારીને કર્યો છે. ૧૦.

❋ તીર્થોનું તીર્થત્વ સત્પુરુષ છે :

સત્પુરુષના સમાગમ સિવાય કોઈને તીર્થ ફળીભૂત થતું નથી. જેમ લાકડું અને અગ્નિ બંને સાચા છે પણ તેના જાણકાર પુરુષ વિના તે લાકડામાં

અગ્નિ થાતો નથી. ૧૧. જ્યારે કોઈ સત્પુરુષ મળી આવે ત્યારે તેમાં પ્રતીતિ લાવીને તેને સેવવા જોઈએ. સત્પુરુષ પોતાના મુખથી જે વચન કહે, તે વચનને તત્પરતાથી પાળવું જોઈએ, કહે તેમ કરવું જોઈએ. ૧૨.

दोहा : सतपुरुष ओलखना, मुख्य साधन हे एहि;
सतपुरुष के संग विन, मोक्ष न होवत केहि...१३
तीर्थ को फल हे ईतनो, संत मिले कोउ काल;
संत मिलावे हरि कुं, संशय सब हि टाल...१४

સત્પુરુષને ઓળખવા એ જ મોક્ષનું મુખ્ય સાધન છે. સત્પુરુષના સમાગમ વિના કોઈનો મોક્ષ થાતો નથી. ૧૩. તીર્થનું ફળ એટલું છે કે ત્યાં કોઈ વખતે સાચા સંત મળી જાય. પછી તે સાચા સંત ભગવાનને મેળવી આપે અને બધા જ સંશયોને ટાળી દે છે. ૧૪.

सोरठा : अनादि जो अग्यान, ताकुं संत देखाई देत;
संत विन होत न ज्ञान, वेदशास्त्र पढेउ कबु...१५

જીવમાં અનાદિકાળનું જે અજ્ઞાન રહ્યું છે તેને સંત ઓળખાવી દે છે. વેદ અને શાસ્ત્ર ભણ્યા હોય તો પણ સંતના સમાગમ વિના ક્યારેય જ્ઞાન થાતું નથી. ૧૫.

સંતોના સમાગમમાં જ મોક્ષ રહ્યો છે. શાસ્ત્ર ભણ્યા હોય છતાં તેને મોક્ષની ખબર પડતી નથી. પણ જેને સંતપુરુષ મળે તેને તે સંત તુરંત મોક્ષનો ઉપાય બતાવી દે છે. ૧૬. જે લોકો વેદોને અને શાસ્ત્રોને ભણ્યા હોય પણ તેને જો સત્પુરુષનો સંગ ન હોય તો તેનાથી મોક્ષમાર્ગ ઘણો દૂર છે. તેના હૃદયમાં હંમેશાં વિભ્રાંતપણું રહ્યા કરે છે. ૧૭. શબ્દોની જાળ ઘણી વિકટ છે તે કોઈ રીતે ઓળખાતી નથી. જેમ પતંગિયું આગને દેખે છે ત્યારે તેને પોતાનું પ્રિય સમજીને તેમાં પડે છે અને પોતાના પ્રાણને ખુએ છે તે રીતે જ મનુષ્ય સમજ્યા વિના ભ્રમી જાય છે. ૧૮.

अनंत वात को फल हे एता, सतपुरुष कुं ओलखना तेता;
सतपुरुष ओलखाये जबहु, साधन अनंत पुरे भये तबहु...१९

અનંત વાતોનું એટલું જ ખરું ફળ છે કે મનુષ્યે સત્પુરુષને ઓળખવા જોઈએ. જ્યારે સત્પુરુષ ઓળખાઈ જાય ત્યારે તેના અનંત સાધન પૂરા થઈ જાય છે. ૧૯.

જ્યાં સુધી સંત નથી ઓળખાણા ત્યાં સુધી તેણે કાંઈ જ કર્યું નથી. તેને તો મનુષ્ય દેહ મળ્યો છે તો પણ તે ન મળ્યા બરાબર છે. હે રાજન્ ! બીજું તો શું કહેવું ? ૨૦. સંત ન ઓળખાય તો ભણેલા શાસ્ત્રો પણ ન ભણ્યા બરાબર છે. તીર્થધામની યાત્રા અનંતવાર કરે તો પણ ન કર્યા બરાબર છે. અમે આટલો સિદ્ધાંત જે માનીએ છીએ, જાણીએ છીએ તે તમારી આગળ કહ્યો.' ૨૧.

ત્યારે જામસાહેબ હાથ જોડીને બોલ્યા, 'પ્રભો ! મારી એક વિનંતી આપ સાંભળો. કોઈ માણસને મોક્ષનો ખપ નથી, તેમને તો સ્ત્રી અને ધનનો જ ખપ છે, તે તેને ચાહે છે. ૨૨. જે નારી અને ધન આપે, એવા પુરુષની જ સહુને જરૂર છે. જે નારી અને ધન ન આપે એવા પુરુષને કોઈ સેવતું નથી. ૨૩. બીજો કોઈ ધર્મ હોય કે ન હોય પણ નારી અને ધન, એ બે ને ધર્મ જાણતા હોય છે. જો નારી અને ધન ન રહે તો ઘરનો ત્યાગ કરીને જોગી થાય છે. ૨૪. સ્ત્રી અને ધનને મેળવવા ઊંચા હાથ રાખીને તપ કરે, કોઈક જોગી અનાજ ખાય નહિ, કોઈક પંચાગ્નિ તાપે, કોઈક દિગંબર થઈને ફરે, એવા સાધન કરે છે પણ વાસના ટળતી નથી. ૨૫. પણ આજે તો જેવો અધિકારી શિષ્ય તેવા જ ગુરુ થયા છે. અત્યારે તો આવો કાળ આવ્યો છે. હવે આપ ઘણા જ સમર્થ પુરુષ પ્રકટ થયા છો માટે તે અશુભ કાળને પણ ફેરવી નાખો. ૨૬. અમે તો અત્યારે આ જગતમાં આપને જ સંતપુરુષ માનીએ છીએ. અને બીજા અનેક મત-પંથ છે પણ તે બધા પેટ ભરવાના સાધનરૂપ છે. ૨૭.

અત્યારે તો જે ઠગ, વ્યભિચારી, હિંસા, ચોરી વગેરે કરતા હોય અને દારૂ પીતા હોય તથા અનેક જાતના ફેલ કરતા હોય, આવા પાપી મનુષ્યો પણ આપના ભક્તોનું અપમાન કરે છે. ૨૮. અમને તો આવું દેખાય છે. આપ બધી વાતોને જાણો છો, તે બોલવામાં જ ઓળખાઈ જાય છે. પાપીઓ તો પાપના ઘડા ભરે છે. ૨૯. પાપી લોકો પોતાને જ હાથે

પોતાનું મોક્ષરૂપ કામ બગાડે છે. કરોડો વાર નરકમાં જાય તો પણ એ નકટાને લાજ ક્યાં આવે છે ? ૩૦.

એટલા માટે જ હું આપની પાસે વર માગું છું કે મને એવા નકટાનો સંગ ન થાય. જ્યારે ત્યારે પણ મને આપના સંતનો સમાગમ આપજો. એવો અખંડ વર આપો. ૩૧. આપના સંતનો સમાગમ રહે અને દુર્જન પુરુષથી મારી મતિ ડરતી રહે, **અમારાથી આપનું ગમતું હોય તે જ થાય અને અમારું ગમતું હોય તે નિષ્ફળ થાય** એવો હે સ્વામિન્ ! આપ કૃપા કરીને મને વર આપો. આપ બહુનામી અને અધમોદ્ધારક છો. હું રાજા છું પણ બાળક જેવો છું. ન ખપતું પણ ખવાઈ જાય છે. ૩૨-૩૩.

પાપના પહાડોમાં હું ભૂલો પડી ગયો છું. મને કોઈ મારગ સુઝતો નથી. જે બુદ્ધિશાળી વિપ્રો છે તેમણે અમને તેવા કુમાર્ગે ચઢાવી દીધા છે. ૩૪. મહાભારત અને રામાયણના દૃષ્ટાંતો આપીને મોટા મોટા રાજાઓ પણ તે પાપને માર્ગે ચઢી ગયા છે. વિપ્રો 'બધા રાજાઓનો આ ધર્મ છે' એમ કહીને દારૂ માંસનું ભક્ષણ કરાવે છે. ૩૫. તે વિપ્રો અમારું વર્ષાસન ખાતા હોય છે. અને અમે પાપ કરીએ છીએ તે તેમને ગમે છે. જે બ્રાહ્મણ થઈને આવું બતાવે તે સમજણને કેવી માનવી ?' ૩૬. ત્યારે સર્વના અંતર્યામી એવા શ્રીસહજાનંદસ્વામીએ વિચારીને કહ્યું કે, ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ, આવા ત્રણ પ્રકારના વિપ્ર હોય છે. ૩૭. એક ઋષિ વિપ્ર છે તેને ઉત્તમ જાણવા. બીજા દેવ વિપ્ર છે તેને મધ્યમ જાણવા અને જે ભૃગુકુળના છે તે કનિષ્ઠ વિપ્ર છે. ૩૮. જે વિપ્ર થઈને મદ્ય-દારૂ અને માંસ ખાવાનો રસ્તો બતાવે છે તે વિપ્રને તો રાવણ કુળના જાણવા. તેની ક્રિયામાં જ રાવણપણું-રાક્ષસપણું પ્રગટ દેખાય છે. ૩૯.

दोहा : अति द्रव्य जेहि मिलत हे, होवत तेहि उनमत;
मन चाहे सो करत तेहि, अंत्ये सो बूरी गत...४०

જેને વધારે પડતું ધન મળ્યું હોય તે ઉન્મત્ત થઈ જાય છે. પછી તે મનફાવ્યું કર્મ કરે છે. અને તેની ભૂંડી ગતિ થાય છે. ૪૦.

જમરાજ તેને એટલો બધો માર મારે છે કે તેનું વર્ણન મુખથી થઈ શકાતું નથી. ઉપર કહેલી શાસ્ત્રની વાતને જે માનતા નથી તેને પાછળથી ચીસો પાડવી પડે છે. ૪૧. જેને રોગ થયો હોય તેણે કરી પાળવી જોઈએ. પણ અત્યારે બધાને કરી પાળવી કઠણ લાગે છે. અને અંતે કરી પાળ્યા વિના તો રોગ ક્યારેય જાય નહિ. તેમજ શાસ્ત્રે બતાવેલા સંયમ-નિયમ રાખ્યા સિવાય ભવરોગ ક્યારેય મટવાનો નથી. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'જામસાહેબે શ્રીહરિની પૂજા કરી અને તેના પ્રશ્નના ઉત્તરમાં સંતપુરુષની દુર્લભતા બતાવી' એ નામે સત્તાવીશમો તરંગ સમાપ્ત ॥૨૭॥



પૂર પાંચમું : તરંગ - ૨૮

સંતોનું ગૌરવ, શક્તિપંથીઓનું પાપ અને તીર્થમાં લેવાતો દંડ, તે બાબતનો વિચારો

વળી હૈયામાં હેત લાવીને શ્રીહરિએ ફરીને જામસાહેબને કહ્યું, "મનમાં સ્નેહભાવ રાખીને આ સંતોનું ચિંતવન કરજો. ૧. **જે સંતોનું ચિંતવન કરે છે તેને જન્મ, મરણ, જમપુરી અને લખચોરાશી, એ ચારે પ્રકારના દુઃખ ટળી જાય છે.** ૨. જે મનમાં અતિશય પ્રેમભાવ રાખીને આ સંતોને જમાડે છે, ચંદન, પુષ્પો અને વસ્ત્રોએ કરીને જે વારંવાર પૂજે છે. તે સંતોની સેવા કરનારો જે જે લોકમાં જાય છે ત્યાં તેને દેવતાઓ પૂજે છે. આ અમારું વચન સત્ય જ છે. યોગ્ય સમય આવે ત્યારે તેનું ફળ દેખાય છે. ૩-૪.

જે લોકો આ સંતોનું વચન માને છે તે તત્કાળ ધર્મમાં વર્તવા લાગે છે. **જે ભગવાન પ્રકટ કહેવાય છે તે આવા સંતોની મધ્યમાં રહે છે. ૫. આ સંતોનો જેને વિશ્વાસ આવે છે, તે તત્કાળ અક્ષરધામને પામે છે. આવા સંતોનો સમાગમ જે કરે છે તેમને અક્ષરધામ દૂર નથી.** ૬.

આ બધા સંતો આવા મહાન છે. હે રાજન ! તમે તો બુદ્ધિશાળી છો એટલે બધું સમજો જ છો." શ્રીહરિએ કહેલી આવી વાતો સાંભળી, તેથી

રાજાના મનમાં ઘણો જ આનંદ થયો. જે મનમાં સમાતો ન હતો. ૭. તે દિવસ નૃસિંહચતુર્દશી હતી. ભક્તો હેતથી તે ઉત્સવ કરતા. જ્યારે સંધ્યા સમય થયો ત્યારે બધા હરિભક્તો આવ્યા. ૮. કેસરયુક્ત ચંદને કરીને તે સહુએ શ્રીહરિની પૂજા કરી. ઘણા ફૂલહાર પહેરાવ્યા. અને તે સમયે મસ્તક ઉપર ખૂંપ ધરાવ્યો. ૯. ભુજાઓ ઉપર બાજુબંધ બાંધ્યા અને હાથમાં ગજરા ધરાવ્યા. અપાર શોભા થઈ. ધૂપ, દીપ આદિ કરીને પછી આરતી ઉતારી. આ રીતે સર્વ હરિભક્તોએ લાભ લીધો છે. ૧૦. મશાલો અને દીવાઓ અનેક પ્રકારના કર્યા હતા. તે શોભાનું વર્ણન કરી શકાતું નથી.

જ્યારે રસોઈ તૈયાર થઈ છે, એવા સમાચાર મળ્યા એટલે તે વખતે શ્રીહરિ ઊઠ્યા. ૧૧. ત્યાં જમવા બેસવા માટે ઘણો સારો મંડપ બનાવ્યો હતો. સુખકારી શ્યામ સુંદર શ્રીહરિ તે મંડપની વચ્ચે બેઠા. એક સુંદર સોનાનો બાજોઠ હતો તેના ઉપર બેસીને પ્રથમ ચરણ અને પછી હાથ ધોયા અને પછી રૂમાલથી લૂછ્યા. અનંત પ્રકારના ભોજન બનાવ્યા હતા. તેના થાળ ભરી ભરીને લાવ્યા. ૧૨-૧૩. જામસાહેબ દર્શન કરવા માટે શ્રીહરિની પાસે જ બેઠા. બીજા બધા ભક્તોનો સમાજ ભેગો થઈને દૂરથી દર્શન કરતો હતો. ૧૪. શ્રીહરિની જમવાની ચતુરતા જોઈને જામસાહેબને આશ્ચર્ય થયું. ભગવાન સિવાય આમ ન હોય, શ્રીહરિ જમવામાં અતિશય નિઃસ્પૃહ દેખાયા. ૧૫. તે વખતે શ્રીહરિ ભોજનના વખાણ કરતા હતા, પણ રાજાને તો તેમનું ચિંતન કરતા ત્યાં ઘણી અલૌકિકતા અને દિવ્યતા દેખાણી. ૧૬. શ્રીહરિ જે થાળ જમ્યા, તેની પ્રસાદી જામસાહેબે માગી લીધી. પછી ગજુભાઈ ઝાલા અને જામસાહેબ, બંને સાથે બેસીને તે પ્રસાદ જમ્યા. ૧૭.

શ્રીહરિની સાથે રહેલા બધા સંતો અને દરબારોને શ્રીહરિએ જમવા બોલાવ્યા. જુદી જુદી બે પંગત કરાવી અને તેમાં સ્વયં શ્રીહરિ પીરસવા લાગ્યા. ૧૮. જ્યારે શ્રીહરિ બધું પીરસી રહ્યા ત્યારે સહુને જમવાની આજ્ઞા કરી. સંતોએ તે બધું ભોજન પાત્રમાં ભેળું કરીને તેમાં પોશ ભરીને પાણી નાખ્યું. ૧૯. તે જોઈને રાજાને તો ઘણો વિસ્મય થયો. દુનિયામાં આવા સંત ક્યાંય દેખ્યા નથી. મનુષ્ય જે જે મહેનત કરે છે તે મુખથી સ્વાદ લેવા માટે

કરે છે. ૨૦. **"સ્વાદુ પદાર્થને સ્વાદ રહિત કરીને જે ખાય, તે સાધારણ મનુષ્ય ન કહેવાય. તે તો મુક્તોમાં પણ મહાન ભારે મુક્ત ગણાય."** જામ સાહેબ આવું વારંવાર બોલવા લાગ્યા. ૨૧. આ સંતોને ભગવાન સિવાય બીજું કાંઈ વ્યસન નથી. બધા જ સંતો સાચો ઉપદેશ કરે છે. નારી અને ધનની તો નજીક પણ જાતા નથી. અજાણતા જો નારીને અડી જવાય તો આ સંતો ઉપવાસ કરે છે. ૨૨.

મોટા મોટા મુક્તોની વાત સાંભળી છે. પણ આવી રીત આપણે ક્યાંય જોઈ નથી. આવા સંતોને દુર્લભ જ કહ્યા છે, પરંતુ મારા આ મોટા ભાગ્ય કે મને તેમનાં દર્શન થયાં. ૨૩. સંતો અને દરબારો જ્યારે જમી રહ્યા ત્યારે શ્રીહરિ ઉતારે પધાર્યા. અને પલંગ ઉપર આવીને બેઠા. તે સમયે જામસાહેબે વિનંતી કરીને કહ્યું, ૨૪. "આ શહેરમાં જેટલા વિપ્રો રહે છે, તે બધા શક્તિપંથી છે. તેમને પાપથી ત્રાસ લાગતો નથી. ૨૫. તેઓ પાપમાં પણ મોક્ષ માને છે. મનમાં ધર્માચરણ ગમતું નથી. છતાં 'ધર્મનો જય થાઓ' આવું સહુ બોલે છે પણ 'પાપનો જય થાઓ' આવું કોઈ બોલતું નથી. ૨૬.

બ્રાહ્મણ હોવા છતાં 'અમે આ શું કરીએ છીએ ?' એવો અંતરમાં લેશ પણ ભય રાખતા નથી. અને ઉપરથી બ્રાહ્મણનો વેશ છે પણ મનમાં તો અંત્યજ કરતા પણ વધારે નીચ છે. ૨૭. તમારા આ સંતો જો આ શહેરમાં ચાતુર્માસ સુધી રહે તો તેમના સમાગમથી તે બધાને સદ્‌બુદ્ધિ પ્રાપ્ત થાય. હું આટલી પ્રાર્થના કરું છું." ૨૮. ત્યારે શ્રીહરિ બોલ્યા, "હે પ્રિય રાજા, તમે સાંભળો. અમારા આ સંતો ક્યારેક અહીંયાં આવે ત્યારે તમે તેમનું ધ્યાન રાખજો. ૨૯.

निरमान संत हमारे रहाई, कटुक वचन कहे कोउ ताई;
सो सब हि सहन करही, मूठ चोट से रती न डरही...३०

मारे देव कोउ अंग में जबही, तोहु सहन करहि सबही;
भिक्षा मागीके जेंवत एहु, जेसो मिले पिष्ट तेसो लेहु...३१

અમારા સંતો નિર્માની છે. તેમને કોઈ દુર્જન કડવું વેણ કહે તો પણ તેઓ બધું સહન કરે છે. તેઓ કોઈની મૂઠ કે ચોટથી રતીભાર પણ ડરતા નથી. ૩૦.

કદાચ તેમને કોઈ શરીરે માર મારે તો પણ તે બધું સહન જ કરે છે. જેવો લોટ મળે તેવો લઈ ભિક્ષા માગીને જમે છે. ૩૧.

તેઓ ઘી કે ગોળ માગતા નથી. જો કંઈ ન મળે તો માત્ર પાણીથી જ ગુજારો કરી લે છે. તેમને ઝાડની છાયા નીચે રહેવું ખૂબ જ ગમે છે. પણ તેઓ કોઈના ઘરમાં રહેતા નથી.” ૩૨.

પછી શ્રીહરિએ વાત કરી કે “અમે સવારે અહીંથી નીકળી જઈશું. હવે તમે ભેળા નહિ થાઓ.” જામસાહેબ શ્રીહરિને રાજી કરવાની રીત જાણતા હતા એટલે પ્રેમથી બોલ્યા, ૩૩. “આ ગજુભાઈ અમારા મામા છે. તે આપના પાકા શિષ્ય થયા છે. તેઓ દ્વારકા સુધી આપની સાથે આવશે. કેમ જે આપને ત્યાંના કોઈ લોકોની સાથે કાંઈ પ્રસંગ-ઓળખાણ નથી. ૩૪. દ્વારકા આપનું પૂર્વનું ધામ છે. પણ અત્યારે તે પૂર્વના હક કામ નહિ આવે. ત્યાં અધર્મી લોકોએ નિવાસ કરી દીધો છે. અને તેઓ તીર્થ કરનારાઓ પાસેથી દાન-દક્ષિણાની આશા રાખતા હોય છે. ૩૫. તેઓ તીર્થવાસીઓને દંડીને પણ મનમાન્યું ધન પડાવે છે. તીર્થયાત્રિકોને જે દંડ કરવો, તે કોઈ મોટા પુરુષનો મત નથી. ૩૬. તીર્થમાં દંડ કરવો, તે શાસ્ત્રોનો મત નથી. અને તીર્થવાસીને જે દંડ કરવામાં આવે છે તેને તો પરલોકમાં ઘણું દુઃખ ભોગવવું પડે છે, તેમ શાસ્ત્રોમાં કહ્યું છે. ૩૭. તીર્થવાસીને દંડ કરવાની વાત જો આપે ક્યાંય સાંભળી હોય તો કહો, કારણ કે આપ તો સાક્ષાત્ પરમેશ્વર છો.” ૩૮.

ત્યારે શ્રીહરિએ કહ્યું, “હે નૃપ ! તમે મારી વાત સાંભળો. જે રાજ્યમાં રાજા અધર્મી હોય છે ત્યાં તીર્થમાં તેઓ દંડ કરતા હોય છે. ૩૯. આમ કરવાથી તે રાજાના કુળનો પણ નાશ થઈ જાય છે. પણ જે એક કુપ્રથા પડી ગઈ હોય તે જલ્દી જાતી નથી. તે અમે તપાસીને જોયું છે. તેમાં ક્યારેય તીર્થનો દોષ હોતો નથી. ૪૦. જે મનુષ્યો તીર્થમાં રહેતા હોય અને તેઓ જો તીર્થવાસીઓને દંડતા હોય તો તેના મૃત્યુ પછી યમરાજા તેને ગળે દોરડું બાંધીને લઈ જાય છે અને યમ તે બધા પાપનું વેર વાળે છે. ૪૧. જે જે મોટા મંદિર હોય છે તેના ખર્ચના નિર્વાહ માટે વિચાર કરીને કોઈ બુદ્ધિમાન મોટા

પુરુષોએ જે રિવાજ પાડ્યો હોય છે તેમાં કોઈને દુઃખ રહેતું નથી, માટે તે રિવાજમાં તો કોઈ દોષ નથી. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'સંતોનું ગૌરવ, શક્તિપંથીઓનું પાપ અને તીર્થોમાં દંડ, તે અંગેના વિચાર કહ્યા' એ નામે અઠ્ઠાવીશમો તરંગ સમાપ્ત ॥૨૮॥



પૂર પાંચમું : તરંગ - ૨૯

શ્રીહરિ જામનગરથી દેવળિયા, ખંભાળિયા થઈને દ્વારકા પહોંચ્યા

પછી જામસાહેબ શ્રીહરિને પગે લાગીને શહેરમાં ગયા અને અધરાત સુધી સંતો-ભક્તોએ કીર્તનગાન કર્યું, તેથી શ્રીહરિ ત્યાં બેસી રહ્યા. ૧. પછી શ્રીહરિ પોઢી ગયા. હરિભક્તો ત્યાં શ્રીહરિની પાસે જ સૂઈ ગયા. સંતો બધા અંતઃસન્મુખ વૃત્તિ કરીને ધ્યાનમાં બેસી ગયા. ૨. જ્યારે અરુણોદય થયો ત્યારે સંતો 'નારાયણ ધૂન' કરવા લાગ્યા. શ્રીહરિ ધૂન સાંભળીને ઊઠ્યા અને બધી સવારી તૈયાર થવા લાગી. ૩. ગજુભાઈ ઝાલા તૈયાર થઈને ત્યાં આવી ગયા. તેઓ આગળ ચાલ્યા અને સવારી તેમની પાછળ ચાલી. ૪. જામનગર મહારાજાનું રાજ્ય ખંભાળિયા સુધી હતું. તે બધો હાલાર દેશ કહેવાય છે. તેમાં ઠેકઠેકાણે નદીઓ અને પર્વતો હતા. ૫. જાતજાતના વૃક્ષો હતા. આંબા વગેરે ફળ-ઝાડના ઠેકઠેકાણે વન હતા. તેમાંથી ઠંડો પવન ચાલ્યો આવતો હતો. ૬.

છ કોશ ચાલ્યા ત્યારે એક અનુપમ નદી આવી. દેવો અને મુનિઓના આરાધ્ય શ્રીહરિએ ત્યાં સ્નાન કર્યું. સહુએ ત્યાં નિત્યવિધિ કરીને ટીમણ કર્યું. ૭. તે પછી ત્રણ કોશ ચાલીને બપોરા કર્યા. શ્રીહરિએ ત્યાં થોડીવાર નિદ્રા કરી. આંબાના સુંદર વૃક્ષ હતા તેથી ત્યાં થોડીવાર મુકામ કર્યો. ૮. જાતજાતના પંખીઓ હતા. તેઓ વૃક્ષ ઉપર બેસીને મધુર ધ્વનિથી ગાન કરી રહ્યા હતા. ત્યાં નજીકમાં જ એક મોટી નદી વહેતી હતી. તેમાં સુંદર નિર્મળ પાણી વહેતું હતું. ૯. જ્યારે ચાર ઘડી જેટલો પણ સમય ન રહ્યો ત્યારે

ત્યાંથી ચાલતા થયા. ગામેગામના લોકો દર્શન કરવા આવતા હતા. ૧૦. શ્રીહરિની સવારી જોઈને બધા નરનારીઓ વિસ્મિત થઈ જતા હતા. આગળ જ્યારે **દેવળિયા** ગામ આવ્યું ત્યાં સુંદરશ્યામ શ્રીહરિ રાત રોકાયા. ૧૧.

નદીને કિનારે રસોઈ બનાવી. બધું સીધું તો સાથે જ હતું. મન માને તેટલા શિરોપૂરી બનાવ્યા. દૂધ તો ગામમાંથી પુષ્કળ આણ્યું. ૧૨. પહેલા શ્રીહરિ જમ્યા. પછી સંતોને બોલાવ્યા. સંતો દરબારોની સાથે જમવા આવ્યા. કોઈ પાછળ બાકી ન રહ્યું. ૧૩. સંતો અને દરબારો સહુ જમીને શ્રીહરિની પાસે આવીને બેઠા. બે મશાલો ત્યાં પ્રકટાવી હતી. તેનાથી અજવાળું ઘણું પડતું હતું. ૧૪. ત્યાં વાજિંત્રો મગાવીને અધરાત સુધી કીર્તન ગાન કરાવ્યું. કાંઈક થોડીવાર વાતો કરીને શ્રીહરિ પોઢી ગયા. ૧૫. જ્યારે અરુણોદય થયો ત્યારે બધા સંતો ઊઠ્યા. જ્યારે તેઓ 'નારાયણ ધૂન' કરવા લાગ્યા ત્યારે શ્રીહરિ પણ જાગ્યા. ૧૬. બધી સવારી તૈયાર થઈ અને તે સમયે શ્રીહરિ પણ અશ્વ ઉપર બેઠા. બધા સંતો તૈયાર થઈને ચાલ્યા.

કેટલાક શસ્ત્રધારી સાથે રહ્યા. ૧૭. શ્રીહરિએ તેમને બોલાવીને કહ્યું, 'અમારી આજ્ઞામાં કોણ રહેશે ? જેણે અમારી આજ્ઞામાં રહેવું હોય તે સાથે ચાલે અને આજ્ઞામાં ન રહેવું હોય તે પાછા વળો. ૧૮. તીર્થવાસી ઉદ્ધત બ્રાહ્મણો જો કદાચ કોઈને ગાળ દે, તો તે બધાએ સહન કરવું. બસ તમારે અમારું વચન સહુએ એટલું જ પાળવાનું છે. ૧૯. કદાચ તેઓ આવીને કોઈને મારે, તો પણ તે બધું સહન કરવું. આમ જે સહન કરી શકે તે અમારી સાથે આવે. અને જે સહન ન કરી શકે તે પાછા વળી જાય.' ૨૦. એક એકને બોલાવીને પોતાને ચરણે હાથ મુકાવીને પ્રતિજ્ઞા કરાવી. નિર્માનીપણાના ધર્મને જાહેરમાં સ્વીકારાવ્યો.

છ કોશ જેટલું ચાલ્યા એટલે વચ્ચે એક નદી આવી. સુખદાયક શ્યામસુંદર શ્રીહરિએ ત્યાં સ્નાન કર્યું. ૨૧. પછી ત્યાં પૂજા વગેરે નિત્ય કર્મ કર્યું. સહુને ટીમણ કરાવી દીધું. બરફી, પેંડા અને પતાસા લઈને શ્રીહરિ જમ્યા. ૨૨. તે સિવાય પાકી કેરી અને કેળા સાથે હતા. તે સહુને અતિ ઉમંગથી આપ્યા. બીજા સહુને આપ્યા વિના મેવા કે મીઠાઈ વગેરે શ્રીહરિ

જમતા નહિ. ૨૩. શ્રીહરિની સહજ પ્રકૃતિ એવી હતી કે બીજાને આપ્યા વિના તેમના મનમાં સંતોષ થતો નહિ. તેમાં પણ જો કોઈ તે દેવાની ના કહે, તો શ્રીહરિ તેને આપવા લીધેલી વસ્તુ ફરી બમણી કરીને આપતા. ૨૪. શ્રીહરિ જમતા હોય, તે સમયે જો કોઈ પણ અન્નાર્થી આવે તો તેને સરસમાં સરસ જે ભોજન હોય તે આપી દેતા. ૨૫. તે અન્નાર્થી જ્યાં સુધી 'ના' ન કહે, ત્યાં સુધી સમય વિચારીને આપતા. જ્યાં સુધી શ્રીહરિ ભૂમિ ઉપર વિચરણ કરતા રહ્યાં ત્યાં સુધી આવા ઉદાર રહ્યા. ૨૬.

પછી ત્યાંથી શ્રીહરિ ચાલ્યા, **ખંભાળિયા** ગામ પહોંચ્યા. ત્યાં રાત રોકાયા અને પછી ત્યાંથી ચાલીને **ગોરગઢ** આવ્યા. ૨૭. ત્યાંથી ચાલ્યા તે **દ્વારકા** પહોંચ્યા અને ત્યાં ગોમતી તીર્થમાં નાહ્યા. પછી મંદિરમાં જઈને સહુએ દર્શન કર્યા. જેટલી મૂર્તિઓ હતી, ત્યાં એકેક શ્રીફળ અને એકેક રૂપિયો લઈને તેમની આગળ ભેટ મૂક્યા. બીજા પણ એક એક શ્રીફળ મૂક્યાં. ૨૮-૨૯. તીર્થવાસી બધા વિપ્રો શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા. હાથ જોડીને પગે લાગ્યા અને નમ્ર થઈને શ્રીહરિ સામે ઊભા રહ્યા. ૩૦. શ્રીહરિ પાસે આવીને તેમણે કાંઈ જ માગ્યું નહિ. ચંદન અને પુષ્પોથી પૂજા કરાવી. જ્યાં સારી જગ્યા હતી ત્યાં ઉતારો કરાવ્યો. ૩૧.

❋ દ્વારકાવાસી લોકોએ સંતોની મહત્તા કહી :

આમ તો શ્રીહરિ જ્યારે દ્વારકા પુરી પાસે આવ્યા ત્યારે મંદિરના કારભારી સવારી લઈને સન્મુખ આવ્યા હતા. તેમણે શ્રીહરિનું સન્માન કરીને પૂરીમાં પધરાવ્યા હતા. ૩૨. દ્વારકાવાસી જે લોકો હતા તે બધાએ શ્રીહરિના જ્યારે દર્શન કર્યા ત્યારે તેમનાં સહુનાં મન અત્યંત નિષ્પાપ થઈ ગયા અને બધા વખાણ કરવા લાગ્યા. ૩૩. આવા સત્પુરુષ જ્યાં વિચરતા હોય છે ત્યાં બધા તીર્થો તો તેમની પાછળ ફરતા હોય છે. જેટલા મોટા ભારે ધામ કહેવાય છે તે બધા આવા સત્પુરુષની સાથે મૂર્તિમાન થઈને રહે છે. ૩૪. આવા મહાપુરુષો તો કારણના પણ કારણ કહેવાય છે. આતો આપણને દર્શન દઈને પવિત્ર કરવા આવ્યા છે. તેમને અહીં આવવાનું બીજું કાંઈ પ્રયોજન હોતું નથી. ૩૫.

અહીંયાં તીર્થ કરવા માટે અનંત પરદેશીઓ આવે છે. તેનો તો કોઈ પાર જ હોતો નથી. આપણે તેની સાથે માર-કૂટ કરીએ છીએ. તેને દંડીએ છીએ તો પણ તે લોકો અહીંયાં આવે છે. ૩૬. તે લોકોને દંડ કરીએ છીએ છતાં આપણને તેઓ પૈસા આપે છે. તેમનાં હૃદયમાં કેટલો બધો ખપ છે ? તેનો લેશમાત્ર પણ આપણને ખપ નથી. ૩૭. મોટા માણસો આપણી દુર્બુદ્ધિ ને જાણે જ છે છતાં તેઓ આપણને દર્શન આપવા માટે અહીંયાં આવે છે. તેમાં કાંઈ શંકા નથી. ૩૮. સ્વામિનારાયણના સંતની રીત કેટલી નિષ્પાપ છે ! જે તેમનાં દર્શન કરે તેના બધા પાપ બળી જાય છે. ૩૯.

ભેખધારીઓ અનંત પ્રકારના છે. બધા ધર્મભ્રષ્ટ થઈને ઘૂમ્યા કરે છે. કોઈમાં કાંઈ સાર નથી. બધા વ્યસની છે અને ધન તથા નારીને રાખે છે. ૪૦. સારમાં સાર તો ભગવાનનું શરણ છે. તે શરણને ભેખધારીઓએ છોડી દીધું છે. પારકું ધન અને પરસ્ત્રીને હરવા માટે અનંત પ્રકારના ભેખને ધારણ કરે છે. ૪૧. ભેખધારીઓ સ્ત્રીને અને ધનને માટે જ તીર્થોમાં વસે છે. પોતે તો લાજ-શરમ છોડી દીધી છે પણ બીજાની લાજને પણ તેઓ લઈ લે છે. ૪૨. તેમને મોટા સિદ્ધ માનીને કોઈ કાંઈ કહી શકતા નથી. પણ જે સ્વામિનારાયણના સંતો ધર્મમાં રહે છે તેને તે ભેખધારીઓ પાખંડી કહે છે. ૪૩.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'શ્રીહરિ જામનગરથી નીકળી દેવળિયા અને ખંભાળિયા થઈને દ્વારકા પહોંચ્યા' એ નામે ઓગણત્રીસમો તરંગ સમાપ્ત ।।૨૯।।



પૂર પાંચમું : તરંગ - ૩૦

દ્વારકામાં મંદિરના કારભારીએ શ્રીહરિની પ્રાર્થના કરી

શ્રીહરિ જ્યારે દ્વારકા પધાર્યા ત્યારે ત્યાં અનંત પ્રકારની શોભા કરી હતી. તેનો કહે પાર આવે તેમ નથી. ૧. તે શોભા જોઈને બધા જ લોકોના હૃદયમાં ઘણો જ આનંદ થયો. આ અવતાર ઘણો જ પ્રબળ થયો છે, એમ ગામના અનેક લોકો વાતો કરતા હતા. ૨. બજારમાં ઘણા લોકો

ઊભા હતાં. તેનો કોઈ પાર જ ન હતો. સહુના મનમાં ઘણી જ પ્રસન્નતા હતી. તેઓ મોતીના થાળ ભરી ભરીને શ્રીહરિને વધાવતા હતા. ૩. અપાર વાજિંત્રો વાગતા હતા. આખી દ્વારકાપુરી ગાજી રહી હતી. બધા દેવતાઓ હરખાતા હતા. તે સમયે તેઓ વિમાનમાં બેસીને ત્યાં આવ્યા હતા. ૪. તેમણે કેસરચંદન અને અપાર પુષ્પોની વૃષ્ટિ કરી. 'જય જય' 'જય જય'ની વાણી બોલતા હતા. તેમજ તેઓ અત્યંત ભાવથી નૃત્ય કરતા હતા. ૫. ગાંધર્વો મુખથી તાન તોડીને પ્રેમથી ગાન કરતા હતા. શ્રીહરિની સાથે જેટલા હરિભક્તો હતા. તેઓ મંગળમય ધોળ રાગના કીર્તન ગાતા હતા. ૬. બંદૂકોના અવાજ પારાવાર થાતા હતા અને રત્નાકર-સમુદ્ર પણ બહુ ગર્જના કરતો હતો.

❋ મૂર્તિ વર્ણન-ધ્યાન :

શ્રીહરિએ શરીરે સોનેરી વસ્ત્ર પહેર્યા હતા અને મોતીના અનંત હાર સોહામણા લાગતા હતા. ૭. મસ્તક ઉપર મોતીના તોરા શોભતા હતા. જેને ચિંતવવાથી લોકોના ચિત્ત ખેંચાતા હતા. બંને કાનમાં મકરાકાર કુંડળ હતા. તે વીજળીની જેમ ચળકતા હતા. ૮. નંગજડિત બાજુ અને પહોંચીઓ ભુજાઓ ઉપર છટાદાર બાંધી હતી. સોનાના કડાં મનોહર હતા. તેની શોભા તો કહી શકાતી નથી. સોનાની વીંટીઓ અને વેઢ બધી જ આંગળીઓમાં ઝગમગ ઝગમગ તેજ કરી રહ્યા હતા. મોતીજડિત શોભાયુક્ત છડી એક હાથમાં પ્રેમથી લીધી હતી. ૧૦. કંઠમાં કૌસ્તુભમણિ સોહામણો લાગતો હતો અને અત્યંત પ્રકાશ કરી રહ્યો હતો. ચરણકમળમાં પહેરેલા ઝાંઝર 'ઘમ ઘમ' અવાજ કરી રહ્યા હતા. ૧૧. મોતી જડિત મોજડીઓ ચરણોમાં પહેરી લીધી હતી. મુખકમળ પૂર્ણચંદ્રના જેવું શોભતું હતું અને ચંચલ દષ્ટિમાં મન લલચાતું હતું. ૧૨. કેસરયુક્ત ચંદન લલાટમાં ઘણી ચતુરતાથી ચરચ્યું હતું અને તેની વચ્ચે પરમ હેત લાવીને કુંકુમનો ચાંદલો કર્યો હતો. ૧૩. સોહામણી નાસિકા એટલી સુંદર દેખાતી હતી કે ત્રિભુવનમાં તેની ક્યાંય ઉપમા જડતી નથી. પાકા ઘિલોડાના જેવા કે પ્રવાળના જેવા હોઠ દેખતા રહીએ છતાં તૃપ્તિ થાતી નથી. ૧૪.

શ્રીહરિનો અશ્વ પણ સોનેરી શણગારોથી ભરપૂર હતો. તેના મસ્તકે નંગજડિત કલગી હતી. તેની શોભા કહી શકાતી નથી. તેને એકએકથી અધિક શોભાદાર ઘરેણાં પહેરાવ્યા હતા. ૧૫. શ્રીહરિની સાથે જેટલા દરબારો હતા તેમણે સોનેરી બખતર પહેર્યા હતા. નવરંગી શસ્ત્રો બાંધ્યા હતા અને હાથમાં ભાલા લીધા હતા. ૧૬. ડંકા અને નિશાન બધા સોનેરી હતા અને ઘોડા ઉપર શોભતા હતા. તે સહુની આગળ ચાલતા હતા અને બજારમાં તો અપાર લોકો છવાયેલા હતા. ૧૭. ચોપદાર શ્રીહરિની સાથે ચાલતા હતા અને તે 'જય જયકાર'ના શબ્દ બોલતા હતા. ત્યારે શ્રીહરિના મસ્તક ઉપર સુવર્ણનું છત્ર ધાર્યું હતું. ૧૮. સોનાના ચામર બંને બાજુ ઢળી રહ્યા હતા. સાથે જે સંતો હતા તે વેદસ્તુતિ બોલી રહ્યા હતા. ૧૯. આ પ્રમાણે ધામધૂમથી ઘનશ્યામ શ્રીહરિ પોતાના મુકામ ઉપર પધાર્યા. લોકો તત્પર થઈને ત્યાં એક મોટો ભારે સારો સોનેરી પલંગ લાવ્યા હતા. ૨૦. શ્રીહરિ આવીને તે પલંગ ઉપર બેઠા. તે સુશોભિત છટાનું વર્ણન કરી શકાતું નથી. મંદિરના કારભારી શ્રીહરિને માટે સાકરનું સીધું લાવ્યા. ૨૧.

❋ શ્રીહરિએ તીર્થ કરવાની રીત કહી :

ત્યારે શ્રીહરિએ કારભારીને કહ્યું, 'અમે ક્યારેય કોઈ મંદિરનું અન્ન ખાતા નથી. જો અમે મંદિરનું અન્ન ખાઈએ તો અમારી યાત્રા નિષ્ફળ થાય. ૨૨. સદાચારની રીત એવી છે કે પ્રેમથી તીર્થ કરવા જાય તેણે ગાંઠના ખર્ચનું ખાવું જોઈએ. અને તેમ કરે, તો જ તીર્થનું ફળ મળે. શાસ્ત્રનો એક એવો નિયમ છે કે જેનું અન્ન ખાય તેને તે તીર્થયાત્રાનું ફળ મળે. ૨૩. તીર્થમાં જઈને જે તીર્થનું અન્ન ખાય તેને મહાન દોષ લાગે છે. તીર્થયાત્રાના ફળની આવી રીત છે તે મેં તમને બરાબર કહી છે.' ૨૪.

ત્યારે કારભારીઓએ બંને હાથ જોડીને કહ્યું, 'આપે વાત સાચી જ કહી છે. તેને અમે જાણીએ છીએ. ૨૫. તીર્થની કોઈ પણ ચીજ ક્યારેય માગીને લેવી નહિ. જે ન લે, તેને જ તીર્થનું ફળ મળે છે. તીર્થ કરનારાને તીર્થનું ફળ મળે એટલે જ મોટાપુરુષોએ આવી મર્યાદા બાંધી છે. ૨૬. તમે તે રીતને જાણો છો. તેથી અમે આવું કહ્યું છે. અમે તે રીતને સત્ય માનીએ છીએ

એટલે તમે અમારી આ એક વિનંતીને મનમાં ધારો. ૨૭. એક વ્યવહારની રીત છે કે કોઈ મોટા માણસ આવે તો તેમનો આદર નિર્મળ પ્રેમ ભાવથી બધી રીતે કરવો. ૨૮.

જેમ ઘરમાં જેટલા લોકો રહેતા હોય, પરંતુ ઘર સમજીને કોઈ આવે તો તેને ઘર નથી બોલાવતું, પણ ઘરમાં જે રહેતા હોય, તેણે આવનારાને બોલાવવા જોઈએ. ૨૯. ઘરમાં રહેનારા જો આવનારાને આદર ન આપે તો ડાહ્યા માણસો તેને 'અબૂઝ' અણસમજુ કહે છે. તેમજ જે તીર્થયાત્રા કરવા આવે તેને તીર્થ નથી બોલાવતું. ૩૦. પણ તીર્થમાં રહેનારા જે અધિકારી હોય તેમણે સમજી વિચારીને આવનારા તીર્થયાત્રીનો સત્કાર કરવો જોઈએ. આવનારો માણસ જેવો હોય તેવો તેનો સત્કાર બુદ્ધિમાન અધિકારીએ કરતા રહેવો જોઈએ. ૩૧.

કોઈ એક યાત્રિકનું સન્માન થયું હોય, તેની વાત અનંત લોકો સુધી પહોંચે. તેને દેખીને બીજા લોકો પણ યાત્રા કરવા આવે. તેનું ફળ સન્માન કરનારાને મળે છે. આવું બુદ્ધિમાન લોકો વિચારે છે. ૩૨. 'તીર્થમાં ગાંઠનું ખર્ચ ખાવું' આવું જે કહ્યું, તે તો ગૃહસ્થોને માટે કહ્યું છે અને તેને અમે સત્ય માનીને પ્રેમથી સ્વીકારીએ છીએ. પણ આપ તો મહાન ત્યાગી અને બ્રહ્મચારી છો. આપે કહ્યો તે દોષ આપને લગારેય પણ ન લાગે. ૩૩. આ દરબારો જે આપની સાથે આવ્યા છે તે કાંઈ તીર્થયાત્રા કરવા નથી આવ્યા. એતો આપના સેવક તરીકે સાથે આવ્યા છે એટલે તેમને પણ કાંઈ દોષ નહિ લાગે. અમારા દિલમાં અત્યંત ભાવના છે. ૩૪. આપની પાસેથી ધન હરવા માટે અમે આ રસોઈનો સામાન નથી આપતા. આપના પ્રતાપથી ધન આપનારા તો ઘણા આવે છે અને હરખથી આપી જાય છે. ૩૫.

આપ તીર્થોમાં મૂર્તિ દ્વારા રહ્યા છો. તે જ આપ અત્યારે મનુષ્યાકારે થયા છો. આપની તે કળાને અમે જાણીએ છીએ. આપને અમારી કાંઈ ગરજ નથી. ૩૬. અમે અમારી ગરજે આપની આગળ હાથ જોડીએ છીએ. આપનું દર્શન દુર્લભ છે. આપ કાંઈ ફરી વાર અહીંયાં આવશો નહિ. ૩૭. આપ જે છોડાવો છો તે અધર્મને તો અમે કરી રહ્યા છીએ. અને તેથી જ આપને

અમારા ઉપર હેત ક્યાંથી થાય ? ૩૮. **આપને ધર્મ વહાલો છે. ધર્મનું પ્રિય કરવા માટે જ આપે અતિ શ્રેષ્ઠ બ્રાહ્મણ કુળમાં ધર્મને ઘેર અવતાર લીધો છે.** ૩૯. આ બાબતને બીજા કોઈ જાણતા નથી. પણ આપના પ્રતાપથી અમે જાણીએ છીએ. આપના એક સંત અહીંયાં આવ્યા હતા, તે અમને બધું કહી ગયા છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'દ્વારકામાં મંદિરના કારભારીએ શ્રીહરિની પ્રાર્થના કરી' એ નામે ત્રીસમો તરંગ સમાપ્ત ॥૩૦॥



પૂર પાંચમું : તરંગ - ૩૧

બેટદ્વારકામાં બ્રહ્મચારી આગળ શ્રીહરિએ પોતાના સંપ્રદાયનું રહસ્ય કહ્યું

સુંદરવર સુખધામ ઘનશ્યામ શ્રીહરિએ કારભારીઓને નિષ્કપટ જોયા, એટલે તેમની રસોઈ લીધી. ૧. બીજા દિવસે દ્વારકાના વિપ્રોને શ્રીહરિએ જમાડ્યા અને હરેકને એકેક કોરી (એ વખતના ચાંદીના સિક્કાનું ત્રીજા ભાગની કિંમતનું એક રૂપાનું કચ્છીનાણું) દાનમાં આપી. ૨.

પછી ત્રીજે દિવસ શ્રીહરિ આરંભડા ગામ આવ્યા. ત્યાંના વિપરીત લોકોને જોઈને તરત નાવમાં બેઠા. ૩. બેટ દ્વારકા આવ્યા. દેવોની મૂર્તિઓનાં દર્શન કર્યાં. તેમની આગળ ભેટ ધરી. ત્યાં બ્રહ્મચારીએ ઉતારો આપ્યો. ૪. ત્યાં જે વિપ્રો રહેતા હતા તેમને શ્રીહરિએ જમાડ્યા અને તે સહુને બોલાવીને એકેક કોરી દાનમાં આપી અને રાજી કર્યા. ૫.

શ્રીહરિની અલૌકિક રીત દેખીને તે વખતે વિપ્રો બોલ્યા, 'અમારે માટે આશ્ચર્યની વાત જ એ છે કે આપ અહીં શા માટે આવ્યા હશો ? ૬. જે દિવસથી યાદવોને શાપ થયો હતો તે દિવસથી અહીં પાપ જ થયા કરે છે. અહીંના જે રાજા હોય છે તે નાવમાં ચોરી કરાવે છે. ૭. તે રણછોડજીને નામે ચોરીનો અધર્મ કરે છે. અત્યારે આપના પગલાં અહીં પડ્યા છે તો આટલો અધર્મ ટાળો. ૮. આપ જ્યારે આવો સંકલ્પ કરશો ત્યારે આટલો

અધર્મ અહીંથી જાશે.' ત્યારે શ્રીહરિએ કહ્યું, 'શ્રીકૃષ્ણ ભગવાને જે ધાર્યું હશે તે થાશે. ૯. તમારું અને અમારું ધાર્યું કાંઈ કામ નહિ આવે. શ્રીકૃષ્ણ જ ધર્મના બેલી છે, ધણી છે અને તેઓ જ કાયમ ધર્મની સાથે રહે છે. ૧૦.

શ્રીકૃષ્ણ ભગવાન અહીં વિચર્યા છે, એટલા માટે અમે આ સંતોના સમાજને લઈને આવ્યા છીએ. આ દ્વારકાને શ્રીકૃષ્ણની રાજધાની ભાગવતમાં લખી છે. ૧૧. તેને જોવાનો મનમાં ભાવ રહ્યા કરતો હતો. આ દેશ કેવો હશે ? તે પણ જોવાનું હતું. ત્રણ ધામની યાત્રા તો અમે કરી આવ્યા છીએ. પણ અહીંની અભિલાષા રહેતી હતી. ૧૨. અહીંયાં અષ્ટ પટરાણીઓની સાથે જે શ્રીકૃષ્ણ રહ્યા છે તેઓ અમને ગિરનાર પર્વતની છાયામાં ઉમંગથી મળ્યા છે. ૧૩. શ્રીકૃષ્ણ ગોલોકમાં જે રીતે રહ્યા છે તે રીતે અમને દર્શન થાય છે. તેથી અહીં આવવાની તો બહુ ઈચ્છા ન હતી, છતાં હરિ ઈચ્છાથી અમે અહીં આવ્યા છીએ. ૧૪. અહીંયા શાપ થયો છે, જ્યાં શાપ થયો હોય ત્યાં શ્રીકૃષ્ણ કઈ રીતે રહે ? હે વિપ્ર ! તમે અહીંયાં રહો છો. માટે તે મારા પ્રશ્નનો ઉત્તર તમે કરો. ૧૫. મને તો આ વાત સમજાતી નથી. તમને જે સમજાતું હોય તે કહો. તમે બુદ્ધિમાન વિપ્ર છો એટલે તમને મેં આ બાબત પૂછી છે. ૧૬.

શ્રીકૃષ્ણની ચોથી પેઢીએ વ્રજનાભ નામે રાજા થયા. તેમણે આ વિશાળ મોટું મંદિર કરાવ્યું અને વિચાર કરીને તેમાં શ્રીકૃષ્ણની મૂર્તિ પધરાવી. ૧૭. આ ધામનું એંધાણ રાખવા માટે તેમણે પ્રેમથી મંદિર બંધાવ્યું. ગોકુળ અને વ્રજ (વૃંદાવન) બંને નંદજીના કહેવાય અને મથુરા તો કંસનું રાજ્ય હતું. ૧૮. પણ આ બેટ તો શ્રીકૃષ્ણે જ વસાવેલ છે. અને તેથી જ આ સ્થાન સહુથી વધારે ગૌરવવાળું કહેવાય. મૂર્તિનો મહિમા તો સ્થાનને લીધે છે. માહાત્મ્ય સમજીને અમે અહીંયાં આવ્યા છીએ. ૧૯.

શ્રીકૃષ્ણ સોળ હજારને એકસો પત્નીઓ તેમજ આઠ પટરાણીઓની સાથે ગોમતીમાં ઘણી બધીવાર નાહ્યા છે. ૨૦. ઉદ્ધવજી, સાત્યકી અને બીજા બધા યાદવો, તે સહુની સાથે પણ શ્રીકૃષ્ણ ઉમંગથી ગોમતીમાં નાહ્યા છે. તેટલા માટે અમે અહીં ગોમતી સ્નાન કરવા આવ્યા છીએ. હવે અહીંથી અમે

માંડવી શહેર જઈશું. ૨૧. કચ્છ દેશમાં અમારા શિષ્યો છે, તે અમારી રાહ જોઈ રહ્યા છે. અમારા ચારે વર્ણના જે શિષ્યો છે, તેમને દર્શન દેવા જવાનું છે. ૨૨. અમે તીર્થમાં પાંચ રાત રહ્યા અને જે ઇચ્છા હતી તે પૂરી કરી.'

ત્યારે ત્યાં બેટમાં રહેનારા જે બ્રહ્મચારી હતા તે શ્રીહરિ આગળ બોલ્યા, ૨૩. 'આપના ગુરુ કોણ હતા ? તેને અમે જાણતા નથી. તેમણે આપનું નામ શું પાડ્યું ? અને કયા સ્થાનમાં પાડ્યું ? અમે તે સ્થાનને પણ જાણતા નથી.' ૨૪.

ત્યારે શ્રીહરિ બોલ્યા, 'વર્ણી, તમે મારી વાત સાંભળો. અયોધ્યા પુરીથી ઉત્તર દિશામાં અમારું ગામ છપૈયા પ્રસિદ્ધ છે. ૨૫. સરવાર દેશના મધ્યમાં ઈટાર નામે શહેર છે. ત્યાં સરવરિયા (સરયૂપારીણ) પાંડે વિપ્રોનું કુળ છે. મોટા રાજાઓ પણ તેમને પૂજ્યપણે માને છે. ૨૬. તેમાં પણ તેર અને સોળ ઘરના વિપ્રો મુખ્ય ગણાય છે. અને તે તેર ઘરમાં પણ અમારું ઘર વિશેષ ઉત્તમ ગણાય છે. તીર્થ કરવા માટે મેં ઘર છોડી દીધું. ૨૭. વનમાં રહીને ઘણું મોટું તપ કર્યું. બધા ધામોમાં ફરતા ફરતા કેટલાક વરસ વીતી ગયા. છેવટે અમે ગિરનારની છાયામાં (પ્રદેશમાં)આવ્યા. ૨૮. ઉદ્ધવજી અયોધ્યામાં વિપ્ર જાતિમાં અજય અને સુમતિને ત્યાં રામ શર્મા નામે પ્રકટ્યા હતા. તેમનું કુળ પણ ઘણું ઉત્તમ કહેવાય છે. ૨૯. તેઓ પણ તીર્થ કરવા નિમિત્તે ઘેરથી નીકળી ગયા. તેમને રામાનુજાચાર્યનાં દર્શન થયાં હતા. તેમણે જ્ઞાનોપદેશ કરીને દીક્ષા આપી. અને તેમનું રામાનંદ વર્ણી આવું નામ રાખ્યું હતું. ૩૦. રામાનંદસ્વામીને સાક્ષાત્ શ્રીકૃષ્ણનાં દર્શન થતા, એવા તેઓ સમર્થ હતા. ગોલોક આદિ ધામોને પણ તેઓ પ્રત્યક્ષ દેખતા હતા. ૩૧.

ગિરનાર પર્વતની છાયામાં તેઓને હું મળ્યો. ત્યારે મને જ્ઞાનોપદેશ કરીને તેમણે શિષ્ય બનાવ્યો. પછી તુરંત મને ધ્યાન કરવા બેસાડ્યો. ૩૨. મને તે વખતે તેમણે દીક્ષા આપીને મારું 'સહજાનંદ' આવું નામ રાખ્યું. શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિ સાથે તેમણે મને તાદાત્મ્ય કરાવી દીધું. ૩૩. મારું 'નારાયણ મુનિ' આવું નામ શ્રીકૃષ્ણે જ ધારણ કરાવ્યું છે. જે સ્વામિનારાયણ નામ છે તે કોઈ સંપ્રદાયમાં બોલાતું નથી. ૩૪. ઉદ્ધવમતના જેટલા શિષ્યો

છે તે બધા સ્વામિનારાયણ નામ ઉચ્ચારે છે. તે જોઈને તથા તેમનો દેખાવ, વર્તન, તિલક, કંઠી વગેરેથી તેઓ તરત જ ઓળખાઈ આવે છે કે આ સ્વામિનારાયણ સંપ્રદાયના છે. ૩૫.

આ કળિયુગમાં સહુથી વધારે શુદ્ધ એવો આ સંપ્રદાય અમે પ્રવર્તાવ્યો છે. કોઈને કયારેય દુઃખ ન થાય એવી રીત અમે અત્યારે પ્રવર્તાવી છે. ૩૬. ચારે વર્ણના મનુષ્યોને અમે આશ્રિત કરીએ છીએ. દારૂ, માંસ, ચોરી અને વ્યભિચાર, એ ચારનો અગણિત મનુષ્યોએ ત્યાગ કર્યો છે. ૩૭. તેનો જ્યારે અંતકાળ આવે છે ત્યારે તે દિવ્ય દેહને પામી, દિવ્ય વિમાનમાં બેસીને ભગવાનના દિવ્યધામમાં જઈને રહે છે. ૩૮. અત્યારે ઉદ્ધવ સંપ્રદાયનો આવો પ્રતાપ છે. પરંતુ જેને પાપ ગમતા ન હોય તે લોકો જ સત્સંગ કરે છે. ૩૯. જમદૂતો દૂરથી જ ઉદ્ધવ સંપ્રદાયના બધા ચિહ્નોને દેખે અને 'સ્વામિનારાયણ' આવા નામની છાપને જો દેખે તો તુરંત સ્વયં તેની નિર્દોષતાને સ્વીકારીને ખસી જાય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગર પંચમ પૂરમાં 'બેટદ્વારકામાં શ્રીહરિએ બ્રહ્મચારી આગળ પોતાના સંપ્રદાયનું રહસ્ય કહ્યું' એ નામે એકત્રીસમો તરંગ સમાપ્ત ॥૩૧॥



પૂર પાંચમું : તરંગ - ૩૨

શ્રીહરિ બેટદ્વારકાથી જળમાર્ગે માંડવી પધાર્યા અને ભક્તોએ સ્વાગત કર્યું

શ્રીહરિએ જે વાત કહી તેને બેટ દ્વારકામાં જેટલા વર્ણીઓ અને વિપ્રો હતા તેમણે સાચી માની લીધી. ૧. શ્રીહરિના પ્રતાપને જોઈને તેમના મનમાં આશ્ચર્ય થયું કે 'આ કોઈ પરમેશ્વરનો અવતાર થયો છે કેમ જે જેમાં અનંત સામર્થ્ય રહ્યું છે. ૨. જ્યારે સૂર્ય ઉદય પામે ત્યારે તેની આગળ તારાઓનું સામર્થ્ય શી ગણતરીમાં ? એવો જ આ કોઈ અવતાર થયો છે. પણ તેઓ સ્વયં પોતાના મુખથી ક્યારેય કહેતા નથી. ૩. કસ્તૂરી કોઈને પોતાની વાત

જાહેરમાં કહેતી નથી પણ તેનો સુગંધ જ ચોતરફ કસ્તૂરીનો પરિચય કરાવી દે છે. કસ્તૂરી ક્યાંય છૂપી રહેતી નથી. તે રીતે જ આ સ્વામિનારાણનો પ્રતાપ જ તેમના પરમેશ્વરપણાનો પરિચય કરાવી દે છે. ૪. અમારા ધન્ય ભાગ્ય છે કે આપે અમને અહીંયાં આવીને દર્શન દીધાં.' આવું કહીને વર્ણીઓએ શ્રીહરિની પૂજા કરી. અંગ ઉપર કેસરચંદન ચરચ્યું અને ઉમંગથી પુષ્પના હાર પહેરાવ્યા. ૫. તેણે ઘણા જ પ્રેમથી મોટી રસોઈ આપી. મનમાં ઘણા જ રાજી થઈને પોતાની નાવ મંગાવી. પછી ખૂબ જ જતન કરીને તે નાવમાં બેસાડ્યા. ૬. નાવ ચલાવનારા ખલાસીને કહ્યું કે 'આ તો અમારાં પ્રાણ છે. તે અમે તમારા હાથમાં સોંપીએ છીએ. તો તમે તેમને માંડવી સુધી પહોંચાડીને આવજો.' આ રીતે બેટના બ્રહ્મચારીએ શ્રીહરિનું ઘણું સન્માન કર્યું. ૭.

પછી ખલાસીઓએ વહાણ રાતે ચલાવ્યું. સવાર થતાં **માંડવી** પહોંચાડી દીધા. ઊતરવા માટેનો બાંધેલો કિનારો જ્યારે આવ્યો ત્યારે ત્યાં વહાણને કિનારે લાંગર્યું. ૮. બે ખલાસીઓએ બંને બાજુ રહીને શ્રીહરિને ઉઠાવી લીધા અને તેમણે જીવની જેમ અતિ જતન કરીને શ્રીહરિને કિનારા ઉપર ઉતાર્યા. ૯. તેથી શ્રીહરિએ પોતાના ભારે કિંમતી સોનેરી બે વસ્ત્ર હતા તે બંને ખલાસીને એકેક આપ્યાં અને તેમને ઘણો જ નાસ્તો પણ આપ્યો અને તેનાથી તેમને ઘણા રાજી કરી દીધા. ૧૦.

પછી શ્રીહરિ અને સંતોએ સ્નાન કર્યું. તેટલીવારમાં ગામમાંથી હરિભક્તો આવ્યા. સુથાર મેઘજી ભક્ત, દેવસીભાઈ અને ટોપણ આદિ ખત્રીઓ. ૧૧. લુહાર વશરામ ભક્ત, સોની લાલજી અને રાઘવજી, શાહ સુંદરજી અને શાહ ચાંપશી, એ આદિ બધા હરિભક્તો હતા. ૧૨. તે બધા આવીને શ્રીહરિના ચરણોમાં પડ્યા. ગદ્ગદ કંઠ થઈને વારંવાર વિનંતી કરતા રહ્યા. શ્રીહરિને ઓચિંતા આવેલા જોઈને સહુ આશ્ચર્ય પામ્યા. ૧૩. અને કહ્યું, 'હે હરિ ! અમને દર્શન દેવા માટે આપ અહીં ક્યાંથી પધાર્યા ? અમે વારંવાર રાતદિવસ આપની રાહ જોયા કરતા હતા.' ૧૪. શ્રીહરિએ તે સહુને એક એક કરીને હેતથી બોલાવ્યા અને પૂછ્યું કે, 'અમારો ઉતારો ક્યાં નક્કી કર્યો છે ? કોઈ જઈને ઉતારાની તજવીજ કરો. ૧૫. તમે ઉતારાનું

નક્કી કરીને આવો પછી અમે શહેરમાં આવીએ. ત્યાં સુધી અમે અહીંયાં રહેશું. તે બાબતનો જે જાણકાર હોય તે ઝડપથી જાય.' ૧૬.

પછી મેઘજીભક્ત સુથાર જે નગરશેઠના કારભારી હતા. તે પુરમાં ગયા અને તેણે શેઠને કહ્યું, 'સહજાનંદસ્વામી નામે અમારા ગુરુ છે. તે અત્યારે અહીં આવ્યા છે. પણ હજી માંડવીની બહાર છે. તેમને માટે ઉતારાની સારી જગ્યા જોઈએ છે. તમે જો ધ્યાન દઈને કાંઈ તજવીજ કરો તો સારી જગ્યા મળે.' ૧૭-૧૮. નગરશેઠને મેઘજીભક્ત સાથે સ્નેહ હતો. તેમણે તુરંત ઉતારાની જગ્યા આપી. તેના તાળા ચાવી મેઘજી ભક્તને સોંપી દીધાં. ૧૯. પચ્ચીસ દિવસ માટે ઉતારાની જગ્યા આપી અને કહ્યું કે 'ત્યાં સુધી કોઈ તમારું નામ નહિ લે.' પછી ઉતારાની જગ્યા સ્વચ્છ કરાવીને બધા શ્રીહરિની પાસે આવ્યા. ૨૦.

સહુએ આવીને કહ્યું કે ઉતારાની જગ્યા મેઘજીભક્તને કારભારીએ અપાવી છે. તે સાંભળીને દયાળુ શ્રીહરિ તત્કાળ ઊઠ્યા અને ઘોડેસવાર થયા. ૨૧. શ્રીહરિએ બધા વસ્ત્ર અને આભૂષણ સોનાના પહેર્યા હતા. ઘોડાને પણ સોનેરી સાજથી શણગાર્યો હતો. ડંકા અને નિશાન વગેરે શ્રીહરિની સાથે હતા. તેને અતિશય ઉમંગથી વગાડતા હતા. ૨૨. હરિભક્તો પણ જે વાજિંત્ર લાવ્યા હતા તે પણ બધા વગાડતા હતા. શ્રીહરિની સાથે જ બધા દરબારો હતા તેની શોભા પણ સૂર્યના જેવી હતી. ૨૩. જેટલા સંતો શ્રીહરિની સાથે હતા તેઓ પણ હરખભેર શ્રીહરિની આગળ ચાલતા હતા. માંડવી શહેરના દરવાજા પાસે આવ્યા. શહેરની શોભા અદ્‌ભુત હતી. ૨૪. 'શ્રીહરિ પધારે છે' એમ સાંભળીને બધા શહેરવાસીઓ મનમાં પ્રસન્ન થયા અને બધી બજારો સ્વચ્છ કરાવી. ૨૫. પ્રત્યેક ઘરના દરવાજા આગળ અને બજારમાં કેળના સ્તંભ રોપાવી દીધા. દરવાજાઓને સુંદર રીતે સુશોભિત કર્યા. ૨૬. હરેક દરવાજે મોતીના તોરણ બાંધી દીધા અને મોતીના થાળ ભરી ભરીને શહેરની સ્ત્રીઓ ભવનના ગોખ અને અટારીઓ ઉપર ચઢી અને રાહ જોઈને ઊભી રહી. શ્રીહરિએ શહેરમાં પ્રવેશ કર્યો. બજારમાં લોકોની ઠઠ જામી હતી.

શ્રીહરિએ નટવરના સમાન સુંદરવેશ અંગો ઉપર ધારણ કર્યો હતો. ૨૭-૨૮. બધા જ પુરુષો હાથમાં શ્રીફળ લઈને આવતા અને તે શ્રીહરિના ચરણોમાં મૂકીને પગે લાગતા. કેટલાક તો ફૂલહાર પહેરાવતા હતા. પહેરાવેલા હારનો તો કોઈ પાર રહ્યો ન હતો. ૨૯. કેટલાક ભાવિક લોકો કેસરી ચંદનથી પૂજા કરતા હતા. શહેરની સ્ત્રીઓ જે ગોખમાં ઊભી હતી તે બધી શ્રીહરિને વધાવવા માટે મોતીની વૃષ્ટિ કરતી હતી. ૩૦. કેટલાક લોકો તો હરખમાં ગુલાલ લઈ આવતા અને ઉડાડતા હતા. શ્રીહરિ જ્યારે શહેરના માણેકચોકમાં આવ્યા ત્યારે શહેરના કારભારી શ્રીહરિની સન્મુખ આવ્યા અને બંને હાથ જોડીને વિનંતી કરી. તેઓ ગોસાઈજીના મુખ્ય શિષ્ય હતા. તેઓ સવારીની સાથે ચાલ્યા. ૩૧-૩૨.

શ્રીહરિના મસ્તક ઉપર સોનેરી છત્ર ભક્તજન ધારી રહ્યા હતા. વળી સોનેરી ચામર બંને બાજુ ઢળતા હતા. ૩૩. બધા જ લોકો શ્રીહરિની મનોહરમૂર્તિ જોઈને પ્રેમમગન થઈ જોતા જ રહેતા હતા. તે બધા નરનારીને દર્શન કરતા તૃપ્તિ થતી ન હતી. ચોપદાર આગળ રહીને નેકી પોકારી રહ્યા હતા. ૩૪. આ રીતે શ્રીહરિ ઉતારે આવ્યા. ત્યાં સિંહાસન જેવું ઘણું સારું બેસવા માટેનું આસન હતું. તેના ઉપર શ્રીહરિ પ્રેમથી બેઠા. શહેરના ઘણા મોટા મોટા માણસો હતા, તે બધા આવીને આગળ બેઠા. ૩૫. બધા સંતો શ્રીહરિની પાસે બેઠા અને દરબારો પણ આવીને પાસે બેઠા. શ્રીહરિ અને સંતોની રીત જોઈને બધા માંડવીવાસી લોકો ઘણા રાજી થયા. ૩૬.

શહેરી લોકોની આગળ શ્રીહરિ સંતોના પવિત્ર ધર્મ કહેવા લાગ્યા. સંતોના ભાગવતમાં જે ત્રીસ લક્ષણ કહ્યા છે, તેના નામ ગણાવી દીધા. અને કહ્યું, ૩૭. આ બડભાગી સંતો આઠ પ્રકારે સ્ત્રીનો ત્યાગ રાખે છે. તેમજ તેઓ ધનનો પણ ત્યાગ રાખે છે. ૩૮. આ સંતો સદાય નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિઃસ્નેહ અને નિઃસ્વાદ એ પાંચ વ્રતમાન રાખે છે તેમજ તેઓ કામાદિ દોષોથી ક્ષોભ પામતા નથી. ૩૯. આ સંતો તો આત્મનિષ્ઠ છે, તેમણે બધા જ પંચવિષયનો ત્યાગ કર્યો છે, તેઓ દેહના અભિમાનથી રહિત છે પણ સ્વધર્મ પાળવામાં તો માન રાખે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'શ્રીહરિ બેટદ્વારકાથી જળમાર્ગે માંડવી પધાર્યા અને ભક્તોએ સ્વાગત કર્યું' એ નામે બત્રીસમો તરંગ સમાપ્ત ॥૩૨॥



પૂર પાંચમું : તરંગ - ૩૩

શ્રીહરિએ માંડવીમાં પુરજનો આગળ પોતાનું મંતવ્ય કહ્યું

શ્રીહરિ સભામાં બધી વાતો વેદો અને શાસ્ત્રોને અનુસારે કરતા. પુરજનો કહેતા કે આપની વાત સાચી છે અને આપનો ધર્મ પણ સાચો છે. ૧. આપના મત-સંપ્રદાય વિના જગતમાં બીજા જે જે સંપ્રદાયો છે. તેમાં મોટા ભાગે ધર્મમર્યાદાને છોડી દીધી છે. અને ધર્મ ત્યાગ કર્યો હોવા છતા તેમના મનમાં તેનો ત્રાસ પણ નથી. ૨. આજે તો મોટે ભાગે વેદ અને શાસ્ત્રોનું જે અધ્યયન કરે છે તે પણ અધર્મ કરવાને માટે કરે છે. અને જે ગુરુ થાય છે તે પણ અધર્મ કરવાને માટે થાય છે. ૩. તેવા અધર્મી ગુરુઓ શિષ્યને ઉપદેશ કરે છે કે 'મોક્ષ કાંઈ દૂર નથી, તે મેળવવો કાંઈ કઠિન નથી. અજ્ઞાન છૂટવું જોઈએ. જ્યાં સુધી અજ્ઞાન હોય ત્યાં સુધી મોક્ષ થતો નથી. ૪.

પ્રેમ જ ભગવાનનું ધામ કહેવાય છે, તે અજ્ઞાની મનુષ્યને ક્યારે પ્રાપ્ત થાય ? જ્યારે મનુષ્યને પ્રેમનો માર્ગ મળી જાય છે ત્યારે તેના ઉપરથી જમપુરીનું દુઃખ ટળી જાય છે. ૫. પ્રેમનો પ્રવાહ તે નિર્ગુણ ધામ છે. પ્રેમરૂપ ભક્તિ વિના બધું નકામું છે. પ્રેમધર્મ તે સર્વ ધર્મોમાં ભારે છે, ગૌરવપૂર્ણ છે.' આવો ઉપદેશ વ્યભિચારી ગુરુઓ કરતા હોય છે. ૬. પ્રેમરૂપ ધર્મ જેને મુખ્ય હોય તેને કાંઈ પાપ લાગતું નથી. પ્રેમરૂપી ધર્મ મહાબળવાન છે અને તેની સમક્ષ બીજા બધા ધર્મો મજૂરના જેવા છે. ૭.

પ્રેમ સિવાયનો ધર્મ તો લૂખો ગણાય, તેનાથી કોઈની ભૂખ ક્યારેય ભાંગતી નથી. બીજા ધર્મોનો તો કોઈ પાર જ નથી. તેને રાખીને અર્થાત્ પાળીને મનુષ્ય મરી જાય પણ સંસારનો પાર આવતો નથી. ૮. આવા પાખંડી ગુરુઓ પ્રેમધર્મથી જે વિમુખ હોય તેને તેમાં બાંધવા માટે આવું

કહે છે, પણ હે બહુનામી સ્વામી ! વાસ્તવમાં પ્રેમધર્મ શું છે ? તેને અમે જાણતા નથી. ૯. કેટલાક એવું કહે છે કે જો ઈર્ષા તજવામાં આવે તો પરમેશ્વર તેની આગળ જ ઊભા છે. કેટલાક તો એમ કહે છે જો તમે દયાળુ થાઓ તો તમારા બધા પાપ ધોવાઈ જાય છે. ૧૦. અને બ્રહ્મ જ્ઞાનીઓ એવું બોલે છે કે બ્રહ્મજ્ઞાન થયા સિવાય મોક્ષ ક્યાંથી થાય ? આવા આ દુનિયામાં અનંત મત છે. અને તેના ધર્મો પણ જુદા જુદા હોય છે. ૧૧. પોતપોતાના મતમાં તત્કાળ અને અવશ્ય મોક્ષ થઈ જાય, સહુ આવું બતાવે છે અને તેનાથી ચિત્તમાં ભ્રાંતિ થઈ જાય છે કે આ વિભિન્ન મતોમાં સાચું કોણ ? ૧૨. ગુરુની જેવી રુચિ હોય તે રીતે તેઓ મોક્ષ બતાવે છે, તો આપ મોક્ષ કઈ રીતે માનો છો ? તે કહો. અમે સાંભળવા ચાહીએ છીએ." ૧૩.

ત્યારે શ્રીહરિએ પુરજનોના પ્રત્યે કહ્યું, "બુદ્ધિમાન સજ્જનો ! તમે સાંભળો. તમારો આ પ્રશ્ન શાસ્ત્રના મત પ્રમાણે છે. ૧૪. હવે અમે શાસ્ત્રના મતને અનુસરીને તમારા પ્રશ્નનો ઉત્તર કરીએ છીએ. જેની જેવી રુચિ, એ પ્રમાણે બીજા મતો તો અપાર છે. ૧૫. પોતપોતાની રુચિ પ્રમાણે માનવાથી ક્યારેય મોક્ષ થાતો નથી. જેનું બધું વર્તન ઉચ્ચકોટીનું હોય તે જ ઊંચી દશાને પામે છે. ૧૬.

❋ સાચા ગુરુ મળ્યા વિના મોક્ષ થવો અશક્ય છે :

ચાર આશ્રમના મનુષ્ય હોય કે પછી ભલે તે વિપ્ર જાતિના હોય, પણ જે લોકો શુદ્ધ વર્તન વિના મોક્ષ થાય, એવું કહે છે તેમને અમે અસુરની જાતિના કહીએ છીએ. ૧૭. **ભલેને મનુષ્ય ભણી ભણીને અનંત જન્મ ખોવે પણ શુદ્ધ વર્તન વિના મોક્ષ થાય નહિ તેમજ શુદ્ધ ગુરુ મળ્યા વિના પણ ક્યારેય શુદ્ધ મોક્ષ થાય નહિ.** ૧૮.

જેને માયિક પંચવિષયમાં રાગ હોય તેનો મોક્ષ તો જમપુરીમાં જવું તે જ છે. આવો અમારો શુદ્ધ સિદ્ધાંત છે. હવે જે તમારો સિદ્ધાંત હોય તે કહો. ૧૯. સારા સુજ્ઞ બનીને ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યનો ઉપદેશ કરે, વળી આત્મનિષ્ઠા ઘણી જ દેખાડે, બધી જ નારીઓને રાક્ષસી કહે, ૨૦. પિંડ અને

બ્રહ્માંડને ખોટા કહે, વિષયને વિષ્ઠા જેવા કહે; આવું જ્ઞાન લોકોને કહીને મિથ્યા મોટા થાય છે, અને ત્યારે તેવાને સહુ લોકો પ્રમાણ કરે છે. ૨૧.

પછી નિધડક થઈને લોકો તેમનો વિશ્વાસ કરે અને કહે કે આ ગુરુમાં કોઈ જ દોષ નથી. પણ તે જ ગુરુ યુક્તિ કરીને પછીથી વિષયનો સંગ્રહ કરે. ૨૨. ઉપરછલો ત્યાગ બહુ દેખાડે, શરીરને સૂકવીને લાકડાં જેવું કરી નાખે, શબ્દે શબ્દે વિષયની નિંદા કરે, તેનાથી બધા લોકો તેને વશ થઈ જાય છે. ૨૩. અને જ્યારે તેઓ પોતાને બરાબર પાકા આધીન થઈ જાય છે ત્યારે તે લોકોને તેનો ક્યારેય અવગુણ-અભાવ આવતો નથી. તેથી પાખંડી ગુરુ જે જે ક્રિયા કરે તેને સવળી લે. ગુરુ 'ના' 'ના' કહે છતાં યુક્તિએ કરીને સેવા કરે. ૨૪. કરોડપતિ શાહુકાર હોય, તે આખા જગતને ધૂતતો હોય છે. પણ કોઈને તેની ખબર પડતી નથી. તેના ભેદને તો કોઈ જાણભેદુ જ જાણે છે. ૨૫.

✳ સાચુ ધન શું ? :

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને આત્મનિષ્ઠા, આ પાંચ, બધા જ ધનમાં સહુથી અધિક મોટું ધન છે. ૨૬. **બીજા ધનમાં ક્યારેક વિઘ્ન આવી શકે છે. પણ આ પાંચ ધનમાં કોઈ જાતનું વિઘ્ન આવતું નથી. તે વાતને જ્ઞાનીજનો મનમાં સમજે છે. માયિક ધન અને પાંચ સદ્‌ગુણરૂપી ધન છે, તેમાં જે ચિંતવે છે તે તેના માટે તૈયાર છે.** ૨૭. આ પાંચ સદ્‌ગુણરૂપી ધનમાં જો તેની કળ આવડે તો આ લોકનું અને પરલોકનું એમ બંને પ્રકારનું ફળ રહ્યું છે. અને કળ આવડ્યા વિના તો તે ભિખારી જેવો થઈને ફરે છે. ૨૮. જ્ઞાનની કળ શીખ્યા વિના મનુષ્ય સંસારમાં ધૂળધાણી થઈ જાય છે. કોણ રાજા ? કોણ શાહુકાર ? કોણ ગુરુ ? કોણ વેપારી ? ભલેને ગમે તે હોય ! ૨૯. પરંતુ અંતે તે બધા જ્ઞાનની કળ વિના તો ખુવાર થઈ જાય છે. અને પંચગુણરૂપી જ્ઞાનાત્મક કળ વિના માયિક ધનને માટે તો અપાર લોકો દંડાય છે. જેને જેમાં આસ્થા હોય તેને તેનો ક્યારેય અભાવ આવતો નથી. ૩૦. જેને આસ્થામાં કચાશ હોય તેને ગુરુનો અભાવ-અવગુણ આવે છે. જેને આસ્થામાં કચાશ હોય તેની આગળ ગુરુ પોતાનો ત્યાગ વધારે દેખાડે છે. (કારણ કે ગુરુને તો તે જીવનું કલ્યાણ કરવાનું હોય છે. જો પોતાનો અભાવ આવે તો શિષ્ય

મોક્ષમાર્ગેથી પડી જાય છે.) ૩૧. જે ગુરુને આવી કળા આવડતી હોય છે. તે સમાજમાં દેવ થઈને પુજાય છે. પણ જેને આવી યુક્તિ કે કળા ન આવડતી હોય તે તો ક્યારેય ગુરુ થઈ શકતો નથી. ૩૨.

જે ગુરુ જ્ઞાનકળાએ યુક્ત હોય, તે તો પહેલેથી યુક્તિપૂર્વક લોકોની રુચિને સમજી લે. પછી જેવી રુચિ હોય તેવી વાતો કરે. ૩૩. ત્યારે લોકો ધીરજ પામે છે. ધીરજતા આવ્યા વિના ગુરુનું વચન શિષ્યમાં ટકે નહિ. વચન ટક્યા વિના પ્રીત થાય નહિ અને પ્રીત થયા વિના કુબુદ્ધિ જાય નહિ. ૩૪. કુબુદ્ધિ ટળ્યા વિના કર્મ બળે નહિ અને કર્મ બળ્યા વિના તેને મુક્તિ ન મળે. તે કર્મ બળ્યા વિના જમદૂતોનો જે અતિશય ભય છે તે ટળતો નથી. ૩૫. કર્મના કર્તા (શક્તિદાતા-પ્રવર્તક) પરમેશ્વર છે. તેમના દ્વારા તે કર્મ ટળી જાય છે. જીવમાં સૂક્ષ્મ તથા અપ્રકટરૂપે બીજરૂપમાં કર્મ રહ્યા છે. ૩૬. **મન, કર્મ અને વચનથી નિષ્કપટ થઈને જીવ જો પરમેશ્વરને શરણે જાય તો તેના કર્મ બળી જાય છે-કપાઈ જાય છે.** ૩૭. પરમેશ્વરના જેવું કોઈ સમર્થ નથી. પરમેશ્વરના દાસ ગુરુ છે. તે ગુરુ પરમેશ્વરને શ્વાસોચ્છ્વાસ ભજે છે. ૩૮. પરમેશ્વરે ધર્મના નિયમો બાંધ્યા છે. ગુરુ સ્વયં તે નિયમોમાં રહે છે, નિયમોને પાળે છે અને તેનાથી ગુરુનો યશ લોકમાં વધે છે. ૩૯. અને પરમેશ્વરે બાંધેલા નિયમોને જો ગુરુ લેશમાત્ર લોપે છે તો તે ગુરુને શિષ્ય કરતાં પણ વધારે દંડ થાય છે, એમ અમારો મત છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'શ્રીહરિએ માંડવીમાં પુરજનો આગળ પોતાનું મંતવ્ય કહ્યું' એ નામે તેત્રીસમો તરંગ સમાપ્ત ॥૩૩॥



પૂર પાંચમું : તરંગ - ૩૪

માંડવીમાં ભાગવતની કથા અને ખાખીઓની આડોડાઈ

'ગુરુઓના પણ ગુરુ એવા શ્રીહરિ પરમ પ્રસન્ન થઈને આ વાત કહે છે.' એવું જાણીને શ્રીહરિની વાર્તા સાંભળીને માંડવીના પુરજનો વિસ્મિત

થઈ ગયા. ૧. ત્યાંના નગરજનોએ પરસ્પર વિચાર કરીને માંડવીમાં શ્રીહરિને એક માસ સુધી રોક્યા અને દેશદેશમાં વિચરતા બધા સંતો ઘણા જ ઉમંગથી ત્યાં આવ્યા. ૨. અને કચ્છ દેશના બધા હરિભક્તો પણ શ્રીહરિનાં દર્શન કરવા ત્યાં માંડવીમાં આવ્યા. તેઓ શ્રીહરિના મુખથી વાતો સાંભળીને ખૂબ જ રાજી થયા. ૩. જે અનંત જગતના પ્રતિપાલક છે અને વર્ણીનું રૂપ ધારી રહ્યા છે, એવા શ્રીહરિનાં મુખથી વાત સાંભળીને તેમને તત્કાળ ભગવાન માની લીધા. ૪. આ પ્રભુ ક્યારેક વર્ણીનું રૂપ ધરો કે સંતનું, અનુપમ પરમહંસનું રૂપ ધરો કે રાજાનું ધરો પણ હવે આપણે તેમાં ભૂલા પડવાના નથી. ૫. તેઓ પોતાની ઈચ્છામાં આવે તેવું સ્વરૂપ ભલે બતાવે, પણ તેમના સિવાય કોઈ બીજા ભગવાન નથી. તેમ બુદ્ધિમાન કચ્છના બધા ભક્તોએ દૃઢ નિશ્ચય કર્યો. ૬.

રઘુનાથદાસ જ્યાં જ્યાં ફર્યા હતા ત્યાંના બધા ભક્તોએ તેને આ ખોટા છે એમ માન્યું. રામાનંદસ્વામીના બધા જ શિષ્યો શ્રીહરિને અક્ષરાધિપતિ પરમેશ્વર જાણીને શિષ્ય થયા. ૭. ભુજમાં પ્રાગજીદવેના પિતા નૃસિંહદવે હતા. તેના મનમાં થોડો રઘુનાથદાસ તરફ ભાર-પક્ષપાત હતો. ૮. તેઓ સદ્‌ગુરુ રામાનંદસ્વામીના પુરાણી કહેવાતા. રઘુનાથદાસ પણ તેમની પાસે ભાગવતની કથા કરાવતા. ૯. શ્રીહરિએ માંડવીમાં ભાગવતની કથા વાંચવા નૃસિંહદવેને બોલાવ્યા. પણ તેઓ આવ્યા નહિ. ત્યારે શ્રીહરિએ કહ્યું, ‘જેવી ભગવાનની ઈચ્છા.’ ૧૦.

તે દિવસોમાં આમોદ (જિ.ભરૂચ) ગામના લક્ષ્મીરામ નામે વિપ્ર સંતોની સાથે ત્યાં આવ્યા હતા. શ્રીહરિએ સંપૂર્ણ ભાગવતની કથા વાંચવા તેમને બેસાડ્યા. ૧૧. તે કથામાં સંતો અને હરિભક્તો ઘણા આવ્યા. ત્યારે તે જગ્યામાં સહુ સમાયા નહિ. પછી શ્રીહરિએ સરોવરને કાંઠે વડલાની સારી છાયા જોઈને ત્યાં સભા કરી. ૧૨. એક સારું ઊંચું આસન કર્યું. તેના ઉપર વક્તા પુરાણીને બેસાડ્યા અને તેની સન્મુખ બીજું આસન કરાવીને તેના ઉપર સ્વયં બેઠા. ૧૩. પુરાણી પૂર્વ મુખે બેસતા અને શ્રીહરિ ઉત્તર મુખે બેસતા. બધા સંતો શ્રીહરિની પાસે બેસતા. સહુના મનમાં ઘણો આનંદ હતો. ૧૪.

કેસરયુક્ત ચંદન અને અપાર ફૂલહાર લઈને હરિભક્તો આવતા. તે પહેલા ભાગવતને અર્પણ કરીને શ્રીહરિની પૂજા કરતા. ત્યારબાદ પુરાણીની પૂજા કરીને પછી બધા સંતોની પૂજા કરતા હતા. ૧૬. ત્યાં અઢાર દિવસમાં સંપૂર્ણ ભાગવત વંચાવ્યું. નગરના બધા મોટા મોટા માણસો નિત્ય કથા સાંભળવા આવતા હતા. ૧૭. કથા પૂરી થઈ ત્યાં સુધી પુરજનોએ પાકી રસોઈ આપીને શ્રીહરિ અને સંતો વગેરેને જમાડીને ઘણોજ લાભ લીધો. તેઓ રોજ કેસરચંદનથી ભાવપૂર્વક પૂજા કરતા અને તેમને દિન-પ્રતિદિન ઉત્સાહ વધતો હતો. ૧૮. શ્રીહરિ અને સંતોને પુષ્કળ ફૂલહાર પહેરાવતા હતા.

તે વખતે ત્યાં થોડે દૂર આવીને ખાખી બાવાઓ ઊતર્યા હતા. તેમણે ઉપર કહ્યા પ્રમાણે સંતોનું સન્માન જોયું. ૧૯. તેથી તેઓ મનમાં ખૂબ જ બળી ઊઠ્યા અને બધા મળીને સંતોને ગાળો દેવા લાગ્યા. રાતે છાની રીતે આવીને સંતોના ઉપર નાના નાના પથ્થર ફેંકવા લાગ્યા. ૨૦. તે કોઈ સંતને વાગતા પણ ખરા. છતાં કોઈ સંત કાંઈ બોલતા નહિ. કારણ કે સંતો ઘણા ધીરજવાળા હતા. સંતોએ તે પથ્થર વીણીને તેનો મોટો ઢગલો કર્યો હતો. ૨૧.

તેથી ઊલટા ખાખીઓ કારભારીની પાસે ગયા અને ફરિયાદ કરી, 'જે જીવન્મુક્તા કહેવાય છે, તેને તમે રોજ જમાડો છો. ૨૨. તેઓ રાતે આવીને અમારા ઉપર પથ્થરના ઘા કરે છે. અમે તો માત્ર તે તમને કહેવા આવ્યા છીએ. અમે તો સંત છીએ એટલે કાંઈ બોલતા નથી. કેવળ તમને તે બાબત સંભળાવીએ છીએ. ૨૩. તેમને તમે કાંઈ કહેતા નથી, તેથી અમે અહીંથી ચાલ્યા જઈશું. તેનાથી તમારું ભૂંડું થશે. કારણ કે તમે અમારી કાંઈ સંભાળ રાખતા નથી. ૨૪. અમે તો અનાદિકાળની પરંપરાના સંત છીએ અને આ જીવન્મુક્તાના સંતો તો કળિયુગના છે. કળિયુગના લોકોને કાંઈ સત્યનું પારખું નથી, તેઓ તો માત્ર પાખંડને જ પૂજે છે. ૨૫. અમે આગમાં બેસીએ. જુઓ, કોણ બળી જાય છે ! તમે આ સંતોની નિશ્ચિત વાતની પરીક્ષા લો. ૨૬.

જપ તપાદિ બધા સાધન તો સંતોના દાસ છે. સંતને કોઈ સાધનનો ભાર હોતો નથી. જેમ અગ્નિની આગળ ઘાસ છે તેમ સંતની આગળ જપ, તપ અને વ્રત આદિ સર્વે સાધન છે. ૨૭. તમે તો બધા કળિયુગના લોકો છો,

તે સાચા સંતને કોઈ ઓળખતા નથી. અમે તો કોઈ દિવસ કાંઈ કહેતા નથી, પણ આજ તો બધો અધર્મ દેખીને તમને કહીએ છીએ.' ૨૮.

ત્યારે કારભારીએ તેમને કહ્યું, 'હવે તમે તમારે મુકામે જાઓ. તમે જે વાત કહી, અમે તેની તજવીજ રાખશું. ૨૯. અમે તમને જે રસોઈ આપીએ તેને તમે સુખેથી જમો. જેના વિરુદ્ધ ફરિયાદ કરો છો તેઓ હજી સુધી ક્યારેય રસોઈને માટે લાંઘતા નથી. ૩૦. તમે તો લાંઘીને પરાણે રસોઈ લો છો. કાચું સીધું આપે તો તમે કોઈ લેતા નથી. પાકું સીધું માગીને લો છે. પાછા તમે ત્યાગી કહેવાઓ છો. તમે કેવા ત્યાગી છો ? સમજાતું નથી. ૩૧. કોઈને ગાંજા પીધા સિવાય તો ચાલતું નથી. કોઈ ધન આપે તો લઈ લો છો. સ્ત્રીઓની પાસે જઈને વાતો કરો છો. લસણ અને ડુંગળીને તો ખાઓ છો. ૩૨. પાકું સીધું લેવાને માટે પ્રેમથી લાલજીને પૂજો છો. ગાળ સિવાય તો વાત જ કરતા નથી. આવી તમારી બધાની રીત છે. ૩૩. તમે અત્યારે જે રીતને ધારી રહ્યા છો શું આ જ તમારી અનાદિ સિદ્ધની રીત છે ? મોક્ષ માટેના વિશેષ બે ગ્રંથો ભાગવત અને ગીતા છે. ૩૪. તે બે ગ્રંથમાં તમે જે તમારો હક (ધર્મ) માનો છો તે અમે ક્યારેય કાનથી સાંભળ્યો નથી. તમારી જે રીત છે તે જે ગ્રંથમાં હોય તે લાવીને તેનું વચન અમને સંભળાવો. ૩૫.

સહુથી સનાતન અને પ્રાચીન વેદ છે. તેના વચન પણ લાવીને અમને સંભળાવજો. આ બ્રહ્માંડ જે દિવસથી ઉત્પન્ન થયું છે ત્યારથી બધાની ઉત્પત્તિ તેમાં લખી છે. ૩૬. અહીંયા સ્વામિનારાયણના જેટલા સંતો છે તે બધા સદ્‌ગ્રંથોને અનુસારે જ વર્તે છે. ૩૭. તમે તો અનાદિકાળના છો, છતાં શાસ્ત્રની રીતને તો તમે છોડી દીધી છે. કોઈ ધર્મવાળા રાજા પણ રહ્યા નથી કે જે અહીંયા આવીને આપની પૂજા કરે. ૩૮. કોઈ આગ લઈ આવો, ચાલો આપણે અત્યારે કોઈ એકની પણ સિદ્ધાઈને દેખીએ.' આવી તે કારભારીની વાત સાંભળીને બધા ખાખીઓ પલાયન થઈ ગયા. તેમની સિદ્ધાઈ કાંઈ ત્યાં કામ આવી નહિ. ૩૯. પછી તેઓ પોતાને મુકામે આવ્યા અને પરસ્પર લડી પડ્યા અને એકેકને કહેવા લાગ્યા કે હવે 'જીવન્મુક્તા'ને ક્યારેય છેડવા નહિ. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'ભાગવતની કથા અને ખાખીઓની આડોડાઈ કહી' એ નામે ચોત્રીસમો તરંગ સમાપ્ત ॥૩૪॥



પૂર પાંચમું : તરંગ - ૩૫

શ્રીહરિએ ખૈયાખત્રીને જીતીને સંતો આગળ બ્રહ્મવિદ્યાની વાર્તા કહી

શ્રીસહજાનંદસ્વામી શ્રીહરિનો સર્વશ્રેષ્ઠ પ્રતાપ સાંભળીને-દેખીને, જે એક બ્રહ્મજ્ઞાનીઓના ગુરુ ગણાતા હતા તે સ્વયં ત્યાં આવ્યા. ૧. તેનું નામ ખૈયા ખત્રી હતું. તે માંડવીમાં જ તેનું ઘર હતું. કચ્છદેશના લોકો અને સિંધના લોકો તેને ગુરુના રૂપમાં માનતા હતા. ૨. ખૈયા ખત્રીને બે હજાર જેટલા મોટા મોટા શિષ્યો હતા. તે બધા 'યોગવાસિષ્ઠ' અને બીજા ઘણા પ્રાકૃત ગ્રંથોને પણ ભણેલા હતા. ૩. ખૈયા ખત્રી બ્રહ્મજ્ઞાન સંબંધી કોઈને પ્રશ્ન પૂછતા. જ્યારે કોઈ તેનો ઉત્તર ન કરી શકે ત્યારે તેનો તેનાં મનમાં અતિ ગર્વ થતો. ૪.

તે વખતે શ્રીહરિ સંતોની ભેળા સંત થઈને બેસી ગયા અને કહ્યું કે કોઈએ અમારું નામ બોલવું નહિ. જ્યાં સ્વયં શ્રીહરિ બેસતા હતા તે પાટ ઉપર બ્રહ્માનંદસ્વામીને બેસાડી દીધા. ૫. બ્રહ્માનંદસ્વામીને શ્રીહરિએ પોતાનું નામ આપ્યું અને તેમનું નામ પોતે ધાર્યું. બધા સંતો અને હરિભક્તોને કહ્યું કે અત્યારે કોઈ અમારું નામ લઈને અમને બોલાવશો નહિ. ૬. કદાચ અમારું નામ આવીને કોઈ પૂછે તો તેને બ્રહ્માનંદસ્વામી બતાવવા, આટલી વ્યવસ્થા કરી. તેટલી વારમાં તો ખૈયા ખત્રી ત્યાં આવી ગયા. તેઓ સહુ સંતોને પગે લાગ્યા. ૭. સહજાનંદસ્વામી આ છે એમ સમજીને તે બ્રહ્માનંદસ્વામીને પણ પગે લાગ્યા. પછી તેણે હાથ જોડીને પૂછ્યું કે 'અહીં સહજાનંદસ્વામી કોણ છે ?' ૮.

ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું, 'સહજાનંદસ્વામી તો અમે છીએ. તમે અમને પ્રશ્ન પૂછો. અમે તેનો ઉત્તર કરશું. કાં અમે જે પ્રશ્ન પૂછીએ, તેનો ઉત્તર તમે કરો.' ૯. ત્યારે ખૈયા ખત્રીએ કહ્યું, 'હું પ્રશ્ન પૂછું છું. આપ ત્યાગી છો

અને અમે ગૃહસ્થ છીએ. એટલે પ્રશ્ન કરવાને લાયક તો અમે જ કહેવાઈએ. ૧૦. હું આપને પ્રસન્ન મનથી પૂછું છું કે શાસ્ત્ર માત્રની એવી રીત છે જે બ્રહ્મ સુખ સિવાયનું જેટલું સુખ કહેવાય છે તે બધું બંધનરૂપ કહેવાય છે. ૧૧. જીવને જ્યાં સુધી ભેદદૃષ્ટિ રહી છે ત્યાં સુધી તેને બંધન કહેવાય છે. તે ભેદદૃષ્ટિ કઈ રીતે મટે ? કે જેથી જ્યાં રહે ત્યાં સુખી રહી શકાય.' ૧૨.

ત્યારે બ્રહ્માનંદસ્વામીએ તેને કહ્યું, 'અમારા શિષ્ય જે આ બધા સંતો છે, તેમાં પણ સહુથી નાના જે સંત છે તે તમારા પ્રશ્નનો ઉત્તર કરશે.' ૧૩. શ્રીહરિ થોડા છુપાઈને-લપાઈને બેઠા હતા. ખૈયા ખત્રી તેમને પૂછવા લાગ્યા. તેમણે જે જે પ્રશ્ન કર્યા, તરત જ તેના ઉત્તર શ્રીહરિએ કર્યા. ૧૪. **શ્રીહરિએ નરક અને લખચોરાશીના દુઃખને નિશ્ચિતરૂપમાં તેને દેખાડી દીધાં. અને ભગવાનનું ભજન કરવાથી સુખ થાય છે. તે સિવાયનું જેટલું દેખાય છે તે બધું બંધનરૂપ છે.** ૧૫. પછી શ્રીહરિએ દૃષ્ટાંત આપી, સિદ્ધાંત લાવીને બ્રહ્મવિદ્યાના અનંત અંગ પ્રકટ દેખાડી દીધા. ત્યારે તે ખૈયા ખત્રી અહો... અહો...કરવા લાગ્યા. ૧૬.

શ્રીહરિની મૂર્તિ સંતોની સભામાં બેઠી હતી. તેમનાં મુખની વાત સાંભળતા તો ખૈયા ખત્રીના ચિત્તની વૃત્તિ તે મૂર્તિમાં ચોંટી ગઈ. ૧૭. પછી તે એવું બોલવા લાગ્યા કે 'આ સંતે તો આવીને મેરુને ઉડાડી દીધો છે. તમે જેને નાના સંત કહો છો તેને તો હું બધામાં સહુથી મોટા માનું છું. ૧૮. કદાચ સાક્ષાત્ બ્રહ્મા પણ મારી સામે આવે, તો પણ હું ક્યારેય ડગું નહિ, એવું મારું સામર્થ્ય છે. આ સંત(મહારાજ) તો બ્રહ્મા કરતા પણ અધિક-મહાન છે. ૧૯. આ નાના સંત જ ચોક્કસ સહજાનંદસ્વામી છે. મેં તેને પારખી લીધા છે. હવે આપ જેમ કહો, તેમ હું કરીશ. તેમાં હું જરાય ખોટું કહેતો નથી. ૨૦.

હે સ્વામી ! હું આજથી આપનો થયો છું. હું ઘણો ખળ અને હરામી છું. શ્રીકૃષ્ણે જેમ કાલિય નાગને દમ્યો હતો તેમ હે પ્રભુ, આજ આપે મારું દમન કર્યું છે. ૨૧. આપ મારે માટે જ અહીં પધાર્યા છો. અહીં આવવાનું આપને બીજું કોઈ પ્રયોજન નથી. આપે મારે માટે જ અવતાર ધાર્યો છે તેથી

હવે મારો ઉદ્ધાર કરો." ૨૨. ખૈયા ખત્રીની સાથે જે તેના શિષ્યો આવ્યા હતા તે બધા આવું જોઈને વિસ્મિત થઈ ગયા. ખૈયા ખત્રીએ તે સહુને કહ્યું કે તમે સહુ મારું માનો કે ન માનો, પણ હવે પછી મારે માટે તો આ સહજાનંદસ્વામી સિવાય બીજું કોઈ ઠેકાણું-આશ્રય સ્થાન નથી. ૨૩. જો મને આ સહજાનંદસ્વામી ન મળ્યા હોત તો મારું માન-ગર્વ ક્યારેય જાત નહિ. નરકયાતના અને લખચોરાશી તો તેમણે મને પ્રત્યક્ષ દેખાડી દીધી જ છે. ૨૪. જે પ્રત્યક્ષ દેખાડી દીધું છે તેને હવે મિથ્યા શાથી કહું ? જે નજરે જોયું હોય તેને તો હવે દૃઢપણે માનવું જ રહ્યું. ૨૫.

આવું કહીને ખૈયા ખત્રીએ શ્રીહરિ પાસે વ્રતમાન-નિયમ ધારણ કર્યા અને આવો શ્રીહરિનો અતિશય પ્રતાપ દેખીને બીજા બધા શિષ્યોને પણ નિયમ ધારણ કરાવ્યા. ૨૬. ખૈયા ખત્રી અને તેના અનુયાયી બધા સ્વામિનારાયણ નામનું ભજન પ્રેમમગ્ન થઈને કરવા લાગ્યા. તેઓ જગતમાં કોઈથી લેશમાત્ર પણ ડરતા નહિ. ૨૭. શ્રીહરિનો આવો પ્રતાપ જોઈને જે કુબુદ્ધિવાળા લોકો હતા તેમણે શ્રીહરિને જાદુગરા ઠેરાવી દીધા. કારણ કે જે આસુરી લોકો હોય છે તે ક્યારેય પરમેશ્વરને માને નહિ. ૨૮.

❋ શ્રીહરિએ સંતોને બ્રહ્મવિદ્યાની કરેલ વાત :

શ્રીહરિને સંતોના ઉપર અપાર હેત હતું. તેથી અનંત રીતે તેમનું જતન કરતા. ૨૯. દેહ, ઈન્દ્રિયો અને અંતઃકરણને નિયમમાં રાખવાનું શીખવતા હતા. સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ, એ ત્રણ પ્રકારના શરીરની વિગત શીખવતા. ૩૦. તે સર્વના રૂપ ભિન્ન ભિન્ન શીખવતા અને તેના ભિન્ન ભિન્ન તત્ત્વને પણ સમજાવતા. ઈન્દ્રિયો અને અંતઃકરણના જેટલા દેવ છે, તેના નામ શીખવતા. ૩૧. જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ, એ ત્રણ અવસ્થાઓ અને તે એકેક અવસ્થામાં બીજી બબ્બે અવસ્થા રહી છે તેની વિગત પણ શીખવતા. જ્યારે પ્રથમ એક જીભને જીતે ત્યારે બીજી બધી જ ઈન્દ્રિયો જિતાય જાય છે, આવું સમજાવતા. ૩૨. દસ ઈન્દ્રિયો કહેવાય છે. તેના અલગ અલગ વિષય છે અને તે એકેક વિષયના પણ અનંત ભેદ છે. તેના ભોગનો જીવ પાર લઈ શકતો નથી, તે પણ સમજાવતા. ૩૩.

જીવની જે ઈચ્છાવૃત્તિ છે તેના ઉપર ધ્યાન રાખવું જોઈએ. નેત્રની વૃત્તિને નાસિકા ઉપર કેન્દ્રિત કરવી, ૩૪. આસન જીતવું, ઘડી ઘડી વારમાં જ્યાં ત્યાં ઘૂમ્યા કરવું નહિ, જેનો સુધારો કરવાનો હોય તેના ઉપર સતત ધ્યાન રાખવું; એવું શીખવતા. ૩૫. શ્રીહરિ કહેતા કે કોઈ અતિશય બુદ્ધિ માન કહેવાતો હોય તો પણ તેને જે વાત સુધારવાની હોય તેનું અનુસંધાન ન રાખે તો તે ભૂલાઈ જાય છે. મનની રુચિ તો પળેપળે બદલ્યા કરે છે. મન ક્યાંય એક ઠેકાણે સ્થિર થાતું નથી. ૩૬.

આ જીવ એક જ દિવસમાં લખચોરાશીના કેટલાએ દેહ ધારણ કરી લે છે. તેની કોઈને ખબર પડતી નથી, પણ તેનું કારણ તો મન જ છે. કેમ જે, મન જેટલા સંકલ્પ કરે છે તેટલા દેહ ધારણ કર્યા કહેવાય. ૩૭. પરંતુ જ્યારે અંતર્દષ્ટિ થાય છે ત્યારે તે બધું તેને દેખાય છે. અંતર્દષ્ટિ થયા વિના તે સમજાતું નથી. આવી જ્ઞાનની વાત છે. ૩૮. જેમ જેમ જ્ઞાનનો અભ્યાસ કરે તેમ તેમ દષ્ટિ અનંત પ્રકારે થાય છે, અને તેનાથી અજ્ઞાન ટળે છે. સમજણ વિના કોઈ મુક્ત થઈ શકતું નથી. ૩૯. શ્રીહરિ એમ કહેતા કે, ત્રણ શરીરમાંથી અનુક્રમે તમને સહુને એક એક શરીરથી મુક્ત કરવા છે, આવું મારે તમારા સહુના ઉપર હેત છે. જેમ ભમરી કીટને ચટકા ભરી ભરીને ભમરી બનાવી દે છે તેમ તમને સહુને મુક્ત કરી દેવા છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'શ્રીહરિએ ખૈયા ખત્રીને જીત્યા અને મુનિઓ આગળ બ્રહ્મવિદ્યાની વાર્તા કરી' એ નામે પાંત્રીસમો તરંગ સમાપ્ત ॥૩૫॥



પૂર પાંચમું : તરંગ - ૩૬

સંતોને જ્ઞાનેન્દ્રિયોનું નિયમન અને સુંદરજીભાઈને દેહદમનનું કારણ બતાવ્યું

શ્રીહરિ સંતો પ્રત્યે કહેવા લાગ્યા કે, **'હે સુજ્ઞ સંતો ! તમે સાંભળો. આ જીવને દેહાભિમાનરૂપી અસાધ્ય રોગ થયેલો છે. તેથી જીવ વારે**

વારે ભાન ભૂલી જાય છે. ૧. માટે તમારું હિત કરવા હું વારંવાર તમને ચેતવણી આપું છું. પરંતુ જેને તે ચેતવણી-ટોકણીમાં હિત ન સમજાય તેને મનમાં દુઃખ લાગે છે. ૨. જે બાળક હોય તેને કશું જ્ઞાન હોતું નથી. તેને રોકવામાં આવે, છતાં તે વારંવાર અશુદ્ધ ભૂમિ ઉપર આળોટતો હોય છે. ૩. પરંતુ તેની માતાને બાળકની અશુદ્ધિનું જ્ઞાન હોય છે તેથી તે વારે વારે બાળકને ધૂવે છે. બાળકને સુખ લાગે કે દુઃખ, પણ માતા તો તેનું હિત જ ઇચ્છતી રહે છે. ૪.

પછી એક દિવસ એકાદશી આવી. સહુ તે દિવસે માંડવી શહેરમાં ફલાહાર કરવા ગયા. સુંદરજી શેઠે ફલાહાર તૈયાર કરીને બધાને પોતાને ઘેર બોલાવ્યા હતા. ૫. ખજૂર અને ટોપરાને ભેળા કરીને, એક એક શેર(આશરે ૫૦૦ ગ્રામ)ના ગોળા કર્યા હતા. શ્રીહરિએ પહેલા ફરાળ કર્યું અને પછી બધા સંતોને ફરાળ આપ્યું. ૬. સંતો જ્યારે બજારમાં ચાલ્યા આવતા હતા ત્યારે બજાર કાંઠે રહેલી સારી હવેલીને કોઈ સંતે ધ્યાન દઈને જોઈ હતી. શ્રીહરિએ તે નજરમાં રાખ્યું હતું. તેથી કોઈનું નામ લીધા વગર જ, જેમ મુસળધાર વરસાદ વરસે તેમ સંતોને ખૂબ જ વઢ્યા. બીજા કોઈ લોકોને આ બાબતે કાંઈ ખબર જ ન હતી. અને શ્રીહરિ બીજાના ઉપર તો ઘણું હેત દેખાડતા હતા. ૭-૮. શ્રીહરિ અનેક પ્રકારના દૃષ્ટાંત આપીને સંતોને ઘણું ડરાવતા હતા. બધા સંતોની આંખોમાંથી આંસુ પડવા લાગ્યા. ફરાળનું કાંઈ ઠેકાણું રહ્યું નહિ. ૯. તેના પછી વળી તેની સાંત્વનાની બીજી વાતો કરી. બધા પરાણે ફરાળ કરવા લાગ્યા. ખજૂરના બિયા કાઢ્યા કે નહિ, તેનું પણ કોઈને ધ્યાન રહ્યું નહિ. ૧૦. ફરાળના સ્વાદ કુસ્વાદનો ખ્યાલ પણ આવ્યો નહિ, આ રીતે સહુએ ફરાળ કર્યું.

હરિભક્તો કેસરચંદન લઈને શ્રીહરિની પૂજા કરવા આવ્યા. ૧૧. શ્રીહરિના બધા અંગ ઉપર કેસરચંદન ચરચ્યું. ફૂલની ટોપી, હાર અને ફૂલના બાજુબંધ પણ ધરાવ્યા. ૧૨. જૂઈ, ચમેલી, મોગરા અને ગુલાબના વિવિધ પ્રકારના હાર પહેરાવ્યા. હાર તો એટલા બધા ઝાઝા હતા કે તે ગણવાથી પણ તેનો પાર આવતો નહિ. ૧૩. પછી સુંદરજી શેઠે કપૂરથી આરતી કરી.

પછી ચંદન લગાવેલા ચરણ પોતાની છાતીમાં ચાંપ્યા. ૧૪. કેસરચંદનની અર્ચા કરીને બધા સંતોની પૂજા કરી. અને ફૂલના હાર પહેરાવીને ગદ્‌ગદ્ કંઠ થઈ ગયા. ૧૫.

તે પછી શ્રીહરિ પોતાને મુકામે પધાર્યા. બધે આનંદ ઉત્સવ વ્યાપી ગયો હતો. સમય સમય પ્રમાણે સંતો દૂકડ અને સરોદ લઈને કીર્તન ગાન કરતા હતા. ૧૬. માંડવી શહેરના ઉત્તર ભાગમાં એક અજોડ બાગ હતો. તેમાં નાળિયેરી અને કેળ વગેરેના અપાર ઝાડ હતા. અને બીજા પણ વિવિધ પ્રકારના ઝાડ તે બાગમાં હતા. ૧૭. તે સ્થાન શહેરથી બહારના ભાગમાં હતું. સુખદાયક શ્યામ સુંદર શ્રીહરિ ત્યાં ઊતર્યા હતા. સંતો રોજ સમુદ્ર સ્નાન કરવા જાતા. અને સ્નાન કરીને સહુને કથા અને કીર્તન સંભળાવતા હતા. ૧૮.

ભુજના સુથાર હીરજીભાઈ અને સુંદરજીભાઈ બંને ભાઈ હતા. તેઓ શ્રીહરિનાં દર્શન કરવા માટે માંડવીમાં આવીને રહ્યા હતા. ૧૯. તે બંને ભાઈઓ સંતોનો જમવાની બાબતમાં ત્યાગ-તપ જોઈને મનમાં ખૂબ જ થરથર ધ્રૂજી ગયા. તેમણે બંને હાથ જોડીને કહ્યું, “હે નાથ ! અમારી વિનંતીને આપ સાંભળો. ૨૦. ‘આપ મળ્યા એટલે સાધન બધા પૂરા થઈ ગયા.’ એમ અમે ચોક્કસ માનીએ છીએ. છતાં આપ અત્યારે સંતોનું ભારે દમન કરો છો, તે ઠીક નહિ. આવી આપની કેવી રીત છે ? ૨૧. આપની સાથે આવેલા આ સંતો તો અનાદિ મુક્તો છે. હવે તેમને બંધન કરનાર કોણ છે ? તેઓ ખૂદ જીવના કરોડો બંધનોને એક પળવારમાં છોડાવી નાખે તેવા છે. ૨૨. આપના પ્રતાપથી તો કોઈ એક હરિભક્ત પણ અનેક જીવોનો ઉદ્ધાર કરી શકે છે. અમારા મનમાં આવો દૃઢ વિશ્વાસ છે તો આ બધા સંતોને આપ શા માટે કષ્ટ આપો છો ? ૨૩. ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું, “તમને આ બાબતમાં જ્ઞાન નથી. જે મારે શરણે આવ્યો હોય તેને હું ક્યારેય દુઃખી ન કરું. ૨૪.

दोहा : परम निधि मेरी संत हे, इनसे अधिक न कोइ;
अक्षरधामसे अधिक ही, संतकु मानत सोइ...२५

અરે ! સંતો તો મારો સર્વોત્તમ નિધિ છે, ખજાનો છે. તેનાથી અધિક મારા માટે કોઈ નથી. હું આ સંતોને અક્ષરધામ કરતા પણ અધિક માનું છું. ૨૫.

सोरठा : सब पापको मूल, देह हे जनमात्रहु को;
प्रभुको देवत भूल, जत्न करत सब देह ही को...२६

માણસ માત્રના સર્વે પાપોનું મૂળ દેહ છે. તેથી બધા ભગવાનને ભૂલી જઈને દેહનું જતન કરે છે. ૨૬. આ જ જીવની અપાર મોટી ભૂલ છે. મનુષ્યને તેની ખબર પડતી નથી. શાસ્ત્રો તો પોકાર કરીને કહે છે છતાં જીવ વિષયને અધિક માને છે. ૨૭. વિષયોને ભોગવવાને માટે તો જીવ વારંવાર શરીરને ખૂવાર કરે છે. છતાં જીવને તેમાં લેશપણ દુઃખ નથી જણાતું. તે વિષય તો આવા પાપરૂપ છે. ૨૮. વિષયના સુખને ભોગવવાને માટે તો અનંત લોકો માથું કપાવે છે, છતાં તે વિષય-વાસનાનો પાર આવતો નથી. મોટા મોટા રાજાઓ પણ વિષયના સુખને માટે પરસ્પર લડી મરે છે. કોઈને પોતાની ભૂલ ઓળખાતી નથી. એક બીજાને જ્યારે અહંમતત્ત્વ થાય છે ત્યારે ખરી વાત સમજાતી નથી. ૨૯-૩૦.

અહંમમત્વને લીધે રોજ કરોડો મનુષ્ય કપાઈ મરે છે. તો પણ તેમને પોતાની ભૂલ સમજાતી નથી. તેમાં જો કોઈ શીખ આપવા જાય તો તેનું માથું પણ તરત જ કાપી નાખે. ૩૧. કેટલાક લોકો વિષયને માટે પોતાના નાક-કાન કપાવે છે. તો કેટલાક જીવતા જ આગમાં સળગી મરે છે. તો પણ તેમને વિષયનો અભાવ આવતો નથી, ઊલ્ટા વિષયને તેઓ અતિશય દુર્લભ માને છે. ૩૨. **વિષયના પાપથી તો જીવ જન્મ-મૃત્યુનું અને લખચોરાશીનું દુઃખ ભોગવે છે. જમપુરીમાં પણ જાય છે ને દુઃખ ભોગવે છે, છતાં જીવ વિષયોનો ભૂખ્યો રહે છે; પણ સર્વનું કારણ જે શ્રીહરિ છે, તેમાં જીવ હેત કરતો નથી.** ૩૩. આવી તો અનંત આશ્ચર્યકારી વાતો છે. તે વાતને એક સંતો જ સમજે છે. જ્યારે તપમાં રુચિ થાય ત્યારે વિષયના પ્રત્યે અનાદર થાય. ૩૪. જ્યારે દેહને ઘણું ભારે કષ્ટ આપે અને હૃદયમાં ભગવાનની મૂર્તિને ધારે, ત્યારે તેની વિશુદ્ધ રુચિને દેખીને ભગવાન તેને સહાયતા કરે છે. ૩૫. આવી શુદ્ધ રુચિ વિના ભગવાન તેમની સહાયતા કરતા નથી. પછી ભલેને તે કરોડો કલ્પ સુધી જપ-તપ કર્યા કરે છતાં તેઓ અહીંના અહીં જ રહે છે. ૩૬.

दोहा : लोक देखावन काज ही, संत न त्याग रखंत;
हरि रिझावन काज ही, जग में विचरंत...३७

सोरठा : साच संत होय जेह, विषय इन्द्रि मात्र ही;
केद में रखे तेह, परम वैरि जानिके तेहि...३८

वैर करे देह संग, तब इन्द्रिगन परे नरम ही;
संत रहत उछरंग, भिरे में लेवत देह जिमि...३९

સંતો તો ભગવાનને રાજી કરવા માટે જ ત્યાગ રાખે છે, તે કાંઈ લોકોને દેખાડવા માટે ત્યાગ રાખતા નથી. અને દુનિયામાં વિચરતા રહે છે. ૩૭. વાસ્તવમાં જે સાચા સંત છે, તે તો વિષયથી ઈન્દ્રિયોને દૂર રાખે છે અને વિષયમાં ખેંચાતા ઈન્દ્રિયોને પોતાના શત્રુ ગણીને તેને કેદ કરી રાખે છે. ૩૮. જ્યારે જીવ દેહની સાથે વૈરભાવ રાખે છે ત્યારે ઈન્દ્રિયો નરમ પડી જાય છે. જેમ જેમ દેહને વધારે ભીડામાં લે, કષ્ટ આપે, તેમ તેમ સંતોને વધારે ઉત્સાહ રહે છે. ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'સંતોને જ્ઞાનેન્દ્રિયોનું નિયમન અને સુંદરજીભાઈને સંતોના દેહદમનનું કારણ બતાવ્યું' એ નામે છત્રીસમો તરંગ સમાપ્ત ॥૩૬॥



પૂર પાંચમું : તરંગ - ૩૭

શ્રીહરિએ સભામાં સંતોની મહત્તા અને તેમનો વિષયોથી વૈરાગ્ય કહ્યો

શ્રીહરિએ હરિભક્તોની સાથે વાતો કરતા કહ્યું, "માણસને હું વિષયથી મુક્ત છું કે વિષયોમાં બંધાયેલો છું ? તેની ખબર તો વિષયનો જોગ થાય ત્યારે પડે. ૧. જેમ બદ્ધ જીવને વિષયની ચાહના હોય છે તેથી તેને દુઃખ પડે તો પણ ત્યાગ કરી શકતા નથી. તેવી જ રીતે મુક્તને ભગવાનના ચરણારવિંદમાં દૃઢ અનુરાગ હોય છે. ૨. એવા મુક્ત તો ભગવાનનાં ચરણોમાં પ્રેમ કરતા, જે કોઈ તેમાં અંતરાય કરે છે, તેમાંથી ચિત્તને તોડી

નાખે છે. અને ભગવાનમાં પ્રેમ વધારવામાં જે સહાયરૂપ થાય તેનો જ સંગ કરે છે. ૩. તેમજ ચૌદ લોકના ભોગસુખને ત્રિવિધ તાપથી સળગતા દેખે છે, એવા તે મુક્ત બળવાન છે અને તેમના સમાગમથી મનુષ્ય ભવસાગરને તરી જાય છે. ૪.

❋ ભોગને રોગ સમજે તે મુક્ત છે :

चोपाई :

मुक्तकुं मिलत विषे को भोगा, अति दारुन सो जानत रोगा;
विषे देखि न मन आनंद होवे, परम शत्रु सम ताकुं जोवे...०५

सिंह सर्प को लगे ज्युं त्रासा, तेसे विषेकुं देखत हरिदासा;
विषे में राग त्यां लगहि दुःखा, विषे त्यागे होय परम सुखा...०६

परम सुख की इच्छा जेहा, विषे में दुःख अति देखत तेहा;
भोगवे सो न रिझत भगवाना, युँ समझत हे संत सुजाना...०७

મુક્તપુરુષને જો માયિક પંચવિષયના ભોગ મળે તો તે વિષયભોગને અતિ ભયંકર અને ઘાતક રોગ સમજે છે. અને તેમને વિષયને દેખીને મનમાં આનંદ ન થાય પણ વિષયોને પોતાના પરમ શત્રુ સમાન જૂએ છે. ૫. સિંહ અને સર્પને જોઈને જેમ ત્રાસ થાય છે તેમ જે શ્રીહરિના દાસ છે તે વિષયોને તેવા દેખે છે. જ્યાં સુધી વિષયમાં રાગ હોય ત્યાં સુધી દુઃખ રહે છે અને વિષયનો ત્યાગ કરે ત્યારે જ પરમ સુખી થવાય છે. ૬. જેને પરમ સુખની ઈચ્છા હોય તેઓ પંચવિષયમાં અતિશય દુઃખ દેખે છે. પંચવિષય ભોગવ્યાથી કાંઈ ભગવાન રાજી થતા નથી. આવું સુજ્ઞ-વિવેકી સંતો બરાબર સમજે છે. ૭. આવા ત્યાગી વિરક્ત સંતોને વિષયોના સુખને આપવા માટે તો સિદ્ધિઓ હાથ જોડીને હાજર રહે છે. સંતો વનમાં કે પહાડમાં, જ્યાં રહેતા હોય, ત્યાં તેને સિદ્ધિઓ અનંત મેવા, ફળ વગેરે આપે. ૮. તે સિદ્ધિઓ ત્યાં બરફી, પેંડા અને મોતીચૂરના ગંજ ખડકી દે અને તેમને ત્યાં વસ્ત્ર બાબતમાં પણ કાંઈ તૂટ પડે નહિ, વસ્ત્ર પણ ભરપૂર અને અખૂટ રહે; ૯. પરંતુ ભગવાન આ સંતોના પરમ હિતકારી છે, તેથી આ બધા વિષયોને દૂરથી જ નિવારી દે છે.

અને ભગવાન જો સિદ્ધિઓને છૂટ દે તો સંતો પાસે અત્યારે જ તે ભોગો આવીને તૂટી પડે. ૧૦. જો તેની પરીક્ષા કરવી હોય તો તેને હું કોઈ એક દિવસ દેખાડીશ." જ્યારે આવું શ્રીહરિએ કહ્યું ત્યારે હરિભક્તોને તે વાત માન્યામાં ન આવી. ૧૧.

પછી તે જ દિવસે સાંજને સમયે ખૈયા ખત્રી તત્કાળ ઉતાવળા આવ્યા. તેઓ પોતાના શિષ્યોને સાથે લાવ્યા હતા. પછી સહુએ શ્રીહરિની આગળ હાથ જોડીને પ્રાર્થના કરી. ૧૨. અને શ્રીહરિને કહ્યું, "હે ગરીબનિવાજ ! આપ સાંભળો. અમે આપની પાસે હાથ જોડીને જે માગીએ, તેને આજ આપ આપો." ૧૩. ખૈયા ખત્રીના જે ચાર શિષ્યો હતા તેઓ તે વખતે બોલ્યા, "હે મહારાજ ! એકેક મહિના સુધી આપ અમારી અલગ અલગ રસોઈ લો. ૧૪. અમે તો અપાર ગરીબ છીએ અને આપ તો અતિ સમર્થ પરમેશ્વર છો. અમે અમારા આત્માનો ઉદ્ધાર કરવા માટે આપની આગળ અરજ કરીએ છીએ." ૧૫.

તેમાં એકે કહ્યું, 'પ્રભુ, એક મહિના સુધી કાયમ મારી મોતીચૂરની રસોઈ આપ કરાવો.' ત્યારે બીજાએ કહ્યું કે 'એક મહિના સુધી રોજ મારા તરફથી બધા સંતોને માટે જલેબી કરાવો.' ૧૬. ત્રીજાએ કહ્યું, 'હે ભગવન્ ! એક માસ સુધી સંતોને માટે મારા તરફથી બરફીની રસોઈ કરાવો.' ત્યારે ચોથાએ કહ્યું, 'દયાળુ ! મારા તરફથી એક મહિના સુધી સંતોને માટે સૂતરફેણીની રસોઈ કરાવો.' ૧૭. પરમ દયાળુ શ્રીહરિએ તે સહુની વિનંતી સાંભળી અને પછી તરત હસવા લાગ્યા. તે સમયે ચારમાંથી એક જણ દસ મણ જેટલા લાડુ લઈને આવ્યો. પછી શ્રીહરિએ સંતોને પૂછ્યું, "સંતો ! બોલો, તમારી શું ઇચ્છા છે ?" ૧૮.

ત્યારે સંતોએ કહ્યું, **"હે ધર્મકુમાર ! જેમાં અમારું હિત રહ્યું હોય તેમ આપ કરો. આપ જ અમારા સાચા પરમ મિત્ર છો. અમે સર્વોત્તમ રસ તો આપના સ્વરૂપમાં જ માન્યો છે.** ૧૯. તે રસમાં ફરીને અમારે ક્યારેય નુકશાની ન થાય. તેમ આપ સમજીને ઉત્તર કરો." ત્યારે શ્રીહરિએ હરિભક્તોને કહ્યું, "હવે તમે સહુ કહો, તેમ અમે કરીએ." ૨૦.

ત્યારે સહુ હરિભક્તોએ હાથ જોડીને કહ્યું, “મહારાજ ! અમે જાણીએ છીએ કે આપના હાથમાં જ સંતોની દોરી છે. પહેલા આપે જે વચન કહ્યાં હતા ત્યારે તે માનવામાં આવ્યા ન હતા. ૨૧. હવે અમે આપના બધા જ વચનોને સત્ય માનીએ છીએ. તેમાં એક તલ જેટલુંએ-લગારેક પણ અસત્ય નથી. અમે તમને પ્રત્યક્ષ બહુનામી શ્રીહરિ માન્યા છે. માટે હે સ્વામી ! તમને જેમ ઈચ્છા આવે તેમ કરો. ૨૨. હવે આપ ચાહે તેવા ચરિત્ર કરો તો પણ અમે તમને મનુષ્ય જેવા નહિ જાણીએ.”

ત્યારે ખૈયા ખત્રીને શ્રીહરિએ કહ્યું, “અહીંયાં રસોઈનો તો કોઈ પાર નથી. ૨૩. પણ એક જ વ્યક્તિનું અન્ન રોજ મહિના સુધી ખાવું તે રીત ત્યાગી માટે સારી નથી. તે તો કુરીતિ છે. ત્યાગીની વૃત્તિ (જીવિકા) તો માધુકરી (ભિક્ષા) છે તેમાં ક્યારેય કોઈ જાતનું બંધન કહેવાય નહિ. ૨૪. અક્ષરધામના મુક્ત હોય તે પણ જો લેશમાત્ર વચન લોપે તો તેનું મુક્તપણું નાશ પામે છે અને તેના અંતરમાં કલેશ થાય છે. ૨૫. નારદજી તો ભગવાનનું મન કહેવાય. તેઓ અનંત અપાર સમર્થ હતા. તો પણ તેણે જો અંબરીષ રાજાની કન્યાના રૂપને જોયું તો તેના મનમાં તરત જ વિકાર ઉત્પન્ન થયો. ૨૬. ઋષ્યશૃંગ મુનિ, સૌભરી ઋષિ તથા પર્વત મુનિ વગેરેની મતિ પર્વત જેવી અડગ હતી. તેમજ તેઓ ભવ-બ્રહ્માના સમાન હતા છતાં પણ તેમનાં મન ફરી ગયા હતા. ૨૭. ચ્યવન ઋષિ સુકન્યાને દેખીને અને ચંદ્રમા તારાને દેખીને ચલિત થઈ ગયા હતા. ઈન્દ્ર અહલ્યામાં ભ્રષ્ટ થયા, તો તેના શરીરમાં હજાર ભગ થયા. નહૂષ રાજા ઈન્દ્રાણીમાં લલચાયા તો તેઓ તરત જ અધોગતિને પામી સર્પ થયા હતા. ૨૮.

અનંત પ્રકારના જે દુઃખો કહેવાય છે તે બધા વિષયભોગમાં ભરાઈને રહ્યા છે. વિષયમાં અધર્મ પણ અનંત રીતે ભરાયો છે. તેનો ગણતા ગણતા પાર આવતો નથી. ૨૯. તોપ આદિ અનંત હથિયારો છે, તેનો ગણતા પાર આવતો નથી. તે બધાનો મનુષ્ય વિષય ભોગની પ્રાપ્તિ માટે ઉપયોગ કરી કરીને મરી જાય તો પણ તે એકેય હથિયાર કામમાં આવતા નથી. તેમ બધા વિષય ભોગ તો ભોગવે છે પણ તેનો પાર આવતો નથી. અને મરે ત્યાં સુધીમાં

પણ કાંઈ તેનું પ્રયોજન સરતું નથી. ૩૦. રાત દિવસ મોહરૂપી મદિરાનું પાન કરીને મનુષ્ય પોતાનું ભાન પણ ભૂલી જાય છે. જે સંતો મોહને તજાવે છે તે સંતોની સાથે જ વિષયી જીવ અતિશય શત્રુતા બાંધે છે. ૩૧. વિષયી જીવ સંતોમાં અપાર દોષ પરઠે છે અને તેને બધા જ સંતો પોતાના જેવા લાગે છે. તે વિમુખ વિષયી જીવ જન્મ, મરણ અને જમપુરીના દુઃખનો અંતરમાં ક્યારેય વિચાર પણ કરતો નથી. ૩૨. લખચોરાશીના દુઃખનો કોઈ પાર નથી. વિષયી જીવ તેનો લેશમાત્ર પણ વિચાર કરતો નથી. વિષયી મનુષ્ય સુખને દુઃખના રૂપમાં અને દુઃખને સુખના રૂપમાં દેખે છે. ૩૩. આખા જગતની આવી જ સમજણ છે તે સંતની વાતને ક્યાંથી માને ? છતાં સંતો તો પરમ કૃપાળુ હોય છે એટલે દયા કરીને તે જીવનું હિત ચાહે છે. ૩૪. તે વિષયી જીવો કદાચ સંતોનું અપમાન કરે છતાં શાણા સંતો તેના ઉપર રોષ રાખતા નથી. સ્વયં અદ્રોહી રહીને ધીરે ધીરે વિષયી જીવના હૃદયમાં રહેલા મોહને ટાળી દે છે. ૩૫.

સંતો જ્યારે સ્વયં વિષયાસક્તિથી રહિત થઈ જાય છે ત્યારે તે બીજાના હૃદયમાં રહેલા બધા મોહને ટાળી દે છે. જેમ પ્રથમ મા જ્યારે ચરી પાળે, ત્યારે તેનું બાળક નીરોગી થાય છે. ૩૬. વિષયોનો મોહ, એક મોટો સમુદ્ર છે. આખું જગત તેમાં ડૂબ્યું છે. પણ તેમાં પડેલા જીવનો હાથ પકડીને સંતો જ તેનો ઉદ્ધાર કરે છે. ૩૭. સંપૂર્ણ જગત મહાકાળના મુખમાં હોમાઈ રહ્યું છે, તેની તેને ગમ નથી. જીવ દુઃખી થાય છે છતાં તેને દેખાતું નથી. ૩૮.

કાળના મુખમાં પડેલા એક પણ જીવનો જો ઉદ્ધાર કરવામાં આવે તો તેને એક બ્રહ્માંડ બચાવ્યા જેટલું અપાર પુણ્ય ફળ મળે છે." ૩૯. શ્રીહરિએ તે સમયે આવી ઘણી વાતો કરી. તે બધી વાતોને હું અહીંયાં લખી શકતો નથી. તે યાદ કરીને કાંઈક થોડું લખ્યું છે. ૪૦. આ વાતોને હૃદયમાં ચિંતવવાથી તે ચિંતવનારાનો પ્રભુના ચરણોમાં નિવાસ થાય છે. અને તે સહેજે સંસાર સાગરના પૂરને તરી જાય છે અને એટલા માટે આ વાતો અહીંયા લખી છે. ૪૧. ભગવાનના ચરિત્રની વાતો સહુનો ઉદ્ધાર કરનારી છે. જેનું માહાત્મ્ય ચિંતામણિ કરતાં પણ વધારે લખ્યું છે તે ચરિત્રની વાતોને મુમુક્ષુ જનો સાંભળવા ચાહે છે. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'શ્રીહરિએ સંતોની મહત્તા અને તેમની વિષયોથી વિરક્તિની વાતો કરી' એ નામે સાડત્રીસમો તરંગ સમાપ્ત ॥૩૭॥



પૂર પાંચમું : તરંગ - ૩૮

શ્રીહરિ માંડવીથી કોટડી ગામ પધાર્યા

શ્રીહરિએ માંડવીથી નીકળીને કોટડી ગામ જવાનો સંકલ્પ કર્યો. બધા હરિભક્તોને શીખ આપી અને તેમની છાતીમાં ચરણ કમળ આપ્યા. ૧. ત્યાં ગામે ગામના હરિભક્તો આવ્યા હતા. તે સહુએ પોતાને ગામ પધારવા માટે ઘણા હાર્દિક સ્નેહથી શ્રીહરિની પ્રાર્થના કરી. ૨.

ત્યારે શ્રીહરિએ હરિભક્તોને કોલ દીધો કે 'હું તમારા દરેકના ગામે આવીશ.' અને કહ્યું કે 'હું તો ભક્તાધીન છું, જ્યાં મારા ભક્ત નથી ત્યાં હું જાતો નથી. ૩. સહુ હરિભક્તોના હિત માટે જ હું દેશદેશમાં ફરતો રહું છું. તેમજ ધર્મ અને ભક્તિની વૃદ્ધિ માટે હું ઘણા પ્રેમથી વિચરણ કરતો રહું છું. ૪. **જે ભક્ત ધર્મ અને ભક્તિને દૃઢ કરીને રાખે છે તેમને હું ક્યારેય છોડતો નથી. અત્યારે તમારો પરમ મોક્ષ કરવો આવું મારું બિરુદ છે. ૫.**

चोपाई :

सो निश्चे उर रखना सबही, निश्चे त्याग न करना कबही;
अपना मन हि डगावे जोहु, निश्चे नहीं डगावना तोहु...०६

આવો મારો નિશ્ચય તમે બધા હૃદયમાં દૃઢ કરીને રાખજો. ક્યારેય તેનો ત્યાગ કરશો નહિ. પોતાનું મન પણ જો નિશ્ચયમાં ડગમગાટ કરે તો પણ તે નિશ્ચયને ડગવા દેવો નહિ. ૬.

મનનો ક્યારેય વિશ્વાસ ન રાખવો. જો વિશ્વાસ રાખવામાં આવે તો એક પળ વારમાં જ નિશ્ચયનો નાશ કરી નાખે છે. માટે મારો નિશ્ચય તો જીવ કરતાંય અધિક કરીને રાખવો. જેથી પ્રાણ જાય તો પણ નિશ્ચય ન જાય. ૭.

શ્રીહરિની સાથે જે દરબારો રહેતા હતા તે બધા તૈયાર થઈને આવ્યા. સોનેરી સાજથી શણગારેલો જે શ્રીહરિનો અશ્વ હતો. તેના ઉપર શ્રીહરિ સવાર થયા. ૮. શ્રીહરિએ પોતાના અંગ ઉપર બધા સોનેરી વસ્ત્ર પહેર્યાં. પુરજનો બધા દર્શન કરવા પુરની બહાર આવ્યા. નગરના જે જે મોટા માણસો હતા તે બધા શ્રીહરિના ચરણમાં પડ્યા. ૯. બધા હાથ જોડીને વિનંતી કરવા લાગ્યા કે 'આપે તો અમારી સાથે મોબત તોડી નાખી. હવે અમારા દિવસો કઈ રીતે જાશે ? આપ તો અમારા ગળામાં પ્રેમની ફાંસી નાખીને ચાલ્યા ! ૧૦. ભગવાન વિના આવું કોઈ ન કરે. અમે તો આવો નિશ્ચય મનમાં કરી લીધો છે.' શ્રીહરિએ કહ્યું, "તમે ભગવાનમાં પ્રીતિ રાખજો અને અધર્મ અને અનીતિ વગેરે બધાને તજી દેજો. ૧૧. **જે લોકો અધર્મ કે અનીતિ કરતા હોય છે તેમને કોઈ સહાય કરતું નથી. પણ સહાય કરનારા તો આ સંતો જ છે. પરંતુ જે સંતોનું વચન માને છે તેને તેઓ દુઃખમાં સહાયરૂપ થાય છે."** ૧૨.

આટલું કહીને શ્રીહરિ ચાલતા થયા. તે સમયે અપાર વાજિંત્રો વાગવા લાગ્યા. અને સહુ જનો જયજયકારનો ધ્વનિ કરતા હતા. તે સમયે ભક્તોની આંખોમાંથી એકધારી અશ્રુધારા વહેતી હતી. ૧૩. શ્રીહરિ **કોટડી** ગામ પધાર્યા. મૂળજી અને દયારામ નામના બે વિપ્રો મનમાં ઘણા રાજી થઈને સન્મુખ આવ્યા. ૧૪. તેઓ ઢોલ અને મૃદંગ વગેરે વાજિંત્રોને લાવ્યા હતા. ત્યારે સંતો કીર્તન બોલીને ઉત્સવ કરવા લાગ્યા. ગામના અપાર લોકો આવ્યા અને શ્રીહરિના ચરણોમાં પડ્યા. ૧૫.

શ્રીહરિને મહાન પરમેશ્વર જાણીને તેઓ સહુ ઘણા ભાવથી એકેક શ્રીફળ લાવ્યા હતા. સહુની ભાવના ઘણીજ શુદ્ધ હતી. ૧૬. શ્રીહરિ કોટડી ગામમાં સંધ્યા સમયે પધાર્યા હતા. તે સમયે ઘણી જ મશાલો કરી હતી. ગામની ચારે તરફ અનેક પ્રકારની વાડીઓ હતી. ૧૭. તેમાં અનેક જાતના ઝાડ હતા અને તે ઝાડ ઉપર જુદી જુદી જાતના અપાર પંખીઓ કોલાહલ કરતા હતા. જે ડંકા અને નિશાન સાથે હતા તે સવારીની આગળ ચાલતા

ઘણા સોહામણા લાગતા હતા. ૧૮. રમણીય સોનેરી નિશાનોને દેખીને આસુરી લોકોને છાતીમાં બળતું હતું અને દૈવીજનોના મનમાં અપાર આનંદ વધતો હતો. અને દિલમાં ઘણા જ સુખી થતાં હતા. ૧૯.

શ્રીહરિ ગામના દરવાજામાં આવ્યા. બજારમાં ઘણી શોભા કરી હતી. વૃદ્ધો, બાળકો, બધા જ નરનારીઓ બજારમાં આવીને ઊભા હતા. ૨૦. શ્રીહરિનાં દર્શન કરીને તે સહુનાં મનમાં ઘણો જ આનંદ થયો. સ્ત્રીઓ મોતીના થાળ ભરીને આવી હતી, તેઓ દૂરથી જ ધર્મના લાલ શ્રીહરિને મોતીથી વધાવતી હતી. ૨૧. કોઈ સ્ત્રીઓ ફૂલથી વધાવતી હતી. આમ અત્યંત શોભા છવાઈ ગઈ હતી. શ્રીહરિના અંગ ઉપર સોનેરી વસ્ત્ર ધર્યા હતા. તેનાથી નવરંગી-છેલ છબીલી મૂર્તિ ઘણીજ શોભતી હતી. ૨૨.

સોનાના અને મોતીના ઘરેણાં પહેર્યા હતા. તે વખતે ચોપદાર મુખથી નેકી પોકારી રહ્યા હતા. બંને બાજુએ શિર ઉપર બે સોનેરી ચામર ઢળી રહ્યા હતા. ૨૩. આ રીતે શ્રીહરિ મૂળજી વિપ્રને ઘેર આવ્યા. તેણે સોનેરી પલંગ બિછાવ્યો હતો. તેના ઉપર આવીને શ્રીહરિ વિરાજમાન થયા. ૨૪. શ્રીહરિની સાથે જે દરબારો આવ્યા હતા તેમને ઉતારા આપ્યા અને બધા સંતોને પણ ઉતારો કરાવ્યો. પછી રસોઈ કરાવી. ૨૫.

સાકરનો કંસાર કર્યો હતો. સહુ પ્રથમ શ્રીહરિને જમાડ્યા. તાજુ ઘી લાવ્યા હતા, તે કંસારમાં ખૂબ જ પીરસાવ્યું. ૨૬. શ્રીહરિ જમવા પધાર્યા. આવીને બાજોઠ ઉપર બેઠા. પછી જે ભોજન બનાવ્યા હતા, તેના થાળ ભરી ભરીને શ્રીહરિની પાસે લાવ્યા. ૨૭. હરિભક્તોને શુદ્ધ મનવાળા જાણીને શ્રીહરિ ઘણા જ ભાવથી જમ્યા. મનમાં ઘણો જ ઉત્સાહ થયો. પછી છેલ્લે દૂધ અને ભાત જમ્યા. ૨૮. દૂધમાં સાકર નાખીને લાવ્યા અને શ્રીહરિને રુચિ પ્રમાણે પાયું. જ્યારે શ્રીહરિ જમી રહ્યા ત્યારે જળથી હાથ અને મુખ ધોયા. ૨૯.

તે પછી સંતોને અને દરબારોને જમવા બોલાવ્યા. તેમને ઘણા હેતથી પંગતમાં બેસાડ્યા. સંતોના અને દરબારોના ઉપર ઘણુંજ હેત હતું તેથી આવીને

શ્રીહરિ તેમને પીરસવા લાગ્યા. ૩૦. બધાના અંતરને શ્રીહરિ જાણતા હતા. તેથી જેને જેવી રુચિ હતી તે પ્રમાણે કંસાર અને ઘી શ્રીહરિએ પહેલા પીરસ્યા. સંતો અને દરબારો જમવા લાગ્યા. ૩૧. કંસાર અને ઘી જ્યારે સહુ જમી રહ્યા ત્યારે ભાત પીરસવા લાગ્યા. પછી શ્રીહરિએ દૂધ અને સાકર પીરસ્યાં. જેને જેટલો ભાવ હતો તેણે તેટલું તે લીધું. ૩૨. દયાળુ શ્રીહરિ સંતોને તૃપ્ત કરીને આવ્યા અને પલંગ ઉપર બેઠા. સંતો પણ જમીને તરત જ્યાં શ્રીહરિ હતા ત્યાં આવ્યા અને શ્રીહરિની પાસે સભા કરી. ૩૩.

શ્રીહરિની સાથે જે મોટેરા દરબારો હતા તે બધા પણ આવીને સભામાં બેઠા. પછી શ્રીહરિએ ઘેર જાવાની જેને ઇચ્છા હોય તેમને એક એકને પૂછ્યું, ૩૪. 'જેને ઘેર જાવું હોય તે અહીંથી વહેલાસર જાય. અમારે તો આ તરફ હજી ઘણા દિવસ થશે. જેટલો કચ્છ દેશ કહેવાય છે તેમાં બધે અમારે ફરવાનું છે. ૩૫. વારે વારે અહીંયાં આવવું તે ઘણી મુશ્કેલી ભરેલી બાબત છે. જેને ઘરના ઘાટ થતા ન હોય, સાંભરતું ન હોય તે અમારી સાથે રહે.' ૩૬. ત્યારે બધા દરબારો બોલ્યા, 'હે ત્રિભુવનપતિ મહારાજ ! આપને દેશમાં લીધા વિના અમારાથી ઘેર કેમ જવાય ? ૩૭. આપને માટે તો બધા દેશો છે. પણ અમારે માટે તો આપ એક જ છો. હવે આપ જ્યાં હોવ ત્યાં જ અમારું ઘર છે, આવી અમારા મનમાં ટેક છે. ૩૮. અમારી ટેકને નિભાવવી તે આપના હાથમાં છે. અમારા હાથમાં હવે કોઈ વાત નથી. હવે અમે આપની સાથે જ છીએ. ઘરની વાત ભલે ઘરમાં રહે. ૩૯. અહીં આપની સાથે રહીએ કે ઘરમાં રહીએ. એમાં કોઈ ફરક પડવાનો નથી. કેમ જે, આપ કરશો તેમ થશે. જેટલો ફરક સમજીએ તેટલી અમારામાં કસર છે.' ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'શ્રીહરિ માંડવીથી કોટડી ગામ આવ્યા' એ નામે આડત્રીસમો તરંગ સમાપ્ત ॥૩૮॥



પૂર પાંચમું : તરંગ - ૩૯

શ્રીહરિએ દરબારોની સંભાળ લીધી અને તે પ્રસંગે પરિપક્વ સત્સંગી અને વિવેકની વાત કહી

બધા દરબારોએ શ્રીહરિને કહ્યું, 'આપની આજ્ઞા અમારે માટે સુખરૂપ છે. આપ જેમ કહો તેમ અમે કરીએ. આ વાત જ અનુપમ છે.' ૧. પછી શ્રીહરિએ દરબારોને કહ્યું, 'આપણે ભુજ જઈએ. ત્યાં સુધી તમે સહુ સાથે રહો. પછી આપણે ફરીને નક્કી કરશું. ૨. અત્યાર સુધી તમારા દેશમાંથી કોઈનો કાગળ આવ્યો નથી. ત્યાંનો સમય કેવો છે, તે કાગળ વિના કેમ ખબર પડે ? ૩. જ્યારે તમારા ઉપર પત્ર આવે ત્યારે ત્યાંના દેશકાળને વિચારીને તમને તમારે ઘેર મોકલશું. અત્યારે તો આનંદથી ભગવાનનું ભજન કરો. ૪.

✻ ભક્તોની સંભાળ રાખતા શ્રીહરિ :

કોઈને જે કાંઈ વસ્તુ જોઈતી હોય તે અમને તરત જ કહેવું. કહ્યા વિના અમને ખબર પડે નહિ કે તમારે માટે અમારે શું બરદાસ કરવી. ૫. તમારા કોઈના શરીરમાં કાંઈ દર્દ થાય તો તરત આવીને કહેવું. આટલા દિવસથી આપણે સાથે રહીએ છીએ પણ ક્યારેય તમે કાંઈ તકલીફની વાત કહેતા નથી. ૬. ઘરના જેવું તો સુખ અહીં ક્યાંથી હોય ? ઘરથી બહાર તો પરદેશ કહેવાય. એટલા માટે જ અમે તમને કહીએ છીએ કે મનમાં કાંઈ મૂંઝવણ હોય તે તમારે મારી પાસે આવીને કહેવી. ૭.

કાંઈ મૂંઝવણ હોય તેને અમે તરત જ ઘેર પહોંચાડી દઈશું. મનમાં કાંઈ ભય રાખવો નહિ. એકબીજાને જેની સાથે વધારે બનતું હોય તે બબ્બેની જોડી થઈ જાઓ. ૮. કોઈ જોડ ન હોય તો મન અકળાય અને જોડ હોય તો તે કામમાં આવે. તમારે અંદરો અંદર રાજાપણું કે દરબારપણું રાખવું નહિ. પણ ભગવાનના ભક્ત જાણીને એકબીજાને અનુસરીને રહેવું. ૯. હરિભક્ત જાણીને જે ભાવના રહે છે તેવી ભાવના દરબાર જાણીને રહેતી નથી. માટે નાત જાતના ભાવ ભૂલી એકબીજાના સેવક થાવું. ૧૦. અંદરોઅંદર એકબીજાને તુંકારો કરીને ક્યારેય બોલાવવા નહિ. આમાં કાંઈ

કોઈ આપણો ચાકર નથી. આ વાતને દિલમાં ખાસ ધારજો. ૧૧. તમે સહુ દરબારો બુદ્ધિશાળી છો. હું જે કહું છું તેને શાણા બનીને શીખી લેજો. જેટલી વિવેકની વાત કહેવાય છે તેને સહુ બુદ્ધિશાળી મનમાં ધારી લે છે. ૧૨.

❋ વાત સવળી લે તે બુદ્ધિશાળી છે :

બુદ્ધિશાળીને કાંઈ કહેવું હોય તો અમને લેશ પણ શંકા થતી નથી. કારણ કે બુદ્ધિશાળી હોય તે બધી વાતને સવળી જ લે અને તેથી તેને ક્યારેય દુ:ખ લાગતું નથી, ક્લેશ થતો નથી. ૧૩. અને જેને બુદ્ધિ ન હોય તેની આગળ સવળી વાત કહીએ તો પણ તેને તે અવળી કરીને લે છે. તેથી વ્યર્થ ઉત્પાત થાય છે. ૧૪. આ સંસારમાં વાતને અવળી લેનારા લોકો તો અપાર છે. પણ સવળી વાત તો કોઈક જ ગ્રહણ કરે છે. આ સંસાર આવો જ છે. તે બધું જોયા કરીએ તો તેનો પાર આવતો નથી. ૧૫. જે માણસ કોઈ પણ વાતને અવળી લેતો હોય તો તેનાથી દૂર રહેવું. તમારી સાથે હેત રાખીને જે તમને ચાહતો હોય તેની સાથે જે રહેવું તે અતિ શ્રેષ્ઠ છે. ૧૬.

❋ સોરઠના હરિભક્તોની સમજણ :

જે મનુષ્ય દરેક વાતને સવળી સમજણથી ગ્રહણ કરતો હોય તો તેની સાથે સહેજે હેત રહે છે. સોરઠમાં અપાર હરિજનો છે. તેઓ બધા ધર્મ-નિયમથી યુક્ત અને શ્રેષ્ઠ છે. ૧૭. સમાધિનિષ્ઠ અને નિશ્ચયમાં પૂરા છે અને ભગવાન તથા સંતો ઉપર દિલમાં અત્યંત હેત રાખનારા છે. તેઓની એક સરખી સમજણ છે. જેમાં કોઈ બીજો વિકલ્પ નથી. અને સત્સંગમાં એક ઠેકાણે જ સ્થિર થઈને વળગેલા છે. ૧૮. આપણા સત્સંગી વિના બીજો કોઈ સિદ્ધિ દેખાડે તેની ક્યારેય પ્રતીતિ લાવે નહિ. ભલેને તે ધન, પુત્ર, ગરાસ આપે, કામણ-ટુમણ કરે, નાટક-ચેટક કરે, કોઈ મરેલાને જીવાડે, કોઈ આકાશમાં ઊડે, કોઈ આખા જગતનો નિભાવ કરે, કોઈ જગતનો ઈશ્વર થઈને આવે અને તેને આખું જગત સેવતું હોય એવો હોય, છતાં તે સોરઠી સત્સંગીઓ તેનો વિશ્વાસ કરે નહિ. ૧૯-૨૦. સત્સંગ વિના આવા બધાને તેઓ મનમાં પાખંડ જ જાણે છે,આવો તેમને મનમાં અમારો અડગ નિશ્ચય છે. તેઓ સત્સંગ સિવાયના બીજા બધાને કેવળ ધુતારા જ ગણે છે. ૨૧.

શરીરમાં ચાહે તેવો રોગ આવે, તેને તેઓ પ્રારબ્ધ સમજે છે. તેથી રોગાદિક મટાડવા માટે દોરાને મંત્રાવીને શરીર ઉપર ક્યારેય બાંધે નહિ, ભલેને જીવ જતો રહે ! ૨૨. બધાએ બે દિવસ આગળ કે પાછળ મરવાનું જ છે, આવું સોરઠના શાણા સત્સંગીઓ સમજે છે. પ્રકૃતિ પુરુષ સુધી કોઈનો દેહ અમર રહેતો જ નથી, આવું તેઓ માને છે. ૨૩. અને પોતાનો પુત્ર જીવે કે મરે, પોતાની પત્ની કે ભાઈ વગેરે બધા સંબંધી જીવે કે મરે, તેને માટે થઈને તેઓ ક્યારેય શોક કરતા નથી. ૨૪.

✻ શરણાગતિની મહત્તા :

કેમ જે તેઓ એવું માને છે કે, **પરમેશ્વર શ્રીહરિ સિવાય આપણું અધિક હિત કરનાર બીજું કોઈ નથી.** આવા મોટા ભગવાનનું આપણે શરણું લીધું હવે શ્રીહરિ સિવાય બીજા ભિખારી આપણું શું ભલું કરવાનાં છે ? ૨૫. ચક્રવર્તી રાજાનો આશ્રય છોડીને કંગાળને શરણે કોણ જાય ? અને જે કંગાળને શરણે જાય પછી તેની રક્ષા કોણ કરે ? તેમ શ્રીહરિને છોડીને બીજાને આશરે જાય તેની રક્ષા કોણ કરે ? કોઈ ન કરે. ૨૬. આવો સોરઠ દેશના સર્વે હરિભક્તનો સહજ સ્વાભાવિક પક્વ સત્સંગ છે. આવો સત્સંગ જોઈને ત્યાં બીજા કોઈ ભૂત, પ્રેત કે પાખંડી પ્રવેશ કરી શકે જ નહિ. ૨૭. કેમ જે, જ્યાં અપમાન થાય ત્યાં ફરી વાર કોઈ જાય નહિ. અને જ્યાં અતિ સન્માન થાય તેવા સ્થાનને કોઈ છોડે નહિ. ૨૮.

જન્મ, મૃત્યુ અને લખચોરાશીના દુઃખથી છૂટીને જેને દિવ્ય સુખ મેળવવું હોય, તેની રીત જગતથી ન્યારી જ હોય છે તે અંતરમાં વિચારી જોવું જોઈએ. ૨૯. વિચાર કર્યા વિના ક્યારેય સુખ પ્રાપ્ત થાય નહિ. ભલેને વેદ, શાસ્ત્ર અને પુરાણોના વેત્તા હોય, તે પણ વિચાર કર્યા વિના તો વારંવાર જમપુરીમાં જાય છે. એવા અમે કેટલાય દેખ્યા-સાંભળ્યા છે. ૩૦. ભણી ભણીને જો કોઈ નાસ્તિક થઈ જાય તો તેનાં હૃદયમાં પરમેશ્વરનો ભય રહે નહિ. એવાને પ્રકટ ભગવાન અથવા પ્રગટ સંતોનો યોગ થાય છતાં તેની મતિ ક્યારેય આસ્તિક થતી નથી. ૩૧.

આસ્તિક્તા સિવાય મોક્ષ થાતો નથી અને મોક્ષ ન થાય તો માનવજન્મ નિરર્થક જાય. નાસ્તિક અને અસુર એક જ નાતના છે. અને શુષ્કવેદાંતી પણ તેમના જેવા જ છે. ૩૨. કુંડાપંથી, શક્તિપંથી અને માર્ગીપંથી, તે બધાની નાત પણ તે જ જાણવી. તે બધા ક્યારેય ભગવાનને ભજે નહિ અને છાની રીતે વિવિધ પ્રકારના પાપ કરતા રહે છે. ૩૩. ઉપલક ધાર્મિક હાવભાવ દેખાડે પણ અધર્મ આચરણ કરતા તેઓ રંચમાત્ર ડરતા નથી. પરંતુ જેટલા તમે અમારા કહેવાવ છો તેમણે તો મોક્ષ માર્ગે જ ચાલવું. ૩૪.

અને મનમાં દૃઢ ટેક રાખીને એક અમારા વચનને જ અનુસરીને રહેવુ જેટલા ઝેરના જેવા કુસંગીઓ છે તેની પરીક્ષા ભૂલથી પણ કરવી નહિ. ૩૫. બે દિવસના જીવતર સારું જન્મ બગાડવો નહિ. તે કુસંગનો દૂરથી જ ત્યાગ કરવો. જેને સંતો-ભક્તોમાં ભાવ નથી પણ ઊલ્ટાનો અંતરમાં અભાવ વર્તતો હોય તે બધા ઝેર જ છે. એમ જાણીને તેનો દૂરથી જ ત્યાગ કરી દેવો. જો તેનો વિશ્વાસ કરવામાં આવે તો તે વિશ્વાસ કરનારો જરૂર અસુર થાય. ૩૬-૩૭.

જે પરિપક્વ અસુર હોય તેને સાચા સંતો ગમતા જ નથી. સંતો ભગવાનની વાર્તા કરવા લાગે ત્યારે જો તે ત્યાં બેઠો હોય તો તે તરત જ ત્યાંથી ઊઠીને ચાલ્યો જાય છે. ૩૮. જ્યાં અસુરોનું બળ હોય ત્યાં તેઓ સંતોનો તિરસ્કાર કરતા હોય છે. માટે સંતોએ દેશકાળને જોઈ વિચારીને જ બોલવું. ૩૯. માટે વાત કરવામાં વિવેક રાખવો. જેમાં વિવેક ન હોય તે તો પશુના જેવો છે. પછી ભલે તે સંત હોય કે હરિભક્ત હોય, તો પણ જો વિવેક ન રાખે તો તેને તદ્દન મૂર્ખ જાણવો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'શ્રીહરિએ દરબારોની સંભાળ લીધી અને તે પ્રસંગે સોરઠના પરિપકવ સત્સંગીની અને વિવેકની વાત કહી' એ નામે ઓગણચાલીસમો તરંગ સમાપ્ત ॥૩૯॥



પૂર પાંચમું : તરંગ - ૪૦

શ્રીહરિ રવાપુર પધાર્યા, ભક્તોને સુખ દઈને ત્યાંથી ચાલવા તૈયાર થયા

શ્રીહરિ ઉપર કહી ગયા તે રીતે વિવેકની વાત કરતા હતા ત્યાં અધરાત થઈ ગઈ. પછી સ્વયં પોઢી ગયા તે સવારે ઊઠ્યા. ૧. સવાર થયું ત્યારે સંતો 'નારાયણ ધૂન' કરવા લાગ્યા. શ્રીહરિએ તત્કાળ ચાલવાની તૈયારી કરી. પછી સહુની સાથે ચાલ્યા તે **રવાપુર** ગામ આવ્યા. ૨. જ્યારે 'શ્રીહરિ પધારે છે' આવા સમાચાર હરિભક્તોએ સાંભળ્યા ત્યારે વૃદ્ધો અને બાળકોએ સહિત બધા હરિભક્તો શ્રીહરિની સન્મુખ આવ્યા. હવે તેમના નામ કહું છું. ૩. હંસરાજ શાહ, મુસલમાન જાતિના ફૂલજી કે જે તે ગામમાં રહેતા હતા. ભણસાળી હમીર ભક્ત એ બધા આવ્યા. ૪. તે બધા આવીને શ્રીહરિના ચરણોમાં પડ્યા અને 'અમારા ધન્યભાગ્ય છે કે આપનાં દર્શન થયાં.' આવું સહુ બોલ્યા.

શ્રીહરિએ બધા સોનેરી વસ્ત્ર પહેર્યા હતા. તેથી કોઈ મોટા મહારાજા હોય તેવા મતવાલા લાગતા હતા. ૫. શ્રીહરિની સાથે જે દરબારો હતા તે બધા સોનેરી વસ્ત્ર અને ઘરેણાં પહેરવાથી સોનામય અને સોહામણા લાગતા હતા. બધા અશ્વો પણ સોનેરી સાજથી શણગાર્યા હતા. બધા ખૂબ સુશોભિત થઈ ગયા હતા. ૬. તે સમયે શ્રીહરિએ સહુ દરબારોને પોતાનો એક એક સોનેરી પોશાક આપ્યો હતો. તે શ્રીહરિની પ્રસાદીરૂપ સહુએ પહેર્યા હતા. સહુના અશ્વોને પણ શણગારીને સોનામય કરી દીધા હતા. ૭.

શ્રીહરિની છબી તો સહુથી ન્યારી દેખાતી હતી. દર્શન કરનારા લોકોને તે છબી પ્યારી લાગતી હતી. મસ્તક ઉપર સોનેરી છત્ર હતું અને બંને બાજુએ સોનેરી ચામર ઢળતા હતા. ૮. છડીદાર સોનેરી છડી લઈને જયજયકારની સાથે છડી બોલતા હતા. છડી, છત્ર અને ચામર આદિથી અન્ય દરબારો કરતા શ્રીહરિની અધિકતા દેખાતી હતી. ૯. હરિભક્તો ઢોલ અને ત્રાસા ઈત્યાદિ લાવ્યા હતા, તે અતિશય હરખથી વગાડવા લાગ્યા. ગામની ચારે બાજુએ જે

વાડીઓ હતી તે વૃક્ષોને લીધે શોભતી હતી. ૧૦. વાડીના વૃક્ષો ઉપર ફળ અને ફૂલોનો કોઈ પાર ન હતો. તે વૃક્ષોમાં રહેતા વિવિધ પ્રકારના પંખીઓ કોલાહલ કરતા હતા. શ્રીહરિ ગામને દરવાજે આવ્યા. ગામની બજારો સુંદર રીતે શણગારી હતી. ૧૧. શ્રીહરિની સાથે જે ડંકા અને નિશાન હતા. તે સવારીની આગળ સોહામણા લાગતા હતા. ગામમાં રહેતા તમામ નરનારી શ્રીહરિની સન્મુખ આવ્યા હતા. ૧૨.

સહુ શ્રીહરિનાં દર્શન કરીને આનંદિત થઈ ગયા હતા. બધા નગરજનો વરસાદની ઝડીની જેમ પુષ્પોની વૃષ્ટિ કરવા લાગ્યા. ૧૩. ઘરના હરેક દરવાજે સારામાં સારા તોરણો બાંધી દીધા. બધાએ કેળના સ્તંભ રોપાવ્યા. આ રીતે અપાર શોભા કરી. ૧૪. હરિભક્તો ગુલાલ લઈ આવ્યા. તેને ઘણોજ ઉડાડ્યો. ધર્મપુત્ર શ્રીહરિ પધાર્યા તે નિમિત્તે આનંદ-ઉત્સવ અત્યંત થયો. ૧૫. મૃદંગ અને ઝાંઝ વગાડીને સંતો વધામણાના કીર્તન ગાતા હતા. બધા ધીરે ધીરે ચાલતા હતા. શ્રીહરિ રવાપુર ગામની બજારમાં આવ્યા. ૧૬. શાહ હંસરાજ શેઠનું ઘર હતું ત્યાં શ્રીહરિ પધાર્યા. ત્યાં એક સારો પલંગ બિછાવ્યો હતો. શ્રીહરિ આવીને તેના ઉપર બેઠા. ૧૭.

સહુને ઉતારા અપાવ્યા. વર્ણીએ તરત રસોઈ બનાવી. પુષ્કળ પાકી કેરી લાવ્યા હતા. તેનો સુંદર રસ કઢાવ્યો. ૧૮. સાકર મગાવીને દળાવી નાખી. તેના માટલા ભરાવી રાખ્યા હતા. નાના નાના માંડા (એક પ્રકારની જમવાની ચીજ) કરાવ્યા અને તેને તાજા ઘીમાં ખૂબ જ બોળાવ્યા. ૧૯. જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે શ્રીહરિ જમવા માટે ઊઠ્યા. સુંદર બે પીતાંબર હતા. એક પહેર્યું અને બીજું ઓઢ્યું. ૨૦. સોનેરી ચાખડીઓ ચરણમાં પહેરીને ભક્તોના આનંદકારી શ્રીહરિ ચાલ્યા. જ્યાં વર્ણીએ રસોઈ બનાવી હતી ત્યાં સુખદાયક ઘનશ્યામ પધાર્યા. ૨૧. સોનાના બાજોઠ ઉપર શ્રીહરિ બેઠા. જળથી ચરણ કમળ ધોયા. ને પછી રૂમાલથી લૂછીને કોરા કર્યા. ૨૨.

મુકુંદાનંદ વર્ણી સોનાનો કટોરો ભરીને કેરીનો રસ લાવ્યા. જયાનંદ વર્ણીએ માંડા બનાવ્યા હતા. તેનો થાળ ભરીને તેઓ લાવ્યા. ૨૩. દળેલી સાકરથી ભરેલો એક કટોરો શ્રીહરિની આગળ ધર્યો અને ઘી થી ભરેલ એક

બીજો કટોરો લાવીને ત્યાં ધર્યો. ૨૪. વડાં અને ભજિયાં જે બનાવ્યા હતા તે બધા લાવીને ત્યાં ધરાવ્યા. સ્વયં શ્રીહરિએ ઘી અને સાકર રસમાં મેળવ્યા. ૨૫. શ્રીહરિ માંડા અને રસ જમવા લાગ્યા. વડાં અને ભજીયાં લીધા. ભક્તોના ઉપર હેત જણાવવા ધીરે ધીરે બધું જમ્યા. ૨૬. શ્રીહરિ માંડવીમાં અઢાર દિવસ રહ્યા. ત્યાં કેરીનો રસ અને રોટલી જમતા. રસોઈઓનો તો કોઈ પાર જ ન હતો. કેટલીએ રસોઈઓ લેવાની પડી રહી અને ત્યાંથી ચાલી નીકળ્યા. ૨૭. ભીમ એકાદશી માંડવીમાં કરી હતી. તેનો ઉત્સવ કરીને માંડવીથી નીકળ્યા હતા. ૨૮.

શ્રીહરિ જ્યારે જમી રહ્યા ત્યારે હાથ અને મુખ ધોયા. રૂમાલથી તે લૂછીને મુખવાસ લીધો. પછી નિપુણતાથી સંતોને અને દરબારોને જમવા બોલાવ્યા. ૨૯. સંતો અને દરબારો જમવા માટે બેઠા. શ્રીહરિ તેમને પીરસવા લાગ્યા. પ્રથમ સારી રીતે કેરીનો રસ પીરસ્યો. પછી તેમાં પ્રેમથી સાકર અને ઘી પીરસ્યું. ૩૦. જ્યારે માંડા પીરસી રહ્યા ત્યારે સંતો અને દરબારો જમવા લાગ્યા. જ્યાં સુધી સંતો જમતા હતા ત્યાં સુધી શ્રીહરિ પંગતમાં પીરસવા માટે ફરતા રહ્યા. ૩૧. જ્યારે સંતો અને દરબારો જમી રહ્યા. ત્યારે શ્રીહરિએ હાથ ધોયા. પછી તુરંત પલંગ ઉપર આવીને બેઠા. દયાળુ મુખથી મરક મરક હસી રહ્યા હતા. ૩૨. દરબારો અને સંતો શ્રીહરિની પાસે બેઠા હતા ત્યારે વરસાદ ઘણોજ વરસવા લાગ્યો. શ્રીહરિ કહે, 'વાજિંત્રો લાવો અને હરખભર્યા મલાર રાગના કીર્તન ગાઓ.' ૩૩. પછી સંતો દૂકડ અને સરોદ લઈ આવ્યા. પછી ખૂબ જ મલાર રાગ ગાયો. બપોર પછી શરૂ થયેલો વરસાદ આખી રાત ખૂબ જ વરસ્યો. ૩૪. ખેતરોમાં વાવણી સારી રીતે થાય એવો વરસાદ ઈન્દ્રે કરી દીધો. અઢારસોને એકસઠની સાલમાં દુષ્કાળ પડશે એવું લોકોએ ધાર્યું હતું પણ શ્રીહરિ ત્યાં પધાર્યા, સારો વરસાદ થયો અને બધે જયજયકાર થઈ ગયો. ૩૫.

સવાર થયું. વરસાદ બંધ થયો. શ્રીહરિએ ત્યાંથી ચાલવાની તૈયારી કરી. શ્રીહરિએ અમૂલ્ય શ્વેત વસ્ત્ર અંગ ઉપર ધારણ કર્યા. ૩૬. લાલ રંગના અને મીણ પાયેલા ઓઢા (ઢાંકણ) રથ ઉપર ઓઢાડી દીધા. ચકમા (ઊન)નો

એક એક ખૂંપ (માથે રખાય તેવો ઓઢો) દરેક ઘોડે સવાર માટે અપાવ્યો. ૩૭. તે રીતે જ હરેક સંતને માટે પણ ઊનનો એક એક ખૂંપ માથા ઉપર ધારણ કરાવી દીધો અને પોથી-પાનાને મીણિયા કપડાં બંધાવ્યા. જેનાથી તે વરસાદમાં પલળી જાય નહિ. ૩૮. સંતો અને દરબારો, બધા સાવચેત થઈને ચાલવા લાગ્યા. શ્રીહરિએ પુરાણી લક્ષ્મીરામ વિપ્રને પણ સાથે લીધા. ૩૯. તેમને ગાડામાં બેસાડ્યા. ભાગવત તેમની પાસે રાખ્યું. તેમને દૂર દેશના પરદેશી જાણીને શ્રીહરિ સારી સંભાળ રાખતા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમપૂરમાં 'શ્રીહરિ રવાપુર પધાર્યા, ત્યાંના સત્સંગીઓને સુખ આપીને ચાલવા તૈયાર થયા' એ નામે ચાલીસમો તરંગ સમાપ્ત ॥૪૦॥



પૂર પાંચમું : તરંગ - ૪૧

શ્રીહરિએ કાળાતળાવ આવીને કચ્છના બધા હરિભક્તોને તેડાવ્યા

શ્રીહરિ જ્યારે રવાપુરથી ચાલવા તૈયાર થયા ત્યારે ગામના મોટા મોટા માણસોએ રોકવા માટે શુદ્ધ મનથી ઘણો જ આગ્રહ કર્યો. ૧. છતાં શ્રીહરિ વરસાદનું મિષ લઈને ચાલતા થયા. ત્યારે ગામના બધા લોકો શ્રીહરિને વળાવવા માટે ગામની બહાર આવ્યા. ૨. શ્રીહરિ ગામની બહાર આવ્યા ત્યારે વળાવવા આવેલા સહુને પાછા વાળ્યા. આકાશમાં વરસાદના વાદળાં ચઢી આવ્યાં. મેઘ હડુડવા લાગ્યો. ૩. ચોતરફ વીજળી ઝબૂકવા લાગી. મોર અને બપૈયા બોલવા લાગ્યા અને દેડકા તો જોર જોરથી બોલવા લાગ્યા અને વનમાં કોયલ ગાન કરવા લાગી. ૪. આકાશમાં થતી મેઘગર્જનાઓને સાંભળીને એકદમ ચંચળ થઈ ગયેલા ઘોડાઓ હણહણાટ કરવા લાગ્યા. જ્યારે ચાલ્યા ત્યારે જમીન ઉપર થોડું ઘણું પાણી ભરાયેલું હતું. તેમાં સહુ ચાલતા હતા ત્યારે સહુને શ્રીહરિ ચેતવણી આપતા કે, ખાડા-ખાબોચિયામાં ધ્યાન રાખીને ચાલજો. ધ્યાન નહિ રાખો તો ક્યાંક ઘોડાનો પગ ભાંગી જાશે. જ્યાં ઝાઝું પાણી આવે ત્યાં ઘોડા ઉપરથી ઊતરી જવું અને ઘોડાને દોરીને ચાલવું. ૫-૬.

વારંવાર આ રીતે ચેતવણી આપતા ત્યારે સહુ જેમ શ્રીહરિ કહે તેમ ચાલતા હતા. સીધો રસ્તો દેખાડવા માટે સાથે એક ભોમિયો લીધો હતો. ૭.

સવારી બધી આગળ ચાલતી હતી અને શ્રીહરિ તેમની પાછળ ચાલતા હતા. જ્યારે બધા **કાળાતળાવ** ગામની પાસે આવ્યા ત્યારે ત્યાં સહુએ સ્નાન કર્યું. ૮. પૂજા કરીને ત્યાં ટીમણ (નાસ્તો) કર્યું. જે સાથે લીધું હતું તે બધું આપ્યું. શ્રીહરિ કેળા અને કેરી જમ્યા. તેના ઉપર પાંચ પેંડા પણ જમ્યા. ૯. મોતીચૂર અને જલેબી હતી, તે બધાને આપ્યા. કાળાતળાવના હરિભક્તોને ખબર પડી એટલે તે બધા ત્યાં આવ્યા. ૧૦. તે ગામમાં સુથાર ભીમજી અને રવજી આ બે સમાધિનિષ્ઠ ભક્તો રહેતા હતા. તેમજ હરભમ અને મનજી, એ પુરુષો તથા જેઠીબાઈ અને અજુબાઈ એ બે બાઈઓ, બધા શ્રીહરિ પાસે આવ્યા. ૧૧. બધા હરિભક્તોમાં જે પુરુષો હતા તે બધા શ્રીહરિના ચરણોમાં પડ્યા અને બાઈઓ દૂર રહીને પગે લાગી. તેઓ એક પળવાર પણ શ્રીહરિની મૂર્તિને ભૂલતા નહિ. ૧૨. ગામના બીજા પણ અપાર મનુષ્યો શ્રીહરિની સન્મુખ આવ્યા. તેઓ શ્રીહરિના ચરણમાં શ્રીફળ મૂકીને પગે લાગ્યા. ૧૩.

તેઓ ઢોલ અને ત્રાસા વગેરે વિવિધ પ્રકારના વાજિંત્ર લાવ્યા હતા. સોનેરી શણગાર સજીને શ્રીહરિ તે સહુની સાથે કાળાતળાવ ગામ તરફ ચાલ્યા. ૧૪. શ્રીહરિના અશ્વને પણ સોનેરી સાજથી શણગાર્યો હતો. હરિભક્તો કીર્તન ગાતા હતા. બધે આનંદમંગળ વ્યાપી ગયા હતા. ૧૫. શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. મસ્તક ઉપર સોનેરી છત્ર ધારણ કર્યું હતું. ચારે બાજુ 'જય જય' 'જય જય'નો ધ્વનિ થતો હતો અને તેનાથી આકાશ ગાજી રહ્યું હતું. ૧૬. શ્રીહરિ ગામમાં ચાલ્યા ત્યારે ચોપદાર નેકી પોકારતા હતા. શ્રીહરિની સાથે ડંકા , નિશાન વગેરે હતા. તે સવારીની આગળ ચાલતા સોહામણા લાગતા હતા. ૧૭. અનેક પ્રકારના વૃક્ષ ગામને ચોતરફ હતા તે ઘણા રળિયામણા લાગતા હતા. તે વૃક્ષો ઉપર બેઠેલા વિવિધ જાતિના પંખીઓ મધુર શબ્દ બોલી રહ્યા હતા. ૧૮. શ્રીહરિ પધારે છે એમ જાણીને માનો તે બધા પક્ષીઓ પોતાની વાણીને સફળ કરી રહ્યા હતા. વનની છટાને દેખતા દેખતા સુખધામ ઘનશ્યામ શ્રીહરિ ગામના દરવાજે પહોંચ્યા. ૧૯.

શ્રીહરિ ગામની અંદર આવ્યા ત્યાં વિવિધ રીતે બજારોને શોભાડી હતી. જેના મનમાં જેવી ભાવના હતી તેવા ઘરના દરવાજા શણગાર્યા હતા. ૨૦. મોતીથી ભરેલા સુંદર તોરણ દરવાજે બાંધ્યા હતા અને છટાદાર જરિયાની ઉલેચ પણ ઊંચે બાંધ્યા હતા. કેળના સ્તંભ લાવીને બધે રોપાવ્યા હતા અને કુંકુમ તથા કેસર છંટકાવી દીધાં હતાં. ૨૧. આંગણામાં રંગોળીથી કમળ બનાવીને તેના ઉપર સોનાના એકએક કળશ સ્થાપ્યા હતા. કળશના ઉપર નવપલ્લવો અને ફૂલના હાર મૂકીને એકેક નાળિયેર મૂક્યું હતું. ૨૨. જેટલી મંગળમય સામગ્રી કહેવાય તે મૂકીને ત્યાં ધૂપ કરીને દીવા મૂક્યા હતા. પુરમાં જેટલા બાળકો તથા વૃદ્ધો હતા તે બધા જ બજારમાં ઊભા હતા. તેઓ મોતીના થાળ ભરી ભરીને લાવ્યા હતા. હૃદયમાં નવો પ્રેમ હતો તેથી તે સહુ મોતીથી શ્રીહરિને પ્રેમથી વધાવવા લાગ્યા. ૨૪. બધા હરિભક્તો ગુલાલ લાવ્યા હતા. તેને ઉડાડીને ચારે બાજુ ધૂમ મચાવી દીધી હતી. સંતો ઝાંઝ અને મૃદંગ વગાડીને ઉત્સવના કીર્તન ગાતા હતા. ૨૫. શ્રીહરિ અને બધા સંતો સુથાર ભીમજી તથા સુથાર રવજીને ઘેર પધાર્યા. તે સમયની શોભા કાંઈ કહી શકાતી નથી. ૨૬. ત્યાં ગાદી તકિયા બિછાવીને સરસ પલંગ તૈયાર રાખ્યો હતો. શ્રીહરિ તે પલંગ ઉપર આવીને બેઠા. મસ્તક ઉપર ચામર ઢળી રહ્યા હતા. ૨૭.

અનંત ભુવનોના અધિપતિ ભગવાન શ્રીસહજાનંદસ્વામી પોતાને ઘેર પધાર્યા હોવાથી તે હરિભક્તોને ઘણો જ આનંદ થયો અને બધા સેવા કરવા લાગી ગયા. ૨૮. ત્યાં સંતોને તથા દરબારોને ઉતારા કરાવ્યા. શ્રીહરિ કાળાતળાવમાં પંદર દિવસ સુધી રહ્યા હતા. કાળાતળાવના બધા હરિભક્તોએ પાંચ દિવસ સુધી રસોઈ આપી. ૨૯. શ્રીહરિએ ત્યાં ભાગવત ચતુર્થ સ્કંધની કથા વંચાવી. તેમાં છેલ્લે 'નારાયણ સર' નો મહિમા આવ્યો. તે હવે જેવો છે તેવો હું (આધારાનંદ) કહું છું. ૩૦. જે મનુષ્ય નારાયણ સરમાં જઈને સ્નાન કરે છે તેને મનોવાંછિત ફળની પ્રાપ્તિ થાય છે. જેટલા દેવતાઓ છે તે બધા આ 'નારાયણ સર' તીર્થને રાતદિન સેવે છે. ૩૧. પ્રાચીન બર્હિષ્ રાજાના પુત્રો દસ પ્રચેતાઓ કહેવાતા હતા. પ્રજાની વૃદ્ધિ કરવાની ઈચ્છાથી

તેમણે દેવતાઓના દસ હજાર વર્ષ સુધી અહીં ઉગ્ર તપ કર્યું હતું. કેવી રીતે ? તો શિવજીએ આપેલા મંત્રનો જપ નારાયણ સરના પાણીમાં બેસીને કર્યો હતો. પછી ભગવાને આઠ ભુજાઓવાળું સ્વરૂપ ધારણ કરીને ગરુડ ઉપર બેસી તેમને પોતાનાં દર્શન દીધા હતા. અને તેમને મનોવાંછિત વરદાન આપીને તેમના મનોરથને પૂર્ણ કર્યા હતા. ૩૨-૩૪.

કથામાં આવી જે વાત આવી તેને શ્રીહરિએ ધ્યાનમાં રાખી. તે સમયે ગામેગામના હરિભક્તો ત્યાં શ્રીહરિનાં દર્શન કરવા આવતા હતા. ૩૫. તેઓ સહુ નિત્ય નવા હેતથી શ્રીહરિ અને સંતોને માટે નિત્ય રસોઈ આપતા હતા. તેવા સમયમાં દેવશયની અર્થાત્ અષાઢ સુદિ એકાદશીને હજી પાંચ દિવસની વાર હતી. ૩૬. ત્યારે શ્રીહરિએ ગામેગામના હરિભક્તોના ઉપર પ્રેમથી પત્ર લખીને જણાવ્યું કે સહુએ અષાઢ સુદિ આઠમને દિવસ અહીં 'કાળાતળાવ' ગામ પ્રેમથી આવવું. આ વખતે એકાદશીના દિવસે 'નારાયણ સર' તીર્થમાં જઈને સારો સમૈયો કરવો છે. ૩૭-૩૮.તે પત્રથી સમાચાર સાંભળીને બાળકો અને વૃદ્ધોએ સહિત કચ્છના ગામેગામના હરિભક્તો તત્કાળ જ બળદગાડી જોડીને અને અશ્વ ઉપર બેસીને બધા હરખભર્યા કાળાતળાવ ગામ આવી પહોંચ્યા. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'શ્રીહરિએ કાળાતળાવ ગામ આવીને કચ્છના બધા હરિભક્તોને બોલાવ્યા' એ નામે એકતાળીસમો તરંગ સમાપ્ત ॥૪૧॥



પૂર પાંચમું : તરંગ - ૪૨

શ્રીહરિ કાળાતળાવથી નારાયણસરની યાત્રાએ આવ્યા

કચ્છના બધા હરિભક્તો શ્રીહરિની પાસે આવ્યા. સહુ શ્રીહરિના ચરણમાં પડ્યા અને તેનાથી તેમને બધાને શાંતિ થઈ. ૧. શ્રીહરિએ જે પત્ર લખ્યો હતો તેમાં એવું જણાવ્યું હતું કે "તમે જે રામાનંદસ્વામીના શિષ્ય હરિભક્ત હોવ, તે સહુએ કાળાતળાવ આવવું. જે વિમુખ હોય તેમણે અહીં

ન આવવું. અને જે વિમુખ હોય તેણે રઘુનાથદાસને સેવવા.” ૨-૩. પત્ર સાંભળીને હરિભક્તો મનમાં વિચારવા લાગ્યા કે જો આપણે કાળાતળાવ નહિ જઈએ અને ઘેર રહેશું, તો વગર વિમુખ કર્યે વિમુખ થઈ જઈશું. ૪. આમાંથી બચવાનો કોઈ અવકાશ જ નથી. નારાયણસરની યાત્રા કર્યા વિના છૂટકો જ નથી. આવું સમજીને સમગ્ર હરિભક્તો નારાયણ સરની યાત્રા કરવા કાળાતળાવ આવ્યા. ૫.

તે વખતે જે ભક્તોને શ્રીહરિના પરમેશ્વરપણાનો નિશ્ચય યથાર્થરૂપમાં ન હતો તેને શ્રીહરિએ ધ્યાનમાં બેસાડ્યા અને સદ્‌ગુરુ રામાનંદસ્વામી દ્વારા તેમને પોતાના સ્વરૂપનો અડગ અને સુદૃઢ નિશ્ચય કરાવ્યો. ૬. તે હરિભક્તોના મનમાં એવો પરિપક્વ નિશ્ચય કરાવ્યો કે જે ક્યારેય તૂટે નહિ. પછી તે હરિભક્તો વારંવાર શ્રીહરિના ચરણોમાં નમીને દીન વચન બોલવા લાગ્યા, ૭. ‘હે મહારાજ ! આપે જો અમને આ સમયે અહીં ન બોલાવ્યા હોત તો આવું ન થાત પણ જુદું જ થાત. રઘુનાથદાસ આવીને અમને આપનાથી વિમુખ કરી નાખત. ૮. આપે અતિશય કૃપા કરીને અમને ભલે પોતાની પાસે બોલાવી લીધા. જો આવી કૃપા ન કરી હોત તો અમારું કાંઈ ઠેકાણું રહેત નહિ.’ ૯.

ત્યારે સુખકારી શ્રીહરિએ કહ્યું, ‘તમે નરનારી સહુ હરિભક્તો મારી વાત સાંભળો. તમે સહુએ સદ્‌ગુરુ રામાનંદસ્વામીની ઘણી જ સેવા કરી છે. ૧૦. તમે રામાનંદસ્વામીના થયા છો તેથી તેઓ તમને વિમુખ કઈ રીતે થવા દે ? ૧૧. એક શંખચૂડ નામે મોટો ભારે દૈત્ય હતો. તે એક વાર રાતે વૃંદાવનમાં આવ્યો. ગોપીઓનો વૃંદ બળરામ અને શ્રીકૃષ્ણની સાથે રમતો હતો. ૧૨. તે સમયે શંખચૂડ દૈત્ય ગોપીઓના સમુદાયનું અપહરણ કરીને તત્કાળ જ ઉત્તર દિશા તરફ એકાએકી ચાલ્યો. ૧૩. ગોપીઓ તેને દૈત્ય જાણીને પોકાર કરવા લાગી. ‘હે રામ ! હે કૃષ્ણ ! હે હરે... અમને બચાવો.’ ૧૪. ગોપીઓના પોકારને સાંભળીને રામ અને કૃષ્ણ તુરંત જ ત્યાં દોડી આવ્યા. દૈત્યે તેમને પોતાના કાળરૂપ દેખ્યા. એટલે ગોપીઓને મૂકી દઈને તે ભાગ્યો. ૧૫. શ્રીકૃષ્ણ ગોપીઓ પાસે બળરામજીને મૂકીને દૈત્યની પાછળ દોડ્યા. પછી દૈત્યનો શિરચ્છેદ કર્યો અને તેનો મણિ લઈને પાછા આવ્યા. ૧૬.

ગોપીઓ જેવા તમારા હાલ થયા હતા. પણ સદ્‌ગુરુ રામાનંદસ્વામીએ આ વખતે તમારી રક્ષા કરી છે અને અસુરના હાથથી તમને છોડાવ્યા છે. ૧૭. હવે ક્યારેય અસુરનો વિશ્વાસ કરવો નહિ. અસુરથી તો રાતદિવસ ડરતા રહેવું. અત્યારે દૈત્યો સંત અને હરિભક્તોનું રૂપ લઈને સત્સંગમાં ફરી રહ્યા છે. ૧૮.

❋ સત્સંગના નિયમોમાં રહે તે જ ભક્ત છે :

તેમને પારખવા માટે અમે નિયમોની એક રીત ચલાવી છે. તે નિયમોની રીતને જ્યારે વિચારવામાં આવે ત્યારે હરિભક્તના રૂપમાં રહેલો અસુર ઓળખાઈ જાય છે. ૧૯. સત્સંગમાં અમે તે ભિન્ન ભિન્ન રીતે ઓળખાઈ જાય એવા નિયમ કર્યા છે. નિયમમાં જે વર્તે તે જ હરિભક્ત છે અને તે જ સંત છે. અને જે નિયમોને તજી દે છે તે મોટા બળવાન અસુર છે. ૨૦. અમારો જે પ્રતાપ કહેવાય છે, તે બધો અમે નિયમમાં રાખ્યો છે, મૂક્યો છે. નિયમ પાળવા ઉપરથી જ દેખાઈ આવે છે કે આ હરિભક્ત છે અને આ દૈત્ય છે. ૨૧. સમાધિનિષ્ઠ કે બ્રહ્મવેત્તા હોય એવા સંતો-ભક્તો કોણ ? તો જે જે દૃઢ નિયમ રાખતા હોય. તેવા સંતો-હરિભક્તોને જ સમાધિનિષ્ઠ કે બ્રહ્મવેત્તા જાણવા. ૨૨.

જે નિયમો પાળે નહિ અને જેને પરમેશ્વરના સ્વરૂપનો નિશ્ચય ન હોય, એ બેને તો વિમુખ જાણવા, અસુર જાણવા. જેવા જેના નિયમ હોય તે પ્રમાણે સહુએ તત્પર થઈને વર્તવું. ૨૩. નિયમ અને નિશ્ચયમાં કોઈ દંભ ન રહી શકે અને જેનું જેવું અંતર હોય તે કળાઈ જાય તે માટે જ અમે આ નિયમ બાંધ્યા છે. અમારા આ નિયમો બધાનો મોક્ષ કરવા માટેની ચરમસીમા છે. ૨૪. ત્યારે સહુ હરિભક્તો મનમાં ઘણું રાજી થઈને બોલ્યા, આપ શ્રીહરિ તો મહાન સમર્થ છો અને અમે તો જીવ છીએ તે અલ્પ ગણાઈએ. ૨૫. આપ તો ભૂત, ભવિષ્ય અને વર્તમાન, બધું જ જાણો છો. અમારું સહુનું હિત કરવા માટે પ્રકટ થયેલા આપ તો સાક્ષાત્ પરમેશ્વર છો. ૨૬.

પછી શ્રીહરિ હરિભક્તોને સાથે લઈને ચાલ્યા. સહુ સંતો હરિભક્તો મનમાં ઘણો જ ઉમંગ રાખીને રસ્તે ચાલતા હતા. ૨૭. હરિભક્તો બધા પોતપોતાની બળદગાડીમાં બેઠા હતા અને લગનની જાનમાં જેમ ગીત ગવાય તેમ પ્રકટ ભગવાનના કીર્તન સહુ ગાતા. ૨૮. ચાલતા રસ્તામાં એક ગામ આવ્યું. ત્યાં ગામની બહાર મુકામ કર્યો. પોતપોતાના ગામના હરિભક્તોએ ભેળા મળીને બ્રાહ્મણની પાસે થાળ બનાવડાવ્યો. ૨૯. હરિભક્તો પોતપોતાને ચોકે શ્રીહરિને બોલાવીને થાળ જમાડતા. કેસરયુક્ત ચંદનની અર્ચા કરીને પૂજા કરતા. ફૂલના હાર અને તોરા પહેરાવતા અને બાજુબંધ બાંધતા. ૩૦. પ્રથમ ભુજના જેટલા ચોકા હતા ત્યાં શ્રીહરિ થાળ જમ્યા અને હરિભક્તાએ થાળ દીઠ પાંચ પાંચ સંતોને ઘણા હેતથી જમાડ્યા. ૩૧. તે રીતે જ જે શસ્ત્રધારી દરબારો, સંન્યાસી અને બ્રહ્મચારીઓ હતા તેમને પણ જમાડ્યા. પછી શ્રીહરિને ઊંચા આસન ઉપર બેસાડી, પૂજા કરીને આરતી ઉતારી. ૩૨.

તે બધા હરિભક્તો જેટલા દિવસ શ્રીહરિની સાથે રહ્યા તેટલા દિવસ રોજ શ્રીહરિને પૂજતા. અને વિપ્ર પાસે નિત્ય થાળ કરાવી પ્રેમથી શ્રીહરિ અને સંતોને જમાડતા. ૩૩. જેની જેવી રુચિ હોય તેવો રોજ થાળ કરાવતા. થાળ કરીને શ્રીહરિ અને સંતોને જમાડવા તે કરોડો અશ્વમેઘ યજ્ઞ કરતા પણ ભારે યજ્ઞ છે એવું મનમાં વિચારીને હરિભક્તો નિત્ય તે યજ્ઞ કરતા. ૩૪. પ્રકટ પુરુષોત્તમ શ્રીહરિ જે અન્નને જમે છે તે જ બધા યજ્ઞોમાં મહાન યજ્ઞ છે. તેના સમાન બીજો કોઈ યજ્ઞ કહેવાય નહિ. તે યજ્ઞ તો સર્વોપરિ યજ્ઞ કહેવાય છે. ૩૫. બીજે દિવસ સમુદ્રને કિનારે રહેલાં **નારાયણ સરે** શ્રીહરિ આવી ગયા. તેની આસપાસમાં વનવૃક્ષોનો કોઈ પાર ન હતો. વૃક્ષો ઉપર રહેનારા વિવિધ પ્રકારના પંખીઓ કોલાહલ કરતા હતા. ૩૬.

તે વખતે દક્ષ પ્રજાપતિના મહાન તપસ્વી અગિયાર હજાર પુત્રો હતા તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. તે બધા સિદ્ધ ગતિને પામેલા હતા. ૩૭. તેઓ શ્રીહરિના ચરણોમાં પડ્યા ને ગદ્‌ગદ કંઠ થઈને બોલ્યા કે આપનાં દર્શન કરવા માટે જ અમે અહીંયાં તપ કરીએ છીએ. ૩૮. આત્યંતિક મોક્ષને મેળવવા તપ કરતા અમને ઘણા યુગ વીતી ગયા. જીવના સાચા હિતકારી આપ અમને

અત્યારે મળ્યા. તેથી અમારી બધી જ ઇચ્છાઓ પૂર્ણ થઈ છે. ૩૯. હવે જેવી આપની ઇચ્છા હોય તેમ આપ જયાં અમને રાખશો, ત્યાં અમે રહેશું. પૂર્વે ઘણા અવતાર થયા છે પણ તમારા સમાન સમર્થ અવતાર કોઈ થયો નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'શ્રીહરિ કાળાતળાવથી નારાયણ સર, યાત્રા નિમિત્તે પધાર્યા' એ નામે બેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૨॥



પૂર પાંચમું : તરંગ - ૪૩

શ્રીહરિ નારાયણ સરમાં તીર્થવિધિ કરી કાળાતળાવ થઈને તેરા આવ્યા

શ્રીહરિએ દક્ષના પુત્રોની પ્રાર્થનાને દિલમાં ધારી અને બોલ્યા કે 'અમે વિચારીને તમારે માટે આટલે દૂર સુધી આવ્યા છીએ. ૧. તમારું હિત કરવાને માટે અમે અહીંયાં બે દિવસ રોકાશું. વિશાળ રાજ્યનો ત્યાગ કરીને તમે સહુએ અહીંયાં ઘણું જ મોટું તપ કર્યું છે. ૨. બધાયને દેહના સુખની ચાહના છે. આત્માના સુખને કોઈ ચાહતા નથી. અને તેથી જ શાશ્વત આત્મસુખનો માર્ગ છોડીને સહુ લોકો દુઃખને માર્ગે જ ચાલે છે. ૩. લોકોની બુદ્ધિ વિપરીત થઈ ગઈ છે અને તેથી જ તેઓ દુઃખને સુખ માનીને ઘૂમ્યા કરે છે. તેથી તે લોકોના દુઃખ ટળતા નથી. પણ તમે તો તે બધા દુઃખોનો ત્યાગ કર્યો છે. ૪.

બુદ્ધિમાન નારદજીએ અપાર દયા કરીને તમને દુઃખથી છોડાવી દીધા છે. આ વખતે તેમણે મનુષ્યતન ધારણ કર્યું છે અને તે નારદજી અત્યારે અમારી સાથે રહ્યા છે. ૫. અત્યારે અમે તેનાં દર્શન કરાવીએ તો પણ તેમને ઓળખી શકશો નહિ.' શ્રીહરિએ કહેલી વાત સાંભળીને તેમને અત્યંત આનંદ થયો અને 'અમારા ધન્ય ભાગ્ય છે' એમ તે રાજાઓના સમૂહે કહ્યું. ૬.

❋ સત્સંગમાં જન્મેલા દેવો-ઋષિઓની વાત :

ત્યારે શ્રીહરિએ કહ્યું, "બ્રહ્મા, મરીચિ આદિ પ્રજાપતિઓ, તે બધા જ મનુષ્યરૂપે જન્મ્યા છે. અને બાર સૂર્યો તથા ચંદ્રમા વગેરે બધા સત્સંગમાં

મનુષ્ય દેહને ધારી રહ્યા છે. ૭. સનકાદિક સિદ્ધો, વ્યાસમુનિ અને શુકદેવજી આદિ અપાર મુનિવરો મનુષ્ય દેહ ધારીને સત્સંગમાં આવ્યા છે. ૮.

इंद्रादिक देव ऋषि जेते, मनुष्य देह धरे हे तेते;
गोपी गोप गोकुल के वासी, सत्संग में आये सुखराशी...०९

जेते अवतार भोमि पर भयेउ, ताके भक्त जितने कहेउ;
सो सब हि सत्संग में आये, ताके ज्ञान हम रखे छपाये...१०

ઈન્દ્રાદિ દેવો, ઋષિઓ, ગોકુળના નિવાસી ગોપીઓ, ગોવાળો એ બધા જ સુખના ધામ એવા આ સત્સંગમાં આવ્યા છે. ૯. અત્યાર સુધી પૂર્વે ભૂમિ ઉપર જે અવતારો થયા હતા અને તેમના જેટલા ભક્તો થયા હતા તે બધા અત્યારે સત્સંગમાં આવ્યા છે. પરંતુ તેમનું જ્ઞાન અમે છુપાવી રાખ્યું છે.' શ્રીહરિએ આટલી વાત દક્ષ પુત્રોને કરી. ૧૦.

શ્રીહરિ જેને જેટલું કહે કે જણાવે તેને તેટલું જ જ્ઞાન થાતું. જણાવ્યા સિવાય કોઈને કાંઈ ખબર પડતી નહિ. હમણા તે બધાનું જ્ઞાન જીવના જેવું સંકુચિત થઈ ગયું હતું. ૧૧. જેટલા દક્ષના પુત્રો હતા તે બધા પણ અવ્યક્તરૂપે રહ્યા હતા. એવા તે દક્ષ પુત્રોને શ્રીહરિના સિવાય અન્ય કોઈ જાણતું નહિ. ૧૨. શ્રીહરિ નારાયણ સરે આવ્યા ત્યારે અત્યંત પ્રસન્ન મનથી તેમણે સરોવરને કિનારે જ ડેરા ઊભા કરાવ્યા. ૧૩. સરોવરનું પાણી અત્યંત નિર્મળ હતું. તેમાં ઘણી જાતના કમળ ખીલ્યા હતા. અનેક પ્રકારના પંખીઓ ત્યાં ઊડતા હતા અને અપાર હંસો પણ વિચરતા હતા. ૧૪. ભમરાના ટોળે ટોળા ત્યાં ગુંજારવ કરતા હતા. તેનો એક ધારો શબ્દ થયા કરતો હતો અને કમળનો સુગંધ તેમાંથી છૂટતો હતો. ૧૫.

નારાયણ સરમાંથી ભગવાન નારાયણ પ્રકટ થઈને તેમણે અનંત પ્રકારના મેવા અને ફળ અર્પણ કરીને શ્રીહરિનું સન્માન કર્યું. ૧૬. તેઓ વિપ્રનું રૂપ ધરીને આવ્યા હતા. તે પ્રમાણે જ સમુદ્ર પણ વિપ્રના રૂપમાં તેમની સાથે જ આવ્યા હતા. તે બંનેએ હાથ જોડીને કહ્યું કે, "આપે અહીં આવીને અમારા ભવનને-સ્થાનને પવિત્ર કર્યું છે. ૧૭. અમે રાત દિવસ આપનાં

દર્શન ઝંખતા હતા. તેને આપે જાણી લીધું. આપ અમને દર્શન આપવા ભલે પધાર્યા. અમારા બધા જ મનોરથ પૂરા થયા છે. ૧૮. આપ અહીંયાં પાંચ દિવસ રહો તો અમને ખૂબ જ લાભ મળે. આ એવું તીર્થ કહેવાય છે કે આપના સિવાય બધા જ દેવો અને ઋષિઓ અહીંયાં આવી ચૂક્યા છે." ૧૯.

પછી જ્યાં તે નારાયણ સર અને સમુદ્રનો સંગમ થાય છે ત્યાં શ્રીહરિએ સ્નાન કર્યું. સંતો અને હરિભક્તો જે બધા સાથે આવ્યા હતા તેમણે પણ ત્યાં સ્નાન કર્યું. ૨૦. આ રીતે જ શ્રીહરિએ ત્યાં પાંચ દિવસ સુધી સ્નાન કર્યું. એકાદશીએ ઉપવાસ કર્યો. ચાર દિવસ બ્રાહ્મણોને જમાડ્યા અને બ્રાહ્મણોને ઘણાં જ દાન આપ્યાં. ૨૧. વિપ્રો ખૂબ જ પ્રસન્ન થયા. મનમાં ઘણો જ પ્રેમભાવ લાવીને તેઓ એમ બોલ્યા કે, "આવું દાન કોઈએ કરેલું નથી. ૨૨. આપે આ દાન સર્વોપરિ આપ્યું છે. આવું તો કોઈ મનુષ્યે કર્યું નથી. આપનો જેટલો પરિવાર છે તે હવે ક્યારેય દુઃખી નહિ થાય." ૨૩. બધા વિપ્રોએ આવાં વરદાન આપ્યાં. થોડા સમયમાં બધુ એ જ પ્રમાણે થયું.પછી શ્રીહરિએ પાંચ દિવસમાં સંપૂર્ણ ભાગવત મૂળમાત્રનો પાઠ કરાવ્યો. ૨૪. જે વિપ્રોએ મૂળ પાઠ કર્યો તેને શ્રીહરિએ ઘણી જ પહેરામણી કરી. તેમને ક્યારેય ખૂટે નહિ એટલું ધન આપ્યું. ૨૫.

નારાયણ સર અને સમુદ્રને ખુશ કરીને શ્રીહરિ ત્યાંથી ચાલતા થયા. અને કાળાતળાવ ગામ પાછા આવ્યા. આ રીતે હરિભક્તોને તો આનંદ વિભોર કરી દીધા. ૨૬. પછી કાળાતળાવમાં શ્રીહરિ એક રાત રોકાયા અને પછી ત્યાંથી **તેરા** ગામ તરફ આવ્યા. ત્યાંના હરિભક્તો શ્રીહરિ પોતાને ગામ પધારે એવું કાયમ ચાહતા હતા. તેથી તેમના મનોરથોને પૂરવા તે તરફ ચાલ્યા. ૨૭. શ્રીહરિ તેરા ગામની નજીક પહોંચ્યા. ત્યારે તે સમાચાર જાણીને હરિભક્તો મનમાં અતિશય રાજી થયા અને સામૈયું લઈને શ્રીહરિની સન્મુખ આવ્યા. ૨૮. તે હરિભક્તોના નામ કહું છું. હે ઉત્તમ નૃપ ! તેને તમે એકાગ્ર મનથી સાંભળો. નોંઘાભાઈ, નાગજી, માવજી, ડોસાભાઈ અને ગોપાળભાઈ એ બધા સુથાર હતા. ૨૯. પ્રેમબાઈ અને માનબાઈ, એ બહેનો પણ સુથાર જ્ઞાતિની હતી. સેજપાલ અને પતરામલ એ આદિક વણિક જ્ઞાતિના ભક્તો

હતા. ૩૦. એ બધા હરિભક્તો શ્રીહરિના ચરણમાં પડ્યા. સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. તે સ્થળે સહુએ શ્રીહરિને ફૂલના હાર પહેરાવ્યા, બાજુબંધ બાંધ્યા અને તોરા ધરાવ્યા. ૩૧.

તેરા ગામની ચારે બાજુ ઘણા ઘાટા વિવિધ પ્રકારના વૃક્ષો હતા અને બીજા બાગ બગીચાઓનો પણ પાર ન હતો. જેમાં ફૂલ અને ફળ અપાર થતાં હતાં. ૩૨. વૃક્ષો ઉપર જાતજાતનાં પંખીઓ રહેતા હતા અને તેના મનોહર મધુર શબ્દ થયા કરતા હતા. શ્રીહરિએ તે વખતે પોતાના અંગ ઉપર સોનેરી વસ્ત્ર અને ઘરેણાં ધારણ કર્યા હતા. ૩૩. કેટલાક ઘરેણાં તો મોતીના ધાર્યા હતા. જેને ગણવાથી તેનો પાર આવતો ન હતો. તે રીતે જ અશ્વને પણ શણગાર્યો હતો. તેને પણ સોનાના અને મોતીના ઘરેણા પહેરાવ્યા હતા. ૩૪. તેના ઉપર શ્રીહરિ સવાર થયા હતા. શિર ઉપર સોનેરી છત્ર ધારણ કર્યું હતું. દરબારોના અશ્વો પણ સાથે હતા. તે અશ્વો પણ સુંદર રીતે શણગારેલા શોભતા હતા. ૩૫. સર્વ દરબારોએ સોનેરી બખતર ધાર્યા હતા. દુર્જન લોકો તેને દેખીને ડરી જતા હતા. તેરા ગામના જેટલા ભાવિક લોકો હતા તે બધા શ્રીહરિની સન્મુખ આવ્યા હતા. ૩૬. તે બધા નાળિયેર લઈને આવ્યા અને શ્રીહરિના ચરણોમાં મૂકીને પગે લાગ્યા.

અનંત પ્રકારના વાજિંત્રો વાગવા લાગ્યા. તેનાથી બધું આકાશ ગાજી રહ્યું હતું. ૩૭. સોનેરી ચામર શ્રીહરિના ઉપર બંને બાજુ ઢળી રહ્યા હતા. ઠેકઠેકાણે ઊભેલા ચોપદાર જય જયકારના શબ્દ બોલી રહ્યા હતા. ૩૮. શ્રીહરિ ગામમાં આવ્યા. ડંકા અને નિશાન શ્રીહરિની સાથે હતા. તે આગળ વાગી રહ્યા હતા. બજારોને સુંદર રીતે શોભાડી હતી. ૩૯. ઘેર ઘેર દરેક દરવાજે મોતીના તોરણ બાંધ્યા હતા અને બજારમાં કેળના સ્તંભ રોપી દીધા હતા. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'શ્રીહરિ નારાયણસરમાં તીર્થ વિધિ કરી કાળા તળાવ થઈને તેરા આવ્યા' એ નામે તેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૩॥



પૂર પાંચમું : તરંગ - ૪૪

શ્રીહરિ જમ્યા-જમાડ્યા અને સત્સંગમાં વધવાની વાત

શ્રીહરિનાં દર્શન કરવા માટે બાળકો અને વૃદ્ધોએ સહિત બધા લોકો નવા વસ્ત્ર અલંકાર પહેરીને તેરા ગામની બજારે ઊભા હતા. ૧. ગામની અપાર સ્ત્રીઓ મોતીના થાળ ભરી ભરીને ધર્મકુમાર શ્રીહરિને વધાવવા માટે ભવનના ગોખ અને અટારી ઉપર ઊભી હતી. ૨. સંતો ઝાંઝ મૃદંગ વગાડીને શ્રીહરિનું યશોગાન ગાન કરતા હતા. લોકો અપાર ગુલાલ લાવીને ઉડાડતા હતા. ૩. લોકોએ 'ભગવાનનો રાજીપો અને પોતાના આત્માનો મોક્ષ' આવા અલૌકિક વિચારો મનમાં કરીને જેટલી મંગળમય સામગ્રી હોય તે લાવીને પોતાનું કાર્ય સફળ કરવા ગામને શણગાર્યું હતું. ૪. મનોહર મૂર્તિ શ્રીહરિનાં દર્શન કરીને ગામના ભક્તો અંતરમાં અતિશય ઉત્સાહી થઈ ગયા. તે મૂર્તિને પોતાના હૃદયમાં ઉતારીને જગતનું ભાનભૂલેલા તેઓ ચિત્રના જેવા અવાક્ થઈ ગયા હતા. ૫.

લોકો પરસ્પર એવું બોલતા કે 'આ શ્રીહરિ પરમેશ્વર છે' એવું આપણને તો સમજાઈ ગયું છે. કેમ જે, સામાન્ય માણસની આવી રીત હોય નહિ. નહિતર મનુષ્યને પરિચય વિના તરત જ આવો પ્રેમ કોઈમાં થાય નહિ. ૬. આપણા બધાની ચિત્તવૃત્તિને શ્રીહરિ સહેજે જ તાણી લે છે. હવે મન લેશમાત્ર પણ ઘરવ્યવહારમાં લાગતું નથી. ભગવાન સિવાય બીજા કોઈથી આવું થાય નહિ. ૭. સહુ લોકો આવું અંદરોઅંદર બોલતા હતા ત્યારે શ્રીહરિ ગામમાં પ્રવેશીને સુથાર નાગજી તથા માવજીને ઘેર આવ્યા. ૮. તેમણે નવો પલંગ ઢાળીને તેના ઉપર ગાદી તકિયા બિછાવ્યા હતા. શ્રીહરિ તે પલંગ ઉપર બેઠા. દરબારોને ઉતારા અપાવ્યા અને તરત રસોઈ કરાવી. ૯.

જયાનંદ વર્ણીએ રસોઈ કરી. તેમાં વિવિધ પ્રકારના નવીન ભોજન કર્યા હતા. જ્યારે પ્રેમથી મુકુંદાનંદ વર્ણી બોલાવવા આવ્યા ત્યારે શ્રીહરિ જમવા માટે ઊઠ્યા. ૧૦. ચરણોમાં ચાખડીઓ પહેરીને ભક્તોને આનંદિત કરનારા શ્રીહરિ ચાલ્યા. જ્યાં રસોઈ બનાવી હતી ત્યાં આવ્યા. એક

પીતાંબર પહેર્યું. ૧૧. અને બીજું પીતાંબર ઓઢી લીધું. પ્રવીણ શ્રીહરિએ જળથી ચરણ ધોયા. પછી સુખદાયક ઘનશ્યામ સુંદર શ્રીહરિ સોનાના બાજોઠ ઉપર આવીને બેઠા. ૧૨. મુકુંદાનંદ વર્ણી ભોજનનો થાળ પીરસીને લાવ્યા ત્યારે તેને અતિશય હેતથી જમવા લાગ્યા. ૧૩. સાકરનો કંસાર, ભજિયા, વડાં અને ઘણી જાતના શાકભાજી વગેરે બનાવ્યું હતું. તે બધું શ્રીહરિ પાસે લાવીને ધરાવ્યું. ૧૪. શ્રીહરિ જેટલા ભોજન બનાવ્યા હતા તે સર્વે અલગ અલગ સ્વાદવાળા બધા ભોજનો ભક્તોને રાજી કરવા જમ્યા. ૧૫. તે પછી દૂધ, ભાત અને સાકર જમ્યા અને છેલ્લે દહીંની તર અને સાકર ભાતમાં ભેળવીને જમ્યા. ૧૬.

જ્યારે બધા જ ભોજનોને જમી રહ્યા ત્યારે હાથ અને મુખ ધોયા. રૂમાલથી હાથ લૂછ્યાં અને પછી મુખવાસ લીધો. તેનો સુંદર સુગંધ આવતો હતો. ૧૭. શ્રીહરિએ સંતોને અને દરબારોને જમવા બોલાવ્યા. તે સાંભળીને તેઓ તરત જ આવ્યા. જ્યારે સહુ પંગતમાં જમવા બેસી ગયા ત્યારે શ્રીહરિ તેમને પીરસવા લાગ્યા. ૧૮. વર્ણીએ જેટલા ભોજન બનાવ્યા હતા તે બધા શ્રીહરિએ પ્રેમથી પીરસ્યા. સહુને જમવાની આજ્ઞા કરી ત્યારે તેઓ જમવા લાગ્યા. ૧૯. શ્રીહરિ જેવો દેશકાળ હોય તેને અનુસારે વિવિધ પ્રકારની રમૂજ કરતા. કેમ જે, સહુને દિન પ્રતિદિન સત્સંગમાં પ્રીતિ વધે તે હેતુથી એવી આનંદદાયી રમૂજ કરતા. ૨૦.

☼ સત્સંગ મુક્તિનું અને કુસંગ બંધનનું કારણ છે :

(સંતો-ભક્તો જમવા લાગ્યા ત્યારે શ્રીહરિ વાત કરવા લાગ્યા કે,) **જેટલા લોકો સત્સંગ કરે છે, તેટલા લોકોના જીવ માયિક રહેતા નથી. અર્થાત્ માયિકભાવ છોડીને તે જીવ બ્રહ્મભાવને પામે છે. કેમ જે, જે ભગવાનના શરણે જઈને નિયમ ધારણ કરે છે તેનામાં મુક્તભાવ ઉદય થઈ જાય છે.** ૨૧. જ્યારે કુસંગનો માર્ગ દૂર કરવામાં આવે છે ત્યારે તરત જ તેને 'સત્સંગી' આવું નામ અપાય છે. કુસંગનો સંગ છે તે જ માયિકભાવ છે. કુસંગ રાખવાથી તો સ્વભાવમાં કુસંગ આવી જાય છે. ૨૨. જેમ જેમ અધિક કુસંગ કરવામાં આવે તેમ તેમ જીવ અતિશય બદ્ધ થઈ જાય છે. તેથી વારંવાર નીચ યોનિને

પામીને જીવ ઘટતા ઘટતા અતિશય ઘટી જાય છે. ૨૩. તેટલા માટે ઉત્તમ સત્પુરુષોનો જ સંગ કરવો. કુસંગીનો સંગ તો જાણી-જોઈને છોડી દેવો. જેટલી માયિક વસ્તુ કહેવાય તે બધાને કુસંગ સમજવો. ૨૪.

નિર્બંધન એવા જીવના સંગે કરીને માયિક જીવ અમાયિક થઈ જાય છે અને બદ્ધ જીવના સંગે કરીને અમાયિક જીવ માયિક થઈ જાય છે. પણ જો અંતરદૃષ્ટિએ કરીને જૂએ તો આ દેખાય છે. ૨૫. જીવ જેવો સંગ કરે છે તેવો તે તરત જ થઈ જાય છે. જેને અંતરદૃષ્ટિ પ્રાપ્ત થઈ હોય તેને તે દેખાય છે. ૨૬.

❋ વિષયનું ચિંતવન એટલી બદ્ધતા :

सोरठा : विषे को जेहि चिंतन, बधपनो हे तितनो तेहि;
हरिचरित्र जेहि मन, तितनो मुक्त स्वभाव यह...२८

અંતર્દૃષ્ટિ વિનાના મનુષ્યને તો પશુના જેવો સમજવો. મનને શુદ્ધ કર્યા સિવાય તો જીવનું બદ્ધપણું ક્યારેય ટળતું નથી. ૨૭. જેને જેટલું વિષયનું ચિંતન થાય છે તેટલું તેનામાં બદ્ધપણું છે. અને જેના મનમાં ભગવાનનાં ચરિત્રોનું ચિંતન થયા કરતું હોય તેટલો તેમાં મુક્તનો સ્વભાવ છે, એમ જાણવું. ૨૮. જેને જેટલું વિષયનું ચિંતન થતું હોય તેટલું તેમાં બદ્ધપણું છે. માટે તમે બધા સંતો-ભક્તો કહેવાઓ છો તે બધા અંતરમાં તપાસ કરો. ૨૯.

❋ હરિસ્મૃતિનો મહિમા :

प्रगट हरि की मूर्ति जेहा, अंतर में बेठि हे तेहा;
संत हरिजन बेठे हरि पासा, अंतर में करी अखंड निवासा...३०

बाहिर देखात हे प्रगट जोउ, अंत्ये रेहेवनहार न कोउ;
ताकि करी अतिशय जतनाई, अंतर में रखना ठेराई...३१

तिहाँ न चलत हे काल को जोरा, हरि से काल रेवत ओरा;
स्मृति के बल आगे हि जोई, विस्मृति काल को चलत न कोई...३२

પ્રકટ ભગવાનની જે મૂર્તિ છે તે તો તમારા અંતરમાં સાક્ષાત્ વિરાજમાન જ છે. અને તેમજ આ બધા સંતો-ભક્તો પણ તે ભગવાન પાસે જ બેઠા છે. આમ પ્રગટ ભગવાન અને આ પ્રગટ સંતો-ભક્તો તમારા અંતરમાં અખંડ

નિવાસ કરીને રહ્યા છે. ૩૦. અને જે બહાર પ્રકટ દેખાય છે તે કોઈ અંત્યે રહેવાના નથી. પણ અંતરમાં જે સંતો-ભક્તો શ્રીહરિ પાસે અખંડ નિવાસ કરીને રહ્યા છે તે જ કાયમ રહેવાના છે. માટે જે બહાર પ્રગટ ભગવાન અને સંતો-ભક્તો દેખાય છે તેને અતિશય જતન કરીને અંતરમાં દઢપણે રાખવા. ૩૧. જો અંતરમાં ભગવાન અને સંતોને જતન કરી રાખ્યા હોય તો તેની આગળ કાળનું જોર ચાલતું નથી. કેમ જે, ભગવાનથી કાળ દૂર રહે છે. અર્થાત્ હૃદયકમળમાં વિરાજમાન હરિસ્વરૂપની આગળ કાળનું બળ ચાલતું નથી. ભગવદ્ સ્મૃતિના બળની આગળ વિસ્મૃતિ કરાવનારા કાળનું કાંઈ ચાલતું નથી. અર્થાત્ ભગવદ્ સ્મૃતિ(જ્ઞાન)ની કાળ વિસ્મૃતિ કરાવી શકતો નથી. ૩૨.

રાત દિવસ ભગવાનની સ્મૃતિનું બળ રાખવું. હરિ વિસ્મૃતિ(કરાવે એવા સંગ કે પદાર્થ)નું બળ વધવા દેવું જ નહિ. જો કોઈ આટલું જ સાધન કરતો રહે તો પણ તે મુક્ત થઈ જાય છે. ૩૩. **હરિસ્મૃતિરૂપ સાધનનું બળ અખંડ રાખવું. જેટલું ભગવાનનું વચન હોય તેટલું જ પગલું ભરવું. જે સાધક વચન પ્રમાણે ચાલે છે, તે અતિશય મોટપને પામે છે.** ૩૪. **દરેકે વિચારીને પોતાની સામર્થી પ્રમાણે હરિસ્મૃતિમાં તથા હરિવચનમાં રહેવું જ જોઈએ. તે બેમાં જે જેટલી કસર રાખે છે તેટલો તે ન્યૂન રહી જાય છે.** ૩૫. ખેતીમાં જેવું બિયારણ વાવવામાં આવે તેવું છેવટે તેને ફળ મળે છે. તમારી સેવા દુર્લભ છે એમ સમજીને હું પ્રેમથી આટલી (વાતરૂપી) સેવા કરું છું. ૩૬. તમારી બીજી કોઈ સેવા કરવાનો લાગ તો અમે જોયો નહિ. એક પીરસવાનો લાગ જોયો, એટલે હું રોજ સંતોને અને હરિભક્તોને પીરસું છું. ૩૭.

दोहा : धन्य भाग्य विन होत नहिं, संत हरिजन की सेव;
दुल्लभ में दुल्लभ यह, निश्चे हम जाने एव...३८

પોતાના 'ધન્ય ભાગ્ય' વિના સંતોની અને હરિભક્તોની સેવા થાતી નથી. માટે આ સેવાને અમે નિશ્ચિતરૂપમાં દુર્લભમાં દુર્લભ માનીએ છીએ. કેમ જે, અમે નિશ્ચય કરી રાખ્યો છે કે દુર્લભમાં દુર્લભ કોઈ વસ્તુ હોય, તો તે સેવા છે. ૩૮. શ્રીહરિ આ પ્રમાણે વાતો કરતા હતા ત્યારે સંતો અને

દરબારો બધા જમી રહ્યા. પછી દૂધ, ભાત અને સાકર અપાર આપ્યા. ૩૯. જ્યારે સંતોએ ચળું કર્યું ત્યારે શ્રીહરિ પલંગ ઉપર આવ્યા. પછી થોડીવાર સૂતા. ત્યારે સંતો સ્નાન કરીને આવ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગર પંચમ પૂરમાં 'શ્રીહરિ જમ્યા, જમાડ્યા અને સત્સંગમાં વધવાની વાત કરી' એ નામે ચુંમાળીશમો તરંગ સમાપ્ત ॥૪૪॥



પૂર પાંચમું : તરંગ - ૪૫

શ્રીહરિએ તેરાના ગ્રામજનો આગળ સંતોનો મહિમા કહ્યો

તેરા ગામના બધા હરિભક્તો પ્રસન્ન મન થકાં પ્રેમથી શ્રીહરિની પૂજા કરવા માટે આવ્યા. ૧. તેમણે કેસર નાખીને ચંદન ઘસી રાખ્યું હતું. તે કટોરામાં ભરીને લાવ્યા હતા. તે શ્રીહરિના સ્વરૂપને નખથી શિખાપર્યંત ચરચ્યુ. ૨. જાતજાતના ફૂલોથી હાર, તોરા અને બાજુબંધ વગેરે બનાવ્યા હતા તે બધા ઘણા જ ભાવથી ધરાવ્યા. ૩. હરિભક્તો એક એક આવીને વારાફરતી જેને જેવો ભાવ તે પ્રમાણે વિવેકથી પૂજા કરી. ૪. હરિભક્તો બાળકો અને વૃદ્ધ સહુએ શ્રીહરિની પૂજા કરી. આરતી તો સહુએ ભેળા મળીને એક સાથે મુખથી 'જયદેવ જયદેવ' એમ બોલીને ઉતારી. ૫.

પછી હરિભક્તોએ શ્રીહરિના ચરણતળોમાં ચંદન લગાવીને પોતાની છાતીમાં ચાંપ્યા અને શ્રીહરિના સંન્યાસી, સાધુ, વર્ણી, દરબારો અને પાર્ષદો વગેરેને ચંદન ચરચ્યું અને ફૂલહાર પહેરાવ્યા. તે સમયની સભા, જેમાં પુષ્કળ ફૂલ ખીલ્યા હોય તે બાગના જેવી જણાતી હતી. તેરા ગામના જેટલા હરિભક્તો હતા તે સહુને શ્રીહરિએ પ્રસાદીના હાર પહેરાવ્યા હતા. ૬-૭. પછી દૂકડ અને સરોદ આદિ વાજિંત્ર મગાવ્યા અને સંતો કીર્તન ગાવા માટે આવ્યા. ગાયક સંતો શ્રીહરિની સમીપે જ બેઠા. તે મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, ૮. દેવાનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી અને જ્ઞાનાનંદસ્વામી,

આ બધા ગાયક સંતો હતા. તે બધા પ્રેમથી ગદ્‌ગદ કંઠ થઈને શ્રીહરિનું યશોગાન કરતા હતા. ૯. સંતો પોતાના મનની વૃત્તિને શ્રીહરિની મૂર્તિમાં પરોવીને એવી રીતે ગાન કરતા હતા કે પ્રેમની દોરીથી બંધાયેલી શ્રીહરિની મૂર્તિ ખેંચાઈને તેમની સમીપે આવી જાતી. ૧૦.

જ્યારે શ્રીહરિ બહુ રાજી થઈ જતા ત્યારે રમૂજ કરીને ફૂલહાર સંતોને આપતા. ક્યારેક સાકરનું સરબત પીને હેતથી તે સંતોને પાતા. ૧૧. ક્યારેક પોતાનું પ્રસાદીનું વસ્ત્ર ગાયક સંતોને વારાફરતી આપતા. જે મેવા મીઠાઈ કે ફળ વગેરે આવતું તે પણ તરત જ સંતોને આપતા. ૧૨.

❋ શ્રીહરિનાં ચરિત્રોનો મહિમા અને અપારતા :

ક્યારેક છાતીમાં ચરણારવિંદ આપતા તો ક્યારેક હેતથી ભેટતા. શ્રીહરિના આવા તો અનંત ચરિત્ર છે જે લખે પાર આવે તેમ નથી. ૧૩. શ્રીહરિના ચરિત્રો તો અનંત છે તેનો ભવબ્રહ્માદિક દેવો, શેષ, શારદા, નારદ, શુકદેવજી અને વ્યાસમુનિ, તેમના જેવા પણ કોઈ પાર પામી શકતા નથી. ૧૪. જેમ મહાસાગર અપાર છે તેમ શ્રીહરિના ચરિત્ર પણ અપાર છે. તેનો પાર કોણ પામી શકે ? જીવ અક્ષરરૂપ થાય તો પણ પાર ન પામે. ૧૫. ભૂમિ ઉપર અનંત જીવસૃષ્ટિ છે, તેઓ બધા સાગરનું પાણી પીવે તો પણ તે શું ખૂટે ? ન જ ખૂટે, તે તો અખૂટ જ રહે. તે રીતે જ શ્રીહરિના ચરિત્રરૂપી સુધા-અમૃતનો પાર આવે જ નહિ. ૧૬. ચાહે તેટલા જીવ પીવે છતાં પણ સાગરનું જળ રંચમાત્ર પણ ઘટે નહિ. ઈન્દ્ર વર્ષે વર્ષે ચાર ચાર માસ સુધી સમુદ્રનું અપાર જળ લે છે, ૧૭. છતાં સાગરનું પાણી અખૂટ રહે છે. લેશમાત્ર પણ ઘટતું નથી. તે રીતે જ શ્રીહરિના ચરિત્ર અખૂટ છે. ચાહે તેટલા ઠામ ભરોને ? ૧૮. હરિભક્તોને શ્રીહરિના ચરિત્રનો જ આહાર છે. ચરિત્ર સિવાયની ચીજને તેઓ નઠારી માને છે. એટલા માટે હરિભક્તો પોતાના નિર્વાહને માટે શ્રીહરિનાં ચરિત્રોના ઠામ ભરી લે છે. ૧૯.

પવિત્રતા વિનાની જે જે વસ્તુઓ છે તે બધી મનુષ્ય જાતિને માટે વર્જ્ય છે, તેમ શ્રીહરિના ચરિત્ર સિવાયની જેટલી વાતો છે તેને હરિભક્તો કુમાર્ગ

ગણે છે. ૨૦. જે લોકો ખરાબ માર્ગે ચડી જાય છે તેને અપાર દુઃખ થાય છે. જે શ્રીહરિનાં ચરિત્ર છે તે કલ્યાણનો સર્વશ્રેષ્ઠ માર્ગ છે. ૨૧. હરિચરિત્રોને જ કલ્યાણનો માર્ગ જાણીને સુજ્ઞ-શાણા સંતો તેનું વારંવાર પાન કરે છે અને તેનાથી ભગવાન અપાર પ્રસન્ન થાય છે. તે બાબતને બુદ્ધિશાળી સંતો જાણે છે. ૨૨. તેરા ગામના લોકોએ સંતોનું કીર્તન ગાન સાંભળ્યું ત્યારે કેટલાક બુદ્ધિશાળી લોકો ત્યાં આવીને બેઠા. સંતોની અલૌકિક રીત જોઈને તેમને સંતો ઉપર ઘણો પ્રેમ થયો. ૨૩.

✲ વિષયાસક્તિ એ જ બંધન :

શ્રીહરિએ તેમનો પ્રેમ જોયો. પછી તેમની આગળ વાત કરવા લાગ્યા, **"જ્યારે સાચા સંતો મળે છે ત્યારે જીવનું બંધન છોડાવી નાખે છે.** ૨૪. **ભગવાન વિના બીજામાં જે હેત છે એ જ બંધન છે. જીવ તેને હિતકારી જાણે છે, તે જ જીવનું અતિ અજ્ઞાન છે.** ૨૫. તે અજ્ઞાનને કારણે જીવે અનંત પાપ કરેલા હોવાથી બુદ્ધિમાં મોહ વ્યાપી ગયો છે. તેથી જ વિષયોમાં અતિશય રાગ થાય છે. તે રાગ મરે તો પણ છૂટતો નથી. ૨૬. વિષયોમાં રાગ હોવાથી જીવ લખચોરાશીમાં અનંત જન્મોને ધારે છે અને પારાવાર દુઃખને ભોગવે છે. ૨૭. જીવ જમપુરીમાં જાય છે અને ત્યાં નરકના કુંડોમાં અનંત દુઃખને પામે છે. છતાં તેને ત્રાસ થતો નથી. આવો વિષયી જીવ તો અધમોમાં પણ અત્યંત અધમ છે. ૨૮.

આ જીવ અનંત કલ્પોથી જેટલા વિષય કહેવાય છે તે બધાને અનંતવાર ભોગવતો આવ્યો છે, તો પણ તેને તે વિષય ભોગની અપાર ચાહના રહે છે. પણ તેનો કોઈ પ્રકારે અભાવ આવતો નથી. ૨૯. વિષયની ચાહનામાં અનંત દુઃખોને સહન કરે છે છતાં જીવને વિષયમાંથી સુખબુદ્ધિ ટળતી નથી. આ જીવ કેટલાયને વિષય માટે નાક-કાન કપાવીને દુઃખી થતા નજરે જૂએ છે, ૩૦. છતાં પણ જીવ વિષય તરફ જ દોડતો રહે છે. આવા બધા વિષયી જીવ પ્રભુના ચોર કહેવાય છે. કેમ જે, પ્રભુનો ચોર મટાડવા માટે પ્રભુએ પોતે આ જીવને કેટલીયવાર મનુષ્ય શરીર આપ્યું છે. ૩૧.

પરંતુ આ જીવ વિષયોને જ પોતાનું જીવન માનીને મનુષ્ય દેહની હાનિ કરે છે. આ રીતે મનુષ્ય દેહને નિષ્ફળ કરનારાને આત્મહત્યારા અને કૂતરાં કે ભૂંડ જેવા કહેવાય છે. ૩૨. (વચ.ગ.અં.૨૮માં શ્રીહરિએ કહ્યું જે, "ભગવાન સંબંધી સુખને કોણ પામે છે ? તો તે કહીએ છીએ જે, જેમ માછલું હોય તેને જળ છે તે જીવનરૂપ છે. તે જળનો યોગ જ્યાં સુધી હોય ત્યાં સુધી તે જળમાં માછલું ચાલે, હાલે, ક્રીડા કરે ને જળનો વિયોગ થાય ત્યારે તેની ચંચળતા ટળી જાય ને મરી જાય. તેમ જેને પંચવિષયે કરીને જીવનપણું જ્યાં સુધી મનાયું છે ને તેણે કરીને સુખ માન્યું છે ને તેનો વિયોગ થાય ત્યારે મૂવા જેવો થઈ જાય છે, એવો જે હોય તે ભગવાનના સુખને ક્યારેય પણ પામે નહીં. અને પંચવિષયે કરીને જેને જીવનપણું ટળી ગયું છે તે જ ભગવાનના સુખને અનુભવે છે ને ભોગવે છે ને એવાને જ ભગવાનના સુખની પ્રાપ્તિ થાય છે.") વિષયમાં જેને રાગ હોય તેને નકારા-નઠારા કહેવાય છે. તેવા નકારાની વારંવાર શાસ્ત્રો અને સંતોએ નિંદા કરી છે. છતાં તે વિષયી જીવ પ્રભુમાં પ્રેમ કરતો નથી, તે મોટી આશ્ચર્યકારી વાત છે. ૩૩.

✵ સંત મહિમા :

વિષયી જીવને જ્યારે સાચા સંત મળે છે ત્યારે તેને તેના હિતની વાત કહે છે. સંતો એવા ધન્વન્તરિ વૈદ્ય છે કે તેઓ વિષયાસક્તિરૂપ અસાધ્ય રોગને પણ મટાડી દે છે. ૩૪. સંતો જીવની રુચિને દેખીને તેને જ્ઞાન આપે છે. અને તેથી જીવનું અજ્ઞાન તરત જ ટળી જાય છે. પછી જીવના હૃદયમાં જ્ઞાનરૂપી સૂર્ય ઉદય થાય છે ત્યારે તેને અજ્ઞાન ઓળખાય આવે છે. ૩૫.

चोपाई :

संत विन मोक्ष न दाता कोई, आपे विषे से छूट गये सोई;
छूटे होय ओरकुं छोरावे, ताकी वात मानेमें आवे...३६

સંત વિના બીજા કોઈ મોક્ષના દાતા નથી. કેમ જે, સંતો સ્વયં વિષયોથી છૂટી ગયેલા છે. અને જે છૂટા-નિર્બંધન હોય તે જ બીજાને છોડાવી શકે છે અને તેવાની વાત જ બીજાને માન્યામાં આવે છે. ૩૬. જેને ધન, સ્ત્રી અને રસાસ્વાદમાં આસક્તિ હોય તે જો ઉપદેશરૂપ વાતોને કહે, તો તે બીજાને

માન્યામાં આવે નહિ. ૩૭. વિષયોનો ત્યાગ કર્યા સિવાય ક્યારેય વિષયનો ત્યાગ થતો નથી. અને જે સંતે વિષયોનો ત્યાગ કરી દીધો હોય છે તે મહાભાગ્યશાળી છે. ૩૮.

न जातु कामः कामानां, उपभोगेन शाम्यति ।
हविषा कृष्णवर्त्मेव, भूय एवाभिवर्धते ॥

(વચ.ગ.મ.૨ : વિષય ટાળ્યાનું એ જ ઔષધ છે જે, ત્વચાએ કરીને સ્ત્રીયાદિ પદાર્થનો સ્પર્શ તજવો, નેત્રે કરીને તેનું રૂપ ન જોવું, જીહ્વાએ કરીને તેની વાત ન કરવી અને કાને કરીને તેની વાત ન સાંભળવી અને નાસિકાએ કરીને તેનો ગંધ ન લેવો; એવી રીતે પંચઈન્દ્રિયો દ્વારે વિષયનો ત્યાગ દૃઢ રાખે તો બહારથી વિષયનો પ્રવાહ માંહિલીકોરે પ્રવેશ કરે નહિ. તેમ પ્રથમથી જે ઈન્દ્રિયો દ્વારે કરીને વિષય અંતઃકરણમાં ભરાયા હોય તે તો આત્મવિચારે કરીને ટાળવા. નવા વિષયનો ત્યાગ રાખવો. આ જ વિષયની આસક્તિ ટાળ્યાનો ઉપાય છે.)

અમારા જેટલા સંતો છે તે બધા અત્યંત ત્યાગ રાખે છે. ભગવાનના ભજનમાં જ સાર છે એમ માનીને સંતોએ બધા જ વિષયોને ટાળી દીધા છે. ૩૯. ભગવાન સિવાયની જે સારી વસ્તુ કહેવાતી હોય છે તે બધાને સંતો અસાર માને છે. સંતોએ લાભ ગેરલાભનો વિચાર કરીને આવો દૃઢ નિર્ણય કર્યો છે." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમપૂરમાં 'શ્રીહરિએ તેરાના ગ્રામજનો આગળ વિષય ખંડન તથા સંતોના મહિમાની વાત કરી' એ નામે પિસ્તાળીશમો તરંગ સમાપ્ત ॥૪૫॥



પૂર પાંચમું : તરંગ - ૪૬

શ્રીહરિ તેરા ગામથી માનકૂવા પધાર્યા

શ્રીહરિની આવી વાતો સાંભળીને તેરા ગામના લોકો મનમાં ઘણા ખુશ થયા. અને કેટલાક લોકોએ અતિશય પ્રસન્ન મનથી વ્રતમાન-નિયમોને

ધારણ કર્યા. ૧. તે સમયે શ્રીહરિએ કેટલાક લોકોને ધ્યાનમાં બેસાડ્યા. પછી તેમને તરત જ સમાધિ થઈ. તેમાં તેમને શ્રીહરિના દિવ્યસ્વરૂપે દર્શન થયાં. ૨. શ્રીહરિનું દિવ્ય અક્ષરધામ દેખ્યું અને ત્યાં દિવ્ય પાર્ષદોને જોયા. તેથી તેઓનાં મન પૂર્ણકામ થયા અને શ્રીહરિની બધી વાત સત્ય જાણી. ૩. તેમણે આ શ્રીહરિ પ્રકટ પરમેશ્વર છે એવો પોતાના જીવમાં નિશ્ચય કર્યો કે પ્રાણ જાય તો પણ છૂટે નહિ.

શ્રીહરિ તેરા ગામમાં એક રાત રહ્યા. પછી ત્યાંથી ચાલી નીકળ્યા. ૪. શ્રીહરિ ઘોડેસ્વાર થયા. બધા દરબારો પણ ઘોડેસવાર થયા. સંતો સહુ સાથે રહ્યા. તે વખતે જાતજાતના વાજિંત્ર વાગવા લાગ્યા. ૫. સુખખાણી શ્રીહરિ બજારમાં નીકળ્યા. ગ્રામજનોના ટોળેટોળા ઊમટ્યા. લોકો “જય જય” “જય જય” આવી વાણી બોલતા હતા અને સુખનિધિ શ્રીહરિ ગામની બહાર આવી ગયા. ૬. ચોપદાર નેકી પોકારતા હતા. શ્રીહરિની સાથે અપાર ઘોડેસવાર હતા. ધર્મપુત્ર શ્રીહરિએ ગામના લોકોને પાછા વાળ્યા અને રસ્તે ચાલતા થયા. ૭.

પછી ઘનશ્યામ શ્રીહરિ **માનકૂવા** ગામ આવ્યા. માનકૂવા ગામના ભક્તો શ્રીહરિની ખબર સાંભળીને તરત જ આવ્યા. ૮. તે વખતે જે શ્રીહરિની સન્મુખ આવ્યા હતા તેના નામ કહું છું. તે ગામના રાજા ક્ષત્રિય અદાભાઈ જાડેજા મુખ્ય હતા. ૯. તેમણે સામૈયામાં પોતાની સવારી લીધી અને સુંદર રીતે શોભા રચી હતી. બધો જ સાજ સામાન સોનેરી લીધો હતો એમ એક એકથી અધિક છટા કરી હતી. ૧૦. અદાભાઈના હૃદયમાં ઘણો જ આનંદ અને ઉત્સાહ હતો. તેઓ સોનેરી નિશાન અને ડંકા પણ લાવ્યા હતા. ઢોલ અને ત્રાસા આદિ વિવિધ પ્રકારના અપાર વાજિંત્રો લાવ્યા હતા. ૧૧. તેમની પાસે જેટલા સોનેરી રથ હતા તેને પણ તૈયાર કરાવીને સામૈયામાં લાવ્યા.

હરિભક્તોમાં વિપ્ર નાગજી, પ્રાગજી, શ્યામજી, કેશવજી અને મલુ નામે હતા. નાથાભાઈ અને તેજસી, બે સુથાર હતા. ૧૨. કણબીમાં પ્રેમજીભાઈ, નિષ્કામી ભક્ત કૃષ્ણજી (ઘનશ્યામાનંદસ્વામી) અને મૂળજી (સર્વજ્ઞાનંદસ્વામી), ઉકાભાઈ અને વશરામભાઈ, અદાભાઈ આદિક બધા હરિભક્તો સહુ આવીને શ્રીહરિના ચરણોમાં પડ્યા અને શ્રીફળ ધર્યા. ૧૩-૧૫.

દરબાર અદાભાઈએ હાથ જોડીને ઘણી વિનંતી કરી, 'હે હરે ! આપે સત્સંગ વિચરણ કરીને અમને સદ્‌રસ્તે ચડાવ્યા તે બહુ સારું કર્યુ. ૧૬. આજ આપના ચરણ સ્પર્શથી આ ગામ, વન, સરોવર અને નદી બધા પાવન થયા છે અને સફળ થયા છે. ૧૭. શ્રીહરિએ દરબાર અદાભાઈ આદિ હરિભક્તોને હેતથી બોલાવ્યા. અને ત્રિવિધ તાપનો નાશ કરનારા અપાર અમૃત વચન કહ્યાં. ૧૮. બધા તે વચન સાંભળીને રાજી થયા. અને તે સમયે મૂર્તિનાં દર્શન કરીને ખુશખુશાલ થઈ ગયા. સંધ્યા સમય થઈ ગયો હતો. શ્રીહરિએ અશ્વ મગાવ્યો અને તેના ઉપર સવાર થયા. ૧૯. શ્રીહરિની સાથે જે દરબારો હતા તે પણ બધા તૈયાર થઈને આવ્યા. અલૈયા ખાચર આદિ દરબારોએ તો બધા સોનેરી શણગાર ધારણ કર્યા હતા. ૨૦. સહુએ સોનેરી કવચ પહેરીને તો શોભા ઘણી વધારી દીધી હતી. અશ્વોના જે સોનેરી શણગાર સામાન હતા, તે બધાથી તેમને શણગારી દીધા હતા. ૨૧. શ્રીહરિના અશ્વનો સામાન તો બધો મોતીથી જડેલો હતો અને તેને અનેક પ્રકારના ઘરેણાં પહેરાવ્યા હતા.

✵ મૂર્તિ વર્ણન :

શ્રીહરિએ તે સમયે મોતીના હાર, તોરા અને બાજુબંધ વગેરે આભૂષણ ધાર્યા હતા. ૨૨. મસ્તકે પાઘમાં મોતીનાં શિરપેચ અને કલગી વગેરે ધાર્યા હતા. કાનોમાં મકરાકાર કુંડળ અને હાથમાં કડાં પણ મોતીના જ પહેર્યા હતા. ૨૩. મોતીની પોંચી અને મોતીની છડી હાથમાં ધારી હતી. મોતી ભરેલો ભારે કંદોરો કમરે ધાર્યો હતો. ૨૪. ચરણોમાં મોતી જડિત તોડા અને ઝાંઝર પહેર્યા હતા. તેમજ મોજડીઓ પણ મોતી જડેલી હતી. શ્રીહરિ અશ્વ ઉપર બેઠા ત્યારે અંગો ઉપરની શોભા અત્યંત આકર્ષક બની હતી. ૨૫.

મસ્તક ઉપર બંને બાજુ ચામર ઢોળાઈ રહ્યા હતા અને લલાટમાં કેસર યુક્ત ચંદનની અર્ચા સુંદર મરોડદાર કરી હતી. ૨૬. ઘનશ્યામ શ્રીહરિની મૂર્તિની છટા અદ્‌ભુત હતી. અદાભાઈ શ્રીહરિનાં દર્શન કરીને અંતરમાં અતિ આનંદિત થયા. તેથી તેમને આનંદાતિરેકમાં સમાધિ થઈ ગઈ. ૨૭. અદાભાઈએ પોતાના માનકૂવા ગામથી લઈને ગોલોક સુધી પાર નહિ એટલા વિમાનને જોયા અને તે સ્થળે ભવ-બ્રહ્માદિક અનંત દેવોને પણ જોયા. ૨૮.

અનંત પ્રકારના વાજિંત્ર વગાડીને દેવો જય જયકાર કરતા હતા. બધા શ્રીહરિનાં દર્શન કરીને તેમના ઉપર ફૂલોની ઝડી વરસાવતા હતા. ૨૯. કેસર-ચંદનનો વરસાદ પણ કરતા હતા અને બધા જ મુખથી શ્રીહરિના ચરિત્રોનું ગાન કરતા હતા. શ્રીહરિની મનોહર મૂર્તિનાં દર્શન કરીને તેઓ નૃત્ય કરી નાચતા હતા. ૩૦. તે રીતે જ દિવ્ય ધામોના મુક્તોનો પણ પાર ન હતો. બધા વિમાનોમાં બેસીને આવ્યા હતા. સિદ્ધ, ચારણ, કેટલાક ગાંધર્વો, એ બધા યાચકની જાતિ ગણાય. તેઓ પણ આવ્યા હતા. ૩૧. અદાભાઈએ અદ્‌ભુત અદૃશ્યરૂપે આવેલા બધા દેવોને પ્રત્યક્ષપણે જોયા. પણ તેમણે શ્રીહરિની મરજી જોઈને આ બધી વાતને મનમાં છુપાવી રાખી હતી. ૩૨. તેઓ પોતાના હૃદયમાં શ્રીહરિને સર્વનું કારણ જાણીને આનંદમાં તલ્લીન થઈ ગયા.

શ્રીહરિ જ્યારે ચાલ્યા ત્યારે વિવિધ પ્રકારના વાજિંત્રો વાગવા લાગ્યા. ૩૩. સંતો મૃદંગ સાથે કીર્તનોને બોલતા આગળ ચાલતા હતા. હરિભક્તો હૃદયમાં અત્યંત ઉત્સાહિત થઈને વધામણાના ધોળ ગાતા હતા. ૩૪. અપાર ગુલાલ લાવ્યા હતા. સહુ મન ભાવે તેમ ગુલાલને ઉડાડતા હતા. શ્રીહરિનાં દર્શન કરવા માટે તે બધા ગામમાં રહેતા લોકો બહાર આવી ગયા હતા. ૩૫. ગામની ચારે તરફ અપાર બાગ-બગીચાઓ હતા. વિવિધ પ્રકારના વૃક્ષોનો તેમાં કોઈ પાર ન હતો. તેના ઉપર જાતજાતના પંખીઓ રહેતા હતા. તે પોતપોતાની જાતીના અવાજ કરી રહ્યા હતા. ૩૬. શ્રીહરિને આવતા દેખીને પંખીઓ આનંદ ઉલ્લાસમાં 'અમારે બધો જ ભય નષ્ટ થઈ ગયો છે.' એમ બોલતા હતા.

ગામને ચારે બાજુ અનુપમ કિલ્લો હતો. તેમાં બુરજ અને દરવાજાઓ અતિશય રમણીય હતા. ૩૭. ગામની ચારે તરફના કિલ્લાના કાંગરા સોનાના હતા અને તેના દરવાજાની શોભા તો વર્ણવી ન શકાય તેવી સુંદર હતી. ૩૮. શ્રીહરિ ગામમાં પ્રવેશ્યા ત્યારે મુખ્ય રાજમાર્ગને સુંદર રીતે શણગારીને તેની અદ્‌ભુત શોભા કરી હતી. ૩૯. દરેક ઘરના દરવાજાઓ પાસે કેળના સ્તંભ રોપાવી દીધા હતા અને વિવિધ ભાતના મોતીના સુંદર તોરણોને બાંધ્યા હતા. ૪૦. બિલોરી કાચના દીવાના ઝાડ બનાવીને દરેક ચોકમાં રોપી દીધા હતા. સુંદર રીતે સજાવેલા દીવાઓની પંક્તિ રચી હતી. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'શ્રીહરિ તેરા ગામથી માનકૂવા પધાર્યા' એ નામે છેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૬॥



પૂર પાંચમું : તરંગ - ૪૭

નિર્વિષયી શ્રીહરિ થાળ જમવા બેઠા

શ્રીહરિ માનકૂવા ગામમાં આવ્યા. તેની શોભા થોડા શબ્દોમાં કહું છું. કેમ જે, જો બધું વર્ણન કરું તો તેનો અંત જ આવે તેમ નથી. ૧. જેના એક રોમના છિદ્રમાં અનંત બ્રહ્માંડો અણુની જેમ ઊડતા ફરે છે તેમાંના એક બ્રહ્માંડની શોભા પણ કહી શકાય તેમ નથી. ૨. એક જ બ્રહ્માંડમાં રહેલા દેવો, દૈત્યો અને રાજાઓની બધી જ સમૃદ્ધિ છે તેને જો શ્રીહરિની સાથે સરખાવીએ તો તે અણુના જેવી અલ્પ ગણાય. ૩. અણુ જેવા જીવથી લઈને ગરૂડ જેવાને માટે પણ આકાશ અપારનો અપાર રહે છે તેમ ખદ્યોત જેવા જીવથી માંડીને અક્ષરધામ સુધીના માટે શ્રીહરિ અપારના અપાર રહે છે. એમ શ્રીહરિની સમૃદ્ધિનો એટલે કે વૈભવનો મહિમાનો કોઈ પાર લઈ શકતા નથી. ૪.

શ્રીહરિ અનંત સ્ત્રીઓની સાથે રહે છતાં અનંત નૈષ્ઠિક બ્રહ્મચારીઓથી પણ સર્વશ્રેષ્ઠ નૈષ્ઠિક બ્રહ્મચારી રહે છે. અને નાના બાળકો કરતાં પણ અતિશય અવિકારી, નિર્દોષ છે. અરે ! નિર્વિકારી શ્રીહરિ તો બીજાના સર્વે વિકારોને પણ ટાળી નાખે છે તો પોતામાં તો વિકાર હોય જ ક્યાંથી ? ૫. શ્રીહરિ સિવાયના કેટલાક મહામુક્તો, ઈશ્વરો, સિદ્ધો વગેરે જે નિર્વિકાર થયા છે તે તો શ્રીહરિના વચનમાં વર્તીને જ નિર્વિકાર થયા છે. શ્રીહરિમાં તો આવું અનંત સામર્થ્ય છે. ૬. શ્રીહરિના સામર્થ્યનો પાર જો બ્રહ્મા વગેરે લઈ શકતા ન હોય તો બિચારા બીજા રાજા કે દેવોનું પણ શું ગજું ? તો પછી તુચ્છ સામાન્ય મનુષ્ય તો શું લેખામાં આવે ? તેવા મનુષ્યની રક્ષા કરવા માટે શ્રીહરિ મનુષ્યની રીતે રહે છે. શ્રીહરિ જીવોનો મોક્ષ કરવા માટે

મનુષ્યની રીતે વર્તે છે. માટે જ શ્રીહરિ પરમ દયાળુ છે અને બીજા સર્વે પરમ કૃપાળુ કહે છે. ૭-૮.

તો પણ જે અતિશય અજ્ઞાની મનુષ્ય છે અને જે અતિ અભિમાની હોય છે તેઓ ભગવાનમાં દોષ પરઠે છે. શ્રીહરિમાં દોષ જોવાને કારણે જ તે જીવો આ સંસારમાં વારંવાર ભટક્યા કરે છે અને તેથી તેમના દુઃખોનો પાર આવતો નથી. ૯. **જે જેટલો શ્રીહરિનો મહિમા સમજે છે તેને તેટલા મનુષ્ય જાણવા. અને જે ભગવાનમાં દોષ કલ્પે છે તેમને તો બળદ અને ગધેડાની નાતના જાણવા.** ૧૦. ચારેય વર્ણ અને ચારેય આશ્રમોમાં જે સમજણ વિનાના છે તેમને પશુ સમજવા જોઈએ. તેઓ વચન ઉચ્ચારે તેટલી વારમાં ઓળખાઈ જાય છે કે આ મનુષ્ય છે કે પશુ ? ૧૧."આ અજ્ઞાની જીવો કૂતરાં, ગધેડાં કે ભૂંડણાના દેહને છોડીને મનુષ્ય જાતિમાં આવ્યા છે. હકીકતે તો તે એ જ છે." એમ જે બુદ્ધિમાન હોય તે તેમને ઓળખી લે છે અને એમ સમજીને તેનો દોષ લેતા નથી. ૧૨.

આ રીતે મેં (આધારાનંદસ્વામીએ) મનુષ્યની શુદ્ધિની વાત કહી. કેમ જે, ભૂમિ પવિત્ર કર્યા વિના તો હરિચરિત્રરૂપી યજ્ઞ અભડાઈ જાય છે. અર્થાત્ પાત્રતા વિનાના મનુષ્યોને ભગવાનના ચરિત્રો કહેવા તે સુખદાયી થતા નથી. હવે હું શ્રીહરિની વાત કહું છું. ૧૩. શ્રીહરિ રાજમાર્ગ ઉપર આવ્યા. આબાલવૃદ્ધ સર્વે ગ્રામજનો દર્શન કરવા માટે બજારમાં આવીને ઊભા હતા. સ્ત્રીઓ મોતીના થાળ ભરી ભરીને આવી હતી. ૧૪. જે સમાજમાં જેવી રીત હોય તે પ્રમાણે તે લોકો ઘણા જ પ્રેમથી શ્રીહરિની પૂજા કરતા હતા. ગ્રામજનોનો તો કોઈ પાર ન હતો. ૧૫. કોઈ ભૂવનમાં (લોકમાં) ન હોય તેવું મહા અદ્‌ભુત રૂપ શ્રીહરિએ ધારણ કર્યું હતું. તેથી તે રૂપને દેખીને મોટા મોટા દેવો અને રાજાઓ પણ વિસ્મય પામતા હતા. ૧૬.

શ્રીહરિ તે વખતે અદાભાઈના રાજભવનમાં પધાર્યા. ભવનોને સુંદર રીતે શણગાર્યા હતાં. તે ભવનો ત્રણ માળવાળા હતા. તેની શોભાનો કોઈ પાર ન હતો. ૧૭. તે ભવનોના દરેક દરવાજે મોતીના તોરણ બાંધ્યા હતા. તે ભવનોમાં નીચે ચંદનનું લીંપણ કર્યું હતું અને બધી દિવાલોમાં સોનેરી લીંપણ

કર્યું હતું. ૧૮. તેમાં અનેક પ્રકારના ચિત્ર આલેખ્યા હતા અને બિલોરી કાચના ઝાડ બાંધી દીધા હતા. ચારે બાજુના ભવનોમાં સોનેરી વિચિત્ર થાંભલાઓની પંક્તિ અદ્‌ભુત સોહામણી લાગતી હતી. ૧૯. ઊંચે મોતીના ઉલેચ બાંધ્યા હતા અને સોનેરી હિંડોળા લટકતા હતા. શ્રીહરિ આવીને તે હિંડોળા ઉપર બેઠા અને દરબારોને ઉતારા કરાવી દીધા. ૨૦. સંતોને તો તે અદાભાઈ દરબારે અધિક ભાવથી આગ્રહ કરીને રાજભવનમાં જ ઉતાર્યા. દરબારોને જુદો ઉતારો એટલે આપ્યો હતો કે તેઓ ઘણી જ મર્યાદાથી રહેતા હતા. ૨૧.

શ્રીહરિને જમાડવા માટે દરબાર અદાભાઈએ જલ્દીથી રસોઈ કરાવી. જયાનંદ વર્ણીએ રસોઈ બનાવી ત્યારે મુકુંદાનંદ વર્ણી શ્રીહરિને બોલાવવા ગયા. ૨૨. શ્રીહરિએ પીતાંબર પહેર્યું અને ચરણ ધોયા. પછી રૂમાલથી ચરણોને કોરા કર્યા. તે પછી ભક્તોના મનોરથોને પૂર્ણ કરનારા અને પૂર્ણકામ આવા ઘનશ્યામ શ્રીહરિ સોનેરી બાજોઠ ઉપર બેઠા. ૨૩. વિવિધ પ્રકારના જેટલા ભોજન બનાવ્યા હતા તે બધાને થાળમાં ભરીને લાવ્યા. દૂધપાક અને પૂરી બનાવ્યા હતા તેમજ ભજિયા અને વડાં તો સરસ કર્યાં હતાં. ૨૪. હરિભક્તોને જેમાં ભાવ હોય તેમાં જ શ્રીહરિને ભાવ હોય છે. કારણ કે હરિભક્તોનું પ્રિય અને હિત કરવાનો દૃઢ ઠેરાવ કરીને જ શ્રીહરિએ મનુષ્ય તન ધારણ કર્યું હતું. ૨૫. શ્રીહરિની પોતાની રુચિ તો ફળ, પાંદડા અને કંદમૂળ જમવામાં હતી. અને કદાચ તે ન મળે, તો રસકસ વિનાના અન્નમાં જ શ્રીહરિને સદાય રુચિ રહેતી. ૨૬. તે પ્રમાણે જ કિંમતી વસ્ત્ર અને આભૂષણોને દૂષણરૂપ સમજનારા શ્રીહરિ ભક્તોનું હિત કરવા અને તેમને રાજી રાખવા માટે સારા વસ્ત્રો અને આભૂષણોને પહેરતા હતા. ૨૭.

પંચવિષયના પાશે(બંધન) મનુષ્ય માત્રને રુંધી દીધાં છે. શત્રુ હોય કે મિત્ર હોય, કોઈથી તે બંધન ટાળ્યું ટળતું નથી. ૨૮. પોતાના ભક્તના પંચવિષયરૂપી શત્રુનો વિનાશ કરવા માટે અવિનાશી શ્રીહરિ ભક્તની રુચિ પ્રમાણે ચાલે છે અર્થાત્ તેને રાજી રાખવા પંચવિષય ભોગવે છે. જો કે, પંચવિષય તો મહાબળવાન છે. તેમણે તો ભવ, બ્રહ્મા અને ઋષિઓનું માન પણ તોડી નાખ્યું છે. ૨૯. મહાબળવાન હિરણ્યકશિપુ અને રાવણ જેવા

સહુના માથા તે પંચવિષયોએ તોડી નાખ્યા છે. તો પણ તે પંચવિષય ભગવાન શ્રીહરિની સામે તો અતિશય રાંકથી પણ રાંક છે. તેમની સામે ક્યારેય અવળા ચાલતા નથી. ૩૦. પંચવિષય તો શ્રીહરિની આગળ રાતદિવસ ધ્રૂજતા રહે છે અને સદાય શ્રીહરિને આધીન રહે છે. જે શ્રીહરિના વચન પ્રમાણે વર્તે છે તેને તેઓ કપટરહિત દેખે છે. ૩૧.

ચોપાઈ :

उलट ताकी सो करत सहाई, उलट विद्या सिखे जो याई;
उलट विद्या हे संत पासा, ओर पंचविषय के हे दासा...३२

તેવા ભક્તની તો તે પંચવિષય ઊલટાની મદદ કરે છે. કેમ જે, તે ભક્તો શ્રીહરિના વચનમાં રહેવારૂપ નિખાલસ એવી ઊલટ વિદ્યાને શીખ્યા હોય છે. આ ઊલટ વિદ્યા તો એક સંતોની પાસે જ છે. સંતો સિવાયના બીજા લોકો તો કપટી હોવાથી પંચવિષયના દાસ છે. ૩૨. શ્રીહરિના ભક્ત સિવાયના જેટલા દેવ, દૈત્ય અને મનુષ્ય છે, એ બધાને પંચવિષય અત્યંત શત્રુ હોવા છતાં તેમના હેતુ-મિત્ર બની પોતાને વશ વર્તાવે છે. ૩૩.

વેદો અને શાસ્ત્રો શ્રીહરિના વચન છે. તે વચન પ્રમાણે અત્યારે જે જે લોકો વર્તે છે તેના ઉપર તે પંચવિષયનું કાંઈ ચાલતું નથી. તે પંચવિષય તો હંમેશાં શ્રીહરિનો ડર રાખે છે. ૩૪. શ્રીહરિની જે નિયામક શક્તિ છે તે કોઈને સ્વતંત્ર થવા દેતી નથી. સ્થાવર જંગમ જે કોઈ જીવો છે, તે બધા જ શ્રીહરિની નિયમન શક્તિને આધીન વર્તે છે. ૩૫. **જે જેટલા સ્વતંત્ર રીતે પોતાના ધાર્યા પ્રમાણે વર્તે છે તે તેટલા દુઃખને તરત જ ભોગવે છે.** જે શ્રીહરિના એકાંતિક ભક્તો છે તેઓ તો શ્રીહરિના સામર્થ્યને જાણતા હોય છે. ૩૬. એકાંતિક ભક્ત સિવાયના બીજા લોકો શ્રીહરિના સામર્થ્યને જાણે ? ક્યારેય ન જ જાણે, તેથી તેમના પાપ ક્યારેય ટળતા નથી. અને તેથી જ તેઓ લખચોરાશીમાં ભટક્યા કરે છે. ૩૭.

दोहा : जब तब संतको माने विन, जन के पाप न जात;
पाप रखे तांही लग, संत न ओलखात...३८

જ્યારે ત્યારે પણ સંતોને માન્યા વિના મનુષ્યના પાપ ટળતા નથી. જ્યાં સુધી (કપટરૂપ) પાપ રાખે ત્યાં સુધી સંત ઓળખાતા નથી. ૩૮. **જીવના હિતેચ્છુમાં પણ સાચા હિતેચ્છુ તો એક માત્ર સંતો જ છે. જ્યારે અસંત અને સંત ઓળખાઈ જાય ત્યારે તેની અત્યંત દુઃખરૂપ જમપુરી ટળી જાય છે.** ૩૯. **શ્રીહરિ ભક્તજને અર્પણ કરેલી જે જે વસ્તુને સ્વીકારે છે તે ભક્તના બંધનને ટાળવાને માટે જ સ્વીકારે છે.** ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'નિર્વિષયી શ્રીહરિ થાળ જમવા બેઠા' એ નામે સુડતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૭॥



પૂર પાંચમું : તરંગ - ૪૮

સંતોને જમાડતી વખતે આજ્ઞાવચનનું રહસ્ય કહ્યું

જે જે ભોજન બનાવ્યા હતા તે બધાને શ્રીહરિ હેતે કરીને જમ્યા. પછી કરુણા રસ વરસાવતા શ્રીહરિ દહીં અને સાકર ભાતમાં જમ્યા. ૧. શ્રીહરિએ જમ્યા પછી બંને હાથને ભેળા કરીને ધોયા. પછી મુખ ધોયું અને તેને રૂમાલથી લૂછ્યાં. ૨. તે પછી મુખવાસ લીધો અને દરબાર અદાભાઈને થાળની પ્રસાદી આપી. તેથી તેઓના મનમાં આનંદ થયો અને 'ધન્ય છે' 'ધન્ય છે' આવું મુખથી બોલવા લાગ્યા. ૩. મારા ઉપર શ્રીહરિ જેટલા રાજી થયા તેવું મેં પુણ્ય નથી કર્યું. મેં એવું કોઈ દાન પણ નથી કર્યું છતાં દરિયાવદિલ શ્રીહરિએ મારા ઉપર અપાર દયા કરી છે. ૪.

સંતોને અને દરબારોને જમવા બોલાવો. શ્રીહરિનો તેવો શબ્દ સાંભળીને તુરંત તે આવ્યા. જ્યારે તેમની પંગત થઈ ત્યારે ધર્મના દુલારા શ્રીહરિ તેમને પીરસવા આવ્યા. ૫. નિત્ય શ્રીહરિ રસદાર ભોજન પીરસતા અને તેને સંતો સ્વાદ રહિત કરીને જમતા. **શ્રીહરિના આજ્ઞા વચનને અનુસરીને જેઓ જમે છે તેઓ કાયમના ઉપવાસી કહેવાય છે.** ૬. તેમને જમવાથી કોઈ દોષ લાગતો નથી, કારણ કે તેઓ નિરંતર શ્રીહરિના વચનના

સાથમાં રહ્યા હોય છે. શ્રીહરિનું આજ્ઞાવચનરૂપ ચક્ર આવરણમાત્રનું નિવારણ કરી દે છે. ૭. **નિષ્કામી સંતો કોળિયે કોળિયે શ્રીહરિનું નામ ઉચ્ચારતા. જેને જેટલો ભગવાનનો ડર રહે છે તેટલું તેઓ મુખથી ભગવાનનું નામ લેવાનું ભૂલતા નથી.** ૮. ભગવાનનો ડર રાખવામાં જેને કચાશ રહે છે તેઓ તેટલા ભગવાનને ભૂલી જાય છે. હરિસ્મૃતિ રાખવામાં જેટલી આળસ રાખવામાં આવે તેટલી બધા જ વર્તનમાં ભૂલ રહે છે. ૯. આળસ કહો કે પ્રમાદ તે બંને હરિવિસ્મૃતિ કરાવવામાં એક સરખા જ છે. તેનાથી મનુષ્યને વિવેક રહેતો નથી. વિવેક વગરના સંતો ધીરે ધીરે પોતાની સારી સ્થિતિમાંથી પડી જાય છે. ભલેને તેઓ મહાબુદ્ધિશાળી હોય ! ૧૦. આળસ, પ્રમાદને કારણે વિવેકહીન થઈને ભગવાનને ભૂલી જાતા હોય એવા સંતનાં દર્શનને દુર્લભ ન માનવા. અને જેને સંત-ગુરુનો લેશમાત્ર પણ ડર ન હોય તેને તો મડદાં જેવા જાણવા. આ શ્રીહરિનાં વચનને સત્ય કરીને માનવું. ૧૧.

❋ સંતસ્નેહીમાં સદ્‌ગુણો આવે છે :

જે પ્રમાદી થઈને રહેતો હોય તેને સંતો વારંવાર ટોકતા હોય છે. તે પ્રમાદી પછીથી આવા નિર્વૈરી સંતોનો અવગુણ લે છે. ૧૨. સંતનો અવગુણ લેવા રૂપી દોષથી તેની બુદ્ધિ મલિન થઈ જાય છે. પછી તેનું આસ્થારૂપી મૂળ દિન પ્રતિદિન ક્ષીણ થતું જાય છે. ૧૩. પછી તો કરોડો પ્રયત્ન કરવામાં આવે તો પણ તે ક્ષીણ થયેલ આસ્થારૂપી મૂળ ફરીથી લીલું થતું નથી. જ્યારે પોતામાં રહેલા દોષોને દેખે ત્યારે તેને ફરીવાર આસ્થા ઊપજે છે. ૧૪.

सोरठा : निज में देखे दोष, दिन दिन अपार जेहि;
संत सेवे विन दोष, हरि के वचन पर तान सदा...१५

દિન પ્રતિદિન પોતામાં અપાર દોષ દેખે, અને જે દોષ લીધા વિના સંતને સેવે અને જેને હંમેશા શ્રીહરિના વચન ઉપર તાન હોય, તેને ફરી આસ્થા થાય છે. ૧૫. **અને હરિના વચન ઉપર જ જેને તાન હોય એવા સંત-હરિભક્ત જે હોય તેનું આ સત્સંગમાં અતિ માન વધે છે અને તેઓ પોતામાં જે માન હોય તેને વૈરી માને-કહે છે.** ૧૬.

❋ શ્રીહરિના વચનોની મહત્તા :

શ્રીહરિ પોતામાં હેત કરાવીને નિજવચનમાં વરતાવવા વારંવાર ફરી ફરીને સંતોને જમાડતા હતા. તે પ્રમાણે જ સુખદાયક શ્રીહરિ વચનમાં વરતાવવા માટે દરબારોને પણ પ્રેમથી જમાડતા હતા. ૧૭. શ્રીહરિ હરિભક્તોની સાથે જે પ્રેમ કરતા હતા, તે પણ વચનમાં વરતાવવા માટે જ કરતા. સત્સંગમાં શ્રીહરિ જે જે ગામોમાં ફરતા હતા ત્યાં હરિભક્તોના નામ પૂછતા હતા. ૧૮. તે પણ વચનમાં વરતાવવા માટે જ પૂછતા. અને **વચનમાં વર્તાવવાનું કારણ તો તેમને ધામમાં લઈ જવા તે જ હતું. જે લોકો હેતથી શ્રીહરિના વચનમાં વરતે તેને ક્યારેય કુસંગ લાગે નહિ.** ૧૯.

ચોપાઈ :

वचन वरत को फल हे इतना, हरिजन संत संग रहे तितना;
परम फल की चाह जेहू, वचन की खतक रखे तेहू...२०

સંતો અને હરિભક્તોના સંગે સમૂહમાં રહી શકાય એટલું જ વચનમાં વર્તવાનું ફળ છે. જેને મોક્ષરૂપી પરમ ફળની ઈચ્છા હોય તેણે તો વચન પાળવામાં ખટક રાખવી જોઈએ. ૨૦. શ્રીહરિના વચન અનંત ફળ આપનારા અને સુખદાયક છે એમ પ્રત્યક્ષ દેખાઈ આવે છે. શ્રીહરિની બધી જ ક્રિયામાં ભક્તોને વચનમાં વર્તાવવાનું તાન રહેલું છે. ૨૧. આ વચનમાં રહેવાનું પ્રયોજન તો એટલું જ જાણવું કે ભગવાનની આજ્ઞામાં વર્તવાથી ધર્મ અને ભક્તિ સિદ્ધ થાય છે. અને જ્ઞાન વૈરાગ્ય પણ વચનમાં આવી જાય છે અને સુખ સંપત્તિ પણ વચનમાં જ રહી છે. ૨૨. **અને ભગવાનનું અક્ષરધામ પણ વચનમાં જ રહ્યું છે. વચનની બહાર તો કોઈ સુખ રહ્યું નથી. અને જે લોકો વચનની બહાર ચાલે છે તેમને સંસારના દુઃખમાત્ર ભોગવવા પડે છે.** ૨૩. વેદોમાં અને પુરાણોમાં તથા જગતમાં જેટલાં કલ્યાણને અર્થે સાધન કહ્યાં છે તથા અનેક તીર્થ અને વ્રત કહ્યાં છે, તે સર્વે એક શ્રીહરિના વચનમાં જ આવી જાય છે. ૨૪. **જેણે વચન રાખ્યું તેણે, જેટલું સુખ કહેવાય છે તે બધું જ રાખ્યું છે અને જેણે વચનનો ત્યાગ કર્યો તેણે જેટલા સાધન માત્ર કહેવાય છે તે બધું જ તજી દીધું છે.** ૨૫.

सोरठा : साधन किये वीन, जो जन चाहत सुख संपत;
जाननो सो मतिहीन, हरि भजना साधन मुख्य...२६
मनुष्य तनकुं पाय, जो न भजत भगवान जेहि;
आत्महन कहे ताय, भोमि को पाप सब कहे तेहि...२७

સાધન કર્યા સિવાય જે જે મનુષ્ય સુખ-સંપત્તિને ચાહે છે તેને બુદ્ધિ હીન જાણવા અને સર્વ સાધનોમાં મુખ્ય સાધન શ્રીહરિનું ભજન છે. ૨૬. મનુષ્ય શરીરને પામીને પણ જે જીવ ભગવાનનું ભજન કરતો નથી તે આત્મહત્યારો કહેવાય છે અને ભૂમિ ઉપરના બધા જ પાપો તેને લાગે છે. એમ મોટા પુરુષો કહે છે. ૨૭.

જેટલા મનુષ્ય માત્ર છે તેમને પોતાના દોષ દેખાતા નથી. અજ્ઞાની જીવ તો પાપકર્મને પણ પોતાનો ધર્મ માનીને કરે છે. તેથી તેમને દુનિયામાં કોઈની શરમ પણ આવતી નથી. ૨૮. લાજ-શરમ જીવના વસ્ત્ર-આભૂષણ છે. કપડાં વિનાનો માણસ કદરૂપો લાગે છે. તે રીતે જ લાજ-શરમ વિનાનાને પણ કપડાં વિનાનો સમજવો. ૨૯. કૂતરાં, ગધેડાં અને ભૂંડની જાતિ લાજ વિનાની હોય છે. તે પ્રમાણે જે વચન પ્રમાણે ચાલે છે તેને લાજશરમ આવે છે અને તેના બધા જ કામ સુધરી જાય છે. ૩૦. જીવને પોતાનું કામ સુધારવા માટે જ આ મનુષ્ય શરીર છે, એમ વેદ અને પુરાણો વગેરે બધા કહે છે. જ્યારે સંતો મળે ત્યારે તેઓ સદ્‌બુદ્ધિ આપે છે અને બધી કુબુદ્ધિનો નાશ કરે છે. ૩૧.

જે પોતાનું કામ બગાડે તેને જ કુબુદ્ધિ કહેવાય છે કારણ કે વારંવાર આવો મનુષ્યનો દેહ મળતો નથી. વધારે ને વધારે જેને વિષયસુખની આશા રહે છે, તેને ગળામાં પડેલો મોહનો ફાંસો સમજવો. ૩૨. જ્યાં સુધી ગળામાં મોહનો ફાંસો પડ્યો છે ત્યાં સુધી શ્રીહરિ તેનાથી દૂર જ રહે છે અને જેટલા ભયમાત્ર કહેવાય છે તે બધા હરિવિમુખ માણસની ઉપર ઊભા છે. ૩૩. મનુષ્ય જ્યારે ભગવાનના આજ્ઞાવચનમાં રહેવા લાગે છે ત્યારે તેના બધા જ ભય અને દુઃખો ટળી જાય છે. વચન પાળવામાં આવો સર્વોત્તમ લાભ છે અને વચનથી બહાર જવામાં તો બધી જાતનું નુકસાન જ રહ્યું છે. ૩૪.

જેના હૃદયમાં પરમ વિવેક છે તે સંતને અને ભગવાનને એકરૂપ જાણે છે. જે પરમ વિવેકી હોય તેનો જ સમાગમ રાખવો અને બીજાના સંગનો ત્યાગ કરી દેવો. ૩૫. શ્રીહરિનું એ જ તાન છે કે જીવનો ઉદ્ધાર કરીને તેને પરમ લાભ આપવો. પણ સામાન્ય મનુષ્યને તો દુઃખી થવાય એવું તાન રહે છે. અને તેથી તેઓ સંતના વચનને માનતા નથી. ૩૬. પોતાના જેવી રુચિવાળા જો ઠગ મળી જાય તો તેને તે સંત માને છે અને તેના જેવા જ તીર્થોમાં કે દેવોમાં તે અત્યંત લાભ માનતા હોય છે. ૩૭. તેવી જ રીતે ધન અને નારીને ધૂતવા તેઓ વ્રતો કરે છે અને દાન કરે છે. ચારે વર્ણના અને ચારે આશ્રમના લોકો તેવી ઠગાઈમાં જ આત્મકલ્યાણ માને છે. ૩૮. ભગવાન શ્રીહરિ તો જીવના પરમ મિત્ર થઈને હરિવિમુખ જીવની મતિને શુદ્ધ કરવા માટે વિચરી રહ્યા છે. આ રહસ્ય વાતને તો સંતજનો જ જાણે છે. ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમપૂરમાં 'સંતોને જમાડતી વખતે આજ્ઞા વચનનું રહસ્ય કહ્યું' એ નામે અડતાળીસમો તરંગ સમાપ્ત ॥૪૮॥



પૂર પાંચમું : તરંગ - ૪૯

શ્રીહરિએ દારૂ, માંસ અને વ્યભિચાર આદિ દોષોને છોડવામાં ઉપયોગી વાત કહી

માનકૂવા ગામમાં શ્રીહરિ સંતોને જમાડીને ઉતારે આવ્યા અને હિંડોળે બેઠા. સંતો અને હરિભક્તોની સભા થઈ ત્યારે માનકૂવા ગામના બીજા મનુષ્યો પણ આવ્યા. ૧. ગામમાંથી આવેલા લોકોને શ્રીહરિએ કહ્યું, અત્યારે તમારી રુચિ શેમાં છે ? તે કહો. જીવનો એવો સ્વભાવ છે કે જેમાં પોતાની રુચિ ન હોય તે ગમતું નથી. ૨. મેવા અનંત પ્રકારના છે તેના સ્વાદ પણ અનંત પ્રકારના છે કે જેનો ગણવાથી પાર આવતો નથી. અને દરેકને તેનાથી અધિક રુચિ સત્તામાં થાય છે. અને સત્તાથી પણ ત્રણ સુખ અધિક છે : (૧) માંસ, (૨) મદિરા, (૩) અને ત્રીજું સ્ત્રીસુખ. એમ મોટા મોટા પ્રવીણ રાજાઓ મેવા

કરતા આ ત્રણને અધિક ફળ કહે છે. ૩-૪. પ્રહ્લાદ, પ્રિયવ્રત અને ધ્રુવ જેવા રાજાઓ પૂર્વે થયા હતા. તેઓ સંપૂર્ણ ત્રિલોકીના રાજા હતા. અત્યારે તેમના જેવા કોઈ રાજા નથી. ૫. તે પૂર્વના રાજાઓએ જે પાપરૂપ વર્તન ન કર્યું હોય તેવું પાપમય વર્તન અત્યારના રાજાઓ કરવા લાગ્યા છે. જગતમાં તે પાપાચારનું કારણ કોણ છે ? કોઈ રાજાઓમાં કાંઈ દોષ નથી. ૬. પરંતુ તે રાજાઓ દોષનો તપાસ કરતા નથી એટલો જ વાંક રાજાઓનો છે. દેખાવમાં તો ઘણું ઊજળું હોવા છતાં સોમલ નામના ઝેરને કોઈ ખાતું નથી. ૭.

સિંહ, સર્પ અને ચિત્તાનું માંસ ખાવા કોઈ ઇચ્છા કરતા નથી. કારણ કે તેમાં તત્કાળ જ મોતને દેખે છે. તે સિવાયના બકરાં ઇત્યાદિ પશુના માંસને રસાળ માને છે. ૮. તે માંસ ખાવામાં પાપ રહ્યું છે, તેની કોઈ તપાસ કરતાં નથી. એટલો દોષ રાજાનો છે. તે પાપમાં વધારે દોષ તો તેમનો છે કે જેઓ તેમાં રુચિ પેદા કરાવે છે. ૯. જેટલા અસુર, રાક્ષસ અને દૈત્ય જીવ હતા તે પાપ કર્મ કરનારા હતા. આગળના સમયમાં તેઓ મનુષ્યને મારીને ખાઈ જતા. તેમને પશુનું માંસ ખાતા કરીને મનુષ્યોને બચાવી લીધા. ૧૦. તે અસુરો પાસે પણ ધીરે ધીરે પાપ કર્મ છોડાવી દેવું, એવો ઋષિઓનો મત હતો. પણ પછીથી તે ઋષિઓના મતની જેને લેશમાત્ર પણ ગમ ન હતી, એવા લોકો ગુરુ થઈને ઉપદેશ કરવા લાગ્યા. ૧૧. શૈવ અને વૈષ્ણવ મત મૂળરૂપમાં શુદ્ધ હતા. પણ પછીથી તેમને પરસ્પર શાપ થયા અને તેને પરિણામે તે બંને મતોમાં અશુદ્ધિ પેઠી. ૧૨.

તે બે સિવાયના બીજા બધા મતો તો કલ્પિત છે. જેનો ગણતા પાર આવતો નથી. પરિસ્થિતિને સમજ્યા વિના જો કોઈ અત્યારે સાચી વાત કહે, તો તેને તરત જ માર ખાવો પડે, એવું છે. ૧૩. પહેલા બ્રહ્મા થકી દેવતા અને અસુરોની સૃષ્ટિ થઈ હતી. તેમાં દેવોને સ્વર્ગ આપ્યું અને અસુરોને પાતાળ આપ્યું. ૧૪. તે પછી બ્રહ્મા દ્વારા ધર્મ અને અધર્મ બંને ઊપજ્યા. દેવોએ ધર્મ રાખ્યો અને અસુરોએ અધર્મ રાખ્યો. ૧૫. બ્રહ્મામાં સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણ રહ્યા છે તેથી તેને ત્રિગુણાત્મક કહેવાય છે. તેમાંથી ત્રણ પ્રકારની સૃષ્ટિ થઈ. ૧૬. સત્વગુણથી ધર્મ અને અપાર ઋષિઓ થયા.

તે એક પ્રકારના શુદ્ધ સત્ત્વમય થયા. રજોગુણથી કશ્યપ આદિ દેવો થયા. જે બધા જ શુદ્ધ રજોમય હતા. ૧૭.

તમોગુણથી રુદ્ર આદિ થયા, તે અગિયાર કરોડ કહેવાયા. તેમને શુદ્ધ તમોમય જાણવા. આ રીતે તે ત્રણ પ્રકારની સૃષ્ટિ થઈ. ૧૮. આ વાત તો મેં સૃષ્ટિના મધ્યભાગથી કહી. આથી આગળ અને પાછળનો તો કોઈ પાર જ નથી. કહેતા કહેતા પાર આવે તેમ નથી. તેની દિશમાત્ર દેખાડવા આટલું કહ્યું છે. ૧૯. બ્રહ્માના જેવી બુદ્ધિ હોય તો પણ થોડું તો કહેવું જોઈએ. કહ્યા વિના સ્પષ્ટ સમજાય નહિ. શાસ્ત્રે બતાવેલી દિશા જ સત્ય છે. કલ્પિત ઊપજાવેલાં ગ્રંથોનું કાંઈ ઠેકાણું નથી. ૨૦. ઋષિવરોએ જેને અધર્મ કહ્યો હોય તેને કલ્પિત ગ્રંથમાં ધર્મ તરીકે ગણાવ્યો છે. મોટા મોટા ઋષિઓના નામ લઈને ઠેકઠેકાણે ગ્રંથો કરી નાખ્યા છે. ૨૧.

કેટલાક સચ્છાસ્ત્રોમાં પણ અધર્મ માર્ગ ચલાવી દીધો છે. જીવને ક્યારેય તેની પરીક્ષા કરતા આવડતું નથી એટલે તે શબ્દોને સાંભળીને બુદ્ધિમાં ભ્રાંતિ પેદા થાય છે. ૨૨. જેને ત્રિકાળજ્ઞાન હોય તેને યથાર્થ વસ્તુનું જ્ઞાન થાય. પરંતુ જ્યારે આખું જગત એક કોર ચાલતું હોય ત્યારે તેની સામે કોઈનું જોર ચાલતું નથી. ૨૩. જેના જીવમાં ધર્મ પ્રધાન હોય તેને ધર્મ ગમે છે. અને જેના જીવમાં અધર્મ પ્રધાન હોય તેને અધર્મ પ્રિય લાગે છે. ૨૪. અધર્મ ઝાઝા લોકોને ગમે છે અને ધર્મ કોઈકને જ ગમે છે. સાચા હીરા બધે ન હોય અને પથ્થર તો ઠેકઠેકાણે પડ્યા હોય તે દેખાય છે. ૨૫. આ ભૂમિ ઉપર જે ચક્રવર્તી રાજાઓ થયા, તેમણે પોતાની રુચિ પ્રમાણે બધા જ શાસ્ત્રોને ફેરવી નાખ્યા અને પોતાની રુચિને જ તેમાં મુખ્ય ગણાવી દીધી. ૨૬.

તેઓ પોતાના હૃદયમાં જે યુગ પ્રવર્તતો હોય તે પ્રમાણે બહારના યુગને પણ ફેરવી દે. જો કોઈ શક્તિશાળી રાજા થાય તો તે કાળને પણ ફેરવી નાખે. ૨૭. અથવા તો કોઈ ભગવાનનો અવતાર થાય, તો તે ધર્મની અપાર વૃદ્ધિ કરી દે છે. બધા ઋષિ મુનિઓને પણ અવતાર ધારણ કરાવીને તેમની પાસે ધર્મને પળાવે અને ધર્મને મુખ્ય કરે. ૨૮. તથા 'અધર્મથી ક્યારેય કોઈનું કલ્યાણ થયું નથી.' આવું યથાર્થ જ્ઞાન પ્રવર્તાવી કળિયુગમાં પણ સત્યયુગની

સ્થાપના કરે અને પોતાને શરણે જે મુમુક્ષુ આવે તેનું કલ્યાણ કરે. ૨૯. કોઈ ધર્મવાળો મોટો રાજા હોય, તો તે પોતાના દેશમાં ધર્મની પ્રવૃત્તિ કરાવે અને કોઈ તેથી નાનો હોય તો તે એક ગામમાં ધર્મ પ્રવર્તાવે અને તેથી નાનો હોય તો તે પોતાના ફળિયામાં ધર્મની પ્રવૃત્તિ કરાવે. ૩૦.

કોઈ પોતાના એક ઘરમાં ધર્મ પળાવે અને કોઈક તો પોતે એકલો જ ધર્મને પાળે. એમ જેવું પોતામાં સામર્થ્ય હોય તે પ્રમાણે ધર્મની પ્રવૃત્તિ કરે-કરાવે. ધર્મ રાખવો તે ભારે દુર્લભ છે. ૩૧. જે મનુષ્ય ધર્મમાં ગાઢ પ્રેમ રાખીને તેને દૃઢતાથી પાળે છે તો દુનિયામાં તેનો યશ યુગો સુધી વધતો રહે છે અને અધર્મીને ક્યારેય યશ મળતો નથી. તેની ગેરહાજરીમાં બધા લોકો તેની નિંદા કરતા હોય છે. ૩૨. કોઈ ચક્રવર્તીના સમાન બળવાન હોય તો પણ તે જો અધર્મી હોય તો લોકો પીઠ પાછળ તેનું અપમાન કરતા હોય છે, કારણ કે સહુને જીવમાં તો ધર્મ પ્રિય હોય છે, ગમતો હોય છે અને અધર્મ અપ્રિય લાગતો હોય છે. ૩૩. માંસાહારી માણસ પણ મનુષ્યનું માંસ નથી ખાતો, એટલો ધર્મ તો તે માંસાહારી પણ જાણે છે. ડરનો માર્યો વિચારીને માણસ પોતાના ઘરમાં વ્યભિચાર કરતો નથી, તે એટલો તો ધર્મ રાખે છે. ૩૪. કોઈ કોઈ ઠેકાણે માણસ અધર્મનો ડર તજી દે છે ત્યારે લોકો તેને અત્યંત અધર્મી કહે છે. જ્યારે નાતીલાઓ પ્રસિદ્ધ અધર્મને જાણે છે ત્યારે તે અત્યંત અધર્મી માણસને પોતાની સાથે પંગતમાં બેસવા દેતા નથી. ૩૫.

વિપ્ર અને વૈશ્ય બે વર્ણના લોકો કાંઈક ધર્મને પાળે છે પણ ક્ષત્રિય અને શૂદ્ર, એ બે વર્ણના લોકો તો હિંસા, ચોરી અને વ્યભિચાર જેવા પાપ કરે છે. ૩૬. અને દારૂ તો પ્રસિદ્ધ રીતે દિલમાં કાંઈ જ શંકા કર્યા વિના પીવે છે. છતાં લોભને વશ થઈને વિપ્રો તેને અધર્મ કહેતા નથી. ૩૭. પ્રસિદ્ધ માણસમાં વધારે પડતા લોભ, રસાસ્વાદ, માન, સ્નેહ અને કામ હોય, તો પણ વિપ્રો તેને અધર્મ કહેતા નથી. કારણ કે જો કહે તો તેને કાંઈ દાન દક્ષિણા જેવું મળે નહિ. ૩૮. ઉપર કહ્યા તે પાંચમાં વધારે પડતો દોષ દેખીને અને તેમાં મહા અધર્મ રહ્યો છે એમ જાણીને સંતોને અમે તે પાંચ દોષથી રહિત કર્યા છે. કારણ કે તે પાંચને છોડ્યા સિવાય તે જીતી શકાય તેમ નથી. ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'શ્રીહરિએ દારૂ, માંસ અને વ્યભિચાર આદિ દોષોને છોડવા ઉપયોગી વાત કહી' એ નામે ઓગણપચાસમો તરંગ સમાપ્ત ॥૪૯॥



પૂર પાંચમું : તરંગ - ૫૦

શ્રીહરિએ સામાન્ય ધર્મ કહીને લોભમાં વિશેષ દોષ કહ્યા

શ્રીહરિએ સદાચારમય ધર્મની સહેજે વાત કરી, તે લોકોના જીવમાં ચોંટી ગઈ, તેથી 'તમારાથી આ નહિ પાળી શકાય.' આમ ના કહેવા છતાં તેમણે ઘણા પ્રકારના નિયમ લીધા. ૧. તેઓ બોલ્યા કે 'અમે આપે આપેલા નિયમોને શિર સાટે પાળશું. ક્યારેય કોઈ કહે તોપણ હવે નિયમોને છોડશું નહિ.' આવું મનમાં બળ રાખીને તેમણે નિયમ લીધા. ૨. જે લોકો ભગવાનનું ભજન કરે, તેમાં બીજા ઘણા વિઘ્ન કરતા હોય છે, તે બધું તેમને કહી દેખાડ્યું. પછી સત્સંગ નિર્વિઘ્ન રહે, એવો માર્ગ તેમને બતાવ્યો. ૩. પ્રહ્લાદને ભગવાન ભજવામાં તેના પિતાએ જે જે વિઘ્ન કર્યાં હતા તે કહ્યાં. તેમજ વસુદેવ, પાંડવો, ગોપીઓ અને ગોવાળોની વાત પણ કહી. ૪. મીરાં, પીપા ભગત, બલિરાજા, હરિશ્ચંદ્ર, મયૂરધ્વજ વગેરેની પ્રસિદ્ધ વાતો કહી. સીતાજીને રાવણે અત્યંત દુઃખી કર્યાં, એવી તો અનેક વાતો બતાવી. ૫.

❋ સત્સંગીઓના વાણી, વર્તનનો વિવેક :

વળી શ્રીહરિએ કહ્યું કે, સારા સત્સંગી પાસેથી સત્સંગનો અભ્યાસ ઉત્સાહથી નિત્ય કરવો. ક્યારેય ભાંડ ભવાઈ જોવી નહિ. સહુએ કેફી વ્યસન માત્રને તજી દેવા. ૬. પરનારીમાત્રને મા બેનના સમાન માનવી, તેની સાથે કોઈ પણ જાતનો હાસ્ય વિનોદ કરવો નહિ. વિવાહમાં ફટાણા ન બોલવા. હોળીમાં ગાળો ન બોલવી. ૭. પોતાના ગુરુ, સંતો તથા હરિભક્તોને પરમ મોક્ષના દાતા સમજવા. બધા જ સત્સંગીઓએ તેમની સાથે ક્યારેય વાદ વિવાદ કરવો નહિ. ૮. પરસ્પર એકબીજાની મર્યાદા જાળવવી. ક્યારેય કોઈ કડવું વેણ બોલવું નહિ. જો જાણીને કડવું વેણ બોલે તેને તે વખતથી જ

કુસંગી કહેવો-જાણવો. ૯. કુસંગી સિવાય કોઈ કટુ વચન કહે નહિ. બોલે તો તે કુસંગીના જેવો થયો. એટલા માટે કોઈને કટુ વચન કહેવું નહિ. અને સામેથી કોઈ કહે તો તે બધું સહન કરવું. ૧૦. **જે કટુ વચનને સહન કરે, તે આપણા સત્સંગીઓમાં સહુથી મોટો છે. તેના ઉપર સંતો અને ભગવાન અપરંપાર રાજી થાય છે.** ૧૧.

આપણા સત્સંગમાં ચાર નિયમ સહુથી મુખ્ય છે. તેને પહેલા જ દૃઢ કરીને પાળવા. (દારૂ, માટી, ચોરી, અવેરી) તેના પછીના સાત નિયમ છે (દેવનિંદા, બિનખપતું ખાવું નહિ, વિમુખના મુખથી વાત ન સાંભળવી, વિધવાનો સ્પર્શ ન કરવો, આત્મઘાત ન કરવો, હિંસા ન કરવી, કલંક કોઈ પર નાંખવું નહિ)કે જે સહુએ અવશ્ય રાખવા જોઈએ. ૧૨. પાણી વિના મળ ત્યાગ ક્યારેય કરવો નહિ. બાઈભાઈ સહુએ જીવનભર તે યાદ રાખવું તેને ભૂલવું નહિ. ૧૩. જે મનુષ્ય પાણી વિના મળત્યાગ કરતો હોય, તેના ઘરનું અન્નજળ પણ મળ મૂત્રના જેવું છે, એમ પોતાનું હિત કરવા ચાહતા હરિભક્તે જાણવું. ૧૪. જે પાણી લીધા વિના મળ ત્યાગ કરે છે તે ચંડાળ કરતા પણ વધારે નીચ છે. તેના ઘરમાં ભૂત પ્રેત વગેરે પણ અખંડ નિવાસ કરે છે. ૧૫. જે કોઈ પણ જાતના સૂતકનો બાધ માનતા ન હોય તેનું ઘર તો સ્મશાનના જેવું છે. એવા માણસને ચંડાળ જાણીને ભગવાન પણ તેનાથી દૂર રહે છે. ૧૬.

જેટલા હરિભક્ત કહેવાતા હોય તેણે સહુએ નિત્ય સવારમાં સ્નાન કરવું. પોતપોતાના વર્ણને યોગ્ય બેવડી કંઠી ગળામાં પહેરવી. ૧૭. પોતાના વર્ણને અનુસારે તિલક કરવું અને તે વખતે તેમાં કુંકુમનો ચાંદલો કરવો. જે સધવા સ્ત્રીઓ હોય તેમણે પોતાના કપાળમાં કુંકુમનો ચાંદલો કરવો. ૧૮. વિધવા સ્ત્રીઓએ કપાળમાં ચાંદલો કરવો નહિ. તે પછી સહુએ માનસી પૂજા કરવી. નિત્ય રાધાકૃષ્ણની પ્રતિમાની પૂજા કરવી. ૧૯. ચોક્કસ નિયમ રાખીને પોતાની શક્તિ પ્રમાણે માળા ફેરવવી. જેટલા નિયમ અવશ્ય રાખવાના હોય તેનું રોજ ઉચ્ચારણ કરવું અને તેનો ક્યારેય ભંગ કરવો નહિ. ૨૦. જેનો સંગ રાખવાથી પોતાના વ્રત-નિયમોનો ભંગ થાતો હોય

તો તેનો સંગ દરેક રીતે છોડી દેવો. મા, બહેન અને દીકરીની સાથે ક્યારેય એકાંતમાં રહેવું નહિ. ૨૧.

કદાચ કોઈ અતિશય આપત્કાળ આવી પડે તો તેનો બાધ નથી. અન્ય કોઈ પણ સ્ત્રી હોય, તેનાથી તો દૂર રહેવું તે જ યોગ્ય છે. ૨૨. કેમ જે તો જ તેમાં ક્યારેય ડાઘ ન લાગે. તે હરિભક્તોએ મનમાં સમજી રાખવું. બધા નિયમોમાં આ એક જ નિયમ રાજા છે માટે આ નિયમની બહુ પ્રકારે લાજ રાખવી. ૨૩. પોતાની સ્ત્રીનો સંસર્ગ રહે તે ગૃહસ્થને માટે દોષરૂપ નથી. વેદાદિ શાસ્ત્રોએ તે સંસર્ગને નિર્દોષ કહ્યો છે. પોતાની પત્ની સિવાયની કોઈ પણ સ્ત્રી હોય તેની સાથેનો એકાંતવાસ તજી દેવો યોગ્ય છે. ૨૪. સ્ત્રી બાબતનું તે એક અતિશય મોટું કલંક છે, તેના જેવું બીજું કોઈ કલંક નથી. બ્રહ્મા, શંકર, ઈન્દ્ર, ચંદ્ર એ બધાને તેણે કલંક લગાડ્યા છે. ૨૫. નારદ, સૌભરિ, ઋષ્યશૃંગ, પરાશર, વ્યાસ, ચ્યવન, ગૌતમ અને જૈમિનિ, એ આદિ અનંતને નારીએ પ્રસિદ્ધ કલંક લગાડ્યા છે. ૨૬.

જેઓ ઘણા મોટા ગણાતા હતા તેમણે પણ સ્ત્રી બાબતમાં આત્મવિશ્વાસ રાખ્યો, ત્યારે તે પોતાની સ્થિતિથી પડી ગયા અને તેણે અગાઉ કરેલા બધા જ તપનો વિનાશ થયો હતો. ૨૭. ઉપર ગણાવ્યા તે બધા ઐશ્વર્ય સંપન્ન હતા, છતાં પણ તે સહુને આવા કલંક લાગ્યા. તો બિચારા સામાન્ય જીવનો શો ભાર ? આ વિચારવું જોઈએ. ૨૮.

કેટલાક જગતના જીવ ભેખધારી થઈને ગધેડાની જેમ નગ્ન ફરતા હોય છે. તેવાને અજ્ઞાની જીવો સિદ્ધ માનીને સેવે છે અને વિધવા સ્ત્રીઓ હેતથી તેની સેવા કરે છે. ૨૯. મોટા મોટા નાગરો બુદ્ધિમાન હોય છે, છતાં તેઓ તેવા ભેખધારીનું અત્યંત સન્માન કરે છે. તેમને ગાદીતકિયે બેસાડે છે અને ચંદન-પુષ્પ આદિથી તેમની પૂજા કરે છે. ૩૦. નિત્ય નવા પકવાન કરાવીને ચતુરાઈથી પોતાને હાથે જમાડે છે. તેમની કુદરતી હાજતને (ઝાડા પેશાબની ક્રિયાને) ઘરમાં કરાવીને મનમાં તેમની મોટી કૃપા માને છે. ૩૧. નાગર પોતાને હાથે તે ધુએ છે. તેમાં કાંઈ દોષ દેખતા નથી. તે ધોયા પછી તે

હાથને માથે લગાવે છે અને બોલે છે કે ‘આવો સેવાનો મોકો ફરી વાર ન મળે.’ ૩૨. ‘ખુદ શંકર આવે રૂપે આવે છે.’ એમ નગ્ન પરમહંસને સમજે છે. વળી તેઓ એવું કહે કે “આવા પરમહંસનો જે લેશમાત્ર પણ અભાવ લે, તેના ઘરમાં લક્ષ્મી ક્યારેય આવે નહિ.” ૩૩.

તેમની કૃપા રહે તો માયા (લક્ષ્મી) અપાર મળે. અને તે કૃપાને માટે તો તેમની સેવામાં પોતાની પત્નીને અર્પણ કરી દે છે. તે સિવાય પોતાની બહેન, પુત્રી ને પુત્રવધૂને પણ વારંવાર તેમની સેવામાં રાખે છે. ૩૪. તે લોકો અનંત સાધનોમાં આ એક સેવા સાધનને જ મુખ્ય માને છે. માયા(લક્ષ્મી)ના લોભથી અને પુત્ર પ્રાપ્તિના લોભથી દિન પ્રતિદિન પ્રસન્ન દિલે ભેખધારીનો ગુણ જ લે છે. ૩૫. તેઓ પોતાના ઘરના માણસોને એવું કહે છે કે, “આવા ભેખધારીના વેષમાં તો શંકર આવતા હોય છે. તેઓ કાંઈક અયોગ્ય ક્રિયા કરીને જો આપણને ભૂલા પાડે તો પણ એમનો કોઈ અભાવ લેવો નહિ. ૩૬.

ઈશ્વર ઉપર તો કોઈ નિયમ નથી. તેઓ તો આપણને ભુલાવવા માટે આપણને અવગુણ આવે તેમ વિપરીત ક્રિયા કરતા હોય છે. ૩૭. તેઓ ઘરના માણસોમાં એવી દૃઢતા કરાવવા માટે એમ પણ બોલે છે કે, ઈશ્વર તો અગ્નિરૂપ છે અને આકાશના જેવા નિર્લેપ છે, તેમને કોઈ પણ જાતનો દોષ લાગતો નથી માટે તેમની માયામાં ભૂલા પડવું નહિ.” આવી દૃઢતા તેઓ ઘરના મનુષ્યોને કરાવે છે. ૩૮. તે ભેખધારી કદાચ માંસ ખાય કે મદિરાને પીવે, તો પણ તેઓ તેમનો ક્યારેય અભાવ લે નહિ. માયા અને પુત્રના લોભથી તેઓ અભાવ લેતા ડરતા હોય છે. ૩૯. નાગરો બુદ્ધિમાનોમાં પણ ઘણા બુદ્ધિમાન હોવા છતાં તેવા ભેખધારીના કોઈ દોષને ગણતા નથી. એટલા માટે જ ‘પાપમાત્રનું મૂળ લોભ છે’ એમ કહેવાય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં ‘શ્રીહરિએ સાધારણ ધર્મ કહીને લોભમાં વિશેષ દોષ કહ્યો’ એ નામે પચાસમો તરંગ સમાપ્ત ॥૫૦॥



પૂર પાંચમું : તરંગ - ૫૧

માનકૂવામાં શૈવ નાગરોની રુચિ કહી

દરબાર દાદા ખાચરે મુક્તાનંદસ્વામીને હાથ જોડીને પૂછ્યું, 'શ્રીહરિએ આ શું વાત કરી ? તે મને સમજાણું નહિ.' ૧. ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું, હે બુદ્ધિમાન રાજા, તમે સાંભળો. જેમ શ્રીહરિએ કહ્યું હતું તે જ વાત હવે તમને કહું છું. ૨. શ્રીહરિને હરિભક્તો ઉપર ઘણું હેત હતું તેથી તેઓ વાત કરતા. સ્વયં અંતર્યામી હોવાથી ભક્તોને અગાઉથી ચેતાવી દેતા. ૩.

શ્રીહરિ કહે, નાગર જાતિમાત્રને માયા (ધન) ઉપર બહુ હેત હોય છે અને તેથી તેઓ વિષ્ણુ કરતા પણ અધિક શિવજી ઉપર વધારે પ્રેમ રાખે છે. ૪. નાગરોને પરલોકનું કોઈ પ્રયોજન નથી. તેઓ આ લોકના સુખને મેળવવા માટે રાત દિવસ શિવનું ભજન કરતા રહે છે. એટલે તેઓ પ્રસિદ્ધ શિવના ભક્ત થઈને ફરતા હોય છે. ૫. અધિક માયા મળે આવા આશયથી તેઓ મોટા શિવાલય બંધાવે છે. તેમાં પણ તેઓ કાશીવિશ્વનાથને અધિક માને છે. ૬. જો એક વાર કાશીની યાત્રા કરી હોય તો તેઓ પોતાના મોક્ષમાં કોઈ જાતની શંકા રાખતા નથી. ભલે, અનંત પ્રકારના કેટલાએ પાપ કર્યા હોય પણ એક વાર જો કાશી જાય, તો તે બધા પાપ બળી જાય છે. ૭. આવું સમજીને તેઓ પાપોથી લેશમાત્ર પણ ડરતા નથી. અને હંમેશા માયાને ભેળી કરે છે. અને તેઓ એમ કહે છે કે, તત્કાળ પાપોને બાળી દે, તેવું બળ વિષ્ણુમાં નથી. ૮. જે વિષ્ણુને ભજે છે તેને માયા મળતી નથી. ઊલટું જે માયા કમાયા હોઈએ તે પણ જતી રહે છે. વિષ્ણુ કોઈને પુત્ર આપતા નથી. ઊલટાનું પુત્ર હોય તેને પણ તેઓ ખેંચી લે છે. ૯.

વિષ્ણુના ભક્તને અનંત પ્રકારના દુઃખ આવે છે અને શિવના ભક્ત તો સુખી રહે છે. જે વિષ્ણુને અવિનાશી જાણીને ધર્મ પાળતા હોય એવા વૈષ્ણવોની તેઓ હાંસી કરે છે. ૧૦. અને 'તમે અવિનાશી વિષ્ણુને ભજો છો છતાં તમારો નાશ કેમ થાય છે ?' આવું બોલીને વિષ્ણુ ભક્તને વગોવે છે. ધનના અને રાજના અધિકારના મદને લીધે ઉન્મત્ત થઈને તેઓ આવું

બોલતા હોય છે. ૧૧. જે હરિભક્ત વૈષ્ણવ છે તે તો દૃઢપણે ધર્મમાં રહેતા હોય છે. અને હરિને કાળથી પર જાણે છે. અને બ્રહ્મા અને શિવ હરિને આધીન છે. એમ માને છે. અને એવું તે શૈવો જાણતા નથી. ૧૨.

નારાયણ અને શિવમાં એકાત્મપણું છે. તે બંનેમાં ભેદ નથી. ને જો ભેદ કહે તો તેને ચાંડાલ જાણવો એમ વેદો કહે છે. ૧૩. ભગવાન નારાયણને તપ વહાલું છે, એમ સમજીને શિવજી મહાવનમાં બેસીને હંમેશા તપ કરતા રહે છે. ૧૪. શિવજી ભગવાન નારાયણને હૃદયમાં ધારીને રાત દિવસ તપ કરે છે રિદ્ધિ (ઋદ્ધિ) અને સિદ્ધિ તેમની સેવા કરે છે પણ તેઓ તેમની સામે ક્યારેય જોતા પણ નથી. ૧૫. ત્યારે નારાયણે પ્રસન્ન થઈને શિવજીને વરદાન આપ્યું કે માયિક સુખની ઈચ્છાથી જે તમને ભજશે તેને તે બધા માયિક સુખ મળશે. ૧૬.

જે શિવના ભક્ત થઈને પાપકર્મ કરશે તેના સુખ અને સંપત્તિનો નાશ થઈ જશે, કોઈ પણ દેવને અધર્મ રુચતો નથી. તે શાસ્ત્રોની દૃષ્ટિથી જોવું જોઈએ. ૧૭. શાસ્ત્રના સંગ વિનાના, શાસ્ત્ર શ્રવણ નહિ કરનારા ઘણા મોટા બુદ્ધિમાન હોય તો એ શું ? તેઓ મોક્ષમાર્ગમાં અત્યંત આંધળા ગણાય. તે ચાલવા જાય કે તરત અનંત નરકમાં જઈને પડે છે. ૧૮. કરોડો કલ્પ વીતે, તો પણ તેનો ઉદ્ધાર ન થાય. અહીં મર્ત્યલોકમાં ચાહે તેવું બીજ વાવે, તેનું ફળ તો તેણે જમપુરીમાં જ ભોગવવાનુ છે. ભલે તેઓ અહીં મન ફાવે તેમ ચાલે. ૧૯. પાપી મનુષ્યને કાશી તીર્થ કાંઈ મદદ કરતું નથી. બધા તીર્થોનો સમાન ન્યાય છે કહેતા સર્વે તીર્થોની એક સરખી રીત છે. પહેલા પાપ કર્મનું ફળ ભોગવીને આવે પછી તીર્થ તેની સહાયતા કરે છે. ૨૦. સુકૃત (પુણ્ય) નું ફળ તીર્થોમાં મળે છે અને પાપોનું ફળ જમપુરીમાં ધોવાય છે. જેના જેવા કર્મ કહેવાતા હોય છે તેને માટે તેવા સ્થાનો રચ્યા છે. ૨૧. ત્યાં કોઈની ભલામણ ચાલતી નથી. તેની ખબર તો મૃત્યુ પછી પડશે. અહીં મન ફાવે તેમ મહાલી લ્યો પણ પાછળથી દુઃખ સહ્યું નહીં જાય. ૨૨.

મર્યા પછી તો ત્યાં રાજા અને રાંક એક જ છાબડામાં તોળાવાના છે. જેનું જેવું કર્મ હોય તેવું તેનું મૂલ્ય થવાનું છે. જેવું ભાતું લીધું હશે તેવું

ખાવાનું છે. ભાતા વિના ત્યાં કાંઈ ઠેકાણું પડવાનું નથી. ૨૩. નિયમ રાખ્યા સિવાય ધર્મ પળતો નથી અને ત્યાં તો ધર્મ વિના કોઈની મહોબત રહેતી નથી. તેટલા માટે દઢપણે નિયમ ધારી રાખજો. આટલી વાત કહીને સુખકારી શ્રીહરિ પોઢી ગયા. ૨૪.

સંતો બધા ધ્યાનમાં બેઠા. ગામના લોકોને જવા માટે રજા આપી. જ્યારે અરુણોદય થયો ત્યારે સંતો ઊઠ્યા અને તેમણે 'નારાયણ ધૂન' કરી. ૨૫. શ્રીહરિ સ્નાન કરવા ચાલ્યા. સંતોને અને દરબારોને સાથે લીધા. ગામના બધા હરિભક્તો આવ્યા. તેમના હૈયામાં અતિ ઉત્સાહ હતો. ૨૬. દરબાર અદાભાઈના બાગમાં ગયા. ત્યાં વિવિધ પ્રકારના વૃક્ષ શોભી રહ્યા હતા. તે જગ્યા મોટી અને ઘણી જ અનુપમ હતી. કૂવા પાસે ખારેકના ઝાડ પણ સારા હતા. ૨૭. કૂવા કાંઠે સારી જગ્યાએ બેસીને શ્રીહરિએ સુંદર દાતણ કર્યું. તે પછી સ્નાન કર્યું. શરીર લૂછીને એક પીતાંબર પહેરી લીધું. ૨૮. ભક્તોના ચિત્તને ચોરનારા શ્રીહરિએ બીજું એક જરિયાની પીતાંબર ઓઢી લીધું. કૂવાની પાસે બેસીને બધો પૂજાપાઠનો વિધિ કર્યો. તેટલી વારમાં તો અત્યંત ચતુર એવા સંતોએ સ્નાન કરી લીધું. ૨૯. બધા દરબારોએ જ્યારે સ્નાન કરી લીધું ત્યારે તેઓ બધા શ્રીહરિની પાસે આવીને બેઠા. સંતો અને હરિભક્તો જ્યારે શ્રીહરિની પાસે બેઠા ત્યારે સહુ ઉત્સાહથી કીર્તન બોલવા લાગ્યા. ૩૦.

અદાભાઈના બાગમાં જે મેવા થયા હતા તે તે શ્રીહરિની આગળ લાવીને મૂક્યા. ત્યારે શ્રીહરિએ તે મેવા પ્રથમ બાલસ્વરૂપ શ્રીકૃષ્ણને ધરાવ્યા. ૩૧. પછી શ્રીહરિ તે ફળને પ્રેમથી જમ્યા. તેના સરસ રીતે વખાણ કર્યા. પછી તે ફળ સંતોને અને દરબારોને આપ્યાં. તેમણે તે ફળ હરખથી લીધાં. ૩૨. તે સહુ પણ પૂજાનો વિધિ કરીને તે ફળોને શ્રીહરિનો પ્રસાદ છે એમ જાણીને જમ્યા. પછી શ્રીહરિ ગામમાં (માનકૂવા) આવ્યા. હરિભક્તોએ ઘેરઘેર પધરામણી કરી. ૩૩. જેને જેવો ભાવ હતો તે પ્રમાણે તેમણે પૂજા કરી. શ્રીહરિના અંગો ઉપર કેસર-ચંદન ચરચ્યુ. અને ફૂલના હાર, તોરા ઉમંગથી શ્રીહરિને ધરાવ્યા.

બાજુબંધ બાંધી નવીન પોશાક ધરાવ્યો. તે પ્રમાણે જ સંતોની સાથે દરબારોની પણ પૂજા કરી. અને સહુએ મહાન અલૌકિક લાભ લીધો. ૩૪-૩૫.

પછી શ્રીહરિની કપૂરથી આરતી ઉતારી અને વારંવાર પ્રાર્થના કરી કે, "આપનું સ્વરૂપ આવું ને આવું અમારા હૃદયમાં કાયમ રહે. અમે આપને શરણે આવ્યા છીએ તો હવે અમને ક્યારેય ભૂલશો નહિ. ૩૬. કદાચ અમે ભૂલીએ તો પણ આપ અમને ભૂલશો નહિ. અમે તો પરાધીન છીએ. દેહ, ઇંદ્રિયો અને અંતઃકરણ, એ બધાનું ઘણું જોર છે. પણ હવે આપે અમને તેનાથી છોડાવી લીધા છે. ૩૭. હે હરે ! જન્મ-મરણનું દુઃખ, જમપુરી અને લખચોરાશીનું દુઃખ, ગણતા પાર ન આવે એટલું અપાર છે. આપે અમને તેનાથી છોડાવીને સુખ આપ્યું છે. ૩૮. ગામના ભક્તોને રાજી કરીને શ્રીહરિ પોતાને ઉતારે આવ્યા. શ્રીહરિનું મન અત્યંત પ્રસન્ન હતું. તે વખતે વિવિધ પ્રકારના વાજિંત્ર વાગતા હતા. ૩૯. જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે શ્રીહરિએ આવીને જમી લીધું. વિવિધ પ્રકારના ભોજન બનાવ્યા હતા. સંતોને અને દરબારોને સહુને જમાડી દીધા. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગર પંચમ પૂરમાં 'માનકૂવામાં શ્રીહરિએ શૈવ નાગરોની રુચિ કહી' એ નામે એકાવનમો તરંગ સમાપ્ત ॥૫૧॥



પૂર પાંચમું : તરંગ - ૫૨

શ્રીહરિએ સભામાં પોતાના અંગની વાત કહી

શ્રીહરિ હિંડોળા ઉપર બેઠા હતા ત્યારે દરબાર અદાભાઈ પૂજાનો સામાન લઈને આવ્યા. ત્યારે અનંત પ્રકારના વાજિંત્રો વાગતા હતા અને મહાન ઉત્સવ છાઈ રહ્યો હતો. ૧. કેસર-ચંદન ઉતારીને સોનાના બે કટોરા ભરપૂર ભરી લીધા. તેમાં કોઈ કસર રાખી નહિ. ૨. તે કેસર-ચંદન લઈને શ્રીહરિના લલાટમાં ચરચ્યું. અને તે પછી અતિશય સરસ રીતે બધા અંગો ઉપર પણ ચરચ્યું. ૩. ચરણ સુધી ચંદન ચરચ્યું.

✻ મોતીનો શણગાર :

પછી મોતીના હારની સેરો કરીને છાતી ઉપર પહેરાવી. અને મસ્તક ઉપર મોતીનો ખૂંપ (શહેરો - વરને મસ્તકે પહેરાવે તેવો એક શણગાર) ધરાવ્યો. ૪. તે ખૂંપના ઉપર મોતીના શિર પેચ, મોતીના તોરા અને મોતીની નવરંગી કલગી પણ ધરાવી. જે ખૂંપના ઉપર અત્યંત સોહામણી લાગતી હતી. મોતીના બાજુ, પહોંચી અને કડાં હાથમાં ધરાવ્યા હતા. તે ઘણા રળિયામણા લાગતા હતા. ૫.

મોતીના કુંડળ કાનોમાં ધરાવ્યા. તેની શોભા ઘણી ફેલાઈ ગઈ. મોતીનો કંદોરો કમર ઉપર બાંધ્યો અને હાથમાં મોતીની છડી લીધી. ૬. મોતીના ઝાંઝર અને મોતી જડિત મોજડી ચરણોમાં ઘણી સોહામણી લાગતી હતી. જરિયાની મોતીનો જામો સહુ પહેલા પ્રેમથી પહેરી લીધો હતો. ૭. પછી મોતીનો સુરવાળ પહેરાવીને મનની અભિલાષાને પૂર્ણ કરી. હાથની બધી જ આંગળીઓમાં હીરા જડિત વીંટી અને અંગૂઠીઓ પહેરાવી. ૮. લલાટની વચ્ચે તાજા લાલ રંગના કુંકુમનો ચાંદલો કર્યો. સોનાના થાળમાં વાટો પ્રકટાવીને આરતી ઉતારી. આવી સુંદર નવરંગી મૂર્તિ હૃદયમાં ધારી લીધી. ૯.

✻ અદાભાઈએ કરેલી શ્રીહરિને પ્રાર્થના :

પછી તેમણે બંને હાથ જોડીને શ્રીહરિની પ્રાર્થના કરીને કહ્યું, આપની આ મૂર્તિમાં મારું મન તલ્લીન રહે અને આપની મૂર્તિ સિવાય મારું મન બીજું કાંઈ ન ચિંતવે. મારું મન કેવળ આપની મૂર્તિમાં સ્થિર થઈને આપનું જ ચિંતવન કરે. ૧૦. મારા ચારેય અંતઃકરણો એક થઈને આપની મૂર્તિનું જ ચિંતવન કરે. અને ઈન્દ્રિયો એકાગ્ર થઈને આપનું જ ધ્યાન કરે. પણ આપની મૂર્તિ તજી બીજું અન્ય કાંઈ ન સંભારે. ૧૧.

ચોપાઈ :

मूर्ति विन लगे असार सबही, मूर्ति जीय तजी देवे न कबही;
ओर लगे सब झेर समाना, मूर्ति को उर रहे अभिमाना...१२

दोहा : मूर्ति विन रहे असार सब, सार न कबु मनाय;
संत हरिजन सार रहे, मूर्ति जिमि सार हे ताय...१३
संत हरिजन जितने, अक्षरधाम हे रूप;
अभाव आवे जब ताहिको, अक्षरसे गिरे भवकूप...१४

આપની મૂર્તિ સિવાયનું બધું જ અસાર લાગે. મારો જીવ ક્યારેય મૂર્તિને છોડી દે નહિ. તે સિવાયનું બીજું બધું મને ઝેરના સમાન લાગે. હૃદયમાં એક મૂર્તિનું જ અભિમાન રહે. ૧૨. મૂર્તિ વિનાનું બધું અસાર લાગે, પણ તેમાં ક્યારેય સાર મનાય નહિ. જેમ આપની મૂર્તિ સારરૂપ છે તેમ સંતો-ભક્તો પણ સારરૂપ રહે. ૧૩. જેટલા સંતો ભક્તો છે તે બધા અક્ષરધામરૂપ છે. જ્યારે તેમનો અભાવ આવે છે ત્યારે જીવ અક્ષરધામથી સંસારરૂપી કૂવામાં પડે છે. ૧૪.

અક્ષરધામમાં ગયેલા હરિભક્ત ત્યાંથી કોઈ કાળે પડતા નથી. પણ જ્યારે મનમાં સંત હરિભક્તોનો અભાવ આવે ત્યારે તે ત્યાંથી તત્કાળ પડે છે. ૧૫. તેની તો સંતો સહાય કરે, બધા હરિભક્તો પણ સહાય કરે તો પણ તે ધામમાં ટકી શકતો નથી. કારણ કે અભાવ-અવગુણમાં સહુથી વધારે દોષ રહ્યા છે. ૧૬. અભાવમાં જેવો દોષ રહ્યો છે તેવો કામ, ક્રોધ, લોભ વગેરેમાં નથી રહ્યો. માટે મને કોઈ ભક્તનો અભાવ ન આવે. અને આવે તો તત્કાળ શમી જાય. ૧૭. હે પ્રભો ! હું આપની પાસે અત્યારે એ જ માગું છું કે ‘મારા હૃદયમાં અભાવનું બીજ ક્યારેય ઉદય પામે નહિ.’ શ્રીહરિ અદાભાઈની દીનતા જોઈને તેમના ઉપર પ્રસન્ન થયા. ૧૮. તેમને ‘તથાઽસ્તુ’ આવું કહીને વર આપ્યો. કારણ કે શ્રીહરિ તો ભક્તાધીન છે.

પછી શ્રીહરિ પોતાની સાથે જે દરબારો રહેતા હતા, તેમને હેતથી કહેવા લાગ્યા, ૧૯. તેમાં વિશેષ અલૈયા ખાચરને ઉદ્દેશીને કહેતા હોય એવું જણાય છે. જે હરિભક્તને બીજા સંતો-ભક્તોની તુચ્છતા હોય તેને ભક્ત કેમ સમજવો ? તેને તો કોઈ હરિભક્તનો લેશમાત્ર ભાર નથી અને સંતોને તો તે ભિખારી જેવા સમજે છે. ૨૦.

જે પોતામાં અતિ મોટાઈ સમજે છે. એવાની તે મોટ્યપ ક્યાં સુધી રહેશે ? કારણ કે તે બીજાની મોટ્યપને તો સમજતો નથી ! માટે તેનામાં મોટપનો કોઈપણ ગુણ નહિ રહે. ૨૧. તમે પોતાના અંતરનો પાકો તપાસ કરીને એકેએક ઉત્તર કરો. તપાસ કર્યા વિના જે બોલશે તે ધૂળધાણી થઈ જશે. ૨૨. પૂરી તપાસ કર્યા વિના જો કોઈ વેપાર કરે તો કરોડપતિ હોય તો પણ તે દેવાળું ફૂંકે છે. માટે જે હરિભક્તનો લગારેક અપરાધ કરવામાં પણ અપાર દોષ માનતા હોય, ૨૩. જ્યાં સુધી મનમાં ભક્તનો અભાવ રહે ત્યાં સુધી જે તેને જમપુરીનું દુઃખ માનતો હોય. આવો જેના જીવમાં હરિભક્તના અભાવનો ભય વર્તતો હોય તેઓ અહીં આવીને અમારા ચરણનો સ્પર્શ કરો. ૨૪.

કપટ કરીને ચરણ સ્પર્શ કરશો નહિ. કપટ કરે તે તેના વર્તનમાં દેખાઈ આવે છે. વર્તન એ એક મોટી કસોટી છે. તેનાથી પિત્તળ અને કાંચન ઓળખી શકાય છે. ૨૫. જેઓ સંતો-હરિભક્તોને દુઃખવતા મનમાં લેશમાત્ર પણ ડરતા નથી. સંતો-ભક્તો જો દુઃખાય તો મનમાં પ્રસન્ન થાય અને સંતો-ભક્તોને પ્રસન્ન જોઈને તો અંતરમાં દ્વેષ ઉપજે છે. ૨૬. એવી રીતે એક તો સંતો-ભક્તોને દુઃખવે છે અને એક નથી દુઃખવતો. એ બંને હરિભક્તો તો છે અને તેઓમાં ભગવાનનો નિશ્ચય પણ દેખાય છે. તો તે બંને હરિભક્તોમાં કોણ શ્રેષ્ઠ કહેવાય ? ૨૭. જેનું જેવુ અંગ હોય તે પોતે પોતાની રીતે તપાસીને નિષ્કપટભાવે ઉત્સાહથી કહો. તે કહેવામાં કાંઈ દોષ નથી. ૨૮.

⁕ શ્રીહરિએ પોતાની રુચિ કહી :

પહેલા અમે અમારું અંગ કહીએ છીએ. "સંતોને અને હરિભક્તોને જોઈને અમને ઉત્સાહ થાય છે. જે સંતો અને હરિભક્તો છે, તે બધા એક એકથી ઉત્તમ છે. ૨૯.

ચોપાઈ :

जे दिन ताकी सेवा बनी आवे, तेहि दिन अति आनंद रहावे;
सेवा न बनी आवत जेहि वारा, अंतर में दुःख होत अपारा...३०

कोईमें दोष देखात लगारा, अंतर दुःखात वार न पारा;
ताकुं प्रसन्न करे तर्त जबही, अंतर शांति होवे तबही...३१
हरिजन हरिजनकुं दबावे, ताको अभाव तर्त उर आवे;
ताको अपमान करिये जबहु, अंतर में सुख रहे तबहु...३२

માટે જે દિવસ તે સંતોની અને હરિભક્તોની કાંઈ સેવા થઈ શકી હોય તો તે દિવસ અમને અત્યંત આનંદ રહે છે અને જ્યારે કાંઈ સેવા ન બની આવે ત્યારે અમારા અંતરમાં અપાર દુ:ખ થાય છે. ૩૦. અમને કોઈમાં લગારેય દોષ દેખાય તો અમારું અંતર અપરંપાર દુ:ખાય જાય છે. પછી અમે જ્યારે જેનો દોષ આવ્યો હોય તેને તરત રાજી કરીએ ત્યારે અંતરમાં શાંતિ થાય છે. ૩૧. એક હરિભક્ત જો બીજા હરિભક્તને દબાવે તો અમારા મનમાં તેનો તરત જ અભાવ આવે છે. પછી અમે જ્યારે તે દબાવનારાનું અપમાન કરીએ ત્યારે અમારા અંતરમાં સુખ થાય. ૩૨.અમારે બાળપણથી જ ગરીબનો પક્ષ અત્યંત રહે છે. અને અમને બરોબરિયાનો અભાવ નથી આવતો એવો અમારો સહજ સ્વભાવ છે. ૩૩.

हमारी सेव करत हे जेहा, हरिजन से डरीके वर्ते तेहा;
हरिजन को कहे गुन दिनराती, ताकी सेव जोई ठरे छाती...३४

જે અમારી સેવા કરતો હોય તે જો ભગવાનના ભક્તથી ડરતો રહેતો હોય અને રાતદિવસ ભક્તોના ગુણોને કહ્યા કરતો હોય, તો તેની સેવા જોઈને અમારી છાતી ઠરે છે. ૩૪. **જે ભગવાનના ભક્તોના ગુણોને કહે, તેણે અમારી ઘણી જ સેવા કરી છે, એમ અમે માનીએ છીએ.** પણ જે બીજા ભગવાનના ભક્તોને ડરાવવા-દબાવવા માટે અમારી સેવા અત્યંત પ્રેમથી કરતો હોય અને લેશમાત્ર પણ ભગવાનના ભક્તોના ગુણોને કહેતો ન હોય, વળી બીજાના અવગુણ દેખાડીને ઉપદેશ કરતો હોય કેમ જે, બીજાના અવગુણ દેખાડવાનો જ તેને ઉદ્દેશ્ય હોય, એમ **જે બીજાના અવગુણ દેખાડવા માટે જ સેવાદિ કરતો હોય, તેની સેવાથી તો અમે બહુ જ ડરીએ છીએ.** ૩૫-૩૬. એવાએ કરેલી સેવાને તો અમે મહાન વજ્રાઘાત જેવી માનીએ છીએ. તે ભલે અમારી સેવા નિત્ય પ્રત્યે કરતો હોય તો પણ ઘટી જાય છે. ૩૭.

ઘણા હરિભક્તો સેવક થઈને અમારી સેવા કરે છે. પરંતુ તે બધાનો ભાવ જુદો જુદો હોય છે. અમે તેને મનમાં જાણીએ છીએ. જેને જેવો ભાવ હોય તે પ્રમાણે અમારી સેવા કરે છે. અમારી સેવા તો ફળને આપનારી છે. જેને જેવો ભાવ હોય તેવું ફળ (લાભ) મળે છે. ૩૮-૩૯. અમે તો સહુનું હિત ચાહીએ છીએ. સહુને રુચિ પ્રમાણે સેવા ફળે છે. અમે ક્યારેય કોઈનું કુહિત કરતા નથી. પણ જેને જેવી રુચિ હોય તે પ્રમાણે ફળ આપીએ છીએ. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'શ્રીહરિએ પોતાના અંગની વાત કહી' એ નામે બાવનમો તરંગ સમાપ્ત ॥૫૨॥



પૂર પાંચમું : તરંગ - ૫૩

છકનો ત્યાગ કરીને દાસપણું રાખવાનું કહ્યું અને શ્રીહરિ ભૂજ જવા ચાલ્યા

ત્યારે અલૈયા ખાચરે બે હાથ જોડીને શ્રીહરિને કહ્યું, 'હે મહારાજ ! ક્યારેક છોરું કછોરું થાય, પણ તેના પિતા તેના ઉપરથી હેત તોડી નાખતા નથી. ૧. જ્યાં સુધી અજ્ઞાન હોય ત્યાં સુધી જીવ બાળક જ કહેવાય. તેને પોતાના હિત અણહિતની ગમ હોતી નથી. તેને જે મળે તે ખાઈ લે છે. ૨. નાનું બાળક ક્યારેક કૂવામાં પડે, કદાચ આગમાં જઈને પડે કે સાપને પકડવા દોડે, છરી લઈને પોતાના જ પેટમાં મારે. ૩. માટે તે બાળકની ચિંતા તો તેના મા-બાપને જ હોય છે. હે હરે ! આપ સાક્ષાત્ પરમેશ્વર અમને આવીને મળ્યા છો. તેથી તુચ્છ એવા દોષો અમને શું કરશે ? ૪. જે બધા ઈશ્વરના પણ ઈશ્વર છે અને અનંત અવતારોનું પણ જે કારણ છે. આવા પરમેશ્વર આપ અમને આવીને મળ્યા છો. આવી પ્રાપ્તિ કોઈને થઈ નથી. ૫. ક્યાં પ્રહ્લાદ અને પ્રિયવ્રત ? ક્યાં ધ્રુવ અને અંબરીષ ? ક્યાં હનુમાન અને સુગ્રીવાદિ સર્વે ? ક્યાં પાંડવો, ગોપીઓ અને ગોવાળો ? ૬.

આવા અનંત અને અપાર ભક્તો થયા છે. જેનો ગણતા કોઈ પાર આવતો નથી. તે બધા ભક્તો અનંત જીવોનો ઉદ્ધાર કરવા માટે આ વખતે આવ્યા છે. ૭. તે બધા પ્રકટેલા મુક્તો આપના પ્રતાપે અનંત જીવોના કર્મોને વ્રતમાન-નિયમ ધરાવીને તરત જ બાળી દે છે. ૮. એકેક જીવના કર્મ એટલા બધા વધારે હોય છે કે તેનાથી બ્રહ્માંડ ભરાઈ જાય, આપના પ્રતાપથી જીવના કર્મોને અત્યારે સહુ દેખી શકે છે. ૯. આપનાં વચનો સુદર્શન ચક્ર છે. તે અમારું રક્ષણ કરવામાં તત્પર હોવાથી અમે નિર્ભય છીએ. અમે જ્યારે આપના પ્રતાપનો વિચાર કરીએ છીએ ત્યારે કોઈની બહુ ગણતરી રહેતી નથી. ૧૦. અને અમને અંતરમાં એવો કેફ આવે છે કે બ્રહ્માદિક દેવો પણ તુચ્છ જણાય છે. પણ અમે જ્યારે આપની સન્મુખ દેખીએ છીએ ત્યારે અમારા અંતરમાં આપનો ઘણો જ ડર લાગે છે. ૧૧.

❋ અતિ છક અનંત દોષનું મૂળ છે :

ત્યારે શ્રીહરિ બોલ્યા, ‘અતિશય છક (ગર્વ) તો ઊડી જાય છે. કાયમ રહેતો નથી. અનંત દોષોનું મૂળ છક છે. જેને છક આવે, જે બહેકી જાય, તે સમૂળગો ઊડી જાય છે અર્થાત્ નાશ થઈ જાય છે. ૧૨. ભવ, બ્રહ્મા, નારદ, ચંદ્ર અને ઈન્દ્ર વગેરે ઘણાયને જ્યારે છક આવ્યો ત્યારે તે ખૂબ ઊતરી ગયા હતા. તેમનું ઘણું પતન થયું હતું. ૧૩.

दोहा : ज्ञान भक्ति वैराग्य को, छक हे पाप में पाप;
छक आवे गुन जाहिमें, विष कर गुन अमाप...१४

જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનો જે છક છે તે બધા પાપોમાં મોટું પાપ છે. જે ગુણને લીધે માણસ છકી જતો હોય છે તેને માટે તે ગુણ હલાહલ ઝેર જેવો થઈ જાય છે. ૧૪. **શેરડીનો વાઢ જ્યારે ફળે અર્થાત્ સમરાં નીકળે ત્યારે શેરડીમાં ક્યારેય રસ રહે નહિ. શેરડી એકદમ નીરસ થઈ જાય તેમ જ્યારે માણસને છક આવે ત્યારે તેના અનંત ગુણો હોય તે બધાનો વિનાશ થઈ જાય છે. ૧૫.**

❋ દાસને કોઈ વિઘ્ન નથી :

તેટલા માટે ભગવાનના અનંત ભક્તોએ દાસના પણ દાસ થવાનું પદ માગ્યું છે. પણ કોઈ ભક્તોએ એવું નથી માગ્યું કે, ‘હું દાસથી અધિક થાઉ.’

જે ભક્ત દાસથી અધિક ન હોય તેને કાંઈ નુકસાન થાતું નથી. ૧૬. **અમે અનંત શાસ્ત્રો જોયા છે તેમાં જેટલા શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ભગવાનના ભક્ત થયા છે તે બધાએ ભગવાનના ભક્તોની ચરણરજ થવાની ઈચ્છા કરી છે. કોઈએ મસ્તકરજ થવાની ઈચ્છા કરી નથી.** ૧૭. જે જે મોટાઓએ સત્સંગ કર્યો છે તે સહુએ ચરણરજ થવાની ઈચ્છા કરી છે. ઉદ્ધવજી અને પ્રહ્લાદજી ભક્તોમાં અતિ શિરોમણી થયા છે તેમની રીત વિચારી જુઓ. ૧૮.

चोपाई :

दास के दास ताके दासा, मागे वर एहि परम हुलासा;
दास होईके सेवा करना, तासे विघ्न सब रहत हे डरना...१९
सेवा बुद्धि हरि देत न काउ, साधन में साधन अधिक हे ताउ;
सेवा से प्रसन्नता होवत जेसी, ओर से प्रसन्नता होत न तेसी...२०

તેમણે દાસના દાસ, અને તેના પણ દાસ થવાનું વરદાન પરમ ઉલ્લાસથી માગ્યું છે. માટે દાસાનુદાસ થઈને સેવા કરવી. કેમ જે, દાસભાવથી તો બધા જ વિઘ્નો ડરતા રહે છે. ૧૯. ભગવાન બધું આપે છે પણ કોઈને સેવા કરવાની બુદ્ધિ આપતા નથી. સમગ્ર સાધનોમાં સર્વોત્તમ સાધન સેવા છે. સેવાથી જેવી પ્રસન્નતા થાય છે તેવી બીજા કોઈ સાધનોથી થતી નથી. ૨૦.

ઋષિમુનિઓએ અપાર વ્રતોના વિધિ બતાવ્યા છે. તે સાંભળતા તેનો પાર આવતો નથી. જેનાથી સેવા બની આવતી ન હોય તેવાને માટે વ્રત આદિ સુગમ સાધન કર્યા છે. અર્થાત્ જેને સેવાનો યોગ મળતો હોય તેને તો તે સેવામાં સર્વે વ્રતો આવી જાય છે. કેમ જે, મહાન વ્રતો કરતા પણ સેવા કરવી તે કઠણ છે અને ઉત્તમ પણ છે. ૨૧.

(લાગે છે કે અલૈયાને અને દરબારોને સેવા કરવાનું અંગ ઘણું ઓછું હશે.) જેને સેવા કરવા રૂપ સાધનમાં પ્રેમ નથી તેને માણસની જાતિમાં ગણવો નહિ. સેવા નહિ કરનારો તો ભૂત-પ્રેતનો અવતાર છે. સેવા નહિ કરનારાને માથે કોઈ રક્ષક નથી. ૨૨. તેના રક્ષક તો જે યમના દૂતો કહેવાય છે તે થાય છે. જે હરિભક્તોમાં મોટેરા હોય છતાં તે બીજા હરિભક્તોની સેવા ન કરતા હોય. તેમજ બીજા હરિભક્તો પાસે પોતાની સેવા કરાવે તે તો

મોટા પર્વતના શરીરને પામે છે. જ્યાં સુધી આવું શરીર ન પામે ત્યાં સુધી તેનું મન અતિ કોમળ થાતું નથી અર્થાત્ અહં ઓગળતું નથી. ૨૩-૨૪. શ્રીહરિએ જ્યારે આટલી વાત કરી ત્યારે દરબાર અદાભાઈએ શ્રીહરિના ચરણો ઉપર કેસરચંદન ચરચ્યું. પછી તે ચંદન ચરચેલા ચરણ પોતાના શરીરે ચાંપ્યાં. ૨૫. પછી અદાભાઈએ સંતોને અને દરબારોને કેસરચંદન ચરચીને બધાને ફૂલના હાર પહેરાવ્યા. અને એક એક વસ્ત્ર ઓઢાડ્યું. ૨૬.

પછી શ્રીહરિ ભુજનગર જવા માટે તૈયાર થયા. ત્યારે બધા સોનેરી સાજથી શણગારેલો અશ્વ લાવ્યા. ૨૭. ત્યારે સ્વયં શ્રીહરિ આવીને અશ્વ ઉપર બેઠા. તે સમયે એવી શોભા બની હતી કે ત્રિલોકીમાં બીજે ક્યાંય આવી શોભા ન હતી. ૨૮. શ્રીહરિની સાથે જેટલી સવારી હતી. તે બધી તૈયાર થઈને આવી ગઈ. તેમજ અદાભાઈની જેટલી સવારી હતી તે પણ તે વખતે તૈયાર થઈને ત્યાં આવી ગઈ. ૨૯. ઘણો બધો ભારે સોનેરી જે સામાન, તેનાથી સવારીને સજાવીને તૈયાર કરી હતી. ડંકા, નોબત અને નિશાન બધું સાથે લીધું હતું. ૩૦. બધા સોનેરી રથ તૈયાર કરાવીને તેમાં સહુ સંતોને બેસાડ્યા. અપાર વાજિંત્રો વાગતા હતા અને સહુ ગામની બહાર આવ્યા. ૩૧. ગામ લોકો પણ બધા બહાર આવ્યા. ત્યારે ગામમાં કોઈ રહ્યું નહિ. ત્રિભુવનપતિ શ્રીહરિ ઓળખાયા, તેથી સહુને તેમના ઉપર ઘણો ભાવ હતો. ૩૨. ગામથી ઘણે દૂર સુધી સહુ આવ્યા. શ્રીહરિના ઉપર સહુને અતિશય સ્નેહ હતો. તેથી પાછું ફરવાનું કોઈને મન થતું ન હતું. આ બધું શ્રીહરિએ જોયું. ૩૩.

ત્યારે શ્રીહરિ ત્યાં ઊભા રહી ગયા. શ્રીહરિએ અંગ ઉપર મોતીના શણગાર પહેર્યા હતા. બંને બાજુ ચામર ઢળી રહ્યા હતા. મસ્તક ઉપર સોહામણા મોતીના તોરા ઝૂકી રહ્યા હતા. ૩૪. મસ્તક ઉપર સોનેરી છત્ર વિરાજતું હતું. સુંદર છબી જોઈને કરોડો ચંદ્રમાં લજ્જિત થતા હતા. શ્રીહરિએ લોકોને કહ્યું હવે તમે ક્યાં સુધી આવશો ? તમે ગામથી ઘણા દૂર આવી ગયા છો. ૩૫. વૃદ્ધો, બાળકો, બધા પાછા ફરો. હવે અમે બધા આગળ ચાલીએ. ત્યારે ગામ લોકો બધા ત્યાં ઊભા રહી ગયા અને શ્રીહરિએ પોતાનો અશ્વ દોડાવ્યો. ૩૬.

શ્રીહરિનો 'દેવ અશ્વ' સહુથી આગળ હતો. બીજા બધા અશ્વો તેની પાછળ દોડ્યા આવતા હતા. ૩૭. દરબાર અદાભાઈએ આગળ ભુજ જઈને સુંદરજીભાઈ અને ગંગારામ મલ્લને 'શ્રીહરિ પધારે છે' તેવા સમાચાર આપ્યા. ૩૮. ભુજનગરના બધા હરિભક્તો ઘનશ્યામ શ્રીહરિના આવવાના સમાચાર સાંભળીને મનમાં ઘણા પ્રસન્ન થયા અને શહેરમાં બધે સાકર વહેંચી. ૩૯. પછી સુંદરજીભાઈ હીરજીભાઈ પાસે ગયા અને તેમને કહ્યું કે, અત્યારે શ્રીહરિ આવી રહ્યા છે. હવે તમે કહો તેમ અમે તૈયારી કરીએ. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'શ્રીહરિએ છકનો ત્યાગ કરીને દાસ થવાનું કહ્યું અને ભૂજ જવા ચાલતા થયા' એ નામે ત્રેપનમો તરંગ સમાપ્ત ॥૫૩॥



પૂર પાંચમું : તરંગ - ૫૪

ભુજના મહારાવ શ્રીહરિની સન્મુખ આવ્યા

ત્યારે હીરજીભાઈએ સુંદરજીભાઈને કહ્યું, શ્રીહરિ તો અત્યંત ત્યાગી છે. તેમને બહુ ધામધૂમી ગમતી નથી. તેમને તો તીવ્ર ત્યાગ વર્તે છે. ૧. તેમની મરજી જોઈને આપણે હેત કરવું. મરજી ન હોય અને વધારે હેત કરવા જઈએ તો ઊલટાનું કુહેત થાય છે. ૨. તેથી હું તો બીતો રહું છું. પણ ત્યાગીને કાંઈ શંકા ન હોય. તે તો નિઃશંક-નિર્ભય હોય. માટે હું તો આ બાબતમાં કાંઈ કહેતો નથી. સહુ હરિભક્તોની મરજી હોય તેમ બધું કરો. ૩. તમે પણ બુદ્ધિશાળી છો. મેં તો મારી બુદ્ધિ પ્રમાણે કહ્યું. હું તો લોકલાજથી મનમાં અતિશય ડરું છું. ૪. ત્યારે સુંદરજીભાઈએ કહ્યું, 'જો કે શ્રીહરિ અતિશય ત્યાગી છે છતાં આપણું હિત કરવા માટે રાજાધિરાજ થઈને ફરે છે. ૫.

શ્રીહરિ તો અનંત બ્રહ્માંડોના અધિપતિ છે અને મોટામોટા દેવો પણ તેમને આધીન છે. રિદ્ધિ-સિદ્ધિ તો તેમની આગળ હાજર રહે છે પણ તેઓ તેમની સામે પણ જોતા નથી. ૬. શ્રીહરિના અક્ષરધામનું સુખ અનંત છે.

તેઓ પ્રકૃતિ અને પુરુષના નિયંતા છે. એ બધાને છોડીને આ મૃત્યુલોકમાં આવ્યા છે. તેથી અહીંની સમૃદ્ધિની તો તેમને કાંઈ ગણતરી જ નથી. ૭. તે જોતા તો શ્રીહરિ સદાને માટે ત્યાગી જ છે. તેમના સમાન બીજો કોઈ ત્યાગી ન કહેવાય. લક્ષ્મી જેવા જેમની દાસી છે. તે પણ જો તેમના લેખામાં ન હોય તો આપણા જેવા અલ્પ જીવ તો લેખામાં ક્યાંથી હોય ? ૮. આપણે તો આપણા જીવના હિતને માટે કાંઈ કરવું જોઈએ અને તેટલા માટે જ હું આપને પ્રેમથી કહેવા આવ્યો છું. ત્યારે હીરજીભાઈએ કહ્યું, ઠીક છે, જેમ સારું દેખાય તેમ કરો. ૯. આપણા હિત માટે શ્રીહરિ આ એમનું સન્માન-પૂજન વગેરે કરવા દે છે. શ્રીહરિને તો તેનું કાંઈ નથી.

'શ્રીહરિ **ભુજ** પધારે છે' એમ જાણીને કચ્છ દેશના બધા હરિભક્તો દર્શન કરવા માટે ભુજ આવ્યા. ૧૦. ફૂલના હાર લઈને સહુ દોડ્યા. શ્રીહરિની પાસે આવીને તે પહેરાવ્યા. જ્યારે રસ્તામાં એક નદી આવી ત્યારે ત્યાં અશ્વ ઉપરથી નીચા ઊતરીને બેઠા. ૧૧. ભક્તોના ચિત્તને ચોરનારા શ્રીહરિએ તે સ્થળે દૂકડ અને સરોદની સાથે કીર્તન ગાવાનું શરૂ કરાવ્યું. જ્યારે બે-ત્રણ કીર્તન ગાયા. તેટલી વારમાં ભુજથી સમાચાર આવ્યા. ૧૨. કે જ્યાં ગણપતરામ નાગરનો બાગ છે ત્યાં આવીને રોકાજો. અસ્વારી ત્યાં આવે છે. ૧૩. તે સાંભળી શ્રીહરિ ત્યાંથી ચાલ્યા. અને કહ્યું હતું ત્યાં આવ્યા. શ્રીહરિએ તે સરોવર પાસેની અનુપમ જગ્યા જોઈ. ૧૪.

સરોવરના પગથિયા પથ્થરથી બાંધેલા અને ઘણા સુંદર હતા. સદ્‌ગુરુ રામાનંદસ્વામી અહીંયાં આવીને ઘણીવાર નાહ્યા હતા. ૧૫. તેમાં પાણી ઘણું અતિશય ભર્યું હતું. અને ઘણા કમળો ખીલેલા હતા. જળકુકડા ઉત્સાહમાં બોલતા હતા. ભમરા ત્યાં ગાન કરતા હતા. ૧૬. તે વખતે પ્રેમથી શ્રીહરિનાં દર્શન કરવા માટે અપાર હંસો આવ્યા. તે સરોવરને કિનારે ચારે બાજુ બેસી ગયા. તેનાથી સરોવરની શોભા અદ્‌ભુત રીતે છવાઈ ગઈ. ૧૭. સરોવરને કાંઠે જુદી જુદી જાતના અપાર વૃક્ષો હતા. તે વૃક્ષોમાં વિવિધ જાતિના પક્ષીઓ બેઠા હતા. અને તેઓ અનેક પ્રકારના શબ્દ કરીને શ્રીહરિનું યશોગાન કરતા હતા. ૧૮. શ્રીહરિનાં દર્શન કરીને તે પંખીઓએ પોતાના નેત્રોને અને મુખને

સુફળ કર્યા હતા. પાણીની લહેરથી બધા કમળ જ્યારે ઊછળતા હતા ત્યારે માનો સરોવર પોતાના હાથમાં તે કમળ લઈને શ્રીહરિની પૂજા કરતું હોય તેમ જણાતું હતું. ૧૯. ત્યારે શ્રીહરિએ બે કમળ પોતાના હાથમાં લીધા અને માનો સરોવરે કરેલી પૂજાને સ્વીકારી લીધી.

તે સરોવરને કિનારે દક્ષિણ તરફ એક ઘણો સુંદર બાગ હતો. ૨૦. તે બાગની વચ્ચે એક બંગલો હતો. તેને સુંદર રંગ્યો હતો. ધર્મના લાલ એવા શ્રીહરિ તે સમયે ત્યાં આવીને નવરંગ પાટ ઉપર બેઠા. ૨૧. ભુજ નગરના જે હરિભક્તો હતા તેમની એક લાઈન થઈ. તેમણે સહુએ વ્યવસ્થિત રીતે હાથમાં એક એક ફૂલહાર લીધો, તેવા હાર લેનારા અપાર ભક્તો હતા. ૨૨. અને સહુએ હાથમાં એકેક શ્રીફળ પણ લીધું હતું. તે પ્રેમથી શ્રીહરિને અર્પણ કર્યા. શ્રીહરિની પાસે જે જે ભક્ત આવતા હતા, તે બધાને એકેક ફૂલહાર પ્રસાદીના રૂપમાં આપતા હતા. ૨૩. તે બાગમાં પણ અપાર ફળ ફૂલ હતા. તે લાવીને શ્રીહરિની આગળ ધર્યા. દાડમ, કેળા અને જામફળ આદિ ફળ હતા. શ્રીહરિ તે ફળોને ભાવથી જમ્યા. ૨૪. બરફી, પેંડા અને ઘેબર, અતિ શુદ્ધ રીતે બનાવ્યા હતા. તેના થાળ ભરી ભરીને વિપ્રોએ શ્રીહરિ પાસે લાવીને અર્પણ કર્યા. ૨૫. તેમાંથી સ્વયં શ્રીહરિ જમ્યા. સંતો અને દરબારોને જમાડ્યા. બધા સવારોને આપ્યા અને પાર્ષદોને પણ આપ્યા. ૨૬.

સૂર્ય અસ્ત થયો એટલે તત્કાળ ઘણી મશાલો પ્રકટાવી. સંતો આરતી બોલ્યા અને તે પછી ત્યાં 'નારાયણ ધૂન' કરી. ૨૭. પછી અષ્ટક બોલ્યા, ત્યારે અનંત વાજિંત્રો વાગી રહ્યા હતા. તે વખતે સહુ 'જય સ્વામિનારાયણ' બોલીને પ્રેમથી પગે લાગ્યા. ૨૮. તે સમયે સુંદરજીભાઈ અને ગંગારામ મલ્લ બંને જણ અદાભાઈને સાથે લઈને શ્રીહરિની સન્મુખ આવતા હતા. ત્યારે રસ્તામાં ફતેહમહમદ જમાદાર રસ્તામાં મળ્યા. ૨૯. તેણે તે ત્રણે જણને હેતથી પૂછ્યું, 'અરે ભાઈ ! આટલા બધા ઉમંગથી ક્યાં જાઓ છો ?' ત્યારે તે ત્રણે જણે કહ્યું, 'અમારા ગુરુ આવી રહ્યા છે. ૩૦. અમે તેમની સન્મુખ જઈએ છીએ. ત્યાં તમે વચ્ચે મળી ગયા.' ત્યારે જમાદારે કહ્યું, 'મહારાવને તો તમારા ગુરુ ઉપર ઘણો જ ભાવ છે. માટે બધી સવારી લઈને હું હમણાં જ આવું છું.' ૩૧.

પછી તેણે જઈને મહારાવને સમજાવીને બધી સવારી તૈયાર કરાવી. હાથી અને ઘોડાઓને સોનેરી સાજથી શણગાર્યા. ડંકા, નિશાન અને નગારા લીધા. ૩૨. બધા હાથી ઉપર અંબાડીઓ મુકાવી. એક મોતી જડાઉ અંબાડી પણ લેવડાવી. રાજાના જે કારભારીઓ હતા તેમને પણ સવારીમાં બોલાવ્યા. ૩૩.

મશાલ એટલી બધી પ્રકટાવી કે તેનો પાર રહ્યો નહિ. બધી બજારોને સુંદર રીતે શણગારી. દુકાને દુકાને દીવાઓ પ્રકટાવ્યા. ૩૪. મહારાવ હાથી ઉપર બેસીને ચાલ્યા. ઘણા ચોપદારો નેકી પોકારતા હતા. શ્રીહરિનું સન્માન કરવામાં તેમને અતિશય ઉમંગ હતો. તેથી એક તોપ પણ સાથે લેવડાવી. ૩૫. વિધિ પ્રમાણે સન્માન કરવા માટે પૂજાનો બધો સામાન પણ સાથે લીધો. જ્યાં શ્રીહરિ આવીને ઊતર્યા હતા ત્યાં રાજા ઝડપથી દોડીને આવ્યા. ૩૬.

શ્રીહરિ પાટ ઉપર બેઠા હતા. રાજાને આવતા જોઈ પાટ ઉપરથી ઉતર્યા. રાજા ત્યાં આવીને શ્રીહરિના ચરણોમાં પડ્યા ત્યારે પાંચ તોપો ફોડાવી. ૩૭. તે સમયે ઊભા થયેલા શ્રીહરિનો હાથ પકડીને રાજાએ તેમને પાટ ઉપર બેસાડ્યા. હાથમાં કેસરચંદન લઈને શ્રીહરિના લલાટમાં તે ચરચ્યું. ૩૮. રાજાએ મોગરા અને ગુલાબના હાર પહેરાવ્યા. મસ્તક ઉપર તોરા ધરાવ્યા અને પછી શ્રીહરિએ તેમને બધી કુશળતા પૂછી. ૩૯. ત્યારે મહારાવે હાથ જોડીને કહ્યું કે, આપ અત્યારે અમને લ્હાવો દેવા અહીં પધાર્યા છો. આપ તો કોઈ અદ્‌ભુત જોગી છો. આપને કોઈની તમા-પરવા નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'ભુજના મહારાવ શ્રીહરિની સન્મુખ આવ્યા' એ નામે ચોપનમો તરંગ સમાપ્ત ॥૫૪॥



પૂર પાંચમું : તરંગ - ૫૫

કચ્છ ભુજના ભક્તોએ શ્રીહરિને સન્માનપૂર્વક શહેરમાં પધરાવ્યા

ભુજના નાગર ગણપતરામ, હરિરામ જે હરિભક્ત હતા અને વલ્લભજી એ ત્રણે શ્રીહરિના ચરણોમાં પડ્યા. ૧. ત્યારે સુથાર જ્ઞાતિના

ઘડિયાળી હીરજીભાઈ અને સુંદરજીભાઈ અતિ સારા હરિભક્ત હતા. તે પણ શ્રીહરિના ચરણોમાં પડ્યા. ૨. તે બંને ભાઈઓના ત્રણ પુત્ર રણછોડ, હરિ અને કુરજી તે સહુ પણ શ્રીહરિને પગે લાગ્યા. ૩. વિપ્ર નરસિંહરામ અને તેના બે પુત્ર પ્રાગજી અને ભાણજી, ત્રણે ત્યાં શ્રીહરિની પાસે આવીને પગે લાગ્યા. ૪. હરિભક્તોમાં શિરોમણિ ને મતવાલા ગંગારામ મલ્લ અને તેના બધા કુટુંબીઓ આવીને શ્રીહરિના ચરણમાં પડ્યા. ૫. કાયસ્થોમાં મહેતા નથુભાઈ અને તેના પુત્ર શિવરામ તથા હરજીવન, ઠક્કરમાં ઉકાભાઈ અને અલૈયા, એ બે અને વલ્લભજી કોઠારી, ભગવાનજી, મનજી, રામદાસ, મોરારજી, રતનજી, ડોસાભાઈ, જીવરામ, લીલાધર, મૂળજી રાજગર એ આદિક અનેક હરિભક્તો શ્રીહરિનાં દર્શન કરીને ચરણોમાં પડ્યા. તે વખતે બંને હાથ જોડીને મહારાવ બોલ્યા. ૬-૮.

"હે બહુનામી સ્વામી ! આપ હાથી ઉપર બેસીને શહેરમાં પધારો." પછી મહારાવે મોતી જડિત અંબાડીવાળા હાથીને પાસે બોલાવ્યો. ૯. રાજાએ પોતાના હાથમાં શ્રીહરિનો હાથ લીધો અને હાથી ઉપર બેસાડી દીધા. રાજા શ્રીહરિની પાછળ આવીને બેઠા. મિયા ફતેહમહમદે આવીને શ્રીહરિને સલામ કરી. ૧૦. તે સમયે રાજા ચામર કરવા લાગ્યા અને ચોપદારો મુખથી નેકી પોકારવા લાગ્યા. શ્રીહરિ બેઠા હતા તે હાથી જ્યારે ચાલ્યો ત્યારે બધી સવારી ચાલી. ૧૧. વિવિધ પ્રકારના વાજિંત્રો વાગવા લાગ્યા અને તેનો અવાજ આખા આકાશમાં વ્યાપી ગયો. શહેરના હરિભક્તો તે વખતની શોભા જોઈને ઘણું આશ્ચર્ય ચકિત થઈ ગયા. ૧૨.

ભુજ શહેરની ચોતરફ અપાર બાગ-બગીચાઓ હતા. તેમજ વિવિધ પ્રકારના ઘટાદાર વૃક્ષો પણ શોભી રહ્યા હતા. ૧૩. શહેરમાં અનેક પ્રકારના બંગલાઓ હતા. તે આકાશમાં ઘણા જ ઊંચા, સોનાના કળશવાળા અને અતિશય સુશોભિત હતા. ૧૪. વૃક્ષોના ઉપર અનંત પક્ષીઓ બેઠા હતા. તે શ્રીહરિને જોઈને ચૂપ થઈ ગયા. શ્રીહરિએ શહેરનો દરવાજો જોયો, તે આકાશ સુધી ઊંચો હતો. તેના ઉપર રંગબેરંગી અને જુદી જુદી ભાતના નિશાનો

ફરકી રહ્યા હતા. કોટ ઉપર સુંદર કાંગરા હતા અને બુરજનો કોઈ પાર ન હતો. ૧૫-૧૬. શત્રુ આક્રમણ કરી ન શકે એટલા માટે બુરજ ઉપર તોપો ચઢાવી દીધી હતી. શ્રીહરિ જ્યારે શહેરમાં પ્રવેશ્યા ત્યારે શહેરના લોકોની ભીડ ઘણી થઈ. ૧૭. શહેરમાં દુકાનો અને હવેલીઓ ત્રણ ત્રણ અને સાત સાત માળની હતી. ભવનોના દરવાજે મોતીના તોરણો બાંધેલા હતા. ૧૮. શહેરના જેટલા રાજમાર્ગો હતા તે બધા વિચિત્ર રીતે શણગાર્યા હતા. કેળાની લૂમવાળા કેળના સ્તંભ એક હારમાં રોપ્યા હતા. ૧૯. જેના મનમાં જેવો ભાવ હતો તે પુરજનોએ તેવો સેવાનો લાભ લીધો.

દરેક ઘરની આગળના ભાગમાં સોનેરી કળશ સ્થાપીને શોભા બનાવી હતી. ૨૦. દરેક દરવાજે બિલોરી કાચના ઝાડ લટકાવ્યા હતા. બીજા દીવાઓનો તો કોઈ પાર ન હતો. એવી અપાર શોભા બનાવી હતી. ૨૧. ભુજ નગરીની શોભા ઈન્દ્રપુરીના જેવી કરી હતી. તેનું વર્ણન કરતા પાર આવતો નથી. બધા લોકો સારા વસ્ત્ર અલંકાર પહેરીને બજારમાં ઊભા સમાતા ન હતા. ૨૨. ઘરના ત્રણ અને સાત સાત માળ સુધી લોકો દર્શન કરવા માટે ઊભા હતા. મોતીના થાળ ભરી ભરીને સ્ત્રીઓ શ્રીહરિને વધાવવાને માટે સામે આવતી હતી. ૨૩. કપૂર, કસ્તૂરી અને અગરુના ધૂપ ઠેક ઠેકાણે કરેલા હતા.

શ્રીહરિએ તે વખતે મોતીના અને સોનાના અપાર શણગાર શરીરે ધારણ કર્યા હતા. ૨૪. લલાટમાં શુભ કેસરી ચંદન ચરચ્યું હતું અને તેના મધ્યમાં કુંકુમનો ચાંદલો કર્યો હતો. પૂર્ણ ચંદ્રના સમાન મુખની શોભા ચારે બાજુ છવાઈ ગઈ હતી. ૨૫. નગરજનો મૂર્તિનાં દર્શન કરતા હતા. કોઈને તૃપ્તિ થતી ન હતી. શ્રીહરિનાં દર્શન કરીને પોતાના શરીરનું ભાન પણ ન રહ્યુ હોય એવા થઈ ગયા હતા. ૨૬. અનંત વાજિંત્રો વાગતા હતા. તેનો અવાજ બધે વ્યાપી ગયો હતો. ત્યારે પુરજનોના મનને હરતા શ્રીહરિ બજારમાં આવી રહ્યા હતા. ૨૭. ભવ, બ્રહ્મા, દેવરાજ ઈન્દ્ર આદિ અનંત દેવતાઓ વિમાનમાં બેસીને આવ્યા. કેસરચંદન વગેરે સામગ્રી અને ઘણા પુષ્પો પૂજા કરવા માટે લાવ્યા. ૨૮. જે દેવોના ગાંધર્વો કહેવાય છે તે બધા વિમાનમાં બેસીને ત્યાં આવ્યા.

તેઓ વાજિંત્રો વગાડીને ગાવા લાગ્યા. અપ્સરાઓ પણ વિવિધ પ્રકારે નાચવા લાગી. ૨૯. ચારણ જાતિના અને બીજી માગણ જાતિના લોકો ધર્મવંશ અર્થાત્ શ્રીજીમહારાજનો યશ ગાવા લાગ્યા. નટ લોકો આગળ રહીને નૃત્ય કરતા હતા. તેમજ બધા નર્તક લોકો પણ આવીને નાચતા હતા. ૩૦.

તેમજ આતશબાજીના ખેલ થતા હતા, ચોતરફ પુષ્કળ પ્રમાણમાં ગુલાલ ઉડાડાતો હતો. આકાશમાંથી દેવતાઓ કેસરચંદનનો છંટકાવ કરીને પુષ્પોને વરસાવતા હતા. ૩૧. સાકરના નાના નાના ટુકડા આકાશમાંથી દેવોએ વરસાવ્યા. તે દેખીને બધા લોકોને ઘણું જ આશ્ચર્ય થયું. શ્રીહરિ જ્યારે રાજદરબારના મહેલ આગળ આવ્યા ત્યારે રાજભવનના લોકોએ શ્રીહરિનાં દર્શન કર્યાં. ૩૨. તેમણે ઓઝલમાં રહીને મોતીના થાળ ભરીને શ્રીહરિને વધાવ્યા. પણ તેઓએ કોઈ લોકોને દેખાવા દીધું નહિ. હીરજી સુથાર રાજ દરબારના ઘણા માનીતા હતા. ૩૩. ત્રણ માળના રાજભવનમાં શ્રીહરિને ઉતારો કરાવ્યો. શ્રીહરિ હાથી ઉપરથી ઊતરીને પલંગ ઉપર બેઠા. ૩૪.

શ્રીહરિએ મહારાવ ઉપર ઘણો રાજીપો દર્શાવી મોજ આપી. તેમને ફૂલના હાર પહેરાવ્યા. સોનાના વરખ ચઢાવેલા પાન બીડાં આપ્યાં અને મીઠાવચને બોલાવીને તેમને રાજી કર્યા. ૩૫. શ્રીહરિના સ્વરૂપની ભારે લાવણ્યતા જોઈને તે સમયે મહારાવ બોલ્યા, હું આપને દેવોના પણ દેવ જાણું છું. અમારા મનમાં આપના પ્રત્યે ઘણું જ માન છે. ૩૬. આપ આ ભુજ નગરમાં જ નિવાસ કરીને રહો. અમે આપને સારી જગ્યા આપશું. તો આપ કાયમને માટે બધા કચ્છ દેશમાં ધર્મનો ઉપદેશ કરો. ૩૭. પરમેશ્વર સિવાય બીજા કોઈ જીવોને ધર્મમાં ચલાવતા નથી. પણ સહુ લોકો અધર્મ ચલાવે છે તેથી ધર્મનો ઉદય થતો નથી. ૩૮. **આપના સંતોના જેવી રીત તો ત્રિલોકીમાં ક્યાંય નથી. તેમને સ્ત્રી અને ધનમાં રાગ નથી. આ ધર્મ-નિયમ દેવો અને મનુષ્યોથી પણ અધિક છે. કેમ જે, તેનાથી પણ પાળી શકાતા નથી.** ૩૯. આપનો બધો જ ધર્મ દેવ-મનુષ્યાદિક બધા કરતા અધિક છે. આ મર્મને અધર્મી લોકો સમજતા નથી. કેમ જે તેમની બુદ્ધિ અધર્મમાં રત છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'કચ્છ ભૂજના હરિભક્તોએ શ્રીહરિને સન્માનપૂર્વક શહેરમાં પધરાવ્યા' એ નામે પંચાવનમો તરંગ સમાપ્ત ॥૫૫॥



પૂર પાંચમું : તરંગ - ૫૬

શ્રીહરિ રઘુનાથદાસને મળ્યા અને રામાનંદસ્વામીએ તેને દર્શન દીધાં

ભુજના મહારાવ શ્રીહરિની બહુ બહુ વિનંતી કરીને પોતાના રાજભવનમાં ગયા. પછી શ્રીહરિએ ફતેહમહમદને બોલાવીને પાન બીડું આપ્યું. ૧. ત્યારે તેણે કહ્યું, 'આપ મોટા મુરસદ કહેતા ધર્મના ઉપદેશક છો અને ધર્મમાં સંપૂર્ણ કાબેલ છો. ધર્મમાં આપની ઘણી ઊંચાઈ છે. ૨. પોતાની ઊંચાઈ વિના શું ધર્મ પ્રવર્તે ? તમે સહુથી સમર્થ છો તેથી તમે પરમ શ્રેષ્ઠ ધર્મ ચલાવ્યો છે. તે જ તમારુ સામર્થ્યમાં અધિક સામર્થ્ય છે. ૩. હું તો મુસલમાન જાતિનો છું. હું તો અધમોમાં પણ અતિશય અધમ છું. અમે મુસલમાનો હિંદુના ધર્મ રીવાજને કોઈ રીતે માનીએ નહિ. ૪.

❋ શ્રીહરિ અને ફતેહમહમદનો વાર્તાલાપ :

અમે હિંદુની જેટલી જાતિઓ છે તે બધાને બેઈમાન માનીએ છીએ. અનેક રીતે લાભ લેવા માટે તેઓ જેના તેના દોરા-ધાગાને બાંધે છે. ૫. તે બધા ભૂત-પ્રેત અને ભવાનીની આરાધના કરે છે. તેમને એક સાહેબ (ખુદા) માં વિશ્વાસ નથી. અમે શ્વાસોશ્વાસમાં તેમનો નિવાસ માનીએ છીએ. ૬. તેમાં અનેક પ્રકારના રોગો થાય છે. પોતાનો ટાળ્યો એક પણ રોગ ટળતો નથી. સુખ અને દુઃખ એક ખુદાના હાથમાં જ છે, તેમને છોડીને બીજે ક્યાં બાથ ભરવા જાવું ? ૭. જે એક ઈમાન રાખે છે તેને અમે સત્ય માનીએ છીએ. આપના સત્સંગમાં એક ઈમાન છે. અને તેથી અમે તેને પ્રમાણરૂપ માનીએ છીએ.' ૮. ત્યારે શ્રીહરિએ તેને કહ્યું, 'અમારી વાત તમે સાંભળો. તમારા ઈસ્લામ ધર્મમાં જેમ કહ્યું હોય તે પ્રમાણે તમારે ચાલવું. ૯. તેમાં જેટલું ઓછું

રહે એટલી ભૂલ સમજે તેને બુદ્ધિશાળી કહેવાય. આવા મોટા પુરુષોના વચન છે. ૧૦. અમારો અને તમારો ધર્મ એક સમાન નથી. એવો સાહેબે વિવેક કર્યો છે જો દિલમાં તપાસી જોવે તો તેમાં ક્યારેય કુસંપ ન થાય. ૧૧.

જે લોકો દિલમાં તપાસી જોતા નથી તેમને દ્વેષ ઉપજે છે અને કજિયો કરે છે. તમે ઘણા બુદ્ધિમાન છો તેથી તમે અમારા ઉપર હેત રાખો છો. ૧૨. જેને પરસ્પર દોસ્તી છે તે એક છે અને જેને દોસ્તી નથી તે દૂર છે. જીવ કાંઈ હિંદુ કે મુસલમાન નથી. પણ ધર્મ રાખવો તે આવશ્યક છે. ૧૩. લોકમાં જે લોકધર્મ છે તે સત્ય છે. અને સાહેબના વચન પણ સત્ય છે. આપણા વચન તો અસત્ય છે. માટે ધર્મ દૃઢ ટેક રાખીને પાળવો.' ૧૪.

કોઈને પણ બાધ ન આવે એવી શ્રીહરિની વાત સાંભળીને ફતેહ મહમદ બોલ્યા, 'જો ઈશ્વરીય શક્તિ ન હોય તો આવી વાત કોઈને કહેતા ન આવડે.' ૧૫. આવું બોલીને ફતેહમહમદ ઊઠ્યા. તેણે શ્રીહરિને વારંવાર સલામ કર્યા અને તે સમયની શ્રીહરિની મૂર્તિને તેણે જીવ્યા ત્યાં સુધી હૃદયમાં ધારી રાખી હતી. ૧૬.

પછી શ્રીહરિની સાથે જે દરબારો હતા તેમને ઉતારો અપાવ્યો. બધા સંતોને પણ એવી જગ્યાએ ઉતારા કરાવ્યા કે જ્યાં કોઈ પણ સ્ત્રી ક્યારેય આવતી ન હોય. ૧૭. સાથે જે વર્ણી હતા તેમણે રસોઈ તૈયાર કરી. શ્રીહરિ સ્નાન કરીને પછી થાળ જમ્યા. તે પછી શ્રીહરિએ સંતોને અને દરબારોને પણ જમાડ્યા. સહુને જમાડી શ્રીહરિ આવીને પલંગ ઉપર બેઠા. ૧૮.

શ્રીહરિએ જ્યાં રઘુનાથદાસ ઊતર્યા હતા ત્યાં ખબર કઢાવી અને તે પછી સ્વયં ચાલીને તેમની પાસે ગયા. શ્રીહરિએ જઈને તેને પ્રણામ કર્યા પણ તે એક રતીભાર પણ નમ્યા નહિ. ૧૯. પોતે પલંગ ઉપર બેઠક કરાવીને બેઠા હતા પણ તેણે શ્રીહરિને આવકાર આપ્યો નહિ. તે એટલા ગુસ્સામાં હતા કે તેણે શ્રીહરિની સામે પણ જોયું નહિ. ૨૦. હરિભક્તો બીજો પલંગ લઈ આવ્યા, તેના ઉપર શ્રીહરિને બેસાડ્યા. શ્રીહરિએ તેમને કેટલાક પ્રશ્ન પૂછ્યા, પણ તેણે કાંઈ ઉત્તર ન આપ્યો. ૨૧. તેમને વારંવાર બોલાવ્યા છતાં

તે કાંઈ બોલ્યા નહિ. શ્રીહરિએ તેમને કહ્યું, ‘સાધુને વળી વેર શું ? જેને સત્સંગમાં ફરવાની ઈચ્છા હોય તેણે સાધુની રીતમાં રહેવું જોઈએ. ૨૨. સાધુની રીતમાં ચાલે તેને કોઈ કાંઈ કહે નહિ. તે તો સંતોમાં શિરોમણિ છે. અમે તો સાધુઓની સેવા કરીએ છીએ. એટલે જ તમને હાથ જોડીને કહીએ છીએ. ૨૩. રામાનંદસ્વામીના જે વચન છે તે તમારે અને અમારે, બંનેએ પાળવાના છે. તે વચન પાળે તે જ સત્સંગી છે અને ન પાળે તે કુસંગી છે. ૨૪.

સત્સંગી અને કુસંગી ક્યારેય ભેળા રહી શકે નહિ. કરોડો રીતે જતન કરવામાં આવે છતાં મડદું તો ગંધાઈ ઊઠે છે. ૨૫. ભુમિ, અગ્નિ અને શિયાળ આ ત્રણ મડદાને સેવે છે. તે સિવાય કોઈ મડદાને સેવે નહિ. અર્થાત્ મડદું થયું એટલે તેના પરિણામ ત્રણ છે. એક જમીનમાં દાટવું, બીજું બાળવું અને ત્રીજું શિયાળ આદિ પ્રાણીઓ ખાઈ જાય. તેના સિવાય અન્ય કોઈ ઉપાય જ નથી. આવો અમે મનમાં ચોક્કસ વિચાર કર્યો છે. ૨૬. જેના દિલમાં સત્સંગની ચાહના છે તેના દિલમાં કાંઈક પ્રેમ હોય જ. સત્સંગથી જો તે દૂર થાય તો તેના મનમાં ઘણો દાહ થાય. અને પાણી વિનાના માછલાનાં જેવી સ્થિતિ થાય. ૨૭. પ્રેમ એ સંતોના પ્રાણ છે. પ્રેમ ગયો એટલે પ્રાણ ગયા, તેની બુદ્ધિ વિપરીત થઈ ગઈ. એટલે તેને તો જીવતા જ શબ જેવો સમજવો. ૨૮. જ્યાં સુધી જેના હૃદયના શ્વાસ-ઉચ્છ્વાસ ચાલતા હોય ત્યાં સુધી તેને જીવવાની આશા રખાય. જ્યારે શ્વાસ અને ઉચ્છ્વાસ બંધ થઈ જાય પછી તેને બચવાની આશા લગારેય રખાય નહિ.’ ૨૯.

આટલું કહીને શ્રીહરિ તત્કાળ ઊઠ્યા અને કહ્યું, ‘હવે ફરી સવારે આવશું. આવીને ફરીવાર નાડી તપાસશું. તમે હરિભક્તો કહો તે ઉપાય અમે કરીએ. ૩૦. રતીભાર પણ ગળાથી નીચું ઊતરતું હોય તો આશા રાખી શકાય, પણ જ્યારે પાણીયે ગળામાંથી ઊતરે નહિ ત્યારે માણસનો કોઈ ઉપાય ચાલે નહિ. ૩૧. ત્યારે તો ભગવાન જે કરે તે જ ઉપાય. આપણું કાંઈ જોર ચાલે નહિ.’ આવું કહીને શ્રીહરિ પોતાના મુકામ ઉપર આવ્યા અને હરિભક્તોએ રઘુનાથદાસને નકામો સાધુ જાણ્યો. ૩૨.

રઘુનાથદાસ જેને ઘેર ઊતર્યા હતા. તે હરિભક્તે તેને કહ્યું, 'તમે શ્રીહરિની સાથે શા માટે બોલ્યા નહિ ? તમે શ્રીહરિના તુલ્ય નથી. ૩૩. તમારામાં સાધુતાની એક પણ રીત નથી. હવે તો તે બાબતમાં અમને પણ ખબર પડે છે. જ્યારથી અમને સાચા સંત દેખવામાં આવ્યા છે ત્યારથી અમને યથાર્થ ખબર પડે છે. ૩૪. સંતની રીતમાં જે રહ્યા હોય તે અમારે માટે માનવાલાયક છે. જે સંતની રીતમાં ન હોય તેની સાથે અમને હેત ન રહે. અમે તમને આ ચોખ્ખી વાત કહી દીધી છે.' ૩૫.

આટલું કહીને સહુ સૂઈ ગયા.પછી રઘુનાથદાસે મનમાં વિચાર કર્યો હવે મારે માટે સત્સંગમાં ક્યાંય સ્થાન નથી. હવે એક તલભાર પણ મારું જોર ચાલે તેમ નથી. ૩૬. હજી સત્સંગ બહારના કુસંગી લોકો ઘણા છે. તેનું જેમ ગુજરાન થાય છે તેમ હવે શેષ જીવનનો નિર્વાહ કરવો. હવે સત્સંગમાં રહેવામાં હાની છે. ૩૭. મને રામાનંદસ્વામીના જેટલો આ વર્ણીનો ભાર નહિ આવે. અરે ! મને પોતે રામાનંદસ્વામી આવીને હજાર વાર ચતુર્ભુજ સ્વરૂપ દેખાડે તો પણ શું ? ૩૮. કદાચ રામાનંદસ્વામી સાક્ષાત્ પ્રકટ થઈને મને કહે, તો પણ તે ક્યારેય નહિ મનાય અને બીજા દેવને તો હું ગણતો જ નથી ને !" ૩૯. આવું કહીને તેઓ સૂતા. પછી તેને રામાનંદસ્વામીએ દર્શન દીધાં અને પોતાના મુખે એમ કહ્યું કે, અમે આ શ્રીહરિને જ ભજીએ છીએ. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'શ્રીહરિ રઘુનાથદાસને મળવા ગયા અને રામાનંદસ્વામીએ તેને દર્શન દીધાં' એ નામે છપ્પનમો તરંગ સમાપ્ત ॥૫૬॥



પૂર પાંચમું : તરંગ - ૫૭

શ્રીહરિને પ્રકટ થવાનો હેતુ કહ્યો

સદ્ગુરુ રામાનંદસ્વામીએ રઘુનાથદાસને કહ્યું, 'તું તો અપાર મૂઢનો મૂઢ જ રહ્યો. તને અમારો કાંઈ વિશ્વાસ જ નથી. તારા ઉપરથી જમનો માર કઈ રીતે ટળશે ? ૧. ચૌદ કરોડ જમદૂત અત્યારે જેને આધીન છે. તેનો

તું ડર કાંઈ રાખતો નથી. તારી બુદ્ધિ અતિ મલિન થઈ ગઈ છે.’ ૨. ત્યારે તેણે હાથ જોડીને કહ્યું, ‘મને કરોડવાર જમપુરી મળે અને કરોડો વરસ વીતે તો પણ હું તમારા શરણને છોડીને બીજાને શરણે થઈશ નહિ. ૩. તમારા શરણે રહેતા જે દુઃખ આવવાનું હોય તે અત્યારે જ મને મળો. હું એવું વારંવાર માગું છું એવું મારું ભાગ્ય ક્યાંથી હોય ? ૪. ભય ટાળવાને માટે તો બધા સત્સંગીઓએ અત્યારે આપનો આશ્રય છોડી દીધો છે. ભલે તે બધા તમારા કરતા પણ સમર્થના શરણને પામ્યા હોય, અને ભલે તરત જ પરમ મુક્તિને પામે. ૫.

પણ આપના શરણ સિવાય અનંત-શાશ્વત મુક્તિને હું ક્યારેય મારા મનમાં ચાહીશ નહિ. આપના શરણ સિવાયની જે મુક્તિ મળતી હોય તેને તો હું જમપુરી કરતા પણ વધારે દુઃખરૂપ માનું છું. ૬. આપના શરણે રહેતા કદાચ જમપુરીનું દુઃખ મળતું હોય તો હું તેને અનંત મુક્તિપદનું સુખ માનીશ. વજ્રની આંટી પાડીને આપનું શરણ લીધું છે. હવે તેને જો ઉખાડવામાં આવે તો તેનાથી મોત જ થાય. ૭.

મોતનો ઘણો મોટો ભય લાગે છે તેથી જ મારે તમારી પાડેલી આંટી મટતી નથી. હવે તે આંટી આપની ટાળી પણ નહિ ટળે. મારી બુદ્ધિ આવી નકારી છે. ૮. આપના વચનને લોપવું તેના જેવું બીજું કોઈ અધિક પાપ નથી. પ્રથમ હું જે સત્સંગથી બહાર થયો તેનાથી મારા અનંત જન્મ ખુવાર થઈ ગયા. ૯. હવે ક્યારેય હું સત્સંગની લાલચ રાખતો નથી. હવે તો હું કુસંગમાં જઈને જ પડીશ. તેમાં મને આપનું નામ કોણ સંભળાવશે ? મારા મનમાં મને આવું દેખાય છે. ૧૦. માનરૂપી કસાઈ મારું ગળું કાપી રહ્યો છે. હવે હું ખૂબ જ માનને વશ થઈ ગયો છું. સ્ત્રીઓના હાથનું ખાવું અને બોલવું આવી જે ટેવ પડી ગઈ છે તે હવે દેહ પડી જાય તોય છૂટશે નહિ. ૧૧. પોતાનાથી નાનાની આજ્ઞામાં રહેવું તે તો માથું કપાયા જેવું છે.

વર્ણી ભલે મને અપરમપાર પ્રતાપ દેખાડે, મને તેનો લગારેક પણ ભાર જણાતો નથી. ૧૨. અગ્નિમાં બળીને ભસ્મ થઈ ગયેલો કદાચ ફરીને જીવતો થાય, મનના સંકલ્પોને જાણીને કોઈ કહે, તો પણ હું તેને જાદુ જેવું

ગણીશ. ૧૩. કદાચ કોઈ આ બ્રહ્માંડનો પ્રલય કરે અને પછી પાછું તેને નવું ઉત્પન્ન કરે, તો પણ તેને હું માયા સમજું. મારું મન આટલું દૃઢ છે. ૧૪. નટની માયાની જેમ તમારી માયા અનેક પ્રકારની છે. 'હાલરકી લકરી' ના જેવી મારી ટેક છે તે છૂટશે નહિ. ૧૫. મારે માટે તો તમારું એક જ શરણ છે. તમે ભલે મને સુખેથી નરકમાં મૂકો. હું તો તેને પણ સુખરૂપ માનીશ. હું અવિવેક ભરી વાણી બોલું છું. પણ હું શું કરું, મારો વિવેક હરિભક્તોએ લૂંટી લીધો છે. ૧૬.

હે સ્વામી ! હું આપને હાથ જોડીને કહું છું કે આપની ટાળી પણ મારી મતિ બીજી રીતની થાય નહિ-ફરે નહિ. એ વર હું વારંવાર માગું છું કે હું એકની એક જ ટેક ધારી રહું. ૧૭. કરોડો બ્રહ્માંડમાં ફેરફાર થાય, મારા શરીરમાં કરોડો પ્રકારની પીડા થાય. વારંવાર હું લખચોરાશીનું દુઃખ ભોગવું. છતાં પણ મારું મન આપના ચરણોમાં પ્રેમયુક્ત રહે.' ૧૮.

રઘુનાથદાસની આવી વાત સાંભળી રામાનંદસ્વામી નારાજ થઈને ચાલ્યા ગયા. તો પણ રઘુનાથદાસના મનમાં થડકો લાગ્યો નહિ. તે જ્યાં ઊતર્યા હતા તે ઘરના લોકો સાથે વાતો કરવા લાગ્યા કે 'કદાચ રામાનંદસ્વામી સાક્ષાત્ આવીને કહે. ૧૯. પોતાનો આશ્રય છોડાવવા માટે ચાહે તે ઉપાય કરે, પણ હું તેમાંથી ડગવાનો નથી.' ત્યારે તે હરિજને કહ્યું, 'અરે ! મહાપાપી, અમારે ઘેર ક્યારેય આવીશ નહિ. ૨૦. અમે વિમુખનું મોઢું જોવા માગતા નથી. તે વાત તમને પાકી કહીએ છીએ.' પછી તે રઘુનાથદાસ ત્યાંથી સવારે ચાલતો થઈ ગયો. કોઈને પણ કાંઈ કહેવા પણ રોકાયો નહિ. ૨૧.

જ્યારે તેણે સત્સંગનો ત્યાગ કર્યો ત્યાર પછી તે અપાર વ્યસની અને ફેલી થઈ ગયો. હરિભક્તોનો અને સંતોનો દ્રોહી થયો. તેના નિયમ કે ધર્મ, કાંઈ જ રહ્યા નહિ. ૨૨. તેના હૃદયમાં જે વિષયની વાસના રહી હતી તે રામાનંદસ્વામીના પ્રભાવથી દબાયેલી હતી. જ્યારે રામાનંદસ્વામી અંતર્ધાન થયા ત્યારે તેના બધા છિદ્રો-કમજોરીઓ ઉઘાડી થઈ. ૨૩. નિયમરૂપી સૂર્ય અનંત છે. જ્યારે શ્રીહરિ પ્રગટ થાય છે ત્યારે તેઓ નિયમરૂપી સુર્યને પ્રકટ કરે છે. જેટલું નિયમથી બહાર વર્તાય છે તેટલું તરત જ દેખ્યામાં આવે છે. ૨૪.

જ્યાં નિયમ ન હોય ત્યાં તો ઘોર રાત છે. તેથી ધર્મ કે અધર્મ દેખાય નહિ. ત્યાં તો શાહુકાર અને ચોર બંને એક સમાન જ લાગે છે. તેમાં દંડ કોને દેવો ? ૨૫. સત્સંગ અને કુસંગની વિગત પાડવા સુખરૂપ નિયમો કર્યા છે. એટલે જે નિયમોને પાળે તે સત્સંગી છે અને ન પાળે તે કુરુપ-કુસંગી કહેવાય. ૨૬. સાચી અને ખોટી વાત તે નિયમોથી દેખાઈ આવે છે. પણ નિયમો વિના બીજા કરોડ ઉપાય કરે, તો પણ દેખાય નહિ. ૨૭. જે જે ભૂમિ ઉપર રહેનારા ધાર્મિક લોકો છે તે બધા નિયમોને દેખીને તત્કાળ મનમાં પ્રસન્ન થયા. ૨૮. જેટલા અધર્મી લોકો કહેવાય છે ભલે તે ગુરુ કે શિષ્ય હોય, જેટલા અધર્મને માર્ગે ચાલતા હોય તે બધા નિયમો ઉપરથી તરત જ દેખાય આવે છે. ૨૯. અધર્મી રાજા, અધર્મી ગુરુ અને અધર્મી વિપ્ર વગેરે જેટલા અધર્મીનો વેષ ધારી રહ્યા હતા. તે બધા નિયમો પાળનારાને દેખીને તેનો દ્વેષ કરવા લાગ્યા. ૩૦.

જેનું જેટલું બળ હતું તે પ્રમાણે બધા જ અધર્મી લોકો ઠેકઠેકાણે શ્રીહરિ અને સંતો ભક્તોનો દ્વેષ કરવા લાગ્યા. પણ તેનાથી રક્ષણ કરવા શ્રીહરિએ નિર્માનીપણાનું મોટું ચક્ર તૈયાર કર્યું. અને તે સહુ સંત હરિભક્તોને હાથમાં એકેક આપ્યું. ૩૧. શ્રીહરિના એ નિર્માનીપણાના એક જ ચક્રથી મતપંથીઓ અને અધર્મીઓ ડરી ગયા.

કામરૂપી મહાન બળવાન શત્રુ, કે જેણે બ્રહ્માદિક દેવોને પણ હેરાન કર્યા છે. ૩૨. અને મોટા મોટા ઋષિઓની લાજ લઈને તેમણે કરેલા પ્રાચીન જપ, તપ વગેરેને નિષ્ફળ કર્યા છે. એવા પ્રાચીન કાળના હિરણ્યકશિપુ અને રાવણ જેવાનો પણ કામે પરાભવ કર્યો છે. ૩૩. તેણે બધા મતપંથોને જીતી લીધા ત્યારે બધા મોક્ષના માર્ગો બંધ થઈ ગયા. તે મતપંથીઓ રસાસ્વાદને અને સ્ત્રીસુખને જ મોક્ષરૂપ પરમપદ માનવા લાગ્યા. ૩૪. તેથી જમપુરીનો માર્ગ ધમધોકાર ચાલવા લાગ્યો. પછી અક્ષરાધિપતિ શ્રીહરિએ ભૂમિ પર પ્રગટ થવા માટે નરનારાયણ ઋષિના દ્વારા ઉદ્યમ કરાવ્યો. એમની રીત કોઈના કળ્યામાં આવતી નથી. પછી નરનારાયણની ઈચ્છાએ કરીને ધર્મ અને

ભક્તિ હરખભેર અયોધ્યાપુરીમાં આવ્યા. ૩૫-૩૬. તેમણે કુળદેવ મહાવીર હનુમાનજીને આરાધનાથી રાજી કર્યા. હનુમાનજીએ દર્શન દઈને ધર્મ-ભક્તિને ધીરજ બંધાવી અને કહ્યું. ૩૭. તમે બંને વૃંદાવનમાં જાઓ. એકાદશીનું વ્રત કરો. વિષ્ણુયાગ કરો. તમને શ્રીકૃષ્ણની કૃપાથી મનોવાંછિત ફળ મળશે. ૩૮. પછી તેઓ વૃંદાવનમાં ગયા અને જ્યારે વિષ્ણુયાગ કર્યો ત્યારે અક્ષરાધિપતિ શ્રીકૃષ્ણ ત્યાં પ્રકટ થયા. અને તેમને તત્કાળ વરદાન આપ્યાં. ૩૯. પછી ધર્મ અને ભક્તિ પોતાને ઘેર આવ્યા. શ્રીકૃષ્ણ ભગવાન પ્રકટ થયા. જન્મ લેતાની સાથે જ તત્કાળ તેમણે અમાપ પ્રતાપ જણાવ્યો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'શ્રીહરિને પ્રકટ થવાનો હેતુ કહ્યો' એ નામે સત્તાવનમો તરંગ સમાપ્ત ॥૫૭॥



પૂર પાંચમું : તરંગ - ૫૮

રઘુનાથદાસના નિમિત્તે શ્રીહરિએ પોતાની રુચિ કહી

શ્રીહરિ પ્રકટ થઈને વર્ણીના વેષે હિમાલયમાં ગયા. ત્યાં જઈને વિશેષ ઉગ્ર તપશ્ચર્યા કરી. ૧. શ્રીનરનારાયણ દેવ અને સમગ્ર ઋષિઓ શ્રીહરિનું તીવ્ર તપ જોઈને સહુ દોડીને સમીપે આવ્યા. હાથ જોડ્યા અને વિનંતી કરી. ૨. આપ તો સર્વનું કારણ છો. તમે કયા ફળની ઈચ્છાથી તપ કરો છો ? અમે કોઈ તે જાણતા નથી. આપ કોઈ ફળની ઈચ્છાથી તો તપ કરો જ નહિ. કારણ કે સર્વના કર્મફળપ્રદાતા તો આપ જ છો. ૩. **જપ, તપ, વ્રત વગેરે અનેક સાધનો છે. તેનો તો કોઈ પાર નથી. તે બધાનું મૂળ આપ એક જ છો. અને આપનું મૂળ પણ આપ એક જ છો.** ૪. ત્યારે શ્રીહરિએ કહ્યું, ચારે ધામોમાં જેટલા ગુરુઓ કહેવાય છે અને વેષધારી જે બ્રાહ્મણ કહેવાય છે. તે બધા અધર્મ પરાયણ જ વર્તે છે. ૫. તેણે કરીને રાજા અને પ્રજા, બધા અતિ અધર્મ પરાયણ થઈ ગયા છે. લોભરૂપી અંતઃશત્રુ મહાન બળવાન છે. તે લોભ મિત્ર બનીને બધાના હૃદયમાં છાની રીતે રહ્યો છે. ૬.

લોભશત્રુ પરસ્પર એકબીજામાં વેર કરાવીને તેમનામાં છાની રીતે મિત્ર થઈને વર્તે છે. તે લોભમાંથી જ મહાન વિકરાળ ક્રોધ ઊપજે છે. તે ક્રોધ એકેએકને બેહાલ કરી દે છે. ૭. અત્યંત કુબુદ્ધિવાળા અને અધર્મી રાજાઓ તમને જ્યારે પીડશે ત્યારે તમારી રક્ષા કરવા માટે ઉત્તર દિશા તરફથી એક રાજા આવશે. ૮. તે પોતાના બુદ્ધિબળથી બીજા બધા રાજાઓને જીતી લેશે. (આવું શ્રીહરિએ નરનારાયણ અને ઋષિમુનિઓને કહ્યું)તે પછી શ્રીહરિ પશ્ચિમ ભારતના સૌરાષ્ટ્રમાં આવ્યા અને ત્યાં સદ્‌ગુરુ રામાનંદસ્વામીનો મેળાપ થયો. ૯. રામાનંદસ્વામીએ શ્રીહરિ નીલકંઠ વર્ણીને જોયા ત્યારે તેમના મનમાં ઘણો આનંદ થયો. ૧૦. રામાનંદસ્વામીએ તેમને સર્વના કારણ જાણીને બધો સત્સંગ સોંપી દીધો. પછી રામાનંદસ્વામી બદરિકાશ્રમમાં જઈને નરનારાયણ ઋષિની સાથે રહ્યા. ૧૧. આપે શ્રીહરિએ બધાને ધ્યાન દ્વારા એવું બતાવ્યું હતું કે, રામાનંદસ્વામી પોતે ઉદ્ધવનો અવતાર હતા. પછી ભક્તજનની જેવી ઈચ્છા હોય તે પ્રમાણે શ્રીહરિ ચરિત્ર કરવા લાગ્યા. ૧૨. શ્રીહરિને ધન અને સ્ત્રીનો પ્રસંગ થવા છતાં ક્યારેય વિકાર થાતો નહિ. ધર્મકુમાર શ્રીહરિ આવા અત્યંત સમર્થ હતા. ૧૩. આવા અનેક ચરિત્રોને કરતા શ્રીહરિ ભુજનગર પધાર્યા. ત્યાં જે અપાર પ્રતાપ દેખાડ્યો. જે મારા હૃદયમાં રહ્યો છે તે હવે લખું છું. ૧૪.

શ્રીહરિ ભુજમાં પધાર્યા તે દિવસે રાતે સૂઈ રહ્યા. પ્રવિણ શ્રીહરિ સવારે ઊઠ્યા અને સંતોને સાથે લઈને સ્નાન કરવા ગયા. ૧૫. જ્યાં સદ્‌ગુરુ રામાનંદસ્વામી નહાતા હતા ત્યાં જઈને સરોવરમાં નાહ્યા. બધા દરબારોને સાથે લીધા હતા તેમજ બીજા હરિભક્તો પણ સંગે લીધા હતા. ૧૬. પહેલા દાતણ વગેરે કર્યું અને પછી ઘણી વાર સુધી સરોવરમાં નાહ્યા. તે પ્રદેશના જે હરિભક્તો આવ્યા હતા તે બધા નાહીને પોતાને ઘેર ગયા. ૧૭. તે સહુ હરિભક્તોએ પોતપોતાને ગામ પધારવાની વિનંતી કરી. શ્રીહરિએ તે સહુ હરિભક્તોને કહ્યું કે આઠમ કરીને અમે બધે સહુને દર્શન દેવા ફરશું. ૧૮. શ્રીહરિ નાહીને જળમાંથી બહાર આવ્યા. શરીર ઉપર બધા જરીમય વસ્ત્ર પહેર્યા. તે સમયે જરિયાની સાજથી જે અશ્વ શણગાર્યો હતો તેના ઉપર શ્રીહરિ બેઠા. ૧૯.

જગજીવન નામે નાગર ભુજના રાજાના દીવાન હતા. તેના ભાઈનું નામ કુબેરજી હતું. તે મહાશક્તિના ઉપાસક હતા. તેઓ શ્રીહરિની સન્મુખ આવ્યા. ૨૦. જગજીવને શિવાલય કરાવ્યું હતું. ત્યાં શ્રીહરિની પધરામણી કરી. હજી તેની પ્રતિષ્ઠા થઈ ન હતી. તે પહેલા જ શ્રીહરિને મંદિર જોવા લાવ્યા હતા. ૨૧. મંદિર જોઈને શહેરમાં આવ્યા. હરિભક્તોએ ખૂબ જ વાજિંત્રો વગાડ્યા. લોકો બધા 'જય જય' 'જય જય' આવો ધ્વનિ કરતા હતા. તેનાથી આખું શહેર ગાજી રહ્યું હતું. ૨૨. પછી શ્રીહરિ પોતાને મુકામે આવ્યા. તે વખતે તો શોભાનો કોઈ પાર જ ન રહ્યો. જ્યારે પોતે આવીને પલંગ ઉપર બેઠા ત્યારે ભુજ શહેરના હરિભક્તો આવ્યા. ૨૩.

બધા મેવા અને મીઠાઈ વગેરે લાવ્યા હતા. તેમણે શ્રીહરિને એક એક હાર પહેરાવ્યો. લલાટમાં કેસરચંદનની અર્ચા કરી અને કોઈએ શાલ ઓઢાડી. ૨૪. તે સમયે શ્રીહરિ સહુ હરિભક્તોની આગળ બોલ્યા, "આપણે સહુ રઘુનાથદાસની પાસે જઈએ. ૨૫. તેઓ સ્વામીના મોટા શિષ્ય છે, જઈને તેમને આપણે પ્રશ્ન પૂછીએ. પ્રશ્ન ઉત્તર કરવાથી રૂપ છૂપું ન રહે." ૨૬. ત્યારે સહુ હરિભક્તોએ કહ્યું, "હે ધર્મકુમાર ! આપ સાંભળો. પ્રશ્ન ઉત્તર તો બધા થઈ રહ્યા. ૨૭. કેમ જે, જ્યારે શહેરના દરવાજા ખૂલ્યા ત્યારે રઘુનાથદાસ ઊઠીને 'ત્રાહિ ત્રાહિ' કરીને શહેર બહાર નીકળી ગયા છે." ૨૮. ત્યારે શ્રીહરિએ કહ્યું, "કોઈ હરિભક્ત દોડીને તેની પાછળ જાઓ. અને તેમને પાછા બોલાવો. અમે તેમને મળવા માટે જ આવ્યા છીએ. અમારા હૃદયમાં તેમના ઉપર ઘણો જ ભાવ છે. ૨૯. હવે તેનો શું ઉપાય કરવો ? અમારા મનમાં તો શોક રહ્યા કરે છે. જો તમે તેમને અહીંયાં બોલાવી લાવો તો અમે આ બધો અધિકાર (ધર્મની ગાદી) તેમને સોંપી દઈએ. ૩૦.

✻ સ્મૃતિ એટલું સુખ, વિસ્મૃતિ બરાબર દુ:ખ :

चोपाई :

पुरुष प्रकृति लग जो सुखा, जमपुरी से मानत दुःखा;
स्मृति भुलाये हरि की जेहा, अति सुख जो कहावे तेहा...३२

હું તમારી આગળ સત્ય કહું છું કે આ અધિકારનો અમારા મનમાં કોઈ ભાર નથી. પાતાળથી લઈને બ્રહ્માના પદ સુધીની આ લોકની જેટલી મોટાઈ છે. તેમજ પ્રકૃતિ પુરુષના લોક સુધીના જે સુખો છે તેને હું જમપુરી કરતા પણ વધારે દુઃખ માનું છું. કારણ કે જે અતિશય સુખ કહેવાતું હોય છે તે ભગવાનની સ્મૃતિ ભુલાવી દે છે. ૩૧-૩૨.

घोर नरक कुंड जानत तेही, हमारो सिद्धांत हे एही;
स्मृति रहे श्रीहरि की जामें, अति दुःख जो होवे तामें;
परम सुख में सुख एहु, मानत हे हम जीय में तेहु...३३
हरि की विस्मृति करावे जितना, बैकुंठ सम सुख होय तितना;
ताकुं जानत जमपुर घोरा, मन न टकत कोउ ओर ठोरा...३४

જે ભગવાનને ભુલાવી દે છે તેને હું ઘોર નરકનો કુંડ માનું છું. આ અમારો સિદ્ધાંત છે. જેમાં ભગવાનની સ્મૃતિ રહેતી હોય તેમાં જો અતિ દુઃખ હોય તો પણ તે પરમ સુખમાં પણ અધિક સુખ છે. એમ અમે જીવમાં માનીએ છીએ. ૩૩. વૈકુંઠ ધામના જેવું સુખ હોય પણ જો તે ભગવાનની વિસ્મૃતિ કરાવતું હોય તો તેને હું ઘોર જમપુરી જાણું છું અને તેથી જ અમારું મન ભગવાન સિવાય બીજે કોઈ ઠેકાણે ટકતું નથી. ૩૪.

ભગવાનના સ્વરૂપમાં અખંડ ચિત્ત રાખવું તે અધિકારને (તે સત્તાને) જ હું ઉચિત અધિકાર માનું છું. બીજા કોઈ અમને માને કે ન માને, અમારા મનમાં તેનો સંકલ્પ પણ થાતો નથી. ૩૫. અમારાં મનમાં તો એટલો જ ઘાટ રહે છે કે હું હરિભક્તનો દાસનો પણ દાસ થઈને રહું. ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન, એ બધાનું રાત દિવસ તાન રાખવું એવું મનમાં રહે છે. ૩૬. તે ધર્મ ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાનનો રંગ બીજાના હૃદયમાં પણ લગાવી દઉં, એવુ મનમાં તાન રહે છે. તેમાં જરાય અસત્ય નથી કહેતો. ૩૭. સારું સારું ખાઈએ પીએ છીએ, અમુલ્ય વસ્ત્રાદિક ઓઢીએ-પેરીએ છીએ. શ્રેષ્ઠ વાહનમાં બેસીએ છીએ પણ અમે તેને મહા દુઃખરૂપ સમજીએ છીએ. ૩૮. તપમાં કાંઈ દોષ રહી ગયો હશે કે જેનાથી સામે આવીને શ્રેષ્ઠ સુખ મળે છે. હું સંતોને નિર્દોષભાવે દેખું છું. તેથી કોઈપણ પ્રકારનો ભય

સમીપે આવતો નથી. ૩૯. જેને માથે કાંઈક ભય હોય તેને દુઃખીમાં અતિ દુઃખી જાણવો. અને જેને માથે કાંઈ ભય ન હોય તેને સુખિયો જાણવો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'શ્રીહરિએ રઘુનાથદાસના નિમિત્તે પોતાની રુચિ કહી' એ નામે અઠ્ઠાવનમો તરંગ સમાપ્ત ॥૫૮॥



પૂર પાંચમું : તરંગ - ૫૯

શ્રીહરિએ ભુજનગરમાં ચરિત્ર કર્યા

સહુ હરિભક્તો બોલ્યા, હે ધર્મકુમાર ! આપ સાંભળો. આપની મોટાઈ તો અતિશય પ્રબળ છે. કોઈ જીવ તેનો શું પાર પામી શકે ? ૧. અનંત બ્રહ્માંડોના બધા રાજ્યને પણ આપ તુચ્છ ગણો છો. એવા તમે અતિશય સમર્થ છો, આપના સિવાય બીજો કોઈ એવો સમર્થ નથી. ૨. આપનું વર્તન તો આકાશથી પણ અતિશય નિર્બંધ છે. તેને અમે જાણીએ છીએ, કેમ જે સામાન્ય જીવથી આ પ્રમાણે વર્તાય નહિ. ૩. ભલે ને અક્ષર જેવો હોય તો પણ કોઈ તમારી મોટપના પારને પામી શકે નહિ. તો તેની આગળ તુચ્છ જીવ તો શું ? તે તો ગરુડની આગળ મચ્છર જેવા ગણાય. ૪. આપના સમાન મોટપ બીજા દેવ, દૈત્યથી માંડી અક્ષર સુધી કોઈમાં આવતી નથી. અને તમારી મોટપ તમારો ક્યારેય ત્યાગ કરશે નહિ. કેમ જે, તે પતિવ્રતાની જેમ અત્યંત દઢપણે આપમાં રહી છે. ૫.

મહારાજ ! જે રઘુનાથદાસ છે તેણે તો આપનો અતિશય દ્રોહ કર્યો છે. તેથી જીવ વિનાનાં શરીરની જેવી હાલત હોય તેવી તેની હાલત થઈ છે. ૬. જ્યાં સુધી કંઠમાં પ્રાણ હોય ત્યાં સુધી તે આપને છોડે જ કેમ ? અનંત બ્રહ્માંડોથી લઈને અક્ષર પર્યંતની જે મોટપ રહી છે, ૭. તે આપના એક રોમની બરોબરી પણ ન કરી શકે. તો જીવની મોટપ તો શું લેખામાં ? માટે આપ શા માટે રઘુનાથદાસ માટે આટલું ખેંચાઓ છો ? ૮. **શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ મોટપ એટલી જ છે કે આપને દઢપણે ભજવા. ધર્મ, ભક્તિ, વૈરાગ્ય**

અને જ્ઞાન આદિ સદ્‌ગુણો તેમાં આવીને સહેજે રહે છે. ૯. આપનું ભજન કર્યા સિવાયની જે મોટપ છે તેને તો કાળ જોરાવરીએ ગળી જાય છે. કાળ અનંત કોટી બ્રહ્માંડોને પણ ગળી જાય છે. ત્યારે તેના સુખનું કાંઈ ઠેકાણું રહેતું નથી. ૧૦. અને દેવતાઓ તથા રાજાઓનું પણ જો ઠેકાણું રહેતું ન હોય તો પછી તેના બીજા સુખનું તો ઠેકાણું ક્યાંથી હોય ? આપના સ્વરૂપનું જેટલું સુખ છે, તે જ સર્વ સુખોમાં અધિક સુખ છે. ૧૧. હવે જ્યારે અમને આપનો સમાગમ થયો ત્યારે તે સુખ અમને સમજાયું છે અને આ વખતે અમારો નક્કી ઉદ્ધાર થયો છે. પણ તેમાં બીજા લૌકિક સુખોને તો અમે મોટા વિઘ્ન જાણીએ છીએ. ૧૨.

ત્યારે શ્રીહરિ બોલ્યા, તમે સર્વ હરિભક્તો સાંભળો. આ દુનિયાની મોટપને અમે અમારા મનમાં સ્થિર માનતા નથી. ૧૩. અમે લોકોનું હિત કરવાના હેતુથી જ આ લોકમાં આવ્યા છીએ. અને લોકોને અમારે શરણે લેવા માટે અમે તેમની રીત પ્રમાણે વર્તીએ છીએ. ૧૪. અમારો જન્મ અને અમારા ચરિત્રો પ્રત્યક્ષ છે તેને કવિઓ પરોક્ષ કરીને ગાય છે. અને પરોક્ષ પરમાત્માને પ્રત્યક્ષ કરીને ગાય છે. તે બધા જ ચરિત્રો પરમ પવિત્ર છે. ૧૫. પહેલા પરોક્ષમાં પ્રેમ થાય છે અને પછી પ્રત્યક્ષમાં પ્રેમ થાય છે. આવી અનાદિની રીત છે. તેને મહાકવિઓ જાણતા હોય છે. ૧૬. **જેને પ્રત્યક્ષ પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન થાય છે, તે ભક્ત પ્રગટ પ્રભુની મરજીને જાણે છે અને પરમાત્મા પોતે તેને ભૂત, ભવિષ્ય અને વર્તમાનનું જ્ઞાન આપે છે.** ૧૭. પરમાત્મા પોતે પોતાના ચરિત્રોને કહેવા માટે પોતે જ અંતઃકરણમાં પ્રેરણા કરે છે. પછી તે પ્રગટ પરમાત્માની મરજી જોઈને જે ગ્રંથને રચે છે તે મહાકવિ કહેવાય છે. ૧૮.

તેમાં લોક, શાસ્ત્ર અને અનુભવરૂપ મુખ્ય ત્રણ પ્રમાણ રાખે તેના ગ્રંથનું અતિશય માન વધે છે. જે મનુષ્ય તેના મતના હોય તે પણ પ્રમાણ વિનાના ગ્રંથને માનતા નથી. ૧૯. જેમ પોતાના કૂવાનું પાણી પોતે જેટલું પીવે તેટલી તૃપ્તિ કરીને બેસી રહે, તેમ પ્રમાણ વિનાનો ગ્રંથ સહુને ઉપયોગી થાય નહિ. માત્ર પોતાને માટે ઉપયોગી થાય છે. તેને બીજા માને નહિ.૨૦.

અને જે ગ્રંથ પ્રમાણયુક્ત હોય તે તો વરસાદના પાણી જેવો ગણાય. વરસાદ તો પચાસ કરોડ યોજન ભૂમિમાં સહુને અત્યંત તૃપ્ત કરે છે. ૨૧. અનાજ અને વૃક્ષોની જેટલી જાતિઓ કહેવાય છે અને ફળ, ફૂલ, કંદ, મૂળ જે કાંઈ છે તે બધાને હૃદયમાં વરસાદ અતિ આનંદ ઉપજાવે છે. કોઈને પણ અતૃપ્ત રહેવા દેતો નથી. ૨૨.

વરસાદના જેવો જે ગ્રંથ હોય તે જ બધે શોભે છે. તે કોઈને પણ પરસ્પર વેર ઉપજાવતો નથી. અંદરોઅંદર જે વેર ઉપજાવે તે ગ્રંથને સદ્‌ગ્રંથ કહેવાય નહિ. અમે અમારા મનમાં આવું સમજીએ છીએ. ૨૩. લોક, શાસ્ત્ર અને અનુભવ એ ત્રણને જોઈને તેના આધારે ભગવાનના બધા ચરિત્રોને કહેવા જોઈએ. અને ત્યારે જ તે ચરિત્રમાં બધાને ભાવ થાય છે. તે સાંભળતા કોઈના મનમાં અભાવ આવતો નથી. ૨૪. ખાધેલું અન્ન જો હોજરીને માફક આવે, તો તે અન્ન શરીરને સમાસ કરે છે. પણ જે અન્ન ખાધા પછી હોજરીને રુચે નહિ તો ઊલટું નુકશાન કરે છે. ૨૫. કુશળ વૈદ્ય શરીરમાં વાત, પિત્ત અને કફ, એ ત્રણને જોઈને દવા આપે છે. પણ જેને ત્રિદોષ થઈ ગયો હોય તેને સમજ્યા વિના વૈદ્ય દવા આપે નહિ. ૨૬.

રઘુનાથદાસને અત્યારે ત્રિદોષનો રોગ થયો છે. આપણા આ સત્સંગનો જોગ તેમને અત્યંત વિપરીત થઈ ગયો છે. ૨૭. શબને તો સ્મશાનમાં લઈ જવું જ સારું. તે ઘરમાં ન શોભે. શબ ઘરમાં રાખવામાં આવે તો નુકસાન થાય છે. શબ તો જંગલમાં જ શોભા પામે. ૨૮. શ્રીહરિએ આટલી વાત કરી. તે સાંભળીને સહુ હરિભક્તો રાજી થયા. પછી જેને ઘેર રઘુનાથદાસ રહ્યા હતા તે બાઈ-ભાઈ હરિભક્તોને તેડાવ્યા. ૨૯. તેઓ બધા શ્રીહરિની પાસે આવ્યા. શ્રીહરિએ તેમને ધ્યાનમાં બેસાડ્યા. તેમને રામાનંદસ્વામીનાં દર્શન કરાવ્યાં. તેથી તેઓ મનમાં ઘણું રાજી થયા. ૩૦.

અને ભૂજમાં લાધીબાઈ નામે એક કાયસ્થ જાતિના બહેન હતા. તે અતિ સમાધિનિષ્ઠ થયા હતા. સમાધિ કરીને બેઠેલા તે લાધીબાઈના હાથ ઉપર લોકોએ સળગતો અગ્નિ અને અંગારા મૂક્યા. ૩૧. છતાં તેમને કાંઈ ખબર

જ પડી નહિ. આવી તેની સ્થિતિ થઈ છે એમ જોઈને અપાર લોકાને પારાવાર આશ્ચર્ય થયું. ૩૨. શ્રીહરિની આવી મોટપ જોઈને કેટલાક લોકોએ સત્સંગના વ્રતમાન-નિયમોને ધારણ કર્યા. તેથી બધા મતપંથીઓ ધ્રૂજવા લાગ્યા. ૩૩. શ્રીહરિએ ભુજમાં રહીને જન્માષ્ટમી, જળઝીલણી, દશેરા, માણેકઠારી પૂનમ (શરદ પૂનમ), દિવાળી, અન્નકોટ અને દેવદિવાળી વગેરેના નિમિત્તે ઘણા સારા ઉત્સવો ભૂજમાં કરાવ્યા. તેનું વર્ણન કરતા પાર આવતો નથી.

તે ઉત્સવોમાં દેશ દેશના હરિભક્તો આવીને મનમાં સંતોષ થાય તે રીતે શ્રીહરિની સહુ પૂજા કરતા. ૩૪-૩૫. કેસરચંદનથી પૂજેલી મૂર્તિ સુંદર નવરંગી બનતી. વિવિધ પ્રકારના ફૂલ લાવીને સહુ હાર, તોરા અને બાજુ બંધ વગેરે બનાવતા. ૩૬. પછી તે અપાર પ્રેમથી શ્રીહરિને પહેરાવતા. સહુને ઘણો જ ભક્તિભાવ હતો એટલે ધૂપ અને દીપ વગેરે કરીને શ્રીહરિની આરતી ઉતારી જય જયકાર ઉચ્ચારતા. ૩૭.

ભક્તાધીન ભગવાન શ્રીહરિ આ રીતે ચાર માસ સુધી ભુજમાં રહીને ભક્તોના હિતને માટે નિત્ય નવા ચરિત્રો કરતા હતા. ૩૮. શ્રીહરિએ કચ્છ દેશમાં સાત ચાતુર્માસ કર્યા છે. કેટલીક વાતો લખવી ? આકાશનું માપ કોણ લઈ શકે ? એમ શ્રીહરિના ચરિત્રો તો અપાર છે. ૩૯. કોઈ વર્ષ શ્રીહરિ કચ્છમાં ચાર માસ રહ્યા છે તો કોઈ વરસ બે માસ રહ્યા છે. ત્યારે કોઈક વરસમાં ત્રણ માસ રહ્યા છે. ૪૦. કોઈ વરસે એક મહિનો તો કોઈ વરસે પાંચ મહિના સુધી કચ્છમાં રહ્યા છે તેમાં અનેક ચરિત્ર કર્યા છે. તેનો કોણ પાર પામે ? ૪૧. કોઈક વરસમાં છ માસ તો કોઈ વર્ષમાં સાત માસ સુધી કચ્છ દેશમાં રહ્યા છે. તેમાં જેટલા ગામોમાં હરિભક્તો હોય ત્યાં બધે ફર્યા છે. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'શ્રીહરિએ ભુજ નગરમાં ચરિત્ર કર્યા' એ નામે ઓગણસાઠમો તરંગ સમાપ્ત ॥૫૯॥



પૂર પાંચમું : તરંગ - ૬૦

ચરોતરમાં વિચરણ કતા શ્રીહરિ ઉમરેઠ પધાર્યા

શ્રીહરિ ભુજનગરમાં રહીને પછી **સિદ્ધપુર**માં આવ્યા. મહા વદિ તેરશને દિવસ ત્યાં સંતોને અને હરિભક્તોને તેડાવ્યા. ૧. સિદ્ધપુરમાં પહેલો સમૈયો કર્યો. દેશદેશના હરિભક્તોને પત્ર લખીને ત્યાં બોલાવ્યા હતા. સહુ હરખભર્યે હૈયે ત્યાં આવ્યા હતા. ૨. સિદ્ધપુર તીર્થ આખા દેશમાં પ્રસિદ્ધ છે. બધા હરિભક્તોને આનંદ આપવા માટે શ્રીહરિએ વિક્રમ સંવત ૧૮૬૨માં શિવરાત્રીનો ઉત્સવ કર્યો હતો. ૩. હુતાશની અને ફૂલદોલનો ઉત્સવ શ્રીહરિએ **જેતલપુર**માં આવીને કર્યો. તે અમૂલ્ય ઉત્સવમાં પણ સંતોને અને હરિભક્તોને તેડાવ્યા હતા. ૪. તે પછી શ્રીહરિ **ડભાણ** આવ્યા. ત્યાં રામનવમીનો ઉત્સવ કરાવ્યો.

ચરોતર દેશના હરિભક્તો અને કેટલાક ગુજરાતના હરિભક્તો, ૫. સહુએ શ્રીહરિની અને સંતોની અપાર પૂજા કરી હતી, જેનો કહેતા પાર આવે તેમ નથી. પછી ત્યાંથી શ્રીહરિ **નડિયાદ** આવ્યા. ૬. નાગર ગંગારામ અને મોહનલાલભાઈ, તેમના ઘરમાં બધા જ સારા સત્સંગી હતા તેથી સુખકારી શ્રીહરિ તેમને ઘેર આવ્યા. ૭. તેમણે શ્રીહરિને થાળ કરીને જમાડ્યા. પછી અતિશય અમૂલ્ય પૂજા કરાવી. પછી પૂરમાં જેટલા હરિભક્તો હતા ત્યાં ઘેર ઘેર શ્રીહરિની પધરામણી કરાવી. ૮. જેને જેવી ભાવના હતી તેણે તેવી રીતે શ્રીહરિની પૂજા કરી હતી. નડિયાદના જે મોટા મોટા અમીન કહેવાતા હતા. તેમણે પણ શ્રીહરિને પોતાને ઘેર પધરાવ્યા. ૯. અત્યારે આ ભગવાન પ્રકટ થયા છે એમ જાણીને શ્રીહરિનું સહુએ અતિ સન્માન કર્યું.

ત્યાંથી શ્રીહરિ **ઓડ** ગામ આવ્યા. ૧૦. અને ત્યાંથી **ઉમરેઠ** પધાર્યા. ત્યાંના હરિભક્તો ઘણે દૂર સુધી સન્મુખ આવ્યા હતા. ખેડાવાળ વિપ્રો જે સારા ધનાઢ્ય હતા. તેઓ પાર નહિ એટલા હરિભક્ત થયા. ૧૧. વાજિંત્ર વગડાવીને શ્રીહરિને ગામમાં પધરાવ્યા. ત્યાં રૂપરામ ઠાકરને ઘેર ઘણા દિવસ સુધી રહ્યા. તેમણે શ્રીહરિને ઘણા જ માન્યા પૂજ્યા. ૧૨. તે પ્રમાણે

જ એક નરભેરામ નામે સત્સંગી વિપ્ર હતા તેને ઘેર પણ રહ્યા હતા. તેમણે પણ ઘણા જ હેતથી શ્રીહરિની બહુ સેવા કરી હતી. ૧૩. ત્રિકમજી વિપ્રને ઘેર શ્રીહરિ સાત દિવસ રહ્યા હતા. જેની જેવી ભાવના હતી તેને તે રીતે શ્રીહરિએ સુખ આપ્યું. ૧૪.

❋ ઉમરેઠમાં મુંગાના મોઢે વેદ પાઠ :

એક દિવસ ઉમરેઠમાં ગામના મોટા મોટા ધનાઢ્ય વિપ્રો શ્રીહરિની પાસે આવ્યા. બધાએ હાથ જોડીને કહ્યું, ૧૫. "શંકરાચાર્ય પ્રકટ્યા ત્યારે તેણે ઘણો જ પ્રતાપ જણાવ્યો હતો. તેમણે પાડાને મુખે વેદોને બોલાવ્યા તેથી સહુ તેમને માનતા હતા. ૧૬. તેવી રીતે આપ કાંઈ પ્રતાપ જણાવો. પશુના મુખે વેદોને બોલાવો તો અમને શ્રદ્ધા બેસે અને પછી આપ જેમ કહો તેમ અમે કરીએ." ૧૭. ત્યારે ઘનશ્યામ શ્રીહરિ બોલ્યા, "તમે બધા બુદ્ધિશાળી છો. જ્યારે તમારું કામ પડશે ત્યારે અમે તમે કહો છો તે રીતે વેદ બોલાવશું. ૧૮. જુઓ આ સૂર્ય ઉદય પામે છે. તે કોઈને પોતાનો પ્રતાપ કહેતા નથી. સૂર્યોદયથી જ્યારે અંધારું ટળી જાય છે ત્યારે સહુ તેના પ્રતાપને સ્વીકારે છે અને કહે છે. ૧૯. વેદોને કે પુરાણોને બોલવા-બોલાવવાથી શું થવાનું ? વગર કહે, પ્રતાપ છૂપો રહેતો નથી. જે પુરુષ અતિ પ્રતાપી હોય છે તેમાં વેદો અને પુરાણો સ્વતઃ આવીને રહે છે. ૨૦.

જ્યારે કોઈ ચક્રવર્તી રાજા હોય ત્યારે બીજા રાજાઓ તેના પ્રતાપને જુએ એટલે તરત જ તેને આધીન થઈ જાય છે. ડાહ્યા મનુષ્યે તે વાતને મનમાં સમજી લેવી જોઈએ. ૨૧. ચક્રવર્તીને એવી નીતિ આવડતી હોય છે કે તેનાથી વગર પ્રયાસે અન્ય રાજાઓ તેને વશ થઈ જતા હોય છે. તે પ્રમાણે જ મોક્ષના દાતા જોઈને તેને આખું જગત આધીન થઈને રહે છે. ૨૨. અધિકમાં અધિક મોક્ષ તો એ જ છે કે મોક્ષદાતા શ્રીહરિ અને સંતનો મોટો પ્રતાપ જાણવો. જેને અગ્નિનો યોગ થાય છે તે અગ્નિરૂપ થઈ જાય છે. પરંતુ અગ્નિ બીજા કોઈના રૂપે થતો નથી. પ્રતાપી પુરુષ તો તેવા હોય છે. જે સ્વયં અવિનાશી હોય તેનો નાશ કોણ કરે ? ભલેને ગમે તે પાસે આવે. ૨૩-૨૪.

ગોકુળમાં શ્રીકૃષ્ણ ભગવાનની પાસે વારંવાર અપાર દૈત્યો આવ્યા. તે બધાનો તત્કાળ નાશ થયો. અત્યંત ઝેરી કાલીયનાગનું પણ દમન કર્યું. ૨૫. મથુરામાં કુવલયાપીડ હાથીનો સંહાર કર્યો. અને મલ્લોને માર્યા. છતાં કંસને તેનું જ્ઞાન ન થયું અને છેવટે તે પણ મરાયો. ૨૬. બીજા પણ ઘણા શત્રુઓ આવ્યા. તે સહુને કૃષ્ણે જીતી લીધા. પછી તેઓ દ્વારકાપુરીમાં આવીને રહ્યા. ત્યાં શાલ્વ આવ્યો. ૨૭. તેણે અનંત માયા રચી. પણ કૃષ્ણે તેને પણ મારી નાખ્યો. તે રીતે જ જેટલા પૃથ્વીના ભારરૂપ અસુરો હતા તે બધાનો નાશ કર્યો. ૨૮. પછી સ્વેચ્છાથી સ્વધામ પધાર્યા અને તે સમયે મૈત્રેય ઋષિને ચતુર્ભુજરૂપે દર્શન દીધા. ૨૯. જે સમર્થ છે તેને કોઈ જીતી શકતું નથી. ભલેને અસુરો અનંત ઉપાય કરે ! છેવટે અસુરનો નાશ થાય છે અને સમર્થ પુરુષ પોતાના સંકલ્પને સત્ય કરે છે. ૩૦.

શ્રીહરિ જ્યારે આટલી વાત કરી રહ્યા. ત્યારે ત્યાં ડભાણનો એક વિપ્ર આવ્યો. તેને એક અક્ષર પણ આવડતો ન હતો. શ્રીહરિએ તેના મુખે વેદ બોલાવ્યા. ૩૧. હરિભટ્ટ એવું તે વિપ્રનું નામ હતું. અને ઉમરેઠ આખું ગામ તેને 'આ અભણ છે.' એમ જાણતું હતું. ગામના જે વિપ્રો હતા તે બધા આ ઘટનાને સાંભળીને આશ્ચર્ય પામ્યા. ૩૨. ઉમરેઠના બધા વિપ્રો શ્રીહરિના ચરણોમાં નમી ગયા અને બોલ્યા કે આપ અમારો ઉદ્ધાર કરજો. આ રીતે સહુએ હાથ જોડીને વિનય કર્યો. અને તેમણે પોતાની બધી અણસમજણને છોડી દીધી. ૩૩.

ઉમરેઠમાં ઘેર ઘેર શ્રીહરિની પધરામણી કરાવી અને શ્રીહરિને થાળ કરી કરીને સહુએ જમાડ્યા. સહુથી સરસ લાભ તેમણે લીધો અને કેસરચંદનથી શ્રીહરિની પૂજા કરી. ૩૪. ફૂલના હાર, તોરા અને બાજુબંધ શ્રીહરિને પુષ્કળ ધરાવ્યા. સંતોની પૂજા પણ વારંવાર કરી. ગણતા ગણતા તેનો પાર આવતો નથી. ૩૫.

શ્રીહરિ એકવાર **ડાકોર** ગયા. ત્યાં મંદિરમાં ઘણી જ અનીતિ દેખાઈ. જે પૂજા કરનારા વિપ્રો હતા તેઓ મૂર્તિની મર્યાદા પણ પૂરી રાખતા નહિ. ૩૬. ત્યાં જે સ્ત્રીઓ દર્શન કરવા આવતી, તેમજ અતિશય શ્રીમંત માણસો

જે દેખાતા, તેના હાથને જોરભેર પકડીને મૂર્તિની પાસે લઈ જાતા હતા. ૩૭. તેઓ દર્શન કરવાનો લોભ દેખાડીને મનમાની કરતા હતા. વિશ્વાસી સ્ત્રીઓ તેના મનનાં પાપને સમજતી નહિ. પૂજારીમાં વિશ્વાસ રાખતી. ૩૮. ભગવાનનું મંદિર સમજીને ત્યાં પાપોથી છૂટવા માટે સ્ત્રીઓ અને પુરુષો ઘણા જ આવતા. પણ પૂજારી ત્યાં કુરિત ચલાવતા. ૩૯. સ્ત્રીઓ અને પુરુષો બધા ભેળા થઈ જતા. તેની મર્યાદા રહેતી નહિ. તેમાં વિષયી લોકોને ઘણો રસ પડતો હતો. ૪૦. વિધવા સ્ત્રીઓ અને વાંઢા પુરુષોની ઘરમાં તો અનીતિ ચાલી શકે નહિ. પણ મંદિરમાં આવે ત્યારે નાત, જાત કે રાજા કોઈનો ડર તેમને લાગતો નહિ. ૪૧. મંદિરમાં તો માતા, પિતા, ભાઈ કે પુત્ર, તેઓ તેમને કશું કહી શકે નહિ. તેથી તેઓ મંદિરમાં અનીતિ કરતા હોય છતાં તેમની લોકમાં પણ કોઈ નિંદા કરતા નહિ. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'શ્રીહરિ ચરોતરમાં વિચરણ કરતા ઉમરેઠ પધાર્યા' એ નામે સાઠમો તરંગ સમાપ્ત ॥૬૦॥



પૂર પાંચમું : તરંગ - ૬૧

શ્રીહરિ ડાકોર અને ઉમરેઠ થઈને પહેલીવાર વડતાલ પધાર્યા

જેને પાપ કરતા અત્યંત ભય લાગતો હોય તેને અધર્મ દેખાય છે અને જેને પાપ કરવામાં રુચિ હોય તે અધર્મને પણ ધર્મ ઠેરાવી દે છે. ૧. તીર્થની ઓથ લઈને લોકો અપાર અધર્મ કરે છે. તેનો કોઈ દોષ લેતા નથી. આખો સંસાર આવો જ છે. ૨. મોટા સત્પુરુષોએ પાપોથી છૂટવા માટે અનંત તીર્થો કર્યા છે. તે તીર્થોમાં જે વિપરીત પાપકર્મ કરે છે તે વજ્લેપ થઈ જાય છે. ૩. જે વજ્લેપ પાપ કરે છે તે બોલવા, ચાલવામાં દેખાય આવે છે. અને તે પાપ સ્વયં પ્રકટ થાય છે. તેને જે જ્ઞાનીજન છે તે જાણતા હોય છે. ૪. કોઈ મનુષ્ય યોગ્ય કે અયોગ્ય પદાર્થને ખાય તેની જાણ તેના શ્વાસ ઉપરથી થઈ જાય છે. ઊઠતા-બેસતા જેવાનો સંગ કરે છે તે પણ તરત દેખાઈ આવે છે. ૫.

માણસ કિંમતવાળો છે કે કિંમત વગરનો છે તે તેનો સંગ કહી દે છે. માણસની કિંમત છૂપાડી છૂપી રહેતી નથી. જેમ ત્રાજવું સોના અને પિત્તળનું વજન બતાવે છે, તેમ માણસની સંગત જ તેનું વજન અર્થાત્ મૂલ્ય કહી દે છે. ૬.

સંગ-સોબતની બુદ્ધિ ઉપર જે અસર થાય છે તેને બુદ્ધિમાન મનુષ્ય વિચારીને જોવે છે. જેને આલોક, પરલોક બંને સુધારવા હોય તે હંમેશા શુભ વિચાર કરે છે. ૭. જે ક્રિયામાત્ર કહેવાય છે તેને નિરબંધન થઈને કરવી જોઈએ. નિરબંધન-પણામાં અપાર સુખ છે. માટે તેનો રાત-દિવસ વિચાર કરવો જોઈએ. ૮. જેમ ફૂટેલા ઠામ (વાસણ)માં પાણી રહેતું નથી તેમ સુદઢ વિચાર વિના કાંઈ કામ આવતું નથી. ઈન્દ્રિયો અને અંતઃકરણ જે કહેવાય છે તે પંચવિષય ભોગના સાધનરૂપ હોય છે. પછી લોભ દેખાડીને તેને અંધધંધ-વિવેકશૂન્ય કરી નાંખે છે. અને તેથી જેટલા શુભ વિચાર અને વિવેક હોય તે બધાનો નાશ થઈ જાય છે. ૯-૧૦.

માયાના ત્રણ ગુણ સત્ત્વ, રજ અને તમ કહેવાય છે, તે વારાફરતી આવ્યા કરે છે. અંતઃકરણમાં જેવો ગુણ આવે તેવા ઘાટ સંકલ્પ અંતઃકરણ કરાવે છે. ૧૧. ઇંદ્રિયો આદિક ગુણને આધીન છે. તે બધા એકેએક પરાધીન છે. પંચવિષયને લીધે ગુણનો પ્રવાહ છે. ૧૨. પાંચ વિષય અને ત્રણ ગુણ, તેનું કારણ માયા છે અને માયાનું કારણ જીવ છે, જે તેની અસરથી મલિન થયા કહેવાય છે. ૧૩.તે મલિન જીવને શુદ્ધ કરવાને માટે ભગવાન અવતાર ધારણ કરે છે. ભગવાન સિવાય તે મલિન જીવ બીજા કોઈથી કોઈ પ્રકારે શુદ્ધ થાતો નથી. ૧૪. જીવની સર્વપ્રકારે શુદ્ધિ ભગવાનથી જ થાય છે. પછી શુદ્ધ થયેલા તે જીવને વિષમ દેશકાળમાં પણ કોઈ પ્રકારનું બંધન થાતું નથી. ૧૫. સાધન તો અપાર કરવાના છે. તેનો કરોડો જન્મ સુધી અંત આવે તેમ નથી. પણ સર્વે સાધનોનું તત્વ-સાર એ જ છે કે જીવનો ઉદ્ધાર કરવો. ૧૬.

❋ સર્વે સાધનોનું ફળ મોક્ષપ્રાપ્તિ :

करत करत साधन अनंता, ताको फल सब ईतनो कहंता;
जीय को उद्धार करन रुचि होवे, ओर रुचि सब हानी जोवे...१७

ओर रुचि को पार न आवे, ता करी भव भटकन रहावे;
ओर रुचि को फल हे एहा, जन्म मरण जमपुरी तेहा...१८

અનંત સાધનો કરતા કરતા તેનું બધા એટલું જ ફળ કહે છે કે પોતાના આત્માનો ઉદ્ધાર કરવાની રુચિ-ઈચ્છા થાય અને બીજી બધી રુચિ-ઈચ્છાઓને હાનિકારક જુએ. ૧૭. કેમ જે, શ્રીહરિ સિવાયની બીજી બધી ઈચ્છાઓ-રુચિઓનો કોઈ છેડો આવે તેમ નથી. અને તેને લીધે જ જીવને ભવભટકણ રહે છે. શ્રીહરિ સિવાયની બીજી રુચિનું ફળ તો જન્મ, મરણ અને જમપુરી છે. ૧૮.

જીવ સુખને મેળવવા માટે ધોડા કરતો રહે છે, પણ તેને બદલે પરાણે દુઃખ આવીને ઊભું રહે છે. ભલેને તે કરોડો વખત મનુષ્યના જન્મને પામે પણ જીવ પોતાની બુદ્ધિએ કરીને સુખ પામી શકતો નથી. ૧૯. **જ્યારે જીવ સંસારના બધા માર્ગને છોડી દેશે અને મોક્ષના માર્ગને પકડશે ત્યારે જ તેને તે અપાર સુખ મળશે કે જેમાં ફરીવાર લગારેય પણ દુઃખ ન આવે.** ૨૦. જ્યારે સાચા સંતોનો સમાગમ મળે ત્યારે સંતો તેના બધા નાશવંત સુખો ધોઈ નાંખે છે. અને સંતો તેને પરમાત્માના પરિપક્વ-શાશ્વત મહાસુખને બતાવે છે. અને કાળ કર્મના દુઃખ અને ભયને દૂર કરે છે. ૨૧.

ડાકોર મંદિરમાં જે પૂજારીઓ હતા તેમને શ્રીહરિએ પૂછ્યું, મંદિરમાં રહેલી મૂર્તિમાં અધિક દૈવત આવે તેનું કારણ શું છે ? ૨૨. અને જ્યાં મૂર્તિમાં દેવત હોય ત્યાં બધાનું વર્તન કેવું હોય ? તે તમે જે જાણતા હો તે કહો. પૂછ્યા સિવાય ખબર પડતી નથી. માટે તમે બધા ભેળા મળીને જવાબ આપો. ૨૩. જે મૂર્તિની પૂજા કરતા હોય તેના કેવા લક્ષણ હોય ? તે કહો. અને જે પૂજાની રીતને ન જાણતા હોય તે પૂજારીને કેટલા અપરાધ લાગે હોય છે ? તે પણ કહો. ૨૪. તે બધું અલગ અલગ કરીને શાસ્ત્રોના મતને અનુસારે કહો. જે શાસ્ત્રની રીત નથી જાણતા તેને પૂજા કરવાનો અધિકાર નથી. ૨૫. વગર સમજે જે પૂજારી પૂજનમાં થતા દોષોને નહિ જાણીને દોષવાળી પૂજા કરે છે તો તેને મહાપાપ લાગે છે, એટલા માટે હું તમને પૂછું છું.' ૨૬.

ત્યારે તે પૂજારીઓએ કહ્યું, 'વિપ્ર પૂજારીને કોઈ દોષ લાગતો નથી. એમ શાસ્ત્ર કહે છે. જો પૂજારી વિપ્ર ન હોય તો તેને દોષ લાગે છે. ૨૭.

મૂર્તિના પ્રતાપથી દોષમાત્ર દૂર રહે છે. અહીંયાં કોઈ પાપ લાગતું નથી. મૂર્તિના પ્રતાપની આગળ પાપ ક્યાં રહે ? ૨૮. જે મૂર્તિની સેવા કરવા છતાં પણ જો પાપ લાગતું હોય તો તે મૂર્તિમાં પ્રતાપ નથી એમ જાણવું. જેને પાપ લાગે તે તો દુઃખી થાય. તેને અન્ન, ધન કે વસ્ત્ર કાંઈ ન મળે અને સુખ પણ ન મળે. ૨૯. અમને તો તે અન્ન, ધન, વસ્ત્રાદિ અપાર મળે છે અને લગારેક પણ પાપનો પાશ લાગતો નથી. આ મૂર્તિનો એવો ભારે મહિમા છે કે તે પાપ માત્રને બાળી દે છે.' ૩૦.

ત્યારે શ્રીહરિ બોલ્યા, "તમે બધા પૂજારી વિપ્રો સાંભળો. જો તમને કાંઈ દુઃખ ન લાગે તો અમે યથાર્થ વાત કરીએ. ૩૧. કલાલ (દારૂ બનાવનારો), કસાઈ, વેશ્યા અને ચોર, એ બધા રાત દિવસ અપાર પાપ કરતા હોય છે. તેઓ કદાચ મહાદુઃખી થાય તો પણ તે પોતાને ક્યારેય પાપી માનતા નથી. ૩૨. શાસ્ત્રની રીતે જ્યારે જોઈએ ત્યારે યથાર્થ ખબર પડે છે. મુખે માત્ર બોલવાથી કોઈ પાપનો નિર્ણય થાતો નથી અને જેમાં જેનું ગુજરાન થતું હોય તેને તેમાં પાપ તો જણાતું જ નથી. ૩૩. દુનિયામાં જેટલી જાતના પાપ છે તે બધાને એક આ પેટ જ કરાવે છે. જે કામથી પેટનો નિર્વાહ થતો હોય, તે કદાચ અધર્મ હોય તો પણ તેમાં મનુષ્યને ધર્મ મનાય છે. ૩૪. તમારી એવી રીત જણાય છે. કારણ કે તમે શાસ્ત્રથી ઊલટું બોલો છો. જેને શાસ્ત્રનું જ્ઞાન ન હોય તેને અધર્મમાં ધર્મ મનાય છે." ૩૫.

શ્રીહરિ આ રીતે ડાકોરમાં ડંકો દઈને રાતે પાછા ઉમરેઠ પધાર્યા. ત્યાં એક રાત રહીને સુંદર શ્યામ શ્રીહરિ **વડતાલ** આવ્યા. ૩૬. વડતાલ ગામના મુખી પાટીદાર કુબેરજી હતા. તેઓ કુટુંબ સાથે શ્રીહરિની સન્મુખ આવ્યા. ૩૭. કુટુંબ સાથે જોબનપગી અને અતીત નારાયણગિરિ પણ તેમની સાથે આવ્યા. ૩૮. વિપ્ર વનમાળી અને બધા જ હરિભક્ત સુથારો તત્કાળ સન્મુખ આવ્યા અને બીજા પણ વડતાલ ગામના બધા લોકો શ્રીહરિની સન્મુખ આવ્યા. ૩૯. બધા વડતાલવાસી પોતાને ધન્યભાગ્ય માનીને શ્રીહરિના ચરણોમાં પડ્યા. તેમના મનમાં અતિશય ભાવ હતો. તે જોઈને શ્રીહરિ તેમના ઉપર અતિશય પ્રસન્ન થયા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'શ્રીહરિ ડાકોર અને ઉમરેઠ થઈને પહેલીવાર વડતાલ પધાર્યા' એ નામે એકસઠમો તરંગ સમાપ્ત ॥૬૧॥



પૂર પાંચમું : તરંગ - ૬૨

શ્રીહરિ વડતાલ પધાર્યા અને ભક્તોએ સામૈયું કર્યું

શ્રીહરિ પહેલીવાર વડતાલમાં પધાર્યા ત્યારે બધા ગામજનો આગળ બોલ્યા, આ વડતાલ ગામ આખા ચરોતર પ્રદેશની મધ્યમાં છે ૧. અહીંથી ચારે તરફ દસ દસ કોશ સુધી જાત જાતના અપાર વૃક્ષો છે. તેમાં પણ સહુથી સારા આંબાના વૃક્ષ તો અનંત છે. ૨. જાણે વૃંદાવનનો બધો પ્રદેશ અહીં આવીને પ્રકટ થયો હોય, તેમ લાગે છે. અને પક્ષીઓમાં પ્રવેશ કરીને મોટા ઋષિઓ જાણે તપ કરતા હોય તેમ લાગે છે. ૩. ચારે બાજુ દસ દસ કોશ સુધી વિવિધ પ્રકારના પંખીઓ રહ્યા છે. જાણે તે બધા ધામના અપાર ઋષિઓ તપ કરવા માટે અહીંયાં આવ્યા હોય તેમ જણાય છે. ૪. શ્રીહરિની આવી આશ્ચર્યકારી વાત સાંભળીને તે સમયે બધા વડતાલના ભક્તો બોલ્યા, આપ ભગવાન છો, એટલે જે કહો છો તે ક્યારેય અસત્ય નહિ હોય. ૫. અમે તો અલ્પજ્ઞ મનુષ્ય છીએ એટલે કાંઈ જાણતા નથી. આપની ગતિ તો આપ જ જાણો છો. અહીંયાં કોઈ મોટું ધામ નથી અને ભગવાનના કોઈ અવતાર પણ અહીં આવીને રહ્યા નથી. ૬.

❋ શ્રીહરિની સર્વોપરિતાથી વડતાલની સર્વોપરિતા :

ચોપાઈ :

तब श्रीहरि बोलत भयेउ, इहाँ धाम सर्वोपरी रहेउ;
अवतार भये हे हरि के जेते, सर्वोपरी इहाँ आये तेते...०७

ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું, અહીંયાં સર્વોપરિ ધામ રહ્યું છે અને ભગવાનના જે અવતાર થયા છે. તેમાં જે સર્વોપરિ છે તે અહીંયાં આવ્યા છે. ૭. અત્યારે ભગવાનની ઈચ્છાથી તે દેખ્યામાં આવતા નથી. આટલા

પ્રદેશમાં અપાર મુક્તો ભર્યા છે. તેનો કોઈ પાર આવે તેમ નથી. ૮. જેટલી ઋષિપત્નીઓ, દેવાંગનાઓ અને ચારધામમાં રહેલી બધી દેવીઓ તેમજ જેટલા ઋષિઓ અને દેવતાઓ કહેવાય છે તે બધા અહીંયાં મનુષ્ય દેહ ધરીને રહ્યા છે. ૯. કોઈને પોત પોતાના મૂળરૂપનું જ્ઞાન નથી. સહુ મનુષ્યભાવે વર્તે છે. જ્યારે તમને તે બધું જ્ઞાન થશે ત્યારે વાસ્તવિકતા તમારા જાણ્યામાં આવશે. ૧૦.

(એટલી વાત મહારાજે કરી.) (હવે ગ્રંથકાર કહે છે.) જોબનપગીના જેવો બીજો કોઈ ચોર નહિ. આખા દેશમાં પ્રસિદ્ધપણે સહુ તેને ઓળખે છે. શ્રીહરિનો પ્રતાપ દેખીને તરત જ તેનું અંતર નિષ્પાપ થઈ ગયું. ૧૧. તેણે શ્રીહરિ આગળ હાથ જોડીને કહ્યું, અમે બહુ પ્રકારે ચોરી કરી છે. અપાર માણસોને માર્યા છે. હવે આપ અમારો ઉદ્ધાર કરો. ૧૨. સો સો કોળીઓના ટોળા લઈને મોટા મોટા શહેરોને પણ વારમવાર લૂંટ્યા છે. બધા દેશને રગદોળી નાખ્યો છે. ૧૩. બીજા લોકોને ભય ઉપજાવીને આટલા દિવસ સુધી હું નિર્ભય રહીને ફર્યો છું. હું કોઈ રાજાને પણ ગણકારતો નથી. પણ હવે આપનાથી હું ભય પામ્યો છું. ૧૪. આપને દેખતાની સાથે મારું મન તત્કાળ મીણના જેવું ઢીલું થઈ ગયું છે. મારી નજર આગળ કાળ દેખાય છે. જાણે મને હમણાં જ કાળ ખાઈ જશે કે શું ? એવો ડર લાગે છે. ૧૫. હવે મને ઝાઝું જીવવાની પણ આશા નથી. મારો હાથ પકડીને હવે મને આપના શરણે લ્યો. ત્યારે જ ભય નાશ થશે. કેમ જે, આપ તો કાળના પણ કાળ એવા સાક્ષાત્ પ્રભુ પ્રકટ થયા છો. ૧૬.

શ્રીહરિએ જોબનપગીને શુદ્ધ મનવાળા જોઈને તેના હાથ પકડીને નિયમ ધરાવ્યા. પછી જ્યારે જોબનપગીએ પોતાના અંતરમાં જોયું ત્યારે શ્રીહરિએ જે કહ્યું હતું તે બધું તેણે દેખ્યું. ૧૭. જોબન પગીના ભયને લીધે બીજા સહુએ પણ તે સ્થળે જ બધા વ્યસન છોડવાના નિયમો લીધા. બધા જ શસ્ત્રોનો ત્યાગ કરી દઈને હાથમાં માળા ધારણ કરી. ૧૮. તેમના ભાઈઓ અને ભત્રીજાઓ જે હતા, તેમને પણ તે બધા નિયમ ધરાવ્યા. બીજા પણ જેટલા સગા-સંબંધીઓ હતા, તેમને પણ સત્સંગના નિયમ ધરાવ્યા. ૧૯.

જોબનપગીના જગમાલ અને અમરસંગ નામે બે પુત્ર હતા, તેમને પણ પાકા નિયમ ધરાવ્યા. નારાયણગિરિ નામે એક ગોસાઈ હતા, તેમણે પણ તરત જ સત્સંગના નિયમ ધારણ કર્યા. ૨૦. કુબેરજીના જેટલા કુટુંબીઓ હતા, તે સહુએ પણ સત્સંગના નિયમ ધાર્યા. વડતાલ ગામના જેટલા લોકો આવ્યા હતા તે સહુએ નિયમ ધાર્યા. ૨૧.

શ્રીહરિની ઇચ્છા જાણીને વિશ્વકર્મા ત્યાં આવ્યા. કોઈ લોકમાં ક્યાંય ન હોય તેવી અતિશય અલૌકિક વડતાલ પુરીને સજાવી દીધી. ૨૨. વડતાલપુરીને ઘણી જ વિશાળ બનાવી. ચારે બાજુ પુરના દરવાજા કર્યા. અદ્‌ભુત કનકનો ચારે બાજુ કોટ બનાવ્યો. તે એવો સુંદર બનાવ્યો હતો કે તેનું વર્ણન કરી શકાતું નથી. ૨૩.

બુરજની શોભા ઘણી રમણીય હતી અને કાંગરા પણ બહુ જાતના અને વિચિત્ર કર્યા હતા. કોટ ઘણો ઊંચો હતો. તેને દેખતા તેનો પાર આવતો ન હતો. ૨૪. ચારે તરફના તેના દરવાજા સાત સાત માળના હતા. તેના ઉપર સોનાના કળશ ઝગમગાટ કરી રહ્યા હતા. ૨૫. તેના સ્થંભમાં સ્ફટિકમણીના ગોખ હતા. હરેક માળમાં બાર બાર અને વીશ વીશ સ્થંભ શોભી રહ્યા હતા. ૨૬. દરવાજા ઉપર બબ્બે સોનેરી નિશાન આકાશ સુધી ઊંચા હતા. બધા ગોખમાં મોતીના તોરણ બાંધ્યા હતા. ૨૭. સ્ફટિકમણિના દરવાજા હતા. જે ઝગમગ પ્રકાશ કરી રહ્યા હતા. તેનો ઘાટ અલૌકિક હતો અને તેમાં પાંચ કમાનો શોભતી હતી. ૨૮.

જે મુખ્ય રાજમાર્ગ કહેવાય, તેને મણિઓ બાંધી શણગારી દીધા હતા. શ્રીહરિને રહેવા માટેનું જે ભવન મણિમય બનાવ્યું હતું. ૨૯. તે ભવનના સાત માળ બનાવ્યા હતા. બારણાઓ અને થાંભલાઓનો કોઈ પાર ન હતો. તેમાં વિવિધ ઘાટના ચિત્રો બનાવ્યા હતા અને તેની શોભા તો વર્ણવવી અશક્ય બની હતી. ૩૦. જેટલા ગોખ અને બારણાઓ હતા તેટલા મોતીના તોરણ બાંધી દીધા હતા. મોતીના ઉલેચ ઊંચે બાંધ્યા હતા અને ઠેકઠેકાણે મણિના દીવાની રચના કરી હતી. ૩૧.

રાજમાર્ગની બંને બાજુએ સારી ઊંચી દુકાનો હતી. તે દરેક મકાન છ-છ માળવાળા હતા. તેની શોભા પણ વિચિત્ર પ્રકારની બની હતી. ૩૨. નાળિયેરના અને કેળના સુશોભિત વૃક્ષ ત્યાં રોપાવી દીધા હતા. જેટલી બજાર લાંબી હતી ત્યાં સુધી મણિના દીવા કરાવ્યા હતા. ૩૩. દુકાનોવાળા ભવનના જેટલા દરવાજા હતા તે બધાને મોતીના તોરણ બાંધ્યા હતા. વિવિધ ભાતના ચિત્રો બનાવ્યા હતા અને ધૂપ-દીપ કરીને તે ભવનોને શણગાર્યા હતા. ૩૪.

ગામમાં પણ જેટલા ભવન હતા તે બધાની ઉપર સોનેરી કળશ શોભી રહ્યા હતા. શ્રીહરિના મંદિર ઉપર તો સુવર્ણના અગણિત કળશ હતા. જેનો દેખે પણ પાર આવતો નહિ. ૩૫. રાધા અને રમા આદિક જે શ્રીહરિની શક્તિઓ કહેવાય છે તે સહુએ દિવ્યરૂપ ધારણ કરી લીધું અને સેવક બનીને સેવા કરવા લાગ્યા. ૩૬. વડતાલ પુરની ચારે તરફ રહેલા બધા ગામોમાં મુક્તો અને દેવતાઓ રહ્યા છે. તે શ્રીહરિ પોતાના મનમાં જાણતા હતા. ૩૭. વડતાલથી ઉત્તર દિશામાં બામરોલી, જ્યાં ઘણી જ ધૂળ ઊડે છે. ઈશાન કોણમાં નરસંડા ગામ છે, પૂર્વમાં કણઝરી, દક્ષિણમાં જોળગામ પશ્ચિમમાં સંજાયા અને વાયવ્યમાં આખડોલ ગામ છે. તેની શોભા કહી શકાતી નથી. ૩૮-૩૯.

અનેક બાગ બગીચાઓ ચારે બાજુ રહ્યા છે. તે સિવાય વન અને ઉપવનો તો અપાર રહ્યા છે. વાનરો અને અનેક પ્રકારના પંખીઓ ગણતરી કરે પાર ન આવે એટલા બધા છે. ૪૦. વાનર અને પંખીઓના શબ્દથી બધું આકાશ ગાજી રહ્યું હતું. શ્રીહરિ આવતા જે મંગળ વાતાવરણ થયું તેની ઉપમા કહી શકાતી નથી. ૪૧. તે સમયે ઈન્દ્ર પોતાના ઐરાવત હાથીને શણગારીને લઈ આવ્યા. તેથી સહુ લોકો આશ્ચર્ય પામ્યા અને કહેવા લાગ્યા કે ઈન્દ્ર બરાબર યોગ્ય સમયે આવી ગયા. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'શ્રીહરિ વડતાલ પધાર્યા અને ભક્તોએ સામૈયું કર્યું' એ નામે બાસઠમો તરંગ સમાપ્ત ॥૬૨॥



પૂર પાંચમું : તરંગ - ૬૩

શ્રીહરિ પોતાના રાજભવનમાં ઊતર્યા

વડતાલની ચારે દિશામાં જે ચાર સરોવર છે. તેમાં અથાહ જળ ભરેલું રહે છે અને કમળોથી તે રમણીય લાગે છે. ૧. સરોવરની ચારે તરફ જુદી જુદી જાતના ઝાડ રહ્યા છે. અપાર હંસોના અને સારસ પક્ષીઓના ટોળે ટોળા ત્યાં બેઠા હોય છે. ૨. અપાર જળકુકડાઓ સરોવરમાં નૃત્ય કરે છે. જાણે દેવગણ ગાન કરતા હોય તેમ ભમરા ગુંજારવ કરે છે. ૩. શ્રીહરિ વડતાલ ગામમાં પ્રવેશ કરવા તૈયાર થયા. મોતીના અનેક આભૂષણો પહેરીને સુંદર વેષ ધારણ કર્યો. ૪. સુંદર જરિયાની વસ્ત્રો પહેર્યા, તેનાથી મનોહર મૂર્તિ પ્યારી લાગતી હતી. જ્યારે સૂર્ય અસ્ત થયો ત્યારે સુખકારી શ્યામસુંદર શ્રીહરિએ હાથી ઉપર સવારી કરી. ૫.

તે સમયે શ્રીહરિની સાથે જે દરબારો આવ્યા હતા. તેઓ પણ પોતાની શણગારેલી બધી સવારીને ત્યાં લાવ્યા. તે સહુએ જરિયાની વસ્ત્રો અને મોતીના ઘરેણા પહેર્યા હતા. ૬. ચોપદારો નેકી પોકારતા હતા. આગળના ભાગમાં અપાર મશાલો પ્રકટી હતી. સવારીના ડંકા અને નિશાન શ્રીહરિની આગળ ચાલતા હતા. ૭. સવારીમાં અનંત શોભા રચી હતી. ત્રિલોકીમાં એવી બીજી શોભા ક્યાંય ન હતી. વિવિધ ભાતના સુશોભિત સોનેરી ઝાંઝરીવાળા ભાલા શોભતા હતા. ૮.

વિવિધ પ્રકારનાં સોનેરી વાજિંત્રો વિવિધ છટામાં વાગવા લાગ્યાં. જેટલા મહામુક્તો કહેવાતા હતા તેઓ શ્રીહરિની સાથે જ આવ્યા હતા. ૯. તે બધા શ્રીહરિની આગળ ચાલતાં ચાલતાં વેદસ્તુતિનું ગાન કરતા હતા. જેટલા હરિભક્તો આવ્યા હતા તે બાઈઓ બાઈઓમાં અને ભાઈઓ ભાઈઓમાં ચાલતાં હતાં. ૧૦. **સહુ મૂર્તિમાં ચિત્ત જોડીને સરસ રીતે મંગળ ધોળ રાગનાં કીર્તન ગાતા હતા. બીજી શોભા તો અનંત હતી પરંતુ મૂર્તિ સિવાય બીજું કાંઈ જોતા નહિ.** ૧૧. સામૈયામાં આવેલા વડતાલવાસીઓએ જ્યારે વિશ્વકર્માએ અદ્‌ભુત રીતે શોભાવેલી વડતાલ પુરી તરફ નજર કરી ત્યારે વિસ્મય પામ્યા

કે ત્રિભુવનમાં આવું કોઈ પુર નથી. તેમને ચિત્તમાં ભ્રાંતિ થઈ આવી કે, આ કઈ પુરી અહીંયાં આવીને વસી ગઈ છે ? ૧૨. આવી પુરી તો આ લોકમાં ક્યાંય નજરે જોઈ નથી. ત્યારે શ્રીહરિ પણ તે જોઈને બોલ્યા કે, અરે ! આ તો મહાઆશ્ચર્યકારી વાત બની. ૧૩.

શ્રીહરિ વડતાલમાં પ્રવેશ્યા ત્યારે રાજબજારને સુંદર રીતે મણિઓથી બનાવેલી જોઈ. ૧૪. બધાં ભવન અને દુકાનો સોનેરી અને મણિમય હતાં. ઘર તો ઘણાં ઊંચા અને સુંદર અટારી અને છજાથી ભવ્ય લાગતાં હતાં. ૧૫. સુંદર મોર, પોપટ, મેના અને કોયલ વગેરે પક્ષીઓ છજા ઉપર છવાઈ ગયાં હતાં અને એકીટશે સવારીને દેખી રહ્યાં હતાં. ૧૬. પુરની જેટલી સ્ત્રીઓ હતી, તે બધીએ દેવાંગનાઓનું રૂપ ધાર્યું હોય તેમ જણાતું હતું. અમૂલ્ય વસ્ત્રો અને આભૂષણો જે સુંદર પ્રકારનાં હતાં તે સહુએ પહેર્યાં હતાં. ૧૭. તે બધી સ્ત્રીઓ શ્રીહરિનાં દર્શન કરવા આવી હતી. સહુના હાથમાં મોતી ભરેલા થાળ હતા અને તે પાંચ માળના ભવનની અટારીમાં અને રવેશમાં આવીને ઊભી હતી. ૧૮. જ્યારે શ્રીહરિ સમીપે આવ્યા ત્યારે તે અત્યંત ઉત્સાહથી વધાવવા લાગી. મૂર્તિની ભારે અદ્ભુત રમ્યતાને દેખીને કેટલીક સ્ત્રીઓને તો પોતાના શરીરનું પણ ભાન ન રહ્યું. ૧૯.

જેટલા પુરવાસી પુરુષો હતા તે બધાએ મહાન દેવોના રૂપને ધાર્યાં હતાં. બધાએ સોનેરી વસ્ત્ર અને સોનાના અપાર ઘરેણાં પહેર્યાં હતાં. ૨૦. દુકાનોમાં અને તેની આગળ ભૂમિ ઉપર પણ અનેક લોકો ઊભા હતા. તેઓના હાથમાં કેસરચંદન અને ફૂલના હાર હતાં. શ્રીહરિ નજીક આવ્યા ત્યારે તે બધા ઘણા જ પ્રેમ મગન થઈને પૂજા કરવા લાગ્યા. ૨૧. વૃદ્ધો અને બાળકો સુધ્ધાં શ્રીહરિની પૂજા કરતાં હતાં. પુષ્કળ ગુલાલ ઉડાડાતો હતો અને બધા મુખથી 'જય જય' 'જય જય' આવો ઉચ્ચાર કરતા હતા. ૨૨. ગુલાલ તો એટલો ઝાઝો ઉડાડ્યો કે ઊંચે આકાશ અને નીચે ભૂમિ, બધું લાલ લાલ થઈ ગયું. શ્રીહરિની અપાર શોભા જોવા માટે તો બ્રહ્મા આદિક દેવો વિમાનમાં બેસીને આવ્યા. અને કેસરચંદન અને સુગંધી પુષ્પોની વારંવાર ઝડી વરસાવી. તેનાથી સમગ્ર પુરી સુગંધીમાન થઈ ગઈ. ૨૩-૨૪.

બધા ગાંધર્વો વાજિંત્ર વગાડતાં હતાં. અપ્સરાઓ આવીને નૃત્ય કરતી હતી અને અતિ પ્રેમપૂર્વક ગાન કરતી હતી. આવો મહા ઉત્સવ છવાઈ રહ્યો હતો. ૨૫. વ્યાસ આદિ ઋષિઓ સામવેદનું ગાન કરતા હતા અને ચારણો છંદ તથા કવિત બોલતા હતા. ૨૬. જેટલા બંદીજનો (સ્તુતિ પાઠકો) આવ્યા હતા તે બધા શ્રીહરિનો વિમલ યશ ઉચ્ચારતા હતા. તેઓ એટલો ઊંચો ધ્વનિ કરતા હતા કે તેનાથી આકાશ ગાજી ઊઠતું હતું. ૨૭. શ્રીહરિ ગજરાજ ઉપર બેઠા હતા. તેની જે શોભા થઈ હતી તેવી તો પહેલાં ક્યારેય બની ન હતી. ૨૮. ભાઈરામદાસજી સ્વામી અને મુક્તાનંદસ્વામી, બંને મોટેરા સદ્‌ગુરુઓને શ્રીહરિએ પોતાની સાથે હાથી ઉપર બેસાડ્યા હતા. તેઓ બંને શ્રીહરિને ચામર કરતા હતા. ૨૯. અતિશય તેજને લીધે મૂર્તિ એટલી ભવ્ય લાગતી હતી કે દર્શન કરતાની સાથે દેવો-મનુષ્યોનાં મન લોભાઈ જતાં હતાં. મૂર્તિ લોકોના ચિત્તને ચોરી લેતી હતી. આવો સમય કોઈ દિવસ આવ્યો ન હતો. ૩૦.

વિશ્વકર્માએ શ્રીહરિનો જ્યાં રાજદરબાર કર્યો હતો (પછીથી લક્ષ્મીનારાયણ દેવનું મંદિર થયું) ત્યાં સ્વયં પધાર્યા. રાજદરબારનો દરવાજો પૂર્વમુખે અતિ શોભતો હતો. ૩૧. દરવાજો સ્ફટિકમણિનો બનાવેલો હતો. તેની રમ્યતા અવર્ણનીય હતી. તેમાં અનેક પ્રકારનાં ચિત્રો કર્યાં હતાં. તેને જોઈને શ્રીહરિ ઘણું પ્રસન્ન થયા. ૩૨. જ્યારે શ્રીહરિ દરવાજા આગળ ઊતર્યા ત્યારે મોતી જડિત મોજડીઓ પહેરી. જ્યારે દરવાજાની અંદર આવ્યા ત્યાં એક મોટું મંદિર દેખાયું. ૩૩. તેને નવ નવ ગજ ઊંચા મણિ જડિત સ્તંભ ચારે બાજુએ હતા. આવા સાત માળ હતા. હરેક સ્તંભના ઉપર સોનાના કળશ હતા. ૩૪. એક એકથી નાના અને વિચિત્ર ભાતવાળા સાત કળશ હતા. અને તેમના ઉપર એક એક સોનાનું ઈંડું શોભી રહ્યું હતું. ૩૫.

શ્રીહરિના ભવનથી ઉત્તર તરફ એક ઉજ્જ્વળ મોટો મહોલ હતો. તેમાં વિચિત્ર મણિઓ જડ્યા હતા અને તેનાથી ઝગમગ ઝગમગ પ્રકાશ ફેલાઈ રહ્યો હતો. ૩૬. તેના પણ મણિજડિત અપાર સ્તંભ હતા. જે ગણી શકાય તેવા ન હતા. તેની બાજુમાં બે દરવાજા હતા જે ઘણાં જ ઊંચા હતા. ૩૭. જેટલા ભવન હતા, તે દરેકના ઉપર સુવર્ણ કળશ હતા. તેમાં બધા સંતોનો

ઉતારો કરાવ્યો. શ્રીહરિ સપોતે તો પોતાના મંદિરમાં (ભવનમાં) ઊતર્યા. ૩૮. જ્યારે ધર્મવંશીઓ શ્રીહરિનાં દર્શન માટે વડતાલ આવ્યા હતા ત્યારે બંને ભાઈઓ અને તેમના પુત્ર વગેરેને તે ભવનમાં ઊતર્યા હતા. (આ ભવન રામપ્રતાપજી મહારાજનો બંગલો હોવું જોઈએ) ૩૯. બીજા જે બંગલાઓ હતા તેમાં બધા દરબારોને ઉતારો કરાવ્યો હતો. કેટલાક ભવનમાં વર્ણીઓ ને સંન્યાસીઓ પણ ઊતર્યા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'શ્રીહરિ પોતાના રાજભવનમાં ઊતર્યા' એ નામે ત્રેસઠમો તરંગ સમાપ્ત ॥૬૩॥



પૂર પાંચમું : તરંગ - ૬૪

શ્રીહરિએ મુક્તમુનિનું નૃત્ય જોઈને તેમને મનમાની મોજ આપી

શ્રીહરિ ગઢપુરમાં જ્યારથી રહ્યા ત્યારથી કેટલીય વાર વારંવાર વડતાલ આવતા હતા. ૧. શ્રીહરિએ વારંવાર વડતાલ આવીને ફૂલદોલ અને રામનવમીના ઘણા સમૈયા કર્યા છે. તેનો ગણતા પાર આવે તેમ નથી. ૨. ભીમ એકાદશી, જન્માષ્ટમી, અન્નકોટ, પ્રબોધની એકાદશી વગેરે ઉત્સવો ઘણા કર્યા છે. ૩. તેમજ અહીં વસંતપંચમીએ ખૂબ રંગ ઉડાડીને ઘણા સમૈયા કર્યા છે. અને અપાર ગુલાલ ઉડાડ્યો છે. ૪. કેટલીએ વખત બ્રહ્મભોજન કરાવ્યું, બ્રાહ્મણોને દાન બહુ અપાવ્યાં. બ્રાહ્મણ બટુકોને જનોઈ અપાવી છે અને કન્યાદાન પણ કર્યાં છે. ૫.

કેટલાક અન્ન-વસ્ત્રથી ગરીબ વિપ્રોએ શ્રીહરિની પાસે તેની યાચના કરી હોય ત્યારે તેમને અન્ન-વસ્ત્રનાં દાન પણ બહુ દીધાં છે. અને કેટલાકને તો કરજથી પણ છોડાવ્યા છે. ૬. કેટલાક બ્રાહ્મણોને તાંબા પિત્તળનાં વાસણ અપાવ્યાં છે. બીજાં દાન વારે વારે આપ્યાં છે અને જે ગાયોનાં દાન આપ્યાં, તેનો તો કોઈ પાર જ નથી. ૭. કેટલાક વિપ્રોને ઘરનું અને ભૂમિનું પણ દાન કર્યું છે અને કેટલાયનાં કષ્ટોનું નિવારણ કર્યું છે. કેટલીક એવી વિધવા

સ્ત્રીઓ હોય કે જેને આગળ પાછળનું કોઈ જ સગું ન હોય, ૮. તેના ધર્મની રક્ષા માટે શ્રીહરિએ તેમને અન્ન અને વસ્ત્ર આદિ આપ્યાં છે.

(શ્રીહરિએ વડતાલમાં આવી ઘણી લીલાઓ કરી છે.) પોતાનું મંદિર (નિવાસનું ભવન) અને પુરીની રચના જોઈને શ્રીહરિ ઘણા ખુશ થયા. ૯. વિશ્વકર્માને પોતાની પાસે બોલાવ્યા. અને તેને અમૂલ્ય વસ્ત્ર અને ઘરેણાં પુરસ્કારરૂપમાં આપ્યાં. ત્યાંના જેટલા હરિભક્તો હતા તે સહુએ શ્રીહરિની ઘેર ઘેર પધરામણી કરી. ૧૦. પોતાને ઘેર સારી રસોઈ કરાવીને શ્રીહરિને ઘેર બોલાવીને જમાડતા. તેઓ પ્રેમથી શ્રીહરિને કેસરચંદન ચરચતા. તેમજ સંતો તથા દરબારોને પણ ચરચતા. ૧૧. બાજુબંધ, તોરા અને ફૂલોના હાર ઘણા જ પહેરાવતા. શ્રીહરિ કુબેરજીને ઘેર કેટલીય વાર પધાર્યા છે. ૧૨. વિપ્ર વનમાળી અને ગોસાઈ નારાયણગિરિને ઘેર પણ શ્રીહરિ પધાર્યા છે. ૧૩. કુંકુમ, કેસરચંદન અને હિંગળોક (ગંધક અને પારાની મેળવણીવાળો એક લાલ પદાર્થ)નાં ચરણારવિંદ કાગળ અને વસ્ત્ર ઉપર ઘણાં જ છાપી આપ્યાં હતાં. ૧૪.

શ્રીહરિ જોબન પગીને ઘેર બહુ પધારેલા અને ઘણી વાર તેમને ઘેર સભાઓ પણ કરી હતી. ૧૫. રંગ પંચમીને દિવસ શ્રીહરિએ જોબન પગીને ઘેર આવ્યા હતા અને ત્યાં કેસરી રંગ બનાવડાવ્યો. પછી તે રંગ અને ગુલાલ ખૂબ જ ઉડાડ્યો હતો. ૧૬. ત્યાં શ્રીહરિએ કાગળ અને વસ્ત્ર મગાવીને ઘણાં જ ચરણારવિંદ છાપી આપ્યાં હતાં. ત્યાં દૂકડ, સરોદ અને સિતાર મગાવીને કીર્તનગાન પણ કરાવ્યું હતું. ૧૭. (આ વખતે શ્રીહરિ આવ્યા ત્યારે જોબનપગીને ઘેર) કીર્તનગાન કરતા દોઢ પહોર રાત ગઈ (સાડા દસ વાગ્યા) ત્યારે શ્રીહરિ ઘણા જ ખુશી થયા. અને પછી તેમણે મુક્તાનંદસ્વામીને કહ્યું, આપણામાં નૃત્ય કરતાં કોઈને આવડે છે ? ૧૮. જો ઘૂઘરા બાંધીને કોઈ નૃત્ય કરે તો અમે તેને અમૂલ્ય રેટો આપીએ. ત્યારે મુક્તાનંદસ્વામીએ શ્રીહરિને રિઝવવા માટે પોતાના પગમાં ઘૂઘરા બાંધ્યા. ૧૯. ત્યારે શ્રીહરિએ જે જરિયાની ભારે રેટો બાંધ્યો હતો તે માથેથી ઉતાર્યો અને મુક્તાનંદસ્વામીને ઓઢાડી દીધો. પછી ગુલાબના હાર પહેરાવ્યા. બાજુબંધ બાંધીને મસ્તકે તોરા ધરાવ્યા. ૨૦.

પછી જ્યારે મુક્તાનંદસ્વામી નૃત્ય કરવા લાગ્યા ત્યારે શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયા. અને બીજા લોકો તો તે નૃત્યને દેખીને મૂર્છિત થઈ ગયા. મુક્તમુનિએ એવું નૃત્યુ કર્યું હતું. ૨૧. ગોલોક અને વૈકુંઠમાં રહેલી રાધા અને લક્ષ્મી વગેરે સ્ત્રીઓ દિવ્ય શરીર ધારણ કરીને ત્યાં આવી. અને આકાશમાં દિવ્ય વિમાનમાં બેસી રહી. ૨૨. તેમના જેવું નૃત્ય ત્રિભુવનમાં કોઈને આવડે નહિ. તેથી તેઓ મુક્તાનંદસ્વામીના નૃત્યને દેખીને અતિ મૂર્છિત થઈ ગઈ. ૨૩. મુક્તાનંદસ્વામીએ અતિશય ભારે નૃત્ય કર્યું. તેને જોવા માટે તો બ્રહ્મા, વિષ્ણુ, ત્રિપુરારિ શિવ અને બીજા દેવો વિમાનમાં બેસીને ત્યાં આવ્યા. અને તે નૃત્ય દેખીને વિસ્મિત થઈ ગયા. ૨૪. દેવ, ગાંધર્વો અને અપ્સરાઓ વગેરે અનંત નૃત્ય કરનારાઓ મુક્તિમુનિનું નૃત્ય દેખીને પૂતળાં જેવા જડ થઈ ગયા. ૨૫.

મુક્તમુનિએ નૃત્યના સારા સારા જે ઘણા ભેદ હતા તે બધા શ્રીહરિને દેખાડ્યા. બતાવવાનું કાંઈ બાકી રાખ્યું નહિ. ૨૬. મુક્તાનંદસ્વામી નૃત્ય કરીને જ્યારે પોતાની જગ્યાએ બેઠા ત્યારે શ્રીહરિ એકદમ ઊઠ્યા અને "ધન્ય છે, ધન્ય છે તમને !" એમ વારંવાર કહીને તેમને ભેટી પડ્યા. ૨૭. પછી શ્રીહરિએ કહ્યું, "દુર્લભમાં પણ દુર્લભ એવી જે મોજ હોય તે બોલો. આજ હું તે તમને આપું. એવો હું આજ તમારા ઉપર પ્રસન્ન થયો છું." ૨૮.

❋ મુક્તાનંદસ્વામીએ માગેલા '૧૫' સદ્‌ગુણો :

ત્યારે મુક્તાનંદસ્વામીએ બે હાથ જોડીને બોલ્યા, "હે મહારાજ ! આપ મારી વિનંતીને સાંભળો. હું આપની પાસે વારંવાર આ માગું છું, તો આપ કૃપા કરીને મને તે આપો. ૨૯.

चोपाई :

एसी की एसी मूर्ति एहा, अखंड रहो नेन आगे तेहा;
मूर्ति विन घाट न होवे कोई, एसी मोज मागत मैं सोई...३०

तव मूर्ति अरु वचन तुमारो, अनादर करे न मन हमारो;
मन को धार्‍यो होवे न कबहु, तुमारो धार्‍यो होवे सबहु...३१

देह इंद्रि अंतःकरण जेते, जीय के मित्र होई वर्तत तेते;
ताकी मित्रता होवे न कबही, इतनी मोज मागत हे अबही...३२

(૧) અત્યારે જે મને આપનાં દર્શન થાય છે, તે આપની મૂર્તિ આવી ને આવી મારાં નેત્રોની આગળ અખંડ રહે. (૨) આપની મૂર્તિ સિવાય મનમાં બીજો કોઈ ઘાટ થાય નહિ. અત્યારે હું આપની પાસે આવી મોજ માગી રહ્યો છું. ૩૦. (૩) આપની મૂર્તિ અને આપનું વચન, આ બેનો અનાદર મારું મન ક્યારેય કરે નહિ, (૪) મારા મનનું ધાર્યું ક્યારેય ન થાય અને (૫) બધું આપનું ધાર્યું જ થાય. ૩૧. (૬) દેહ, ઈન્દ્રિયો અને અંતઃકરણ તે જીવના મિત્ર થઈને વર્તે છે. તે દેહાદિક સાથે મને ક્યારેય મિત્રતા ન થાય. આટલી મોજ હું અત્યારે માગું છું. ૩૨.

(૭) આ દેહના જેટલા કુટુંબી છે તે બધા મને પરમ શત્રુરૂપ મનાય. અને (૮) સત્સંગમાં મને કુટુંબભાવ રહે. (૯) સત્સંગનો અભાવ ક્યારેય ન લઉં. ૩૩. (૧૦) નાના મોટા સત્સંગીઓ જે ધર્મકુળ, કહેતાં શ્રીહરિના જે આશ્રિત હોય અને મુખથી 'સ્વામિનારાયણ' નામ ઉચ્ચારતા હોય, આપના વિના બીજાને ન સંભારતા હોય. ૩૪. એવા જે સંતો-ભક્તો હોય તેનો સંગ મને હંમેશાં રહે. (૧૧) તેમજ સંતોની સેવામાં નિત્ય ભાવ રહે, અને (૧૨) મારા દેહનો અભાવ રહે. ૩૫. (૧૩) સંતોની સેવા બની આવે એટલો જીવમાં લાભ મનાય અને (૧૪) મારી સેવા કરાવવા માટે સંતોથી ક્યારેય મારો જીવ વિપરીત ન થાય, કહેતા મન નોખું ન પડી જાય. અર્થાત્ સંતોથી વિરુદ્ધ સંકલ્પ મન ક્યારેય કરે નહિ. ૩૬. (૧૫) શ્રીહરિ, સંત અને સત્સંગ એ ત્રણનો અભાવ લેવડાવે એવા બીજા કોઈ દેહમાં અથવા એવા દેહધારીમાં ક્યારેય ભાવ ન થાય. ૩૭. હું આટલી મોજ માગું છું. હે નાથ ! મને તે કૃપા કરીને આપો. હું હાથ જોડીને વારંવાર વિનંતી કરું છું." ૩૮. જે દુર્લભમાં અતિ દુર્લભ છે અને સારમાં પણ અત્યંત સાર છે. એવી મોજ મુક્તાનંદસ્વામીએ માગી.

ત્યારે શ્રીહરિએ મુક્તમુનિને કહ્યું, ૩૯. "જ્યારે ભક્તનું હૃદય અત્યંત શુદ્ધ થાય ત્યારે તેને હું આ મોજ દઉં છું. એ વિના કરોડો જન્મ ખોવે તો પણ

આવી મોજ બીજાને હું આપતો નથી. ૪૦. તમારું અતિ શુદ્ધ મન જોઈને હવે અમે તમને તે મોજ આપીએ છીએ. બધા મોટા મોટા આવી મોજ ઈચ્છે છે છતાં અમે કોઈને તે મોજ આપતા નથી." ૪૧. કૃપાળુ શ્રીહરિ આવું કહીને તત્કાળ ઊભા થયા અને સહુ સંતોને બાથમાં લઈને ભેટ્યા. આમ મળીને પોતાના ભવને પધાર્યા ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'શ્રીહરિએ મુક્તમુનિનું નૃત્ય જોઈને તેમને મનમાની મોજ આપી' એ નામે ચોસઠમો તરંગ સમાપ્ત ॥૬૪॥



પૂર પાંચમું : તરંગ - ૬૫

શ્રીહરિનું વડતાલની આસપાસનાં ગામોમાં વિચરણ અને બોચસણ પધારવું

શ્રીહરિની જ્યાં સુધી ઈચ્છા હતી ત્યાં સુધી વડતાલમાં રહ્યા અને લોકોને ધ્યાન, ધારણા અને સમાધિ કરાવી. ૧. આખા ચરોતર પ્રદેશનાં જેટલાં ગામ છે, તેમાં જેટલા મુમુક્ષુ જીવો રહેતા હતા તે બધાએ વ્રતમાન-નિયમ ધાર્યા. ૨. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચારે વર્ણોમાં જે મુમુક્ષુ જીવ હતા તે બધા શ્રીહરિને દેખીને તેમને શરણે થયા. ૩. તે મુમુક્ષુઓએ શ્રીહરિની વાત સાંભળીને પાખંડી ગુરુઓને સાક્ષાત્ ઓળખી લીધા. તેમને ધન, સ્ત્રી અને રસાસ્વાદ પરાયણ જોયા અને જેટલાં ફેલ અને વ્યસન કહેવાય છે તેમાં આસક્ત જોયા. ૪. તે પાખંડી ગુરુઓ સ્ત્રી અને ધનને હરવા માટે પ્રેમથી ભગવાનના ગુણોને ગાતા હતા. ૫.

તેઓ જ્યારે કથા અને કીર્તન કરતા હોય ત્યારે તેઓ ગદ્ગદ કંઠ થઈ જઈને જેટલા વિશ્વાસી લોકો હોય તેમને તેમાં પૂરો વિશ્વાસ લાવી દેતા. ૬. ભગવાનનું અને સંતોનું અતિશય માહાત્મ્ય કહીને ધન અને સ્ત્રીમાં અતિશય દોષ દેખાડતા. તે રીતે જ રસાસ્વાદમાં પણ ઘણા દોષ દેખાડતા અને તે ઉપર બીજી અનેક વાતો બનાવીને કહેતા. ૭. પાખંડીઓ સ્ત્રી, ધન અને

રસાસ્વાદનાં જેટલાં મૂળ છે, તેમાં દોષ દેખાડીને તેનો નાશ કરતા. પછી તેઓ ભગવાનની મૂર્તિ પધરાવવા મંદિર બનાવડાવીને યુક્તિપૂર્વક સ્ત્રી, ધન અને રસાસ્વાદને પોતા તરફ ખેંચી લેતા. ૮. ઘણા આશયભ્રષ્ટો 'ભગવાનની ઉપાસના કરવી હોય તો તે મંદિર વિના થાય નહિ.' આવું કહીને પછી મંદિરની સેવા માટે તે બધું ખેંચી લે, જેમાં કોઈ માણસ દોષ આપે નહિ. ૯.

શ્રીહરિની વાત સાંભળવાથી લોકોને આવા અનંત છળ દેખાવા લાગ્યા. પછી તેઓ પાખંડી ગુરુઓનો ત્યાગ કરીને પ્રકટ શ્રીહરિના ચરણોમાં અનુરાગ કરતા થયા. ૧૦. ખોટામાં સાચા સંતની આસ્થા લાવીને ત્યારે જેટલા લોકો તે ગુરુઓમાં બંધાઈ ગયા હતા. તેમને સંતોએ તે ખોટા ગુરુઓમાં અપાર દોષ દેખાડી દીધા. પછી તેમને વ્રતમાન-નિયમ ધરાવીને ભવસાગરથી પાર ઉતાર્યા. ૧૧. શ્રીહરિએ અને સંતોએ ચોરનો અને શાહુકારનો અલગ અલગ માર્ગ બતાવી દીધો. તેનાથી શાહુકારને તો આનંદ થયો, પણ જેટલા ચોર હતા તે બધા શ્રીહરિ અને સંતોને ઊલટી દૃષ્ટિથી દેખવા લાગ્યા. ૧૨. તેમણે શ્રીહરિ અને સંતોની સાથે અપાર વેર બાંધ્યું, પણ જેમ શાહુકાર ઉપર ચોરોનું તલભાર ચાલે નહિ તેમ શ્રીહરિ અને સંતો ઉપર તેમનું કાંઈ ચાલ્યું નહિ. ૧૩. જેઓ કુમાર્ગ ચલાવે છે તેઓ તો ચોરના પણ ચોર હોય છે. સત્સંગ કર્યા વિના માણસને પાપથી ભય લાગે નહિ. ૧૪.

જે લોકો અત્યંત અધર્મી હોય છે (ત્રાસવાદી કે દેશદ્રોહી જેવા) તેને સરકાર તોપને નાળચે બાંધે છે. તેઓ પોતાના પ્રાણોને ખોવે છતાં અધર્મને તો છોડે જ નહિ. ૧૫. અધમમાં અધમ તો તે છે જેને કોઈનો (શ્રીહરિ, ભવભટકણ કે જમપુરી વગેરેનો) ડર લાગતો નથી. અને એવાને સત્સંગ પણ થાય નહિ. જેને લાજ હોય તે સત્સંગ કરે છે. ૧૬. **જે સત્સંગ કરે છે તે જ મનુષ્ય છે અને જે ખોટા ફેલ કરે છે તે તો પશુ છે. અનેક પ્રકારનાં વ્યસન કરે, ભાંડ ભવાઈને જુએ, મંત્રેલા દોરા હાથે બાંધે, જે મલિન દેવી કે દેવને પૂજે, તેનું નૈવેદ્ય ખાય તથા કુસંગનો સંગ કરે, આવા જે હોય તેને મનુષ્યપશુ સમજવા.** ૧૭-૧૮. જેટલા લોકો શ્રીહરિને શરણે થયા તેમને શ્રીહરિએ આટલી વાતો કરી.

વડતાલની આસપાસનાં જેટલાં ગામ છે તે બધામાં શ્રીહરિ એક એક દિવસ ફર્યા. ૧૯. અને જે ધર્મયુક્ત લોકો હતા તે બધાને શ્રીહરિએ વ્રતમાન-નિયમ ધરાવ્યાં. તે ભક્તો જેવી રસોઈ આપતા તેને શ્રીહરિ પ્રેમથી જમતા. ૨૦. તે ભક્તો બધા કેસરચંદનથી પૂજા કરતા. અપાર ફૂલોના હાર અને તોરા વગેરે પહેરાવતા. આખો દિવસ પૂજા થયા કરતી. બધા લોકો તે દેખીને વિસ્મય પામતા. ૨૧. શ્રીહરિ જે જે ગામોમાં જતા ત્યાં બધે વાજિંત્રો વગાડીને ગામનાં તમામ નરનારી લોકો સન્મુખ આવતાં. અને 'જય જય' 'જય જય' નો ઉચ્ચાર કરતા. ૨૨. શ્રીહરિ આ રીતે બધાં ગામોમાં ફરતા ફરતા **ગાના** ગામ પધાર્યા. ત્યાં એક સુંદર સરોવર હતું. શ્રીહરિએ તે જોયું. ૨૩. ત્યાં શ્રીહરિ એક રાત રોકાયા હતા. ગાનાના હરિભક્તોએ ત્યાં રસોઈ કરાવી. બધા લોકોને હેત વધે એટલા માટે શ્રીહરિ અને સંતો સરસ રીતે જમ્યા. ૨૪. હરિભક્તોએ ઘેર ઘેર શ્રીહરિની પધરામણી કરાવી અતિ ભાવથી શ્રીહરિની પૂજા કરી અને મનમાં ઘણો ઉત્સાહ લાવીને શ્રીહરિનાં અંગો ઉપર કેસરચંદન ચરચ્યું. ૨૫.

પછી શ્રીહરિ ગાના ગામથી **મેઘવા** ગામ પધાર્યા. હરિભક્તોએ શ્રીહરિની ઘેર ઘેર પધરામણી કરાવી ભાવથી પૂજ્યા. ૨૬. ત્યાંથી સવારી લઈ ઘનશ્યામ શ્રીહરિ **વ્યારા** ગામ પધાર્યા. હરિભક્તોએ શ્રીહરિને ઘેર ઘેર પધરાવી પૂજા કરી. ૨૭. વ્યારાથી શ્રીહરિ **બોચાસણ** ગામ પધાર્યા. ગામના બધા હરિભક્તોએ સામૈયું કર્યું. ૨૮. કાશીદાસ નામે ત્યાંના આગેવાન હરિભક્ત હતા. તેઓ આવીને શ્રીહરિના ચરણોમાં પડ્યા. અને પછી અપાર વાજિંત્રો વગડાવતા પોતાને ઘેર લઈ ગયા. ૨૯. શ્રીહરિનું અત્યંત સન્માન કર્યું. સારાં પકવાન કરાવીને શ્રીહરિને જમાડ્યા. ૩૦.

❋ બોચાસણના કાશીદાસભાઈના સદ્‌ગુણો :

અને સંતો અને દરબારોને પણ પ્રેમથી જમાડ્યા. કાશીદાસભાઈ પ્રેમી ભક્ત હતા. તેથી તેઓ પ્રેમથી જમાડવાની સરસ રીત જાણતા. ચરોતરમાં અનંત હરિભક્તો થયા છે. તેમાં સર્વથી શ્રેષ્ઠ ગુણવાન હરિભક્ત કાશીદાસભાઈ હતા. ૩૧.

તેઓ શ્રીહરિની બધી જ ક્રિયા અને ચરિત્રોને દિવ્ય સમજતા. એવો તેમને દિવ્યભાવ રહેતો. અને સંતો-ભક્તોને પણ દિવ્ય જ જાણતા, પણ તેમનામાં ક્યારેય પ્રાકૃતભાવ લાવતા નહિ. ૩૨. ધર્મકુળ કહેતા શ્રીહરિના આશ્રિત જેટલા સંતો અને હરિભક્તો કહેવાય છે તેમાં તેઓ ક્યારેય દોષ દેખતા નહિ. સર્વકાળમાં તેમને એક સરખી મતિ-ભાવના રહેતી. ૩૩. તેઓ કોઈને પોતાના શત્રુ તરીકે દેખતા નહિ. સહુને તેઓ મિત્ર જ માનતા. કદાચ કોઈ માણસ પોતાનું બુરુ કરે તો પણ તેઓ ક્યારેય તેનું બુરુ ઈચ્છતા નહિ. ૩૪. જેટલા સર્વોત્તમ સાધુતાના ગુણ કહેવાય તે બધા તેમનામાં સહજ સ્વભાવે વર્તતા હતા. જ્યારથી તેમને સત્સંગ થયો ત્યારથી તેમનામાં આવા દિવ્યગુણો આવવા લાગ્યા. ૩૫.

કદાચ કોઈ કરોડ જન્મ સુધી જપ-તપ કર્યા કરે તો પણ તેમાં આવા સદ્‌ગુણ ન આવે. અંબરીષ રાજા, પ્રહ્લાદજી અને જનકરાજા, તેમના કરતાં પણ કાશીદાસભાઈમાં સદ્‌ગુણો વધારે હતા. ૩૬. ઉદ્ધવજીમાં જે ગુણ હતા, તે બધા તેમનામાં સહેજે વર્તતા હતા. તેમના કરતાં પણ સોરઠ દેશના હરિભક્ત પર્વતભાઈ અધિક હતા. ૩૭.

સોરઠ દેશના હરિભક્ત ઝીણાભાઈ ઘણા ગુણવાન હતા. તેમને હરિભક્તોનો અને સંતોનો અતિશય પક્ષ હતો અને કુસંગની સામે તો તેઓ સિંહના સમાન રહેતા. ૩૮. મયારામ ભટ્ટ પણ ઘણા સમર્થ હરિભક્ત હતા. તેઓ ધર્મનિષ્ઠ અને આત્મનિષ્ઠ હતા. તેઓએ ધર્મનિષ્ઠા અને આત્મનિષ્ઠા છેલ્લા શ્વાસ સુધી દૃઢ રાખી હતી. ૩૯. અને દાદા ખાચર તો સર્વે હરિભક્તોમાં અધિક થયા હતા. કેમ જે, તેઓએ પોતાનું સર્વસ્વ શ્રીહરિને અર્પણ કર્યું અને નિરંતર શ્રીહરિની સેવામાં રહ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'શ્રીહરિનું વડતાલની આસપાસમાં વિચરણ અને બોચાસણ પધારવું' એ નામે પાંસઠમો તરંગ સમાપ્ત ॥૬૫॥



પૂર પાંચમું : તરંગ - ૬૬

શ્રીહરિએ બોચાસણના કાશીદાસની ભાવનાઓ પૂરી અને સદ્‌ગુણો કહ્યા

કાશીદાસભાઈ શ્રીહરિના મહાન ભક્ત હતા. તેઓએ જે જે મનોરથ ચિંતવ્યા હતા તે બધા શ્રીહરિએ પૂરા કર્યા. ૧. જ્યારે શ્રીહરિ દૂર દેશમાં વિચરતા હોય ત્યારે કાશીદાસભાઈને જો શ્રીહરિનાં દર્શન કરવાની ઇચ્છા થાય તો શ્રીહરિ તેમના ઘેર જઈને સાક્ષાત્ દર્શન આપતા. ૨. આપણા સત્સંગમાં આવા સર્વોત્તમ હરિભક્તો તો અગણિત છે, પણ તેમાંથી જે જે પ્રસિદ્ધ હતા તેને મેં અહીં કહ્યા છે. ૩. જ્યારથી બાઈઓ અને ભાઈઓને સત્સંગ થતો ત્યારથી તેમનાં અંગ અતિ શુદ્ધ થઈ જતાં અને વિષયની અભિલાષા ઝેર સમાન થઈ જતી. ૪. શ્રીહરિ જ્યારે પ્રકટ થાય છે ત્યારે અનંત પ્રતાપ દેખાડે છે. જે મુમુક્ષુ જન હોય, તેને તે પ્રતાપ દેખાય છે, પણ બીજાને તે પ્રતાપ દેખાતો નથી. ૫.

✽ પ્રભુ પ્રગટ હોય ત્યાંથી દોષો ભાગે :

શ્રીહરિ જે ઠેકાણે જ્યારે પ્રગટ હોય છે ત્યારે ત્યાં અધર્મનું કશું જોર ચાલતું નથી. અને જેટલા વિષયમાત્ર કહેવાય છે તેમાં સાર જણાતો નથી. ૬. કામ, ક્રોધ, લોભ અને ઈર્ષ્યા ઇત્યાદિ અપાર દોષો છે, તેનું બળ પણ ત્યાં લગારેય રહેતું નથી. જેટલાં વ્યસન માત્ર કહેવાય છે તેનાથી બધા અભાવ યુક્ત વર્તતા હોય છે. ૭. **શ્રીહરિ વિના બીજો કોઈ રાગ થાય નહિ. સ્વપ્નમાં પણ વિષય સન્મુખ જુએ નહિ. જ્યારે આવું વર્તન થાય ત્યારે શ્રીહરિનો સાચો યોગ થયો કહેવાય. ૮. જેને શ્રીહરિમાં ભાવ થાય તેને પિંડ-બ્રહ્માંડનો અભાવ વર્તે છે. જેના જીવનમાં શ્રીહરિ જ મુખ્ય હોય તેને ચિત્તમાં કોઈ વિષય ભાવે નહિ.** ૯. તે શ્રીહરિથી અધિક કોઈને દેખે નહિ. હંમેશાં પ્રસન્ન મન થઈને જ રહે. નિરંતર સત્સંગનો સંગ જ ઇચ્છે. સત્સંગનો વિયોગ થાય એવો કોઈ ઠેરાવ ન કરે. ૧૦.

શ્રીહરિએ જેને મોક્ષપદ આપ્યું છે, એવા સંતોને સદા આધીન રહે છે, તેનાથી ક્યારેય પ્રતિકુળ ચાલતા નથી. તે જેમ વાળે તેમ જ વળે છે. ૧૧. આ સત્સંગ સર્વેનું મૂળ છે. માટે મુખ્યપણે તેનો સંગ રાખવો. શ્રીહરિની જે ગાદી છે તે ધ્રુવપદના જેવી અચલ અને દૃઢ છે. ૧૨. સદ્‌બુદ્ધિવાળા મુમુક્ષુએ વિચાર કરવો જોઈએ કે બ્રહ્માંડમાં ફેરફારો થઈ જાય છે તો પણ ધ્રુવપદમાં ફેરફાર થાતો નથી. ૧૩. શ્રીહરિની ગાદિનો જેને દૃઢ પક્ષ રહે છે તેને માન મળે કે અપમાન મળે તો પણ તેને સદા માન જ છે. ૧૪. બીજા લોકો અતિશય માન આપે, **અનંત પ્રકારનાં ખાન-પાન આપે તે બધું જેને ઝેર સમાન લાગે તે જ દૃઢ સંત અને સત્સંગી છે.** ૧૫. **મોક્ષ સિવાયનું અનંત બ્રહ્માંડોનું જે અપાર સુખ છે તે બધાના માટે છે. તે સુખને જીવે વારંવાર ભોગવ્યું છે છતાં કંગાળનો કંગાળ રહ્યો છે.** ૧૬.

✵ ભગવદ્‌સુખ પ્રાપ્તિનો ઉપાય :

चोपाई :

हरि को सुख तजीके जेहा, ओर सुख आसक्त होत तेहा;
तिहाँ लग दुःख कहावत जेते, भुक्तन परत ताकुं सब तेते...१७

जितनो सुख कहावत जेहु, हरि भजे में एक मिलत तेहु;
अब हि दुःख सहन करे जाई, हरि के वचन में वरति ताई...१८

सो दुःख से सुख मिलत अपारा, फेर न दुःख होवे कोउ वारा;
हरि भजे अति दुःख अब जाकुं, अति सुख आपत श्रीहरि ताकुं...१९

જ્યાં સુધી જીવ શ્રીહરિનું સુખ તજી દઈને બીજા સુખમાં આસક્ત થાય છે. ત્યાં સુધી તેને જેટલાં દુઃખ કહેવાય છે તે બધાં ભોગવવાં પડે છે. ૧૭. જે કાંઈ સુખ કહેવાય છે તે એક શ્રીહરિને ભજવાથી જ મળી જાય છે. અત્યારે જે દુઃખ સહન કરીને પણ શ્રીહરિની આજ્ઞામાં વર્તે છે, તેને તે દુઃખ સહન કરવાથી અપાર સુખ પ્રાપ્ત થાય છે અને તેને ફરીથી ક્યારેય દુઃખ આવતું નથી. શ્રીહરિને ભજતા જેને અત્યારે અતિ દુઃખ હોય તેને શ્રીહરિ અતિશય સુખ આપે છે. ૧૮-૧૯.

જેને અતિશય સુખ મળવાનું હોય છે તેને દેવતાઓ દુઃખરૂપ વિઘ્નો કરે છે. જો ભક્ત તે દુઃખને મનમાં ક્યારેય ગણકારે નહિ ત્યારે તો તેણે બધા જ દેવોને જીતી લીધા છે. ૨૦. તેવા ભક્તને દેવો ફરી વાર ક્યારેય વિઘ્ન કરતા નથી, એટલું જ નહિ પરંતુ તે બધા દેવો તે ભક્તને આધીન જ વર્તે છે. જેને પરિપક્વ જ્ઞાન હોય તેને આ વાત સમજાય છે. ૨૧. કાશીદાસભાઈ પાકા હરિભક્ત થયા હતા, તેથી શ્રીહરિ તેમને હજૂર રહેતા હતા; પણ જેટલાં દુઃખ કહેવાય છે તે બધાં કાશીદાસભાઈ સત્સંગી થયા પછી તેમને આવીને નડ્યાં. ૨૨.

તે દુઃખો ટાળવાને માટે તેમણે શ્રીહરિની કોઈ પ્રકારે પ્રાર્થના કરી ન હતી. તેમજ કોઈ દેવ કે મનુષ્યની પાસે પણ કાંઈ માંગણી કરી ન હતી. એકમાત્ર શ્રીહરિમાં જ સ્નેહ રાખ્યો હતો. ૨૩. તેમણે ભગવાન શ્રીહરિને અનંત સુખમય જાણ્યા હતા. તેથી દુઃખને લેશ પણ ગણકારતા નહિ. જેમ જેમ દુઃખ આવે તેમ તેમને અતિ ઉત્સાહ જ વધતો, પણ તેનાથી મનમાં ક્યારેય ક્લેશ નહોતો થયો. ૨૪. તેઓ હિત અને અહિત બંનેને જાણતા હતા છતાં તેમણે શ્રીહરિનો, સંતોનો, સત્સંગનો અને કુસંગનો પણ ક્યારેય અભાવ લીધો નહિ. ૨૫.

તેઓ રાજ્યસરકાર સાથે કામકાજ કરતા, પણ સત્સંગને અને ધર્મને મુખ્ય રાખીને જ કરતા. મોટા મોટા રાજાઓ પણ કાશીદાસભાઈની ધીરજ દેખીને તેમને વશ થયા હતા. ૨૬. તેઓ પાકા સત્સંગી હતા. તેમના સમાન બીજા કોઈ ન હતા. તેમનું વર્તન જ એવું કહી દેતું હતું કે તેમને પ્રગટ ભગવાન મળ્યામાં કોઈ સંદેહ નથી. ૨૭. જગતના લોકો પણ કાશીદાસભાઈનું એવું વર્તન જોઈને ભલે તેઓ સત્સંગના અતિશય દ્રોહી હોય તો પણ તેમને સાચા સત્સંગી કહેતા. ૨૮. સાધુતા અને અસાધુતા એ બંને ગુણો વર્તનમાં દેખાઈ આવે છે. જેનું જેવું વર્તન લોકો જુએ તેવા તેના ગુણ કહે છે. ૨૯. ભગવાનના જિવાડ્યા જ બધા જીવતા હોય છે. છતાં જ્યારે ભગવાન પ્રગટ વિરાજમાન હોય ત્યારે તેઓ જો વારે વારે કડવું વેણ કહે તો તે ભગવાન પણ કોઈને સારા લાગતા નથી. ૩૦.

✵ કટુ વચનથી દુઃખ :

(તે કટુ વચન સાંભળ્યા પછી) તેમને મોક્ષના દાતા જાણતો હોય તો પણ તે મનુષ્ય તેમનો દ્રોહ કરે છે. **કટુ વચનમાં જેવું ઝેર છે તેવું ઝેર તો કોઈ ઝેરમાં નથી.** ૩૧. પાંડવો ભગવાનના શ્રેષ્ઠ ભક્ત હતા. તેઓ (દ્રોપદી) એક જ વાર કટુ વચન બોલ્યા તો તેને પરિણામે કુરુક્ષેત્રમાં મહાભારતનું યુદ્ધ થયું. ત્યારે ભગવાને પાંડવોની ઘણી સહાય કરી હતી. ૩૨.પાંડવોથી કટુ વચન તો લગારેક જ બોલાયું હતું પણ તેનું દુઃખ તો પારાવાર આવ્યું હતું. અને જેઓ વારંવાર કટુ વચન બોલે છે તેની ભગવાન સહાય કરતા નથી. ૩૩. જે વારંવાર કડવું વેણ બોલે છે તેના મૃત્યુ પછી યશ રહેતો નથી. ઊલ્ટાનું મનુષ્યમાત્ર તેની નિંદા કરતા હોય છે. કડવાં વેણ સાંભળીને તો દુનિયામાં અપાર નરનારીઓ મરણ પામે છે. ૩૪.

કટુ વચનથી કોઈનું મરણ થયું હોય ત્યાં તે કટુ વચન બોલનારાને ગરીબ માનવો નહિ. કેમ જે, તે પોતાના અહંકારને કારણે જ કટુ વચન બોલ્યો છે. હત્યા કરવાની રીત એક જ નથી. તેની તો નિર્મમતા (ક્રુરતા, કટુ વચન) આદિ અનેક રીતો છે. ૩૫. જ્યારે કોઈનું મોત નજીક આવ્યું હોય ત્યારે જ દૈવ કોઈને કડવું વચન બોલાવડાવે છે. કડવું વચન જે બોલવું તે વગર મોતે મોત જ છે. એમ સમજવું. ૩૬. જેને કટુ વચન બોલવામાં લાભ મનાઈ ગયો હોય તેની ધન-સંપત્તિનો નાશ થાય કે તેના પ્રાણનો નાશ તો પણ તે કટુ વચન બોલવાનું તજતા નથી. ૩૭. જે કટુ વચન બોલવાની શરૂઆત કરે છે તે પોતાના જીવને જ હણે છે. જેની પાસે અતિશય ધન (વગેરે) હોય તેનો મદ તેના વચનમાં આવે છે. ૩૮. ધન અને મોટપ, એ બે પાત્રતા વિના ટકતાં નથી. જ્યારે માથે કોઈનો ભાર-દાબ ન હોય ત્યારે તે નિધડક થઈને કટુ વચન બોલે છે. ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'શ્રીહરિએ બોચાસણના કાશીદાસની ભાવનાઓ પૂરી અને સદ્‌ગુણોને કહ્યા' એ નામે છાસઠમો તરંગ સમાપ્ત ॥૬૬॥



પૂર પાંચમું : તરંગ - ૬૭

સત્સંગમાં સાંખ્યયોગી બહેનોની રીત કહી અને શ્રીહરિ ઊંટવાડાથી બુધેજ પધાર્યા

બોચાસણના હરિભક્તોનો જેવો ભાવ હતો તે પ્રમાણે શ્રીહરિને પૂજ્યા. પછી શ્રીહરિ બધી સવારી અને સંતોને સાથે લઈને બોચાસણથી ચાલ્યા. ૧. અને **સુંદરણા** ગામ આવ્યા. ત્યાં રઘુનાથદાસ નામે હરિભક્ત હતા. તેઓ મનમાં ઘણા ખુશ થઈને શ્રીહરિની સન્મુખ આવ્યા. ૨. સૂર્યોદય થવાને સમયે ગામના બીજા હરિભક્તો હતા તે બધા પણ સન્મુખ આવ્યા. અને આવીને શ્રીહરિના ચરણોમાં નમી પડ્યા. ૩. શ્રીહરિનાં દર્શન કરીને તે બધા હરિભક્તોના હૃદયમાં ઘણો જ આનંદ થયો. શ્રીહરિને અનંત બ્રહ્માંડોના અધિપતિ સમજીને પોતાને ઘેર પધરાવ્યા. ૪.

સુંદરણા ગામમાં જેટલા હરિભક્તો હતા તે સહુએ શ્રીહરિને ઘેરઘેર પધરાવ્યા. પછી રસ-રોટલીની રસોઈ કરાવીને શ્રીહરિને ખૂબ જ પ્રેમથી જમાડ્યા. ૫. ભીમ એકાદશીનો ઉત્સવ શ્રીહરિએ બોચાસણમાં કર્યો હતો. ત્યાં દસ દિવસ રોકાયા હતા. ઘનશ્યામ શ્રીહરિ ત્યાં કેરીનો રસ અને રોટલી ખૂબ જ જમ્યા હતા. ૬. અને સંતોને પણ ખૂબ જ પ્રેમથી સારી રીતે જમાડ્યા હતા. આ રીતે દસ દિવસ સુધી બોચાસણમાં કેરીના રસનો ઉત્સવ કર્યો. તે જોઈને હરિભક્તો બહુ રાજી થયા હતા. ૭. સદ્‌ગુરુ રામાનંદસ્વામી ધામમાં ગયા ત્યારથી અત્યાર સુધીમાં આવો (આમ્ર) રસોત્સવ ક્યારેય થયો ન હતો. સુંદરણામાં હરિભક્તો જેટલી કેરી લાવ્યા હતા તે પ્રમાણે શ્રીહરિ કેરી જમ્યા અને સહુને જમાડી. ૮. જેને જેવો ભાવ હતો તે પ્રમાણે સહુ હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી.

પછી ત્યાંથી શ્રીહરિ ચાલી નીકળ્યા, તે **ઊંટવાડા** ગામ આવ્યા. ૯. જોઈતા પગી નામે એક પાકા સત્સંગી ત્યાં રહેતા હતા. સમાચાર સાંભળીને તે જોઈતા પગી તુરંત ત્યાં સામે આવ્યા. ૧૦. દોડીને શ્રીહરિના ચરણોમાં પડ્યા. તેઓ ગદ્‌ગદ્ કંઠ થઈ ગયા. આંખોમાંથી હર્ષનાં આંસુ વહેવા લાગ્યાં.

બધા સંતોને પણ દોડીને પગે લાગ્યા. તેમના મનમાં ઘણો જ ઉત્સાહ હતો. ૧૧. તેમણે ઘણાં વાજિંત્ર વગડાવ્યા. અને શ્રીહરિને પોતાને ઘરે પધરાવ્યા. પછી ત્યાં એક સુંદર પલંગ બિછાવી દીધો. સુખદાયક શ્યામસુંદર શ્રીહરિ ઊંટવાડામાં એક રાત રોકાયા. ૧૨. જોઈતા પગી અતિ મીઠી અપાર કેરીઓ લઈ આવ્યા. પછી શ્રીહરિ, સંતો અને દરબારોને ખૂબ જ આગ્રહ કરીને જમાડ્યા. ૧૩. શ્રીહરિને કેરીઓ બહુ ભાવતી એટલે વારંવાર જમતા. તે દેખીને હરિભક્તો ખૂબ જ રાજી થતા. ૧૪.

જોઈતા પગીનું આખું કુટુંબ સત્સંગી થયું. દેથલી વાસમાં જે રહેતા હતા તે બધા પણ નિયમ ધારીને સત્સંગી થયા. ૧૫. ત્યાં એક બે બાઈઓએ સાંખ્યયોગીના નિયમ રાખ્યા હતા. તેમણે પોતાના પરણેલા પુરુષનો ત્યાગ કર્યો હતો. તેઓ પોતાના પિતા અને બંધુ સિવાયના કોઈ પણ પુરુષ સાથે બોલતી નહિ. ૧૬. તે બંને ગઢડામાં જીવુબા અને રાજબાઈના સત્સંગમાં રહી હતી. તેમની વાતો સાંભળ્યા પછી તરત જ માતાપિતાને પૂછીને તે ત્યાગી થઈ હતી. ૧૭. જે બાઈઓ ત્યાગી થતી, તે માતા-પિતાની આજ્ઞા લીધા પછી થાતી. કેટલીક બાઈઓ તો પોતાના પુરુષને જ્ઞાનવાર્તા કરી સમજાવતી. ૧૮. અને પછી તેની રજા લઈને ત્યાગી થાતી. તેથી તેમની કોઈ ઉપાધિ થતી નહિ. જો કેટલીક બાઈઓને ઉપાધિ થાય તો તેનાં માતાપિતા તે કલેશને શમાવી દેતાં. ૧૯.

કેટલીક બાઈઓ માતા-પિતાની સાથે ઘેર રહીને જ પ્રેમથી શ્રીહરિનું ભજન કરતી. જેટલા રસમાત્ર કહેવાય છે તેનો ત્યાગ કરીને શ્રીહરિનું ભજન કરતી. ૨૦. ત્યાગી સંતોના જે ધર્મો છે તેને ઘરમાં રહીને રાખતી. ધારણા-પારણા નામનું વ્રત તેઓ વારંવાર કરતી. ૨૧. તે ત્યાગી બહેનો લૂખું અને કોરું અન્ન દિવસમાં એક વાર ખાય અને તેમાં પણ બારે માસ વારે વારે ઉપવાસ કરતા. ૨૨. જ્યારે ચાતુર્માસ આવે ત્યારે ચાંદ્રાયણ વ્રત કરતા. ચાંદ્રાયણના ઘણા પ્રકાર છે તેમાં જે સારું લાગે તે કરતા. ૨૩. પોતાના સામર્થ્યનો વિચાર કરીને એક ચાંદ્રાયણ તો ચોક્કસ કરતા. જિંદગીભર ભૂમિ ઉપર સૂતા અને ત્યાગની જ વાતો કરતા રહેતા. ૨૪. દેહમાં કે દેહના સગા-સંબંધીઓમાં ક્યારેય રાગ ન રાખતા. તેમના હાણ-વૃદ્ધિ, સુખ-દુઃખમાં સદા

તેઓ ત્યાગ રાખતા. ૨૫. જેમ જેમ દેહને કષ્ટ પડે તેમ તેમ મનમાં ઉત્સાહ રહેતો. અક્ષરધામની દિવ્યમૂર્તિ અખંડ તેની પાસે જ રહેતી. ૨૬.

❋ મોટીબાના સદ્‌ગુણો અને મોટાઈ :

ગઢપુરનાં મોટીબા ખૂબ બળિયા હતાં. તેઓ સૌ પ્રથમ ત્યાગી થયાં હતાં. સત્સંગ થયા પછી તેઓ અતિ સમાધિનિષ્ઠ થયાં હતાં. ૨૭. **તેઓ અહોનિશ શ્રીહરિના અક્ષરધામમાં જ રહેતા અને અત્યંત નિષ્કામભાવે શ્રીહરિની સેવા કરતા.** ૨૮. જેટલા સકામ ભક્તો કહેવાય છે તે બધા ગોલોક ધામમાં રહે છે. જે પોતાના આત્મસ્વરૂપનું અને શ્રીહરિના સ્વરૂપનું સુખ ઈચ્છે તે સકામ ભક્ત કહેવાય છે. ૨૯. અને **જે શ્રીહરિના સુખે સુખી રહે તેને અમે (આધારાનંદ) નિષ્કામ ભક્ત કહીએ છીએ. આવા જેટલા નિષ્કામ ભક્તો છે તે બધા અક્ષરધામમાં રહે છે.** ૩૦.

જે બાઈ જેવી મુમુક્ષુ જણાય, તેવી વાત જીવુબા તેની આગળ કરતાં. તેઓ બીજાના આત્માને પણ દેખતાં. ભગવાનની ઈચ્છાથી તેઓ સિદ્ધગતિ પામ્યાં હતાં. ૩૧. રાજબાઈ પણ જીવુબાની વાતો સાંભળીને તેવી જ સાક્ષાત્ સિદ્ધગતિ પામ્યાં હતાં. સુજ્ઞ એવા તેઓ પોતાના હૃદયમાં શ્રીહરિનું ધ્યાન ધરીને અતિ સામર્થ્ય પામ્યાં હતાં. ૩૨. જેટલી સત્સંગી બાઈઓ કહેવાય છે તે બધી પરિપક્વ હરિભક્ત થઈ હતી. તેઓ જ્યારે અંત સમયે દેહત્યાગ કરતી તેને જીવુબા અંતર દૃષ્ટિ દ્વારા દેખતાં. ૩૩. **ત્યારે જીવુબા શ્રીહરિની મૂર્તિ સાથે આવીને તે ભક્ત સ્ત્રીના આત્માને અક્ષરધામમાં પહોંચાડી દેતાં. રાજબાઈ પણ તેવા થયાં હતાં.** કોઈ સાંખ્યયોગી બાઈ જ્યારે દેહત્યાગ કરતાં ત્યારે તેઓ શ્રીહરિની મૂર્તિની સાથે જઈને તેના આત્માને અક્ષરધામમાં પહોંચાડતાં. સત્સંગમાં આવી અલૌકિક રીત વર્તતી હતી. તેનો પાર લઈ શકાય તેમ નથી. ૩૪-૩૫.

જોઈતા પગી અત્યંત પ્રેમી અને ઉદાર ભક્ત હતા. તેમણે પરમ હેતથી કેસરચંદન લઈ સરસ રીતે શ્રીહરિને વારંવાર પૂજ્યા. ૩૬. પછી શ્રીહરિ ઉંટવાડાથી નીકળીને **બુધેજ** આવ્યા. ત્યારે સોનેરી સાજથી સજેલી અપાર

સવારી સાથે હતી. તેની શોભાનો કોઈ પાર ન હતો. ૩૭. એક હરિભાઈ, બીજા હઠીભાઈ અને ત્રીજા જીભાઈ, એ ત્રણે ભાઈઓ શ્રીહરિની સન્મુખ આવ્યા. ૩૮. તે ત્રણેને એક એક પુત્ર હતા. તેઓ ઘણા શૂરવીર ભક્ત હતા. એક વિચક્ષણ ખોડાભાઈ, બીજા તેજાભાઈ અને ત્રીજા વિહાભાઈ હતા. ૩૯. તેમના પૌત્ર મહા બળવાન હરિભક્ત થયા હતા. તે સહુ સત્સંગના નિયમોથી યુક્ત હતા. તેઓ બધા શ્રીહરિની સન્મુખ આવ્યા. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'સત્સંગમાં સાંખ્યયોગી બહેનોની રીત કહી અને શ્રીહરિ ઉંટવાડાથી બુધેજ પધાર્યા' એ નામે સડસઠમો તરંગ સમાપ્ત ॥૬૭॥



પૂર પાંચમું : તરંગ - ૬૮

સત્સંગમાં વિચરતા શ્રીહરિ પીપળીમાં દરબાર દાદાભાઈને ઘેર પધાર્યા

બુધેજના હરિભક્તો આવીને શ્રીહરિના ચરણોમાં પડ્યા. જેને જેવો ભાવ હતો તેને તેવાં દર્શન થયાં. ૧. અને શ્રીહરિએ પણ તેમની જેવી ભાવના હતી તે પ્રમાણે બોલાવ્યા. તેથી સહુએ શ્રીહરિને નિશ્ચિત રૂપમાં ભગવાન જાણ્યા. શ્રીહરિને ગામમાં પધરાવ્યા અને ઘણું સન્માન કર્યું. ૨. મનના અપાર હરખથી અત્યંત વાજિંત્રો વગડાવ્યાં. બજારોને વિચિત્ર રીતે શણગારી. તેમજ હરેક દરવાજે તોરણ બાંધ્યાં. ૩. જેટલા હરિભક્તો હતા ત્યાં ઘેર ઘેર શ્રીહરિને પધરાવ્યા. વિવિધ રીતે ધૂપ, દીપ અને આરતી કરીને પૂજા કરી. ૪. હરિભાઈ, હઠીભાઈ અને જીભાઈ, એ ત્રણે ભાઈઓને ઘેર શ્રીહરિ રહ્યા. ત્યાં એક સુંદર પલંગ બિછાવી દીધો. તેના ઉપર આવીને શ્રીહરિ બેઠા. ૫.

પછી સંતોની અને દરબારોની મોટી સભા થઈ. ત્યારે ગામના સૌ હરિભક્તો પણ સભામાં બેઠા. તે સમયે ભાલબારાના હરિભક્તો શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા. ૬. પછી શ્રીહરિએ કથા-કીર્તન કરાવ્યા. અને સહુ ભક્તોને આનંદ આનંદ કરી દીધો. ભાલબારા પ્રદેશનાં જેટલાં ગામોમાં હરિભક્તો રહેતા હતા. ૭. તેમાંથી જે જે ગામના હરિભક્તોએ શ્રીહરિને

તેડાવ્યા તે તે ગામમાં શ્રીહરિ બધા સંતો અને સવારીને સાથે લઈને અતિ ઉમંગથી પધારતા. ૮.

ત્યાંથી શ્રીહરિ ભાલદેશમાં **પીપળી** ગામે આવ્યા. ત્યારે ત્યાંના ક્ષત્રિય દરબાર દાદાભાઈ વણાર શ્રીહરિની સન્મુખ આવ્યા. ૯. બીજા એક દાદાભાઈ નામે ચારણ હરિભક્ત હતા તેઓ પણ સામે આવ્યા. અને કેટલાક ગામલોકો પણ આવીને શ્રીહરિના ચરણમાં પડ્યા. ૧૦. તેમજ મનમાં અતિ આનંદ પામીને સંતોના ચરણમાં પણ નમી પડ્યા. શ્રીહરિને પીપળી ગામમાં પધરાવ્યા. અનેક પ્રકારના વાજિંત્રો વગડાવ્યા. ૧૧.

ગામની રાજબજારોને સુંદર રીતે શણગારી. ભવનના દરેક દરવાજે કેળના સ્તંભ રોપાવ્યા. અને મોતીના તોરણ બંધાવ્યા. ૧૨. શ્રીહરિ પીપળીમાં સંધ્યા વખતે આવ્યા હતા. બધા સોનેરી શણગાર ધારણ કર્યા હતા. સંતો પણ સાથે જ હતા. ડંકા, નિશાન વાગતા. ૧૩. બહુ પ્રકારે મશાલો પ્રકટાવી અને અનંત દીવાઓ કર્યા. તે રાત દીવાઓને લીધે દિવાળીની રાતના જેવી શોભા સંપન્ન થઈ હતી. ૧૪. ધર્મકુમાર શ્રીહરિને વધાવવાને માટે ગામની બધી સ્ત્રીઓ મોતીના થાળ ભરી ભરીને ભવનના ગોખ અને અટારીઓ ઉપર ઊભી હતી. ૧૫. ગામના જેટલા લોકો હતા તે બધા દર્શન કરવા બજારમાં ઊભા હતા. તેઓ બંને હાથ જોડીને હૃદયના હેતના ઊમળકાથી શ્રીહરિને નમસ્કાર કરતા હતા. ૧૬.

રાજદરબારમાં જે ભવનો હતા તેને અનેક પ્રકારના શણગારોથી શણગાર્યા હતા. ભવનોના થાંભલા સોનેરી હતા અને તે અતિશય ઊંચા હતા. ૧૭. તે ભવનમાં શ્રીહરિને ઉતારો આપ્યો હતો. ત્યાં અદ્‌ભુત રીતે શોભા કરી હતી. ત્યારે શ્રીહરિને સોનેરી હિંડોળામાં બેસાડ્યા. ૧૮. સંતોને અને હરિભક્તોને ઉતારા અપાવ્યા. અનંત બ્રહ્માંડના અધિપતિ પુરુષોત્તમ પોતાને ઘેર પધાર્યા હોવાથી સૌના મનમાં ખૂબ જ ઉત્સાહ હતો. ૧૯. રાજા દાદાભાઈના મનમાં અતિશય ઉત્સાહ હતો. તેઓ શ્રીહરિની પાસે આવીને બેઠા. તેમણે વર્ણી પાસે રસોઈ કરાવી.પછી રસોઈ તૈયાર થઈ ત્યારે સુખદાયક શ્રીહરિ જમવા ઊઠ્યા. ૨૦.

શ્રીહરિએ એક પીતાંબર પહેર્યું. પ્રવિણ શ્રીહરિ ચરણોમાં ચાખડીઓ પહેરી જમવા પધાર્યા ત્યારે વર્ણીએ જળથી ચરણ ધોયા અને રૂમાલથી કોરા કર્યા. સોનાનો બાજોઠ મૂક્યો હતો. તેના ઉપર શ્રીહરિ પ્રસન્નતાથી બેઠા. ભક્તપતિ ચિત્તચોર ઘનશ્યામપ્રભુએ બીજું પીતાંબર ઓઢી લીધું. ૨૧-૨૨. પછી વર્ણીએ જે જે ભોજન બનાવ્યા હતા તેનો થાળ ભરીને શ્રીહરિ આગળ મૂક્યો. શ્રીહરિ તેને જમવા લાગ્યા. ૨૩. સાકર નાખેલો ઊજળો કંસાર હતો. તેને શ્રીહરિ પ્રેમથી જમ્યા. ભક્તજનો જમતી મૂર્તિનું ચિંતવન કરે એવા આશયથી શ્રીહરિ પ્રેમથી જમતા. ૨૪. ઘી અને કંસાર જમીને, સુંદર ભાત જમ્યા. તેમાં પોતાની રુચિ પ્રમાણે દૂધ અને સાકર લીધા હતા. ૨૫. જમીને હાથ ધોયા. પછી મુખવાસ લીધો. પછી શ્રીહરિએ સંતોને અને દરબારોને પોતાની પાસે જ જમવા બેસાડ્યા. ૨૬. જે જે ભોજન બનાવ્યા હતા તે બધા શ્રીહરિએ પંગતમાં પીરસ્યા. પોતે થાળ જમ્યા હતા તેની પ્રસાદી દરબાર દાદાભાઈને આપી. ૨૭.

સંતોને અને દરબારોને જમાડીને શ્રીહરિ પલંગ ઉપર બેઠા. વાજિંત્રો મગાવીને ત્યાં કીર્તન ગવડાવ્યા. ૨૮. મુક્તાનંદસ્વામી આદિક સંતો સુંદર કીર્તનગાન કરતા હતા ત્યારે પીપળી ગામના બધા લોકો કીર્તનગાન સાંભળીને ત્યાં આવ્યા. ૨૯. બધા શ્રીહરિની પાસે બેઠા. કીર્તનગાન સાંભળીને સૌ રાજી થયા. સંતોની અલૌકિક રીત જોઈને તેઓ ઘણા પ્રેમભાવથી બોલ્યા. ૩૦. જગતમાં સંતો અનંત-અપાર છે. ગણ્યે તેનો પાર આવે તેમ નથી. પણ તેમનામાં સાધુતાની કાંઈ રીત નથી. તેઓ ઘેર ઘેર ફરતા રહે છે. ૩૧. નારીઓમાં ભક્તિભાવનો શુભ ગુણ ઘણો છે એમ ઠેરાવીને તેમના પર અધિક પ્રેમ રાખે છે. તેઓ પુરુષની નિંદા કરે છે અને નારીઓના મહાગુણો ઉચ્ચારે છે. ૩૨. જેટલા વ્યસન અને ફેલ છે તેમાં તેઓ ભરપૂર રહે છે. જેટલા દોષ કહેવાય છે તે બધા સંતોને લાગતા નથી. આવું તેઓ બોલે છે. ૩૩. અને તે પાખંડીઓ એવું કહે છે કે, જે સંત દોષની વાતો કરે તેને કપટી સંત સમજવા. જેટલા પાપમાત્ર કહેવાય છે તે બધા તો સંતોની આગળ ધ્રૂજે છે. ૩૪. જે સંત થઈને પાપથી ડરે તે બીજાનો પાપથી મોક્ષ કઈ રીતે કરાવી શકે ? જે સંત

પાપનો લેશમાત્ર પણ ડર રાખે નહિ તેને પૂરા સંત સમજવા. ૩૫. જે સંત નિર્ભય હોય છે તે બીજાને પણ નિર્ભય કરે છે અને જે મનુષ્ય નિર્ભય થઈ જાય છે તેનો જ મોક્ષ થાય છે. ૩૬. જે સંત નિર્ભય હોય તેનો જ સમાગમ કરવો અને તેવો સમાગમ કરનારાને જ નિર્ભય પદ મળે છે. પણ આવા સંતનો સત્સંગ ઘણો દુર્લભ છે. ૩૭.

ત્યારે શ્રીહરિ બોલ્યા, "તમે બધા સાંભળો. તમારે સંત શબ્દનો અર્થ મનમાં વિચારવો જોઈએ. ૩૮. આ બ્રહ્માંડ થયું છે તે દિવસથી સત્ અને અસત્ એ બે માર્ગો ચાલ્યા આવે છે. આ વાતને મૂળથી જોવી-તપાસવી જોઈએ. ૩૯. જે આંધળો અને બહેરો હોય તેને ક્યારેય કાંઈ ખબર પડતી નથી. પણ જે યથાર્થ ભગવાનની વાતને જાણતા હોય તેને જ સંત-અસંતની ગમ પડે છે." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'સત્સંગમાં વિચરણ કરતા શ્રીહરિ પીપળીના દરબાર દાદાભાઈને ઘેર પધાર્યા' એ નામે અડસઠમો તરંગ સમાપ્ત ॥૬૮॥



પૂર પાંચમું : તરંગ - ૬૯

પીપળીમાં સંત-અસંત ઓળખવાની રીત કહી, પછી ત્યાંથી કુંડળ થઈને શ્રીહરિ કારિયાણી આવ્યા

શ્રીહરિ બોલ્યા, તમે બધા લોકો સાંભળો. બધા જ પથ્થર પારસમણિ ન હોય એમ મનમાં સમજવું. ૧. તેમ બધા ભગવાધારી દેખાતા સંત પારસમણિ ન હોઈ શકે. પારસમણિ અને ચિંતામણિ બંને પથ્થર જ છે પણ તેના ગુણ અલગ છે. ગુણ જાણવાથી તેની શ્રેષ્ઠતા અને કનિષ્ઠતાની ખબર પડે. ૨. અને પારસમણિ અને ચિંતામણિમાં પણ ચિંતામણિ શ્રેષ્ઠ છે. તે જે જાણે તેને ખબર પડે છે. પારસમણિ લોઢાનું સોનું કરે છે અને ચિંતામણિ તો જે ચિંતવો તે હાજર કરે; તેમ સારા સંતોમાં પણ આવા ભેદ છે. જેમ કે, ધાતુની અનંત જાતિ છે. તેમાં પણ અનંત ભેદ છે. તેને બુદ્ધિમાન સમજી શકે છે. અને જે

બુદ્ધિમાન છે તેને જ મનુષ્ય કહેવાય છે. ૩. દૂધ આવા નામથી તો બધા દૂધ એક જ છે. છતાં તેમાં અનંત પ્રકારના ભેદ રહ્યા છે. તેમ સંતો દેખાવમાં તો ભગવાધારી એક સરખા જ લાગે પરંતુ જેની બુદ્ધિમાં વિવેક હોય તે મૂળથી તેને સમજી શકે છે. ૪.

✵ વિવેકની આવશ્યક્તા :

બુદ્ધિમાનનું લક્ષણ શું ? તો જેટલા વ્યવહાર કહેવાય છે તે બધા વિવેક વિના ન કરે પણ વિવેકથી જ કરે તેને અતિ બુદ્ધિમાન કહેવાય છે. ૫.

चोपाई :

विवेक विन व्यवहार करे जेहा, बुद्धिहीन हि कहत हे तेहा;
बुद्धिहीन जन होवत दुःखी, कोउ काल सो होत न सुखी...०६

જે વિવેક રાખ્યા વગર વ્યવહાર કરે તેને બુદ્ધિહીન કહેવાય છે. અને જે બુદ્ધિહીન મનુષ્ય હોય તે દુ:ખી થાય છે. તે કોઈ કાળે સુખી થાતો નથી. ૬.

બુદ્ધિહીન માણસ જો બુદ્ધિશાળી માણસનો સંગ કરે તો તેમાં અપાર બુદ્ધિ આવે છે. અને ત્યારે તે અપાર સુખ પામે છે. ૭. જ્યારે વિવેકયુક્ત બુદ્ધિને મેળવે છે ત્યારે તે સારરૂપ અને અસારરૂપ ગુણને સમજે છે. પણ જ્યાં સુધી સાર-અસાર ન સમજે ત્યાં સુધી તેને મોક્ષનો માર્ગ દૂર રહે છે. અર્થાત્ સાચા ખોટા સંતને અને માર્ગને ન જાણે ત્યાં સુધી કલ્યાણ થાતું નથી. ૮.

દુનિયામાં જેટલા માણસ છે તે બધા કરોડપતિ થઈ શકતા નથી. ઘેર ઘેર ઝવેરી હોતા નથી. આવો વિવેક કરીને અંતરમાં જોવું જોઈએ કે, બધે એવા સાચા સંત હોતા નથી. ૯. જગતમાં જેટલા રાજાઓ કહેવાય છે તેમાં પણ અનંત ભેદ રહ્યા છે. તેવી જ રીતે દરેક સંતમાં ભેદ છે. એવું જે બુદ્ધિશાળી હોય તે જાણે છે. ૧૦. બુદ્ધિ બુદ્ધિમાં પણ અનંત ભેદ છે. બધાના ગુણો કોઈ એક વ્યક્તિ મેળવી શક્તો નથી. નાનપણથી જેવો અભ્યાસ કરવામાં આવે તેવા ગુણો બુદ્ધિમાં આવે છે. ૧૧. **બીજા કોઈ ગુણ દુર્લભ નથી. પણ ભગવાનનું ભજન કરવું તે જ દુર્લભ છે.** પાતાળથી લઈને પુરુષ પ્રકૃતિના લોક સુધી જીવ સુખ-દુ:ખને ભોગવે છે. ૧૨. બધા જ સુખો દુ:ખથી યુક્ત

જ છે, છતાં તે સુખોને જીવ વારંવાર ચાહે છે. એકવાર જે ખાધું હોય, જેનો અનુભવ પણ થઈ ચૂક્યો હોય, છતાં પણ તેને વારંવાર ખાધા જ કરે છે. ૧૩.

✻ મોક્ષ માટે અનુભવી સંતની આવશ્યક્તા :

અનુભવ કરીને જ્યારે જોઈએ ત્યારે તે જ્ઞાન ઊપજે છે. અનુભવ વગરનો જીવ તો આંધળો ગણાય, વારંવાર તે ચારે ખાણોમાં-લખચોરાશીમાં ફર્યા જ કરે છે. ૧૪. અનુભવ તો અમાયિક(દિવ્ય) ચક્ષુ છે. સંતો જ્યારે જીવને તે દિવ્ય ચક્ષુ આપે છે ત્યારે તેને સુખ-શાંતિ થાય છે. અને સત્-અસત્ના વિવેકના શુદ્ધ વિચારો ઉપજે છે. ૧૫. જે અનુભવાત્મક જ્ઞાન છે તે જ સાચું જ્ઞાન છે. અનુભવ વિનાનું બીજું જ્ઞાન તો ઘાસ-પૂસ કહેવાય છે અર્થાત્ માત્ર ગોખેલી માહિતી કહેવાય. ૧૬. આકાશમાં જે સૂર્ય છે તે બહાર પ્રકાશ કરી દે છે પણ અંતરમાં તે પ્રકાશ કરતો નથી. તેથી જ તેનો પ્રકાશ માયિક કહેવાય છે. ૧૭. પણ જે જ્ઞાનરૂપ સૂર્ય છે તેને કોઈ આવરણ નથી. અને જ્ઞાનરૂપ સૂર્ય ક્યારેય ઉદય-અસ્ત થતો નથી. તે અનંત બ્રહ્માંડોને પ્રકાશી રહ્યો છે. ૧૮. જ્ઞાનરૂપ સૂર્યની આગળ આ સૂર્ય તો અતિશય તમોરૂપ કહેવાય. અને તે કારણે જ આ સૂર્યથી મોક્ષપદ દેખાતું નથી અને અંતરનું અંધારું લેશમાત્ર પણ જાતું નથી. ૧૯. જ્યાં સુધી અંતરમાં અંધારું હોય ત્યાં સુધી મોક્ષપદ તેને મળતું નથી. બહાર જે કાંઈ દેખાય છે તે મોક્ષમાર્ગમાં અંતરાય કરનારું છે. ૨૦.

જ્યારે અનુભવાત્મક જ્ઞાન થાય ત્યારે મોક્ષમાર્ગ તરત જ દેખાય છે. અનુભવાત્મક જ્ઞાન વિનાના તો વેદો અને છ શાસ્ત્રોને ભણેલા પંડિતો, પુરાણીઓ હોય તો પણ તે બધા મોક્ષની વાતને જાણતા નથી. તેઓ ભણેલા હોવા છતાં અનુભવાત્મક જ્ઞાન વિના આંધળા જ રહે છે. જેમ આ લોક અને પરલોકના જેટલા અર્થ છે તે બધા શાસ્ત્રોમાં ભરેલા છે. ૨૧-૨૨.

તેમજ જેટલા રસ છે તે બધા ભૂમિમાં ભરેલા જ છે પણ તે ઉપરથી તો કાંઈ દેખાતા નથી, પરંતુ જે તેનો અનુભવી હોય તેને તેની ખબર પડી જાય છે કે અહીંયાં શું છે ? ૨૩. ચાહે તેવો કોઈ બુદ્ધિમાન હોય, તેને પણ

દૂધમાં ઉપરથી લેશમાત્ર ઘી દેખાતું નથી. છતાં તેની પ્રક્રિયાથી ઘી કેવું પ્રગટ દેખાઈ આવે છે ? તેમ જ્યારે અનુભવ થાય ત્યારે મોક્ષનું સાચું જ્ઞાન થાય છે. ૨૪. જેને અનુભવજ્ઞાન અને શાસ્ત્રજ્ઞાન, બંને હોય તે જ શાસ્ત્રનું રહસ્ય જેમ જાણવું ઘટે તેમ યથાર્થ જાણી શકે છે. ૨૫. સંત સંતમાં પણ અતિશય ભેદ છે તેનો કહેતા પાર આવે તેમ નથી. નામને લીધે તો કાંઈ ભેદ નથી પરંતુ વર્તને કરીને સંત અસંતમાં અપાર ભેદ છે. ૨૬.

જેમાં મોક્ષનો અંકુર હોય તે જ યથાર્થ સંત છે. ગમે તેટલા રમણીય વિષય હોય તેને દેખીને તે સંતની દૃષ્ટિ તે વિષયમાં અંજાતી નથી. ૨૭. **તે સંત જેમ જેમ સારામાં સારા રમણીય વિષયને નજરથી દેખે છે તેમ તેમ તેને અતિ અસાર અને મળના મળ ને તેના પણ મળ જેવા જાણે છે. અર્થાત્ કાકવિષ્ઠા તુલ્ય સમજે છે.** ૨૮.

हरि विन सार न देखत कोउ, साचे संत समझना सोउ;
साचे संत सो रहत न छाने, वर्तन में तेहि आत पिछाने...२९

ભગવાન સિવાય અન્ય વિષયમાં જેને સાર ન દેખાય તેને જ સાચા સંત સમજવા. સાચા સંત ગુપ્ત રહેતા નથી. વર્તન ઉપરથી તે ઓળખાઈ જાય છે. ૨૯. જેનું સાચું (નિષ્પાપ) વર્તન હોય તે છુપાવ્યું છુપાતું નથી. જે આંધળો હોય તે દેખે નહિ અને જે બહેરો હોય તે સાંભળે નહિ. ૩૦. તેમ જે સાચા સંતને દેખીને પણ તેને માને નહિ તો તેને આંધળા તથા બહેરાના જેવા સમજવા.

પીપળી ગામમાં શ્રીહરિના મુખની આવી વાત સાંભળીને જે લોકો ગામમાંથી આવ્યા હતા. ૩૧. તેમણે વ્રતમાન-નિયમને ધારણ કર્યા. શ્રીહરિને શરણે થયા. ત્યારે તે લોકોના અંતરમાં પ્રકાશ થયો. પછી તેમને સંત-અસંતનો ભેદ અંતરમાં પ્રગટ દેખાઈ આવ્યો. તેથી તેમણે સત્સંગને સાચો માન્યો અને બીજા મતને પાખંડી જાણ્યા. જેના અંતઃકરણમાં ઉજાસ થાય અને નિર્મળતા આવે તેને મોક્ષની વાત રુચે છે, ગમે છે. ૩૨-૩૩. જ્યારે મુમુક્ષુના હૃદયમાં ઉજ્જ્વળતા થાય ત્યારે તે બીજાનાં અંતરમાં પણ દેખાઈ આવે છે.

જ્યારે અરધી રાત થવા આવી ત્યારે શ્રીહરિ પોઢી ગયા. ૩૪. ત્યાં આવેલા બધા ગ્રામજનો ઊઠ્યા. પોતપોતાને ઘેર ગયા. ત્યારે સંતોએ ધ્યાન કરવાનું શરૂ કર્યું. પ્રકટ શ્રીહરિની મૂર્તિમાં મનને ઠેરાવી દીધું. ૩૫. જ્યારે અરુણોદય થયો ત્યારે ધર્મના લાલ આવા શ્રીહરિએ પીપળીથી ચાલવાની તૈયારી કરી.ચાલતા ચાલતા **કુંડળ** ગામ આવ્યા. ૩૬. ત્યાં હરિભક્તોને દર્શન દીધા. ત્યાં રાત રોકાયા અને સાંજે સારું ભોજન જમ્યા. હરિભક્તોને દર્શન વગેરેનું સુખ આપીને ત્યાંથી સવારે ચાલતા થયા. ૩૭. **કારિયાણી** ગામ આવ્યા. દરબાર વસ્તા ખાચર અને વીરદાસ પટેલ વગેરે હરિભક્તો સામે આવ્યા. ૩૮. વાજિંત્ર ઘણાં વગાડ્યા. શ્રીહરિને ગામમાં લઈ ગયા. ત્રણ વરસે ફરીને શ્રીહરિ કારિયાણી પધાર્યા હતા તેથી સૌનાં હૃદયમાં અતિશય આનંદ થયો હતો. ૩૯. પછી દરબાર માંચા ખાચરના દરબારગઢમાં આવ્યા. ત્યાં સુંદર પલંગ બિછાવી દીધો હતો. તેના ઉપર શ્રીહરિ આવીને બેઠા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'અનુભવને આધારે સંતોને ઓળખવા, આમ પીપળીમાં કહ્યું પછી ત્યાંથી કુંડળ થઈને શ્રીહરિ કારિયાણી પધાર્યા' એ નામે ઓગણસીતેરમો તરંગ સમાપ્ત ॥૬૯॥

પૂર પાંચમું : તરંગ - ૭૦

કારિયાણીમાં શ્રીહરિએ તળાવ ખોદાવ્યું

કારિયાણીના હરિભક્તોને ઘણા સારા જાણીને શ્રીહરિ ત્યાં ઘણા દિવસ રહ્યા. ત્યાં ઘણો સારો વરસાદ થયો એટલે ખેતર સમા કરી લોકોએ વાવણી કરી. ૧. પછી લોકોને બીજું કામ નહિ હોવાથી શ્રીહરિની પાસે આવીને બેસતા. રોજ શ્રીહરિના મુખની વાતો સાંભળી સહુના મનમાં આનંદ થાતો. ૨. શ્રીહરિ એક દિવસ ગામ બહાર નીકળ્યા. નાહ્વાનો સંકલ્પ થયો પણ ત્યાં કાંઈ નદી કે તળાવ ન હતું. ૩. ત્યારે શ્રીહરિ બોલ્યા, 'શાસ્ત્રોમાં નદી કે સરોવર વિનાના ગામને કુગ્રામ કહ્યું છે. માટે રાજાએ તે કરાવવું જોઈએ.' ૪.

ત્યારે તે ગામના જ વીરદાસ પટેલે શ્રીહરિને કહ્યું, 'આ પ્રદેશના કોઈ એક રાજા નિર્ધારિત નથી. એક ગામના રાજાઓનો (ગરાસદાર દરબારો) કોઈ પાર નથી તેથી કોણ સરોવર કરવાનું મમત્વ રાખે ? કોઈ પણ ગરાસદાર દરબારને ગામના ઉપર મમત્વ બંધાતું નથી. અને તે બધા રાજાઓને તો પરસ્પર વૈરનો કોઈ પાર નથી. ૫-૬. તે રીતે જ ગામની વસ્તીનો પણ સ્થિર વાસ નથી. દિનરાત અધ્ધર શ્વાસે લોકો ગામમાં રહે છે. ગામમાં એક ધણી વિના કોઈને મમત્વ ન થાય અને તેથી જ દુઃખના દહાડા કાઢે છે.' ૭.

ત્યારે શ્રીહરિ બોલ્યા, 'દુનિયામાં જેનો કોઈ ધણી નહિ તેના ધણી તો એક ભગવાન જ છે. ભગવાન સમાન બીજું કોઈ નથી.' ૮. શ્રીહરિએ ગામથી ઉત્તરમાં વાવેલું ઊગે નહિ એવી પડતર જમીન જોઈ. સદ્‌ગુરુ રામાનંદસ્વામી ત્યાં ધ્યાન કરવા બેઠેલા તેથી તે મેદાન જેવી ભૂમિને પવિત્ર દેખી. ૯. બધા જ ગામવાસીઓનું હિત વિચારીને શ્રીહરિએ ત્યાં તળાવ કરાવવાનો નિર્ધાર કર્યો. દરબારોએ અને પટેલોએ ઢોલ વગડાવીને લોકોને ભેળા કર્યા. સહુને વાત કહી. પછી તે જમીનને ખેડવા આખા ગામના હળ જોડાવી દીધાં. ૧૦. ગામમાં જેટલા પાવડા અને ટોપલા હતા તે બધા ગામ લોકો હરખભેર લઈ આવ્યા. બધા લોકોને પ્રેમ વધે એટલા માટે શ્રીહરિ પણ સહુની સાથે ધૂળ ઉઠાવવા લાગ્યા. ૧૧.

ત્રણ વરસ સુધી એકેક મહિનો ત્યાં રહીને શ્રીહરિએ તે તળાવ ખોદાવ્યું. પહેલે વરસ અષાઢ આખો માસ સંતોને પણ સાથે લઈને ઘણા જ આનંદ ઉત્સાહ સાથે તે તળાવ ખોદાવ્યું. ૧૨. બીજી વખત આખો ફાગણ માસ તે તળાવ ખોદાવ્યું. બધા જ ભાઈઓ અને બાઈઓ ધૂળ ઉપાડતાં અને મુખથી ધોળ રાગનાં કીર્તન બોલતાં હતાં. ૧૩. અઢારસો ને ત્રેસઠની હુતાશની શ્રીહરિએ કારિયાણીમાં કરી હતી. તે વખતે બહુ જ રંગ ઉડાડ્યો હતો. તે વર્ણવી શકાય તેમ નથી. ૧૪. તે ઉત્સવમાં શ્રીહરિએ પત્ર લખીને દેશદેશના હરિભક્તોને કારિયાણી તેડાવ્યા હતા. તે બધા ત્યાં આવ્યા હતા. ૧૫.

❋ કરજીસણના સંઘની માર્ગમાં રક્ષા :

તે વખત કરજીસણ(નારદીપુર)ના વિપ્ર નાનાભાઈ બસો જેટલા હરિભક્તોનો સંઘ લઈને કારિયાણી આવવા નીકળ્યા હતા. તેમને વચ્ચે

રસ્તામાં એક મોટું વિઘ્ન આવ્યું હતું. ૧૬. તેમણે તે વાત કારિયાણી પહોંચીને શ્રીહરિને કહી, તે વાત મહા આશ્ચર્યમય હતી. સંઘને ચાલતા રસ્તામાં મછિયાવ ગામ આવ્યું. ગામની બહાર લીંબડાનાં ઝાડ ઘણાં હતાં. ૧૭. સંઘ બપોરે થોડો વિશ્રામ કરવા તે લીંબડાનાં ઝાડ નીચે રોકાયો. સહુ આનંદથી ટીમણ કરવા લાગ્યા. બરાબર તે જ વખતે ભયંકર વાવાઝોડું ચઢી આવ્યું. ૧૮. આકાશમાં અંધાધૂંધ ધૂળની ડમરીઓ ઊડવા લાગી. પાસે રહેલા પણ એકબીજાને દેખાતા ન હતા. સાથે હતાં તે ગાડાંઓને પણ અસ્તવ્યસ્ત કરી દીધાં. પરસ્પર કોઈ કોઈની સંભાળ લઈ શક્યા નહિ. ૧૯. હરિભક્તો ઉપર કેટલાંક ઝાડ તૂટીને પડ્યાં. જે જે ઝાડ નીચે દબાયા તેનું મૃત્યુ થયું. નાનાભાઈ આવો સંઘ પ્રથમ જ લઈને નીકળ્યા હતા અને તેમાં આવું ભયંકર વિઘ્ન થયું. ૨૦.

પ્રાંતીજના ગોવિંદરામ તે વખતે સંઘમાં હતા. તેઓ મહાન સમાધિનિષ્ઠ શ્રેષ્ઠ હરિભક્ત હતા. નાનાભાઈએ તેમને કહ્યું. ૨૧. હવે આમાં આપણો કાંઈ ઉપાય ચાલે તેમ નથી. હવે સંઘની શું દશા થાશે ? બધા ભક્તો ઉત્સાહ રહિત થઈ ગયા છે એટલે અહીંથી પાછા વળી જવાનો વિચાર થાય છે. ૨૨. બે-ચાર જણનું તો મૃત્યુ થયું છે. તેનો પણ કોઈ ઉપાય નથી. બરાબર તે જ વખતે સુખકારી શ્રીહરિ અશ્વ ઉપર બેસીને દિવ્ય સ્વરૂપે ત્યાં આવ્યા. ૨૩. જે હરિભક્તોનું મરણ થયું હતું તેમને શ્રીહરિએ ઉઠાડ્યા. આ ઘટનાને એક ગોવિંદરામ જ દેખતા હતા. કારણ કે તેઓ અખંડ સમાધિમાં રહેતા હતા. ૨૪. શ્રીહરિનો આવો પ્રતાપ દેખીને જેટલા હરિભક્તો હતા તે બધાના દિલમાં અતિ આનંદ છવાઈ ગયો. અને જે બધા નિષ્પ્રાણ-ઉત્સાહરહિત થઈ ગયા હતા તે ફરી ઉત્સાહમાં આવી ગયા. ૨૫.

આ બધી વાત નાનાભાઈએ શ્રીહરિને કહી, તેને અપાર લોકોએ સાંભળી. તેથી આ શ્રીહરિ નક્કી ભગવાનનો અવતાર છે, એવો સહુએ મનમાં દૃઢ નિશ્ચય કર્યો. ૨૬. આ પ્રમાણે શ્રીહરિ સત્સંગમાં ઠેકઠેકાણે અતિ પ્રતાપ દેખાડે છે. બીજા અનંત અવતારો થયા છે પણ તેમણે અનંત જગ્યાએ એક સાથે આવો પ્રતાપ દેખાડ્યો હોય એવું ક્યારેય સાંભળ્યું નથી. ૨૭.

શ્રીહરિનો એટલો બધો પ્રતાપ છે કે તે કેટલોક લખવો ? આવા શ્રીહરિ સમર્થ છે. તે સાંભળીને સુમતિવાળા માણસને આશ્ચર્ય થાય છે. ૨૮. કુમતિ લોકોને તો શ્રીહરિનો આવો પ્રતાપ હલાહલ ઝેર જેવો લાગે છે. અધિકારીના અનંત પ્રકાર હોય છે અને તે બધાની રુચિ પણ ભિન્ન ભિન્ન હોય છે. ૨૯. જ્યાં જેવો અધિકારી હોય, ત્યાં વિચાર કરીને તેવી વાત કહેવી. એમ જે વિચારીને વાત કરતા હોય તે હરિભક્ત શ્રેષ્ઠ કહેવાય છે અને તે જ્યાં જાય ત્યાં કીર્તિ પામે છે. ૩૦. જે આવો વાત કર્યાનો વિવેક ન રાખે તે શિવજીના જેવો બ્રહ્મનિષ્ઠ હોય તોપણ તેનો ભાર પડે નહિ. આ આખું જગત આવું જ છે. ૩૧.

'શ્રીહરિનો પ્રતાપ સહુથી પર-મહાન છે' એમ સમજીને હરિભક્તો આનંદથી મસ્ત થઈ જતા. અને તેઓ પાતાળથી બ્રહ્માના લોક સુધી સહુને કાળનો કોળિયો માનતા. ૩૨. આવો શ્રીહરિનો મહિમા હરિભક્તોને માટે અમૃતના સમાન છે, પણ વિમુખને માટે તો તે ઝેર કરતાં અધિક છે. જે માયાના અધિકારી હોય તેની સમજણ વિપરીત હોય છે. ૩૩. સ્વયં શ્રીહરિ તો સાક્ષાત બિરાજે છે પણ આટલી વાત પરોક્ષપણે એકવાર કહી હતી, તે મેં અહીં કહી છે.

કારિયાણી ગામમાં દૂર દેશના જે હરિભક્તો આવતા તેમને શ્રીહરિ ઉતારો અપાવતા. ૩૪. જે હરિભક્તો ગાંઠના ખર્ચનું ખાતા હોય તેમની પણ સંભાળ લેતા. દરેક ઉતારે દિવસમાં બે વાર ફરતા. કારણ કે શ્રીહરિને હરિભક્તોના ઉપર અપાર હેત હતું. ૩૫. જેઓ ભાતું લીધા વિના છાની રીતે આવ્યા હોય તેમને રોજ સીધું-સામાન અપાવતા. જેને ખર્ચી ખૂટી ગઈ હોય તેને ખર્ચી અપાવતા. આ રીતે તત્પરતાથી બધી જ તજવીજ રખાવતા. ૩૬. કેટલાક પાખંડી સ્ત્રી-પુરુષો હરિભક્તનો વેષ લઈને આવતાં, તેને શ્રીહરિ તરત જ પારખી લેતા. તે કોઈ છુપાઈને રહી શકતા નહિ. ૩૭. શ્રીહરિ તેવા પાખંડીને ઓળખાવી દેવા માટે શીખ દેતા અને બધા લોકોને ઓળખાવી દેતા કે જેથી ફરી ક્યારેય તે પાખંડ કરવા આવે નહિ. ૩૮. ઊંચી ઊભણીવાળા વસ્તા ખાચરના ભવનમાં એ વખતે શ્રીહરિ પલંગ ઉપર

વિરાજતા. શ્રીહરિનું સ્વરૂપ ઘણું શોભતું. આગળના ભાગમાં સંતો વસંતનાં અને હોળીનાં કીર્તન બોલતા. ૩૯. સંધ્યા સમય થયો જાણીને શ્રીહરિ ઘણા ઊંચા સ્વરથી ધૂન બોલાવવા લાગ્યા. તે સમયે દર્શન કરવા આવેલા બધા દેવો આકાશમાં છવાઈ ગયા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'શ્રીહરિએ કારિયાણીમાં તળાવ ખોદાવ્યું, તે લીલા કહી' એ નામે સિત્તેરમો તરંગ સમાપ્ત ॥૭૦॥



પૂર પાંચમું : તરંગ - ૭૧

શ્રીહરિની સહજ પ્રવૃત્તિ અને જીવા ખાચરની સાથે વાર્તા

સંવત્ અઢાર સો એકસઠ, બાસઠ અને ત્રેસઠની લીલા (કારિયાણીમાં તળાવ ખોદાવવું વગેરે) પ્રસંગોપાત્ત ભેળી કહી. હવે એકસઠની લીલા સાક્ષાત્ જેમ છે તેમ કહું છું. ૧. શ્રીહરિએ કારિયાણીમાં રહીને અષાઢ માસમાં તળાવ ગાળવાનું મુહૂર્ત કરાવ્યું. પછી ત્યાંથી ગઢપુર આવ્યા અને શ્રાવણ માસમાં ત્યાં રહ્યા. ૨. શ્રાવણ માસમાં જન્માષ્ટમીનો સમૈયો એભલ ખાચરના દરબારમાં રહીને કર્યો. તે પછી પ્રભુ જીવા ખાચરના દરબારમાં ગયા. ૩.બંને દરબારોને ઘેર શ્રીહરિ પંદર પંદર દિવસ રહ્યા. જન્માષ્ટમીનો ઉત્સવ અલૌકિક થયો હતો. હવે હું તેની વાત કહું છું. ૪.

જન્માષ્ટમીના સમૈયા ઉપર ગામેગામના બધા હરિભક્તો આવ્યા હતા. તેઓ પૂજા અને રસોઈઓનો સામાન એટલો બધો લાવ્યા હતા કે એક બીજાને વારો મળતો નહિ. ૫. કેટલાક ભક્તો વસ્ત્ર અને ઘરેણાં લાવતા હતા અને શ્રીહરિને પ્રેમે સહિત પહેરાવતા હતા. શ્રીહરિના આશ્રિત જે દરબારો હતા, તેમને તે વસ્તુઓ શ્રીહરિ આપી દેતા હતા. ૬. શ્રીહરિની પાસે જેટલું ધન આવતું હતું તે બધું તરત જ વિપ્રોને આપી દેતા હતા. જો બ્રાહ્મણ હાજર ન હોય તો કોઈ દરબારને આપી દેતા. અને જે આપ્યું હોય તે ક્યારેય ફરીને પાછું માગતા નહિ. ૭. **જ્યાં સુધી શ્રીહરિ આ ભૂમિ ઉપર વિચર્યા ત્યાં સુધી**

પોતે ધન રાખ્યું નહિ. અને બીજા કોઈની પાસે રખાવ્યું પણ નહિ. વસ્ત્ર, આભૂષણ કે વાહન, શ્રીહરિએ ક્યારેય પોતાનું કરીને રાખ્યું ન હતું. ૮.

જેમ આકાશ હંમેશા નિર્લેપ અને શુદ્ધ રહે છે તેમ શ્રીહરિ સદા અતિશય નિર્લેપ અને નિર્બંધ રહ્યા. આવું વર્તન બીજો કોઈ રાખવા જાય તો પણ રહે નહિ. કારણ કે બધામાં કોઈ એક રસ (વિષયાસક્તિ) તો આગળ જતાં પ્રકટ દેખાય છે જ. ૯. કોઈ શ્રીહરિની દેશી કાઢવા-નકલ કરવા જાય તો તે તરત જ ધૂળમાં મળી જાતા. તે મતપંથીઓ શ્રીહરિની નિર્બંધતા અને ઉદારતા જોઈને હારી ગયા. તેમને શ્રીહરિની એક પણ દેશી ક્યારેય આવડી નહિ. ૧૦. સત્સંગનો અપાર પ્રતાપ દેખીને મતપંથીઓના અંતરમાં અતિ સંતાપ થતો. શ્રીહરિની રીત શીખવા ઘણું મથ્યા પણ કોઈમાં તે આવી જ નહિ. તે વાત સાચી ઠરી. ૧૧. ભવ, બ્રહ્મા અને ઇન્દ્ર આદિ દેવોએ ભગવાનની નિરંતર સેવા કરી ત્યારે તેમનામાં કાંઈ સામર્થ્ય આવ્યું. ભલે આવ્યું છતાં તેઓ ઘણા જ ન્યૂન-ઊણા રહ્યા. ૧૨. હરિ થાવાથી હરિ થઈ જવાતું નથી. શ્રીહરિની રીત તો કોઈ ઓર જ છે. અનેક નકલી હરિમાં એક પણથી ક્યારેય સાચા હરિ થવાતું નથી. કેમ જે, સાચા શ્રીહરિનું જોરદાર સામર્થ્ય જ તે કહી બતાવે છે. ૧૩.

સૂર્ય નથી બોલતો કે હું સૂર્ય છું. સૂર્યનો ઉદય થયાની સાથે જ બધું અંધારું ખોવાઈ જાય છે, પણ જે આંધળો હોય તેને તો સૂર્યોદય થાય છતાં અંધારું જ રહે છે. તેમ શ્રીહરિની સામર્થી તેમનું પરમેશ્વરપણું કહી બતાવે છે, પરંતુ જે અજ્ઞાની છે તેમને ઓળખાતા નથી. ૧૪. કસ્તૂરી અને કપૂરના સુગંધનું જેને જ્ઞાન હોય તે સુગંધથી જ તેને પારખી લે છે, પણ જેને તેનું જ્ઞાન જ ન હોય તે પાસે રહે તો પણ શું ? તેને કસ્તૂરી કે કપૂરનું જ્ઞાન થવાનું જ નથી. તેમ જેને ભગવાનનું જ્ઞાન જ ન હોય તે ભેળો રહે છતાં ઓળખી શકતો નથી. ૧૫. **જ્યારે સંતોનો જોગ થાય અને તેમના મુખેથી પ્રગટ પ્રભુની સાંભળેલી સાચી વાત હૃદયમાં ઠરે ત્યારે અંતઃકરણ શુદ્ધ-નિરોગી થાય છે. પછી જ તેના અંતરમાં ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થાય છે.** ૧૬.

❋ સુખ સાચી સમજણમાં રહ્યું છે :

જેમ પારસમણિ પ્રાપ્ત થયો હોય તો તે છૂપો રહેતો નથી તેમ જ્યારે ભગવાનના સ્વરૂપનું જ્ઞાન ઉદય થાય ત્યારે તેની રીત અલૌકિક થઈ જાય છે. તેના વિચારો પણ અતિશય બળવાન થઈ જાય છે. ૧૭. જેને જેને ભગવાનનું જ્ઞાન થાય છે તેની રીત જોવાથી દેખાઈ આવે છે. ભલેને કોઈ ગમે તેવો બુદ્ધિ માન હોય પણ રીતને જોયા વિના જણાતું નથી. ૧૮. જ્ઞાનમાર્ગની રીત કાંઈક જુદી જ છે. સંસારની રીત તેવી નથી. બંનેની ગતિ અલગ અલગ છે. પણ જો વિચારીને જોવામાં આવે તો તે જણાઈ આવે છે. ૧૯. શ્રીહરિ હંમેશા એવું જ જ્ઞાન આપે છે અને કાયમને માટે દેશમાં વિચરણ કરતા રહે છે. અત્યારે પ્રગટ શ્રીહરિનો અવતાર જ્ઞાન આપવા માટે જ થયો છે. ૨૦. **જે દુર્લભમાં દુર્લભ સુખ છે તે જ્ઞાનમાં જ અનંત પ્રમાણમાં ભર્યું છે. જેને જ્ઞાન મળ્યું તેને બધું જ સુખ મળ્યું છે. તેનાથી વિશેષ બીજું કાંઈ સુખ બાકી રહ્યું નથી.** ૨૧. જેમ જેમ જ્ઞાનનો અભ્યાસ કરવામાં આવે તેમ તેમ દુઃખમાત્રનો નાશ થઈ જાય છે. 'જ્ઞાનાગ્નિ મહાબળવાન છે' એમ ગીતામાં ભગવાને કહ્યું છે, ૨૨.

કરોડો જન્મ સુધી કર્મ કર્યા કરે, તો પણ કર્મથી કર્મનો નાશ થાતો નથી. કીચડથી કીચડ ધોવાય નહિ. જો શુદ્ધ જળ મળે તો જ કીચડ ધોવાય છે. ૨૩. **એક ભગવાન અને બીજા સંત, એ બે જ શુદ્ધ છે. તે સિવાય આખું જગત અશુદ્ધ છે. જેમ શુદ્ધ જળથી કીચડ ધોવાય છે તેમ પરમ રસરૂપ એવા આ બંનેમાં જેને સ્નેહ થાય તેનો જ અજ્ઞાનરૂપી મળ ધોવાય છે.** તે સિવાય આભૂષણ, વસ્ત્ર, ધન, સ્ત્રી અને રસાસ્વાદ આદિમાં જેને પરમ સ્નેહ છે, ૨૪. અને તે ભોગોને પામવા માટે જપ, તપ, વ્રત, તીર્થ વગેરે પુષ્કળ પ્રમાણમાં કરે છે. તેથી જ જીવને અતિશય બંધન થાય છે અને સંસારમાં અનંત કાળ સુધી ભટકતો રહે છે. ૨૫. દુઃખમાં પણ જે સુખ માનવું તે મોટું અજ્ઞાન છે. બીજા કરોડો વર્ષ સુધી જ્ઞાન કહ્યા કરે છતાં ભગવાન અને સંતના સિવાય અજ્ઞાન ટળે નહિ. ૨૬.

સામાન્ય મનુષ્યની બુદ્ધિ અજ્ઞાનરૂપ અંધકારથી ભરી હોય છે. અને જ્ઞાનીની બુદ્ધિ સૂર્યના સમાન તેજસ્વી છે. અંતઃકરણમાં જ્યારે વિચાર

કરવામાં આવે ત્યારે તે ક્યારેક દેખાઈ આવે છે. ૨૭. **જીવો બીજા વસ્તુ-પદાર્થમાં અપાર રુચિ કરે છે. પરંતુ ભગવાનનું ભજન કરવામાં તો તે જરાય રુચિ કરતો નથી. તેને લીધે જ તે વારંવાર લખચોરાશી અને જમપુરીમાં ભટક્યા કરે છે.** ૨૮.

દરબાર જીવા ખાચરે આવી વાત સાંભળી. પછી શ્રીહરિને તેમણે પૂછ્યું, "જન્મ અને મરણનું દુઃખ અપાર છે, તેમાં રતીભાર લગારેય પણ કાંઈ ખોટું નથી. ૨૯. જમપુરી અને લખચોરાશીનું દુઃખ પણ અનંત છે. તે વાત સર્વે શાસ્ત્રો, સંતો અને સુજ્ઞ વિપ્રો કરે છે. છતાં પણ ભગવાનનું ભજન જે કરે તેને દુઃખ ન થાય, આવી વાતને તો કોઈ અંતરમાં જોતા-વિચારતા જ નથી. ૩૦. જિંદગીનો એક પળ જેટલોએ વિશ્વાસ નથી અર્થાત્ જીવન અત્યંત ચંચળ છે, તેમાં જીવ મોટી મોટી આશાઓને બાંધે છે. જીવના હાથમાં એક પણ વાત નથી. તેનો જીવને એક પળવાર પણ વિવેક રહેતો નથી. ૩૧. જીવને આવું જોરદાર અને ગાઢ અજ્ઞાન છે. જેને એ અજ્ઞાન જાણ્યામાં આવે છે તેવા થોડા જ હોય છે. અને જે લોકો સત્સંગી થયા છે તેમને તે અજ્ઞાન જાણ્યામાં આવે છે. ૩૨. એટલે તે સત્સંગીઓની સમજણ જગતથી જુદી છે, એમ ઠેકઠેકાણે દેખાય છે. **ભગવાનના અવતારો તો ઘણા થયા છે પણ આવો અવતાર ક્યારેય થયો હોય એવું અમે ક્યાંય સાંભળ્યું નથી.** ૩૩. ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન, એ ચાર આજે સત્સંગમાં પ્રકટ રહ્યા છે. જગતમાં મોટા મોટા રાજાઓ અને દીવાનો એ બધા પણ આવું કહે છે. ૩૪. છતાં પણ તે લોકો સત્સંગનો દ્રોહ કરે છે. તો હે મહારાજ ! તેનું કારણ શું હશે ?"

ત્યારે અંતર્યામી સહજાનંદસ્વામી શ્રીહરિ અતિ કરુણા કરીને બોલ્યા, ૩૫. "તેનું કારણ તો શુભ અને અશુભ એવા આઠ દેશકાળાદિક છે. જ્યાં જેની પ્રધાનતા હોય ત્યાં શાણા માણસની બુદ્ધિ પણ તેવી થઈ જાય છે, ફરી જાય છે. ૩૬. તે આઠના ગુણ પણ શુભ અશુભના પ્રકારથી આઠ છે. તે તમારા જેવા બુદ્ધિમાનને પણ સમજાય નહિ. ૩૭. અને વળી ભગવાનના

ભક્ત પણ બે પ્રકારના છે અને તેની બુદ્ધિ પણ બે પ્રકારની છે. એકને વ્યવહાર મુખ્ય છે અને બીજાને ભગવાન મુખ્ય છે. ૩૮. વ્યવહાર તો બંને કરે છે, એકબીજાથી વધારે કરે છે, પણ તેમાં ઘણો ફરક છે. તેના મર્મને તો જ્ઞાની જન જ જાણી શકે છે. ૩૯. એક સત્સંગની દૃષ્ટિએ વધારે જ્ઞાની છે ત્યારે બીજો વ્યવહારની દૃષ્ટિએ અધિક છે. જેમ કે ભીષ્મ અને અર્જુન, બંને ભક્ત હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'શ્રીહરિની સહજ પ્રવૃત્તિ અને જીવા ખાચરની સાથે વાતો કહી' એ નામે એકોતેરમો તરંગ સમાપ્ત ॥૭૧॥



પૂર પાંચમું : તરંગ - ૭૨

શ્રીહરિએ કહેલા ભક્તના બે પ્રકાર અને સત્સંગના શ્રેષ્ઠ ભક્ત

દરબાર જીવા ખાચરે શ્રીહરિને ફરીવાર પૂછ્યું, હે મહારાજ ! હમણાં આપે બે પ્રકારના હરિભક્ત કહ્યા. ૧. એકને ભગવાન મુખ્ય છે અને બીજાને જગત-વ્યવહાર મુખ્ય છે. તેનું મૂળ કારણ શું છે ? તે મને સમજાયું નહિ. ૨. ત્યારે શ્રીહરિ બોલ્યા, અમને જેમ સમજાય છે તેમ કહીએ છીએ. તમે તો ઘણા શાણા-સુજ્ઞ છો, એટલે જાણો જ છો છતાં અમે કહીએ છીએ. ૩. સહુની બુદ્ધિ એક સરખી હોતી નથી. બધાની બુદ્ધિ તરેહ તરેહની હોય છે. પારખનારાને જો વિવેક હોય તો તે પારખનારાઓની બધી બુદ્ધિમાં એકતા મળે. ૪. જે માણસો પરખવામાં જેટલા કાચા હોય તેટલી તેને એકસરખી બુદ્ધિ હોતી નથી. અને બરોબર પારખનારા જે હોય તેને બધાને એક સરખી બુદ્ધિ હોય છે. ૫. પૂર્વે જે ભગવાનના ભક્ત થયા છે. તે બધાનાં શાસ્ત્રમાં લક્ષણ લખ્યા છે. જેની જેવી બુદ્ધિ-સમજણ હતી તે પણ સ્પષ્ટ રીતે કહી દીધી છે. ૬. તેની સમજણનો વિચાર કરીને અમે કહીએ એટલે તમને સમજાઈ જાશે. શાસ્ત્રના પ્રમાણ વિના કહેવામાં આવે, તો તેને બુદ્ધિમાન લોકો માને નહિ. ૭.

✵ ભીષ્મ કરતા અર્જુનની મહાનતાનું કારણ કહ્યું :

અર્જુન અને ભીષ્મ બંને ભક્ત હતા. તેમને શ્રીકૃષ્ણ ભગવાનના નિશ્ચયમાં કાંઈ ખામી ન હતી. બંનેને શ્રીકૃષ્ણનું જ્ઞાન હતું. તેઓ શ્રીકૃષ્ણને ભગવાન માનતા, તે સિવાય બીજાને ભગવાન માનતા નહિ. ૮. પણ તે બેમાં એ ફરક હતો કે અર્જુન જેમ શ્રીકૃષ્ણ કહે તેમ ચાલતા અને ભીષ્મ પોતાનું ધાર્યું કરતા. શ્રીકૃષ્ણની સાથે જગતને મળતો વ્યવહાર રાખતા. પણ શ્રીકૃષ્ણનો વિશ્વાસ કરતા નહિ. ૯. કેમ જે, ભિષ્મ મોક્ષની બાબતમાં શ્રીકૃષ્ણને જ એક સત્ય માનતા હતા. પરંતુ વ્યવહારની બાબતમાં શ્રીકૃષ્ણને અતિ પ્રપંચી જાણતા હતા. અને જગતમાં ધાર્યું તો એક શ્રીકૃષ્ણનું જ થાય છે, એમ પણ ચોક્કસ સમજતા હતા. ૧૦. ભીષ્મ પોતે સહુથી વૃદ્ધ હતા. તેથી જેને પોતાને શરણે જાણે તેના સહાયક થતા. શ્રીકૃષ્ણનો મહિમા મુખથી અપાર જણાવતા, પણ શ્રીકૃષ્ણનું ગમતું કર્યું નહિ. ૧૧.

પાંડવોને અને કૌરવોને જ્યારે યુદ્ધ થયું. ત્યારે ભીષ્મને અત્યંત ક્રોધ ચઢ્યો હતો. તે સમયે શ્રીકૃષ્ણે એવી પ્રતિજ્ઞા કરી હતી કે ગમે તેટલું દુઃખ પડે તો પણ શસ્ત્ર ધારવું નહિ. ૧૨. પછી ભીષ્મ પિતાએ જ્યારે તે વાત જાણી ત્યારે પોતે પણ સામે પ્રતિજ્ઞા લીધી, 'જો શ્રીકૃષ્ણને શસ્ત્ર લેવડાવું તોજ હું તેમનો સાચો ભક્ત કહેવાઉં.' ૧૩. **ભગવાન મનુષ્ય લીલા કરવા માટે મનુષ્યરૂપે થાય છે. તે તેમણે મનુષ્ય શરીર ધાર્યું, તેનાથી તે મનુષ્ય નથી થઈ જતા. મનુષ્યનું શરીર હોય છતાં તેઓ દિવ્ય જ હોય છે.** ૧૪.

નટ નટનો ખેલ કરતા હોય તેમાં તે યુદ્ધ કરે. અને યુદ્ધમાં પુત્ર પિતાનો શિરચ્છેદ કરી નાખે. ૧૫. તેમાં તે નટને કાંઈ દોષ લાગતો નથી. કારણ કે એ તો નટ વિદ્યાથી તે ખેલ કરી રહ્યો છે. ભીષ્મે આવું બધું વિચાર્યું અને ભગવાનના હાથમાં રથચક્ર ધારણ કરાવ્યું. ૧૬. પછી પોતે તુરત જ મરવાની ઈચ્છા કરી. ભગવાનની પ્રતિજ્ઞા છોડાવી અને તે પછી ઘણી સ્તુતિ પણ કરી. ૧૭. ખરેખર એ કાંઈ ભક્તની રીત નથી. ભલેને તેઓ ઘણા મોટા જ્ઞાની હોય ! ભગવાન અનેક ચરિત્ર કરે, પણ ભક્તે તો તેવી એક પણ ક્રિયા ન કરવી અર્થાત્ ભગવાન કહે તેમ કરવું, કરે તેમ નહિ. ૧૮.

ભક્ત થઈને જે અસુરની જેમ વર્તે, તો તેનો આસુરી સ્વભાવ કહેવાય. ભલે ભગવાન પોતાના મુખે કહે તો પણ ભક્તે તેવું કરાય નહિ. ૧૯.

જે ભક્ત ભગવાનને જ મુખ્ય રાખે છે. તે બધામાં શ્રેષ્ઠ ભક્ત કહેવાય છે. જે ભક્તને પ્રત્યક્ષ ભગવાન મળે તેણે પાંડવોની રીત રાખવી. ૨૦. **ભગવાન ચાહે તેમ કરે પણ ભગવાનની ક્રિયાઓમાં પોતાની બુદ્ધિ દોડાવવી નહિ અર્થાત્ બુદ્ધિનો ડોડ છોડી દેવો. જગતમાં જેટલા જીવ છે તે બધા પોતાનું જ ધાર્યું કરે છે.** ૨૧. કેટલાક શાણા હોવા છતાં પોતાના મનનાં ધાર્યા પ્રમાણે ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન, ઈત્યાદિ શુભ ગુણોને રાખે, તેમજ ત્યાગ, જપ, તપ, તીર્થ, વ્રત વગેરેને પણ મન ધાર્યા પુષ્કળ પ્રમાણમાં કરે. ૨૨. યજ્ઞ કરીને બ્રાહ્મણોને જમાડે. અનેક પ્રકારનાં દાન આપે. પણ તે બધું કરનારો મનમુખી હોય તો તેનું કલ્યાણ ન થાય. તેમ અમે ચોક્કસ માનીએ છીએ. ૨૩. જ્યાં સુધી સૂર્યનું અજવાળું હોય ત્યાં સુધી દીવાનું કે મશાલનું શું કામ ? સારા પ્રમાણમાં વરસાદ વરસ્યો હોય તો કોશ હાંકવાની શી જરૂર ? આ બાબતને ભક્તજને મનમાં વિચારવી. ૨૪.

સાગર તરવા માટે સારું મોટું વહાણ મળી ગયું હોય, તો પછી તુંબડાની શી જરૂર ? કમરે તુંબડું બાંધીને કોઈ મોટા વહાણમાં બેસે તો બીજા લોકો તેને હસે. (તેમ પ્રગટ ભગવાન મળ્યા પછી સાધનનું બળ રાખવું એ તો કેડે તુંબડા બાંધી વહાણમાં બેસવા જેવું છે. મનગમતું મૂકી ભગવાન કહે તેમ કરવું તેમાં સર્વે સાધન આવી જાય છે.) ૨૫. વર્ણાશ્રમના ધર્મ પાળવામાં સાચો આધાર શાસ્ત્ર છે. અને જો તેને સમજાય તો શાસ્ત્ર તો ભગવાનનું સ્વરૂપ છે. ૨૬. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, એ ચાર પુરુષાર્થ બધા શાસ્ત્રમાં કહ્યા છે. જીવ પણ ચાર પ્રકારના છે. તે જેને જે રુચે તે પુરુષાર્થને ભાવથી સ્વીકારે છે. ૨૭. ચાર પુરુષાર્થમાં મોક્ષ સહુથી શ્રેષ્ઠ છે. પણ બધા જીવ મોક્ષના અધિકારી હોતા નથી. દરબાર (જીવા ખાચર) ! તમે તો ઘણા સમજદાર છો, છતાં તમારી રુચિમાં અતિ ફરક રહે છે. ૨૮.

તલવાર બનાવનારો લુહાર જો કુશળ કારીગર હોય તો અમૂલ્ય તલવારને ઘડે. જેવો કુશળ કારીગર લુહાર હોય તેવું જ સારું લોઢું હોવું

જોઈએ તો જ શ્રેષ્ઠ તલવાર બને. ૨૯. કારીગર કાચો હોય કે લોઢું સારું ન હોય તો તેનાથી શ્રેષ્ઠ તલવાર બની શકે નહિ. ગુરુ લુહાર છે અને શિષ્ય લોઢું છે એમ સમજવું. ગુરુ જેવું જ્ઞાન આપે છે તેવો શિષ્ય જ્ઞાની-વિવેકી બને છે. ૩૦. એક હાથે તાળી પડે નહિ, પણ બે હાથે તાળી પડે છે. ગુરુ તો ધર્મ અને જ્ઞાનાદિ ગુણવાળા અતિ બુદ્ધિમાન હોવા જોઈએ. ૩૧.

चोपाई :

शिष्य भये विश्वासी पाका, गुरु वचन देह वर्तावे वाका;
एसे शिष्यकी कीर्ति होवे, आगे शिष्य भये ते रित जोवे...३२

અને શિષ્ય જો પાકો વિશ્વાસી હોય અને ગુરુના વચન પ્રમાણે દેહને વર્તાવે તો તેવા શિષ્યની કીર્તિ ઘણી વધે છે. એવા શિષ્યો પૂર્વે થયા છે તેની રીત જોવી - વિચારવી જોઈએ. ૩૨.

શિષ્યો ઉપર ગુરુ એના કલ્યાણ માટે ક્યારેક નિર્દય થયા હોય છે પણ કોઈ સાચા શિષ્યો એવી રીતે ગુરુ ઉપર ક્યારેય નિર્દય થયા નથી. ત્યારે દરબાર જીવા ખાચરે શ્રીહરિની સન્મુખ હાથ જોડ્યા અને કહ્યું, ૩૩. હે મહારાજ ! આજ તો કળિયુગ છે. માટે તમે એવું કરો કે એક બે (પ્રકારની થોડી ઢીલી રીતે પણ જીવ) તમને ભજી શકે. તમે જેને સામર્થ્ય આપ્યું હોય છે તેની વાત હું કરતો નથી. ૩૪. હું તેને કોઈ જીવનું સામર્થ્ય માનતો નથી, બધું આપનું જ સામર્થ્ય જાણું છું. શરીરને અત્યંત કસવું તે કાંઈ થોડી વાત નથી અને તેમાં કાંઈ દંભનું જોર ચાલતું નથી. ૩૫.

જીવુબા, રાજબાઈ, સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામી, ભાઈ રામદાસસ્વામી, આત્માનંદસ્વામી, ૩૬. વ્યાપકાનંદસ્વામી, સ્વરૂપાનંદસ્વામી, આ બધા હે બહુનામી ! જેમ આપ બોલો તેમ કરનારા છે. આપ જે વચનને ઉચ્ચારો તે રીતે તેઓ ટુક ટુક થઈ જાય તેવા છે. ૩૭. ગૃહસ્થ હરિભક્તોમાં પર્વતભાઈ, દરબાર ઝીણાભાઈ, દરબાર મૂળુભાઈ, માંચા ખાચર, ૩૮. દાદા ખાચર તો આપને પોતાને ઘેર રાખવા માટે આધીન થઈને રહ્યા છે. વળી વિચક્ષણ દરબાર સોમલા ખાચર, એટલા મેં આ સત્સંગમાં નિષ્ઠાવાન, આજ્ઞાંકિત જોયા છે. ૩૯.

એ સહુમાં જે જે સદ્ગુણો છે તેમાં માનનો અંકુર નથી. તેમને સહુથી વધારે એક જ તાન છે કે આપના વચન પ્રમાણે વર્તવું. ૪૦. જેમ માછલાંનું જીવન પાણી છે તે પાણી વિના પીડાય છે તેમ આ બધાનું જીવનથી પણ અધિક જીવન આપની આજ્ઞા છે. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમપૂરમાં 'શ્રીહરિએ ભીષ્મ અને અર્જુનના જેવા બે પ્રકારના ભક્ત કહ્યા, જીવા ખાચરે સત્સંગના શ્રેષ્ઠ ભક્તોના નામ કહ્યા' એ નામે બોતેરમો તરંગ સમાપ્ત ॥૭૨॥



પૂર પાંચમું : તરંગ - ૭૩

લેખકે નિજ અનુભવ કહી શ્રીહરિના ચરિત્ર ચિંતવનથી જ મોક્ષ કહ્યો

શ્રીહરિ સવારે અને સાંજે નિત્ય બે વખત સંતો અને હરિભક્તોને સાથે લઈને ઉન્મત્તગંગામાં સ્નાન કરતા. સહુને મનમાં ઘણો જ ઉત્સાહ રહેતો. ૧. ભક્તોને અતિ સુખ દેવા માટે શ્રીહરિ ઘણી જળક્રીડા કરતા. તે મુખે કહી શકાય તેમ નથી. કવિ તો કેટલુંક મુખથી ગાઈ શકે ? ૨.

❋ હરિચરિત્રનો મહિમા :

તેને માટે એક કલ્પના કરીએ કે જો આ ભૂમિ ઉપર જે કાંઈ નજરે દેખાય છે, તે બધા જ આકારો કંચનમય હોય અને તેમાં ઠેકઠેકાણે શ્રેષ્ઠ ચિંતામણિઓને જડ્યા હોય તો તેમાં ન્યૂન કે અધિક, સારું-નરસું કોને કહેવું ? શ્રીહરિના બધા જ ચરિત્ર તેવા જ કહેવાય છે અર્થાત્ બધા જ સર્વોત્તમ અને શ્રેષ્ઠ છે. રાજા-બ્રહ્માદિક કોઈપણ હરિચરિત્રથી ક્યાં અધિક છે ? કેમ જે, હરિચરિત્રથી મોક્ષ થાય છે, રાજા બ્રહ્માદિકથી નહિ. ૩-૪. શ્રીહરિના જે ચરિત્ર છે તે બધા મોક્ષદાયી છે. જેને અંતસમયે તે ચરિત્ર યાદ આવી જાય તો તેની અસદ્ગતિ થાતી નથી. ૫. હરિચરિત્રમાં આવો પરમ લાભ છે. માટે રાત દિવસ શ્રીહરિના ચરિત્રોમાં ચિત્તને રાખવું.

શ્રીહરિ જ્યારે ઉન્મત્તગંગામાં જળક્રીડા કરતા હોય ત્યારે તે દર્શન કરવા માટે બધા દેવો આવતા. ૬. શ્રીહરિની જળક્રીડાનું ચિંતન-ધ્યાન કરવા માટે દેવો ઘણા જ પ્રેમથી વિમાનમાં બેસીને આવતા. અને દેવતાઓ શ્રીહરિના જેવા ચરિત્રોને દેખતા તેવું ગાન તરત કરવા લાગતા. ૭. **જે ચિત્ત પરોવીને શ્રીહરિના ચરિત્રોનું ગાન કરે છે તેનાં હૃદયમાં શ્રીહરિ મૂર્તિમાન દેખાય છે અને ત્યારે ભક્તને અપાર સુખ સુખ થઈ જાય છે અને હૈયામાં અતિ અપાર આનંદ ઉપજે છે.** ૮. પણ જ્યારે ભક્તનું મન મૂર્તિમાંથી નીકળી જાય અને ફરીવાર દેહાકાર થઈ જાય ત્યારે તે મૂર્તિના સુખને ભૂલીને જીવે છે. **જે જે સંતો અને હરિભક્તો આત્માકારે થઈને શ્રીહરિના ચરિત્રોને દેખતા અને કેટલાક ક્રિયા કરતી વેળાએ હરિચરિત્રોનું ચિંતવન કરતા. તેવા હરિભક્તોને જોઈને શ્રીહરિ અતિશય પ્રસન્ન થાતા.** ૯-૧૦.

❋ શ્રીહરિ સત્સંગનું ધ્યાન રાખતા :

આવું ચિંતવન-ધ્યાન કરનારા સંત કે હરિભક્ત જો નિર્દંભ અને નિર્માની હોય તો શ્રીહરિ વારંવાર તેમના વખાણ કરતા. પણ જો તે દંભી અથવા માની દેખાય તો તેના ઉપર શ્રીહરિ ક્યારેય રાજી થાતા નહિ. ૧૧. શ્રીહરિ જ્યારે વાતો કરતા હોય ત્યારે દંભીને અને માનીને ખુલ્લા પાડતા. વાતમાં ક્યારેય કોઈનું નામ ન લેતા પણ વાતવાતમાં તે જણાવી દેતા. ૧૨. સત્સંગના સંગથી વિરુદ્ધ જો કોઈ ત્યાગી કે ગૃહસ્થ હરિભક્ત વર્તતો હોય તો શ્રીહરિ તરત જ તેને સુધારવા માટેની તજવીજ કરતા. ૧૩. જો તેમાં જીવ દેખાય (અર્થાત્ તે સુધરી જાય તેવું જણાય) તો તો તેને બચાવવા-સુધારવા કોશિશ કરતા. જો તેમાં જીવ ન દેખાય (સુધરે એવું ન જણાય) તો તત્કાળ તેનો નિકાલ કરતા અર્થાત્ તેને સત્સંગમાંથી દૂર કરી દેતા. ૧૪. લોકમાં નિંદા થાય આવું કાંઈ દેખાય, તો તે કુસંગને દૂર કરતા અને સત્સંગની કીર્તિ દુનિયામાં અખંડ રહે આવા આશયનો પત્ર તરત જ લખીને સહુના ઉપર મોકલી આપતાં હતાં. ૧૫. પરમકૃપાળુ શ્રીહરિ સત્સંગમાં ઘેર ઘેર ફરતા રહીને તત્પરતાથી પાણી પહેલા પાળ બાંધી દેતા. ૧૬. શ્રીહરિ આમ તો એક જગ્યાએ હોય એવું દેખ્યામાં આવે છે. પરંતુ જ્યાં જેવો સમય-જરૂરિયાત હોય ત્યાં તેવા દર્શન અનેક દિવ્યરૂપ ધરીને સહુને આપતા હતા. ૧૭.

❋ ગ્રંથકારની સ્પષ્ટતા :

આવું કરોડ ગણું સામર્થ્ય શ્રીહરિએ ઘેર ઘેર ભક્તોને દેખાડ્યું છે. લખ્યા વિના કોઈ ચરિત્ર રહેતા-ટકતા નથી. અર્થાત્ તે જતા જ રહે છે, કહેતા નષ્ટ થઈ જાય છે. જેમ કે ગંગાનો પ્રવાહ. અર્થાત્ ગંગાનું પાણી રોકો નહિ તો તે ટકતું નથી, જતું રહે છે. તેમજ હરિચરિત્રનો જો ગ્રંથ લખાઈ ન જાય તો તે ચરિત્ર કાયમને માટે સત્સંગમાંથી સમાપ્ત થઈ જાય છે. ટૂંકમાં લખ્યું હોય તેટલું જ કાયમી રહે છે. ૧૮. જે ગંગાનો કે ચરિત્રનો પ્રવાહ આપણી દૃષ્ટિ આગળથી નીકળી ગયો, તેને માટે કરોડો પ્રયત્ન કરવામાં આવે તો પણ તે પ્રવાહ ફરીવાર દૃષ્ટિ આગળ પાછો લાવી શકાતો નથી. આ ચરિત્રરૂપી પ્રવાહ પણ વહી ગયો છે. અને તેને ત્રીસ વરસ થઈ ગયા છે. ૧૯.

પરંતુ અત્યારે હું આ ચરિત્ર જે લખી રહ્યો છું તે તો શ્રીહરિ જ્યારે મારાં હૃદયમાં પ્રગટ વસ્યા અને મને ચરિત્ર પ્રત્યક્ષપણે ફરીને દેખાડ્યા અર્થાત્ આ ચરિત્રપ્રવાહ મારાં અંતરમાં પાછો લાવ્યા છે. તેથી આ ગ્રંથ મારા દ્વારા લખાઈ રહ્યો છે. આ સર્વે ચરિત્રો યાને કે હરિચરિત્રામૃતસાગર ગ્રંથ શ્રીહરિ જ લખી રહ્યા છે. મને તો ખાલી નિમિત્ત બનાવ્યો છે. ૨૦. બંને આચાર્ય મહારાજ, સર્વે સંતો અને બીજા ત્યાગી ગૃહી હરિભક્તો, તે સહુના સુખને માટે અતિ હેતથી શ્રીહરિએ પોતે મને આ જ્ઞાન આપ્યું છે. અર્થાત્ આ હરિચરિત્રોરૂપી આ ગ્રંથ મારાં હૃદયમાં પ્રગટ કર્યો છે. ૨૧.

આ લખવામાં કોઈ અનુક્રમ રહી શક્યો નથી. જે લખાયું તે જ અનુક્રમ માનવાનું રહ્યું. કેમ જે, મને શ્રીહરિએ જેવા અને જેમ ચરિત્ર દેખાડ્યા તેવા અને તેમ મેં લખ્યા છે. આમાં અનુક્રમ કઈ રીતે જળવાય ? ૨૨. જેમ કોઈએ મહાયજ્ઞ આરંભ કરી દીધો હોય અને તેમાં પીરસવા માટે ગણાય નહિ એટલા અપાર સાકરના લાડુ બનાવી દીધા હોય તેમ શ્રીહરિના ચરિત્રોનો મહાયજ્ઞ મેં શરૂ કરી દીધો છે. અને ચરિત્રરૂપી લાડુ બનાવી દીધા છે. જ્યારે પંક્તિમાં ફરવાનું થાય ત્યારે આ લાડુ પહેલો બનાવ્યો છે અને આ પછી એવો નિર્ધાર કેમ રહે ? ૨૩. કેમ જે, બધા લાડુમાં ઘી અને સાકર એક સમાન જ નાખ્યા છે. જે જેટલું ખાશે તેને તેમાં તેટલી પ્રીતિ થાશે. પહેલો બન્યો કે પછી બન્યો,

પહેલો પીરસાણો કે પછી પીરસાણો, પહેલો ખવાણો કે પછી ખવાણો એનું અતિ મહત્ત્વ મારે મન નથી. જે જેટલું ખાશે તેને તેમાં તેટલી પ્રીતિ-લાભ થાશે. તેમજ આ ગ્રંથના ચરિત્રનું જાણવું. કેમ જે, આ ગ્રંથ અથથી ઈતિ સુધી એટલે કે આરંભથી સમાપ્તિ સુધી તેવો જ છે. જેમાં મત્સર દોષ નહિ હોય તે બધાને આ ગ્રંથ રુચશે-ગમશે. ૨૪. જેનાં મનમાં મત્સરરૂપ દોષ હોય તેને આ ગ્રંથ ક્યારેય ગમશે નહિ. પણ જે ખરો હરિભક્ત હશે તેને માટે તો આ ગ્રંથ જીવનરૂપ થાશે. ૨૫. કાવ્યનું જેટલું ચાતુર્ય હોવું જોઈએ, તે આ ગ્રંથમાં એક પણ નથી. પરંતુ શ્રીહરિચરિત્રનું જે ચાતુર્ય હોવું જોઈએ તે આમાં અનેક સ્થળે અને અનેક પ્રસંગે લખ્યું છે. ૨૬. જો એક જ ચિંતામણિ હાથમાં આવે તો પણ તેનાથી કોઈ અધિક વાત નથી. જેનાં હૃદયમાં પરમ વિવેક હોય છે, તે હરેક વાતને સવળી લે છે. ૨૭.

ઉન્મત્તગંગા (ઘેલા) નદી શ્રીહરિને અત્યંત વહાલી હતી. શ્રીહરિ બીજે ગમે તે સ્થળે જાય પણ ઉન્મત્તગંગાને તો નિત્ય યાદ કરતા જ રહેતા. ૨૮. તેમજ ગઢપુરના હરિભક્તો પણ એવા હતા કે શ્રીહરિને તેઓ નિત્ય સંભારતા. અને શ્રીહરિ પણ જે જે ગામ જાતા ત્યાં ગઢપુરના હરિભક્તોને વારંવાર યાદ કરતા. ૨૯. શ્રીહરિ અંતર્યામી છે. તેમાં એક રંચમાત્ર પણ ખામી નથી. તેથી જ તેઓ દેશકાળને અનુસરીને ચાલતા. દુર્મતિ લોકો દેશકાળને જોઈ શક્તા નથી. ૩૦. જે શુભ અને અશુભ દેશકાળ છે તે બંનેને શ્રીહરિએ પોતાના જ કબજામાં રાખ્યા છે. છતાં પણ શ્રીહરિ અનંત જીવોના હિતકર ચરિત્રો કરવા માટે મનુષ્યની રીતે ચાલે છે. ૩૧.

જે સ્વયં સમર્થ હોય તે જે જે કાર્ય કરે તેમાં તેનો દોષ કોઈ ગણે નહિ. જે સમર્થ હોય છે તેને સહુ મદદ કરે છે. ઠેકઠેકાણે બધે આવું જ હોય છે. ૩૨. શ્રીહરિથી વધારે સમર્થ કોઈ નથી કે જે શ્રીહરિને નિયમનમાં રાખે. શ્રીહરિ ક્યારેક નિયમમાં ચાલે છે અને ક્યારેક તો પોતાના ધાર્યા પ્રમાણે ચાલે છે. ૩૩. શ્રીહરિના બધા જ ચરિત્રો મોક્ષદાયી છે. તેમાં રંચ પણ ભૂલ રહી નથી. શ્રીહરિ સર્વ પ્રકારે નિર્દોષ છે અને તેમને કોઈનો સંગ લાગતો નથી. તેઓ તો નિઃસંગ છે. ૩૪.

चोपाई :

आपे जाने जन दोष सहीता, हरिकुं समझे अति दोष रहीता;
हरिजनकुं तेसे गिने निरदोषा, ताको नाश होवे सब दोषा...३५

જે ભક્ત પોતાને દોષયુક્ત માને, ભગવાનને અત્યંત નિર્દોષ સમજે, તે રીતે જ હરિભક્તોને જે નિર્દોષ સમજે, તેના બધા જ દોષોનો નાશ થઈ જાય છે. ૩૫.

શ્રીહરિ આવી વાતો રોજ કરતા હતાં. કેમ જે, સર્વને મોક્ષનું દાન દેવા જ શ્રીહરિ પ્રગટ થયા હતાં. અને પોતાને આશરે જે જન આવે તે નિજજન ઉપર શ્રીહરિને અતિશય હેત હતું. આવી રીત કોઈ દિવસ સાંભળી નથી. ૩૬. કોઈ પણ જાતિમાં જન્મેલો હરિભક્ત હોય, તે જ્યારે આ ભૌતિક શરીર છોડે ત્યારે તેને દિવ્ય દેહ આપીને પોતાના અક્ષરધામમાં લઈ જાય છે. કાંઈ વિલંબ કરતા નથી. ૩૭. શ્રીહરિના વચનમાં ભક્ત જેવો તત્પર થઈને વર્તતો હોય, તેને તેવા વિમાનમાં બેસાડીને તે પ્રમાણે તેને દિવ્યલોકની પ્રાપ્તિ આપે છે. ૩૮. તે પ્રમાણે શ્રીહરિ તેને અગણિત ખાનપાન આપે છે. અને તે પ્રમાણે જ તેને માન આપે છે. તેમાં ક્યારેય ઘટાડો કરતા નથી. ૩૯. શ્રીહરિની પાસે અદ્દલ-સચોટ નીતિ રહી છે. જેમ કે, જેવો રસ હોય અને જેવું બીબું હોય તેવી જ આકૃતિ બને છે. એમાં કોઈપણ પ્રકારનો પક્ષપાત થતો નથી. તેમજ શ્રીહરિ જે ભક્ત જેવી પાત્રતાવાળો હોય તેને તેવા ખાન, પાન ને માન અને દિવ્યલોકની પ્રાપ્તિ કરાવે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'લેખકે નિજ અનુભવ કહી હરિચરિત્ર ચિંતવનથી જ મોક્ષ બતાવ્યો' એ નામે તોંતેરમો તરંગ સમાપ્ત ॥૭૩॥



પૂર પાંચમું : તરંગ - ૭૪

ગ્રંથકર્તાએ શ્રીહરિનો અભિપ્રાય કહ્યો

શ્રીહરિની પૂજા અખંડ થયા કરતી. તે રીતે જ સંતોની અખંડ પૂજા પણ થાતી. એતો જોઈ જોઈને પણ મતિ થાકી જાય એટલું બધું છે ? તો લખી લખીને કેટલુંક લખવું ? ૧. આ બ્રહ્માંડ જેટલું આયુષ કરોડોવાર મને મળે, તો પણ શ્રીહરિના બધાજ ચરિત્રોને હું લખી શકું નહિ. ૨. સારમાં સાર તેમાં પણ સારરૂપ હરિરસ છે એમ જે જાણે છે, તેને બીજા જે જે રસ છે તે બધા વિષ સમાન થઈ જાય છે. ૩. એવા ભગવાનના ભક્તોને માટે જ મનમાં અત્યંત પ્રેમ રાખીને આ હરિ ચરિત્ર કાંઈક કહું છું. શ્રીહરિના જે ચરિત્ર છે તે શ્રીહરિની મૂર્તિ જ છે. ૪.

✵ શ્રીહરિની કરુણારૂપી સ્વાદ ચાખે તે બ્રહ્મરૂપ થાય છે :

चोपाई :

श्रीहरि प्रगट होत जेहि वारा, निज जन कुं सुख देत अपारा;
करुणा रस निज मूर्ति में जेता, सब भक्त कुं देवत हे तेता...०५
सो रस को स्वाद पावत जबही, अवर रस फिके होवत तबही;
ताकी मति होत हे गाधा, पिंड ब्रह्मांड सुख करे न बाधा...०६

શ્રીહરિ જ્યારે પ્રકટ થાય છે ત્યારે પોતાના ભક્તને અપાર સુખ આપે છે. પોતાની મૂર્તિમાં જેટલો કરુણારસ ભર્યો છે. તે બધો ભક્તોને આપે છે. અર્થાત્ ભક્તોના ઉપર ખૂબ જ કરુણા વરસાવે છે. ૫. શ્રીહરિના કરુણારસનો સ્વાદ જ્યારે ભક્ત પામે છે. ત્યારે બીજા બધા રસ ફિક્કા થઈ જાય છે. પછી તે ભક્તની બુદ્ધિમાં ભગવાનને મેળવવાની ઈચ્છા થાય છે અથવા તે ભક્તની બુદ્ધિ શુદ્ધ અને અપાર થાય છે. તેથી તેને પિંડ કે બ્રહ્માંડનું કોઈ પણ સુખ બાધ કરી શકતું નથી. ૬. બ્રહ્માંડ કોણે જીત્યું કહેવાય ? શરીરનું તો જેવું પ્રારબ્ધ હશે તેવું તેનું ગુજરાન થશે. **જેને શરીરમાં હેત ન હોય, તેણે બ્રહ્માંડમાત્ર જીતી લીધા છે. ૭. દોષમાત્રનું મૂળ કોણ ? જેણે પોતાના શરીરને જીતી લીધું હોય તો તેને બ્રહ્માંડમાં ક્યાંય પ્રીતિ રહે નહીં. જે અનંત બ્રહ્માંડો કહેવાય છે તે બધાનું મૂળ તે આ શરીર જ છે. ૮.**

કોને હરિચરિત્રમાં પ્રીત થાય ? કોના ક્લેશમાત્ર જાય ? આ શરીરને જેણે જીતી લીધું, તેણે બધા બ્રહ્માંડ જીતી લીધા છે. શ્રીહરિનો જેવો યથાર્થ મહિમા છે તેવો જો ચોક્કસપણે સમજાઈ જાય તો શ્રીહરિના ચરિત્રોમાં પ્રેમ થાય. શરીરના બધા અયોગ્ય સ્વભાવ ખોવાઈ જાય - ટળી જાય. જ્યારે લેશમાત્ર પણ દેહસ્વભાવ ન રહે ત્યારે તેના અંતરમાં લેશમાત્ર પણ કલેશ રહે નહિ. ૯-૧૦. દેહસ્વભાવનો જે પ્રકારે દોષ આવે એવી વાતનો અભ્યાસ કરવો જોઈએ. અભ્યાસ કર્યા વિના કરોડો વરસ વીતે તો પણ મોટી ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત થતી નથી. ૧૧. **કોને ઉચ્ચદશા કહેવાય ? શ્રીહરિ અને શ્રીહરિના ભક્ત સિવાયના જે કાંઈ વ્યક્તિ કે પદાર્થ છે તે બધાને કાળના કોળિયા સમજવા. આ રીતે દઢપણે સમજવું તે જ અતિશય ઉચ્ચ દશા છે.** ૧૨.

ઉચ્ચ દશા આવ્યા વિના ક્યારેય શાંતિ મળે નહિ, આ અનેક શાસ્ત્રોનો સિદ્ધાંત છે. તે ભલે કહેવામાં નજીક-સરળ લાગતો હોય પણ અનુભવવામાં ઘણો દૂર છે. ૧૩. સત્સંગ કરવાની રીતે જે સત્સંગ કરે તેને ઉચ્ચ દશા પ્રાપ્ત થાય છે. તેમાં કોઈ સંદેહ રાખવો નહિ. ૧૪. દેહનો અભ્યાસ તો સહજ સ્વાભાવિક કર્યા વિના પણ રહે છે. જીવ જાણે છે કે શરીરનો તત્કાળ નાશ થવાનો છે, છતાં તૃષ્ણા તો અધિકને અધિક વધતી જાય છે. ૧૫.

आशा नाम मनुष्याणां, काचिद् आश्चर्यशृखंला ।
यया बद्धा प्रधावन्ति, मुक्ताः तिष्ठन्ति पंगुवत् ॥

દેહનું હિત વિચારીને તેના રક્ષણ માટે જીવ કિલ્લા બનાવે, તેમાં અપાર તોપો મૂકે, પુષ્કળ સેના રાખે. તે સિવાયના પણ બીજા અનંત ઉપાયો કરે છે. ૧૬. કેટલાક તો વારંવાર પાપ કરે છે. પણ જીવવાનો એક પળ જેટલો પણ નિર્ધાર નથી. દેહના જતનથી જીવનું જતન થાય છે, એમ અજ્ઞાની લોકો માને છે. ૧૭. અને તેને લીધે જ તે અપાર દુઃખોને ભોગવે છે. જમપુરી અને લખચોરાશીનો કોઈ છેડો જ આવતો નથી. સત્સંગ કર્યા વિના જ્ઞાન થાય નહિ અને અનેક જન્મ વૃથા ખોવે છે. ૧૮.

मनुष्य जन्म को फल हे एहा, सत्संग सो करना तेहा;
सो न कियो ओर कियो कहा होई, शुक नारद युँ कहे सोई...१९

મનુષ્ય જન્મનું ખરું ફળ તો તે છે કે સત્સંગ કરવો. સત્સંગ ન કર્યો તો પછી બીજું શું કર્યું ? શુક અને નારદ વગેરે પણ એમ જ કહે છે. ૧૯. સત્સંગ કર્યા વિના સદ્‌બુદ્ધિ આવતી નથી અને વારંવાર જમનો માર ખાવો પડે છે. કોઈ ચક્રવર્તી રાજા હોય, તે મનમાં ધારે તેવા હુકમ ચલાવતો હોય, દેખવામાં તેનો ભારે પ્રતાપ જણાતો હોય, બીજા બધા રાજાઓ આવીને તેને વારંવાર પ્રણામ કરતા હોય, આવું હોવા છતાં જો તે સત્સંગ નથી કરતો, તો તેની રાજ્યસત્તા વગરે આતશબાજીના ખેલ જેવા છે. કેમ જે, એક પળવારમાં તે બધાનું કાંઈ ઠેકાણું રહેતું નથી. ૨૦-૨૧.

બુદ્ધિમાન કોને સમજવો ? જે અનંતકોટી બ્રહ્માંડો છે તે પણ આતશબાજીના ખેલના જેવા જ છે. જેની બુદ્ધિમાં આવો વિચાર ઉદય થાય, તેને બુદ્ધિમાન સમજવો. ૨૨. બધા ગ્રંથનો શું મત છે ? આવું સુંદર મનુષ્યનું શરીર પામીને જે વ્યક્તિ પોતાના આત્માનું જતન કરે છે અને જેને આવી સદ્‌બુદ્ધિ પ્રાપ્ત થઈ છે તેના જ કિલ્લા, તોપ, લશ્કર, ધન, હાથી, ઘોડા વગેરે જે કાંઈ સાધન સંપત્તિ હોય તે બધું સત્ય ગણાય છે. અર્થાત્ તે બધું કામમાં આવ્યું ગણાય. સમગ્ર શાસ્ત્રોનો આવો સિદ્ધાંત છે. પણ તેવું સમજવું તે ઘણું દુર્ઘટ છે. ૨૩-૨૪. હરિ કોને સદ્‌બુદ્ધિ આપે ?

दोहा : हरि ग्रहत जेहि बाँहकुं, सबुद्धि देवत तेहि;
सबुद्धि भई तेही जानना, हरि ग्रहे कर एहि...२५

ભગવાન જેનો હાથ પકડે તેને તેઓ સદ્‌બુદ્ધિ આપે છે. માટે જેને સદ્‌બુદ્ધિ પ્રાપ્ત થઈ હોય તેણે સમજવું કે ભગવાને મારો હાથ પકડ્યો છે. ૨૫.

પ્રતિદિન ભાગ્યશાળી કોણ બને ? મનુષ્યે સદ્‌બુદ્ધિ શીખવી અને કુબુદ્ધિનો ત્યાગ કરવો જોઈએ. અને જે કુબુદ્ધિનો ત્યાગ કરે તે દિવસે દિવસે બડભાગી બનતો જાય છે. ૨૬. સદ્‌બુદ્ધિ શું કરવાથી આવે ? સદ્‌બુદ્ધિવાળા મનુષ્યનો સંગ રાખવામાં આવે તો તેનાથી સદ્‌બુદ્ધિ આવે છે. પછી તેને સત્સંગ થાય છે અને સત્સંગમાં અનંત ગુણો રહ્યા છે. ૨૭. માણસ શાથી

શોભે છે? જ્યારે અનંત ગુણો આવે છે ત્યારે અનંત અવગુણોનો નાશ થઈ જાય છે. ગુણ વિના મનુષ્ય શોભતો નથી. સદ્‌ગુણ વિના મનુષ્ય થયા તો પણ શું થયું ? અને મનુષ્ય થવાથી પણ શી વિશેષતા ? ૨૮. શ્રીહરિ અનંત પ્રકારે નિત્ય આવી વાતો વારંવાર કહેતા હતા અને જે ચાર તત્ત્વ કહેવાય છે, તેની દૃઢતા કરાવતા હતા. ૨૯.

શ્રીહરિને શેનું તાન હતું ? ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન, એ ચારના ઉપર જ વિશેષ તાન તોડતા - આગ્રહ રાખતા હતા. એ ચાર વાતને દૃઢ કરવાને માટે જ આ સર્વોપરિ અવતાર ધારણ કર્યો છે. ૩૦. અનંત અવતાર થઈ ગયા પણ ધર્મ જ્ઞાનાદિની આવી દૃઢતા કોઈએ કરાવી નથી.

દરેક વરસમાં શ્રીહરિ બે-ત્રણ મોટા સમૈયા કરતા. ૩૧. ભૂમિ ઉપર જેટલા ગ્રંથ પ્રસિદ્ધ છે, તે બધાની અનુક્રમે કથા વંચાવી અને પોતે તે ગ્રંથોને સાંભળ્યા. પારાવાર યજ્ઞો કરાવ્યા. કરોડો અને હજારો બ્રાહ્મણોને જમાડ્યા. ૩૨. જેટલી જાતના દાન શાસ્ત્રમાં કહ્યા છે તે બધાં આપ્યાં. કેટલીએ ચોરશી કરી. તીર્થોની યાત્રા કરી. જપ, તપ અને વ્રત જેટલા શાસ્ત્રોમાં કહ્યા છે તે બધા શ્રીહરિએ કર્યાં છે, ૩૩. પોતાના આશ્રિત થયેલા બધા સંતોને વારંવાર ખૂબ જ દમ્યા. 'શ્રીહરિ સાક્ષાત્ પુરુષોત્તમ છે' આવા નિશ્ચય વિના કોઈનો પગ ટકે નહિ, એવા ચરિત્રો શ્રીહરિએ કર્યા છે. ૩૪. એક એક મહિનો પૂરો થાય ત્યારે નવા નવા પ્રકરણ ચલાવતા. ત્યારે આને નિશ્ચય છે અને આને નથી, તે તરત જ કળાઈ આવતું. ૩૫. જગતમાં જેટલા ભેખ છે તે બધા દંભથી જ ચાલતા હતા. જે ઘરમાં એકનું ધાર્યું થતું હોય અર્થાત્ સુજ્ઞ વડીલની આજ્ઞામાં સર્વ કોઈ પ્રેમથી રહેતા હોય તો તે ઘરની સન્મુખ અધર્મ જોતો નથી. (કેમ જે, આ સત્સંગરૂપી ઘરના સર્વે સભ્યો શ્રીહરિરૂપ સત્સંગના ધણીની એકની જ આજ્ઞામાં જેમ પ્રકરણ ફેરવે તેમ રહેતા હતા. તેથી અધર્મથી સામુંય નહોતું જોવાતું.) ૩૬.

✻ વચનમાં રહે તે મુક્ત છે :

જેટલા જીવ છે તે બધાની એવી એક જ રીત છે કે જો પોતાનું ધાર્યું થતું હોય તો તેમાં તેને આનંદ રહે. ૩૭.

दोहा : मुक्त की नहीं रीत अस, चलत वचन अनुसार;
वचन में मानत सुख सब, गनत न दुख लगार...३८

सोरठा : हरि वचन में प्रीत, हरि रूप तिनकुं हि कहत;
श्रीहरि ताके चीत, वर्तत हे अखंड एहि...३९
वचन में वर्तत जेहि, निर्बंध हि कहत तेहि;
सनातन मुक्त एहि, जीय से न एसो होय कबु...४०

પણ મુક્તની આવી રીત નથી. મુક્ત તો શ્રીહરિના વચન પ્રમાણે ચાલે છે અને વચનમાં જ સર્વે સુખ માને છે. તેઓ વચન પાળવામાં લગારેય દુ:ખ માનતા નથી. ૩૮. જેને હરિવચનમાં પ્રીત છે તેને જ હરિરૂપ કહ્યા છે. આવા ભક્તના હૃદયમાં શ્રીહરિ અખંડ રહે છે. ૩૯. જે વચનમાં વર્તે છે તેને નિર્બંધન કહેવાય છે અને તેને જ સનાતન-અનાદિ મુક્ત કહેવાય છે. કેમ જે, સાધારણ જીવથી આ રીતે વચનમાં રહી શકાય નહિ. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'ગ્રંથ કર્તાએ શ્રીહરિનો અભિપ્રાય કહ્યો' એ નામે ચુંમોતેરમો તરંગ સમાપ્ત ॥૭૪॥



પૂર પાંચમું : તરંગ - ૭૫

શ્રીહરિએ એભલ ખાચરના ગામગરાસ ઉપર આવેલા વિઘ્નોને ટાળ્યા

ગઢપુરમાં રહેલા શ્રીહરિએ આનંદાનંદસ્વામીને સંતમંડળ સાથે ભાવનગરમાં ચાતુર્માસ રહેવાની આજ્ઞા આપી. ૧. રામ, લક્ષ્મણ અને જાનકીની મૂર્તિઓને સુંદર સિંહાસન કરાવીને તેમની સાથે આપી. ૨. મૃદંગ, નગારું, તુરાઈ અને ઝાંઝ આદિ વાજિંત્રો આપ્યા. સંતોએ શ્વેતવસ્ત્ર પહેર્યા. રામાનુજના (રામાનંદી ?) સંતોની રીત પ્રમાણે માથે ટોપી, રૂમાલ, અંગરખું, ધોતિયું અને યજ્ઞોપવીત રાખવાનું કહ્યું. ગળામાં તુલસીની કંઠી પહેરાવી અને તુલસી અથવા કમળ કાકડીની જપ માળાઓ આપી. ૩-૪. તુલસીકૃત રામાયણ, વાલ્મીકિકૃત રામાયણ અને ગીતા તથા ભાગવત ભણેલા કેટલાક સંતોને સાથે

મોકલ્યા. તે સંતો સંપ્રદાયની રીતને જાણનારા અને ઘણા શાણા સુજ્ઞ હતા. નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિઃસ્નેહ અને નિર્માન જેવા પંચવ્રતમાન પાળવામાં જે વજ્ર જેવા દૃઢ હતા. દેશકાળની વિષમતાને જે તત્પરતાથી સમજી શકે તેવા હતા. ૫-૭. કોઈ અજ્ઞાની માણસ ક્રોધ કરે તો પણ તેને સહન કરે, એવા પચાસેક સંતોને આનંદાનંદસ્વામીની સાથે ભાવનગર મોકલ્યા. ૮.

અને ત્યારે શ્રીહરિએ સંતોને કહેલું કે, જે કોઈ સ્ત્રીમાત્ર કહેવાતી હોય, તે કદાચ ઘણો ભક્તિભાવ દેખાડે તો પણ ક્યારેય તેનો વિશ્વાસ કરવો નહિ. નારીને નાગણી જાણીને તેનાથી દૂર રહેવું. ૯. **નાગણીનું ઝેર સર્પ કરતાં પણ ભયંકર હોય છે. નારીને જોવાથી કે તેનો શબ્દ સાંભળવાથી પણ તેનું ઝેર ચડે છે. એટલા માટે નારીમાત્રથી અતિશય દૂર રહેવું. મોક્ષમાર્ગમાં તે અત્યંત વિઘ્નકારી છે એમ મનમાં સમજવું.** ૧૦. શ્રીહરિએ આવા દૃઢ વચનો કહીને તે સંતોને ભાવનગર જવા વળાવ્યા. શિહોર થઈને જવાની આજ્ઞા કરી હતી. તેથી સંતો તેને શિરોધાર્ય કરીને ચાલ્યા. ૧૧.

દરબાર એભલ ખાચરનું હિત કરવા માટે શ્રીહરિ પ્રેમથી ગઢપુર રહ્યા હતા. શ્રીહરિ તેમને વારંવાર હેતથી પૂછતા, 'દરબાર ! જે કામકાજ હોય તે બોલજો. ૧૨. એભલ ખાચરે ભક્તિભાવ અને અતિ સ્નેહથી શ્રીહરિને વશ કરી લીધા હતા. તેઓએ નિરંતર શ્રીહરિ સિવાયની કોઈ બીજી વાત પોતાના મનમાં રાખી જ ન હતી. ૧૩. શ્રીહરિ આખા સત્સંગમાં ફર્યા. અનેક હરિભક્તોના પ્રસંગમાં રહ્યા. પછી તેમણે સહુથી વધારે સારા સદ્‌ગુણો એભલ ખાચર અને તેમના પરિવારમાં છે, એવો નિરધાર કર્યો. ૧૪. **એભલ ખાચર મહાન ભક્ત હતા. તેમણે નિષ્કપટતાથી પોતાનો આત્મા પણ શ્રીહરિને અર્પણ કરી દીધો. તેમનો દિન પ્રતિદિન પ્રેમભાવ અધિકને અધિક વધતો ગયો.** ૧૫. શ્રીહરિ તેમને જે જે વાત કહેતા તેમાં તેઓ ક્યારેય સંશય કરતા નહિ. શ્રીહરિ તેમના બધા ગામ ગરાસ કોઈને દાનમાં આપી દે તો પણ હંમેશા તેઓ મનમાં પ્રસન્ન જ રહે. ૧૬.

દરબારોને પોતાનો ગરાસ માથા કરતા પણ વધારે મહત્ત્વનો હોય છે. ગરાસ માટે તો તેઓ હજારો માથાને કાપતા કે કપાવતા. પણ ક્યારેય

લગાર પણ ગરાસને છોડતા નહિ. ૧૭. દરબાર એભલ ખાચરે ગરાસ કરતા પણ કરોડગણું સુખ યથાર્થ રીતે શ્રીહરિમાં માન્યું હતું. અને તેથી જ તેઓ ગરાસમાં પ્રીતિ રાખતા નહિ. અને પોતાનું મન શ્રીહરિના ચરણોમાં લગાવી દીધું હતું. ૧૮. શ્રીહરિએ એભલ ખાચરનો વિશુદ્ધભાવ જોયો અને તેમના પુત્ર ઉત્તમને પણ તેમના જેવા જ જોયા. દાદા ખાચરના નિર્વાહ માટેની અગમ વાત શ્રીહરિ જાણતા હતા. ૧૯. તેથી શ્રીહરિએ ભાવનગરના મહારાજા પાસે મહોરછાપવાળા લેખપત્ર કરાવી દીધા. જેટલો ગરાસ જીવા ખાચરનો હતો તેટલો જ ગરાસ એભલ ખાચરનો પણ કરાવી દીધો. ૨૦. બંનેની મહેસૂલ વગેરેની આવક એક સમાન કરાવી દીધી અને બન્નેનો માન-મતરબો પણ એક સરખો કરાવી દીધો. એભલ ખાચર વ્યવહારમાં સ્વભાવે ઉગ્ર હતા તેથી જીવા ખાચર તેમનાથી ડરતા રહેતા. ૨૧.

પછી જીવા ખાચરે દેશના રાજા ભાવનગર નરેશની સાથે મેળ-મહોમત રાખીને ખટપટ કરી. તેથી ભાવનગરના મહારાજાએ અભય રાજા ઉપર પોતાનું થાણું મોકલ્યું. ૨૨. અને એભલ ખાચરનો બધો ગરાસ કાયદો બતાવીને દબાવી લીધો, કબજે કરી લીધો. દેશના મોટા રાજા આગળ કોઈનું કાંઈ ચાલતું નહિ. તેથી બધા કાઠીઓના ગરાસનો કબજો કરી લીધો હતો. ૨૩. કોઈ પણ કાઠી ભાવનગર નરેશની સાથે વૈર કરવા વિચાર પણ કરે અને તેમને ખબર પડે તો તે કાઠીનો ગરાસ ખૂંચવી લેતા. એ અરસામાં લાધા ઠક્કર ગઢપુર આવ્યા. તેઓ જાતિથી ખોજા હતા. ૨૪. તેઓ લાકડિયા ગામમાં રહેતા અને સત્સંગી થયા હતા. પછી ગઢપુર શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા. તેઓ ઘણા નીતિ કુશળ હતા. ૨૫. અને ભાવનગર રાજ્યના કાયદા કાનૂન જાણતા-સમજતા હતા. તે સિવાયની બીજી ઘણી રાજનીતિને સમજતા હતા. તેમજ રાજ્યમાં બધું કામકાજ કરવું - વ્યવહાર કરવો, તેમાં તેમની બુદ્ધિ ઘણી તેજ હતી. ૨૬.

શ્રીહરિએ એભલ ખાચરનો જેટલો ગરાસ હતો તે બધાને કાયદેસરનો બતાવીને ભાવનગર નરેશના હાથથી છોડાવવો અને ગરાસને નિર્બાધ કરવો, આવા આશયથી લાધા ઠક્કરને એભલ ખાચરના કામદાર-દીવાન કરી દીધા. ૨૭. તેમને રહેવા માટે મકાન કરાવીને આપ્યું. તે સિવાય તેની

આજીવિકા માટે જમીન પણ ઉત્સાહથી આપી. ૨૮. લાધા ઠક્કર ઘણા બુદ્ધિશાળી હતા. તેમજ તેમણે સહાયમાં શ્રીહરિને માથે રાખ્યા હતા. એટલે તેઓ શ્રીહરિની મરજી લઈ જીવા ખાચરને મળ્યા. ૨૯. લાધા ઠક્કરે દરબાર જીવા ખાચરની સાથે તેનું હિત થાય તેવી વાત બતાવી. અને સામ ઉપાયે કરીને કહ્યું કે, હે જીવાબાપુ ! નોકરના રૂપમાં રાખેલા ગોવાળિયા આડાકાઠીઓ એભલ ખાચરનો બધો ગરાસ દબાવીને પડ્યા છે. ૩૦.

ભાવનગર મહારાજા જાણે છે કે મૂળ ગરાસદાર એભલ ખાચર છે અને ગોવાળિયા ખોટા છે. તેમજ એભલ ખાચર પણ સમજે છે ભાવનગર મહારાજાના રાજ્યનો હિસ્સો પણ ગોવાળિયા ખોટી રીતે દબાવીને ભોગવે છે. દીવાને તે અંગે પાકી તજવીજ કરી છે અને રાજ્યની અને દરબાર એભલ ખાચરની અનિશ્ચિત જે વિગત હતી તેને જોઈ છે. ૩૧. જો ગોવાળિયા કાઠી જેમ રહે છે તેમ જ રહેશે તો ભાવનગર રાજ્યને મહેસૂલી ભાગ કાંઈ નહિ મળે અને એભલ ખાચરને પણ તેમનો ભાગ નહિ મળે અને નોકરના રૂપમાં જે પહેલા કામ કરતા હતા તે ગોવાળિયા-આડા કાઠી બધું લઈ લેશે." (એમ જીવા ખાચરને સમજાવ્યા. તેથી તે માની ગયા.) ૩૨.પછી રાજ્ય સરકાર અને એભલ ખાચર બંનેની સંમતિથી લાધા ઠક્કરે કાયદાને અનુસરીને સારા કણબી પટેલ ખેડૂતોને લાવીને માંડવધાર વગેરે ગામોમાં વસાવ્યા. (તે કોણ હતા ? બે કારિયાણીના કડવા પાટીદાર હતા. ૧. કોરડિયા ગોહાભાઈ ઉર્ફે ગોવિંદભાઈ ધરમશીભાઈ, ૨. માખાસણા લક્ષ્મણભાઈ અને બે સાંગાવદરના ખેડૂતો હતા : ૧. લેવા પટેલમાં ડુંગરાણી અને ૨. પ્રજાપતિમાં બાવળિયા અટકના હતા. તેના નામ મળતા નથી.)

પહેલા ભાવનગર મહારાજાની સાથે ખેડૂતોની મુલાકાત કરાવી. ૩૩. તેથી ભાવનગર મહારાજા ઘણું રાજી થયા અને ખેડૂત પટેલોને પાઘડી બંધાવી અને જેટલા સાંતી લઈને તેઓ આવ્યા હતા તેટલી જમીનનો લેખ હરખભેર કરી આપ્યો. ૩૪. વિચક્ષણ મહારાજાએ પ્રસન્ન થઈને બીજી એક પાઘડી દીવાન લાધા ઠક્કરને બંધાવી. પછી માંડવધાર ગામમાં જે લોકો રહેવા આવ્યા, તે બધાને મહારાજા અને એભલ ખાચર સહાય કરતા રહ્યા. ૩૫.


(માંડવધાર વગેરે ગામોમાંથી જેઠા અને મેરામણ જેવા) ગોવાળિયા-આડા કાઠીઓને તે ગામોમાંથી તગડી મૂક્યા. તેથી બધો જ દેશકાળ ફરી ગયો. અને શ્રીહરિની ઇચ્છાથી ભયનો કાળ પણ ફરી ગયો. અર્થાત્ સર્વે નિર્ભય થયા. ૩૬.

શ્રીહરિ આ પ્રદેશમાં પધાર્યા અને રહ્યા, તેનાથી બધા જ દરબારોને ભયમાત્ર ટળી ગયો અને સૌના હૃદયમાં અત્યંત સુખ થયું. ૩૭. દરબાર એભલ ખાચરના દરબારમાં આવીને શ્રીહરિ રહ્યા તેથી બધા જ દરબારો વ્રતમાન-નિયમ ધારણ કરીને શ્રેષ્ઠ થયા, સર્વોત્તમ થયા. આ બાબતને દેવતાઓ પણ વખાણતા હતા. ૩૮. બધા દરબારો સત્સંગી થયા. વ્રતમાન-નિયમને પાળતા થયા તે દેખીને સર્વ સાધારણ જનતાને ઘણું જ આશ્ચર્ય થયું અને જે દરબારો હરિભક્ત થયા તે બધા દુઃખ દ્વન્દ્વોથી પર થઈ ગયા. ૩૯. ગઢપુરના દરબાર એભલ ખાચરને ધન્યવાદ ઘટે છે, તેમજ દરબાર જીવા ખાચરને પણ ધન્યવાદ ઘટે છે. કારણ કે તેમણે શ્રીહરિનો સત્સંગ સ્વીકાર્યો અને એકાંતિક હરિભક્ત થયા તેના શુભ ભાગ્યની મહત્તાને હું કહી શકતો નથી. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના પંચમ પૂરમાં 'શ્રીહરિએ એભલ ખાચરના ગામ ગરાસ ઉપર આવેલા વિઘ્નોને ટાળ્યા' એ નામે પંચોતેરમો તરંગ સમાપ્ત ॥૭૫॥



ઇતિ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથે પંચમ પૂર સંપૂર્ણ



પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળધામ)ની પ્રેરણાથી કરવામાં આવેલ પ્રકાશન

ગુજરાતી પ્રકાશન

VCD

૧. મોક્ષનાં સાધનો   ૨. ધીરજાખ્યાન
૩. યમદંડ (સુરત)   ૪. સહજાનંદ
૫. સાધુ ભજનપ્રકાશદાસજી
૬. ઉત્તર ભારતની યાત્રા
૭. સાંસ્કૃતિક કાર્યક્રમ શિ.-૧૭,૧૮
૮. નાટક : સહજાનંદી સિંહ રૂપાભાઈ
૯. નાટક : શૂન્ય
૧૦. ટેલીફિલ્મ : ઓવર અપેક્ષા
૧૧. ટેલીફિલ્મ : ખોરાસાના રાજાભાઈ

MP3

૧. કીર્તન કુંભ ભાગ : ૧ થી ૬
૨. બુદ્ધિપ્રદીપ
૩. પંચરત્ન   ૪. હરિસ્મરણ
૫. દાદા ખાચરના વિવાહ
૬. શ્રીમદ્ ભાગવત

DVD

૧. સ્નેહગીતા   ૨. ભાલદેશની લીલા
૩. પંચરત્ન   ૪. અક્ષરબાવની
૫. ભક્તિસિદ્ધિ   ૬. બુદ્ધિપ્રદીપ
૭. વિવેકસાર   ૮. સર્ગનિસરણી
૯. મુક્તવંદના
૧૦. દિવ્ય દિવ્ય મહારાજ
૧૧. કરુણા તેરી *(કીર્તન દર્શન-૧)*
૧૨. અક્ષરધામની ગાડી *(કીર્તન દર્શન-૨)*
૧૩. માધુરી મૂર્તિ *(કીર્તન દર્શન-૩)*
૧૪. સુખની ખાણી *(કીર્તન દર્શન-૪)*
૧૫. કુંડળધામ દર્શન
૧૬. ઘેર બેઠા તીરથ ભાગ-૨
૧૭. શ્રીહ.ચ.સાગર પુરશ્ચરણ મહોત્સવ
૧૮. હિંડોળા ઉત્સવ ૧૯. યુવાશિબિર

MP5

૧. ભક્તચિંતામણિ
૨. શ્રીહરિલીલામૃત
૩. શ્રીઘનશ્યામલીલામૃતસાગર
૪. સત્સંગિજીવન
૫. નિષ્કુળાનંદ કાવ્ય
૬. શ્રીહરિધ્યાનમંજરી
૭. શ્રીહરિચરિત્રામૃતસાગર કથા
૮. ગોપાળાનંદસ્વામીની વાતો
૯. ભક્તિસિદ્ધિ
૧૦. વાસુદેવ માહાત્મ્ય
૧૧. વિવેક ચિંતામણિ
૧૨. ઉત્તર હિન્દુસ્તાનના પરચા
૧૩. કીર્તન સહ ધ્યાન
૧૪. કથામૃતમ્
- છપ્પનાવલી   - શૌચાશૌચ
- શિક્ષાપત્રી ભાષ્ય - ધ્યાનયોગ (સુરત)
- જ્ઞાન સાથે ગમ્મત
૧૫. વડતાલધામનો મહિમા
૧૬. ઐશ્વર્યપ્રકાશ
૧૭. નારાયણ અંગ ચિંતામણિ
૧૮. સંત આખ્યાન
- સદ્.શ્રીપ્રેમાનંદસ્વામી
- સદ્.શ્રીશુકાનંદસ્વામી
- સદ્.શ્રીઆધારાનંદસ્વામી

- સદ્.શ્રીઅદ્ભુતાનંદસ્વામી
- સદ્.શ્રીઈશ્વરચરણસ્વામી
- સદ્.શ્રીસ્વરૂપાનંદસ્વામી
- સદ્.શ્રીનૃસિંહાનંદસ્વામી
- સદ્.શ્રીભાયાત્માનંદસ્વામી
- સદ્.શ્રીઅક્ષરજીવનસ્વામી (ભુજ)નું જીવન એવં પત્ર
- મૂળજી બ્રહ્મચારી - જેરામ બ્રહ્મચારી

૧૯. ભક્તાખ્યાન (૨૪ ભક્તોના આખ્યાન)
- મીર સાહેબ - નાથભક્ત
- ડોસા તાઈ - ચંદ્રહાસ
- પૂજા ડોડિયા - માવા ભક્ત
- શિવલાલ શેઠ અને ભગા દોશી
- ડડુસરના ગલુજી
- સોખડાના ગોપાલભાઈ
- લોધિકાના અભેસિંહ
- મેંગણીના માનસિંહ
- જોબન પગી - રૂડિયો રખડું
- કાળુ મકવાણા - ઝીણાભાઈ
- હેમરાજ શાહ
- વૃંદાવનના લાલાબાબુ
- લાલજીભાઈ ધાનાણી (સુરત)
- દિનેશમામા (USA)
- મીણબાઈ - રાઈબા મા
- જાનબાઈ - સખુબાઈ

૨૦. કીર્તન વિવેચન
- મારે ઘેર આવ્યા રે. . .
- ભજ્યો નહિ ભગવાન. . .
- અક્ષરના વાસી વાલો . . .
- કર પ્રભુ સંગાથે . . .
- શ્રીજી બાવની . . .
- સત્સંગી તો તેને રે કહીએ . . .
- જુઓ વિચારી . . .
- ચલે ગજ બૈઠકે. . .
- આજ મારે ઓરડે. . .
- આવા ભગવાન નહિ મળે . . .
- સહજાનંદ સુખકારી . . .
- કોઉ કામ ન આવે. . .
- આજ મેં તો ભેટ્યા રે. . .
- મારા વાલાજી શું વાલપ. . .
- મન મોહ ટળે... - ફગવા...
- તમારે શરણે શીશ નમાવું. . .
- ધર્મકુંવર ઘનશ્યામજી. . .
- પ્રભુ મને થાજે. . .
- સહજાનંદ સિંધુ સખી જો. . .
- શીલવંતા સાધુને. . .
- આનંદ આપ્યો અતિ ઘણો. . .
- સદ્ગુરુ સાચા રે. . .
- વાત મેં તો વિચારી મને રે. . .
- ઓરા આવોને ધર્મકુમાર. . .
- પ્રભુ સાથે કરને રે. . .
- હરિ ભજતાં સહુ મોટપ. . .
- સહજાનંદ સહજાનંદ. . .
- સંત સમાગમ કીજે. . .
- દીન દયાળુ ગુરુદેવ. . .
- પ્રતાપ પૂરણ શ્રીપુરુષોત્તમ. . .
- આજ ભાગ્ય ઉદય થયાં. . .
- વાલા ભક્તિ-ધર્મસુત. . .
- પુરુષોત્તમ બોલ્યા પ્રીતે. . .
- ભૂમાનંદસ્વામી કૃત કક્કો. . .
- ભૂતળ ભક્તિ પદારથ મોટું. . .

૨૧. સવારનું ચિંતન
- વંદુ સહજાનંદ રસરૂપ - શિબિર-૭
- સવારનું ચિંતન - શિબિર-૯,૧૦
- શોભા શી કહું રે - શિબિર-૧૧
- સ્વામી સહજાનંદજી - શિબિર-૧૨

- બદ્ધમાંથી મુક્ત - શિબિર-૧૩
- ભગવદ્ગુણો - શિબિર-૧૫
- એમ અગણિત વિશ્વ - શિબિર-૧૬
- સહજાનંદ સનેહી - શિબિર-૧૭

પુસ્તક

૧. વચનામૃત : *(Small, Medium, Big size)*
૨. હરિલીલામૃત ભાગ : ૧ થી ૪
૩. શ્રીહરિચરિત્રામૃતસાગર ભાગ:૧થી૧૨
૪. ભક્તચિંતામણિ
૫. નિષ્કુળાનંદ કાવ્ય
૬. ગોપાળાનંદસ્વામીની વાતો
૭. ગુણાતીતાનંદસ્વામીની વાતો
૮. મોનજીભગતની વાતો
૯. મહારાજની લીલા
૧૦. શ્રીજીની લીલા
૧૧. શ્રીવિધાત્રાનંદસ્વામીના ગ્રંથો
૧૨. જ્ઞાનદીપ ભાગ : ૧ થી ૫
૧૩. કીર્તનમાળા ભાગ : ૧,૨
૧૪. કીર્તનસરોવર *(નંદસંતો રચિત)*
૧૫. અદ્ભુતાનંદસ્વામીની મૂળ વાતો
૧૬. પ્રેમાનંદસ્વામીના ગ્રંથો
૧૭. નિત્યાનંદસ્વામીના ગ્રંથો
૧૮. શિક્ષાપત્રી ૧૯. હરિસ્મૃતિ
૨૦. હરિરસામૃત ૨૧. નિત્યનિયમ
૨૨. સંત આખ્યાન
૨૩. નિર્ગુણદાસસ્વામીની વાતો
૨૪. શ્રીહરિકૃષ્ણલીલામૃત સાગર
૨૫. કીર્તન દીપાવલી ભાગ-૧

हिन्दी प्रकाशन

टेलीफिल्म : VCD १. केसर मियाँ २. शेख मियाँ

टेलीफिल्म : DVD ३. डोसा ताई ४. घेर बेठा तीरथ-भाग ३

किताबें

१. श्रीहरिचरित्रामृतसागर मूलमात्र भाग : १ से १२
२. श्रीहरिकृष्णनारायणचरित्रामृत एवं स्वरूपभक्तिनिर्णय *(गुजराती अनुवाद के साथ)*

શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા ચાલતી

વિવિધ કલ્યાણકારી સેવા-પ્રવૃત્તિ

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી હાલમાં મૂળ વડતાલ દેશના શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરામાં રહે છે. તેઓ શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના એક શ્રેષ્ઠતમ વક્તા છે. તેમને કુલ ૧૦૦ ત્યાગી શિષ્યોનું પવિત્ર સંતમંડળ છે. તેમને કથા-કીર્તન અને ધ્યાન-ભજન દ્વારા શ્રીસ્વામિનારાયણ ભગવાનનું ભજન કરવું અને મુમુક્ષુજનોને ભજન કરાવવાનું મુખ્ય અંગ છે. તદુપરાંત શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના સર્વાંગી વિકાસ અર્થે તેઓ ઉપરોક્ત બંને મંદિરો દ્વારા નીચે મુજબની વિવિધ પ્રકારની કલ્યાણકારી સેવા-પ્રવૃત્તિ ચલાવી રહ્યા છે.

આધ્યાત્મિક આયોજનો...

સર્વોપરી શ્રીહરિ મુમુક્ષુઓને મુક્ત બનાવી અક્ષરધામમાં લઈ જવા માટે જ આ પૃથ્વી ઉપર પધાર્યા હતા. એ મૂળ હેતુને ધ્યાનમાં રાખી પૂ.સ્વામીજી અનેકવિધ આધ્યાત્મિક આયોજનો કરે છે. જેનો લાભ લઈ આજ સુધીમાં લાખો લોકો સત્સંગનું મહાસુખ માણતા થયા છે અને માયાના દુઃખરૂપી દાવાનળથી બચી શક્યા છે.

સત્સંગ શિબિરો : છેલ્લાં ૨૧ વર્ષથી દિવાળીની રજામાં અનેક ભક્તો આ શિબિરના માધ્યમે સામાન્ય નિયમ-ધર્મથી લઈ અક્ષરમુક્ત બનવા સુધીના પ્રેક્ટિકલ અનુભવ મેળવી રહ્યા છે. આ શિબિર મુમુક્ષુઓને માટે એક અનુપમ અવસર છે. ત્રિવિધ તાપથી તપેલા જીવને માટે શાંતિની ગંગોત્રી છે.

કથા-પારાયણો તથા ઉત્સવ-સમૈયા : ઉપરોક્ત બંને મંદિરોમાં તથા અન્યત્ર અવાર-નવાર સત્સંગિજીવન વગેરે સદ્ગ્રંથોની કથા-પારાયણો તથા હિંડોળા ઉત્સવ, રંગોત્સવ, જલઝીલણી ઉત્સવ આદિક નાના-મોટા વિવિધ પ્રકારના ઉત્સવોનાં આયોજનો કરવામાં આવે છે. પૂ.સ્વામીજીએ આજ સુધીમાં સત્સંગિજીવન, ભક્તચિંતામણિ, નિષ્કુળાનંદકાવ્ય, શ્રીઘનશ્યામલીલામૃતસાગર, શ્રીહરિલીલામૃત જેવા સંપ્રદાયના તમામ મુખ્ય ગ્રંથોની સંગીત સાથે અદ્ભુત કથાઓ કરી છે. તેમજ સંપ્રદાયના આદર્શરૂપ સંતો-ભક્તોનાં આખ્યાનોની સંશોધનાત્મક કથા કરી છે. વળી, દરરોજ સવાર-સાંજ થતી કથા-વાર્તાનું www.swaminarayanbhagwan.com દ્વારા લાઈવ પ્રસારણ કરવામાં આવે છે. તેનાથી અનેક મુમુક્ષુ જીવોને સત્સંગનું પોષણ મળી રહ્યું છે.

સત્સંગ વિચરણ : સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામીની સાધુતા તથા સારધાર ઉપદેશવાણી દ્વારા ૧૦૦ ઉપરાંત ત્યાગીઓ સંપ્રદાયની સેવામાં શ્રીહરિના ચરણે સમર્પિત થયા છે. પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી શ્રીહરિ સમકાલીન નંદસંતોની પરંપરા મુજબ આ સંતો-પાર્ષદો ગામડે-ગામડે તથા દેશ-વિદેશમાં જઈ હજારો હરિભક્તોને ઘેર બેઠા સત્સંગનું પોષણ આપે છે. શ્રીહરિની સર્વોપરી ઉપાસના તથા આજ્ઞાને દૃઢ કરાવે છે. સત્સંગ-પિપાસુ ભક્તજનો આ સંતોના મુખથી કથા-કીર્તન સાંભળી પુરુષોત્તમને પામવાનું બળ મેળવી ધન્ય ધન્ય બની રહ્યા છે.

વિવિધ પ્રકાશનો : આ ધમાલિયા યુગમાં સુખ, શાંતિ અને મોક્ષ માટે સર્વોપરી શ્રીસ્વામિનારાયણ ભગવાનની કથા-વાર્તા અને કીર્તનાદિક સંજીવની ઔષધ સમાન છે. આ જ હેતુને અનુલક્ષીને પૂ.સ્વામીજીએ આજ સુધીમાં કરેલી તમામ કથાઓની VCD, DVD, MP3, MP5 શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે. વળી, પૂ.સ્વામીજીની પ્રેરણાથી આજની બાળ-યુવા પેઢીને અત્યંત ઉપયોગી થાય એવી અનેક પ્રેરણાદાયી ટેલીફિલ્મોનું પ્રકાશન કરવામાં આવ્યું છે. આ પ્રકાશનોનો લાભ લઈને સુખ-શાંતિ તથા પ્રભુપ્રાપ્તિ ઈચ્છતા હજારો મુમુક્ષુઓ ભગવાનને પામવાનું બળ પામી રહ્યા છે.

આ ઉપરાંત પૂ.સ્વામીશ્રી દ્વારા શ્રીહરિ સમકાલીન નંદસંતો દ્વારા હસ્તલિખિત અપ્રસિદ્ધ એવા અનેક સદ્ગ્રંથો પ્રકાશિત કરવામાં આવ્યા છે. વળી મોક્ષપર્થદર્શક એવા અન્ય સદ્ગ્રંથો તથા 'સત્સંગસેવક' નામનું મેગેઝીન પણ પ્રકાશિત કરવામાં આવે છે. વળી, મનમોહક વાલુડા-બાલુડા શ્રીઘનશ્યામ મહારાજની મૂર્તિ પણ મંદિર તરફથી બનાવવામાં આવે છે. જેને ઘરમાં વસાવીને અનેક પરિવારો પ્રેમ અને સંસ્કારથી સમૃદ્ધ બન્યા છે.

પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી ભક્તજનોના વિશેષ લાભાર્થે આ તમામ સાહિત્ય શ્રીસ્વામિનારાયણ મંદિર કારેલીબાગ-વડોદરા તથા કુંડળધામ દ્વારા અત્યંત સસ્તા દરે પ્રાપ્ત થઈ રહ્યું છે.

બાળ-યુવા સંસ્કાર પ્રવૃત્તિ...

આજના ફેશન-વ્યસનના વિષમ વાતાવરણમાં બાળકો તથા યુવકો ધર્મમય અને સંસ્કારમય રહે તેની તાતી જરૂર છે. તે માટે પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી દેશભરમાં ૪૨૫ ઉપરાંત બાળ-યુવા મંડળો ચાલી રહ્યાં છે. જેમાં બાળ-યુવા પેઢીને વિકૃતિથી બચવા અને સંસ્કૃતિને વળગી રહેવા માટેની કેળવણી અપાઈ રહી છે. વળી, દર વર્ષે બે વખત બાળ-યુવા શિબિરનું પણ આયોજન થાય છે.

સાંપ્રદાયિક તથા સામાજિક સેવા...

પૂ.સ્વામીજીની પ્રેરણાથી આજ સુધીમાં ૧૨ જેટલાં નૂતન મંદિરોનું નિર્માણ થયું છે તથા અનેક મંદિરોમાં મૂર્તિ, સિંહાસન કે આર્થિક યોગદાન આપવામાં આવે છે. તદુપરાંત રક્તદાન કેમ્પ, જળ સંચય માટે ચેકડેમ નિર્માણ, ગરીબોને આર્થિક કે અન્ન-વસ્ત્ર સહાય, દુષ્કાળ તથા ભૂકંપ જેવી આપત્તિમાં કેટલકેમ્પ, ફૂડપેકેટ વિતરણ અને પુનર્વસન જેવી વિવિધ સેવાઓ કરવામાં આવે છે. ●



શ્રીસ્વામિનારાયણ મંદિર, નારાયણ ઘાટ - અમદાવાદ

: પ્રકાશક :

શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા

કુંડળધામ : (૦૨૭૧૧) ૨૯૧૨૯૧, વડોદરા : (૦૨૬૫)૨૪૬૨૬૨૮

www.swaminarayanbhagwan.com Email : karelibaug@gmail.com

ISBN 978-93-83456-25-3

